ચોથી શ્રેણી

પુસ્તક ૨૧

સત્યમેવ જયતે

શુક્રવાર, તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૫
ફાલ્ગુન ૮, ૧૯૩૬ શાકે

થી

બુધવાર, તા.૪થી માર્ચ, ૨૦૧૫
ફાલ્ગુન ૧૩, ૧૯૩૬ શાકે

# ગુજરાત વિધાનસભા

## ચર્ચાઓ

## સત્તાવાર અહેવાલ
## તેરમી ગુજરાત વિધાનસભા
## છઠ્ઠું અધિવેશન

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

## અ નુ ક્ર મ ણિ કા


| વિષય | પાના નંબર | |
|---|---|---|
| **તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૫/ફાલ્ગુન ૮, ૧૯૩૬ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૧ | ૧૫ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૬ | ૧૦૦ |
| રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(પહેલો દિવસ) | ૧૦૧ | ૧૩૭ |
| **તા. ૨ જી માર્ચ, ૨૦૧૫/ફાલ્ગુન ૧૧, ૧૯૩૬ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૧૩૮ | ૧૫૩ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૫૪ | ૨૧૭ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૨૧૮ | ૨૧૮ |
| રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(બીજો દિવસ) | ૨૧૯ | ૨૪૪ |
| **તા.૩જી માર્ચ, ૨૦૧૫/ફાલ્ગુન ૧૨, ૧૯૩૬ શાકે** | | |
| રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(ત્રીજો અને છેલ્લો દિવસ) | ૨૪૫ | ૨૬૦ |
| પોઈન્ટ ઓફ ઓર્ડર | ૨૬૧ | ૨૬૧ |
| રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(ત્રીજો અને છેલ્લો દિવસ) | ૨૬૨ | ૨૮૩ |
| **૩જી માર્ચ, ૨૦૧૫/ફાલ્ગુન ૧૨, ૧૯૩૬ શાકે** | | |
| **બીજી બેઠક** | | |
| તારાંકિત પ્રશ્નો | ૨૮૪ | ૨૯૫ |
| અતારાંકિત પ્રશ્નો  તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ | ૨૯૬ | ૩૬૩ |
| પહેલી અતારાંકિત યાદી | ૩૬૪ | ૩૯૮ |
| પૂરક *માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૩૯૯ | ૪૦૯ |
| બિનસરકારી સંકલ્પો | ૪૧૦ | ૪૩૦ |
| **તા.૪થી માર્ચ, ૨૦૧૫/ફાલ્ગુન ૧૩, ૧૯૩૬ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૪૩૧ | ૪૪૫ |
| અતારાંકિત પ્રશ્નો | ૪૪૬ | ૫૩૨ |
| તાકીદની જાહેર અગત્યની બાબત નિયમ-૧૧૬ | ૫૩૩ | ૫૩૭ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૫૩૮ | ૫૩૮ |
| પૂરક *માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) | ૫૩૯ | ૫૫૬ |

**ગુજરાત વિધાનસભા**
**શુક્રવાર, તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૫**
**ફાલ્ગુન ૮, ૧૯૩૬ શાકે**
**સભાગૃહ સવારના ૮–૩૦ વાગ્યે મળ્યું.**
**ઉપાધ્યક્ષશ્રી આત્મારામ પરમાર અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

**ખેડા જિલ્લામાં સસ્તા અનાજની દુકાનોમાં કોમ્પ્યુટરમાં સર્વર યોગ્ય રીતે કામ ન કરતા ગ્રાહકોને અનાજ વિતરણ સમયસર ન થવા અંગે**

* ૧૪૪૦૩ **શ્રી નટવરસિંહ કુ. ઠાકોર(મહુધા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર સસ્તા અનાજની દુકાનોમાં કોમ્પ્યુટરમાં સર્વર યોગ્ય રીતે કામ ન કરતા હોય ગ્રાહકોને અનાજ વિતરણ સમયસર થઈ શકતું નથી તે હકિકતથી સરકાર વાકેફ છે, અને

(૨) જો હા, તો ગ્રાહકોને સસ્તુ અનાજ સરળતાથી મળી રહે તે માટે સરકારે શાં પગલાં લીધાં?

**જવાબ**

(૧) કનેકટીવીટી અને ગ્રાહકોના ફીંગરપ્રિન્ટ મેચ ન થવાના કારણે અમુક સમયે / સ્થળોએ કુડકુપન મળવામાં મુશ્કેલી પડેલ છે. પંરતુ જથ્થાનું સમયસર વિતરણ કરવામાં આવેલ છે.

(૨) નીચે મુજબ પગલાં લેવાયા છે.

૧. ફીંગરપ્રિન્ટ મેચ ન થાય અથવા કનેકટીવીટી ન મળે તો કાર્ડધારકોને કુડકુપન વગર બીલ બનાવી જથ્થાનું વેચાણ દર માસની ૨૦મી તારીખ પછી કરવામાં આવે છે.

૨. કનેકટીવીટી મળતી ન હોય તો તેવી વાજબી ભાવની દુકાનને કુડકુપન ઉપર વિતરણ કરવાની મુક્તિ આપવા જિલ્લા કલેકટરશ્રીઓને સત્તા આપી છે.

૩. જે વાજબી ભાવની દુકાને કોમ્પ્યુટર, ફીંગરપ્રિન્ટ ડીવાઈસ, પ્રિન્ટર, વસાવ્યા હોય તેવી દુકાનોમાં કાર્ડધારકોના ફીંગરપ્રિન્ટ મેચ થતી ન હોય તો પણ કુટુંબના સભ્યને રીસીપ્ટ આધારે જથ્થો વિતરણ કરવામાં આવે છે.

૪. કુટુંબના ૧૫ વર્ષથી ઉપરના બધા સભ્યોના બાયોમેટ્રીકસ લેવા માલતદાર ઝોનલ કચેરીમાં વ્યવસ્થા કરી છે.

૫. રાજ્યમાં હાલ બે સર્વર હતા, તેમાં નવા બીજા છ સર્વરનો ઉમેરો કરવામાં આવેલ છે. સર્વર ફેબ્રુઆરી–૨૦૧૫થી કાર્યરત થયેલ છે.

૬. દર માસે જિલ્લા પુરવઠા અધિકારીની બેઠકમાં રીવ્યુ/ સમીક્ષા કરવામાં આવે છે.

શ્રી નટવરસિંહ કુ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં અચ્છા દિન કયારે આયેગા? મારો પ્રશ્ન એ છે કે કોમ્પ્યુટરાઈઝ સસ્તા અનાજની દુકાનમાં કર્યુ છે. કોમ્પ્યુટરાઇઝમાં કોઇ ગ્રામ્ય વિસ્તારમાં અંગુઠા પડતા નથી. જેનાથી ગ્રાહકોને ધકકો પડે છે અને કોમ્પ્યુટરાઇઝ જે વ્યવસ્થા ગ્રામ્ય વિસ્તારમાં છે, એ વ્યવસ્થિત હોવી જોઇએ અને પંચાયત તરફથી જે માણસ રોકીને કરવામાં આવતું હતું એ બંધ કર્યુ, એને પગાર આપતા નથી કે શું છે એ ભગવાન જાણે, પણ જે માલિકો છે સસ્તા અનાજની દુકાનવાળા, એણે પોતે કોમ્પ્યુટર ખરીદી લીધા છે તો એ પંચાયત પાસે હતું તો એ લઇ લીધું કે શું કર્યુ? તો બધા ગ્રાહકોને સમયસર સસ્તુ અનાજ કયારે મળશે?

શ્રી છત્રસિંહ પૂ.મોરી: માનનીય સભ્યશ્રી કહે છે કે કોમ્પ્યુટરાઇઝને કારણે લોકોને મુશ્કેલી પડે છે, મને આ ગૃહને અને સભ્યશ્રીઓને જણાવતા આનંદ થાય છે આજે રાજયમાં જે કોમ્પ્યુટરાઇઝ બાયોટેકનિક સિસ્ટમ ઉભી કરવામાં આવી છે એમાં આખા દેશમાં આપણું ગુજરાત એ પ્રથમ રાજય છે, શરૂઆતમાં તકલીફો હતી પણ

આ તકલીફોને દૂર કરવા માટે વિભાગ દ્વારા અત્યારે ત્રણ તબકકાની કાર્યવાહી અમે હાથ ધરી છે. એક તો એ ઇ–ગ્રામ પંચાયતમાંથી એ કુપન લઇ શકે, છતાં કોઇને તકલીફ પડતી હોય, મોટા ગામ હોય, શહેર હોય તો એને દૂર સુધી જવું ના પડે એના માટે અમારા વિભાગની વેબસાઇટ છે આઇ.પી.ડી.એસ.ગુજરાત.ગવર્નમેન્ટ.ઇન આ અધિકૃત કોઇપણ વ્યકિત માગે તો એને અમે લીંક કરીને આઇ.કુપન માટે અમે સર્ટીફાઇડ કરીએ છીએ અને એ દ્વારા પણ આપીએ છીએ ને ત્રીજું કે દુકાનદારને ત્યાં માલ લેવા જવાનું અને કુપન લેવા પંચાયતમાં જવાનું, મોટું ગામ હોય દસ હજારની વસ્તીવાળું તો લાંબુ અંતર હોય, કેટલાક દુકાનદાર જો ઇચ્છે તો પોતે પોતાનું કોમ્પ્યુટર ફીંગર પ્રિન્ટ ડિવાઇઝ આ બધું જો પોતે લાવે તો એને અમે પણ કુડ કુપન આપવાની સિસ્ટમ ઉભી કરી છે. જેના કારણે લોકોને તકલીફ ના પડે, બીજો પ્રશ્ન છે કે માલ મળવામાં તકલીફ પડે છે. અમે માલ કોમ્પ્યુટરની ફીંગર મળે કે ના મળે, ડીવાઇઝમાં કોઇ પ્રોબ્લેમ આવે, સર્વરમાં પ્રોબ્લેમ આવે છતાં પણ કોઇ માલ વગર વંચિત ના રહી જાય એટલા માટે ૨૦ તારીખ પછી કોઇપણ કુપન ના નીકળે છતાં પણ એમને માલ આપવાની યોજના રાજય સરકારમાં ચાલુ છે.

શ્રી નિમિષાબેન સુથાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે રાજયમાં કનેકટીવીટીના પ્રશ્નો સંબંધમાં મુશ્કેલી નિવારવા રાજય સરકારે છ નવા સર્વરો કાર્યરત કરેલ છે તો તેનાથી વિતરણ વ્યવસ્થામાં સુધારો જણાયેલ છે કે નહીં અને બીજો મારો પ્રશ્ન છે કે બારકોડેડ રેશન કાર્ડ અને બાયોમેટ્રીકસ રેશનીંગ પદ્ધતિ માટે જુદાજુદા હેતુસર સરકારશ્રીએ કયા કયા ફોર્મ નિયત કરેલ છે?

શ્રી છત્રસિંહ પૂ.મોરી : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં કનેકટીવીટી સારી રીતે મળે અને જે મુશ્કેલીઓના બધાના ફોન અને જે બધી ફરિયાદો આવતી હતી એના આધાર ઉપર રાજય સરકારમાં પહેલા બે સર્વર હતા, થોડા સમયથી અમે બીજા નવા છ સર્વર શરૂ કર્યા છે. અને તેના કારણે ઝડપથી કનેકટીવીટી મળે, ઝડપથી કુપન મળે, આ સર્વર અમે ૨૦૧૫માં કાર્યરત કર્યા છે. અને આના કારણે ફેબ્રુઆરી સુધીમાં આ કુડ કુપનની જે સિસ્ટમ છે એમાંથી ૮૧ ટકા કરતા વધારે રાજયમાં કુપન નીકળે છે. એમનો બીજો પ્રશ્ન છે કે બાયોમેટ્રિક રેશન કાર્ડ માટેના ફોર્મની વિગતો શું છે તો ફોર્મ નં.૨ છે એ નવા રેશન કાર્ડ માટે છે, ફોર્મ નં. ૩ રેશન કાર્ડમાં નામ દાખલ કરવા માટે છે, ફોર્મ નં. ૪ નામ રદ કરવા માટે છે, ફોર્મ નં. ૫ કુટુંબ વિભાજન તથા અલગ રેશન કાર્ડ માટે છે, ફોર્મ નં. ૬ રેશન કાર્ડમાં સુધારા–વધારા કરવા માટે અને રહેઠાણના સુધારા માટે છે, ફોર્મ નં. ૭ ગાર્ડીયનની નિમણૂંક માટે છે, ફોર્મ નં. ૮ રેશન કાર્ડ રદ કરવું હોય એના માટે છે અને ફોર્મ નં. ૯ ડુપ્લીકેટ રેશન કાર્ડ કાઢવું હોય એના માટે આ બધા ફોર્મની વ્યવસ્થા કરવામાં આવી છે.

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ખેડા જિલ્લામાં તાલુકાવાર કેટલી સસ્તા અનાજની દુકાનોમાં કોમ્પ્યુટર યોગ્ય રીતે કામ કરતા નથી તેની ફરિયાદો મળી છે? સસ્તા અનાજના દુકાનદારને કોમ્પ્યુટર ઓપરેટ કરવાની તાલીમ ક્યારે આપવામાં આવશે અને કૂપન ઉપર વિતરણ કરવાની મુકિત માટે કલેકટર પાસે ક્યારે જવાનું હોય છે અને આ સત્તા ક્યારે આપવામાં આવી છે? મારા મહેમદાવાદ અને ખેડા તાલુકામાં મારા મત વિસ્તારમાં કેટલા કોમ્પ્યુટરમાં હાલ સર્વર બંધ છે એની માહિતી આપે.

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય સભ્યશ્રીએ કહ્યું છે કે એમના ખેડા જિલ્લામાં તાલુકાવાર, તો નડિયાદ સિટીમાં અત્યાર સુધીમાં ૫૪૩ મેટ્રિક ટન સુધીનું અનાજ વિતરણ કરી દીધું છે. (અંતરાય) એક પણ કોમ્પ્યુટર બંધ નથી.

### દેત્રોજ તાલુકામાં સ્વસહાય જૂથોને કેશ કેડીટ

* ૧૩૫૦૮ **શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ(વેજલપુર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ સ્વસહાય જૂથોને બેંક દ્વારા કેશક્રેડીટ આપવામાં આવે છે તે હકીકત સાચી છે, | (૧) હા. |
| (૨) જો હા, તો વર્ષ ૨૦૧૪–૧૫માં અમદાવાદ જિલ્લાના દેત્રોજ તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કેટલા સ્વસહાય જૂથને કેશક્રેડિટ આપવામાં આવી, | (૨) ૪૨ સ્વસહાય જુથોને કેશ ક્રેડીટ આપવામાં આવી છે. |
| (૩) કેશક્રેડીટ પેટે કુલ કેટલી રકમ મંજુર કરવામાં | (૩) કુલ રૂ. ૩૩.૧૬ લાખ (અંકે રૂપીયા તેત્રીસ લાખ |

| | |
|---|---|
| આવી, અને | સોળ હજાર પુરા) |
| (૪) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી રકમનું ડીસબર્સમેન્ટ કરવામાં આવ્યું? | (૪) રૂ. ૨૪.૧૬ લાખ |

શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સ્વસહાય જૂથોને બેન્કો દ્વારા આપવામાં આવતી કેશ ક્રેડીટની અંદર વધારો કરવામાં આવ્યો છે કે કેમ?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : રાજયમાં સ્વસહાય જૂથોને ૨૦૧૦માં ૫૦ હજાર રૂપિયાની બેન્ક ક્રેડીટ આપવામાં આવતી હતી. તા. ૨૦-૯-૨૦૧૨ના રોજ ૧૩૪મી બેન્કર્સ મિટિંગમાં સ્વસહાય જૂથોની સારી કામગીરીના લીધે ૧ લાખ સુધીની ભલામણ કરવામાં આવી છે. ત્યાર પછી સ્વસહાય જૂથો જે બેન્કના આર્થિક વહીવટમાં સારી કામગીરી કરતા હોય તો એને માટે કોઇ મર્યાદા નથી.

શ્રી હસમુખભાઇ સો. પટેલ : હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, મિશન મંગલમ્ યોજના અંતર્ગત રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા કયા પ્રમાણમાં ફંડ આપવામાં આવે છે?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : મિશન મંગલમ્ યોજના છે એ ૧૦૦ ટકા રાજ્ય સરકાર આધારિત યોજના છે. લોન્લીહૂડ મિશન યોજનામાં ભારત સરકારના ૭૫ ટકા અને રાજ્ય સરકારના ૨૫ ટકા છે.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, દેત્રોજ તાલુકામાં કુલ કેટલા સ્વસહાય જૂથો નોંધાયેલા છે અને આ બાકીના ૯ લાખની રકમ છે એ આપ ક્યાં સુધીમાં ચૂકવવા માગો છો?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : અત્યાર સુધીમાં દેત્રોજ તાલુકામાં ૮૦૩ સ્વસહાય જૂથો બનેલા છે. જેની રકમ ચૂકવવાની છે એ ગ્રેડીંગ થતું હોય છે એમાં જે રીતે નોર્મ્સ છે અને એની ભલામણોના આધારે જ પૈસા ચૂકવવાની આગળની કાર્યવાહી થતી હોય છે.

શ્રી બાબુભાઇ જ. પટેલ : હું જાણવા માગું છું કે આ સ્વસહાય જૂથ એ શું છે?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : સ્વસહાય જૂથ એટલે મહિલાઓનું બનેલું એક જૂથ છે. તમે એક જૂથ બનાવો છો ત્યારે એની અંદર ૭૦ ટકા મહિલા બી.પી.એલ. હોય તો એ જૂથને બી.પી.એલ.ની વ્યાખ્યામાં ગણવામાં આવે છે બાકીના જૂથોને APL ગણવામાં આવે છે.

શ્રી રજનીકાન્ત મો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત હું જાણવા માગુ છું કે સ્વસહાય જૂથોને રિવોલ્વિંગ ફંડ અને ધિરાણ આપવાના ધોરણો શું છે?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે સ્વસહાય જૂથોની રચના કરવામાં આવે ત્યાર પછી તાલુકા ટી.ડી.ઓ. અને એના અધિકારી દ્વારા એનું ગ્રેડીંગ કરવામાં આવે છે અને ગ્રેડીંગ કર્યા પછી એના નોર્મ્સ મુજબ એને રિવોલ્વિંગ ફંડ ચૂકવવામાં આવે છે અને રિવોલ્વિંગ ફંડ ચૂકવ્યા પછી એને ૩ મહિનાની અંદર બેંકની અંદર અમે ભલામણ કરીએ છીએ એને બેંક કેશ ક્રેડિટ આપે છે.

શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે દેત્રોજ તાલુકામાં APL તથા BPL જૂથોને ડીસેમ્બર ૨૦૧૪ સુધી બેંકો દ્વારા કેટલી રકમનું કેશ ક્રેડિટ મંજૂર કરવામાં આવ્યું છે?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, ૪૦૭ જૂથોને કેશ ક્રેડિટ આપવામાં આવી છે. ૧ કરોડ ૪૧ લાખ રૂપિયા આપવામાં આવ્યાં છે.

**વડોદરા જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ**

* ૧૪૦૪૫ **શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (રાવપુરા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ | |
|---|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં ધોરણ-૧ થી ૮ સુધીમાં અભ્યાસ કરતા આદિજાતિના વિદ્યાર્થીઓને વર્ષ ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫માં તા. ૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ કેટલા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે, અને | (૧) વર્ષ ૨૦૧૩-૧૪<br>વર્ષ ૨૦૧૪-૧૫ | ૪૭,૧૭૧<br>૩૮,૧૪૩ |
| (૨) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૨) વર્ષ ૨૦૧૩-૧૪<br>વર્ષ ૨૦૧૪-૧૫ | રૂ. ૧૬૦.૨૫ લાખ.<br>રૂ. ૧૬૦.૭૪ લાખ. |

શ્રી રાજેન્દ્ર  ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી બે પ્રશ્નોના ઉત્તર જાણવા માગુ છું કે, શિષ્યવૃત્તિ માટે આવક મર્યાદા શું અને આવક દાખલા એ માટે કોના કોના ચાલે?

શ્રી કાંતિલાલભાઇ રે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા તો બ્રાહ્મણ થઇને આદિજાતિના બાળકો માટે ચિંતા કરી છે એ બદલ સભ્યનો આભાર માનું છું અને શિષ્યવૃત્તિ આપવા માટેની આવક મર્યાદામાં આ યોજના હેઠળ આવક મર્યાદા ધ્યાને લીધા સિવાય શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવે છે.

ઉપાધ્યક્ષશ્રી : આ સમરસતાનું અભિયાન છે.

શ્રીમતી મનિષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે, શિષ્યવૃત્તિ મંજૂર કરવાની કે આપવાની પધ્ધતિ શું છે?

શ્રી કાંતિલાલભાઇ રે. ગામીત: માનનીય અધ્યક્ષશ્રી, શિષ્યવૃત્તિ આપવા માટે મદદનીશ કમિશનર આદિજાતિ વિકાસ અધિકારી દ્વારા વર્ષની શરૂઆતમાં પરિપત્ર કરી તમામ પ્રાથમિક શાળાઓને શિષ્યવૃત્તિની દરખાસ્તો મોકલી આપવા જણાવવામાં આવે છે ત્યારબાદ તાલુકા કક્ષાએ તાલુકાની તમામ શાળાઓને કેમ્પ કરી, દરખાસ્તો મંજૂર કરી ચૂકવવાની કાર્યવાહી કરવામાં આવે છે તેમજ શિષ્યવૃત્તિ ચૂકવ્યા અંગેની પહોંચો મેળવવામાં આવે છે.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવા માગુ છું કે ૨૦૧૩–૧૪ ના વર્ષમાં ૪૭૧૭૧ બાળકોને શિષ્યવૃત્તિ આપવામાં આવી અને ૨૦૧૪–૧૫ ના વર્ષમાં ૩૮૧૪૩ બાળકોને શિષ્યવૃત્તિ આપવામાં આવી તો ૨૦૧૩–૧૪ ના વર્ષમાં અને ૨૦૧૪–૧૫ ના વર્ષમાં જે ૯૦૦૦ બાળકોની ઘટ પડી એટલે શિક્ષણ ઓછું લેવામાં આવ્યું કે શિષ્યવૃત્તિ ઓછી આપવામાં આવી?

શ્રી મંગુભાઇ છ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૪–૧૫ ના વર્ષમાં જે ૩૮૧૪૩ બાળકોને શિષ્યવૃત્તિ આપવામાં આવી છે. પરંતુ વચ્ચે જે વધારો થયો આમ સરકારે તા. ૩–૪–૨૦૧૨ ના ઠરાવથી એક સુધારો કરીને શિષ્યવૃત્તિ વધારી છે ૧૫૦ ની જગ્યાએ ૨૫૦ કરી છે અને તા.૩૦–૭–૨૦૧૪ ના ઠરાવથી ૬ થી ૮ ધોરણની કન્યા હતી તેની ૨૦૫ થી માંડીને ૭૫૦ જેટલો વધારો કર્યો છે અને આ શિષ્યવૃત્તિ ૯ માસની છે.

ઉપાધ્યક્ષશ્રી : જયંતિભાઇ, (અંતરાય) ધીરૂભાઇ બેસોને

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે પ્રશ્ન પૂછવો છે

ઉપાધ્યક્ષશ્રી : જયંતિભાઇ, મેં એક વાર સભ્યનું નામ જાહેર કર્યા પછી નહિ, I will give you chance. હું આપને ચાન્સ આપીશ. જયંતિભાઇ બોલો.

શ્રી જયંતિભાઇ સ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે મારે એ જાણવું છે કે,

ઉપાધ્યક્ષશ્રી : I will give next chance. હું આપને ચાન્સ આપીશ. Why are you worry man?

શ્રી જયંતિભાઇ સ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે મારે એ જાણવું છે કે, રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવતી જે શિષ્યવૃત્તિ છે. આ શિષ્યવૃત્તિમાં વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓને જે શિષ્યવૃત્તિ આપવામાં આવે છે એમાં તફાવત શું છે ? એ આપના મારફતે  માનનીય મંત્રીશ્રી પાસેથી મારે જાણવું છે.

શ્રી કાંતિલાલભાઇ રે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, શિષ્યવૃત્તિ આપવા માટે વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓમાં આ મુજબ તફાવત છે. ધોરણ ૧ થી ૫ માં કુમારોમાં ૨૫૦, કન્યાઓમાં ૨૫૦, ધોરણ ૬ થી ૮માં ૨૫૦ કુમારોને અને કન્યાઓને ૭૫૦. તેવી જ રીતે અતિપછાત જાતિઓ પાંચ ગણવામાં આવી છે એમાં કોલધા, કોટવાળિયા, કાથોડી, સીદી અને પઢાર એમાં ૧ થી ૮ બંને કુમાર અને કન્યાઓને ૭૫૦–૭૫૦/- રૂપિયા આપવામાં આવે છે.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, મારે એ જાણવું હતું કે, ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ એમાં ૨૦૧૩–૧૪માં ૪૭,૧૭૧ અને ૨૦૧૪–૧૫માં ૩૮,૧૪૩ તો ૨૦૧૪–૧૫માં બાળકોની સંખ્યા વધવી જોઇએ તેને બદલે ઘટે છે. એટલે ૯૦૨૮ જેટલા બાળકો ઘટ્યા અને જે શિષ્યવૃત્તિની રકમ છે એ ૧,૬૦,૨૫,૦૦૦ અને ૨૦૧૪–૧૫માં પણ ૧,૬૦,૭૪,૦૦૦,  એટલે સંખ્યા ઘટવા છતાં પણ જે શિષ્યવૃત્તિની રકમ બંને વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫માં લગભગ સરખી ચૂકવાઇ છે તો આ શિષ્યવૃત્તિ ચૂકવવાના ધોરણો શું?

બીજું માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે, આ શિષ્યવૃત્તિની રકમ વધારી છે તો એમાં છોટાઉદેપુર જિલ્લાના આદિવાસી છોકરાઓનો સમાવેશ થાય છે કે કેમ?

શ્રી મંગુભાઇ છ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એક તો પહેલી વાત કે, ૨૦૧૪–૧૫ની જે વાત છે એ નવ માસનું માગ્યું છે ૩૧–૧૨–૨૦૧૪ સુધી અને બીજું  કન્યાઓમાં જે વધારો થયો છે એ ધોરણ ૬ થી ૮માં એક દિકરી પાછળ પાંચસોનો વધારો થયેલો છે અને ચૂકવવાની પ્રક્રિયા અત્યારે ચાલુ છે એટલા માટે આપણને આ સંખ્યા ૩૮,૦૦૦ની છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું છોટાઉદેપુરનો અત્યારે તમારો નવો જિલ્લો છે એટલે આમાં અત્યારે સમાવેશ થતો નથી.

શ્રી કેતન મ. ઇનામદાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગુ છું કે, જે આ શિષ્યવૃત્તિ આપવામાં આવે છે એના માટે જિલ્લા અને તાલુકા કક્ષાએ સરકાર તરફથી શું મોનીટરીંગ કરવામાં આવે છે?

શ્રી મંગુભાઇ છ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રક્રિયા ડાયરેક્ટ ડેપ્યુટી કમિશ્નર દ્વારા થાય છે અને તાલુકા પ્રમાણે થાય છે એટલે જે કાંઇ શિષ્યવૃત્તિ નહીં મળી હોય તો એ સ્કુલની જ ફરિયાદ અહીંયા આપે તો તેની પૂર્તતા કરવામાં આવે છે.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, સવાલ બહુ સ્પષ્ટ છે કે, ૨૦૧૩–૧૪માં ૪૭,૧૭૧ અને ૨૦૧૪–૧૫માં ૩૮,૧૪૩. સાહેબ, બીજા વર્ષે જૂન માસમાં બાળકોનો પ્રવેશ હોય, ૨૦૧૩–૧૪ પછી ૨૦૧૪–૧૫માં,

ઉપાધ્યક્ષશ્રી : એ સવાલ અગાઉ પૂછાઇ ગયો છે,બીજું કાઇ વિશેષ હોય તો કહો.

શ્રી સી. કે. રાઉલજી : હું એટલા માટે જ આવું છું સાહેબ આ ૯,૦૨૮ બાળકો ગયા ક્યાં ? ઉલટા બાળકો વધવા જોઇએ અને એની શિષ્યવૃત્તિ વધવી જોઇએ પણ આ ૯,૦૨૮ બાળકો ઘટ્યા કેમ ? એ બાળકો ક્યાં ખોવાઇ ગયા કે ગુમ થઇ ગયા? મારે મંત્રીશ્રીને એ પૂછવું છે. ૯,૨૦૮ બાળકો બીજા વર્ષે વધવા જોઇએ એની જગ્યાએ એ ૯,૨૦૮ બાળકો ગયાં ક્યાં ? તો એની શિષ્યવૃત્તિ ચૂકવવામાં નથી આવી એ સ્પષ્ટ જણાઇ આવે છે. તો મારે ૯૦૨૮ બાળકો ગુમ થઇ ગયા કે એને શિષ્યવૃત્તિ ચૂકવવામાં નથી? એ મારે જાણવું છે.

શ્રી મંગુભાઇ છ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૩–૧૪ માહે એપ્રિલ,૨૦૧૩થી માર્ચ ૨૦૧૪ સુધીના કુલ બાર માસનો ખર્ચો છે તથા વિદ્યાર્થીઓની સંખ્યા જે દર્શાવેલી છે (અંતરાય) જ્યારે વર્ષ ૨૦૧૪–૧૫માં એપ્રિલથી ડિસેમ્બર સુધીનું છે હજુ ત્રણ મહિના બાકી છે, જાન્યુઆરી, ફેબ્રુઆરી અને માર્ચ ત્રણ મહિનાના ચૂકવવાના બાકી છે એટલે તમને અંતર લાગે છે. (અંતરાય) એક મિનિટ, સાંભળી લો. બીજા જે ૨૦૧૪ જાન્યુઆરી અને ફેબ્રુઆરીના બાળકો છે ૭૨૫૯ વિદ્યાર્થીઓને ફેબ્રુઆરી એન્ડ સુધીમાં ૨૫ લાખ રૂપિયા ચૂકવી દેવામાં આવ્યા છે. (અંતરાય) હજુપણ સમજો, હું સાત હજારનો આંકડા તો આપું છું તમને (અંતરાય)

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રીને હું એટલું જ પૂછવા માગું છું કે ૯૦૨૮ બાળકો છે એમાં ત્રણ મહિના નહીં પણ આપનું જે શિષ્યવૃત્તિ આપવાનું ધોરણ છે એમાં માર્ચ મહિનામાં આપવાનું હોય છે તો ૯૦૦૦ બાળકો ઘટયા છે એટલે શિષ્યવૃત્તિ ઓછા બાળકોને મળી છે એ વાત સાચી છે કે ખોટી?

શ્રી મંગુભાઇ છ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ફેબ્રુઆરીના અંત સુધીમાં ૭૨૫૯ આપ્યા છે ૭૨૫૯ એટલે તમે પેલા આડત્રીસ હજારમાં સાત હજાર ઉમેરો એને પણ  ૨૫ લાખ ચૂકવ્યા છે અને માર્ચના અંતમાં તમામ બાળકોને ચૂકવી દેવામાં આવશે.

**અમદાવાદ જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં સંવર્ગવાર મંજૂર મહેકમ**

* ૧૩૫૮૯ **શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૫

તારાંકિત પ્રશ્નો

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી પ્રાથમિક શાળાઓ આવેલ છે,

(૧)

| અ.નં. | તાલુકાનું નામ | પ્રાથમિક શાળાઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | સીટી | ૫૧ |
| ૨ | દસક્રોઈ | ૧૮૮ |
| ૩ | સાણંદ | ૧૧૨ |
| ૪ | વિરમગામ | ૧૦૧ |
| ૫ | બાવળા | ૬૩ |
| ૬ | ધોળકા | ૧૦૪ |
| ૭ | માંડલ | ૪૯ |
| ૮ | દેત્રોજ | ૭૧ |
| ૯ | ધંધુકા | ૮૬ |
| ૧૦ | રાણપુર | ૪૦ |
| ૧૧ | બરવાળા | ૩૭ |
| | કુલ :- | ૯૦૨ |

(૨) ઉક્ત સ્થિતિએ આ શાળાઓમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ સામે વિષયવાર શિક્ષકોની કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨)

| મંજુર થયેલ મહેકમ | | | | | |
|---|---|---|---|---|---|
| અ.નં. | તાલુકાનું નામ | ધો. ૧ થી ૫ | ગણિત | સા.વિજ્ઞાન | ભાષા |
| ૧ | સીટી | ૩૧૭ | ૬૭ | ૫૫ | ૯૯ |
| ૨ | દસક્રોઈ | ૯૮૫ | ૨૧૬ | ૧૬૬ | ૨૮૬ |
| ૩ | સાણંદ | ૫૯૨ | ૧૩૫ | ૧૦૬ | ૧૬૯ |
| ૪ | વિરમગામ | ૪૪૮ | ૧૧૯ | ૭૫ | ૧૪૭ |
| ૫ | બાવળા | ૩૮૮ | ૮૩ | ૫૮ | ૧૦૬ |
| ૬ | ધોળકા | ૫૧૧ | ૧૨૩ | ૮૩ | ૧૪૮ |
| ૭ | માંડલ | ૧૯૫ | ૫૪ | ૩૧ | ૬૦ |
| ૮ | દેત્રોજ | ૨૫૯ | ૭૩ | ૬૩ | ૮૬ |
| ૯ | ધંધુકા | ૩૬૪ | ૯૬ | ૬૭ | ૧૧૦ |
| ૧૦ | રાણપુર | ૨૫૬ | ૫૬ | ૪૨ | ૭૮ |
| ૧૧ | બરવાળા | ૧૯૪ | ૪૭ | ૩૮ | ૬૧ |
| | કુલ :- | ૪૫૦૯ | ૧૦૬૯ | ૭૮૪ | ૧૩૫૦ |

| ખાલી જગ્યાની વિગત | | | | | |
|---|---|---|---|---|---|
| અ.નં. | તાલુકાનું નામ | ધો. ૧ થી ૫ | ગણિત | સા.વિજ્ઞાન | ભાષા |
| ૧ | સીટી | ૦ | ૪ | ૩ | ૩ |
| ૨ | દસક્રોઈ | ૦ | ૧૨ | ૯ | ૧૨ |
| ૩ | સાણંદ | ૪ | ૧૩ | ૭ | ૪ |
| ૪ | વિરમગામ | ૧૧ | ૪૭ | ૨૮ | ૧૦ |
| ૫ | બાવળા | ૧૧ | ૩૧ | ૧૪ | ૪ |
| ૬ | ધોળકા | ૧૧ | ૩૬ | ૨૦ | ૨ |
| ૭ | માંડલ | ૨ | ૨૮ | ૨૨ | ૯ |
| ૮ | દેત્રોજ | ૦ | ૩૦ | ૯ | ૪ |
| ૯ | ધંધુકા | ૩૭ | ૫૫ | ૪૮ | ૨૫ |
| ૧૦ | રાણપુર | ૩૯ | ૫૧ | ૩૨ | ૩૭ |
| ૧૧ | બરવાળા | ૧૧ | ૩૫ | ૨૮ | ૨૬ |
| | કુલ :- | ૧૨૬ | ૩૪૨ | ૨૨૦ | ૧૩૬ |

(૩) ઉક્ત સ્થિતિએ આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે?

(૩) જેમ બને તેમ જલ્દી.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શાળાઓમાં જગ્યાઓ અને કેટલું મહેકમ મંજૂર થયું છે? પ્રાથિમક શિક્ષકોમાં વિદ્યા સહાયક શિક્ષકો કેટલા અને

કાયમી શિક્ષકો કેટલા? ખાલી પડેલ જગ્યાઓ માટે સરકારને કયારે કયારે રજૂઆતો મળી અને કયારે તે ભરી? શિક્ષકોની ભરતી નહીં કરવાના કયા કારણો?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, જે જગ્યાઓ ખાલી હોય એ ભરવાની સરકારની નિરંતર પ્રક્રિયા ચાલુ હોય છે એટલે એની કોઇ રજૂઆત મળે અને પછી જગ્યા ભરવાની હોય એવું બનતું નથી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે વાંચે ગુજરાત કયારે ભણશે વિદ્યાર્થી? ૩૪ર ગણિતના શિક્ષકો નથી, રર૦ શિક્ષકો વિજ્ઞાનના નથી. ગણિત અને વિજ્ઞાનના જયારે આટલી મોટી સંખ્યામાં પજર શિક્ષકો જ નથી તો માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે આ શિક્ષકો કેટલા સમયથી એક વર્ષના ગાળામાં કેટલા ખાલી રહ્યા, બે વર્ષના ગાળામાં કેટલા ખાલી રહ્યા? અને સરકાર આ વર્ષના એન્ડ સુધીમાં ભરવા માગે છે કે કેમ? અને ગણિત– વિજ્ઞાનના શિક્ષકો નથી તો એમને ભણાવે છે કોણ એ જાણવું છે.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આર.ટી.ઇ.ની જયારે અમલવારી શરૂ થઇ અને વિદ્યાર્થી અને શિક્ષકો એ બંનેના ધોરણોમાં ફેરફાર થયા ત્યારે એ ધોરણોને સરભર કરવા માટે આપણે શિક્ષકોની ખૂબ મોટી જરૂરિયાત રહી. માનનીય સભ્યશ્રી એમ કહે છે કે ૩૪ર ગણિતના શિક્ષકો તો એની ભરવાની પ્રક્રિયા પણ અત્યારે ચાલુ છે. ૯૧ શિક્ષકો આજે જવાબ આવ્યો તા. ૩૧–૧ર–૧૪ની સ્થિતિ પછી ૩૧૯૧ શિક્ષકો ગણિત–વિજ્ઞાનના ભર્યા છે. ૪૯ શિક્ષક સામાજિક વિજ્ઞાનના ભર્યા છે. મહેકમ મંજૂર કરેલું છે પરંતુ બી.એસ.સી. બી.એડ ગણિત વિજ્ઞાન માટે એસ.ટી. કેટેગરીના શિક્ષકો નહીં મળવાના કારણે શિક્ષકો ભરવામાં થોડો વિલંબ થઇ રહ્યો છે. વહેલી તકે શિક્ષકો મળશે આ કેટેગરીના એટલે ભરવામાં આવશે. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : એમણે કહ્યું કે હમણા શિક્ષકો પૂર્યા છે. ૧૯૦ શિક્ષકો અત્યારે પૂર્યા છે. જવાબ આપ્યા પછી. શૈલેષભાઇ, તમે ધારો એવો જવાબ મંત્રીશ્રી પાસેથી લઇ શકો નહીં. બેસો

શ્રી લાલજીભાઇ ચ. કોળી પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના મારફત માન. મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આર.ટી.ઇ. એકટ હેઠળ ધોરણ ૧ થી પ માં વિદ્યાર્થી, શિક્ષકના ધોરણ શું છે? બીજો પ્રશ્ન આર.ટી.ઇ. એકટ હેઠળ ધોરણ ૬ થી ૮ માં વિદ્યાર્થીમાં શિક્ષકનું ધોરણ શું છે?

ઉપાધ્યક્ષશ્રી : કરમશીભાઇ તમે બેસી જાઓ. આ તમારા પ્રશ્નમાં પૂરક પ્રશ્ન પૂછાય છે. તમને તક આપીશ.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આર.ટી.ઇ. ની અમલવારી પછી વિદ્યાર્થીઓ અને શિક્ષકોના ધોરણમાં ફેરફારો આવ્યા એ મુજબ ૧ થી પ માં જે પ્રાથમિક વર્ગ ગણાય છે તેમાં ૬૦ વિદ્યાર્થીઓ સુધી ર શિક્ષક હોય છે. મારે આ સન્માનનીય ગૃહને આપના મારફત જણાવવાનું કે ૬૦ વિદ્યાર્થીઓ સુધીમાં ઘણી શાળાઓ છે, જેમાં ૧૦ વિદ્યાર્થીઓ હોય તો પણ ર શિક્ષકો હોય છે. ર૦ વિદ્યાર્થી હોય તો ર શિક્ષકો છે. આમ ૧૦, ર૦, ૩૦ વિદ્યાર્થીવાળી ઘણી શાળાઓ છે. ૬૧ થી ૯૦ વિદ્યાર્થીઓમાં ૩ શિક્ષકો અને ૯૧ થી ૧ર૦ વિદ્યાર્થીમાં ૪ શિક્ષકો અને ૧ર૧ થી ર૦૦ વિદ્યાર્થીઓમાં પ શિક્ષકોનું ધોરણ છે. જયારે ધોરણ ૬ થી ૮ માં જેને ઉચ્ચ પ્રાથમિક વર્ગો કહેવાય છે, જેમાં ઓછામાં ઓછા ૩ શિક્ષકો જરૂરી છે. વિજ્ઞાન અને ગણિત માટે ૧, ભાષા માટે ૧ અને સામાજિક વિજ્ઞાન માટે ૧ એમ દરેક ૩પ વિદ્યાર્થી દીઠ ઓછામાં ઓછા ૧ શિક્ષક પછી વધારાના આપવામાં આવે છે.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : મેં ખરેખર જે ૧ થી પ ધોરણમાં સામાન્ય વિજ્ઞાનના અને ગણિતના શિક્ષકોની ખાલી જગ્યાઓ છે, એ ખરેખર દર વખતે અગાઉના સત્રમાં પણ પૂછયો હતો.

ઉપાધ્યક્ષશ્રી : એ પ્રશ્નનો જવાબ માનનીય મંત્રીશ્રીએ આપ્યો છે.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : •(xxxxxx)

ઉપાધ્યક્ષશ્રી : *(xxxxxx) હોય તો તમે બીજા પગલાં લઇ શકો છો. બેસી જાઓ. કરમશીભાઇ જવાબ આવી ગયો છે. પ્રશ્ન ક્રમાંક–પ પૂનમભાઇ પરમાર. કરમશીભાઇ, પૂનમભાઇ ઉભા છે. આપ બેસી જાઓ. પૂનમભાઇ આપનો પ્રશ્ન ક્રમાંક–પ.(અંતરાય) કરમશીભાઇ બેસી જાઓ. આપના પ્રશ્નનો જવાબ મળી ગયો છે.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : સંતોષકારક જવાબ નથી મળ્યો.

ઉપાધ્યક્ષશ્રી : સંતોષકારક જવાબ આપવો જોઇએ તેવું કશું નથી. પૂનમભાઇ મૂવ કરો છો કે પછી બીજા સભ્યને ચાન્સ આપું.

**બી.પી.એલ. કાર્ડ ધારકોને એ.પી.એલ. કાર્ડ આપવા અંગે**

* ૧૩૭૧૭ **શ્રી પૂનમભાઇ મા. પરમાર(સોજીત્રા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ ગુજરાત સરકાર દ્વારા અપાયેલ બારકોડેડ રેશનકાર્ડમાં બી.પી.એલ. કાર્ડ ધારકોને બી.પી.એલ. કાર્ડને બદલે એ.પી.એલ. કાર્ડ આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) ના. જી. રાજ્ય સરકાર દ્વારા હયાત રેશનકાર્ડ ધારકો, જે કેટેગરીનું રેશનકાર્ડ ધરાવતા હતા તેજ કેટેગરીનું નવુ બારકોડેડ રેશનકાર્ડ આપવામાં આવેલ છે. |
| (૨) નવેસરથી સર્વે હાથ ધરીને કેટલા સમયમાં કામગીરી પૂરી કરી ગરીબોને થયેલ અન્યાય દૂર કરવામાં આવશે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી પુનમભાઇ મા. પરમાર : મારે ગૃહમાં દુઃખ સાથે કહેવું પડે છે કે મેં પ્રશ્ન પૂછ્યો એનો જવાબ માનનીય મંત્રીશ્રીએ *(xxxxxx) પણ કઇ નહિ. મારા મત વિસ્તાર સોજિત્રા તાલુકો અને તારાપુર તાલુકામાં બારકોડેડ રેશન કાર્ડ આપ્યા તે પહેલા બી.પી.એલ. કાર્ડની સંખ્યા કેટલી હતી..

ઉપાધ્યક્ષશ્રી : *(xxxxxx) એ શબ્દ હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી પુનમભાઇ મા. પરમાર : *(xxxxxx) તેમ કહ્યું છે.

ઉપાધ્યક્ષશ્રી : એ પણ દૂર કરું છું.

શ્રી પુનમભાઇ મા. પરમાર : મારી પાસે પુરાવો છે, એટલા માટે. મારા મત વિસ્તારમાં સોજિત્રા, તારાપુર તાલુકામાં બારકોડેડ રેશનકાર્ડ પહેલા બી.પી.એલ. અને એ.પી.એલ. ના કાર્ડની સંખ્યા કેટલી હતી? બીજો સવાલ એ છે કે મારા મત વિસ્તારના સોજિત્રામાં ડાલી ગામે ૮૪ બી.પી.એલ. ને એ.પી.એલ. કરી દીધા છે. તેવી રીતે મારા મત વિસ્તારમાં દરેક ગામે બી.પી.એલ.ના કેટલા કાર્ડ એ.પી.એલ. કરી દીધા છે, તેની સંખ્યા કેટલી? સરકારના અધિકારીએ ભૂલ કરી હોય કે કર્મચારીએ કરી હોય તો તેની સામે સરકાર પગલાં લેવાં માગે છે કે કેમ? છેલ્લો સવાલ છે કે ઉદ્યોગપતિઓને, સુખી લોકોને બી.પી.એલ. કાર્ડનો સરકાર લાભ આપે મને વાંધો નથી, પણ જે દલિત, ગરીબ, ઝૂંપડામાં રહેવાવાળા બી.પી.એલ. કાર્ડથી વંચિત છે, તે લોકોને આ સરકાર બી.પી.એલ. કાર્ડ નવો સરવે કરીને એમને બી.પી.એલ.નો લાભ આપવા માગે છે કે કેમ?

શ્રી છત્રસિંહ પૂ.મોરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી કહે છે કે, બી.પી.એલ. કાર્ડ જયારે મૂળ રેશનકાર્ડ તમે આપ્યા, બાયોમેટ્રીક રેશનકાર્ડ જયારે તમે શરૂ કર્યા ત્યારે જેટલા પણ રેશનકાર્ડ આપ્યા તેની સામે કાર્ડ આપવાના હોય. તેમના જિલ્લાનો જે પ્રશ્ન પૂછયો છે તેમાં કુલ ૩ લાખ ૮૦ હજાર ૪૧૩ રેશનકાર્ડ માટે ફાર્મ ભરાયા હતા. તેની સામે ૩ લાખ ૪૨ હજાર ૭૪૫ રેશનકાર્ડ આપ્યા છે. તેમનો બીજો પ્રશ્ન છે કે સોજિત્રાની અંદર કેટલા બી.પી.એલ. રેશનકાર્ડ આપવામાં આવ્યા છે? ૫૩૭૨ બી.પી.એલ. કાર્ડ સોજિત્રામાં હતા. તેની સામે અમે ૫૧૮૯ રેશનકાર્ડ અમે આપ્યા છે. તેમાં બાકી રહે છે તે રેશનકાર્ડની તપાસ કરવા માટે ખાતાકીય સૂચના આપી છે. એટલે જે રેશનકાર્ડ બી.પી.એલ. છે અને ભૂલથી એ.પી.એલ. થઇ ગયા છે, તેના નિયમો છે તેના આધારે અમે આપી દઇશું. રાજયમાં બીજે કયાંય આવું થયેલ નથી. માત્ર સોજિત્રામાં એક ક્ષતિ જણાયેલ છે તેને દૂર કરવા માટે અમે કાર્યવાહી કરીશું. બીજો પ્રશ્ન શું હતો?

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, જે દલિતો, ઓ.બી.સી. અને ગરીબ લોકો બી.પી.એલ. યાદીથી વંચિત રહ્યા છે તેમને આ સરકાર બી.પી.એલ. યાદીનો લાભ આપવા માગે છે કે કેમ? અને તે કેટલા સમયમાં આપવા માગે છે?

શ્રી છત્રસિંહ પૂ.મોરી : માનનીય અધ્યક્ષશ્રી, બી.પી.એલ. કાઢવા માટે સરકારશ્રીના નિયમો હોય છે. તે નિયમોના આધારે બી.પી.એલ. કાર્ડ આપવું કે નહીં તેના જુદા જુદા ધોરણો છે. તેમાં ૦ થી ૧૬ આંકમાં આવતા

હશે તો તેનો આવકનો દાખલો જોયા વગર બી.પી.એલ. કાર્ડ કોઈપણ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અથવા ગરીબ કોઈપણ હોય કે વિધવા હોય તેને આજે પણ અમે આપીએ છીએ. આમાં તેની આવક મર્યાદા પણ જોવામાં આવે છે. શહેરી વિસ્તારમાં ૫૦૧ રૂપીયા માથાદીઠ આવક જોઇએ અને ગ્રામ્ય વિસ્તાર માટે ૩૨૪ રૂપીયા માથાદીઠ આવક જોઇએ. આ સિવાય માથાદીઠ કુટુંબની આવકને ધ્યાનમાં લેવી હોય તો અમારા અધિકારીશ્રીઓ, મામલતદાર અને બીજા અધિકારીઓને નિયુકત કરેલા છે. તે જો આવકનો દાખલો આપે તો તે પ્રમાણે અમે બી.પી.એલ. કાર્ડ આજે પણ આપીએ છીએ. એટલે બી.પી.એલ. કાર્ડ અમે બંધ કર્યા નથી. આજે પણ કોઇ પાત્રતામાં આવે તો ફોર્મ ભરવાનું ચાલુ છે તેને આજે પણ કાર્ડ આપીએ છીએ.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ વાત કરી કે પાત્રતા ધરાવતા નથી તેવા લોકોને પણ બી.પી.એલ. કાર્ડ મળી ગયા છે. હું સભાગૃહને જણાવવા માગું છું કે માત્ર સોજિત્રા પૂરતું નહીં પણ આખા રાજયમાં કોઈપણ પાત્રતા ધરાવતા ન હોય તેવા બી.પી.એલ. યાદીમાં હોય તો અમારું ધ્યાન દોરજો અને પાત્રતા ધરાવતા હોય અને રહી ગયા હોય તે અંગે મારે વિનંતી સાથે કહેવું છે કે તે લોકો પણ મારા વિભાગનું ધ્યાન દોરે.

શ્રી સંજયકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ સમગ્ર ગુજરાતમાં બી.પી.એલ. કાર્ડ કેટલા છે અને અંત્યોદય કાર્ડ કેટલા છે?

શ્રી છત્રસિંહ પૂ.મોરી :માનનીય અધ્યક્ષશ્રી, બી.પી.એલ. કાર્ડ ૨૫ લાખ ૮૮ હજાર અને ફેબ્રુઆરી અંત સુધીમાં ૨૬ લાખ ૧૧ હજાર છે. અંત્યોદય કાર્ડ ૭ લાખ ૩૩ હજાર છે.

શ્રી નિરંજન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીએ તેમના જવાબમાં જણાવ્યું છે કે રેશનકાર્ડ ધારકોમાં બી.પી.એલ.માંથી એ.પી.એલ. કરવામાં આવ્યા છે કે કેમ? તેમણે જવાબ નાજી આપ્યો છે. જો તે જવાબ સાચો હોય તો પેટલાદ મત વિસ્તાર અને આણંદ જિલ્લાની અંદર ગરીબના છોકરા જયારે એના ઘરમાંથી જુદા પડે અને જુદા ઓરડામાં રહે ત્યારે તેનું જે કાર્ડ બનાવવામાં આવ્યું છે તે એ.પી.એલ. કરવામાં આવ્યા છે. તો તે ભૂલ સુધારીને ફરી બધાને બી.પી.એલ. કરવા માગે છે કે કેમ?

શ્રી છત્રસિંહ પૂ.મોરી :માનનીય અધ્યક્ષશ્રી, મેં પહેલાં પણ કહ્યું કે મૂળ બી.પી.એલ. કાર્ડ હોય અને ફોર્મ ભરે તો ફરીથી નવું કાર્ડ આપીએ છીએ તે બી.પી.એલ. કાર્ડ આપીએ છીએ, જવાબ સાંભળો પરંતુ હવે કોઇ બી.પી.એલ. કાર્ડ હોય અને તેના દીકરા, દીકરી જુદા રહે અને અલગ રેશનકાર્ડ કાઢવા માગતા હોય તો તેનું જે ફોર્મ ભરે છે તેની અંદર અમે આવક મર્યાદા જોઇએ છીએ. તેની આજની સ્થિતિ જોઇએ છીએ. પાકુ મકાન છે, જમીન છે અને જો તેમાં ફૂલફીલ થતું હોય તો જ અમે બી.પી.એલ.માંથી બી.પી.એલ. આપીએ છીએ. બાકી એવું કોઇ જગ્યાએ નથી કે બી.પી.એલ.માંથી એ.પી.એલ. કરી નાંખ્યું

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહજીએ જે વાત કરી એ બાબતમાં એમનું પણ ધ્યાન દોરવા માગુ છું અને થોડી માહિતી પણ લેવા માગુ છું. પહેલા તો જે ૦ થી ૧૬માં બી.પી.એલ.યાદીમાં ડી.આર.ડી.એ.ની જે યાદી છે એ મુજબના લોકોએ તમારા પરિપત્ર મુજબ બી.પી.એલ. રેશન કાર્ડ મેળવવા માટે હજારોની સંખ્યામાં અરજી કરી છે આજની તારીખમાં એમાંથી ૩૦ ટકા લોકોને પણ આણંદ જિલ્લામાં કાર્ડ મળ્યા નથી. એટલે પહેલી વાત તો એ કે ૦ થી ૧૬ ની યાદી વાળા તમામ લોકોને બી.પી.એલ. કાર્ડ કેટલા સમયમાં આપવામાં આવશે? અને બીજું કે, જે રેશન કાર્ડ જુદું પાડવામાં આવે છે જેમ વાત કરી તેમ એમાં આજની તારીખે પણ મામલતદાર કચેરીઓમાંથી બી.પી.એલ. કુટુંબનું કાર્ડ હોય અને એમાંથી એનો દિકરો જુદો રહેવા જાય તો આવકનો દાખલો આપવા છતાં પણ એને એ.પી.એલ.કાર્ડ આપવામાં આવે છે એ ક્ષતિ થઇ હોય તો એનું નિવારણ કરવા માગો છો કે કેમ?

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી કહે છે એ પ્રમાણે ૦ થી ૧૬માં કોઇ પણ બાકી હોય એ બાબતમાં અમારા સિનિયર મંત્રીશ્રીએ પણ ખાતરી આપી છે.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આ રેકર્ડ પર છે અને હજારોની સંખ્યામાં બાકી છે ત્યારે તમારી ઓફિસો એમ કહે છે કે લક્ષ્યાંક નહીં હોવાને કારણે અમે આપી શકતા નથી તો તમે ચેક કરીને કેટલા સમયમાં આપશો?

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, અમિતભાઇ, આમાં કોઇ લક્ષ્યાંક છે જ નહીં. કોઇ પણ પાત્રતામાં આવતા હોય, ૦ થી ૧૬ માં આવતા હોય તો હું આજે પણ ફ્લોર ઉપરથી વાત કરું છું કે એવા કોઇ બાકી હોય તો અમે ફરીથી બધા જ જિલ્લા અધિકારીઓને સૂચના આપીને નવેસરથી એવા તમામ લોકોને જો તેઓએ ફોર્મ ભર્યા હશે તો નવેસરથી બી.પી.એલ. કાર્ડ આપી દેવા માગીએ છીએ. (અંતરાય) ફોર્મ ભરાયા હશે એ બધા ૦ થી ૧૬ ના નથી, ૦ થી ૧૬ ના ફોર્મ ભરાયા છે એ બધાને અમે આપી દેવાના છીએ.

**કચ્છ જિલ્લામાં ફિમેલ હેલ્થ વર્કરનું મંજૂર મહેકમ**

* ૧૩૪૭૫ **ડૉ. નીમાબેન આચાર્ય (ભુજ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં ફિમેલ હેલ્થ વર્કરનું મંજૂર મહેકમ કેટલું છે, | (૧) ૨૫૧. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી હતી, | (૨) ૭૩. |
| (૩) તે પૈકી વર્ષ ૨૦૧૪–૧૫માં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરવામાં આવી, અને કેટલી ખાલી રહી, અને | (૩) ૭૩ જગ્યાઓ ભરવામાં આવી અને નવા મંજૂર કરેલ કેન્દ્રોની ૩૪ જગ્યાઓ ખાલી રહેલ છે. |
| (૪) આ ખાલી જગ્યાઓ ક્યારે ભરવાનું આયોજન છે? | (૪) બનતી ત્વરાએ. |

ડો. નીમાબેન બી. આચાર્ય : માનનીય અધ્યક્ષશ્રી, આમાં મારા જવાબમાં જણાવેલ છે કે, ૭૩ જગ્યાઓ ખાલી હતી એ ૭૩માંથી તા. ૩૧.૧૨.૨૦૧૪માં એ ૭૩ જગ્યાઓ ભરી દેવામાં આવી છે ત્યાર પછી જે નવા કેન્દ્રો ખુલ્યા ૩૪ એની જગ્યાઓ ભરવાની બાકી છે. તો હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, ૩૪ કેન્દ્રોની જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે, અને આ તાલુકાવાર કેટલી જગ્યાઓ આ નવા કેન્દ્રોમાં ખાલી છે? અને આ ફિમેલ હેલ્થ વર્કરની જગ્યા ભરવા માટેનું શું ધોરણ છે?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, ફિમેલ હેલ્થ વર્કરની જગ્યા ભરવાનું જે ધોરણ પૂછ્યું છે એ જિલ્લા પસંદગી સમિતિ આ ભરતી કરે છે ત્યાર પછી એણે પ્રશ્ન પૂછ્યો છે કચ્છ જિલ્લાનું મૂળ સેટઅપ જે છે એ ૨૫૧નું છે. આ ૨૫૧માંથી ૭૩ જગ્યાઓ જે ખાલી હતી એ ૧૦.૭.૨૦૧૪ના રોજ આ તમામ જગ્યાઓ ભરી દેવામાં આવી છે. તાલુકાવાઇસ રાપરમાં ૧૩ જગ્યા ભરી છે, ભચાઉમાં ૧૦ જગ્યા ભરી છે, અંજારમાં ૫ જગ્યા ભરી છે, ગાંધીધામમાં ૩ જગ્યા ભરી છે, ભૂજમાં ૮ જગ્યા ભરી છે, મુંદ્રામાં ૫ જગ્યા ભરી છે, માંડવીમાં ૮ જગ્યા ભરી છે, નલિયામાં ૯ જગ્યા ભરી છે, લખપતમાં ૫ અને નખત્રાણામાં ૭ જગ્યા ભરી છે. એટલે આ ૭૩ જગ્યાઓ ભરી દેવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, એમનો જે બીજો પ્રશ્ન છે કે, ૩૪ જગ્યાઓ નવી મંજૂર થઇ છે. તો એ ૩૪ જગ્યાઓ મંજૂર થઇ છે એ ૩૧.૧૨.૨૦૧૪ની સ્થિતિએ આ જગ્યાઓ આરોગ્ય વિભાગે મંજૂર કરેલ છે અને એ જગ્યાઓ જે મંજૂર કરી છે એ જગ્યાઓ સંપૂર્ણ અત્યારે હું ગૃહમાં જવાબ આપી રહ્યો છું ત્યારે ૩૪ એ ૩૪ જગ્યાઓ ભરી દેવામાં આવી છે. એટલે કે આ ૨૮૫નું જે સેટઅપ છે એ આજે ભરાયેલું છે

શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, કચ્છ જિલ્લામાં ફિમેલ હેલ્થ વર્કરની તાલુકાવાર કેટલી જગ્યાઓ નવી ઉભી કરવામાં આવી છે? તે પૈકી ચાલુ વરસે આ જગ્યાઓ ભરવા માટેનું આયોજન છે કે કેમ?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા :અગાઉના પ્રશ્નના મારા જવાબમાં મેં જણાવ્યું કે ૩૪ જગ્યાઓ નવી મંજૂર કરવામાં આવી છે તેમાં રાપર તાલુકામાં ૭, મુન્દ્રા તાલુકામાં ૪, ભચાઉ તાલુકામાં ૧૦ અને અંજારમાં ૧૩. હવે પછીની જે જગ્યા મંજૂર કરવાનો સભ્યશ્રીનો પ્રશ્ન છે એ આરોગ્ય વિભાગ એના નોર્મ્સ મુજબ જિલ્લા પંચાયતની અંદર વસતિના ધોરણે દરખાસ્ત મંગાવતા હોય છે ત્યારે જિલ્લા પંચાયત એની દરખાસ્ત મોકલશે એ રીતે મંજૂર કરવામાં આવશે.

શ્રી હીરાભાઇ હ. પટેલ : આપના મારફતે માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, હમણાં જ એમણે કહ્યું કે દરેક જગ્યાઓ ફિમેલ હેલ્થ વર્કરની જગ્યા ભરી દેવામાં આવી છે, તો એના સ્ટાન્ડર્ડ શું છે એના નોર્મ્સ શું છે ફિમેલ હેલ્થ વર્કરની જગ્યાઓ ભરવા માટેના? ઘણી જગ્યાએ આ બાબતના ઝઘડા થતાં હોય છે.

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા :માનનીય અધ્યક્ષશ્રી એનો બે વરસનો કોર્સ હોય છે એ કરેલો હોવો જોઇએ અને જિલ્લા પંચાયતની પસંદગી સમિતિ એની જગ્યાઓ ભરતી હોય છે. એમાં નિયમો મુજબ જ ભરતી થાય છે. આ મુજબના એના નોર્મ્સ છે.

શ્રી પરબતભાઇ સ. પટેલ : મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, આ ફિમેલ હેલ્થ વર્કર જે છે એની જગ્યાઓ મંજૂર કરવાના માપદંડ રાજ્ય સરકારે શું નક્કી કર્યા છે અને એ જગ્યાઓ કઇ રીતે મંજૂર થાય છે?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા :મેં જવાબમાં અગાઉ કહ્યું છે કે, વસતિના ધોરણે આરોગ્ય વિભાગ આ જગ્યાઓ મંજૂર કરે છે પણ આરોગ્ય વિભાગનો એક પરિપત્ર છે કે કચ્છને સ્પેશ્યલ કેટેગરીમાં મૂકી અને ૩૦૦૦ની વસતિએ એક સબ સેન્ટર મંજૂર કરવાનું છે. બીજી જગ્યાએ પાંચ હજાર હોય તો કચ્છમાં વિસ્તારની દ્દષ્ટિએ આરોગ્ય વિભાગે આ નિર્ણય લીધો છે અને તે મુજબ જ જિલ્લા પંચાયત દરખાસ્ત કરે એટલે આરોગ્ય વિભાગ એ જગ્યાની ભરતીની મંજૂરી આપે છે.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ ફિમેલ હેલ્થ વર્કરોમાંથી કેટલી બહેનોને ફિક્સ પગાર આપવામાં આવે છે અને કેટલાને પૂરો પગાર આપવામાં આવે છે?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા :રાજ્ય સરકારના જે ભરતીના નિયમો છે, માનનીય તેજશ્રીબહેનને ખબર નહિ હોય કે આ રાજ્યના મહિલા મુખ્યમંત્રીશ્રીએ તમામ ફિક્સ પગારના લોકોના પગારમાં વધારો કરીને ૭૮૦૦ રૂપિયા અને ૧૩૫૦૦ રૂપિયા કરવામાં આવ્યો છે અને ૪૦૦ કરોડ રૂપિયાનો બોજો આ કારણે થશે. જે એમણે પ્રશ્ન પૂછયો છે એમાં સંપૂર્ણપણે રાજ્ય સરકારના નિયમો મુજબ અને મેં કહ્યું એમ રાજ્યના મુખ્યમંત્રીએ ફિક્સ પગારમાં વધારો કરીને જે ચૂકવવાની પાત્રતા ધરાવે છે એ પ્રમાણે પગાર ચૂકવવામાં આવે છે.

**બનાસકાંઠા જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ઓરડાઓના અભાવે એક કરતાં વધારે ધોરણના બાળકોને એક ઓરડામાં બેસાડવા બાબત**

* ૧૪૭૩૫ **શ્રી કાન્તીભાઇ કા. ખરાડી (દાંતા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલી પ્રાથમિક શાળાઓમાં ઓરડાઓના અભાવે કે અન્ય સુવિધાના અભાવે એક ઓરડા/વર્ગખંડમાં એક કરતાં વધારે ધોરણના બાળકોને બેસાડવામાં આવે છે.

(૨) છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર આવા કેટલા ઓરડાઓ / વર્ગખંડો બાંધવામાં આવ્યા જેના પરિણામે એક વર્ગખંડમાં એક કરતાં વધારે ધોરણના બેસતા બાળકોને જુદા જુદા વર્ગખંડમાં બેસાડી શકાયા, અને

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શાળાઓમાં ઓરડાના અભાવે એક ઓરડા / વર્ગખંડમાં એક કરતાં વધારે ધોરણના બાળકોને બેસાડવામાં આવે તેવી શાળાઓ નીચે મુજબ છે.

| તાલુકો | શાળાની સંખ્યા |
| --- | --- |
| ડીસા | ૭૯ |
| અમીરગઢ | ૩૫ |
| કાંકરેજ | ૭૬ |
| થરાદ | ૫૨ |
| દાંતા | ૫૭ |
| દાંતીવાડા | ૧૫ |
| દીયોદર | ૪૪ |

| તાલુકો | શાળાની સંખ્યા |
| --- | --- |
| ધાનેરા | ૨૧ |
| પાલનપુર | ૨૭ |
| ભાભર | ૨૨ |
| વડગામ | ૧૦ |
| વાવ | ૪૩ |
| લાખણી | ૪૬ |
| સુઇગામ | ૨૦ |

(૨) છેલ્લા બે વર્ષમાં બાંધવામાં આવેલ ઓરડાઓ / વર્ગખંડોની તાલુકાવાર વિગતો નીચે મુજબ છે.

| તાલુકા | વર્ષ ૨૦૧૨–૧૩માં બાંધવામાં આવેલ ઓરડા / વર્ગખંડોની સંખ્યા | વર્ષ ૨૦૧૩–૧૪માં બાંધવામાં આવેલ ઓરડા / વર્ગખંડોની સંખ્યા |
| --- | --- | --- |
| ડીસા | ૨૦૯ | ૪૬ |
| અમીરગઢ | ૩૨ | ૯ |
| કાંકરેજ | ૧૦૬ | ૪ |
| થરાદ | ૧૮૪ | ૧૫ |
| દાંતા | ૬૨ | ૯૩ |
| દાંતીવાડા | ૩૪ | ૧૭ |
| દીયોદર | ૭૨ | ૧૦ |
| ધાનેરા | ૧૩૮ | ૩૯ |
| પાલનપુર | ૫૯ | ૧૧ |

| | | |
|---|---|---|
| ભાભર | ૪૭ | ૧૨ |
| વડગામ | ૩૮ | ૨ |
| વાવ | ૭૩ | ૪ |

(૩) બાળકોને ભણતરમાં અડચણ ન થાય તે માટે બધા વર્ગના બાળકો અલગ–અલગ વર્ગખંડમાં બેસી શકે તે માટે પુરતા ઓરડાઓ ક્યાં સુધીમાં બનાવવામાં આવશે?

(૩) જેમ બને તેમ જલ્દી.

શ્રી કાંતિભાઈ ખરાડીઃ માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્ન નંબર–૧માં પૂછેલ છે કે તા.૩૧–૧૨–૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકવાર કેટલી પ્રાથમિક શાળાઓમાં ઓરડાના અભાવે એક ઓરડામાં એક કરતાં વધારે ધોરણના બાળકોને બેસાડવામાં આવે છે, માનનીય મંત્રીશ્રીએ મને જવાબ આપ્યો છે કે, બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાઇઝ અને આખા બનાસકાંઠાની જો વાત કરીએ તો ૬૧૭ ઓરડાઓની આજે પણ ઘટ છે, બનાસકાંઠા જિલ્લામાં જે તે વખતે કન્યા કેળવણીની પ્રોગ્રામ હતો ત્યારે મંત્રીશ્રીને આ માંગણી ધ્યાનમાં આવી હતી કે નહોતી આવી? બનાસકાંઠા જિલ્લાની અને મારા દાંતા મત વિસ્તારની વાત કરીએ તો આ ટ્રાયબલ તાલુકાની અંદર મારા જ વિસ્તારની અંદર જો ૧૬૦૦ જગ્યાઓ ખાલી હોય તો બાળકો ક્યાં બેસીને ભણતાં હશે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ હું માનું છું ત્યાંસુધી આમાં મને પ્રશ્ન નથી પૂછયો પરંતુ દાંતા વિસ્તારની જે ઘટની વાત છે અને કન્યા કેળવણીના જ્યારે કાર્યક્રમ હોય તે વખતે આ બાબત એમના ધ્યાનમાં હશે કે નહિ હોય એ પ્રશ્ન પૂછયો છે તો એ બાબત સરકારના ધ્યાનમાં છે, આર.ટી.ઇ.ના અમલ પછી જેવી રીતે શિક્ષકોના ધોરણો બદલાયા એ જ રીતે શાળાના ઓરડાઓના ધોરણો બદલાયા, એટલે ઓરડાઓની ઘટ પડી, નવા ઓરડાઓ ઉભા કરવાની જરૂરિયાત ઉભી થઇ. વારંવાર ભારત સરકારની અંદર ઘટતા ઓરડાની પૂર્તતા કરવા માટે રજૂઆત કરવામાં આવી. મને જણાવતા દુઃખ થાય છે કે, ભારત સરકારમાં અત્યાર સુધીમાં ૫૫૪૫ ઓરડા માત્ર અને માત્ર બનાસકાંઠા જિલ્લાની અંદર માગણી કરી તેની સામે અમને આપ્યા ૩૩૪૮ મંજૂર કર્યા, ૨૧૯૭ કોઇ પણ જાતના કારણ વગર મંજૂર ના કર્યા એટલે આ ઘટ હજુ ચાલી આવે છે.

શ્રી ધારશીભાઇ લ. ખાનપુરા : માનનીય અધ્યક્ષશ્રી, કાંકરેજ તાલુકામાં ૭૬ જેટલા વર્ગ ખંડો છે તે ડબલ બેસે છે. ચોમાસા દરમિયાન આ લોકો કઇ રીતે બેસતા હશે, આ બાળકો કયાં બેસીને ભણતાં હશે ?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, અમારી આ જ ચિંતા હતી અને અમે ભારત સરકારમાં ૨૦૧૦ થી ૨૦૧૪ સુધી આ જ રજૂઆત કરી કે આ બાળકો કયાં બેસીને ભણશે ? પણ અમારી રજૂઆત સાંભળી નહીં, ઓરડાઓ મંજૂર થયા નહીં. હવે દેશ કે અચ્છે દિન આ ગયે હૈ એટલે હવે બાળકોના પણ અમારી સરકારમાં સારા દિવસો આવશે.

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, આરટીઇ એકટની અમલવારી કરવાથી બનાસકાંઠા જિલ્લાની પ્રાથમિક શાળાઓના ઓરડાઓની ઘટ ઉપર કોઇ અસર થયેલી છે કે કેમ ? અને અસર થઇ હોય તો તેના કારણો શું છે ?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આરટીઇના અમલ પછી વર્ગ અને વિદ્યાર્થી, વિદ્યાર્થી દીઠ કેટલા ઓરડા જોઇએ તેના નવા ધોરણોમાં આરટીઇ એકટની અમલવારી પ્રાથમિક શાળાઓમાં ઘટ તેની ઉપર અસર થઇ. અને બીજુ આરટીઇનો અમલ શરૂ થયો એટલે ધોરણો તો બદલાયા પરંતુ આઠમું ધોરણ પ્રાથમિકમાં આવવાથી એકાએક ખૂબ વધારે ઓરડાની જરૂરિયાત ઉભી થઇ અને વિદ્યાર્થી દીઠ તેના માપદંડ બદલાયા એટલે ખૂબ વધારે જરૂરિયાત ઉભી થઇ. એટલે હવે આ સરકાર તેને સરભર કરવામાં ભારત સરકાર પણ આમાં પોઝીટીવ છે, ગુજરાત સરકાર પણ પોઝીટીવ છે એટલે ઝડપથી આ જે ઘટ છે તે પૂરી કરવામાં આવશે.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠા જિલ્લો ગુજરાત રાજયની અંદર શિક્ષણમાં પછાત જિલ્લો છે. અને ગુજરાત રાજય પણ પ્રાયમરી પ્રાથમિક શિક્ષણમાં એકવીસમા નંબરે આખા દેશમાં છે. ગઇકાલે માનનીય શિક્ષણ મંત્રીશ્રીએ સારી વાત કરી કે વૈશ્વિક હરિફાઇ કરવી છે. મારી નમ્રપણે શિક્ષણ મંત્રીશ્રીને પ્રાર્થના છે કે, બનાસકાંઠા જિલ્લાની અંદર વર્ગખંડો અને શિક્ષકોના અભાવે જિલ્લો પછાત રહે છે અને જેના કારણે જિલ્લાને અન્યાય થાય છે તે અન્યાય સરકાર દૂર કરવા માગે છે કે કેમ ?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના માધ્યમ દ્વારા જણાવવુ છે કે, માનનીય સભ્યશ્રીએ જે પહેલી વાત કરી કે ગુજરાત શિક્ષણના ક્ષેત્રે દેશમાં એકવીસમા નંબરે છે આ વાત સદંતર ખોટી છે. આજે દેશના અન્ય રાજયોમાં ગુજરાત શિક્ષણમાં આઠમા ક્રમે છે અને આઠમા ક્રમમાં પણ આગળના છ ક્રમ જે છે તે મોટા રાજયો નહીં પણ એકદમ જે નાના નાના રાજયો હોય એ નાના નાના રાજયો છે અને બાકીનુ બીજુ એમનુ સૂચન છે.

શ્રી ગોવાભાઇ હ. રબારી : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે બનાસકાંઠાની યુનિવર્સિટી અને બીજી વાતો ગઇકાલે કરી, સારું કર્યું. પરંતુ આ ૬૦૧ માંથી ૫૪૭ શાળાઓમાં વર્ગના ઓરડાઓના અભાવે એક થી વધારે ધોરણો બેસાડવામાં આવે છે અને ઘેંટા બકરાની જેમ નાના ઓરડામાં બેસીને બાળકો ભણી રહ્યા છે. આપણે ઉચ્ચ કક્ષાનું શિક્ષણ અને પ્રાઇવેટ યુનિવર્સિટીની સુવિધાની વાતો કરીએ છીએ ત્યારે આ પ્રાથમિક શાળામાં છોકરાઓને ભણતર નહીં મળે તો યુનિવર્સિટી સુધી કેવી રીતે પહોંચશે? ઓરડાઓ પૂરતા નથી તો કેવી રીતે ભણી શકશે? અને માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે ભારત સરકારે મંજૂર ન કર્યા, તો મારે એ પૂછવું છે કે શું આ ભારત સરકારની જવાબદારી છે? અને બનાસકાંઠા પૂરતા શાળાઓના ઓરડાઓ નહીં આપવા તેવી કિન્નાખોરી ભારત સરકાર રાખે છે? અને આપણી કોઇ જવાબદારી છે કે નહીં અને આ ૫૪૭ ઓરડાઓ કયારે બનાવવામાં આવશે? કેટલાક તો કન્ડમ થઇ ગયેલા છે તે ઓરડાઓ તોડવાની મંજૂરી આપવામાં આવતી નથી, તો આવા દરેક તાલુકાઓમાં ૨૫-૫૦ જેટલા ઓરડાઓ છે તે કયારે તોડવાની મંજૂરી આપવામાં આવશે અને છોકરાઓને જોખમમાંથી ઉગારવામાં આવશે? અને બીજા જિલ્લાઓમાં નવા ઓરડાઓમાં કાપ મૂકીને પણ આ બનાસકાંઠા જિલ્લામાં પૂરતા ઓરડાઓ આપવા માગે છે કે કેમ અથવા રાજયના ભંડોળમાંથી આ ઓરડાઓ બનાવવા માગે છે કે કેમ? આ શિક્ષણનો પ્રશ્ન છે, ગ્રાસરૂટનો પ્રશ્ન છે તો ગુજરાત સરકારના ભંડોળમાંથી આ ઓરડાઓ કયારે બનાવવા માગે છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આર.ટી.ઇ.ના ધોરણો પ્રમાણે ઓરડાઓની ઘટ છે તે વાત સાથે રાજય સરકાર સંમત છે. પરંતુ બનાસકાંઠા જિલ્લામાં ઓરડાઓમાં બાળકોને ઘેંટા બકરાની જેમ પૂરવામાં આવે છે તે વાત સાથે બિલકુલ સંમત નથી. કારણ કે બનાસકાંઠા જિલ્લામાં ૫૧૦૦૨૬ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે અને એમાંથી ૧૭૬૯૭ ઓરડાઓ અત્યારે હયાત છે. એટલે વિદ્યાર્થી અને વર્ગનો રેશીયો પર વર્ગ ૨૯ વિદ્યાર્થીઓનો થાય છે. એટલે ઘેંટા બકરાની જેમ પૂરવામાં આવે છે તેની સાથે રાજય સરકાર સંમત નથી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને આપના મારફત એ પૂછવા માગું છું કે, માનનીય મંત્રીશ્રીએ જે પ્રમાણે કહ્યું કે ભારત સરકારને આપવાના છે, તો મારે સીધો સવાલ એ પૂછવો છે કે આપે ૯ મહિનામાં કયારે કયારે ભારત સરકારને રજૂઆતો કરી છે અને તેના શું પરિણામો આવ્યા છે? બીજું કે ધોરણ ૮ જયારે ચાલુ કરવાનું હતું તો આપણે સૌ એ જાણતા હતા કે ઓરડાઓ ખૂટશે, તો અગાઉથી વ્યવસ્થા કેમ ન કરી?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય સભ્યશ્રીને ખૂબ નમ્રતાપૂર્વક જણાવવા માગું છું કે ભારત સરકારને આઠ-નવ મહિના થયા, એમાં ભારત સરકારને રજૂઆત કરવામાં આવી છે અને ભારત સરકાર પોઝીટીવ અભિગમ રાખે છે. પણ એમનો બીજો પ્રશ્ન હતો કે આર.ટી.ઇ.ની અમલવારી થઇ પછી ભારત સરકારમાં કયારે કયારે ધ્યાન દોર્યું, તો ૨૦૧૦-૧૧માં (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી ૯ મહિનાનો જવાબ મેં આપી દીધો છે. અને એમનો બીજો સવાલ છે તેનો જવાબ હું આપું છું, માનનીય સભ્યશ્રી તમારા સવાલનો જવાબ સાંભળવા માટે તમારે તૈયારી રાખવી જોઇએ. (અંતરાય) તમે જયારે બીજો સવાલ પૂછયો છે ત્યારે પહેલા સવાલનો જવાબ મેં આપ્યો છે અને હવે બીજા સવાલનો જવાબ હું આપું છું તે સાંભળવા માટે તમારે તૈયારી રાખવી જોઇએ. ૨૦૧૦-૧૧માં આર.ટી.ઇ. અમલમાં આવ્યા પછી ભારત સરકારમાં ૧૨૦૨ ઓરડાઓની માગણી કરી અને ભારત સરકારે મંજૂર કર્યા ૭૯૬સન ૨૦૧૨-૧૩માં ૨૦૦૮ ઓરડાની માગણી કરવામાં આવી હતી એની સામે માત્ર ૧૫૪ મંજૂર કરવામાં આવ્યા હતા. સન ૨૦૧૩-૧૪માં ૪૩૫ની માગણી કરવામાં આવી હતી એની સામે ૧૧૭ મંજૂર કરવામાં આવ્યા હતા. તો આ રીતે અમે અવારનવાર આનું ધ્યાન દોર્યું છે.

**દાહોદ જિલ્લામાં સ્વસહાય જૂથની રચના**

* ૧૩૫૦૪ **શ્રી રમેશભાઇ ભુ. કટારા(ફતેપુરા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ દાહોદ જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫માં કેટલા સ્વસહાય જૂથની રચના કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

(૨) તે પૈકી તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કેટલા સ્વસહાય જૂથોની રચના કરવામાં આવી, અને

(૩) તે પૈકી કેટલા સ્વસહાય જૂથોને રિવોલ્વીંગ ફંડની રકમ આપવામાં આવી?

**જવાબ**

(૧) ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ દાહોદ જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫માં ૩૪૦ સ્વસહાય જુથની રચના કરવાનું નક્કી કરવામાં આવ્યુ હતુ.

(૨) તે પૈકી તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ૮૨૧ સ્વસહાય જુથોની રચના કરવામાં આવી.

(૩) તે પૈકી ૩૪૭ સ્વસહાય જુથોને રિવોલ્વીંગ ફંડની રકમ આપવામાં આવી.

શ્રી રમેશભાઇ ભુ. કટારા : દાહોદ જિલ્લામાં ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ તાલુકાવાર સ્વસહાય જૂથની રચના કરવાનો લક્ષ્યાંક કેટલો હતો અને એની સામે ૩૧–૧૨–૧૪ સુધીની સ્થિતિએ કેટલા સ્વસહાય જૂથોની રચના કરવામાં આવી?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : દાહોદ જિલ્લાનો ૩૪૦નો લક્ષ્યાંક હતો એની સામે ૮૨૧ જૂથોની રચના કરવામાં આવી છે. દાહોદ તાલુકામાં ૪૫ના લક્ષ્યાક સામે ૯૭ જૂથની રચના કરવામાં આવી છે. ધાનપુર તાલુકામાં ૪૭નો લક્ષ્યાંક હતો એની સામે ૧૦૭ની રચના કરવામાં આવી હતી. ફતેપુરા તાલુકાનો ૪૫નો લક્ષ્યાંક હતો એની સામે ૧૦૬ની રચના કરવામાં આવી છે. એ જ રીતે ઝાલોદ તાલુકાનો ૫૫નો લક્ષ્યાંક હતો એની સામે ૧૫૮ જૂથોની રચના કરવામાં આવી છે.

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા : મારા મત વિસ્તાર ગરબાડા, ધાનપુર અને દાહોદ તાલુકામાં કેટલી રીવોલ્વીંગ ફંડ માટે ગ્રાન્ટ આપવામાં આવી છે?

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : જે સભ્યશ્રીએ પ્રશ્નો પૂછ્યો એમાં જણાવવાનું કે ગરબાડા ની અંદર રીવોલ્વીંગ ફંડ ૧ કરોડ ૬૩ લાખ અત્યાર સુધીમાં ચૂકવવામાં આવેલ છે.

**અમદાવાદ જિલ્લામાં નર્સરી અને પ્લાન્ટેશનમાં રોપા ઉછેર**

* ૧૪૦૫૨ **શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત(બાપુનગર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા હેકટરમાં તાલુકાવાર નર્સરી અને પ્લાન્ટેશન કરવામાં આવ્યાં,

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચેની વિગતે તાલુકાવાર નર્સરી અને પ્લાન્ટેશન કરવામાં આવ્યાં.

| અ.નં. | તાલુકાનું નામ | નર્સરીમાં ઉછેરેલ રોપા (લાખમાં) | | |
|---|---|---|---|---|
| | | **૨૦૧૩–૧૪** | **૨૦૧૪–૧૫ (તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ)** | **કુલ** |
| ૧ | દસ્ક્રોઈ | ૨.૧૧ | ૧.૭૬ | ૩.૮૭ |
| ૨ | સાણંદ | ૧.૧૯ | ૦.૬૨ | ૧.૮૧ |
| ૩ | ધોળકા | ૧.૪૩ | ૦.૯૧ | ૨.૩૪ |
| ૪ | બાવળા | ૧.૦૧ | ૦.૫૦ | ૧.૫૧ |
| ૫ | ધંધુકા | ૯.૮૫ | ૧૧.૫૯ | ૨૧.૪૪ |
| ૬ | દેત્રોજ | ૧.૨૮ | ૦.૯૭ | ૨.૨૫ |
| ૭ | માંડલ | ૦.૭૮ | ૧.૧૨ | ૧.૯ |
| ૮ | વિરમગામ | ૦.૬૪ | ૦.૭૧ | ૧.૩૫ |
| | **કુલ** | **૧૮.૨૯** | **૧૮.૧૮** | **૩૬.૪૭** |

| અ.નં. | તાલુકાનું નામ | વાવેતર કરેલ વિસ્તાર (હેકટરમાં) | | |
|---|---|---|---|---|
| | | **૨૦૧૩–૧૪** | **૨૦૧૪–૧૫ (તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ)** | **કુલ** |
| ૧ | દસ્ક્રોઈ | ૧૫૨.૯૦ | ૧૦૯.૦૦ | ૨૬૧.૯૦ |
| ૨ | સાણંદ | ૯૦.૩૦ | ૩૫.૦૦ | ૧૨૫.૩૦ |
| ૩ | ધોળકા | ૧૦૩.૦૦ | ૫૫.૦૦ | ૧૫૮.૦૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૪ | બાવળા | ૭૫.૭૫ | ૩૧.૦૦ | ૧૦૬.૭૫ |
| ૫ | ધંધુકા | ૫૮૦.૦૦ | ૭૦૮.૦૦ | ૧૨૮૮.૦૦ |
| ૬ | દેત્રોજ | ૯૩.૦૦ | ૬૬.૦૦ | ૧૫૯.૦૦ |
| ૭ | માંડલ | ૫૬.૦૦ | ૮૦.૦૦ | ૧૩૬.૦૦ |
| ૮ | વિરમગામ | ૪૭.૦૦ | ૫૧.૦૦ | ૯૮.૦૦ |
| **કુલ** | **૧૮.૨૯** | **૧૧૯૭.૯૫** | **૧૧૩૫.૦૦** | **૨૩૩૨.૯૫** |

(૨) તેમાં કયા પ્રકારના રોપાઓ ઉછેરવામાં આવ્યા,

(૨) તેમાં લીમડા, કણજી, ગુલમહોર, કાસીદ, પેલ્ટો, સીરસ, ઉમરા તથા ગરમાળો વગેરે પ્રકારના રોપાઓ ઉછેરવામાં આવ્યા.

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા રોપા જીવંત છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ નીચેની વિગતે કૂલ ૨૪.૯૧ લાખ રોપા જીવંત છે.

(૪) તેમાં હેક્ટર દીઠ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

(૪) નીચેની વિગતે તાલુકાવાર હેક્ટર દીઠ કરેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | ૨૦૧૩-૧૪ રૂ. લાખમાં | ૨૦૧૪-૧૫ (તા. ૩૧-૧૨-૧૪ની સ્થિતિએ) રૂ. લાખમાં |
|---|---|---|---|
| ૧ | દસ્ક્રોઈ | ૦.૩૯ | ૦.૩૦ |
| ૨ | સાણંદ | ૦.૩૭ | ૦.૪૧ |
| ૩ | ધોળકા | ૦.૩૯ | ૦.૪૬ |
| ૪ | બાવળા | ૦.૩૯ | ૦.૩૩ |
| ૫ | ધંધુકા | ૦.૪૬ | ૦.૩૬ |
| ૬ | દેત્રોજ | ૦.૪૦ | ૦.૪૧ |
| ૭ | માંડલ | ૦.૪૪ | ૦.૩૦ |
| ૮ | વિરમગામ | ૦.૪૦ | ૦.૪૨ |

શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત : આપની મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે સામાજીક વનીકરણ અંતર્ગત કયા કયા કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે, મોડલવાર કઇ રીતે કામગીરી કરવામાં આવે છે તેમજ હેકટર દીઠ કેટલા રોપાનું વાવેતર કરવામાં આવે છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય સભ્યશ્રીના પ્રશ્નના પેટા પ્રશ્નમાં સામાજીક વનીકરણ વિશે જાણવાની ઇચ્છા વ્યકત કરી છે એમાં લગભગ સામાજીક વનીકરણ યોજના હેઠળ ૧૨ જેટલા કાર્યક્રમો કાર્યરત છે એમાં એમણે હેકટર દીઠ રોપાની માગણી કરી છે એટલે પટી વાવેતર નહેર કાંઠે કરીએ છીએ એમાં હેકટર દીઠ ૧૬૦૦ રોપનું વાવેતર કરવામાં આવે છે. ગ્રામ વન પિયતમાં લગભગ ૧૬૬૬ રોપાનું વાવેતર કરીએ છીએ. ગ્રામ વન બિન પિયતમાં ૧૬૦૦ જેટલા હેકટરે વાવેતર કરીએ છીએ. પર્યાવરણ વાવેતર શાળા અને કોલેજ વિસ્તારમાં ૧૧૧૧ જેટલા હેકટરે રોપાનું વાવેતર કરીએ છીએ. ડ્રીપ ઇરિગેશનમાં ૧૩૫૦ જેટલા રોપાનું વાવેતર કરીએ છીએ. રીવરબેન્ડ વાવેતર યોજના હેઠળ હેકટર દીઠ ૨૫૦૦ રોપાનું વાવેતર કરવામાં આવે છે. આર.ડી.એફ.એલ. હેઠળ વાવેતર હેકટરે એક હજાર રોપાનું વાવેતર કરવામાં આવે છે. ડાંગ જિલ્લામાં આદિવાસી વૃક્ષ ખેતી છે એ એક હેકટરે બે હજાર રોપાનું વાવેતર કરવામાં આવે છે. અન્ય યોજનાઓ એવરેજ ૧૬૦૦ રોપાથી કરવામાં આવે છે.

શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા : માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રાજયમાં વન વિસ્તાર બહાર વૃક્ષ ગણતરીનો કાર્યક્રમ રાજય સરકાર દ્વારા કયારથી કરવામાં આવેલ છે. અને વૃક્ષ વાવેતરને કારણે રાજયમાં એની સંખ્યામાં કોઇ ફેર પડેલ છે કે કેમ?

શ્રી બચુભાઇ મ. ખાબડ : વન વિભાગ સિવાય પણ વન વિસ્તારમાં જે વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ છે એની ગણતરી સન ૨૦૦૩થી શરૂ કરી હતી.

ઉપાધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો

**પાટણ જિલ્લામાં સ્વસહાય જૂથની રચના**

* ૧૩૪૯૬ **શ્રી નાગરજી હ. ઠાકોર(રાધનપુર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ પાટણ જિલ્લામાં

**જવાબ**

(૧) ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ પાટણ જિલ્લામાં

વર્ષ ૨૦૧૪–૧૫માં કેટલા સ્વસહાય જૂથની રચના કરવાનું નક્કી કરવામાં આવ્યુ હતું,

(૨) તે પૈકી તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કેટલા સ્વસહાય જૂથોની રચના કરવામાં આવી, અને

(૩) તે પૈકી કેટલા સ્વસહાય જૂથોને રિવોલ્વીંગ ફંડની રકમ આપવામાં આવી?

વર્ષ ૨૦૧૪–૧૫માં ૭૦૦ સ્વસહાય જુથની રચના કરવાનું નક્કી કરવામાં આવ્યુ હતુ.

(૨) તે પૈકી તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ૪૮૪ સ્વસહાય જુથોની રચના કરવામાં આવી.

(૩) તે પૈકી ૧૫૬ સ્વસહાય જુથોને રીવોલ્વીંગ ફંડની રકમ આપવામાં આવી.

**અમરેલી જિલ્લામાં વ્યકિતગત શૌચાલય બનાવવા પાછળ ખર્ચ**

* ૧૩૫૩૫ **શ્રી વલ્લભભાઇ વ. વઘાસીયા(સાવરકુંડલા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા વ્યકિતગત શૌચાલયો બનાવવામાં આવ્યા, અને

(૨) ઉક્ત સ્થિતિેએ તેની પાછળ કઈ યોજના હેઠળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) અમરેલી જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ–૧૭૨૨૯ વ્યકિતગત શૌચાલયો બનાવવામાં આવ્યા.

(૨) ઉક્ત સ્થિતિએ નિર્મળ ભારત અભિયાન યોજના હેઠળ રૂપિયા ૭૨૬.૨૮ લાખ અને નિર્મળ ગુજરાત યોજના હેઠળ રૂપિયા ૧૧.૪૬ લાખ મળી કુલ રૂપિયા ૭૩૭.૭૪ લાખનો ખર્ચ કરવામાં આવ્યો.

**પંચમહાલ જિલ્લામાં સ્વસહાય જૂથની રચના**

* ૧૩૪૯૭ **શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ(કાલોલ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ પંચમહાલ જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫માં કેટલા સ્વસહાય જૂથની રચના કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું,

(૨) તે પૈકી તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કેટલા સ્વસહાય જૂથોની રચના કરવામાં આવી, અને

(૩) તે પૈકી કેટલા સ્વસહાય જૂથોને રિવોલ્વીંગ ફંડની રકમ આપવામાં આવી?

**જવાબ**

(૧) ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ પંચમહાલ જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫માં ૬૬૦ સ્વસહાય જૂથની રચના કરવાનું નક્કી કરવામાં આવ્યુ હતું.

(૨) તે પૈકી તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ૬૦૩ સ્વસહાય જૂથોની રચના કરવામાં આવી.

(૩) તે પૈકી ૫૦૬ સ્વસહાય જૂથોને રિવોલ્વીંગ ફંડની રકમ આપવામાં આવી.

**દેવગઢ બારીયા તાલુકામાં સ્વસહાય જૂથની રચના**

* ૧૩૪૮૯ **શ્રી વીછીયાભાઇ જો. ભુરીયા (લીમખેડા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા તાલુકામાં વર્ષ ૨૦૧૪–૧૫માં કેટલા સ્વસહાય જૂથની રચના કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું,

(૨) તે પૈકી તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કેટલા સ્વસહાય જૂથોની રચના કરવામાં આવી, અને

(૩) તે પૈકી કેટલા સ્વસહાય જૂથોને રિવોલ્વીંગ ફંડની રકમ આપવામાં આવી?

**જવાબ**

(૧) ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ દાહોદ જિલ્લાના દેવગઢબારીયા તાલુકામાં વર્ષ ૨૦૧૪–૧૫માં ૪૫ સ્વસહાય જૂથની રચના કરવાનું નક્કી કરવામાં આવ્યુ હતું.

(૨) તે પૈકી તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ૯૭ સ્વસહાય જૂથોની રચના કરવામાં આવી.

(૩) તે પૈકી ૩૭ સ્વસહાય જુથોને રીવોલ્વીંગ ફંડની રકમ આપવામાં આવી.

**અમદાવાદ શહેરમાં વ્યાજબી ભાવની દુકાનોમાં ગેરરીતિઓ**

* ૧૩૫૬૨ **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં વ્યાજબી ભાવની દુકાનો યોગ્ય રીતે કામ કરે, તે માટે જિલ્લા પુરવઠા અને અન્ન અધિકારીઓએ દર છ મહિને એકવાર દુકાનોના નિરીક્ષણ કરવાનું હોય છે. તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો અમદાવાદ શહેરમાં ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી વખત નિરીક્ષણ કરવામાં આવ્યું અને નિરીક્ષણ ન કરવામાં આવ્યું હોય તો તેના કારણો શાં છે, અને

**જવાબ**

(૧) હા, જી. પરંતુ તાજેતરમાં સરકારશ્રીએ વાજબી ભાવની દુકાનના નિરીક્ષણ/તપાસણી સમયે ૧૦૦% રેશનકાર્ડનું ક્રોસચેકીંગ એટલે કે ગુણવત્તાસભર તપાસ કરવાનું નક્કી કરેલ છે.

(૨) તા.૧–૧–૨૦૧૪ થી તા. ૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં અમદાવાદ શહેરમાં આવેલ દુકાનો પૈકી ૯૬ દુકાનોની એક વખત અને ૧૦ દુકાનોની બે વખત તપાસ કરવામાં આવી.

બાકી રહેલ દુકાનોની હયાત જુના બારકોડેડ રેશનકાર્ડ સામે નવા બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ,

બાયોમેટ્રીક મેળવવા અને ચકાસણીની અગત્યની કામગીરીમાં વ્યસ્તતાને કારણે નિયમોનુસારનું નિરીક્ષણ થઈ શકેલ નથી.

(૩) નિરીક્ષણ કરવામાં આવેલ દુકાનોમાં ગેરરીતિ કે ખામીઓ જણાઈ હોય તો તેની વિગતો શી છે?

(૩) ગેરરીતિઓ /ખામીઓની વિગત નીચે મુજબ છે.

૧. રેશનકાર્ડધારકોને અનાજ, ખાંડ તથા કેરોસીનનો જથ્થો નિયત પ્રમાણ કરતાં ઓછો વિતરણ કરવામાં આવે છે.
૨. રેશનકાર્ડમાં નોંધ કર્યા સિવાય આવશ્યક ચીજ–વસ્તુઓનો જથ્થો વગે કરવામાં આવેલ હોય.
૩. હાજર જથ્થામાં વધ–ઘટ.
૪. પરમીટ મેળવ્યા બાદ સમયસર જથ્થો ઊપાડવામાં આવેલ નથી.
૫. ધંધાના સ્થળે ભાવ–જથ્થાનું બોર્ડ અદ્યતન નિભાવેલ નથી.
૬. દુકાનમાં આવશ્યક ચીજવસ્તુઓના નમુના પ્રદર્શિત કરેલ નથી તથા ફરિયાદ પેટી રાખેલ નથી.
૭. વેચાણ બીલોમાં કાર્ડધારકોના નામ–સરનામાં, જથ્થો, ભાવ, કિંમતની વિગતો સ્પષ્ટ અને સુવાચ્ય અક્ષરે લખવામાં આવેલ નથી.
૮. હિસાબી રજીસ્ટરો અદ્યતન રાખવામાં આવેલ નથી.
૯. અંત્યોદય તેમજ બી.પી.એલ રેશનકાર્ડ ધારકોના નામની યાદી દુકાનમાં પ્રસિધ્ધ કરેલ નથી.

## ગાંધીનગર તાલુકામાં સ્વસહાય જૂથની રચના

* ૧૩૪૮૭ **શ્રી શંભુજી ચે. ઠાકોર(ગાંધીનગર–દક્ષિણ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ ગાંધીનગર જિલ્લાના ગાંધીનગર તાલુકામાં વર્ષ ૨૦૧૪–૧૫માં કેટલા સ્વસહાય જૂથની રચના કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું,

(૨) તે પૈકીના તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કેટલા સ્વસહાય જૂથોની રચના કરવામાં આવી, અને

(૩) તે પૈકી કેટલા સ્વસહાય જૂથોને રિવોલ્વીંગ ફંડની રકમ આપવામાં આવી?

**જવાબ**

(૧) ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ ગાંધીનગર જિલ્લાના ગાંધીનગર તાલુકામાં વર્ષ ૨૦૧૪–૧૫માં ૧૬૫ સ્વસહાય જૂથની રચના કરવાનું નક્કી કરવામાં આવ્યુ હતું.

(૨) તે પૈકીના તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ૧૦૦ સ્વસહાય જૂથોની રચના કરવામાં આવી, અને

(૩) તે પૈકી ૩૬ સ્વસહાય જૂથોને રિવોલ્વીંગ ફંડની રકમ આપવામાં આવી.

## નવસારી જિલ્લામાં કોમ્પ્યુટર શિક્ષણ તાલીમ માટે કામગીરી સોંપવા બાબત

* ૧૪૦૪૦ **શ્રી રણજીતભાઈ મં. ગીલીટવાલા(સુરત–પૂર્વ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં વનબંધુ કલ્યાણ યોજના હેઠળ નવસારી જિલ્લામાં કોમ્પ્યુટર શિક્ષણ તાલીમ માટે કેટલી સંસ્થાઓને કામગીરી સોંપવામાં આવી, અને

(૨) તે પાછળ કેટલો ખર્ચ થયેલ છે?

**જવાબ**

(૧) ૫ (પાંચ)

(૨) રૂ. ૫૮.૭૫ લાખ

## રાજકોટ જિલ્લામાં ઘરથાળના પ્લોટ મેળવવા મળેલ અરજીઓ

* ૧૩૪૭૩ **શ્રી જયરાજસિંહ ટે. જાડેજા(ગોંડલ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર ઘરથાળના પ્લોટ મેળવવા કેટલી અરજીઓ મળી,

**જવાબ**

(૧) ઘરથાળના પ્લોટની છેલ્લા બે વર્ષમાં

| ક્રમ | તાલુકો | મળેલ અરજીઓ (તા. ૩૧–૧૨–૧૪ અંતિત) |
|---|---|---|
| ૧ | રાજકોટ | ૧૩૮૭ |

| | | |
|---|---|---|
| ૨ | જસદણ | ૧૭ |
| ૩ | ધોરાજી | ૫૦ |
| ૪ | ગોંડલ | ૧૧૧૯ |
| ૫ | જામકંડોરણા | ૧૩૮ |
| ૬ | જેતપુર | ૧૪૦ |
| ૭ | કોટડા (સા) | ૮૭ |
| ૮ | લોધીકા | ૧૩૩ |
| ૯ | પડધરી | ૪૨ |
| ૧૦ | ઉપલેટા | ૧૭૨ |
| | **કુલ :-** | **૩૨૮૫** |

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે તાલુકાવાર લેન્ડ કમીટીની બેઠકો કેટલી વખત મળી, અને

(૨)

| **ક્રમ** | **તાલુકો** | **લેન્ડ કમીટીની મળેલ બેઠકો** |
|---|---|---|
| ૧ | રાજકોટ | ૨ |
| ૨ | જસદણ | ૧ |
| ૩ | ધોરાજી | ૨ |
| ૪ | ગોંડલ | ૧ |
| ૫ | જામકંડોરણા | ૧ |
| ૬ | જેતપુર | ૧ |
| ૭ | કોટડા (સા) | ૦ |
| ૮ | લોધીકા | ૦ |
| ૯ | પડધરી | ૨ |
| ૧૦ | ઉપલેટા | ૧ |
| | **કુલ :-** | **૧૧** |

(૩) મળેલ બેઠકોમાં તાલુકાવાર કેટલી અરજીઓ મંજૂર કરી કેટલા ઇસમોને ઘરથાળના પ્લોટ આપવામાં આવ્યા?

(૩) ઘરથાળના ફાળવેલ પ્લોટ

| **ક્રમ** | **તાલુકો** | **૧૦૦ ચો.વા.** |
|---|---|---|
| ૧ | રાજકોટ | ૭૫ |
| ૨ | જસદણ | ૦ |
| ૩ | ધોરાજી | ૧૯ |
| ૪ | ગોંડલ | ૩૮૪ |
| ૫ | જામકંડોરણા | ૫ |
| ૬ | જેતપુર | ૫૩ |
| ૭ | કોટડા (સા) | ૦ |
| ૮ | લોધીકા | ૦ |
| ૯ | પડધરી | ૨૧ |
| ૧૦ | ઉપલેટા | ૧૨ |
| | **કુલ :-** | **૫૬૯** |

**ભાવનગર જિલ્લામાં વ્યક્તિગત શૌચાલય બનાવવા પાછળ ખર્ચ**

* ૧૩૫૩૪ **શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા(મહુવા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવ્યા, અને

(૨) ઉક્ત સ્થિતિએ તેની પાછળ કઈ યોજના હેઠળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) ભાવનગર જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ ૧૦૨૦૩ વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ નિર્મળ ભારત અભિયાન યોજના હેઠળ રૂ. ૨૫૪.૫૨ લાખ અને નિર્મળ ગુજરાત યોજના હેઠળ રૂ. ૯૨.૧૨ લાખ મળી કુલ રૂ. ૩૪૬.૬૪ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

**વલસાડ જિલ્લામાં સ્વસહાય જૂથની રચના**

* ૧૩૪૯૨ **શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ વલસાડ જિલ્લામાં

**જવાબ**

(૧) ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ વલસાડ જિલ્લામાં

વર્ષ ૨૦૧૪–૧૫માં કેટલા સ્વસહાય જૂથની રચના કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું,

(૨) તે પૈકી તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કેટલા સ્વસહાય જૂથોની રચના કરવામાં આવી, અને

(૩) તે પૈકી કેટલા સ્વસહાય જૂથોને રિવોલ્વીંગ ફંડની રકમ આપવામાં આવી?

વર્ષ ૨૦૧૪–૧૫માં ૧૮૫૦ સ્વસહાય જૂથની રચના કરવાનું નક્કી કરવામાં આવેલ છે.

(૨) તે પૈકીના તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ૮૬૭ સ્વસહાય જૂથોની રચના કરવામાં આવેલ છે.

(૩) તે પૈકી ૩૫૧ સ્વસહાય જૂથોને રિવોલ્વીંગ ફંડની રકમ આપવામાં આવેલ છે.

**સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ ખાનગી સંસ્થા કે ટ્રસ્ટોને સોંપવા અંગે**

* ૧૪૨૧૩ **શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૨૦–૧–૨૦૧૫ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા કુલ કેટલી સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ ખાનગી સંસ્થા કે ટ્રસ્ટોને છેલ્લા એક વર્ષમાં સોંપવા/ફાળવવાના હુકમો કર્યા છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો અમદાવાદ અને ગાંધીનગર શહેર જિલ્લાની કેટલી સરકારી શાળાઓ કોને સોંપવા/ફાળવવામાં આવી, અને | (૨) ગાંધીનગર શહેર જિલ્લામાં કુલ–૦૬ સરકારી શાળાઓ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીને સોંપવામાં આવેલ છે. |
| (૩) ખાનગી સંસ્થા કે ટ્રસ્ટોને સોંપવા/ફાળવવાના કારણો શાં છે? | (૩) ધોરણ–૧૦ના પરિણામો છેલ્લા ત્રણ વર્ષથી ખૂબ ઓછા આવવાથી. |

**સાબરકાંઠા જિલ્લામાં સ્વસહાય જૂથની રચના**

* ૧૩૪૯૫ **શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા(હિંમતનગર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ સાબરકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫માં કેટલા સ્વસહાય જૂથની રચના કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું, | (૧) ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ સાબરકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫ માં ૨૦૫૦ સ્વસહાય જૂથની રચના કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. |
| (૨) તે પૈકીના તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કેટલા સ્વસહાય જૂથોની રચના કરવામાં આવી, અને | (૨) તે પૈકીના તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ૫૫૩ સ્વસહાય જૂથોની રચના કરવામાં આવી. |
| (૩) તે પૈકી કેટલા સ્વસહાય જૂથોને રિવોલ્વીંગ ફંડની રકમ આપવામાં આવી ? | (૩) તે પૈકી ૨૩૨ સ્વસહાય જૂથોને રિવોલ્વીંગ ફંડની રકમ આપવામાં આવી. |

**વિસાવદર, ભેંસાણ અને જૂનાગઢ તાલુકા ગીર અને ગીરનારની સરહદ પર જંગલી પ્રાણીઓ દ્વારા પાકને નુકશાન**

* ૧૪૮૭૧ **શ્રી હર્ષદભાઈ રીબડીયા (વિસાવદર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ વિસાવદર, ભેંસાણ અને જૂનાગઢ તાલુકામાં જંગલી પ્રાણીઓ તેમજ રોઝ ભૂંડ દ્વારા ખેડૂતોના પાકને વારંવાર પારાવાર નુકશાન થઈ રહયું છે તે સરકારના ધ્યાનમાં છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે ખેડૂતોને થયેલી ખેતી પાકના નુકસાનનું વળતર સરકાર આપવા માંગે છે કે કેમ, અને | (૨) પ્રસ્તુત બાબતે હાલ સરકારશ્રીની કોઈ યોજના નથી. |
| (૩) જો હા, તો તે કેટલા સમયમાં આપવા માંગે છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**અમરેલી જિલ્લામાં સ્વસહાય જૂથની રચના**

* ૧૩૫૦૩ **શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ(લાઠી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| | |
|---|---|
| (૧) ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ અમરેલી જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫માં કેટલા સ્વસહાય જૂથની રચના કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું, | (૧) ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ અમરેલી જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫ માં ૩૫૦ સ્વસહાય જૂથની રચના કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. |
| (૨) તે પૈકી તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કેટલા | (૨) તે પૈકી તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ૪૭૯ |

સ્વસહાય જૂથોની રચના કરવામાં આવી, અને

(૩) તે પૈકી કેટલા સ્વસહાય જૂથોને રિવોલ્વીંગ ફંડની રકમ આપવામાં આવી ?

સ્વસહાય જૂથોની રચના કરવામાં આવી.

(૩) તે પૈકી ૧૪૩ સ્વસહાય જૂથોને રિવોલ્વીંગ ફંડની રકમ આપવામાં આવી.

**ભરૂચ જિલ્લામાં સ્વસહાય જૂથની રચના**

* ૧૩૫૦૫ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ ભરૂચ જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫માં કેટલા સ્વસહાય જૂથની રચના કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું,

(૨) તે પૈકીના તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કેટલા સ્વસહાય જૂથોની રચના કરવામાં આવી, અને

(૩) તે પૈકી કેટલા સ્વસહાય જૂથોને રિવોલ્વીંગ ફંડની રકમ આપવામાં આવી ?

**જવાબ**

(૧) ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ ભરૂચ જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫ માં ૧૭૫૦ સ્વસહાય જૂથની રચના કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

(૨) તે પૈકીના તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ૭૭૩ સ્વસહાય જૂથોની રચના કરવામાં આવી.

(૩) તે પૈકી ૬૩૨ સ્વસહાય જૂથોને રિવોલ્વીંગ ફંડની રકમ આપવામાં આવી.

**સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં મનરેગા યોજના હેઠળ રાજીવગાંધી ભવન મંજૂર કરવા બાબત**

* ૧૪૬૪૨ **શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં મનરેગા યોજના હેઠળ તાલુકાવાર કેટલા રાજીવ ગાંધી ભવન મંજૂર કરવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં મનરેગા યોજના હેઠળ તાલુકાવાર મંજૂર કરવામાં આવેલ રાજીવ ગાંધી ભવનની વિગત નીચે મુજબ છે.

**સાબરકાંઠા જિલ્લો**

| ક્રમ | તાલુકાનું નામ | તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મનરેગા યોજના હેઠળ મંજૂર કરવામાં આવેલ રાજીવ ગાંધી ભવન |
|---|---|---|
| ૧ | હિંમતનગર | ૨ |
| ૨ | ઈડર | ૭ |
| ૩ | ખેડબ્રહ્મા | ૩ |
| ૪ | પ્રાંતિજ | ૮ |
| ૫ | તલોદ | ૭ |
| ૬ | વડાલી | ૩ |
| ૭ | વિજયનગર | ૧ |
| | **કુલ** | **૩૧** |

**અરવલ્લી જિલ્લો**

| ક્રમ | તાલુકાનું નામ | તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મનરેગા યોજના હેઠળ મંજૂર કરવામાં આવેલ રાજીવ ગાંધી ભવન |
|---|---|---|
| ૧ | બાયડ | ૮ |
| ૨ | ભિલોડા | ૫ |
| ૩ | ધનસુરા | ૩ |
| ૪ | માલપુર | ૬ |
| ૫ | મેઘરજ | ૬ |
| ૬ | મોડાસા | ૪ |

| કુલ | ૩૨ |
|---|---|

(૨) આ મંજૂર થયેલ ભવનો પાછળ તાલુકાવાર કેટલો ખર્ચ થયેલ છે અને કેટલા ભવનોનું કામ પૂર્ણ થયેલ છે અને કેટલા બાકી છે ?

(૨) આ મંજૂર થયેલ ભવનો પાછળ તાલુકાવાર થયેલ ખર્ચ અને પૂર્ણ થયેલ ભવનો તથા બાકી ભવનોની વિગત નીચે મુજબ છે.

**સાબરકાંઠા જિલ્લો**

(વર્ષ ૧-૧-૨૦૧૩ થી તા.૩૧-૧૨-૨૦૧૪)

| ક્રમ | તાલુકાનું નામ | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) | પૂર્ણ થયેલ રાજીવ ગાંધી ભવન | બાકી રાજીવ ગાંધી ભવન |
|---|---|---|---|---|
| ૧ | હિંમતનગર | ૦૭.૪૭ | ૦ | ૨ |
| ૨ | ઈડર | ૦૭.૯૭ | ૦ | ૭ |
| ૩ | ખેડબ્રહ્મા | ૦૦.૦૦ | ૦ | ૩ |
| ૪ | પ્રાંતિજ | ૪૩.૩૧ | ૦ | ૮ |
| ૫ | તલોદ | ૦૦.૦૦ | ૦ | ૭ |
| ૬ | વડાલી | ૨૪.૦૧ | ૦ | ૩ |
| ૭ | વિજયનગર | ૦૩.૯૪ | ૦ | ૧ |
| | **કુલ** | **૮૬.૭૦** | **૦** | **૩૧** |

**અરવલ્લી જિલ્લો**

(વર્ષ ૧-૧-૨૦૧૩ થી તા.૩૧-૧૨-૨૦૧૪)

| ક્રમ | તાલુકાનું નામ | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) | પૂર્ણ થયેલ રાજીવ ગાંધી ભવન | બાકી રાજીવ ગાંધી ભવન |
|---|---|---|---|---|
| ૧ | બાયડ | ૧૨.૯૭ | ૦ | ૮ |
| ૨ | ભિલોડા | ૪૦.૬૪ | ૦ | ૫ |
| ૩ | ધનસુરા | ૧૪.૮૫ | ૦ | ૩ |
| ૪ | માલપુર | ૧૨.૭૪ | ૦ | ૬ |
| ૫ | મેઘરજ | ૪૭.૬૮ | ૦ | ૬ |
| ૬ | મોડાસા | ૪૨.૩૧ | ૦ | ૪ |
| | **કુલ** | **૧૭૧.૧૯** | **૦** | **૩૨** |

---------

## પાટણ જિલ્લાના ખેડૂતોના ખેતરની આજુબાજુ વાયર ફેન્સીંગ કરવા મળેલ અરજીઓ

* ૧૩૯૭૪ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લાના ખેડૂતોના ખેતરની આજુબાજુ વાયર ફેન્સીંગ કરવા માટે કુલ કેટલી અરજીઓ મળી, અને

(૨) ઉક્ત સ્થિતિએ કુલ કેટલી અરજીઓ ક્યા કારણોસર પડતર રહી ?

**જવાબ**

(૧) નીચે મુજબ અરજીઓ મળેલ છે.

| અ. નં. | વર્ષ (સમયગાળો) | અરજીની સંખ્યા |
|---|---|---|
| ૧ | તા.૧-૧-૨૦૧૩ થી તા.૩૧-૧૨-૨૦૧૩ | ૯૩ |
| ૨ | તા.૧-૧-૨૦૧૪ થી તા.૩૧-૧૨-૨૦૧૪ | ૧૮૭ |
| | **કુલ** | **૨૮૦** |

(૨) અગાઉની ૨૨૪ અને છેલ્લા બે વર્ષની ૨૮૦ અરજીઓ મળી કુલ ૫૦૪ અરજીઓ ગ્રાંટ મર્યાદાના કારણસર પડતર રહેલ છે.

---------

**દહેગામ તાલુકામાં પ્રાથમિક શાળાના જર્જરીત વર્ગખંડો**

* ૧૪૦૬૧ **શ્રીમતી કામીનીબા ભુ. રાઠોડ (દહેગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ દહેગામ તાલુકાના હરખજીના મુવાડા ગામે પ્રાથમિક શાળાના જર્જરીત વર્ગખંડો કેટલા સમયમાં નવા કે ઉપયોગલાયક બનાવવામાં આવશે, અને | (૧) જેમ બને તેમ જલ્દી. |
| (૨) ઉકત સ્થિતિએ દહેગામ તાલુકાની કેટલી પ્રાથમિક શાળાઓના કેટલા વર્ગખંડો જર્જરીત હાલતમાં છે ? | (૨) ૧૯ શાળાના ૪૨ વર્ગખંડો. |

---------

**સુરત જિલ્લામાં ફિમેલ હેલ્થ વર્કરનું મંજૂર મહેકમ**

* ૧૩૪૭૭ **શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ સુરત જિલ્લામાં ફિમેલ હેલ્થ વર્કરનું મંજૂર મહેકમ કેટલું છે, | (૧) ૩૩૭ |
| (૨) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી હતી, | (૨) ૮૨ |
| (૩) તે પૈકી વર્ષ ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરવામાં આવી, અને કેટલી ખાલી રહી, અને | (૩) ૫૧ જગ્યાઓ ભરવામાં આવી અને ૩૧ જગ્યાઓ ખાલી રહેલ છે. |
| (૪) આ ખાલી જગ્યાઓ ક્યારે ભરવાનું આયોજન છે ? | (૪) બનતી ત્વરાએ. |

---------

**ડેડીયાપાડા તાલુકામાં સ્વસહાય જૂથની રચના**

* ૧૩૪૮૮ **શ્રી મોતીલાલ પુ. વસાવા(ડેડીયાપાડા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ નર્મદા જિલ્લાના ડેડીયાપાડા તાલુકામાં વર્ષ ૨૦૧૪–૧૫માં કેટલા સ્વસહાય જૂથની રચના કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું, | (૧) ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ નર્મદા જિલ્લાના ડેડીયાપાડા તાલુકામાં વર્ષ ૨૦૧૪–૧૫ માં ૪૭૫ સ્વસહાય જૂથની રચના કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. |
| (૨) તે પૈકીના તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કેટલા સ્વસહાય જૂથોની રચના કરવામાં આવી, અને | (૨) તે પૈકી તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ૧૭૫ સ્વસહાય જૂથોની રચના કરવામાં આવી. |
| (૩) તે પૈકી કેટલા સ્વસહાય જૂથોને રિવોલ્વીંગ ફંડની રકમ આપવામાં આવી ? | (૩) તે પૈકી ૩૪ સ્વસહાય જૂથોને રિવોલ્વીંગ ફંડની રકમ આપવામાં આવી. |

---------

**મહેસાણા જિલ્લામાં સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં મંજૂર થયેલ સંવર્ગવાર મહેકમ**

* ૧૪૭૫૨ **શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં મંજૂર થયેલ સંવર્ગવાર મહેકમ કેટલું છે,

**જવાબ**

(૧) મંજૂર સંવર્ગવાર મહેકમ.

| તાલુકો | માધ્યમિક શાળાઓ | | ઉચ્ચતર માધ્યમિક શાળાઓ |
|---|---|---|---|
| | આચાર્ય | મદદનીશ શિક્ષક | મદદનીશ શિક્ષક |
| કડી | ૦૩ | ૦૯ | ૦૦ |
| સતલાસણા | ૦૧ | ૦૩ | ૦૦ |
| મહેસાણા | ૦૧ | ૦૩ | ૦૦ |
| બેચરાજી | ૦૧ | ૦૩ | ૦૦ |
| વિસનગર | ૦૧ | ૦૩ | ૦૦ |

(૨) તે પૈકી તાલુકાવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ

(૨) મંજૂર સંવર્ગવાર મહેકમ પૈકી ખાલી જગ્યા અને

ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ, કેટલા સમયથી ખાલી છે, અને

ભરાયેલ જગ્યા.

| તાલુકો | માધ્યમિક શાળાઓ | | | | ઉચ્ચતર માધ્યમિક શાળાઓ | |
|---|---|---|---|---|---|---|
| | આચાર્ય | | મદદનીશ શિક્ષક | | મદદનીશ શિક્ષક | |
| | ભરાયેલ | ખાલી | ભરાયેલ | ખાલી | ભરાયેલ | ખાલી |
| કડી | ૦૦ | ૦૩ | ૦૦ | ૦૯ | ૦૦ | ૦૦ |
| સતલાસણા | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૩ | ૦૦ | ૦૦ |
| મહેસાણા | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૩ | ૦૦ | ૦૦ |
| બેચરાજી | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૩ | ૦૦ | ૦૦ |
| વિસનગર | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૩ | ૦૦ | ૦૦ |
| **કુલ** | ૦૦ | ૦૭ | ૦૦ | ૨૧ | ૦૦ | ૦૦ |

(૩) ઉકત સ્થિતિએ જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ ફીકસ પગારથી ભરાયેલ છે અને ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) એકપણ જગ્યા ફીકસ પગારથી ભરાયેલ નથી. મદદનીશ શિક્ષકની ખાલી જગ્યાઓ ભરવા માટે સ્થળ પસંદગીની કાર્યવાહી પૂર્ણ થયેલ છે. આચાર્યની ખાલી જગ્યાઓ ભરવા અંગે ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૨ (વહીવટી શાખા) માં બઢતી આપવા બઢતી સમિતિ દ્વારા પસંદગી યાદી શિક્ષણ વિભાગ તરફથી તૈયાર કરવામાં આવેલ છે. એસ.સી.એ. નંબર ૨૧૭૨/૨૦૧૨ માં નામદાર ગુજરાત હાઈકોર્ટના તા.૪-૧૦-૨૦૧૨ના હુકમથી નામદાર કોર્ટની પરમીશન વિના બઢતીના હુકમો કરવા નહીં તેવો આદેશ થયેલ છે. તા.૧૭-૧૦-૨૦૧૩ ના રોજ ઓરલ ઓર્ડરથી બઢતી માટેનું લીસ્ટ સૌપ્રથમ નામદાર હાઈકોર્ટમાં રજૂ કરવા અને કોર્ટની પરવાનગી વિના બઢતી નહીં આપવા હુકમ કરવામાં આવેલ છે. જે બાબત નામદાર ગુજરાત હાઈકોર્ટમાં પડતર છે. જેમાં નામદાર કોર્ટની પરવાનગી મળ્યેથી અને સીધી ભરતીથી ભરવાની થતી ૨૮૫ જગ્યાઓ માટેનું માગણી પત્રક ગુજરાત જાહેર સેવા આયોગને મોકલી આપવામાં આવેલ છે. તદ્અન્વયે ગુજરાત જાહેર સેવા આયોગ તરફથી આખરી પસંદગી માટેની કાર્યવાહી પૂર્ણ થયેથી આયોગ તરફથી ઉમેદવારોના નામોની ભલામણ મળ્યેથી જગ્યાઓ ભરી શકાશે.

---------

**જૂનાગઢ જિલ્લામાં સ્વસહાય જૂથને કેશક્રેડીટ**

* ૧૩૫૧૯ **શ્રી અરવિંદભાઇ કે. લાડાણી(કેશોદ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ સ્વસહાય જૂથોને બેંક દ્વારા કેશક્રેડીટ આપવામાં આવે છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો વર્ષ ૨૦૧૪-૧૫ માં જૂનાગઢ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ કેટલા સ્વસહાય જૂથોને કેશક્રેડીટ આપવામાં આવી,

(૩) કેશક્રેડીટ પેટે કુલ કેટલી રકમ મંજૂર કરવામાં આવી, અને

(૪) ઉકત સ્થિતિએ તે પૈકી કેટલી રકમનું ડીસબર્સમેન્ટ કરવામાં આવ્યું ?

**જવાબ**

(૧) હા.

(૨) ૮૮૪ સ્વસહાય જૂથોને કેશ ક્રેડીટ આપવામાં આવી છે.

(૩) કુલ રૂ.૭૧૧ લાખ (અંકે રૂ.સાત કરોડ અગિયાર લાખ પુરા).

(૪) રૂ.૫૩૦ લાખ.

---------

**બનાસકાંઠા જિલ્લામાં ગ્રામ સંગઠનોને કોમ્યુનીટી ઈન્વેસ્ટમેન્ટની ફાળવેલ રકમ**

* ૧૩૫૧૪ **શ્રી કેશાજી શિ. ચૌહાણ(દિઓદર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૪-૧૫ માં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ કેટલા સંગઠનોને કોમ્યુનીટી ઈન્વેસ્ટમેન્ટ ફંડની રકમ આપવામાં આવી,

(૨) તે ફંડ પેટે કુલ કેટલી રકમ આપવામાં આવી, અને

(૩) આ ફંડનો ઉપયોગ ક્યા હેતુ માટે કરવામાં આવે છે?

(૧) બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૪-૧૫ માં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ કોઈ ગ્રામ સંગઠનોને કોમ્યુનિટી ઈન્વેસ્ટમેન્ટ ફંડની રકમ આપવામાં આવી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ગ્રામ સંગઠનો, સ્વસહાય જૂથના મારફતે સ્વસહાય જૂથના સભ્યોને સામાન્ય વપરાશ, શૈક્ષણિક, આરોગ્ય, ઉંચા વ્યાજની લોન પરત કરવા તથા ઉત્પાદકિય પ્રવૃત્તિ માટે લોન તરીકે આપવા માટે કોમ્યુનિટી ઈન્વેસ્ટમેન્ટ ફંડનો ઉપયોગ કરે છે.

---------

**ભાવનગર જિલ્લામાં સંકલિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમ અંતર્ગત આવરી લેવામાં આવેલ ગામો**

* ૧૩૪૭૮ **ડૉ. ટી. ડી. માણીયા(બોટાદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં સંકલિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમ અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ગામોને આવરી લેવામાં આવેલ છે,

(૨) તે પૈકી ક્યા તાલુકામાં ક્યા ગામોને આવરી લેવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) ભાવનગર જિલ્લામાં સંકલિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમ અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ-૩૬ ગામોને આવરી લેવામાં આવેલ છે.

(૨) તે પૈકી તાલુકાવાર આવરી લેવામાં આવેલ ગામોની વિગત પરિશિષ્ટ-૧ મુજબ સામેલ છે.

**પરિશિષ્ટ-૧**

તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર આવરી લીધેલા ગામોની વિગત

| ક્રમ | તાલુકો | ગામ |
|---|---|---|
| ૧ | મહુવા | મોટા જાદરા |
| ૨ | | વાંગર |
| ૩ | | ભાણવડ |
| ૪ | | અમૃતવેલ |
| ૫ | | માઢિયા |
| ૬ | | પઢિયારકા |
| ૭ | | ડોળિયા |
| ૮ | | દુધાળા-૧ |
| ૯ | | દુધેરી |
| | | કુલ-૯ ગામ |
| ૧ | પાલીતાણા | નોંઘણવદર |
| ૨ | | આંકોલાળી |
| ૩ | | ચોંડા |
| ૪ | | સમઢિયાળા |
| ૫ | | નવાગામ |
| ૬ | | હણોલ |
| ૭ | | જાળીયા (આંકો) |
| ૮ | | પાંચ પીપળા |
| ૯ | | માળીયા |
| | | કુલ-૯ ગામ |
| ૧ | બોટાદ | તુરખા |
| ૨ | | ખોખાઈ |
| ૩ | | નાની વિરવા |
| ૪ | | ગઢડિયા |
| ૫ | | મોટા છૈડા |

| | | |
|---|---|---|
| ૬ | | નાના છેડા |
| ૭ | | પાળીયાદ |
| ૮ | | સાંકરડી |
| | | કુલ–૮ ગામ |
| ૧ | ગારિયાધાર | ભંડારિયા |
| ૨ | | ડમરાળા |
| ૩ | | ગણેશગઢ |
| ૪ | | મેસણકા |
| ૫ | | પચ્છેગામ |
| ૬ | | પાલડી |
| ૭ | | રૂપાવટી |
| ૮ | | સમઢીયાળા |
| ૯ | | સારિંગપુર |
| ૧૦ | | સાતપડા |
| | | **કુલ–૧૦ ગામ** |
| | | **કુલ એકંદરે – ૩૬ ગામ** |

---------

**ખેડા અને મહીસાગર જિલ્લામાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે કાર્યરત છાત્રાલયો**

* ૧૪૩૧૬ **શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા અને મહીસાગર જિલ્લામાં તાલુકાવાર અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે કેટલી કન્યા/કુમાર છાત્રાલયો કાર્યરત છે,

(૧)

| ક્રમ | તાલુકો | જિલ્લો | સરકારી છાત્રાલયો | | ગ્રા.ઈ.એ. છાત્રાલયો | | કુલ ખર્ચ | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | કુમાર | કન્યા | કુમાર | કન્યા | કુમાર | કન્યા |
| ૧ | સંતરામપુર | મહીસાગર | ૧ | ૧ | ૧૧ | ૬ | ૧૨ | ૭ |
| ૨ | કડાણા | ,, | – | – | ૮ | ૨ | ૮ | ૨ |
| ૩ | લુણાવાડા | ,, | – | – | ૧ | ૦ | ૧ | ૦ |
| ૪ | ખાનપુર | ,, | – | – | ૪ | ૧ | ૪ | ૧ |
| ૫ | બાલાસિનોર | ખેડા | – | – | ૧ | ૧ | ૧ | ૧ |
| ૬ | વિરપુર | ખેડા | – | – | ૨ | ૦ | ૨ | ૦ |
| ૭ | મહેમદાવાદ | ખેડા | – | – | ૧ | ૧ | ૧ | ૧ |

(૨) એક છાત્રાલયમાં કેટલા વિદ્યાર્થીઓની રહેવા માટેની ક્ષમતા છે, અને

(૨) ૨૦ વિદ્યાર્થીઓથી શરૂ કરી ૧૦૫

(૩) આ છાત્રાલયો પાછળ વાર્ષિક ખર્ચ કેટલો થાય છે ?

(૩)

| જિલ્લો | વર્ષ | કુલ ખર્ચ |
|---|---|---|
| ખેડા | ૨૦૧૩ | રૂ.૩૧.૪૦ લાખ |
| | ૨૦૧૪ | રૂ.૧૮.૩૦ લાખ |
| મહીસાગર | ૨૦૧૩ | રૂ.૧૫૫.૪૦ લાખ |

---------

**વડોદરા જિલ્લામાં સંકલિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમ અંતર્ગત જળ સંગ્રહની કામગીરી**

* ૧૩૪૮૦ **શ્રી કેતનભાઇ મ. ઇનામદાર(સાવલી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં સંકલિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમ અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જળ સંગ્રહની કોઈ કામગીરી કરવામાં આવી છે કે કેમ,

(૧) ના, જી.

અને

(૨) જો હા, તો તાલુકાવાર કઈ કામગીરી કરવામાં આવેલ છે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**જામનગર જિલ્લામાં નોન-ગ્રાન્ટેડ ખાનગી પ્રાથમિક શાળાઓમાં લઘુત્તમ લાયકાત વિનાના પ્રાથમિક શિક્ષકો**

* ૧૩૭૮૯ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** તા.૧૨-૩-૧૩ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૩૩૪૨ (અગ્રતા-૮૯) **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં નોન ગ્રાન્ટેડ ખાનગી પ્રાથમિક શાળાઓમાં ઠરાવેલી લઘુત્તમ લાયકાત ધરાવતા ન હોય તેવા કુલ ૬૦૮ પ્રાથમિક શિક્ષકો તા.૩૧ ડિસેમ્બર-૨૦૧૨ ની સ્થિતિએ ફરજ બજાવતા હતા તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ-૨૦૦૯ ની જોગવાઈ મુજબની સમય મર્યાદામાં જે શિક્ષકોએ લઘુત્તમ લાયકાત પૂર્ણ ન કરી હોય તેમને દૂર કરવાના થતા હતા તે જોગવાઈ અનુસાર ઉપરોકત ૬૦૮ પૈકી કેટલા પ્રાથમિક શિક્ષકોએ લઘુત્તમ લાયકાત પ્રાપ્ત કરી નથી અને તે પૈકી કેટલાને દૂર કરવામાં આવ્યા છે, | (૨) ૫૧૮ શિક્ષકોએ લઘુત્તમ લાયકાત પ્રાપ્ત કરી નથી તે પૈકી ૩૦૧ શિક્ષકોને દૂર કરેલ છે. |
| (૩) જો દૂર કરવામાં આવ્યા ન હોય તો તેના શા કારણો છે, | (૩) શાળા મંડળો દ્વારા ફરજ પર ચાલુ રાખેલ છે. |
| (૪) આ કાનૂની જોગવાઈનું પાલન કરવામાં નિષ્ફળ રહેલા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સહિત ક્યા જવાબદાર અધિકારીઓ સામે શાં ગંભીર પગલાં લેવામાં આવ્યા છે, અને | (૪) રાજ્યમાં આર.ટી.ઈ. એક્ટ-૨૦૦૯નો અમલ તા.૧-૪-૨૦૧૦ થી કરવામાં આવેલ છે. આ અધિનિયમની કલમ ૨૩ (૨) તથા આરટીઈ રૂલ્સ-૨૦૧૨ ના નિયમ ૧૮(૨) મુજબ જે શિક્ષક નિયત કરેલી લઘુત્તમ લાયકાત ન ધરાવતા હોય તેને પાંચ વર્ષની અંદર લઘુત્તમ લાયકાત પ્રાપ્ત કરવાની જોગવાઈ હોઈ તા.૩૧-૩-૨૦૧૫ સુધી જવાબદાર અધિકારીઓ સામે પગલાં લેવાનો પ્રશ્ન રહેતો નથી. |
| (૫) તમામ લઘુત્તમ લાયકાત ન ધરાવતા શિક્ષકોને ક્યાં સુધીમાં દૂર કરવામાં આવનાર છે ? | (૫) જુન-૨૦૧૫ સુધીમાં. |

---------

**કચ્છ જિલ્લામાં સતત ત્રીજીવાર સમરસ થયેલ ગ્રામ પંચાયતો**

* ૧૩૪૮૨ **શ્રી પંકજ અ. મહેતા (રાપર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર સતત ત્રીજીવાર કેટલી ગ્રામ પંચાયતો સમરસ થઈ, અને | (૧) કુલ-૭ (સાત)<br>તાલુકાવાર નીચે મુજબ ગ્રામ પંચાયતો સમરસ થઈ. |

| ક્રમ | તાલુકાનું નામ | સમરસ ગ્રામ પંચાયતની સંખ્યા |
|---|---|---|
| ૧ | ભૂજ | ૨ |
| ૨ | માંડવી | ૧ |
| ૩ | મુંદરા | ૧ |
| ૪ | રાપર | ૧ |
| ૫ | નખત્રાણા | ૨ |
| | **કુલ** | **૭** |

| | |
|---|---|
| (૨) તેમાં કુલ કેટલી નાણાકીય સહાય ચૂકવવામાં આવી? | (૨) રૂ.૨૧,૮૭,૫૦૦/- ચૂકવવામાં આવશે. |

---------

**રાજકોટ જિલ્લામાં ઈન્દિરા આવાસ અને સરદાર આવાસ યોજના અંતર્ગત લાભાર્થીઓ**

* ૧૪૨૨૮ **શ્રી ઈન્દ્રનિલભાઈ સં. રાજ્યગુરૂ(રાજકોટ પૂર્વ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે | (૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં |

વર્ષમાં રાજકોટ જિલ્લામાં તાલુકાવાર કેટલા લાભાર્થીઓને ઈન્દિરા આવાસ અને સરદાર આવાસ યોજના અંતર્ગત લાભો આપવામાં આવ્યા, અને

રાજકોટ જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના અને સરદાર આવાસ યોજના અંતર્ગતના લાભાર્થીઓની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| **ક્રમ** | **તાલુકો** | **ઈન્દિરા આવાસ યોજના** | **સરદાર આવાસ યોજના** |
|---|---|---|---|
| ૧ | રાજકોટ | ૬૮૫ | ૩૩ |
| ૨ | જસદણ | ૨૯૭ | ૯૬ |
| ૩ | ધોરાજી | ૧૦૬ | ૦ |
| ૪ | ગોંડલ | ૩૫૬ | ૦ |
| ૫ | જામકંડોરણા | ૫૧ | ૧૦૪ |
| ૬ | જેતપુર | ૧૭૯ | ૦ |
| ૭ | કોટડાસાંગાણી | ૧૩૩ | ૦ |
| ૮ | લોધીકા | ૮૪ | ૨૭ |
| ૯ | પડધરી | ૫૬ | ૩૨ |
| ૧૦ | ઉપલેટા | ૧૮૧ | ૮ |
| | **કુલ** | **૨૧૨૮** | **૩૦૦** |

(૨) ઉકત સ્થિતિએ કેટલા લાભાર્થીઓને આવાસના લાભો આપવાના બાકી છે, તેમને કેટલા સમયમાં આ લાભો આપવામાં આવશે ?

(૨) ઉકત સ્થિતિએ ઈન્દિરા આવાસ યોજનાના કુલ ૯૪૪ લાભાર્થીઓને લાભો આપવાના બાકી છે. સરદાર આવાસ યોજનાના લાભાર્થી બાકી નથી. બાકી રહેલા લાભાર્થીઓને લક્ષ્યાંકો મુજબ લાભો આપવામાં આવશે.

---------

## દાહોદ જિલ્લામાં ટ્રાયબલ સબ પ્લાન હેઠળ ફાળવેલ રકમ

* ૧૪૧૮૬ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં ટ્રાયબલ સબ પ્લાન હેઠળ વર્ષવાર કેટલી રકમ ફાળવી, અને

(૨) તે અન્વયે વર્ષવાર કેટલો ખર્ચ થયો, અને કેટલી રકમ વણવપરાયેલ રહી છે ?

**જવાબ**

(૧)

**(રૂ.લાખમાં)**

| **વર્ષ ૨૦૧૩–૧૪** | **વર્ષ ૨૦૧૪–૧૫ (તા.૩૧–૧૨–૧૪ ની સ્થિતિએ)** |
|---|---|
| ૬૪૮૩૦.૪૦ | ૪૨૧૪૨.૦૭ |

(૨)

(રૂ.લાખમાં)

| **વિગત** | **વર્ષ ૨૦૧૩–૧૪** | **વર્ષ ૨૦૧૪–૧૫ (તા.૩૧–૧૨–૧૪ ની સ્થિતિએ)** |
|---|---|---|
| ખર્ચ | ૩૯૯૨૨.૦૩ | ૩૨૨૮૬.૨૫ |
| વણવપરાયેલ રકમ | ૨૪૯૦૮.૩૭ | ૯૮૫૫.૮૨ |

---------

## અમદાવાદ જિલ્લામાં સ્વસહાય જૂથની રચના

* ૧૩૫૦૨ **શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ અમદાવાદ જિલ્લામાં ૨૦૧૪–૧૫માં કેટલા સ્વસહાય જૂથની રચના કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું,

(૨) તે પૈકીના તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કેટલા સ્વસહાય જૂથોની રચના કરવામાં આવી, અને

(૩) તે પૈકી કેટલા સ્વસહાય જૂથોને રિવોલ્વીંગ ફંડની

**જવાબ**

(૧) ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫ માં ૭૫૦ સ્વસહાય જૂથની રચના કરવાનું નક્કી કરવામાં આવેલ છે.

(૨) તે પૈકીના તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ૪૩૪ સ્વસહાય જૂથોને રચના કરવામાં આવેલ છે.

(૩) તે પૈકી ૧૪૫ સ્વસહાય જૂથોને રિવોલ્વીંગ ફંડની

રકમ આપવામાં આવી ? | રકમ આપવામાં આવેલ છે.

---------

**વલસાડ જિલ્લામાં નિર્મળ ભારત યોજના હેઠળ વ્યક્તિગત શૌચાલય**

* ૧૩૫૨૬ **શ્રી ભરતભાઇ કી. પટેલ(વલસાડ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં નિર્મળ ભારત યોજના હેઠળ કેટલા વ્યક્તિગત શૌચાલય બાંધવામાં આવ્યા, અને | (૧) વલસાડ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નિર્મળ ભારત યોજના હેઠળ કુલ ૬૩૬૩ વ્યક્તિગત શૌચાલય બાંધવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | (૨) ઉક્ત સ્થિતિએ તેની પાછળ રૂ઼ા. ૨૯૨.૭૦ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |

---------

**સુરત જિલ્લામાં નિર્મળ ભારત યોજના હેઠળ વ્યક્તિગત શૌચાલય**

* ૧૩૫૨૮ **શ્રી પ્રફુલભાઇ છ. પાનશેરીયા (કામરેજ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| સુરત જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નિર્મળ ભારત યોજના હેઠળ વ્યક્તિગત શૌચાલય બી.પી.એલ. અને એ.પી.એલ. લાભાર્થીઓ માટે પ્રોત્સાહક સહાય કેટલી ચુકવાય છે ? | સુરત જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નિર્મળ ભારત યોજના હેઠળ બી.પી.એલ. લાભાર્થીઓને રૂ઼ા.૧૪૨.૧૩ લાખ તથા એ.પી.એલ. લાભાર્થીઓને રૂ઼ા.૫૦૬.૬૦ લાખ પ્રોત્સાહક સહાય ચુકવવામાં આવેલ છે. |

---------

**સુરત જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે કાર્યરત સરકારી છાત્રાલયો**

* ૧૪૦૪૨ **શ્રી પૂર્ણેશકુમાર ઇ. મોદી (સુરત પશ્ચિમ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ સુરત જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે કેટલા સરકારી છાત્રાલયો કાર્યરત છે, અને | (૧) ૫ (પાંચ) |
| (૨) ઉક્ત સ્થિતિએ તેમાં કેટલી વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે ? | (૨) ૫૬૧ |

---------

**અમરેલી જિલ્લામાં સ્વસહાય જૂથને કેશ ક્રેડિટ**

* ૧૩૫૨૩ **શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ સ્વસહાય જુથો બેન્ક દ્વારા કેશ ક્રેડીટ આપવામાં આવે છે તે હકીકત સાચી છે, | (૧) હા. |
| (૨) જો હા, તો વર્ષ ૨૦૧૪–૧૫ માં અમરેલી જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ કેટલા સ્વસહાય જુથોને કેશ ક્રેડિટ આપવામાં આવી, | (૨) ૪૦૭ સ્વસહાય જુથોને કેશ ક્રેડિટ આપવામાં આવી છે. |
| (૩) કેશ ક્રેડિટ પેટે કુલ કેટલી રકમ મંજુર કરવામાં આવી, અને | (૩) કુલ રૂ઼ા. ૩૨૩.૭૯ લાખ (અંકે રૂ઼ા. ત્રણ કરોડ ત્રેવીસ લાખ ઓગણાએંસી હજાર પુરા) |
| (૪) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી રકમનું ડીસબર્સમેન્ટ કરવામાં આવ્યું ? | (૪) રૂ઼ા. ૩૧૩.૧૯ લાખ. |

---------

**અમદાવાદ જિલ્લામાં નિર્મળ ભારત યોજના અંતર્ગત શૌચાલય**

* ૧૩૪૯૪ **શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમ્યાન નિર્મળ ભારત યોજના અંતર્ગત કેટલા વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવ્યા, અને | (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમ્યાન નિર્મળ ભારત યોજના અંતર્ગત નીચે મુજબ વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવેલ છે. |

| ક્રમ | જિલ્લો | વર્ષ ૨૦૧૩માં | વર્ષ ૨૦૧૪માં |
|---|---|---|---|

| | | બનાવેલ વ્યકિતગત શૌચાલયની સંખ્યા | બનાવેલ વ્યકિતગત શૌચાલયની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧૩૮૯૯ | ૯૦૬૯ |

(૨) ઉક્ત સ્થિતિએ તેની પાછળ કઈ યોજનામાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

(૨) ઉક્ત સ્થિતિએ તેની પાછળ નિર્મળ ભારત યોજના અભિયાન યોજનામાં નીચે મુજબ ખર્ચ કરવામાં આવ્યો.

| ક્રમ | જિલ્લો | વર્ષ ૨૦૧૩માં થયેલ ખર્ચ રકમ રૂ઼ા. લાખમાં | વર્ષ ૨૦૧૪માં થયેલ ખર્ચ રકમ રૂ઼ા. લાખમાં |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૩૧૦.૪૬ | ૪૮૮.૬૦ |

---------

## કચ્છ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ રોપાનું વાવેતર

* ૧૪૦૯૨ **શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી(ગાંધીધામ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫માં તા.૩૧–૧૨–૨૦૧૪ અંતિત કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે,

(૨) તે પૈકી ગાંધીધામ તાલુકામાં કેટલા વિસ્તારોમાં વાવેતર કરવામાં આવેલ છે, અને

(૩) તે પાછળ તા.૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫માં અનુક્રમે ૨૯૯ અને ૫૬૧ હેકટર મળી કુલ ૮૬૦ હેકટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે.

(૨) તે પૈકી કુલ ૨ હેકટર વિસ્તારમાં.

(૩) કુલ ૫.૬૨ લાખ.

---------

## વલસાડ જિલ્લામાં સ્વસહાય જૂથોને કેશક્રેડિટ

* ૧૩૫૧૭ **શ્રી કનુભાઇ મો. દેસાઇ(પારડી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ સ્વસહાય જુથોને બેન્ક દ્વારા કેશ ક્રેડીટ આપવામાં આવે છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો વર્ષ ૨૦૧૪–૧૫ વલસાડ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ કેટલા સ્વસહાય જુથને કેશ ક્રેડિટ આપવામાં આવી,

(૩) કેશ ક્રેડિટ પેટે કુલ કેટલી રકમ મંજુર કરવામાં આવી, અને

(૪) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી રકમનું ડીસબર્સમેન્ટ કરવામાં આવ્યું ?

**જવાબ**

(૧) હા.

(૨) ૭૧૮ સ્વસહાય જુથોને કેશ ક્રેડિટ આપવામાં આવી છે.

(૩) કુલ રૂ઼ા. ૭૧૦ લાખ.

(૪) રૂ઼ા. ૭૧૦ લાખ.

---------

## સુરેન્દ્રનગર જિલ્લામાં ગ્રામ સંગઠનોને કોમ્યુનીટી ઈન્વેસ્ટમેન્ટની ફાળવેલ રકમ

* ૧૩૫૧૫ **શ્રી પુનમભાઇ કા. મકવાણા(દસાડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કેટલા સંગઠનોને કોમ્યુનીટી ઈન્વેસ્ટમેન્ટ ફંડની રકમ આપવામાં આવી,

(૨) તે ફંડ પેટે કુલ કેટલી રકમ આપવામાં આવી, અને

(૩) આ ફંડનો ઉપયોગ કયા હેતુ માટે કરવામાં આવે છે ?

**જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫માં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કોઈ ગ્રામ સંગઠન ને કોમ્યુનીટી ઈન્વેસ્ટમેન્ટ ફંડની રકમ આપવામાં આવી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ગ્રામ સંગઠનો, સ્વસહાય જુથના મારફતે સ્વસહાય જુથના સભ્યોને સામાન્ય વપરાશ, શૈક્ષણિક, આરોગ્ય, ઉંચા

વ્યાજની લોન પરત કરવા તથા ઉત્પાદકિય પ્રવૃત્તિ માટે લોન તરીકે આપવા કોમ્યુનીટી ઈન્વેસ્ટમેન્ટ ફંડનો ઉપયોગ કરે છે.

---------

**વિજાપુર તાલુકામાં પ્રાથમિક શાળાઓમાં શૌચાલયની સુવિધા**

* ૧૪૯૧૩ **શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ વિજાપુર તાલુકામાં કેટલી પ્રાથમિક શાળાઓમાં કન્યાઓ અને કુમારો માટે શૌચાલયની સુવિધા નથી, અને

(૨) આ સુવિધાઓ સત્વરે આપવા સરકારે શી કાર્યવાહી કરી અને કેટલા સમયમાં તે પૂર્ણ થશે?

**જવાબ**

(૧) એક પણ નહિ.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**અમદાવાદ જિલ્લામાં વૃક્ષો ઉપાડીને બીજે રોપવા બાબત**

* ૧૪૦૪૯ **શ્રી વલ્લભભાઈ ગો. કાકડીયા(ઠકકરબાપાનગર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વૃક્ષો કાપવાના બદલે અદ્યતન ટેકનોલોજીથી આખે આખુ ઉપાડીને બીજે રોપી વૃક્ષો બચાવવા અંગેના કોઈ કાર્યક્રમ સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં કેટલા વૃક્ષો ઉપાડી બીજે રોપી બચાવવામાં આવેલ છે, અને

(૩) તે પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ ૮૬ વૃક્ષો બચાવવામાં આવેલ છે.

(૩) કુલ રૂ. ૫૬,૦૦૦નો ખર્ચ કરવામાં આવેલ છે.

---------

**ગોધરા તાલુકામાં સ્વસહાય જૂથની રચના**

* ૧૩૪૮૬ **શ્રીમતી નિમીષાબેન મ. સુથાર (મોરવા હડફ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકામાં વર્ષ ૨૦૧૪–૧૫માં કેટલા સ્વસહાય જૂથની રચના કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું,

(૨) તે પૈકીના તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કેટલા સ્વસહાય જૂથોની રચના કરવામાં આવી, અને

(૩) તે પૈકી કેટલા સ્વસહાય જૂથોને રિવોલ્વીંગ ફંડની રકમ આપવામાં આવી ?

**જવાબ**

(૧) ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકામાં વર્ષ ૨૦૧૪–૧૫માં સ્વસહાય જૂથની રચના કરવાનો લક્ષ્યાંક ફાળવેલ નથી.

(૨) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ૧ સ્વસહાય જૂથની રચના કરવામાં આવી.

(૩) સ્વસહાય જૂથોને રિવોલ્વીંગ ફંડની રકમ આપવામાં આવી નથી.

---------

**વડોદરા જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો**

* ૧૩૪૮૧ **શ્રી બાલકૃષ્ણ ના. પટેલ(ડભોઇ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સમરસ યોજના હેઠળ તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતો સમરસ થઈ, અને

**જવાબ**

(૧) કુલ–૩૧ (એકત્રીસ)

તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ ગ્રામ પંચાયતો સમરસ થઈ.

| ક્રમ | તાલુકાનું નામ | સમરસ ગ્રામ પંચાયતની સંખ્યા |
|---|---|---|
| ૧ | વડોદરા | ૮ |
| ૨ | સાવલી | ૩ |

| | | |
|---|---|---|
| ૩ | પાદરા | ૩ |
| ૪ | કરજણ | ૧૪ |
| ૫ | સંખેડા | ૨ |
| ૬ | જેતપુર-પાવી | ૧ |
| | **કુલ** | **૩૧** |

(૨) તે અંતર્ગત કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ?

(૨) રૂ.૭૪,૦૦,૦૦૦/- (રૂપિયા ચુમ્મોતેર લાખ પુરા.)

---------

**જેતપુરપાવી તાલુકામાં સ્વસહાય જૂથોને કેશ ક્રેડીટ**

* ૧૩૫૧૦ **શ્રી જયંતિભાઇ સ. રાઠવા(જેતપુર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ સ્વસહાય જૂથોને બેંક દ્વારા કેશ ક્રેડીટ આપવામાં આવે છે તે હકીકત સાચી છે, | (૧) હા. |
| (૨) જો હા, તો વર્ષ ૨૦૧૪-૧૫ માં વડોદરા જલ્લિાના જેતપુરપાવી તાલુકામાં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ કેટલા સ્વસહાય જૂથોને કેશ ક્રેડીટ આપવામાં આવી, | (૨) ૧૪૨ સ્વસહાય જૂથોને કેશ ક્રેડીટ આપવામાં આવી છે. |
| (૩) કેશ ક્રેડીટ પેટે કુલ કેટલી રકમ મંજૂર કરવામાં આવી, અને | (૩) કુલ રૂ.૬૨૬ લાખ (અંકે રૂ.છ કરોડ છવ્વીસ લાખ પુરા). |
| (૪) ઉકત સ્થિતિએ તે પૈકી કેટલી રકમનું ડીસબર્સમેન્ટ કરવામાં આવ્યું ? | (૪) રૂ.૧૦૬.૫૦ લાખ. |

---------

**બનાસકાંઠા જિલ્લામાં જંગલની જમીન કાયદા અન્વયે ફાળવેલ જમીન**

* ૧૪૭૭૦ **શ્રી જોઇતાભાઇ ક. પટેલ(ધાનેરા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જંગલ-જમીન કાયદા ૨૦૦૬ અન્વયે બનાસકાંઠા જિલ્લામાં તાલુકાદીઠ કેટલા લાભાર્થીઓને જંગલની જમીન ફાળવવામાં આવી, | (૧) દાંતા ૨૪૩.<br>અમીરગઢ ૧૭૦૮. |
| (૨) કેટલા લાભાર્થીઓને જંગલની જમીન ફાળવવાની બાકી છે, અને | (૨) બાકીના દાવાઓ પુનઃ સમીક્ષા હેઠળ છે. |
| (૩) બાકી લાભાર્થીઓને કેટલા સમયમાં લાભ આપવાનું આયોજન છે ? | (૩) નિયમ મુજબ બને તેમ જલદી. |

---------

**ડાંગ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ આદિજાતિ કન્યાઓને લાભ**

* ૧૪૦૩૮ **શ્રી કિશોરભાઇ શિ. કાનાણી(વરાછા રોડ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫ માં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં કેટલી આદિજાતિ કન્યાઓને લાભ આપવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧)

| **વર્ષ** | **લાભાર્થીની સંખ્યા** |
|---|---|
| ૨૦૧૩-૧૪ | ૫૨ |
| ૨૦૧૪-૧૫ (તા.૩૧-૧૨-૨૦૧૪ સુધી) | ૧૫ |
| **કુલ** | **૬૭** |

(૨) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? (૨) રૂ.૬.૭૦ લાખ.

---------

**મહેસાણા જિલ્લામાં એ.પી.એલ. કુટુંબોના વ્યકિતગત શૌચાલય**

* ૧૩૫૨૯ **શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન કેટલા એ.પી.એલ. કુટુંબોના વ્યકિતગત શૌચાલય બનાવવામાં આવ્યા, | (૧) મહેસાણા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન એ.પી.એલ. કુટુંબોના કુલ ૧૮૧૭૦ વ્યકિતગત શૌચાલય બનાવવામાં આવ્યા. |
| (૨) તે કઈ યોજના હેઠળ કેટલા બનાવવામાં આવ્યા, અને | (૨) નિર્મળ ભારત અભિયાન (એન.બી.એ.)/ એસ.બી.એમ) અંતર્ગત ૧૫૮૦૭ તથા નિર્મળ ગુજરાત અંતર્ગત ૨૩૬૩ શૌચાલય બનાવેલ છે. |
| (૩) ઉકત સ્થિતિએ તેની પાછળ કઈ યોજનામાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૩) નિર્મળ ભારત અભિયાન (એન.બી.એ.)/ (એસ.બી.એમ.) અંતર્ગત રૂપિયા ૭૪૨.૨૯ લાખ તથા નિર્મળ ગુજરાત અંતર્ગત રૂપિયા ૪૪.૯૨ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. |

---------

**સુરત જિલ્લામાં જિલ્લા પંચાયત હસ્તકની સ્ટાફ નર્સનું મંજૂર મહેકમ**

* ૧૪૦૩૭ **શ્રી નરોત્તમભાઇ પટેલ(ઉધના) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ સુરત જિલ્લામાં જિલ્લા પંચાયત હસ્તકની સ્ટાફ નર્સનું મંજૂર મહેકમ કેટલું છે, | (૧) ૭૨. |
| (૨) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી હતી, | (૨) ૭૨. |
| (૩) તે પૈકી વર્ષ ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરવામાં આવી અને કેટલી ખાલી રહી, અને | (૩) ૩૫ જગ્યાઓ ભરવામાં આવી અને ૩૭ જગ્યાઓ ખાલી રહેલ છે. |
| (૪) આ ખાલી જગ્યાઓ ક્યારે ભરવાનું આયોજન છે ? | (૪) બનતી ત્વરાએ. |

---------

**ખેડા જિલ્લામાં સ્વસહાય જૂથની રચના**

* ૧૩૫૦૦ **શ્રી કેસરસિંહ જે. સોલંકી (માતર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ ખેડા જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫માં કેટલા સ્વસહાય જૂથની રચના કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું, | (૧) ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ ખેડા જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫ માં ૮૫૦ સ્વસહાય જૂથની રચના કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. |
| (૨) તે પૈકીના તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કેટલા સ્વસહાય જૂથોની રચના કરવામાં આવી, અને | (૨) તે પૈકીના તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ૫૨૭ સ્વસહાય જૂથોની રચના કરવામાં આવી, અને |
| (૩) તે પૈકી કેટલા સ્વસહાય જૂથોને રિવોલ્વીંગ ફંડની રકમ આપવામાં આવી ? | (૩) તે પૈકી ૩૦૨ સ્વસહાય જૂથોને રિવોલ્વીંગ ફંડની રકમ આપવામાં આવી. |

---------

**મહેમદાવાદ અને ખેડા તાલુકાઓમાં પંચાયતોને સુધારેલ સ્મશાન સગડી**

* ૧૪૨૪૦ **શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ મહેમદાવાદ અને ખેડા તાલુકાઓમાં બળતણના બચાવ સારૂં પંચાયતોને સુધારેલ સ્મશાન સગડી વિના મૂલ્યે પૂરી પાડવાની યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રામ પંચાયતોની અરજીઓ મંજૂર કરેલ છે, અને | (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેમદાવાદ અને ખેડા તાલુકાઓમાં અનુક્રમે ૨ અને ૩ અરજીઓ મળી કુલ–૦૫ અરજીઓ મંજૂર કરેલ છે. |
| (૨) તે પાછળ તાલુકાવાર ઉકત સ્થિતિએ બે વર્ષમાં | (૨) તે પાછળ ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં |

કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? — મહેમદાવાદ અને ખેડા તાલુકામાં અનુક્રમે રૂ.૦.૬૩ લાખ અને રૂ.૦.૯૧ લાખ મળી કુલ રૂ.૧.૫૪ લાખનો ખર્ચ કરવામાં આવ્યો.

---------

**વડોદરા જિલ્લામાં સ્વસહાય જૂથોને કેશક્રેડીટ**

* ૧૩૫૧૮ **શ્રી સતીષભાઇ મો. પટેલ(કરજણ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ સ્વસહાય જૂથોને બેંક દ્વારા કેશક્રેડીટ આપવામાં આવે છે તે હકીકત સાચી છે, | (૧) હા. |
| (૨) જો હા, તો વર્ષ ૨૦૧૪–૧૫ માં વડોદરા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કેટલા સ્વસહાય જૂથોને કેશક્રેડીટ આપવામાં આવી, | (૨) ૧૦૦૬ સ્વસહાય જૂથોને કેશ ક્રેડીટ આપવામાં આવી છે. |
| (૩) કેશક્રેડીટ પેટે કુલ કેટલી રકમ મંજૂર કરવામાં આવી, અને | (૩) કુલ રૂ.૩૩.૭૩ લાખ (અંકે રૂ. તેત્રીસ કરોડ તોતેર લાખ પુરા). |
| (૪) ઉકત સ્થિતિએ તે પૈકી કેટલી રકમનું ડીસબર્સમેન્ટ કરવામાં આવ્યું ? | (૪) રૂ.૯૦૪ લાખ. |

---------

**પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં પ્રાથમિક શાળાઓમા શૌચાલયની વ્યવસ્થા**

* ૧૪૨૬૯ **શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં કેટલી પ્રાથમિક શાળાઓમાં શૌચાલયની વ્યવસ્થા નથી, | (૧) પંચમહાલ – એક પણ નહીં.<br>મહીસાગર –૧ (એક) |
| (૨) ઉકત સ્થિતિએ જિલ્લાવાર કેટલી શાળાઓમાં વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓ માટે અલગ અલગ શૌચાલયની વ્યવસ્થા નથી, અને | (૨) પંચમહાલ–૨ (બંને વિદ્યાર્થીઓ માટે)<br>મહીસાગર–૪ (જિલ્લામાં ૪ શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે શૌચાલયની વ્યવસ્થા નથી તે પૈકી ૧ શાળામાં વિદ્યાર્થીનીઓ માટે શૌચાલયની વ્યવસ્થા નથી.) |
| (૩) આ શાળાઓમાં પુરતા શૌચાલય ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ? | (૩) જેમ બને તેમ જલ્દી. |

---------

**રાજકોટ જિલ્લામાં કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ**

* ૧૪૩૩૭ **શ્રી પ્રવીણભાઇ માંકડીયા(ધોરાજી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૪ માં રાજકોટ જિલ્લામાં તાલુકાવાર કેટલી કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવ્યા છે, અને | (૧) વર્ષ ૨૦૧૪ માં રાજકોટ જિલ્લામાં પ્રાથમિક શિક્ષણમાં ૧૮૭૨ કન્યાઓને તથા માધ્યમિક શિક્ષણમાં એકપણ કન્યાને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવેલ નથી. |

| અ.નં. | તાલુકાનું નામ | બોન્ડની સંખ્યા પ્રાથમિક |
|---|---|---|
| ૧ | કોટડાસાંગાણી | ૦૯ |
| ૨ | ગોંડલ | ૨૪ |
| ૩ | જામકંડોરણા | – |
| ૪ | પડધરી | ૦૩ |
| ૫ | ધોરાજી | ૩૬ |
| ૬ | જેતપુર | – |
| ૭ | ટંકારા | – |
| ૮ | મોરબી | ૫૭ |
| ૯ | જસદણ | ૮૯૨ |
| ૧૦ | વાંકાનેર | ૫૧૯ |
| ૧૧ | લોધીકા | – |

| | | |
|---|---|---|
| ૧૨ | માળીયા | ૧૪૦ |
| ૧૩ | ઉપલેટા | ૧૩ |
| ૧૪ | રાજકોટ | ૧૭૯ |
| | **કુલ** | **૧૮૭૨** |

(૨) આ માટે કુલ કેટલું ખર્ચ કરવામાં આવેલ છે ? (૨) આ માટે રૂ.૩૭,૪૪,૦૦૦ નો ખર્ચ થયેલ છે.

---------

**આણંદ જિલ્લામાં સ્વસહાય જૂથને કેશ ક્રેડીટ**

* ૧૩૫૨૨ **શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ સ્વસહાય જૂથોને બેંક દ્વારા કેશ ક્રેડીટ આપવામાં આવે છે તે હકીકત સાચી છે, | (૧) હા. |
| (૨) જો હા, તો વર્ષ ૨૦૧૪–૧૫ માં આણંદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કેટલા સ્વસહાય જૂથોને કેશ ક્રેડીટ આપવામાં આવી, | (૨) ૬૩૧ સ્વસહાય જૂથોને કેશ ક્રેડીટ આપવામાં આવી છે. |
| (૩) કેશ ક્રેડીટ પેટે કુલ કેટલી રકમ મંજૂર કરવામાં આવી, અને | (૩) કુલ રૂ.૫૦૫.૩૪ લાખ (અંકે રૂ.પાંચ કરોડ પાંચ લાખ ચોત્રીસ હજાર પુરા). |
| (૪) ઉકત સ્થિતિએ તે પૈકી કેટલી રકમનું ડીસબર્સમેન્ટ કરવામાં આવ્યું ? | (૪) રૂ.૪૫૧.૭૮ લાખ. |

---------

**છોટાઉદેપુર–વડોદરા અને નર્મદા જિલ્લામાં પંચાયતના કર્મચારીઓની સેવાપોથીઓ ગુમ થવા બાબત**

* ૧૩૭૨૮ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છોટાઉદેપુર–વડોદરા અને નર્મદા જિલ્લામાં પંચાયતના કેટલા કર્મચારીઓની સેવાપોથીઓ ગુમ થઈ છે, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં ૩, વડોદરા જિલ્લામાં ૨ અને નર્મદા જિલ્લા પંચાયતના ૩ કર્મચારીઓની સેવાપોથીઓ ગુમ થયેલ છે. |
| (૨) ગુમ થયેલ આ સેવાપોથીના સંદર્ભમાં ક્યા ધોરણે પગાર ચૂકવવામાં આવે છે, અને | (૨) છોટાઉદેપુર અને વડોદરા જિલ્લામાં ગુમ થયેલ સેવાપોથીના સંદર્ભમાં ૫ કર્મચારીઓની હાજરી અને ફરજના સંદર્ભમાં પગાર ચૂકવવામાં આવે છે. તેમજ નર્મદા જિલ્લામાં ૩ કર્મચારીઓ નિવૃત્ત થયા બાદ અને પેન્શન મંજૂર થયા બાદ સેવાપોથી ગુમ થયેલ હોઈ પગાર ચૂકવવાનો પ્રશ્ન રહેતો નથી. |
| (૩) આ ગુમ થયેલ સેવાપોથીઓ નવેસરથી તૈયાર કરવા સરકારે શાં પગલાં લીધા ? | (૩) સરકારશ્રીના નાણા વિભાગના તા.૧૭–૧૨–૨૦૦૨ ના પરિપત્ર ક્રમાંકઃ એસડીજે–૧૦૨૦૦૨–૧૯૦૬–ચ ની જોગવાઈ પ્રમાણે સંબંધિત જવાબદારો સામે પગલાં લેવા અંગેની કાર્યવાહી કરી સરકારશ્રીમાં નવેસરથી સેવાપોથીઓ તૈયાર કરવા કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. તેમજ નર્મદા જિલ્લામાં ઉકત નાણાં વિભાગના ઠરાવ મુજબ ડુપ્લીકેટ સેવાપોથી પ્રમાણિત કરી ઉચ્ચતર પગાર ધોરણનો લાભ ચૂકવવા ઠરાવેલ હોઈ ડુપ્લીકેટ સેવાપોથી બનાવવાની કાર્યવાહી ચાલુમાં છે. |

---------

**રાજ્ય સરકાર દ્વારા પ્રાથમિક શાળાઓને સ્વચ્છ રાખવા ફાળવવામાં આવતી રકમમાં વધારો**

* ૧૩૬૦૫ **ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજ્ય સરકાર પ્રાથમિક શાળાઓને સ્વચ્છ રાખવા દર મહિને પ્રતિ શાળાદીઠ કેટલી રકમ ફાળવે છે, | (૧) શાળા દીઠ માસિક રૂ.૪૦૦. |
| (૨) ઉકત સ્થિતિએ રાજ્ય સરકાર આ રકમમાં વધારો કરવા માંગે છે કે કેમ, અને | (૨) અને (૩) : નિતિ વિષયક બાબત છે. |
| (૩) જો હા, તો કેટલો વધારો ક્યારે કરવા માંગે છે ? | |

---------

**બનાસકાંઠા જિલ્લામાં પ્રાથમિક અને અપર પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ**

* ૧૩૭૫૨ **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં પ્રાથમિક અને અપર પ્રાથમિક શાળાઓમાં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ કુલ કેટલા શિક્ષકોની ઘટ છે, અને | (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ પ્રાથમિકમાં ૫૫૦ અને અપર પ્રાથમિકમાં ૧૧૬૭ શિક્ષકોની ઘટ છે. |
| (૨) આ ઘટ ક્યાં સુધીમાં પૂરી કરવામાં આવશે ? | (૨) જેમ બને તેમ જલ્દી. |

---------

**તાપી જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ**

* ૧૪૦૪૩ **શ્રી રાજેન્દ્રભાઇ પટેલ(ચોર્યાસી) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાપી જિલ્લામાં ધોરણ–૧ થી ૮ સુધીમાં અભ્યાસ કરતાં આદિજાતિની વિદ્યાર્થીઓને વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કેટલા વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે, અને | (૧) વર્ષ ૨૦૧૩–૧૪ ૭૮,૪૮૨<br>વર્ષ ૨૦૧૪–૧૫ ૯૫,૮૦૮. |
| (૨) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) વર્ષ ૨૦૧૩–૧૪ ૩.૨૩૧.૫૮ લાખ.<br>વર્ષ ૨૦૧૪–૧૫ ૩.૩૦૮.૬૮ લાખ. |

---------

**રાજ્યમાં બી.પી.એલ યાદીનો સર્વે**

* ૧૩૯૪૧ **શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં બી.પી.એલ યાદી માટેનો સર્વે છેલ્લે ક્યારે કરવામાં આવેલ છે, અને | (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં બી.પી.એલ. યાદી માટેનો સર્વે છેલ્લે વર્ષ ૨૦૦૨ માં કરવામાં આવેલ છે. |
| (૨) જો લાંબા સમયથી સર્વે ના થયો હોય તો તેના કારણો શાં છે ? | (૨) આ યાદી પરિવર્તનશીલ છે અને દરખાસ્તો મુજબ અદ્યતન કરવામાં આવે છે. તેમજ ભારત સરકારશ્રીની માર્ગદર્શિકા પ્રમાણે સર્વેની કામગીરી હાથ ધરવામાં આવે છે. |

---------

**ડાંગ જિલ્લામાં સર્વ શિક્ષા અભિયાન હેઠળ કાર્યરત સીઝનલ હોસ્ટેલ**

* ૧૪૬૬૫ **શ્રી મંગળભાઇ ગં. ગાવિત(ડાંગ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં તાલુકાવાર સર્વ શિક્ષા અભિયાન હેઠળ કેટલી સીઝનલ હોસ્ટેલ કાર્યરત છે, | (૧) **તાલુકા** – **સીઝનલ હોસ્ટેલ**<br>આહવા – ૫૩<br>વઘઈ – ૪૪<br>સુબીર – ૯૧ |
| (૨) ઉકત સ્થિતિએ આ હોસ્ટેલમાં કેટલા બાળકો છે, અને | (૨) ૭૫૦૦. |
| (૩) સ્થાળાંતરિત વાલીઓના બાળકોની સંખ્યા કેટલી છે ? | (૩) ૭૫૦૦. |

---------

**આણંદ તાલુકામાં સ્વસહાય જૂથને કેશ ક્રેડીટ**

* ૧૩૫૦૯ **શ્રી રોહિત પટેલ (આણંદ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ સ્વસહાય જૂથોને બેંક દ્વારા કેશ ક્રેડીટ આપવામાં આવે છે તે હકીકત સાચી છે, | (૧) હા. |
| (૨) જો હા, તો વર્ષ ૨૦૧૪–૧૫ માં આણંદ તાલુકામાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કેટલા સ્વસહાય જૂથોને | (૨) ૯૨ સ્વસહાય જૂથોને કેશ ક્રેડીટ આપવામાં આવી છે. |

કેશ ક્રેડીટ આપવામાં આવી,

(૩) કેશ ક્રેડીટ પેટે કુલ કેટલી રકમ મંજૂર કરવામાં આવી, અને

(૪) ઉકત સ્થિતિએ તે પૈકી કેટલી રકમનું ડીસબર્સમેન્ટ કરવામાં આવ્યું ?

(૩) કુલ રૂ.૬૬.૭૦ લાખ (અંકે રૂ.છાસઠ લાખ સિત્તેર હજાર પુરા).

(૪) રૂ.૬૬.૭૦ લાખ.

---------

**ભરૂચ તાલુકામાં સ્વસહાય જૂથની રચના**

* ૧૩૪૯૦ **શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ ભરૂચ જિલ્લાના ભરૂચ તાલુકામાં વર્ષ ૨૦૧૪-૧૫માં કેટલા સ્વસહાય જૂથની રચના કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું,

(૨) તે પૈકીના તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ કેટલા સ્વસહાય જૂથોની રચના કરવામાં આવી, અને

(૩) તે પૈકી કેટલા સ્વસહાય જૂથોને રિવોલ્વીંગ ફંડની રકમ આપવામાં આવી?

**જવાબ**

(૧) ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ ભરૂચ જિલ્લાના ભરૂચ તાલુકામાં વર્ષ ૨૦૧૪-૧૫માં ૨૯૮ સ્વસહાય જૂથની રચના કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

(૨) તે પૈકી તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ ૧૩૫ સ્વસહાય જૂથોની રચના કરવામાં આવી.

(૩) તે પૈકી ૯૨ સ્વસહાય જૂથોને રિવોલ્વીંગ ફંડની રકમ આપવામાં આવી.

---------

**સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં બી.પી.એલ. લાભાર્થીઓ**

* ૧૪૮૭૭ **શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(બાયડ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર કેટલા બી.પી.એલ. લાભાર્થીઓ છે,

**જવાબ**

(૧) સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના બી.પી.એલ. લાભાર્થીઓની સંખ્યા

**સાબરકાંઠા**

| ક્રમ | તાલુકાનું નામ | ૦ થી ૧૬ બી.પી.એલ.ની સંખ્યા | ૧૭ થી ૨૦ બી.પી.એલ.ની સંખ્યા | કુલ |
|---|---|---|---|---|
| ૧ | હિંમતનગર | ૮૯૯૪ | ૧૦૭૨૦ | ૧૯૭૧૪ |
| ૨ | ઈડર | ૪૧૫૭ | ૮૫૦૮ | ૧૨૬૬૫ |
| ૩ | ખેડબ્રહ્મા | ૧૬૦૨૬ | ૧૫૫૨૨ | ૩૧૫૪૮ |
| ૪ | પ્રાંતિજ | ૨૧૧૩ | ૪૪૦૫ | ૬૫૧૮ |
| ૫ | તલોદ | ૩૯૨૫ | ૫૭૭૯ | ૯૭૦૪ |
| ૬ | વડાલી | ૨૦૮૩ | ૪૫૯૬ | ૬૬૭૯ |
| ૭ | વિજયનગર | ૪૮૨૩ | ૫૦૧૮ | ૯૮૪૧ |
| **કુલ** | | **૪૨૧૨૧** | **૫૪૫૪૮** | **૯૬૬૬૯** |
| **અરવલ્લી** | | | | |
| ૮ | મોડાસા | ૨૯૮૦ | ૫૨૯૫ | ૮૨૭૫ |
| ૯ | બાયડ | ૫૫૦૬ | ૮૭૭૯ | ૧૪૨૮૫ |
| ૧૦ | ભિલોડા | ૮૮૪૯ | ૧૩૯૯૬ | ૨૨૮૪૫ |
| ૧૧ | ધનસુરા | ૬૯૦ | ૨૦૮૪ | ૨૭૭૪ |
| ૧૨ | માલપુર | ૫૮૧૮ | ૨૯૧૭ | ૮૭૩૫ |
| ૧૩ | મેઘરજ | ૫૬૪૮ | ૬૭૫૫ | ૧૨૪૦ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | | ૩ |
| | કુલ | ૨૯૪૯૧ | ૩૯૮૨૬ | ૬૯૩૧ ૭ |
| | **એકંદર કુલ** | **૭૧૬૧૨** | **૯૪૩૭૪** | **૧૬૫૯૮ ૬** |

(૨) તે પૈકી બાયડ અને માલપુર તાલુકાઓમાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા નવા બી.પી.એલ. લાભાર્થીઓ નોંધાયા અને કેટલા બી.પી.એલ. લાભાર્થીઓનાં નામ કમી થયા, અને

(૨)

| તાલુકાનું નામ | નવા ઉમેરાયેલ બી.પી.એલ. લાભાર્થીઓ સંખ્યા | | કમી થયેલ બી.પી.એલ. લાભાર્થીઓ સંખ્યા | | કુલ |
|---|---|---|---|---|---|
| | વર્ષ ૨૦૧૩/૧૪ | વર્ષ ૨૦૧૪/૧૫ | વર્ષ ૨૦૧૩/૧૪ | વર્ષ ૨૦૧૪/૧૫ | |
| બાયડ | ૦૪ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૪ |
| માલપુર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| કુલ | ૦૪ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૪ |

(૩) નામો કમી થવાનાં શાં કારણો છે?

(૩) કોઈ નામો કમી થયેલ નથી.

### કવાંટ તાલુકામાં સ્વસહાય જૂથોને કેશ ક્રેડીટ

* ૧૩૫૧૧ **શ્રીમતી મનીષા રા. વકીલ(વડોદરા શહેર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ સ્વસહાય જુથો બેન્ક દ્વારા કેશ ક્રેડીટ આપવામાં આવે છે તે હકીકત સાચી છે, | (૧) હા. |
| (૨) જો હા, તો વર્ષ ૨૦૧૪–૧૫માં કવાંટ તાલુકામાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કેટલા સ્વસહાય જુથોને કેશ ક્રેડીટ આપવામાં આવી, | (૨) ૨૦૫ સ્વસહાય જુથોને કેશ ક્રેડીટ આપવામાં આવી છે. |
| (૩) કેશ ક્રેડીટ પેટે કુલ કેટલી રકમ મંજુર કરવામાં આવી, અને | (૩) કુલ રૂ. ૫૫૧ લાખ (અંકે રૂ. પાંચ કરોડ એકાવન લાખ પુરા). |
| (૪) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી રકમનું ડીસબર્સમેન્ટ કરવામાં આવ્યું? | (૪) રૂ. ૨૦૦.૨૨ લાખ. |

---------

### ભાવનગર જિલ્લામાં નિર્મળ ભારત યોજના અંતર્ગત વ્યક્તિગત શૌચાલય

| ૮ | બાવળા | ૩૭૫ | ૦૦ |
| ૯ | ધંધુકા | ૧૧૨ | ૦૦ |
| ૧૦ | રાણપુર | ૨૬૪ | ૦૦ |
| ૧૧ | બરવાળા | ૧૧૯ | ૦૦ |
| | **કુલ** | **૨૨૩૭** | **૦૦** |

(૨) આ માટે કુલ કેટલું ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨) આ માટે પ્રાથમિક શિક્ષણમાં રૂા. ૪૪,૭૪,૦૦૦/- નો ખર્ચ થયેલ છે. જ્યારે માધ્યમિક પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**નવસારી જિલ્લામાં ડેરી વિકાસ યોજનાનો અમલ**

* ૧૪૦૭૬ **શ્રી પિયુષ દિ. દેસાઇ(નવસારી) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ નવસારી જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ગરીબ આદિવાસી કુટુંબોને ગરીબી રેખાથી બહાર લાવવાના હેતુથી ડેરી વિકાસ યોજનાનો અમલ કરવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજનામાં કયા પ્રકારની સવલતો લાભાર્થીને આપવામાં આવે છે, અને | (૨) (૧) દુધાળા પશુ<br>(૨) પશુ વિમો<br>(૩) પશુ ટ્રાન્સપોર્ટેશન ખર્ચ<br>(૪) વાસણની કીટ<br>(૫) પશુ ખાણ–દાણ<br>(૬) પશુ સારવાર<br>(૭) તાલીમ |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીને લાભ આપવામાં આવેલ છે ? | (૩) ૧૬૨૪ |

---------

**મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં વોટર શેડ યોજના હેઠળ આવરી લીધેલ ગામો**

* ૧૩૯૨૧ **પ્રો. હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા)જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ વોટરશેડ યોજના હેઠળ મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાઓ વાર કયા ગામોને આવરી લેવામાં આવ્યા છે, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ વોટરશેડ યોજના હેઠળ મહીસાગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર આવરી લીધેલ ગામોની વિગત *પત્રક–૧ મુજબ તથા પંચમહાલ જિલ્લામાં આવરી લીધેલ ગામોની વિગત *પત્રક–૨ મુજબ છે. |
| (૨) તે પૈકી દરેક ગામોએ મંજૂર કરેલ કામો પૂર્ણ કરેલ છે કે કેમ, | (૨) તે પૈકી મહીસાગર જિલ્લામાં બાલાસિનોર તાલુકાના દરેક ગામોમાં મંજૂર કરેલ કામો પૈકી પૂર્ણ થઈ ગયેલ કામોની વિગત *પત્રક–૩ મુજબ છે.<br>મહીસાગર જિલ્લાના સંતરામપુર અને ખાનપુર તથા પંચમહાલ જિલ્લામાં ગોધરા, શહેરા અને મોરવા (હ) તાલુકાઓના ગામોમાં કામો મંજૂર કરવા અંગેની કામગીરી પ્રગતિ હેઠળ છે. |
| (૩) જો ના, તો બાકી કામો ક્યારે પૂરા કરવામાં આવશે, અને | (૩) બાકી કામો પ્રોજેક્ટની નિયત સમય અવધિમાં પૂર્ણ કરવામાં આવશે. |
| (૪) સમય અવધિ પ્રમાણે કામો પૂર્ણ ન થવાના કયા કારણો છે? | (૪) ભારત સરકારશ્રીની માર્ગદર્શિકા મુજબ પ્રોજેક્ટ પૂર્ણ કરવાની સમય અવધિ પાંચ વર્ષની હોય છે. |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

## ગાંધીનગર જિલ્લામાં ઘઉં, ચોખા, ખાંડ, આયોડીનયુક્ત મીઠું તેમજ ખાદ્યતેલનું વિતરણ

* ૧૪૧૦૪ **શ્રી અશોકકુમાર ર. પટેલ(ગાંધીનગર ઉત્તર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાહતદરે કેટલા ઘઉં, ચોખા, ખાંડ, આયોડીન યુક્ત મીઠું અને ખાદ્યતેલનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) તે કયા ભાવે વિતરણ કરવામાં આવ્યું?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં ઘઉ, ચોખા, ખાંડ, આયોડીન યુક્ત મીઠું અને ખાદ્યતેલનું રાહતદરે વિતરણ નીચે મુજબ કરવામાં આવ્યું છે.

ઘઉં – ૨૭૬૭૯.૬૫૨ મે.ટન
ચોખા – ૧૦૩૯૮.૯૩૫ મે.ટન
ખાંડ – ૧૪૩૩.૯૦૪ મે.ટન
આયો.મીઠુ – ૧૮૮૫૨૬ મે. ટન
ખાદ્યતેલ – ૧૨૩૧૭૪ પાઉચ

(૨) યોજનાવાર નીચે મુજબની વિગતેના ભાવથી વિતરણ કરવામાં આવેલ છે.

| અ.નં. | યોજના | જન્સી | સમય ગાળો | પ્રતિ કિલો ગ્રામ ભાવ રૂ.પૈસા |
|---|---|---|---|---|
| ૧ | AAY/BPL | ઘઉં | જાન્યુ–૧૪ થી ડીસે–૧૪ | ૨.૦૦ |
| ૨ | AAY/BPL | ચોખા | ,, | ૩.૦૦ |
| ૩ | AAY/BPL | ખાંડ | ,, | ૧૩.૫૦ |
| ૪ | AAY/BPL | આયો મીઠું | ,, | ૧.૦૦ |
| ૫ | AAY/BPL | ખાદ્ય તેલ | ,, | ૪૮.૦૦ પ્રતિ લીટર |
| ૬ | BPL | ઘઉં સ્પે. | જાન્યુ–૧૪ થી ફેબ્રુ–૧૪ અને ઓગ–૧૪ | ૫.૪૦ |
| | | | માર્ચ–૧૪ થી જુલાઈ–૧૪ | ૭.૫૦ |
| | | | સપ્ટે–૧૪ | ૫.૬૦ |
| | | | ઓકટો–૧૪ થી ડીસે–૧૪ | ૭.૭૦ |
| ૭ | BPL | ચોખા સ્પે. | જાન્યુ–૧૪ થી ઓગ–૧૪ | ૭.૦૦ |
| | | | સપ્ટે–૧૪ થી ડીસે–૧૪ | ૭.૨૦ |
| ૮ | APL | ઘઉં | જાન્યુ–૧૪ થી ઓગ–૧૪ | ૭.૫૦ |
| | | | સપ્ટે–૧૪ થી ડીસે–૧૪ | ૭.૭૦ |
| ૯ | APL | ચોખા | સપ્ટે–૧૪ થી ડીસે–૧૪ | ૧૦.૧૦ |

---------

## દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મીઠાપુર ખાતે આવેલ ટાટા કેમિકલ્સ કંપની સામે લીધેલ કાયદાકીય પગલાં

* ૧૪૪૭૩ **શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મીઠાપુર ખાતે આવેલ ટાટા કેમીકલ્સ કંપની દ્વારા પાડલી ગામના દરીયાકાંઠે બનાવેલ શેટલીંગ પૌંડ માટે સી.આર.ઝેડ કલીયરન્સ મેળવેલ નથી તે હકીકત સાચી છે, અને

(૨) જો હા તો, સરકારે ઉકત કંપનીની સામે કાયદાકીય

**જવાબ**

(૧) ટાટા કેમીકલ્સ કંપની દ્વારા પાડલી ગામના દરીયાકાંઠે પ્રાયોગિક ધોરણે શેટલીંગ પૌંડ ૧૯૮૪ માં બનાવેલ છે માટે સી.આર.ઝેડ કલીયરન્સ મેળવવાનું રહેતુ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શા પગલાં લીધા ?

---------

**ગાંધીનગર જિલ્લામાં રદ કરવામાં આવેલ બીપીએલ કાર્ડ**

* ૧૪૨૯૧ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તાલુકાદીઠ કેટલા બીપીએલ કાર્ડ રદ કરવામાં આવ્યા,

(૨) બીપીએલ કાર્ડ રદ કરવાના કારણો કયા છે,

(૩) રદ થયેલા કાર્ડ પુનઃ આપવા કેટલી અરજીઓ આવી, અને

(૪) આ અરજીઓ આવ્યા પછી કેટલા બીપીએલ કાર્ડ આપવામાં આવ્યા?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કોઈ બીપીએલ રેશનકાર્ડ રદ કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**ભાવનગર જિલ્લામાં ગ્રાન્ટેડ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં બિન શૈક્ષણિક કર્મચારીઓની ઘટ**

* ૧૩૭૬૫ **શ્રી પ્રવીણભાઈ જી. રાઠોડ(પાલીતાણા) : માનનીય શિક્ષણમંત્રી મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં ગ્રાન્ટેડ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં બિન શૈક્ષણિક કર્મચારીઓની કેટલી ઘટ છે,

(૨) આ ઘટ પુરવા છેલ્લા બે વર્ષમાં કેટલી જગ્યાઓ ભરવામાં આવી, અને

(૩) બાકી રહેતી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) – ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં બિન શૈક્ષણિક કર્મચારીઓની નિમણૂંકની જોગવાઈ નથી.
– ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં ૧૦૭ બિન શૈક્ષણિક કર્મચારીઓની ઘટ છે.

(૨) પ્રાથમિક – પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
માધ્યમિક – એક પણ જગ્યા ભરવામાં આવી નથી.

(૩) પ્રાથમિક – પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
માધ્યમિક – જેમ બને તેમ જલ્દી.

---------

**અમરેલી જિલ્લામાં ગ્રામ પંચાયતોને કોમ્પ્યુટર ફાળવવા અંગે**

* ૧૩૮૩૦ (૦૫–૦૨–૧૫) **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં ગ્રામ પંચાયતોને કોમ્પ્યુટર ફાળવવામાં આવેલ છે તથા તેમાં કયા કેટલા ચાલુ અને કેટલા બંધ હાલતમાં છે,

**જવાબ**

(૧) અમરેલી જિલ્લાની તમામ ગ્રામ પંચાયતોને કોમ્પ્યુટર ફાળવવામાં આવેલ છે. ચાલુ કોમ્પ્યુટરો અને બંધ કોમ્પ્યુટરોની તા.૩૧–૧૨–૧૪ ની સ્થિતિએ તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | કોમ્પ્યુટર ફાળવેલ ગ્રામ પંચાયતો | ચાલુ કોમ્પ્યુટર | બંધ કોમ્પ્યુટર |
|---|---|---|---|---|
| ૧ | અમરેલી | ૬૬ | ૪૯ | ૧૭ |
| ૨ | લાઠી | ૪૭ | ૪૪ | ૩ |
| ૩ | લીલીયા | ૩૭ | ૩૧ | ૬ |
| ૪ | કુંકાવાવ | ૪૫ | ૩૦ | ૧૫ |
| ૫ | બાબરા | ૫૭ | ૩૫ | ૨૨ |
| ૬ | બગસરા | ૩૧ | ૨૮ | ૩ |
| ૭ | ધારી | ૬૯ | ૪૧ | ૨૮ |
| ૮ | ખાંભા | ૫૪ | ૩૭ | ૧૭ |
| ૯ | રાજુલા | ૭૦ | ૪૮ | ૨૨ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦ | જાફરાબાદ | ૩૯ | ૩૫ | ૪ |
| ૧૧ | સાવરકુંડલા | ૮૧ | ૫૬ | ૨૫ |
| | **કુલ** | **૫૯૬** | **૪૩૪** | **૧૬૨** |

(૨) કોમ્પ્યુટર બંધ હાલતમાં કયારથી છે, તેમાં શાં કારણો છે,

(૨) જુન ૨૦૧૪ થી બંધ હાલતમાં છે. તે કોમ્પ્યુટરો ૫ થી ૬ વર્ષ જેટલા જુના હોઈ ફેરબદલની જરૂરિયાત છે.

(૩) આ બંધ કોમ્પ્યુટરની વોરંટી કેટલી છે, અને

(૩) વોરંટી પૂરી થઈ ગયેલ છે.

(૪) તેને મરામત કરવા કોની સાથે કેવા કરારો થયેલા છે ?

(૪) જુન ૨૦૧૪ માં મરામતના કરારો પૂર્ણ થઈ ગયેલ છે. ફેરબદલ માટે નવા કોમ્પ્યુટર ખરીદવાની કામગીરી GIL દ્વારા હાથ ધરાયેલ છે.

---------

**અમદાવાદ જિલ્લામાં માધ્યમિક શાળાઓની કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ**

* ૧૪૩૩૪ **શ્રી હસમુખભાઈ સો. પટેલ(અમરાઈવાડી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) અમદાવાદ જિલ્લામાં ૨૦૧૪ના વર્ષ વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના હેઠળ માધ્યમિક શાળાઓની કેટલી કન્યાઓને બોન્ડ આપવામાં આવ્યા, અને

(૧) ૨૦૧૪ ના વર્ષમાં વિદ્યાલક્ષ્મી બોન્ડ આપેલ નથી.

(૨) તે કુલ કેટલી રકમના બોન્ડ આપવામાં આવ્યા ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**બનાસકાંઠા જિલ્લામાં સરકારી તથા ગ્રાન્ટેડ વિજ્ઞાન, વાણિજ્ય, વિનયન અને ઈજનેરી કોલેજોમાં ખાલી જગ્યાઓ અંગે**

* ૧૪૯૦૩ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં આવેલી સરકારી તથા ગ્રાન્ટેડ વિજ્ઞાન, વાણિજ્ય, વિનયન તેમજ ઈજનેરી કોલેજોમાં કઈ જગ્યાઓ ડીસે–૨૦૧૪ ની સ્થિતિએ ખાલી છે,

(૧) *પત્રક–૧ મુજબ

(૨) આ ખાલી જગ્યાઓ પૈકીની કઈ જગ્યાઓ કયારથી ખાલી છે, અને

(૨) *પત્રક–૨ (અ), *પત્રક–૨(બ) અને *પત્રક–૨(ક) મુજબ

(૩) તે કયાં સુધીમાં ભરવાનું સરકારનું આયોજન છે ?

(૩) બનતી ત્વરાએ.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**મોડાસા અને ધનસુરા તાલુકામાં રોપાઓનું વાવેતર**

* ૧૩૬૮૫ **શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર(મોડાસા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ મોડાસા અને ધનસુરા તાલુકામાં છેલ્લા એક વર્ષમાં કેટલા રોપાઓનું વાવેતર કરવામાં આવ્યુ અને તેની પાછળ કેટલો ખર્ચ થયો, અને

(૧) નીચેની વિગતે કૂલ–૮.૪૩ લાખ રોપાનું વાવેતર કરવામાં આવ્યું અને તેની પાછળ કૂલ રૂ.૪૪૭.૫૨ લાખનો ખર્ચ કરવામાં આવ્યો.

| તાલુકાનું નામ | રોપાનું વાવેતર (લાખમાં) | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|---|
| મોડાસા | ૬.૬૮ | ૩૮૨.૪૧ |
| ધનસુરા | ૧.૭૫ | ૬૫.૧૧ |
| **કુલ** | **૮.૪૩** | **૪૪૭.૫૨** |

(૨) ઉકત સ્થિતિએ કેટલા રોપાઓ જીવંત છે ?

(૨) ઉકત સ્થિતિએ કુલ ૬.૯૯ લાખ રોપાઓ જીવંત છે.

---------

**સરકારી પોલીટિકનીકોમાં કાર્યરત અધ્યાપકોને એમ.ઈ.ના ઉચ્ચ અભ્યાસ કરવા સરકારી ખર્ચે મોકલવા અંગે**

* ૧૪૩૩૦ **શ્રી હર્ષ ર. સંઘવી(મજુરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજ્યમાં સરકારી પોલીટિકનીકોમાં કાર્યરત અધ્યાપકોને એમ.ઈ.ના ઉચ્ચ અભ્યાસ કરવા સરકારી ખર્ચે

(૧) હા જી.

મોકલવામાં આવે છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા અધ્યાપકોને એમ.ઈ.ના ઉચ્ચ અભ્યાસ માટે મોકલવામાં આવ્યા ?

(૨) ૫૮ (અઠ્ઠાવન)

---------

**વડોદરા જિલ્લામાં અંત્યોદય યોજનાના લાભાર્થીઓને અનાજ વિતરણ**

* ૧૪૦૯૫ **શ્રી મધુભાઈ બા. શ્રીવાસ્તવ(વાઘોડિયા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં અંત્યોદય યોજનામાં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા જથ્થામાં ઘઉં, ચોખા, ખાંડ, ખાદ્યતેલ અને આયોડીનયુકત મીઠાનું વિતરણ કરવામાં આવ્યું,

(૨) તે ક્યા ભાવે વિતરણ કરવામાં આવ્યું, અને

(૩) કેટલા લાભાર્થીઓને અનાજ વિતરણ કરવામાં આવ્યું ?

**જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અંત્યોદય યોજનામાં નીચે મુજબ વિતરણ કર્યુ.

ઘઉં – ૮૧૫૭ મે.ટન
ચોખા – ૬૮૮૧ મે.ટન
ખાંડ – ૭૩૨ મે.ટન
આયો. મીઠું – ૧૬૦ મે.ટન
ખાદ્યતેલ – ૫૯૬૭૬ પાઉચ (એક લીટરના)

(૨) ઘઉં – રૂા. ૨/– પ્રતિ કિ.ગ્રા.
ચોખા – રૂા. ૩/– પ્રતિ કિ.ગ્રા.
ખાંડ – રૂા. ૧૩.૫૦/– પ્રતિ કિ.ગ્રા.
આયો. મીઠું – રૂા. ૧/– પ્રતિ કિ.ગ્રા.
ખાદ્યતેલ – રૂા. ૪૮/– પ્રતિ એક લીટર પાઉચના

(૩) માસિક સરેરાશ ૨૯૫૯૭ લાભાર્થીઓને અનાજ વિતરણ કર્યુ.

---------

**દ્વારકા તાલુકામાં બી.પી.એલ. કાર્ડ માટે મળેલ અરજીઓ**

* ૧૪૧૦૨ **શ્રી મેઘજીભાઈ અ. ચાવડા(કાલાવડ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) દ્વારકા તાલુકામાં બી.પી.એલ. રેશનકાર્ડની કેટલી અરજીઓ તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો,

(૩) કેટલી અરજીઓ પડતર રહેલ છે, અને

(૪) અરજીઓ પડતર રહેવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧) દ્વારકા તાલુકામાં બી.પી.એલ. રેશનકાર્ડ માટેની તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૬૧ અરજીઓ મળી છે.

(૨) તે પૈકી ૫૩ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો.

(૩) ૦૮ અરજીઓ પડતર છે.

(૪) અરજદારે રજુ કરેલ પુરાવાની ચકાસણી કરવાની પ્રક્રિયા ચાલુ હોવાથી.

---------

**સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં જંગલની જમીનના કબજેદાર ખેડૂતોની પુનઃ ચકાસણી હેઠળ પડતર અરજીઓ**

* ૧૪૪૪૧ **ડૉ. અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર વન અધિકાર અધિનિયમ–૨૦૦૬ અન્વયે જંગલ જમીનના કબજેદાર ખેડૂતોની કેટલી અરજીઓ પુનઃ ચકાસણી હેઠળ પડતર છે,

(૨) આ પડતર અરજીઓના નિકાલ માટે સરકાર દ્વારા

**જવાબ**

(૧) નીચેની વિગતે અરજીઓ પડતર છે.

| જિલ્લો | તાલુકાનું નામ | પડતર અરજીઓ |
|---|---|---|
| સાબરકાંઠા | ખેડબ્રહ્મા–પોશીના | ૪૪૧ |
| | વિજયનગર | ૯૧૭ |
| અરવલ્લી | ભિલોડા | ૮૬૪ |

(૨) પેટા વિભાગીય સમિતિમાંથી જેમ જેમ પડતર

કઈ પ્રકારની કામગીરી કરવામાં આવી રહી છે, અને

અરજીઓ આવે છે તેમ તેમ જિલ્લા સ્તર સમિતિ કક્ષાએ પુનઃ સમિક્ષા કરવામાં આવે છે. અને ત્વરિત નિકાલ કરવામાં આવે છે.

(૩) ઉકત સ્થિતિએ આ પડતર અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરી ખેડૂતોને જંગલની જમીનનો અધિકાર આપવામાં આવશે ?

(૩) જેમ બને તેમ જલદી.

---------

**કચ્છ જિલ્લાના ઘોરાડ અભ્યારણ્યમાં ઘોરાડની વસ્તી**

* ૧૪૧૧૭ **શ્રી શકિતસિંહજી હ. ગોહિલ (અબડાસા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કચ્છ જિલ્લાના ઘોરાડ અભ્યારણ્યમાં ઘોરાડની કેટલી વસ્તી છે, અને

(૨) સન ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં અકસ્માતે મૃત્યુ પામેલ ઘોરાડની સંખ્યા કેટલી છે ?

**જવાબ**

(૧) ૧. અભ્યારણ્ય વિસ્તારમાં – ૦૪
૨. અભ્યારણ્ય બહારના વિસ્તારમાં ૪૪
કુલ ૪૮

(૨) ૧ (એક).

---------

**પોરબંદર જિલ્લામાં પુરવઠા વિભાગે પાડેલ દરોડા**

* ૧૪૦૯૮ **શ્રી બાવજીભાઇ હ. મેતલીયા (ટંકારા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પોરબંદર જિલ્લામાં પુરવઠા વિભાગે ગેરકાયદેસર સંગ્રહ કરેલ ખાદ્યમાલ ઉપર તા.૩૧–૧૨–૨૦૧૪ અંતિત છેલ્લા એક વર્ષમાં કેટલા દરોડાઓ પાડેલા છે,

(૨) તેમાં કેટલો જથ્થો રાજ્યસાત કરેલ છે, અને

(૩) તે કેટલી રકમનો જથ્થો રાજ્યસાત કરેલ છે ?

**જવાબ**

(૧) ૧૩૯

(૨) અનાજ – ૩૭૮૮ કિગ્રા.
ખાંડ – ૨૨ કિગ્રા.
કેરોસીન – ૩૨૦ લીટર

(૩) રૂ.૩૩,૨૧૬/-

---------

**અમદાવાદ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં શૌચાલય અને પીવાના પાણીની અસુવિધા**

* ૧૩૫૯૧ **શ્રી કરમશીભાઈ વિ. પટેલ(સાણંદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર કેટલી પ્રાથમિક શાળાઓમાં શૌચાલય અને પીવાના પાણીની સુવિધાઓ નથી, અને

(૨) ઉકત સ્થિતિએ આ સુવિધાઓ સત્વરે પૂરી પાડવા સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં શૌચાલય અને પીવાના પાણીની સુવિધા ન હોય તેવી એકપણ શાળા નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**બનાસકાંઠા જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં મંજૂર થયેલ સંવર્ગવાર મહેકમ**

* ૧૪૭૩૭ **શ્રી કાન્તીભાઈ કા. ખરાડી (દાંતા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર સરકારી પ્રાથમિક શાળાઓમાં મંજૂર થયેલ સંવર્ગવાર મહેકમ કેટલું છે,

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર મહેકમ | |
|---|---|---|---|
| | | ધો.૧ થી ૫ | ધો.૬ થી ૮ |
| ૧ | પાલનપુર | ૯૨૬ | ૫૮૬ |
| ૨ | વડગામ | ૬૪૬ | ૩૮૧ |
| ૩ | દાંતા | ૯૪૫ | ૩૮૬ |
| ૪ | અમીરગઢ | ૫૨૮ | ૨૨૧ |

| | | | |
|---|---|---|---|
| ૫ | દાંતીવાડા | ૪૪૧ | ૨૩૮ |
| ૬ | ડીસા | ૨૦૬૦ | ૧૦૯૮ |
| ૭ | ધાનેરા | ૭૬૫ | ૪૪૫ |
| ૮ | થરાદ | ૧૩૦૮ | ૭૫૬ |
| ૯ | વાવ | ૮૮૫ | ૫૫૧ |
| ૧૦ | કાંકરેજ | ૧૦૬૧ | ૫૪૬ |
| ૧૧ | દિયોદર | ૭૮૭ | ૪૦૭ |
| ૧૨ | ભાભર | ૪૮૩ | ૨૫૧ |

(૨) તે પૈકી તાલુકાવાર સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | ધો.૧ થી ૫ | | ધો.૬ થી ૮ | |
|---|---|---|---|---|---|
| | | ભરાયેલ | ખાલી | ભરાયેલ | ખાલી |
| ૧ | પાલનપુર | ૯૨૪ | ૦૨ | ૫૩૩ | ૫૩ |
| ૨ | વડગામ | ૬૪૬ | ૦૦ | ૩૮૧ | ૦૦ |
| ૩ | દાંતા | ૯૧૨ | ૩૩ | ૨૯૮ | ૮૮ |
| ૪ | અમીરગઢ | ૫૦૯ | ૧૯ | ૧૯૧ | ૩૦ |
| ૫ | દાંતીવાડા | ૪૩૮ | ૦૩ | ૨૧૨ | ૨૬ |
| ૬ | ડીસા | ૨૦૨૬ | ૩૪ | ૯૮૪ | ૧૧૪ |
| ૭ | ધાનેરા | ૭૦૦ | ૬૫ | ૩૨૫ | ૧૨૦ |
| ૮ | થરાદ | ૧૧૯૨ | ૧૧૬ | ૫૪૫ | ૨૧૧ |
| ૯ | વાવ | ૭૦૯ | ૧૭૬ | ૨૮૩ | ૨૬૮ |
| ૧૦ | કાંકરેજ | ૧૦૨૭ | ૩૪ | ૪૬૫ | ૮૧ |
| ૧૧ | દિયોદર | ૭૫૧ | ૩૬ | ૩૧૮ | ૮૯ |
| ૧૨ | ભાભર | ૪૫૧ | ૩૨ | ૧૬૪ | ૮૭ |

(૩) ઉક્ત સ્થિતિએ ભરાયેલ જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ ફીક્સ પગારથી ભરાયેલ છે અને ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) ધોરણ-૧ થી ૫ માં ૧૧૬૯ તથા ધોરણ-૬ થી ૮ માં ૧૪૬૬ એમ કુલ ૨૬૩૫ જગ્યાઓ ફીક્સ પગારથી ભરાયેલ છે. ખાલી જગ્યાઓ જેમ બને તેમ જલ્દીથી ભરવામાં આવશે.

---------

**દાહોદ જિલ્લામાં પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ કાર્યક્રમ**

* ૧૪૩૩૨ **શ્રી રમેશભાઇ ભુ. કટારા(ફતેપુરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં વર્ષ ૨૦૧૪ માં પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ કાર્યક્રમ અંતર્ગત કેટલા બાળકોને પ્રવેશ આપવામાં આવેલ છે, અને

(૧) ૧૬૫૭૨

(૨) તેમાં નામાંકન વધે તે માટે સરકારે શાં પ્રયાસ કરેલ છે ?

(૨) દર વર્ષે સર્વેની પ્રક્રિયા હાથ ધરી પ્રવેશપાત્ર બાળકોની યાદી તૈયાર કરવામાં આવે છે.

દર વર્ષે કન્યા કેળવણી રથ અને શાળા પ્રવેશોત્સવનું મોટા પાયે આયોજન કરી રાજ્યના ઉચ્ચ પદાધિકારીશ્રીઓ/ અધિકારીશ્રીઓ ત્રણ દિવસ સુધી આ કાર્યક્રમમાં જોડાય છે.

૩૫ ટકાથી નીચી સાક્ષરતા દર વાળા ગામોની કન્યાઓને ધોરણ-૧ માં પ્રવેશ સમયે રૂ.૨૦૦૦ ની કિંમતના વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવે છે. જે ધોરણ-૮ પૂર્ણ કરે ત્યારે વ્યાજ સહિત રકમ આપવામાં આવે છે.

---------

**અમરેલી જિલ્લામાં વિદ્યાદીપ યોજના હેઠળ મળેલ અરજીઓ**

* ૧૪૩૩૩ **શ્રી વલ્લભભાઇ વ. વઘાસીયા(સાવરકુંડલા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૧-૧-૨૦૧૪ થી તા.૩૧-૧૨-૨૦૧૪ સુધીમાં અમરેલી જિલ્લામાં વિદ્યાદીપ યોજના હેઠળ કેટલી અરજીઓ આવેલ છે,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર થયેલ છે, અને

(૩) કેટલી અરજીઓ નામંજૂર થયેલ છે ?

(૧) તા.૧-૧-૨૦૧૪ થી તા.૩૧-૧૨-૨૦૧૪ સુધીમાં પ્રાથમિક શિક્ષણમાં ૯ અરજીઓ તથા માધ્યમિક શિક્ષણ-૩ અરજી આવેલ છે.

(૨) તે પૈકી પ્રાથમિક શિક્ષણમાં ૫ અરજીઓ તથા માધ્યમિક શિક્ષણમાં ૨ અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે.

(૩) પ્રાથમિક શિક્ષણમાં ૧ અરજી તથા માધ્યમિક શિક્ષણમાં ૧ અરજી નામંજૂર કરવામાં આવેલ છે.

---------

## સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં આપવામાં આવેલ બારકોડેડ રેશનીંગકાર્ડ

* ૧૪૬૪૪ **શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર કેટલા બારકોડેડ રેશનીંગ કાર્ડ આપવામાં આવેલ છે તથા કેટલા બાકી છે, અને

(૨) ઉકત સ્થિતિએ બારકોડેડ રેશનકાર્ડ ધરાવનાર અરજદારોને ફીંગરપ્રિન્ટ ન મળવાના કારણે તેમને જરૂરી ચીજવસ્તુઓ મળતી નથી જે બાબતે સરકાર દ્વારા કોઈ વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવેલ છે કે કેમ ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ અપાયેલ બારકોડેડ રેશનકાર્ડ અને બાકી રેશનકાર્ડની સાબરકાંઠા જિલ્લા અને અરવલ્લી જિલ્લાની તાલુકાવાર માહિતી પત્રક-૧ માં સામેલ છે.

**પ ત્ર ક - ૧**

એક વર્ષમાં આપવામાં આવેલ અને બાકી રેશનકાર્ડની વિગત (૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ)

| ક્રમ | સાબરકાંઠા જિલ્લો | | | અરવલ્લી જિલ્લો | | |
|---|---|---|---|---|---|---|
| | તાલુકાનું નામ | આપવામાં આવેલ બારકોડેડ રેશનકાર્ડ | આપવાના બાકી બારકોડેડ રેશનકાર્ડ | તાલુકાનું નામ | આપવામાં આવેલ બારકોડેડ રેશનકાર્ડ | આપવાના બાકી બારકોડેડ રેશનકાર્ડ |
| ૧ | ઈડર | ૧૧૫૧૦ | ૦ | ધનસુરા | ૧૫૯૦ | ૦ |
| ૨ | ખેડબ્રહ્મા | ૩૦૧૩ | ૦ | બાયડ | ૩૩૩૭ | ૦ |
| ૩ | તલોદ | ૩૭૩૯ | ૦ | ભિલોડા | ૫૧૬૬ | ૦ |
| ૪ | પ્રાંતિજ | ૩૯૨૨ | ૧ | મેઘરજ | ૮૬૫૯ | ૦ |
| ૫ | પોશીના | ૩૧૨૨ | ૧ | માલપુર | ૯૨૭ | ૦ |
| ૬ | વડાલી | ૧૬૩૩ | ૦ | મોડાસા | ૬૪૩૬ | ૦ |
| ૭ | વિજયનગર | ૧૦૮૧ | ૦ | | | |
| ૮ | હિંમતનગર | ૨૭૩૩૧ | ૦ | | | |
| | **કુલ** | **૫૫૩૫૧** | **૨** | **કુલ** | **૨૬૧૧૫** | **૦** |

(૨) કાર્ડધારકના ફીંગરપ્રિન્ટ મેચ ન થાય અથવા કનેકવીટી ન મળે તો માસની ૨૦મી તારીખ પછી કુડકુપન વગર કાર્ડ ધારકને જથ્થાનું વિતરણ કરવાની વ્યવસ્થા છે.

---------

## મહેસાણા જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં મંજૂર થયેલ સંવર્ગવાર મહેકમ

* ૧૪૭૫૪ **શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર સરકારી પ્રાથમિક શાળાઓમાં મંજૂર થયેલ સંવર્ગવાર મહેકમ કેટલું છે,

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | મંજુર મહેકમ | |
|---|---|---|---|
| | | ધો. ૧થી ૫ | ધો. ૬થી ૮ |
| ૧ | મહેસાણા | ૯૬૩ | ૬૬૭ |
| ૨ | વિસનગર | ૫૦૯ | ૩૫૧ |
| ૩ | વિજાપુર | ૫૬૯ | ૩૨૬ |
| ૪ | ઉંઝા | ૨૭૮ | ૨૦૯ |
| ૫ | ખેરાલુ | ૩૯૭ | ૨૭૭ |

| | | | |
|---|---|---|---|
| ૬ | વડનગર | ૪૪૪ | ૨૮૮ |
| ૭ | સતલાસણ | ૩૦૫ | ૨૧૦ |
| ૮ | કડી | ૭૬૬ | ૫૨૦ |
| ૯ | બેચરાજી | ૨૮૯ | ૧૯૮ |
| | **કુલ** | **૪૫૨૦** | **૩૦૪૬** |

(૨) તે પૈકી તાલુકાવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ, કેટલા સમયથી ખાલી છે, અને

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | ધો. ૧ થી ૫ | | ધો. ૬ થી ૮ | |
|---|---|---|---|---|---|
| | | ભરાયેલ | ખાલી | ભરાયેલ | ખાલી |
| ૧ | મહેસાણા | ૯૬૩ | ૦૦ | ૬૬૩ | ૦૪ |
| ૨ | વિસનગર | ૫૦૯ | ૦૦ | ૩૫૧ | ૦૦ |
| ૩ | વિજાપુર | ૫૬૯ | ૦૦ | ૩૨૬ | ૦૦ |
| ૪ | ઉંઝા | ૨૭૮ | ૦૦ | ૨૦૯ | ૦૦ |
| ૫ | ખેરાલુ | ૩૯૭ | ૦૦ | ૨૬૭ | ૧૦ |
| ૬ | વડનગર | ૪૪૪ | ૦૦ | ૨૮૫ | ૦૩ |
| ૭ | સતલાસણ | ૩૦૫ | ૦૦ | ૨૦૦ | ૧૦ |
| ૮ | કડી | ૭૬૬ | ૦૦ | ૫૧૨ | ૦૮ |
| ૯ | બેચરાજી | ૨૮૯ | ૦૦ | ૧૯૫ | ૦૩ |
| | કુલ | ૪૫૨૦ | ૦૦ | ૩૦૦૮ | ૩૮ |

આ જગ્યાઓ છેલ્લા એક વર્ષથી ખાલી છે.

(૩) ઉકત સ્થિતિએ જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ ફીક્સ પગારથી ભરાયેલ છે અને ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) ૧૩૦૪ જગ્યાઓ ફીક્સ પગારથી ભરાયેલ છે. ખાલી જગ્યાઓ જેમ બને તેમ જલ્દીથી ભરવામાં આવશે.

---------

**ખેડા અને મહિસાગર જિલ્લામાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ**

* ૧૪૩૧૭ **શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ખેડા અને મહિસાગર જિલ્લામાં તાલુકાવાર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં મંજૂર થયેલ શિક્ષકોની સામે કયા કયા વિષયના કેટલા શિક્ષકોની ઘટ છે.

**જવાબ**

(૧) ખેડા જિલ્લાની મંજુર મહેકમની તાલુકાવાર વિગતો

| તાલુકો | સરકારી શિક્ષકોનું મંજુર મહેકમ | | ગ્રાન્ટેડ શિક્ષકનું મંજુર મહેકમ | |
|---|---|---|---|---|
| | માધ્યમિક | ઉ.મા. | માધ્યમિક | ઉ.મા. |
| નડિયાદ | ૯ | ૦૦ | ૩૭૮ | ૩૨૬ |
| મહુધા | ૬ | ૦૦ | ૯૭ | ૭૧ |
| કપડવંજ | ૦૦ | ૦૦ | ૨૦૮ | ૧૦૮ |
| કઠલાલ | ૧૫ | ૦૦ | ૧૪૩ | ૮૯ |
| મહેમદાવાદ | ૧૨ | ૦૦ | ૨૧૬ | ૧૫૦ |
| ખેડા | ૦૦ | ૦૦ | ૯૦ | ૫૭ |
| માતર | ૦૦ | ૩ | ૧૦૧ | ૮૪ |
| ઠાસરા | ૬ | ૦ | ૨૩૪ | ૧૭૭ |

વિષયવાર શિક્ષકોની ઘટનું *પત્રક–૧ સામેલ છે.

**મહિસાગર જિલ્લાની મંજુર મહેકમની તાલુકાવાર વિગતો**

| તાલુકો | સરકારી શિક્ષકોનું મંજુર મહેકમ | | ગ્રાન્ટેડ શિક્ષકનું મંજુર મહેકમ | |
|---|---|---|---|---|
| | માધ્યમિક | ઉ.મા. | માધ્યમિક | ઉ.મા. |
| સંતરામપુર | ૯ | ૦૦ | ૧૬૩ | ૧૯૪ |
| કડાણા | ૫ | ૨૩ | ૮૦ | ૫૦ |

| | | | | |
|---|---|---|---|---|
| લુણાવાડા | ૦૦ | ૦૦ | ૨૩૧ | ૨૩૨ |
| ખાનપુર | ૦૦ | ૭ | ૫૯ | ૪૨ |
| બાલાસિનોર | ૦૦ | ૦૦ | ૧૩૭ | ૧૦૫ |
| વીરપુર | ૩ | ૦૦ | ૧૧૯ | ૯૬ |

વિષયવાર શિક્ષકોની ઘટનું *પત્રક–૨ સામેલ છે.

(૨) આ શિક્ષકોની ઘટ પૂરી કરવા સરકારે શાં પગલાં લીધા, અને

(૨)
- ખેડા જિલ્લામાં ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ભરતી પ્રક્રિયા અંતર્ગત ૦૭ શિક્ષકોની નિમણૂંક અંગે ભલામણપત્ર આપવામાં આવેલ છે.
- ખેડા જિલ્લામાં સરકારી માધ્યમિક શાળાઓમાં ભરતી પ્રક્રિયા અંતર્ગત ૧૨ શિક્ષકોએ શાળા પસંદગી કરેલ છે. નિમણૂક આપવાની કાર્યવાહી ચાલુ છે.
- મહીસાગર જિલ્લામાં ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ભરતી પ્રક્રિયા અંતર્ગત ૦૪ શિક્ષકોની નિમણૂંક અંગે ભલામણપત્ર આપવામાં આવેલ છે.
- મહીસાગર જિલ્લામાં સરકારી માધ્યમિક શાળાઓમાં ભરતી પ્રક્રિયા અંતર્ગત ૦૨ શિક્ષકોએ શાળા પસંદગી કરેલ છે. નિમણૂંક આપવાની કાર્યવાહી ચાલુ છે.
- મહીસાગર જિલ્લામાં સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ભરતી પ્રક્રિયા અંતર્ગત ૦૭ શિક્ષકોએ શાળા પસંદગી કરેલ છે. નિમણૂંક આપવાની કાર્યવાહી ચાલુ છે.

(૩) કેટલા સમયમાં આ જગ્યાઓ ભરવામાં આવશે?

(૩) ટુંક સમયમાં

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**દાહોદ જિલ્લામાં સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન અંતર્ગત વ્યક્તિગત શૌચાલયો બનાવવા અંગે**

* ૧૪૧૮૮ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન અંતર્ગત વર્ષવાર કેટલા વ્યક્તિગત શૌચાલયો બનાવવામાં આવ્યા, તથા તેમાં કેટલા શુલભ શૌચાલયો બનાવાયા, અને

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન અંતર્ગત વર્ષવાર નીચે મુજબ વ્યક્તિગત શૌચાલયો બનાવવામાં આવ્યા તેમાં શુલભ શૌચાલયો બનાવવાની કોઈ કામગીરી હાથ ધરવામાં આવેલી નથી.

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૩ | વર્ષ ૨૦૧૪ |
|---|---|---|---|
| ૧ | દાહોદ | ૫૧૬ | ૧૧૫૪ |
| ૨ | દે. બારીયા | ૩૩૦ | ૧૧૩૦ |
| ૩ | ધાનપુર | ૩૨૫ | ૫૩૨ |
| ૪ | ફતેપુરા | ૨૭૭ | ૬૨૮ |
| ૫ | ગરબાડા | ૪૮૨ | ૫૮૧ |
| ૬ | ઝાલોદ | ૪૯૨ | ૨૦૫૧ |
| ૭ | લીમખેડા | ૩૦૧ | ૫૫૦ |
| | **કુલ** | **૨૭૨૩** | **૬૬૨૬** |

(૨) આ શૌચાલયો માટે તાલુકાવાર ગ્રામ પંચાયતોને કેટલી ગ્રાન્ટ આપવામાં આવી?

(૨) આ શૌચાલયો માટે તાલુકાવાર ગ્રામ પંચાયતોને ગ્રાન્ટ ફાળવવામાં આવતી નથી. તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**બનાસકાંઠા જિલ્લામાં પ્રાથમિક શાળાના ઓરડાની ઘટ**

* ૧૪૭૭૨ **શ્રી જોઇતાભાઇ ક. પટેલ(ધાનેરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાદીઠ પ્રાથમિક શાળાઓના કેટલા ઓરડાની ઘટ છે, અને

(૧)

| | **૨૦૧૩–૧૪** | **૨૦૧૪–૧૫** |
|---|---|---|
| ડીસા | ૨૭૪ | ૧૯૪ |
| અમીરગઢ | ૭૧ | ૬૭ |
| કાંકરેજ | ૧૫૩ | ૧૨૮ |
| થરાદ | ૧૩૮ | ૯૭ |
| દાંતા | ૧૦૪ | ૧૨૪ |
| દાંતીવાડા | ૩૦ | ૨૧ |
| દીયોદર | ૧૨૮ | ૭૯ |
| ધાનેરા | ૩૮ | ૩૫ |
| પાલનપુર | ૫૪ | ૫૩ |
| ભાભર | ૪૫ | ૪૮ |
| વડગામ | ૩૦ | ૧૯ |
| વાવ | ૧૦૮ | ૭૭ |
| લાખણી | – | ૭૮ |
| સુઇગામ | – | ૫૫ |
| ડીસા | ૨૭૪ | ૧૯૪ |

(૨) આ ઘટ પુરવા સરકારે શું આયોજન કરેલ છે?

(૨) આ ઘટ પુરવા વર્ષ ૨૦૧૩–૧૪ માં ૨૬૨ ઓરડા બનાવવામાં આવ્યા વર્ષ ૨૦૧૪–૧૫માં ૩૩૨ ઓરડાનું બાંધકામ હાથ ધરેલ છે તેમજ વર્ષ ૨૦૧૫–૧૬ માં ૬૦૩ ઓરડા માટેની ભારત સરકારને દરખાસ્ત કરેલ છે..

---------

## ખેડા જિલ્લામાં ધો. ૮માં શિક્ષકોની ઘટ

* ૧૪૨૫૦ **શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર ધોરણ–૮માં અંગ્રેજી, ગણિત, વિજ્ઞાન અને વ્યાયામના કેટલા શિક્ષકોની ઘટ છે?

(૧)

| **અ.નં.** | **તાલુકાનું નામ** | **ભાષા** | **ગણિત વિજ્ઞાન** | **વ્યાયામ** |
|---|---|---|---|---|
| ૧ | નડિયાદ | ૬ | ૧૭ | ૦ |
| ૨ | મહુધા | ૯ | ૧૧ | ૦ |
| ૩ | કઠલાલ | ૯ | ૫ | ૦ |
| ૪ | કપડવંજ | ૦ | ૧૦ | ૦ |
| ૫ | વિરપુર | ૧ | ૬ | ૦ |
| ૬ | બાલાસિનોર | ૪ | ૮ | ૦ |
| ૭ | ઠાસરા | ૧૧ | ૩૭ | ૦ |
| ૮ | મહેમદાવાદ | ૭ | ૬ | ૦ |
| ૯ | ખેડા | ૩ | ૯ | ૦ |
| ૧૦ | માતર | ૨૧ | ૨૮ | ૦ |
| | **કુલ** | **૭૧** | **૧૩૭** | **૦૦** |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નવા શિક્ષકો ભરવામાં આવ્યા, અને

(૨) ૩૩૪

(૩) આ ઘટ પૂરી કરવાનું શું આયોજન છે?

(૩) જેમ બને તેમ જલ્દી

---------

## પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં તલાટી–કમ મંત્રીનું મંજુર મહેકમ

* ૧૪૨૭૧ **શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૧૪ની સ્થિતિએ પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં તાલુકાવાર તલાટી-કમ-મંત્રીનું મહેકમ કેટલું મંજુર થયેલ છે, અને

(૧)

| ક્રમ | પંચમહાલ | | મહીસાગર | |
|---|---|---|---|---|
| | તાલુકાનું નામ | મંજુર મહેકમ | તાલુકાનું નામ | મંજુર મહેકમ |
| ૧ | જાંબુઘોડા | ૧૭ | લુણાવાડા | ૮૮ |
| ૨ | હાલોલ | ૬૫ | ખાનપુર | ૨૯ |
| ૩ | કાલોલ | ૭૩ | સંતરામપુર | ૪૨ |
| ૪ | ગોધરા | ૭૪ | કડાણા | ૨૬ |
| ૫ | મોરવા (હ) | ૩૩ | બાલાશિનોર | ૨૪ |
| ૬ | શહેરા | ૫૦ | વિરપુર | ૧૯ |
| ૭ | ઘોઘંબા | ૩૪ | - | - |

(૨) તે પૈકી કેટલી કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨)

| ક્રમ | પંચમહાલ | | | મહીસાગર | | |
|---|---|---|---|---|---|---|
| | તાલુકાનું નામ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | તાલુકાનું નામ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
| ૧ | જાંબુઘોડા | ૭ | ૧૦ | લુણાવાડા | ૫૨ | ૩૬ |
| ૨ | હાલોલ | ૪૩ | ૨૨ | ખાનપુર | ૧૫ | ૧૪ |
| ૩ | કાલોલ | ૪૭ | ૨૬ | સંતરામપુર | ૩૪ | ૦૮ |
| ૪ | ગોધરા | ૪૩ | ૩૧ | કડાણા | ૧૮ | ૦૮ |
| ૫ | મોરવા (હ) | ૨૬ | ૭ | બાલાશિનોર | ૧૬ | ૦૮ |
| ૬ | શહેરા | ૩૭ | ૧૩ | વિરપુર | ૧૩ | ૦૬ |
| ૭ | ઘોઘંબા | ૨૭ | ૭ | - | - | - |
| | **કુલ** | **૨૩૦** | **૧૧૬** | **કુલ** | **૧૪૮** | **૮૦** |

(૩) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૩) બનતી ત્વરાએ.

---------

**છોટા ઉદેપુર, નર્મદા અને દાહોદ જિલ્લામાં એકલવ્ય મૉડેલ રેસીડેન્સીચલ સ્કુલમાં મંજુર મહેકમ**

* ૧૩૭૩૦ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છોટાઉદેપુર, નર્મદા અને દાહોદ જિલ્લામાં કેટલી એકલવ્ય મૉડેલ રેસીડેન્સીચલ સ્કુલ અને એકલવ્ય ગર્લ્સ રેસીડેન્સીચલ સ્કુલો આવેલ છે, અને

(૧)

| જિલ્લાનું નામ | એકલવ્ય મૉડેલ રેસીડેન્સીચલ સ્કૂલની સંખ્યા | ગર્લ્સ રેસીડેન્સીચલ સ્કૂલની સંખ્યા |
|---|---|---|
| છોટા ઉદેપુર | ૨ | ૧૩ |
| નર્મદા | ૧ | ૧ |
| દાહોદ | ૨ | ૮ |
| **કુલ** | **૫** | **૨૨** |

(૨) ઉક્ત શાળાઓમાં કાયમી મહેકમ કેટલુ મંજુર કરવામાં આવ્યુ છે અને કેટલી જગ્યા હંગામી છે?

(૨)
- ઉક્ત શાળાઓમાં કાયમી મહેકમ મંજુર થયેલ નથી.
- ભારત સરકારની પ્રવર્તમાન ગાઈડલાઈન મુજબ ઉક્ત શાળાઓમાં સોસાયટી દ્વારા કરાર આધારિત શિક્ષકોની નિમણુંક કરવામાં આવેલ છે જેની વિગત નીચે મુજબ છે.

| જિલ્લાનું નામ | એકલવ્ય મૉડેલ રેસીડેન્સીચલ સ્કૂલમાં શિક્ષકોની સંખ્યા | ગર્લ્સ રેસીડેન્સીચલ સ્કૂલમાં શિક્ષકોની સંખ્યા |
|---|---|---|
| છોટા ઉદેપુર | ૧૮ | ૧૦૯ |

| | | |
|---|---|---|
| નર્મદા | ૧૦ | ૧૨ |
| દાહોદ | ૨૦ | ૭૮ |
| **કુલ** | **૪૮** | **૧૯૯** |

---------

**ડાંગ જિલ્લામાં સરકારી અનાજના ગોડાઉનો**

* ૧૪૬૬૭ **શ્રી મંગળભાઇ ગં. ગાવિત(ડાંગ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં સરકારી અનાજના ગોડાઉનો કેટલા છે,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સ્થાનિક રોજમદારોને કયા કારણોસર છુટા કરવામાં આવ્યા, અને

(૩) આ રોજમદારોને પુન: નિમણૂંક આપવા સરકારે શાં પગલાં લીધા?

**જવાબ**

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં સરકારી અનાજના કુલ–૭ ગોડાઉન છે જેમાં બે ગોડાઉન ભાડે રાખેલા છે.

(૨) અને (૩) નિગમ દ્વારા ગોડાઉન ઉપર કોઈ રોજમદારો રાખવામાં આવતા નથી જેથી રોજમદારોને છુટા કરવાનો કે પુન: નિમણૂંક કરવાનો પ્રશ્ન રહેતો નથી.

---------

**અરવલ્લી જિલ્લાના બાયડ ખાતે મંજૂર કરવામાં આવેલ આર્ટસ કે કોમર્સ નવીન કોલેજ**

* ૧૪૮૭૯ **શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(બાયડ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના બાયડ ગામે આર્ટસ કે કોમર્સ નવીન કોલેજ મંજૂર કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા તો, કોલેજનુ સ્થળ ક્યાં પસંદ કરવામાં આવેલ છે,

(૩) ઉક્ત સ્થિતિએ કોલેજ શરૂ કરવા માટે શી કાર્યવાહી થયેલ છે, અને

(૪) કોલેજ કેટલા સમયમાં શરૂ થશે?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થથો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થથો નથી

(૪) પ્રશ્ન ઉપસ્થિત થથો નથી.

---------

**રાજ્યમાં વ્યાજબી ભાવની દુકાનોનું જિલ્લા પુરવઠા અને અન્ન અધિકારીઓ દ્વારા દર છ મહીને એકવાર નિરીક્ષણ**

* ૧૪૧૪૩ **શ્રી પુનાભાઇ ઢે. ગામીત(વ્યારા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં વ્યાજબી ભાવની દુકાનો યોગ્ય રીતે કામ કરે તે માટે જીલ્લા પુરવઠા અને અન્ન અધિકારીઓએ દર છ મહિને એક વાર દુકાનોના નિરીક્ષણ કરવાનું હોય છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તાપી જીલ્લામાં ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી વખત નિરીક્ષણ કરવામાં આવ્યું અને ન કરવામાં આવ્યું હોય તો તેના કારણો શાં છે, અને

(૩) નિરીક્ષણ કરવામાં આવેલ દુકાનોમાં ગેરરીતિ કે ખામીઓ જણાઈ હોય તો તેની વિગતો શી છે?

**જવાબ**

(૧) હા, જી. પરંતુ તાજેતરમાં સરકારશ્રીએ વ્યાજબી ભાવની દુકાનના નિરીક્ષણ/તપાસણી સમયે ૧૦૦% રેશકાર્ડનું ક્રોસચેકીંગ એટલે કે ગુણવત્તાસભર તપાસ કરવાનું નક્કી કરેલ છે.

(૨) તા. ૧–૧–૨૦૧૪ થી તા. ૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં તાપી જીલ્લામાં આવેલ દુકાનો પૈકી ૫૮ (અઠ્ઠાવન) દુકાનોની એક વખત અને ૨ (બે) દુકાનોની બે વખત તપાસ કરવામાં આવી.

હયાત જુના બારકોડેડ રેશનકાર્ડ સામે નવા બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ, બાયોમેટ્રીક મેળવવા અને ચકાસણીની અગત્યની કામગીરીમાં વ્યસ્તતાને કારણે બાકી રહેલ દુકાનોનું નિયમોનુસારનું નિરીક્ષણ થઈ શકેલ નથી.

(૩) ગેરરીતિઓ/ ખામીઓની વિગત નીચે મુજબ છે.

૧. રેશનકાર્ડધારકોને અનાજ, ખાંડ તથા કેરોસીનનો જથ્થો નિયત પ્રમાણ કરતાં ઓછો વિતરણ કરવામાં આવે છે.
૨. રેશનકાર્ડમાં નોંધ કર્યા સિવાય આવશ્યક ચીજ વસ્તુઓનો જથ્થો વગે કરવામાં આવેલ હોય.

૩. હાજર જથ્થામાં વધ-ઘટ.
૪. પરમીટ મેળવ્યા બાદ સમયસર જથ્થો ઊપાડવામાં આવેલ નથી.
૫. ધંધાના સ્થળે ભાવ-જથ્થાનું બોર્ડ અદ્યતન નિભાવેલ નથી.
૬. દુકાનમાં આવશ્યક ચીજવસ્તુઓના નમુના પ્રદર્શિત કરેલ નથી તથા ફરિયાદ પેટી રાખેલ નથી.
૭. વેચાણ બીલોમાં કાર્ડધારકોના નામ-સરનામાં, જથ્થો, ભાવ, કિંમતની વિગતો સ્પષ્ટ અને સુવાચ્ય અક્ષરે લખવામાં આવેલ નથી.
૮. હિસાબી રજીસ્ટરો અદ્યતન રાખવામાં આવેલ નથી.
૯. અંત્યોદય તેમજ બી.પી.એલ. રેશનકાર્ડ ધારકોના નામની યાદી દુકાનમાં પ્રસિધ્ધ કરેલ નથી.

---------

**સાબરકાંઠા જિલ્લામાં પ્રાથમિક શાળાના ઓરડાની ઘટ**

* ૧૪૫૬૯ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શાળાના કેટલા ઓરડાની ઘટ છે,

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો | ઘટતા ઓરડાઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | હિંમતનગર | ૧૮૩ |
| ૨ | ઈડર | ૭૮ |
| ૩ | ખેડબ્રહ્મા | ૧૩૪ |
| ૪ | પોશીના | ૧૬૩ |
| ૫ | પ્રાંતિજ | ૬૩ |
| ૬ | તલોદ | ૭૮ |
| ૭ | વડાલી | ૪૦ |
| ૮ | વિજયનગર | ૭૩ |

(૨) ઉકત સ્થિતિએ ઓરડાઓ પૈકી કેટલા ઓરડા ક્ષતિગ્રસ્ત છે, અને

(૨) ૨૪૮

(૩) ઘટતા ઓરડા ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ?

(૩) જેમ બને તેમ જલ્દી.

---------

**આણંદ-ખેડા જિલ્લામાં એક જ વ્યકિત એક કરતા વધારે વ્યાજબી ભાવની દુકાનો ચલાવતા બાબત**

* ૧૪૪૨૩ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ આણંદ-ખેડા જિલ્લામાં તાલુકાવાર એક જ વ્યકિત અથવા સંસ્થા દ્વારા એક કરતાં વધારે વ્યાજબી ભાવની દુકાનો ચલાવતા હોય તેવી કેટલી સંખ્યા છે,

**જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લામાં એક જ વ્યકિત દ્વારા એક કરતાં વધારે વ્યાજબી ભાવની દુકાનો ચલાવતા હોય તેવી સંખ્યા શૂન્ય છે.

આણંદ જિલ્લામાં એક કરતાં વધારે વ્યાજબી ભાવની દુકાનો ચલાવતા હોય તેવી સંસ્થાની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

**આણંદ જિલ્લોઃ**

| ક્રમ | તાલુકાનું નામ | સંસ્થા દ્વારા એક કરતાં વધારે વ્યાજબી ભાવની દુકાનો |
|---|---|---|

| | | ચલાવતા હોય તેવી સંખ્યા |
|---|---|---|
| ૧ | આણંદ (ગ્રામ્ય) | ૯ |
| ૨ | આણંદ (શહેર) | ૧ |
| ૩ | ખંભાત | ૪ |
| ૪ | સોજીત્રા | ૨ |
| ૫ | ઉમરેઠ | ૪ |
| ૬ | આંકલાવ | ૨ |
| ૭ | તારાપુર | ૦ |
| ૮ | પેટલાદ | ૮ |
| ૯ | બોરસદ | ૨ |
| | **કુલ** | **૩૨** |

**ખેડા જિલ્લોઃ**

નડીયાદ સીટી તાલુકામાં એક (૧) સંસ્થા એક કરતાં વધારે વ્યાજબી ભાવની દુકાનો ચલાવે છે. તે સિવાય બાકીના તાલુકાની વિગત શૂન્ય છે.

(૨) સરકાર દ્વારા એક વ્યકિત અથવા સંસ્થા એકથી વધારે દુકાનનું સંચાલન ન કરી શકે તે સંદર્ભમાં કોઈ પરિપત્રો કે સૂચનાઓ કરેલ છે કે કેમ, અને

(૩) જો હા, તો ઉકત સ્થિતિએ તેનો અમલ યોગ્ય રીતે થાય તે માટે સરકારે શાં પગલાં લીધા ?

(૨) અને (૩) : વિભાગના તા.૨-૮-૨૦૦૪ ના ઠરાવથી નક્કી થયેલ નીતિ મુજબ એક જ કુટુંબમાં એકથી વધુ દુકાન મંજૂર થઈ શકે નહી તેમજ સંસ્થા એટલે કે સહકારી મંડળીના કિસ્સામાં માત્ર એક જ દુકાન ફાળવણી થઈ શકે છે.

ખંડ-૧ માં ઉલ્લેખ કરેલ સંસ્થાઓ એકથી વધુ દુકાન ધરાવે છે તે તા.૨-૮-૨૦૦૪ ની નીતિ પહેલાથી અપાયેલ છે. હાલ નીતિ મુજબ એકથી વધુ દુકાન આપવામાં આવતી ન હોઈ પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**છોટાઉદેપુર જિલ્લામાં ગ્રામ પંચાયતોના વિભાજન માટે મળેલ માંગણી**

* ૧૩૮૦૬ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર કઈ ગ્રામ પંચાયતના વિભાજન માટે કેટલી માંગણીઓ આવી,

(૨) આ માંગણીઓ પૈકી કઈ ગ્રામ પંચાયતનું ક્યારે વિભાજન થયું છે,

(૩) વિભાજન ન થયેલ હોય તેવી ગ્રામ પંચાયતની માંગણી ક્યા તબક્કામાં છે, અને

(૪) ક્યારે વિભાજન થશે ?

**જવાબ**

(૧) ૩ (ત્રણ)

| તાલુકાનું નામ | ગ્રામ પંચાયતનું નામ |
|---|---|
| જેતપુર-પાવી | મોટી બુમડી |
| જેતપુર-પાવી | બોરકંડા |
| છોટાઉદેપુર | કીકાવાડા |

(૨) મોટી બુમડી ગ્રામ પંચાયત, તા.જેતપુર-પાવી માંથી મોટી તેજાવાવ ગ્રામ પંચાયતનું તા.૩-૯-૨૦૧૩ થી વિભાજન થયેલ છે.

(૩) જેતપુર-પાવી તાલુકાની બોરકંડા જુથ ગ્રામ પંચાયત અને છોટાઉદેપુર તાલુકાની કીકાવાડા જુથ ગ્રામ પંચાયતની દરખાસ્ત પૂર્તતા માટે જિલ્લા કક્ષાએ પડતર છે.

(૪) સચિવશ્રી ચૂંટણી આયોગ ગાંધીનગરના તા.૨-૧-૨૦૧૫ ના પત્રથી જણાવ્યા મુજબ તાલુકા-જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણીઓ આવવાની હોઈ ગ્રામ પંચાયતનું વિભાજન ન કરવા હાલ જણાવેલ છે. ચૂંટણી આયોગની સૂચના પૂર્ણ થયેથી નિયમ અનુસારની કાર્યવાહી કરવામાં આવશે.

---------

**આણંદ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના અંતર્ગત રોપાઓનું વાવેતર**

* ૧૩૭૦૦ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર સામાજિક વનીકરણ

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચેની વિગતે કુલ ૧૦.૯૫ લાખ રોપાઓનું વાવેતર તથા કુલ

યોજના અંતર્ગત કેટલા રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું તથા તે અન્વયે કેટલો ખર્ચ થયો, અને

રૂ.૩૬૫.૪૨ લાખનો ખર્ચ કરવામાં આવ્યો.

| **વર્ષ** | **તાલુકાનું નામ** | **વાવેતર કરેલ રોપા (લાખમાં)** | **થયેલ ખર્ચ (રૂ.લાખમાં)** |
|---|---|---|---|
| ૨૦૧૩-૧૪ | આણંદ | ૦.૯૦ | ૩૬.૭૫ |
| | આંકલાવ | ૦.૭૩ | ૨૩.૮૯ |
| | બોરસદ | ૦.૬૧ | ૨૫.૫૭ |
| | ખંભાત | ૦.૩૭ | ૯.૮ |
| | પેટલાદ | ૦.૭૨ | ૩૮.૦૩ |
| | સોજીત્રા | ૦.૬૬ | ૨૧.૯૬ |
| | તારાપુર | ૦.૩૪ | ૮.૨૮ |
| | ઉમરેઠ | ૦.૫૬ | ૧૭.૨૨ |
| | **કુલ** | **૪.૮૯** | **૧૮૧.૫૦** |
| **વર્ષ** | **તાલુકાનું નામ** | **વાવેતર કરેલ રોપા (લાખમાં)** | **થયેલ ખર્ચ (રૂ.લાખમાં)** |
| ૨૦૧૪-૧૫ | આણંદ | ૧.૧૮ | ૨૯.૩૫ |
| | આંકલાવ | ૦.૮૪ | ૨૬.૪૯ |
| | બોરસદ | ૦.૬૬ | ૧૯.૪૩ |
| | ખંભાત | ૦.૫૫ | ૧૦.૭૮ |
| | પેટલાદ | ૦.૭૮ | ૨૧.૨૯ |
| | સોજીત્રા | ૦.૭૮ | ૨૨.૨૨ |
| | તારાપુર | ૦.૩૧ | ૪.૯૮ |
| | ઉમરેઠ | ૦.૯૬ | ૪૯.૩૮ |
| | **કુલ** | **૬.૦૬** | **૧૮૩.૯૨** |
| | **એકંદરે કુલ** | **૧૦.૯૫** | **૩૬૫.૪૨** |

(૨) ઉકત સ્થિતિએ કેટલા રોપાઓ જીવંત છે ?

(૨) નીચેની વિગતે કુલ ૯.૮૮ લાખ રોપાઓ જીંવત છે.

| **વર્ષ** | **તાલુકાનું નામ** | **જીંવત રોપા (લાખમાં)** |
|---|---|---|
| ૨૦૧૩-૧૪ | આણંદ | ૦.૭૩ |
| | આંકલાવ | ૦.૬૩ |
| | બોરસદ | ૦.૪૮ |
| | ખંભાત | ૦.૩૨ |
| | પેટલાદ | ૦.૫૭ |
| | સોજીત્રા | ૦.૫૭ |
| | તારાપુર | ૦.૨૬ |
| | ઉમરેઠ | ૦.૫૧ |
| | **કુલ** | **૪.૦૭** |
| **વર્ષ** | **તાલુકાનું નામ** | **જીંવત રોપા (લાખમાં)** |
| ૨૦૧૪-૧૫ | આણંદ | ૧.૧૭ |
| | આંકલાવ | ૦.૭૯ |
| | બોરસદ | ૦.૬૫ |
| | ખંભાત | ૦.૫૫ |
| | પેટલાદ | ૦.૭૧ |
| | સોજીત્રા | ૦.૭૬ |
| | તારાપુર | ૦.૨૯ |

| | | |
|---|---|---|
| | ઉમરેઠ | ૦.૮૯ |
| | **કુલ** | **૫.૮૧** |
| | **એકંદરે કુલ** | **૯.૮૮** |

---------

**વલસાડ જિલ્લામાં માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ખાલી જગ્યાઓ**

* ૧૩૫૪૫ **શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ક્યાં વિષયના કેટલા શિક્ષકોની જગ્યાઓ ખાલી છે, અને

**જવાબ**

(૧) વલસાડ જિલ્લામાં તાલુકાવાર શિક્ષકોની ખાલી જગ્યાઓ.

| **તાલુકો** | **સરકારી શાળાના શિક્ષકો** | | **ગ્રાન્ટેડ શાળાના શિક્ષકો** | |
|---|---|---|---|---|
| | **માધ્યમિક** | **ઉ.મા.** | **માધ્યમિક** | **ઉ.મા.** |
| વલસાડ | ૦૨ | ૦૦ | ૦૯ | ૬૧ |
| પારડી | ૦૫ | ૦૦ | ૦૦ | ૬૩ |
| ઉમરગામ | ૦૬ | ૦૨ | ૦૩ | ૩૧ |
| ધરમપુર | ૦૯ | ૦૨ | ૦૮ | ૩૨ |
| કપરાડા | ૧૭ | ૧૧ | ૦૬ | ૨૮ |

વિષયવાર ખાલી જગ્યાઓનું પત્રક–૧ સામેલ છે.

**પ ત્ર ક – ૧**

**માધ્યમિક શાળાઓ**

| **ક્રમ** | **વિષય** | **સરકારી શાળાઓના શિક્ષક** | **બિન સરકારી ગ્રાન્ટેડ શાળાઓના શિક્ષક** |
|---|---|---|---|
| ૧ | ગુજરાતી | ૦૦ | ૦૮ |
| ૨ | સામાજીક વિજ્ઞાન | ૨૦ | ૦૩ |
| ૩ | ગણિત–વિજ્ઞાન | ૦૪ | ૦૮ |
| ૪ | હિન્દી | ૦૦ | ૦૦ |
| ૫ | અંગ્રેજી | ૧૪ | ૦૭ |
| ૬ | સંસ્કૃત | ૦૦ | ૦૦ |
| ૭ | કૃષિ ડીપ્લોમાં | ૦૦ | ૦૦ |
| ૮ | શારીરિક શિક્ષણ | ૦૧ | ૦૦ |

**ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ**

| **ક્રમ** | **વિષય** | **સરકારી શાળાઓના શિક્ષક** | **બિન સરકારી ગ્રાન્ટેડ શાળાઓના શિક્ષક** |
|---|---|---|---|
| ૧ | અંગ્રેજી | ૦૧ | ૩૩ |
| ૨ | નામુ | ૦૦ | ૨૭ |
| ૩ | આંકડાશાસ્ત્ર | ૦૦ | ૦૭ |
| ૪ | રસાયણ વિજ્ઞાન | ૦૨ | ૧૪ |
| ૫ | ગણિતશાસ્ત્ર | ૦૧ | ૧૩ |
| ૬ | ભૌતિકશાસ્ત્ર | ૦૨ | ૧૩ |
| ૭ | સમાજશાસ્ત્ર | ૦૦ | ૨૨ |
| ૮ | ગુજરાતી | ૦૦ | ૧૨ |
| ૯ | તત્વજ્ઞાન | ૦૦ | ૦૦ |
| ૧૦ | મનોવિજ્ઞાન | ૦૪ | ૦૯ |
| ૧૧ | ભુગોળ | ૦૦ | ૦૧ |
| ૧૨ | સંસ્કૃત | ૦૦ | ૦૫ |

| | | | |
|---|---|---|---|
| ૧૩ | અર્થશાસ્ત્ર | ૦૪ | ૪૩ |
| ૧૪ | જીવવિજ્ઞાન | ૦૧ | ૧૩ |
| ૧૫ | હિન્દી | ૦૦ | ૦૦ |
| ૧૬ | વાણિજય વ્યવસ્થા | ૦૦ | ૦૩ |
| ૧૭ | શારીરિક શિક્ષણ | ૦૦ | ૦૦ |
| ૧૮ | ઉદ્યોગ શિક્ષક | ૦૦ | ૦૦ |
| ૧૯ | અન્ય | ૦૦ | ૦૦ |

(૨) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

(૨) શક્ય તેટલી જલદી.

---------

**રાજ્યમાં પ્રાથમિક શાળાઓમાં ઓરડાની ઘટ**

* ૧૩૮૩૧ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં પ્રાથમિક શાળાઓમાં ઓરડાની ખુબ જ ઘટ છે તે હકીકત સાચી છે,

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં કેટલા ઓરડાઓની ક્યારથી ઘટ છે,

(૩) આ ઓરડાની ઘટના શાં કારણો છે, અને

(૪) આ ઘટ પૂરી કરવા સરકારે શું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) ખુબ જ ઘટ નથી.

(૨)

| વર્ષ | ઘટતા ઓરડાની સંખ્યા | ક્યારથી |
|---|---|---|
| ૨૦૧૩–૧૪ | ૫૮૩ | ૧–૪–૨૦૧૩ |
| ૨૦૧૪–૧૫ | ૪૩૯ | ૧–૪–૨૦૧૪ |

(૩) એપ્રિલ–૨૦૧૦ થી આર.ટી.ઈ. એકટ–૨૦૦૯ની અમલવારી થવાથી તેમજ ધોરણ–૮ નો ઉચ્ચતર પ્રાથમિક શાળામાં સમાવેશ થવાથી.

(૪) આ ઘટ પૂરી કરવા વર્ષ ૨૦૧૪–૧૫ માં ૧૨૮ ઓરડાનું બાંધકામ હાથ ધરવામાં આવેલ છે. તેમજ વર્ષ ૨૦૧૫–૧૬ માં ૩૦૫ ઓરડાઓ બનાવવાનું આયોજન કરેલ છે.

---------

**અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં શિક્ષકોની ખાલી જગ્યાઓ**

* ૧૪૪૪૨ **ડૉ. અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાના તમામ તાલુકાવાર ઉચ્ચ પ્રાથમિક વિભાગોમાં ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી વિષયના શિક્ષકોની કેટલી જગ્યાઓ ખાલી છે,

**જવાબ**

(૧)

| **અરવલ્લી જિલ્લો** | | | |
|---|---|---|---|
| **ક્રમ** | **તાલુકો** | **ખાલી જગ્યા (ઉચ્ચ પ્રા.વિભાગ)** | |
| | | **ભાષા** | **ગણિત–વિજ્ઞાન** |
| ૧ | મોડાસા | ૦ | ૦ |
| ૨ | બાયડ | ૦ | ૧૨ |
| ૩ | ધનસુરા | ૦ | ૨ |
| ૪ | માલપુર | ૦ | ૦ |
| ૫ | મેઘરજ | ૦ | ૧૨ |
| ૬ | ભિલોડા | ૦ | ૦ |
| | **કુલ** | **૦** | **૨૬** |

| **સાબરકાંઠા જિલ્લો** | | | |
|---|---|---|---|
| **ક્રમ** | **તાલુકો** | **ખાલી જગ્યા (ઉચ્ચ પ્રા.વિભાગ)** | |
| | | **ભાષા** | **ગણિત–વિજ્ઞાન** |
| ૧ | હિંમતનગર | ૦ | ૦ |
| ૨ | પ્રાંતિજ | ૦ | ૦ |

| | | | |
|---|---|---|---|
| ૩ | તલોદ | ૦ | ૦ |
| ૪ | ઈડર | ૦ | ૧ |
| ૫ | વડાલી | ૦ | ૨ |
| ૬ | વિજયનગર | ૦ | ૧૦ |
| ૭ | ખેડબ્રહ્મા | ૭ | ૫૦ |
| | **કુલ** | **૭** | **૬૩** |

(૨) આ જગ્યાઓ ભરવા માટે સરકારે શાં પ્રયત્ન કર્યા, અને

(૨) ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં વિદ્યાસહાયકથી જગ્યાઓ ભરવાની કાર્યવાહી ચાલુ છે.

(૩) આ જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) શક્ય તેટલી વહેલી.

---------

**કચ્છ જિલ્લામાં બારકોડેડ કાર્ડ માટે નેટ કનેકટીવીટી ન મળવા બાબત**

* ૧૪૧૧૮ **શ્રી શકિતસિંહજી હ. ગોહિલ (અબડાસા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ અનેક ગામોમાં બારકોડેડ કાર્ડ માટે નેટ કનેકટીવીટી મળતી નથી તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ મુશ્કેલી દુર કરવા સરકારનું ક્યા પગલાં લેવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) નેટ કનેકટીવીટીને માત્ર બારકોડેડ રેશનકાર્ડ સાથે સબંધ નથી. નેટ કનેકટીવીંટી નબળી હોય/કે મળતી ન હોય તો બીજી બધી બાબતો માટે પણ પ્રશ્ન રહે છે.

(૨) નેટ કનેકટીવીટી નબળી હોય/મળતી ન હોય ત્યાં લાભાર્થી કુટુંબને જે તે માસની ૨૦મી તારીખ પછી વગર કુડ કુપને જથ્થાનું વિતરણ કરવાની જોગવાઈ છે.

કનેકટીવીટી મળતી ન હોય તો કુટ કુપન વગર બારકોડેડ રેશનકાર્ડ આધારે આવશ્યક ચીજવસ્તુઓનાં જથ્થાની વિતરણ કરવાની સત્તા કલેકટરશ્રીઓને આપવામાં આવેલ છે.

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

**ગુજરાત રાજય બાંધકામ નિગમ લિમિટેડનો સન ૨૦૧૩–૨૦૧૪નો વાર્ષિક અહેવાલ**

શ્રી નીતિનભાઇ ર. પટેલ (માર્ગ અને મકાન મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય બાંધકામ નિગમ લિમિટેડનો સન ૨૦૧૩–૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો તથા સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત રાજય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૧–૨૦૧૨નો વાર્ષિક અહેવાલ**

શ્રી સૌરભભાઇ પટેલ (કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૧–૨૦૧૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત રાજય બીજ નિગમ લિમિટેડનો સન ૨૦૧૩–૧૪નો વાર્ષિક અહેવાલ**

શ્રી બાબુભાઇ બોખીરીયા (કૃષિ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય બીજ નિગમ લિમિટેડનો સન ૨૦૧૩–૨૦૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત ડેરી વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૩–૧૪નો વાર્ષિક અહેવાલ**

શ્રી બાબુભાઇ બોખીરીયા (પશુપાલન મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ડેરી વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૩–૨૦૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત રાજય નાણાકીય નિગમનો સન ૨૦૧૩–૧૪નો વાર્ષિક અહેવાલ**

શ્રી સૌરભભાઇ પટેલ (ઉદ્યોગ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય નાણાકીય નિગમનો સન ૨૦૧૩–૨૦૧૪નો વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**ગુજરાત હાઉસીંગ બોર્ડનો સન ૨૦૧૨–૨૦૧૩નો વાર્ષિક વહીવટી અહેવાલ**

શ્રી વિજયભાઇ રૂપાણી (શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત હાઉસીંગ બોર્ડનો સન ૨૦૧૨–૨૦૧૩નો વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત સ્લમ કલીયરન્સ બોર્ડનો સન ૨૦૦૮–૨૦૦૯નો વાર્ષિક અહેવાલ**

શ્રી વિજયભાઇ રૂપાણી (શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત સ્લમ કલીયરન્સ બોર્ડના સન ૨૦૦૮–૨૦૦૯ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક હિસાબો, અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત રાજય મહિલા આયોગનો સન ૨૦૧૩–૨૦૧૪નો વાર્ષિક વહીવટી અહેવાલ**

શ્રી વસુબેન ન. ત્રિવેદી (મહિલા અને બાળ વિકાસ મંત્રીશ્રી–રાજયકક્ષા) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય મહિલા આયોગનો સન ૨૦૧૩–૨૦૧૪નો વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનું જાહેરનામું**

શ્રી નીતિનભાઇ ર. પટેલ (શહેરી વિકાસ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સન ૧૯૪૯ના ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ અન્વયેના તા. ૧૫–૧–૨૦૧૫ના જાહેરનામા ક્રમાંક–કેવી/૨૦૧૫નો ૩૮/એમઆઇએસસી/૧૦૨૦૧૪/૫૬૪૦/પી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**જાહેરનામું સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યું.**

**બંદરો અને વાહન વ્યવહાર વિભાગની અધિસૂચના**

શ્રી વિજયભાઇ રૂપાણી (વાહનવ્યવહાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું બંદરો અને વાહન વ્યવહાર વિભાગની સન ૧૯૫૮ના ગુજરાત મોટર વહન વેરા અધિનિયમ અન્વયેની

(૧) તા. ૨૪–૦૧–૨૦૧૪ની અધિસૂચના ક્રમાંક–પીટી/૨૦૧૪/૧/એમટીએ/૧૨૨૦૧૦/૧૮૬૯/ખ તેમજ આ અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

(૨) તા. ૦૫–૦૮–૨૦૧૪ની અધિસૂચના ક્રમાંક–પીટી/૨૦૧૪/૧૬/એમટીએ/૧૨૨૦૧૪/મંત્રી–૨૧/ ખ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચનાઓ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**માહિતી અને પ્રસારણ વિભાગની અધિસૂચનાઓ**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( માહિતી અને પ્રસારણ વિભાગના રાજ્ય કક્ષાના મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું માહિતી અને પ્રસારણ વિભાગની

(૧) ૧૯૭૭ના ગુજરાત મનોરંજન કર અધિનિયમ અન્વયેની તા. ૧૪–૧૧–૨૦૧૪ની અધિસૂચના ક્રમાંક–જીએચટી/૨૦૧૪/૨૫/મનર/૧૦૨૦૧૪ /૧૭૦૫/ એ તથા તા. ૦૬–૧૨–૨૦૧૪ની અધિસૂચના ક્રમાંક જીએચટી/૨૦૧૪/૨૯/ઈપીટી/૧૦૨૦૦૮/૭૨૬/એ

(૨) ૨૦૦૪ના ગુજરાત સિનેમા (નિયમન) અધિનિયમ અન્વયેની તા. ૦૭–૦૧–૨૦૧૪ ની અધિસૂચના ક્રમાંક–જીએચટી/૨૦૧૪/૧/બીસીઆર/૧૦૨૦૦૪/૩૦૮૭/એ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની અધિસૂચનાઓ**

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા (રાજ્ય કક્ષાના પંચાયત મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની સન ૧૯૯૩ના ગુજરાત પંચાયત અધિનિયમ અન્વયેની

(૧) તા. ૧૭–૦૨–૨૦૧૪ની અધિસૂચના ક્રમાંક–કેપી/૨૦૧૪ નો ૧૩/પીઆરઆર/ ૧૦૨૦૧૪/૧૦૬/ખ

(૨) તા. ૭–૦૧–૨૦૧૪ની અધિસૂચના ક્રમાંક–કેપી/૦૨/૨૦૧૪/પીઆરઆર/ ૧૦૨૦૧૩/૧૯૧૧/ખ

(૩) તા. ૨૧–૦૧–૨૦૧૪ની અધિસૂચના ક્રમાંક–કેપી/૨૦૧૪નો ૦૯/પીઆરઆર/ ૧૦૨૦૧૪/૯૪/ખ

(૪) તા. ૨૧–૦૧–૨૦૧૪ની અધિસૂચના ક્રમાંક–કેપી/૨૦૧૪નો ૦૮/પીઆરઆર/ ૧૦૨૦૧૪/૯૩/ખ

(૫) તા. ૨૧–૦૧–૨૦૧૪ની અધિસૂચના ક્રમાંક–કેપી/૨૦૧૪નો ૧૦/પીઆરઆર/ ૧૦૨૦૧૪/૭૭/ખ

(૬) તા. ૦૪–૦૧–૨૦૧૪ની અધિસૂચના ક્રમાંક–કેપી/૦૧/૨૦૧૪/પીઆરઆર/ ૧૦૨૦૧૩/૧૮૯૭/ખ

(૭) તા. ૦૧–૦૧–૨૦૧૪ની અધિસૂચના ક્રમાંક–કેપી/૨૦૧૩નો ૩૭/પીઆરઆર/ ૧૦૨૦૧૩/૧૮૪૭/ખ

(૮) તા. ૨૯–૦૧–૨૦૧૪ની અધિસૂચના ક્રમાંક–કેપી/૨૦૧૪નો ૧૧/પીઆરઆર/ ૧૦૨૦૧૩/૧૮૫૮/ખ

(૯) તા. ૦૧–૦૧–૨૦૧૪ની અધિસૂચના ક્રમાંક–કેપી/૨૦૧૩નો ૩૮/પીઆરઆર/ ૧૦૨૦૧૩/૧૮૫૮/ખ

(૧૦) તા. ૦૧–૦૧–૨૦૧૪ની અધિસૂચના ક્રમાંક–કેપી/૨૦૧૩નો ૩૯/પીઆરઆર/ ૧૦૨૦૧૩/૧૮૪૫/ખ

(૧૧) તા. ૦૧–૦૧–૨૦૧૪ની અધિસૂચના ક્રમાંક–કેપી/૨૦૧૩નો ૪૧/પીઆરઆર/ ૧૦૨૦૧૩/૧૮૪૬/ખ

(૧૨) તા. ૦૧–૦૧–૨૦૧૪ની અધિસૂચના ક્રમાંક–કેપી/૨૦૧૩નો ૪૦/પીઆરઆર/ ૧૦૨૦૧૩/૧૮૯૧/ખ

(૧૩) તા. ૦૧–૦૧–૨૦૧૪ની અધિસૂચના ક્રમાંક–કેપી/૨૦૧૩નો ૩૬/પીઆરઆર/ ૧૦૨૦૧૩/૧૮૪૮/ખ

(૧૪) તા. ૧૪-૦૫-૨૦૧૪ની અધિસૂચના ક્રમાંક-કેપી/૧૮/૨૦૧૪/પીએસઆર/ ૧૨૯૪/૭૦૭/ખ તથા અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચનાઓ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(પહેલો દિવસ)

અધ્યક્ષશ્રી : રાજ્યપાલશ્રીના સંબોધન માટે તારીખ ૨૩મી ફેબ્રુઆરી ૨૦૧૫ના રોજ માનનીય સભ્યશ્રી કેશાજી ચૌહાણ તરફથી જે આભાર પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે અને જેને માનનીય સભ્ય શ્રીમતી ભાનુબેન બાબરીયાએ અનુમોદન આપ્યું છે તે આ પ્રમાણે છે.

રાજ્યપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો-

'' અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજ્યપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ.''

હવે માનનીય સભ્યશ્રીઓ પોતાના સુધારા એક પછી એક રજૂ કરે.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક:૨ રજૂ કરું છું.

'' રાજ્યમાં ૧૦૮ ઇમરજન્સી સેવાના સંચાલન માટે ૧૦૦ નવી એમ્બ્યુલન્સ વસાવવા ૧૫ કરોડની રકમની મંજૂરી આપી છે. પરંતુ આ એમ્બ્યુલન્સ વાનો કેટલા સમયમાં વસાવવામાં આવશે તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

**સુધારા ક્રમાંક:૨ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી મણીલાલ જે. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક:૩ રજૂ કરું છું.

''રાજ્ય સરકારના લાખો કર્મયોગીઓ તેઓના સરકારી વહીવટના અનુભવના આધારે સૂચનો કરે તે આશયથી તાલુકા કક્ષાએ ૨૩૬ તથા જિલ્લા કક્ષાએ ૨૪ ચિંતન શિબિરોનું આયોજન કરવામાં આવ્યું. પરંતુ આ કર્મયોગીઓના કેટલા પડતર પ્રશ્નનો ઉકેલવામાં આવ્યા તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

**સુધારા ક્રમાંક: ૩ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી ધારશીભાઇ લ. ખાનપુરા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક:૫ રજૂ કરું છું.

''રાજ્યમાં અછત વેળાએ પીવાના પાણીની હાડમારીમાંથી પ્રજાને મુકત કરવામાં સફળતા મળી છે. પરંતુ સૌરાષ્ટ્ર અને કચ્છના નાના મોટા શહેરોમાં બારેમાસ નિયમિત ધોરણે પીવાનું પાણી મળી રહે તે માટે કરેલ આયોજનનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.

**સુધારા ક્રમાંક: ૫ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી રમેશભાઇ મ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક:૬ રજૂ કરું છું.

''અગરીયાઓના સ્વાસ્થ્ય માટે પેટા આરોગ્ય કેન્દ્રો અને મોબાઇલ દવાખાનાની સવલતો આપવામાં આવી છે. પરંતુ ક્યા ક્યા વિસ્તારમાં અગરીયાઓને સ્વાસ્થ્ય સેવાઓ અપાય છે તેનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

**સુધારા ક્રમાંક: ૬ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક:૭ રજૂ કરું છું.

''રાજ્યમાં ૩૦ વોલ્વો બસ રાજ્યના અલગ અલગ રૂટ પર શરૂ કરવામાં આવી છે. પરંતુ આ બસોના ભાડા મોંઘા હોવાથી આ રૂટો બંધ કરવા પડ્યા છે, તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

**સુધારા ક્રમાંક: ૭ રજૂ કરવામાં આવ્યો.**

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક:૯ રજૂ કરું છું.

''વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત સન ૨૦૧૪-૧૫ના વર્ષ માટે ફાળવેલ રૂ.૯૦૩૮.૫૪ કરોડની રકમ પૈકીની કેટલી રકમ ક્યા ક્યા વિકાસ કામો માટે ખર્ચાઇ તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

**સુધારા ક્રમાંક: ૯ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક:૧૧ રજૂ કરું છું.

''રાજ્યના શહેરોને ઝૂંપડપટ્ટીમુક્ત બનાવવા તેમજ શહેરી વિસ્તારોમાં વ્યાજબી કિંમતના આવાસો પૂરા પાડવા બાબતે આવાસોની ખરેખર કિંમત કેટલી અને આવા આવાસો માટે લાભાર્થીઓને કેટલી લોન મળશે તથા કેટલી સરકારી સબસિડી મળશે તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

**સુધારા ક્રમાંક:૧૧ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક:૧૨ રજૂ કરું છું.

''મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત નિર્મળ ગુજરાત શૌચાલય યોજના અન્વયે રાજ્યમાં કુલ ૩,૪૫,૧૫૬ જેટલા વ્યક્તિગત શૌચાલયો મંજૂર કરવામાં આવ્યા છે. પરંતુ રાજ્યમાં કુલ કેટલા શૌચાલયોની જરૂરિયાત છે તે બાબતનો કોઇ ઉલ્લેખ નથી.''

**સુધારા ક્રમાંક:૧૨ રજૂ કરવામાં આવ્યો.**

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક:૧૩ રજૂ કરું છું.

''ખેડૂતોના ખેતરોમાં ઢાળીયા સુધી પાણી પહોંચે અને ખેડૂતોની જમીનનો બગાડ ન થાય તે હેતુથી સબમાઇનોર કેનાલના કામો ભૂગર્ભ પી.વી.સી. પાઇપલાઇન મારફત અન્ડર ગ્રાઉન્ડ કરવાનું કામ સોંપાયેલ છે. પરંતુ આ પાઇપલાઇન યોજના બાબતે નિષ્ણાતોની સમિતિએ આપેલ અહેવાલનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.

**સુધારા ક્રમાંક: ૧૩ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક:૧૫ રજૂ કરું છું.

''અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તેમજ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના સરકારી છાત્રાલયોમાં તથા અનુદાનિત છાત્રાલયોમાં વિના મૂલ્યે રહેવા-જમવાની સુવિધા પૂરી પડાઇ છે. પરંતુ આ છાત્રાલયોમાં પ્રાથમિક સુવિધાઓના અભાવે વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલીઓનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

**સુધારા ક્રમાંક: ૧૫ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક:૧૭ રજૂ કરું છું.

''મુખ્યમંત્રી અમૃતમ યોજના તથા મા વાત્સલ્ય યોજના અંતર્ગત રાજ્યના તમામ બી.પી.એલ. પરિવારો તથા રૂ.૧,૨૦,૦૦૦/- સુધીની આવક ધરાવતા પરિવારોની મહિલાઓ અને ૨૧ વર્ષની ઉંમર સુધીના યુવાનો પૈકી કેટલાને આ યોજનાનો લાભ અપાયો તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

**સુધારા ક્રમાંક: ૧૭ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી મેરામણભાઇ મા.ગોરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક:૧૮ રજૂ કરું છું.

''રાજ્યની મહિલા સંચાલિત દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને પ્રોત્સાહન આપવા માટે દૂધ ઘર બનાવવા ૧૫ વર્ષના ભાડા પટ્ટે જમીન ફાળવવાની જોગવાઇ અંતર્ગત કેટલી મહિલા મંડળીઓને કેટલી જમીન ભાડા પટ્ટે અપાઇ તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

**સુધારા ક્રમાંક: ૧૮ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક:૧૯ રજૂ કરું છું.

''સને ૨૦૦૨ થી ૨૦૧૪ દરમિયાન માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની સંખ્યા પૈકી ધો.૯માં વિદ્યાર્થીઓની સંખ્યા વધી છે. પરંતુ તે પૈકી કેટલા વિદ્યાર્થીઓએ સરકારી અને કેટલા વિદ્યાર્થીઓએ ખાનગી શાળામાં પ્રવેશ લીધો તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

**સુધારા ક્રમાંક: ૧૯ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી પ્રવિણભાઇ ઝી. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક:૨૨ રજૂ કરું છું.

''સન ૨૦૦૦માં ગુજરાતમાં ૧૫ યુનિવર્સિટી, ૨૦ સરકારી કોલેજો અને ૩૧૯ અનુદાનિત કોલેજો હતી. વર્તમાન સમયે ૬૨ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ, ૭૨ સરકારી કોલેજો અને ૩૫૬ અનુદાનિત કોલેજો છે. તેમાં

પ્રોફેસરો, વ્યાખ્યાતા અને આચાર્યોની ખાલી જગ્યાઓ સમયસર ભરવાના આયોજન બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

**સુધારા ક્રમાંક: ૨૨ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક:૨૪ રજૂ કરું છું.

''ડિસેમ્બર ૨૦૧૪ સુધીમાં ૮૧૦૮૫ નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા. પરંતુ બાકી રહેતા ખેડૂતોને વીજ જોડાણો કેટલા સમયમાં આપવામાં આવશે તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

**સુધારા ક્રમાંક: ૨૪ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક:૨૫ રજૂ કરું છું.

''વર્ષ ૧૯૯૯ સુધીમાં ૭૬૦૪ આંગણવાડી કેન્દ્રો હતાં, તે વધીને હાલમાં ૩૪૮૫૪ થી વધુ આંગણવાડી કેન્દ્રો પોતાના મકાનમાં બેસે છે. પરંતુ રાજ્યમાં કુલ કેટલી આંગણવાડીઓની જરૂરિયાત છે અને કેટલી આંગણવાડીઓને પોતાના મકાનો નથી તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

**સુધારા ક્રમાંક: ૨૫ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી નટવરસિંહ કુ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક:૨૬ રજૂ કરું છું.

''ગ્રામ્ય વિસ્તારોમાં આધુનિક શહેરીકરણ જેવી સગવડો પૂરી પાડવા ભૂગર્ભ ગટરના કામો શરૂ થયા છે. પરંતુ આ ગ્રામ્ય વિસ્તારના રસ્તાઓ આ કામગીરીથી તોડી નંખાતા આમ જનતાને પડતી હાલાકી દૂર કરવા બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

**સુધારા ક્રમાંક: ૨૬ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી ગેંદાલભાઇ મો. ડામોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક:૨૭ રજૂ કરું છું.

''ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા પ્રકાશિત થયેલા છેલ્લા અહેવાલ અનુસાર સને ૨૦૧૩માં ૭૮ ટકા બેરોજગારોને રોજગારી આપી દેશમાં ગુજરાતે પ્રથમ સ્થાન મેળવ્યું છે. પરંતુ બાકી રહેલ બેરોજગારોને રોજગારી આપવા કરેલ આયોજન બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

**સુધારા ક્રમાંક:૨૭ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક:૨૮ રજૂ કરું છું.

''વનવાસીઓને જમીનના રહેણાંક તેમજ જમીન ખેડવાના અધિકાર આપવા બાબતની કેટલી અરજીઓ હજુ પડતર છે તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

**સુધારા ક્રમાંક:૨૮ રજૂ કરવામાં આવ્યો.**

ડો. મિતેષભાઇ ગરાસિયા માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક:૨૯ રજૂ કરું છું.

''ગરીબ કલ્યાણ મેળાઓમાં ૨૨૭૧૮ યુવક–યુવતીઓને રોજગાર માટેની તાલીમ આપવામાં આવી. પરંતુ તે પૈકી કેટલાને રોજગાર મળેલ છે તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

**સુધારા ક્રમાંક: ૨૯ રજૂ કરવામાં આવ્યો.**

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક:૩૦ રજૂ કરું છું.

''મોસમી છાત્રાલયોમાં રહેતા ૭૩૪૮૭ બાળકોને શાળાએ આવવા–જવા માટે વાહનની સવલતો પૂરી પડાય છે. તે પૈકી કેટલા ખાનગી વાહનો અને કેટલી એસ.ટી. બસો દ્વારા આવી સવલતો અપાય છે તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

**સુધારા ક્રમાંક: ૩૦ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક:૩૧ રજૂ કરું છું.

''રાજ્યમાં નવા જિલ્લા કાર્યાન્વિત થતાં, બોટાદ, દેવભૂમિ–દ્વારકા, છોટાઉદેપુર અને લુણાવાડા સામુહિક આરોગ્ય કેન્દ્રોને જિલ્લા કક્ષાની હોસ્પિટલમાં રૂપાંતરિત કરવા જરૂરી માળખાગત સુવિધા વધારવા રૂ.પ.૨૫ કરોડનું આયોજન કરેલ છે. પરંતુ કેટલા સમયમાં આ કામ પૂર્ણ કરવામાં આવશે તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

**સુધારા ક્રમાંક: ૩૧ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંક:૩૨ રજૂ કરું છું.

'' તા.૧૯-૨-૨૦૧૫ સુધીમાં યોજાયેલા કુલ -૨૪૭ લોક સંવાદ સેતુમાં મળેલ ૧૫૨૩૪ રજૂઆતો પૈકી ૧૩૨૯૬ રજૂઆતોનો હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો. પરંતુ બાકીની રજૂઆતો પરત્વે શું પગલાં લીધાં તેનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.''

**સુધારા ક્રમાંક: ૩૨ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સુધારા ક્રમાંકઃ૩૪ રજૂ કરુ છું.

" રાજયના સરકારી દવાખાનાઓમાં ડોકટરો અને સ્ટાફની ખાલી જગ્યાઓ ભરવા કરવામાં આવેલ આયોજન બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી ".

**સુધારા ક્રમાંકઃ ૩૪ રજૂ કરવામાં આવ્યો.**

**રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પરના સુધારાની એકત્રિત યાદી**

**પ્રસ્તાવના અંતે નીચેના શબ્દો ઉમેરવા**

**''પરંતુ દિલગીર છીએ કે''-**

| અ.નં.<br>૧. | સુધારો<br>૨. | રજૂ કરનાર સભ્યશ્રી<br>૩. |
|---|---|---|
| *૧. | ભરતી કેલેન્ડર અન્વયે સીધી ભરતી ની પ્રક્રિયા સમયસર પૂર્ણ ન થવાને કારણે નિવૃત્ત કર્મીઓને ફરીથી નિમણૂકો આપવછી પડે છે તે બાબતનો | શ્રી શકિતસિંહ ગોહિલ (શ્રી નિરંજન પટેલ) |
| ૨. | રાજયમાં ૧૦૮ ઇમરજન્સી સેવાના સંચાલન માટે ૧૦૦ નવી એમ્બ્યુલન્સ વસાવવા ૧૫ કરોડની રકમની મંજૂરી આપી છે. પરંતુ આ એમ્બ્યુલન્સવાનો કેટલા સમયમાં વસાવવામાં આવશે તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી. | શ્રી જોઇતાભાઇ પટેલ |
| ૩. | રાજય સરકારના લાખો કર્મયોગીઓ તેઓના સરકારી વહીવટના અનુભવના આધારે સૂચનો કરે તે આશયથી તાલુકા કક્ષાએ જિલ્લા કક્ષાએ ૨૪ ચિંતન શિબિરોનું આયોજન કરવામાં આવ્યું. કર્મયોગીઓના કેટલા પડતર પ્રશ્નો ઉકેલવામાં આવ્યા તે પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી. | શ્રી મણીભાઇ વાઘેલા |
| *૪. | કૃષિ વિકાસદરને વધુ વેગવંત બનાવવા ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫નું વર્ષ કૃષિ વર્ષ તરીકે ઉજવાઇ રહયું છે. પરંતુ ખેડુતોને કૃષિ પેદાશોના પોષણક્ષમ ભાવો મળે તે માટેના આયોજનનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી. | શ્રી ગોવાભાઇ રબારી |
| ૫. | રાજયમાં અછત વેળાએ પીવાના પાણીની હાડમારીમાંથી પ્રજાને મુકત કરવામાં સફળતા મળી છે. પરંતુ સૌરાષ્ટ્ર અને કચ્છના નાના મોટા શહેરોમાં બારેમાસ નિયમિત ધોરણે પીવાનું પાણી મળી રહે તે માટે કરેલ આયોજનનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી. | શ્રી ધારશીભાઇ ખાનપુરા |
| ૬. | અગરીયાઓના સ્વાસ્થ્ય માટે પેટા આરોગ્ય કેન્દ્રો અને મોબાઇલ દવાખાનાની સવલતો આપવામાં આવી છે. પરંતુ કયા કયા વિસ્તારમાં અગરીયાઓને સ્વાથ્ય સેવાઓ અપાય છે તેનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી. | શ્રી રમેશભાઇ ચાવડા |
| ૭. | રાજયમાં ૩૦ વોલ્વો બસ રાજયના અલગ અલગ રૂટ પર શરૂ કરવામાં આવી છે. પરંતુ આ બસોના ભાડા મોંઘા હોવાથી આરૂટો બંધ કરવા પડયા છે, તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી. | શ્રી પ્રહલાદભાઇ પટેલ |

| | | |
|---|---|---|
| *૮. | રાજયમાં તબીબી શિક્ષણ ક્ષેત્રે જુદી જુદી બેઠકો ઉપલબ્ધ છે તેમાં સરકારી અને ખાનગી કોલેજોમાં કેટલી સીટો તેમજ એન.આર.આઇ. સીટો છે તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી. | શ્રી અશ્વિનભાઇ કોટવાલ |
| ૯. | વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત સન ૨૦૧૪–૧૫ના વર્ષ માટે ફાળવેલ રૂ. ૯૦૩૮.૫૪ કરોડની રકમ પૈકીની કેટલી રકમ કયા કયા વિકાસ કામો માટે ખર્ચાઇ તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી. | ડૉ. અનિલભાઇ જોષીયારા |
| *૧૦. | રાજયની તમામ શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોના શાળા આરોગ્ય ફ્રારયક્રમ હેઠળ કુલ કેટલા વિદ્યાર્થીઓને ૧૦૦ ટકા સરકારના ખર્ચે સારવાર અપાઇ તેનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી. | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર |
| ૧૧. | રાજયના શહેરોને ઝુંપડપટ્ટીમુકત બનાવવા તેમજ શહેરી વિસ્તારોમાં વ્યાજબી કિંમતના આવાસો પુરા પાડવા બાબતે આવાસોની ખરેખર કિંમત કેટલી અને આવાવ આવાસો માટે લાભાર્થીઓને કેટલી લોન મળશે તથા કેટલી સરકારી સબસીડી મળશે તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી. | શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા |
| ૧૨. | મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત નિર્મળ ગુજરાત શૌચાલય યોજના અન્વયે રાજયમાં કુલ ૩,૪૫,૧૫૬ જેટલા વ્યકિગત શૌચાલયો મંજૂર કરવામાં આવ્યા છે. પરંતુ રાજયમાંકુલ કેટલા શૌચાલયોની જરૂચાત છે તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી. | શ્રી મહેન્દ્રસિંહ બારૈયા |
| ૧૩. | ખેડૂતોના ખેતરોમાં ઢાળીયા સુધી પાણી પહોંચે અને ખેડુતોની જમીનનો બગાડ ન થાય તે હેતુથી સબમાઇનોર કેનાલના કામો ભૂગરભ પી.વી.સી. પાઇપલાઇન મારફત અન્ડર ગ્રાઉન્ડ કરવાનું કામ સોંપાયેલ છે. પરંતુ આ પાઇપલાઇન યોજના બાબતે નિષ્ણાતોની સમિતિએ આપેલ અહેવાલનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી. | ડૉ. તેજશ્રીબેન પટેલ (શ્રી કરમશીભાઇ પટેલ) |
| *૧૪. | રાજયમાં દુધ ઉત્પાદક સંઘો ધ્વારા દૈનિક ૧૨૫.૭૫ લાખ લિટર દુધ એકત્ર કરાય છે. પરંતુ રાજયની આમ જનતાને આ દુધ વ્યાજબી ભાવે મળી રહે તેવા આયોજનનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી. | શ્રી ગ્યાસુદ્દીન શેખ |
| ૧૫. | અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તેમજ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના સરકારી છાત્રાલયોમાં તથા અનુદાનિત છાત્રાલયોમાં વિના મુલ્યે રહેવા–જમવાની સુવિધાઓના અભાવે વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલીઓનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી. | શ્રીશૈલેષભાઇ પરમાર |
| *૧૬. | મહિલાઓની સુરક્ષા માટે તેઓને પોલીસ કાઉન્સેલર અને તબીબી સહાય વઝડપથી આપવા હેલ્પલાઇન અભયમ ચાલુ કરવામાં આવી છે. પરંતુ તેનો કેટલી મહિલાઓએ લાભ લીધો અને મહિલા પોલીસ સ્ટેશનમાં કેટલી મહિલાઓની ફરીયાદો નોંધવામાં આવી તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી. | શ્રીમહંમદજાવીદ પીરજાદા |
| ૧૭. | મુખ્યમંત્રી અમુતમ યોજના તથા મા વાત્સલ્ય યોજના અંતર્ગત | શ્રીરાઘવજીભાઇ પટેલ |

| | | |
|---|---|---|
| | રાજયના તમામ બી.પી.એલ. પરિવારો તથા રૂ. ૧,૨૦,૦૦૦/– સુધીની આવક ધરાવતા પરિવારોની મહિલાઓ અને ૨૧ વર્ષની ઉંમર સુધીના યુવાનો પૈકી કેટલાને આ યોજનાનો લાભ અપાયો તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી. | |
| ૧૮. | રાજયની મહિલા સંચાલીત દુધ ઉત્પાદક સહકારી મંડળીઓને પ્રોત્સાહન આપવા માટે દુધ  ઘર બનાવવા ૧૫ વર્ષના ભાડા પટ્ટે જમીન ફાળવવાની જોગવાઇ અંતર્ગત કેટલી મહિલા મંડળીઓને કેટલી જમીન ભાડા પટ્ટે અપાઇ તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી. | શ્રી મેરામણભાઇ આહીર |
| ૧૯. | સને ૨૦૦૨ થી ૨૦૧૪ દરમિયાન માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની સંખ્યા પૈકી ધો. ૯ માં વિદ્યાર્થીઓની સંખ્યા ઘી છે. પરંતુતે પૈકી કેટલા વિદ્યાર્થીઓએ સરકારી અને કેટલાવિદ્યાર્થીઓએ ખાનગી શાળામાં પ્રવેશ લીધો તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી. | શ્રીહર્ષદભાઇ રીબડીયા |
| *૨૦. | તાજેતરમાં રાજયમાં બનેલા નવ જિલ્લાઓ પૈકી ગીર–સોમનાથ અને અરવલ્લી જિલ્લામાં સામુહિક આરોગ્ય કેન્દ્રને જિલ્લા કક્ષાની હોસ્પિટલમાં રૂપાંતર કરવા બાબતના આયોજનનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી. | શ્રી પંજાભાઇ વંશ |
| *૨૧. | કૃષિ પેદાશોના ભાવો નીચે જતા ખેડૂતોને રૂ. ૧૧૦૦ કરોડનું પેકેજ જાહેર કરેલ છે પરંતુ આ પેકેજ થકી અત્યરસુધી કેટલ ખેડૂતોને તેનોલાભ મળ્યો તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી. | શ્રી પરેશભાઇ ધાનાણી |
| ૨૨. | સન ૨૦૦૦માં ગુજરાતમાં ૧૫ યુનિવર્સિટી, ૨૦ સરકારી કોલેજો અને ૩૧૯ અનુદાનિત કોલેજો હતી. વર્તમાન સમયે ૬૨ ઉચ્ચ શિક્ષાણ સંસ્થાઓ, ૭૨ સરકારી કોલેજો અને ૩૫૬ અનુદાનિત કોલેજો છે. તેમાં પ્રોફેસરો, વ્યાખ્યાતા અને આચાર્યોની ખાલી જગ્યાઓ સમયસર ભરવાના આયોજન બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી. | શ્રી પ્રવિણભાઇ રાઠોડ |
| *૨૩. | રાજયમાં અંતરીયાળ વિસ્તારમાં વધુ શિક્ષણ સુવિધા ઉપલબ્ધ કરાવવા ૨૧ પ્રાથમિક શાળા અને ૮ પ્રારંભિક શાળાઓ કયા વર્ષમાં અને કયા ગામોમાં શરૂ કરવામાં આવી તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી. | શ્રી રાજેન્દ્રસિંચ પરમાર |
| ૨૪. | ડિસેમ્બર ૨૦૧૪ સુધીમાં ૮૧૦૮૫ નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા. પરંતુ બાકી રહેતા ખેડુતોને વીજ જોડાણો કેટલા સમયમાં આપવામાં આવશે તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી. | શ્રી અમિત ચાવડા |
| ૨૫. | વર્ષ ૧૯૯૯ સુધીમાં ૭૬૦૪ આંગણવાડી કેન્દ્રો હતા, તે વધીને હાલમાં ૩૪૮૯૫૪ થી વધુ આંગણવાડી કેન્દ્રો પોતાના મકાનમાં બેસે છે. પરંતુ રાજયમાં કુલ કેટલી આંગણવાડીઓની જરૂરીયાત છે અને કેટલી આંગણવાડીઓને પોતાના મકાનો નથી તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી. | શ્રી પુનમભાઇ પરમાર |
| ૨૬. | ગ્રામ્ય વિસ્તારોમાં આધુનિક શહેરીકરણ જેવી સગવડો પૂરી પાડવા ભૂગર્ભ ગટરના કામો શરૂ થયા છે. પરંતુ આ ગ્રામ્ય વિસ્તારના | શ્રી નટવરસિંહ ઠાકોર |

| | | |
|---|---|---|
| | રસ્તાઓ આ કામગીરીથી તોડી નંખાતા આમ જનતાને પડતી હાલાકી દૂર કરવા બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી. | |
| ૨૭. | ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા પ્રકાશિત થયેલા છેલ્લા અહેવાલ અનુસાર સને ૨૦૧૩માં ૭૮ ટકા બેરોજગારોને રોજગારી આપી દેશમાં ગુજરાતે પ્રથમ સ્થાન મેળવ્યું છે. પરંતુ બાકી રહેલ બેરોજગારોને રોજગારી આપવા કરેલ આયોજન બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી. | શ્રી ગેંદાલભાઇ ડામોર |
| ૨૮. | વનવાસીઓને જમીનના રહેણાંક તેમજ જમીન ખેડવાના અધિકાર આપવા બાબતની કેટલી અરજીઓ હજુ પડતર છે તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી. | શ્રી સી. કે. રાઉલજી |
| ૨૯. | ગરીબ કલ્યાણ મેળાઓમાં ૨૨૭૧૮ યુકવ-યુવતીઓને રોજગાર માટેની તાલીમ આપવામાં આવી. પરંતુ તે પૈકી કેટલાને રોજગાર મળેલ છે તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી. | ડો. મિતેષભાઇ ગરાસિયા |
| ૩૦. | મોસમી છાત્રાલયોમાં રહેતા ૭૩૪૮૭ બાળકોને શાળાએ આવવા જવા માટે વાહનની સવલતો પૂરી પડાય છે. તે પૈકી કેટલા ખાનગી વાહનો અને કેટલી એસ.ટી. બસો દ્વારા આવી સવલતો અપાય છે તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી. | શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા |
| ૩૧. | રાજયમાં નવા જિલ્લા કાર્યાન્વિત થતાં, બોટાદ, દેવભૂમિ-દવારકા, છોટા ઉદેપુર અને લુણાવાડા સામૂહિક આરોગ્ય કેન્દ્રોને જિલ્લા કક્ષાની હોસ્પિટલમાં રૂપાંતરિત કરવા જરૂરી માળખાગત સુવિધા વધારવા રૂ. ૫.૨૫ કરોડનું આયોજન કરેલ છે. પરંતુ કેટલા સમયમાં આ કામ પૂર્ણ કરવામાં આવશે તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી. | શ્રી મોહનસિંહ રાઠવા |
| ૩૨. | તા. ૧૯/૨/૨૦૧૫ સુધીમાં યોજાયેલા કુલ-૨૪૭ લોક સંવાદ સેતુમાં મળેલ ૧૫૨૩૪ રજૂઆતો પૈકી ૧૩૨૯૬ રજૂઆતોનો હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો. પરંતુ બાકીની રજૂઆતો પરત્વે શું પગલાં લીધાં તેનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી. | શ્રી પુનાભાઇ ગામીત |
| *૩૩. | રાજયમાં તમામને સરકાર આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવે છે. પરંતુ સ્વાઇન ફ્લુના રોગની ચકાસણી માટે લેબોરેટરીઓ દરેક જિલ્લા અને તાલુકા કક્ષાએ ઉપલબ્ધ કરાવવાના આયોજનનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી. | શ્રી ઇશ્વરભાઇ પટેલ |
| ૩૪. | રાજયના સરકારી દવાખાનાઓમાં ડોકટરો અને સ્ટાફની ખાલી જગ્યાઓ ભરવા કરવામાં આવેલ આયોજન બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી. | શ્રી બલવંતસિંહ રાજપૂત |

*આ સુધારાઓ સભાગૃહમાં રજૂ થઇ શકયા નહીં.

શ્રી કેશાજી શિ. ચૌહાણ(દિયોદર) : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ આપ આ વિધાનસભામાં ઉપાધ્યક્ષ તરીકે ચૂંટાણા એ બદલ આપને અભિનંદન પાઠવું છું. માનનીય અધ્યક્ષશ્રી, આજે આનંદ અને ગૌરવનો અવસર છે, કે મહામહિમ રાજયપાલશ્રીએ આ સન્માનનીય સભાગૃહ સમક્ષ સંબોધન કર્યુ તે બદલ આભાર પ્રસ્તાવ મૂકવાની તક ગુર્જર ધરાની ખેડૂત પુત્રી નારી તું નારાયણીનું ગુજરાત અને દેશને દર્શન કરાવનાર, શકિત સ્વરૂપા ગતિશીલ ગુજરાતના પ્રણેતા, દીયોદર મતવિસ્તાર જેવા પછાત મત વિસ્તારમાંથી

મારા જેવા ગ્રામિણ અને પછાત વર્ગના પ્રતિનિધિને આ તક આપી તે બદલ આભાર માનવા મારી પાસે પૂરતા શબ્દ નથી. મારી વાણી અપૂર્ણ છે, ભાષા શૈલીમાં કોઇ એવી ભાષા નથી જે ભાષા વડે હું એમનો આભાર વ્યકત કરી શકું. માનનીય અધ્યક્ષશ્રી, આ ગૌરવ માટે હું તો માત્ર નિમિત્ત છું, પણ આ ગૌરવ એ બનાસકાંઠા જેવા પછાત અને સરહદી જિલ્લાનું ગૌરવ છે, આ ગૌરવ એ ગુજરાતની છ કરોડની જનતામાં ૫૦ ટકા કરતા પણ વધારે વસ્તી ધરાવતા બક્ષીપંચ સમાજનું ગૌરવ છે. આ ગૌરવ એ બક્ષીપંચ સમાજમાં સૌથી મોટો સમાજ ઠાકોર સમાજનું આ ગૌરવ છે, આવી ઉમદા તક આપવા બદલ આ રાજયના પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ અને ગુજરાત સરકારનો હું કાયમ માટે ઋણી રહીશ.

સને ૧૯૪૭માં આપણો દેશ આઝાદ થયો, સને ૧૯૫૦માં આપણા દેશનું બંધારણ અમલમાં આવ્યું, આ સ્વતંત્ર ભારતના પહેલા વડાપ્રધાન એ ગુજરાતના સપુત, અખંડ ભારતના ઘડવૈયા, ભારતના લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઇ પટેલ એ સ્વતંત્ર ભારતના પહેલા વડાપ્રધાન બનવા જોઇતા હતા પરંતુ એ વખતની રાજકીય પરિસ્થિતિના કારણે સરદાર વલ્લભભાઇ પટેલ ભારતના વડાપ્રધાન બની ન શકયા, ગુજરાત વડાપ્રધાન પદથી વંચિત રહ્યું. જો સરદાર વલ્લભભાઇ પટેલ એ આ દેશના પહેલા વડાપ્રધાન બન્યા હોત તો દેશનો વિકાસનો નકશો કંઇક જુદો જ હોત, એ પછી સને ૧૯૭૭માં ગુજરાત વતી મોરારજીભાઇ દેસાઇ આ દેશના વડાપ્રધાન બન્યા પણ એમને પણ ટકવા દીધા નહીં. સને ૨૦૧૪નું વર્ષ એ ગુજરાતના રાજકીય ઈતિહાસમાં ઐતિહાસિક વર્ષ રહ્યું. સમગ્ર દેશમાં જયારે રાજકીય ક્ષેત્રે નિરાશા અને હતાશાનું વાતાવરણ હતું તેવા સમયે ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય નેતૃત્વએ ગુજરાતમાં તૃષ્ટિકરણની રાજનીતિને જાકારો આપી સૌનો સાથ, સૌના વિકાસના મંત્ર સાથે શરૂ કરેલી વિકાસની રાજનીતિના પ્રણેતા ઝડપી ઔદ્યોગિક વિકાસ તેમજ સૌથી વધુ યુવા રોજગારી ઉભી કરવા માટે વાઇબ્રંટ ગુજરાત સમીટના પાયોનિયર, એક ભારત, શ્રેષ્ઠ ભારતનો મંત્ર ચરિતાર્થ કરવા માટે તેમજ સરદાર સાહેબના વ્યકિતત્વનો વિશ્વમાં સાક્ષાત્કારના આશયથી સરદાર વલ્લભભાઇ પટેલની વિશ્વની સૌથી મોટી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીનો પાયો નાખનાર, જો ગરીબી દૂર કરવી હોય તો માત્ર જ્ઞાન દ્વારા જ ગરીબી નાબૂદ કરી શકાય, શિક્ષણનો આ સંદેશો ગુજરાતના દરેક ગામ સુધી, દરેક ઘર સુધી, દરેક નાગરિક સુધી પહોંચાડવા માટે શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ રથયાત્રાનો ધ્વજ લહેરાવનાર, ગુજરાતમાં જ્યોતિગ્રામ યોજના દ્વારા ગુજરાતના ૧૮ હજાર કરતાં વધુ ગામડાંઓમાં ૨૪ કલાક વીજળીનો પ્રકાશ પાથરનાર, રાજયમાં કચ્છ, ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રની સૂકીભઠ્ઠ ધરતી સુધી નર્મદાનું નીર પહોંચાડનાર, ગુજરાતના પનોતા પૂત્ર શ્રી નરેન્દ્રભાઇ મોદીને વડાપ્રધાનના ઉમેદવાર જાહેર કરતાં સમગ્ર દેશમાં નવી આશાનો જન્મ થયો. સમગ્ર ગુજરાત સહિત સમગ્ર દેશમાં ઉત્સાહ અને ઉમંગનું વાતાવરણ ઉભું થયું. આઝાદીની ચળવળ વખતે દેશમાં જે જોમ, જુસ્સો અને ઝનૂન હતું તેવા જોમ, જૂસ્સા અને ઝનૂનના દેશની પ્રજામાં ફરી દર્શન થયાં અને દેશની જનતા દેશમાં રાજકીય પરિવર્તન માટે અધીરી બની. જેના પરિણામ સ્વરૂપ લોકસભાની ચૂંટણીઓ પછી દિલ્હીના લાલ કિલ્લા ઉપરથી રાષ્ટ્રધ્વજ ફરકાવતા શ્રી નરેન્દ્રભાઇ મોદીને દુનિયાની કોઇ તાકાત રોકી ન શકી. ગુજરાતની તમામ ૨૬ બેઠકો સાથે ૩૦ વર્ષ પછી સ્પષ્ટ બહુમતિ સાથે આપણા નરેન્દ્રભાઇ રાષ્ટ્રનાયક બન્યા. ગુજરાત લોકસભામાં કોંગ્રેસ મુક્ત બન્યું. કોંગ્રેસની દેશમાં ઐતિહાસિક હાર થઇ. લોકસભામાં વિરોધ પક્ષ તરીકે બેસી શકે તેટલી બેઠકો પણ કોંગ્રેસ મેળવી શકી નહીં. આઝાદી પછી કોંગ્રેસના વિસર્જનની ગુજરાતના સપૂત મહાત્મા ગાંધીની ઇચ્છા ગુજરાતના જ પનોતા પૂત્ર નરેન્દ્રભાઇ મોદી દ્વારા પૂરી થઇ હોય તેવો અહેસાસ દેશની જનતાને થયો. એક ચા વાળાને દેશના વડાપ્રધાન બનાવવા બદલ દેશની જનતાને કોટી કોટી સલામ કરું છું અને ગૃહના માધ્યમથી દેશને અભિનંદન આપું છું. મોદી સાહેબ દેશના વડાપ્રધાન બનતાંની સાથે જ ભુંડા પેટ સામા નમે એ ન્યાયે વર્ષોથી કેન્દ્ર દ્વારા થતા અન્યાય બાબતે ન્યાય આપવાનું નરેન્દ્રભાઇએ શરૂ કર્યું. ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા યોજના, સરદાર સરોવર ડેમની ઉંચાઇ ૧૨૧.૯૨ મિટર પૂર્ણ થઇ છે. કેન્દ્ર સરકારની મંજૂરી વગર એ ડેમ ઉપર દરવાજા ચડાવવાનું કામ ઘણા સમયથી બંધ હતું. શ્રી નરેન્દ્રભાઇ મોદીએ વડાપ્રધાન બનતાં જ ૧૭માં દિવસે એમણે નર્મદા ડેમ ઉપર દરવાજા મૂકવા મંજૂરી આપી દીધી અને જે દિવસે મંજૂરી મળી એ જ દિવસે આ રાજયના પ્રથમ મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે દરવાજા મૂકવાના કામનો શુભારંભ પણ કરાવી દીધો. આ નર્મદા બંધના દરવાજા મૂકવાની મંજૂરી આપવા બદલ નરેન્દ્રભાઇ મોદીનો

ગુજરાતની જનતા વતી હું આભાર માનું છું. એક પણ ક્ષણનો વિલંબ કર્યા વગર, નર્મદા ડેમના દરવાજાનું કામ શરૂ કરવા બદલ રાજ્યના મુખ્યમંત્રીને પણ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતનું શાસન પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે સંભાળતાની સાથે જ એમણે આપણા લોકલાડિલા વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી દ્વારા કંડારાયેલી વિકાસની કેડીને વધુ મજબૂતી આપવા માટેના અનેક પગલા લીધા છે. રાષ્ટ્રનું યુવાધન ગાંધીજીના જીવનમાંથી પ્રેરણા લઇ સર્વાંગી વિકાસ પામે એવા શુભ આશય સાથે આ વર્ષે પ્રવાસી ભારતીય દિવસની ઊજવણી ગુજરાતના આંગણે મહાત્મા મંદિર ખાતે કરવામાં આવી. ગુજરાતને આવી તક આપવા બદલ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી અને કેન્દ્ર સરકારનો આ ગૃહના માધ્યમથી આભાર વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, તાજેતરમાં ગુજરાત સહિત સમગ્ર દેશમાં સ્વાઇન ફ્લૂનો પ્રકોપ જોવા મળે છે. આ જીવલેણ રોગથી રાજ્યની પ્રજાને બચાવવા માટે ગુજરાત સરકારે યુદ્ધના ધોરણે અનેક પગલા લીધા છે. પોતાના જીવના જોખમે આ કુદરતી આફતમાંથી રાજ્યની પ્રજાને ઉગારવા માટેનો ભગીરથ પ્રયાસ કરવા બદલ રાજ્યના ડોકટરો, રાજ્યના આરોગ્ય વિભાગને સલામ કરું છું અને આપના મારફત એમને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગતિશીલ ગુજરાત એટલે દમદાર પરિશ્રમ અને વિકાસની વણજાર.

**''ન ધરા સુધી, ન ગગન સુધી, મારે જાવું છે છેવાડાના માનવી સુધી''**
**અને ''આઓ જલાયે દીપ વહાં જહાં અભી ભી અંધેરા હૈ''**

ના મંત્રો સાથે રાજ્ય સરકાર સરકારી યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચે તથા તેનો સઘન મોનિટરિંગ થાય તે આશયથી માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન દ્વારા ગતિશીલ ગુજરાત નામનો લોકાભિમૂખ કાર્યક્રમ ચલાવવામાં આવે છે. મહિલાઓનું સશક્તિકરણ, પોષણયુક્ત ગુજરાત, મહાત્મા ગાંધી સ્વચ્છતા અભિયાન, લોક સંવાદ સેતુ કાર્યક્રમ, ગરીબ કલ્યાણ મેળાઓ, ચિંતન શિબિર, ઓન લાઇન સ્વાગત કાર્યક્રમ જેવા કાર્યક્રમોને ઝૂંબેશના રૂપમાં લઇ ગતિશીલ ગુજરાતના સૂર્યોદયનો સંકલ્પ અને નક્કર અમલીકરણનું અજવાળું હવે ગુજરાતના ગામે ગામ પ્રસરી રહ્યું છે. ગતિશીલ ગુજરાતનું અભિયાન ઉપાડી માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે એક નવી શાસનશૈલીનું આહવાન કર્યું છે. રાજ્યના વહિવટી તંત્રએ પોતાની આગવી કાર્યક્ષમતાથી સમગ્ર રાષ્ટ્રમાં એક પ્રતિષ્ઠિત છાપ ઊભી કરી છે આના માટે રાજ્યના વહિવટી તંત્રને આપના મારફત લાખ લાખ વાર અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના બે મહત્વાકાંક્ષી કાર્યક્રમો સ્વચ્છ ભારત અભિયાન અને પ્રધાનમંત્રી જનધન યોજનાના કાર્યક્રમમાં અગ્રેસર રહી ઉચ્ચ સિદ્ધિઓ પ્રાપ્ત કરવા બદલ ગુજરાત સરકારને અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના અસંગઠિત શ્રમિકોનો વિકાસ થાય, તેમના હક તેઓને મળી રહે ''શ્રમ મૈવ જય તે'' તેનો મંત્ર સાકાર થાય અને શ્રમદાન દ્વારા શ્રમિકો ગુજરાત અને દેશના વિકાસમાં પોતાનું યોગદાન આપી શકે તે આશયથી રાજ્યના ૨૦ જિલ્લા મથકોએ પૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી બાજપાયીજીના જન્મ દિવસે આ રાજ્ય સરકારે દરિદ્ર નારાયણની સેવા કરવાનો મહાયજ્ઞ કર્યો છે. આ ગરીબોના મહાયજ્ઞની વખતે પણ કેટલાક મારા મિત્રોએ વિરોધ કરેલો. આ વિરોધ કરનારાઓ માટે તુલસીદાસજીએ કહ્યું છે

''તુલસી હાય ગરીબ કી, કભી ખાલી ના જાય,
મૂએ ઢોર કે ચર્મ સે, લોઢા ભી ભસ્મ હો જાય.''

આવો યજ્ઞ કરવા બદલ હું રાજ્યના મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું. આપ સૌનો આભાર.

શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ(ગ્રામ્ય) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યના લોકશાહીના આ મંદિરમાં આદરણીય રાજ્યપાલશ્રીએ જે પ્રવચન કર્યું અને એ પ્રવચનનો આભાર પ્રસ્તાવ લઇને આ ગૃહના સભ્યશ્રી કેશાજીભાઇ ચૌહાણ જ્યારે આવ્યા છે ત્યારે તેમની વાતને સમર્થન સાથે ગુજરાતની ભા.જ.પ.ની સરકારની વિકાસલક્ષી યોજનાઓની હું અહીંયા વાત કરવા ઉપસ્થિત થઇ છું તે પહેલાં માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં આપની ઉપાધ્યક્ષ તરીકેની જે વરણી થઇ છે એ વરણીને હું ખૂબ ખૂબ શુભકામનાઓ પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યની સ્થાપના ૧૯૬૦માં થઇ ત્યારથી અત્યાર સુધીના ઇતિહાસમાં પ્રથમ વખત ગુજરાતની અને આ દેશની લોકશાહીની ચુંટણીમાં કેન્દ્રમાં સ્પષ્ટ બહુમતિ ધરાવતી ભા.જ.પ.ની

સરકાર બની છે ત્યારે આપણને સૌને ગુજરાતી હોવાનું ગૌરવ થાય એવા ગુજરાતના પનોતા પૂત્ર શ્રી નરેન્દ્રભાઇ મોદી, પારદર્શક વહીવટ કરતા આ દેશના વડાપ્રધાન બન્યા છે અને આપણને સૌને એક ગુજરાતી હોવાનું ગૌરવ અપાવ્યું છે અને સમગ્ર દેશમાં આપણું ગુજરાત અત્યારે વિકાસનું રોલ મૉડેલ બન્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રપતિ ચંદ્રક વિજેતા, શિક્ષણ, માર્ગ–મકાન, મહેસૂલ, શહેરી વિકાસ, આપત્તિ વ્યવસ્થાપન, મહિલા અને બાળ વિકાસ જેવા અનેક અગત્યના ખાતાઓમાં ઐતિહાસિક કામગીરી કહી શકાય એવા સીમાચિહ્નરૂપી કામગીરી કરી છે અને એવા આ રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રી બહેન શ્રીમતી આનંદીબેન પટેલ કે જેઓએ એક મુખ્યમંત્રી તરીકેની શાસનધુરા સંભાળી અને સંભાળતાની સાથે જ ગતિશીલ ગુજરાતને વધુ ને વધુ વેગવંતુ બનાવ્યું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર દ્વારા જે યોજનાઓ બનતી હોય તેનો લાભ લોકો સુધી પહોંચે તે માટે થઇને જે વિકાસના જે કામો થતા હોય તે કામોનું સતત ને સતત મોનીટરીંગ થાય એ આશયથી ગુજરાત ગતિશીલ ગુજરાત નામનો લોકહિતનો આ કાર્યક્રમ તા.૨૩–૬–૨૦૧૪ના રોજ જાહેર કરવામાં આવ્યો અને શ્રીમતી આનંદીબેને આદર્શ કહી શકાય એવો ગતિશીલ ગુજરાતનો કાર્યક્રમ કર્યો.

માનનીય અધ્યક્ષશ્રી, આ કાર્યક્રમના પ્રથમ તબક્કામાં પહેલા અગિયાર મુખ્ય મુદ્દા અને એકાવન જુદા જુદા પેટા મુદ્દા એમાં મહિલાઓનું સશક્તિકરણ હોય કે પોષણયુક્ત ગુજરાત હોય, મહાત્મા ગાંધીનું સ્વચ્છતા મીશન હોય કે લોકસંવાદ સેતુ હોય, ગરીબ કલ્યાણ મેળા હોય કે સ્વાગત કાર્યક્રમ, આમ વહીવટી તંત્ર લોકો સુધી પહોંચે એવા શુભ આશયથી ગતિશીલ ગુજરાતનો આ કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો.

માનનીય અધ્યક્ષશ્રી, હું એક મહિલા પ્રતિનિધિ છું, ત્યારે મને કહેતાં ખૂબ જ ગર્વ થાય છે કે, પ્રથમ વખત ગુજરાતમાં આપણા પ્રથમ મહિલા મુખ્યમંત્રી બહેન શ્રીમતી આનંદીબેનના માર્ગદર્શન દ્વારા ફક્ત ને ફક્ત બહેનો માટે થઇને મહિલા સશક્તિકરણનું એક પખવાડિયું ઉજવવામાં આવ્યું. પહેલી ઓગસ્ટથી પંદરમી ઓગસ્ટ સુધી, જ્યારે સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી થવાની હોય તે પહેલાં ફક્ત ને ફક્ત બહેનોની ચિંતા કરવામાં આવી અને આ પખવાડિયામાં બહેનો માટે થઇને જે જુદી જુદી યોજનાઓ હોય એ યોજનાઓની માહિતી મહિલા સશક્તિકરણ, કોઇ જગ્યાએ બહેનો ઉપર ઘરેલું હિંસા થતી હોય તો એ હિંસામાંથી એને કેવી રીતે બહાર નીકળવું, આમ અનેક પ્રકારની માહિતી સાથે સાથે બહેનો આર્થિક રીતે પગભર કેવી રીતે થઇ શકે સમાજમાં સ્વમાનભેર કેવી રીતે જીવી શકે આ સમગ્ર બાબતોને આવરી લઇને મહિલા સશક્તિકરણના પખવાડીયાની ઉજવણી કરવામાં આવી. સાથેસાથે એક મહિલા મુખ્યમંત્રી આવ્યા અને બહેનોની જે ચિંતા કરી ૩૦ ટકા બહેનોની નોકરીમાં અનામત હતી એને ૩૩ ટકા કરવામાં આવી અને જે સ્થાનિક સ્વરાજયની સંસ્થા હોય એ સંસ્થામાં ૫૦ ટકાની ભાગીદારી પણ કરવામાં આવી એ બદલ એક મહિલા પ્રતિનિધિ તરીકે આપણા મુખ્યપ્રધાન બહેનશ્રી આનંદીબહેનનો હું ખૂબ ખૂબ આભાર માનું છું. અત્યાર સુધીના ઈતિહાસમાં કયારેય નહીં બની હોય એવી ઘટનાઓ ગુજરાતના ઈતિહાસમાં વારંવાર બને છે. જયારે કોઇ મુખ્યમંત્રી, મુખ્યમંત્રી બને અને જયારે લોકો એમનું સન્માન કરવા આવતા હોય, મોંઘી મોંઘી ગીફ્ટો લઇને આવતા હોય ત્યારે બહેને એક હાકલ કરી અને કહ્યું કે હા તમે મારું સ્વાગત કરો પરંતુ ફુલના બુકે કે મોંઘી ગીફ્ટથી નહીં પરંતુ જે અનાજ હોય, ખાદ્યપદાર્થ હોય, પોષણયુકત આહાર હોય, ફળ હોય એવી વસ્તુથી સ્વાગત કરો અને સમાજે આ પહેલનો સ્વીકાર કર્યો અને જયારે કોઇ લોકો બહેનને મળવા આવે, એમનું સ્વાગત કરે, એમનું સન્માન કરે ત્યારે આ ચીજવસ્તુઓથી કરે અને મને કહેતા ગર્વ થાય છે કે ગુજરાતના અનેક આંગણવાડીમાં ભણતા જે બાળકો હોય એ બાળકોના પોષણની ચિંતા કરી અને આ જે ચીજવસ્તુઓ છે એને આંગણવાડીમાં દાન કરી દેવામાં આવે છે.

આમ આપણા મુખ્યમંત્રીશ્રી આનંદીબહેન પટેલના નેતૃત્વમાં ચાલતી સરકાર અત્યારે સર્વ ક્ષેત્રમાં પ્રગતિ કરી રહી છે. હમણા કેશાજીભાઇ પણ એમની વાતમાં ઉલ્લેખ કરી રહયા હતા કે ગુજરાતની જીવાદોરી સમાન એવી સરદાર સરોવર યોજના જેનું ભૂમિપૂજન ૨૦૦૧માં ૧૦૭૯૭.૬૩કરોડનો ખર્ચ થયેલ જેને આપણા તત્કાલ મુખ્યમંત્રી અને આ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ છ વર્ષના ટુંકાગાળામાં એનો લક્ષ્યાંક એવા ૧૨૧.૯૨ મીટરની હાઇટ સુધી પહોંચાડવા માટે રૂ. ૧૧.૨૦૮કરોડનો ખર્ચે પૂર્ણ કરેલ છે. કહેતા દુઃખ થાય છે કે જે તે વખતના સત્તાધીશોએ આ નર્મદાના દરવાજા ચડાવવાની મંજૂરી ન આપી હતી એને લીધે આજે ગુજરાતના અનેક ખેડૂતોને અને પ્રજાજનોને નુકસાન થયું છે. પરંતુ જેવા નરેન્દ્રભાઇ મોદીએ દેશમાં પ્રધાનમંત્રી તરીકેની શાસન

ધુરા સંભાળી અને સંભાળતાની સાથે જ આ પ્રજાલક્ષી મુખ્યમંત્રી હતા આપણા અને વડાપ્રધાન બન્યા તો એમણે ૧૭ દિવસમાં જ નર્મદાના દરવાજા ચડાવાવાની મંજૂરી આપી અને એક પળનો પણ વિલંબ કર્યા વગર આપણા મુખ્યમંત્રી બહેનશ્રીએ તરત જ મુહુર્ત કરી અને આ દરવાજા ચડાવવાનું કામ ચાલુ કર્યુ તે બદલ ગુજરાતના લાખો ખેડૂતો અને પ્રજાજનો વતી હું બહેનશ્રી આનંદીબહેન અને નરેન્દ્રભાઇ મોદીનો આભાર માનું છું.

ગુજરાતની ભા.જ.પ.ની સરકારમાં સોરાષ્ટ્રના અને કચ્છના પાણીને અગ્રતા આપવામાં આવેલ છે. ગુજરાતની સ્થાપનાના ૪૦ વર્ષના શાસનમાં જે નહોતું થયું તે છેલ્લા દશકામાં થયું અને નર્મદાના પાણી આજે ગામડે ગામડે પહોંચાડવામાં આવી રહ્યાં છે અને જયાં પાણીની અછત છે ત્યાં પણ પાણી પહોંચાડવા માટે પૂરતું આયોજન છે. આજે મારે સરકારને એ પણ અભિનંદન આપવા છે કે સૌરાષ્ટ્રના ૧૧૫ ડેમ ભરવા માટે થઇને કરેલી યોજનાનું ખાતમૂહુર્ત પણ આપણા તત્કાલીન મુખ્યમંત્રી અને આ દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ કર્યું છે અને ચાલુ વર્ષમાં પણ આ યોજનાને વેગવંતી બનાવવા માટે થઇને પૂરતા નાણાનું આયોજન કરવામાં આવ્યું છે. એમાં બેમત નથી કે જયારે આ યોજના પૂર્ણ થશે ત્યારે સૌરાષ્ટ્ર અને કચ્છના ગામડાંઓમાં પણ હરિયાળી ક્રાંતિ છવાઇ જશે. આજે આપણે સૌ જે આ લોકશાહીના મંદિરમાં બેઠા છીએ એ બંધારણને આધારે જે જોગવાઇઓ છે એ જોગવાઇઓને આધારે બેઠા છીએ વિશ્વમાં સૌથી શ્રેષ્ઠ એટલે આપણું ભારતીય બંધારણ. આ ભારતીય બંધારણના ઘડવૈયા ડો. બાબાસાહેબ આંબેડકર જેમણે આ બંધારણ ઘડ્યું. બંધારણ ફકત કોઇ એક સમાજ માટે નહિ, પરંતુ ભારતના દરેક સમાજ માટે, માનવજાત માટે, પૂરતો ન્યાય મળી રહે તે પ્રમાણેની જોગવાઇ આ બંધારણમાં કરવામાં આવી છે, તે અનુસંધાને બંધારણમાં પણ શિક્ષણની મૂળભૂત જરૂરિયાત ગણવામાં આવી છે. કોઇપણ રાષ્ટ્ર હોય કે કોઇપણ રાજય હોય તેને જયારે વિકાસ કરવો હોય તો વિકાસના પાયામાં શિક્ષણ રહેલું છે અને આ શિક્ષણનો દર સુધારવા માટે થઇને પહેલ આપણા ગુજરાતના તત્કાલ મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ કરેલ. જયારે શરૂઆત કરી ત્યારે ગામડામાં કન્યા કેળવણી, શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ કર્યો અને આ કાર્યક્રમ જ્યારથી ચાલુ થયો, ત્યારથી એક પણ બાળક પ્રાથમિક શિક્ષણથી વંચિત ન રહી જાય એ દીકરો હોય કે દીકરી હોય બંનેને પૂરતું શિક્ષણ મળી રહે તે માટે થઇને સાથે સાથે સામેના પક્ષથી એક સવાલ હતો કે શાળાના ઓરડામાં બાળકોને ઘેંટા-બકરાની જેમ ભરવામાં આવે છે, પરંતુ મને કહેતા દુઃખ થાય છે કે એક સમય હતો કે પૂરતા પ્રમાણમાં શાળાઓ પણ ન હતી અને શાળા હતી તો ઓરડા ન હતા અને ઓરડા હતા તો શિક્ષક ન હતા અને શિક્ષક હોય તો તજજ્ઞો ન હતા અને તજજ્ઞ હતા તો આધુનિક પદ્ધતિ નહોતી, ભૌતિક સુવિધા નહોતી. દીકરો, દીકરી માટે અલગ શૌચાલયો ન હતા. આવી અનેક પ્રકારની પરિસ્થિતિથી શિક્ષણનો દર નીચે આવ્યો એ જોવામાં આવ્યું હતું. આ બધી સુવિધા નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં (અંતરાય) આ લોકોને કહો મને ડિસ્ટર્બ ન કરે. આ બધી સુવિધા ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારે પૂરી પાડી છે.

જ્યારે હું શિક્ષણની વાત કરી રહી છું ત્યારે આ સભાગૃહને જણાવતા આનંદ થાય છે કે મારા મત વિસ્તાર લોધિકા તાલુકાનું સાંગરવા ગામ છે. એ ગામમાં એક સરકારી શાળા છે. એ શાળા સ્માર્ટ શાળા બની છે. એ સ્માર્ટ શાળામાં લેટેસ્ટ શિક્ષણ આપવામાં આવે છે. ટેબ્લેટના માધ્યમથી બાળકોને શિક્ષણ પૂરું પાડવામાં આવે છે. સરકારી શાળા કેવી હોય એ જોવું હોય તો અમારું ગુજરાત, ગતિશીલ ગુજરાત છે એ ગતિશીલ ગુજરાતનો વિકાસ છે. વિકાસના પાયામાં શિક્ષણ છે એ શિક્ષણનું ઉદાહરણ મારા વિસ્તારમાં જોવા મળે, ત્યારે શાળાના આચાર્ય એક શિક્ષક છે. એ શાળા આજે આદર્શ, સ્માર્ટ શાળાનું મૉડેલ પૂરું પાડી રહી છે, ત્યારે ગુજરાતમાં સર્વે ક્ષેત્રમાં વિકાસ થઇ રહ્યો છે. આજે શાળામાં પૂરતી સુવિધા પૂરતા પ્રમાણમાં ભૌતિક સુવિધા, કોમ્પ્યુટરાઇઝ્ડ સજ્જ શાળા અને સાથે સાથે સરકારી શાળામાં ભણતા બાળકો છે એ બાળકોને ગણિત, વિજ્ઞાન ને અંગ્રેજી જેવા મહત્વના વિષયોમાં એ બાળક પાછળ રહી ન જાય તે માટે થઇને ખાસ અંગ્રેજી, ગણિત અને વિજ્ઞાનના શિક્ષકોની ભરતી કરવામાં આવી છે અને બાળકોને આ વિષયોનું પણ ખૂબ સારી રીતે જ્ઞાન મળે તેવી ચિંતા ગુજરાતમાં કરવામાં આવી અને સાથે કહેતા આનંદ થાય છે કે આ ભરતી કરવામાં આવે તે મેરિટના ધોરણે કરવામાં આવે છે. કોઇને અન્યાય ન થાય તે રીતે અગાઉના સમયમાં આપે જોયું છે કે આમાંથી ઘણા લોકોએ અનુભવ્યું પણ હશે કે જયારે સરકારી નોકરીઓમાં ભરતી થતી હતી તો લાગતા વળગતા હોય અને ઓછું જ્ઞાન હોય તેવા લોકોની પણ ભરતી જઇ જતી, પરંતુ ગુજરાતની ભાજપની સરકારમાં ખૂબ સરસ રીતે પારદર્શક વહીવટ કરી ભરતી કરવામાં આવે છે.

આમ ગુજરાત સર્વ ક્ષેત્રમાં પ્રગતિ કરી રહ્યું છે ત્યારે રાજ્યપાલશ્રીએ જે આ ગૃહમાં પ્રવચન કર્યુ અને કેશાજીભાઇએ આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે એ આભાર પ્રસ્તાવને હું મારું સમર્થન આપું છું.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા(વિરોધપક્ષના નેતાશ્રી) : માનનીય ઉપાધ્યક્ષજી, મને સરકારી પક્ષની દયા આવે છે કે રાજયપાલ જેવા મહત્વના હોદાના પ્રવચનને એક (xxxxxx)જેને આ હાઉસને કોઇ સંબંધ નથી, (xxxxxx) શબ્દો કહીએ તો •(xxxxxx)

ઉપાધ્યક્ષશ્રી : માનનીય શંકરસિંહજી આપના આ શબ્દો હું રેકર્ડ પરથી દૂર કરું છું. આપ ચાલુ રાખો.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : કાઢી નાંખજો પણ આ સ્તરને (xxxxxx)

ઉપાધ્યક્ષશ્રી : માનનીય બેનશ્રી આ શબ્દો મેં રેકર્ડ પરથી દૂર કર્યા છે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય ઉપાધ્યક્ષજી, જેમાં જે રીતે પ્રવચનો લખીને એમને આપેલા હતા. (xxxxxx) સિવાય આમાં કંઇ ન હતું. માનનીય ઉપાધ્યક્ષજી, ગુજરાતના રાજયપાલનું પ્રવચન જે હતું તેમાં દંભ વગરનું પ્રવચન, કોઇ મતલબ વગરનું જેનો કોઇ હાઉસ સાથે સંબંધ ન હોય તેવું અને આ બજેટ માટે સત્ર મળી રહ્યું છે ત્યારે બંધારણની કલમ પ્રમાણે તેનો પણ ઉલ્લેખ હોવો જોઇએ. આ પ્રવચનમાં ન હતો. પ્રવચનમાં જે રીતે અમારા ચાવાળા વડાપ્રધાન બન્યા.

ઉપાધ્યક્ષશ્રી : તમારા તો પરમ મિત્ર હતા.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : તમારા કરતાં મને વધારે ખબર છે.

ઉપાધ્યક્ષશ્રી : તમારા પરમ મિત્ર હતા તે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : પણ તે ચાવાળા વડાપ્રધાન દસ લાખનો કોટ પહેરે, શું દેશની જનતાની એક મજાક જે કહેવાય અને કોને ઇમ્પ્રેસ કરવા તે કર્યુ હશે તે હું સમજી શકતો નથી. સ્વામિનારાયણના સંતો બોલાવીને ૨૬મીની સવારે પાઘડીનું પરિધાન થાય. ૨૬મી જાન્યુઆરી એ દેશનું સરસ મજાનું પર્વ હોય છે. તે પરિધાન માટેનું નહીં. એ પરિધાનના પરિણામે દિલ્હીની પ્રજાએ નવ મહિનાનું જે પરિણામ આવ્યું, ગાંધીજીના સ્વચ્છતા અભિયાનના નામે હાથમાં ઝાડુ લીધું તે ઝાડુ, હું કહું છું તે ઝાડુ દિલ્હીની પ્રજાએ પકડી લીધું અને બીજેપીને એવી સાફ કરી, કોંગ્રેસ ઝીરો થઇ તેનું અમને દુઃખ છે પરંતુ ભાજપના ચાર ચોકાવાળા પણ નહીં આવ્યા તેનો આનંદ છે. આ (xxxxxx) પરિણામ છે. (xxxxxx) નું પરિણામ છે. પ્રજાને લોકસભામાં આપેલા પ્રવચનોની લાલચો, લોભ તેનું પરિણામ છે. આજે લોકો ૧૫ લાખ રૂપિયા કાળા ધનના પોતાના ખાતામાં જમા થશે આવો એક આંધળો વિશ્વાસ મૂકયો હોય દેશના વડાપ્રધાન આવતીકાલની કોઇ વ્યકિત બનવાની હોય તેના ઉપર અને તેમાં જે ભાષણો કરીને આજે પણ કાળુ ધન કયાં છે તે મને પણ ખબર નથી. તમને ખબર નથી. હું શું કરું? તો દિલ્હીની પ્રજાએ કર્યુ. આવતીકાલે આખો દેશ આ પ્રમાણે કરશે તેનું ધ્યાન તમે રાખજો. રાત ગમે તેટલી લાંબી હોય તો પણ સવાર પડતી હોય છે. ઉગ્યું તે આથમતું હોય છે. માટે ધીરી બાપુડીયા બહુ અતિશય, અતિશય હોય તે ન કરવું જોઇએ તેનું તમે ધ્યાન રાખજો.

માનનીય ઉપાધ્યક્ષજી, જે રીતે પ્રવાસી ભારતીય દિવસ ગુજરાતમાં ઉજવ્યો. સ્વાભાવિક છે ગુજરાત પોતાનું ઘર હોય અને અહીં આવું થાય તો સારું. તે દિવસે જો સ્વાઇન ફ્લુના અપ્રવાસીય ભારતીયો જે ગુજરાતમાં આવી રહ્યા છે, આફ્રિકા જેવા પછાત દેશોમાં એરપોર્ટ ઉપર જો ચેકીંગ થતું હોય કે સ્વાઇન ફ્લુના દર્દી છે કે નહીં? તો કદાચ ગુજરાતમાં જે મહામારી થઇ, રોજના લોકો આજે પણ મરી રહ્યા છે. તે સ્વાઇન ફ્લુથી તમે બચાવી શકયા હોત. ખોટી વાહ વાહ કરવામાં સ્વાઇન ફ્લુને આમંત્રણ આપીને ગુજરાતને ઘણી રીતે તમે આરોગ્યની બાબતમાં આપણે નીગલેટ કરીએ છીએ તે પ્રુવ થયું છે. વાઇબ્રન્ટની તમે વાહ વાહ કરી. આ વાઇબ્રન્ટ, ગતિશીલ ગુજરાત, વાઇબ્રન્ટ ગુજરાત. આટલા વર્ષોના વાઇબ્રન્ટમાં ગુજરાતને શું મળ્યું? માનનીય ઉપાધ્યક્ષજી, વાઇબ્રન્ટ એ પક્ષનું પોતાનું માર્કેટિંગ માટેનું આયોજન હતું. આ મેળા, ઉત્સવો એ પોતાના માર્કેટિંગ માટે છે. પ્રજાને તેનાથી કોઇ લાભ નથી મળ્યો. દા.ત. આ વાઇબ્રન્ટ, તો વાઇબ્રન્ટમાં જે સમીટ કરી અને આખી દુનિયાભરના લોકોને બોલાવ્યા. કોઇ સી.એમ. બોલાવે કે પી.એમ. બોલાવે મહેમાન બનવાનું કોને ન ગમે? ફાઇવ સ્ટાર હોટેલમાં રહેવાનું, ફર્સ્ટ ક્લાસ મર્સીડીસ કે બી.એમ.ડબલ્યુ.માં ગાંધીનગર સુધી આવવાનું, ગરીબોના ઝૂંપડાને

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

લીલારંગના કપડામાં સંતાડવાનું, લોકોને સારું સારું બતાવવાનું, ફર્સ્ટ ક્લાસ ૨૦૦૦ રૂપિયાની પ્લેટ જમવાની હોય તો કોણ ના આવે? એ આવ્યા એમાં ગુજરાતને કે ગુજરાતીને શું મળ્યું આજ દિન સુધી? ૨૫ હજાર કરતા વધારે જે ડેલિગેટ્સ આવ્યા એમાં ૪૦૦ જેટલી બી ટુ બી બિઝનેસ ટુ બિઝનેસ અને ૪૦૦ જેટલી બી ટુ જી મિટિંગનું આયોજન થયું. આ મિટિંગના આયોજનમાં આટલા બધા લોકોમાં જો ૪૦૦ જ બી ટુ બી થવાનું હોય યા ૪૦૦ જ બી ટુ જી થવાનું હોય અને ૨૦૦૩ થી માંડીને ૨૦૧૩ સુધીના અનુભવ જે અનુભવમાં (xxxxxx) (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : આપના આ શબ્દો હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : ગમે તેવા માણસોને બોલાવીને એમ.ઓ.યુ. કર્યા, એમ.ઓ.યુ.નો કોઇ બેઝ નહીં, એમ.ઓ.યુ. નું વેરિફિકેશન નહીં એના પરિણામે ૯ ટકા જેટલું, આટલા બધા રૂપિયા રોક્યા પછી જો ફકત ૮-૯ ટકા ઇમ્પ્લીમેન્ટેશન થવાનું હોય, નોકરીઓમાં બેકારી વધવાની હોય તો ગુજરાતને કઇ રીતે તમે વિકાસશીલ કે રોજગારી માટેનું કે ગુજરાતને દેશનું વિકાસનું ગ્રોથ એન્જિન બની રહ્યું છે એમ કેવી રીતે કહેવાય? જે ગુજરાત દેશમાં ૧૦માં ૧૨માં નંબરના સ્થાને હોય જેને બારમો ડબ્બો કહેવાય એન્જિન ન કહેવાય એને પણ તમે ગ્રોથ એન્જિન કહીને દેશની જનતાને ગેરમાર્ગે દોરી રહ્યા છો. આ જેને તમે ગ્રોથ એન્જિન કહો છો એ એન્જિનમાં એની નીચે ટાયર જ નથી અને એના પરિણામે જે તમારો રિપોર્ટ એ ડોમેસ્ટીક પ્રોડક્ટ, હું સાચા અર્થમાં રાજયપલનું આ પ્રવચન, સરકારના કહેવાતા વિકાસ, રાજયનું ડોમેસ્ટીક પ્રોડક્શન, એગ્રિકલ્ચર પ્રોડક્શન, અનએમ્પ્લોઇમેન્ટ, પાવર જનરેશન વગેરે વગેરે હોવું જોઇએ કોઇના •(xxxxxx) માટે નહીં હોવું જોઇએ, માટે હું એના ઉપર આવું છું.

માનનીય ઉપાધ્યક્ષશ્રી, SER ૧૩-૧૪ આમાં જે કલેઇમ કર્યો છે ડબલ ડિજિટનો ગુજરાત સરકારે stupendous growth in economy of Gujarat એ ડબલ ડિજિટ કરતા પણ ઓછો ગ્રોથ છે. એમના કહેવા પ્રમાણે પ્રોજેક્ટેડ ૨૦૧૧-૧૨માં જે ૭.૭ ટકા હતો એ ૨૦૧૨-૧૩માં ૮ ટકા, એટલે બહુ જ નાના પ્રમાણમાં આ ગ્રોથ થયો છે ડબલ ડિજિટ પણ નથી એના પ્રમાણમાં જે રીતે દર વર્ષે આ ટકાવારી આપણી ઘટતી જાય છે. તમે જો ૨૦૧૧-૧૨નાં ફિગર લ્યો એમના જ ફિગર પ્રમાણે તો ૬.૭ ટકા છે, ૨૦૧૨-૧૩માં ૬.૧ ટકા અને ૨૦૧૩-૧૪માં ૮.૮ ટકા જે કર્યું છે એ પણ ૨૦૧૩-૧૪ ના આંકડા જ્યારે રીયલ આવશે ત્યારે એ કદાચ ૭ ટકા થાય તો નવાઇ નહીં હોય. એનો અર્થ એ કે આપણા કરતા બીજા રાજયો જે નાના રાજયો છે મેઘાલય હોય, બિહાર હોય, એમ.પી. હોય, પોંન્ડીચેરી આવા રાજયો ગુજરાત કરતા આગળ છે તો કયા આધાર ઉપર ગ્રોથ એન્જિન, ગ્રોથ એન્જિન કહો છો. ગ્રોથ એન્જિન એને કહેવાય કે જે નંબર વન હોય. ગુજરાત એક પણ બાબતમાં નંબર વન નથી. આટલા વર્ષોમાં ૧૯૯૮થી એક પણ વખત નંબર વન નથી રહ્યું. ફકત જાહેરાતોમાં જ વિકાસ વિકાસ વિકાસ અને સૌનો સાથ સૌનો વિકાસ બતાવવામાં આવે છે પણ આ ગુજરાતમાં તમે ૧૩માં નંબરે પણ આખા દેશમાં નથી આ આંકડા તમારા જ છે મારા નહીં અને આ રીતે તમે જે રીતે રાજ્યો ચાલી રહ્યાં છો એમાં જો તમે હાલની ફિગર લેશો તો કદાચ ૭મી પોઝિશનના બદલે ૨૦માં નંબરે પણ જાવ તો નવાઇ નહીં હોય. આ રીતે પ્લાનિંગ કમિશનના આંકડા પણ એમના છે, એગ્રિકલ્ચર ગ્રોથ જે સાચા અર્થમાં ગુજરાત જો સમૃદ્ધ રાજય કહેવાતું હોય ખેતીવાડી ક્ષેત્રે તો જે બાકીનો એમનો ડેટા છે એમાં ૨૦૦૫-૨૦૦૬ થી ૨૦૧૩-૨૦૧૪ નો ૭-૮ વર્ષનો ગાળો હતો એમાં મધ્યપ્રદેશનો ગ્રોથ, પોંડિચેરી, ઝારખંડ, ત્રિપુરા.., હું એટલા માટે આ કહુ છું કે નાના રાજ્યો જે છે એનો ગ્રોથ ઘણો બધો છે, ગુજરાતનો ૫.૫ ટકા પણ નથી, જો તમારો ગ્રોથ ૫.૫ ટકાનો ના હોય અને તમે કારણ વગરની વાતો કરતા હો કે આટલું બધું અમારી પાસે એકસેસ છે, અમારો ગુજરાતનો ખેડૂતો મારૂતી વાપરે છે તો ગુજરાતનો ખેડૂત તો આપઘાત કરે છે ગુજરાતના ખેડૂતો દેવાદાર છે એ દેવું માફ કરવાની જરૂર હતી. યુ.પી.એ.ની સરકારે ૭૦ હજાર કરોડ રૂપિયા માફ કરેલા, એ સુખી કરવાના રસ્તા હતા, (xxxxxx) આપીને લોકોને ગુમરાહ કરવાના નહોતા. દા.ત. ગુજરાત સરકારના જે આંકડા છે એમાં એમણે જે અનાજ ઉત્પાદન માટે કહ્યું છે એ ૧૫.૩૦, તેલીબીયાંનું ૨૮.૫૪, આ એગ્રીકલ્ચર સેકટરના બે મેઇન અનાજ અને તેલીબીયાં એના સિવાયના બાકીના એવરેજ તો તમે લેશો તો એ બધામાં ૩૬.૭ એ એવરેજ ફુડ ગ્રેઇન્સ અને

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

બાકીના તેલીબીયાં અને બીજા બધામાં ૩૪.૧ આ બધું થઇને ૧૫.૩૩ ટકા અને એની વેલ્યુ તો આઉટપુટની વેલ્યુ આની ગણો તો આ ૨૦૧૪–૧૫ના વરસમાં આ ૧૫.૩૩ની વેલ્યુ આઉટપુટમાં ૪૪,૭૪૨ કરોડ અને એવરેજ ગ્રોથ ૧.૫, તમે દોઢ ટકાના ગ્રોથમાં આવો છો, તમે પાંચ ટકાના ગ્રોથમાં પણ રહેતા નથી. આ તમારા આંકડા છે અને એ આંકડાનો પૂરો અભ્યાસ કરીને હું ઇચ્છું કે કન્સર્ન મિનિસ્ટર આનો જવાબ બરાબર આપે કે તમે જે રીતે આ આંકડા આપ્યા છે એમાં વરસાદના લીધે ખેતી સારી થઇ હોય, એકમાત્ર વરસાદ થોડોક મોડો આવે તો પણ તમે તેલીબીયાં, અનાજ વિગેરે વિગેરેમાં ડાઉન થઇ જાઓ છો અને હું માનું છું ત્યાં સુધી તમે ૧.૫ ટકાથી પણ નીચે તમે ના જાઓ તો નવાઇ નહિ હોય, આની ટોટલ માહિતી મળે તો વધારે સારું. માનનીય ઉપાધ્યક્ષશ્રી, દર વખતે ગુજરાત સરકાર જમીનના •(xxxxxx) આપે છે, એમણે પહેલાં કહેલું, ગયા બજેટમાં ૧૪૫ લાખ હેકટર જમીનમાં ખેતી થાય છે એમાં જે ખરીફ અને રવિ, આ બન્નેના એમના આપેલા આંકડા પ્રમાણે ૮૫.૬૨ લાખ હેકટર ખરીફ, રવિનું ૨૮.૯૯ આ ટોટલ ૧૧૪.૫૩ લાખ હેકટર થયું તો બાકીનું ૩૦ લાખ હેકટર ક્યાં ગયું?

પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઇન્ફરમેશનનો મુદ્દો છે, માનનીય વિપક્ષના નેતાશ્રી માનનીય અધ્યક્ષશ્રીને, ઉપાધ્યક્ષ તરીકે સંબોધન કરે છે, મારું એવું માનવું છે કે પ્રણાલિ અનુસાર કે કોઇપણ માનનીય સભ્યશ્રી કે જે અધ્યક્ષશ્રીની ચેર પર હોય એ અધ્યક્ષશ્રી જ ગણાય, એમાં ઉપાધ્યક્ષશ્રી, ઉપાધ્યક્ષશ્રી, એ રીતે માનનીય વિરોધપક્ષના નેતાશ્રી જે આપને સંબોધન કરે છે એ મારી દૃષ્ટિએ ઉચિત નથી. એ જ્યારે ત્યાં બેઠાં હોય ઉપાધ્યક્ષ તરીકે એમની સીટ ઉપર ત્યારે ચોક્કસ ઉપાધ્યક્ષશ્રી છે પણ ચેર પર બેઠાં છે, ઇવન પેનલના પણ કોઇ સભ્યશ્રીએ અધ્યક્ષ તરીકે સ્થાન ગ્રહણ કર્યું હોય તો મારી દૃષ્ટિએ માનનીય અધ્યક્ષ તરીકે જ એમને સંબોધન કરવાનું રહે છે. આ અંગે હું આપનું માર્ગદર્શન માગું છું.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : આપે ધ્યાન દોર્યું બહુ સારું કર્યું પણ આઇ ડોન્ટ થીન્ક સ્પીકર ઇઝ એ સ્પીકર, ડેપ્યુટી સ્પીકર ઇઝ એ ડેપ્યુટી સ્પીકર, આપે ઉપાધ્યક્ષના બદલે અધ્યક્ષ બેસાડ્યા હોત તો મને આનંદ થાત,

શ્રી નીતિનભાઇ ર. પટેલ : હજી બાપુ આપને કહુ કે પેનલના કોઇપણ સભ્ય બેઠાં હોય, આપ શું કહો છો તે નહિ પણ સાહેબ આ નવી પ્રણાલિ ઉભી થાય છે એટલા માટે હું આ કહુ છું. એટલા માટે હું ધ્યાન દોરું છું. કોણ કહે છે એ વાત અગત્યની નથી પણ નવી પ્રણાલિ ઉભી થાય છે, મારું અંગત મંતવ્ય છે સાહેબ કે અધ્યક્ષના સ્થાન પર જે પણ માનનીય સભ્યશ્રી બેઠાં હોય એમના માટે અધ્યક્ષ તરીકે જ સંબોધન આપે કરવું જોઇએ.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : તમારી વાત બરાબર છે, મેં નીમાબહેન જ્યારે બેઠેલા ત્યારે અધ્યક્ષ મહોદયા કહેલું એટલે આ એકઝેકટલી એ ચેર પર્સનની પોસ્ટ હોય છે. સ્પીકર ના હોય ત્યારે બાકીના ચેર મેન કહેવાય, પણ કંઇ વાંધો નહિ હું હવે અધ્યક્ષ કહીશ, મને ફેર નથી પડતો, હી ઇઝ ઇન ચેર તો અધ્યક્ષ તો અધ્યક્ષ, માનનીય અધ્યક્ષશ્રી, આને લાઇટલી ના લો.

ઉપાધ્યક્ષશ્રી : મારે રુલીંગ આપવાની જરૂર નથી હવે, ઓ.કે. કેરી ઓન શંકરસિંહજી.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : કંઇ વાંધો નહિ, તો હું આ પ્રમાણે ૩૩ લાખ હેકટર આ જમીન તમે દર વખતે જે બતાવો છો એનો પણ જો હિસાબ એમના જવાબમાં ગુજરાતની પ્રજાને મળે, આ હાઉસને મળે તો હું એમનો આભારી થઇશ. નર્મદા, નર્મદા, નર્મદા, (xxxxxx) માનનીય અધ્યક્ષશ્રી, નર્મદાની હાઇટ અને દરવાજા મૂકવાની

ઉપાધ્યક્ષશ્રી : માનનીય શંકરસિંહજી, આપને મારે કહેવું એ યોગ્ય નથી લાગતુ પણ ભાષામાં આપ આપની રીતે જ જરા..

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : (xxxxxx) ઓબ્જેકશન હોય તો મને કહો. નહીં, નહીં ડઝન્ટ મેટર તમે હોમવર્ક નથી કર્યુ. આ દરવાજા મૂકવાના અને આખા ગુજરાતમાં કોઇ પણ કહે કે પાણી પહોંચાડવાના અને આ

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

દરવાજા મૂકવાને કોઇ સબંધ છે (અંતરાય) પહોંચાડોને હું તમને કયાં ના કહું છું હા, જથ્થો વધારો. એ જથ્થો જયારે ઉપરથી આવેને તો દરવાજા, પણ છેલ્લા ૪૫ વર્ષના રેકર્ડ ઉપરથી એ બધુ કરવાનું હોય છે. એ જે નર્મદા કમાન્ડ એરિયા હું બહુ ટૂંકમાં જ જતો હોઉં છું. એ ૧૭.૯૨ લાખ હેકટર એ આપણો કમાન્ડ એરિયા છે. Irrigation potential created upto જૂન,૧૪ - ૯.૭૬. આ irrigation potential created ખેડૂતોને મળતું નથી. જવાની જગ્યા નથી, સબ કેનાલ્સ નથી. Maximum utilization upto જૂન,૧૪માં તમે વધુમાં વધુ ઉપયે ાગ તમે જે કર્યો છે ૨.૦૯ લાખ હેકટર. તેનો અર્થ એ કે દર વર્ષે તમે કરોડો રૂપિયા નર્મદા માટે રાખો છો. નવ હજાર કરોડ કરતા વધારે કયાં વાપર્યા ? ૪૦ ટકા જો વ્યાજમાં જતાં હોય તો આ ૨.૦૯ લાખ હેકટર આજે મળતું હોય અને લગભગ ૧૦ લાખ હેકટર તેની potential capacity હોય તો આ સરકારની ગુન્હાહિત બેદરકારી છે. ખેડૂતના ખેતરો આજે પણ તરસ્યા છે, લોકો આજે પણ પાણી વગર તરસ્યા છે તેને તમે આ રીતે દર વખતે બજેટમાં મૂકી મૂકીને જો સબ કેનાલ્સ પણ પૂરી ન થવાની હોય હું માનું છું ત્યાં સુધી દસ વર્ષે પણ નર્મદાનું ખેડૂતને તેનું પાણી નહીં મળે.

એવી જ રીતે ઇન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ જે ઔદ્યોગિક જેના માટે વાયબ્રન્ટ અત્યાર સુધી ચાલે છે એમાં ઔદ્યોગિક વિકાસ પણ હું માનું છું ત્યાં સુધી દર વર્ષે તમારો ઘટતો જાય છે. હું ફેકટરી ૨૦૦૯ થી ૨૦૧૩ના થોડા ફીગર આપીશ. એ ફેકટરી ફીગર ડિટેલમાં નથી જતો પણ ૦૯માં ૨૪ હતી, ૧૦માં ૨૫ હજાર થઇ, ૧૧માં ૨૬ હજાર થઇ, ૧૨માં ૨૭ હજાર થઇ અને ૧૩માં ૨૯ હજાર થઇ આ એપ્રોકસીમેટલી છે. એમ્પ્લોઇમેન્ટ ૨૦૦૯માં ૧૨ લાખ મળ્યું, ૧૦માં ૧૩ લાખ મળ્યું, ૧૧માં ૧૩ લાખ, ૧૨માં ૧૪ લાખ, ૧૩માં ૧૫ લાખ. જે employment increment એ increment employment નું થવું જોઇએ એ ૦૯માં ૮૨,૮૮૬ increment employment નું હતુ એ ૨૦૧૩માં ૭૦ હજાર. લોકો ઓછાં થયા ૭૦ હજાર થયા એનો અર્થ એ કે ૧૨ હજાર લોકો ઘટયા, એમ્પ્લોઇમેન્ટ ઘટે છે. ફેકટરીવાઇઝ અને ફેકટરીની સંખ્યા પણ તમારી ઘટતી જાય છે. નાના અને મધ્યમ ઉદ્યોગો બંધ છે અને તમે જે આખી ફેકટરીની કેટેગરી જે પ્રોડકશનની ૧૫ લીસ્ટેડ ફેકટરીની જે તેમણે કેટેગરી કરી છે તે ૨૦૧૨-૧૩માં જે એનું એમ્પ્લોઇમેન્ટ એકચ્યુલી જે હતુ તે ડિકલાઇન થઇને નીચે આવ્યુ છે. તેનો અર્થ એ કે તમે વધારે લોકોને નોકરીઓ આપો છો વાયબ્રન્ટના માધ્યમથી. જે હયાત ઉદ્યોગો છે તેમાં પણ જો સંખ્યા ઘટતી હોય તો બાકીનો લોકોને તમે કયાંથી નોકરી આપો છો એ બહુ મોટો સવાલ છે. જે આંકડા તમે બતાવો છો, જેનો કોઇ આધાર નથી કે તમે જે ગ્રુપ બતાવો છો બાકીના લોકોને અમે ચાર લાખ લોકોને નોકરી આપી,૨૦૧૩માં અમે ૧ લાખ ૭૫ હજાર લોકોને નોકરી આપી. આ બધી નોકરીના ગ્રુપોનું કોઇ નામ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, એક સરકારી અધિકારી એક હજામની દુકાને ગયા. આ સાચી વાત છે અને તેણે કહ્યું કે તારી દુકાને કેટલાં માણસો કામ કરે છે ? તો પેલો કહે સાહેબ હું અને મારો છોકરો બે જણ. તો કહે પાંચ ખુરશીઓ કેમ રાખી છે ? તો કહે ગ્રાહક આવે તો બેસાડવા માટે. તો પાંચ માણસો કામ કરે છે એવું લખી આપો. હજામની દુકાન અને ત્યાં પાંચ ખુરશીઓ મૂકી છે તે તેનો ગુન્હો છે, તું પાંચ માણસોને રોજી આપે છે એવું લખી આપ. સાહેબ, આવી રીતે આંકડા કરી કરીને તમે ચાર લાખ બતાવો છો. હું ઇચ્છું કે સાચા આંકડા બતાવજો. ચાર લાખ નહીં દસ લાખ લોકોને પણ નોકરી મળે તો મને આનંદ થશે. ૮૦૦ પોલીસવાળા માટે ૮ લાખ અરજીઓ આવે, સાબરકાંઠામાં તલાટીમાં •(xxxxxx)

ઉપાધ્યક્ષશ્રી : શબ્દો આપણે રેકર્ડ ઉપરથી દૂર કરીએ છીએ. વિરામનો સમય થયો છે સભાગૃહ વિરામ સમય બાદ ૧૧-૦૦ કલાકે ફરી મળશે. માનનીય શંકરસિંહજી આપનું પ્રવચન ચાલુ રહેશે.

**( વિરામ સવારના ૧૦-૩૦ થી ૧૧-૦૦ )**

**ઉપાધ્યક્ષશ્રી આત્મારામ પરમાર અધ્યક્ષસ્થાને**

**ઉપાધ્યક્ષશ્રીનો નિર્ણય**

ઉપાધ્યક્ષશ્રી : તા. ૨૫-૨-૨૦૧૫ના રોજ જે પોઇન્ટ ઓફ ઓર્ડર માનનીય શકિતસિંહ ગોહિલ દ્વારા ઉઠાવવામાં આવ્યો હતો તે અંગે હું મારો નીચે મુજબનો નિર્ણય જાહેર કરું છું.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

માનનીય સભ્યશ્રી શકિતસિંહ ગોહિલે તા. ૨૫–૨–૨૦૧૫ના રોજ પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો રજૂ કરતા જણાવ્યું હતું કે, ગુજરાત વિધાનસભાના નિયમો ૩૪ અને ૩૭ અને માનનીય અધ્યક્ષશ્રીના નિર્ણયો ૧૯૬૦–૧૯૮૪ના નિર્ણય ક્રમાંક ૯૧ના આધારે માનનીય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલે તા. ૨૫–૨–૧૫ના રોજની પ્રશ્નોત્તરીના સમય દરમિયાન તેમની ગેરહાજરીમાં તેમના પર (xxxxxx) તેવો આરોપ લગાવ્યો હતો, અધ્યક્ષશ્રીના નિર્ણય ક્રમાંક ૯૧ પ્રમાણે (xxxxxx) શબ્દ અસંસદીય છે અને અસંસદીય શબ્દની અપેક્ષા એક મંત્રીશ્રી પાસેથી હોઇ ન શકે. આવા પ્રકારના આક્ષેપો કરવા એ વિધાનસભાના નિયમોના નિયમ ૩૪/૮ અને નિયમ ૩૭થી સંપૂર્ણપણે વિપરીત છે. આ પ્રકારનું વર્તન આપણી સંસદીય પ્રણાલિને અનુરૂપ નથી આથી આ બાબતમાં માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન અને નિર્ણય તેમણે માગ્યો હતો. ઉકત પોઇન્ટ ઓફ ઓર્ડરના મુદ્દા અંગે માનનીય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલે ખુલાસાત્મક સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે તા. ૨૩–૨–૨૦૧૫ના રોજ તેમણે નિયમ ૧૧૬ની સૂચનાની ચર્ચા વખતે કરેલ ઉચ્ચારણોનું જે અર્થઘટન કરવામાં આવ્યું છે તે બરાબર છે. મારી પાસે એ બેઠકના ફોટા પણ છે. તદ સમયે અધ્યક્ષશ્રીએ જણાવ્યું હતું કે આ બાબતે હું પ્રોસીડીન્ગ જોઇને મારો નિર્ણય જાહેર કરીશ. તા. ૨૩–૨–૨૦૧૫ તથા ૨૫–૨–૨૦૧૫ના રોજની કાર્યવાહીની પ્રોસીડીન્ગ જોયું છે. આ બાબતે મંત્રીશ્રી નીતિનભાઇ પટેલે તા. ૨૫–૨–૧૫ના રોજ પ્રશ્નોત્તરી કાળ દરમિયાન રાઘવજીભાઇ પટેલના પેટા પ્રશ્ન દરમિયાન •(xxxxxx) તેવું કાર્યવાહીમાં તપાસતા જોવા મળેલ છે. પરંતુ માનનીય અધ્યક્ષશ્રીએ તે શબ્દો તત્સમયે કાર્યવાહીના અહેવાલમાંથી કાઢી નાખેલ છે. આથી તે રેકર્ડ પર રહેલ નથી. આ સંજોગોમાં તે બોલાયેલા શબ્દો રેકર્ડ ઉપર રહેલ નથી તે સંજોગોમાં આક્ષેપ કરેલ છે તેવું કહી શકાય નહીં. આથી આ પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો રહેતો નથી.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, કોઇ પણ રાજય કે દેશના વિકાસ માટેના જે મહત્વના મુદ્દાઓ એગ્રીકલ્ચર ગ્રોથ, ઇન્ડસ્ટ્રીયલ ગ્રોથ, લો એન્ડ ઓર્ડર, બાકીના બધા એમાં એજયુકેશન, હેલ્થ, પાવર પ્રોડકશન, પાવર જનરેશનમાં હું આપનું ધ્યાન દોરીશ. ગુજરાત સરકારની જી.ઇ.બી.ની જે ઇન્સ્ટોલ કેપેસીટી ૫૪૯૦ મેગાવોટ, સ્ટેટ પ્રમોટેડ કોર્પોરેશનની ઇન્સ્ટોલ કેપેસીટી ૧૫૬૭ મેગાવોટ, ટોટલ બન્નેનું કરીએ તો ૭૦૬૩ મેગાવોટ, એમાં ગેસ બેઇઝડ જે આપણે ત્યાં છે એ લગભગ ૭૦૦ મેગાવોટ એને હું આમાં બહુ ગણતો નથી. પરંતુ જનરેશન પોટેન્સીયલ જે પર મેગાવોટ જે હોવું જોઇએ તે અત્યારની કેપેસીટી પ્રમાણે એટલે ૭૦૬૩ મેગાવોટની કેપેસીટી પ્રમાણે એક મેગાવોટના ૮.૭૬ મીલીયન યુનિટ્સ એને તમે ૬૧ થાઉઝન્ડ ૮૭૧ આઉટ ઓફ સેવન થાઉઝન્ડ, એ ૬૧ થાઉઝન્ડ ૮૭૧ મિલીયન યુનિટસ એની કેપેસીટી છે, ૮૦ ટકા કેપેસીટી ગણીએ, એના આધારે ૮૭૬ મીલીયન યુનિટસ એના ૮૦ પરસન્ટમાં ૬.૯૬ એપ્રોકસીમેટલી ૭ મિલીયન યુનિટસ એના ૪૯ થાઉઝન્ડ ૧૫૮ મીલીયન યુનિટ એ ૭ થાઉઝન્ડ ૬૩ મેગાવોટના એમાંય જી.ઇ.બી.ની પોટેન્સીયલ જે અલગ ગણીએ તો ૪૮ થાઉઝન્ડ ૯૨ મીલીયન યુનિટ એ ૫૪૯૦ મેગાગોટમાંથીઅને બાકીના જી.ઇ.બી.ના ૮૦ ટકા ગણીએ તો ૩૮૨૧૦ મિલિયન યુનિટ એમાંથી ૮૦ ટકા પ્રમાણે આપણને મળવું જોઇએ. જી.ઇ.બી.નું આજે જનરેશન છે એમાંથી ૧૫૮૫૦ મિલિયન યુનિટ, જી.ઇ.બી.ના જે પી.એલ.એફ.ની એફિશિયન્સી જે છે ૩૨૯૫ એટલે કે આશરે ૩૩ ટકા એ ૩૩ ટકા કેપેસિટીમાં જે સ્ટેટ પ્રમોટર કોરપોરેશન છે એ ૫૩૨૧ મિલિયન યુનિટ એના જે બાકીના તમે ગણો તો ૧૩૭૨૬ મિલિયન યુનિટ એ પાવરનું સ્ટેટ કોરપોરેશનનું ઉત્પાદન છે. આ બધાનો સરવાળો ગણીએ તો ૩૮૭૬ એમાં તમે ૩૯ ટકા ગણી શકો. બધાનું ભેગું જનરેશન ૨૧૧૭૧ મિલિયન યુનિટ થાય છે એ એવરેજ એવું ગણો તો ૩૪.૨૧ છે. કેન્દ્ર સરકારનું ૧૭૨૬૮ મિલિયન યુનિટ છે.આ બધાનો સરવાળો કરીએ તો ૬૮૬૨૮ મિલિયન યુનિટ છે. કેન્દ્ર સરકારનું ૨૦ હજાર મિલિયન યુનિટ વધારાના. ખેતીવાડીના ગણો તો ૨૦૧૩–૧૪માં આઉટ ઓફ ૬૮હજાર, ખેતીવાડીનું હતું એ સન ૨૦૧૩ માં ૧૫૧૨૪ મિલિયન યુનિટ ૧૪ માં ૧૫૦૬૫ એનો અર્થ એ કે ખેતીવાડીમાં જે વીજળીનો વપરાશ થવો જોઇએ એ ઘટે છે તમે પૂરેપૂરી વીજળી આપી શકતા નથી. જયારે ઉદ્યોગોમાં ૨૦૧૩માં ૨૮૩૨૭ મિલિયન યુનિટ હતું જયારે ૨૦૧૪માં ૨૯૩૧૦ થયું એટલે કે ૩.૩ ટકા એવરેજ ઉદ્યોગમાં વપરાશ વધ્યો. આટલા બધા પ્રયત્નો પછી ફકત ૩ ટકા તો કેટલા ઉદ્યોગો થયા જેને વીજળી કનેકશન માટે અરજી કરી અને ૩ ટકા જો હોય તો આ બધા

---

•આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

વાયબ્રન્ટ અને આ બધી વાતો કરવાનો શું અર્થ છે? હું સરકાર ઉપર આક્ષેપ કરું છું કે આ સરકારનો વીજળીનો વપરાશ અંધેર છે. ખાનગી લોકોને ખપાવી આપવા માટે જાણી જોઇને આ જનરેશન ઓછું થાય એના માટેનો એમનો પ્રયત્ન છે અને એ ધારે તો ખેડૂતોને વધારે આપી શકે. ધારે તો ઉદ્યોગને વધારે આપી શકે પરંતુ આંકડા એમના એમ કહે છેકે હજી પણ ૩ ટકાનો ઉદ્યોગનો ગ્રોથનો લક્ષ્યાંક નથી એટલું જ નહિ દોઢ રૂપિયે યુનિટ વીજળી જી.ઇ.બી. આપી શકે એના બદલે મોંઘી વીજળી ખરીદવી યોજનાબદ્ધ રીતે ખરીદવી એક •(xxxxxx) કહી શકાય બેદરકારી કહી શકાય તેવો અંધેર વહીવટ રાજય સરકારનો છે. એટલું જ નહિ સોલર ઉર્જા ૧૬ રૂપિયે યુનિટ ખરીદવામાં આવે છે. (xxxxxx) સોલરના પ્રોજેકટો આપવામાં આવ્યા છે. એમાં જર્મનીની એક કંપની સુરતના એક માણસે......

ઉપાધ્યક્ષશ્રી : (xxxxxx) શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : નજીકના, જાણીતા, ઓળખીતા, પરિચિત એમાં સોલરમાં જર્મનીની કંપનીને જે રીતે વાયા દુબઇ કનેકશન ચાલે છે, ઓવર ઇન્વોઇસીંગ અને કોલમાં પણ કવોલિટી અને જથ્થામાં ગરબડ છે એની વિગતમાં નથી જતો. સમય મારો પૂરો થાય છે. જે રીતે રાજયપાલશ્રીનું પ્રવચન એમાં શિક્ષણ અને આરોગ્ય છે એમાં રાજકોટના કોરપોરેશને એક કન્યા વિદ્યાલયનું પ્લે ગ્રાઉન્ડને કોમર્શિયલ કોમ્પ્લેક્સ બનાવવાનું હોય હું રાજકોટ નિર્મલા કન્યા વિદ્યાલયનું ગ્રાઉન્ડ છે, એ બાળકોને રમવા દો, કન્યાઓને ભણવા દો કદાચ એ માઇનોરિટીની સંસ્થા હશે તો એની પાસેથી એ રીતે મેદાન ન પડાવી લેવાય. (અંતરાય) એ ન હોય તો મને ગમશે. શિક્ષણમાં આજની તારીખે ૩૩ ટકા ઘટ પ્રાથમિકમાં ગણિત અને વિજ્ઞાનના શિક્ષકોની છે. કોલેજમાં પ્રાધ્યાપકોની ઘટ, આચાર્યોની ઘટ. આને

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : રાજકોટની સ્કૂલ છે એમાં એવી કોઇ દરખાસ્ત નથી. એમની પાસે માહિતીનો અભાવ છે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : એ વાત સાચી છે. આ બનેલું છે અને એ લોકોની વાત નથી માની. હું વિગતથી આપને લખીશ. હું ઇચ્છુ કે આવી સંસ્થાઓના આવા મેદાનો રમવા માટે હોય એમાં કોમર્શિયલ કોમ્પ્લેક્ષ ન થાય ન થાય તો મને ગમશે. આરોગ્ય અને શિક્ષણ બન્ને આ રાજયમાં છેલ્લા ૧૭ વર્ષમાં ડાઉન ગયું છે. આગળ નથી ગયું. હમણાં હમણાં એમ.પી.ની મિટિંગ બોલાવી. અત્યાર સુધી યુ.પી.એ. સરકાર હતી માટે દુનિયાભરના ગુજરાતના પડતર પ્રશ્નો. વેસ્ટર્ન રેલવેનું વડું મથક અહીં હોવું જોઇએ, ફલાણું હોવું જોઇએ, ઢીકડું હોવું જોઇએ. તેમાં ૯ મહિનામાં રાજય સરકારે કેન્દ્ર સરકાર બદલાઇ તેમાં ૪૫ જેટલા મુદ્દા પડતા મૂક્યા છે. આ ૪૫ મુદ્દા એ હલ થઇ ગયા છે કે (xxxxxx) થઇ ગયા છે, ગુજરાત સરકાર પાસે હું જવાબ માગીશ. અત્યાર સુધી બીજી સરકાર હતી માટે આટલા બધા પડતર મુદ્દા છે તો આ ૪૫ મુદ્દા કોણ ખાઇ ગયું, કેમ નહીં મૂક્યા આમાં? એનો અર્થ એ કે તમે પાર્ટી રાજ..

ઉપાધ્યક્ષશ્રી : (xxxxxx) શબ્દ રેકર્ડ પર રહે એ ઠીક નથી. એ શબ્દ હું દૂર કરું છું.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : એ મુદ્દા કયાં ગયા? એ સોલ્વ થઇ ગયા? સોલ્વ થઇ ગયા હોય તો મને ગમશે. પણ એ રીતે.. જે કંઇ હોય તેમાં, એનો પણ જવાબ એટલા માટે કે કેન્દ્ર સરકારના એટલા બધા વખાણ કર્યા છે, અહીંથી કોઇએ ત્યાં જવાનો સવાલ નથી આવતો. હજી મુખ્યમંત્રીના બધા વખાણ કરો તો હું સમજી શકું, કયાંકને કયાંક મેળ પડે પણ ત્યાંના વખાણનો હવે કંઇ બહુ મતલબ નથી. હવે તો ગુજરાતને ન્યાય મળે એવો પ્રયત્ન અહીં અને ત્યાં થાય એ અપેક્ષા આપની બધાની પાસે છે. ધન્યવાદ.

શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : માનનીય અધ્યક્ષશ્રી, દરેક વ્યક્તિના જીવનમાં નિરાશા આવતી હોય છે. પણ આટલી હદ સુધી નિરાશા હોય એવું દર્શન મને માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના આ પ્રવચનમાં જોવા મળ્યું.

ઉપાધ્યક્ષશ્રી : તમે બહુ લાગણીશીલ નહીં થઇ જતા પછી..

શ્રી રજનીકાન્ત મો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, દેશમાં ૩૦ વર્ષ પછી પહેલી વખત સંપૂર્ણ બહુમતી ધરાવતો પક્ષ ભારતીય જનતા પાર્ટીની સરકાર આપણાં તત્કાલિન મુખ્યમંત્રી હવે વડાપ્રધાન બન્યા છે તેમના

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

નેતૃત્વમાં બની છે ત્યારે તેમણે સમગ્ર દેશમાં મેઇક ઇન ઇન્ડિયા, સ્કીલ ઇન્ડિયા, ક્લીન ઇન્ડિયા, ડિજીટલ ઇન્ડિયા અને ઇન્કલુડીંગ ઇન્ડિયાનો નારો આપ્યો છે. ઇન્કલુડીંગ ઇન્ડિયા એટલે સૌનો સાથ સૌનો વિકાસ.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ૨૪૮ તાલુકા આવેલા છે. મને કહેતા આનંદ થાય છે કે ૨૪૮માંથી ૨૪૭ તાલુકાની અંદર ઔદ્યોગિક તાલીમની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે અને એક તાલુકો ગરુડેશ્વર બાકી છે તેમાં પણ ઔદ્યોગિક તાલીમની વ્યવસ્થા ૨૦૧૫માં કરવા માટેનું રાજ્ય સરકારનું આયોજન છે. માનનીય વિરોધપક્ષના નેતાશ્રી કહેતા હતા કે ગ્રોથ એન્જિન નહીં પણ ડબો. મારે તેમને કહેવું છે કે ગુજરાતની અંદર તમામ તાલુકાની અંદર ઔદ્યોગિક તાલીમની વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ૭૭૯ જેટલી આઇ.ટી.આઇ.માં અને અન્ય વિભાગોની તાલીમની વ્યવસ્થા ગણીએ તો ૧૦ લાખથી પણ વધારે તાલીમાર્થીઓ તાલીમ લઇ શકે એ માટેની વ્યવસ્થા રાજ્ય સરકારે કરી છે. રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વ નીચે ૭૯ આઇ.ટી.આઇ.માં મહિલાઓ માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. ૨૫ જેટલી આઇ.ટી.આઇ. ફક્ત ને ફક્ત મહિલાઓ માટે ઉભી કરવામાં આવી છે. ૪૫ જેટલી આઇ.ટી.આઇ.માં મહિલા વીંગ ઉભી કરવામાં આવી છે. એટલે સમગ્ર રાજ્યમાં વધારેમાં વધારે મહિલાઓને પણ ઔદ્યોગિક તાલીમનો લાભ મળે તે માટેના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

આપણે બધા ચિંતા કરીએ છીએ અનુસૂચિત જનજાતિના વનબંધુઓની. રાજ્ય સરકારે વનબંધુ વિસ્તારમાં આવતા ૪૩ તાલુકાઓમાં ૧૦૭ જેટલી આઇ.ટી.આઇ.માં ૨૫,૩૭૫ જેટલી બેઠકોની વ્યવસ્થા કરેલી છે. એવી જ રીતે શહેરી ગરીબો માટે રાજ્યની અંદર ૧૪૯ જેટલી આઇ.ટી.આઇ. અને ૮૯,૦૦૦ જેટલી બેઠકો શહેરી વિસ્તારમાં ઉપલબ્ધ કરાવવામાં આવી છે. રાજ્ય સરકારે ૫૦૦થી પણ વધારે કૌશલ્યવર્ધન કેન્દ્રો શરૂ કર્યા છે જેમાં ૧૨ લાખથી પણ વધારે યુવક–યુવતીઓને તાલીમ આપવામાં આવે છે. મને કહેતા આનંદ થાય છે કે આ કૌશલ્યવર્ધન કેન્દ્રોમાં ૬૨ ટકા તાલીમાર્થીઓ મહિલા હતી. એટલે કે ૧૨.૭૧ લાખમાં ૭,૯૭,૪૭૨ મહિલા તાલીમાર્થીઓએ કૌશલ્યવર્ધન કેન્દ્રોમાં ઔદ્યોગિક તાલીમ લીધી છેરાજ્ય સરકારે સ્કિલ ડેવલપમેન્ટ માટે ગુજરાતમાં અલગ ગુજરાત સ્કિલ ડેવલપમેન્ટ કોર્પોરેશનની રચના કરી છે. સાથે સાથે તરસાલી વડોદરા ખાતે ટીમ સ્કિલ યુનિવર્સિટીને માન્યતા આપી છે. રાજ્યની અંદર જે એપ્રેન્ટીસ યોજના છે એમાં ૮૬૯૯ એકમોમાં ૫૩૦૭૬ જેટલી બેઠકોની અંદર એપ્રેન્ટીસની તાલીમ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. રાજ્ય સરકારે ઇન્ફર્મેશન ટેકનોલોજીનો જમાનો હોવાના કારણે ઇ–એમ્પાવર્ડ નામનો પ્રોગ્રામ જાહેર કર્યો છે. મને કહેતાં આનંદ થાય છે કે, ૨૦૦૦થી અત્યાર સુધીમાં ૬.૭૭ લાખ લોકોએ ઇન્ફર્મેશન ટેકનોલોજીનો લાભ લીધો છે. અને એમાં ૨.૯૫ લાખ જેટલી મહિલાઓ એટલે કે, લગભગ ૪૪ ટકા જેટલી મહિલાઓએ ઇન્ફર્મેશન ટેકનોલોજીની તાલીમ લીધી છે.

રાજ્ય સરકારને મારે અભિનંદન આપવા છે, શ્રમ અને રોજગાર વિભાગના ઇ–સ્કીલીંગ નામનો એક પ્રોગ્રામ જાહેર કર્યો. એમાં ઇન્ટરનેટના માધ્યમથી તાલીમની વ્યવસ્થા કરવામાં આવી છે. ૭૬૦ જેટલી આઇ.ટી.આઇ.ઓ, ૫૦૦ સી.વી.કે. સેન્ટરોમાં ૫ લાખથી પણ વધારે લોકો ઇન્ટરનેટ મારફતે તાલીમ લઇ શકે તે માટેની વ્યવસ્થા ગોઠવવા માટે હું રૂપાણી સાહેબને અને માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું. રાજ્યની આઇ.ટી.આઇ.ઓને સેન્ટર ઓફ એક્સલેન્સ તરીકે અપગ્રડે કરી છે. ૯૧ જેટલી આઇ.ટી.આઇ.ઓને પબ્લીક પ્રાઇવેટ ધોરણે અપગ્રેડ કરેલી છે. વિરોધપક્ષના માનનીય નેતાશ્રી કહેતા હતા કે, રોજગારીના આંકડા ખોટા છે. પણ હું આપને કહેવા માગું છું કે, ૨૦૦૨માં જ્યારે સરકાર હતી એ સરકારમાં ભારત સરકારની અંદર જે શ્રમ મંત્રાલય છે એનું ઓફિશિયલ ડોક્યુમેન્ટ બહાર પાડવામાં આવ્યું છે. એના આંકડા મુજબ ૨૦૦૨માં સમગ્ર દેશની અંદર ૪૯ ટકા રોજગારી ગુજરાતમાં ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ૨૦૦૩ની અંદર ૪૧ ટકા, ૨૦૦૪માં ૪૭ ટકા, ૨૦૦૫માં ૫૪ ટકા, ૨૦૦૬માં ૫૫ ટકા ૨૦૦૭માં ૬૮ ટકા, ૨૦૦૮માં ૭૧ ટકા, ૨૦૦૯માં ૫૯ ટકા, ૨૦૧૦માં ૪૦.૭૫ ટકા, ૨૦૧૧માં ૪૭ ટકા અને ૨૦૧૨માં ૫૩ ટકા અને ૨૦૧૩ની અંદર ૭૭.૭૩ એટલે કે, ૯૮ ટકા જેટલી રોજગારી સમગ્ર દેશમાં ફક્ત ગુજરાતે પૂરી પાડી છે. ૨૦૦૨થી આજ સુધીમાં છેલ્લા દસ વર્ષની અંદર સમગ્ર દેશની અંદર એમ્પાવર્ડ એકસચેન્જ મારફતે આપણા ઓફિશિયલ આંકડા છે એ પ્રમાણે રોજગારી ઉપલબ્ધ કરાવવાની અંદર ગુજરાત પ્રથમ નંબરે છે અને છતાંપણ આપણે ગુજરાતમાં વિકાસ થયો નથી એવી વાત કરીએ તો કોણ માનશે?

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારે પોતે ૭૭૯૬૧૩ જેટલા બેકારો જે નોંધાયા હતા એમાંથી ૨૯૧૦૦૦ને આપણે રોજગારી આપી છે. ગુજરાતની અંદર ૨૦૦૧માં ૨૪૪૧૩૨ માનવ દિન ગુમાવવામાં આવેલા. એની સામે ડિસેમ્બર ૨૦૧૪ની અંદર ફક્તને ફક્ત ૬૧૬૨૨ જેટલા માનવ દિન ગુમાવેલા છે. લઘુતમ વેતનની અંદર ૨૭ થી ૩૦ ટકાનો વધારો કર્યો છે અને તફાવતના રૂ.૨૮/– કરોડ ચૂકવ્યા છે. બોનસ એક્ટ નીચે રૂ.૪૫૩/– કરોડ ચૂકવવામાં આવ્યા છે. અકસ્માત યોજના નીચે રૂ.૨.૨૩ કરોડની સહાય ૨૭ ખેડૂતોને અને ખેતમજૂરોને ચૂકવવામાં આવી છે. નાના માણસોની આ સરકાર દરકાર કરે છે. મીઠાના અગરીયાને ૧૭૧૪૩ જેટલી સાઇકલો ઉપલબ્ધ કરાવવામાં આવી છે. રાજ્ય સરકારે પોતે હમણાં ૨૦ જિલ્લાની અંદર શ્રમયોગી કલ્યાણ મેળો યોજ્યો અને ૪ લાખથી પણ વધારે લોકોને એમને ઓળખ કાર્ડ આપવાની કાર્યવાહી છે એ પૂર્ણ કરી છે. શ્રમયોગીઓ માટે વેબ પોર્ટલની સુવિધા, હેલ્પ લાઇનની સુવિધા વગેરે સુવિધાઓ આ રાજય સરકારે ઉપલબ્ધ કરાવી છે. માનનીય રાજ્યપાલશ્રી પ્રસ્તાવ ઉપર આભાર પ્રસ્તાવ લઇને માનનીય કેશાજી આવ્યા છે એમનું સમર્થન કરું છું.

શ્રી કાંતિલાલ શી. અમૃતિયા(મોરબી) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યપાલશ્રીએ જે સંબોધન કર્યું એમાં શ્રી કેશાજીએ સૂર પૂરાવ્યો એમાં મારો સૂર પૂરાવું છું. મારા અગાઉના વક્તા માનનીય શંકરસિંહભાઇ કહેતા હતા કે, ૧૦ લાખમાં એક કોટ કરાવ્યોમુરબ્બી શંકરસિંહભાઇ, તમારે તો એમનો આભાર માનવો જોઇએ કે તમારા ચેલા તરીકે સવાયા ચેલા નીકળ્યા છે કે કોટની હરાજી કરી અને ૪ કરોડ ૩૧ લાખ રૂપિયા જે આવ્યા એ પ્રજાના કામમાં વપરાવાના છે. મારે પાણી વિશે વાત કરવી છે, અમારા રાજયના માનનીય મંત્રીશ્રી વિજયભાઇએ ચાર્જ લીધો અને ગુજરાતના પાંચ ઝોન છે એના ચીફ એન્જીનીયરની એક એક ઝોન વાઇઝ મીટીંગ બોલાવી, અને તાલુકાના અને ગામડાના પ્રશ્ન માટે, પાણી માટે કયાં જરૂરિયાત છે એના પાણી માટે સરકાર અત્યારથી ચિંતા કરે છે. અમે ૧૯૮૫માં જાહેર જીવનમાં આવ્યા ત્યારથી અત્યાર સુધીમાં દસ વર્ષ અમે જે તાલુકા પંચાયતમાં કામ કર્યું એમાં ચોપડે ટાંકા ચાલતા. આશરે ૪૫૦૦ જેટલા જે ટાંકા ચાલુ હતા અને મોટા પાયે કરપ્શન થતું એ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી માત્ર ૧૯૫ ટેન્કર ચાલુ છે. ટેન્કરની તો વાત અલગ રહી, આપણો ૧૬૦૦ કિલોમિટરની દરીયા કિનારો છે, મારા વિસ્તારમાં જે મીઠાના અગરિયા છે એમને પણ પાણીની સુવિધા, ટાંકા બનાવી પાઇપલાઇનથી શુદ્ધ પાણી મળે એની પણ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે જે સિદ્ધિ પ્રાપ્ત કરી એ બદલ હું અભિનંદન આપુ છું. બહેનશ્રી આનંદીબેન મુખ્યમંત્રી થયા પછી એ કહેતા મને ગૌરવ થાય છે કે દિવસના ૧૪–૧૪ કલાક કામ કરે છે. કામ કરી એક એક મીટીંગ લઇ અને જિલ્લાવાઇઝ મીટીંગ લઇ અને તમામ અધિકારીને બોલાવીને જે પણ પ્રશ્ન હોય એ પ્રશ્નને એ વાચા આપે છે. અહીંયા બેઠેલા બધાય સભ્યો આપણે આપણા વિસ્તારમાં જઇએ જ છીએ. છેલ્લા પંદર વર્ષમાં પાણીની સ્થિતિ આપણે જોઇ જ છે તો અહીંથી નીકળી કચ્છમાં જઇએ તો પણ જુઓ, વડોદરા જઇએ તો ખબર પડે, નર્મદાની જે કેનાલ ચાલે છે જે પાણી ૨૪ કલાક ચાલે છે એમાંથી આશરે ૫૦ ટકા પાઇપ લાઇનથી જે પીવાનું પાણી અપાય છે અને બીજું ખેતી માટે અપાય છે.

જે શંકરસિંહબાપુ હમણા કહેતા હતા કે ખેડૂતને પાણી નથી મળતું. અહીંથી અમે જઇએ છીએ કચ્છ સુધી, મોરબી, માળીયા, હળવદ, ધાંગધ્રા, સુરેન્દ્રનગર ખેડૂતો પણ પાણી પાય છે. પાણી તો પાય છે પણ એક પણ રૂપિયો લીધા વિના, આ ભારતીય જનતા પાર્ટીની સરકાર પીવા માટે અને ખેતી માટે પાણી આપે છે. રાઘવજીભાઇ, ગઇ વિધાનસભામાં બોલ્યા હતા કે આ જે સૌની યોજનામાં પાઇપ નાખ્યા એમાં ખર્ચ વધે છે. અત્યારે આપણા વિસ્તારમાં કામ ચાલુ થઇ ગયા છે તમે જુઓ તો આમ હાથ ઉંચો કરો તો હાથ ના પંહોચે એટલા મોટા પાઇપ છે. અહીંથી મારૂતિ જાય મચ્છુ –રમાંથી તો સીધી ધ્રોળ–જોડીયા નીકળે, એ પાઇપ નાખવા એ બહુ મોટી વાત છે, રૂબરૂ જઇને જોવું પડે કે આ ભારતીય જનતા પાર્ટીની સરકાર અને મુરબ્બી નરેન્દ્રભાઇ અત્યારે દેશના વડાપ્રધાન તરીકે સૌની યોજના લાવ્યા એમાં ૧૧૫ જે ડેમ ભરાશે એના આધારે કાયમી પાણી મળશે. સિદ્ધિની વાત કરીએ તો મારા વિસ્તારમાં બે ઓજી વિસ્તાર આવે છે. ૧૦૮ વાડી આવે છે. માત્ર ૧૫–૨૦ ઘર હોય ત્યાં પણ પાઇપલાઇનથી પાણી પહોંચાડયું છે. મારા વિસ્તારમાં લઘુમતિનો એક માળિયા તાલુકો છે એના વાંઢુ વિસ્તાર છે, વાંઢુ વિસ્તાર એટલે ૫૦ ઘર ખેતરમાં આમ રહેતા હોય, પાંચ બીજે રહેતા હોય ત્યાં પણ ભારતીય જનતા પાર્ટીની સરકારે પીવા માટે પાણી પહોંચાડયું. ભારતીય જનતા પાર્ટીની સરકાર કોઇ મતભેદ

નથી રાખતા. લઘુમતિ હોય તો ભલે, બીજા મતદાર હોય તો ભલે પણ સૌને પાણી મળે એની આ ભારતીય જનતા પાર્ટીની સરકાર ચિંતા કરે છે.

મારે જે વાત કરવી છે કે આ સરકારની સિદ્ધિની વાત છે કે છેલ્લા દસ વર્ષમાં જે બજેટ ૧૩૯૭૦ કરોડનું હતું અને આગલા દસ વર્ષમાં ૪૨૦૦નું જે બજેટ હતું એમાં પણ કરપ્શન થતું હતું. ભારતીય જનતા પાર્ટીની સરકારમાં ઓન લાઇન કોઇપણ કંપની ટેન્ડર ભરે એ ટેન્ડર પાંચ-દસ ટકા ડાઉનમાં જાય અને ત્રણ વર્ષની ગેરંટી હોય ત્યાં. એટલે પૈસાનો બચાવ થયો, પ્રજાના પૈસાનો દુરુપયોગ ન થયો, આ ભારતીય જનતા પાર્ટીની સરકાર જે કામ કરે છે એનો મારા સામે બેઠેલા સભ્યોએ આભાર માનવો પડે. અહીં અહીં આપણે બેઠા બેઠા જે બોલીએ છીએ એ પ્રજા જોવે છે. સાચું બોલવું જોઇએ, ખોટું બોલીએ તો પ્રજાની વચ્ચે જઇએ અને અત્યારે આટલા છો વિરોધ પક્ષમાં એ પણ નહીં આવો. હમણા જે વાત કરી દિલ્હીની ભારતીય જનતા પાર્ટીના મત દિલ્હીમાં માત્ર એક જ ટકો ઘટયા, એક થી દોઢ ટકા ઘટયા છે, કોંગ્રેસે એમને ટેકો આપ્યોએનો સફાયો થયો અને એ પછી એને મજબૂત કરવા માટે હવાતિયા મારે છે. શ્રી શંકરસિંહ બાપુ પ્રવચન કરતાં હતા ત્યારે પણ એમના મનમાં ઉત્સાહ ન હતો. એમણે ગૌરવ લેવું જોઇએ. શ્રી શંકરસિંહ બાપુ અમારા રાજકીય ગુરુ છે. સામે બેઠેલા એક પણ કહી શકે કે એ અમારા ગુરુ છે? ભલે એમના નેતા છે પણ બાપુએ ભારતીય જનતા પક્ષને મજબૂત કર્યો છે. એમના ચેલા વડાપ્રધાન તરીકે બેઠા હોય ત્યારે એમણે એમના વખાણ કરવા જોઇએ. પણ વખાણ ક્યાંથી કરે? એવું કરે તો વિરોધ પક્ષના નેતાનું પદ પણ લઇ લેવાય. ભારતીય જનતા પક્ષની સરકારે પાણીના કામો માટે હાંસલ કરેલ સિદ્ધિઓ માટે હું અભિનંદન આપું છું અને મહામહિમ રાજ્યપાલશ્રીએ આ સભાગૃહને કરેલ સંબોધન માટે હું એમનો આભાર માનું છું.

ડો. અનિલ જોષીયારા(ભિલોડા) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજ્યપાલશ્રીના સંબોધન પર આભાર પ્રસ્તાવ લઇને માનનીય કેશુભાઇ આવ્યા છે એના ઉપર હું મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યપાલશ્રી એમના સંબોધનમાં મારી સરકાર એ રીતે વાત કરતા હોય છે અને આખા રાજ્યનું એમાં પ્રતિબિંબ પાડતા હોય છે. આ સરકાર ગતિશીલ ગુજરાતનો નારો લઇને આવી છે એમાં સહુનો સાથ, સહુનો વિકાસ કરવાની વાત લઇને આવી છે. એમાં કોઇ ગતિ આવી નહીં પછી ગતિશીલ ગુજરાત. છેલ્લા ૧૫ વર્ષથી હું જોઇ રહ્યો છું કે ઉદ્યોગો પાછળ આ સરકાર એટલી બધી બેબાકળી બની ગઇ છે પણ ઉદ્યોગો આવતા નથી. એમાં કોઇ વધારો થતો નથી. આટલા ઉદ્યોગો પહેલા પણ આવતા હતા. પરંતુ સરકાર ભૂલી ગઇ છે કે સરકારનું વહીવટી તંત્ર કેવી રીતે સુદ્રઢ કરવું. એના માટેનું વિઝન આ સરકાર પાસે નથી. અમે આ વખતે જોયું છે કે આ જે વાયબ્રન્ટ સમિટ હતું તો અમારા તાલુકા લેવલના અધિકારીઓ, મામલતદારથી માંડીને કેટલાય અધિકારીઓ પ્રજાના પ્રશ્નો માટે કોઇ અધિકારી ત્યાં ગામડાંમાં મળે નહીં. બધા અધિકારીઓ અહીંયા. અહીંયા ગાંધીનગર આવીએ તો કોઇ અધિકારી મળે નહીં, કોઇ સેક્રેટરી ન મળે. બધા જ વાયબ્રન્ટ ગુજરાતમાં. સરકાર એમ કહે છે કે મારી સવા છ કરોડની જનતા, તો આ સવા છ કરોડની જનતા માટે કયા અધિકારી અને એના વહીવટી તંત્રનું શું? સરકાર પાસે વર્ગ-૧ થી વર્ગ-૩ સુધીના જે અધિકારીઓ છે એની ઘણી બધી જગ્યાઓ ખાલી છે. એ પૂરવાનું કે નવી વસતિ વધી એ પ્રમાણે જે સંખ્યા હોવી જોઇએ, નવી જગ્યાઓ ઉભી કરવી જોઇએ એના માટે કોઇ વ્યવસ્થા છે? અને દુઃખની વાત તો એ છે કે આ સરકારે વર્ગ-૪ માટેની જગ્યાઓ તો સદંતર નાબૂદ કરી દીધી છે. આ ગુજરાતમાં વર્ગ-૪ માટે કોઇ કર્મચારી સરકારી કર્મચારી નહીં બની શકે. સરકારે પરિપત્ર કર્યા છે એ જોઇ લેજો. આવું જ્યારે હોય ત્યારે મારે કહેવું છે કે ફિડર કેડરમાં પણ જગ્યા નથી. ઘણા એવા વિભાગો છે, સિંચાઇ કે માર્ગ અને મકાન વિભાગ એમાં ફિડર કેડર નહીં મળે તો પ્રમોશનો કેવી રીતે આપીશું? મારે એ પૂછવું છે કે શું તમારે સરકારી ઓફિસોને તાળા મારવાના છે? ગામડાઓમાં ઘણી જગ્યાએ ત્રણ જગ્યા અને ચાર જગ્યાનો ચાર્જ, આ તંત્ર કેવી રીતે ચલાવવાનું છે? જો તમે સંખ્યા આધારિત જગ્યાઓ નહીં ભરો તો તાળા મારવાના દિવસો આવી જશે. મારે બીજું કહેવું છે કે આ રાજ્યમાં શિક્ષિત બેરોજગારોની સંખ્યા દિવસેને દિવસે વધતી જાય છે. સરકાર ભરતી કરી શકતી નથી અને જ્યારે ભરતી થાય છે ત્યારે તમે જોશો કે તલાટીની ભરતીમાં ૧૨ લાખ છોકરાઓએ ફોર્મ ભર્યા. પોલીસની ભરતીમાં આઠ લાખ સાંઇઠ હજાર છોકરાઓએ ફોર્મ ભર્યા. આના

ઉપરથી ખબર પડશે કે કેટલી બેકારી હશે? એમાં પણ •(xxxxxx) તલાટીની ભરતી કરવાની હોય કે બીજી કોઇ ભરતી કરવાની હોય, દરેકના (xxxxxx) ટ્રાન્સફરનું હોય તો એના (xxxxxx) બઢતીના તો (xxxxxx), દરેક જગ્યાએ આ (xxxxxx) (અંતરાય)

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય સભ્યશ્રી જે (xxxxxx) વાત કરી જે શબ્દ બોલ્યા એ શબ્દો પાછા ખેંચી લે. તમારા કોંગ્રેસના શાસન વખતે (xxxxxx) હતા. પસંદગીમાં હોય કે બદલીમાં હોય, એમના શાસનમાં (xxxxxx) હતા.

ડો. અનિલ જોષીયારા : હું શબ્દો પાછા ખેંચી લઉં છું.

ઉપાધ્યક્ષશ્રી : શબ્દો પાછા ખેંચાયા છે.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, મારું એ કહેવું છે કે આજે જે કર્મચારીઓ લેવાય છે એ ફીકસ પગારમાં લેવાય છે. આજનું યુવાધન એનાથી નથી ટકી શકતું. આજનો ગુજરાતનો યુવાન નિરુત્સાહી થયો છે. ભલે આપણે ફંકશનો કરીએ, મેળાવડાઓ કરીએ પણ એ આજે નિરુત્સાહી થયો છે. એને મોંઘવારીમાં કેવી રીતે ટકવું એ પ્રશ્ન છે. ભ્રષ્ટાચારની માઝા મૂકી છે એ મારે કહેવું પડશે. એટલા માટે કે તાલુકા મથકે મામલતદાર ઓફિસમાં કે કોઇપણ ઓફિસમાં જાઓ પૈસા વગર કોઇ કામ થતું નથીઆપ તપાસ કરવી હોય તો કરી શકો છો સાહેબ. આવકનો દાખલો કે આવકનું ફોર્મ લેવા જાવ તો પણ (xxxxxx) આની તમે તપાસ કરી જુઓ. (અંતરાય) આમે મેં કઇ વાત ખોટી.. (અંતરાય)

શ્રી પંકજ દેસાઇ મુખ્ય દંડકશ્રી : સાહેબ, આના પુરાવા આપે સાહેબ. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : હું જોઇ લઇશ.

ડો. અનિલ જોષીયારા : રાજ્યપાલના પ્રવચનમાં આવો ઉલ્લેખ નથી થયો. આ તંત્ર માટે કોઇ વાત નથી થઇ એટલે મારે કહેવું પડે છે. સાહેબ, (xxxxxx) એટલા માટે આ કહેવું પડે છે. બીજી વાત મારે એ કહેવી છે કે, પદાધિકારીઓ એમ કહે છે કે (xxxxxx) એલા આટલી હદ સુધીનું? ભ્રષ્ટાચાર આટલી હદ સુધીનો? કદાચ ભૂતકાળમાં લેતા હશે પણ એની કાંઇક મર્યાદા હશે પણ આપ જાહેરમાં આવા શબ્દો વાપરે એ શોભનીય નથી. સાહેબ, ટકાવારીથી કામ થાય. સાહેબ, સરપંચોને પૂછી જુઓ કે સરપંચનું જે પોતાનું કામ હોય છે એક કામનું બિલ મંજૂર કરાવવામાં (xxxxxx) છે એમને પૂછો. સાહેબ, ગૃહ વિભાગ પણ (xxxxxx) સાહેબ. સાહેબ, હમણાં જ બે–ત્રણ દિવસ પહેલા મુખ્યમંત્રીએ કહેવું પડ્યું કે, પોલીસ ડિપાર્ટમેન્ટ જો આને કંટ્રોલ નહિ કરે તો સખી મંડળોને આ કામગીરી સોંપવી પડશે. આનાથીવધારે ખરાબ કઇ બાબત હોઇ શકે. આવું મુખ્યમંત્રી કહેતા હોય તો આ બદી કેટલી હદ સુધી વધી છે? સાહેબ, મામલતદાર અધિકારી લેવલે હમણાં સાહેબ વાત કરી કે (xxxxxx) (અંતરાય)

શ્રી પંકજ દેસાઇ (મુખ્ય દંડકશ્રી) : સાહેબ, આ આક્ષપ પુરવાર કરે સાહેબ. (અંતરાય) નહિતર આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરે.

ઉપાધ્યક્ષશ્રી : જોષીયારાજીના આક્ષેપના જેટલા શબ્દો છે એ હું દૂર કરું છું. (તરાય)

ડો. અનિલ જોષીયારા : મામલતદાર કચેરીમાં ૭–અ, ૮–અ, આવકના દાખલા, જાતિના દાખલા, ચારિત્ર્યના દાખલા એના માટે •(xxxxxx) પ્રમાણપત્ર આપ્યા સાહેબ.

ઉપાધ્યક્ષશ્રી : બે મિનિટ છે ડોકટર આપની.

ડો. અનિલ જોષીયારા : હમણાં મારી ૩ મિનિટ બગાડી સાહેબ. ૨૦ રૂપિયા લેખે સરકારને આવક થઇ છે સાહેબ. ૩૪૯૪ કરોડ રૂપિયા પણ સાહેબ એ ભૂલી જાય છે કે એક માણસ જ્યારે તાલુકા મથકે આવે છે ત્યારે ૨૦૦ રૂપિયા ખર્ચ થાય છે અને એ ૬૯૪૪ કરોડ રૂપિયા એ પ્રજાના ખિસ્સામાંથી વપરાય છે એ ભૂલી જાય છે. આ દાખલા મફત નથી મળતા સાહેબ. સાહેબ, કરવેરાની વાત કરું. કરવેરાનું ભારણ દર વર્ષે ૫૦૦૦ કરોડ જેટલું વધતું જાય છે. આ વખતે પણ ૬૮૪૧૬ કરોડના કરવેરા નાખ્યા છે પણ મારે એ કહેવું છે કે, આ મેળાવડા જે થાય છે એ બિનપ્રોડક્ટિવ ખર્ચ બંધ કરો. પ્રજાનું અહિત થાય છે. આ વિધાનસભામાં પસાર થયેલા પૈસા છે એ

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

મેળાવડા માટે નથી. સરકાર વારંઘડીએ મેળાવડા કરે છે અને વિભાગને કહી દે છે કે ૨૫ લાખ મોકલી આપો, ૨૦ લાખ, ૫૦ લાખ મોકલી આપો આ શું છે? આ પૈસા પ્રજાના છે, પ્રજા માટે વિકાસના છે. માટે જો મેળાવડા કરવા હોય તો સરકારી રાહે નહિ પણ પોતાની રીતે કરે. મેળાઓ બંધ કરવા જોઇએ. વીજળીનું પ્રોડકશન સરકારી યુનિટો છે એ એટલા માટે ઓછું કરી નાખ્યું છે કે પ્રાઇવેટમાંથી વીજળી ખરીદી શકાય. ૨૦૦૨માં ગુજરાતના ખેડૂતોને જે વીજળી મળી છે એ ૧૫૬૯૫ મિલયન મળતી હતી આજે પણ નથી આપી શક્યા સાહેબ. આજની તારીખે ખાલી ૧૫૦૬૫ ની જ વીજળી આપીએ છીએ. ૬૪૦ મિલિયન યુનિટ વીજળી આપણે ઓછી આપી છે અને એક સરવે નંબરમાં સાહેબ બે કનેકશન આપણે નથી આપતા. ગઇકાલે વાત થતી હતી ત્યારે મંત્રીશ્રી એમ કહેતા હતા કે જીઇઆરસીનો નિયમ જોઇ લેજો. એલા આપણે ઉદ્યોગોને જોઇએ એટલા કનેકશન આપીએ છીએ અને પેલો બિચારો ખેડૂત જે પ્રોડકશન કરે છે ત્યારે એને કનેકશન નથી મળતું. સરવે નંબર એક છે એટલે કનેકશન નથી આપતા. સાહેબ, મારે ઉદ્યોગની વાત કરવી છે. ઉદ્યોગોમાં પણ ૨૦૦૨માં ૯૮૦૦ મિલિયન યુનિટ વીજળી આજે સાહેબ ઉદ્યોગો પાછળ એટલી બધી વીજળી આપીએ છીએ (અંતરાય) ૨૯૬૦૦ મિલિયન યુનિટ વીજળી આપીએ છીએ. આ ઉદ્યોગો પાછળ વીજળી ખર્ચે છે.ખેડૂતોને વીજળી મળતી નથી.

શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી કેશાજીભાઇએ રાજ્યપાલના આભાર પ્રસ્તાવ ઉપર જે વિચારો રજૂ કર્યા. રાજ્યપાલશ્રીએ આખું ડોક્યુમેન્ટરી વિઝન સરકારે ભૂતકાળમાં શું કર્યુ છે? હાલમાં કઇ પરિસ્થિતિ છે અને આવતા સમયની અંદર સરકાર કઇ દિશામાં ગુજરાતની પ્રજાને લઇ જવા માગે છે એનું આખું વિઝન, આખું દૃષ્ટિબિંદું એમણે એમના આભાર પ્રસ્તાવમાં રજૂ કરેલું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આભાર પ્રસ્તાવમાંથી કેટલોક ભાગ આમ તો ખૂબ મોટું વિઝન એમણે રજૂ કર્યુ છેપરંતુ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણમાં માનનીય રાજ્યપાલશ્રીએ થોડાક બિંદુઓ રજૂ કર્યા છે. શહેરીકરણની પ્રક્રિયામાં સમગ્ર દેશમાં ગુજરાત રાજ્ય એ બીજા સ્થાને છે. જે શહેરીકરણની પ્રક્રિયા આખા દેશમાં ચાલે છે, એમાં ગુજરાત એ હાલમાં બીજા નંબરે બિરાજમાન થયેલું છે. ૨૦૦૧માં ભારતની વસ્તીના દાયકાનો સરેરાશ વિકાસ દર ૨૭.૮૨ ટકાની સરખામણીમાં ગુજરાતનો આ વિકાસ દર ૩૭.૩૬ ટકા એટલે કે, લગભગ ૪૦ ટકાથી વધારે છે અને એમાં પણ ૨૦૦૦ની છેલ્લી વસ્તી ગણતરી મુજબ ગુજરાતની કુલ ૬ કરોડ અને ૪ લાખની વસ્તીમાંથી ૨ કરોડ અને ૫૭ લાખ એટલે કે, કુલ વસ્તીના ૪૨.૫૮ ટકા વસ્તી શહેરી વસ્તી છે અને જો કદાચ આપણે વિચારીએ તો કે શહેરની નજીકમાં આવેલા છે વિસ્તારો છે, ઓજી વિસ્તારો છે, જે નથી ભળ્યા એવા જે વિસ્તારો છે એની જો સંખ્યા ઉમેરવામાં આવે તો લગભગ ૪૬ થી ૪૭ ટકા શહેરી વસ્તી થાય છે. એટલે લગભગ ગુજરાતની કુલ પ્રજામાંથી ૫૦ ટકા જેટલી વસ્તી શહેરી વિસ્તારોમાં વસે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આમ ભારતની અન્ય રાજ્યોની સરખામણીમાં ગુજરાતમાં શહેરીકરણની પ્રક્રિયા અસાધારણ ઝડપે વધી રહી છે. આ સંદર્ભમાં રાજ્ય સરકારે સુચારું આગોતરું આયોજન કર્યું છે. શહેરી નાગરિકોની સુવિધાઓ ગુણવત્તાયુક્ત બનાવવા માટે, અસરકારક નીતિ ઘડી, પગલાઓ ભરી, વિવિધ યોજનાઓ સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા અમલમાં મૂકી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના શહેરો માટો ગૃહ નિર્માણની યોજનાઓની સફળતા માટે શહેરોની આંતરકીય માળખાકીય સુવિધાઓ ઉભી થાય એ અત્યંત જરૂરી છે. સરકારે આ બાબતમાં ખૂબ ચિવટપૂર્વકનું કામ કર્યું છે. રોડ–રસ્તા, ફૂટપાથની સુવિધા હોય, ગટર વ્યવસ્થા હોય, વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા હોય, જનસમુદાયની આરોગ્યલક્ષી સગવડો હોય, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ હોય, સ્ટ્રીટ લાઇટ હોય, તાલુકા કે જિલ્લાના રસ્તા શહેરમાંથી પસાર થતા હોય, ક્યાંક નેશનલ હાઇ–વે, સ્ટેટ હાઇ–વે પસાર થતા હોય તો એને બાયપાસની પણ સગવડ કરી એને શહેરના માળખામાં અને એની વાહન વ્યવસ્થા માટે પણ પૂરતી સગવડ સરકારે કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ઉપરાંત અનેક નાની મોટી જરૂરિયાતોને ધ્યાનમાં રાખી જનતાની સુવિધાઓ અને સુખાકારી વધારવા માટેનું આયોજન કરેલું છે. ગુજરાત રાજ્યની સ્થાપનાની પચાસ વર્ષની ઉજવણીના ભાગ સ્વરૂપે રાજ્ય સરકારે અમલમાં મૂકેલી સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી આવાસ યોજના, ૨૦૦૯થી ૨૦૧૪ના પ્રથમ તબક્કામાં સાત હજાર કરોડ (સમયસૂચક ઘંટડી) અને લગભગ ૨૦૧૨ થી ૨૦૧૭ સુધીના બીજા તબક્કામાં પંદર હજાર કરોડ એટલે કે, કુલ બાવીસ હજાર કરોડનું આયોજન શહેરી વિસ્તારો માટે આ સરકારે કરેલું છે. શહેરીકરણ થયું હોય, શહેરોના કારણે શહેરોની અંદર વસવાવાળી જે હાલ ઝૂંપડપટ્ટી હોય,

ઇ.ડબલ્યુ.એસ., ઇકોનોમીકલ વિકસ સેકશનના માણસો હોય, એલ.આઇ.જી.ના, લો ઇન્કમ ગ્રુપના માણસો હોય એના માટે પણ સરકારે ખાસ કરી અને પહેલી વખત એવો અભિગમ એમણે અપનાવ્યો છે કે, નવી ઝૂંપડપટ્ટીમાં સ્લમ રિહેબિલિટેશન પોલીસી લાવી અને એ વિસ્તારોમાં જે ઝૂંપડપટ્ટી છે, એ ઝૂંપડપટ્ટીમાંથી માણસને સારી છત મળે એના માટે પી.પી.પી.ના ધોરણે સારું મોડેલ એને મળી શકે એના માટેનો પ્રયત્ન આ સરકારે કરેલો છે. લગભગ ટૂંકાગાળામાં મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત રાજયના ૭૦ શહેરો અને ૨૮ પ્રોજેક્ટમાં ૪, ૬૧,૭૩૦ આવાસોના આયોજન પૈકી ૧,૩૬,૫૦૪ આવાસોની ફાળવણી થયેલી છે. ૧,૧૩,૬૧૪ આવાસો આપણે પૂરા કરી ચૂક્યા છીએ. ૧,૨૩,૫૧૫ આવાસો પ્રગતિ હેઠળ છે અને ૧૩,૧૪૭ આવાસોના ટેન્ડરો પૂર્ણ થયા છે. ૫૧,૭૫૪ આવાસોના ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે અને ૧,૫૯,૭૦૦ આવાસો તાંત્રિક અને વહીવટી મંજૂરી અંતર્ગત છે અને લગભગ સરકાર અંતર્ગત આવેલી હાઉસીંગ સોસાયટીઓ અને જે હાઉસીંગ સેકટરમાં કામ કરતી સંસ્થાઓ આવતા સમયની અંદર આદરણીય મુખ્યમંત્રી, તત્કાલિન મુખ્યમંત્રી અને પ્રધાનમંત્રીશ્રી હાલના આદરણીય શ્રી નરેન્દ્રભાઇનું જે વિઝન હતું કે, મારે દરેકે દરેક વર્ગના માણસોને છત આપવી છે

ઉપાધ્યક્ષશ્રી : ઋષિકેશભાઇ, આપનું પ્રવચન પુરું થાય છે. રમણલાલ પાટકર.

શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય અધ્યક્ષશ્રી, દક્ષિણ ગુજરાતમાંથી આપશ્રી અહીંયા ઉપાધ્યક્ષ તરીકે બિરાજમાન થયા છો તે બદલ અભિનંદન. આ સન્માનનીય ગૃહમાં મારા સાથી શ્રી કેશાજી માનનીય રાજયપાલ સાહેબના આભાર પ્રસ્તાવ પર પ્રવચન કર્યું છે એમાં મારું અનુમોદન આપું છું. આજે સમગ્ર ગુજરાતની અંદર અહીંયા બેસેલા સન્માનનીય ૧૮૨ ધારાસભ્યોને સૌથી વિશેષ જો સુવિધા મળી હોય તો વીજળી વિભાગ અને માર્ગ અને મકાન વિભાગની છે. માનનીય રાજયપાલશ્રીએ એમના પ્રવચનની અંદર પાના નં. ૧૫ ઉપર ૮૨૯૭ કરોડ પ્લાન નોન પ્લાનની વ્યવસ્થા સાથે એમના પ્રવચનમાં નોંધ લેવામાં આવી છે. આજે આપણે સૌ જાણીએ છીએ કે ગુજરાતની અંદર તેર હજાર જેટલી ગ્રામ પંચાયતો છે, ૨૪૮ તાલુકા પંચાયતો છે, ૩૩ જેટલી જિલ્લા પંચાયત છે, ૧૫૯ નગરપાલિકા છે, ૮ જેટલી મહાનગરપાલિકા છે. તમામને એક સાંકળથી ૧૧૩૭૭૨ કિલોમીટરની વ્યવસ્થા સાથે ૯૮ ટકા જેટલો માળખાકીય વિકાસ માર્ગ અને મકાનનો જે કર્યો છે અને એટલા માટે ભારતીય જનતા પાર્ટીની સરકારને અને માનનીય મુખ્યમંત્રીને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આજે સ્વાભાવિક રીતે જે કામગીરી થઇ છે એ ૨૦૧૫ સુધીની અંતિત જે વ્યવસ્થા થઇ છે એમાં ૩૨૫૨ કિલોમીટર નેશનલ હાઇવે, ૧૮૫૦૬ રાજય ધોરી માર્ગ, ૨૦૪૬૩ જિલ્લા માર્ગ, ૭૪૭૪૪ કિલોમીટર ગ્રામ્ય અને જિલ્લા કક્ષાના માર્ગો બની ચૂકયા છે અને એ માટે કુલ રકમ ૨૦૧૫ અંતિત ૪૭૨૧.૮૦કરોડ એ રસ્તા અને પુલ માટે ખર્ચાયા છે. ૨૦૫ કરોડ મકાન માટે, પાંચ કરોડ નાગરિક ઉડ્ડયન વિભાગ માટે અને ૧૮૦કરોડ મહાનગરપાલિકાએ પાટનગર યોજના માટે ખર્ચ્યા છે. આમ કુલ ૫૧૭૨કરોડ રૂપિયાનો ખર્ચો આ વિભાગમાં થયો છે. આ વિભાગમાં જે ખર્ચો થયો છે એમાં કયા કયા કામો થઇ શકયા છે, તો જેમાં છ માર્ગીય અને ચાર માર્ગીય ૪૯૪ કિલોમીટર, દસ મીટરના રસ્તા ૧૭૨ કિલોમીટર અને પથી ૫૦, ૬૦ મીટર સુધીના રસ્તા ૧૦૮૫૬ કિલોમીટરના એમાં થઇ ચૂકયા છે. જયારે ગુજરાત પ્રગતિશીલ, વિકાસશીલ, તાલુકા વિકાસ, પ્રવાસી પથ, કિસાન પથ અને જિલ્લા અને ઉદ્યોગોને જોડતા આ રસ્તાઓ થયા છે ત્યારે એમાં ખાસ કરીને ચોમાસા દરમિયાન કોઇ વિસ્તાર છૂટો પડી જતો હોય તો એવા રસ્તાને પણ મરૂન વિલેજ રસ્તા તરીકે એમાં લેવામાં આવ્યા છે. તદ ઉપરાંત જિલ્લા કક્ષાએ ૧૫ ટકા ન્યુ ગુજરાત પેટર્ન, બોર્ડર વિલેજ, નોટીફાઇડ ગ્રાન્ટ એમ.એલ.એ., એમ.પી. એ.ટી.વી.ટી. આ તમામ યોજનાઓ પાછળ આજે ખૂબ જ સુંદર વ્યવસ્થા તમામ વિસ્તારની અંદર થઇ ચૂકી છે અને એના કારણે જ આજે ગુજરાત એક પ્રગતિશીલ, વિકાસશીલ અને દેશની અંદર પ્રથમ રાજય તરીકે આજે પંકાયુ છે.

આજે ચોકકસ એમ કહીશ કે આ બધા જે કામો થયા છે એમાં મારા મત વિસ્તારની પરિસ્થિતિ શું? ૮૯કરોડ રૂપિયાના કમ સે કમ આઠ જેટલા અમારા બ્રીઝ પણ થઇ ચૂકયા છે અને રસ્તાની દ્રષ્ટિએ જો જોઇશું તો ૧૫૧૬૨લાખ રૂપિયાના કુલ ૧૨ જેટલા અમારા મુખ્ય રસ્તા પણ થયા છે. આ બધું થયું છે પરંતુ કેટલીક બાબત એક શાસક પક્ષના જવાબદાર ધારાસભ્ય તરીકે પણ સરકારના ધ્યાને મૂકવા માગું છું. માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી નિતિનભાઇને મારી વિનંતી છે કે ગુજરાતની અંદર ખૂબ જ સારું કામ કરવા છતાંપણ આજે જે કંઇ આપણા ગામડાંઓ છે અને ગામડાંની અંદર ૨૫૦ વસ્તી સુધીના રસ્તાઓ આપણે લઇએ છીએ. પરંતુ સૌને આજે

જયારે વિકાસ દેખાયો છે ત્યારે ગામડાંમાં રહેતા ધારાસભ્યોને ફળિયાઓના જોડતા રસ્તાની ત્રુટી છે એ બાબતમાં જો ધ્યાન આપવામાં આવે તો આ પ્રશ્ન નવસારીથી અમારા દક્ષિણ ગુજરાતની અંદર જયાં ફળિયાની અંદર લોકો રહે છે. સૌરાષ્ટ્રની અંદર એક ગામ અને રસ્તા ઓછા હોય છે. અમારે વધારે ફળિયા અને ગામ એક. આ પરિસ્થિતિમાં ૨૦૦, ૫૦૦ કરોડ રૂપિયા એક સાથે મૂકવામાં આવે તો ગુજરાતની પ્રજા આનંદ અનુભવે છે, એમાં અમે ઇન્વોલ્વ થઇ શકીએ અને હું આશા રાખું છું કે આ પ્રકારનાં કામ થશે તો જે મોખરાનું ગુજરાત, વિકાસશીલ ગુજરાત બન્યું છે એમાં ખૂબ સારો ઉંમેરો થશે. નાનાથી મોટા સરવેનો કોલ આપેલ છે એમાં ઉંમેરો થશે. એવી અપેક્ષા રાખું છું. કેશાજીભાઇ જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે એમાં ટેકો આપું છું.

શ્રી ગોવાભાઇ હ. રબારી(ડીસા) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યપાલશ્રીના પ્રવચન ઉપર ભાઇ કેશાજીભાઇ જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે એમાં મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કેશાજીભાઇએ ખૂબ વાત છેક આઝાદીથી આજસુધીની કરી. કેશાજીભાઇ અને અમે સાથે હતા. અહીંયા પણ છીએ. સાથે રહીને ઘણી બધી વાતો કરેલી છે. સરદાર પટેલ સાહેબની પણ વાત કરી. સરદાર પટેલ ગુજરાતના નહિ, પણ સમગ્ર દેશના નેતા હતા છે અને અમર છે. વડાપ્રધાન બન્યા, ન બન્યા, વિકાસની વાતો કરી. એમાં ગાંધીજી, નહેરુજી અને સરદાર પટેલ ત્રણેયે મળીને નિર્ણય કર્યો હતો અને નિર્ણય કર્યા પછી જ્યારે આપણે આઝાદ થયા. પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુ બન્યા ત્યારે આ દેશમાં ચોખ્ખું પીવાનું પાણી કયાંય નહોતું. નદી-નાળામાંથી જ પીતા હતા. પાણીની વ્યવસ્થા નહોતી. ખેડૂતને ચોમાસામાં જે પાક પાકે બાકી કોઇ સંશોધનો નહોતા, સાધનો નહોતા કે અનાજ પકવાડી શકે. પીવાનું પાણી નહોતું. ટાંકણી જેવી ચીજ બનતી નહોતી. આ પરિસ્થિતિ દેશની હતી. આજે જ્યારે આપ સૌ કહો છો કે અમે કર્યુ, અમે કર્યુ. તમે આવ્યા ત્યારે કેટલો વિકાસ થયેલ હતો. તે દિવસે શું હતું. આ બધુ કોણે કર્યુ છે? બહેનજીએ કહ્યું ઘેટા-બકરાની વાત કરી. ઘેંટા બકરાની વાત કરી તો ઘેંટા બકરા વસ્તુ એવી છે કે માણસ બીજા કોઇ પશુ પક્ષી એ રીતે નથી બેસી શકતા. જે એક વર્ગની અંદર ૬૦ બાળકો હોય તો બે વર્ગના ૧૨૦ બાળકો થાય. ઘેંટા બકરાની જેમ થાય તો બેસી શકે, નહિતર ન બેસી શકે. એ મારી વાત હતી. બાકી વાતને ઉંધી લીધી છે. એવી વાત નથી. આ રીતે વિકાસની વાત છે, ત્યારથી થતી આવી છે.

આપણું મહારાષ્ટ્ર સાથે હતું. ૧૯૬૦માં જુદુ પડ્યું છે. અમારો એના પછી જન્મ છે. ઘરે વડીલોને પૂછજો તો કહેશે જમીન કોની હતી. સૌરાષ્ટ્રના ઢેબરભાઇ મુખ્યમંત્રી હતા. પટેલોને તમામ જમીન વાળા કર્યા હોય તો એમણે કર્યા છે. બધા જ બાપુના હાથમાંથી લઇને માલિક બનાવ્યા. આપણે માલિક છીએ. કોંગ્રેસની સરકારના આભારી છીએ. આપણે બધા એમના હિસાબે છીએ. એ પણ વાત ન ભૂલવી જોઇએ. આપણે એક તરફ બધી જ વાતને લક્ષમાં લઇ કમસેકમ પોલિટિકલ વાત કરો. આપણા વડીલોને પૂછજો કે શું હતું? આજે શું છે? વિકાસશીલ ગુજરાતની વાત કરી. સારું છે. આપના આવ્યા પછી વિકાસ થયો છે. વિધાનસભા કોંગ્રેસના વખતની હતી. સારું ફર્નિચર કર્યુ, શણગારી, તકતી લગાવીને ૨૫ વર્ષ પછી તમને લાગે કે અમે કરી છે. કોણે કરી છે. શું કર્યુ છે એ પણ જોવાનું છે. કોંગ્રેસની સરકારમાં એસ.ટી.,એસ.સી., ઓ.બી.સી., ગરીબ વર્ગનાને બેઠા કરવા માટે, કાયદાઓનું રક્ષણ આપવા માટે હાઉસમાં બેસી શકે એના રિઝર્વેશન માટે કોંગ્રેસની સરકારે, કોંગ્રેસના સૂઝબૂઝવાળા નેતાઓએ નિર્ણય કરાવ્યો. કાયદા કરાવ્યા, અનામત રખાવ્યું છે. એના ઉપર લાભ લઇ રહ્યા છે. નથી કર્યુ, એવું કશુ નથી. રહે એનું ઘર અને ખેડે એની ખેતી. માનનીય અધ્યક્ષશ્રી, રહે તેનું ઘર અને ખેડે તેની ખેતી આ બધું જ તે વખતનું છે. આપણે તો બધા જઇને બેસી ગયા છીએ. આપણે તો રંગરોગાન કર્યુ અને કહીએ કે અમારું થઇ ગયું છે. કરો, કરવાનું જ હોય છે. તમારે સહેલું છે. એક રસ્તો બનાવવો હોય તો તેના માટે આપણે જમીન એકવાયર કરવી પડે, કોર્ટ કચેરી, ખેડૂત, વળતર, તેના ઉપર કેટલા નાળાં આવે છે આ બધા પછી તેને પહોળો કરવાનો હોય છે. તો કહે કે અમે આટલા હજાર કરોડનો રસ્તો પહોળો કર્યો. તે બનાવ્યો કેવી રીતે? તે બનાવ્યો તે દિવસે કેટલી કેટલી મુસીબતો હતી? કઇ રીતે જમીનો પ્રાપ્ત કરી હતી? આ બધી જ સમસ્યાઓમાંથી જે કોંગ્રેસના રાજયમાં કરેલ છે અને માનનીય કેશાજીભાઇ આપ તો જાણો જ છો. આપણે અત્યારે શું છે? આ રાજયમાં કામ થાય છે, થશે અને થવાનું હોય તેમાં કંઇ ટીકા ટિપ્પણી નથી કરતો પણ જે વાસ્તવિકતા જે લે તેને થોડીક લક્ષમાં લઇએ. વધુમાં શિક્ષણની વાત કરીએ તો આજે પણ ઓરડા પૂરા નથી. મેં કહ્યું તેમ આઝાદી પછી રાજ આવ્યું તે વખતે તો કશું હતું જ નહીં. તમે કમસેકમ સાત ધોરણના સાત ઓરડા કર્યા હતા. અત્યારે તો પૂરા

ઓરડા પણ નથી. શિક્ષકો નથી તો આ બાળકોનું શું થશે? જે ગરીબ છે, ખેતરોમાં કોંગ્રેસે શાળા કરી આપી છે કે ચાર કીલોમીટર ગામમાં આવી ન ભણી શકે એટલે ખેતરમાં શાળા બનાવી. આજે ખાલી પડી છે. કયાંક ૧૨૦ની સંખ્યા હોય તો ચાલુ છે. અહીં ૫૦ ઘર છે અને ૭૦ની સંખ્યા છે તો પણ શિક્ષક નથી. ત્યાં બાળક જતો નથી અને ભણતો નથી.

આપણે ગમે તેટલી યુનિવર્સિટીઓ કરીશું અને સીટીની નજીક ગમે તે કરીશું પણ વાસ્તવમાં જે ગરીબ માણસ છે, ગરીબ ખેડૂત, મજદુરના બાળકને ત્યાં સુધી લઇ જવો છે તેના માટે તો પ્રથમ પ્રાથમિક શાળામાં પૂરતા શિક્ષકો અને પૂરતા ઓરડા હશે તો થશે. ઓરડા ઘટવાનું કારણ તમે કહો છો પણ હું કહું કે આઠમું ધોરણ ચાલુ કર્યું તો કયાંક કયાંક ઘટયા છે. આપણે જાણતા હતા કે આઠમું ધોરણ ચાલુ કર્યું એટલે ઓરડો જોઇશે તો પહેલાંથી બધુ આયોજન કરીને જયાં જયાં આઠમું ધોરણ કરવું છે ત્યાં શાળાના ઓરડા ઉપલબ્ધ કરાવ્યા હોત તો આજે આ તકલીફ ન હોત. આજે આઠમાનું પૂરું થતું નથી અને પ્રાથમિકનું બીજું પૂરું થતું નથી. બધી જ રીતે બાળકોને અડચણ પડે છે. (સમયસૂચક ઘંટડી) એ જ રીતે આજે પ્રાથમિક શિક્ષણમાં ધ્યાન આપવાની ખૂબ જરૂર છે. આપણે માનીએ છીએ અને આંકડા આવે છે તેના પર ન જુઓ. તમે શાળાઓમાં જાઓ. આજે પાંચ છ ચોપડી ભણેલાને આપણા મુખ્યમંત્રી કોણ છે, ગુજરાતનું શું છે તેની ખબર નહીં હોય. તેને તેના જિલ્લાના તાલુકાની ખબર નહીં હોય. આજે છ ચોપડી ભણેલા છોકરાને પૂરું એડ્રેસ લખતાં આવડતું નહીં હોય. આ પણ જોવું જરૂરી છે. આના લીધે બે ભાગ પડી જશે. એક સુખીનું શિક્ષણ અને એક ગરીબનું શિક્ષણ. આ ઉંડી ખાઇ પડી જશે અને તેને પૂરવા માટે આપણે બધા મથીશું તો નહીં પૂરાઇ શકે માટે ખૂબ કાળજી લઇને ગામના પ્રાથમિક શિક્ષણને સુધારવાની જરૂર છે.

એ જ રીતે ખેડૂતોની વાત કરું. આ પ્રવચનની આખી બુક વાંચી પણ કયાંય ખેડૂતનું નામ નથી. ખેડૂત આધારિત ૮૦ ટકા લોકો મજુરી કરે છે. ધંધા રોજગાર જે ગણો તેમાં. કાપડમાં ૧૦૦ લૂમ્સ ચાલતી હોય તો તેના પાયામાં ખેડૂત કમાય છે. મીલો ચાલે છે તો તે રૂ ખેડૂત પકવે છે. ૮૦ ટકા મજૂરોને રોજી ખેડૂત આપે છે તેનું કશું જ નથી. તેની સામે કોઇ જોતું નથી. તમારા પ્રવચનમાં પણ નામ નથી. ખેડૂત નહીં હોય તો આ દેશમાં કશું જ નહીં હોય. ખેડૂત છે તો દેશ છે. ખેડૂત આધારિત આવક છે. ટેકસ આવે છે તેમાં આ રિલાયન્સનો ટેકસ આવ્યો, અદાણીનો ટેકસ આવ્યો પણ એરંડો અને રાયડો તથા કપાસ પકવે છે ત્યારે ટેકસ આવે છે. તેના ઘરનું નથી આપતો. છતાં ખેડૂત માટે આપણે કોઇ ચિંતા કરતા નથી. આજે બનાસકાંઠાની વાત કરું તો ડાર્કઝોન ઉઠાવી લીધો. ધન્યવાદ આપું છું ઉઠાવી લીધો તેના માટે. તેના પછી અરજીઓ લીધેલ. તમારા અધિકારીઓએ કહેલ કે બોર બનાવી દો. તેમણે બોર બનાવી દીધો. તેમાં સમયમાં તેને બે-પાંચ દહાડા મોડું થયું તો તેના જોડાણ રદ કરી દીધા. તેને કહ્યું કે તને વીજળી નહીં મળે. ગરીબ માણસોને બેન્કમાં ધિરાણ ન મળ્યું. ૩-૩ ટકાના વ્યાજે રૂપીયા લાવીને બોર બનાવ્યા છે. તેને જોડાણ નથી મળતા. તેના બાળકોનું શું થશે. કયાંક તો વિચારો.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય ગોવાભાઇ આપનું પ્રવચન પૂરું થયું છે. માનનીય શ્રી જેઠાભાઇ ભરવાડ

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) : માનનીય અધ્યક્ષશ્રી, આભાર માનું છું બધાનો તાળી પાડી તે બદલ. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ભાઇશ્રી કેશાજીભાઇ માનનીય રાજયપાલશ્રીના પ્રવચન ઉપર આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે તેમાં મારું અનુમોદન આપવા માટે ઉભો થયો છું. ગુજરાતની અંદર ગુજરાતના મુખ્યમંત્રીશ્રી આનંદીબેનની જે સરકાર ચાલે છે તે ગતિશીલ સરકાર માટે થોડાક ઉદાહરણો રજુ કરવા માગું છું. માનનીય અધ્યક્ષશ્રી, હું ૧૯૯૮થી આ હાઉસની અંદર આવું છું. કેશુ બાપાની સરકાર જોઇ, નરેન્દ્રભાઇ મોદીની સરકાર જોઇ અને હાલમાં આનંદીબેન પટેલની સરકાર જોઇ રહ્યો છું. સરકારો જોયા પછી ખરેખર મને કહેતા આનંદ થાય છે કે, આજે સાત સાત યોજનાઓ બનાવીને ગતિશીલ ગુજરાતની અંદર આનંદીબેને જે કામ કર્યું છે ત્યારે અહીંયા બેઠેલા કોઇ પણ સભ્ય ગામડાની અંદર જાય અને તપાસ કરે કે સરકાર છે કે નહીં? તમે ગામડાંમાં જાવ તો માનનીય રાઘવજીભાઇ તમને ખબર પડે રાજકોટ શહેરમાં જાવ તો તમને ખબર નહીં પડે. ગામડાંના માણસ છે, કોઇ વૃધ્ધ માણસ છે એણે દાખલો મેળવવો પડે, એણે ડોકટરનું સર્ટિફિકેટ લેવું પડે એ ડોકટરની પાસે સર્ટિફિકેટ લેવા જાય તો ત્યાંને ત્યાં અધિકારીઓ તમામ મેળા રાખીને, લોક સંવાદ રાખીને, લોકોની વચ્ચે જઇને અધિકારીઓએ આપવા પડે છે. ગામડામાં જતી સરકાર કરી હોય તો એ આનંદીબેનની સરકાર છે. ત્યાંને ત્યાં એનું ફોર્મ ભરવામાં આવે, ત્યાંને ત્યાં દાખલો આપવામાં આવે, ત્યાંને ત્યાં જ એનું ફોર્મ મંજૂર કરવામાં આવે

અને એને પૈસા આપવાનું કામ કોઇ સરકારે કર્યું હોય તો માનનીય આનંદીબેનની સરકારે કર્યું છે. કાલે માનનીય જોષિયારાજી કહેતા હતા કે દૂધની અંદર ભેળસેળ થાય છે, યુરિયા નાંખવામાં આવે છે. અરે ભાઇ, મારે તમને પૂછવું છે કે, તમે જે દૂધ ખાવ છો તે યુરિયાવાળું દૂધ ખાવ છો? અરે, આખા દેશમાં અને દુનિયામાં અમૂલ ટેસ્ટ ઓફ ઇન્ડિયા વખણાય છે. આખા દેશમાં અને દુનિયામાં અમૂલના નામથી દૂધ વેચાય છે અને ગુજરાત એનો લ્હાવો લઇ રહ્યું છે એ ગૌરવ લેવા જેવી વાત છે. માનનીય અધ્યક્ષશ્રી, આ બધાની •(xxxxxx) જેવી વાત છે, એમને મારે શું કહેવું એ મને સમજ જ નથી પડતી. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : (xxxxxx) શબ્દોનો જે ઉપયોગ કર્યો છે એ શબ્દો હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) : માનનીય અધ્યક્ષશ્રી, સાહેબ, એમાં મારે કાંઇ કહેવું છે પણ આ સાંભળે તોને (xxxxxx) (અંતરાય) તોય હજુ આ લોકો ઠેકાણે નથી આવતા. માનનીય અધ્યક્ષશ્રી, મારે એ કહેવું છે કે ભારતીય જનતા પાર્ટીની આનંદીબેનની સરકારે ૧૧૦૦ કરોડ રૂપિયા કૃષિની અંદર માનનીય બાબુભાઇ સાહેબના વખતમાં પેકેજ જાહેર કર્યું છે અને ૨૫૦ કરોડ રૂપિયાની સબસિડી આપી છે. આ પહેલી સરકાર છે કે જે ખેડૂતોની સરકાર છે. માનનીય અધ્યક્ષશ્રી, મને યાદ છે જ્યારે હું પોલીસ ખાતાની અંદર નોકરી કરતો હતો ત્યારે એ વખતની કોંગ્રેસની સરકારે મહેસાણાની અંદર બિચારા ખેડૂતોને મારી મારીને હાંકી કાઢ્યા હતા અને બે બે ટ્રક ભરાય એટલા જૂતા વધ્યા હતા, ખેડૂતોની ઉપર લાઠીચાર્જ કર્યો હતો, ખેડૂતોની ઉપર ગોળીબાર થતો હતો કોંગ્રેસની સરકારમાં આવું અમે જોયેલું છે. માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે ભારતીય જનતા પાર્ટીની સરકાર ૨૦૦૨ની સાલમાં આવી ત્યારે ૨.૯ ટકાનો વિકાસદર હતો તે વધીને ૨૦૧૦માં ૧૦.૬૭ ટકાનો વિકાસ દર થયો છે. કૃષિ ક્ષેત્રે જે હરણફાળ ભરી છે (અંતરાય) આજે બધા બૂમો પાડે છે ત્યારે મારે ૨૦૦૫-૨૦૦૬માં કૃષિ ક્ષેત્રની આવક ૨૬૦૦૦ કરોડ હતી એની જગ્યાએ આજે ૧ લાખ કરોડની રૂપિયાની થઇ છે એટલે કે ત્રણ ગણો વધારો કૃષિ ક્ષેત્રમાં થયો છે. વાવેતર અને ઉત્પાદનની અંદર પણ ખૂબ મોટો વધારો થયો છે. જે ૪૬ લાખ મેટ્રિક ટન જેટલું ઉત્પાદન થયું છે અને મગફળીના ઉત્પાદનમાં પણ ખૂબ મોટો વધારો થયો છે. કપાસની અંદર પણ ૧૦૦ લાખ ગાંસડીનું ઉત્પાદન આ ગુજરાતની અંદર થયું છે. જોષીયારા સાહેબ મારે તમને એ કહેવું છે કે, ગુજરાતની અંદર, ખેતીવાડીની અંદર માનનીય આનંદીબહેનનના સરકારના મંત્રીશ્રી બાબુભાઇ બોખીરીયા સાહેબને મારે અભિનંદન આપવા છે, એ.પી.એમ.સી.ની અંદર જે ખેડૂતો પાસે ટ્રેક્ટર ના હોય એવા ખેડૂતોને ટ્રેક્ટર મફત આપવાનું અને ૨૦૦ રૂપિયાના ભાવથી ખેડી આપવાનું કામ જો કોઇ સરકારે કર્યું હોય તો એ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે, •(xxxxxx) પણ સારું થતું હોય, ગુજરાતના લોકોનું ભલું થતું હોય, ખેડૂતોનું ભલું થતું હોય, એમાં થોડુંક તો સારું બોલવાનું રાખો તો ઉપરવાળો પણ રાજી રહેશે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું છે કે કોંગ્રેસના મિત્રો ભલે વિરોધ કરે, પણ ભારતીય જનતા પાર્ટી પોતાનું કામ કરે છે, સન ૧૯૯૫ની સાલથી હું જોતો આવ્યો છું, ૧૯૯૫થી ભારતીય જનતા પાર્ટીની સરકાર આજે જે ગુજરાતની અંદર કામ કરી રહી છે, એનાથી દિનપ્રતિદિન કોંગ્રેસનો સફાયો થતો જાય છે, આ દેશની અંદર ભારતીય જનતા પાર્ટીએ સૂત્ર આપ્યું છે કે કોંગ્રેસ મુક્ત ભારત, એ કોંગ્રેસ મુક્ત ભારત થવાનું છે, એમાં કોઇ શંકા નથી, (xxxxxx) ગોતવા પડશે, ક્યાં છે કોઇ પત્તો નથી,

શ્રી જનકભાઇ મ. કાછડીયા(કરંજ) : આદરણીય અધ્યક્ષ મહોદયશ્રી, આ અતિ સન્માનનીય સભાગૃહના સભ્યો સમક્ષ મહામહિમ્ રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલી સાહેબશ્રીએ,

ઉપાધ્યક્ષશ્રી : માનનીય જેઠાભાઇના પ્રવચનમાં જો બિનસંસદીય શબ્દ હશે તો દૂર થશે.

શ્રી જનકભાઇ મ. કાછડીયા :રાજ્યપાલશ્રીએ કરેલા અભિભાષણનો આભાર પ્રસ્તાવ માનનીય સભ્યશ્રી કેશાભાઇ ચૌહાણ લઇને આવ્યા છે તેમાં હું મારો સૂર પૂરાવવા ઉભો થયો છું. જેમનું જીવન ખૂબજ પવિત્ર રહ્યું છે એવા મહામહિમ્ રાજ્યપાલશ્રીના કહેવા મુજબ ગાંધીજી જેવા મહામાનવે દેશની આઝાદી માટે જીવનપર્યંત આપેલું માર્ગદર્શન સમગ્ર વિશ્વ સમક્ષ ઉજાગર થાય તે માટેનું આયોજન પ્રવાસી ભારતીય દિવસની ઉજવણી કરીને મારી સરકારે કર્યું છે. ગતિશીલ ગુજરાતના પ્રણેતા અને ગુર્જરી ધરાના પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

પટેલના નેતૃત્વથી ચાલતી સરકાર દ્ધારા વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમિટ, ૨૦૧૫ તેમજ ૧૨૫૦ વિવિધ કંપનીઓનું સંકલન, ૧૭ પેવેલિયન અને હિન્દુસ્તાનના સૌથી મોટા ૧,૨૫,૦૦૦ ચોરસમીટર જમીનમાં પથરાયેલાં "ગ્લોબલ ટ્રેડ શો" નું જે આયોજન થયું હતું તેને મહામહિમ્ રાજ્યપાલશ્રીએ ઉદ્યોગ, વિકાસ અને યુવા રોજગારીની સૌથી વધુ તકો ઉભી કરનારું ગ્લોબલ પ્લેટફોર્મ કહ્યું. તેમજ તેમના કહેવા પ્રમાણે ગુજરાત એ દેશના વિકાસનું ગ્રોથ એન્જિન છે અને આ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી ઝડપી ઔદ્યોગિક વિકાસના પાયોનિયર છે. તેઓશ્રીના કહેવા પ્રમાણે માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના નેતૃત્વ હેઠળ ચોક્કસ લક્ષ્યાંકો સાથે ચાલતી ગુજરાત સરકાર દ્ધારા ગતિશીલ ગુજરાત કાર્યક્રમના રોડ મેપનું લોન્ચિંગ કરવામાં આવ્યું છે. આનાથી કુલ ૧૮ વિષયો તથા ૧૧૪ મુદ્દા સાથે આ કાર્યક્રમ અમલી બન્યો છે. જેમાં કુટિર ઉદ્યોગના વિકાસ અર્થે હસ્તકળા અને હાથશાળનું માર્કેટ ઉભું કરવું. આ વિષયનો પણ સમાવેશ કર્યો છે. રાજ્યપાલશ્રીના કહેવા મુજબ ગુજરાત સરકાર દ્ધારા ક્રાફ્ટ, ખાદી, હાથશાળ, હસ્તકલા અને માટીકામ વિગેરે માટેના ક્લસ્ટરને પ્રમોટ કરવા તથા મજબૂત કરવા માટે ક્લસ્ટર વિકાસ યોજના અમલમાં મૂકવામાં આવી છે રાજ્યપાલશ્રીએ કહ્યું કે કુટિર અને ગ્રામોદ્યોગના વેચાણનો વ્યાપ વધારવા માટે રાજ્ય સરકારના કુટિર અને ગ્રામોદ્યોગને સંલગ્ન બોર્ડ–કોરપોરેશન દ્ધારા નવેમ્બર, ૨૦૧૪ સુધીમાં ૭૭ મેળા અને પ્રદર્શન આયોજીત કરવામાં આવ્યા, જેમાં કુલ ૪૧૯૮ કારીગરોએ ભાગ લીધો હતો અને ૧૩.૮૫ કરોડ રૂપિયાના માલનું સીધું વેચાણ કરવામાં આવ્યું હતું. કુટિર અને ગ્રામોદ્યોગ વિભાગ હેઠળ નવેમ્બર, ૨૦૧૪ સુધી ૧,૪૦,૨૯૦ પૂરક રોજગારીનું નિર્માણ વિભાગ દ્ધારા કરવામાં આવ્યું છે. જે રાજકીય પાર્ટી આજે વિશ્વની સૌથી મોટી પાર્ટી બનવા જઇ રહી છે એવી અમારી ભારતીય જનતા પાર્ટીના વિચારપુરુષ અને જેમણે સમગ્ર વિશ્વને તળિયાના ગરીબ, દલિત અને શોષિત સમાજના લોકોના ઉત્થાન અર્થે બે ફિલોસોફી આપી છેએક છે અંત્યોદય અને એક છે એકાત્મ માનવવાદ. આ વિચારને લઇને પંડિત દિનદયાલજીના સૂત્ર

ઉપાધ્યક્ષશ્રી : બે મિનિટ બાકી છે.

શ્રી જનકભાઇ મ. કાછડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના ગામનો છું પાંચ મિનિટ વધારે આપજો. **''હર હાથ કો કામ''** તે ચરિતાર્થ કરવા માટે આનંદીબહેનના નેતૃત્વ હેઠળ ચાલતી રાજયની આ સંવેદનશીલ સરકાર દ્રારા કુટીર અને ગ્રામોદ્યોગમાં જે કામગીરી થઇ છે તે ખરેખર અભિનંદનીય છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૫ થી ૨૦ વર્ષ પહેલાંની વાત કરીએ તો અહીંયા કોંગ્રેસના વડિલો ખૂબ ઠેકડા મારતા હતા. પણ જૂની પ્રિન્ટ ચાલુ કરીશું તો એક પણ અહીંયા ઉભા રહી શકે તેમ નથી. બ્લેક એન્ડ વ્હાઇટ ચાલુ કરીશું તો તમને પણ ખ્યાલ હશે કે ૧૫ થી ૨૦ વર્ષ પહેલાંની વાત કરીએ તો હસ્તકલા દ્રારા હાથશાળના કારીગરો જે પેટીયું રળતાં રાજયના ગરીબડા અને ભોળાં પારેવડાં જેવા લોકોના બાળકોની હાલત કેવી હતી. ૭૦ ટકા જેટલાં નાગરિકોના કપડાં ઉપર થીંગડા જોવા મળતાં હતા. વીસ વર્ષ પહેલાંની વાત કરીએ તો જયારે બાળકો શાળાએ જાય તો શર્ટના સાત બટનમાંથી બે બટન જ બંધ કરેલા હોય, કોઇ બાળકને સેપ્ટી પીન મારેલી હોય તો કોઇ બાળકની ચડ્ડી ઉપર પણ થીગડા હોય. અત્યારે આદિવાસી ક્ષેત્રમાં જઇએ તો ત્યાં નાની નાની દીકરીઓ જે શાળાએ જતી હોય છે તેણે સ્કૂલનો યુનિફોર્મ પહેરેલો હોય છે, માથામાં સરસ મજાના બે ચોટલાં લીધેલાં હોય અને બ્લેક કલરની રીબીન બાંધેલી હોય, પગમાં બૂટ પહેર્યા હોય અને સાયકલ લઇને તે જયારે સ્કૂલે જતી હોય ત્યારે આપણને ગર્વ અને આનંદની લાગણી થતી હોય છે. આ દિકરીઓના આશીર્વાદ આજે નરેન્દ્રભાઇ મોદીને મળ્યા છે. તેમણે કોટની વાત કરી નરેન્દ્રભાઇ જેવા સંત ફકીરની શું વાત કરીએ. ફકીર જેવુ તેમનું જીવન છે તેમણે જે કોટ પહેર્યો હતો એ અમારા સુરતના વડિલ કિશોરભાઇ માલધારે તેમની દીકરીના લગ્નમાં તેમને કાપડ ભેટ આપ્યું હતુ. અને એ જ કાપડનો કોટ અમે સુરતવાળાએ ૪ કરોડ ૩૧ લાખ રૂપિયામાં લઇ અને મા ગંગા સફાઇ અભિયાન સમિતિને અમે ૪ કરોડ અને ૩૧ લાખ રૂપિયા પહોંચાડયા છે એ કોટની વાત કરતા હતા આદરણીય શંકરસિંહજી આ હું તેમને કોટનો જવાબ આપુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુર્જરી ધરાના પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ તેમજ કુટિર ઉદ્યોગના મંત્રી સૌરભભાઇ અને તારાચંદભાઇ છેડાની દૂરદર્શિતાથી ગરવી ગુજરાતના હસ્તકલાના કારીગરો હવે ઇન્ટરનેશનલ બજાર તેમને પ્રાપ્ત થવાનું છે. આજની તારીખે અત્યારે આ ઘડીએ ઇન્ટરનેશનલ મીટનું આયોજન

કરવામાં આવ્યું છે અને તેનું ઉદ્‌ઘાટન કરવા માનનીય સૌરભભાઇ ગયા છે. એમાં સૌથી વધુ ઇન્ટરનેશનલના બાયર્સ આવવાના છે અને ૩૦૦ થી વધુ રાષ્ટ્રીય બાયર્સ આવવાના છે.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે માનનીય સભ્યશ્રી પિયુષભાઇ, આપની પાસે છ મિનિટ છે તે મર્યાદામાં રહીને બોલજો.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ(નવસારી) : માનનીય અધ્યક્ષશ્રી, મને આઠ મિનિટ આપી છે અને આપના અત્યારે જ ઉપાધ્યક્ષ તરીકેની વરણીના વખાણ કર્યા કોઇ સૌરાષ્ટ્રના કહે છે તો કોઇ દક્ષિણ ગુજરાતના કહે છે આપ સર્વવ્યાપી છો તેનો આનંદ છે એટલે આઠેક મિનિટ આપો.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી કેશાજી ચૌહાણે જે ગુજરાત વિધાનસભાના રાજયપાલશ્રીએ સંબોધન કર્યુ તેના આભાર પ્રસ્તાવમાં મારા વિચારો વ્યકત કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય રીતે રાજયપાલશ્રીનું પ્રવચન એ સરકારની નીતિનો પ્રતિઘોષ છે અને મને પૂજય રવિશંકર મહારાજની યાદ આવે છે. બે દિવસ પહેલાં જ એમની જન્મ જયંતિ હતી મજૂર કાયદાઓના પણ આપણે સુધારાઓ રજૂ કર્યા આદરણીય રૂપાણીસાહેબના સાંનિધ્યમાં. ત્યારે પૂજય રવિશંકર મહારાજે કહ્યું હતુ ૧૯૬૦માં એ વંદનીય મહાપુરુષના શુભહસ્તે ગુજરાત રાજયની સ્થાપના થઇ.

પૂ.દાદાએ તત્કાલિન સરકારને સંકલ્પ તે વખતે લેવડાવેલા કે મારી સરકાર પોષણની બનશે શોષણની નહીં. અને આજના દિવસે પૂ.દાદાનો અંતરાત્મા ગુજરાતના દીર્ઘ દ્રષ્ટા તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઇની ૨૧મી સદીના પ્રથમ દશકાનું શાસન અને હાલમાં ગતિશીલ ગુજરાતના પ્રણેતા અને પ્રથમ મહિલા મુખ્યમંત્રી આનંદીબહેનનું ૨૮૦ દિવસનું શાસન જોઇને એમનો અંતરાત્મા આજે જરૂર આનંદ અને સંતોષ અનુભવશે એ શંકાને સ્થાન નથી.

માનનીય અધ્યક્ષશ્રી, કોઇ પણ સરકાર હોય એની નીતિ એની સુખાકારીનું માપદંડ એ રાજયની માળખાકીય સગવડો એ રાજયના રોડ, રસ્તા, પાણી, શિક્ષણ અને આરોગ્ય સામાજીક સંસ્થા ઉપર આધારિત હોય છે. ચાલીસ વર્ષ પહેલાં ગુજરાતની જે સ્થિતિ હતી અને આજે જે ગુજરાતની સ્થિતિ છે એમાં આસમાન જમીનનો ફેર છે એનાથી સૌ વાકેફ છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીએ તેમના પ્રવચનની અંદર મંગલ પ્રારંભે ૯મી જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ મહાત્મા ગાંધી દક્ષિણ આફ્રિકાથી સ્વદેશ પાછા ફર્યા તે ઘટનાને સો વર્ષ જે પૂરાં થયા છે તે બદલ પ્રવાસી દિવસ ગુજરાતમાં ઉજવ્યો છે તે અભૂતપૂર્વ ઘટના છે અને તેનો ઇતિહાસ કાયમી સાક્ષી રહેશેમાનનીય અધ્યક્ષશ્રી, મહાત્મા ગાંધીજીની પુજા એ દિલથી થાય છે. દિમાગથી મહાત્મા ગાંધીના નામે રાજનીતિ થાય છે અને ૪૦ વર્ષ સુધી આપણે રાજનીતિ કરી છે. મહાત્મા ગાંધી મંદિર અને હું તો અહીંયા બેઠેલા તમામ સભ્યોને પણ કહું છું કે મહાત્મા ગાંધી મંદિરની સામે જે દાંડી કુટીર બની છે તે આપણે બધા જ જુઓ, ખરેખર મહાત્મા ગાંધી સ્વરાજયનું જેમ કારણ બન્યા હતા તેમ જ આ મહાત્મા મંદિર અને ગાંધી કુટીર એ સુરાજય માટેનું કારણ બનશે એમાં કોઇ શંકાને સ્થાન નથી. મારે માનનીય રાજયપાલશ્રીના પ્રવચનના ૨૦ નંબરના પાના ઉપર ખાણ ખનિજ માટેની વાત થઇ છે તે બાબતે હું આપને જણાવવા માગું છું. ગુજરાતને લાઇમ સ્ટોન બોકસાઇટ લીગ્નાઇટ મેંગેનીજ, બ્લેક ટ્રેપ, ગ્રેનાઇટ, માર્બલ જેવા અનેક કુદરતી તત્વોની ભેટ મળેલી છે. રાજયના પેટાળમાં મળી આવતા ખનિજો શોધવા માટે વિવિધ પ્રકારના સંશોધનો આપણે જાહેર કર્યા છે. અંબાજી ખાતે ઇન્ટરનેશનલ સ્ટોન રીસર્ચ સેન્ટર, આઇ.એસ. આર.સી. સ્થાપવામાં આવનાર છે જેમાં વિશ્વ પ્રખ્યાત સ્થાપત્યકારો અને શીલ્પીઓને તાલીમ આપવામાં આવનાર છે. મારે વિશેષ વાત એ માટે કરવી છે કે જયારે ખાણ ખનિજ માટેની અગત્યની વાત હું કરું છું કે માનનીય રાજયપાલશ્રીએ જે વાત કરી છે એમાં ખાસ કરીને અત્યાર સુધી આપણા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇએ જે તે વખતે જયારે મુખ્યમંત્રી હતા ત્યારે વાત કરેલી કે ભારત સરકારે ખનિજોની હરાજી કરવી જોઇએ તેવી એમણે દરખાસ્ત કરેલી પરંતુ તે વખતની કેન્દ્ર સરકારને કોઇ કારણસર આ યોગ્ય ન લાગ્યું અને તમે જોયું હોય તો યુ.પી.એ.ની. સરકારની અંદર કોલસાનો ૭૦૦૦૦ કરોડથી વધુ ભ્રષ્ટાચાર થયો હતો તે વખતે હું એમ માનું છું કે એ વખતે મુખ્ય મંત્રી આપણા હતા તેમની વાત માની હોત અને હરાજી થઇ હોત તો આ અટકી શકયું હોત. મારે છેલ્લે અમારા ભારતના વડાપ્રધાન આદરણીય બાજપાઇજીની છેલ્લી પંકિતને

યાદ કરીને હું મારું સમાપન કરું છું. અને વિરોધપક્ષને કહું છું કે આંખો મે વૈભવ હે, આંખોમે વૈભવકે સ્વપ્ને પાંવમે તુફાનકી ગતિ હૈ, રાષ્ટ્ર ભકિતકા જવર નહીં ઝૂકતા, આઓ જીસમે હિંમત હૈ.

શ્રી રમણલાલ વોરા(સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આ વિધાનસભા ગૃહના તમામ સભ્યશ્રીઓએ આપને સર્વસંમતિથી જે ખુરશી પર બિરાજમાન કર્યા છે એ માટે આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું. આપશ્રી આ વિધાનસભા ગૃહમાં પાંચ પાંચ ટર્મ સુધી એક ધારા ગઢડા મત વિસ્તારના લોક લાડીલા ધારાસભ્ય તરીકે પ્રતિનિધિત્વ કરો છો, રાજય સરકારમાં પૂર્વ મંત્રી તરીકે, પૂર્વ ઉપ દંડક તરીકે, વિધાન સમિતિના અધ્યક્ષ તરીકે આપની ઉજ્જવળ કારકીર્દી રહી છે. આપશ્રી ભારતીય જનતા પાર્ટીના મોરચાના પ્રદેશના અધ્યક્ષ, રાષ્ટ્રીય મહામંત્રી અને અનેકવિધ પદો ઉપર કામગીરી કર્યા પછી જયારે ડો. બાબા સાહેબ આંબેડકરના સ્વપ્નને સાકાર કરવા માટે એક દલિત નેતા તરીકે આપ જયારે બિરાજમાન છો ત્યારે પહેલી વખત આ ગૃહમાં જયારે બોલી રહ્યો છું ત્યારે આપને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું અને સાથે સાથે શુભેચ્છાઓ પણ આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજયપાલશ્રીએ આ રાજય સરકારે કરેલી કામગીરીમાં મારી સરકારે આ કામગીરી કરી એ માટેની ઘણીબધી વિગતેથી વાત કરી છે. સવારથી જ અમારા સિનિયર મંત્રી આદરણીય નીતિનભાઇ પટેલે અમને બધાને સૂચના આપેલી કે જયારે વિરોધપક્ષના નેતા, આદરણીય બાપુ બોલે ત્યારે આપણે એમને સાંભળવા જોઇએ, આપણા સિનિયર આગેવાન છે, કંઇક સૂચનો પણ મળશે અને એમના કામના કારણે આપણને થોડું માર્ગદર્શન પણ મળશે, પરંતુ માનનીય અધ્યક્ષશ્રી એમણે જે આશા સેવી હતી તે મને લાગે છે કે એમની આશા ફળીભૂત ન થઇ. બાપુને મેં ખૂબ નજીકથી જોયા છે, અમારું નેતૃત્વ કર્યું છે અને મારા જેવા અનેક કાર્યકરોને એમણે તૈયાર કર્યા છે, એટલે એમની વ્યકિતગત ટીકા કરવી એ અમારા માટે અસંભવ છે. એ વિરોધપક્ષના નેતા તરીકે વાત કરે છે ત્યારે બાપુ આવા ઢીલા શંકરસિંહ બાપુ ન હોઇ શકે. પરંતુ જે સ્થાને બેઠા છે એ કારણે એમની મજબૂરી હશે.

એમણે જે વાતો કરી એમાંથી બે ચાર બાબતોનો મારે ઉલ્લેખ કરવો છે. પરંતુ એ પહેલા મહામહિમ રાજયપાલશ્રીએ જે વાતો કરી છે અને એમાં સૌથી પહેલા આ દેશના રાષ્ટ્રપિતા જેના હરહંમેશ દર્શન કરીએ છીએ એવા મહાત્મા ગાંધીજી નવમી જાન્યુઆરીએ દક્ષિણ આફ્રિકાથી પરત થયા અને એના સો વર્ષ પૂરા થાય છે એ દિવસને પ્રવાસી ભારતીય દિવસ તરીકે માનનીય અટલ બિહારી બાજપાઇ સરકાર વખતે ઉજવવાનું શરૂ કર્યું હતું અને ઇતિહાસમાં પહેલી વખત એવું બન્યું, અત્યાર સુધી પ્રવાસી ભારતીય દિવસ ફકત દિલ્હીમાં જ ઉજવાતો હતો એના બદલે આ વખતે ગુજરાતની ધરતી ઉપર પહેલી વખત ઉજવાયો છે. એની અંદર અનેક મહાનુભાવો આ પ્રવાસી ભારતીય દિવસના કાર્યક્રમમાં આવ્યા હતા. આ કાર્યક્રમ પણ મહાત્મા મંદિર ખાતે થયો હતો. માત્ર ૧૮૨ દિવસમાં બનેલા અને દસ હજારની કેપેસિટીવાળો કન્વેન્શન હોલ એમાં પ્રવાસી ભારતીય દિવસ કેન્દ્ર સ્થાને રહયો છે. અને પછી તરત જ વાયબ્રન્ટ ગુજરાતનો કાર્યક્રમ થયો. ગુજરાતના પનોતા પૂત્ર અને દેશના લોક લાડીલા વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇ મોદીએ સન ૨૦૦૩ થી વાયબ્રન્ટ ગુજરાતની શરૂઆત કરી હતી અને આ સાતમી વાયબ્રન્ટ સમિટ હતી. આ ભારતીય જનતા પક્ષની સરકાર બની ત્યારથી ખબર હતી કે આ દેશમાં અને ગુજરાતમાં ઉદ્યોગો તો જોઇશે જ. ઉદ્યોગપતિઓ આવે છે એ ધંધો કરવા માટે આવે છે, કમાવા માટે આવતા હોય છે પરંતુ ગુજરાત સરકારની નીતિ સ્પષ્ટ છે કે જો ઉદ્યોગો આવશે તો જ ગુજરાતના યુવાધનને રોજગારી મળશે. અમારા પરમ સ્નેહી મિત્ર આર.એમ. પટેલે સન ૨૦૦૨ થી આંકડા આપ્યા કે સમગ્ર દેશમાં થતી રોજગારી અને ગુજરાતમાં થતી રોજગારીના છેલ્લા બાર વર્ષના આંકડા જોઇએ તો આખો દેશ ૫૦ ટકામાં જયારે એકલું ગુજરાત ૫૦ ટકા રોજગારી આપે છે. આ વાયબ્રન્ટ ગુજરાતની ફલશ્રુતિ છે.

માનનીય શંકરસિંહભાઇએ કહ્યું કે બધા વિદેશથી આવ્યા અને સાથે સાથે સ્વાઇફલૂને પણ લેતા આવ્યા. આજે હિન્દુસ્તાનનું કોઇપણ રાજય સ્વાઇનફલૂથી બાકી રહ્યું નથી. આ બધા રાજયોમાં વાયબ્રન્ટનો કાર્યક્રમ થયો નહોતો. એ પછી પણ પરદેશથી આવનાર લોકો મને અને તમને પૂછીને આવતા નથી એટલે એની સાથે વાયબ્રન્ટ ગુજરાતને સાંકળવું એ ઠીક બાબત નથી.

એની સાથે સાથે રાષ્ટ્રીય સ્થિતિની વાત કરવામાં આવી. કોંગ્રેસના મિત્રોને યાદ અપાવું કે દિલ્હીમાં સરકાર બદલાઇ, ત્યાં સરકાર બદલાઇ ગઇ અમને કોઇ વાંધો નથી. માનનીય નરેન્દ્રભાઇ મોદી ૨૬મી મેના રોજ દેશના વડાપ્રધાન બન્યા પછી આ સ્વતંત્ર ભારતમાં મહારાષ્ટ્રમાં પહેલી વખત ભારતીય જનતા પાર્ટીના મુખ્યમંત્રીશ્રી બન્યા છે. ઝારખંડમાં મુખ્યમંત્રી ભારતીય જનતા પાર્ટીના બન્યા છે. હરિયાણામાં ભારતીય જનતા પાર્ટીના મુખ્યમંત્રી બન્યા છે અને હવે ભારતીય જનતા પાર્ટીની મિલીજૂલી સરકાર જમ્મુ અને કાશ્મીરમાં દેશના ઇતિહાસમાં પહેલી વખત સત્તા સ્થાને જઇ રહી છેઅને દિલ્હીમાં તો અપેક્ષા..જનતા જનાર્દન કહીએ છીએ. આપણે બધાએ તેને સ્વીકારવું પડે, પરંતુ ૬૩ બેઠકો ઉપર કોંગ્રેસની ડિપોઝીટ ગઇ અને છતાંય જો આપણે આનંદ અનુભવીએ તો મને લાગે છે કે ક્યાંકને ક્યાંક ચિંતન કરવાની જરૂર છે. ૬૩ બેઠકો ઉપર ડિપોઝીટ ગઇ. ૧૯૯૫માં ભારતીય જનતા પાર્ટીની સરકાર બની, સરકાર તૂટી, રાજપની સરકાર બની. આદરણીય રાઉલજી, અમારા રાઘવજીભાઇ, અનિલભાઇ જોષીયારા સાહેબ આ બધા જ લોકો સત્તાસ્થાને પણ બેઠાં. બાપુશ્રીએ કહ્યું કે સ્મશાન યાત્રામાં ચાર લોકો જોઇએ. ભાજપના ચાર લોકો નહીં આવ્યા. આપ સત્તા સ્થાને બેઠાં પછી ૧૯૯૮માં ચૂંટણી થઇને, તો આપણી પરંપરા ચાર જણા સ્મશાને પાલખી લઇને જાય અને આગળ એક દોણીવાળો જોઇએ. પાંચ ફરજીયાત છે અને પાંચ નહોતા. એ વખતે આપણે સૂત્ર આપ્યું હતું કે ગુજરાતની જનતા એ અમારો હાઇકમાન્ડ છે. અત્યારે હાઇકમાન્ડ કોણ છે? કારણ શું છે? એટલા માટે આ પરિવર્તન તો થતું હોય છે. હાર-જીત તો ચાલ્યા કરે. અમે પણ સ્વીકારીએ છીએ. તેનો મતલબ એ નથી કે ૬૩ બેઠકો ઉપર ડિપોઝીટ ગયા પછી પણ આનંદ અનુભવીએ. તેના માટે ચિંતનની જરૂરિયાત છે. અમે પણ કરીશું. વ્યક્તિગતપણે મને એટલા માટે આનંદ છે કે અત્યાર સુધી તો સફાઇનું કામ અમારો વાલ્મિકી સમાજ કરતો હતો. સફાઇ કામદાર કરતો હતો. દેશના વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇ મોદીએ ઝાડું પકડ્યું અને આખા દેશના અરબોપતિ અને ખરબોપતિ પણ ઝાડું પકડતા થઇ ગયા અને અમારા વાલ્મિકી સમાજની છાતી ગજ ગજ ફુલવા માંડી. એટલા માટે જયારે વાઇબ્રન્ટ ગુજરાતની વાત કરી છે ત્યારે તેની સાથે સાથે સ્વચ્છતા અભિયાનની વાત કરી. આગામી દિવસોમાં બાપુને દોઢસો વર્ષ થવાના છે ત્યારે આ દેશ તેમને ભેટ આપે તો શું આપે? (અંતરાય) ગાંધી બાપુને. જી..જી. શંકરસિંહ બાપુને પણ સલામ, જોષીયારાજી. સવાલ પેદા થતો નથી અને હજુય તમને કહું છું. શાંતિ રાખશો તો મજા આવશે. દોઢસોમી જન્મજયંતિએ ભેટ આપીએ તો શું આપીએ? તો સ્વચ્છ ભારત આપણે તેમને ભેટ આપીએ. મિત્રો, આપણી પણ કમનસીબી છે. કોંગ્રેસ પાર્ટી એમ કહે, મહાત્મા ગાંધીજી અમારા, સરદાર વલ્લભભાઇ પટેલ અમારા. તમે એમને મોટા નથી કરતા મિત્રો. તેમને નાના બનાવી રહ્યા છો, વાડામાં બાંધી રહ્યા છો. આ બન્ને મહાપુરુષો રાષ્ટ્રીય કક્ષાએ નહીં, આંતરરાષ્ટ્રીય કક્ષાએ જેમનું નામ છે તેમને પક્ષની વાડાબંધીમાં બાંધીને મને લાગે છે કે આપણે તેમને નાના ન કરીએ. તેમના સ્વપ્નનું કામ જ્યારે દેશના વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇ મોદી કરતા હોય ત્યારે, એ વાત જયારે ગુજરાત સરકાર ઝીલતી હોય ત્યારે, આદરણીય રાજયપાલશ્રી તેમના પ્રવચનમાં કરતા હોય ત્યારે શહેરી વિસ્તાર અને ગ્રામ્ય વિસ્તાર માટે અમારા નાણામંત્રીશ્રીએ કરોડો રૂપિયાની જોગવાઇ કરી હોય ત્યારે પરમપૂજ્ય બાપુના આ સ્વપ્નને સાકાર કરવા માટે આપણે બધા જ કટિબદ્ધ છીએ.

આજે શ્રીમતી આનંદીબેન પટેલના નેતૃત્વમાં જયારે ગતિશીલ ગુજરાતની કલ્પના કરીએ છીએ ત્યારે આદરણીય આનંદીબેન પટેલ યુનિવર્સિટીના ગોલ્ડ મેડલીસ્ટ છે. એક ઉત્તમ શિક્ષક તરીકે તેમને રાષ્ટ્રીય પારિતોષિક મળ્યું છે. ગામડાંમાં એક ખેડૂતપુત્રી તરીકે, એક સામાન્ય બહેન જેમ કામ કરે એમ ધરતી પર રહીને આવીને અનેક વિભાગો સાથેની સફળતાપૂર્વક કામગીરી કર્યા પછી એમણે ગતિશીલ ગુજરાતના નામે જે કાર્યક્રમો આપ્યા છે અને એમાંય મહિલા સશક્તિકરણની વાત કરી છે ત્યારે આપણે સ્વીકારવું પડે કે ગુજરાત નહીં, આખા દેશ નહીં, તમામ જગ્યાએ ૫૦ ટકા બહેનો છે અને હવે એ દિવસો ગયા, આપણાં ઘરમાં પણ ' તને શું ખબર પડે છે' કહેવાના દિવસો મિત્રો, પૂરા થયા. ધોરણ-૧૦ અને ૧૨માના પરિણામો આવતા આપણે જોયા છે. વધારેમાં વધારે બહેનો જેમાં આગળ આવતી હોય છે ત્યારે એમને પણ પૂરતી તકો મળવી જોઇએ. આપણે પણ મહિલાઓને શક્તિ સ્વરૂપા તરીકે નિહાળીએ છીએ. આપણા ધર્મશાસ્ત્રોમાં પણ એના માટેની ઉજવણી કરતા હોઇએ છીએ. એના માટે આપણે પૂજા પાઠ કરતા હોઇએ છીએ. આ શક્તિ સ્વરૂપા તરીકે શ્રીમતી આનંદીબેન પટેલના નેતૃત્વમાં આપણે બેઠા છીએ, ત્યારે અનેકવિધ કાર્યક્રમો દ્વારા ગુજરાતને આગવી ઓળખ આપવાનો

પ્રયાસ શ્રીમતી આનંદીબેને કર્યો છે. દેશના વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇ મોદીએ જ્યારે નર્મદા બંધના દરવાજા મૂકવાની માત્ર ૧૭ દિવસમાં મંજૂરી આપી ત્યારે દિલ્હીમાં એની જાહેરાત થાય છે અને મિત્રો એ વખતે શ્રીમતી આનંદીબેન પટેલ જૂનાગઢના પ્રવાસમાં હતા અને જૂનાગઢથી સીધા કેવડિયા કોલોની પહોંચ્યા અને એ જ દિવસે કલાકોની અંદર એ બંધની કામગીરી, દરવાજા ફિટ કરવાની કામગીરી સફળતાપૂર્વક કરતા હોય એવા સક્ષમ મુખ્યમંત્રી જ્યારે આપણને મળ્યા હોય ત્યારે આ વખતે બજેટની અંદર સ્ટેચ્યુ ઓફ યુનિટી માટેની વાત કરી છે. માનનીય રાજ્યપાલશ્રીએ સ્ટેચ્યુ ઓફ યુનિટીની વાત કરી છે ત્યારે આપણે બધાએ ગૌરવ લેવું જોઇએ.

પહેલાં મેં કહ્યું એ પ્રમાણે ૫૬૨ કરતાં વધારે રજવાડાઓને એકત્રીકરણ કરીને અખંડ ભારત બનાવવાનું કામ સરદાર વલ્લભભાઇ પટેલે કર્યું છે. સરદાર વલ્લભભાઇ પટેલ કહ્યું અને ૫૬૨ જેટલા રજવાડાઓએ પોતાનું સર્વસ્વ એમની પાસે જે કાંઇ હતું એ તરત જ એમના ચરણોમાં ધરી દીધું. મિત્રો, આપણે ખેતરના શેઢે ચાર વખત કોઈ માણસ જતો હોય તો કહી દઇએ છીએ કે, ચાર વખત ગયો હવે રોજ રોજ અહીં પેધી ન પડતો, અહીં ચાલવાનું નથી. આપણે ખેતરના શેઢે કોઇને પગ ન મૂકવા દઇએ અને આ રાજવી પરિવારોએ પોતાની પાસે જે કોઈ સર્વસ્વ હતું એ રાષ્ટ્રહિત માટે અર્પણ કરી દીધું. એ રાજવી પરિવારોને ધન્યવાદ આપીએ, એમનું ઋણ સ્વીકાર કરીએ અને એમનો આભાર માનીએ અને સરદાર વલ્લભભાઇ પટેલ એકતાનું પ્રતિક છે, સ્ટેચ્યુ ઓફ યુનિટી એટલે એકતા એને સમગ્ર દુનિયામાં બતાવવા જઇ રહ્યા છીએ ત્યારે એમને કહેવામાં આવતા હતા કે, બિસ્માર્ક ભારતના સરદાર વલ્લભભાઇ પટેલ. આજે નરેન્દ્રભાઇ મોદીએ એ કામ કર્યું. યુનિટી એટલે શું કહી શકાય? એકતા માટેનું પ્રતિક શું હોઇ શકે અને એટલા માટે ૧૮૨ મિટરનું સ્ટેચ્યુ બનાવ્યું. આ માત્ર સ્ટેચ્યુ નથી. એની સાથે આદિવાસી વિભાગ માટેના સંશોધનો હોય, ખેડૂતો માટેની વાત હોય, એના માટેના બીજા પ્રોજેક્ટ હોય. માત્ર એકલું સ્ટેચ્યુ નહીં. અને એના માટે જ્યારે કેન્દ્ર સરકારે પણ ફાળો આપ્યો હોય, એના માટેની વાત સ્ટેચ્યુ ઓફ યુનિટી માટે રૂ.૯૧૫/અ કરોડની જોગવાઇ થતી હોય તો આ કામ પણ શ્રીમતી આનંદીબેન પટેલના નેતૃત્વમાં થયું છે.

લોક સંવાદ સેતુ– રાજ્ય સરકારમાં પહેલાં લોક દરબારના નામથી આપણે પ્રશ્નો લેતા હતા. શ્રીમતી આનંદીબેન પટેલનું સ્પષ્ટ માનવું હતું કે, આપણે અહીંયાં ગાંધીનગરમાં બેસીએ અને પ્રજાના તમામ પ્રશ્નો ઉકેલાતા નથી. બધા જ લોકો ગાંધીનગર આવે એવું શું કરવા? ગાંધીનગરમાં સત્તા સ્થાને બેઠેલા જે લોકો છે એ લોકોની વચ્ચે કેમ ન જાય? એમની જોડે બેસીને એમની વાતો સાંભળે અને સ્થળ ઉપર પ્રશ્નોનો નિકાલ કેમ ન થાય? મને લાગે છે કે, મિત્રો આ હેતુ પાર પડ્યો છે. ઘણી બધી જગ્યાએ પક્ષાપક્ષીથી પર રહીને મારા લોક સંવાદ સેતુમાં હાજરી આપી છે. આખોને આખો પ્રયોગ લોકોના પ્રશ્નોનો સ્થળ ઉપર નિકાલ થયો છે. એમાં નીતિ વિષયક પ્રશ્નો છે એનો સ્થળ ઉપર સંભવ નથી એ નીતિ વિષયક પ્રશ્નો ગાંધીનગરમાં આવે અને સરકાર એના માટે વિચારણા કરે. એના માટેનો ઉત્તમ પ્રયોગ કર્યો. આ માત્ર એક વખત કર્યો એટલું પૂરતું નહીં. દર વર્ષે આ પ્રયોગ ચાલતો થાય અને ગુજરાતના પ્રશ્નોને વાચા આપવાનું કામ આ સરકાર કરે. એ કામ શ્રીમતી આનંદીબેન પટેલના નેતૃત્વમાં થયું છે જેનો રાજ્યપાલશ્રીએ તેમના પ્રવચનની અંદર આ વાત કરી છે.

આપણે બધા જાણીએ છીએ તેમ, આપણા ગૃહમાં વાત થતી હોય છે તેમ, હજુ આપણી પાસે ડોક્ટરોની ઘટ છે, ઉણપ છે. પરંતુ આ ડોક્ટરોની ઘટ પૂરી કરવા માટે પાયાની વાત ઉપર જવું પડશેવધારે મેડીકલ કોલેજો શરૂ કરવી પડશે, મેડીકલ કોલેજો થશે, સ્ટુડન્ટ ત્યાં આવશે તો આપણને આગામી દિવસોમાં ડોકટરો મળશે અને એ કામ આદરણીય નીતિનભાઇ પટેલના નેતૃત્વમાં ખૂબ સારી રીતે જે પાયાનું જેને કામ કહી શકાય, નવી કોલેજો નવી બેઠકો, નવા ડોકટરો તૈયાર થાય અને ત્યાં સુધી એની વૈકલ્પિક વ્યવસ્થા શું, તો જે પ્રાયવેટ દવાખાનામાં ડોકટરો કામ કરે છે એને સરકાર સાથે સાંકળી શકાય ખરા? અને ૨૨૭ કરતા વધારે ડોકટરો, તજજ્ઞ ડોકટરો એને સરકાર સાથે જોડયા છે સી.એમ. સેતુ કાર્યક્રમ દ્વારા કે તમે સરકારનો ભાગ નથી પરંતુ આજ ગુજરાત સરકારમાં તમારું પણ દાયિત્વ છે, તમે પણ સહયોગ કરો, અને આ અપીલને ધ્યાનમાં રાખીને ખાનગી ડોકટરોએ પણ આ સેવાનો લાભ આપીને આપણા પી.એચ.સી., સી.એચ.સી. સેન્ટરોમાં સરકારી દવાખાનામાં ઉત્તમ સેવા, ઉત્તમ ડોકટરોની સારવાર કેવી રીતે મળે એના માટેનો પ્રયત્ન આ રાજય સરકારે કર્યો છે.

મુખ્યમંત્રી અમૃતમ યોજના આપણી હતી જ, આદરણીય આનંદીબહેને માનનીય મુખ્યમંત્રીશ્રી વાતસલ્ય યોજનાનું કામ કર્યુ, બહેનો માટે ૧ લાખ ૨૦ હજાર રૂપિયા જેની આવક છે એ બહેનને એના ૨૧ વર્ષના બાળકો

સુધી એને પણ બે લાખ સુધીનું આ દાન મળે, એ બી.પી.એલ.ની યાદીમાં હોય કે ના હોય, કોઇ પણ જાતિ, કોમ, ધર્મનો કોઇ પણ હોય ગુજરાતની બહેન હોવી જોઇએ, ગુજરાતની નાગરિક હોવી જોઇએ એને મા વાતસલ્ય યોજનાનું કાર્ડ આપવાનું કામ આરોગ્ય વિભાગ થકી આ રાજય સરકારે કરવાનો પ્રયાસ કર્યો છે. એક વાત બધાના ધ્યાન પર આવી કે ના આવી કસ્તુરબા ગાંધી બાલીકા વિદ્યાલય, આજે પણ ગ્રામ્ય વિસ્તારની અંદર અમુક બહેનો છે કોઇ ચાર-પાંચ ધોરણ ભણે છે વળી પાછા ઉઠી જાય છે અને વળી પાછા એમ થાય કે બહેનોને ભણાવવી છે, બહેનોની ઉંમર મોટી થવાના કારણે ફરી પાછી એ પાંચમામાં આવી ન શકે અને જાય તો એ પણ શરમ સંકોચ અનુભવે, આ ન થાય એટલા માટે પૂજય મહાત્મા ગાંધીજીના ધર્મપત્નીના નામે કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયના નામે કેન્દ્ર શરૂ કરીને ૬૫હજાર જેટલી બહેનો માટે રહેવાની, જમવાની ઉત્તમ સુવિધા સાથે ભણવાની વ્યવસ્થા આ રાજય સરકારે કરેલી છે. અનેકવિધ છાત્રાલયોમાં રહેવાની વ્યવસ્થા છે એની સાથે આ સરકારે મોસમી છાત્રાલયો, આપણા જે લોકો મજૂરી કરવાવાળા લોકો છે એ જયાં પણ જતા હોય ત્યાં એમના બાળકોને સાથે લઇને જતા હોય છે. મા-બાપ તો મજૂરી કરે છે એના બાળકનું શું, એના ભવિષ્યનું શું, એના ભણતરનું શું? એ જયાં જાય છે ત્યાં પણ સ્કૂલ શરૂ થાય અને સ્કુલમાં એના મા-બાપને જે પ્રકારની સુવિધા જોઇએ એ આ મોસમી છાત્રાલયોને કારણે આ રાજય સરકારે આપવાનો પ્રયત્ન કર્યો છે.

આપણે અહીંયા શિક્ષણની ઘણી બધી વાતો થઇ છે અને આ વાતોમાં પ્રાથમિક શિક્ષણને આપણે પ્રાધાન્ય આપીએ છીએ. હમણા પ્રશ્નોત્તરીના કાળ દરમિયાન કહ્યું હતું કે જે ૨૦૦૧ની અંદર આખા દેશમાં મિત્રો જયારે કન્યા કેળવણીમાં આપણે એકવીસમા નંબરે હતા વાત સાચી પરંતુ શાળા કન્યા કેળવણી રથયાત્રા, શાળા પ્રવેશ ઉત્સવનો કાર્યક્રમ થયો અને એ કાર્યક્રમના એક દાયકાના પરિણામના કારણે, આ એક-બે દિવસનું , પાંચ વર્ષનું કામ નહોતું આ એક દાયકાના પરિણામને કારણે આદરણીય શિક્ષણમંત્રીશ્રીએ કહ્યું એ પ્રમાણે આપણે પહેલા એકવીસમા ક્રમે હતા, આખા હિન્દુસ્તાનમાં આજે આઠમા ક્રમે આવીને આપણે ઉભા રહ્યાં છીએ અને આઠમા ક્રમે પણ જે આગળના નાના રાજયો છે, કેરલ છે, ત્રિપુરા છે, એવા રાજયો છે કે આપણા એક જિલ્લાને, કચ્છ જિલ્લાને લઇ લો એટલે આખું રાજય આવી જાય, આવાને બાદ કરતા જયારે આઠમાં આવ્યા છીએ ત્યારે આ રાજય સરકારે કન્યા કેળવણી રથયાત્રાના માધ્યમથી દરેક બાળકો ભણે એના માટેની જે ચિંતા કરી છે. એના પછી ગુણોત્સવની વાત કરી, માત્ર શાળાએ જાય એટલું નહીં, ગુણવત્તાસભર શિક્ષણ મળે, શિક્ષણનું પણ ગ્રેડેશન થાય, શાળાનું પણ ગ્રેડેશન થાય, અનેકવિધ બાબતોને ધ્યાનમાં રાખીને વિશેષ કરીને આજે એની અંદર પણ ગતિ આપીને આદરણીય ભુપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબ શિક્ષણ મંત્રી છે, આપણે પ્રજ્ઞા વર્ગો શરૂ કર્યા છે, ગુણવત્તાસભર શિક્ષણ આપવા માટેના પ્રજ્ઞાવર્ગો, સોળ હજાર જેટલી શાળાઓમાં ઓલરેડી શરૂ કરી દીધા છે. પંદર લાખ જેટલા બાળકોને એનો લાભ મળ્યો છે. આ બધા બાળકોનો સર્વાંગી વિકાસ થાય, ભણતા બાળકો સારી રીતે શિક્ષણ લે અને શિક્ષણની સાથે સંસ્કારોનું સિંચન થાય અને એના માટેના પ્રજ્ઞાવર્ગોની ખૂબ સારી રીતે સુચારુ રૂપે કામગીરી થઇ છે.

૨૦૦૧માં ગુજરાત રાજયમાં ૧૧ યુનિવર્સિટી હતીગઇ કાલે આપણે એક યુનિવર્સિટીની જ્યારે મંજૂરી આપી છે ત્યારે આજે ગુજરાત રાજ્યમાં ૧૧ના સ્થાને ૫૫ યુનિવર્સિટીઓ થઇ છે. ગુજરાત રાજ્યમાં પહેલાં ૪૦૦ કોલેજો હતી, આજે ૧૭૦૦ કોલેજો થઇ છે અને એ વખતે બિલમાં મેં ધ્યાનથી સાંભળેલું, બાપુનું કહેવાનું હતું કે આજે ધોરણ ૧૨ તો તમે અને હું ભણ્યા પરંતુ એ પછી આગળ હાયર એજ્યુકેશન માટે શું? માત્ર ૮ ટકા, ૧૦૦માંથી ૮ લોકો કોલેજનું શિક્ષણ મેળવી શકતા હતા. એક દાયકાની મહેનતના કારણે એનું પરિણામ તો મળ્યું. ૮ ના ૧૮ ટકા થયા. ૧૦૦માંથી ૮ જતા હતા એમાં ૧૮ વિદ્યાર્થીઓ, તમે અને હું વિચાર કરીએ કે ૧૦૦ માંથી હજુ ૧૮ લોકો જ ત્યાં જઇ શકે? એટલા માટે આપણે વાત કરી કોલેજો કરવાની, મેડિકલ, એન્જિનિયરીંગ, પોલીટેકનિક અને આઇ.ટી.આઇ. કોલેજો કરવી. ગુજરાતના તમામ તાલુકામાં ધોરણ ૮મું ભણ્યા પછી જ્યારે રોજગારીની વાત કરીએ છીએ ત્યારે શ્રમ અને રોજગાર વિભાગ થકી અસંગઠિત ક્ષેત્રના કામદારો માટે સુચારુરૂપે કામ થયું હોય, શ્રમિકોને લાગે કે આ સરકારે અમારા માટે કામગીરી કરી છે. એના માટેના વીમાની અને આરોગ્યની કામગીરી આ પહેલી વખત થઇ છે. એટલા માટે આપણે આઇ.ટી.આઇ.ને પ્રાધાન્ય આપ્યું. રુર્બન એરિયામાં કૌશલ્ય વર્ધન કેન્દ્રો થાય એના માટે કામગીરી કરી અને સરવાળે ગુજરાતનું યુવાધન, સરકારી નોકરી

ન મળે તો પોતાના પગ ઉપર ઉભું રહી શકે, પોતાનું જીવન ચલાવી શકે, સ્વરોજગારી મેળવી શકે એના માટેની પણ ચિંતા આ રાજ્ય સરકારે આદરણીય મહામહિમ રાજ્યપાલશ્રીના એમના પ્રવચનમાં કરી છે.

અનેક બાબતોમાં રાજ્ય સરકાર જ્યારે કામગીરી કરી રહી છે ત્યારે નર્મદા બાબતે માનનીય આનંદીબેનના નેતૃત્વમાં એક નવો કાર્યક્રમ થયો કે બંધના દરવાજાની ઉંચાઇ ૧૨૧ મિટર થયા પછી દરવાજા મૂકાશે. કેન્દ્ર સરકાર મંજૂરી આપશે એટલે ૧૩૮ મિટર થશે. જ્યાં સુધી એની ક્ષમતા ન વધે ત્યાં સુધી પાણીનું શું? એટલા માટે ભૂગર્ભ લાઇન કરીને નર્મદામાંથી ૫ હજાર કિલોમિટર સુધીની એક સાથે ૪ મહિનામાં આ કામગીરી ચોમાસા પહેલાં પૂરી થાય. ખેડૂતોએ કહ્યું કે અમારો પાક ઉભો છે એટલે અમારો પાક લેવાઇ જાય પછી ચાલુ કરો તો એકી સાથે ૪૦ જગ્યાએ કેનાલની કામગીરી સમયમર્યાદામાં પૂરી થાય એ માટે રાજ્ય સરકાર કામગીરી કરી રહી છે. વીજળી વિભાગમાં ખેડૂતોની જ્યારે વાત કરતા હોઇએ ત્યારે ૧૯૯૫માં ઉર્જા વિભાગનો હું મંત્રી હતો ત્યારે ખેડૂતોને જે વીજળી આપીએ છીએ એ વીજળીનો યુનિટનો ભાવ ૫૮ પૈસા હતો. આજે જ્યારે હું ગૃહમાં ૨૦૧૫માં વાત કરી રહ્યો છું ત્યારે આજે પણ ખેડૂતોને વીજળી આપીએ છીએ એનો યુનિટનો ભાવ ૫૮ પૈસા છે. બાકીનું બધું ક્યાં ગયું? એના માટેની જે વ્યવસ્થાઓ થાય એ તમામ વ્યવસ્થાઓ ગુજરાતના ખેડૂતોના હિત માટે આ રાજ્ય સરકારે કરી છે. ૩ હજાર કરોડ કરતાં વધારાની સબસિડી આ ખેડૂતોને રાજ્ય સરકાર આપીને આ કામગીરી કરી રહી છે. હું જ્યારે પહેલી વખત ઇડરનો ધારાસભ્ય થયો ત્યારે વીજળીનો ઉચ્ચક હોર્સ પાવર દીઠ ભાવ હતો. (અંતરાય) મારે તમને પૂછવું છે કે હોર્સ પાવર આવ્યો ત્યારે ૧૯મી માર્ચ ૧૯૮૭ના દિવસે ગાંધીનગરમાં બેઠેલી કોંગ્રેસની સરકારે ભારતીય કિસાન સંઘના આંદોલન કરી રહેલા ૧૯ જેટલા નવયુવાનોને મોતને ઘાટ ઉતાર્યા, ખેડૂતોને મોતને ઘાટ ઉતાર્યા પછી આ ખેડૂતોને સાચવવા માટે અને સરકારને સાચવવા માટે તમે ખેડૂતના હિત વિરોધી વાત કરીને હોર્સ પાવર લાવ્યા. મહેસાણા જિલ્લામાં ખેડૂતોનું સંમેલન થયું એમાં બે ટ્રક ભરીને જૂતા ભેગા થઇ ગયા હતા. તેઓ જૂતા લેવા નહોતા રહ્યા. એટલા માટે મેં કહ્યું કે આદરણીય મહામહિમ રાજ્યપાલશ્રીના પ્રવચનમાં હું મારા ટ્રેક ઉપર છું. હું ટીકા-ટિપ્પણની વાત કરતો નથી પણ તમે ઇચ્છો છો કે અમારો ભૂતકાળ તમે યાદ કરાવો. હું ઇચ્છતો નથી પણ તમારા કારણે મારે યાદ કરાવવું પડ્યું છે. તમે ખેડૂતોના કેટલા હિતેચ્છું છો? માનનીય અધ્યક્ષશ્રી, નરેન્દ્રભાઇ મોદી દેશના વડાપ્રધાન બને. વડાપ્રધાનના શપથ લે એ પહેલા શ્રીલંકાવાળા કહે કે, અમે માછીમારોને છોડી દઇએ છીએ. પાકિસ્તાનવાળા કહે કે અમે માછીમારોને છોડીએ છીએ. હજુ તો વડાપ્રધાનના શપથ નહોતા લેવાયા. આ વાતાવરણ અને વાયુ મંડળ કેમ બદલાય ગયું? કારણ શું થયું? અને એટલા માટે બાપુ મિત્ર છો એટલે હવે બેસો. મારો ટ્રેક એવો છે કે પછી એ ટ્રેક ઉપર જતો રહું તો પછી અને નથી ઇચ્છતો કે એ ટ્રેક ઉપર જઇએ.

ઉપાધ્યક્ષશ્રી : રમણલાલ આ તમારો ટ્રેક છે એજ ચાલુ રાખોને.

શ્રી રમણલાલ ઇ. વોરા : સાહેબ, મને ઉશ્કેરી રહ્યાં છે એટલે પછી..

ઉપાધ્યક્ષશ્રી : ભાઇ, પ્લીઝ..

શ્રી રમણલાલ ઇ. વોરા : મારે સાચો ભૂતકાળ યાદ કરાવવો પડે છે. મારી મુશ્કેલી આ છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ(બેઠા બેઠા) : સાહેબ, આ ત્રણે ત્રણ આગળ બેઠા એ ભાજપમાં હતા. અસલ કોંગ્રેસવાળા ભાજપમાં જતા રહ્યાં. અમને આનંદ છે આ ત્રણે ત્રણ માનસિંહભાઇ, અમારા હતા.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી હવે બે મિનિટ બાકી છે. (અંતરાય) અમિતભાઇ પ્લીઝ આ ૧૯૮૭ની વાત કરે છે ત્યારે તમે હાઇસ્કૂલમાં ભણતાં હશો, બેસો.

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે આપ ખુરશી પર બિરાજમાન થયા એ વખતે અમારા ઘણાં મિત્રોએ વિશેષ કરીને શૈલેષભાઇએ ડો.બાબા સાહેબ આંબેડકર અમર રહોની વાત કરી. આ નારો લગાવ્યો એની સાથે અમે પણ જોડાયેલા હતા. આ સ્થાન ઉપર તમે બેઠા છો એ ડો.બાબા સાહેબ આંબેડકરને આભારી છે ત્યારે હમણાં મારા ગોવાભાઇ કહેતા હતા કે ST/SC ને રીઝર્વેશન આપ્યું. મહાત્મા ગાંધીજીના ઉપવાસ પછી ૨૪મી સપ્ટેમ્બર ૧૯૩૨ ના દિવસે મહાત્મા ગાંધી કોંગ્રેસ અને ડો. બાબા સાહેબ આંબેડકરની સાથે પૂના કરાર થયા. જેને પૂના પેક કહેવાય. ૨૪મી સપ્ટેમ્બર ૧૯૩૨ના દિવસે પૂના કરાર નિમિતે દલિતો અને આદિવાસીઓને આ અનામતના લાભો મળ્યાં આમાં કોઇ સરકારને સ્નાન-સૂતકનો મિત્રો સંબંધ નથી. આ માત્ર અને માત્ર મળી હોય તો ડો. બાબા સાહેબ આંબેડકરના કારણે મળ્યું છે ત્યારે મહામહીમ રાજ્યપાલશ્રીએ જે

પ્રવચન કર્યું છે અને આદરણીય અમારા કેશાજીએ જે પ્રસ્તાવ મૂક્યો છે અને બેનશ્રી ભાનુબેને સમર્થન આપ્યું છે એ પ્રસ્તાવને હું સમર્થન આપું છું અને રાજ્ય સરકાર જે કામગીરી કરી રહી છે એમાં અમે મહામહીમ રાજ્યપાલશ્રીએ જે વાતો વ્યક્ત કરી છે એના સ્પષ્ટ નિર્ધાર સાથે આ સરકાર શ્રીમતી આનંદીબેન પટેલના નેતૃત્વમાં આગામી દિવસોમાં કામ કરશે એવી પ્રાર્થના સાથે આભાર.

શ્રી પુનમભાઇ મા. પરમાર(સોજીત્રા) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યપાલશ્રીના સંબોધનનો પ્રસ્તાવ લઇને આવ્યાં છે ત્યારે હું સંબોધન ઉપર મારા વિચારો રજૂ કરું છું.

ઉપાધ્યક્ષશ્રી : પૂનમભાઇ પાંચ મિનિટ છે ધ્યાનમા રાખજો પછી તમે તલવાર વિંઝવાનું ચાલુ કરો તો પછી મુશ્કેલી થશે.

શ્રી પુનમભાઇ મા. પરમાર : ભારત દેશના બંધારણની જોગવાઇઓ મુજબ રાજ્યોનો વહિવટ ચાલે છે એના ભાગરૂપે રાજ્યમાં રાષ્ટ્રપતિ રાજ્યપાલની નિમણૂક કરે છે. રાજ્યોની સરકારનો વહિવટ બંધારણમાં આપેલ સત્તાઓ, જવાબદારીઓ અને ફરજો મુજબ સરકારના વહિવટ ઉપર ધ્યાન રાખવાનું હોય છે. સરકાર એની ફરજો અને જવાબદારીઓ નિભાવવામાં નિષ્ફળ જાય ત્યારે સરકારનું ધ્યાન દોરે છે. સરકારની ખામીઓ, પ્રજાના પ્રશ્નો માટે જરૂરી સૂચનાઓ આપે છે ત્યારે રાજ્યપાલશ્રીએ માત્ર સરકારના વખાણ કર્યા છે. પ્રજાની પીડાનો ઉલ્લેખ્ કરાયો હોત તો આનંદ થાત. અહીંયા સરકાર જે રીતે વહિવટ કરે છે એ જોતા આ સરકાર તમામ ક્ષેત્રે નિષ્ફળ ગઇ છે– ચાહે આરોગ્ય હોય, શિક્ષણ હોય, એગ્રીકલ્ચર હોય, ખેડૂતોને પોતાના ભાવ ના મળે, ખેડૂતોને ખાતર ના મળે અને તમે કેવો વહિવટ કર્યો કે ખેડૂતના કુટુંબના પાંચ સભ્યો હોય તો પાંચે પાંચ સભ્યો સવારે પાંચ વાગે ખાતર લેવા માટે લાઇનમાં ઊભા રહેવું પડે. કોંગ્રેસની સરકારમાં જોઇએ એટલું ખાતર મળતું હતું. તમારી સરકારમાં ખાતરના કાળાબજાર થાય, આખા કુટુંબને ઊભું રહેવું પડે અને ૩ વાગ્યા સુધી એક પણ થેલી ખાતર મળે નહિ અને ખાતર લેવા જાય તો બીજું પાછું ૫૦–૧૦૦ રૂપિયાનું વળગાડે. શું વળગાડે? સિંગલ ભેટ ત્યારે સરકારની જવાબદારી છે શિક્ષણ, આરોગ્ય અને સ્વાઇન ફ્લૂનો રોગચાળો ચાલી રહ્યો છે. હવે સ્વાઇન ફ્લૂનો રોગચાળો ચાલી રહ્યો છે. સ્વાઇન ફ્લૂના રોગચાળામાં રોજ દસ–બાર માણસો ગુજરી જાય છે, મરી જાય છે. જો કોગ્રેસની સરકાર હોય અને આરોગ્ય મંત્રીશ્રીની જવાબદારી હોય અને આરોગ્ય મંત્રીશ્રી જો સ્વાઇન ફ્લૂ જેવો રોગચાળો જો કન્ટ્રોલ ન કરી શકે તો કોગ્રેસની સરકાર તાત્કાલિક આરોગ્ય મંત્રીનું રાજીનામું લઇ લે. આ સરકારના પેટનું પાણી હલતું નથી. હમણાં મારા વિરોધ પક્ષના નેતા કહેતા હતા કે, વ્હાલા–દવલાની નીતિ રાખે છે. માનનીય મુરબ્બી નીતિનભાઇ પટેલ સાહેબ જ વ્હાલા–દવલાની નીતિ રાખે છે.

માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં એસ.આર.ના રસ્તાઓ સચિવો આપતા હતા અને સચિવો એક–બે ધક્કામાં ધારાસભ્યોને કામ આપી દેતા હતા. મંત્રી સાહેબે એ બધો હવાલો લઇ લીધો છે એનો વાંધો નહીં. મંત્રી સાહેબને ત્યાં તો ચાર–ચાર ધક્કા ખાવા છતાં એસ.આર.ના જોબ, હમણાં ગૃહ ચાલુ થયું ત્યારે •(xxxxxx) આવ્યું અને તે પાછા (xxxxxx) એવા આવ્યા કે,એમને ફાવે એને કાચા રસ્તા આપવાના.

ઉપાધ્યક્ષશ્રી : (xxxxxx) શબ્દને હું દૂર કરું છું.

શ્રી પુનમભાઇ મા. પરમાર : વાંધો નહીં. એમને ફાવે એને કાચા રસ્તા આપવાના, એમને ન ફાવે એમને કાચા નહીં આપવાના. મારા બે કાચા રસ્તા નામંજૂર કર્યા. જોડે અમારા દંડક છે પંકજભાઇ, ગોટિયાભાઇ સાહેબ અમારા એમના કાચા રસ્તા મંજૂર અને અમારા નામંજૂર. તો (xxxxxx) નીતિ ન રાખશો, નહીં સારું. અમારા કેશાજી ઠાકોર સમાજમાંથી જ આવે છે. એ રાજ્યપાલનો પ્રસ્તાવ લાવ્યા છે. (અંતરાય) મારો સમય ના બગાડી. કેશાજી ઠાકોર સમાજમાંથી આવે છે. કેશાજી કોંગ્રેસમાં જ હતા પણ ખબર નહીં શું થયું એ પાછા જતા રહ્યા. જો કેશાજી ઠાકોર સમાજને અન્યાય થયો છે એની સામે તેમણે ચિંતા કરી હોત તો મને આનંદ થાત અને ઠાકોર અને કોળી સમાજ પણ ખુશ થાત. પણ માધવસિંહ સોલંકીની સરકારમાં સામે કેબીનેટમાં દસ કોળી–ઠાકોર સમાજના મંત્રીઓ હતા, અને પહેલી હરોળમાં એક દેખાતો નથી. કેશાજી બીચારા, ચીમનભાઇ પટેલની સરકારમાં છ હતા, મોદીની સરકારમાં એક, આનંદીબેનની સરકારમાં એક. આ બધા બેઠા છો ઓ.બી.સી., દલિત અને આપણા ઠાકોર–કોળી સમાજની જો તમને લાગણી હોય..

•આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

ઉપાધ્યક્ષશ્રી : રાજ્યપાલશ્રીના આભાર પ્રસ્તાવ ઉપર આપણે આવીએ.(અંતરાય)

શ્રી પુનમભાઇ મા. પરમાર : મારી છેલ્લી વાત, ખાલી આ તો કેશાજી જેવાનો, પ્રતિનિધિઓનો કોળી–ઠાકોરના મત લેવા માટે ખાલી ઉપયોગ કરવામાં આવે છે ત્યારે સામે એકેય નથી. આપણી ઉપર કોઇ લાગણી નથી. આ દિલ્હી સમજી ગયું તમે સમજી જાવ અને છતાં પણ જો લાગણી હોય તો હમણાં પોલીસની ભરતી માટે પરીક્ષા લેવાય છે, ઇન્ટર્વ્યૂ લેવાય છે આપ જે ઓ.બી.સી.ના દલિતના, આદિવાસીના સામે જે સાથી મિત્રો બેઠા છો, જો તમારું ઉપજતું હોય તો આ મંત્રીઓને વિનંતી કરો કે, આમાં ઠાકોર, કોળી, ઓબી.સી અને દલિતના છોકરાઓને પી.એસ.આઇ. પોલીસમાં એ.એસ.આઇ.માં ભરતી કરે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય હર્ષદભાઇ.

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા(વિસાવદર) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યપાલશ્રીએ જે પ્રવચન કર્યું છે એમાં ખેડૂતોના મુદ્દામાં અગિયાર સો કરોડ રૂપિયાનું પેકેજ પોષણક્ષમ ભાવમાં જે આપવામાં આવ્યું છે તેમાં ખેત પેદાશોમાં કપાસની બાબત પણ આવી નથી. માટે માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું કહેવા માગુ છું કે, આ ગૃહની અંદર અને આ રાજ્યની અંદર સિત્તેર ટકા ખેતી આધારિત લોકો પોતાનું ગુજરાન ચાલાવે છે. ત્યારે આ ગૃહની અંદર એંશી ટકા ધારાસભ્યો ખેડૂતના મત લઇ આવીને જીતીને બેઠા છે. ધરતી ફાડીને કાળી મજૂરી કરી અને ખેડૂતનો દિકરો ધાન્ય પેદા કરે છે. આજે આપ વિચાર તો કરો કે, આ ખેડૂતો રાત–દિવસ કાળી મજૂરી કરીને પોતાના પાકને જ્યારે કપાસ પકાવી રહ્યા છો. આપ વિચાર તો કરો કે કપાસના ભાવના આટલા બધા આંદોલનો થયા અને સરકાર મચક પણ ન આપતી હોય, સરકારને વારંવાર કહેવામાં આવે, વારંવાર કિસાનો દ્વારા આંદોલનો કરવામાં આવે પણ વિચાર કરો કે, ખેડૂતનો દિકરો કપાસ કેવી રીતે પકાવે છે. કપાસ પકાવવામાં એને કેટલી મુશ્કેલી પડતી હોય છે. આ રાષ્ટ્રનો ખેડૂત કપાસ પકાવી અને ફાટેલા કપડા પહેરી અને આત્મ–વિલોપન કરે છે અને એ સમગ્ર રાષ્ટ્રને વસ્ત્ર પહેરાવે છે. આ ખેડૂતનો દિકરો અને આજે સરકાર એનામાં કોઇ પણ ધ્યાન દેતી નથી. કપાસ કેવી રીતે થાય છે મિત્રો, તમને ખબર છે? વાવણીથી લઇને કપાસ માર્કેટમાં વેચાય ત્યાં સુધી કપાસ પકવવામાં ખેડૂતને ઘણા વિઘ્નો આવતા હોય છે. જેમકે મહાભારત યુદ્ધમાં કેમ વાર થાય, એની જેમ ખેડૂત કપાસ વાવતો હોય ને ત્યારે જીવાતોનો વાર થતો હોય બાણ દ્વારા કે પેલા જયારે કપાસ વાવેને ખેડૂત ત્યારે જીવાત આવે છે એ જિવાત નિયંત્રણ કરવામાં ખેડૂત બિચારો પાયમાલ થઇ જાય છે ત્યારપછી કેટલી જીવાતો અને ચુસીયા પ્રકારની જીવાતો એ બધા માટે ખેડૂત પોતાનું બધું લગાડે. છતાં કપાસનો ભાવ ન આવે આ દશા ખેડૂતની છે ત્યારે માનનીય મંત્રીશ્રીને હું એ કહેવા માગું છું કે તમે કંઇક વિચારો આમાં આ રાષ્ટ્રનો ખેડૂત ખંભે દવા છાંટી છાંટીને એના ખંભામાં સાંભા પડી ગયા છે. તમે એક ઉથલ તો મારો પંપની, એક ઉથલ તો મારી જુઓ. ઓલો બિચારો ખેડૂત રાત દિવસ મહેનત કરી અને ખંભે પંપ લઇને દવાનો છંટકાવ કરી અને એના હાર્ડમાં સાંભા બેસી ગયા છે દવા છાંટી છાંટીને. આપણને કોઇકને આમાંથી જો એકસીડન્ટ થયો હોય ને, દાંત પડયો હોય ને તો આપણે પ્લાસ્ટીક સર્જરી કરાવીએ છીએ. આ ખેડૂતને તો હાડમાં સાંભા પડી ગયા છે એને પ્લાસ્ટીક સર્જરી કોણ કરાવશે? દવા, ખાતર અને કપાસ તૈયાર કરી અને છેલ્લે જયારે ખેડૂતનો દીકરો માર્કેટમાં વેચવા જાય ત્યારે એની ઉપર બ્રહ્માસ્ત્ર છુટે છે એ છેલ્લુ શસ્ત્ર પોષણક્ષમ ભાવનું. વિચાર તો કરો, ૮૦૦ રૂપિયાની અંદર ખેડૂતને એક મણ કપાસ તૈયાર થાય છે. એ કપાસ એને ૭૫૦માં વેચવો પડે, ૫૦ રૂપિયા નુકસાની થાય અને આ ધરતી પૂત્ર આખા રાષ્ટ્રને કપડા પહેરાવે છે ત્યારે આપ સૌએ વિચારવું જોઇએ.

વાત જી.ઇ.બી.ની કરીએ આ ગુજરાત વિદ્યુત બોર્ડની હાલત પણ એ જ છે. ખેડૂતનો દીકરો જયારે પોતે લાઇટ માટે એટલો મથે છે અને હમણા તો વાત કરું કે પાવર ચોરીના નામે બિચારા ખેડૂતને ખોટી રીતે પાવર ચોરીમાં ફીટ કરવામાં આવે છે. સૌરાષ્ટ્રમાં તપાસ તો કરાવો આપ કે ખોટી રીતે જયારે દસ હોર્સ પાવરની મોટર હોય અને ૧૫ એમપીયર લેતી હોય તો બે હોર્સ પાવરના બે એમ્પીયરના બીલ ફટકારી વીસ, વીસ હજાર રૂપિયાના દંડ ફટકારે છે આમાં કોઇક પી.આઇ.એલ. દાખલ કરશે ને તો આખા રાજયના ખેડૂતોને રીફંડ દેવાનું થશે.

ઉપાધ્યક્ષશ્રી : હર્ષદભાઇ, આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય પૂર્ણેશભાઇ.

શ્રી પૂર્ણેશકુમાર ઇ. મોદી(સુરત (પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહીમ રાજયપાલશ્રીએ જે સંબોધન કર્યું છે તેના આભાર પ્રસ્તાવ માટે કેશાજીએ જે વાત મૂકી છે એને હું મારો ટેકો આપું છું, અનુમોદન આપું

છું અને સૂર પુરાવું છું. માનનીય શ્રી જનકભાઇ અને માનનીય શ્રી પિયુષભાઇએ વાત કરી પરંતુ હું એ જ વાત કરવા માગું છું કે આપ મારા મત વિસ્તારના છો એટલે યોગ્ય જોજો. કલાઇમેટ ચેન્જ. વાતાવરણનો બદલાવ, હવા પાણીનો ફેરફાર, સમગ્ર પૃથ્વી ઉપર ગ્લોબલ વોર્મિંગ વિશ્વની ઉપર એક ચેતવણીના ભાગરૂપે અને જયારે સમગ્ર વિશ્વનું વાતાવરણ બદલાય છે તેવા કલાઇમેટ ચેન્જ સમગ્ર દેશ અને દુનિયામાં ચિંતાનો વિષય છે. ખૂબ ગંભીર વિષય છે. એની અસર સમગ્ર બ્રહ્માંડમાં છે અને એની પૃથ્વી ઉપર હવા, પાણી, જીવસૃષ્ટિ ઉપર, વનસ્પતિ ઉપર, પહાડો ઉપર બરફના પહાડો મહાસાગર ઉપર એની અસરથી તાપમાન વધવાથી માનવ જ નહીં, સમગ્ર જીવસૃષ્ટિ ખતરામાં છે, પરેશાન છે ત્યારે મારે એ વાત એક આશાનું કિરણ છે કે સમગ્ર પૃથ્વી ઉપર એક માત્ર ગુજરાત સરકારે એને સંવેદનશીલતાપૂર્વક લીધું છે અને ગુજરાત સરકાર આ બાબતમાં આગળ વધે છે એ અમારું આશાનું કિરણ છે. ગુજરાત સરકાર લાખ લાખ અભિનંદનને પાત્ર છે. સમગ્ર પૃથ્વી ઉપરની જે પ્રકૃતિ છે. કુદરતે બનાવેલી પૃથ્વી, હવા, પાણી એના વિરુદ્ધનું માનવનું વર્તન એટલે શોષણ એટલે કે વિકૃતિ કહેવાય. પરંતુ જે રીતે કુદરતે બનાવેલી પૃથ્વી, હવા, પાણી, આબોહવા વિગેરે વિગેરેને અનુરુપ માનવનું જે પોષણયુકત વર્તન છે એને પ્રકૃતિ કહે છે. કુદરતનો નિયમ છે કે કુદરતની વિરુદ્ધ વર્તન એ વિકૃતિ અને કુદરતને અનુરૂપ વર્તન એ પ્રકૃતિઅને પ્રકૃતિને અનુરૂપ જીવન એ આપણી ભારતીય જીવનધારાની સંસ્કૃતિ. આ સંસ્કૃતિનું જતન કરવાનું, સંસ્કૃતિની સંપત્તિનું શોષણ નહિ, પરંતુ પોષણ. એજ આજના સમયની અનિવાર્યતા છે અને એ અનિવાર્યતામાં આપણી ગુજરાત સરકાર ખરી ઉતરી છે.

આજથી સવા ત્રણ હજાર વર્ષ પહેલા ચરકઋષિના શિષ્ય બાગવદઋષિએ સેંકડો પરિક્ષણ કર્યા. આ પરિક્ષણમાં વાતાવરણમાં ઓક્સિજન વધે અને કાર્બન ડાયોકસાઇડનું પ્રમાણ ઘટે એના માટે પ્રકૃત્તિને રખેવાળ અને માનવ જીવનને અનુકૂળ બને તેવી વાત કરી હતી. આપણા ગુજરાત જેવા ઉષ્ણકટિબંધ રાજ્ય હવા, પાણી અને આબોહવા બાબતે જયારે આપણા અસ્તિત્ત્વનો ગંભીર ખતરો હોય ત્યારે આ કલાયમેટ ચેઇંજને પડકારવા માટે આપણે ખેતીવાળી અને કલાયમેટ ચેઇંજના ભાગ રૂપે એગ્રો મર્ટિયોલોજીકલ યુનિટની સ્થાપના નવસારીમાં કરી. આપણે હવાના પ્રદૂષણ, પેટ્રોલની સામે વાહનો ને ગેસ આધારિત વાહનો સમગ્ર ગુજરાતમાં બનાવ્યાં. આપણે નર્મદા નદીનું પાણી સમગ્ર ઉત્તર ગુજરાત અને કચ્છના છેવાડાના ગામોમાં ૪૫૮ કિ.મી. લાંબી કેનાલના માધ્યમથી પહોંચાડયું. આપણા કેનાલની હેડ છે જે પાવરહાઉસ ૨૫૦ મેગાવોટ એ કેવડિયામાં પ્રસ્થાપિત કરીને કલાયમેટ ચેઇંજને પડકારની સામે નવી દિશા ચીંધી છે. આપણે ગ્રીનબેલ્ટ જેવા અનેક પ્રોજેકટો વલસાડ અને કચ્છમાં લાવ્યા. આપણે ચેકડેમના ભાવનગર અને અનેક સૌરાષ્ટ્રમાં ચેકડેમના માધ્યમથી પાણી સંગ્રહ કરીને કલાયમેટ ચેઇંજ ઉપર એક પ્રતિકૂળ વાતાવરણને અનુકૂળ વાતાવરણ ઉભું કર્યુ. પાણીના પ્રદૂષણ સામે જે મિલો પાણી છોડે છે અને વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ આધારિત સી.ઇ.ટી.પી. સુરત અને મહેસાણામાં નાખીને સમગ્ર પાણી ચોખ્ખું થાય તેવા પ્રયત્નો કર્યા. મારે કહેવું છે કે આખા વિશ્વની અંદર જયારે કલાયમેટ ચેઇંજ અંગે કોપનહેગનમાં મળેલી કોન્ફરન્સ હતી. આ કોન્ફરન્સમાં પણ યોગ્ય નિરાકરણ ન આવ્યું, યોગ્ય નિવેડો ન આવ્યો અને ફરીથી સમગ્ર વિશ્વના તમામ દેશો આજે આ પ્રદૂષણ કરે છે. મારે એ કહેવું છે કે અમારું સુરત મહાનગર એ ૫૦ લાખનું મહાનગર છે. એમાં જે કચરાનું લેન્ડફીલિંગ થાય છે તે પણ વૈજ્ઞાનિક પદ્ધતિથી જમીનમાં સંમલિત કરવામાં આવે છે.

ગ્લોબલ વોર્મિંગ એ આપણા માટે એક ચુનોતી છે. પ્રકૃતિ માનવની જે સીમા બતાવી છે, તે સીમાને કન્ટ્રોલ કરવા માટે ગુજરાત સરકારે અનેક ઉપાયો કર્યા છે. પહેલું પ્રાકૃતિક ઉર્જાના સ્ત્રોતોને અપનાવ્યા છે. તેમાં ગુજરાતે ગ્રીન સોલર પવન ચક્કી ઉર્જાનો ઉપયોગ કર્યો છે. વિન્ડપાવર એ જામનગરમાં પ્રોજેકટ કાર્યન્વિત છે. સોલાર પાવર જેનો પ્લાન્ટ પાટણ, વડોદરા, કચ્છમાં ભવ્યતિ ભવ્ય આગળ વધી રહ્યો છે. આપણે વન ઉત્સવ કરીએ છીએ. જંગલ બચાવીએ છીએ. વૃક્ષ વાવીએ છીએ. વૃક્ષ વાવો વરસાદ લાવો. વરસાદ લાવો, વાતાવરણ બચાવો, પર્યાવરણ બચાવો. અને પર્યાવરણ બચાવો અને કલાયમેટ ચેઇંજ સામે નવું આપણે એક નવું વાતાવરણ ઉભું કર્યુ. પ્લાસ્ટિકના જે ઉપયોગો છે એની સામે પણ આપણી સરકારે અનેક પ્રકારના કન્ટ્રોલર મૂકીને કાયદા મૂક્યા છે. તમારે ઓર્ગેનિક ખેતીમાં પણ કાયાપલટના કારણે કુદરતી ખાતરના ઉપયોગના કારણે આપણે આગળ વધી રહ્યા છીએ, ત્યારે આપણા તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઇએ કલાયમેટ ચેઇંજ અંગે અને ખાસ કરીને કન્વીનિયન્સ એકશનના ભાગ રૂપે ગુજરાત રિસ્પોન્સ ઓફ ચેલેન્જ ઓફ

કલાયમેટ ચેઈંજની વાત કરી છે. તે વાત કાબિલે તારીફ છે અને એના માટે સમગ્ર વિશ્વમાં કાર્બન ડાયોકસાઇડ, મિથેન, નાઇટ્રોજન ઓક્સાઇડ આ ગેસનો વધારો થતા તેનું આવરણ સુર્યના પરાવર્તન કિરણને રોકી રહી છે અને આ કિરણના કારણે ધરતી ઉપરનું તાપમાન વધી રહ્યું છે, ત્યારે ગુજરાત સરકારે ખૂબ સારા એના આયોજન લીધા છે અને એમાં કલાયમેટ ચેઈંજ કૌશલ્યવર્ધક કાર્યક્રમો આપ્યા છે. મોટા ભાગે શાળાઓમાં ઉર્જા શિક્ષણ કાર્યક્રમ હાથ ધર્યા છે. રાજ્યની ૧૮૦૦ શાળામાં ૫૦,૦૦૦ ઉર્જા રક્ષકો બાળકો ૧૮૦૦ ઉર્જા આગેવાન શિક્ષકોના માર્ગદર્શન હેઠળ આપણે આગળ વધી રહ્યા છીએ. ગ્રીન સોલાર પ્રોજેકટ એ આપણા માટે એક ટેકનોલોજીને પુશઅપ કરવાનું આ ક્ષેત્રે ગુજરાતો પ્રથમ છે. ગુજરાત દેશનું સુર્ય વીજળી કેન્દ્ર બની ચૂકયું છે. ગુજરાત સરકારે પાટણમાં સોલાર પ્લાન્ટનો પાયો નાખીને વિકાસને ગતિ આપી છે. સોલાર પાર્ક રપજ મેગાવોટ વીજળીનો ઉર્જા થકી ઉત્પન્ન કરવામાં આવે છે. આપણી સરકાર સોલાર ક્ષેત્ર નહિ, અનેક ક્ષેત્રમાં આગળ વધી છે.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

સભાગૃહનું કામકાજ બપોરના ૧–૦૦ વાગ્યે પૂરું થતાં સભાગૃહ ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર રજી માર્ચ, ૨૦૧૫ ના રોજ બપોરના ૧–૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

# ગુજરાત વિધાનસભા
## સોમવાર, તા. ૨ જી માર્ચ, ૨૦૧૫
## ફાલ્ગુન ૧૧, ૧૯૩૬ શાકે
## સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.
## અધ્યક્ષશ્રી ગણપતસિંહ વસાવા અધ્યક્ષસ્થાને

શ્રી શંકરસિંહ લ. વાઘેલા (વિરોધ પક્ષના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આપ તંદુરસ્તી સાથે પાછા આવ્યા છો એ બદલ ભગવાનનો આભાર. આપને એક વિનંતી કરેલ કે એક દલિત મહિલાનું સરેઆમ ખૂન થયું છે. (અંતરાય) અત્યારે નહીં તો ઝીરો અવરમાં અમને એલાઉ કરો એવી વિનંતી છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (સંસદીય બાબતોના મંત્રીશ્રી) : પ્રશ્નોતરી કાળમાં કોઇ પ્રશ્ન ઉપાડી શકાતો નથી.

અધ્યક્ષશ્રી : ઝીરો અવરની કોઇ પ્રથા નથી. તારાંકિત પ્રશ્નો....પ્રશ્ન ક્રમાંક.૧.

### તારાંકિત પ્રશ્નો

#### જામનગર જિલ્લાના સરકારી છાત્રાલયોમાં સુવિધા

* ૧૩૮૬૫ **શ્રી ચીમનભાઇ ધ. શાપરીયા(જામજોધપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ અનુસૂચિત જાતિના કેટલા સરકારી છાત્રાલયો ચાલે છે, | (૧) ૦૨. |
| (૨) આ છાત્રાલયોની કુલ માન્ય સંખ્યા કેટલી છે, | (૨) ૧૬૦. |
| (૩) વર્ષ ૨૦૧૪-૧૫માં તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપેલ છે, અને | (૩) ૧૩૯. |
| (૪) છાત્રાલયમાં શી સુવિધાઓ આપવામાં આવે છે? | (૪) સરકારી છાત્રાલયોમાં રહેવાની જમવાની તથા રમતગમતના સાધનો, બુકબેંક, સામાયિકો વગેરે નિયમોનુસાર તમામ સુવિધાઓ વિના મુલ્યે પુરી પાડવામાં આવે છે. |

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, જામનગરમાં કુમારો માટે સરકારી છાત્રાલયની અંદર પ્રવેશ મેળવવા માટેની પાત્રતા શું છે?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર રાજ્યમાં કોઇપણ સરકારી છાત્રાલય હોય તેમાં પાત્રતા માટે અનુસ્નાતક કક્ષાએ એની આગલી પરીક્ષામાં ૫૫ ટકા ગુણ મેળવેલ હોવા જોઇએ અને અન્ય લોકો માટેની ૫૦ ટકા ગુણની વ્યવસ્થા છે. પરંતુ જેને પણ આપણે પ્રવેશ આપીએ છીએ એ બધાને મેરિટના આધારે આપીએ છીએ. કુલ જેટલા વિદ્યાર્થીઓએ અરજી કરી હોય એમાંથી મેરિટના આધારે આવ્યા હોય એમને પસંદગી આપીએ છીએ. આવકની મર્યાદા કુમારો માટેની ૧ લાખ રૂપિયા છે અને કન્યાઓ માટે આવકની કોઇ મર્યાદા નથી.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જામનગર જિલ્લામાં અનુસૂચિત જાતિની મોટી વસતિ ધરાવતા કાલાવડ, જોડિયા અને ધ્રોળ તાલુકા, આ ત્રણ તાલુકાઓ પૈકી એક પણ તાલુકામાં સરકારી છાત્રાલય નથી તો માનનીય મંત્રીશ્રી આ બાબતે સ્પષ્ટતા કરશે કે સરકાર આ ત્રણેય તાલુકાઓમાં આવા છાત્રાલયો શરૂ કરવા માગે છે કે કેમ? અને ક્યારથી?

શ્રી રમણલાલ ઇ. વોરા : રાજ્ય સરકારે અગાઉ નક્કી કર્યું છે તે પ્રમાણે જામનગર જિલ્લામાં સમરસ છાત્રાલય અમે શરૂ કરવા માગીએ છીએ. ૫૦૦ કુમારો અને ૫૦૦ કન્યાઓ માટે એમ કુલ ૧૦૦૦ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય એવા સમરસ છાત્રાલયો શરૂ કરવાનું રાજ્ય સરકારનું આયોજન છે.

શ્રી મેઘજીભાઇ અ. ચાવડા : હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે છાત્રાલયો ખાતે છાત્રોને શું

શું સુવિધાઓ આપવામાં આવે છે?

શ્રી રમણલાલ ઈ. વોરા : અત્યારે જે છાત્રાલયમાં રહેનાર વિદ્યાર્થી છે એને વિના મૂલ્યે રહેવાની, જમવાની સુવિધા આપવામાં આવે છે. આર.ઓ. પ્લાન્ટ દ્વારા પીવાનું શુદ્ધ પાણી આપવામાં આવે છે. બુક બેન્ક અને સામાયિકો આપવામાં આવે છે. રમત-ગમતના સાધનો વિના મૂલ્યે પૂરા પાડવામાં આવે છે અને આ છાત્રાલયોમાં છાત્રો માટે અગાઉ એમના માટેની ગ્રાન્ટ ૧૦૦૦ રૂપિયા હતી એની જગ્યાએ આ વર્ષથી બજેટમાં ૧૫૦૦ રૂપિયાની વ્યવસ્થા કરવામાં આવી છે.

શ્રી જોઈતાભાઈ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે જિલ્લામાં અનુસૂચિત જાતિની વસતિ વધારે હોય અને છાત્રાલય ઓછા હોય એ જિલ્લામાં સરકાર છાત્રાલયો શરૂ કરવા માગે છે કે કેમ?

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય રીતે સરકારી હોય કે ગ્રાન્ટ ઇન એઇડ હોય, સભ્યશ્રીએ કહ્યું એ પ્રમાણે જ્યાં અનુસૂચિત જાતિની વસતિ વધારે હોય એ જગ્યાએ જ લગભગ આપણે છાત્રાલય આપવાનો અત્યાર સુધીનો આપણો ટ્રેન્ડ રહ્યો છે અને આગામી દિવસોમાં પણ આ વાતને ધ્યાનમાં લેવામાં આવશે.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, અનુસૂચિત જાતિના બે છાત્રાલયો બતાવ્યા છે એમાં કન્યા છાત્રાલય કેટલા છે અને કુમાર છાત્રાલય કેટલા છે? અને આ જે છાત્રાલયો ચાલું છે એ પોતાના મકાનમાં ચાલે છે કે સરકારી મકાનમાં ચાલે છે?

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, એક તો કુમાર છાત્રાલય છે અને એક કન્યા છાત્રાલય છે બે સરકારી શાળાઓ કન્યા છાત્રાલય છે અને બંને સરકારી મકાનોમાં છાત્રાલય કાર્યરત છે.

**ભરૂચ જિલ્લામાં આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ સહાય**

* ૧૩૮૬૭ **શ્રી અરૂણસિંહ અ. રણા(વાગરા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ લાભ મેળવવા કેટલી અરજીઓ મળી, | (૧) ૨૦. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૧૯ |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ. ૯.૫૦ લાખ. |

શ્રી અરૂણસિંહ અ. રણા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે, આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ ભરૂચ તાલુકામાં કેટલી અરજીઓ મળી? તે પૈકી કેટલી અરજી મંજૂર કરીને સહાય ચૂકવવામાં આવી અને કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવેલી?

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, કુલ ભરૂચ જિલ્લામાં ૨૦ અરજીઓ મળી ૧૯ અરજી મંજૂર કરવામાં આવી છે બધાને એની ગ્રાન્ટ ચૂકવી દેવામાં આવી છે. એક અરજી નામંજૂર કરવામાં આવેલી છે.

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે અંકલેશ્વર તાલુકામાં આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી? કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી અને કેટલી સહાય ચૂકવવામાં આવી? આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજનામાં સહાયનું ધોરણ શું છે?

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આંતરજ્ઞાતિય લગ્ન કરનારને ૫૦,૦૦૦/- રૂપિયાની સહાય રાજ્ય સરકાર તરફથી આપવામાં આવે છે જ્યાં સુધી અંકલેશ્વર તાલુકાને સંબંધ છે ત્યાં સુધી કુલ ૪ અરજીઓ આવેલી એમાંથી ૩ અરજીઓ મંજૂર કરવામાં આવેલી છે એક અરજી નામંજૂર કરવામાં આવેલી છે અને ત્રણે ત્રણ અરજીઓ મંજૂર કરેલી છે એને પૂરતી ગ્રાન્ટ ચૂકવી દેવામાં આવેલી છે.

શ્રી દુષ્યંતભાઈ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજનામાં પાત્રતાના માપદંડ શું છે અને આ સહાય યોજનામાં અરજી સાથે કયા પુરાવા રજૂ કરવાના હોય છે?

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આંતરજ્ઞાતિય લગ્નમાં રાજ્ય સરકારના નિયમોનુસાર કન્યાની ઉંમર ૧૮ વર્ષ અને કુમારની ઉંમર ૨૧ વર્ષ. આંતરજ્ઞાતિય લગ્નમાં અનુસૂચિત જાતિનું એક પાત્ર હોવું એ

ફરજીયાત છે. બે વર્ષની સમય મર્યાદામાં એણે પોતાની અરજી કરવાની હોય છે. લગ્નનું રજિસ્ટ્રેશન કરવું એ ફરજીયાત છે. આ યુગલ પૈકી એક યુગલ એ મૂળ ગુજરાતી હોવો જોઇએ. પરપ્રાંતમાંથી કોઇ આવું યુગલ હોય તો એના મા–બાપ પાંચ વર્ષથી ગુજરાતમાં રહેતા હોવા જોઇએ. આના માટેના જે પુરાવા રજૂ કરવાના હોય છે એમાં જાતિનો દાખલો, ઉંમરનો પુરાવો રજૂ કરવાનો હોય છે. લગ્નના રજિસ્ટ્રેશનનું પ્રમાણપત્ર આપવાનું હોય છે. મેં કહ્યું એ પ્રમાણે પ્રરપ્રાંતનો હોય તો પરપ્રાંતિય વ્યક્તિ અસ્પૃશ્ય છે એ પ્રકારનું પ્રમાણપત્ર લેવાનું હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, લગ્નનું રજિસ્ટ્રેશન જ્યારે કરવાનું હોય છે ત્યારે સામાન્ય રીતે જ્યાં સમૂહ લગ્નો થતાં હોય છે ત્યાં રાજ્ય સરકકાર કે એના સંચાલકોએ તેની વ્યવસ્થા કરવાની હોય છે અને જ્યાં સમૂહ લગ્નો થતાં હોય એ જ સ્થળે લગ્નનું રજિસ્ટ્રેશન કરવામાં આવે છે.

**નવસારી જિલ્લામાં વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ સહાય**

* ૧૩૮૫૭ **શ્રી પિયુષ દિ. દેસાઇ(નવસારી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવસારી જિલ્લામાં વિદેશ અભ્યાસ લોનની યોજના હેઠળ વર્ષ ૨૦૧૪–૧૫માં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની કેટલી અરજીઓ મળી, | (૧) ૦૩ |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને | (૨) ૦૩ |
| (૩) કુલ કેટલી અરજીઓમાં લોન ચૂકવવામાં આવી? | (૩) ૦૩ અરજીઓમાં રૂ. ૩૫.૦૦ લાખ લોન ચૂકવવામાં આવી. |

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, મેં જે પ્રશ્ન પૂછ્યો છે નવસારી જિલ્લામાં વિદેશ અભ્યાસની લોન માટેની ૩ અરજીઓ મંજૂર થઇ છે. એમાં એક અરજી માટે તો અભિનંદન જ આપવા પડે કારણ કે, એક રિક્ષાવાળો ચલાવે છે એની છોકરીના ૧૦ લાખ મંજૂર કર્યા છે અને ખૂબ આનંદ એ વાતનો છે કે બેન માનનીય મુખ્યમંત્રીશ્રીએ જ્યારે ચાર્જ સંભાળ્યો ત્યારે એમણે એક વાક્ય કહેલું– વાત લાંબી નથી કરતો ‘‘ના મને કોઇ કામના રાજ્યની કે સ્વર્ગની કે પુનઃ જન્મની (અંતરાય) મને માત્ર કામના છે આંસૂ લૂછવાની’’ (અંતરાય) આ વાતચીત થાય છે એટલા માટે મારે કહેવું પડે છે.

અધ્યક્ષશ્રી : પિયુષભાઇ પ્લીઝ, પ્રશ્ન ઉપર આવો (અંતરાય)

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે, આ ૩ અરજીઓ મંજૂર થઇ છે એમાં સરકારશ્રીની યોજના મુજબ ૩૦ લાખ મંજૂર થવા જોઇએ. પરંતુ ૩૫ લાખની લોન ચૂકવવામાં આવી છે તો આ કેવી રીતે અને આનું કારણ શું?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, નવસારી જિલ્લામાં વિદેશ અભ્યાસ માટેની કુલ ૩ અરજીઓ આવી. માનનીય સદસ્યશ્રીએ કહ્યું એ પ્રમાણે ૧૦ લાખ રૂપિયાની લોન આપણે ચૂકવતા હતા એ પ્રમાણે ૩૦ લાખ થવા જોઇએ. પરંતુ ગત વર્ષે રાજ્ય સરકારે વિદેશ અભ્યાસ લોનમાં ૧૦ લાખથી વધારીને ૧૫ લાખનો વધારો કરવામાં આવ્યો છે અને આ ૧૫ લાખનો વધારો કર્યા પછી એટલી અરજી હોવાના કારણે પહેલા બે ને દસ–દસ લાખ રૂપિયા અને પછીની અરજીવાળાને પંદર લાખ રૂપિયા એમ કુલ પાંત્રીસ લાખ રૂપિયા ચૂકવવામાં આવ્યા છે.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, મને મારો જવાબ મળી ગયો છે.

શ્રી ભરતભાઇ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, આ યોજનાના લાભ માટે શૈક્ષણિક લાયકાત શું જોઇએ અને વિશેષ કરીને ક્યા અભ્યાસક્રમ માટે લોન આપવામાં આવે છે?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, ધોરણ–૧૨ અને સ્નાતક પછી કોઇ પણ વિદ્યાર્થીને પચાસ ટકાથી વધારે ગુણ હોય તો એને વિદેશ અભ્યાસ લોનનો લાભ આપવામાં આવે છે. સામાન્ય રીતે કોઇ પોસ્ટ ગ્રેજ્યુએટ હોય, પી.એચ.ડી. કરવાનો હોય અથવા ઉચ્ચકક્ષાનું સંશોધન કરવાના હોય, કોમ્પ્યુટર ક્ષેત્રમાં એને આગળ જવાનું હોય તો પણ આપણે એમને વિદેશ અભ્યાસની લોન આપીએ છીએ. ધોરણ–૧૨ પછી વિદેશમાં ચાલતા ટેકનિકલ પ્રોફેશનલ કોર્સીસ, ડિપ્લોમા કોર્સીસ અથવા એની સમકક્ષના કોઇ તાંત્રિક કોર્સીસ

ચાલતા હોય તો એના માટે પણ વિદેશ અભ્યાસ લોન આપ્વામાં આવે છે.

શ્રી નલીનભાઇ ના. કોટડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, આ વિદેશ અભ્યાસ માટે જે વિદ્યાર્થીઓને લોન આપવામાં આવે છે એના વ્યાજના દર શું છે અને કોઇ ચોક્કસ જ્ઞાતિ માટે આપવામાં આવે છે કે તમામ વિદ્યાર્થીઓને આપવામાં આવે છે ?

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આ જે પંદર લાખ રૂપિયાની લોન આપીએ છીએ એ ચાર ટકાના વ્યાજના દરે આપીએ છીએ. જે તે વિદ્યાર્થી વિદેશમાં અભ્યાસ કરતો હોય, વિદેશમાં પોતાનો અભ્યાસ પૂર્ણ કર્યા પછી અહીંયા પરત ફરે અને છ માસ પછી એનો હપતો એમણે ચૂકવવાનો થતો હોય છે.

**ભચાઉ ખાતે કોર્ટ બિલ્ડીંગમાં વધારાના માળનું બાંધકામ**

* ૧૩૪૭૦ **શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી(ગાંધીધામ) : માનનીય કાયદા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લાના ભચાઉ ખાતેના હયાત કોર્ટ બિલ્ડીંગના વધારાના માળના કામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫માં મંજૂરી આપવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, | (૧) હા. જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની ક્યારે મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) તા. ૨૯–૧૦–૨૦૧૪ના રોજ રૂ઼ા. ૨,૪૪,૦૪,૮૪૦/– ની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે? | (૩) વહીવટી પ્રક્રીયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ. |

શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, મારા મત વિસ્તાર ભચાઉ ખાતે રાજ્યના મુખ્યમંત્રીશ્રી અને કાયદા મંત્રીશ્રીએ જે ૨,૪૪,૦૪,૮૪૦/- રૂપિયાનું નવું બીજા માળનું બિલ્ડિંગ મંજૂર કર્યું છે એટલે આ સરકારશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય કાયદા મંત્રીશ્રીનો આભાર માનું છું. આ નવું બિલ્ડિંગ બનાવવા ભચાઉ ખાતે હાલની જે કોર્ટના મકાનનું જે વિસ્તરણ અને આવશ્યકતા છે જ તે ઉભી થયેલી આ નવી કોર્ટમાં શી સવલતો હશે અને તેનાથી લોકોને શું ફાયદા થશે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પૂછ્યા પ્રમાણે ભચાઉ ખાતે અગાઉ જે.એમ.એફ.સી. અને સિવિલ જજની એક જ કોર્ટ હતી. ત્યારબાદ તેમાં પડતર કેસોના પ્રમાણે નામદાર હાઇ–કોર્ટ દ્વારા વધારાની બે જે.એમ.એફ.સી.અને સિવિલ જજ કક્ષાના એમ એક વત્તા બે, કુલ ત્રણ કોર્ટો મંજૂર થઇ અને ત્રણ કોર્ટ મંજૂર થવાના કારણે આમાં ભોંયતળિયે એક જ માળનું બાંધકામ હતું એટલે વધારાની બે કોર્ટોને બેસવા માટે ઉપરના માળે બે કોર્ટો બનાવવા માટે બાંધકામ કરવા માટે આ ૨ કરોડ, ૪૪ લાખ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ જે એક માળમાં કોર્ટ હતી નીચે ગ્રાઉન્ડ ફ્લોરમાં એના કરતાં ઉપર બીજી વધારાની બે કોર્ટ થવાના કારણે એમાં કોર્ટ રૂમ, જજ ચેમ્બર, વહીવટી શાખા, બેલિફ રૂમ, રેકર્ડ રૂમ, સ્ટોર રૂમ, મુદ્દામાલ રૂમ, લાયબ્રેરી, એ.પી.પી.નો રૂમ, ઇલેક્ટ્રીકલ રૂમ અને જેન્ટસ અને લેડિઝ માટે અલગ અલગ વ્યવસ્થા એમ આ રાજ્ય સરકારે સૌનો સાથ સૌનો વિકાસ અને સૌને ન્યાય મળે એ સૂત્રને ચરિત્રાર્થ કરવા માટે જ્યુડિશિયરી માટે પૂરતું ઇન્ફ્રાસ્ટ્રકચર પૂરું પાડવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી બે બાબતો, આપ જે ઉત્સાહપૂર્વક સૂત્રો બોલો છો, વાસ્તવિકતા જુદી છે. ૨૦૧૪–૧૫ના વર્ષમાં આ મંજૂર કરવામાં આવ્યું છે. નાણાકીય વર્ષ માર્ચમાં શરૂ થાય. આ સરકાર ૨૯–૧૦–૧૪એ છેક માત્ર વહીવટી મંજૂરી આપે છે. અત્યારે કામ શરૂ થવું જોઇએ આ નાણાકીય વર્ષમાં. મારે એ જાણવું છે કે, વહીવટી મંજૂરી વિલંબથી મળવાના શું કારણો હતા? બીજું, ક્યારે આપ આની નિવિદા બહાર પાડીને કેટલા ચોક્કસ સમય મર્યાદામાં આપ આ કામ પરિપૂર્ણ કરવા માગો છો અને ૨૦૧૪–૧૫ના નાણાકીય વર્ષમાં આ કામ માટેની નાણાકીય જોગવાઇ કેટલી છે ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, વહીવટી મંજૂરી મળી એને જેમ મેં કહ્યું તે પ્રમાણે તા. ૨૯–૧૦–૨૦૧૪ના રોજ ૨.૪૪ કરોડની વહીવટી મંજૂરી અપાયા બાદ કોર્ટના પ્રથમ માળે બાંધકામ કરવાના વિગતવાર નકશા અંદાજો તા.૯–૧–૨૦૧૫ના રોજ તાંત્રિક મંજૂરી મેળવવાના અર્થે ક્ષેત્રીય મંજૂરી માટે મેળવવામાં આવ્યા. માનનીય સભ્યશ્રી આની આખી પ્રક્રિયા જાણે છે અને આની પ્રક્રિયામાં પહેલા તાંત્રિક મંજૂરી

આપવામાં આવે છે, ત્યારબાદ ડ્રાફટ પેપર મંજૂર કરવામાં આવે છે ત્યારબાદ જાહેર નિવિદા બહાર પાડવામાં આવે છે. ટેન્ડર આવ્યા બાદ એને ટેન્ડર ખોલવામાં આવે છે અને રૂ. ચાર કરોડ ઉપરના કામ માટે ટેકનીકલ બીડ ખોલ્યા બાદ કવોલીફાઇ હોય તો ઈજારદારના પ્રાઇઝબીડ ખોલવામાં આવે છે. આમાં પૈસાની કોઇ સમસ્યા નથી, આમાં સમગ્ર વહીવટી પ્રક્રિયાને જેટલો સમય જાય છે એટલો જ સમય ગયો છે અને આની નિયત કરેલી સમયમર્યાદાની અંદર આ કામ પરિપૂર્ણ કરવામાં આવશે.

અધ્યક્ષશ્રી : ફકત કેટલી રકમ ફાળવવામાં આવી છે એટલું જાણવું છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : ગયા વખતે આઠ મહિનાનું બજેટ મંજૂર કરવામાં આવ્યું હતું અને આમાં ૨.૭૪ કરોડ રૂપિયાની વહીવટી મંજૂરી આપવામાં આવી છે.

શ્રી પંકજભાઇ અ. મહેતા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આના ટેન્ડર કયારે બહાર પાડવામાં આવ્યા હતા અને કયારે કામ પૂર્ણ કરવામાં આવશે? એનો અંદાજ શું છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું તેમ તા. ૨૯–૧૦–૧૪ના રોજ ૨.૭૪કરોડની વહીવટી મંજૂરી આપવામાં આવી અને તા. ૯–૧–૨૦૧૫ ના રોજ એની તાંત્રિક મંજૂરી મેળવવા માટે ક્ષેત્રીય કચેરીએ મોકલવામાં આવી છે અને એની તાંત્રિક મંજૂરી મળ્યે ટેન્ડર મંગાવીને નિયમાનુસાર જે એજન્સી નકકી થાય એ એજન્સીને જે સમય આપીશું એ સમયમર્યાદાની અંદર કામ પરિપૂર્ણ કરવામાં આવશે.

**છોટાઉદેપુર જિલ્લામાં નોંધાયેલ બેરોજગારો**

* ૧૩૮૦૭ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં રોજગાર વિનિમય કચેરીમાં તાલુકાવાર કેટલા બેરોજગારો નોંધાયેલ છે, | (૧) |

| ક્રમ | તાલુકાનું નામ | તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ નોંધાયેલ બેરોજગારોની સંખ્યા |
|---|---|---|
| ૧ | સંખેડા | ૧૭૫૫ |
| ૨ | જેતપુર પાવી | ૨૭૮૩ |
| ૩ | છોટાઉદેપુર | ૫૯૭૭ |
| ૪ | કવાંટ | ૨૭૧૩ |
| ૫ | નસવાડી | ૭૭૭ |
| ૬ | બોડેલી | ૬૨૨ |
| | **કુલ** | **૧૪૬૨૭** |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તે પૈકી છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી, અને | (૨) |

| ક્રમ | તાલુકાનું નામ | ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બેરોજગારોને આપવામાં આવેલ રોજગારી |
|---|---|---|
| ૧ | સંખેડા | ૩૦૮ |
| ૨ | જેતપુર પાવી | ૬૧૭ |
| ૩ | છોટાઉદેપુર | ૧૨૭૬ |
| ૪ | કવાંટ | ૬૨૭ |
| ૫ | નસવાડી | ૧૯૨ |
| ૬ | બોડેલી | ૨૭૭ |
| | **કુલ** | **૩૨૯૭** |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) આ રોજગારી તેઓને કાયમી કે હંગામી ધોરણે આપવામાં આવેલ છે? | (૩) હંગામી ધોરણે. |

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, મારે એ જાણવું છે કે છોટાઉદેપુર જિલ્લાના છ જેટલા તાલુકામાં ૧૪૬૨૭ જેટલા કુલ બેરોજગારો પૈકી ૩૨૯૭ જેટલા બેરોજગારોને કેવા પ્રકારની રોજગારી સરકારી કે ખાનગી આપવામાં આવી અને કેટલા સમય સુધી? મારે એ પણ જાણવું છે કે દસ ટકા રોજગારી મળી ૯૦ ટકા

જેટલા ૧૧૩૩૦ જેટલા બેરોજગારોને રોજગારી આપવાની બાકી છે તો તેઓને રોજગારી આપવા માટે કેવા પ્રકારની વ્યવસ્થા કરવામાં આવશે?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પૂછ્યું છે એમાં આ હંગામી ધોરણે બધા લોકોને રોજગારી આપવામાં આવે છે એ હંગામી ધોરણે રોજગારી આપવામાં આવી અને આ રોજગારી આપવા માટે રોજગાર વિભાગ મારફત જે લાયકાત ધરાવતા હોય એવા ઉમેદવારોની શોધ કરીને અને જે કંપનીઓમાં રોજગારી મળી શકે તેમ હોય એ કંપનીઓનો સંપર્ક કરીને, રોજગાર મેળાઓ કરીને લગભગ ૧૬ જેટલી વિવિધ કંપનીઓની અંદર આ રોજગારી આપવામાં આવી છે.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ૧૪૬૨૭ બેરોજગારોએ નોંધણી કરાવેલી છે એ કેટલા વર્ષથી નોંધણી કરાવેલી છે? મારે બીજું એ જાણવું છે કે ૩૨૯૭ રોજગારી આપી છે તો છોટાઉદેપુર જિલ્લામાં ઘણી બધી ખાલી જગ્યાઓમાં રોજગારી આપી શકીએ તેમ છીએ, ખાલી જગ્યાઓ છે તો એમાં આવા કોઇ નકકર આયોજન કરીને જે બેરોજગાર છે એને રોજગારી આપવા માટે કોઇ આયોજન કરવા માગો છો કે કેમ?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આ રોજગાર વિભાગ મારફત જેમ બને તેમ વધારે રોજગારી મળે તેના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. છેલ્લા બે વર્ષની અંદર આ સભાગૃહને મારે જણાવવાનું કે ૨૦ જેટલા રોજગાર મેળાઓ કરીને આ બેરોજગારોને રોજગારી મળી રહે એ માટેના પ્રયાસો કર્યા છે. આ સન્માનનીય સભાગૃહને જણાવતા મને પણ આનંદ થાય છે કે ભારત સરકાર દ્વારા જે છેલ્લા રોજગારીના આંકડાઓ બહાર પાડવામાં આવ્યા છે.એટલા માટે સન્માનનીય સભાગૃહને જણાવવાનું કે સમગ્ર ભારતની અંદર ૨૦૦૨ થી ૨૦૧૩ સુધીમાં આખા સમગ્ર ભારત દેશમાં રોજગારી મળે છે, એની અંદર સૌથી વધારે જો રાજગારી આપવામાં કોઇ રાજ્યે કામ કર્યુ હોય તો આ ગુજરાત સરકારે કામ કર્યુ છે.

શ્રી રાજેન્દ્રભાઇ ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ જિલ્લામાં બેરોજગારોને રોજગારી આપવા માટેના શા શા પ્રયત્નો થયા?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આ જિલ્લાની અંદર બેરોજગારોને રોજગારી આપવા માટે રોજગાર વિભાગ મારતે જે કંપનીઓને કામ કરતા જે માણસોની જરૂરિયાત હોય તેવી કંપનીઓને બોલાવીને તમામ બેરોજગારોને રોજગારી મળે તે માટેના કરવામાં આવે છે. આ સામાન્ય કંપનીઓ પણ નથી. હું માનનીય સભાગૃહનું ધ્યાન દોરવા માગું છું કે આદિત્ય બીરલા, મિનાકેક્ષ લિ., કલચર ઇન્ફોટેક, કોન્ઝેસ ઇ.સર્વિસ, લિ. એપોલો ટાયર લિ. આવી ઘણીબધી સારામાં સારી કંપનીઓની અંદર આ બેરોજગારોને રોજગારી આપવામાં આવી છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે એમણે સમગ્ર ભારતની વાત કરી કે ગુજરાત નં.૧ છે. મારે મંત્રીશ્રીને પૂછવું છે કે ગુજરાતમાં આજની તારીખે કેટલા લોકો બેકાર છે. આજે જે રેશિયો જોઇએ તે માત્ર ૨૦ ટકા છે. સરકાર આવા વાયબ્રન્ટના ખોટા ખર્ચા કરે છે તે બંધ કરવા માગે છે કે કેમ?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : આ પ્રશ્ન છોટા ઉદેપુરનો છે. બીજી નોટિસ આપશે તો સમગ્ર રાજ્ય માટેનો એનો જવાબ આપીશ.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, બીજો પ્રશ્ન આની ટકાવારી માત્ર ૨૦ ટકા થાય છે. ૨૮ કરોડ રૂપિયાથી વધારે ઉત્સવોમાં ખર્ચીએ છીએ તો સરકાર આવા રોજગારના લક્ષ્યાંક ન વધારી શકતી હોય તો ખોટા ખર્ચા બંધ કરવા માગે છે કે કેમ?

અધ્યક્ષશ્રી : વાયબ્રન્ટનો વિષય નથી. એમના ડિપાર્ટમેન્ટનો નથી.અલગ ડિપાર્ટમેન્ટનો છે. બેસી જાઓ.

શ્રીમતી મનિષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે છોટા ઉદેપુર જિલ્લામાં તા.૩૧-૧૨-૧૪ ની સ્થિતિએ નોંધાયેલા બેરોજગારો પૈકી શિક્ષિત બેરોજગારો અને અશિક્ષિત બેરોજગારો કેટલા હતા?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય સભ્યશ્રીએ પૂછ્યું છે કે એમાં મારા પ્રશ્નના જવાબમાં જણાવવાનું

કે છોટાઉદેપુર જિલ્લામાં શિક્ષિત બેરોજગારો એમાં ૧૦૯૦૧ પુરુષો અને ૩૫૧૨ સ્ત્રીઓ હતી. આમ અશિક્ષિત બેરોજગારોમાં પુરુષો ૧૮૧ અને સ્ત્રીની સંખ્યા ૩૩ હતી. કુલ ૨૧૪ હતા. આમ કુલ મળીને ૧૪૬૨૭ બેરોજગારો નોંધાયેલ હતા.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત પૂછવા માગું છું કે છોટાઉદેપુર જિલ્લામાં જે ૩૨૯૭ જણાને રોજગારી આપી છે, એમાં ૧ થી ૩ મહિના સુધી હંગામી નોકરી કરી હોય તેવા લોકો કેટલા હતા અને ૩ થી ૬ મહિના સુધી કામ કર્યુ હોય તેવા લોકો કેટલા હતા. આ ૩૨૯૭ પૈકી? એટલા માટે કે રોજગાર વિનિમય કચેરીમાં બેરોજગારોનો ગ્રાફ નીચે લાવવા માટે બેરોજગારોને કોલ લેટર આપી કંપનીમાં મોકલી દે, એટલે સરકારે રોજગારી આપી તે સાબિત કરે છે. વાસ્તવિકતામાં બેરોજગારો કોલ લેટર લઇ કંપનીમાં જાય તો બે–પાંચ દિવસ ટ્રાયલ બેઝ ઉપર...

અધ્યક્ષશ્રી : ૩ થી ૬ મહિના વાળાએ નોકરી કરી હોય તો આપો.

શ્રી પરેશ ધાનાણી : ૧ થી ૩ મહિના અને ૩ થી ૬ મહિના નોકરી મળી હોય તેવા કેટલા છે?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : બધા ૬ મહિનાથી ઉપરના છે.

**અમદાવાદ ખાતે સિટી સિવિલ કોર્ટના નવીન બિલ્ડીંગનું બાંધકામ**

* ૧૩૪૬૪ **શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : માનનીય કાયદા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ ખાતે સિટી સિવિલ કોર્ટના નવીન કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે તા. ૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મંજૂરી આપવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી ક્યારે આપવામાં આવી છે, અને | (૨) તા. ૧૧–૧૦–૨૦૧૩ ના રોજ રૂા. ૧,૨૮,૨૯,૭૩,૦૦૦/–ની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. |
| (૩) આ કામ ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે? | (૩) હાલ હયાત કોર્ટને તોડવાની કામગીરી પૂર્ણતાને આરે છે. |

શ્રી રજનીકાન્ત મો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સિટી સિવિલ કોર્ટના બાંધકામ માટે ૧૨૮ કરોડ ૨૯ લાખ ૭૩ હજાર મંજૂર કરવા માટે રાજય સરકારના માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપું છું. આપના માધ્યમથી જાણવા માગું છું કે નવીન કોર્ટની આવશ્યકતા કેમ ઉભી થઇ? અગાઉ કેટલી કોર્ટ હતી? હવે કઇ કક્ષાની કઇ કોર્ટ ઉભી થનાર છે? આમાં કયા પ્રકારની સુવિધા ઉભી થશે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પૂછયું તે પ્રમાણે અમદાવાદ સિટી સિવિલ કોર્ટ અગાઉ ભદ્ર અને મિરઝાપુર ખાતે કુલ ૨૦ કોર્ટો હતી. તેમાં ભદ્ર કોર્ટ લાલદરવાજા ખાતે ૧૬ કોર્ટ અને મિરઝાપુર ખાતે ૪ કોર્ટ હતી. ત્યારબાદ ૧૪ કોર્ટ અને બીજી ૯ કોર્ટ એમ મળીને કુલ ૨૩ જેટલી ડિસ્ટ્રીકટ જજ કક્ષાની કોર્ટો કાર્યરત હતી. ગુજરાતમાં જે રીતે છેલ્લા વર્ષથી સુશાસનના કારણે વિકાસ થયો છે, તેમાંય જે મેટ્રો સિટીઝ છે તેની અંદર લીટીગેશનનું પ્રમાણ વધવાના કારણે જયુડીશ્યરી ઈન્ફ્રાસ્ટ્રકચરમાં વધારો કરવો તે અત્યંત આવશ્યક છે. હાલની જૂની કોર્ટ તે ભદ્ર ખાતે છે. ભદ્ર ઇઝ અ હાર્ટ ઓફ સિટી છે. ત્યાં જવા આવવાના રસ્તા સાંકડા અને પાર્કીંગની સમસ્યા હતી. તેના કારણે અનેક સમસ્યાઓ ઉભી થતી હતી. કેસોનું પ્રમાણ વધવા માંડયું તેવા સંજોગોમાં કુલ જે ૫૯ નવી કાર્ટો નામદાર હાઇકોર્ટ દ્વારા મંજૂર કરવામાં આવી. એટલે આ ૫૯ કોર્ટ તથા ૪૫ કોર્ટ એમ કરીને કુલ ૧૦૫ જેટલી કોર્ટો આની અંદર કાર્યરત થઇ શકે તેમ છે. આની અંદર ૬ અદ્યતન લીફટ, બેઝમેન્ટ પાર્કીંગ, ગ્રાઉન્ડ ફલોર તથા અન્ય વીડીયો કોન્ફરન્સીંગ જેવી અનેક સુવિદ્યાઓનો આની અંદર સમાવેશ કરી શકીએ તેમ છીએ.

શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, સૌથી પહેલાં તો હું આ કમ્પાઉન્ડમાં ૧૯૭૯થી વકિલાત કરું છું. ત્યારથી વર્ષોથી અમારી આ માગણી હતી તે સંતોષવામાં આવી છે એટલે હું કાયદા મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને સાથે સાથે અહીં સ્મોલ કોઝ કોર્ટ, સેશન્સ કોર્ટ, સિટી સિવિલ કોર્ટમાં ઘણી બધી તકલીફો હતી. ઘણીબધી આંટીઘૂંટી પછી આ પ્રક્રિયા પૂરી થઇ છે એટલે હું પૂછવા માગું છું કે આમાં કેટલી

એજન્સીઓના ટેન્ડર આવ્યા, તેની પ્રક્રિયા શું હતી, કેટલી કિંમતના ટેન્ડર પસંદ કરવામાં આવ્યા, ટેન્ડર કોસ્ટમાં કોઇ તફાવત છે કે કેમ? ટેન્ડર પ્રક્રિયા પછી આ કામ હાલના તબકકે કયા સ્ટેજ ઉપર છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહને જણાવતાં મને આનંદ થાય છે કે , એક જમાનો હતો, ૨૦૦૩–૦૪ની અંદર આખા રાજયનું કાયદા વિભાગનું બજેટ માત્ર ૧૪૦ કરોડ રૂપિયાનું હતું. આ એક જ બિલ્ડીંગનું બજેટ તે ૧૨૮ કરોડ રૂપિયાનું છે. ગુજરાતની આ ગતિશીલ ગુજરાતવાળી સરકારે અરજદારોને ઝડપથી ન્યાય મળે તેના માટે આ જયુડીશ્યરી ઈન્ફ્રાસ્ટ્રકચર માટે અગ્રિમતા આપી છે. માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો તે પ્રમાણે આની અંદર કુલ ચાર પાર્ટીઓએ ટેન્ડર પ્રક્રિયામાં ભાગ લીધો હતો. તેમાં ત્રણ એજન્સીઓના ટેન્ડર સ્વીકારવાપાત્ર થયા. તેમાં  પટેલ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રાઈવેટ લિમિટેડનું ૭૩.૫૦ કરોડનું લોએસ્ટ ટેન્ડર મંજૂર થયું. આ કોસ્ટ ટુ ટેન્ડર ગણીએ તો ૮.૦૫ ટકા જેટલું ઓછું આવ્યું છે. આમાં આર્કીયોલોજીકલ વિભાગનો અભિપ્રાય લેવાની એક નાની સમસ્યા હતી. તે સમસ્યા હવે કલીયર થઈ જશે એટલે તેનું ગ્રાઉન્ડ પ્લસ સેવન નહીં પણ ગ્રાઉન્ડ પ્લસ ઈલેવન એમ કરીને ભવ્ય બિલ્ડીંગ નિર્માણ કરી શકીશું.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, આની વહીવટી મંજૂરી ૨૦૧૩માં આપવામાં આવી હતી. તો આ કામ લેઈટ શરૂ થવાના કારણો શું છે?  આ કામ કયાં સુધીમાં પૂર્ણ કરવાનો અંદાજ મૂકવામાં આવ્યો છે? બીજું જે બિલ્ડીંગ તોડવાનો કોન્ટ્રાકટ આપવામાં આવ્યો હતો તે વખતે ગેરરીતિઓ બહાર આવી હતી તે વાત સાચી છે કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી,  આ કામે ટેકનિકલ મંજૂરી ૧૩–૧૨–૨૦૧૩ના રોજ લીધી. ટેન્ડર તા.૫–૧૦–૨૦૧૩ના રોજ બહાર પાડયા. આની અંદર એક આઝમ સરાઈની ૧૦૦ મીટરના રેડીયસમાં આવેલ હોવાના કારણે તેમણે નામદાર હાઈકોર્ટમાં સ્ટે માગ્યો હતો. નામદાર હાઈકોર્ટે સ્ટે કાઢી નાંખ્યો. તે પછી અરજદાર સુપ્રીમ  કોર્ટમાં ગયા. સુપ્રીમ કોર્ટમાં પણ આ સ્ટે વેકેન્ટ કરવામાં આવ્યો. રાજય સરકારે જે વહીવટી મંજૂરી આપી છે તેને માન્ય ગણી તેના બાંધકામની આખેઆખી પ્રક્રિયા હાથ ઉપર લેવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે કહ્યું કે, એ બિલ્ડીંગ તોડવાના સંદર્ભમાં એક અરજી થઇ હતી પરંતુ એના સંદર્ભમાં પણ એની વાતમાં કોઇ વજુદ ન હતું અને આ તોડવાની કામગીરી ચાલે છે અને એ તોડવાના ભંગારમાંથી ૮૯ લાખ કરતા વધારે રૂપિયા આપણને મળવાના છે.

શ્રી હસમુખભાઇ સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ ખાતે સીટી સીવીલ કોર્ટ બનવા જઇ રહી છે ત્યારે મંત્રીશ્રી પાસે મારે એ જાણવું છે કે, રાજયના અન્ય મેટ્રો સીટી માટે રાજય સરકાર દ્વારા આવી અન્ય કોઇ કોર્ટોની મંજૂરી આપવામાં આવેલ છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, જેમ મેં મારા અગાઉના જવાબમાં કહ્યું તેમ સમગ્ર રાજયના કુલ જે પડતર કેસોની વિગતો છે એમાં જે મેટ્રો છે અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, હિંમતનગર, મહેસાણા આ બધાની અંદર કેસોની માત્રા વધારે હોય છે. આ રાજય સરકારે સ્ટેટ લિટિગેશન પોલિસી બનાવી છે અને એ અનુસાર લોકોને સસ્તો ન્યાય, ઝડપી ન્યાય અને ઘર આંગણે ન્યાય મળે એના માટે રાજય સરકારે એના બજેટમાં પણ અગ્રિમતા આપી છે અને એના ભાગ સ્વરૂપે મારી પાસે જે વિગતો ઉપલબ્ધ છે એ પ્રમાણે અમદાવાદ, વડોદરા, મહેસાણા અને હિંમતનગર આનો કુલ સરવાળો મારીએ તો રૂપિયા ૪૯૬.૦ કરોડથી વધુ રકમની મંજૂરીઓ છેલ્લા ત્રણ વર્ષમાં રાજય સરકાર દ્વારા આપવમાં આવી છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે, હાલ હયાત કોર્ટ જે તોડવાની કામગીરી ચાલુ છે આ તોડવાની કામગીરી માટે કઇ કંપનીને ટેન્ડર પ્રોસેસ દ્વારા અથવા ડાયરેકટ એને આપવામાં આવ્યું છે? અને આ તોડ્યા બાદ જે જૂની કોર્ટ છે એનો જે ભંગાર નીકળવાનો છે એમાં કેટલી આવક સરકારને થવાની છે એ માનનીય મંત્રીશ્રી જણાવશે?

અધ્યક્ષશ્રી : આવક તો માનનીય મંત્રીશ્રીએ એમના આગલા જવાબમાં જણાવી દીધી છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, એ મેં આવક અંદાજીત જણાવી દીધી છે. આ ચોક્કસ આંકડો નથી પણ લગભગ ૮૯ લાખ રૂપિયા એમાંથી મળવાના છે. મારી પાસે જે જવાબ છે એમાં જણાવું તો હાલની જૂની કોર્ટને તોડીને તેના માલ સામાનનો નિકાલ કરવાની કામગીરીનો કોન્ટ્રેકટ શ્રી પટેલ ઈન્ફ્રાસ્ટ્રકચરને કુલ રૂપિયા ૫૨ લાખનો આપવામાં આવેલ છે અને જે કામગીરી પૂર્ણ થયેથી આ તોડીને પાડેલા જે માલ

સામાનની હરાજી છે એ હરાજી કરવાનો નિર્ણય બાકી છે પરંતુ એમાંથી આપણને ૧.૦૫ કરોડની રકમ ઓફર થયેલ છે.

**સુરેન્દ્રનગર જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ સહાય**

* ૧ ૩૬૩૫ **શ્રી પુનમભાઇ કા. મકવાણા(દસાડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫માં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ સુરેન્દ્રનગર જિલ્લામાં વિકસતી જાતિના કેટલા લોકોની અરજીઓ મળી, | (૧) ૩૩૬. |
| (૨) તે પૈકી કેટલા લોકોની અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૩૦૪. |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ. ૩૦.૪૦ લાખ |

શ્રી પુનમભાઇ કા. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારની કુંવર બાઇના મામેરાની આ યોજના ગરીબો માટે ખૂબ જ આશીર્વાદરૂપ પૂરવાર થઇ છે ત્યારે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે કુંવરબાઇના મામેરાની યોજનાનો અમલ કયારથી શરૂ થયો, તેનો હેતુ શું છે? તેમજ અગાઉ ચૂકવવામાં આવતી સહાયમાં કયારથી કેટલો વધારો કરવામાં આવ્યો? અને માનનીય મંત્રીશ્રી મારો બીજો પ્રશ્ન એ છે કે, મારા મત વિસ્તારના પાટડી–દસાડા વિસ્તારમાં કેટલી અરજીઓ મળી તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને કેટલી સહાય ચૂકવવામાં આવી?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, લગ્ન જેવા પ્રસંગની અંદર એક ગરીબ પરિવારને સારી રીતે એનો પ્રસંગ થાય, સુખ શાંતિથી પ્રસંગ થાય અને ગરીબ પરિવારની ઇજ્જત જળવાઇ એ હેતુથી આ યોજનાનો અમલ કરવામાં આવ્યો. આ યોજના ૧૯૯૫થી શરૂ કરવામાં આવી અને એ વખતે ૫૦૦૦ રૂપિયાથી એની શરૂઆત કરવામાં આવી હતી પરંતુ વખતો વખત માનનીય સભ્યશ્રીઓની રજૂઆતોના કારણે આ યોજનામાં ૨૦૧૨થી રકમનો વધારો કરીને રૂપિયા ૫૦૦૦થી વધારીને ૧૦,૦૦૦ની કરવામાં આવી છે. માનનીય સભ્યશ્રીએ બીજું એમના વિસ્તારનું પૂછ્યું છે કે કેટલી અરજીઓ આવી? તો એમાં જણાવું કે એમના વિસ્તારમાંથી ૩૫ અરજીઓ આવી છે એ પૈકીની ૨૮ અરજીઓ મંજૂર કરવામાં આવી છે અને ૨.૮૦ લાખ રૂપિયા મંજૂર થયેલ અરજીઓનું ચૂકવણું પણ કરી દેવામાં આવેલ છે.

શ્રીમતી વર્ષાબેન ન. દોશી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, આ કુંવરબાઇનું મામેરું યોજનામાં આવકના ધોરણો શું છે, અને કુટુંબની કેટલી દીકરીઓને યોજનાનો લાભ મળે છે? બીજું મારે એ જાણવું છે કે મારા મત વિસ્તાર વઢવાણ તાલુકાની અંદર કેટલી અરજીઓ આવી છે, કેટલી નામંજૂર કરવામાં આવી છે, અને કેટલી સહાય ચૂકવવામાં આવી છે?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આ અરજીઓ મંજૂર કરવા માટે આવકની મર્યાદા અગાઉ ગ્રામીણ વિસ્તારમાં ૨૭૦૦૦ રૂપિયા હતી અને શહેરી વિસ્તારની અંદર ૩૬૦૦૦ રૂપિયા હતી, આ રાજયના પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના નેતૃત્વમાં આ પરિવારોને મદદરૂપ થવા માટે ૨૦૧૪–૧૫થી આવક મર્યાદામાં વધારો કરીને ગ્રામીણ વિસ્તારની અંદર ૪૭૦૦૦ રૂપિયા કરવામાં આવી છે અને શહેરી વિસ્તારની અંદર ૬૮૦૦૦ રૂપિયાની આવક મર્યાદા કરવામાં આવી છે, માનનીય સભ્યશ્રીએ બીજું જણાવ્યું છે કે, એમના વિસ્તારની અંદર કુલ કેટલી અરજીઓ મળી હતી તો કુલ ૧૦૪ અરજીઓ મળી હતી એમાંથી ૯૩ અરજીઓની મંજૂરી આપવામાં આવી છે, અગિયાર અરજીઓ નામંજૂર થઇ છે અને આ ૯૩ અરજીઓ જે મંજૂર થઇ તેનું તમામ ચૂકવણું એટલે કે રૂપિયા ૯ લાખ ૩૦ હજારનું કરી દેવામાં આવેલ છે.

શ્રી કિરીટસિંહ રાણા :માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રીને પ્રશ્ન પૂછવા માગું છું કે, કુંવરબાઇના મામેરું યોજનામાં આજની સ્થિતિએ કેટલી રકમ ચૂકવવામાં આવે છે અને કેવી રીતે ચૂકવવામાં આવે છે અને મારા મત વિસ્તાર લીંબડી તાલુકામાં કેટલી અરજીઓ મળી, કેટલી મંજૂર કરી અને કેટલી સહાયની રકમ ચૂકવવામાં આવી.

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, કુંવરબાઇના મામેરૂં યોજનામાં એક દીકરીને દસ હજાર રૂપિયા ચૂકવવામાં આવે છે, પરંતુ તેમાં નવો સુધારો કરીને હવે એક જ કુટુંબમાં એક દીકરી નહિ પણ બે દીકરીઓને દસ હજાર રૂપિયા પ્રમાણે ચૂકવવાનો નિર્ણય આ રાજ્ય સરકારે લીધો છે, લીંબડી તાલુકામાં ૬૨ અરજીઓ મળેલી હતી, એમાંથી ૫૫ અરજીઓ મંજૂર કરવામાં આવી છે અને તમામનું રૂપિયા ૫,૫૦,૦૦૦નું ચૂકવણું કરી દેવામાં આવેલ છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, કુલ જે ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ ૩૩૬ અરજીઓ આવી અને એ પૈકી ૩૦૪ મંજૂર કરવામાં આવી છે, ૩૨ અરજીઓ પેન્ડિંગ છે અથવા નામંજૂર કરવામાં આવી છે, જો નામંજૂર કરવામાં આવી હોય તો કેટલી અને શા કારણોથી નામંજૂર કરવામાં આવી છે? ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ આ ૩૩૬ અરજીઓ આવી છે એ સેઇમ વરસની છે કે એમાં ૨૦૧૩ના વરસની અરજીઓનો પણ સમાવેશ થાય છે?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, જે અરજીઓ આવી એ પૈકી ૩૨ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે, એ નામંજૂરીના કારણોની અંદર જે આપણી નિશ્ચિત કરેલી છે આવક મર્યાદા એના કરતા વધુ હોય એવી ૧૦ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે, સમય મર્યાદા કરતા મોડી અરજીઓ મળેલી હોય એવી ૧૫ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે, જે લોકોએ લગ્નની નોંધણી કરાવેલી ના હોય એવી સાત અરજીઓ નામંજૂર કરવામાં આવી છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : આમાં મારા એક પ્રશ્નનો જવાબ ના મળ્યો કે ૨૦૧૪ના વરસની જ આ અરજીઓ છે કે ૨૦૧૩ના વરસની અરજીઓનો પણ આમાં સમાવેશ થાય છે?

શ્રી દિલીપકુમાર વી. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આમાં આગળના વરસની નથી.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : એમણે એમ કહ્યું કે સમય મર્યાદા પછી ૧૫ અરજીઓ આવી છે, તો એ જતું કરીને ફરી વખત પુનઃ વિચારણા અરજી લઇને આ પંદર અરજીઓ મંજૂર કરવા માગો છો કે કેમ?

શ્રી રમણલાલ વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આ સમૂહ લગ્નમાં જે પણ લોકો લગ્ન કરતા હોય છે એ મોટાભાગે અશિક્ષિત લોકો હોય છે અને એમને પૂરતો સમય મળી રહે એટલા માટે એની અરજી કરવાની સમય મર્યાદા બે વરસ સુધીની છે, એટલે બે વરસમાં ગમે ત્યારે એ અરજી કરી શકે છે, એટલે એવું પણ સંભવ બની શકે કે જૂની અરજી પણ હોય પરંતુ આ પ્રશ્નને લાગે વળગે છે ત્યાંસુધી આ વરસમાં જેટલી અરજીઓ આવી છે એટલા પૂરતું ચૂકવણું કરી દેવામાં આવેલ છે, આમાં કોઇપણ પાછલાં વરસની અરજી નથી.

### નિરાધાર વૃધ્ધ સહાય યોજના અન્વયે આણંદ જિલ્લામાં મળેલ અરજીઓ

* ૧૩૬૫૧ **શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નિરાધાર વૃધ્ધ સહાય યોજના અન્વયે તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ જિલ્લામાં કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૩૧૩. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) ૨૩૧. |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે? | (૩) ૮૨. |

શ્રી સંજયકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, રાજ્યની નિરાધાર વૃદ્ધ સહાય યોજનામાં સહાય મેળવવા માટેની પાત્રતાના ધોરણો શું છે અને મારો બીજો પ્રશ્ન એ છે કે, આ નિરાધાર વૃદ્ધ સહાય યોજના હેઠળ વરસ ૨૦૧૪–૧૫ના અંદાજપત્રમાં કેટલી જોગવાઇ કરવામાં આવી છે?

શ્રી રમણલાલ વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્ય સરકારની યોજના છે અને આ રાજ્ય સરકારની યોજના અન્વયે અરજદારની ઉંમર ૬૦ વરસની હોવી જોઇએ, આવકની મર્યાદા અગાઉ કહેવામાં આવ્યું એ પ્રમાણે પહેલાં ગ્રામ્ય વિસ્તાર માટે ૨૭૦૦૦ રૂપિયા હતી એમાં ૪૭૦૦૦ ની આવક મર્યાદા કરવામાં આવી છે પહેલાં શહેરી વિસ્તારમાં ૩૬૦૦૦ની આવક મર્યાદા હતી,તે વધારીને ૬૮ હજારની કરવામાં આવી છે. આની

અંદર જે કંઇ હોય તેને ૨૧ વર્ષનો પૂત્ર હોય તો આ યોજનાનો લાભ મળતો નથી. ઓછામાં ઓછા દસ વર્ષથી તે ગુજરાતમાં સ્થાયી રહેવો જોઇએ. અને આ અંગે રાજય સરકારે જે જોગવાઇ કરી છે ૫૫૫૮.૬૬ લાખની જોગવાઇ કરવામાં આવી છે.

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મને જવાબ મળી ગયો છે.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આ જવાબમાં ૮૨ અરજીઓ નામંજૂર કરી છે તો નામંજૂરીના કારણો શા છે ? આમાં અરજી કર્યા પછી ખૂબ વિલંબ થતો હોય છે એટલે સમયસર આપણી જે મર્યાદા નક્કી કરી છે તે માટે કોઇ મોનીટરીંગ સીસ્ટમ છે કે કેમ ?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આ સમગ્ર યોજના તે રેવન્યુ વિભાગ એટલે મામલતદાર થકી થતી હોય છે અને એટલા માટે જે કંઇ અરજીઓ આવી છે તેમાં અત્યારે પડતર અરજી અમારી પાસે એક પણ નથી. જે અરજીઓ નામંજૂર થઇ છે તેની અંદર પહેલાં તો એની નિયત આવક મર્યાદા જેમ કહ્યું એ પ્રમાણે ૪૭ હજાર અને ૬૮ હજાર તેના કરતા વધારે હોય તો અરજી નામંજૂર કરવામાં આવે છે. ઉંમરમાં ૧૮ વર્ષની દીકરી અને ૨૧ વર્ષનો દીકરો આ કયાંક ઉંમર હોય તો પણ આપણે તેને સહાય આપતા નથી. ઘણી વખતે એ સ્થળાંતર કરી જતા હોય છે તો એ સ્થળાંતરનું જયાં સુધી ટ્રેસ આઉટ ના થાય તેના માટે તંત્ર પૂરુ કામ કરે છે તો પણ કોઇ કિસ્સામાં તેમાં વહેલું મોડું થતું હોય છે. અને તેના લગ્નનું રજિસ્ટ્રેશન થવું જોઇએ પરંતુ બે વર્ષની સમય મર્યાદાનો સમય આપ્યો છે ત્યાં સુધી જો એ પૂરતી પૂર્તતા ના કરે તો પણ આ અરજી નામંજૂર કરવામાં આવે છે.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી આપના માધ્યમથી એ જાણવા માગુ છું કે, નિરાધાર વૃધ્ધ સહાય યોજના હેઠળ ૨૦૧૩–૧૪ માટે આણંદ જિલ્લામાં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી ? એક નિરાધાર વૃધ્ધાને માસિક કેટલી સહાય ચૂકવવામાં આવે છે ? અને નિરાધાર વૃધ્ધોને સહાય મળતી નથી તેવી કેટલી ફરિયાદો મળી છે ?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આમાં મેં પહેલાં કહ્યું એ પ્રમાણે ૬૦ વર્ષની વયમર્યાદા હોવી જોઇએ પરંતુ કોઇક વિકલાંગ હોય અને વિકલાંગની ઉંમર ૪૫ વર્ષથી વધારે હોય વિકલાંગતા ૭૫ હોય તો પણ રાજય સરકાર તેને સહાય ચૂકવે છે. આની અંદર પહેલાં ૨૦૦/–રૂપિયાની રાજય સરકાર સહાય ચૂકવતી હતી ગયા વર્ષથી બીજા ૨૦૦/–રૂપિયાનો તેમાં વધારો કરી અને ૪૦૦/– રૂપિયાની સહાય અત્યારે ચૂકવવામાં આવે છે. અને માનનીય સદસ્યશ્રીએ કહ્યું એ પ્રમાણે હજુ સુધી અમારા ધ્યાને આવી કોઇ ફરિયાદ આવી નથી અને છતાંય સદસ્યશ્રી જો કોઇ અમને વાત કરશે તો તેનો અમે સકારાત્મક ઉત્તર આપીશું.

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા હું એ જાણવા માગુ છું કે, આજની આ મોંઘવારીની અંદર ૪૦૦/– રૂપિયા એ ખૂબ ઓછાં કહેવાય. એટલે આ સહાયમાં સરકાર વધારો કરવા માગે છે કે કેમ ? અને મારો બીજો પ્રશ્ન એ છે કે, જે વૃધ્ધનો છોકરો ૨૧ વર્ષનો હોય પણ તે શારીરિક રીતે ખોડ–ખાપણ ધરાવતો હોય આવા કેસોની અંદર સરકાર ૨૧ વર્ષના છોકરાની ઉંમરને ધ્યાને લેવા ન માગતી હોય એ બાબતનું વિચારે છે કે કેમ ?

શ્રી રમણલાલ ઇ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં ૨૦૦/– રૂપિયા સહાય આપવામાં આવતી હતી ગયા વર્ષે તેમાં ૨૦૦/–રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે એટલે આ બજેટમાં તેમાં વધારો કરવાની કોઇ જોગવાઇ નથી. અને તેમણે કહ્યું તે પ્રમાણે ૨૧ વર્ષનો દીકરો હોવો જોઇએ પરંતુ આ દીકરો અપવાદરૂપ કોઇ ગંભીર બિમારીમાં સપડાયેલો હોય,અસ્થિર મગજનો હોય અથવા અન્ય કોઇ કારણસર બિલકુલ હોય તો પણ એ કારણને ધ્યાનમાં લીધા સિવાય સહાય ચૂકવવાનું રાજય સરકારનું ધોરણ છે.

**ખેડા અને મહીસાગર જિલ્લામાં નિરાધાર વૃધ્ધોને સહાય**

* ૧૪૩૧૯ **શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા અને મહીસાગર જિલ્લામાં તાલુકાવાર નિરાધાર વૃદ્ધ સહાય યોજના અન્વયે કેટલી અરજીઓ મળેલ છે, | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા અને મહિસાગર જિલ્લામાં તાલુકાવાર નિરાધાર વૃદ્ધ સહાય યોજના અન્વયે કુલ ૧૩૪૨ અરજીઓ મળેલ છે, જે નીચે મુજબ છે. **૧. ખેડા જિલ્લોઃ** |

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ મળેલ અરજીઓ | | તા. ૧-૧-૧૩ થી ૩૧-૧૨-૧૪ સુધી કુલ અરજીઓ મળેલ છે. |
|---|---|---|---|---|
| | | તા. ૧-૧-૧૩ થી ૩૧-૧૨-૧૩ | તા. ૧-૧-૧૪ થી ૩૧-૧૨-૧૪ | |
| ૧ | નડિયાદ ગ્રામ્ય | ૬૫ | ૫૨ | ૧૧૭ |
| ૨ | નડિયાદ શહેર | ૬૮ | ૬૮ | ૧૩૬ |
| ૩ | મહુધા | ૧૭ | ૧૬ | ૩૩ |
| ૪ | વસો | ૦ | ૫૮ | ૫૮ |
| ૫ | ખેડા | ૨૬ | ૨૦ | ૪૬ |
| ૬ | માતર | ૩૪ | ૨૨ | ૫૬ |
| ૭ | મહેમદાવાદ | ૨૫ | ૨૩ | ૪૮ |
| ૮ | કઠલાલ | ૪૯ | ૫૬ | ૧૦૫ |
| ૯ | કપડવંજ | ૧૮ | ૧૧૦ | ૧૨૮ |
| ૧૦ | ઠાસરા | ૪૨ | ૫૮ | ૧૦૦ |
| ૧૧ | ગલતેશ્વર | ૦ | ૩૦ | ૩૦ |
| | કુલ | ૩૪૪ | ૫૧૩ | ૮૫૭ |

**૨. મહિસાગર જિલ્લોઃ**

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ મળેલ અરજીઓ | | તા. ૧-૧-૧૩ થી ૩૧-૧૨-૧૪ સુધી કુલ અરજીઓ મળેલ છે. |
|---|---|---|---|---|
| | | તા. ૧-૧-૧૩ થી ૩૧-૧૨-૧૩ | તા. ૧-૧-૧૪ થી ૩૧-૧૨-૧૪ | |
| ૧ | લુણાવાડા | ૯૭ | ૯૮ | ૧૯૫ |
| ૨ | ખાનપુર | ૨૮ | ૧૮ | ૪૬ |
| ૩ | સંતરામપુર | ૧૭ | ૧૫ | ૩૨ |
| ૪ | કડાણા | ૪૧ | ૭૦ | ૧૧૧ |
| ૫ | બાલાસિનોર | ૮ | ૧૬ | ૨૪ |
| ૬ | વિરપુર | ૩૨ | ૪૫ | ૭૭ |
| | કુલ | ૨૨૩ | ૨૬૨ | ૪૮૫ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે,

(૨) તે પૈકી ૮૭૨ અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે. જે નીચે મુજબ છે.

**૧. ખેડા જિલ્લોઃ**

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ મંજૂર અરજીઓ | | તા. ૧-૧-૧૩ થી ૩૧-૧૨-૧૪ સુધી કુલ મંજૂર અરજીઓ |
|---|---|---|---|---|
| | | તા. ૧-૧-૧૩ થી ૩૧-૧૨-૧૩ | તા. ૧-૧-૧૪ થી ૩૧-૧૨-૧૪ | |
| ૧ | નડિયાદ ગ્રામ્ય | ૩૬ | ૪૩ | ૭૯ |
| ૨ | નડિયાદ શહેર | ૪૯ | ૫૯ | ૧૦૮ |
| ૩ | મહુધા | ૧૩ | ૧૬ | ૨૯ |
| ૪ | વસો | ૦ | ૩૩ | ૩૩ |
| ૫ | ખેડા | ૧૧ | ૧૪ | ૨૫ |
| ૬ | માતર | ૨૩ | ૧૩ | ૩૬ |
| ૭ | મહેમદાવાદ | ૮ | ૪ | ૧૨ |
| ૮ | કઠલાલ | ૪૨ | ૪૮ | ૯૦ |
| ૯ | કપડવંજ | ૯ | ૭૨ | ૮૧ |
| ૧૦ | ઠાસરા | ૨૫ | ૩૬ | ૬૧ |
| ૧૧ | ગલતેશ્વર | ૦ | ૨૮ | ૨૮ |
| | કુલ | ૨૧૬ | ૩૬૬ | ૫૮૨ |

**૨. મહિસાગર જિલ્લોઃ**

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ મંજૂર અરજીઓ | | તા. ૧-૧-૧૩ થી ૩૧-૧૨-૧૪ સુધી કુલ મંજૂર અરજીઓ |
|---|---|---|---|---|
| | | તા. ૧-૧-૧૩ થી ૩૧-૧૨-૧૩ | તા. ૧-૧-૧૪ થી ૩૧-૧૨-૧૪ | |
| ૧ | લુણાવાડા | ૬૦ | ૭૭ | ૧૩૭ |
| ૨ | ખાનપુર | ૧૪ | ૧૧ | ૨૫ |
| ૩ | સંતરામપુર | ૧૭ | ૭ | ૨૪ |
| ૪ | કડાણા | ૧૫ | ૩૨ | ૪૭ |
| ૫ | બાલાસિનોર | ૨ | ૫ | ૭ |

| | | | | |
|---|---|---|---|---|
| ૬ | વિરપુર | ૨૫ | ૨૫ | ૫૦ |
| | **કુલ** | **૧૩૩** | **૧૫૭** | **૨૯૦** |

(૩) કેટલી અરજીઓ પડતર છે, અને

(૩) કુલ – ૯૧ અરજીઓ પડતર રહેલ છે. જે નીચે મુજબ છે.

**૧. ખેડા જિલ્લોઃ**

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ પડતર અરજીઓ | | તા. ૧-૧-૧૩ થી ૩૧-૧૨-૧૪ સુધી કુલ પડતર અરજીઓ મળેલ છે. |
|---|---|---|---|---|
| | | તા. ૧-૧-૧૩ થી ૩૧-૧૨-૧૩ | તા. ૧-૧-૧૪ થી ૩૧-૧૨-૧૪ | |
| ૧ | નડિયાદ ગ્રામ્ય | ૦ | ૦ | ૦ |
| ૨ | નડિયાદ શહેર | ૦ | ૦ | ૦ |
| ૩ | મહુધા | ૦ | ૦ | ૦ |
| ૪ | વસો | ૦ | ૦ | ૦ |
| ૫ | ખેડા | ૦ | ૦ | ૦ |
| ૬ | માતર | ૦ | ૨ | ૨ |
| ૭ | મહેમદાવાદ | ૦ | ૪ | ૪ |
| ૮ | કઠલાલ | ૦ | ૦ | ૦ |
| ૯ | કપડવંજ | ૦ | ૧૯ | ૧૯ |
| ૧૦ | ઠાસરા | ૦ | ૧૨ | ૧૨ |
| ૧૧ | ગલતેશ્વર | ૦ | ૦ | ૦ |
| | **કુલ** | **૦** | **૩૭** | **૩૭** |

**૨. મહિસાગર જિલ્લો**

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ પડતર અરજીઓ | | તા. ૧-૧-૧૩ થી૩૧-૧૨-૧૪ સુધી કુલ મંજૂર અરજીઓ |
|---|---|---|---|---|
| | | તા. ૧-૧-૧૩ થી ૩૧-૧૨-૧૩ | તા. ૧-૧-૧૪ થી ૩૧-૧૨-૧૪ | |
| ૧ | લુણાવાડા | ૦ | ૦ | ૦ |
| ૨ | ખાનપુર | ૦ | ૦ | ૦ |
| ૩ | સંતરામપુર | ૦ | ૮ | ૮ |
| ૪ | કડાણા | ૦ | ૨૪ | ૨૪ |
| ૫ | બાલાસિનોર | ૦ | ૫ | ૫ |
| ૬ | વિરપુર | ૦ | ૧૭ | ૧૭ |
| | **કુલ** | **૦** | **૫૪** | **૫૪** |

(૪) ઉક્ત અરજીઓનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે?

(૪) ત્વરીત.

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ મહી સાગર અને ખેડા જિલ્લામાં તાલુકાવાર નિરાધાર વૃદ્ધ સહાય યોજનામાં કેટલી અરજીઓ મળી હતી તેના જવાબમાં મને જણાવવામાં આવેલ છે કે ખેડા જિલ્લામાં ૮૫૭ અરજીઓ અને મહીસાગર જિલ્લામાં ૪૮૫ અરજીઓ એમ કુલ મળીને ૧૩૪૨ અરજીઓ મળી છે. હવે ખેડા જિલ્લામાં ૮૫૭ માંથી ૫૮૨ અરજીઓ મંજૂર કરી છે અને મહીસાગર જિલ્લામાં ૪૮૫ માંથી ૨૯૦ અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે. એટલે કુલ ૮૭૨ અરજીઓ મંજૂર થઇ છે તો બાકીની અરજીઓનું શું થયું ? અને બીજું કે પડતર ૯૧ અરજીઓ પડેલી છે એમ જણાવ્યું છે તો તે પડતર અરજીઓનો નિકાલ કયારે કરવામાં આવશે? અને અહીં જવાબમાં કહ્યું છે કે ત્વરીત, તો ત્વરીત ના બદલે ચોકકસ સમય મર્યાદા આપવા માગે છે કે કેમ? અને

બીજું કે આ નિરાધાર વૃદ્ધ સહાય સમયસર મળતી નથી. છ–છ કે આઠ–આઠ મહિના સુધી સહાય મળતી નથી તો તેના માટે ચોક્કસ આયોજન કરવા માગે છે કે કેમ?

શ્રી રમણલાલ વોરા : આ પ્રશ્ન બન્ને જિલ્લાને લગતો છે. એમાં ખેડા જિલ્લામાં કુલ ૩૪૪ અરજીઓ પૈકી ૨૧૬ મંજૂર કરવામાં આવી છે ૧૨૮ નામંજૂર કરવામાં આવી છે. એક પણ અરજી પેન્ડીંગ નથી. એ જ રીતે મહીસાગર જિલ્લામાં ૨૨૩ અરજીઓ પૈકી ૧૩૩ મંજૂર કરવામાં આવી છે અને ૯૦ નામંજૂર કરવામાં આવી છે એટલે ખેડા જિલ્લામાં પણ એક પણ અરજી પેન્ડીંગ નથી. એટલે ખેડા અને મહીસાગર જિલ્લામાં અત્યારે અમારી પાસે કોઇ પડતર અરજીઓ નથી. હવે જે અરજીઓ નામંજૂર કરવામાં આવી છે તેના ધોરણો છે એમાં આવક મર્યાદા, પુખ્ત વયની ઉંમરની મર્યાદા, અવસાન થયું હોય અથવા એમણે સમય મર્યાદા બે વર્ષની છે એ સમય મર્યાદામાં પૂર્તતા ન કરી હોય તો પણ એ અરજીઓ નામંજૂર કરવામાં આવે છે.

શ્રીમતી નીમીશાબહેન સુથાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા જાણવા માગું છું કે નિરાધાર વૃદ્ધ સહાય પેન્શન યોજના કયારથી શરૂ કરવામાં આવી છે અને આ યોજનાની સહાય મેળવવા માટે પાત્રતાના ધોરણો શું છે? નિરાધાર વૃદ્ધ સહાય યોજના અંતર્ગત આ લાભ કોને મળવા પાત્ર છે?

શ્રી રમણલાલ વોરા : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના ખૂબ જૂની યોજના છે, ૧૯૭૮ થી આ યોજના ચાલુ છે. જે તે વખતે ૩૦ રૂપિયાની સહાય કરવામાં આવતી હતી. અત્યારે તેની પાત્રતાના ધોરણોમાં મેં પહેલાં કહ્યું તે પ્રમાણે ૬૦ વર્ષની ઉંમર હોવી જોઇએ. આવકની મર્યાદા ગ્રામ્ય વિસ્તારમાં ૪૭૦૦૦ અને શહેરી વિસ્તારમાં ૬૮ હજારની છે. અને ૨૧ વર્ષનો પૂત્ર ન હોવો જોઇએ. અને જો ૨૧ વર્ષનો પૂત્ર હોય પણ તે ગંભીર બિમારીમાં સપડાયેલ હોય અથવા અસ્થિર મગજનો હોય તો તેવા વૃદ્ધોને લાભ મળવા પાત્ર છે. અને દસ વર્ષથી ગુજરાતમાં રહેતા હોવા જોઇએ. આ એના ધોરણો છે.

શ્રી ગેંદાલભાઇ મો. ડામોર : માનનીય અધ્યક્ષશ્રી, આ સહાય માત્ર અને માત્ર નિરાધાર વૃદ્ધોને મળવા પાત્ર છે. આવા નિરાધાર વૃદ્ધોને સમયસર અને નિયમિત આ સહાય મળવી જોઇએ તેવી અપેક્ષા રાખવી જોઇએ. પણ અમારા વિસ્તારમાં આવા વૃદ્ધોને સમયસર સહાય મળતી નથી તેવી અનેક ફરિયાદો છે. આ સહાયની રકમ સમયસર ચૂકવાય તેના માટે ગ્રાન્ટ કેટલા સમયમાં રિલીઝ કરવામાં આવે છે અને સમયસર સહાય ચૂકવવવામાં આવતી નથી તો તેના માટે શું પગલાં ભરવા માગે છે?

શ્રી રમણલાલ વોરા : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીની લાગણી સાચી છે કે આવા વૃદ્ધોને સમયસર સહાય મળવી જોઇએ. ૩ મહિના સુધીમાં ગ્રાન્ટ ચૂકવવાનો સરકારનો નિયમ છે. અને ૩ મહિનાના પૂરતા સમયમાં ગ્રાન્ટ આપી દેવામાં આવે છે. છતાં કોઇ માનનીય સભ્યશ્રીને પોતાના જિલ્લામાં આવી અગવડતા હશે અને જો મારું ધ્યાન દોરશે તો અમારા ધોરણો મુજબ ૩ મહિનામાં ગ્રાન્ટ ચૂકવવામાં ચૂક થઇ હશે તો તેની પૂર્તતા કરવામાં આવશે.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ નિરાધાર વૃદ્ધોને સહાય ચૂકવવા માટેની અરજીઓ તો ખૂબ થાય છે પણ તેની કવેરીઓ કાઢીને વારંવાર ધક્કા ખવડાવવામાં આવે છે. તો આ અરજીઓ કર્યા પછી કોઇ ચોકકસ સમય મર્યાદા, એક મહિનો કે બે મહિનામાં અરજીઓ મંજૂર થાય એવી કોઇ સમય મર્યાદા કરવા માગે છે કે કેમ?

શ્રી રમણલાલ વોરા : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા પણ મેં કહ્યું તે પ્રમાણે નામંજૂર કરવાના ધોરણો છે તે સાત પ્રકારના ધોરણો છે, બધા જ પ્રમાણપત્રો જે જરૂરી છે, એમાં ઉંમરનો દાખલો, પુખ્ત વયના છે કે કેમ, અત્યારે સ્થળ ઉપર રહે છે કે કેમ, પૂરાવા સમય મર્યાદામાં આવ્યા છે કે કેમ, એ બધું જોઇ અને ૯૦ દિવસમાં ચૂકવી દઇએ છીએ. અને એક વખત ચૂકવ્યા પછી નિયમિતપણે દર ત્રણ મહિનામાં આવા વૃધ્ધોને સહાય ચૂકવાય તેવા રાજય સરકારના ધોરણો છે.

ડો. અનિલ જોષીયારા : નિરાધારા વૃદ્ધોને જે પેન્શન ચૂકવાય છે એમાં ૮૦ વર્ષથી ઉપરના કેટલા છે અને એમાં કેટલો વધારો છે, ૬૦ વર્ષ, ૮૦ વર્ષ અને પછી ક્રમિક વધારો કયારે મળે છે?

શ્રી રમણલાલ ઇ. વોરા : આ સમગ્ર યોજના રાજય સરકારની છે એટલે ૬૦ થી માંડીને ૭૯ વર્ષ સુધીની આ યોજના છે.

તા. ૨ જી માર્ચ, ૨૦૧૫
તારાંકિત પ્રશ્નો

**વડોદરાના ગોત્રી ખાતે ન્યાયિક અધિકારીઓના આવાસોનું બાંધકામ**

* ૧૩૪૬૧ **શ્રીમતી મનીષા રા. વકીલ(વડોદરા શહેર) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) વડોદરા શહેરમાં ગોત્રી ખાતે ન્યાયિક અધિકારીઓના રહેણાંકના આવાસ માટે તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મંજૂરી આપવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી ક્યારે આપવામાં આવી છે, અને | (૨) તા. ૨૩–૧૨–૨૦૧૩ના રોજ રૂા. ૪૨,૦૦,૦૦,૦૦૦/–ની વહીવટી મંજૂરી આપવામાં આવી છે. |
| (૩) આ કામ ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે? | (૩) પ્રગતિમાં. |

શ્રીમતી મનિષા રા. વકીલ : હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે વડોદરા ખાતે ગોત્રી ખાતે ન્યાયિક અધિકારીઓના કવાર્ટરની આવશ્યકતા શા માટે ઉભી થઇ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : ગોત્રી ખાતેના ન્યાયિક અધિકારીઓના કવાર્ટર છે એ ડી–૧ ટાઇપના ૩૬ યુનિટ, ઇ ટાઇપના ૩૬ યુનિટ છે અને જયારે ઇ–૧ ટાઇપના ૩૨ યુનિટ એમ કુલ ૧૦૪ કવાર્ટર બનાવવામાં આવનાર છે. એની આવશ્યકતા એટલા માટે ઉભી થઇ છે કે ગુજરાત સરકારે વડોદરા ખાતે વેકસિનેશન સેન્ટર છે ત્યાં અગાઉ ૧૩૦ કરોડના ખર્ચે ૭૬ કોર્ટની મંજૂરી આપવામાં આવી હતી ત્યારબાદ ત્યાં વધારાના ૩ માળની ૮૬ કરોડના ખર્ચે બીજી ૪૮ કરોડની મંજૂરી આપવમાં આવી આ રીતે વડોદરા ખાતે ૧૨૪ કોર્ટ માટે ૨૧૮ કરોડ રૂપિયાની મંજૂરી આપવામાં આવી છે. વડોદરા જેવા મેટ્રો સિટીમાં ૧૨૪ કોર્ટ, ૨૧૮ કરોડ રૂપિયાના ખર્ચે આગામી દિવસોમાં જયુડિશિયલ ઇન્ફ્રાસ્ટ્રકચર થવાનું હોય ત્યારે સ્વાભાવિક છે કે ત્યાં જજોની સંખ્યા પણ વધારે થવાની અને અગાઉ આ પ્રમાણેના કવાટર્રની માત્રા ૨૨ જેટલી હતી એટલે એમને કોમન પુલમાંથી કવાર્ટર એલોટ કરવામાં આવતા હતા અને એમાં એમને રહેવું પડતું હતું એટલે ગોત્રી ખાતે ૧૦૪ જેટલા કવાર્ટર માટે રાજય સરકાર દ્વારા વહીવટી મંજૂરી આપવામાં આવી છે.

શ્રી બાલકૃષ્ણભાઇ ના. પટેલ : કઇ કક્ષાના ન્યાયિક અધિકારીને કયા કવાર્ટર ફાળવવામાં આવે છે અને એમાં શું સુવિધા હોય છે?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : સામાન્ય રીતે એક કોર્ટ મંજૂર કરવામાં આવે ત્યારે હાઇકોર્ટ દ્વારા જુદુ જુદુ મહેકમ એના આનુષાંગિક મંજૂર કરવામાં આવે છે. એ મહેકમ મંજૂર કરવામાં આવે એને આનુષાંગિક કવાર્ટર હોય છે. ડી પ્રકારના કવાર્ટર રજીસ્ટ્રાર કક્ષાના, ડી–૧ પ્રકારના પ્રિન્સિપલ સિવિલ જજ કક્ષાના, ઇ પ્રકારના કવાર્ટર પ્રિન્સિપલ સિનિયર સિવિલ જજ કક્ષાના આપવામાં આવે છે અને ઇ–૧ કક્ષાના એડિશનલ ડિસ્ટ્રિકટ જજ કક્ષાના અને ઇ–૨ કક્ષાના પ્રિન્સિપલ ડિસ્ટ્રિકટ જજ કક્ષાને જે મોટા પ્રકારના હોય છે એ એને ફાળવવામાં આવે છે.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : આ કામ અત્યારે પ્રગતિમાં છે તો આ કામો હાલ કયા કયા તબક્કે છે અને આ કામ પૂરું કરવાની સમય મર્યાદા કયાં સુધીની હતી અને એની સમય મર્યાદા વધારવામાં આવી છે કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : આ ગોત્રી ખાતે જે કવાર્ટર્સ હતા એ તોડીને કરવામાં આવે છે. ૧૫–૪–૧૪ના પત્રથી ૪૩ કરોડની ટેકનિકલ મંજૂરી આપેલી છે. એની ટેન્ડર નોટિસથી ૧૯–૫–૨૦૧૪થી ઓન લાઇન ટેન્ડર મંગાવવામાં આવ્યા હતા. કુલ ૧૨ પાર્ટીઓએ બીડીંગ કરેલ એમાં ૯ પાર્ટીઓ ટેન્ડરના નિયમાનુસાર સ્વીકારવા પાત્ર છે. સૌથી લોએસ્ટે ૩૭.૩૯ કરોડની રકમ ભરેલી છે એમાં કતીરા કન્સ્ટ્રકશન ભૂજ એ પાત્રતા થાય છે એનું કોસ્ટનું ટેન્ડર ૨.૫૦ કરોડનો ઘટાડો એમાં આવ્યો છે અને હાલ એમાં જે જુદા જુદા કવાર્ટર છે એની પ્રગતિ જુદી જુદી છે. ઇ–૧ પ્રકારના પાયામાં રાપનું કોંન્ક્રીકટનું કામ પ્રગતિમાં છે. ઇ કક્ષાના પાયામાં રાપ, સીયરવોલ અને કોલમની કામગીરી પૂર્ણ કરેલ છે. માટી પૂરાણની કામગીરી ચાલુ છે. ડી–૧ કક્ષામાં પાયા ખોદાણની કામગીરી પૂર્ણતામાં છે. આ કામ ૨૦૧૬માં પૂર્ણ થવાનો અંદાજ છે.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, ન્યાયતંત્રના ઇતિહાસમાં સમગ્ર હિંદુસ્તાનમાં ગુજરાત રાજય હંમેશા ઇન્ફ્રાસ્ટ્રકચરની બાબતમાં પ્રથમ રહ્યું છે. માટે આપના માધ્યમથી જયારે ૪૨ કરોડ રૂપિયા મારા

વડોદરામાં અને ન્યાયતંત્રની બાબત હોય ત્યારે રહેઠાણની બાબતમાં ફાળવવામાં આવતા હોય ત્યારે ઈન્ફ્રાસ્ટ્રક્ચરની બાબતમાં ન્યાયતંત્રના વિભાગે આ સરકારે કોઇ નવી, કોઇ વિશિષ્ટ નીતિ, કોઇ ઇનિશિયેટીવ લીધા હોય તો એ મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી પોતે વડોદરાના એક વિદ્વાન એડવોકેટ છે. અવારનવાર રાજયની અંદર જ્યુડિશિયલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને આનુષાંગિક સુવિધાઓ પૂરતી થાય તેના માટે રજૂઆત કરતા હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના નેતૃત્વ હેઠળ આ ગતિશીલ ગુજરાતે નક્કી કર્યું છે કે આગામી દિવસોમાં ગુજરાતનો એક પણ તાલુકો કોર્ટો વગર રહેવાનો નથી. જે વર્ષે કેસ દાખલ થાય, રાજય સરકારનું લક્ષ્ય છે કે એ વર્ષે જ તેને ન્યાય મળવો જોઇએ. તેના માટે નામદાર હાઇકોર્ટ દ્વારા આગામી દિવસોમાં જે ૭૦૦ સ્વર્ણિમ કોર્ટ હતી એ સ્વર્ણિમ કોર્ટોને વધારાની ચાલુ રાખવા માટેની પણ મંજૂરી રાજય સરકાર દ્વારા આપવામાં આવી છે.

**રાજયની તકેદારી અને મોનીટરીંગ સમિતિની કામગીરી**

* ૧૪૧૬૦ **શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં અનુસૂચિત જાતિ/જનજાતિ અત્યાચાર નિવારણ નિયમ–૧૯૯૫ અન્વયે રાજ્યકક્ષાની તકેદારી અને મોનીટરીંગ સમિતિની રચના કરવામાં આવી છે તેના દ્વારા શી કામગીરી કરવામાં આવી છે, | (૧) રાજ્ય સ્તરની તકેદારી અને મોનીટરીંગ સમિતિની રચના કરવામાં આવેલ છે તે સમિતિ દ્વારા અનુસૂચિત જાતિ/જનજાતિ પર થતા અત્યાચારો બાબતે તુરત કાર્યવાહી થાય તથા અત્યાચારના બનાવો ના બને તે માટે સરકારશ્રીના સંબંધિત વિભાગોને સતર્ક કરવામાં આવે છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યારે સમિતિની બેઠકો મળી અને તેમાં શા નિર્ણયો કરવામાં આવ્યા, અને | (૨) સમિતિની બેઠક તા. ૨૩–૯–૨૦૧૩ ના રોજ મળેલ હતી, જેમાં<br>૧. સમાજમાં સદભાવના અને સમરસતા માટે સમજ આપી માહિતગાર કરવા.<br>૨. તકેદારી વ્યવસ્થા સુદ્રઢ બનાવી વારંવાર બનતા બનાવો અટકાવવા.<br>૩. અસરગ્રસ્ત વ્યકિતઓને ચૂકવવાપાત્ર બાકી સહાય ચૂકવવી.<br>૪. વધુ સમયના બાકી કેસોનો ઝડપી નિકાલ કરવા કાર્યક્રમ હાથ ધરવો.<br>૫. અસરગ્રસ્તોને પૂરતી કાનુની સહાય આપવા અંગે |
| (૩) કરવામાં આવેલ નિર્ણયોના અમલની જવાબદારી કોને સોંપાઈ છે? | (૩) જે તે સંબંધિત વિભાગોને જવાબદારી સોંપાઈ છે. |

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયમાં દિવસે દિવસે આદિજાતિ અને એસ.ટી. જાતિ પર અત્યાચારોનું પ્રમાણ વધતું જાય છે. મારે એટલા માટે જ પ્રશ્ન પૂછવો પડ્યો કે હમણાં બે દિવસ પહેલાં સાણંદ ખાતે એક દલિત મહિલાની..

અધ્યક્ષશ્રી : નહીં, આપ જે પ્રશ્ન છે એના ઉપર જ આવો પ્લીઝ..

શ્રી સી. કે. રાઉલજી : તેના ભાઇને અગાઉ મારી નાખ્યો હતો.

અધ્યક્ષશ્રી : તેની ચર્ચા અત્યારે ન કરો.

શ્રી સી. કે. રાઉલજી : બહેન કોર્ટમાં જુબાની આપવા આવી હતી. બે દિવસ પહેલાં એક દલિત મહિલાનું ખૂન કરવામાં આવ્યું.

અધ્યક્ષશ્રી : આપ પ્રશ્ન પર આવી જાવ.

શ્રી સી. કે. રાઉલજી : હું પ્રશ્ન પર જ આવું છું. રાજયમાં કાયદો અને વ્યવસ્થા જેવી વ્યવસ્થા રહી જ નથી. છેલ્લા બે વર્ષમાં આ તકેદારી સમિતિને કેટલી અરજીઓ મળી? કેટલી સહાય ચૂકવવામાં આવી, કેટલી અરજીઓ પડતર છે અને અસરગ્રસ્તોને કાનૂની સહાય કેટલી આપવામાં આવી?

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વાત કરી છે એ વાત બિલકુલ સત્યથી વેગળી છે. (અંતરાય) છાપામાં આવ્યું હશે, મારી પણ સંવેદનાઓ છે. હું પણ એ જ સમાજમાંથી આવું છું. મારા પારિવારિક સંબંધો છે. એટલે તમારી લાગણી અને અમારી લાગણી જુદી હોઇ શકે નહીં. આપણી બધાની ભેગી લાગણી હોઇ શકે. કારણ કે દલિત હોય, આદિવાસી હોય કે અન્ય કોઇ ગરીબ માણસ હોય એને આ પ્રકારનું ન થાય અને તેને પૂરતો ન્યાય મળે એ આપણી લાગણી સ્વાભાવિકપણે હોય. રાજ્ય સરકાર એના માટે સંવેદનશીલ છે. માનનીય સભ્યશ્રીએ જે પૂછ્યું છે તેમાં અત્યાર સુધીમાં ૨૦૧૩-૧૪માં ૧,૧૨૯ વ્યક્તિઓને ૨૭,૦૦,૦૦૦ રૂપિયા ચૂકવવામાં આવ્યા છે. ૨૦૧૪-૧૫માં ૮૦૮ વ્યક્તિઓને ૨,૫૨,૭૪,૨૫૦ રૂપિયા ચૂકવણી કરવામાં આવી છે.

શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે અનુસૂચિત જાતિ સામેના અત્યાચારોમાં હાલના સહાયના શું ધોરણો છે?

શ્રી રમણલાલ ઈ. વોરા : માનની અધ્યક્ષશ્રી, રાજય સરકાર સામાન્ય રીતે સહાય ચૂકવતી હોય છે પરંતુ હું માનું છું ત્યાં સુધી કોઇ પણ આવો ગુનો બને તેમાં રાજય સરકાર કેટલી સહાય આપે છે એ મારી દૃષ્ટિએ બહુ મહત્વનું નથી. પરંતુ તેની સાથે તેની સંવેદના શું છે, કોઇ પણ બનાવ બને એ બનાવની પાછળ કોઇકનું ખૂન થયું હોય, અન્ય થયું હોય. તમે ગમે તેટલી પણ સહાય ચૂકવો તેના કારણે જે તે વ્યક્તિના પોતાના પારિવારિક સંબંધનો કોઇ પણ એક વ્યક્તિ જાય, તેની ખોટ આપણે કયારેય પૂરી શકતા નથી. એટલા માટે રાજય સરકાર સમયાંતરે ઉદાર ધોરણો અપનાવીને તેમાં મદદ કરે છે. અત્યાર સુધીમાં જે ધોરણો હતા એ ધોરણોમાં સુધારો કરવામાં આવ્યો છે. અત્યાર સુધીમાં ખૂન માટે પહેલાં બે લાખ રૂપિયા હતા. અત્યારે વધારીને...

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

## અતારાંકિત પ્રશ્નો

## તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ

### ગુજરાત હાઈકોર્ટ ખાતે સરકારી વકીલની કચેરીમાં કોમ્પ્યુટરાઈઝેશન

* ૧૩૪૫૮ **શ્રી હસમુખભાઇ સો. પટેલ(અમરાઇવાડી) : માનનીય કાયદા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુજરાત હાઈકોર્ટ ખાતે સરકારી વકીલની કચેરીમાં નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫માં કોમ્પ્યુટરાઈઝેશન માટે મંજૂરી આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા. જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી ક્યારે આપવામાં આવી છે? | (૨) રૂ. ૬૦,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા સાઈઠ લાખ પુરા) ની મંજૂરી તા. ૭-૮-૨૦૧૪ના રોજ આપવામાં આવેલ છે. |

---------

### અરવલ્લી જિલ્લામાં મંજૂર નવીન હેન્ડપંપો

* ૧૪૮૮૩ **શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(બાયડ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર કુલ કેટલા નવીન હેન્ડપંપો મંજૂર કરવામાં આવેલ છે, | (૧) નીચેની વિગતે |

| તાલુકો | મંજૂર કરેલ નવીન હેન્ડ પંપ |
|---|---|
| મોડાસા | ૧૦ |
| ધનસુરા | ૦૪ |
| બાયડ | ૨૨ |
| મેઘરજ | ૧૫ |

| | |
|---|---|
| માલપુર | ૦૨ |
| ભિલોડા | ૨૪ |
| **કુલ** | **૭૭** |

(૨) તે પૈકી બાયડ અને માલપુર તાલુકાઓમાં પીવાના પાણીની જરૂરિયાત સામે વસ્તીના ધોરણે હયાત હેન્ડપંપોની સંખ્યા પુરતી છે કે નહિ, અને

(૨) બાયડ તાલુકામાં જુથ તેમજ વ્યક્તિગત યોજનાઓ કાર્યાન્વિત હોઈ કોઈ ગામ ફક્ત હેન્ડપંપ યોજનામાં નથી.
માલપુર તાલુકાના હેન્ડપંપ યોજનાથી પાણી મેળવતા ગામોમાં વસ્તીના ધોરણે પુરતા હેન્ડપંપો છે.

(૩) જો ના, તો બાકીના હેન્ડ પંપોનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## અંબાજી દેવસ્થાનના વિકાસ માટે કરેલ ખર્ચ

* ૧૪૫૭૬ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય દેવસ્થાન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અંબાજી દેવસ્થાનના વિકાસ માટે સરકાર દ્વારા કેટલી રકમનો ખર્ચ કયા કામો પાછળ કરવામાં આવ્યો.

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અંબાજી દેવસ્થાનના વિકાસ માટે સરકાર દ્વારા ખર્ચ કરવામાં આવેલ નથી.
પરંતુ શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના ભંડોળમાંથી નીચે મુજબના પ્રોજેક્ટ પાછળ ખર્ચ કરવામાં આવેલ છે.

૧. શ્રી ૫૧ શકિતપીઠ દર્શન પરિક્રમા પ્રોજેક્ટ રૂપિયા ૬૧.૬૭ કરોડ
૨. ગબ્બર ટોચ વિસ્તૃતીકરણ પ્રોજેક્ટ–૨ રૂપિયા ૪.૧૧ કરોડ
૩. ૨૦૦ બેડની અદ્યતન હોસ્પીટલ બિલ્ડીંગ રૂ. ૨૨.૭૭ કરોડ
૪. નવિન હોસ્પીટલ ખાતે સ્ટાફ ક્વાર્ટર– રૂપિયા ૪.૧૯ કરોડ
૫. અંબાજી મંદિર સંકુલ ડેવલોપમેન્ટ એન્ડ બ્યુટિફિકેશન રૂપિયા ૧૦.૮૪ કરોડ
૬. મંદિર મુખ્ય શિખર સુવર્ણથી મઢવાનું કામ લોકભાગીદારી દ્વારા રૂપિયા ૧.૨૧ કરોડ

(૨) ઉક્ત સ્થિતિએ કયા ક્યા કામો કરવાના બાકી છે, અને

(૨) ઉક્ત બાબતે નીચે હેઠળના કામો પ્રગતિ હેઠળ છે.

૧. અંબાજી મંદિર સંકુલ ડેવલોપમેન્ટ એન્ડ બ્યુટિફિકેશન
૨. મંદિર મુખ્ય શિખર સુવર્ણથી મઢવાનું કામ લોકભાગીદારી દ્વારા
૩. શ્રી ૫૧ શકિતપીઠ દર્શન પરિક્રમા લેન્ડ સ્કેપીંગ

(૩) બાકી કામો ક્યાં સુધીમાં પૂરા કરવામાં આવશે?

(૩)

૧. અંબાજી મંદિર સંકુલ ડેવલોપમેન્ટ એન્ડ બ્યુટિફિકેશન ફેબ્રુઆરી–૨૦૧૫ના અંત સુધીમાં પૂર્ણ થશે.
૨. મંદિર મુખ્ય શિખર સુવર્ણથી મઢવાનું કામ લોકભાગીદારી દ્વારા (યાત્રિકો દ્વારા જેમ જેમ સુવર્ણદાન મળશે તેમ તેમ કામગીરી પુર્ણ કરવામાં આવશે.) ડીસેમ્બર–૨૦૧૫ સુધીમાં પુર્ણ થશે.

૩. શ્રી ૫૧ શકિતપીઠ દર્શન પરિક્રમા લેન્ડ સ્કેપીંગ જુન–૨૦૧૫ના અંત સુધીમાં.

**મફત તબીબી સહાય યોજના હેઠળ અમદાવાદ જિલ્લામાં સહાય**

* ૧૩૬૩૧ **શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ(વેજલપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫માં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ વિકસતી જાતિના લોકોમાં મફત તબીબી સહાય યોજના હેઠળ અમદાવાદ જિલ્લામાં કેટલી અરજીઓ મળી, | (૧) ૧૪૧૭ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરી, અને | (૨) ૧૩૮૨ |
| (૩) કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ. ૭૫.૧૪ લાખ |

**સાબરકાંઠા જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ સહાય**

* ૧૩૮૫૫ **શ્રી સુરેશભાઇ ધ. પટેલ (મણિનગર) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અનુસૂચિત જાતિના લોકોની કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ લાભ મેળવવા કેટલી અરજીઓ મળી, | (૧) ૪૩૦ અરજી મળી |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૪૧૯ મંજુર કરી |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ. ૪૧.૯૦ લાખ |

**વડોદરા ખાતે નવીન કોર્ટ બિલ્ડીંગનું બાંધકામ**

* ૧૩૪૬૦ **શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (રાવપુરા) : માનનીય કાયદા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લાના વડોદરા ખાતે નવીન કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં મંજુરી આપવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી ક્યારે આપવામાં આવી છે, અને | (૨) તા. ૧૭–૩–૨૦૧૨ના રોજ `. ૧,૩૦,૭૩,૭૦,૦૦૦/–ની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. |
| (૩) આ કામ ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે? | (૩) પ્રગતિ હેઠળ |

**મહીસાગર જિલ્લામાં માનવ ગરીમા યોજના અંતર્ગત કિટસની વહેંચણી**

* ૧૩૬૫૭ **શ્રી બાલકૃષ્ણ ના. પટેલ(ડભોઇ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| મહીસાગર જિલ્લામાં વિકસતી જાતિના લોકોમાં નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫માં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ માનવ ગરીમા યોજના અંતર્ગત કેટલા લાભાર્થીઓને કિટસની વહેંચણી કરવામાં આવી? | ૫૫૦ |

## છોટાઉદેપુર જિલ્લામાં વિભાગ હસ્તક કાર્યરત અપૂર્ણ યોજનાઓ

* ૧૩૭૨૫ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર કેટલી પાણી–પૂરવઠા વિભાગ હસ્તક યોજનાઓ મંજૂર થયેલ છે,

(૨) મંજૂર થયેલી યોજનાઓ પૈકી કેટલી યોજનાઓ ઉક્ત સ્થિતિએ કાર્યરત છે, કેટલી બંધ થયેલ છે, બાકી છે, અને

(૩) ઉક્ત પૈકી મંજૂર થયેલ અને ઉક્ત સ્થિતિએ અધૂરી યોજનાઓનું કાર્ય કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) (૨) અને (૩)
નીચેની વિગતે

| **અ.નં.** | **તાલુકો** | **મંજુર થયેલ યોજના** | **કાર્યરત યોજના** | **બંધ યોજના** | **બાકી/ પ્રગતિ** |
|---|---|---|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૧૩૦ | ૪૭ | ૦ | ૮૩ |
| ૨ | જેતપુરપાવી | ૧૦૫ | ૪૦ | ૦ | ૬૫ |
| ૩ | બોડેલી | ૬૩ | ૦૬ | ૦ | ૫૭ |
| ૪ | સંખેડા | ૬૫ | ૨૮ | ૦ | ૩૭ |
| ૫ | નસવાડી | ૧૨૪ | ૪૯ | ૦ | ૭૫ |
| ૬ | ક્વાંટ | ૯૨ | ૩૮ | ૦ | ૫૪ |
| | | ૫૭૯ | ૨૦૮ | ૦ | ૩૭૧ |

આ મંજુર થયેલ યોજનાઓ પૈકી પ્રગતિ હેઠળની ૩૭૧ યોજનાઓ તબક્કાવાર માહે/૧૨/૨૦૧૫ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

## બનાસકાંઠા જિલ્લામાં નવી શરૂ કરેલ આઈ.ટી.આઈ.

* ૧૪૭૭૩ **શ્રી જોઇતાભાઇ ક. પટેલ(ધાનેરા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫ દરમ્યાન તા. ૩૧–૧–૧૫ની સ્થિતિએ કેટલી નવી આઈ.ટી.આઈ. ક્યાં શરૂ કરેલ છે, અને નવી શરૂ કરવાનું અને તેમાં ટ્રેડવાર કેટલી બેઠકોનું આયોજન છે?

**જવાબ**

૦૨ નવી આઈ.ટી.આઈ. લાખાણી અને સુઈગામ ખાતે શરૂ કરેલ છે. જેમાં ટ્રેડવાર બેઠકો નીચે મુજબ છે.

| **લાખાણી આઈ.ટી.આઈ.** | | |
|---|---|---|
| ૧ | વાયરમેન | ૩૨ |
| ૨ | મીકેનીક ડીઝલ | ૩૨ |
| ૩ | કટીંગ એન્ડ સુઇંગ | ૧૬ |
| ૪ | કોમ્પ્યુટર ઓપરેટર કમ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ | ૪૦ |
| ૫ | ઈલેક્ટ્રીકશીયન | ૩૨ |
| ૬ | ફીટર | ૩૨ |
| ૭ | પ્લમ્બર | ૧૬ |
| | **કુલ બેઠકો** | **૨૦૦** |

| **સુઈગામ આઈ.ટી.આઈ.** | | |
|---|---|---|
| ૧ | હેર એન્ડ સ્ક્રીન કેર | ૩૨ |
| ૨ | ફેશન ટેક્નોલોજી | ૪૦ |
| ૩ | કટીંગ એન્ડ સુઇંગ | ૩૨ |
| ૪ | કોમ્પ્યુટર ઓપરેટર કમ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ | ૪૦ |
| ૫ | ઈલેક્ટ્રોનિક્સ મીકેનીક | ૩૨ |
| ૬ | સર્ટિફીકેટ કોર્ષ ઈન મલ્ટીમીડીયા ટેકનોલોજી એન્ડ ડીટીપી | ૨૪ |

| | કુલ બેઠકો | ૨૦૦ |
|---|---|---|

**ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ સેસ એકટ મુજબ જમા રકમ**

* ૧૩૭૦૧ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ સેસ એકટ પ્રમાણે કેટલી રકમ જમા છે ? | તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ સેસ એકટ પ્રમાણે રૂ.૯૦૯,૨૨,૧૫,૬૬૮/–ની રકમ જમા છે. |

**નિરાધાર વૃધ્ધ સહાય યોજના અન્વયે ભાવનગર જિલ્લામાં મળેલ અરજીઓ**

* ૧૩૬૫૩ **શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા(મહુવા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નિરાધાર વૃધ્ધ સહાય યોજના અન્વયે તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લામાં કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૫૩૦ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) ૩૦૧ |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે ? | (૩) ૨૦૭ |

**પડધરી ખાતે નવીન કોર્ટ બિલ્ડીંગનું બાંધકામ**

* ૧૩૪૬૩ **શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ–ગ્રામ્ય) : માનનીય કાયદા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં પડધરી ખાતે નવીન કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે તા.૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મંજૂરી આપવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી ક્યારે આપવામાં આવી છે, અને | (૨) તા.૬–૦૮–૨૦૧૩ના રોજ રૂ.૨,૮૯,૯૮,૦૦૦/–ની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. |
| (૩) આ કામ ઉકત સ્થિતિએ ક્યા તબક્કે છે ? | (૩) કામ પુર્ણ થયેલ છે. |

**છોટાઉદેપુર જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ સહાય**

* ૧૩૮૪૯ **શ્રી જયંતિભાઇ સ. રાઠવા(જેતપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છોટાઉદેપુર જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ વર્ષ ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અનુસૂચિત જાતિની વિદ્યાર્થીનીઓની સાયકલ મેળવવા માટે કેટલી અરજીઓ મળી, | (૧) ૮૧ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૭૬ |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રોકડ સહાય ચૂકવવામાં આવતી નથી પણ સાયકલ આપવામાં આવે છે. |

### અમદાવાદ જિલ્લામાં ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના હેઠળ સહાય

* ૧૩૬૪૯ **શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના અન્વયે તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લામાં કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૭૭૯૬ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૬૦૧૪ |
| (૩) તે પૈકી કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે? | (૩) ૧૫૮૯ |

---------

### નર્મદા જિલ્લામાં કન્યાઓને સાયકલ સહાય

* ૧૩૬૬૨ **શ્રી શબ્દશરણ ભા. તડવી(નાંદોદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ વિકસતી જાતિની કન્યાઓની સાયકલો મેળવવા માટે કેટલી અરજીઓ મળી, | (૧) ૧૯૯ |
| (૨) તે પૈકી કેટલી કન્યાઓને સાયકલ મંજૂર કરી, અને | (૨) ૧૯૭ |
| (૩) કેટલી કન્યાઓને સાયકલો વિતરણ કરી ? | (૩) ૧૯૭ |

---------

### નર્મદાના પાણી પેટેની વસુલવાની બાકી રકમ

* ૧૪૪૭૬ **શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં નર્મદાનું પાણી પેટેની કેટલી રકમ વસુલવાની બાકી છે, અને

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ જામનગર જિલ્લામાં નર્મદાના પાણી પેટે વસુલાતની બાકી રકમ નીચે પ્રમાણે છે.

| ક્રમ | વિગત | રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૧ | ધ્રોલ નગર પાલીકા | ૩૭૮.૩૫ |
| ૨ | કાલાવડ નગર પાલીકા | ૦.૦૦ |
| ૩ | ગ્રામ્ય વિસ્તાર (૨૨૪ ગ્રામ પંચાયત) | ૨૧૭૩.૦૩ |
| ૪ | બાલાચડી સૈનીક સ્કુલ | ૭.૮૭ |
| ૫ | હાપા રેલ્વે | ૭.૮૦ |
| ૬ | સૌરાષ્ટ્ર કેમીકલ | ૦.૧૨ |
| ૭ | સેન્ચુરી કેમીકલ | ૦.૧૬ |
| ૮ | જામનગર મહાનગર પાલિકા | ૬૨૨૨.૦૦ |
| ૯ | સિક્કાનગર પાલિકા | ૧૩૦.૦૦ |
| | **કુલ** | **૮૯૧૯.૩૩** |

દેવભુમિ દ્વારકા જીલ્લામાં નર્મદાના પાણી પેટે વસુલાતની બાકી રકમ નીચે પ્રમાણે છે.

| ક્રમ | વિગત | રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧ | ખંભાળીયા નગર પાલીકા | ૮.૯૬ |
| ૨ | ભાણવડ નગર પાલીકા | ૧.૮૦ |
| ૩ | ગ્રામ્ય વિસ્તાર (૫૧ ગ્રામ પંચાયત) | ૧૨.૧૭ |
| | **કુલ** | **૨૨.૯૩** |

(૨) આવા ઈસમો સમયસર રકમ ન ભરતા હોય તો તેની સામે ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કાયદાકીય શી કાર્યવાહી કરવામાં આવી ?

(૨) નગરપાલીકા તથા ગ્રામ પંચાયતોને ઉકત રકમ ભરવા તાકીદ કરવામાં આવે છે.ખાનગી સંસ્થાઓ નિયમિત પાણીના બીલ પેટે રકમ ભરતી હોઈ કાયદાકીય કાર્યવાહી કરવાનો પ્રશ્ન રહેતો નથી.

---------

**ઉમરગામ ખાતે કોર્ટ બિલ્ડીંગનું બાંધકામ**

* ૧૩૪૬૯ **શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય કાયદા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લાના ઉમરગામ ખાતે વધારાની કોર્ટના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ મંજૂરી આપવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) તા.૫–૧૧–૨૦૧૪ના રોજ રૂ. ૮,૯૨,૭૨,૦૦૦/– ની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૩) વહીવટી પ્રક્રીયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ. |

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં પાલક માતા–પિતા યોજના હેઠળ સહાય**

* ૧૩૬૪૦ **શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં પાલક માતા–પિતા યોજના હેઠળ તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળી, | (૧) ૩૭. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, કેટલી અરજીઓ નામંજૂર કરી, અને | (૨) મંજૂર –૩૧.<br>નામંજૂર –૬. |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૧,૧૦,૦૦૦. |

---------

**વડોદરા જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃતિની યોજના**

* ૧૩૬૪૩ **શ્રી મધુભાઇ બા. શ્રીવાસ્તવ(વાઘોડિયા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃતિની યોજના અન્વયે તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી, | (૧) ૧,૧૫૪. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧,૧૦૦. |
| (૩) કેટલી રકમ ચૂકવવામાં આવી છે ? | (૩) રૂા. ૧૩,૦૭,૦૦૦/– (અંકે રૂપિયા તેર લાખ સાત હજાર પુરા). |

---------

**લઘુમતીઓના વિકાસ માટે ફાળવેલ બજેટ**

* ૧૪૫૨૫ **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકાર દ્વારા લઘુમતીઓના વિકાસ અને કલ્યાણ માટે કેટલું બજેટ ફાળવવામાં આવેલ છે, અને

(૧)

| વર્ષ | બજેટ ફાળવણી (રૂ. કરોડમાં) |
|---|---|
| ૨૦૧૨–૧૩ | ૪૦.૧૩ |
| ૨૦૧૩–૧૪ | ૯૭.૪૬ |
| ૨૦૧૪–૧૫ | ૧૧૦.૪૨ |
| **કુલ** | **૨૪૮.૦૧** |

(૨) આ પૈકી કેટલી રકમનો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ. કરોડમાં) |
|---|---|
| ૨૦૧૨–૧૩ | ૪૦.૧૨ |
| ૨૦૧૩–૧૪ | ૯૭.૪૬ |
| ૨૦૧૪–૧૫ ડીસે–૧૪ | ૧૯.૫૩ |
| **કુલ** | **૧૫૭.૧૧** |

–––––––––

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મૃત ખેતમજૂરના વારસદારોને વીમાની સહાય**

* ૧૩૭૯૨ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સને ૨૦૧૨–૧૩ તથા ૨૦૧૩–૧૪ ના વર્ષમાં ખેત મજૂર મૃત્યુ વીમા સહાય યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ આવી,

(૧)

| | **તાલુકા** | **મળેલ અરજી** | |
|---|---|---|---|
| | | **૨૦૧૨–૧૩** | **૨૦૧૩–૧૪** |
| ૧ | જામનગર | ૦૭ | ૦૫ |
| ૨ | કાલાવાડ | ૦૧ | – |
| ૩ | ધ્રોળ | ૦૩ | ૦૩ |
| ૪ | જોડીયા | ૦૨ | ૦૧ |
| ૫ | લાલપુર | ૦૫ | ૦૫ |
| ૬ | જામજોધપુર | ૦૩ | ૦૫ |
| ૭ | ભાણવડ | ૦૩ | ૦૭ |
| ૮ | જામખંભાળીયા | –– | ૦૫ |
| ૯ | જામકલ્યાણપુર | ૦૭ | ૦૭ |
| ૧૦ | ઓખામંડળ | – | ૦૧ |
| | **કુલ** | **૩૧** | **૩૯** |

(૨) તે પૈકી કેટલા ખેત મજૂરના વારસદારોને તાલુકાવાર વીમાની રકમ તા.૩૧ ડીસેમ્બર–૨૦૧૪ની સ્થિતિએ ચૂકવવામાં આવેલ છે,

(૨)

**તાલુકાવાર ચુકવેલ વીમાની રકમ રૂપિયા**

| | **તાલુકા** | **૨૦૧૨–૧૩** | | **૨૦૧૩–૧૪** | |
|---|---|---|---|---|---|
| | | **લાભાર્થીની સંખ્યા** | **વીમા સહાયની રકમ રૂપિયા** | **લાભાર્થીની સંખ્યા** | **વીમા સહાયની રકમ રૂપિયા** |
| ૧ | જામનગર | ૦૪ | ૪,૦૦,૦૦૦/– | ૦૧ | ૧,૦૦,૦૦૦/– |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨ | કાલાવાડ | – | – | – | – |
| ૩ | ધ્રોળ | ૦૨ | ૨,૦૦,૦૦૦/– | – | – |
| ૪ | જોડીયા | – | – | ૦૧ | ૧,૦૦,૦૦૦/– |
| ૫ | લાલપુર | ૦૪ | ૪,૦૦,૦૦૦/– | ૦૨ | ૨,૦૦,૦૦૦/– |
| ૬ | જામજોધપુર | ૦૨ | ૨,૦૦,૦૦૦/– | ૦૫ | ૫,૦૦,૦૦૦/– |
| ૭ | ભાણવડ | ૦૧ | ૧,૦૦,૦૦૦/– | ૦૫ | ૫,૦૦,૦૦૦/– |
| ૮ | જામખંભાળીયા | – | – | ૦૧ | ૧,૦૦,૦૦૦/– |
| ૯ | જામકલ્યાણપુર | ૦૭ | ૭,૦૦,૦૦૦/– | ૦૧ | ૧,૦૦,૦૦૦/– |
| ૧૦ | ઓખામંડળ | – | – | – | – |
| | **કુલ** | **૨૦** | **૨૦,૦૦,૦૦૦/–** | **૧૬** | **૧૬,૦૦,૦૦૦/–** |

(૩) ઉકત પૈકી કેટલી અરજીઓ નામંજૂર કરેલ છે, તેના શા કારણો છે, અને

(૩)

| **૨૦૧૨–૧૩** | **૨૦૧૩–૧૪** | **ના મંજુરના કારણો** |
|---|---|---|
| ૦૧ | – | કુદરતી મૃત્યુ હોવાથી નામંજુર |
| ૦૩ | ૦૨ | અસંગઠિત શ્રમિકની વ્યાખ્યામાં આવતા ન હોવાથી નામંજુર |
| ૦૨ | – | ખાતેદાર ખેડુત હોવાથી તથા વારસાઈહક્કે ખેતીની જમીન મળવાપાત્ર હોવાથી નામંજુર |
| ૦૧ | – | સમય મર્યાદા બહાર મળેલ હોવાથી નામંજુર |
| ૦૭ | ૦૨ | કુલ નામંજુર અરજીઓ |

(૪) બાકી રહેલ અરજીઓ કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ?

(૪) (૧) સને–૨૦૧૨–૧૩ની ૦૪
(૨) સને–૨૦૧૩–૧૪ની ૨૧
પુર્તતા થયેથી.

---------

**અમદાવાદ જિલ્લામાં બેરોજગારોને રોજગારી**

* ૧૪૪૦૭ **શ્રી કરમશીભાઈ વિ. પટેલ(સાણંદ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ અમદાવાદ રોજગાર વિનિમય કચેરીમાં છેલ્લા એક વર્ષમાં વાર્ષિક વહીવટી ખર્ચ કેટલો થયેલ છે, અને | (૧) રૂ. ૧,૩૪,૯૩,૪૦૦/– |
| (૨) તે અન્વયે ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા બેરોજગારોને રોજગારી અપાઈ, તથા ઉકત સ્થિતિએ કેટલા બેરોજગારો નોંધાયેલ છે ? | (૨) ૪૨૨૧૫ બેરોજગારોને રોજગારી અપાઈ ૮૮૫૮૭ બેરોજગારો નોંધાયેલા છે. |

---------

**દાહોદ જિલ્લામાં બાવકા ગામે પૌરાણિક મંદિરને પ્રવાસન ધામ તરીકે વિકસાવવા બાબત**

* ૧૪૧૮૫ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં આવેલા બાવકા ગામે પૌરાણિક શિલ્પ શિવમંદિરને પ્રવાસન ધામ તરીકે વિકસાવવા સરકારને કેટલી અરજી કે રજુઆતો છેલ્લા બે વર્ષમાં મળી, અને | (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં આવેલ બાવકા ગામે પૌરાણિક શિલ્પ શિવમંદિરને પ્રવાસન ધામ તરીકે વિકસાવવા કોઈ અરજી કે રજુઆત મળેલ નથી. |

(૨) મળેલ અરજી કે રજૂઆત પછી સરકારે શી કાર્યવાહી કરી ? (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**બનાસકાંઠા જિલ્લામાં બેરોજગારોને રોજગારી**

* ૧૪૭૩૮ **શ્રી કાન્તીભાઇ કા. ખરાડી (દાંતા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો નોંધાયેલ છે,

(૧)

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **શિક્ષિત** | **અર્ધશિક્ષિત** | **કુલ** |
|---|---|---|---|---|
| ૧ | પાલનપુર | ૯૭૬૨ | ૧૧૮ | ૯૮૮૦ |
| ૨ | અમીરગઢ | ૬૩૩ | ૬૭ | ૭૦૦ |
| ૩ | વડગામ | ૩૯૦૦ | ૮૩ | ૩૯૮૩ |
| ૪ | ડીસા | ૧૮૯૪ | ૩૩ | ૧૯૨૭ |
| ૫ | લાખણી | ૧૨૬૩ | ૧૮ | ૧૨૮૧ |
| ૬ | કાંકરેજ | ૧૫૧૧ | ૪૪ | ૧૫૫૫ |
| ૭ | દિયોદર | ૧૦૯૨ | ૧૭ | ૧૧૦૯ |
| ૮ | ભાભર | ૪૫૩ | ૧૮ | ૪૭૧ |
| ૯ | વાવ | ૮૧૬ | ૨૧ | ૮૩૭ |
| ૧૦ | સૂઈગામ | ૪૬૮ | ૭ | ૪૭૫ |
| ૧૧ | થરાદ | ૧૩૫૯ | ૩૩ | ૧૩૯૨ |
| ૧૨ | ધાનેરા | ૮૩૯ | ૪૮ | ૮૮૭ |
| ૧૩ | દાંતીવાડા | ૬૪૬ | ૨૦ | ૬૬૬ |
| ૧૪ | દાંતા | ૨૯૨૮ | ૩૪ | ૨૯૬૨ |
| | **કુલ** | **૨૭૫૬૪** | **૫૬૧** | **૨૮૧૨૫** |

(૨) તે પૈકી છેલ્લા બે વર્ષમાં કેટલા બેરોજગારોનો વધારો થયો, અને

(૨)

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **શિક્ષિત** | **અર્ધશિક્ષિત** | **કુલ** |
|---|---|---|---|---|
| ૧ | પાલનપુર | ૪૬૪૪ | ૧૦૩ | ૪૭૪૭ |
| ૨ | અમીરગઢ | ૫૧૧ | ૨ | ૫૧૩ |
| ૩ | વડગામ | ૨૦૭૯ | ૧૯ | ૨૦૯૮ |
| ૪ | ડીસા | ૯૩૫ | ૧૮ | ૯૫૩ |
| ૫ | લાખણી | ૪૯૧ | ૦ | ૪૯૧ |
| ૬ | કાંકરેજ | ૭૭૯ | ૧ | ૭૮૦ |
| ૭ | દિયોદર | ૬૧૯ | ૯ | ૬૨૮ |
| ૮ | ભાભર | ૨૬૧ | ૦ | ૨૬૧ |
| ૯ | વાવ | ૪૦૭ | ૪ | ૪૧૧ |
| ૧૦ | સૂઈગામ | ૨૬૯ | ૦ | ૨૬૯ |
| ૧૧ | થરાદ | ૭૭૦ | ૯ | ૭૭૯ |
| ૧૨ | ધાનેરા | ૪૯૬ | ૮ | ૫૦૪ |
| ૧૩ | દાંતીવાડા | ૩૧૭ | ૭ | ૩૨૪ |
| ૧૪ | દાંતા | ૯૨૨ | ૬ | ૯૨૮ |
| | **કુલ** | **૧૩૫૦૦** | **૧૮૬** | **૧૩૬૮૬** |

(૩) ઉકત સ્થિતિએ નોંધાયેલા બેરોજગારો પૈકી છેલ્લા બે વર્ષમાં કેટલા યુવાનોને રોજગારી પૂરી પાડવામાં આવી ?

(૩)

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **શિક્ષિત** | **અર્ધશિક્ષિત** | **કુલ** |
|---|---|---|---|---|
| ૧ | પાલનપુર | ૩૧૭૯ | ૨૫ | ૩૨૦૪ |
| ૨ | અમીરગઢ | ૩૩૦ | ૮ | ૩૩૮ |
| ૩ | વડગામ | ૨૨૦૨ | ૧૫ | ૨૨૧૭ |

| | | | | |
|---|---|---|---|---|
| ૪ | ડીસા | ૯૬૯ | ૮ | ૯૭૭ |
| ૫ | લાખણી | ૫૮૫ | ૨ | ૫૮૭ |
| ૬ | કાંકરેજ | ૯૯૪ | ૧૨ | ૧૦૦૬ |
| ૭ | દિયોદર | ૬૬૧ | ૪ | ૬૬૫ |
| ૮ | ભાભર | ૨૩૬ | ૨ | ૨૩૮ |
| ૯ | વાવ | ૩૬૫ | ૪ | ૩૬૯ |
| ૧૦ | સૂઈગામ | ૨૨૭ | ૨ | ૨૨૯ |
| ૧૧ | થરાદ | ૯૦૩ | ૯ | ૯૧૨ |
| ૧૨ | ધાનેરા | ૫૯૯ | ૭ | ૬૦૬ |
| ૧૩ | દાંતીવાડા | ૪૯૫ | ૭ | ૫૦૨ |
| ૧૪ | દાંતા | ૧૩૪૫ | ૫ | ૧૩૫૦ |
| | **કુલ** | **૧૩૦૯૦** | **૧૧૦** | **૧૩૨૦૦** |

---------

**સુરત જિલ્લામાં વિદ્યાર્થીઓને ગણવેશ સહાય**

* ૧૩૬૫૯ **શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ વિકસતી જાતિના વિદ્યાર્થીઓની ગણવેશ સહાય મેળવવા કુલ કેટલી અરજીઓ મળી, અને | (૧) ૧,૬૮,૮૫૭. |
| (૨) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને કુલ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ? | (૨) ૧,૬૮,૦૨૭ વિદ્યાર્થીઓને કુલ રૂ. ૫,૦૪,૦૮,૧૦૦/–રકમની સહાય ચૂકવવામાં આવી. |

---------

**ગાંધીનગર જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજના હેઠળ સહાય**

* ૧૩૬૪૬ **શ્રી અશોકકુમાર ર. પટેલ(ગાંધીનગર ઉત્તર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજના હેઠળ તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી, | (૧) ૨૮૩. |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને | (૨) ૨૫૦. |
| (૩) કેટલી રકમ ચૂકવવામાં આવી છે ? | (૩) રૂ. ૮,૦૨,૦૨૪/–(અંકે રૂપિયા આઠ લાખ બે હજાર ચોવીસ પુરા). |

---------

**શામળાજી ચેકપોસ્ટ પર ઈન્સ્પેકટરને ઈજા પહોંચાડનાર ઈસમો**

* ૧૪૪૩૩ **ડૉ. અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૨૩–૧–૨૦૧૫ ના રોજ અરવલ્લી જિલ્લાના શામળાજી ચેકપોસ્ટ પર આર.ટી.ઓ. ઈન્સ્પેકટર સહિત અન્ય ત્રણ જણને ગંભીર ઈજાઓ પહોંચાડનાર ઈસમો કોણ હતા, અને | (૧) શામળાજી પોલીસ સ્ટેશનમાં આ અંગે કોઈ ગુનો દાખલ થયેલ ન હોય કે કોઈ અરજી મળેલ ન હોય ઈજાઓ પહોંચાડનાર ઈસમોની માહિતી મળેલ નથી. |
| (૨) આ કેસની એફ.આઈ.આર. કરવામાં આવેલ છે કે કેમ ? | (૨) ભોગ બનનાર તરફથી આજ દિન સુધીમાં કોઈ ફરીયાદ કે અરજી આપવામાં આવેલ નથી, જેથી એફ.આઈ.આર. નોંધવામાં આવેલ નથી. |

---------

**ડૉ. આંબેડકર આવાસ યોજના અન્વયે બનાસકાંઠા જિલ્લામાં સહાય**

* ૧૩૭૪૯ **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડૉ. આંબેડકર આવાસ યોજના અન્વયે તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં કુલ કેટલા આવાસો ફાળવવામાં આવ્યા, | (૧) ડૉ. આંબેડકર આવાસ યોજના હેઠળ આવાસો ફાળવવામાં આવતા નથી. પરંતુ મકાન બાંધવા માટે સહાય ચૂકવવામાં આવે છે. તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નીચે મુજબના લાભાર્થીઓને મકાન સહાય મંજૂર કરવામાં આવેલ છે. |

| વર્ષ | લાભાર્થીઓની સંખ્યા કુલ |
|---|---|
| ૨૦૧૩ | ૩૧૦ |
| ૨૦૧૪ | ૧૮૮ |
| **કુલ** | **૪૯૮** |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) આ આવાસો ફકત બી.પી.એલ. લાભાર્થીઓને જ આપવામાં આવે છે તે હકીકત સાચી છે, | (૨) ના |
| (૩) અનુસૂચિત જાતિના જે લોકો બી.પી.એલ. યાદીમાં નથી તેઓને આ આવાસ યોજના અંતર્ગત આવાસો ફાળવવામાં આવે છે કે કેમ, અને | (૩) હા |
| (૪) જો ના, તો આવો નિર્ણય સરકાર કરવા માંગે છે કે કેમ ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

–––––––––

**આણંદ ખાતે ન્યાયિક અધિકારીઓના આવાસનું બાંધકામ**

* ૧૩૪૭૧ **શ્રી રોહિત પટેલ (આણંદ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લાના આણંદ ખાતે ન્યાયિક અધિકારીઓના રહેણાંકના આવાસના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ મંજૂરી આપવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) રૂ. ૨,૯૩,૮૬,૦૦૦/– |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૩) વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ. |

–––––––––

**ખેડબ્રહ્મા અંબાજી માતા મંદિરનો વિકાસ**

* ૧૪૬૪૫ **શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય દેવસ્થાન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાનાં પ્રસિધ્ધ ખેડબ્રહ્મા અંબાજી માતાજીના મંદિરના વિકાસ માટે સરકાર દ્વારા છેલ્લા બે વર્ષમાં કોઈ નાણાકીય જોગવાઈ કરેલ છે કે કેમ, અને | (૧) ના, જી. |
| (૨) જો ન કરેલ હોય તો આ અંગે સરકાર નાણાકીય જોગવાઈ કરવા માંગે છે કે કેમ ? | (૨) ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૮–૧૦–૨૦૧૦ ના ઠરાવ ક્રમાંકઃપવય–૧૦૨૦૧૦–૮૫૬–ય અન્વયે ખાનગી ટ્રસ્ટ સંચાલિત દેવસ્થાનોને ઠરાવમાં દર્શાવેલ શરતોને આધિન રહીને નાણાકીય સહાય આપવાની યોજના અમલમાં છે. જે અન્વયે ખાનગી ટ્રસ્ટ તરફથી દરખાસ્ત મળ્યેથી નિયમોનુસાર કાર્યવાહી કરવાની રહેશે.<br>આ વિભાગના અન્ય તા.૨–૧–૨૦૧૫ ના ઠરાવ ક્રમાંકઃ ટીડીસી–૧૨–૨૦૧૪–૭૪૧૯૭૯–સ અન્વયે દરેક |

જિલ્લામાં ઐતિહાસિક, ધાર્મિક, પુરાતત્વની દ્રષ્ટિએ મહત્વ ધરાવતા તેમજ પ્રવાસીઓ અને યાત્રાળુઓ વધારે સંખ્યામાં આવતા હોય તેવા અતિ મહત્વના પ્રવાસન યાત્રાધામના સ્થળોના વિકાસ માટે દરેક જિલ્લાને દર વર્ષે વધુમાં વધુ ત્રણ (૩) સ્થળોના પ્રોજેકટ માટે મહત્તમ રૂ.૧૦/–કરોડ સુધીની ગ્રાન્ટ સબંધિત કલેકટરશ્રીને આપવાની જોગવાઈ કરી છે. આ અન્વયે કાર્યવાહી કલેકટરશ્રીએ કરવાની રહેશે.

---------

**ગુજરાત હાઈકોર્ટ ખાતે સરકારી વકીલની કચેરીના નવિન મકાનનું બાંધકામ**

* ૧૩૪૫૯ **શ્રી જગદીશભાઇ ઇ. પંચાલ(નિકોલ) : માનનીય કાયદા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ ખાતે ગુજરાત હાઈકોર્ટના કેમ્પસમાં સરકારી વકીલની કચેરીના નવીન મકાનના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ માં મંજૂરી આપવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી ક્યારે આપવામાં આવી છે, અને | (૨) તા.૩–૧–૨૦૧૫ના રોજ `.૨૯,૦૦,૮૦,૦૦૦ ની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૩) વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ. |

---------

**બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લાની ચેકપોસ્ટ પરથી કર વસૂલાત**

* ૧૪૨૯૩ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં આવેલ ચેકપોસ્ટ પરથી કેટલા કરની તથા દંડની વસુલાત વર્ષવાર કરવામાં આવી,

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં ચેકપોસ્ટ પરથી કરની તથા દંડની વસુલાત નીચે મુજબ વર્ષવાર કરવામાં આવી.

| જિલ્લાનું નામ | વર્ષ | વસુલાત કરેલ કરની રકમ (રૂ.કરોડમાં) | વસુલાત કરેલ દંડની રકમ |
|---|---|---|---|
| બનાસકાંઠા | ૨૦૧૩ | ૧૭.૫૫ | ૧૮.૦૦ |
| | ૨૦૧૪ | ૨૦.૯૧ | ૪૧.૭૨ |
| સાબરકાંઠા | ૨૦૧૩ | ૨૨.૮૦ | ૩૧.૭૨ |
| | ૨૦૧૪ | ૨૫.૮૦ | ૩૧.૫૫ |
| **કુલ** | **૨૦૧૩** | **૪૦.૩૫** | **૪૯.૭૨** |
| | **૨૦૧૪** | **૪૬.૭૧** | **૭૩.૨૭** |

**પ્રશ્ન**

(૨) આ ચેકપોસ્ટ ઉપર અધિકારીઓ દ્વારા ભ્રષ્ટાચાર આચરવામાં આવતો હોવા અંગેની સરકારને કેટલી ફરીયાદો આ સમયગાળા દરમ્યાન મળી, અને

**જવાબ**

(૨) આ ચેકપોસ્ટ ઉપર અધિકારી દ્વારા ભ્રષ્ટાચાર આચરવામાં આવતો હોવા અંગેની સરકારને ૧૦ (દશ) ફરીયાદો આ સમયગાળા દરમ્યાન મળી.

| જિલ્લાનું નામ | મળેલ ફરીયાદ (સંખ્યામાં) |
|---|---|

| | |
|---|---|
| બનાસકાંઠા | ૮ |
| સાબરકાંઠા | ૨ |
| કુલ | ૧૦ |

(૩) મળેલ ફરીયાદો સંદર્ભે સરકારે શાં પગલાં ભર્યા ?

(૩) મળેલ ફરીયાદો સંદર્ભે ચકાસણી કરવા માટે પ્રાથમિક તબક્કે પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીઓને તપાસ સુપ્રત કરેલ છે.

---------

**સુરત જિલ્લામાં સંકટમોચન યોજના અંતર્ગત સહાય**

* ૧૩૬૩૮ **શ્રી પૂર્ણેશકુમાર ઇ. મોદી (સુરત પશ્ચિમ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સંકટમોચન યોજના અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતએ છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લામાં કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૨૦૫. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૧૪૨. |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે ? | (૩) ૫૨. |

--------

**રાજ્ય સરકારની ગેરંટીથી વંચિત કેન્દ્ર સરકારના સાહસો**

* ૧૩૯૨૫ **પ્રો. હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ રાજ્ય સરકારની ગેરેંટીના અભાવે કેન્દ્ર સરકાર/કેન્દ્ર સરકારના સાહસો દ્વારા રાજ્યના ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, અને ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમને સહાયની રકમ ચૂકવાતી નથી પરિણામે રાજ્યના ગરીબ વિદ્યાર્થીઓ અને લાભાર્થીઓને મળવાપાત્ર લાભો મળતા નથી તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર/કેન્દ્ર સરકારના સાહસોને ગેરેંટી આપવા માંગે છે કે કેમ, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો હા, તો ક્યાં સુધીમાં ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**વાંકાનેર ખાતે કોર્ટ બિલ્ડીંગ નાનું હોવા બાબત**

* ૧૪૬૦૯ **શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ વાંકાનેર ખાતે કોર્ટનું બિલ્ડીંગ નાનું અને કોર્ટના કમર્ચારીઓના રહેઠાણ માટેના મકાનો નાના છે, તે હકીકત સાચી છે, અને | (૧) જિલ્લા ન્યાયાધીશ દ્વારા હાઈકોર્ટ મારફત રજૂ કરેલ નકશા–અંદાજો મુજબ કોર્ટનું બિલ્ડીંગ અને કોર્ટના કમર્ચારીઓના રહેઠાણ માટેના મકાનો બનાવવામાં આવેલ છે. વાંકાનેર ખાતે કોર્ટનું બિલ્ડીંગ નાનું અને કોર્ટના કર્મચારીઓના રહેઠાણ માટેના મકાનો નાના છે તેવી કોઈ રજૂઆત આજદિન સુધી મળેલ નથી. |

| | |
|---|---|
| (૨) જો હા, તો આ અંગે કાર્યવાહી કરવા સરકાર દ્વારા શું આયોજન છે ? | (૨) જિલ્લા ન્યાયાધીશ દ્વારા હાઈકોર્ટ મારફત દરખાસ્ત મળેથી કોર્ટના બિલ્ડીંગ અને કોર્ટના કર્મચારીઓના રહેઠાણ માટેના મકાનો બાબતે વિચારણા કરવામાં આવશે. |

---------

**સુરત જિલ્લામાં આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ સહાય**

* ૧૩૮૫૬ **શ્રી ઈશ્વરભાઈ ર. પરમાર(બારડોલી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ લાભ મેળવવા કેટલી અરજીઓ મળી, | (૧) ૩૮ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૩૮ |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૧૨.૦૦ લાખ. |

---------

**અમરેલી જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજના હેઠળ સહાય**

* ૧૩૬૪૪ **શ્રી હીરાભાઈ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજના હેઠળ તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી, | (૧) ૧૧૭ |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૦૫ |
| (૩) કેટલી રકમ ચૂકવવામાં આવી છે ? | (૩) રૂ.૪,૦૧,૬૮૦ (અંકે રૂપિયા ચાર લાખ એક હજાર છસ્સો ઐંશી પુર). |

---------

**અમરેલી જિલ્લામાં કન્યાઓને સાયકલ સહાય**

* ૧૩૬૬૪ **શ્રી નલીનભાઈ ના. કોટડીયા(ધારી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ વિકસતી જાતિની કન્યાઓની સાયકલો મેળવવા માટે કેટલી અરજીઓ મળી, | (૧) ૫૦૧૫ |
| (૨) તે પૈકી કેટલી કન્યાઓને સાયકલ મંજૂર કરી, અને | (૨) ૫૦૧૫ |
| (૩) કેટલી કન્યાઓને સાયકલો વિતરણ કરી ? | (૩) ૫૦૧૫ |

---------

**નર્મદા જિલ્લામાં રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના હેઠળ સહાય**

* ૧૩૬૪૮ **શ્રી મોતીલાલ પુ. વસાવા(ડેડીયાપાડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના હેઠળ તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નર્મદા જિલ્લામાં કેટલી અરજીઓ મળી, | (૧) ૨૩૧ |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરી, અને | (૨) ૧૩૯ |

| | |
|---|---|
| (૩) તે પૈકી કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે? | (૩) ૫૭ |

---------

**લીલીયા ખાતે નવીન કોર્ટ બિલ્ડીંગનું બાંધકામ**

* ૧૩૪૬૫ **શ્રી બાવકુભાઇ ના. ઉંઘાડ(લાઠી) : માનનીય કાયદા મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લાના લીલીયા ખાતે નવીન કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫ માં તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ મંજૂરી આપવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨)તા.૧૮-૧૨-૨૦૧૪ના રોજ રૂ.૪,૧૫,૮૬,૭૬૫/- ની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૩) વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ. |

---------

**ભાવનગર જિલ્લામાં એચ.આઇ.વી. શિષ્યવૃત્તિ યોજના હેઠળ સહાય**

* ૧૩૬૩૯ **શ્રી કેશુભાઇ હી. નાકરાણી(ગારીયાધાર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં એચ.આઇ.વી. શિષ્યવૃતિ યોજના હેઠળ તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળી, | (૧) ૧૮૯ અરજીઓ. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, કેટલી અરજીઓ નામંજૂર કરી, અને | (૨) મંજૂર અરજીઓ-૧૮૩<br>નામંજૂર અરજીઓ-૬ |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) ૧૮૩ લાભાર્થીઓને કુલ રૂ.૪,૫૭,૦૦૦ |

---------

**નિરાધાર વૃધ્ધ સહાય યોજના અન્વયે મોરબી જિલ્લામાં મળેલ અરજીઓ**

* ૧૩૬૫૦ **શ્રી કાંતિલાલ શી. અમૃતિયા(મોરબી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નિરાધાર વૃધ્ધ સહાય યોજના અન્વયે તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મોરબી જિલ્લામાં કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૨૦૮. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) ૧૧૫. |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે ? | (૩) ૬૩. |

---------

**રાજકોટ જિલ્લામાં સંત સુરદાસ યોજના હેઠળ સહાય**

* ૧૩૬૪૨ **શ્રી પ્રવીણભાઇ માંકડીયા(ધોરાજી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં સંત સુરદાસ યોજના અન્વયે તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવેલ છે, | (૧) ૧૪૧ |
| (૨) કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૨૩ |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી છે ? | (૩) રૂ.૫,૯૦,૪૦૦ (અંકે રૂપિયા પાંચ લાખ નેવું હજાર |

ચારસો પુરા)

---------

**અમરેલી જિલ્લાને પીવાનું પાણી**

* ૧૩૮૩૨ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં પીવાના પાણીની ગંભીર સમસ્યાઓ ઉભી થઈ છે, તે હકીકતથી સરકાર વાકેફ છે, અને | (૧) અમરેલી જિલ્લામાં તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ પીવાના પાણીની ગંભીર સમસ્યા ઉભી થવા પામેલ નથી. |
| (૨) જો હા, તો આગામી ઉનાળામાં આ જિલ્લાની જનતાને પીવાનું પાણી દરરોજ નિયમિત મળી રહે તે માટે સરકારે ક્યા પ્રકારનું આયોજન કરેલ છે ? | (૨) અમરેલી જિલ્લાના ૬૦૪ ગામો પૈકી હાલમાં મહી પરીએજ આધારિત ૩૩૦ ગામોને પાણી પુરૂં પાડવામાં આવી રહેલ છે. જ્યારે ૨૭૪ ગામોએ સ્થાનિક સોર્સમાંથી પાણી મેળવવામાં આવી રહેલ છે. ઉનાળા દરમ્યાન જે ગામોએ પીવાના પાણીની જરૂરીયાત ઉભી થશે ત્યારે વૈકલ્પિક વ્યવસ્થા કરી પાણી પુરવઠો પૂરો પાડવામાં આવશે. |

---------

**રાજ્યની તકેદારી અને મોનીટરીંગ સમિતિની કામગીરી**

* ૧૪૨૧૭ **શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં અનુસૂચિત જાતિ/જનજાતિ અત્યાચાર નિવારણ નિયમ–૧૯૯૫ અન્વયે રાજ્ય કક્ષાની તકેદારી અને મોનીટરીંગ સમિતિની રચના કરવામાં આવી છે તેના દ્વારા શી કામગીરી કરવામાં આવી છે, | (૧) રાજ્ય સ્તરની તકેદારી અને મોનીટરીંગ સમિતિની રચના કરવામાં આવેલ છે. તે સમિતિ દ્વારા અનુસૂચિત જાતિ/જનજાતિ પર થતા અત્યાચારો બાબતે તુરત કાર્યવાહી થાય તથા અત્યાચારના બનાવો ના બને તે માટે સરકારશ્રીના સંબંધિત વિભાગોને સતર્ક કરવામાં આવે છે. |
| (૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યારે સમિતિની બેઠકો મળી અને તેમાં શાં નિર્ણયો કરવામાં આવ્યા, અને | (૨) સમિતિની બેઠક તા.૨૩–૯–૨૦૧૩ ના રોજ મળેલ હતી જેમાં,<br>૧. સમાજમાં સદભાવના અને સમરસતા માટે સમજ આપી માહિતગાર કરવા.<br>૨. તકેદારી વ્યવસ્થા સુદ્રઢ બનાવી વારંવાર બનતા બનાવો અટકાવવા.<br>૩. અસરગ્રસ્ત વ્યકિતઓને ચૂકવવાપાત્ર બાકી સહાય ચૂકવવી.<br>૪. વધુ સમયના બાકી કેસોનો ઝડપી નિકાલ કરવા કાર્યક્રમ હાથ ધરવો.<br>૫. અસરગ્રસ્તોને પૂરતી કાનૂની સહાય આપવા અંગે. |
| (૩) કરવામાં આવેલ નિર્ણયોના અમલની જવાબદારી કોને સોંપાઈ છે ? | (૩) જે તે સંબંધિત વિભાગોને જવાબદારી સોંપાઈ છે. |

---------

**રાજકોટ જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા બેરોજગારોને રોજગાર**

* ૧૪૨૨૬ **શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજયગુરૂ(રાજકોટ પૂર્વ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ રાજકોટ જિલ્લા રોજગાર વિનિમય કચેરીનો વાર્ષિક ખર્ચ કેટલો આવે છે, | (૧) ૩.૯૪,૭૩,૬૧૬/– |
| (૨) તે અન્વયે છેલ્લા એક વર્ષમાં કેટલા નોંધાયેલા બેરોજગારોને રોજગારી આપવામાં આવી, અને | (૨) ૧૯૨૨૫ |
| (૩) ઉકત સ્થિતિએ કેટલા બેરોજગારો નોંધાયેલ છે ? | (૩) ૩૩૭૭૪ |

---------

**ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના હેઠળ રાજકોટ જિલ્લામાં મળેલ અરજીઓ**

* ૧૩૬૫૪ **શ્રી બાવનજીભાઇ હ. મેતલીયા (ટંકારા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.—

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના હેઠળ તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૩૩૦૩ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી કેટલી સહાય ચૂકવી, અને | (૨) મંજૂર અરજીઓ - ૨૪૦૫<br>ચૂકવેલ સહાય - રૂ.૬૧,૫૦,૪૩૦/- |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે ? | (૩) ૮૬૨ |

---------

**ભાવનગર જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિની યોજના હેઠળ સહાય**

* ૧૩૬૪૫ શ્રી શીવાભાઇ જે. ગોહિલ(**તળાજા**) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.—

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિની યોજના હેઠળ તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી, | (૧) ૧૮૨૦ |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૮૧૩ |
| (૩) કેટલી રકમ ચૂકવવામાં આવી છે ? | (૩) રૂ.૨૩,૩૭,૦૦૦ (અંકે રૂપિયા ત્રેવીસ લાખ સાડત્રીસ હજાર પુરા) |

---------

**બનાસકાંઠા જિલ્લામાં ખેતમજૂર મૃત્યુ વીમા સહાય યોજના હેઠળ સહાય**

* ૧૪૯૦૪ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.—

**પ્રશ્ન** — **જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં સને ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪ ના વર્ષમાં ખેતમજૂર મૃત્યુ વીમા સહાય યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ આવી,

(૧)

| અ.નં. | તાલુકા | મળેલ અરજી | |
|---|---|---|---|
| | | ૨૦૧૨-૧૩ | ૨૦૧૩-૧૪ |
| ૧ | પાલનપુર | ૦૩ | - |
| ૨ | ડીસા | ૦૪ | ૦૧ |
| ૩ | વડગામ | ૦૯ | ૦૧ |
| ૪ | દાંતા | ૦૫ | ૦૨ |
| ૫ | ધાનેરા | ૦૨ | - |
| ૬ | અમીરગઢ | ૦૨ | - |
| ૭ | થરાદ | ૦૪ | - |
| ૮ | દિયોદર | ૦૧ | - |
| ૯ | દાંતીવાડા | - | ૦૧ |
| ૧૦ | શિહોરી કાંકરેજ | - | ૦૩ |
| ૧૧ | વાવ | - | - |
| ૧૨ | કાંકરેજ | - | - |
| ૧૩ | ભાભર | - | - |
| | **કુલ** | **૩૦** | **૦૮** |

(૨) તે પૈકી કેટલા ખેત મજૂરના વારસદારોને તાલુકાવાર વીમાની રકમ તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ ચૂકવવામાં આવી, અને

(૨)

| તાલુકાવાર ચૂકવેલ વીમાની રકમ રૂપિયા | | | | | |
|---|---|---|---|---|---|
| અ.નં. | તાલુકા | ૨૦૧૨-૧૩ | | ૨૦૧૩-૧૪ | |
| | | લાભાર્થીની સંખ્યા | વીમા સહાયની રકમ રૂપિયા | લાભાર્થીની સંખ્યા | વીમા સહાયની |

| | | | | | રકમ રૂપિયા |
|---|---|---|---|---|---|
| ૧ | પાલનપુર | ૦૩ | ૩,૦૦,૦૦૦ | – | – |
| ૨ | ડીસા | – | – | – | – |
| ૩ | વડગામ | ૦૪ | ૪,૦૦,૦૦૦ | ૦૧ | ૧,૦૦,૦૦૦ |
| ૪ | દાંતા | ૦૨ | ૨,૦૦,૦૦૦ | – | – |
| ૫ | ધાનેરા | ૦૨ | ૨,૦૦,૦૦૦ | – | – |
| ૬ | અમીરગઢ | – | – | – | – |
| ૭ | થરાદ | ૦૩ | ૩,૦૦,૦૦૦ | – | – |
| ૮ | દિયોદર | – | – | – | – |
| ૯ | દાંતીવાડા | – | – | – | – |
| ૧૦ | શિહોરી કાંકરેજ | – | – | ૦૨ | ૨,૦૦,૦૦૦ |
| ૧૧ | વાવ | – | – | – | – |
| ૧૨ | કાંકરેજ | – | – | – | – |
| ૧૩ | ભાભર | – | – | – | – |
| | **કુલ** | **૧૪** | **૧૪,૦૦,૦૦૦** | **૦૩** | **૩,૦૦,૦૦૦** |

(૩) બાકી રહેલ અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ?

(૩) બાકી રહેલ અરજીઓનો જે તે અરજદારો દ્વારા ક્ષતિ પૂર્તતા થયેથી વીમા નિયામકશ્રી ગાંધીનગર દ્વારા નિકાલ કરવાનો રહે છે.

---------

## જુનાગઢ, વિસાવદર અને ભેંસાણ તાલુકાના ગામડાઓમાં પીવાના પાણી માટેની મશીનરી સંબંધિત દરખાસ્તો

* ૧૪૮૭૫ **શ્રી હર્ષદભાઇ રીબડીયા (વિસાવદર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જુનાગઢ, વિસાવદર તેમજ ભેંસાણ તાલુકાના ગામડાઓમાં પીવાના પાણી માટેની મશીનરીના સબ મર્શીબલ મોટર પંપ, પાઇપ–લાઇન, કેબલ અને સ્ટાર્ટરની કેટ કેટલી દરખાસ્તો સરકાર પાસે ઉક્ત સ્થિતિએ આવી છે,

(૨) આ પૈકી કેટલી દરખાસ્તોનો સ્વીકાર કરવામાં આવ્યો, અને

(૩) બાકી રહેતી દરખાસ્તો પર નિર્ણય કેટલા સમયમાં કરવામાં આવશે?

**જવાબ**

(૧) (૨)અને (૩) તા. ૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આવેલ દરખાસ્તો પૈકી સ્વીકારેલ તથા બાકી દરખાસ્તોની વિગત નીચે મુજબ છે.

| તાલુકો | આવેલ દરખાસ્તો | સ્વીકારેલ દરખાસ્તો | બાકી દરખાસ્તો |
|---|---|---|---|
| જુનાગઢ | ૧૨ | ૧૧ | ૧ |
| વિસાવદર | ૦૮ | ૦૬ | ૨ |
| ભેંસાણ | ૦૩ | ૦૩ | ૦ |
| **કુલ** | **૨૩** | **૨૦** | **૩** |

બાકી રહેતી ૩ દરખાસ્તોવાળા ગામોમાં પીવાના પાણીની અન્ય વૈકલ્પિક વ્યવસ્થા ઉપલબ્ધ હોઈ હાલ જરૂરીયાત રહેતી નથી.

---------

## મહુવા ખાતે નવીન કોર્ટ બિલ્ડીંગનું બાંધકામ

* ૧૩૪૬૨ **શ્રી મોહનભાઇ ધ. ઢોડીયા(મહુવા) : માનનીય કાયદા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં મહુવા ખાતે નવીન કોર્ટ બીલ્ડીંગના બાંધકામ માટે તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મંજૂરી આપવામાં આવેલ છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી ક્યારે આપવામાં આવી છે, અને

(૩) આ કામ ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) તા.૧૮–૧૧–૨૦૧૧ના રોજ ` ૬,૦૫,૭૦,૯૦૦/–ની વહીવટી અને તા.૪–૦૭–૨૦૧૩ ના રોજ ` ૬,૭૪,૯૮,૦૬૪/–ની સુધારેલી વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે.

(૩) કામ પુર્ણ થયેલ છે.

---------

## અમદાવાદ જિલ્લામાં વિદ્યાર્થીઓને ગણવેશ સહાય

* ૧૩૬૬૦ **ડૉ. નિર્મલાબેન સુ. વાધવાણી (નરોડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫માં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ વિકસતી જાતિના વિદ્યાર્થીઓની ગણવેશ સહાય મેળવવા કુલ કેટલી અરજીઓ મળી, અને | (૧) ૩,૧૩,૫૮૩. |
| (૨) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને કુલ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી? | (૨) ૩,૧૩,૫૮૩ વિદ્યાર્થીઓને કુલ રૂ. ૯,૪૦,૭૪,૯૦૦/– રકમની સહાય ચૂકવવામાં આવી. |

---------

## નર્મદા અને દાંતીવાડા આધારિત પાણી પુરવઠા જુથ યોજના

* ૧૪૫૫૧ **શ્રી ગોવાભાઇ રબારી(ડીસા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ નર્મદા અને દાંતીવાડા આધારીત પાણી પુરવઠા જુથ યોજના ક્યા તબક્કે છે, અને

(૨) આ કામગીરી કેટલા સમયમાં પૂર્ણ થશે?

**જવાબ**

(૧) અને (૨) તા. ૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં

- દાંતીવાડા જળાશય આધારીત પ્રગતિ હેઠળની એક જુથ યોજના ટૂંક સમયમાં પુર્ણ કરવાનું આયોજન છે.
- નર્મદા આધારીત અગિયાર જુથ યોજના પૈકી
  - ત્રણ જુથ યોજના પુર્ણ કરેલ છે.
  - પ્રગતિ હેઠળની ૨ જુથ યોજના માહે ૫/૨૦૧૫ સુધીમાં, મંજુર થયેલ ૨ યોજનાઓ ટેન્ડર પ્રક્રીયા પૂર્ણ થયેથી ૧૨ માસમાં તથા આયોજન હેઠળની ૪ જુથ યોજનાઓ મંજુર થયેથી બે વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

## દેવભૂમિ દ્વારકા જિલ્લામાં બેરોજગારોને રોજગારી

* ૧૪૫૯૧ **શ્રી મેરામણભાઇ મા. આહીર (ખંભાલીયા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં સ્થપાયેલા ઔદ્યોગિક એકમોમાં ઔદ્યોગિક કાયદા હેઠળ સ્થાનિક બેરોજગારને રોજગારી આપવામાં આવતી નથી, તે હકીકત સાચી છે કે કેમ, | (૧) ના. |
| (૨) જો હા, તો કયા ઉદ્યોગોએ શાં કારણે સ્થાનિક બેરોજગારોને રોજગારી આપી નથી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ઉક્ત સ્થિતિએ કેટલા બેરોજગારો નોંધાયેલ છે, અને તેમને રોજગારી ક્યારે આપવામાં આવશે? | (૩) ૫૭૫૭ બેરોજગારો નોંધાયેલ છે.<br>રોજગાર કચેરીમાં નોંધાયેલ બેરોજગારોને ઈન્ટરવ્યુ કે રોજગારીની તકો અપાવવા નોકરીદાતાઓની માંગણી મુજબ ભલામણ કરવામાં આવે છે. ઉપરાંત ઔદ્યોગિક ભરતીમેળાઓ અને લશ્કરી ભરતીમેળાઓનું આયોજન કરવામાં આવે છે. સ્વરોજગાર શિબિરો, શાળા કોલેજોમાં કેરીયર કોર્નરના વર્ગો દ્વારા માર્ગદર્શન આપવામાં આવે છે.<br>રોજગારી મેળવવા માટેનો સમય દરેક ઉમેદવાર માટે સરખો નથી. પરંતુ દરેક ઉમેદવારની શૈક્ષણિક લાયકાત– |

અનુભવ– વયમર્યાદા મુજબ તેમાં વધ–ઘટને અવકાશ રહેલ છે.

---------

**ભાવનગર જિલ્લામાં કન્યાઓને સાયકલ સહાય**

* ૧૩૬૬૩ **શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી(ભાવનગર પશ્ચિમ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫માં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ વિકસતી જાતિની કન્યાઓની સાયકલો મેળવવા માટે કેટલી અરજીઓ મળી, | (૧) ૭૦૮૬. |
| (૨) તે પૈકી કેટલી કન્યાઓને સાયકલ મંજૂર કરી, અને | (૨) ૭૦૪૨. |
| (૩) કેટલી કન્યાઓને સાયકલો વિતરણ કરી? | (૩) ૭૦૪૨. |

---------

**શામળાજી ચેકપોસ્ટ પર કરચોરી**

* ૧૩૬૮૬ **શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર(મોડાસા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ શામળાજી ચેકપોસ્ટ ઉપરથી વ્યાપક કર ચોરીઓ થાય છે, તે હકિકતથી સરકાર વાકેફ છે, અને | (૧) આ હકિકત ખરી નથી. |
| (૨) જો હા, તો છેલ્લા એક વર્ષમાં કેટલી કરચોરી પકડવામાં આવી અને તે નિવારવા સરકારે ઉક્ત સ્થિતિએ શાં પગલાં લીધા? | (૨) ચેકપોસ્ટ પર કરચોરી ન થાય તે માટે ચેકપોસ્ટ પર આવતા તમામ વાહનોના દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવે છે. અને વાહનોનો ટેક્ષ જો બાકી જણાય તો તેની વસુલાત કરવામાં આવે છે. જેના ભાગરૂપે શામળાજી ચેકપોસ્ટ ઉપર વર્ષ ૨૦૧૪માં રૂ.૨૫.૮૦ કરોડ કર અને રૂ. ૩૧.૫૫ કરોડ દંડની વસુલાત કરવામાં આવી છે. |

---------

**રાજકોટ જિલ્લામાં કન્યાઓને સાયકલ સહાય**

* ૧૩૬૬૧ **શ્રી જયરાજસિંહ ટે. જાડેજા(ગોંડલ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫માં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ વિકસતી જાતિની કન્યાઓની સાયકલો મેળવવા માટે કેટલી અરજીઓ મળી, | (૧) ૫૮૩૩. |
| (૨) તે પૈકી કેટલી કન્યાઓને સાયકલ મંજૂર કરી, અને | (૨) ૫૮૩૩. |
| (૩) કેટલી કન્યાઓને સાયકલો વિતરણ કરી? | (૩) ૫૭૯૫. |

---------

**મહેસાણા જિલ્લામાં પાતાળ કુવાનું સારકામ**

* ૧૪૯૧૬ **શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં તાલુકાવાર પીવાના પાણી માટે કેટલા પાતાળ કુવાનું સારકામ કરવામાં આવ્યું, અને

**જવાબ**

(૧) નીચેની વિગતે

| તાલુકો | શારેલ પાતાળકુવા |
|---|---|
| ઉંઝા | ૧૪ |
| કડી | ૧૨ |
| બેચરાજી | ૧૩ |
| મહેસાણા | ૩૦ |

| | |
|---|---|
| વડનગર | ૧૨ |
| વિજાપુર | ૨૨ |
| વિસનગર | ૨૩ |
| ખેરાલુ | ૦૪ |
| સતલાસણા | ૦૨ |
| કુલ | ૧૩૨ |

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા પાતાળ કુવાનું સારકામ બાકી છે અને તે કામગીરી કેટલા સમયમાં પૂર્ણ થશે?

(૨) નીચેની વિગતે

| **તાલુકો** | **શારકામ બાકી** |
|---|---|
| ઉંઝા | ૦૧ |
| વડનગર | ૦૧ |
| વિજાપુર | ૦૧ |
| વિસનગર | ૦૩ |
| ખેરાલુ | ૦૧ |
| **કુલ** | **૦૭** |

બાકી ૦૭ કામો પૈકી ૨ ગામોએ માર્ચ–૨૦૧૫ અંતિત પૂર્ણ કરવાનું આયોજન છે. જ્યારે ૫ ગામોએ લોકફાળો ભર્યેથી બે માસમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**આણંદ અને ખેડા જિલ્લામાં બેરોજગારોને રોજગારી**

* ૧૪૪૨૭ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લામાં કેટલા શિક્ષિત બેરોજગારો નોંધાયેલા છે,

(૧)

| **ક્રમ** | **જિલ્લાનું નામ** | **નોંધાયેલા શિક્ષિત બેરોજગારો** |
|---|---|---|
| ૧ | આણંદ | ૩૦૨૨૫ |
| ૨ | ખેડા | ૨૬૭૮૯ |
| | **કુલ** | **૫૭૦૧૪** |

(૨) તે અન્વયે છેલ્લા બે વર્ષમાં કેટલાને સરકારી અને કેટલાને ખાનગી ક્ષેત્રમાં નોકરીઓ આપવામાં આવી, અને

(૨)

| **ક્રમ** | **જિલ્લાનું નામ** | **છેલ્લા બે વર્ષમાં નોકરી અપાયેલ શિક્ષિત બેરોજગારોની સંખ્યા** | |
|---|---|---|---|
| | | સરકારી | ખાનગી |
| ૧ | આણંદ | ૨૩૯ | ૧૭૯૭૮ |
| ૨ | ખેડા | ૨૨૧ | ૭૭૮૭ |
| | **કુલ** | **૪૬૦** | **૨૫૭૬૫** |

(૩) કેટલાને કાયમી અને કેટલાને હંગામી નોકરીઓ અપાઈ?

(૩)

| **ક્રમ** | **જિલ્લાનું નામ** | **છેલ્લા બે વર્ષમાં નોકરી અપાયેલ શિક્ષિત બેરોજગારોની સંખ્યા** | |
|---|---|---|---|
| | | કાયમી | હંગામી |
| ૧ | આણંદ | ૧૯૬ | ૧૮૦૨૧ |
| ૨ | ખેડા | ૨૨૦ | ૭૭૮૮ |
| | **કુલ** | **૪૧૬** | **૨૫૮૦૯** |

---------

**જામનગર જિલ્લા ખાતે ફેમીલી કોર્ટની શરૂઆત બાબત**

* ૧૩૪૫૭ **શ્રી મેઘજીભાઇ અ. ચાવડા(કાલાવડ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લા ખાતે નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ માં રાજ્ય સરકાર દ્વારા ફેમીલી કોર્ટ શરૂ કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા. જી. |
| (૨) જો હા, તો કયારથી શરૂ કરવામાં આવેલ છે? | (૨) તા. ૦૧–૦૯–૨૦૧૪થી. |

---------

**વિદ્યાર્થીઓને ઈનામની યોજના**

* ૧૩૮૫૧ **શ્રી નરોત્તમભાઇ પટેલ(ઉધના) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ જિલ્લા કક્ષાએ ધોરણ–૧૦ અને ધોરણ–૧૨માં એકથી ત્રણ ક્રમે આવતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે કોઈ ઈનામની યોજના અમલમાં મૂકવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજનાની વિગતો શી છે? | (૨) ધોરણ–૧૦ અને ૧૨માં વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહમાં તમામ જિલ્લાઓમાં જિલ્લા કક્ષાએ એકથી ત્રણ ક્રમે આવનારને નીચે મુજબ પ્રોત્સાહક ઈનામ આપવામાં આવે છે.<br>પ્રથમ ક્રમને રૂા. ૬૦૦૦/–<br>દ્વિતીય ક્રમને રૂા. ૫૦૦૦/–<br>તૃતીય ક્રમને રૂા. ૪૦૦૦/–. |

---------

**રોજગાર વિનીમય કચેરી દ્વારા ઔદ્યોગીક ભરતી મેળાનું આયોજન**

* ૧૩૫૪૭ **શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં રોજગાર વિનીમય કચેરી દ્વારા કેટલા ઔદ્યોગિક ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યુ, અને | (૧) ૧૨૬. |
| (૨) આ ભરતી મેળામાં તાલુકાવાર કેટલા ઉમેદવારોને રોજગારી આપવામાં આવી? | (૨) નીચે મુજબ |

| (૨) | **ક્રમ** | **તાલુકાનું નામ** | **આપવામાં આવેલ રોજગારી** |
|---|---|---|---|
| | ૧ | વલસાડ | ૩૭૦૦ |
| | ૨ | પારડી | ૧૦૧૩૫ |
| | ૩ | ઉંમરગામ | ૪૧૪૯ |
| | ૪ | ધરમપુર | ૭૨૦ |
| | ૫ | કપરાડા | ૨૯૪ |
| | | **કુલ** | **૧૮૯૯૮** |

---------

**મહેમદાવાદ તાલુકામાં કાર્યરત પાણી પુરવઠાની યોજનાઓ**

* ૧૪૨૫૧ **શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ખેડા જિલ્લાના મહેમદાવાદ તાલુકામાં કઈ પાણી પુરવઠાની યોજના કાર્યરત છે, | (૧) ૨ જુથ પાણી પુરવઠા યોજના (મહેમદાવાદ જુથ પાણી પુરવઠા યોજના ભાગ–૧ તથા ભાગ–૨) |
| (૨) આ યોજના દ્વારા કેટલા અને કયા ગામો તેમજ પેટાપરામાં પીવાનું પાણી પહોંચતું કરવાનું આયોજન છે, | (૨) પરિશિષ્ટ મુજબ ૬૮ ગામ/પરા |
| (૩) ઉક્ત સ્થિતિએ જિલ્લાના સુંઢા અને વણસોલ ગામોમાં આ યોજના દ્વારા પાણી પહોંચાડવા માટેનું આયોજન છે કે કેમ, અને | (૩) હા, જી. |
| (૪) આ યોજનાઓમાં રી–સર્વે કરી પાઈપો બદલવાનું તેમજ જે તે વિસ્તારની વસ્તી મુજબ નવીન બોર, પાઈપ–લાઈન તેમજ ટાંકીઓ બનાવવાનું આયોજન છે કે કેમ? | (૪) ના, જી. |

**પરિશિષ્ટ**

| અનુ. | ગામ/પરા | અનુ. | ગામ/પરા | અનુ. | ગામ/પરા |
|---|---|---|---|---|---|
| **મહેમદાવાદ જુથ પા.પુ. યોજના ભાગ–૧ જુથ યોજનાના ગામ/પરા** | | ૨૧ | માંકવા | ૪૫ | રાણાજીપુરા |
| | | ૨૨ | વાંઠવાડી | ૪૬ | ભુમસ |
| | | ૨૩ | વણસોલ સુંઢા | ૪૭ | કેસરાં |
| ૧ | જરાવત | ૨૪ | સુંઢા | ૪૮ | શત્રુડાં |
| ૨ | વધાવત | ૨૫ | નવાગામ | ૪૯ | અરેરી |
| ૩ | પથાવત | ૨૬ | ગંગાબાઈની મુવાડી | ૫૦ | રીછોલ |
| ૪ | વિઠાવત ફળિયું | ૨૭ | રઈજીપુરા | ૫૧ | અકલાચા |
| ૫ | ગોકળપુરા | ૨૮ | જીભાઈપુરા | ૫૨ | સીંહુંજ |
| ૬ | ઉમેદપુરા | ૨૯ | વનની મુવાડી | ૫૩ | વમાલી |
| ૭ | જામ્બાવાળો કુવો | ૩૦ | મુજરાઈપુરા | ૫૪ | વરસોલા |
| ૮ | રાયડાનો ટેકરો | ૩૧ | મલઈપુરા | ૫૫ | નવચેતન |
| ૯ | મહુડીયાપુરા | ૩૨ | લક્ષ્મીપુરા | ૫૬ | પઠાણપુરા |
| ૧૦ | દલપાજીના મુવાડા | ૩૩ | કડવાસર | ૫૭ | ઈન્દિરાનગર |
| ૧૧ | બેચરપુરા | ૩૪ | દશરથપુરા | ૫૮ | વિજયપુરા |
| ૧૨ | અબાડીયાની મુવાડી | ૩૫ | ભૈડલ | ૫૯ | રામદેવપુરા |
| ૧૩ | સમડાવાળી મુવાડી | ૩૬ | તુલસીવન | ૬૦ | નગરપુરા |
| ૧૪ | કાલેશર | ૩૭ | બિલિયાની મુવાડી | ૬૧ | ગોકળપુરા |
| ૧૫ | ઉમાજીની મુવાડી | ૩૮ | નવામુવાડા | ૬૨ | નાની મુવાડી |
| ૧૬ | ભીમનાથપુરા | ૩૯ | મોટી મુવાડી | ૬૩ | જલભાઈની મુવાડી |
| ૧૭ | ગોકળપુરા | ૪૦ | વડવાળી મુવાડી | ૬૪ | લલ્લુપુરા |
| મહેમદાવાદ જુથ પા.પુ. યોજના ભાગ–૨ જુથ યોજનાના ગામ/પરા | | ૪૧ | રામનગર | ૬૫ | બગલજીની મુવાડી |
| ૧૮ | સરસવણી | ૪૨ | કૈલાસપુરા | ૬૬ | દોલપુરા |
| ૧૯ | રૂદણ | ૪૩ | જોષીપુરા | ૬૭ | વીરણચા |
| ૨૦ | કરોલી | ૪૪ | સોનીપુરા | ૬૮ | મેલાના |

---------

**ભુજ ખાતે કોર્ટ બિલ્ડીંગનું નવિનીકરણ**

અતારાંકિત પ્રશ્નો

* ૧૩૪૬૮ **ડૉ. નીમાબેન આચાર્ય (ભુજ) : માનનીય કાયદા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લાના ભુજ ખાતે હયાત કોર્ટ બિલ્ડીંગમાં નવિનીકરણના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫માં મંજૂરી આપવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી ક્યારે આપવામાં આવી છે, અને | (૨) તા.૨૬–૧૧–૨૦૧૪ના રોજ રૂ.૩,૯૨,૧૮,૯૦૦/–ની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે? | (૩) વહીવટી પ્રક્રીયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ. |

---------

**વડોદરા જિલ્લામાં રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ**

* ૧૩૬૪૭ **શ્રી કેતનભાઇ મ. ઇનામદાર(સાવલી) : માનનીય સામાજિક ન્યાય અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લામાં કેટલી અરજીઓ મળી, | (૧) ૪૪૬. |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરી, અને | (૨) ૨૫૨. |
| (૩) તે પૈકી કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે? | (૩) ૩૨. |

---------

**માનવ ગરીમા યોજના અંતર્ગત સુરત જિલ્લામાં કીટસની વહેંચણી**

* ૧૩૬૩૦ **શ્રી પ્રફુલભાઇ છ. પાનશેરીયા (કામરેજ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| સુરત જિલ્લામાં વિકસતી જાતિના લોકોમાં નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫માં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ માનવ ગરીમા યોજના અંતર્ગત કેટલા લાભાર્થીઓને કિટસની વહેંચણી કરવામાં આવી? | ૩૪૪. |

---------

**ખેડા જિલ્લામાં બેરોજગારોને રોજગારી**

* ૧૪૭૨૫ **શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર(મહુધા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ ખેડા જિલ્લા રોજગાર વિનિમય કચેરીનો વાર્ષિક વહીવટી ખર્ચ કેટલો છે, | (૧) રૂ. ૩૫,૦૦,૩૨૬/–. |
| (૨) તે અન્વયે છેલ્લા એક વર્ષમાં કેટલા બેરોજગારોને રોજગારી અપાઈ છે, અને | (૨) ૫૫૯૮. |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલા બેરોજગારો નોંધાયેલા છે? | (૩) ૨૭૮૧૮. |

---------

**બરવાળા ખાતે નવીન કોર્ટ બિલ્ડીંગનું બાંધકામ**

* ૧૩૪૬૭ **શ્રી લાલજીભાઇ ચ. કોળીપટેલ(ધંધુકા) : માનનીય કાયદા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લાના બરવાળા ખાતે નવીન કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ મંજૂરી આપવામાં આવેલ | (૧) હા, જી. |

છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને

(૨) તા.૧૨-૧૨-૨૦૧૪ના રોજ રૂ.૭,૭૧,૨૩,૦૦૦/-ની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે.

(૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે?

(૩) વહીવટી પ્રક્રીયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ.

---------

## કચ્છ જિલ્લામાં સ્થળોને યાત્રાધામ તરીકે જાહેર કરવા બાબત

* ૧૪૧૧૫ **શ્રી શકિતસિંહજી હ. ગોહિલ (અબડાસા) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૧૪ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં કુલ કેટલા સ્થળો યાત્રાધામ તરીકે જાહેર કરવામાં આવેલ છે, અને | (૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં એક પણ સ્થળને યાત્રાધામ તરીકે જાહેર કરવામાં આવેલ નથી. |
| (૨) આ ધામોના વિકાસ માટે સને ૨૦૧૩-૧૪માં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------

## નિરાધાર વૃધ્ધ સહાય યોજના અન્વયે ગાંધીનગર જિલ્લામાં મળેલ અરજીઓ

*૧૩૬૫૨ **શ્રી શંભુજી ચે. ઠાકોર(ગાંધીનગર-દક્ષિણ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નિરાધાર વૃધ્ધ સહાય યોજના અન્વયે તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૨૩૩. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) ૧૮૫. |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે ? | (૩) ૪૮. |

---------

## ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં સ્થાનિક રોજગારી

* ૧૪૬૩૧ **શ્રી અમિત ચૌધરી (માણસા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં છેલ્લા એક વર્ષ દરમ્યાન તાલુકાવાર નાનાં/મધ્યમ કે મોટા ઉદ્યોગ એકમોમાં કેટલા સ્થાનિક વ્યકિતઓને રોજગારી પૂરી પાડવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) ગાંધીનગર જિલ્લો

| ક્રમ | તાલુકાનું નામ | રોજગાર કચેરીના દફતરે નોંધાયેલ એકમો પૈકી મળેલ માહિતી મુજબ તા.૧-૧-૨૦૧૪થી તા.૩૧-૧૨-૧૪ દરમ્યાન રોજગારી પૂરી પાડેલ સ્થાનિકોની સંખ્યા |
|---|---|---|
| ૧ | માણસા | ૩૦૯ |
| ૨ | દહેગામ | ૮૬૧ |
| ૩ | ગાંધીનગર | ૭૧૭૮ |
| ૪ | કલોલ | ૩૦૨૪૯ |
| | **કુલ** | **૩૮૫૯૭** |

(૨) મહેસાણા જિલ્લો

| | | |
|---|---|---|
| ૧ | મહેસાણા | ૧૩૫૫૭ |
| ૨ | વિસનગર | ૧૫૯૨ |
| ૩ | ઉંઝા | ૩૦ |
| ૪ | વડનગર | ૧૬૩ |

| | | |
|---|---|---|
| ૫ | વિજાપુર | ૮૮૪ |
| ૬ | બેચરાજી | ૦૦ |
| ૭ | ખેરાલુ | ૬૬ |
| ૮ | કડી | ૧૬૫૫૭ |
| ૯ | સતલાસણા | ૦૦ |
| ૧૦ | જોટાણા | ૦૦ |
| | **કુલ** | **૩૨૮૪૯** |

---------

**ડાંગ જિલ્લામાં સ્વજલ ધારા યોજના હેઠળના ગામો**

* ૧૪૬૬૪ **શ્રી મંગળભાઇ ગં. ગાવિત(ડાંગ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોને સ્વજલ ધારા યોજના દ્વારા આવરી લેવાયા છે,

(૨) તે અન્વયે સ્વજલ ધારા યોજનાના કેટલા કામો ઉક્ત સ્થિતિએ પૂર્ણ થયેલ છે, કેટલા બાકી છે અને કેટલા કામો પ્રગતિમાં છે, અને

(૩) સને ૨૦૧૪–૧૫નાં વર્ષમાં ઉક્ત સ્થિતિએ કેટલી યોજનાઓ પૂર્ણ થઇ ?

**જવાબ**

(૧), (૨) અને (૩) : તાલુકાવાર નીચેની વિગતે

| **તાલુકો** | **મંજૂર યોજના** | **પૂર્ણ યોજના** | **પ્રગતિ હેઠળની યોજના** | **બાકી** | **વર્ષ ૨૦૧૪–૧૫ માં પૂર્ણ થયેલ યોજના** |
|---|---|---|---|---|---|
| આહવા | ૧૦૩ | ૭૨ | ૩૧ | ૦ | ૧૨ |
| વઘઈ | ૯૬ | ૬૯ | ૨૭ | ૦ | ૬ |
| સુબિર | ૧૦૮ | ૭૭ | ૩૧ | ૦ | ૧૬ |
| **કુલ** | **૩૦૭** | **૨૧૮** | **૮૯** | **૦** | **૩૪** |

---------

**વિસનગર ખાતે ન્યાયિક અધિકારીઓના આવાસોનું બાંધકામ**

* ૧૩૪૬૬ **શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લાના વિસનગર ખાતે ન્યાયિક અધિકારીઓના રહેણાંકના ક્વાટર્સના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ મંજૂરી આપવામાં આવેલ છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને

(૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રૂ.૨,૩૫,૯૪,૦૦૦/–

(૩) વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ.

---------

**ખેડા જિલ્લામાં સાત ફેરા સમૂહલગ્ન યોજના હેઠળ સહાય**

* ૧૩૮૫૪ **શ્રી ભૂષણ ભટ્ટ(જમાલપુર–ખાડિયા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અનુસૂચિત જાતિના લોકોને સાત ફેરા સમૂહલગ્ન યોજના હેઠળ લાભ મેળવવા કેટલી અરજીઓ મળી,

(૨) મળેલ અરજીઓ પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને

**જવાબ**

(૧) **યુગલ** ૧૧ **સંસ્થા** ૦૧

(૨) **યુગલ** ૧૧ **સંસ્થા** ૦૧

(૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ?

(૩)

| **કેટેગરી** | **ચૂકવેલ સહાય રૂા.** |
|---|---|
| યુગલ | ૧,૧૦,૦૦૦/- |
| સંસ્થા | ૨૨,૦૦૦/- |
| કુલ | ૧,૩૨,૦૦૦/- |

----------

## મહેસાણા જિલ્લામાં બેરોજગારોને રોજગારી

* ૧૪૭૪૯ **શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો નોંધાયેલ છે,

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ નોંધાયેલ બેરોજગારો.

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **શિક્ષિત** | **અર્ધશિક્ષિત** | **કુલ** |
|---|---|---|---|---|
| ૧ | મહેસાણા | ૭૪૩૫ | ૬૪૯ | ૮૦૮૪ |
| ૨ | વિસનગર | ૫૮૦૬ | ૪૦૩ | ૬૨૦૯ |
| ૩ | ઉંઝા | ૪૨૫૪ | ૧૫૮ | ૪૪૧૨ |
| ૪ | વડનગર | ૨૯૯૨ | ૬૩ | ૩૦૫૫ |
| ૫ | વિજાપુર | ૫૬૯૭ | ૨૦૧ | ૫૮૯૮ |
| ૬ | બેચરાજી | ૧૭૩૭ | ૯૧ | ૧૮૨૮ |
| ૭ | ખેરાલુ | ૧૯૪૮ | ૯૮ | ૨૦૪૬ |
| ૮ | કડી | ૪૨૬૩ | ૮૩ | ૪૩૪૬ |
| ૯ | સતલાસણા | ૧૪૯૫ | ૭૧ | ૧૫૬૬ |
| ૧૦ | જોટાણા | ૨૩૪૦ | ૭૩ | ૨૪૧૩ |
| | **કુલ** | **૩૭૯૬૭** | **૧૮૯૦** | **૩૯૮૫૭** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા બેરોજગારોનો વધારો થયો, અને

(૨) છેલ્લા બે વર્ષમાં વધારો થયેલ બેરોજગારોની સંખ્યા.

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **શિક્ષિત** | **અર્ધશિક્ષિત** | **કુલ** |
|---|---|---|---|---|
| ૧ | મહેસાણા | ૫૧૦૮ | ૫૨૩ | ૫૬૩૧ |
| ૨ | વિસનગર | ૩૯૩૧ | ૧૮૨ | ૪૧૧૩ |
| ૩ | ઉંઝા | ૨૬૫૦ | ૯૭ | ૨૭૪૭ |
| ૪ | વડનગર | ૧૮૨૮ | ૫૯ | ૧૮૮૭ |
| ૫ | વિજાપુર | ૪૧૦૮ | ૧૫૬ | ૪૨૬૪ |
| ૬ | બેચરાજી | ૧૦૨૮ | ૨૪ | ૧૦૫૨ |
| ૭ | ખેરાલુ | ૧૦૬૯ | ૫૩ | ૧૧૨૨ |
| ૮ | કડી | ૨૬૫૪ | ૭૧ | ૨૭૨૫ |
| ૯ | સતલાસણા | ૧૦૫૦ | ૩૩ | ૧૦૮૩ |
| ૧૦ | જોટાણા | ૧૨૫૨ | ૩૬ | ૧૨૮૮ |
| | **કુલ** | **૨૪૬૭૮** | **૧૨૩૪** | **૨૫૯૧૨** |

(૩) ઉક્ત સ્થિતિએ નોંધાયેલા બેરોજગારો પૈકી છેલ્લા બે વર્ષમાં કેટલા યુવાનોને રોજગારી પૂરી પાડવામાં આવી ?

(૩) છેલ્લા બે વર્ષમાં રોજગારી અપાયેલ યુવાનોની સંખ્યા.

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **શિક્ષિત** | **અર્ધશિક્ષિત** | **કુલ** |
|---|---|---|---|---|
| ૧ | મહેસાણા | ૩૧૭૦ | ૬૭૬ | ૩૮૪૬ |
| ૨ | વિસનગર | ૧૨૩૯ | ૨૪૯ | ૧૪૮૮ |
| ૩ | ઉંઝા | ૫૨૬ | ૯૧ | ૬૧૭ |
| ૪ | વડનગર | ૫૯૬ | ૩૪૦ | ૯૩૬ |
| ૫ | વિજાપુર | ૬૪૩ | ૭૨ | ૭૧૫ |
| ૬ | બેચરાજી | ૨૮૩ | ૮૦ | ૩૬૩ |
| ૭ | ખેરાલુ | ૪૧૬ | ૬૬ | ૪૮૨ |
| ૮ | કડી | ૩૨૪૦ | ૧૬૪૩ | ૪૮૮૩ |
| ૯ | સતલાસણા | ૨૪૩ | ૨૫ | ૨૬૮ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦ | જોટાણા | ૨૫૯ | ૮૬ | ૩૪૫ |
| | **કુલ** | **૧૦૬૧૫** | **૩૩૨૮** | **૧૩૯૪૩** |

---------

**સમાજ સુરક્ષા ખાતા પાસે બાળકો દત્તક લેવાની પડતર અરજીઓ**

* ૧૩૬૦૬ **ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ સમાજ સુરક્ષા ખાતા પાસે બાળકો દત્તક લેવા માંગતા હોય તેવા અમદાવાદ અને જામનગર જિલ્લા કચેરીઓ પાસે દંપતીઓની કેટલી અરજીઓ કેટલા સમયથી પડતર છે,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બાળકો દત્તક આપવાના હુકમો કર્યા પછી પણ બાળકો દત્તક ન અપાયા હોય તેવી સંસ્થાઓ કઇ છે, અને

(૩) આ બાળકની સોંપણી નહીં કરનાર સંસ્થાઓ સામે રાજ્ય સરકારે કાયદાકીય શા પગલાં લીધા ?

**જવાબ**

(૧)

**પડતર અરજીઓની વિગત**

| **પડતર સમયગાળો** | **અમદાવાદ જિલ્લો** | **જામનગર જિલ્લો** | **કુલ** |
|---|---|---|---|
| ૬ માસ સુધીની | ૭૩ | ૧ | ૭૪ |
| ૬ માસથી એક વર્ષ સુધીની | ૪૬ | ૨ | ૪૮ |
| એક વર્ષ કરતાં વધુ | ૫૫ | ૫ | ૬૦ |
| **કુલ** | **૧૭૪** | **૮** | **૧૮૨** |

(૨) એકપણ નહીં.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં બેરોજગારોને રોજગારી**

* ૧૪૨૭૩ **શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં જિલ્લાવાર કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો નોંધાયેલા છે,

(૨) તે પૈકી છેલ્લા બે વર્ષમાં કેટલા બેરોજગારોનો વધારો થયો, અને

(૩) નોંધાયેલા બેરોજગારો પૈકી છેલ્લાં બે વર્ષમાં કેટલા યુવાનોને રોજગારી પુરી પાડવામાં આવી ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ નોંધાયેલ બેરોજગારો.

| **ક્રમ** | **જિલ્લાનું નામ** | **શિક્ષિત** | **અર્ધશિક્ષિત** | **કુલ** |
|---|---|---|---|---|
| ૧ | પંચમહાલ | ૧૨૭૨૫ | ૭૯૧ | ૧૩૫૧૬ |
| ૨ | મહીસાગર | ૧૧૭૩૭ | ૪૮૪ | ૧૨૨૨૧ |

(૨) તે પૈકી છેલ્લા બે વર્ષમાં વધારો થયેલ બેરોજગારોની સંખ્યા.

| **ક્રમ** | **જિલ્લાનું નામ** | **શિક્ષિત** | **અર્ધશિક્ષિત** | **કુલ** |
|---|---|---|---|---|
| ૧ | પંચમહાલ | ૭૨૪૫ | ૧૪૩ | ૭૩૮૮ |
| ૨ | મહીસાગર | ૫૩૭૬ | ૮૮ | ૫૪૬૪ |

(૩) નોંધાયેલ બેરોજગારો પૈકી છેલ્લા બે વર્ષમાં યુવાનોને પૂરી પાડવામાં આવેલ રોજગારી.

| **ક્રમ** | **જિલ્લાનું નામ** | **શિક્ષિત** | **અર્ધશિક્ષિત** | **કુલ** |
|---|---|---|---|---|
| ૧ | પંચમહાલ | ૧૧૦૨૩ | ૭૦૭૬ | ૧૮૦૯૯ |
| ૨ | મહીસાગર | ૪૧૮૫ | ૨૫૫૫ | ૬૭૪૦ |

---------

**અમરેલી જિલ્લામાં સાત ફેરા સમૂહલગ્ન યોજના હેઠળ સહાય**

* ૧૩૬૫૮ **શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં સાત ફેરા સમૂહલગ્ન યોજના હેઠળ વિકસતી જાતિના અરજદારોને લાભ આપવા માટે કેટલી સંસ્થાઓની અરજીઓ મળી, | (૧) ૭ સંસ્થાઓ. |
| (૨) તે પૈકી કેટલી સંસ્થાઓની કેટલા યુગલોની અરજીઓ મંજુર કરી, અને | (૨) ૭ સંસ્થાઓ.<br>૧૬૫ યુગલ. |
| (૩) કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) સંસ્થા રૂ.૨.૫૦ લાખ.<br>યુગલ રૂ.૧૬.૫૦ લાખ.<br>**કુલ રૂ.૧૯.૦૦ લાખ.** |

---------

**સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજનાની રકમમાં વધારો**

* ૧૩૮૬૮ **શ્રી કિશોરભાઇ શિ. કાનાણી(વરાછા રોડ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજનામાં સહાયની રકમમાં કોઇ વધારો કરવામાં આવેલ છે તે વાત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમનો વધારો કરવામાં આવ્યો, અને | (૨) રૂ.૨૫૦૦/– |
| (૩) ક્યારથી વધારો કરવામાં આવ્યો છે ? | (૩) તા.૮–૮–૨૦૧૪ થી. |

---------

**વડોદરા જિલ્લામાં પાલક માતા–પિતા યોજના હેઠળ સહાય**

* ૧૩૬૪૧ **શ્રી દિનેશભાઇ બા. પટેલ(પાદરા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં પાલક માતા–પિતા યોજના હેઠળ તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળી, | (૧) ૨૦. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, તે પૈકી કેટલી અરજીઓ નામંજૂર કરી, અને | (૨) મંજૂર–૧૭<br>નામંજૂર–૩. |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૭૫,૦૦૦. |

---------

**કચ્છ જિલ્લામાં વિદ્યાર્થીઓને ગણવેશ સહાય**

* ૧૩૬૩૬ **શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી(ગાંધીધામ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ વિકસતી જાતિના વિદ્યાર્થીઓની ગણવેશ સહાય મેળવવા કુલ કેટલી અરજીઓ મળી, અને | (૧) ૧,૭૫,૧૬૯. |
| (૨) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને કુલ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ? | (૨) ૧,૭૫,૧૬૯ વિદ્યાર્થીઓને કુલ રૂ.૫,૨૫,૫૦,૭૦૦/– રકમની સહાય ચૂકવવામાં આવી. |

---------

**છોટાઉદેપુર જિલ્લામાં અલગ સબડિવીઝનની દરખાસ્ત**

* ૧૩૮૦૮ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૧૦૪ ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં પાણી પુરવઠાના યાંત્રિક વિભાગના સબ ડીવીઝન અલગ બનાવવા માટે ક્યા સ્થળની રાજ્ય સરકારમાં દરખાસ્ત ક્યારે મળી, | (૧) હા, છોટાઉદેપુર તાલુકા માટે. |
| (૨) આ અલગ સબ ડીવીઝન બનાવવાની દરખાસ્ત ક્યા તબક્કામાં છે, અને | (૨) અને (૩) વિચારણા હેઠળ છે. |
| (૩) તેની મંજુરી ક્યારે આપવાનું આયોજન છે ? | |

---------

**અમદાવાદ જિલ્લામાં સાત ફેરા સમૂહલગ્ન યોજના હેઠળ સહાય**

* ૧૩૬૩૪ **શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫માં તા.૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં સાત ફેરા સમૂહલગ્ન યોજના હેઠળ વિકસતી જાતિના અરજદારોને લાભ આપવા માટે કેટલી સંસ્થાઓની અરજીઓ મળી, | (૧) ૩ સંસ્થાઓ. |
| (૨) તે પૈકી કેટલી સંસ્થાઓની, કેટલા યુગલોની અરજીઓ મંજૂર કરી, અને | (૨) સંસ્થા–૩<br>યુગલ–૪૯. |
| (૩) કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) સંસ્થા– રૂ. ૦.૯૮ લાખ<br>યુગલ– રૂ. ૪.૯૦ લાખ<br>**કુલ રૂ. ૫.૮૮ લાખ.** |

---------

**ખેડા અને મહીસાગર જિલ્લામાં આંતરજ્ઞાતિય લગ્ન સહાય**

* ૧૪૩૨૦ **શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા અને મહીસાગર જિલ્લામાં તાલુકાવાર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ તાલુકાવાર લાભ મેળવવા માટે કેટલી અરજીઓ આવી, | (૧) સામેલ *પત્રક–૧, ૨, ૩ અને ૪ મુજબ. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી તથા કેટલી અરજીઓ પડતર છે, અને | (૨) સામેલ *પત્રક–૧, ૨, ૩ અને ૪ મુજબ. |
| (૩) પડતર અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ? | (૩) કોઈ અરજી પડતર નથી જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયના કર્મચારીઓના વેતનમાં વધારો**

* ૧૩૮૪૮ **શ્રીમતી મનીષા રા. વકીલ(વડોદરા શહેર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ અનુસૂચિત જાતિની ગ્રાન્ટ–ઇન–એઇડ છાત્રાલયના કર્મચારીઓના વેતનમાં વધારો કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વેતનમાં ક્યારે વધારો કરવામાં આવ્યો, અને | (૨) તા. ૩–૩–૨૦૧૪ થી વધારો કરવામાં આવેલ છે. |
| (૩) માસિક કેટલું વેતન ચૂકવવાનું સરકારે નક્કી કરેલ છે ? | (૩) |

| અ.નં. | | કર્મચારીઓની વિગત | જુના વેતન દર | વધારેલા વેતન દર |
|---|---|---|---|---|
| ૧ | | ગૃહપતિ | | |
| | (૧) | નોન એસ.એસ.સી. ગૃહપતિ | ૨૩૦૦/– | ૪૫૦૦/– |
| | (૨) | એસ.એસ.સી. પાસ ગૃહપતિ | ૨૪૦૦/– | ૪૫૦૦/– |
| | (૩) | એસ.એસ.સી. અને પી.ટી.સી. અથવા એસ.એસ.સી. પાસ અને છાત્રાલયના ગૃહપતિ તરીકે પાંચ વર્ષનો અનુભવ | ૨૫૦૦/– | ૪૫૦૦/– |
| | (૪) | સ્નાતક ગૃહપતિ | ૨૬૦૦/– | ૫૫૦૦/– |
| | (૫) | સ્નાતક અને ગૃહપતિ તરીકેનો પાંચ વર્ષનો અનુભવ અથવા ટ્રેઈન્ડ સ્નાતક | ૨૭૦૦/– | ૫૫૦૦/– |
| ૨ | | મુખ્ય રસોયા | ૧૩૦૦/– | ૩૦૦૦/– |
| ૩ | | મદદનીશ રસોયા | ૧૨૦૦/– | ૨૫૦૦/– |
| ૪ | | ચોકીદાર | ૧૦૦૦/– | ૨૫૦૦/– |

---------

## સાબરકાંઠા જિલ્લામાં સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજના હેઠળ સહાય

* ૧૩૮૫૩ **શ્રી હસમુખભાઇ સો. પટેલ(અમરાઈવાડી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજના હેઠળ લાભ મેળવવા કેટલી અરજીઓ મળી, | (૧) ૪૭૬. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૪૭૪. |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ. ૧૬,૯૫,૦૦૦/–. |

---------

## અરવલ્લી જિલ્લામાં પીવાના પાણીની ઉપલબ્ધતા

* ૧૪૮૮૪ **શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(બાયડ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ અરવલ્લી | (૧) અને (૨) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ |

જિલ્લામાં તાલુકાવાર પીવાના પાણીના જથ્થાની અંદાજિત જરૂરિયાત કેટલી હતી,

(૨) તા.૩૧-૧-૨૦૧૫ ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર કેટલા જથ્થા પીવાના પાણીની ઉપલબ્ધતા છે, અને

અરવલ્લી જિલ્લામાં ઉપલબ્ધ પાણીના માળખા પ્રમાણે તાલુકાવાર નીચે મુજબ જથ્થાની અંદાજીત જરૂરીયાત હતી.

| અનુ. | તાલુકો | પાણીની અંદાજીત જરૂરીયાત એમ.એલ.ડી.માં (તા. ૩૧-૧૨-૧૪ની સ્થિતિએ) | પાણીનો ઉપલબ્ધ જથ્થો એમ.એલ.ડી.માં (તા. ૩૧-૧-૧૫ની સ્થિતિએ) |
|---|---|---|---|
| ૧ | મોડાસા | ૨૬.૨૮ | ૨૦.૮૨ |
| ૨ | ધનસુરા | ૧૧.૨૩ | ૭.૮૫ |
| ૩ | બાયડ | ૨૨.૪૮ | ૧૫.૩૩ |
| ૪ | માલપુર | ૧૦.૩૦ | ૬.૮૬ |
| ૫ | મેઘરજ | ૧૮.૦૭ | ૧૨.૧૦ |
| ૬ | ભિલોડા | ૨૫.૮૫ | ૧૭.૩૧ |
| | **કુલ** | **૧૧૪.૨૧** | **૮૦.૨૭** |

(૩) પીવાના પાણીની સમસ્યાને પહોંચી વળવા સરકારે ઉક્ત સ્થિતિએ શું આયોજન કર્યુ છે, અને તે માટે કેટલી રકમની તાલુકાવાર જોગવાઇ અંદાજવામાં આવી છે ?

(૩) જળ સલામતિના આયોજન તરીકે નર્મદા કેનાલ આધારીત નીચે મુજબ યોજનાઓ માટે તાલુકાવાર જોગવાઈ અંદાજવામાં આવેલ છે.

| અનુ. | તાલુકો | યોજનાનું નામ | અંદાજીત કિંમત (રૂ. લાખમાં) |
|---|---|---|---|
| ૧ | મોડાસા | એસ.કે.-૨ ભાગ-૨ | ૧૦૮૫૪.૦૧ |
| ૨ | ધનસુરા | એસ.કે.-૨ ભાગ-૧/૨ | ૭૪૭૫.૧૬ |
| ૩ | બાયડ | એસ.કે.-૨ ભાગ-૧ | ૧૪૧૩૨.૪૪ |
| ૪ | માલપુર | એસ.કે.-૨/૩ ભાગ-૧/૧ | ૭૬૩૦.૫૩ |
| ૫ | મેઘરજ | એસ.કે.-૩ ભાગ-૧/૨ અને એસ.કે.-૪ ભાગ-૨ | ૧૨૩૧૫.૩૨ |
| ૬ | ભિલોડા | એસ.કે.-૪ ભાગ-૧ અને ભાગ-૨ | ૬૮૫૩.૫૨ |

---------

**સાબરકાંઠા જિલ્લાની આઇ.ટી.આઇ. માં ઇન્સ્ટ્રક્ટરોની ખાલી જગ્યાઓ**

* ૧૪૫૭૭ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર આઇ.ટી.આઇ. માં ઇન્સ્ટ્રક્ટરની કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર આઇ.ટી.આઇ. માં ઇન્સ્ટ્રક્ટરોની ખાલી જગ્યાઓ *પત્રક-૧ મુજબ છે અને કેટલા સમયથી ખાલી છે તેની વિગતો *પત્રક-૨ મુજબ છે.

(૨) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૨) વહીવટી અનુકૂળતા ધ્યાને લઈ આ જગ્યાઓ બનતી ત્વરાએ ભરવામાં આવશે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**વડોદરા અને છોટાઉદેપુર જિલ્લાના દેવસ્થાનોનો વિકાસ**

* ૧૩૭૨૬ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય દેવસ્થાન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) વડોદરા અને છોટાઉદેપુર જિલ્લાના કેટલા દેવસ્થાનોને વિકસાવવા માટે તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રાન્ટ દેવસ્થાનવાર ફાળવવામાં આવી, | (૧) વડોદરા અને છોટાઉદેપુર જિલ્લાનાં દેવસ્થાનોને વિકસાવવા માટે તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં દેવસ્થાનવાર નીચે મુજબ ગ્રાન્ટ ફાળવવામાં આવી છે.<br>૧. નવનાથ મંદીર માટે રૂપિયા ૪/– કરોડ.<br>૨. ચાણોદ કરનાલી માટે રૂપિયા ૨૫/– કરોડ.<br>૩. ચવતેશ્વર મહાદેવ મંદીર માટે રૂપિયા ૨૦.૨૮/– લાખ.<br>૪. આનંદમંગલ હનુમાન મંદીર માટે રૂપિયા ૨૦/– લાખ.<br>૫. સુર્યનારાયણ મંદીર માટે રૂપીયા ૨૭,૭૬,૮૭૫/–.<br>૬. ઉમિયા માતા મંદીર પરિસરની કામગીરી માટે રૂપિયા ૨૬,૨૦,૮૪૨/–<br>– છોટા ઉદેપુર જિલ્લામાં કોઈ ગ્રાન્ટ ફાળવવામાં આવી નથી. |
| (૨) ફાળવેલ ગ્રાન્ટમાંથી ઉક્ત સ્થિતિએ દેવસ્થાનવાર કેટલી ગ્રાન્ટ વાપરવામાં આવી, અને | (૨) ફાળવેલ ગ્રાન્ટમાંથી ઉક્ત સ્થિતિએ<br>૧. ચાણોદ કરનાલી પ્રોજેક્ટ માટે રૂપિયા ૧૨,૮૬,૨૯૭/ –નો ખર્ચ કરવામાં આવેલ છે.<br>૨. ઉમિયા માતા મંદિર પરિસર, જિ. વડોદરાની કામગીરી માટે રૂપિયા ૧૧,૯૫,૪૩૬/નો ખર્ચ કરવામાં આવેલ છે. |
| (૩) જિલ્લામાં બાકી રહેલા દેવસ્થાનોને વિકસાવવા માટે કોઇ આયોજન છે કે કેમ ? | (૩) ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૮–૧૦–૨૦૧૦ ના ઠરાવ ક્રમાંકઃ–૫વચ–૧૦૨૦૧૦–૮૫૬–ચ અન્વયે ખાનગી ટ્રસ્ટ સંચાલીત દેવસ્થાનોને ઠરાવમાં દર્શાવેલ શરતોને આધિન રહીને નાણાકીય સહાય આપવાની યોજના અમલમાં છે. જે અન્વયે ખાનગી ટ્રસ્ટ તરફથી દરખાસ્ત મળ્યેથી નિયમોનુસાર કાર્યવાહી કરવાની રહેશે.<br>આ વિભાગના અન્ય તા.૦૨–૦૧–૨૦૧૫ના ઠરાવ ક્રમાંકઃ–ટીડીસી–૧૨–૨૦૧૪–૭૪૧૯૭૯–સ અન્વયે દરેક જીલ્લામાં ઐતિહાસિક, ધાર્મિક, પુરાતત્વની દ્રષ્ટીએ મહત્વ ધરાવતા તેમજ પ્રવાસીઓ અને યાત્રાળુઓ વધારે સંખ્યામાં આવતા હોય તેવા અતિ મહત્વના પ્રવાસન યાત્રાધામના સ્થળોના વિકાસ માટે દરેક જીલ્લાને દર વર્ષે વધુમાં વધુ ત્રણ (૩) સ્થળોના પ્રોજેક્ટ માટે મહત્તમ રૂ.૧૦/– કરોડ સુધીની ગ્રાન્ટ સબંધિત કલેકટરશ્રીને આપવાની જોગવાઈ કરી છે. આ અન્વયે કાર્યવાહી કલેકટરશ્રીએ કરવાની રહેશે. |

---------

**બનાસકાંઠા જિલ્લામાં મંજૂર કરેલ પીવાના પાણીના નવીન બોર**

* ૧૪૭૭૫ **શ્રી જોઇતાભાઇ ક. પટેલ(ધાનેરા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકા દીઠ પીવાના પાણીના કેટલા નવીન બોર મંજૂર કરવામાં આવ્યા, | (૧) નીચે મુજબ નવિન બોર મંજૂર કરવામાં આવ્યા. |

| તાલુકો | મંજૂર કરેલ |
| --- | --- |
| અમીરગઢ | ૦૧ |

| | |
|---|---|
| કાંકરેજ | ૧૦ |
| ડીસા | ૨૩ |
| થરાદ | ૦૪ |
| દિયોદર | ૦૭ |
| ધાનેરા | ૦૯ |
| પાલનપુર | ૨૯ |
| ભાભર | ૦૩ |
| લાખણી | ૦૩ |
| વડગામ | ૧૧ |
| **કુલ** | **૧૦૦** |

(૨) નવીન મંજૂર થયેલ બોરો પૈકી ક્યા તાલુકામાં કેટલા નવીન બોર બનાવવાના ઉક્ત સ્થિતિએ બાકી છે,

(૨) નીચે મુજબ નવીન બોર બનાવવાના બાકી

| તાલુકો | મંજૂર કરેલ |
|---|---|
| કાંકરેજ | ૦૧ |
| ડીસા | ૦૮ |
| થરાદ | ૦૨ |
| ધાનેરા | ૦૫ |
| પાલનપુર | ૦૯ |
| લાખણી | ૦૩ |
| વડગામ | ૦૩ |
| **કુલ** | **૩૧** |

(૩) બોર બનાવવાના બાકી રહેવાના શાં કારણો છે, અને

(૩) ૧૮ ગામોએ લોકફાળો ભરેલ નથી. તેમજ બાકીના ૧૩ ગામોમાં કામગીરી પ્રગતિમાં છે.

(૪) બાકી રહેલ બોર ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ?

(૪) હાલની સ્થિતિએ ૬ બોરની કામગીરી પુર્ણ કરેલ છે, ૭ બોરની કામગીરી પ્રગતિમાં છે. જ્યારે ૧૮ ગામો લોકફાળો ભરાયેથી બે માસમાં પુર્ણ કરવાનું આયોજન છે.

---------

**કુંવરબાઈનું મામેરૂ યોજના અંતર્ગત આણંદ જિલ્લામાં સહાય**

* ૧૩૭૦૨ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ કુંવરબાઈનું મામેરૂ યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલી અરજીઓ મળી,

(૨) તે અન્વયે કેટલી અરજીઓ મંજૂર કરી કેટલી સહાયની રકમ ચૂકવાઇ, અને

(૧) અને (૨)

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજી | મંજૂર અરજી | ચૂકવેલ સહાય (રૂ઼ા. લાખમાં) |
|---|---|---|---|---|
| ૧ | આણંદ | ૧૪૩ | ૧૩૦ | ૧૩.૦૦ |
| ૨ | ઉમરેઠ | ૬૩ | ૬૧ | ૬.૧૦ |
| ૩ | બોરસદ | ૧૭૫ | ૧૬૦ | ૧૬.૦૦ |
| ૪ | આંકલાવ | ૨૭ | ૨૫ | ૨.૫૦ |
| ૫ | પેટલાદ | ૧૭૪ | ૧૬૯ | ૧૬.૯૦ |
| ૬ | સોજીત્રા | ૪૭ | ૪૬ | ૪.૬૦ |
| ૭ | ખંભાત | ૩૬૧ | ૩૪૬ | ૩૪.૬૦ |
| ૮ | તારાપુર | ૧૮ | ૧૮ | ૧.૮૦ |
| | **કુલ** | **૧૦૦૮** | **૯૫૫** | **૯૫.૫૦** |

(૩) બાકી રહેતી અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## ભાવનગર જિલ્લામાં સરકારી છાત્રાલયોમાં સુવિધા

* ૧૩૮૬૪ **શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા(મહુવા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ભાવનગર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ અનુસૂચિત જાતિના કેટલા સરકારી છાત્રાલયો ચાલે છે, | (૧) ૫. |
| (૨) આ છાત્રાલયોની કુલ માન્ય સંખ્યા કેટલી છે, | (૨) ૪૮૫. |
| (૩) વર્ષ ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપેલ છે, અને | (૩) ૪૭૪. |
| (૪) છાત્રાલયમાં શી સુવિધાઓ આપવામાં આવે છે ? | (૪) સરકારી છાત્રાલયોમાં રહેવાની, જમવાની તથા રમતગમતના સાધનો, બુકબેંક, સામાયિકો વગેરે નિયમોનુસાર તમામ સુવિધાઓ વિના મુલ્યે પુરી પાડવામાં આવે છે. |

---------

## રાજકોટ જિલ્લામાં વિદ્યાર્થીઓને ગણવેશ સહાય

* ૧૩૬૫૫ **શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ–ગ્રામ્ય) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ વિકસતી જાતિના વિદ્યાર્થીઓની ગણવેશ સહાય મેળવવા કુલ કેટલી અરજીઓ મળી, અને | (૧) ૧,૪૦,૪૫૬. |
| (૨) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને કુલ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ? | (૨) ૧,૪૦,૪૫૬ વિદ્યાર્થીઓને કુલ રૂ.૪,૨૧,૩૬,૮૦૦/– રકમની સહાય ચૂકવવામાં આવી. |

---------

## જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં છાત્રાલયો

* ૧૪૪૭૭ **શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના કેટલાં શૈક્ષણિક સંકુલો, હોસ્ટેલો કાર્યરત છે, અને

(૧)

| **અનુ. નં.** | **જિલ્લો** | **આદર્શ નિવાસી શાળા** | **હોસ્ટેલ (સરકારી છાત્રાલય)** |
| --- | --- | --- | --- |
| ૧ | જામનગર | ૦૧ | ૦૩ |
| ૨ | દેવ–ભૂમિ દ્વારકા | ૦૧ | ૦૧ |

(૨) તેમાં કેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ/વસવાટ કરી રહ્યાં છે ?

(૨)

| **અનુ. નં.** | **જિલ્લો** | **વિદ્યાર્થીઓ** | |
| --- | --- | --- | --- |
| | | આદર્શ નિવાસી શાળા | હોસ્ટેલ (સરકારી છાત્રાલય) |

| | | | |
|---|---|---|---|
| ૧ | જામનગર | ૯૫ | ૧૭૧ |
| ૨ | દેવ–ભૂમિ દ્વારકા | ૧૨૦ | ૫૮ |

---------

**ઉમરગામ ખાતે ન્યાયિક સ્ટાફના આવાસોનું બાંધકામ**

* ૧૩૪૭૨ **શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લાના ઉમરગામ ખાતે ન્યાયિક સ્ટાફના રહેણાંકના ક્વાર્ટર્સના બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫માં તા.૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ મંજૂરી આપવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવી છે, અને | (૨) રૂ.૪,૯૦,૮૬,૯૦૦/– |
| (૩) બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૩) વહીવટી પ્રક્રિયા પૂર્ણ કરી બનતી ત્વરાએ. |

---------

**જામનગર જિલ્લા ખાતે સમરસ છાત્રાલયનું બાંધકામ**

* ૧૩૭૯૩ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** તા.૧૦–૭–૨૦૧૪ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૧૦૬૧ (અગ્રતા–૩૭) ના અનુસંધાને **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં સમરસ છાત્રાલયના બાંધકામ માટે તા.૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતિએ રૂ.૨૬૪૦ લાખના ખર્ચે બાંધકામ કરવાનું આયોજન કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા જી.<br>કુમાર છાત્રાલયની સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૬–૮–૨૦૧૪ના ઠરાવથી તથા કન્યા છાત્રાલયની તા.૭–૮–૨૦૧૪ના ઠરાવથી નવી બાબતની વહીવટી મંજૂરી મળેલ છે. |
| (૨) જો હા, તો તા.૩૧મી ડીસેમ્બર, ૨૦૧૪ ની સ્થિતિએ આ સમરસ છાત્રાલયનું બાંધકામનું કામ ક્યા તબક્કામાં છે તે અને તે કઇ તારીખ સુધીમાં પૂર્ણ કરવાનું સરકારે ઠરાવેલ છે ? | (૨) સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગ દ્વારા માંગવામાં આવેલ કુમાર સમરસ છાત્રાલય માટે રૂા.૩૨૦૫.૫૦ લાખની સુધારેલી વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. જ્યારે કન્યા સમરસ છાત્રાલયની રૂ.૩૨૦૫.૫૬ લાખ ની સુધારેલી મંજૂરી મેળવવાની પ્રક્રિયા પ્રગતિમાં છે. તેમજ આ કામના વિગતવાર નકશાઓ બનાવવાની કાર્યવાહી મુખ્ય સ્થપતિશ્રી અને નગર નિયોજકશ્રી ગાંધીનગર કચેરીએ પ્રગતિમાં છે. આ નકશાઓ તૈયાર થયે તેમજ સુધારેલી વહીવટી મંજૂરી મળે વિગતવાર નકશા અંદાજો બનાવી ટેન્ડર પ્રક્રિયા હાથ ધરી બાંધકામ અંગેની આગળની કાર્યવાહી માર્ગ અને મકાન વિભાગ દ્વારા હાથ ધરવામાં આવશે અને માર્ગ અને મકાન વિભાગ દ્વારા ટેન્ડર પ્રક્રિયા દરમ્યાન બાંધકામ પુર્ણ કરવાની શરત મુકવામાં આવશે. |

---------

**અમદાવાદ શહેર અને જિલ્લાના કુમાર/કન્યા છાત્રાલયો**

* ૧૪૪૦૮ **શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ અમદાવાદ શહેર અને જિલ્લામાં તાલુકાવાર કેટલા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના કુમાર/કન્યા છાત્રાલયો કાર્યરત છે, | (૧) અમદાવાદ શહેરમાં કન્યા/કુમાર છાત્રાલયોની વિગતો નીચે મુજબ છે. |

| **સરકારી છાત્રાલયો** | | **ગ્રાન્ટ ઈન એઈડ** | | **કુલ** |
|---|---|---|---|---|
| **કુમાર** | **કન્યા** | **કુમાર** | **કન્યા** | |

| | | | | |
|---|---|---|---|---|
| **૨** | **૧** | **૬** | **૧** | **૧૦** |

અમદાવાદ જિલ્લા તાલુકાવાર કુમાર-કન્યા છાત્રાલયોની વિગતો /નીચે મુજબ છે.

| **તાલુકો** | **સરકારી છાત્રાલય** | | | **ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલય** | | | **કુલ** |
|---|---|---|---|---|---|---|---|
| | **કુમાર** | **કન્યા** | **કુલ** | **કુમાર** | **કન્યા** | **કુલ** | |
| સીટી | ૨ | ૧ | ૩ | ૬ | ૧ | ૭ | ૧૦ |
| દસક્રોઈ | ૦ | ૦ | ૦ | ૬ | ૨ | ૮ | ૮ |
| સાણંદ | ૦ | ૦ | ૦ | ૫ | ૦ | ૫ | ૫ |
| ધોળકા | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૧ |
| બાવળા | ૦ | ૦ | ૦ | ૩ | ૦ | ૩ | ૩ |
| વિરમગામ | ૦ | ૦ | ૦ | ૪ | ૦ | ૪ | ૪ |
| માંડલ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૧ |
| ધંધુકા | ૧ | ૦ | ૧ | ૨ | ૦ | ૨ | ૩ |
| ધોલેરા | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૧ |
| દેત્રોજ-રામપુરા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| **કુલઃ** | **૩** | **૧** | **૪** | **૨૮** | **૪** | **૩૨** | **૩૬** |

(૨) વિદ્યાર્થીઓની સંખ્યાને ધ્યાને લઇ વધારાના છાત્રાલયો સરકાર દ્વારા શરૂ કરવાનું કોઇ આયોજન છે કે કેમ, અને

(૨) ના. જી.

(૩) જિલ્લા અને શહેરના અતિ પછાત વિસ્તારોમાં આ છાત્રાલયો શરૂ કરવા સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારે શી કાર્યવાહી કરી છે ?

(૩) કોઈ કાર્યવાહી કરી નથી.

---------

## દાહોદ જિલ્લામાં બંધ પડેલ પાણી પુરવઠાની યોજનાઓ

* ૧૪૧૮૯ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ બે વર્ષમાં દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલી પાણી પુરવઠા યોજનાઓ કેટલા સમયથી બંધ પડેલ છે, અને

(૧) નીચેની વિગતે છે.

| **અ.નં.** | **તાલુકો** | **બંધ પડેલ યોજનાઓ** | **ક્યારથી બંધ છે.** |
|---|---|---|---|
| ૧ | ગરબાડા | ૫ | ૧ યોજના માહે ૧૨/૨૦૧૪ અને ૪ યોજના માટે ૧૧/૨૦૧૪ |
| ૨ | ધાનપુર | ૧ | માહે ૨/૨૦૧૩ |
| | **કુલ** | **૬** | |

હાલ ફળિયાઓ વૈકલ્પિક સોર્સ જેવા કે, સ્વતંત્ર પાણી પુરવઠા, મીની પાણી પુરવઠા યોજના અને હેન્ડ પંપમાંથી પુરતુ પાણી મેળવે છે.

(૨) આ યોજનાઓ બંધ પડવાના કારણો શાં છે, અને આ યોજનાઓ કાર્યરત કરવા સરકારે શાં પગલાં લીધા ?

(૨) ગ્રામ પંચાયત દ્વારા સંચાલિત આ યોજનાઓ યોગ્ય સંચાલન અને મરામતના અભાવે બંધ પડેલ છે. ગ્રામ પંચાયત પાસેથી જરૂરી મરામત અને નિભાવણીનો ઠરાવ મેળવી યોજના પુનઃ કાર્યરત કરવાનું આયોજન છે.

---------

તા. ૨ જી માર્ચ, ૨૦૧૬

અતારાંકિત પ્રશ્નો

**બનાસકાંઠા જિલ્લાની કોર્ટોમાં ખાલી જગ્યાઓ**

* ૧૪૭૪૦ **શ્રી કાન્તીભાઇ કા. ખરાડી (દાંતા) : માનનીય કાયદા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં કુલ કેટલી કોર્ટો કઇ જગ્યાએ કાર્યરત છે,

(૨) તે અન્વયે સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલી છે અને કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે, તથા ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં *પત્રક–૧માં જણાવ્યા મુજબની કોર્ટો કાર્યરત છે.

(૨) તે અન્વયે કોર્ટોમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ *પત્રક–૨માં સામેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર ભરાયેલી જગ્યાઓ અને સંવર્ગવાર ખાલી જગ્યાઓ *પત્રક–૩માં સામેલ છે.

ભારતીય બંધારણના અનુચ્છેદ ૨૩૫ હેઠળ ન્યાયતંત્ર ઉપર વહીવટી અંકુશ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં નિહિત થયેલ છે. ન્યાયતંત્રની કોર્ટોમાં ખાલી જગ્યાઓ ભરવા માટેની તમામ કાર્યવાહી ગુજરાત હાઈકોર્ટ દ્વારા કરવામાં આવે છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરમાં રાખવામાં આવેલ છે.)

---------

**વિદ્યાર્થીઓને ટ્યુશન ફી ભરવામાંથી મુક્તિ**

* ૧૩૮૫૯ **શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ સેલ્ફ ફાયનાન્સ શૈક્ષણિક સંસ્થાઓમાં ઉચ્ચ અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને પ્રવેશના તબક્કે ટ્યૂશન ફી ભરવામાંથી મુક્તિ આપવા માટે કોઇ યોજના અમલમાં છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તે કઇ યોજના છે, અને

(૩) આ યોજનામાં લાભાર્થીની આવક મર્યાદા શી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) સ્વનિર્ભર સંસ્થાઓમાં એસ.એસ.સી. પછીના અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ફ્રી શીપ કાર્ડ આપવાની યોજના અમલમાં છે.

(૩) રૂ.૨.૫૦ લાખ.

---------

**આર.ટી.ઓ. ચેકપોસ્ટ પર ફરજ માટે રાખવામાં આવતા વધારાના માણસો**

* ૧૪૪૩૨ **ડૉ. અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના શામળાજી આર.ટી.ઓ. ચેકપોસ્ટ પર ભરાયેલ જગ્યાઓ સિવાય વધારાના કેટલા માણસો કામના ભારણને કારણે રાખવાની જરૂરિયાત ઊભી થાય છે,

(૨) છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આવા કેટલા માણસો ઉક્ત જગ્યાઓ પર રાખવામાં આવ્યા હતા, અને

**જવાબ**

(૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના શામળાજી આર.ટી.ઓ. ચેકપોસ્ટ પર ભરાયેલ જગ્યાઓ સિવાય વે–બ્રીજ પરથી પસાર થતાં વાહનોની ડેટા એન્ટ્રી કરવા માટે નીચે મુજબ વધારાનો સ્ટાફ રાખવા જરૂરીયાત ઉભી થયેલ.

| હોદ્દો | સંખ્યા |
|---|---|
| સુપરવાઈઝર | ૧ |
| ટેકનીકલ સ્ટાફ | ૨ |
| ડેટાએન્ટ્રી ઓપરેટર | ૧૩ |
| **કુલ** | **૧૬** |

(૨) છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નીચે મુજબના માણસો ઉકત જગ્યાઓ પર મંજૂરી મેળવી આઉટ સોર્સીંગથી રાખવામાં

આવેલ છે.

| હોદ્દો | રાખવામાં આવેલ માણસોની સંખ્યા | |
|---|---|---|
| | વર્ષ ૨૦૧૩-૧૪ | વર્ષ ૨૦૧૪-૧૫ |
| સુપરવાઈઝર | ૧ | ૧ |
| ટેકનીકલ સ્ટાફ | ૨ | ૨ |
| ડેટાએન્ટ્રી ઓપરેટર | ૧૩ | ૧૩ |
| **કુલ** | **૧૬** | **૧૬** |

(૩) એની પાછળ વર્ષવાર કેટલો ખર્ચ તેઓના પગાર પેટે કરવામાં આવ્યો ?

(૩) વર્ષવાર નીચે મુજબનો ખર્ચ તેઓના પગાર પેટે કરવામાં આવેલ છે.

| વર્ષ | પગાર પેટે ખર્ચ (રૂ.) |
|---|---|
| ૨૦૧૩-૧૪ | ૧૭,૬૨,૨૬૦ |
| ૨૦૧૪-૧૫ | ૧૩,૨૧,૬૯૫ |

---------

**ખાસ અંગભૂત યોજનામાં નવી સેવાઓનો સમાવેશ બાબત**

* ૧૩૭૫૦ **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના બજેટમાં ખાસ અંગભૂત યોજનામાં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કઇ નવી સેવાઓનો સમાવેશ કરવામાં આવ્યો,

**જવાબ**

(૧) નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તક નીચે મુજબ નવી યોજનાઓનો સમાવેશ કરવામાં આવ્યો.

- અનુસૂચિત જાતિના ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૭૦ ટકા કે તેથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓને વિના મૂલ્યે ટેબ્લેટ આપવાની યોજના.
- ધો.૧૦ માં ૭૦ ટકા કે તેથી વધુ ગુણ મેળવી ધો.૧૧-૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓને મેડીકલ એન્જીનીંયરીંગના પ્રવેશ માટેની, NEET, JEE, PMT, GUJ CET અને G-SET ની પરીક્ષાઓની પૂર્વ તૈયારી કરવા માટે, કોચીંગ ફી પેટે સંસ્થાને રૂ.૨૦,૦૦૦ સહાય આપવાની યોજના.
- રાજ્ય કક્ષા ઉપરાંત જિલ્લા કક્ષાએ ઈનામ આપવાનું નક્કી કરવામાં આવેલ છે. જેમાં ધોરણ ૧૦ અને ધો.૧૨ ની બોર્ડની પરીક્ષામાં પ્રથમ ૧ થી ૩ ક્રમમાં આવનાર વિદ્યાર્થીઓને રૂ.૬૦૦૦/- થી રૂ.૪૦૦૦/- ઈનામ આપવાની યોજના.
- અનુ.જાતિ પૈકી અતિપછાત જાતિઓ માટે કલા - કૌશલ્ય તાલીમની યોજના.
- આઈ.આઈ.એમ., નિફ્ટ, સેફ્ટ વગેરે જેવી ઓલ ઈન્ડીયા લેવલની પરીક્ષા માટે તાલીમ આપવાનું આયોજન માટેની યોજના.
- ધો.૫ અને ધો.૧૦ ના તેજસ્વી વિદ્યાર્થીઓને - ખ્યાતનામ સ્કુલોમાં અભ્યાસ માટે આર્થિક સહાય આપવાની ટેલેન્ટ પુલ યોજના.
- UPSC ની પ્રિલીમનરી પાસ કરે તો રૂ.૫૦,૦૦૦/- ની સહાય કુમારો માટે અને

રૂ.૬૦,૦૦૦/– ની સહાય કન્યાઓ માટે જ્યારે મેઈન પાસ કરે તો રૂ.૨૫,૦૦૦ ની સહાય કુમારો માટે અને રૂ.૩૦,૦૦૦/– ની સહાય કન્યાઓ માટે આપવાની યોજના.

(૨) જો કોઈપણ નવી સેવાઓનો સમાવેશ કરવામાં આવ્યો ન હોય તો તેના શા કારણો છે, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) નવી સેવાઓનો સમાવેશ કરવા રાજ્ય સરકારનું શું આયોજન છે ?

(૩) રાજ્ય સરકાર નવી સેવાઓના સમાવેશ કરવા અનુસૂચિત જાતિના માન.સંસદસભ્યશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ તેમજ સમાજના મહાનુભાવોની સાથે વિચાર વિમર્શ કરીને, મહાનુભાવોના અભિપ્રાયો/સૂચનોના નિષ્કર્ષના આધારે (વિચારણાના આધારે) નવી સેવાઓનો પ્રતિ વર્ષે આયોજન સદરે સમાવેશ કરે છે.

---------

**સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં મંજૂર પીવાના પાણીના બોર અને પંપ સેટ**

* ૧૪૬૪૭ **શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં સરકાર દ્વારા પીવાના પાણીના બોર અને સબમર્શીબલ પંપ સેટ તાલુકાવાર કેટલા મંજૂર કરવામાં આવ્યા, અને

(૧) નીચેની વિગતે.

| તાલુકો | મંજૂર કરેલ બોર | મંજૂર કરેલ સબમર્શીબલ પંપ સેટ |
|---|---|---|
| **જિલ્લો–સાબરકાંઠા** | | |
| હિંમતનગર | ૧૨ | ૨૭ |
| પ્રાંતિજ | ૦૨ | ૦૯ |
| તલોદ | ૦૩ | ૧૪ |
| ઈડર | ૧૦ | ૨૬ |
| વડાલી | ૦૧ | ૦૫ |
| ખેડબ્રહ્મા | ૦૨ | ૦૪ |
| વિજયનગર | ૧૧ | ૦૯ |
| **કુલ** | **૪૧** | **૯૪** |
| **જિલ્લો–અરવલ્લી** | | |
| મોડાસા | ૨૩ | ૨૩ |
| ધનસુરા | ૦૭ | ૦૫ |
| બાયડ | ૧૫ | ૧૨ |
| મેઘરજ | ૪૦ | ૩૭ |
| માલપુર | ૨૪ | ૨૩ |
| ભિલોડા | ૦૮ | ૧૩ |
| **કુલ** | **૧૧૭** | **૧૧૩** |

(૨) તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો અને કેટલા પાણીના બોર સરકારના ૧૦૦ ટકા ખર્ચેથી કરવામાં આવ્યા ?

(૨) નીચેની વિગતે.

| તાલુકો | થયેલ ખર્ચ રૂ.લાખમાં | સરકારના ૧૦૦ ટકા ખર્ચથી કરેલ બોરની સંખ્યા |
|---|---|---|
| **જિલ્લો–સાબરકાંઠા** | | |
| હિંમતનગર | ૩૯.૦૦ | ૦ |
| પ્રાંતિજ | ૧૧.૦૦ | ૦ |
| તલોદ | ૨૧.૦૦ | ૦ |
| ઈડર | ૪૦.૦૦ | ૦ |

| | | |
|---|---|---|
| વડાલી | ૬.૦૦ | ૦ |
| ખેડબ્રહ્મા | ૬.૦૦ | ૦ |
| વિજયનગર | ૨૦.૦૦ | ૦ |
| **કુલ** | **૧૪૩.૦૦** | **૦** |
| **જિલ્લો–અરવલ્લી** | | |
| મોડાસા | ૩૦.૯૫ | ૧૭ |
| ધનસુરા | ૬.૭૫ | ૦૫ |
| બાયડ | ૨૦.૧૫ | ૦૭ |
| મેઘરજ | ૩૯.૪૫ | ૩૪ |
| માલપુર | ૨૨.૯૭ | ૨૧ |
| ભિલોડા | ૨૧.૦૦ | ૦૦ |
| **કુલ** | **૧૪૧.૨૭** | **૮૪** |

---------

**વિદ્યાર્થીને અપાતી પ્રોત્સાહક રકમમાં વધારો**

* ૧૩૮૫૨ **શ્રી જગદીશભાઇ ઇ. પંચાલ(નિકોલ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ધોરણ–૧૨ વિજ્ઞાનપ્રવાહમાં ૭૦% થી વધુ ગુણ મેળવનાર અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને આપવામાં આવતી પ્રોત્સાહક રકમમાં કોઇ વધારો કરવામાં આવેલ છે તે વાત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો પ્રોત્સાહક રકમમાં કેટલો વધારો કરેલ છે? | (૨) પ્રશ્ન રહેતો નથી. |

---------

**ગાંધીનગર જિલ્લામાં ખેતમજૂરોને અકસ્માત વીમો**

* ૧૪૨૯૫ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા ખેત મજૂરોને અકસ્માત વીમા યોજના હેઠળ વિમાની કેટલી રકમ ચૂકવવામાં આવી, | (૧) ૧૫ ખેતમજૂરોને અકસ્માત વીમા યોજના હેઠળ વીમાની રકમ રૂ.૧૫.૦૦ લાખ ચૂકવવામાં આવી. |
| (૨) આ સમયગાળા દરમ્યાન સરકારને કેટલી અરજીઓ મળી, અને | (૨) ૩૦ |
| (૩) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર થઇ, કેટલી નામંજૂર થઇ, અને નામંજૂર થવાના કારણો શાં છે ? | (૩) મંજૂર – ૧૫<br>ના મંજૂર – ૦૨<br>ના મંજૂર થવાના કારણો<br>૦૧ અરજીમાં મૃતકની ઉંમર ઓછી હોવાના કારણોસર.<br>૦૧ અરજીમાં મૃતકનું ડ્રાઈવીંગ લાઈસન્સ રજૂ કરેલ ન હોવાના કારણોસર. |

---------

## વિદ્યાર્થીઓની ટ્યૂશન સહાયમાં વધારો

* ૧૩૮૬૩ **શ્રી પૂર્ણેશકુમાર ઇ. મોદી (સુરત પશ્ચિમ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અનુસૂચિત જાતિના ધોરણ–૧૧ અને ધોરણ–૧૨ વિજ્ઞાનપ્રવાહમાં ભણતા વિદ્યાર્થીઓને આપવામાં આવતી ટ્યુશન સહાયની રકમમાં વધારો કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમનો વધારો કરવામાં આવ્યો, અને | (૨) ટ્યુશન સહાયની રકમમાં ધોરણ–૧૧ માં રૂ.૧૨૫૦૦/– થી વધારીને રૂ.૧૫૦૦૦/– અને ૧૨ માં રૂ.૧૨૫૦૦/– થી વધારીને રૂ.૧૫૦૦૦/– કરવામાં આવેલ છે. વિદ્યાર્થીદીઠ કુલ રૂ.૫૦૦૦/– નો વધારો કરેલ છે. |
| (૩) ટકાવારીમાં શું ફેરફાર કરેલો છે ? | (૩) ધોરણ–૧૦ માં ૭૫ ટકા થી વધુ ગુણમાં ફેરફાર કરી ૭૦ ટકાથી વધુ ગુણ કરવામાં આવેલ છે. |

---------

## અમરેલી જિલ્લામાં આવેલ કુમારો માટેની આદર્શ નિવાસી શાળાઓ

* ૧૩૮૬૨ **શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ અનુસૂચિત જાતિના કુમારો માટે કેટલી આદર્શ નિવાસી શાળાઓ ચાલે છે, | (૧) ૧ |
| (૨) તેમાં શી સુવિધાઓ આપવામાં આવે છે, અને | (૨) વિદ્યાર્થીઓને અભ્યાસ, રહેવાની, જમવાની, બે જોડી ગણવેશ, બુટ–મોજા, પુસ્તકો અને સ્ટેશનરીની સગવડ વિના મૂલ્યે આપવામાં આવે છે. |
| (૩) તેનું ધોરણ–૧૦ નું માર્ચ ૨૦૧૪ માં કેટલા ટકા પરિણામ આવેલ છે ? | (૩) ૯૭.૭૭ ટકા. |

---------

## નર્મદા જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ સહાય

* ૧૩૮૬૧ **શ્રી મોતીલાલ પુ. વસાવા(ડેડીયાપાડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ વર્ષ ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અનુસૂચિત જાતિની વિદ્યાર્થીનીઓની સાયકલ મેળવવા માટે કેટલી અરજીઓ મળી, | (૧) ૨૮ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૨૮ |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રોકડ સહાય ચૂકવવામાં આવતી નથી. પણ સાયકલ આપવામાં આવે છે. |

---------

**અમરેલી જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ મિશન હેઠળ બાકી યોજનાઓ**

* ૧૩૮૩૩ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ હેઠળ છેલ્લા બે વર્ષમાં કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી, | (૧) ૨૩ યોજનાઓ. |
| (૨) તે પૈકી કેટલી યોજનાઓ પૂર્ણ કરી, | (૨) હજુ યોજનાઓ પૂર્ણ થયેલ નથી. |
| (૩) કેટલી બાકી રહી છે, તે ક્યારે પૂરી થનાર છે, અને | (૩) ૨૩ યોજનાઓ પ્રગતિ હેઠળ છે જે ક્રમશઃ ૦૩–૨૦૧૫ થી ૧૨–૨૦૧૫ સુધીમાં સંબંધિત પાણી સમિતિ મારફત પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૪) બાકી રહેવાનાં શાં કારણો છે ? | (૪) ૫ યોજનાઓ તાજેતરમાં મંજૂર થયેલ છે, જ્યારે બાકીની ૧૮ યોજનાઓમાં ગામ લોકો તથા પાણી સમિતિની સક્રિયતા ઓછી હોવાના કારણે. |

---------

**બનાસકાંઠા જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂં યોજના હેઠળ સહાય**

* ૧૪૯૦૫ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૪ની સ્થિતિએ કુંવરબાઇનું મામેરૂં યોજનામાં છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર મળેલ છે,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર થઈ અને કેટલી અરજીઓ નામંજૂર થઈ,

**જવાબ**

(૧) અને (૨)

| અ.નં. | તાલુકાનું નામ | મળેલ અરજી | મંજૂર અરજી | નામંજૂર અરજી |
|---|---|---|---|---|
| ૧ | પાલનપુર | ૩૬૯ | ૩૬૫ | ૪ |
| ૨ | વડગામ | ૩૫૮ | ૩૫૫ | ૩ |
| ૩ | દાંતા | ૮૧ | ૮૧ | ૦ |
| ૪ | ડીસા | ૭૦ | ૬૮ | ૨ |
| ૫ | ધાનેરા | ૫૫ | ૫૩ | ૨ |
| ૬ | થરાદ | ૧૫ | ૧૫ | ૦ |
| ૭ | વાવ | ૧૮૪ | ૧૮૧ | ૩ |
| ૮ | કાંકરેજ | ૩૫ | ૩૪ | ૧ |
| ૯ | ભાભર | ૯ | ૯ | ૦ |
| ૧૦ | દાંતીવાડા | ૨૧ | ૨૧ | ૦ |
| ૧૧ | દિયોદર | ૨૫ | ૨૫ | ૦ |
| ૧૨ | અમીરગઢ | ૧૫ | ૧૫ | ૦ |
| ૧૩ | સુઇગામ | ૧ | ૧ | ૦ |
| ૧૪ | લાખણી | ૦ | ૦ | ૦ |
| | **કુલ** | **૧૨૩૮** | **૧૨૨૩** | **૧૫** |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) અરજીઓ નામંજૂર થવાના શા કારણો છે, અને | (૩) આવક વધુ હોવાના કારણે–૪<br>સમય મર્યાદા બહાર મળેલ અરજી–૯<br>અગાઉ આ યોજના હેઠળ લાભ મળેલ હોવાથી–૧<br>લગ્ન નોંધણી પ્રમાણ ન હોવાના કારણે–૧ |
| (૪) ઉક્ત સ્થિતિએ પડતર અરજીઓ કયાં સુધામાં મંજૂર કરવામાં આવશે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી |

---------

તા. ૨ જી માર્ચ, ૨૦૧૬
અતારાંકિત પ્રશ્નો

**વિસાવદરમાં નવી સીનીયર ડિવિઝન કોર્ટ અને એડી. ડિસ્ટ્રીકટ કોર્ટ શરૂ કરવા બાબત**

* ૧૪૮૭૬ **શ્રી હર્ષદભાઇ રીબડીયા (વિસાવદર) : માનનીય કાયદા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧/૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વિસાવદરમાં નવી સીનીયર ડિવિઝન કોર્ટ તથા એડી. ડિસ્ટ્રીકટ કોર્ટ શરૂ કરવા માટેની કોઈ અરજી કે રજૂઆતો સરકારને મળી છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો મળી હોય તો તે કોના તરફથી મળી છે, અને તે કોર્ટો કેટલા સમયમાં સરકાર દ્વારા શરૂ કરવાનું આયોજન છે? | (૨) માન. પૂર્વ મુખ્યમંત્રી ગુજરાત રાજ્ય અને માન. ધારાસભ્યશ્રી વિસાવદરના તા. ૨૪–૧૦–૨૦૧૩ના પત્રની સાથે પ્રમુખશ્રી વિસાવદર બાર એસોશિયેશન વિસાવદર તરફથી પત્ર મળેલ છે. તે કોર્ટો શરૂ કરવા માટે વડી અદાલતના પરામર્શમાં કાર્યવાહી ચાલુ છે. |

---------

**વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓને પ્રોત્સાહન**

* ૧૩૮૫૮ **ડૉ. નિર્મલાબેન સુ. વાધવાણી (નરોડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૧૪ની સ્થિતિએ ધોરણ–૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૭૦% થી વધુ ગુણ મેળવનાર અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને પ્રોત્સાહન માટે કોઈ નવી યોજના અમલમાં મૂકવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે કઈ યોજના છે, અને | (૨) વિના મૂલ્યે ટેબ્લેટ્સ આપવાની યોજના |
| (૩) આ યોજનામાં લાભાર્થીની આવક મર્યાદા શી છે? | (૩) કોઈ આવક મર્યાદા નથી. |

---------

**બનાસકાંઠા જિલ્લાના બેરોજગારોને રોજગારી**

* ૧૪૫૫૩ **શ્રી ગોવાભાઇ રબારી(ડીસા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧/૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા રોજગાર વિનીમય કચેરીનો વાર્ષિક વહીવટી ખર્ચ કેટલો છે, | (૧) રૂ. ૩૫,૮૮,૩૭૦/– |
| (૨) તે અન્વયે છેલ્લા એક વર્ષમાં કેટલા નોંધાયેલા બેરોજગારોને રોજગારી અપાઈ છે, અને | (૨) ૭૧૦૭ |
| (૩) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલા બેરોજગારો નોંધાયેલ છે? | (૩) |

| ક્રમ | તાલુકાનું નામ | નોંધાયેલ બેરોજગારો |
|---|---|---|
| ૧ | પાલનપુર | ૯૭૩૪ |
| ૨ | અમીરગઢ | ૬૪૨ |
| ૩ | વડગામ | ૪૦૦૧ |
| ૪ | ડીસા | ૧૮૩૬ |
| ૫ | લાખાણી | ૧૨૨૩ |
| ૬ | કાંકરેજ | ૧૫૬૨ |
| ૭ | દિયોદર | ૧૦૮૪ |
| ૮ | ભાભર | ૪૯૦ |
| ૯ | વાવ | ૭૩૮ |
| ૧૦ | સૂઈગામ | ૪૯૨ |
| ૧૧ | થરાદ | ૧૪૦૭ |
| ૧૨ | ધાનેરા | ૮૧૬ |

| | | |
|---|---|---|
| ૧૩ | દાંતીવાડા | ૬૫૩ |
| ૧૪ | દાંતા | ૩૪૮૭ |
| | **કુલ** | **૨૮૧૬૫** |

---------

**દેવ ભૂમિ દ્વારકા જિલ્લામાં જલમણિ કાર્યક્રમ હેઠળ આર.ઓ. અને યુવી સિસ્ટમ લગાવવા બાબત**

* ૧૪૫૯૨ **શ્રી મેરામણભાઇ મા. આહીર (ખંભાલીયા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દેવ ભૂમિ દ્વારકા જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભારત સરકારની જલમણી કાર્યક્રમ હેઠળ તાલુકાવાર કેટલી શાળાઓમાં આર. ઓ. અને યુ. વી. સિસ્ટમ લગાડવાની કામગીરી થઈ છે અને આ કામગીરી કઈ સંસ્થાને આપવામાં આવી છે, | (૧) એકપણ નહીં. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ કામગીરી કયારે સોંપવામાં આવી હતી અને તેની શરતો શું હતી, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી શાળાઓમાં સિસ્ટમ લગાવવામાં આવી ન હતી અને તેનાં શાં કારણો છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) જવાબદારો સામે શાં પગલાં ભર્યા? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**રાજકોટ જિલ્લામાં સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજના હેઠળ સહાય**

* ૧૩૮૬૬ **શ્રી જયરાજસિંહ ટે. જાડેજા(ગોંડલ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૧૮૭ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૧૬૮ |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ. ૪,૧૦,૦૦૦/– |

---------

**વિજાપુર તાલુકામાં મંજૂર પીવાના પાણીની યોજનાઓ**

* ૧૪૯૧૭ **શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧/૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વિજાપુર તાલુકાના કયા ગામોમાં પીવાના પાણી અંગેની યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) પરિશિષ્ટ મુજબ ૩૭ ગામો |
| (૨) તે અન્વયે કેટલી યોજનાઓના કામ પૂર્ણ થયા અને ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો? | (૨) ૩૫ યોજનાઓના કામ પૂર્ણ કરેલ છે અને કુલ રૂ. ૨૭૬.૯૫ લાખનો ખર્ચ થયેલ છે. |

**પરિશિષ્ટ**

| અનુ. | ગામનું નામ | યોજના ઉપર થયેલ ખર્ચ (રૂ. લાખમાં) | અનુ. | ગામનું નામ | યોજના ઉપર થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|---|---|---|
| **(અ) પૂર્ણ થયેલ યોજનાના ગામો** | | | | | |
| ૧ | સરદારપુર | ૮.૦૬ | ૧૯ | અશનાપુર (ગેરીતા) | ૧૦.૮૫ |
| ૨ | ખણુસા | ૪.૯૫ | ૨૦ | ગેરીતા | ૯.૮૦ |
| ૩ | ઉબખલ | ૧૨. | ૨૧ | બીલીયા | ૪.૭૫ |

| અનુ. | ગામનું નામ | યોજના ઉપર થયેલ ખર્ચ (રૂ. લાખમાં) | અનુ. | ગામનું નામ | યોજના ઉપર થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|---|---|---|---|
| ૪ | કનકપુરા | ૨.૧૨ | ૨૨ | વજાપુર | ૨.૬૫ |
| ૫ | કોટડી | ૧૭.૦૬ | ૨૩ | કેલીસણા | ૨.૨૫ |
| ૬ | મહેશ્વરપુરા (ગોવિંદપુરા જુથ પંચાયત) | ૧૦.૨૩ | ૨૪ | દેવીપુરા (ડાભલા) | ૧.૨૫ |
| ૭ | આગલોડ | ૫.૪૫ | ૨૫ | વડાસણ | ૧.૭૨ |
| ૮ | લાડોલ | ૮.૨૫ | ૨૬ | મહાદેવપુરા (ગવાડા) | ૧.૩૭ |
| ૯ | મોતીપુરા (ભાવસોર) | ૧૧.૬૯ | ૨૭ | આનંદપુરા (કુકરવાડા) | ૪.૩૭ |
| ૧૦ | કુકરવાડા | ૪૧.૮ | ૨૮ | સુંદરપુર | ૧.૧૨ |
| ૧૧ | છોટાપુરા (કોટડી) | ૧૦.૮૫ | ૨૯ | ટીંટોદણ | ૪.૫૫ |
| ૧૨ | ગોવિંદપુરા | ૨૬.૭૮ | ૩૦ | સરદારપુરા | ૩.૦૩ |
| ૧૩ | મહાદેવપુરા (મહેશ્વરપુરા) | ૯.૫૬ | ૩૧ | ચંદ્રનગર (ડાભલા) | ૩.૫૦ |
| ૧૪ | ભાવસોર | ૯.૫૫ | ૩૨ | ગણેશપુરા | ૩.૧૫ |
| ૧૫ | ટેચાવા | ૩.૪૩ | ૩૩ | મેદ્રાપુર–કોટડી | ૨.૫૪ |
| ૧૬ | પામોલ | ૬.૮૫ | ૩૪ | ફતેપુરા (પિલવાઈ) | ૨.૪૯ |
| ૧૭ | ડાભલા | ૧૧.૨ | ૩૫ | કમાલપુર | ૩.૭૫ |
| ૧૮ | પટેલપુરા (પીલવાઈ) | ૧૩.૯૮ | | **કુલ** | **૨૭૬.૯૫** |
| **(બ) પ્રગતિ / બાકી યોજનાના ગામો** | | | | | |
| ૩૬ | વણજારાપુરા (દેવપુરા) | – | ૩૭ | રામનગર (કોટડી) | – |

---------

**આણંદ જિલ્લામાં જૂથ પાણી પુરવઠા યોજના**

* ૧૪૪૨૮ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧/૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં કેટલી જૂથ પાણી પુરવઠા યોજના માટે સર્વે થયેલ છે, | (૧) ૩ જુથ પાણી પુરવઠા યોજના |
| (૨) તે પૈકી કેટલાને સૈધ્ધાંતિક મંજૂરી અપાઈ, અને | (૨) ત્રણેય યોજનાઓને સૈધ્ધાંતિક મંજુરી મેળલ છે. |
| (૩) સદર યોજનાઓ કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે? | (૩) ટેન્ડર મંજુર થયેથી ૨ વર્ષના સમયમાં. |

---------

**જામનગર જિલ્લામાં વિદ્યાર્થીઓને ગણવેશ સહાય**

* ૧૩૬૩૭ **શ્રી મેઘજીભાઇ અ. ચાવડા(કાલાવડ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫માં તા.૩૧/૧૨/૨૦૧૪ની સ્થિતિએ વિકસતી જાતિના વિદ્યાર્થીઓની ગણવેશ સહાય મેળવવા કુલ કેટલી અરજીઓ મળી, અને | (૧) ૮૬,૮૫૨ |
| (૨) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને કુલ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી? | (૨) ૮૬,૮૫૨ વિદ્યાર્થીઓને કુલ રૂ. ૨,૬૦,૫૫,૬૦૦/–રકમની સહાય ચૂકવવામાં આવી. |

---------

## વલસાડ જિલ્લામાં ઈન્દિરા ગાંધી વૃદ્ધ પેન્શન અને નિરાધાર વૃદ્ધ સહાય યોજના હેઠળ સહાય

* ૧૩૫૪૮ **શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૪ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર ઈન્દિરા ગાંધી વૃદ્ધ પેન્શન યોજના અને નિરાધાર વૃદ્ધ સહાય યોજના અન્વયે કેટલી અરજીઓ છેલ્લા બે વર્ષમાં મળી, અને

(૨) તે અન્વયે કેટલી અરજીઓ મંજૂર કરી અને બાકી રહેતી અરજીઓનો કેટલા સમયમાં નિકાલ થશે?

**જવાબ**

(૧) અને (૨)

| ક્રમ | તાલુકાનું નામ | ઈન્દિરા ગાંધી વૃધ્ધ પેન્શન યોજના | | નિરાધાર વૃધ્ધ સહાય યોજના | |
|---|---|---|---|---|---|
| | | મળેલ અરજીઓ | મંજુર અરજીઓ | મળેલ અરજીઓ | મંજુર અરજીઓ |
| ૧ | ઉમરગામ | ૧૯૩૧ | ૧૭૦૮ | ૩૫૭ | ૩૪૯ |
| ૨ | કપરાડા | ૭૮૧૬ | ૭૮૧૬ | – | – |
| ૩ | ધરમપુર | ૩૩૭૦ | ૩૨૪૯ | ૧૯૯ | ૧૭૨ |
| ૪ | પારડી/વાપી | ૧૩૯૩ | ૧૩૯૩ | ૫૦૫ | ૫૦૦ |
| ૫ | વાપી | ૧૬૫ | ૧૨૩ | ૨૪ | ૧૩ |
| ૬ | વલસાડ | ૩૯૯૩ | ૩૭૫૪ | ૫૧૩ | ૩૬૭ |
| | કુલ | **૧૮૬૬૮** | **૧૮૦૪૩** | **૧૫૯૮** | **૧૪૦૧** |

–બાકી રહેતી અરજીઓનો ત્વરીત નિકાલ કરવામાં આવશે.

---------

## ખેડા જિલ્લામાં વિદેશ અભ્યાસ લોન અને પાયલોટ તાલીમ યોજના હેઠળ સહાય

* ૧૪૨૫૨ **શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં વિદેશ અભ્યાસ લોન યોજના અને પાયલોટ તાલીમ યોજના હેઠળ અનુસૂચિત જાતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના વિદ્યાર્થીઓની કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,

(૩) કેટલી અરજીઓ ના મંજૂર કરવામાં આવી તથા નામંજૂરીના કારણો શા છે, અને

(૪) અનુસૂચિત જાતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને અનુક્રમે વિદેશ અભ્યાસ લોન યોજના અને પાયલોટ તાલીમ યોજના હેઠળ કેટલી સહાય ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) વિદેશ અભ્યાસ લોન યોજનાની ૧૫ અરજી પાયલોટ તાલીમ યોજનાની ૦ (શૂન્ય) અરજી.

(૨) વિદેશ અભ્યાસ લોન યોજનાની ૧૧ અરજી.

(૩) ૦ (શૂન્ય).
૪ અરજીઓ પૂર્તતા માટે બાકી છે.

(૪) રૂ.૯૫.૦૦ લાખ.

---------

## પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ અમદાવાદ જિલ્લામાં સહાય

* ૧૩૬૩૨ **શ્રી લાલજીભાઇ ચ. કોળીપટેલ(ધંધુકા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૪–૧૫માં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ અમદાવાદ જિલ્લામાં કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરી, અને

(૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) ૨૨૫

(૨) ૨૦૮

(૩) રૂ.૮૩.૯૭ લાખ.

---------

તા. ૨ જી માર્ચ, ૨૦૧૬
અતારાંકિત પ્રશ્નો

**એબીજી સિમેન્ટ પ્લાન્ટમાં સ્થાનિકોને રોજગારી**

* ૧૪૧૨૦ **શ્રી શકિતસિંહજી હ. ગોહિલ (અબડાસા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં આવેલ એબીજી સિમેન્ટના પ્લાન્ટમાં સ્થાનિકોને રાજય સરકારે ઠરાવેલ નિયોમોનુસાર આપવાની થતી નોકરીનું પ્રમાણ જળવાતું નથી, તે હકીકત સાચી છે, અને | (૧) હા. |
| (૨) જો હા, તો આ અંગે ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં લીધેલાં પગલાં અને ભવિષ્યમાં શા પગલાં લેવાનું આયોજન છે? | (૨) નીચે મુજબ પગલાં લેવામાં આવેલ છે.<br>૧. સ્થાનિક રોજગારીનું પ્રમાણ જાળવે તે માટે નાયબ નિયામકશ્રી (રોજગાર) રાજકોટ દ્વારા તા.૧૨–૮–૨૦૧૪ અને ૧૦–૨–૨૦૧૫ રોજ વિનંતીપત્ર પાઠવવામાં આવેલ.<br>૨. રોજગાર કચેરી ભૂજ દ્વારા આ એકમોનું તા.૨૦–૮–૨૦૧૪ ના રોજ નિરીક્ષણ કરવામાં આવેલ છે. અને સ્થાનિક રોજગારી જાળવવાના તા.૩૧–૩–૯૫ ના ઠરાવની સમજૂતી આપવામાં આવેલ. અને સ્થાનિકોની નિયત ટકાવારી જાળવવા અનુરોધ કરવામાં આવેલ છે.<br>૩. ઠરાવની જોગવાઈ અનુસાર સ્થાનિક રોજગારીનું પ્રમાણ જળવાય તે માટે નાયબ નિયામકશ્રી (રોજગાર) રાજકોટના અધ્યક્ષસ્થાને તા.૪–૧૦–૨૦૧૪ ના રોજ બેઠકનું આયોજન કરવામાં આવેલ. જેમાં નોકરીદાતા ગેરહાજર રહેલ હતા.<br>૪. જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર ભૂજ અને વેચાણવેરા કચેરીઓ ભૂજ અને ગાંધીધામને તા.૧૯–૮–૨૦૧૪ના પત્રથી આ એકમની વિગત મોકલવામાં આવેલ છે. જેથી તેમના દ્વારા યોગ્ય કાર્યવાહી થઈ શકે. જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, ભૂજના તા.૧૨–૨–૨૦૧૫ થી જણાવ્યા અનુસાર આ એકમને પ્રોત્સાહન આપવામાં આવેલ નથી.<br>● શ્રમ અને રોજગાર વિભાગના તા.૩૧–૩–૯૫ ના ઠરાવમાં સ્થાનિક બેરોજગારોને રોજગારી ન આપતા ઔદ્યોગિક એકમો સામે પગલાં લેવાની જોગવાઈ નથી. |

---------

**મહેસાણા જિલ્લામાં સાત ફેરા સમૂહ લગ્ન યોજના હેઠળ સહાય**

* ૧૩૬૩૩ **શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫માં તા.૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં સાત ફેરા સમૂહલગ્ન યોજના હેઠળ વિકસતી જાતિના અરજદારોને લાભ આપવા માટે કેટલી સંસ્થાઓની અરજીઓ મળી, | (૧) ૪ સંસ્થા. |
| (૨) તે પૈકી કેટલી સંસ્થાઓની કેટલા યુગલોની અરજીઓ મંજુર કરી, અને | (૨) ૪ સંસ્થા<br>૬૨ યુગલ. |
| (૩) કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) સંસ્થા રૂ.૧.૨૪ લાખ.<br>યુગલ <u>રૂ.૬.૨૦ લાખ</u><br>કુલ રૂ.૭.૪૪ લાખ. |

---------

**મહેસાણા જિલ્લાની મંજૂર થયેલ જુથ પાણી પુરવઠાની યોજના**

* ૧૪૭૫૦ **શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં મધ્યમ અને નાની કક્ષાની કેટલી જૂથ પાણી પુરવઠાની યોજના મંજુર કરવામાં આવી તથા તેમાં કેટલી રકમ મંજૂર કરવામાં આવી, અને | (૧) એકપણ નહીં. |
| (૨) તે પૈકી કેટલી યોજના ઉકત સ્થિતિએ પૂર્ણ કરવામાં આવી અને કેટલી રકમનો ખર્ચ થયો ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**રાજયમાં સરકાર હસ્તક આવેલ વૃધ્ધાશ્રમો**

* ૧૩૬૦૭ **ર્ડા. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજયમાં સરકાર હસ્તક એક પણ વૃધ્ધાશ્રમ નથી, તે હકીકત સાચી છે, | (૧) સરકારશ્રીની ગ્રાન્ટ દ્વારા ગ્રાન્ટ–ઈન–એઈડ ધોરણે ૨૫ વૃધ્ધાશ્રમો કાર્યરત છે. |
| (૨) જો હા, તો તે પાછળ જવાબદાર કારણો શા છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) રાજયમાં જિલ્લાવાર જરૂરીયાતની દ્રષ્ટિએ કેટલા વૃધ્ધાશ્રમોની જરૂર છે અને તે કયારે શરૂ કરવાનું આયોજન છે ? | (૩) હાલ આવું કોઈ આયોજન નથી. |

---------

**પંચમહાલ અને મહીસાગર જિલ્લાની ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓનું મહેકમ**

* ૧૪૨૭૪ **શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં જિલ્લાવાર ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે, | (૧) *પત્રક–૧ મુજબ. |
| (૨) તે પૈકી જિલ્લાવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને | (૨) *પત્રક–૨ મુજબ. |
| (૩) ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે ? | (૩) વહીવટી અનુકૂળતા ધ્યાને લઈ ખાલી જગ્યાઓ બનતી ત્વરાએ ભરવામાં આવશે. |

(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**અમરેલી જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ સહાય**

* ૧૩૮૬૦ **શ્રી વલ્લભભાઇ વ. વઘાસીયા(સાવરકુંડલા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ વર્ષ ૨૦૧૪–૧૫માં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અનુસૂચિત જાતિની વિદ્યાર્થીનીઓની સાયકલ મેળવવા માટે કેટલી અરજીઓ મળી, | (૧) ૧૧૩૧. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૧૨૯. |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રોકડ સહાય ચૂકવવામાં આવતી નથી પણ સાયકલ |

આપવામાં આવે છે.

---------

## છોટાઉદેપુર જિલ્લામાં વાસમો દ્વારા અપૂર્ણ યોજનાઓ

* ૧૩૮૦૯ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં વાસમો દ્વારા કેટલા ગામોને સાંકળી લેવામાં આવેલ છે, | (૧) ૨૧૫ યોજનાઓ મંજૂર કરવામાં આવેલ છે. |
| (૨) તે અન્વયે કેટલા કામો પૂર્ણ થયેલ છે, | (૨) ૧૯ યોજનાઓના કામો પૂર્ણ થયેલ છે. |
| (૩) તે અન્વયે કેટલી યોજના બંધ છે. કેટલા કામો અધુરા છે, અને | (૩) પૂર્ણ થયેલ તમામ ૧૯ યોજનાઓ કાર્યરત છે, ૧૮૯ યોજનાઓ પ્રગતિ હેઠળ છે, અને ૭ યોજનાઓમાં અન્ય કાર્યક્રમ હેઠળ કામો હાથ ધરાયેલ હોઈ ડ્રોપ કરેલ છે. |
| (૪) અધુરા કામો કેટલા સમયમાં પૂર્ણ થશે ? | (૪) ક્રમશઃ ૩/૨૦૧૫ થી ૧૨/૨૦૧૫ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

## ખેડા અને મહિસાગર જિલ્લાની કોર્ટોમાં પડતર કેસો

* ૧૪૩૨૧ **શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય કાયદા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા અને મહિસાગર જિલ્લાની વિવિધ કોર્ટોમાં કુલ કેટલા કેસો પડતર છે, અને

**જવાબ**

(૧) (અ) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં વિવિધ કોર્ટોમાં નીચે મુજબના કેસો પડતર છે.

| અ. નં. | કોર્ટનું નામ | કેસોનો પ્રકાર | ૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ પડતર |
|---|---|---|---|
| ૧ | પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ જજ, ખેડા, નડીયાદ | સીવીલ | ૧૧૮૨ |
| | | ક્રિમીનલ | ૧૬૫ |
| ૨ | એડીશનલ ડીસ્ટ્રીકટ જજ, ખેડા, નડીયાદ | સીવીલ | ૨૫૬૯ |
| | | ક્રિમીનલ | ૪૦૬ |
| ૩ | બીજા એડીશનલ ડીસ્ટ્રીકટ જજ, ખેડા, નડીયાદ | સીવીલ | ૨૭૬૦ |
| | | ક્રિમીનલ | ૧૨૪ |
| ૪ | ત્રીજા એડીશનલ ડીસ્ટ્રીકટ જજ, ખેડા, નડીયાદ | સીવીલ | ૨૫૫૯ |
| | | ક્રિમીનલ | ૨૨૨ |
| ૫ | પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ, નડીયાદ | સીવીલ | ૪૬૬૯ |
| | | ક્રિમીનલ | ૦ |
| ૬ | ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, નડીયાદ | સીવીલ | ૦ |
| | | ક્રિમીનલ | ૧૫૪૭ |
| ૭ | બીજા એડીશનલ સીનીયર સીવીલ, જજ, નડીયાદ | સીવીલ | ૧૦૪૧ |
| | | ક્રિમીનલ | ૨૨૭૪ |
| ૮ | પ્રિન્સીપાલ જજ, જુવેનાઈલ કોર્ટ, નડીયાદ | સીવીલ | ૦ |

| | | | |
|---|---|---|---|
| | | ક્રિમીનલ | ૪૩૫ |
| ૯ | ત્રીજા એડીશનલ સીનીયર સીવીલ જજ, નડીયાદ | સીવીલ | ૧૫૪૭ |
| | | ક્રિમીનલ | ૧૪૩૬ |
| ૧૦ | ચોથા એડીશનલ સીનીયર સીવીલ, જજ, નડીયાદ | સીવીલ | ૦ |
| | | ક્રિમીનલ | ૦ |
| ૧૧ | એડીશનલ સીવીલ જજ, નડીયાદ | સીવીલ | ૬૯૮ |
| | | ક્રિમીનલ | ૧૫૭૪ |
| ૧૨ | બીજા એડીશનલ સીવીલ જજ, નડીયાદ | સીવીલ | ૩૮૦ |
| | | ક્રિમીનલ | ૧૪૮૦ |
| ૧૩ | ત્રીજા એડીશનલ સીવીલ જજ, નડીયાદ | સીવીલ | ૩૧ |
| | | ક્રિમીનલ | ૨૨૭ |
| ૧૪ | ચોથા એડીશનલ સીવીલ જજ, નડીયાદ | સીવીલ | ૧૫ |
| | | ક્રિમીનલ | ૮૭ |
| ૧૫ | પાંચમાં એડીશનલ સીવીલ જજ, નડીયાદ | સીવીલ | ૭૬ |
| | | ક્રિમીનલ | ૩૯૫ |
| ૧૬ | છઠ્ઠા એડીશનલ સીવીલ જજ, નડીયાદ | સીવીલ | ૨૮ |
| | | ક્રિમીનલ | ૧૯૪ |
| ૧૭ | સાતમાં એડીશનલ સીવીલ જજ, નડીયાદ | સીવીલ | ૧૭ |
| | | ક્રિમીનલ | ૧૩૯ |
| ૧૮ | આઠમાં એડીશનલ સીવીલ જજ, નડીયાદ | સીવીલ | ૧૭ |
| | | ક્રિમીનલ | ૧૭૯ |
| ૧૯ | નવમાં એડીશનલ સીવીલ જજ, નડીયાદ | સીવીલ | ૦ |
| | | ક્રિમીનલ | ૧૬૬ |
| ૨૦ | દસમાં એડીશનલ સીવીલ જજ, નડીયાદ | સીવીલ | ૦ |
| | | ક્રિમીનલ | ૧૭૨ |
| ૨૧ | અગિયારમાં એડીશનલ સીવીલ જજ, નડીયાદ | સીવીલ | ૦ |
| | | ક્રિમીનલ | ૧૭૮ |
| ૨૨ | બારમાં એડીશનલ સીવીલ જજ, નડીયાદ | સીવીલ | ૦ |
| | | ક્રિમીનલ | ૧૧૧ |
| ૨૩ | પ્રિન્સીપાલ સીવીલ જજ, ડાકોર | સીવીલ | ૩૫૭ |
| | | ક્રિમીનલ | ૧૪૮૫ |
| ૨૪ | એડીશનલ સીવીલ જજ, ડાકોર | સીવીલ | ૧૩૯ |
| | | ક્રિમીનલ | ૪૬૪ |
| ૨૫ | પ્રિન્સીપાલ સીવીલ જજ, ઠાસરા | સીવીલ | ૨૩૨ |

| | | | |
|---|---|---|---|
| | | ક્રિમીનલ | ૧૭૯૪ |
| ૨૬ | એડીશનલ સીવીલ જજ, ઠાસરા | સીવીલ | ૧ |
| | | ક્રિમીનલ | ૨૬૧ |
| ૨૭ | પ્રિન્સીપાલ સીવીલ જજ, બાલાસિનોર | સીવીલ | ૪૦૨ |
| | | ક્રિમીનલ | ૩૪૩૬ |
| ૨૮ | એડીશનલ સીવીલ જજ, બાલાસિનોર | સીવીલ | ૮ |
| | | ક્રિમીનલ | ૬૧ |
| ૨૯ | બીજા એડીશનલ સીવીલ જજ, બાલાસિનોર | સીવીલ | ૦ |
| | | ક્રિમીનલ | ૧૪૧ |
| ૩૦ | પ્રિન્સીપાલ સીવીલ જજ, કપડવંજ | સીવીલ | ૬૨૮ |
| | | ક્રિમીનલ | ૨૧૬૩ |
| ૩૧ | એડીશનલ સીવીલ જજ, કપડવંજ | સીવીલ | ૪૯૨ |
| | | ક્રિમીનલ | ૧૪૧૭ |
| ૩૨ | બીજા એડીશનલ સીવીલ જજ, કપડવંજ | સીવીલ | ૯ |
| | | ક્રિમીનલ | ૧૫૫ |
| ૩૩ | પ્રિન્સીપાલ સીવીલ જજ, કઠલાલ | સીવીલ | ૫૦૭ |
| | | ક્રિમીનલ | ૨૩૫૪ |
| ૩૪ | પ્રિન્સીપાલ સીવીલ જજ, ખેડા | સીવીલ | ૫૧૦ |
| | | ક્રિમીનલ | ૩૩૫૦ |
| ૩૫ | એડીશનલ સીવીલ જજ, ખેડા | સીવીલ | ૧૪૮ |
| | | ક્રિમીનલ | ૩૧૯ |
| ૩૬ | પ્રિન્સીપાલ સીવીલ જજ, મહેમદાવાદ | સીવીલ | ૨૩૭ |
| | | ક્રિમીનલ | ૬૫૭ |
| ૩૭ | એડીશનલ સીવીલ જજ, મહેમદાવાદ | સીવીલ | ૨૦૨ |
| | | ક્રિમીનલ | ૫૪૨ |
| ૩૮ | પ્રિન્સીપાલ સીવીલ જજ, માતર | સીવીલ | ૪૬૩ |
| | | ક્રિમીનલ | ૧૮૪૭ |
| ૩૯ | એડીશનલ સીવીલ જજ, માતર | સીવીલ | ૯૦ |
| | | ક્રિમીનલ | ૯૭ |
| ૪૦ | બીજા એડીશનલ સીવીલ જજ, માતર | સીવીલ | ૫૩ |
| | | ક્રિમીનલ | ૨૩૯ |
| ૪૧ | પ્રિન્સીપાલ સીવીલ જજ, મહુધા | સીવીલ | ૧૬૫ |
| | | ક્રિમીનલ | ૩૩૨ |
| | | **કુલ સીવીલ કેસો** | **૨૨૨૩૨** |
| | | **કુલ ક્રિમીનલ કેસો** | **૩૨૬૨૫** |
| | | **કુલ કેસો (સીવીલ + ક્રિમીનલ)** | **૫૪૮૫૭** |

(બ) મહીસાગરને ન્યાયિક જિલ્લો જાહેર કરવામાં આવેલ નથી.

(૨) રાજ્ય સરકારે આ કેસોમાં થતો ભરાવો અટકાવવા માટે ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શા પગલા લીધા ?

(૨) કેસોનો ભરાવો અટકાવવા માટે છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે નીચે મુજબ પગલા લીધેલ છે.

(૧) સ્વર્ણિમ ગુજરાતની સ્થાપના નિમિત્તે રાજ્યમાં આવેલ જુદા જુદા જિલ્લાઓમાં જુદા જુદા સંવર્ગની કુલ ૭૦૦ વધારાની કોર્ટોની સ્થાપના કરવામાં આવેલ છે તે માટે ન્યાયાધીશો સહીત સહાયક મહેકમની કુલ ૪૯૦૦ જગ્યાઓ ઉભી કરવામાં આવેલ છે.

(૨) રાજ્યમાં આવેલ જુદા–જુદા જિલ્લાઓમાં ૨૩ વધારાના જિલ્લા ન્યાયાધીશોની કોર્ટ, ૩૪ સીનીયર સીવીલ જજની કોર્ટની અને ૪૩ સીવીલ જજની કોર્ટની સ્થાપના કરેલ છે.

(૩) ગુજરાત રાજ્યમાં જુદી જુદી અદાલતોમાં જરૂરી એવી તમામ માળખાગત સુવિધાઓ, ઈ–કોર્ટ મશીન મોડ પ્રોજકેટ હેઠળ કોમ્પ્યુટર તથા તેને આનુષાંગિક સુવિધાઓ, તથા જીસ્વાનની સુવિધાઓ પૂરી પાડવામાં આવેલ છે.

(૪) રાજ્યના જિલ્લાઓમાં મીડીએશન સેન્ટર ઉભા કરવામાં આવેલ છે. જેમાં સમાધાન લાયક કેસો મુકવામાં આવે છે. આ પધ્ધતિ દ્વારા વિવાદોનુ સત્વરે નિરાકરણ થાય છે અને કોર્ટોના વધતા જતા ભારણને પણ ઓછું કરવામાં મદદ કરે છે.

(૫) રાજ્યના તાબાના તમામ ન્યાયાધીશોની તાલીમ માટે રચવામાં આવેલ ગુજરાત રાજ્ય ન્યાયિક એકેડમી ખાતે રાજ્ય સરકાર દ્વારા માળખાકીય સુવિધા ઉભી કરવામાં આવેલ છે. તથા તેમાં ન્યાયાધિશોને તાલીમ આપવામાં આવેલ છે. ઉપરાંત ગુજરાતના ઉચ્ચ ન્યાયાલય સહીતના ન્યાયાધિશોને લેપટોપની સુવિધા પૂરી પાડેલ છે. તે જ રીતે આસીસ્ટન્ટ પબ્લિક પ્રોસીક્યુટર્સને પણ લેપટોપ ઈ–લાયબ્રેરીની સુવિધાઓ પૂરી પાડવામાં આવેલ છે.

આ ઉપરાંત, રાજ્યના તમામ આસીસ્ટન્ટ પબ્લિક પ્રોસીક્યુટર્સને સ્કીલ અપગ્રેડશન માટે સઘન ઈન–હાઉસ તાલીમ પૂરી પાડવામાં આવેલ છે. જેનાથી ન્યાયિક પ્રક્રિયાને વેગ મળે છે.

(૬) રાજ્યમાં આવેલ જુદા જુદા જિલ્લાઓમાં સમયાંતરે કાયમી લોક અદાલતો, મેગા લોક અદાલતો, પ્રી–લીટીગેશન લોક અદાલતો યોજવામાં આવે છે. આ પધ્ધતિ દ્વારા પણ વિવાદોનું નિરાકરણ થાય છે અને લોક અદાલતના માધ્યમ દ્વારા પણ કોર્ટ કેસોમાં થતો ભરાવો અટકે છે.

---------

## સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં વિદ્યાર્થીઓ માટે છાત્રાલયો

* ૧૪૮૮૫ **શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(બાયડ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાઓમાં ઉચ્ચ શિક્ષણ માટે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓને સરકારી છાત્રાલયોમાં પુરતા પ્રમાણમાં પ્રવેશ આપવામાં આવતો નથી તે હકીકત ખરી છે કે | (૧) ના. |

કેમ,

(૨) જો હા, તો આર્થિક રીતે નબળી સ્થિતિનાં વિદ્યાર્થીઓને વધુ સુવિધા ઉપલબ્ધ કરાવવા સરકાર દ્વારા કુમાર/કન્યાની નવી છાત્રાલયો બનાવવાનું આયોજન છે ખરૂં, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) જો હા, તો કેટલા સમયમાં અને ક્યાં ઉકત છાત્રાલયો બનાવવાનું આયોજન છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**સાબરકાંઠા જિલ્લામાં બેરોજગારોને રોજગારી**

* ૧૪૫૭૮ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા શિક્ષિત બેરોજગાર નોંધાયેલા છે,

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | શિક્ષિત બેરોજગારની સંખ્યા |
|---|---|---|
| ૧ | હિંમતનગર | ૭૩૦૪ |
| ૨ | ઈડર | ૪૮૦૯ |
| ૩ | વડાલી | ૯૫૩ |
| ૪ | ખેડબ્રહ્મા | ૧૪૨૯ |
| ૫ | પોશીના | ૬૬૨ |
| ૬ | વિજયનગર | ૨૩૮૭ |
| ૭ | પ્રાંતિજ | ૨૮૩૬ |
| ૮ | તલોદ | ૨૬૧૪ |
| | **કુલ** | **૨૨૯૯૪** |

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નોંધાયેલ બેરોજગારોને રોજગારી આપવામાં આવી, અને

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | રોજગારી આપવામાં આવેલ શિક્ષિત બેરોજગારો |
|---|---|---|
| ૧ | હિંમતનગર | ૧૧૮૨ |
| ૨ | ઈડર | ૭૬૮ |
| ૩ | વડાલી | ૯૪ |
| ૪ | ખેડબ્રહ્મા | ૧૨૨ |
| ૫ | પોશીના | ૨૨ |
| ૬ | વિજયનગર | ૩૦૮ |
| ૭ | પ્રાંતિજ | ૯૧૧ |
| ૮ | તલોદ | ૨૮૦ |
| | **કુલ** | **૩૬૮૭** |

(૩) આ રોજગારી કાયમી કે હંગામી આપવામાં આવેલ છે?

(૩)

| ક્રમ | તાલુકાનું નામ | આપવામાં આવેલ રોજગારી | |
|---|---|---|---|
| | | કાયમી | હંગામી |
| ૧ | હિંમતનગર | ૨ | ૧૧૮૦ |
| ૨ | ઈડર | ૦ | ૭૬૮ |
| ૩ | વડાલી | ૦ | ૯૪ |
| ૪ | ખેડબ્રહ્મા | ૨ | ૧૨૦ |
| ૫ | પોશીના | ૦ | ૨૨ |
| ૬ | વિજયનગર | ૧ | ૩૦૭ |
| ૭ | પ્રાંતિજ | ૧ | ૯૧૦ |
| ૮ | તલોદ | ૨ | ૨૭૮ |

---------

**નસવાડી ખાતે કોર્ટ મકાનનું બાંધકામ**

* ૧૩૭૨૭ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય કાયદા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છોટાઉદેપુર જિલ્લાના નસવાડી ખાતે કોર્ટના મકાન માટે વર્ષ ૨૦૧૪–૧૫ના બજેટમાં કેટલી રકમ ફાળવેલ છે, અને | (૧) `૨,૧૮,૦૦,૦૦૦/– |
| (૨) રકમ ફાળવવામાં આવેલી હોય તો કોર્ટનું મકાન કેટલા સમયમાં બનાવવામાં આવશે ? | (૨) ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયા બાદ બનતી ત્વરાએ. |

---------

**બનાસકાંઠા જિલ્લાને ફાળવેલ નવી બસો**

* ૧૪૭૭૪ **શ્રી જોઇતાભાઇ ક. પટેલ(ધાનેરા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ સરકાર દ્વારા ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમને નવી બસો ખરીદવા માટે કેટલી રકમ છેલ્લા બે વર્ષમાં ફાળવવામાં આવી ?

**જવાબ**

| | |
|---|---|
| સને ૨૦૧૨–૧૩ દરમ્યાન નિગમને નવી બસો ખરીદવા ફાળવેલ રકમ | ૩.૨૯૦.૦૦ કરોડ |
| સને ૨૦૧૩–૧૪ દરમ્યાન નિગમને નવી બસો ખરીદવા ફાળવેલ રકમ | – |
| તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ નિગમને નવી બસો ખરીદવા ફાળવેલ રકમ | – |

---------

**આણંદ આર.ટી.ઓ. કચેરીની આવક**

* ૧૩૭૦૩ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ આણંદ આર.ટી.ઓ. કચેરીની છેલ્લા એક વર્ષમાં કેટલી આવક થઈ, અને | (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ આણંદ આર.ટી.ઓ. કચેરીની છેલ્લા એક વર્ષમાં રૂપિયા ૫૧.૮૩ કરોડની આવક થઈ. |
| (૨) ગત વર્ષની આવકમાં વધારો થયો છે કે કેમ ? | (૨) હા, ગત વર્ષની આવકના પ્રમાણમાં રૂપિયા ૪.૮૩ કરોડનો વધારો થયો છે. |

---------

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાની કોર્ટોમાં પડતર કેસો**

* ૧૪૪૭૮ **શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય કાયદા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કોર્ટોવાર કેવા પ્રકારના કેટલા કેસો પડતર છે, અને

**જવાબ**

(૧) (અ) જામનગર જિલ્લામાં કોર્ટોવાર નીચે મુજબના કેસો પડતર છે.

| અ.નં. | કોર્ટનું નામ | કેસોનો પ્રકાર | ૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ પડતર |
|---|---|---|---|
| ૧ | પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ જજ, જામનગર | સીવીલ | ૧૫૪૦ |
| | | ક્રિમીનલ | ૭૬ |
| ૨ | એડીશનલ ડીસ્ટ્રીકટ જજ, જામનગર (ડીવાયએમ) | સીવીલ | ૨૬૫૧ |
| | | ક્રિમીનલ | ૧૯૪ |
| ૩ | બીજા એડીશનલ ડીસ્ટ્રીકટ જજ, જામનગર (પીજીએ) | સીવીલ | ૨૧૯૩ |

| | | | |
|---|---|---|---|
| | | ક્રિમીનલ | ૩૧૦ |
| ૪ | ત્રીજા એડીશનલ ડીસ્ટ્રીકટ જજ, ખંભાલીયા (એચઆરઆર) | સીવીલ | ૧૨૧૪ |
| | | ક્રિમીનલ | ૩૬૦ |
| ૫ | ચોથા એડીશનલ ડીસ્ટ્રીકટ જજ, જામનગર (એસપીજી) | સીવીલ | ૩૪૮૫ |
| | | ક્રિમીનલ | ૫૬૯ |
| ૬ | પાંચમાં એડીશનલ ડીસ્ટ્રીકટ જજ, ખંભાલીયા (બીએલસી) | સીવીલ | ૮૬૦ |
| | | ક્રિમીનલ | ૨૪૩ |
| ૭ | પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ, જામનગર | સીવીલ | ૧૨૪૫ |
| | | ક્રિમીનલ | ૦ |
| ૮ | ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, જામનગર | સીવીલ | ૦ |
| | | ક્રિમીનલ | ૨૮૬૩ |
| ૯ | બીજા એડીશનલ સીનીયર સીવીલ જજ, જામનગર | સીવીલ | ૫૪૧ |
| | | ક્રિમીનલ | ૩૯૬ |
| ૧૦ | ત્રીજા એડીશનલ સીનીયર સીવીલ જજ, જામનગર | સીવીલ | ૫૧૬ |
| | | ક્રિમીનલ | ૧૫૩૯ |
| ૧૧ | ચોથા એડીશનલ સીનીયર સીવીલ જજ, જામનગર | સીવીલ | ૬૩૨ |
| | | ક્રિમીનલ | ૧૦૭૪ |
| ૧૨ | પાંચમાં એડીશનલ સીનીયર સીવીલ જજ, જામનગર | સીવીલ | ૦ |
| | | ક્રિમીનલ | ૧૩૧૦ |
| ૧૩ | છઠ્ઠા એડીશનલ સીનીયર સીવીલ જજ, જામનગર | સીવીલ | ૦ |
| | | ક્રિમીનલ | ૮૬૩ |
| ૧૪ | સાતમાં એડીશનલ સીનીયર સીવીલ જજ, જામનગર | સીવીલ | ૪૯૫ |
| | | ક્રિમીનલ | ૭૫૬ |
| ૧૫ | આઠમાં એડીશનલ સીનીયર સીવીલ જજ, જામનગર | સીવીલ | ૬૩૦ |
| | | ક્રિમીનલ | ૧૧૨૯ |
| ૧૬ | નવમાં એડીશનલ સીનીયર સીવીલ જજ, જામનગર | સીવીલ | ૯૮૨ |
| | | ક્રિમીનલ | ૫૮૦ |
| ૧૭ | દસમાં એડીશનલ સીનીયર સીવીલ જજ, જામનગર | સીવીલ | ૮૬૫ |

| | | | |
|---|---|---|---|
| | | ક્રિમીનલ | ૧૦૭૦ |
| ૧૮ | અગિયારમાં એડીશનલ સીનીયર સીવીલ જજ, જામનગર | સીવીલ | ૫૦૦ |
| | | ક્રિમીનલ | ૧૪૬૦ |
| ૧૯ | બારમાં એડીશનલ સીનીયર સીવીલ જજ, જામનગર | સીવીલ | ૫૩૯ |
| | | ક્રિમીનલ | ૧૧૯૨ |
| ૨૦ | એડીશનલ સીવીલ જજ, જામનગર | સીવીલ | ૧૦૪ |
| | | ક્રિમીનલ | ૧૨૯૩ |
| ૨૧ | બીજા એડીશનલ સીવીલ જજ, જામનગર | સીવીલ | ૧૪૪ |
| | | ક્રિમીનલ | ૧૧૬૩ |
| ૨૨ | ત્રીજા એડીશનલ સીવીલ જજ, જામનગર | સીવીલ | ૫૭ |
| | | ક્રિમીનલ | ૨૩૭૯ |
| ૨૩ | ચોથા એડીશનલ સીવીલ જજ, જામનગર | સીવીલ | ૫૩ |
| | | ક્રિમીનલ | ૧૦૮૮ |
| ૨૪ | પાંચમાં એડીશનલ સીવીલ જજ, જામનગર | સીવીલ | ૫૩ |
| | | ક્રિમીનલ | ૧૯૩૦ |
| ૨૫ | છઠ્ઠા એડીશનલ સીવીલ જજ, જામનગર | સીવીલ | ૬૩ |
| | | ક્રિમીનલ | ૧૭૫૫ |
| ૨૬ | સાતમાં એડીશનલ સીવીલ જજ, જામનગર | સીવીલ | ૪૮ |
| | | ક્રિમીનલ | ૧૫૦૦ |
| ૨૭ | આઠમાં એડીશનલ સીવીલ જજ, જામનગર | સીવીલ | ૫૫ |
| | | ક્રિમીનલ | ૧૩૨૬ |
| ૨૮ | નવમાં એડીશનલ સીવીલ જજ, જામનગર | સીવીલ | ૫૪ |
| | | ક્રિમીનલ | ૧૮૮૦ |
| ૨૯ | જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ, જામનગર | સીવીલ | ૦ |
| | | ક્રિમીનલ | ૧૯૩ |
| ૩૦ | પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ, ખંભાલીયા | સીવીલ | ૧૯૨૫ |
| | | ક્રિમીનલ | ૨૯૭ |
| ૩૧ | એડીશનલ સીનીયર સીવીલ જજ, ખંભાલીયા | સીવીલ | ૨૦૮૧ |
| | | ક્રિમીનલ | ૨૫૧ |

| | | | |
|---|---|---|---|
| ૩૨ | એડીશનલ સીવીલ જજ, ખંભાલીયા | સીવીલ | ૧૭૬ |
| | | ક્રિમીનલ | ૧૪૮૫ |
| ૩૩ | બીજા એડીશનલ સીવીલ જજ, ખંભાલીયા | સીવીલ | ૨૧ |
| | | ક્રિમીનલ | ૫૫૪ |
| ૩૪ | ત્રીજા એડીશનલ સીવીલ જજ, ખંભાલીયા | સીવીલ | ૨૫ |
| | | ક્રિમીનલ | ૫૫૪ |
| ૩૫ | ચોથા એડીશનલ સીવીલ જજ, ખંભાલીયા | સીવીલ | ૫ |
| | | ક્રિમીનલ | ૪૫૪ |
| ૩૬ | પ્રિન્સીપાલ સીવીલ જજ, લાલપુર | સીવીલ | ૪૫૬ |
| | | ક્રિમીનલ | ૯૩૭ |
| ૩૭ | એડીશનલ સીવીલ જજ, લાલપુર | સીવીલ | ૨૫ |
| | | ક્રિમીનલ | ૪૭૧ |
| ૩૮ | પ્રિન્સીપાલ સીવીલ જજ, કલ્યાણપુર | સીવીલ | ૧૨૯ |
| | | ક્રિમીનલ | ૧૫૭૭ |
| ૩૯ | પ્રિન્સીપાલ સીવીલ જજ, ભાણવડ | સીવીલ | ૧૯૮ |
| | | ક્રિમીનલ | ૯૧૬ |
| ૪૦ | પ્રિન્સીપાલ સીવીલ જજ, જામજોધપુર | સીવીલ | ૧૧૧ |
| | | ક્રિમીનલ | ૧૩૨૯ |
| ૪૧ | પ્રિન્સીપાલ સીવીલ જજ, ધરોલ | સીવીલ | ૧૯૦ |
| | | ક્રિમીનલ | ૮૮૨ |
| ૪૨ | પ્રિન્સીપાલ સીવીલ જજ, જોડીયા | સીવીલ | ૩૪૪ |
| | | ક્રિમીનલ | ૭૩૪ |
| ૪૩ | પ્રિન્સીપાલ સીવીલ જજ, કલવડ | સીવીલ | ૩૪૧ |
| | | ક્રિમીનલ | ૯૨૦ |
| ૪૪ | પ્રિન્સીપાલ સીવીલ જજ, દ્વારકા | સીવીલ | ૧૭૭ |
| | | ક્રિમીનલ | ૨૦૫૫ |
| ૪૫ | એડીશનલ સીવીલ જજ, દ્વારકા | સીવીલ | ૨૫ |
| | | ક્રિમીનલ | ૫૩૮ |
| | | **કુલ સીવીલ કેસો** | **૨૫૭૪૮** |

| | |
|---|---|
| **કુલ ક્રિમીનલ કેસો** | **૪૪૪૪૫** |
| **કુલ કેસો (સીવીલ + ક્રિમીનલ)** | **૭૦૧૯૩** |

(બ) દેવભૂમિ દ્વારકાને ન્યાયિક જિલ્લો જાહેર કરવામાં આવેલ નથી.

(૨) કેસોનો ઝડપથી નિકાલ થાય તે માટે છેલ્લાં બે વર્ષમાં શી કાર્યવાહી કરવામાં આવી ?

(૨) કેસોનો અટકાવવા માટે છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે નીચે મુજબ પગલા લીધેલ છે.

(૧) સ્વર્ણિમ ગુજરાતની સ્થાપના નિમિતે રાજ્યમાં આવેલ જુદા જુદા જિલ્લાઓમાં જુદા–જુદા સંવર્ગની કુલ ૭૦૦ વધારાની કોર્ટોની સ્થાપના કરવામાં આવેલ છે તે માટે ન્યાયાધીશો સહીત સહાયક મહેકમની કુલ ૪૯૦૦ જગ્યાઓ ઉભી કરવામાં આવેલ છે.

(૨) રાજ્યમાં આવેલ જુદા–જુદા જિલ્લાઓમાં ૨૩ વધારાના જિલ્લા ન્યાયાધીશોની કોર્ટ, ૩૪ સીનીયર સીવીલ જજની કોર્ટની અને ૪૩ સીવીલ જજની કોર્ટની સ્થાપના કરેલ છે.

(૩) ગુજરાત રાજ્યમાં જુદી જુદી અદાલતોમાં જરૂરી એવી તમામ માળખાગત સુવિધાઓ, ઈ–કોર્ટ મશીન મોડ પ્રોજકેટ હેઠળ કોમ્પ્યુટર તથા તેને આનુષાંગિક સુવિધાઓ, તથા જીસ્વાનની સુવિધાઓ પૂરી પાડવામાં આવેલ છે.

(૪) રાજ્યના જિલ્લાઓમાં મીડીએશન સેન્ટર ઉભા કરવામાં આવેલ છે. જેમાં સમાધાન લાયક કેસો મુકવામાં આવે છે. આ પધ્ધતિ દ્વારા વિવાદોનુ સત્વરે નિરાકરણ થાય છે અને કોર્ટોના વધતા જતા ભારણને પણ ઓછું કરવામાં મદદ કરે છે.

(૫) રાજ્યના તાબાના તમામ ન્યાયાધીશોની તાલીમ માટે રચવામાં આવેલ ગુજરાત રાજ્ય ન્યાયિક એકેદમી ખાતે રાજ્ય સરકાર દ્વારા માળખાકીય સુવિધા ઉભી કરવામાં આવેલ છે. તથા તેમાં ન્યાયાધિશોને તાલીમ આપવામાં આવેલ છે. ઉપરાંત ગુજરાતના ઉચ્ચ ન્યાયાલય સહીતના ન્યાયાધિશોને લેપટોપની સુવિધા પૂરી પાડેલ છે. તે જ રીતે આસીસ્ટન્ટ પબ્લિક પ્રોસીક્યુટર્સને પણ લેપટોપ ઈ–લાયબ્રેરીની સુવિધાઓ પૂરી પાડવામાં આવેલ છે.

આ ઉપરાંત, રાજ્યના તમામ આસીસ્ટન્ટ પબ્લિક પ્રોસીક્યુટર્સને સ્કીલ અપગ્રેડશન માટે સઘન ઈન–હાઉસ તાલીમ પૂરી પાડવામાં આવેલ છે. જેનાથી ન્યાયિક પ્રક્રિયાને વેગ મળે છે.

(૬) રાજ્યમાં આવેલ જુદા જુદા જિલ્લામાઓમાં સમયાંતરે કાયમી લોક અદાલતો, મેગા લોક અદાલતો, પ્રી–લીટીગેશન લોક અદાલતો યોજવામાં આવે છે. આ પધ્ધતિ દ્વારા પણ વિવાદોનું નિરાકરણ થાય છે અને લોક અદાલતના માધ્યમ દ્વારા પણ કોર્ટ કેસોમાં થતો ભરાવો અટકે છે.

---------

### એસ.ટી. બસોના ભાડામાં ઘટાડો

* ૧૩૭૯૪ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જાન્યુઆરી–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ડીઝલ અને સી.એન.જી. ના ભાવમાં વારંવાર ઘટાડો જાહેર થયા પછી પણ એસ.ટી. બસોમાં ભાડા ઘટાડો કરવા સરકારે મંજૂરી આપી નથી તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેના શા કારણો છે, અને<br>(૩) ડીઝલ અને સી.એન.જી. ના ભાવઘટાડાને ધ્યાનમાં રાખીને એસ.ટી. બસના ભાડામાં ઘટાડો રાજ્ય સરકાર દ્વારા ક્યાં સુધીમાં કરવાનું આયોજન છે ? | (૨) અને (૩) : એસ.ટી. બસના ભાડા નક્કી કરવા માટે ડીઝલ અને સી.એન.જી. ના ભાવ ઉપરાંત અન્ય અસરકર્તા પરીબળો પણ ધ્યાને લેવાના હોય છે. અને તેના આધારે ભાડામાં ઘટાડો કે વધારો કરવો તે બાબત નક્કી થાય છે. આ બાબત હાલ વિચારણા હેઠળ છે. |

---------

### બાવળા અને સાણંદ તાલુકામાં નર્મદાનું પીવાનું પાણી આપવા બાબત

* ૧૪૪૦૬ **શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના બાવળા અને સાણંદ તાલુકામાં નર્મદાના પાણી પીવા માટે કેટલા ગામોને અપાય છે, અને | (૧) બાવળા તાલુકાના ૪૫ ગામો પૈકી ૪૪ ગામોને જુથ યોજનામાંથી તથા ૧ ગામ સ્વતંત્ર યોજના દ્વારા અને સાણંદ તાલુકાના ૫૨ ગામો પૈકી ૪૫ ગામો જુથ યોજનામાંથી તથા ૭ ગામો સ્વતંત્ર યોજના દ્વારા પાણી મેળવે છે. |
| (૨) ઉકત બાબતે પાણી ન અપાતુ હોય, તેવા તમામ ગામોમાં સત્વરે આ પાણી મળે તે માટે સરકારે ઉકત સ્થિતિએ શું આયોજન કરેલ છે ? | (૨) ઉપરોકત વિગતે જુથ યોજના દ્વારા નર્મદાનું પાણી ન મેળવતા ૮ ગામો પૈકી બાવળા તાલુકાના ૧ ગામ (સાકોડ) ને માહે ૪–૨૦૧૫ સુધીમાં નર્મદાનું પાણી મળે તે રીતે આયોજન કરવામાં આવેલ છે.<br>સાણંદ તાલુકાના ૧ ગામ (તાજપુર) ને માહે ૪–૨૦૧૫ સુધીમાં તથા ૫ ગામોને માહે ૧૨–૨૦૧૫ સુધીમાં નર્મદાનું પાણી મળે તે રીતે આયોજન કરવામાં આવેલ છે. જ્યારે ખીંચા ગામે સ્થાનિક સોર્સ હોય સ્વૈચ્છિક રીતે નર્મદાનું પાણી લેતું નથી. |

---------

### બનાસકાંઠા જિલ્લામાં મંજૂર પાણી પુરવઠાની યોજનાઓ

* ૧૪૭૩૯ **શ્રી કાન્તીભાઇ કા. ખરાડી (દાંતા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં મધ્યમ અને નાની કક્ષાની કેટલી જૂથ પાણી પુરવઠાની યોજના મંજૂર કરવામાં આવી, અને કેટલી રકમ મંજૂર કરવામાં આવી, અને | (૧) એકપણ નહીં. |
| (૨) તે પૈકી કેટલી યોજના પૂર્ણ કરવામાં આવી, કેટલી રકમનો ખર્ચ થયો ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### રાજ્યમાં મજૂરોના કલ્યાણ માટે કાપવામાં આવતા સેસની જમા રકમ

* ૧૪૪૩૧ **ડૉ. અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં બાંધકામ ક્ષેત્ર સાથે જોડાયેલ મજૂરોના કલ્યાણ માટે કપાતા | (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ સેસની આવક રૂ.૯૦૯,૨૨,૧૫,૬૬૮/– ની રકમ જમા છે. |

સેસની આવક કેટલી જમા છે,

(૨) એમાંથી છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મજૂરોના કલ્યાણ માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) સેસની આવક રાજ્યના એકત્રિત ફંડમાં જમા થાય છે. શ્રમયોગીઓની કલ્યાણકારી પ્રવૃત્તિઓ માટેનો ખર્ચ બજેટ જોગવાઈ કરીને કરવામાં આવે છે. આ અંદાજપત્રિય જોગવાઈમાંથી સને ૨૦૧૩ માં રૂ.૯૯,૭૩,૬૨૩/- અને સને-૨૦૧૪ માં રૂ.૩,૩૬,૧૨,૯૧૮/- નો ખર્ચ કરવામાં આવ્યો છે.

(૩) ઉકત સ્થિતિએ વર્ષવાર તેમાંથી કઈ યોજનાઓ પાછળ ખર્ચ કરવામાં આવ્યો છે ?

(૩) સને ૨૦૧૩ માં શિક્ષણ સહાય યોજના, પ્રસુતિ સહાય યોજના અને અંત્યેષ્ઠી સહાય યોજના હેઠળ ખર્ચ થયેલ છે. જ્યારે સને ૨૦૧૪ માં શિક્ષણ સહાય યોજના, પ્રસુતિ સહાય યોજના, અંત્યેષ્ઠી સહાય યોજના, તબીબી સહાય યોજના, નાનાજી દેશમુખ આવાસ યોજના તેમજ વ્યવસાયિક રોગોને કારણે માંદગીમાં સહાય યોજના હેઠળ ખર્ચ થયેલ છે.

---------

**વિભાગ દ્વારા રોસ્ટર રજીસ્ટરોની ચકાસણી**

* ૧૩૭૫૫ **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સરકારના દરેક વિભાગોના રોસ્ટર રજીસ્ટરની ચકાસણી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા કરવામાં આવે છે, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારના ક્યા વિભાગના રોસ્ટર રજીસ્ટરોની ચકાસણી વિભાગ દ્વારા કરવામાં આવી, | (૨) ૨૩ વિભાગોના રોસ્ટર રજીસ્ટરોની ચકાસણી તેમજ પ્રમાણિત કરવાની કામગીરી કરવામાં આવી. (*પત્રક સામેલ છે.) |
| (૩) ચકાસણી દરમ્યાન ક્યા વિભાગોના રોસ્ટર રજીસ્ટરમાં નિયમોના અનુસંધાને અનિયમિતતા ધ્યાને આવી, અને | (૩) કોઈ નહિ. |
| (૪) ઉકત બાબતે જવાબદારો સામે ઉકત સ્થિતિએ શી કાર્યવાહી કરવામાં આવી ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**બનાસકાંઠા જિલ્લામાં વાહનોમાં હાઈ સિક્યોરીટી નંબર પ્લેટ**

* ૧૪૯૦૬ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કેન્દ્ર સરકારની ગાઈડ લાઈન મુજબ ખાસ પ્રકારની એમ્બોસ કરેલી નંબર પ્લેટ (હાઈ સિક્યોરીટી નંબર પ્લેટ) વાહનને આપવાની થાય છે તે હકીકત સાચી છે, | (૧) હા, |
| (૨) જો હા, તો બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ આ અંગે શું આયોજન છે, | (૨) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જીલ્લામાં કુલ ૫૮,૦૮૬ હાઈ સીક્યુરિટી રજીસ્ટ્રેશન પ્લેટ વાહનો પર ફીટ કરવામાં આવેલ છે. |
| (૩) આ કામગીરી ક્યાં સુધીમાં શરૂ કરવામાં આવનાર છે, અને | (૩) પાલનપુર આરટીઓ ખાતે હાઈ સીક્યુરિટી રજીસ્ટ્રેશન પ્લેટ લગાવવાની શરૂઆત તા.૨૯-૦૧-૨૦૧૩ના રોજથી કરવામાં આવેલ છે. |
| (૪) આ કામ કઈ એજન્સીને આપવામાં આવેલ છે ? | (૪) હાઈ સીક્યુરિટી રજીસ્ટ્રેશન પ્લેટ અંગેનું કામ મેસર્સ એફ.ટી.એ. એચ.એસ.આર.પી સોલ્યુશન પ્રા.લી. |

ગાંધીનગરને સોંપવામાં આવેલ છે.

---------

**વલસાડ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ સહાય**

* ૧૩૫૪૯ **શ્રી ઈશ્વરભાઇ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં તાલુકાવાર કુંવરબાઈનું મામેરૂ યોજના અંતર્ગત કેટલી અરજીઓ આવી, અને

(૨) ઉકત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરી કેટલી રકમ તે અન્વયે ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) અને (૨)

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **મળેલ અરજી** | **મંજુર અરજી** | **ચૂકવેલ સહાય (રૂ. લાખમાં)** |
|---|---|---|---|---|
| ૧ | વલસાડ | ૯૯ | ૯૬ | ૯.૫૦ |
| ૨ | પારડી | ૮૩ | ૭૬ | ૭.૪૦ |
| ૩ | ઉંમરગામ | ૬૫ | ૬૧ | ૬.૦૫ |
| ૪ | ધરમપુર | ૧ | ૧ | ૦.૧૦ |
| ૫ | કપરાડા | ૦ | ૦ | ૦.૦૦ |
| | **કુલ** | **૨૪૮** | **૨૩૪** | **૨૩.૦૫** |

---------

**રાજ્યમાં નોટરીની ખાલી જગ્યાઓ**

* ૧૪૨૫૩ **શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય કાયદા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ નોટરીની કુલ કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨) આ ખાલી જગ્યાઓ ભરવા માટે રાજ્ય સરકાર દ્વારા શી કાર્યવાહી કરવામાં આવેલ છે, અને

(૩) ઉકત સ્થિતિએ ખાલી જગ્યાઓ ભરવા માટે રાજ્ય સરકાર અનામત નિતિ અનુસાર વિકસતી જાતિ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની ટકાવારી મુજબ નોટરીની ખાલી જગ્યાઓ ભરવા માંગે છે કે કેમ ?

**જવાબ**

(૧) રાજ્યમાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ નોટરીની કુલ ૬૧ જગ્યાઓ ખાલી છે.

(૨) ઉકત ૬૧ જગ્યાઓ પૈકી ૩૯ જગ્યાઓ ભરવા માટે જાહેરાત આપવામાં આવેલ હતી. તેમજ નોટરીનાં ઇન્ટરવ્યુ પણ પુર્ણ થઈ ગયેલ છે.

(૩) નોટરી અધિનિયમ–૧૯૫૨ની કલમ–૧૫ મુજબ કેન્દ્ર સરકારે નોટરી નિયમો ૧૯૫૬ બનાવેલા છે. આ નિયમોનાં નિયમ–૩ માં નોટરીની નિમણુંક માટેની લાયકાતની જોગવાઈ કરેલ છે અને તે મુજબ SC/ST ઉમેદવારો માટે ઓછામાં ઓછી ૭ (સાત) વર્ષની વકીલાત તરીકે પ્રેકટીસ કરેલ હોવાની લાયકાતની જોગવાઈ છે.

આમ, નિયમ–૩માં અગ્રતા આપવાની કોઈ જોગવાઈ ના હોઈ ખાલી જગ્યા ભરવા માટે અનામત નીતી અનુસરવાની રહેતી નથી.

---------

**કચ્છના અછતગ્રસ્ત વિસ્તારમાં પીવાના પાણીના ટેન્કર બાબત**

* ૧૪૧૨૧ **શ્રી શકિતસિંહજી હ. ગોહિલ (અબડાસા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ કચ્છ જિલ્લાના અછતગ્રસ્ત વિસ્તારોમાં પીવાના પાણીનાં કેટલા ટેન્કરો ચાલે છે, અને

(૨) આ ટેન્કરોની સંખ્યા વધારીને પુરતુ પાણી આપવાનું આયોજન શું છે ?

**જવાબ**

(૧) ૫૭ ટેન્કર

(૨) કચ્છ જિલ્લાના પીવાના પાણીની સંભવિત તંગીવાળા ૧૫૦ ગામ અને ૫૯ પરા માટે ક્રમશઃ ૧૧૦ ટેન્કર મારફતે પીવાનું પાણી આપવાનું આયોજન છે.

---------

**મહેસાણા જિલ્લાની કોર્ટોમાં ખાલી જગ્યાઓ**

* ૧૪૭૫૧ **શ્રી રમેશભાઈ મ. ચાવડા(કડી) : માનનીય કાયદા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં કુલ કેટલી કોર્ટો કઈ જગ્યાએ કાર્યરત છે, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં *પત્રક–૧ માં જણાવ્યા મુજબની કોર્ટો કાર્યરત છે. |
| (૨) તે અન્વયે સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે, અને | (૨) તે અન્વયે કોર્ટોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ *પત્રક–૨ માં સામેલ છે, અને |
| (૩) ઉકત સ્થિતિએ તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલી છે અને કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે, તથા ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૩) ઉકત સ્થિતિએ સંવર્ગવાર ભરાયેલી જગ્યાઓ અને સંવર્ગવાર ખાલી જગ્યાઓ *પત્રક–૩ માં સામેલ છે. ભારતીય બંધારણના અનુચ્છેદ ૨૩૫ હેઠળ ન્યાયતંત્ર ઉપર વહીવટી અંકુશ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં નિહિત થયેલ છે. ન્યાયતંત્રની કોર્ટોમાં ખાલી જગ્યાઓ ભરવા માટેની તમામ કાર્યવાહી ગુજરાત હાઈકોર્ટ દ્વારા કરવામાં આવે છે. |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

## દલિત મહિલાની હત્યા સંબંધી મુદ્દો ઉપસ્થિત કરવા બાબત.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા (વિરોધપક્ષના નેતાશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, અતિ મહત્વનો તાકીદનો પ્રશ્ન છે. ગુજરાતમાં સ્ત્રી સશક્તિકરણની વાતો થાય છે. ગતિશીલ સરકારમાં પરમ દિવસે એક ગરીબ દલિત મહિલાનું ધોળે દિવસે ખૂન થાય છે. એના ભાઈનું ખૂન થયું હતું એના માટે એ હાઈકોર્ટમાં રજૂઆત કરવા માટે આવે છે અને એનું પણ ખૂન થઈ જાય છે. આવા અતિ ગંભીર બનાવની ચર્ચાની અનુમતી માગીએ છીએ. (વિરોધપક્ષના સભ્યશ્રીઓ દ્વારા સતત સૂત્રોચ્ચાર)

અધ્યક્ષશ્રી : આ વિષયની ચર્ચા ન કરીએ. શ્રી બળવંતસિંહે ઝીરો અવર્સની મંજૂરી માગી હતી. પણ આપણે ત્યાં પ્રથા નથી, નિયમમાં પણ કોઈ જોગવાઈ નથી. માનનીય મંત્રીશ્રીને પણ એમણે જાણ કરવી જોઈએ. મંત્રીશ્રી જવાબ આપવા માટે સંમત થયા નથી. આપણે આવી નવી કોઈ પ્રથા ન પાડીએ તો સારું. ઝીરો અવર્સની કોઈ પ્રથા નથી. અત્યારે ચર્ચા ઉભી ન કરીએ તો સારું.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : મહિલા ઉપર થયેલા અત્યાચારની વાત છે. આ ગતિશીલ સરકારમાં થયેલા અત્યાચારની વાત છે.

અધ્યક્ષશ્રી : શ્રી બલવંતસિંહની નોટિસ હું જોઈ ગયો છું. એમાં મંત્રીશ્રી સંમત હોવા જોઈએ. મંત્રીશ્રીએ સંમતિ દર્શાવેલ નથી. પ્લીઝ બેસી જાઓ. આ મુદ્દો ઉભો ન કરીએ તો સારું.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : અતિ સંવેદનશીલ મુદ્દો છે. આપને વિનંતી છે કે, આપ ચર્ચાની અનુમતી આપો. કમસેકમ વિધાનસભા આનાથી ચિંતિત છે, ગુજરાતના તમામ લોકો ચિંતા વ્યક્ત કરે છે.

અધ્યક્ષશ્રી : ઝીરો અવર્સની જોગવાઈ નથી. મંત્રીશ્રીની સંમતિ લેવી જરૂરી છે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : ઝીરો અવર્સની ચર્ચા માટે મંત્રીશ્રીની મંજૂરી જરૂરી નથી. આપશ્રી મંજૂરી આપો.

(શ્રી શૈલેષભાઈ પરમાર, શ્રી રમેશભાઈ ચાવડા, શ્રી કરમશીભાઈ પટેલ અને અન્ય સભ્યશ્રીઓ વેલમાં આવ્યા.)

અધ્યક્ષશ્રી : આપને ચર્ચા કરવાના અનેક અવસરો મળવાના છે. પ્લીઝ શાંતિથી બેસી જાઓ. (સૂત્રોચ્ચાર) આપ સૌ ગૃહ ચલાવવામાં સહકાર આપો. પ્લીઝ, બેસી જાઓ. નેકસ્ટ, સચિવશ્રી.. (અંતરાય) વિધાનસભાની વેલમાં આવી શકાતું નથી, આપ વેલમાં આવ્યા છો એટલે મારે બહાર મોકલવા પડશે. સાર્જન્ટને વિનંતી છે કે, જે સભ્યશ્રીઓ વેલમાં આવ્યા છે તેમને શાંતિથી બહાર લઈ જવામાં આવે.. ચાલો ચાલો વડિલોને શાંતિપૂર્વક એક એક કરીને બહાર લઈ જાઓ. (માનનીય સભ્યશ્રી શંકરસિંહ વાઘેલા, શ્રી શકિતસિંહ ગોહિલ,શ્રી

મોહનસિંહ રાઠવા, શ્રી રામસિંહ પરમાર, શ્રી રાઘવજીભાઇ પટેલ, શ્રી બલવંતસિંહ રાજપૂત સિવાયના કોંગ્રેસ પક્ષના હાજર રહેલ માનનીય સભ્યશ્રીઓ ધીરે ધીરે વેલમાં આવતા ગયા.) (સતત સૂત્રોચ્ચાર)

અધ્યક્ષશ્રી : સાર્જન્ટ મિત્રો, એમને શાંતિથી બહાર લઇ જાવ. પ્લીઝ,શાંતિપૂર્વક બહાર લઇ જાવ, એક એક કરીને બહાર લઇ જાવ. આપણે ત્યાં ઝીરો અવરને કોઇ અવકાશ નથી, સાર્જન્ટ મિત્રો, જેટલા પણ લોકો વેલમાં આવી ગયા છે એમને શાંતિથી બહાર લઇ જાવ. (સૂત્રોચ્ચાર) પ્લીઝ આ પ્રકારના સૂત્રો કે આ પ્રકારનું પ્રદર્શન આપણે કરી શકતા નથી મહેરબાની કરીને આપ ગૃહની બહાર જાવ. સાર્જન્ટ મિત્રો, એમને શાંતિથી બહાર લઇ જાવ. એક એક કરીને બહાર લઇ જાવ. (સતત સૂત્રોચ્ચાર) પ્લીઝ, આ પ્રકારનું પ્રદર્શન યોગ્ય નથી માનનીય સભ્યશ્રીઓ, પ્લીઝ શાંતિથી બહાર જાવ. (સતત સૂત્રોચ્ચાર), સાર્જન્ટ મિત્રો, એમને શાંતિથી બહાર લઇ જાવ. સાર્જન્ટ મિત્રો, ભેગા થઇને એમને બહાર લઇ જાવ. પરેશભાઇ, (સતત સૂત્રોચ્ચાર) પ્લીઝ, ફરી અંદર આવવાનો સભ્યશ્રીઓ પ્રયત્ન ના કરો. સાર્જન્ટ મિત્રો, બધા ભેગા થઇને ઉંચકી લો, (સતત સૂત્રોચ્ચાર), સાર્જન્ટ મિત્રો, ફરી અંદર માનનીય સભ્યશ્રીઓને પ્રવેશ ના કરવા દો. પ્લીઝ.. પ્લીઝ.. જે લોકો વેલમાં આવી ગયા છે એ બધા સભ્યશ્રીઓ શાંતિથી બહાર જાય. (સતત સૂત્રોચાર)

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : પ્રશ્ન માટે આપે જો અનુમતિ આપી હોત તો સારું રહેત. હજી પણ આપ સરકારને પૂછીને આવતી કાલ માટે આ જે સંવેદનશીલ મુદ્દો છે, એના ભાઇની હત્યા, દલિત મહિલાની હત્યા, સ્ત્રી સશકિતકરણની વાતો, (અંતરાય) કાયદો અને વ્યવસ્થામાં સરેઆમ બને છે.

અધ્યક્ષશ્રી : આપણે ત્યાં નિયમોમાં ઝીરો અવર્સની કોઇ જોગવાઇ નથી. પ્લીઝ..

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : પરંપરા પાડી શકાય. પહેલા હતી જ.

અધ્યક્ષશ્રી: નવી પ્રણાલિ ન શરૂ કરીએ તો સારું અને એમાં સરકારશ્રીની, મંત્રીશ્રીની પણ સંમતિ હોવી જોઇએ.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : ઝીરો અવરમાં જરૂરી ના હોય સાહેબ, આપ જો પરંપરા રાખશો તો અમને ગમશે. ધન્યવાદ.

અધ્યક્ષશ્રી : જે પણ માનનીય સભ્યશ્રીઓએ વિધાનસભાના નિયમોનો ભંગ કરીને વેલની અંદર આવીને જે કંઇ સૂત્રો પોકાર્યા છે, કાગળો ફાડીને ફેંકયા છે, અને વિધાનસભાના નિયમોનો ભંગ કર્યો છે, અધ્યક્ષને મળેલ નિયમ-૫૧ની સત્તા પ્રમાણે વેલમાં આવેલા મિત્રોને આજના દિવસ માટે સસ્પેન્ડ કરવામાં આવે છે. સાર્જન્ટ મિત્રો, હવે એમને અંદર ના આવવા દો, પ્લીઝ. આ પ્રકારનું પ્રદર્શન યોગ્ય નથી. એક વખત બહાર ગયા પછી, સસ્પેન્ડ કર્યા પછી કોઇપણ સભ્યશ્રી અંદર ના આવવા જોઇએ. એમને ગૃહની મર્યાદા ખબર હોવી જોઇએ. આ પ્રકારનું પ્રદર્શન યોગ્ય નથી.

(માનનીય સભ્ય શ્રી શંકરસિંહ વાઘેલા, શ્રી શકિતસિંહ ગોહિલ, શ્રી મોહનસિંહ રાઠવા, શ્રી રામસિંહ પરમાર, શ્રી રાઘવજીભાઇ પટેલ, શ્રી બલવંતસિંહ રાજપૂત સિવાયના કોંગ્રેસ પક્ષના હાજર રહેલા સભ્યોને સસ્પેન્ડ કરવામાં આવ્યા.)

(આ તબકકે માનનીય સભ્યશ્રી શંકરસિંહ વાઘેલા, શ્રી શકિતસિંહ ગોહિલ, શ્રી મોહનસિંહ રાઠવા, શ્રી રામસિંહ પરમાર, શ્રી રાઘવજીભાઇ પટેલ, શ્રી બલવંતસિંહ રાજપૂત સભાત્યાગ કરી ગયા.)

**સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના સાતમા અહેવાલની
રજૂઆત

શ્રી ભરતભાઇ કી. પટેલ (સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિનો સાતમો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ**

શ્રી ભરતભાઇ કી. પટેલ (સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરુ છું કે આ સભાગૃહ બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના સાતમા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(બીજો દિવસ)

અધ્યક્ષશ્રી : રાજ્યપાલશ્રીએ કરેલા સંબોધન માટે સભ્ય, શ્રી કેશાજી શિ. ચૌહાણ તરફથી તા. ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ જે આભાર પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે અને જેને માનનીય સભ્ય, શ્રીમતિ ભાનુબેન મ. બાબરિયાએ અનુમોદન આપ્યું છે તે આ પ્રમાણે છે –

'' રાજ્યપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો–

અમો આ સત્રમાં એકત્રિત થયેલ ગુજરાત વિધાનસભાના સભ્યો રાજ્યપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ. ''

હવે આભાર પ્રસ્તાવ ઉપરની ચર્ચા આગળ ચાલશે. માનનીય સભ્યશ્રી ડો. નિર્મલાબેન...

**ડો. નિર્મલાબેન સુ. વાધવાણી(નરોડા) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી કેશાજી ચૌહાણ પરમ આદરણીય રાજ્યપાલશ્રીએ આપેલ સંબોધન બદલ જે આભાર પ્રસ્તાવ લાવ્યા છે એના ઉપર હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કહેવત છે કે, Health is wealth સ્વાસ્થ્ય સાચી મિલકત હોય છે અને આ મિલકતને સાચવવા માટે કોઇ કાળો પંજો સ્વાસ્થ્ય પર ન પડે અને તેના માટે જે માં યોજના પહેલેથી અમલમાં હતી એનો વ્યાપ વધારવા માટે અને ખાસ કરીને મહિલાઓ અને મધ્યમવર્ગના લોકોને તેનો લાભ આપવા ગુજરાત રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલના નેતૃત્વવાળી સરકારે ૧૫મી ઓગષ્ટ ૨૦૧૪ના રોજ જે સ્વતંત્ર દિવસ પણ છે એ નિમિત્તે ગરીબ લોકોને દુઃખ દર્દથી મુક્ત કરવા માટે માં વાત્સલ્ય યોજના અમલમાં મૂકી. આ યોજનામાં વાર્ષિક ૧.૨૦ લાખ કરતાં ઓછી આવક ધરાવતી ગરીબ બહેનો અને ૨૧ વર્ષ સુધીના યુવાનો લાભાર્થી છે. માં અને માં વાત્સલ્ય યોજનામાં ૨ લાખ સુધીની કેસલેસ મેડિકલ ફેસેલિટી ગવર્નમેન્ટની ૧૯ અને પ્રાઇવેટની ૪૧ એમ કરીને કુલ ૬૦ જેટલી હોસ્પિટલોમાં તેનો લાભ મળી શકે છે. કેન્સર, કિડની, હાર્ટ, મગજ, દાઝેલા અને નવજાત શિશુના ગંભીર રોગો જેવી કુલ ૫૪૪ જેટલી પ્રોસિઝરો માટે સારવાર આપવામાં આવે છે. આ માટે ટોલ ફ્રી નં. ૧૮૦૦૨૩૩૧૦૨૨ અને ડબલ્યુ.ડબલ્યુ.ડબલ્યુ.માં ગુજરાત.કોમ વેબસાઇટ પણ ઉપલબ્ધ કરવામાં આવી છે. તે ઉપરાંત કોઇને મુંઝવણ થાય તો આરોગ્ય મિત્રની પણ નિમણૂંક કરવામાં આવી છે. હોસ્પિટલનો લાભ લેતી વખતે લાભાર્થીને કોઇપણ મુશ્કેલી કે સમસ્યા ઉત્પન્ન થાય કે કોઇ તકરાર થાય તો તકરાર નિવારણ માટે પણ જિલ્લા અને તાલુકા સ્તરે તકરાર નિવારણ સમિતિનું ગઠન કર્યું છે. માં વાત્સલ્ય યોજના અંતર્ગત ૨૨મી ફેબ્રુઆરી ૨૦૧૫ સુધીમાં ૩૩૪૫ જેટલા લાભાર્થીઓના દાવાઓ નોંધાયેલ છે. આની પાછળ અંદાજે ૭.૦૫ કરોડની રકમની ચૂકવણી કરેલ છે. પ્રચાર અને પ્રસાર માટે મેગા હેલ્થ કેમ્પ, હેલ્થ કાર્ડ, રેડિયો, ટી.વી., ન્યૂઝ પેપરો દ્વારા કરવામાં આવે છે. આશા બહેનોને ૧૦૦ રૂપિયા રજિસ્ટ્રેશન દીઠ પ્રોત્સાહન રૂપે આપવામાં આવે છે અને લાભાર્થીને આવવા–જવા માટે ૩૦૦ રૂપિયા ચૂકવવામાં આવે છે. લાભાર્થીઓને બાયોમેટ્રિક પદ્ધત્તિથી ઓળખવામાં આવે છે. એનાથી કોઇ ફ્રોડ થતો નથી અને હોસ્પિટલોને પણ સરકારશ્રી દ્વારા ડાયરેક્ટ પેમેન્ટ આપવામાં આવે છે. જેમ ગુજરાતને કોંગ્રેસ મુક્ત કર્યું તે રીતે કોંગ્રેસ રાજમાં ચાલતા વચેટિયા રાજને પણ નાબૂદ કરી દીધું છે. ગંભીર બિમારીઓ જેના લીધે ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોના જીવનમાં અંધારું થઇ જાય છે, માં વાત્સલ્ય યોજના દ્વારા તેમના જીવનમાં અજવાળું આવી ગયું છે. આ બાબતોને ઉજાગર કરતાં કોઇ કવિએ કહ્યું છે કે,

'' એ અંધેરે દેખ લે મુંહ તેરા કાલા હો ગયા, માં ને આંખે ખોલ દી, ઘર મેં ઉજાલા હો ગયા.''

માનનીય અધ્યક્ષશ્રી, આવા પરિવારો જેની ગંભીર બિમારીમાં થતાં મોટા ખર્ચ સામે ઝઝૂમવાની તાકાત ન હતી એ હવે ગૌરવથી કહી શકે છે કે, ''મેરે પાસ માં હૈ'' કોઇપણ રાજ્ય કે રાષ્ટ્રનું નિર્માણ કરવું હોય તો તેના માટે શિક્ષણ એ ખૂબ જ અગત્યનું પરિબળ છે.અને સારું શિક્ષણ લેવું હોય તો તેના માટે સારા સ્વાસ્થ્યની ખૂબજ જરૂર છે એના માટે ગુજરાત સરકાર દર વર્ષે પ્રાથમિક શાળાથી માંડીને રાજ્યની હાઇસ્કૂલમાં ભણતાં તમામ ૧.૨૦ કરોડ વિદ્યાર્થીઓને શાળા આરોગ્ય કાર્યક્રમ હેઠળ ચકાસણી કરે છે અને નાના કે મોટા રોગ હોય એના માટે સો ટકા ખર્ચ રાજ્ય સરકાર ફાળવે છે. અઢાર વર્ષ સુધી ૧ થી ૧૨ ધોરણમાં ચકાસણી કરવામાં આવે છે અને સરકારી, ખાનગી, ગ્રાન્ટ ઇન એઇડ ચિલ્ડ્રન હોમ, મદ્રેસા બધામાં ચકાસણી કરવામાં આવે છે અને આંખના ચશ્મા ફ્રી

આપવામાં આવે છે. એના હ્રદયના વાલ્વનું ઓપરેશન હોય કે કિડની, કેન્સરનો રોગ હોય એની સાથે સાથે જે બહેરા–મૂંગા હોય એને કોકલિઅર ઇમ્પ્લાન્ટની જરૂરત હોય એનો ખર્ચ આઠ લાખ જેટલો છે એ પણ સરકાર ભોગવે છે અને આ વર્ષે સિકલસેલ એનેમિયા અને થેલેસેમિયા જે ગંભીર રોગ છે એના માટે બોનમેરો ટ્રાન્સપ્લાટેશનની સગવડ જેનો ખર્ચો ૮ લાખથી ૧૫ લાખ થાય છે એ પણ સરકારે યોજનામાં લીધું છે અને મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન અને સ્વાસ્થ્ય મંત્રી નીતિનભાઇ પટેલ અને શંકરભાઇ ચૌધરીને એના માટે હું ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું અને આભાર માનું છું.

સરકારશ્રી નાની નાની વાતોનું ઝીણવટથી ધ્યાન રાખે છે અને એનો ઉકેલ લાવવા માટે તત્પર રહે છે. કિડની અને લીવર ટ્રાન્સપ્લાટેશન માટે જો ડોનરની અવેબિલિટી ના હોય તો પછી દવાખાનું તારીખ ના આપે તો ૧૮ વર્ષ પછી પણ ગુણદોષના આધારે લાભ મળે છે અને હ્રદયરોગના દર્દીઓ ૧૦૦ કિ.મી. દૂરથી આવે છે એના દર્દીઓ અને સગા–વ્હાલાઓને આવવા–જવા માટે એસ.ટી.નું ભાડું અને દવાખાનામાં રહેવા અને ભોજન માટેની વ્યવસ્થા કરી આપવામાં આવતી હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, થેલેસેમિયા એક આનુવાંશિક રોગ હોવાના કારણે એને અટકાવવા માટે લોક જાગૃતિ જરૂરી છે. એના માટે પૂરી માહિતી આપવામાં આવે છે અને પ્રિમેરેજ કાઉન્સિલિંગ કરવામાં આવે છે અને સાથે સાથે થેલેસેમિયા કાર્ડ પણ આપવામાં આવે છે. અત્યારે કોઇ વિપક્ષના કોઇ સભ્યો નથી પણ દર વખતે વિપક્ષોના સભ્યો તરફથી સભાગૃહમાં વારંવાર રજૂઆત થાય છે કે ડોકટર, મેડિકલ અને પેરામેડિકલ સ્ટાફની અછત છે એને પૂરું પાડવા માટે આઝાદી પછી પાંચ દાયકા સુધી કોંગ્રસનું શાસન હતું ત્યારે જેટલી બેઠકો હતી એના કરતા ગયા ૧૩ વર્ષમાં ૨૦ થી ૩૫ ટકા જેટલો વધારો આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી અને તત્કાલીન મુખ્યમંત્રીના નેતૃત્વમાં એ બધું કર્યુ હતું અને એની સાથે સાથે જે ઇન્ફ્રાસ્ટ્રકચર અને ઇક્વીપમેન્ટ અપગ્રેડ કરવામાં આવે છે. નવી મેડિકલ કોલેજો, હોસ્પિટલોનું બાંધકામ અને રિનોવેશન કરવામાં આવે છે અને અત્યારે ૧૦૮ મોટી ગાડી છે એમાં ૧૦૦ જેટલી નવી એમ્બ્યુલન્સ વધારવા માટે આયોજન કર્યુ છે. સ્પેશ્યલ ડોકટરો જે પીએચસી અને સરકારી હોસ્પિટલમાં જેની અછત હતી એ ભરપાઇ કરવા માટે સી.એમ. સેતુ યોજના અંર્તગત ૨૨૭ જેટલા ખાનગી ડોકટરોની નિમણૂક કરવામાં આવી છે. એવી જ રીતે ચિરંજીવી યોજનામાં ૪૧૩ જેટલા સ્ત્રી રોગ નિષ્ણાત ૧૮૨ જેટલા બાળરોગ નિષ્ણાતો સારવાર આપે છે. સુપર સ્પેશ્યાલિટ જેમકે કેન્સર, ઓર્ગન ટ્રાન્સપ્લાટેશન, આઇ.વી.એફ. ન્યુરો સર્જરી જેવી સગવડો માટે પણ સરકારે આયોજન કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને વિશ્વાસ છે કે આવતા ૫–૧૦ વર્ષમાં આરોગ્ય ક્ષેત્રે જે વિપક્ષે સ્ટાફની અને ડોકટરના ઘટનો પ્રશ્ન છે એ ઓછા થઇ જાશે અને અત્યાર સુધી એ ફક્ત બિનસરકારી વિધેયકોમાં સૂર પૂરાવે છે અને..

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. શ્રી ચીમનભાઇ.

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા(જામજોધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજ્યપાલશ્રીએ ગૃહને સંબોધન કર્યું એનો આભાર પ્રસ્તાવ ગૃહના સભ્યશ્રી ભાઇશ્રી કેશાજીભાઇ ચૌહાણ લાવ્યા છે અને એને સમર્થન બહેનશ્રી ભાનુબેન બાબરીયાએ આપ્યું છે એમાં હું મારો પણ સુર પુરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યની અંદર આરોગ્ય સેવા, મુખ્યત્વે ત્રિ–સ્તરીય માળખાથી રાજ્યની પ્રજાને આરોગ્યની સેવાઓ આપવામાં આવે છે. પેટા આરોગ્ય કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો મારફતે એમ ત્રિ–સ્તરીય માળખું ઉભું કરીને સમગ્ર રાજ્યની છ કરોડની પ્રજાને આરોગ્ય વિષયક સારવાર આપવામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યની અંદર પેટા કેન્દ્રો, પાંચ હજારની વસ્તી ધરાવતો કોઇ વિસ્તાર હોય, બિન આદિજાતિ વિસ્તાર હોય ત્યાં પાંચ હજારની વસ્તીએ પેટા આરોગ્ય કેન્દ્ર મંજૂર કરવામાં આવે છે. આદિજાતિ વિસ્તાર હોય ત્યાં ત્રણ હજારની વસ્તીએ પેટા આરોગ્ય કેન્દ્ર મંજૂર કરવામાં આવે છે. એ જ રીતે બિનઆદિજાતિ વસ્તીના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ત્રીસ હજારની વસ્તી હોય ત્યાં મંજૂર કરવામાં આવ છે. આદિજાતિ વિસ્તારની અંદર વીસ હજારની વસ્તીએ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મંજૂર કરવામાં આવે છે. એજ રીતે બાર હજારની બિનઆદિજાતિની વસ્તીના વિસ્તારની અંદર સામૂહિક આરોગ્ય કેન્દ્ર મંજૂર કરવામાં આવે છે. આદિજાતિ વિસ્તાર હોય ત્યાં માત્ર આઠ હજારની વસ્તી હોય તો પણ સામૂહિક આરોગ્ય કેન્દ્ર મંજૂર કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ફેબ્રુઆરી ૨૦૧૫ની સ્થિતિએ રાજયની અંદર ૮,૧૨૧ પેટા કેન્દ્રો, ૧,૩૦૦ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને ૩૨૧ જેટલા સામૂહિક આરોગ્ય કેન્દ્રો મંજૂર કરીને વિશાળ શ્રુંખલામાં રાજ્યની પ્રજાને સારવાર આપવામાં આવે છે. આ અન્ય રાજ્યોની સરખામણીમાં ગુજરાત રાજ્ય પ્રથમ હરોળની અંદર ઉભું છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયની ભૌગોલિક પરિસ્થિતિ અને આદિજાતિ દુર્ગમ વસ્તાર અને અંતરિયાળ વિસ્તારને ધ્યાનમાં લઇને એવા વિસ્તારોના અનેક ગામડાઓમાં ગ્રામજનોને ઘર આંગણે છેવાડાના માનવી સુધી પ્રાથમિક સારવાર મળી રહે, ઉપલબ્ધ થાય તે મુજબ રાજ્યનું આરોગ્ય વિભાગ કામ કરી રહ્યું છે. રાજ્યની અંદર ગરીબલક્ષી અગરિયાઓ હોય, આદિજાતિ વિસ્તાર હોય, સરહદી વિસ્તાર હોય, સાગર ખેડૂ સર્વાંગી વિકાસ હેઠળ રાજ્યની અંદર ૯૯ જેટલા મોબાઇલ યુનિટો અને ૩૦ જેટલા અગરિયા વિસ્તારની અંદર મળીને લગભગ કુલ ૧૨૯ જેટલા મોબાઇલ કોમ્પ્રેસીવ હેલ્થ કેર યુનિટ તરીકે મંજૂર કરવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આમ ઉપરોક્ત આરોગ્ય સેવાઓ છેવાડાના માનવી સુધી પહોંચાડવા સરકાર પ્રયત્નશીલ છે. છેલ્લા પાંચ વર્ષની અંદર મંજૂર થયેલ આરોગ્ય સુવિધાઓ ગૃહના ધ્યાન ઉપર મૂકું તો વર્ષ ૨૦૦૯–૧૦માં ૧૦ સામૂહિક આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવામાં આવ્યા, ૩૯ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવામાં આવ્યા. વર્ષ ૨૦૧૦–૧૧માં ૨૬ સામૂહિક આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવામાં આવ્યા અને ૩૭ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવામાં આવ્યા. એજ રીતે વર્ષ ૨૦૧૨–૧૩ના વર્ષની અંદર ૨ સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને ૨ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવામાં આવ્યા. વર્ષ ૨૦૧૩–૧૪ની અંદર ૧૦ સામૂહિક આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવામાં આવ્યા અને  ૬૫ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવામાં આવ્યા, રાજ્યની અંદર ૪૦૦ પેટા આરોગ્ય કેન્દ્રો વર્ષ ૨૦૧૩–૧૪માં મંજૂર કરવામાં આવ્યા. વર્ષ ૨૦૧૪–૧૫ની અંદર ૧૬ સામૂહિક આરોગ્ય કેન્દ્રો, ૭૦ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને ૪૪૭ જેટલા પેટા આરોગ્ય કેન્દ્રો રાજયની અંદર મંજૂર કરવામાં આવ્યા. વર્ષ ૨૦૧૫–૧૬ની અંદર ૩૨ જેટલા સામૂહિક આરોગ્ય કેન્દ્ર, ૧૩૦ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને ૧૦૩૫ પેટા આરોગ્ય કેન્દ્ર બનાવવાનું રાજય સરકારે આયોજન વિચાર્યું છે.

આરોગ્ય વિભાગ દ્વારા રાજયની અંદર શાળા આરોગ્ય કાર્યક્રમ ચલાવવામાં આવે છે. શાળા આરોગ્ય કાર્યક્રમની અંદર રાજયની ભાવિ પેઢીને તંદુરસ્ત બનાવવા માટે તેમજ આરોગ્યપ્રદ ટેવોનું નિર્માણ કરવા આરોગ્ય વિભાગનો આ સરાહનીય કાર્યક્રમ છે. જેમાં બાળકોની આરોગ્યની તપાસણીથી લઇ અને સુપર સ્પેશ્યાલીસ્ટ સુધીની સારવારનો સમાવેશ થાય છે. શાળા આરોગ્ય કાર્યક્રમની અંદર એક અતિ મહત્વનો સમાજલક્ષી કાર્યક્રમ છે જે અંતર્ગત પ્રતિ વર્ષે અંદાજે લગભગ દોઢ કરોડ જેટલા બાળકો અને વિદ્યાર્થીઓની તપાસણી કરવામાં આવે છે એટલે કે રાજયની લગભગ છ કરોડની પ્રજા ગણીએ તો ૨૫ ટકા જેટલી વસ્તીના બાળકોને આરોગ્ય વિભાગ દ્વારા ચકાસણી કરવામાં આવે છે. આ કાર્યક્રમ ચલાવવાનો મુખ્ય ઉદ્દેશ રાજયના તમામ બાળકોને સઘન, સુંદર અને તંદુરસ્તી માટે આરોગ્ય તપાસ અને સારવાર થાય. શાળાના બાળકોમાં સામાન્ય રીતે જોવા મળતી બિમારીની શોધ અને સ્થળ ઉપર સારવાર થાય. જરૂરી સંદર્ભ સેવા માટે બાળકોની તપાસણી અને અલગ તારવણી કરી સારવાર આપવામાં આવે છે. જેમાં જરૂરિયાતવાળા બાળકોની સંદર્ભ સેવા કેન્દ્રમાં તપાસણી કરી અને નિયમિત એનું ફોલોઅપ પણ કરવામાં આવે છે. સુપર સ્પેશ્યાલીટીની સારવાર ગામ તથા શાળામાં આરોગ્યપ્રદ વાતાવરણ ઉભું કરવાનો હેતુનો પણ આમાં સમાવેશ થયેલો છે. આ યોજનાની અંદર નવજાત શીશુથી માંડીને છ વર્ષનું આંગણવાડીની અંદર અભ્યાસ કરતું બાળક હોય, પ્રાથમિક શાળાની અંદર પ્રાથમિક શાળાના બાળકો, માધ્યમિક શાળા અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીને પણ આ યોજનાનો લાભ મળે છે. સાથેસાથે નવજાત શીશુથી ૧૮ વર્ષની ઉંમરનું શાળામાં ન આવતું કોઇપણ બાળક હોય એને પણ આ યોજનાનો લાભ આપવામાં આવે છે. વર્ષ ૨૦૧૪–૧૫ની અંદર રાજયની અંદર ૧૫૦૭૯૭૫૯ બાળકોને તપાસવામાં આવ્યા, સ્થળ પર સારવાર ૧૫૧૨૭૫૩ બાળકોને આપવામાં આવી અને સંદર્ભ સેવા પાત્ર ૧૦૪૬૨૨ બાળકોને આપવામાં આવી. આ તપાસણી દરમિયાન હૃદયની બિમારીવાળા ૪૨૨૯ બાળકોને પણ સારવાર આપવામાં આવી. કીડનીની બીમારીમાં ૧૧૭૭ બાળકોને સારવાર આપવામાં આવી અને કેન્સરની બિમારી ધરાવતા ૭૮૧ જેટલા બાળકો મળી આવ્યા છે એને પણ સારવાર આપવામાં આવી.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા(હિંમતનગર) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના મહામહીમ રાજયપાલશ્રીના સંબોધન ઉપર આપણા ગૃહના આદરણીય સભ્યશ્રી કેશાજી જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા, એને અનુમોદન ભાનુમતિબહેને આપ્યું એમાં મારો સૂર પૂરાવું છું. મહામહીમ રાજયપાલશ્રીના સંબોધન વખતે વિરોધ પક્ષે જે રીતે એમને ડિસ્ટર્બ કરવાનો પ્રયત્ન કર્યો (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપણે પ્રવચનમાં નામનો ઉલ્લેખ નથી કરતા. આપણે આપણી જ વાત કરીએ.

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા : ઉપનિષદનું એક મહાવચન છે કે તસ્વ મે જયોતિર્મય એનો ગુજરાતી અનુવાદ એવો થાય કે હે મારનાર મને તારામાં ઈશ્વરના દર્શન થાય. ગુજરાતના આદરણીય પ્રથમ મહિલા મુખ્યમંત્રી આનંદીબહેનના નેતૃત્વમાં ગતિશીલ ગુજરાતમાં જે રીતે ગ્રામ વિકાસની બાબતોને લઇ જે મંત્ર હતો આદરણીય તત્કાલીન ગુજરાતના મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન કે સર્વજન હિતાય, સર્વજન સુખાય એ મંત્રને ચરિતાર્થ કરવા ગામડાંઓનો સર્વગ્રાહી વિકાસ થાય.એ દિશામાં એમણે અને આ સરકારે ખૂબ અભૂતપૂર્વક કામગીરી કરી છે. કોંગ્રેસના વિરોધ પક્ષના મિત્રોએ ૨૦૧૨ ની અંદર ઘરના ઘરની લોભામણી જાહેરાતો આપી. સમગ્ર ગુજરાતની પ્રજાને ગુમરાહ કરવાના પ્રયત્ન કર્યા, પણ પ્રજાએ એમને જાકારો આપ્યો. પણ આપણે જે ગ્રામ્ય કક્ષાએ સરદાર આવાસ યોજના એ સંદર્ભે આપણે જે કામગીરી કરી એમાં ૭,૯૫,૦૦૦ આવાસો અત્યાર સુધીમાં આ સરદાર આવાસ યોજના હેઠળ બનાવ્યા. સરદાર આવાસ યોજનાનો જે બીજો તબક્કો હતો એમાં નવેમ્બર સુધી ૧,૩૭,૦૦૦ મકાનોને મંજૂરી આપવામાં આવી છે. અને આમાં ટોટલ ૪૭ કરોડ રૂપિયા ઉપરાંત ખર્ચ થયેલ છે.

એવી જ ગામડામાં બીજી જે સિદ્ધિ છે. સમગ્ર દેશની અંદર, સમગ્ર દુનિયાની અંદર ઇ-ગ્રામ અને વિશ્વ ગ્રામ એમાં આપણે સમગ્ર ભારતની અંદર પ્રથમ ક્રમાંક ઉપર છીએ તેમાં જે સેવા આપવામાં આવી છે. જન્મ મરણનો દાખલો, ૭/૧૨ ના ઉતારા, ૮-અ ના ઉતારા, એમાં અત્યાર સુધી ૩૪.૭ કરોડ પ્રમાણપત્રો એનાયત કર્યા. એમાં આપણને જે એવોર્ડ મળ્યા છે એમાં ઇ-ગ્રામ સ્કોચ ચેલેન્જર એવોર્ડ ૨૦૦૮, કેપમ સર્ટિફિકેટ ઓફ એચિવમેન્ટ એવોર્ડ-૨૦૦૮, કોમ્પ્યુટર સોસાયટી ઓફ ઇન્ડિયા દ્વારા રાષ્ટ્રીય કક્ષાના પ્રોજેક્ટ તરીકે બેસ્ટ ઇ ગવર્નન્સ પ્રોજેક્ટ ૨૦૦૮નો એવોર્ડ આપણને આ સંદર્ભમાં મળેલો છે. એવી જ રીતે આપણે ગરીબ કલ્યાણ મેળાઓ દ્વારા જે બી.પી.એલ. ના લાભાર્થીઓ છે. એમને સમાજમાં સ્વાવલંબી અને પોતે પગભર થઇ શકે તે દિશામાં સરકારે એક આગવી નીતિ ઘડીને એમને સરકારે કેટલાક ગરીબ કલ્યાણ મેળાનું આયોજન કરીને ૮૯.૪૮ લાખ લાભાર્થીઓને આવરી લઇ અને ૧૩૩૮૮ કરોડની સહાય આપણે ગરીબ કલ્યાણ મેળા દ્વારા પૂરી પાડી છે.

બીજું ગતિશીલ ગુજરાતના પ્રણેતા આનંદીબેને જ્યારથી કાર્યભાર સંભાળ્યો, ત્યારથી એક સ્વપ્ન લઇને નીકળ્યા કે ઘરદીઠ શૌચાલય જે ગામડાની મુખ્ય સમસ્યા બહેનોની હતી જેને પરિપૂર્ણ કરવા શૌચાલય બનાવવા માટે ભગીરથ ઝુંબેશ આદરી અને એના ભાગરૂપે આજે આપણે ૧૨૦૦૦ રૂપિયા ઉપરાંત સહાય આપી ઘેર ઘેર શૌચાલયનો લક્ષ્યાંક સિદ્ધ કરવા નીકળ્યા છે. એમાં ખૂબ મોટું પરિણામ આપણને હાંસલ થયું છે. એવી જ રીતે સમરસ ગ્રામ પંચાયત યોજના, ગ્રામ વિકાસના સંદર્ભમાં મૂકી. ગામડાઓની અંદર નાની નાની પંચાયતોના ઇલેકશનોમાં વેરઝેર, કાવાદાવાને ડામવા માટે આ યોજના અમલમાં મૂકી. અને આ યોજના થકી આપણે નાણાકીય વર્ષ-૨૦૧૪ માં ૭૦૦ લાખની જોગવાઇ કરી છે. તે પૈકી ૬૩૮ લાખનો ખર્ચ થઇ ગયો છે, એટલે બીજું એવી જ રીતે ગ્રામસભાનું આયોજન આપણે કર્યું. લોકશાહીની અંદર તંદુરસ્ત લોકશાહી પૂરી પડે અને એમાં ગરીબો અને મહિલાઓને રજૂઆત કરવાની ત્યાં તક મળે અને સરકાર અને પંચાયતની કામગીરીનું સીધુ સામાજિક અન્વેષણ થાય તે દિશામાં આપણે કામ કરીએ છીએ. આવી કુલ ૨૫ તબક્કામાં ૩,૧૦,૮૮૧ ગ્રામસભા મળી તે પૈકી ૯,૭૫,૬૬૧ પ્રશ્નોનો નિકાલ સ્થળ ઉપર કરવામાં આવ્યો. ૯૬ ટકા સિદ્ધિ પ્રાપ્ત થઇ.

મારી દ્રષ્ટિએ આ સરકારની જે કામગીરી છે અને જે સંબોધન રાજયપાલશ્રીએ કર્યુ તેમાં આ સરકારની નીતિઓ છે તે સામાજિક સદભાવ, સમભાવ, સમદ્દષ્ટિ અને સમન્યાયપૂર્ણ જે કામગીરીનું પ્રતિબિંબ તેમના સંબોધનમાં આવ્યું તેમાં હું મારો સૂર પુરાવું છું. છેલ્લે મહિલા સશક્તિકરણની દિશામાં હમણાં જ વિરોધપક્ષના સભ્યશ્રીઓ વાત કરતા હતા પણ આ દિશામાં ગુજરાતે પહેલ કરેલી છે અને તેમાં અગ્રેસર રહેલ છે. મહિલા સશક્તિકરણ માટે આ કેટલીય યોજનાઓ છેલ્લા છ મહિનાની અંદર કાર્યરત થઇ છે અને તેના પરિણામો પણ

હાંસલ થયા છે. હું વિશેષ કહેવા નથી માગતો. ફરીથી ગ્રામ વિકાસના સંદર્ભમાં સ્વચ્છ ભારત મિશન અંતર્ગત આપણે જે કામગીરી કરી રહ્યા છીએ તેમાં પણ આપણને ઘન પ્રવાહી કચરાના નિકાલ માટે ગામડાઓમાં વ્યવસ્થા ઉભી કરી છે.

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે. માનનીય શ્રી સુરેશભાઇ.

શ્રી સુરેશભાઇ ધ. પટેલ(મણીનગર) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજયપાલનું પ્રવચન અને તેના ઉપર આભાર પ્રસ્તાવ આ ગૃહના સન્માનનીય સભ્યશ્રી કેશાજી લઇને આવ્યા છે તેને હું સમર્થન કરું છું અને આ આભાર પ્રસ્તાવમાં ગતિશીલ ગુજરાતના પ્રણેતા આદરણીય મુખ્યમંત્રીશ્રી આનંદીબેનના નેતૃત્વમાં ભારતીય જનતા પાર્ટીની સરકારમાં સુશાસન, વિકાસ અને ગરીબોના કલ્યાણ માટેની આદરણીય દિનદયાળ ઉપાધ્યાયના એકાત્મ માનવવાદના સ્પષ્ટ દર્શન દેખાય છે. ગુજરાત દેશની અંદર સૌથી વધારે વિકસતા રાજયોમાંનું અને વધારે શહેરીકરણ થતા રાજયોમાં તેનો બીજો નંબર આવે છે. ૨૦૧૧ના પ્રોવીઝનલ આંકડા પ્રમાણે ગુજરાતના શહેરોની વસ્તી ૪૨.૫૮ ટકા જેટલી થાય છે ત્યારે આપણા આદરણીય વડાપ્રધાનશ્રી અને સ્વર્ણિમ ગુજરાતના પ્રણેતા જયારે મુખ્યમંત્રી હતા ત્યારે આગ લાગે ત્યારે કૂવો નહીં ખોદવાનો પણ સવેળાં પગલાં લઇ આના ઉપાય માટે નગરપાલિકા, મહાનગરપાલિકા, સત્તા મંડળોમાં રોડ, ડ્રેનેજ, પાણી અને આગવી ઓળખના કામો આખા ગુજરાતની અંદર શહેરોમાં પણ ગુજરાતનો વિકાસ થાય અને દેખાય એટલા માટે આદરણીય નરેન્દ્રભાઇએ ૨૦૦૯ની અંદર ૨૦૧૪ સુધી તબક્કાવાર ૨૨ હજાર કરોડ જેટલી માતબર રકમની ફાળવણી કરી હતી. આ ફાળવણી કર્યા પછી બીજી જે સરકારો કે જે ચોપડા ઉપર આખી યોજનાઓ રહેતી હોય છે તેવું નહીં પણ સાચા અર્થની અંદર ગુજરાતમાં સ્પષ્ટ દેખાયો. ૧૧૦ નગરપાલિકાઓમાં ૪૮ યોજનાઓ પૂરી થઇ અને ૫૮ પ્રગતિમાં છે. સત્તા મંડળોમાં ગટર, પાણી માટે ૧૬ કામ પૂર્ણ થયા અને ૨૦ પ્રગતિમાં છે. ભૂગર્ભ ગટરની ૧૫૭ યોજનાઓ માટે ૧૩૧૬.૪૯ કરોડનો ખર્ચ થયો છે. મહાનગરપાલિકાઓમાં ૬૫૧૬ કામ પૈકી ૪૭૭૫ કામ પૂર્ણ થયા અને ૧૧૯૪ કામ પ્રગતિમાં છે. તેમાં ૪૪૦૯ કરોડનો ખર્ચ થયો છે. સોસાયટીઓમાં જનભાગીદારીમાં સરકારે ૧૨૦૬ કરોડ રૂપિયા તેના વિકાસ માટે ફાળવણી કરી છે.સુએજ ટ્રિટમેન્ટ પ્લાન્ટ માટે ૨૦ શહેરોમાં કામ ચાલુ છે અને ૨૧ શહેરોમાં ટેન્ડરની પ્રક્રિયામાં છે. મીશન મંગલમ હેઠળ ગરીબોના કલ્યાણ માટે ગરીબ બહેનોએ ગુજરાતમાં સૌ પ્રથમ ૨૪,૩૩૨ સખી મંડળોની રચના કરી છે અને ગુજરાત સરકારે ૪૩.૮૩ કરોડની ગ્રાન્ટની ફાળવણી કરી અને ગરીબ મહિલાઓએ ૨૬૩૧.૪૫ કરોડની બચત કરી.

માનનીય અધ્યક્ષશ્રી, મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળ ૧,૧૩,૬૧૪ આવાસ પૂર્ણ થયા, ૧,૨૩,૫૧૫ આવાસ પ્રગતિમાં છે અને ૨,૨૪,૬૦૧ આવાસો ટેન્ડર પ્રક્રિયામાં છે. માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૫–૨૦૦૬માં આપણે જોઇએ તો શહેરી વિકાસનું બજેટ માત્ર ૨૭૬ કરોડ રૂપિયા હતું અને આદરણીય નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં વધતું વધતું ૨૦૧૪–૧૫માં ૨૫ ગણા વધારા સાથે ૬૯૫૯ કરોડ રૂપિયા થયું અને આ વર્ષે માનનીય મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલની સરકારને અને આપણા નાણામંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું કે, એમણે ૧૦૨૬૯.૭૪ કરોડ રૂપિયાની માતબર રકમ શહેરી વિકાસ માટે મૂકી અને આખા ગુજરાતના વિકાસની સાથે સાથે ગુજરાતના શહેરોનો પણ વિકાસ દેખાય છે અને એ આપણે જોઇ શકીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, હું એક વાત કહેવા માગુ છું કે, જે જે લોકોએ ગુજરાતના વિકાસ અંગે આંખો ખુલ્લી રાખી અને ઇમાનદારીથી સર્વે કર્યો હોય તો એમને સર્વાંગી વિકાસ દેખાય રહ્યો છે. સરકારના શહેરી વિકાસના બજેટના કારણે આ શક્ય બન્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, સરકારના શહેરી વિકાસના બજેટના કારણે હું અમદાવાદ શહેરના મણીનગર વિસ્તારમાંથી આવું છું. આદરણીય વડાપ્રધાનશ્રીની ત્રણ ટર્મ જીતેલી મણીનગરની આ સીટ એની પેટા ચૂંટણીથી આ ગૃહના સભ્ય બનવાના કારણે હું મારી જાતને સૌથી વધુ સદભાગી માનું છું. મારા જીવનની સૌથી અમૂલ્ય તક માનું છું. આદરણીય નરેન્દ્રભાઇએ જે આખા ગુજરાતની સાથે સાથે અમદાવાદની ઓળખ છે એને માટે એમણે ઘણાં બધા કામો કર્યા એમાં અમારા મણીનગરમાં એમની દ્રષ્ટિથી ત્રણ કામો આખા શહેરમાં સૌથી મહત્વના થયા છે. કારણ કે આખા શહેરમાં રોડ–રસ્તા, ડ્રેનેજ, એસ.ટી.પી. આ બાકીનું બધું જ થયું છે પણ આખી દુનિયામાં પ્રસિદ્ધિ મળે એવા ત્રણ કામો બી.આર.ટી.એસ., કાંકરીયા અને રીવર ફ્રન્ટના થયા છે. માનનીય અધ્યક્ષશ્રી, એક ગંદા તળાવને વિશ્વ કક્ષાનું લોકો જોવા આવે અને આપણા ગુજરાતનું નામ દેશ અને દુનિયામાં ઉજવળ કરે એવું કામ થયું છે એ આ નરેન્દ્રભાઇની આગવી સૂઝ હતી અને આજે આ તબક્કે આપણા મુખ્યમંત્રીશ્રી કે જેઓ

દસ વર્ષથી અમદાવાદ શહેરના પ્રભારી મંત્રી હતા, આખા અમદાવાદ શહેરનો વિકાસ એમના પ્રભારી મંત્રીશ્રીના દેખરેખ હેઠળ થયો છે.

શ્રી પ્રવિણભાઇ મો.માંકડીયા (ઉપલેટા) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજ્યપાલશ્રીના પ્રવચનનો આભાર પ્રસ્તાવ માનનીય કેશાજી લઇને આવ્યા છે એમાં હું મારું સમર્થન આપવા ઉભો થયો છું. રાજ્યના વિકાસમાં જેમ માળખાગત સુવિધાઓની અંદર રોડ, રસ્તાના વિકાસનું હોય છે તે જ રીતે નાગરિક ઉડ્ડયન પ્રવૃત્તિનું પણ મહત્વ રહેલું છે. રાજ્યની અંદર ૨૦૦૦ની સાલથી નાગરિક ઉડ્ડયનના નિયામકની સ્થાપના કરવામાં આવી છે. સને ૨૦૧૦માં ગુજરાત સ્ટેટ સિવિલ એવીએશન ઇન્ફ્રાસ્ટ્રક્ચર કંપની લીમીટેડની સ્થાપના કરવામાં આવી છે અને ગુજરાત સરકારની પોતાની આ એક કંપની સ્થાપવામાં આવી છે. આ કંપની દ્વારા એર સ્ટ્રીપનો પણ વિકાસ થાય, એમ.આર.ઓ. અને અન્ય નાગરિક ઉડ્ડયનની સવલતો રાજ્યને મળી રહે એ રીતે એની કામગીરી શરૂ કરવામાં આવેલી છે. રાજ્યમાં કુલ ૧૭ એરપોર્ટ અને એર સ્ટ્રીપ આવેલી છે તે પૈકી ૯ એરપોર્ટ અમદાવાદ, વડોદરા, રાજકોટ, ભાવનગર, ડીસા, સુરત, કંડલા, પોરબંદર અને કેશોદમાં કાર્યરત છે. આ તમામ નવ એરપોર્ટ્સ ઓથોરિટી ઓફ ઇન્ડિયા હસ્તક છે. ત્રણ એરસ્ટ્રીપ છે એ નલીયા, ભુજ અને જામનગર ખાતે આવેલ છે તે ઇન્ડિયન એરફોર્સ હસ્તક છે. એ જ રીતે મીઠાપુર-ટાટા, મુન્દ્ર–અદાણી એમ બે એરપોર્ટનો ખાનગી ધોરણે વિકાસ કરવામાં આવેલો છે. દમણ અને દીવમાં કુલ બે એરપોર્ટ કેન્દ્રશાસિત પ્રદેશ હસ્તક છે. ડીસા એરપોર્ટ ગુજરાત સરકારને લીઝ ઉપર તબદીલ કરવા કેન્દ્ર સરકારશ્રી સમક્ષ રજૂઆત કરેલ છે. ગુજરાત સરકાર હસ્તક મહેસાણા, અમરેલી અને માંડવી એર સ્ટ્રીપ પણ કાર્યરત છે. રાજ્ય સરકારશ્રી દ્વારા અંકલેશ્વર, અંબાજી, પાલીતાણા, દ્વારકા, મોરબી અને દહેજના એર સ્ટ્રીપ તરીકે વિકાસ કરવા માટે સન ૨૦૧૫–૧૬ના બજેટમાં ખૂબ સારી એવી માતબર રકમ એટલે કે રૂપિયા ૧૦૦ કરોડની જોગવાઇ આ સરકારે કરી છે. માંડવી, અમરેલી અને મહેસાણાની એર સ્ટ્રીપની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. એ ટૂંક સમયમાં કાર્યરત થશે. સચિવાલય, ગાંધીનગર ખાતે એક અદ્યતન હેલીપેડ બનાવવામાં આવેલ છે. રાજ્ય સરકાર દ્વારા અમદાવાદ મુકામે એમ.આર.ઓ. મેઇન્ટેનન્સ અને રિપેર્સ, ઓવરઓલ કોમ્પલેક્સ શરૂ કરવામાં આવેલ છે. જેમાં વીમાન અને હેલિકોપ્ટર એવું બધું રિપેર થઇ શકે એવી વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે. સમગ્ર દેશમાં રાજ્ય સરકાર દ્વારા આ પ્રથમ પહેલ કરવામાં આવી છે. અમદાવાદ એમ.આર.ઓ. ઉપરાંત અંકલેશ્વર મુકામે એમ.આર.ઓ. ફેસેલિટી શરૂ કરવાનું આયોજન છે આ માટે સને ૨૦૧૫–૧૬ના બજેટની અંદર રૂપિયા એક કરોડ રૂપિયાની જોગવાઇ રાખવામાં આવેલી છે. વાયબ્રન્ટ ગુજરાત ૨૦૧૫–૧૬ દરમ્યાન સી–પ્લેન રાજકોટ જિલ્લાના ભાદર ડેમ અને અમરેલી એર સ્ટ્રીપ ખાતે એમ.આર.ઓ. માટેની સવલત કરવા એમ.ઓ.યુ. કરવામાં આવેલ છે.

ગુજરાતમાં તારીખ ૫–૧–૨૦૧૫ થી અમદાવાદ, જામનગર, ભુજ અને પોરબંદર ખાતે રિજીયોનલ એરલાઇન્સની સેવા શરૂ કરવામાં આવી છે. તારીખ ૯–૯–૧૪ અને ૨૦–૧–૧૫ના રોજ કેન્દ્ર સરકારના માનનીય મંત્રીશ્રી નાગરિક ઉડ્ડયન સાથે ગુજરાતની મુલાકાત દરમિયાન નાગરિક ઉડ્ડયન પોલિસી માટે રજૂઆત કરવામાં આવી હતી અને એ રજૂઆતના સંદર્ભે રાજકોટ અને દિલ્હી વચ્ચે વીમાની સેવા શરૂ કરવામાં આવી છે. આજે રાજકોટની અંદર ડાયરેકટ દિલ્હીથી રાજકોટની જે સેવા શરૂ કરવામાં આવી છે એનાથી સૌરાષ્ટ્રને અને રાજકોટને ઘણો બધો સારો લાભ મળેલો છે. એપ્રિલ, ૨૦૧૫માં ગુજસેલ દ્વારા અમદાવાદ મુકામે ફિક્કી અને કેન્દ્ર સરકારના સહયોગથી એર–શો યોજવામાં આવનાર છે. આ દરમિયાન નાગરિક ઉડ્ડયન ક્ષેત્રના તજજ્ઞો સાથે ચર્ચાઓ કરવામાં આવશે અને આકાશમાં એર–શોનો કાર્યક્રમ કરવામાં આવશે. આ પ્રકારનું આયોજન પણ કરવામાં આવેલ છે. ભારતમાં નાગરિક ઉડ્ડયનના ઇતિહાસ વિષયની કોફી ટેબલ બુક તૈયાર કરવામાં આવી છે અને ટૂંક સમયમાં પ્રકાશિત કરવામાં આવશે. રાજ્ય સરકારે તા.૫–૨–૧૫ના ઠરાવથી પ્રવાસન અને નાગરિક ઉડ્ડયન ક્ષેત્રમાં ખાનગી સંસ્થાઓના સહયોગથી તાલીમ આપવાની યોજના નિયત કરી છે. નાગરિક ઉડ્ડયનની તાલીમ માટે સન ૨૦૧૫–૧૬ના બજેટમાં રૂપિયા ૬ કરોડની જોગવાઇ સૂચવવામાં આવેલ છે. મહાનુભાવોના એરક્રાફટમાં ફ્યુઅલ ભરવા માટે તાપમાન ચકાસવા માટે રીફીલીંગ બાઉઝર કમ વેધર સ્ટેશન અને પીક–અપ વાન ખરીદવા માટે ૨૦૧૫–૧૬ના બજેટમાં રૂપિયા ૮૫ લાખની જોગવાઇ કરવામાં આવી છે. ભારતમાં ઉડ્ડયનના ક્ષેત્રમાં એરક્રાફ્ટ ટર્બાઇન ફ્યુઅલ –વીમાનના ઇંધણના ખર્ચનો એક મોટો ભાગ છે રાજ્ય સરકારે આંતરરાજ્ય વીમાન ઉડ્ડયન ઉપર વેટમાં ૫ ટકાનો ઘટાડો કરેલ છે. રાજ્ય સરકાર ડાયરેકટર જનરલ ઓફ

સિવિલ એવીએશન (ડી.જી.સી.એ. ) ના સિવિલ એવીએશન રિકવાયરમેન્ટના નિયમોનો પૂરેપૂરો અમલ કરે એ પણ જૂએ છે. આપણે એરપોર્ટ ઓથોરિટિ ઓફ ઈન્ડિયાના નિયમ પ્રમાણે લેન્ડિંગ – પાર્કીંગ ચાર્જ ચૂકવીએ છીએ એરક્રાફ્ટના ઉતરાણ અને ઉડાન માટે એર ટ્રાફિક કન્ટ્રોલરની પરવાનગી મેળવીએ છીએ આ રીતે રાજ્યનો નાગરિક ઉડ્ડયન વિભાગ કાર્યરત છે અને માનનીય કેશાજીભાઇ જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે એને હું મારું અનુમોદન આપું છું.

શ્રી રમેશભાઇ ભુ. કટારા(ફતેપુરા) : માનનીય અધ્યક્ષશ્રી, જયારે રાજયપાલના સંબેધન ઉપરની ચર્ચા માટે કેશાજી ચૌહાણ સાહેબ જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે તેમાં હું મારો સૂર પૂરાવવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે દાહોદ જિલ્લામાં માનનીય આનંદીબહેન પટેલે એક સ્વપ્નુ સાકાર કર્યુ છે કે નર્મદા હાથેશ્વરથી પાઇપ લાઇન નાંખીને દાહોદ જિલ્લાને પીવાનું પાણી અને સિંચાઇ માટે ૫૩૧ કરોડની જોગવાઇ કરેલ છે. અમારા વિસ્તારના આદિવાસી ભાઇઓ હમણાં હાલમાં ઉત્સાહ ઉજવી રહ્યા છે કે અમારા વિસ્તારમાં ખેતીલાયક પાણી આપવા માટે આ સરકારે જોગવાઇ કરેલ છે. અમારા આદિવાસી વિસ્તારમાં પહેલા કોલેજો કે હાઇસ્કૂલો ન હતી અને અમારા આદિવાસી ભાઇઓ અભણ હતા,અભણ રહ્યા હતા પણ જયારથી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ત્યારથી અમારા આદિવાસી વિસ્તારની અંદર કોલેજો, હાઇસ્કૂલો, છાત્રાલયો, આશ્રમશાળાઓ અને આ માનનીય આનંદીબહેન પટેલ સાહેબની સરકારે હમણાં જ એક નવી યુનિવર્સિટી સ્થાપવા માટે આદિવાસી વિસ્તારમાં આદિવાસી બાળકોને ચિંતામુકત કરી અને નવી યુનિવર્સિટી દાહોદ જિલ્લાને આપી છે. દાહોદ જિલ્લામાં અમારા આદિવાસી ભાઇઓ જયારે બિમાર પડે કે કોઇ મોટો રોગ થાય ત્યારે અમદાવાદ કે બરોડાની હોસ્પિટલોમાં જવાનુ થતું હોય પણ દાહોદ જિલ્લાની અંદર જનરલ હોસ્પિટલના બાંધકામ માટે ૨.૫૦ કરોડની જોગવાઇ આધુનિક હોસ્પિટલ બનાવવા માટે આ સરકારે કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા આદિવાસી વિસ્તારની અંદર આઇ.ટી.આઇ.પણ ચાલે છે ત્યારે અમારા આદિવાસી વિસ્તારના આદિવાસી બાળકો જે આઇ.ટી.આઇ.માં અભ્યાસ કરવા માટે જતા હોય ત્યારે પૂરી સુવિધા ના મળતી હોય ત્યારે આ સરકારે આઇ.ટી.આઇ.માં જે મલ્ટીસ્ટોરેજ બિલ્ડીંગના બાંધકામ માટે જોગવાઇ કરેલ છે. દાહોદ જિલ્લામાં હોમીયોપેથીક દવાખાનાની પણ જોગવાઇ કરેલ છે. આદિમ જૂથની જાતિના લોકોને પાયાની સુવિધા પૂરી પાડવા માટે કરોડોની જોગવાઇ અમારા દાહોદમાં કરેલ છે. અમારા આદિવાસી જાતિના વિદ્યાર્થીઓને એમ.બી.બી.એસ.ના અભ્યાસ માટે અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને જે નાણાંની ભીડના અભાવ માટે જે ખાનગી મેડિકલ કોલેજોમાં એડમિશન લેવાથી વંચિત ના રહે એટલા માટે ટૂંકી મુદ્દતની લોન આપવા માટે આ સરકારે જોગવાઇ કરેલ છે. અનુસૂચિત જાતિના ખેડૂતો માટે નવા ટયુબવેલ અને નદી–કેનાલ આધારિત સિંચાઇ યોજના રૂપિયા ૧૪.૧૬ કરોડની જોગવાઇ કરેલ છે ત્યારે દલિત અને આદિવાસી ખેડૂતોનો મોટો વિકાસ થવાનો છે. અમારા આદિવાસી વિસ્તારમાં જયારે ડુંગરાળ વિસ્તારમાં જયારે પાકા રસ્તા અને કાચા રસ્તાઓ હતા પણ આ સરકારમાં.

અધ્યક્ષશ્રી : આપની પાસે બે મિનિટનો સમય છે.

શ્રી રમેશભાઇ ભુ. કટારા : હાજી, માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારમાં આદિવાસી વિસ્તારમાં ડામર અને પાકા રસ્તા બનાવવા માટે જે છેવાડાના માનવી સુધી ચિંતા કરી છે અને આદિવાસી વિસ્તારમાં ૨૫૦થી ઓછી વસતિ ધરાવતા ગામો અને પરાઓને જોડતા રસ્તાઓ માટે ૬૮ કરોડની જોગવાઇ કરેલી છે. આજે ગુજરાતના સુપૂત્ર અને દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબે આખા દેશમાં સ્વચ્છતા અભિયાન શરૂ કરી અને જે ઝૂંબેશ શરૂ કરી છે અને સ્વચ્છ ગુજરાત, સ્વચ્છ ભારત એવી રીતે આખા દેશ માટે મોદી સાહેબ જયારે ચિંતા કરતા હોય ત્યારે ગુજરાત સરકારના આપણા મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે પણ ગુજરાતની ચિંતા કરી છે અને એવી જ રીતે અમારા દાહોદના વિસ્તારમાં અમે પણ સ્વચ્છતા અભિયાનની ચિંતા કરીએ છીએ. અને અમારા આદિવાસી વિસ્તારને સ્વચ્છ રાખવા માટેના પ્રયત્નો કરીએ છીએ. આ ઝૂંબેશના અનુસંધાને અમારા વિસ્તારમાં દરેક ગામડાંઓ સ્વચ્છ રાખવા માટે જાજરૂ અને શૌચાલયો બનાવવા માટેની ઝૂંબેશ પણ શરૂ કરી છે. આટલી વાત સાથે હું માનનીય રાજયપાલશ્રીના પ્રવચન બદલના આભાર પ્રસ્તાવને મારો ટેકો આપીને મારી વાત પૂરી કરું છું.

શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ): માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજ્યપાલશ્રીના સંબોધન માટેનો આભાર પ્રસ્તાવ મારા સાથી સભ્ય શ્રી કેશાભાઇ ચૌહાણે રજૂ કર્યો છે તેના સંદર્ભે મારા વિચારો રજૂ કરું છું. ગુજરાતના વિકાસની સાથે સાથે લોકોની જરૂરિયાત પણ વધી છે. ગુજરાતમાં વાહનોની ખરીદીનો આંક ગુજરાતની સમૃદ્ધિ અને વિકાસનો આંક બતાવે છે. ત્યારે છેલ્લા એક દસકામાં વાહનોની ખરીદીમાં નોંધ પાત્ર વધારો થયો છે. વર્ષ ૨૦૦૦માં વાહનોની સંખ્યા ૫૨ લાખ હતી તે વધીને આજે ૨૦૧૪-૧૫માં ૧૮૩.૨૯ લાખ સુધીનો વધારો વાહનોની સંખ્યામાં થયો છે. વાહનોની ખરીદી જે થઇ છે એના કરણે વાહનો ઉપર લેવામાં આવતા કરના કરણે રાજયની આવકમાં પણ જંગી વધારો થયો છે. વર્ષ ૨૦૦૧-૦૨માં ૭૮૫ કરોડની આવક હતી તે વધીને આજે ૨૦૧૪-૧૫માં ૨૨૨૧.૭૨ કરોડની આવક થઇ છે. આમ રાજયની આવકમાં વાહન વ્યવહાર ખાતાનો મોટો ફાળો રહેલો છે. અન્ય વિભાગની જેમ વાહન વ્યવહાર વિભાગે પણ અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરી મુસાફરોની સુવિધામાં સરળતા વધારવાના પ્રયત્નો કર્યા છે. પહેલા લાયસન્સની ચોપડીઓ હતી તેના બદલે આજે સ્માર્ટ કાર્ડના સ્વરૂપમાં લાયસન્સ મળતું થયું છે તે ઉપરાંત ડ્રાઇવીંગ લાયસન્સ, આર.સી. બૂક વગેરે મેળવવા માટે જનતાને લાંબી લાંબી લાઇનમાં ઉભા રહેવું પડતું હતું તેના બદલે ગુજરાતે દેશમાં સૌપ્રથમ પહેલ કરી અને લોકોને ઘરે બેઠા મહત્વના દસ્તાવેજો મળી જાય તેવા પ્રકારની વ્યવસ્થા ઉભી કરી છે.

આ વિભાગની બીજી કોઇ અગત્યની બાબત હોય તો એ આર.ટી.ઓ. કચેરીઓની છે. આજના સમયની માંગ મુજબ ૫૧ કરોડના ખર્ચે ચાર નવી અદ્યતન આધુનિક આર.ટી.ઓ. કચેરીઓનું નિર્માણ થયેલ છે. આ ઉપરાંત જૂની જે આર.ટી.ઓ. કચેરી હતી તેને આધુનિક કરવા માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે અને દસ જેટલી જૂની આર.ટી.ઓ. કચેરીનું આધુનિકરણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત બીજા પાંચ જિલ્લાઓની કચેરીઓનું આધુનિકરણ થવાનું છે. એમાં મારા સુરેન્દ્રનગર જિલ્લાની આર.ટી.ઓ. કચેરીનો પણ સમાવેશ થાય છે તેનો મને આનંદ છે અને મારા જિલ્લાની જનતાને આ લાભ મળવાનો છે. ગુજરાતમાં વિવિધ ચેકપોસ્ટનું આધુનિકરણ કરવાથી આવકમાં નોંધપાત્ર વધારો થયો છે. ચેકપોસ્ટની આવક જોઇએ તો પંદરેક વર્ષ પહેલા ૩૨ કરોડની આવક હતી તેની સામે આજે ૨૩૨.૩૯ કરોડ જેટલી થઇ છે. વાહન વ્યવહાર પરિવહન સેવા એસ.ટી. ના માધ્યમથી ૫૫ વર્ષથી આપણે ચલાવીએ છીએ. આ સેવા જવાબદારી પૂર્વક એસ.ટી. વિભાગ અદા કરી રહ્યું છે. ત્યારે રાજયમાં ૧૦૦૦ જેટલી નવી બસો ખરીદવાનું નકકી થયું છે. છેલ્લા એક વર્ષમાં ૧૨ હજાર જેટલી એસ.ટી. બસો જનતા માટે મૂકવામાં આવી રહી છે.ગુજરાતની એસ.ટી. બસ સમગ્ર દેશમાં સૌથી વધારે માઇલેજ આપતી બસ છે જે માટે હું મારી સરકારને અભિનંદન આપું છું.

મને જણાવતા ગૌરવ થાય છે કે શિક્ષણમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધી છે એના માટે વાહન વ્યવહાર વિભાગનો ખૂબ મોટો ફાળો રહેલો છે. આજે ગ્રામ્ય વિસ્તારમાં છેવાડાના વિસ્તારમાં ભણતરની સમજ અને જાગૃતિ આવી છે ત્યારે વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ માટે શહેરો ભણી આવતા થયા છે એને પહોંચી વળવા માટે વિના મૂલ્યે આ રાજય સરકારે ૪૦૦ જેટલી નવી ટ્રીપો શરૂ કરી છે અને વિદ્યાર્થીઓને ભણવા માટે ખૂબ સારી સુવિધા ઉભી કરી દીધી છે. આ રીતે વાહન વ્યવહાર વિભાગે વિદ્યાર્થી જગત માટે ખૂબ જ કાળજી લીધી છે.

બીજી એક બાબત જણાવતા આ સભાગૃહમાં હું ખૂબ આનંદ અનુભવું છું અને સરકારને અભિનંદન આપું છું. શાળા અને કોલેજોમાં ભણતા વિદ્યાર્થીઓને અભ્યાસ છોડીને બસના પાસ કઢાવવા માટે બસ સ્ટેન્ડ ઉપર આવવું પડતું હતું એમાં સમય પણ બગડતો હતો અને અભ્યાસક્રમ પણ બગડતો હતો એના માટે પીડા થતી હતી,એમાંથી મુકત કરવા માટે રાજ્ય સરકારે ખૂબ જ સુંદર વ્યવસ્થા ઉભી કરી છે જેમાં જે તે શાળા કોલેજ ઉપરથી જ વિદ્યાર્થીને પાસ મળી જાય છે તેથી વિદ્યાર્થી જગત તરફથી આ સરકારનો આભાર માનું છું.

વાહન વ્યવહાર વિભાગ પોતાની સામાજિક જવાબદારીઓ પ્રત્યે અતિ સંવેદનશીલ રહી છે. એ શિક્ષણ ઉપરાંત અંધજનો, કેન્સરન દર્દીઓ વિકલાંગો, પત્રકારો, સ્વાતંત્ર્ય સેનાનીઓ, થેલેસેમીયાના દર્દીઓને વિના મૂલ્યે યાત્રી સુવિધા આપવામાં આવે છે એ બદલ હું સરકારને અભિનંદન આપું છું.

આ નિગમ દ્વારા મુસાફરોને ઘેર બેઠા મુસાફરી માટેની ટિકિટ ઇન્ટરનેટ ઉપરથી એડવાન્સમાં મળી રહે એ માટેની વ્યવસ્થા કરવામાં આવી છે. આ રીતે ઓન લાઇન બૂકીંગની વ્યવસ્થા કરવામાં આવી છે જેનો સામાન્ય જનતા તરફથી ખૂબ જ સારો પ્રતિભાવ મળી રહ્યો છે.

વાહન વ્યવહાર વિભાગ દ્વારા બસ સ્ટેશનો સુધારવા માટેની ભગીરથ કામગીરી હાથ ધરેલ છે તેમજ માળખાકીય સુવિધાઓ આપવાનું કામ હાથ ધર્યું છે. એમાં ચાર મોટા શહેરો ખાતે આંતરરાષ્ટ્રીય કક્ષાના નમૂનેદાર બસ સ્ટેન્ડો બની રહ્યા છે. એ ઉપરાંત જૂના અને જર્જરિત બસ સ્ટેન્ડોને પાકા બનાવવાનું કામ હાથ ઉપર લીધું છે. એ જ રીતે વડોદરા ખાતે પીપીપી ના ધોરણે બે સ્ટેટ ઓફ આર્ટ જનતા માટે ખૂલ્લા મૂકવામાં આવ્યા છે. આ જ પ્રમાણે બીજા ૧૫ જિલ્લાઓમાં બસ સ્ટેન્ડો બનાવવાનું આયોજન હાથ ધરેલ છે, એમાં મારા સુરેન્દ્રનગરના બસ સ્ટેન્ડનો પણ સમાવેશ થયો છે એના માટે હું વાહન વ્યવહાર મંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી અને ગતિશીલ ગુજરાતના પ્રણેતા માનનીય આનંદીબહેન પટેલનો ખૂબ ખૂબ આભાર માનું છું.

પરિવર્તનના યુગમાં વાહન વ્યવહાર વિભાગે મુસાફરોની યાત્રા કોઇપણ અડચણ વગર પાર પડે તે માટે સતત પ્રયત્નશીલ રહી છે. કહેવાયું છે કે યાત્રા સુવિધાજનક હોય તો યાત્રાનો હેતુ પણ સિદ્ધ થાય છે એટલે વાહન વ્યવહાર વિભાગ ગુજરાતની પ્રગતિને વધારે ગતિશીલ બનાવશે તેવી મને ખાતરી છે અને અનેક પડકારો સામે આ વિભાગે ઉમદા કામ કરેલ છે એ બદલ અભિનંદન આપું છું અને માનનીય રાજયપાલશ્રીના પ્રવચનનો આભાર વ્યકત કરી મારી વાત પૂરી કરું છું.

શ્રી લાલજીભાઇ ચ. કોળી પટેલ(ધંધુકા) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજયપાલશ્રીનો આભાર પ્રસ્તાવ માનનીય સભ્યશ્રી કેશાજીભાઇ ચૌહાણ લઇને આવ્યા છે એમાં હું મારો સૂર પૂરાવું છું.

આપણા રાજયમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના લોકો માટે સરકારે ખૂબ કાળજીપૂવર્ક આયોજન કર્યું છે. રાજયની ૪૦ ટકા જેટલી વસતિ છે એને અનેક પ્રકારના લાભો અને પ્રોત્સાહનો આપવા માટે તમામ ક્ષેત્રની અંદર કૌશલ્ય મુજબ વિશાળ તકો પૂરી પાડીને વિતેલા વર્ષો હજુ સુધી લોકો ભૂલ્યા નથી તેની આ પ્રગતિ છે.

આપણો દેશ આઝાદ થયો ત્યારથી આ ગુજરાતમાં અનેક સરકારો આવી છે. એમાં પણ ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર બની છે ત્યારથી આ બક્ષીપંચના ભાઇઓની ખૂબ જ પ્રગતિ થઇ છે. અત્યારે આ ગુજરાતનું શાસન સંભળી રહેલા એવા મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે બક્ષીપંચના ભાઇઓ માટે એના આવાસો માટે ખૂબ જ સારુ કામ કરેલ છે. ગામડાં અને શહેરોમાં વસતા આ વર્ગના પરિવારોને વિવિધ આવાસ યોજના હેઠળ રહેણાંકના મકાન માટે જમીન આપેલ છે, તેમજ રહેણાંકના મકાનો બનાવવા માટે નાણાકીય સહાય આપવામાં આવે છે. આ પરિવારના બાળકો પ્રાથમિક શિક્ષણ મેળવે અને શાળામાં હાજર રહે તે પ્રમાણે શિષ્યવૃત્તિ આપવામાં આવે છે તેમજ માધ્યમિક શિક્ષણ મેળવે તો વધારે પ્રમાણમાં સહાય આપવામાં આવે છે. ત્યાર પછી ઉચ્ચ શિક્ષણ માટે બિલકૂલ ઓછા વ્યાજની લોન આપવામાં વિશેષ અભ્યાસ માટે વિદેશ જવા માટે પ્રોત્સાહન આપીને પરિવારને કલ્પના પણ ન હોય તેવી ૫ લાખથી ૨૫ લાખ રૂપિયા સુધીની લોન દીકરા, દીકરીઓના કૌશલ્ય મુજબ પ્રગતિ વિકાસ પથ ઉપર દોરી લઇ જવા, રાજય અને રાષ્ટ્રના વિકાસ માટે ધગશથી ફરજ બજાવીને સમાજમાં માન–સન્માન મેળવીને પોતાના પરિવારને સ્થિર શક્તિ પૂરી પાડેલ છે. રાજય સરકાર તરફથી વિવિધ યોજનાઓના મળતા લાભોથી સગર્ભા મહિલાઓને અને બાળકોને પ્રોત્સાહન મળે તે માટે બાળક સમજણું થાય ત્યારથી જ આંગણવાડીમાં સારી રીતે તેનું પ્રાથમિક ઘડતર થાય અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પરિવારમાંથી આવતા હોવાનું બાળકના માનસ પર કોઇ ચિહ્ન પડતું નથી. આવા જ પરિવારમાંથી આવતા એક સામાન્ય માણસ તરીકે મને પણ મારી લાગણીઓ વ્યક્ત કરતા ખૂબ જ આનંદ થાય છે કે રાજય સરકાર તરફથી આ વર્ગના લોકો માટે પછાતપણામાંથી વિકાસ થાય તે માટે તકો આપી છે તેમાં પ્રાથમિક અને ઉચ્ચ શિક્ષણમાં અભ્યાસ કરતા ભાઇ–બહેનોને સરકારશ્રી તરફથી તમામ જિલ્લાઓમાં છાત્રાલયો ઉપરાંત સ્વૈચ્છિક સેવા સંસ્થાઓ એટલે કે ખાનગી સંસ્થાઓને પૂરતું અનુદાન આપીને તાલુકા મથકો અને ગ્રામીણ વિસ્તારમાં બક્ષીપંચ વર્ગના છાત્રાલયોમાં જમીન આપવાનું કામ કર્યું છે અને તેમાં મકાન બાંધવા માટે છાત્રાલયોને પણ નાણાં આપવાનું કામ કર્યું છે. છાત્રાલયમાં

અભ્યાસ કરનાર વિદ્યાર્થી દીઠ પૂરતી સહાય આપીને દીકરા-દીકરીઓ ઇચ્છે ત્યાં સુધી શિક્ષણ મેળવવા માટે પૂરતી તક મળી છે તેવા દીકરા-દીકરીઓના માતા-પિતાને ભારરૂપ બન્યા વિના શૈક્ષણિક લાયકાત મેળવી પોતાના વ્યવસાયમાં આગળ વધવા માટે ખાનગી ક્ષેત્રમાં રોજગારી મેળવવા માટે સક્ષમ બનવા માટે રાજ્ય સરકાર તરફથી બળ પૂરું પાડવામાં આવ્યું છે, એટલું જ નહીં, બંધારણીય જોગવાઇ મુજબ પછાત વર્ગને સરકારી નોકરીઓમાં અનામત ટકાવારીમાં પૂરતું પ્રમાણ આપીને સરકારશ્રીના તમામ વિભાગોમાં આવા ઉમેદવારોને ખૂબ જ સારી તકો આપી, તેના પરિણામે સરકારના તમામ વિભાગોમાં, જિલ્લા કચેરીઓમાં આ વર્ગના લોકોને વહીવટી સેવાઓમાં પોતાનું યોગદાન આપવાનું પોતાનું સ્વપ્ન સાકાર કરવાની વિશાળ તકો પૂરી પાડી. આવા વર્ગના જુદી જુદી જ્ઞાતિના મહિલા અને પુરુષ ઉમેદવારો વધુને વધુ શિક્ષણ મેળવીને સરકારમાં તેમની લાયકાત અને ક્ષમતા મુજબ રાજ્યની સેવા કરતા થયા છે તેનું પણ મને ઘણું ગૌરવ છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર તરફથી દરેક વર્ષે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પરિવારોને આવરી લેતી જુદી જુદી યોજનાઓ માટે તબક્કાવાર સહાયનું પ્રમાણ નોંધપાત્ર પ્રમાણમાં દરેક બજેટમાં જોગવાઇ મુજબ ખર્ચ થાય અને છેવાડાના માણસ સુધી તેનો લાભ પહોંચે તેની જાગૃતિ લાવવા માટે વિતેલા વર્ષોમાં રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાને હજારો ગરીબ કલ્યાણ મેળાઓનો શિરસ્તો શરૂ કરીને આ વર્ગના છેવાડાના લોકોના ઘર સુધી લાભ પહોંચે તેવો જ શિરસ્તો હાલના મુખ્યમંત્રી અને ગતિશીલ ગુજરાતના પ્રણેતા શ્રીમતી આનંદીબેન પટેલ સાહેબે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના લોકોને વિકાસ પથ પર દોરી જવા બજેટમાં ૮૮૯.૧૫ કરોડની જોગવાઇ કરવાનો વ્યાપ વધાર્યો છે તેટલું જ નહીં, ગ્રામપંચાયતો અને જિલ્લા પંચાયતો માટે પૂરતી અનામત આપેલ છે. તેમાં ૫૦ ટકા મહિલા અનામતબળ પૂરું પાડવામાં આવેલું છે. હજારો વિદ્યાર્થીની સંખ્યામાં વધારો કરીને એક વિદ્યાર્થીદીઠ અત્યાર સુધી ૧૦૦૦ રૂપિયા આપવામાં આવતા હતા એ ૧૫૦૦ રૂપિયા લેખે અને કન્યાઓ માટે સાઇકલો આપવા ૩૯ કરોડ રૂપિયાનું બજેટ ફાળવેલ છે તેનાથી આ વર્ગના સભ્ય તરીકે આભારની લાગણી વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રી કેશાજીભાઇ રાજયપાલશ્રીના સંબોધન પર જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે તેમાં હું મારું સમર્થન આપું છું.

શ્રી બાવનજીભાઇ હં. મેતલીયા(ટંકારા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજ્યપાલશ્રીના પ્રવચન ઉપરનો આભાર પ્રસ્તાવ લઇને શ્રી કેશાજી આવ્યા છે અને તેમને ભાનુબને સમર્થન આપ્યું છે તેમાં મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યના આદરણીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ એક ગામડાના ખેડૂત પૂત્રને ત્યાં જન્મી અને આજે રાજ્યની ધૂરા સંભાળી છે. આ રાજ્યમાં વધુમાં વધુ લોકો ખેતી પર નિર્ભર છે. મારે આપના દ્વારા જણાવવું છે કે, આ રાજ્યમાં અગાઉ કૃષિને મહત્વનું અંગ માનવામાં આવતું અને એનું પણ મહત્વનું અંગ સિંચાઇ છે. સિંચાઇની અગાઉ શું પરિસ્થિતિ હતી? અને એના કારણે ખેતીની આવક શું હતી? આ સિંચાઇ માટે રાજ્ય સરકારે ખૂબ સારી કામગીરી કરી છે. આ દેશના વડાપ્રધાન અને ગુજરાતના પનોતા પૂત્ર નરેન્દ્રભાઇ અગાઉ જ્યારે આ રાજ્યના મુખ્યમંત્રી હતા ત્યારે એમણે રાજ્યની ધૂરા સંભાળી. સાથે આ રાજ્યમાં વધુમાં વધુ કૃષિ ક્ષેત્ર પગભર થાય એના માટે જળ સંચય સાધન હયાત હતા એમાં કેવી રીતે ગતિ લાવવી? એમણે એક પછી એક પગલાં લીધાં. સૌનો સાથ લઇ અને લોકભાગીદારીથી અનેક યોજનાઓ અમલમાં મૂકી અને આ યોજનાઓ દ્વારા આપણે સૌ જાણીએ છીએ કે, અગાઉ વર્ષો સુધી ૧૮૦૦૦ જ ચેકડેમ બન્યા હતા. છેલ્લા દસ વર્ષમાં લગભગ ૧.૨૫ લાખ ચેકડેમ બનાવ્યા. બોરી બંધ, તળાવો અને આ રીતે કૃષિના કામમાં ગતિ આપી. એની સામે આ રાજ્યમાં વર્ષો પહેલાં પણ નદીઓ ચાલતી હતી, અગાઉ સરકારો હતી. ઇચ્છાશક્તિ ન હોવાથી આ કાર્યમાં ગતિ નહોતી મળી. એનો તાજો દાખલો ગુજરાત રાજ્યની મોટી યોજના નર્મદા યોજના છે. જેનો પહેલો પથ્થર ૧૯૬૨માં સ્વ.જવાહરલાલ નહેરુએ મૂકેલો. એ સમયે ઇચ્છાશક્તિ ન હોવાના કારણે એ કામ ક્યાં પહોંચ્યું? હવે માત્રને માત્ર ભારતીય જનતા પાર્ટીની સરકારને જ્યારે જ્યારે રાજ્યમાં અને દેશમાં સત્તાની જવાબદારી મળી અને સત્તાને સાધન તરીકે ઉપયોગ કરીને દેશના વિકાસમાં મહત્વની કામગીરી બજાવી છે એ હું જણાવવા માગું છું.

ભારતીય જનતા પાર્ટીની સરકારના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની સરકારે રાજ્યના વિકાસને ગતિ આપવા માટે, સિંચાઇના કામને ગતિ આપવા માટે, રાજ્યના બજેટમાં વધુમાં વધુ રકમ ફાળવી અને નર્મદા ડેમ પૂર્ણ કરવા માટે હામ ભીડી છે. સૌનો સાથ લઇ ૬૦:૪૦ અને ૮૦:૨૦ની યોજનાઓ લાવી અને વધુમાં વધુ સિંચાઇ થાય એ માટે ચેકડેમ બનાવી વધુમાં વધુ પાણી રોકવાનું કામ કર્યું છે. પહેલાં ૯૦:૧૦ની યોજના હતી. તમને અને અમને બધાને ખબર છે કે, આ રીતે એકપણ ચેકડેમ બની શક્યા નથી. સરકારી રાહે બનતા હતા, એમની ગુણવત્તા કેટલી હતી? અને આજે એ હયાત છે કે કેમ? એ આપણે જાણીએ છીએ. ભારતીય જનતા પાર્ટીની સરકાર ૬૦:૪૦ની યોજના લઇ આવી અને લોકભાગીદારી સાધી અને ચેકડેમ બનાવી પાણી રોકવાનું કામ કર્યું છે. મને જણાવતાં આનંદ થાય છે કે, આ રાજ્યમાં સુજલામ–સુફલામ યોજનામાં નાણાની ફાળવણી જોઇએ તો ૧૯૬૦ થી ૨૦૦૦ સુધીમાં રૂ.૬૫૨૧/– કરોડની જે રકમ હતી એના બદલે છેલ્લા ૧૨ વર્ષમાં રૂ.૧૯૮૩૬/– કરોડ એટલે લગભગ ત્રણ ગણી રકમની ફાળવણી કરી અને જે ગતિ આપી છે. ૧૯૬૦માં પીવાના પાણી માટે બજેટ ૭ કરોડ, ૨૦૧૪–૧૫માં એકલા જળસંપત્તિ માટેજ ૩૫૭૦ કરોડ જેવી જંગી રકમ આ રાજયના કુલ બજેટનો ૧૮.૨૭ ટકા જેવો હિસ્સો ફાળવ્યો. આપણે કહેતા હોઇએ છીએ કે આ દેશનું ગ્રોથ એન્જીન ગુજરાત છે. તો ખરેખર સાચે જ આપણે આ જોઇ શકીએ છીએ કે આવડા મોટા બજેટમાં ૧૮–૧૯ ટકા રકમ ફાળવી અને એનાથી આપણે જે ગ્રોથ જોયો આવું બધું શકય ત્યારે જ બન્યું કે સુનિશ્ચિત યોજનાઓ બનાવી, તેનું સમયબદ્ધ અમલીકરણ કરાવ્યું, અને આના મૂળમાં છેવાડાના માનવીના વિકાસને જ કેન્દ્રમાં રાખી અને આ કાર્ય સિદ્ધ કર્યું.

ગુજરાત અછત અને અર્ધઅછત ગ્રસ્ત રાજય રહ્યું છે. બારમાસી નદીઓ, પાણીને પરમેશ્વરનો પ્રસાદ માનીને ઉત્તમ આયોજન થકી પાણીની સમસ્યાના સમાધાનનો માર્ગ અપનાવ્યો. એક સમયે રાજયમાં બેડા પાણી માટે બહેનો, દીકરીઓને ગાઉના ગાઉ દૂર સુધી જવું પડતું હતું. તળના પાણી ખેંચતા ખેંચતા ૧૫૦૦ થી ૨૦૦૦ ફૂટે ઉંડે ગયેલા અને આ બધું જોતા વર્તમાન સરકારે જળશકિતના મહાત્મ્યને સમજીને જળસંચયને જનશકિત સાથે જોડી જળસંચયના ખ્યાલને વધુ સ્વીકૃત બનાવ્યો, અને આ કામોને લીધે હજારો ચેકડેમો, બોરીબંધો ખેત તલાવડીઓ બની છે. તેની એક ઝલક આપું તો ૧,૬૫,૦૦૦ ચેકડેમો, ૨,૬૧,૭૮૫ ખેત તલાવડીઓ, ૧, ૨૨,૦૩૫ બોરીબંધો, ૨૫૦૪૪ તળાવો ઉંડા કરાવ્યા, એક હજાર જલમંદિરો જે વાવ આપણા રાજાશાહીના વખતમાં આઝાદી પૂર્વે ગામડે પાણીની સુવિધા માટે વાવ કરાવતા એ એમનેમ કોઇ બુરાઇ ગઇ હતી તો આવા રાજયમાં એક હજાર જલમંદિરો બનાવી અને એનો જિર્ણોદ્ધાર કર્યો. અગાઉ ૨૦૦૧માં જે ૧૮૩૩૫ ચેકડેમો હતા, તે છેલ્લા ૧૨ વર્ષમાં ૧,૪૬,૭૯૧ ચેકડેમો બનાવ્યા. સુજલામ સુફલામ યોજના, સૂકી ધરતી અને સૂકા પેટાળમાં નવપલ્લવિત, દ્વિતિય હરિયાળી ક્રાંતિનો મંત્ર કિસાનોની આર્થિક આઝાદીનું બ્યુગલ બન્યું. ગુજરાતના દસ જિલ્લા પૈકી જયાં સુજલામ સુફલામ યોજનાના જે લાભ મળ્યા છે તે મહેસાણા, સાબરકાંઠા, બનાસકાંઠા, પંચમહાલ, ગાંધીનગર, અમદાવાદ, સુરેન્દ્રનગર, પાટણ અને કચ્છ આ દસ જિલ્લામાં ૬૨૩૭ કરોડની જંગી રકમની યોજના દ્વારા અમલીકરણ કરી અને ૮ શહેરો, ૫૮૩ ગામડાઓમાં પાણી આપવામાં આવેલ છે અને આ યોજનાના માધ્યમથી ૧૦ પાઇપ લાઇનોથી ૨૬૦ તળાવોનું જોડાણ કરી તળાવો ભરવામાં આવેલ છે. મહી નદી પરના કડાણા જળાશયથી શરૂ કરી બનાસ બેઝીન સુધીની ૩૩૨ કિલોમીટરની લંબાઇની કેનાલો બનાવી ૭ જિલ્લાના ૩૩૨ ગામોમાં ૨૭ રાજય ધોરીમાર્ગો કરેલ છે. હું સમર્થન કરું છું.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી(ભાવનગર–પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહીમ રાજયપાલશ્રી તાઃ ૨૩–૨–૧૫ના રોજ આ સન્માનનીય ગૃહ સમક્ષ પ્રવચન લઇને આવ્યા હતા અને તેમાં આભાર પ્રસ્તાવ લઇને અમારા સાથી સભ્ય ભાઇશ્રી કેશાજીભાઇ આવ્યા છે તેમને અનુમોદન અમારા સાથી સભ્ય શ્રીમતી ભાનુબેન બાબરીયાએ આપ્યું છે. ત્યારે આ આભાર પ્રસ્તાવને હું પણ સમર્થન કરુ છું અને ખાસ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ માટેની કેટલીક વાતો લઇને આવ્યા છે ત્યારે હું કેટલીક વાતો અહીંયા મૂકવા માગુ છું. આ સન્માનનીય સભાગૃહ સમક્ષ મારે ખૂબ ગંભીર બાબત અને વિષય મૂકવો છે. આપે બારમી વિધાનસભામાં એક પરિચય પુસ્તિકા ધારાસભ્યશ્રીઓની બહાર પાડેલી છે. એની અંદર જૂની નવી એસ.એસ.સી, અથવા તો મેટ્રિક અથવા તો એનાથી ઓછું ભણેલા હોય એવા ૫૯ જનપ્રતિનિધિઓ અહીંયા ચૂંટાઇને આવેલા. ધોરણ–૧૧ અને ૧૨ ભણેલા હોય એવા ૭ પ્રતિનિધિઓ બારમી વિધાનસભામાં ચૂંટાઇને આવેલા. અંદર ગ્રેજયુએટ હોય

એવા ૨૦ એટલે કુલ મળીને ૮૬ જેટલા ધારાસભ્યશ્રીઓ જે ગ્રેજયુએટ સુધી પણ નથી પહોંચ્યા, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક સુધી પણ કેટલાક નથી પહોંચ્યા, કેટલાક પહોંચ્યા છે. ૧૩મી ગુજરાત વિધાનસભાની વાત કરીએ તો જૂની નવી એસ.એસ.સી., મેટ્રિક અને તેનાથી ઓછું ભણેલા પર ધારાસભ્યશ્રીઓ આ ગૃહમાં આવેલા. ધોરણ ૧૧-૧૨ સુધી પહોંચેલા એવા ૧૪ અને અન્ડર ગ્રેજ્યુએટ એવા ૧૭ એમ કુલ ૮૩ જેટલા પ્રતિનિધિઓ આ વિધાનસભામાં પણ આપે જે પુસ્તક બહાર પાડેલું છે એમાં છે. પેટા ચૂંટણી થઇ હોય અને નવા આવ્યા હોય એની મને ખબર નથી. મારો કહેવાનો મતલબ છે કે જે જન પ્રતિનિધિ અહીંયા ચૂંટાઇને આવે છે એ તમામ કોંગ્રેસના શાસનમાં ભણ્યા છે. જેમની જવાબદારી હતી, અહીંયા ૬ કરોડ જનતામાંથી જે પ્રતિનિધિઓ આવે છે એની ટકાવારી આવી છે તો સમાજમાં શું સ્થિતિ હશે? અહીંયા જે બહાર નીકળેલ સમાજના પ્રતિનિધઓ છે એ જો ભણી શક્યા ન હોય, આને હું પાપ નહીં કહું, આ કર્મનું ફળ કોઇને મળતું હોય તો કોંગ્રેસના શાસનને મળે છે. એ ઉંમરના લોકો અહીંયા બેઠા છે. આ તો ભલું થાય જે તે વખતના મુખ્યમંત્રી અને આજના આપણા વડાપ્રધાન, એ વખતના શિક્ષણ મંત્રીશ્રી, હાલના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પણ હતા અને અન્ય શિક્ષણમંત્રીશ્રીઓ કે જેમણે આ જવાબદારી નિભાવી છે. હાલના પણ આપણાં શિક્ષણમંત્રીશ્રીઓ એ ભૂપેન્દ્રસિંહજી હોય, નાનુભાઇ હોય કે વસુબેન હોય, ધોરણ-૮ને પ્રાથમિકમાં લાવવાનું ઐતિહાસિક કામ એટલા માટે કર્યું છે. ધોરણ-૮માં વિદ્યાર્થીઓ ઉઠી જતાં એમને પ્રેર્યા. ધોરણ-૮માં જાય પછી એમને એમ થાય કે ચાલો ધોરણ-૧૦ સુધી ભણાવીએ. વળી એમ થાય કે ચાલો ધોરણ-૧૨ સુધી ભણાવીએ. આ પ્રકારના પ્રયાસના કારણે આજે ધોરણ-૮ કરીને ઉઠી ગયા હોય એવા ફરી બે ત્રણ વર્ષ પછી ભણવા બેઠા હોય એવા દાખલા હું જ્યારે શાળા પ્રવેશોત્સવમાં ગયો ત્યારે જોવા મળ્યાં.

હું અભિનંદન આપું છું આનંદીબેન, ભૂપેન્દ્રસિંહ અને સમગ્ર ટીમને કે આ પ્રયાસના કારણે ગ્રેજ્યુએશન સુધી અને એનાથી આગળ ભણવાની એમણે પ્રેરણા આપી છે. આપ પણ ચૂંટણી વખતે કેન્વાસીંગમાં ગયા હશો, અહીં બેઠેલા બધા સભ્યો ગયા હશે અને હું પણ જતો હતો એ વખતે હું, આ જે શિક્ષણમાં સુધારા કર્યા છે, સમાજમાં શિક્ષણ આવે એની ચિંતા ભારતીય જનતા સરકારે, નરેન્દ્રભાઇ, આનંદીબેન અને ભૂપેન્દ્રસિંહભાઇએ જે પ્રયાસો કર્યા છે એના પરિણામો આપણે બધાએ જોયા છે. ચૂંટણીમાં હું બધાને પૂછતો કે આઠ ધોરણ સુધી ભણેલા હાથ ઉંચા કરે. શરમથી માથું ઝૂકી જાય એવી સ્થિતિમાં ૭૦ થી ૮૦ ટકા વડિલો બેઠા હોય એમાનાં માંડ પાંચ ટકા લોકોના હાથ ઉંચા થતાં જોયા છે. જ્યારે આજનો બાળક હોય કે યુવાન હોય એમના હાથ વધારે ઉંચા થતાં. કહેવાનો મતલબ છે કે એ યુવાનો અને બાળકો ભારતીય જનતા પાર્ટીની સરકારમાં ભણ્યા અને જેમણે હાથ ઉંચા નથી કર્યાં એમણે કોંગ્રેસના શાસનમાં એમનું જીવન ગુજાર્યું છે. આ પ્રકારની સંવેદનાથી સમાજમાં શિક્ષણ આવે, ખાનગીકરણ, ઉત્સવોની વાતો કરનારાઓને મારે પૂછવું છે કે ક્યાં ગઇ હતી તમારી સૂઝબુઝ, તમે આટલા બધા વર્ષ સુધી શાસન કર્યું છે. ગુજરાતમાં તમે ૩૫-૪૦ વર્ષ સુધી શાસન કર્યું છે. ક્યાં હતા તમે આ બધી બાબતોમાં? મારે આપનું એ પણ ધ્યાન દોરવું છે કે આ સૂઝબુઝવાળો સમાજ બનશે, સાચું-ખોટું સમજવાની એનામાં સમજ અને પરખ આવશે, આ બધું થશે તો કોંગ્રેસને મત નહીં મળે, એ સમજીને મતો આપશે. અહીંયા એ લોકો હાજર નથી. આપણા ઉપાધ્યક્ષશ્રી આત્મારામભાઇની બાજુમાં અને પાછળ બેસે છે, પણ હું આશા રાખું છું કે રેકર્ડ ઉપર આવશે અને ક્યારેક વાંચશે ત્યારે એનામાં બેઠેલા આત્મામાં પણ રામ ક્યારેક જાગશે. માત્ર વોટબેંકની રાજનીતિ કરીને આ સમાજને ગરીબ અને પછાત રાખવાનું કર્મ કોંગ્રેસે કર્યું છે ત્યારે એ આજે સજા ભોગવી રહ્યા છે. હું પાપ નહીં કહું, એ અસંસદીય શબ્દ છે. પણ એ કર્મનું ફળ આજે પણ એ ૧૯૮૦થી ગુજરાતની બહાર, સત્તાની બહાર એ રહ્યા છે અને એટલા માટે એમને લાળ પડે છે. હું એમ કહીશ કે આ જનતા જનાર્દનના આશીર્વાદના કારણે આ ભણતર સમાજમાં આવ્યું, દીકરાઓ ભણાવવા માટેની ભૂખ ઉઘડી છે. એટલા માટે અમારી ભારતીય જનતા પાર્ટીની, નરેન્દ્રભાઇની કે આનંદીબેનની સરકાર હોય, જનતાના આશીર્વાદ છે ત્યારે જે કાંઇ એમને કરવું હોય એ કરે, આ ગુજરાતની ભા.જ.પ.ની સરકારને કાંઇ થવાનું નથી એવો મને વિશ્વાસ છે. હું તો એમ કહીશ કે તમારા પૂર્વજોના કર્મો, તમારા કર્મો એમાંથી પુણ્યનું ભાથું બાંધવાનો પ્રયત્ન કરો. અમારા આનંદીબેન અને ભૂપેન્દ્રસિંહ બહુ ખુલ્લા મને કહે છે કે તમારે કાંઇ આ શિક્ષણ બાબતમાં સુધારા કરવા, માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિકમાં તમારા મનમાં કંઇ હોય,ખૂલ્લા મને અમે પ્રજાહિતના પ્રશ્નો સ્વીકારવા તૈયાર છીએ. પ્રજાહિતની બાબતો, નિયમો આ બધું અમે સુધારવા તૈયાર છીએ ત્યારે હું વિનંતી કરીશ

માનનીય આત્મારામભાઇની આસપાસ બેસતા બધા સભ્યોને કે તમારે આ બારામાં પૂણ્ય કમાવવું હોય તો પૂણ્ય કમાવવા માટે આવો અમારી સરકાર તૈયાર છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે કેટલીક બાબતોમાં એ પણ ધ્યાન દોરવું છે કે ૨૦૦૨ અને ૨૦૧૪ની અંદર ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં વિદ્યાર્થીઓની ધોરણ ૧૧ માં ૫૫.૮૦% ધોરણ ૧૨માં ૨૧.૧૫%નો વધારો આ ભાજપની સરકારે કર્યો છે. આ ગાળા દરમ્યાન ઉચ્ચત્તર માધ્યમિક શાળા કક્ષાએ કન્યા શિક્ષણમાં ૪૭.૬૪%નો વધારો અધધ કહી શકાય તેવો આ કન્યા શિક્ષણની અંદર જાગૃતિ લાવવાનું કામ આ ભાજપની સરકારે કર્યું છે ત્યારે હું અભિનંદન આપું છું અહીંયા ભુપેન્દ્રસિંહજી શિક્ષણ મંત્રીશ્રી બેઠા છે તેમને. ધોરણ ૯ અને ૧૦ માં ગુજરાતી માધ્યમિકની ૩૯૮ શાળાઓ શરૂ કરવામાં આવી છે આને કહેવાય આયોજન અને પાણી!

માનનીય અધ્યક્ષશ્રી, મારે એ પણ ધ્યાન દોરવું છે કે, ઉચ્ચત્તર અને માધ્યમિક વિદ્યાર્થીઓની ઉંમર એ અતિ સંવેદનશીલ ઉંમર છે. એ મેચ્યોર થતા હોય છે એવા વખતે એમને એમની કેરિઅરની પડી હોય છે. અગાઉના વખતમાં ધોરણ ૧૦ અને ધોરણ ૧૨માં વિદ્યાર્થીઓ ઊઠી જતાં હતા અને પૂરું ભણી શકતા નહોતા. કારણ કે, એમને ફ્યુચર દેખાતું નહોતું. એમને આ સરકારે ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ એમને આગળ પણ આઇ.ટી.આઇ.ના કોર્સીસ હોય, ધોરણ–૧૨ પછી ડોકટર કે એન્જિનિયર થવું હોય, એને ડિપ્લોમામાં જવું હોય આ બધી જ વ્યવસ્થાઓ અને એમાં પણ હું તો એમ કહીશ કે એમાં સીટોમાં વધારો કર્યો છે એના કારણે ધોરણ ૧૦ અને ધોરણ ૧૨મું ભણતો હોય એમાં આત્મવિશ્વાસ વધ્યો છે કે મારું ફ્યુચર સુરક્ષિત છે. પરિણામ એ મળ્યું કે ૧૦૦ માંથી ૧૦૦, ૧૦૦ માંથી ૯૯, ૧૦૦ માંથી ૯૦ આજનો આંકડો ગુજરાતની ભાજપની સરકારમાં ભણેલો વિદ્યાર્થી એ ટકાવારી લાવી રહ્યો છે, એનો આત્મવિશ્વાસ વધ્યો છે કે મારું ફ્યુચર છે, મારા માટેની સીટો છે, એ સીટોમાં હું ભણી શકીશ, મારું ફ્યુચર બનાવી શકીશ. એના માટે આનંદીબેન, ભુપેન્દ્રસિંહ, વસુબેન, નાનુભાઇને અને સમગ્ર શિક્ષણની ટીમના અધિકારીઓને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ ભવિષ્ય સુરક્ષિત નહોતું મા–બાપ ઉઠાડી મૂકતાં, પોતે ઉઠી જતાં આ સ્થિતિની અંદર મારે એ પણ કહેવું છે કે, અનેક સુધારાઓની સાથે સાથે છેલ્લા એક વર્ષની અંદર ૮૭ જેટલી નવી સરકારી માધ્યમિક શાળાઓ શરૂ કરવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ થાય છે કે, એક પણ તાલુકો ગુજરાતની અંદર વિજ્ઞાન પ્રવાહની શાળાથી વંચિત નથી આ એક નવો ઈતિહાસ રચનાર એ શિક્ષણ માટેનું કામ છે. કોમ્પ્યુટર, ડીશ, ટી.વી., પ્રિન્ટર, સ્કેનર, ફર્નિચર ઉપરાંત ઇન્ટરનેટની સુવિધાઓ આજના ઉચ્ચત્તર અને માધ્યમિક વિદ્યાર્થીઓને મળી રહી છે. સરકારી અને ઉચ્ચત્તર માધ્યમિકમાં ૩૦૭ શિક્ષક સહાયકની ભરતી ૨૦૧૩ માં કરવામાં આવી છે. ઓરડાઓ, શાળાના મકાનો અને શિક્ષકો આપ્યાં. એટલું જ નહિ ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં ૨૨૨૩ જેટલા શિક્ષકોની ભરતી કરવાનું પણ અહીંયા અનુસૂચિત જાતિ, જનજાતિ, બક્ષીપંચની વાતો કરનારાઓને મારે કહેવું છે, અનુસૂચિત જાતિ, જનજાતિ, બક્ષીપંચના ધોરણ ૯ થી ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થી કે વિદ્યાર્થીનીને કોઇપણ વાર્ષિક એમની આવક કેટલી છે એ જોયા વગર આ રાજ્ય સરકારે એક અભૂતપૂર્વ નિર્ણય કર્યો છે કે એમને મફત પાઠ્યપુસ્તકો એનાયત કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ધોરણ ૧૦ના પ્રથમ વર્ગમાં ૩૪૮ શાળાઓને ૩૬૪ ઓનલાઇન મંજૂરીઓ ધોરણ ૧૦માં આપવામાં આવે. ભ્રષ્ટાચારનું સાધન વિપક્ષી કોંગ્રેસના સભ્યોએ આ શિક્ષણને બનાવ્યું હતું ત્યારે આ પ્રકારની પહેલને આ સભાગૃહના માધ્યમથી એને હું વધાવવા માગુ છું. ખૂબ સુમેળથી આ ગૃહ એ પ્રજાના પ્રશ્નોને વાચા આપવાનું, નવી નીતિઓ ઘડવાનું, નવી યોજનાઓ બનાવીને પ્રજાને લાભ આપવાનું આ ગૃહ એક સાધન છે ત્યારે ખાસ કરીને શિક્ષણ માટે સમાજ માટે ભૂખ ઉઘડી છે ત્યારે એક સાચા જનપ્રતિનિધિ તરીકે જ્યારે આ રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન ગતિશીલ ગુજરાતના પ્રણેતા તરીકે એક આગેવાની લઇ રહ્યાં છે ત્યારે માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહજી હોય, વસુબેન હોય, નાનુભાઇ હોય ખૂબ જ ખૂલ્લા મને અમને એમ પણ કહેતા હોય છે સકારાત્મક તમે સૂચનો કરો. વિરોધપક્ષને પણ કહેતા હોય છે સકારાત્મક તમે સૂચનો કરો સરકાર તૈયાર છે. આવી સંવેદનશીલ સરકાર છે ત્યારે (અંતરાય) રાજ્યપાલના આભાર પ્રસ્તાવને મારું અનુમોદન આપું છું.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે, વિરામનો સમય થયો છે, સભાગૃહ ફરી ૩–૧૫ કલાકે મળશે

**( વિરામ : બપોરના ૨–૩૦ થી ૩–૧૫ )**

**(અધ્યક્ષશ્રી, અધ્યક્ષસ્થાને )**

શ્રી શબ્દશરણ ભા. તડવી(નાંદોદ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યના નામદાર રાજ્યપાલશ્રીએ આ ગુજરાત વિધાનસભા ગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ એમને આભાર આપવા માટે આપણા ગૃહના માનનીય સભ્યશ્રી કેશાજીભાઇ ચૌહાણે પ્રસ્તાવ રજૂ કર્યો, એમના સમર્થનમાં સભ્ય શ્રીમતી ભાનુબેન બાબરીયાએ જે કાંઇ સમર્થન કર્યું છે એમાં હું પણ મારો સૂર પૂરાવવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં ભારતીય જનતા પાર્ટીની ચાલતી સરકારે ભારતીય જનતા પાર્ટીના મૂળ સિદ્ધાંતો અંત્યોદય સુધી પહોંચવાના સિદ્ધાંત અનુસાર અનેક વિભાગો ગુજરાત સરકારના જ્યારે લોકોની, ગરીબ લોકોની વચ્ચે કામ કરવા, એને સેવાઓને પ્રદાન કરવા માટે તત્પરતા દાખવી છે, એના અનેક ઉદાહરણો અનેક વિભાગોમાં જોવા મળે છે. ઉંડાણના વિસ્તારની અંદર ખેત મજૂર હોય, ગરીબ આદિવાસી હોય આ બધાને જ્યારે એમની ભૂખ સંતોષવા માટે અનાજની જરૂરિયાત પડતી હોય, આપણી રાજ્ય સરકારનો અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ લોકોની વચ્ચે જઇને સરકારી પંડિત દિનદયાળ ઉપાધ્યાયની દુકાન હોય કે સસ્તા અનાજની દુકાનો હોય, નાનામાં નાના ગરીબ માણસને પુરવઠો, અન્ન જેવા કે ચોખા હોય, ઘઉં હોય બધું જ વ્યવસ્થિત મળે એના માટે જે સરકારનો વર્ષોથી આ નાગરિક પુરવઠા વિભાગ ૧૯૬૫થી કાર્યરત છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગામડાઓમાં આ સસ્તા અનાજની દુકાનો મારફતે એને રેશનીંગમાં મળતો પુરવઠો નિશ્ચિત દર પ્રમાણે, નિશ્ચિત પુરવઠો નક્કી કરીને તે પ્રમાણે જ્યારે પુરવઠો પૂરો પડાય છે. ખૂબ વર્ષો પહેલાંની યાદ અપાવવાનું મને જરૂરી લાગે છે. સસ્તા અનાજની દુકાનોના સંચાલકો ખૂબ વર્ષો પહેલાં આ દુકાનો ચલાવતા હતા. લોકોના રેશન કાર્ડો દુકાનોમાં મૂકી જઇને એને રેશનીંગ મહિને મળે, ના મળે, અનાજની એવા પ્રકારની ક્વોલિટી નહતી. સડેલું અનાજ હોય, વર્ષો જૂનું અનાજ હોય, દુકાનદારો ચાઉં કરી જતા હતા. ગરીબ લોકો સુધી એ પુરવઠો સરકારે આપેલો સહાય દરનો પુરવઠો, જે લોકો માટે મૂકેલી યોજનાઓ ફળિભૂત નહતી થતી અને એના કારણે ગરીબ લોકોમાં અસંતોષની લાગણી આ વિભાગમાં વર્ષો પહેલાં જોવા મળતી હતી. આજે એટલો મોટો સુધારો થયો છે. ગરીબોની અંત્યોદયની યોજના હોય, જે સાવ ગરીબ લોકોના માટે લગભગ ૨૫.૭૭ લાખ કુટુંબોને જે ગરીબીની રેખા નીચે જીવતા લોકોને ખૂબ રાહત દરે ઘઉં અને ચોખા જ્યારે અપાય છે. એ.પી.એલ. યોજના હોય, અન્નપૂર્ણાની યોજના હોય, અન્નબ્રહ્મની યોજના હોય, આ વાજબી ભાવની દુકાનો મારફતે આ અનાજનો પુરવઠો અપાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે જ સરકારશ્રીએ મોડેલ ફેર પ્રાઇસ આ શોપનું એક નવિનત્તમ ઉદાહરણ પાડ્યું છે, એક નવિનત્તમ પ્રયોગ આપણા ગુજરાત રાજ્યમાં કર્યો છે. જીવન જરૂરિયાતની તમામે તમામ ચીજ વસ્તુઓ આ દુકાનોમાંથી ગામડાના લોકોને સહેલાઇથી મળી રહે એના માટેનો ખૂબ મોટો પ્રબંધ કર્યો છે. પોતાના હક્કનું અનાજ બીજો ન લઇ જઇ શકે એના માટે પોતાના ફિંગરપ્રીન્ટવાળું બાર કોડેડ રેશન કાર્ડ અત્યારે સરકારે જ્યારે દાખલ કર્યું છે અને એ પણ જ્યારે લેવા જવું હોય આ અનાજની કુપન પોતાનો અંગુઠો પાડીને જ પોતે કુપન લઇ શકે અને એ દુકાનમાંથી લઇ શકે આવા પ્રકારની એકદમ પારદર્શક વહીવટની પ્રક્રિયા આ સરકારે હાથ ધરી છે. પોતાનો હકક પોતે જ લઇ જઇ શકે બીજો કોઇ ચોરી ન કરી શકે એના માટે સરકારે જે પારદર્શક વહીવટ થકી જે આ નાગરિક પુરવઠા વિભાગે લોકોને સેવા આપવાનો ખૂબ મોટો પ્રયત્ન કર્યો છે. દુકાનદારને પણ અનાજ પૂરેપૂરું મળે એને પણ જે રીતે અનાજનો પુરવઠો તાલુકા મથકેથી લાવવા માટે જે અડચણો ઉભી થતી હતી, અનાજ ભેળસેળવાળું થઇ જતું હતું, અનાજ બદલાઇ જતું હતું અને સરકારે જે આપેલું હોય એ અનાજ લોકો સમક્ષ ન જાય, આવા પ્રયત્નો ખૂબ વર્ષો પહેલા થતા હતા આના અનુભવમાંથી સરકારે ડોર સ્ટેપ ડીલીવરીની યોજના દાખલ કરી છે અને દુકાનદાર દુકાન પર ચલણ ભરીને પૂરું પાડવા માટે નાગરિક પુરવઠા વિભાગે ખૂબ સારી મહેનત કરી છે અને આ સેવાનો લાભ લોકો લઇ શકે છે. ખરેખર આ રાજ્ય સરકારની આવી ક્રાંતિકારી યોજનાને કારણે, એના ચુસ્ત અમલને કારણે લોકો સમક્ષ યોજનાનો જે ઉદ્દેશ હતો એ ફળીભૂત થયો છે અને લોકોને સોએ સો ટકા પોતાના હકકનું, સમયસર અને તંદુરસ્ત, સારી કવોલીટીનું અનાજ અને જથ્થો મળે એ માટે વિભાગે પ્રયત્ન કર્યો છે. જે પ્રકારે માનનીય રાજ્યપાલશ્રીના આપના પ્રવચન થકી આભાર પ્રસ્તાવ વિભાગને રજૂ થશે ત્યારે હું એક વિભાગની વાત કરીને મારું સમર્થન કરું છું.

શ્રીમતી મનિષા રા. વકીલ(વડોદરા) : Hon'ble Speaker, Sir, Today I stand before you to speak for the motion regarding the speech given by His Excellency the Governor of Gujarat and supported by the Member of Legislative Assembly Shri Keshabhai Chauhan and Smt. Bhanuben Babaria .

Respected Speaker, Sir, Education is the base of growth of any country, State or society. Since last decade we have reached the pinnacle in the field of education. I would like to draw the attention of this August House that inititiative "Shala Praveshotsav which was the dream project of our Chief Minister Anandiben Patel and the Education Minister . In this programme the Ministers, MLAs and even the IAS Officers joined hands together to promote education in interior villages and welcome the new batch of toddlers. This is rarely done in the last few decades and in this decade we have seen this promoting of education even in the villages.

Respected Speaker, Sir, because of this initiative if we compare the drop out ratio, it is decreased from 20.93 per cent to 2 per cent i.e. 18 per cent decrease in the drop out rate from standard 1 to 5 and the ratio of 38.92 which was in the year 2001 of standard 1 to 7 has gone down to 6.91 per cent which is quite noticeable in any State if you see.

Respected Speaker, Sir, Mahatma Gandhi had once said that if you educate a child you make him a good citizen, but if you educate a girl, you educate the whole family and the whole society With this thought in mind the Government started the initiative of Kanya Pravesotsav in the year 2001 to ensure decrease of girls drop out ratio from schools. Upto the year 2001, the situation of girls education was very distressful and it was in a pitiful condition that only 48 per cent of the girls were literate in India in 2001. And with this distressful condition the then Chief minister of Gujarat Narendrabhai Modi decicded to go for Shala Pravesotsav and Kanya Kelvani Rath. Now literacy rate has come nearly to 98 per cent which is great achievement for any of the State which is having a population capacity and today we can proudly say that Gujarat ranks 8th in the country in terms of Education.

Mr. Speaker, Sir as a parting gift to the cause of girls' education in his home state the Prime Minister designate donated 21 lakh from his personal saving to create a corpus fund for educating daughters of Government staff like drivers and peons working with the Gujarat Government. Number of girls who are willing to study even in colleges can avail this opportunity. I can proudly say that Shri Narendra Modi, is the only Prime Minister and the then Chief Minister has started this work for this good social cause. None of the other chief Minister or Prime Minister has ever done it. The issue very near to his heart is educating girls. On 15th August also when he stood in Red Fort he proudly said "Beti bachao and Beti Padhao'. That issue, the whole of India, not only India, everybody in the different countries are trying to follow it. મોટી મોટી વાતો કરતા હોય, સારા આશયથી કામ કરવાવાળા પોતાની વાતને સારી રીતે મૂકતા હોય છે અને એને ડેઇલી લાઇફમાં પણ નાખતા હોય છે. એ રીતે બધાને વિનંતી કે આપણે જે વિચારણા રાખતા હોઇએ તે આપણે પૂરી કરવી જોઇએ. We can see that he has set a good example and because of the number of people living in the society are coming up and they are contributing themselves whatever inputs they canto the

society.હમણા ગઈકાલની વાત છે. આપણા મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલ દાતા ગયા હતા. દાતા વિસ્તારમાં એક આદિવાસી કુટુંબનો અનુભવ એ જગ્યા ઉપર વર્ણવ્યો હતો. તેમણે કહ્યું એક આદિવાસી કુટુંબ દાતા તાલુકો એવો છે કે ત્યાં સરકારી જમીન નથી ત્યાં સરકારી સ્કૂલ નથી બની શકતી. એના માટે ત્યાં એ આદિવાસી કુટુંબ આગળ આવ્યું. એમણે દોઢ એકર જેટલી જમીન સરકારને આપી છે. સ્કૂલ બની શકે. જ્યારે આમાં ટ્રાયબલના લોકો જોડાયા છે. આના કારણે we can say they are giving their input in the Government. ભાજપની સરકારમાં લોકો જાગૃત થયા છે. સમાજમાં શિક્ષણ માટેની સભાનતા આવી છે. સમાજમાં જાગૃતિ આવી છે અને ભણતરની ભૂખ ઉઘડી છે. And I can say that schools before there were no computers in the schools, now we have smart classes, number of smart classes are there in the schools and we can say that the children in the villages have started playing with the mouse, which was not possible in many years back. This is called development. If I am saying in the computerized system fortaking teachers in the job it is so transparent and its comes on merit basis. Because of this we have dedicated and sincere teachers in the field. Students are coming up with the national award and that also from the Government Schools. It is a big privilege to us. Reason behind is the motivational movement from the Government. I would also like to say that to match with the global development also and the buildup the confidence in the students, the Government has introduced around 48 new English medium schools and variant children are also admitted in the school. If I talk of my Vadodara city, in 2001, even one of the big cities of Gujarat, we can say, there were 42 schools who did not have the proper classrooms and right now we can say the infrastructure of Government school is matching and we can competing with the private schools which are there in Baroda. If you see that there also compound wall and there are also proper toilets and because of toilets and system, we can say girls are started to inculcate and get inside the schools. I can proudly say that the ratio of teachers and students is 1:29 in standard 1 to 5 and 1:34 in standard 6 to 8 . So we can not say કે જે કોંગ્રેસના સભ્ય કહેતા કે ઘેંટા-બકરાની જેમ બાળકોને પૂરવામાં આવે છે, તો હું એમનું ધ્યાન દોરવા માગું છું કે 1:29 or1:28 is very good ratio. Drinking water facility is provided in almostall the schools in 2001. Only 10,184 schools had drinking water facility. But in 2014 if we compare, there are 33,624 schools having pure drinking water facility. Again I talk of Vadodara there is a trust collage united where it is providing 23 lacs costof R.O. system and children in the Government schools are drinking water which comes from R.O. system . Many people with the intention of social cause has also given four thousand uniforms to the school. I proudly say that the corporation school in Baroda they are having their personal dairies which is not found anywhere in India, from standard V to VIII they have been given diary, so even the parents can come and see what is going in the school and parents involvement is also very positive. So with this I would say whatever The Governor has given in the speech , I talk in the motion of Shri Kesabhai and Smt. Bhanuben.

શ્રી કિરીટસિંહ જી. રાણા (લીંબડી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીના પ્રવચનની ચર્ચા પર માનનીય મારા સાથી ધારાસભ્ય કેશાજી ચૌહાણ જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે અને મારા સાથી ધારાસભ્ય શ્રીમતી ભાનુબેન બાબરીયાએ જેને સમર્થન આપ્યું છે તેને હું પણ સમર્થન આપવા માટે અને કૃષિ વિભાગની થોડીક વાત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીએ ગુજરાતની જનતાને ગતિશીલ ગુજરાતના દર્શન કરાવ્યા છે. જેને હું સહર્ષ આવકારું છું. રાજયના ગતિશીલ વિકાસમાં કૃષિક્ષેત્રનો મહત્વનો ફાળો છે. જે અંગે હું મારા વિચારો વ્યક્ત કરવા માગું છું. રાજયના ખેડૂતોનું કૃષિનું ઉત્પાદન વધારવા માટે કૃષિ મહોત્સવ થકી રાજય સરકારે અનેક પ્રયત્નો કર્યા છે. હું લીંબડી, ચુડા અને સાયલા મત વિસ્તારમાંથી આવું છું. હું પણ ખેડૂતનો દીકરો છું અને ખેતી આજની તારીખમાં મારે ત્યાં થાય છે. મારા ભાઇઓ અને કુટુંબીજનો આજે પણ ખેતી કરે છે. સાચા અર્થમાં વર્ષોથી કહેવાતું હતું કે ખેડૂત છે તે જગતનો તાત છે. કયારે તેને તાત તરીકે જોવામાં નથી આવ્યો. બધા બોલે છે. સામી પાર્ટી અત્યારે આપણી વચ્ચે નથી. આપે પણ કહ્યું કે તેમની ટીક નહીં કરો અને આપની જે વાત હોય તે કરો, પણ જે વર્ષો સુધી નથી થયું તે અત્યારે છેલ્લા ૧૨–૧૫ વર્ષથી જે ગતિમાં, ગતિશીલ ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી આનંદીબેન બન્યા છે તથા તેમના અગાઉ આપણા માનનીય મુખ્યમંત્રીશ્રી હતા અને અત્યારે દેશના વડાપ્રધાન બન્યા છે તેમના વિચારો અને તેમની કામ કરવાની શૈલી જોતાં મને આ સભાગૃહમાં કહેતાં આનંદ થાય છે, માનનીય ભુપેન્દ્રસિંહ અગાઉ કૃષિપ્રધાન રહી ચૂકયા છે તેવા અનેક કૃષિ મંત્રીઓ અને અત્યારે હાલ બાબુભાઇ છે. જે જે કૃષિમંત્રીઓ બન્યા છે તેમણે આ વિભાગને સારી રીતે ચલાવીને ખેડૂતોને વધારે પ્રાધાન્ય મળે તેના માટે કૃષિ મહોત્સવ કર્યા છે. આની શરૂઆત અખાત્રીજથી કરવામાં આવે છે. ખેડૂત માટે આ દિવસ બહુ પવિત્ર દિવસ હોય છે. તેનુ ઓજાર, જે સાધન છે તે સાધનને તેના ભાવ અને વિશ્વાસથી તેની પૂજા કરે છે. ત્યારથી તેની અપેક્ષા વધે છે કે આ વર્ષે વરસાદ સારો થાય અને હું જે મહેનત કરું છું તેનું ફળ સારુ મળે અને રાજય સરકાર તેને પગભર કરવા માટે અનેક પ્રયત્નો કરે છે. તેવો જ પ્રયોગ ૨૦૦૫–૦૬માં કૃષિ મહોત્સવની શરૂઆત કરાવી. આજે કહેતાં આનંદ થાય છે કે કૃષિ મહોત્સવ ૨૦૦૫ના આયોજનથી રાજયમાં કૃષિ ક્ષેત્રના સફળતાનો પાયો તે દિવસે નંખાઇ ગયો છે. તેના પછી જે ગતિ તેમાં પછી બાગાયત હોય, રવિ પાક હોય તેમાં આ સભાગૃહને જણાવતાં આનંદ એટલા માટે આવે છે કે રાજયમાં જેમ ગરીબ કલ્યાણ મેળા થતા હતા, ગરીબ કલ્યાણ મેળા એટલે કે ગરીબોની વચ્ચે વચેટીયાઓ ન આવે. અગાઉ વચેટીયા, દલાલો આવતા હતા. લાભાર્થીઓને લાભ મળતો ન હતો. તેમાંથી કટકી કરવામાં આવતી હતી. કોંગ્રેસે કાયમ માટે આવું કર્યું છે. અગાઉના તેમના ભાષણો આવા હતા. આધી રોટી ખાયેંગે દેશ કો બચાયેંગે. પૂરી રોટલી એ ખાય, બીજાને ગરીબોને શું મળે તે કોઇ દિવસ જોયું નથી. ખેડૂતો માટે સારા નકકર પ્રયોગ પણ નથી કર્યા. મને કહેતાં પીડા થાય છે કે અત્યારની આપણી આ ચર્ચામાં કૃષિ વિભાગના કે અન્ય વિભાગ તથા રાજયપાલશ્રીના પ્રવચન ઉપર આ સરકારનું ધ્યાન દોરીને હકારાત્મક કે સારા પોજીટીવ પોઇન્ટ આપવા હતા. જે વિસ્તારમાંથી અમે ચૂંટાઇને આવીએ છીએ, તેઓ પણ કોઇને કોઇ વિસ્તારમાંથી ચૂંટાઇને આવે છે. અમારી જેટલી વિસ્તારની જવાબદારી છે તેટલી તેમની પણ તેમના વિસ્તારની થાય છે ત્યારે તેમને કાયમ માટે સરકારને બદનામ કેમ કરવી, જૂઠાણા બોલવા તે જ કરે •(xxxxxx) છે. રાજયના ખેડૂતોને વિવિધ યોજનાઓ હેઠળ સહાય આપવામાં આવે છે.

મેં જેમ વાત કરી અને મને કહેતાં આનંદ થાય છે કે લોન્ચીંગ કાર્યક્રમ, ગરીબ કલ્યાણ મેળા યોજીને ગરીબોને જે લાભ આપ્યો તેવો જ લાભ રાજયના પ્રથમ મહિલા મુખ્યમંત્રીશ્રીએ મારા સુરેન્દ્રનગર જિલ્લામાં મારા જ મત ક્ષેત્રમાં લોન્ચીંગનો કાર્યક્રમ આપ્યો. જે એક વિતરણનો કાર્યક્રમ હતો તે કાર્યક્રમ ચુડા મારો તાલુકો છે, જે ૩૮ ગામોનો તાલુકો છે. માનનીય પંચાયત મંત્રી મારા સાથી મિત્ર છે. એમને મેં વાત પણ કરી કે સાહેબ, આ બધા અધિકારીઓ એમ કહે છે કે ત્યાં રવિ કૃષિનો આપણે મેળો રાખવો છે એને માટે કોઇ અગવડ હોવાના કારણે ના, હા, ના થતી હતી, પણ માનનીય મંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ ચૂડા નાનો તાલુકો છે ત્યાં કોઇ મુખ્યમંત્રી નથી ગયા એટલે મારે મુખ્યમંત્રી તરીકે આ કાર્યક્રમ ખેડૂતો માટેનો છે લોન્ચીંગનો કાર્યક્રમ મારા વિસ્તારમાં કરવામાં આવ્યો હતો. મારો મત વિસ્તાર જે છે એ ખેત મજૂરોનો અને ખેડૂતોનો છે અમારે ત્યાં કોઇ ઉદ્યોગ નથી માત્ર ખેતી અને એ પણ વરસાદ આધારિત ખેતી છે. માનનીય અધ્યક્ષશ્રી, આજે ગૃહને જણાવતા ખૂબ આનંદ એટલા માટે થાય છે કે, નર્મદા યોજનાની જેમ ઝડપથી ઉંચાઇ વધે અને માનનીય મુખ્યમંત્રીશ્રી તરીકે માનનીય નરેન્દ્રભાઇ મોદી હતા ત્યારે ખૂબ સારા એવા પ્રયત્ન કરીને અમારે ત્યાં પાણી પહોંચાડ્યું છે અને અત્યારે નર્મદાના પાણી મળવાથી ખૂબ સારો એવો લાભ ખેડૂતોને થવા લાગ્યો છે.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

મને આ ગૃહને જણાવતા વધુ આનંદ એટલા માટે થાય છે કે રાજયના કૃષિ વિકાસને વધુ ગતિમય બનવાના ઉદેશથી રાજય સરકારશ્રી દ્વારા કૃષિ મહોત્સવ ૨૦૧૫નું આયોજન થનાર છે. વર્ષ ૨૦૧૫-૧૬માં કૃષિ મહોત્સવ આયોજન માટે રૂપિયા ૫૫ કરોડની સૂચિત જોગવાઇ કરવામાં આવી છે. મિત્રો આ કોઇ નાની સામાન્ય રકમ નથી. મારે સામી પાટલીના મિત્રોને કહેવું છે કે બેઠા હોત તો ખબર પડત કે, કૃષિ માટેના કેટલા રૂપિયા ખેડૂતોને પગભર કરવા અને એની આવક વધારે મેળવી શકે એના માટેની બજેટમાં આપણે વ્યવસ્થા કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, રવિ કૃષિ પાક, જે ગુજરાત સરકારે વર્ષ ૨૦૧૫ને કૃષિ વિકાસ વર્ષ જાહેર કરેલ છે. કૃષિ વિકાસ વર્ષ ૨૦૧૪-૧૫ અન્વયે જાહેર કરેલા આયોજનને તેમજ ખાતાની સહાય લક્ષી યોજનાઓની ખેડૂતોને સમજ આપવામાં આવે છે. રવિ કૃષિ મહોત્સવ ૨૦૧૪માં કૃષિ વિભાગ, બાગાયત વિભાગ, પશુપાલન વિભાગ તેમજ વિભાગની વિવિધ યોજનાઓની મંજૂરી પત્રો, સહાય ચેક વિતરણ કરવામાં આવે છે તેમજ ખેડૂતોને કૃષિલક્ષી માર્ગદર્શન આપવાનું તેમજ ખેડૂતોને કૃષિલક્ષી પ્રશ્નોનું નિરાકરણ લાવવા માટે આ વ્યવસ્થા આ બજેટમાં કરવામાં આવી છે. જી.જી.આર.સી. મારફતે સિંચાઇ પધ્ધતિના અમલ માટે પ્રાપ્ત કરેલ અરજીઓની મંજૂરીના પત્રોનું વિતરણ, એમ.આઇ.એસ. અંગેના શહેરી વર્કશોપ અને સો ટકા ડ્રીપવાળા ગામડા માટેના મોટા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. ચેકડેમ, સીમતલાવડા, ખેતતલાવડી, તળાવો ઉંડા કરવા જેવા કામોના મંજૂરી પત્રો આપવા માટેની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એવું જ કામ દેશ અને દુનિયાની નજરમાં એમ લાગે કે દેશમાં પણ એક રાહ ચિંધે એવું કામ ખેડૂતોને જમીન સોઇલ હેલ્થ કાર્ડ તૈયાર કરવા માટેનું અભિયાન હાથ ધરીને ગુજરાતે સમગ્ર દેશને એક નવો રાહ ચિંધ્યો છે અને રાજયમાં સોઇલ હેલ્થ કાર્ડનો નવતર અભિગમ ૨૦૦૩થી અમલમાં લીધો છે. મને આ ગૃહને કહેતા આનંદ થાય છે કે, પ્રથમ તબક્કામાં જ્યારે કામ શરૂ થયું ત્યારે એ ટાઇમે આ લોકો વિરોધ બહુ કરતા હતા અત્યારે હાજર નથી એટલે વધારે ટીકા-ટીપ્પણી આપણે નથી કરવી પણ ખરેખર ખૂબ વિરોધ કરીને આપણા કાર્યક્રમમાં અવરોધ બહુ લાવતા હતા. કૃષિ મહોત્સવ વખતે તો હાજર ન રહે, આવે નહીં અને કેવી રીતે લોકો હેરાન થાય એવું કરતા અને કાર્યક્રમમાં કેવી રીતે લોકો હેરાન થાય એવું કરીને કાયમ નડ્યા છે ઉપયોગી નથી બન્યા. આજે મને કહેતા આનંદ થાય છે કે, પ્રથમ તબક્કામાં રાજયના ૪૨ લાખ કરતા વધારે જમીનના નમૂના લેવામાં આવ્યા છે અને જે તપાસ કરીને તમામ ખેડૂતોને સોઇલ હેલ્થ કાર્ડ આપવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, બીજા તબક્કામાં ૨૨ લાખ કરતા વધારે ખેડૂત ખાતેદારને સોઇલ હેલ્થ કાર્ડ પૂરા પાડવામાં આવ્યા છે. હાલમાં રાજયમાં કુલ ૧૦૨ જમીન ચકાસણી પ્રયોગશાળાઓ તથા ૩૨ સાયન્સ કોલેજો જમીન ચકાસણીની કામગીરી કરી રહી છે. માનનીય અધ્યક્ષશ્રી, એમના ટાઇમમાં આ બધા તજજ્ઞો કોઇને કોઇ યુનિવર્સિટીમાં હતા અને ત્યારે યુનિવર્સિટી પણ એટલી નવી નહોતી શરૂ કરી અને બે થી ત્રણ હતી એ આ કામ રાજયમાં કરતી હતી અને એના કારણે એમને સામે બેસવાનું આવ્યું છે. આપણી રાજય સરકારે ખૂબ કામ કર્યા છે. દેશના માનનીય વડાપ્રધાનશ્રીને એટલા માટે યાદ કરવા પડે છે કે એમનું ખૂબ મોટું આમાં પ્રદાન છે અને કૃષિ ક્ષેત્રે અને અનેક વિભાગમાં ખૂબ સારી એવી કામગીરી કરીને ખેડૂતોને પીવાનું પાણી તો ઠીક પણ સિંચાઇનું પાણી પણ મળી જાય, પીવાનું પાણી મળી ગયું છે પણ સિંચાઇનું પાણી પણ મળી જાય એના માટે મારા વિસ્તારમાં, મારા જિલ્લામાં અને સૌરાષ્ટ્રના ૮ જિલ્લામાં પાણી પહોંચાડવા માટેની વાત છે એમાં સિંચાઇનું પાણી સુરેન્દ્રનગર જિલ્લાને અન્ય ૭ જિલ્લા કરતા પણ વધારે પાણી મળે છે અને એથી પણ વધારે મારા મતક્ષેત્રમાં સો ટકા પાણી મળે છે એક પણ ખેડૂતના ખેતરમાં પાણી ન પહોંચ્યું હોય એવું એક પણ ખેતર રહેશે નહીં.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીની સરકારે અનેકવિધ યોજનામાં જે સારી કામગીરીના વિશિષ્ટ ઇનામો લીધા છે આપણે જ્યારે શરૂઆત કરી ત્યારે રાજ્યપાલશ્રીના પ્રવચનમાં વિરોધપક્ષના નેતા મારા આદરણીય વડીલ શ્રી શંકરસિંહજી તેલીબીયાંની વાત કરતા હતા આજે તેઓ અત્યારે ગૃહમાં નથી પણ મને કહેવાનું મન એટલા માટે થાય છે કે, કૃષિ વિકાસમાં ગુજરાતના કૃષિકારોએ વિવિધ એવોર્ડ મેળવેલ છે. તાજેતરમાં તારીખ ૧૯-૨-૨૦૧૫ના રોજ ભારત સરકાર તરફથી માનનીય વડાપ્રધાનશ્રીના હસ્તે તેલીબીયાં પાકના વધુ ઉત્પાદન માટે ગુજરાત રાજ્યને કૃષિ કર્મઠ એવોર્ડ આપવામાં આવ્યો છે તે દિવસે તેઓ તેલીબીયાં વિશે બોલતા હતા અને આપણી ટીકા કરતા હતા મારે એમને તેઓ અત્યારે હાજર નથી એટલે બીજું વધારે કંઇ કહેવું નથી. સરકારે આ વખતે બજેટમાં ખેડૂતોને ખૂબ મોટો ફાયદો થાય તેવું કામ કરેલ છે. રાજ્ય સરકારના

કૃષિમંત્રીશ્રી બાબુભાઇ અને જસાભાઇ બારડ આ બન્નેના પ્રયત્નોથી વરસ ૨૦૧૫-૧૬માં બજેટની જોગવાઇ ઘણી કરવામાં આવી છે. કૃષિ માટે રૂપિયા ૧૯૬૭ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે, કૃષિ વિકાસ વર્ષ અંતર્ગત ખેતી લોન મેળવવા ખેડૂતોને ૬ ટકા વ્યાજ સહાયનો લાભ ચાલુ રાખવા માટેની યોજના માટે રૂપિયા ૭૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આધુનિક ખેતી પદ્ધતિના અમલ માટે ખેડૂતોને નવા ટ્રેકટરની ખરીદીના સહાય માટે રૂપિયા ૧૨૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. પાક વીમા નીધિ માટે રૂપિયા ૧૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે, આમ કરીને ખેડૂતો અત્યારે ખૂબજ ખુશ છે કારણકે નાની મોટી બાબતોમાં ક્યાંક કમોસમી વરસાદ આવે કે કોઇ આવી ઘટના બને તો ઠીક છે, બાકી તો આ બધું કુદરત આધારિત છે પણ રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રી ગતિશીલ ગુજરાતને આગળ વધારવા માટે અને સરકારના બધાજ વિભાગને આગળ વધારવા માટેનું કામ કરી રહ્યા છે.

રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના હેઠળ રાજ્યના ખેડૂતો માટે રૂપિયા ૫૫૧ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આંતરરાષ્ટ્રીય કક્ષાના કૃષિ પ્રદર્શન મેળાનું આયોજન કરવા માટે રૂપિયા ૧૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ખેત ઉત્પાદન સંગ્રહ માટે ગુજરાત રાજ્ય બીજ નિગમ દ્વારા ગોડાઉન બાંધવા માટે રૂપિયા ૧૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ઓર્ગેનીક પોલિસી અંતર્ગત રાજ્યના ખેડૂતોના પ્રોત્સાહન માટે સહાય પૂરી પાડવા માટે રૂપિયા દસ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ખેતી વિષયક ઘણું બધું કહી શકાય તેમ છે જે રીતે રાજ્ય સરકાર ખેડૂતોને ચેક વિતરણ માટે જેમ ગરીબ કલ્યાણ મેળામાં કોઇ વચેટિયા નહિ જેમ પહેલાં વાત કરી એ વાત ફરીવાર એટલા માટે દોહરાવું છું કે જે રીતે મારા વિસ્તારમાં આવીને કાર્યક્રમ લોન્ચ કર્યો એ રીતે સમગ્ર ગુજરાત રાજ્યમાં રાજ્યના મુખ્યમંત્રી અને બધા જ મંત્રીઓ અને બધાજ ચેરમેન દ્વારા આ વિતરણ વ્યવસ્થા બાગાયત માટે, પશુપાલન માટે કૃષિની અલગ અલગ યોજના માટે જે ચેક વિતરણ થયા છે એનાથી ખેડૂતો બહુ રાજી છે અને આ રાજ્ય સરકાર જે બજેટ લાવેલ છે એ પણ સારું છે અને માનનીય રાજ્યપાલશ્રીના પ્રવચનનો આભાર પ્રસ્તાવ માનનીય કેશાજી જે લાવ્યા છે જેને ભાનુબહેને જેમ ટેકો આપ્યો છે એમ એને હું મારું સમર્થન આપીને વિરમું છું અને મને પણ આ બોલવાની તક મળી એ બદલ આભાર.

શ્રી ભરતભાઇ કી. પટેલ(વલસાડ) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં મહામહિમ્ રાજ્યપાલશ્રીએ જે પ્રવચન કર્યું છે તેનો આભાર પ્રસ્તાવ લઇને આ ગૃહના સભ્યશ્રી કેશાજી ચૌહાણ આવ્યા છે તેના સમર્થન માટે ચર્ચા કરવા માટે હું ઉપસ્થિત થયો છું. એકવીસમી સદી એ જ્ઞાનની સદી છે અને આ જ્ઞાનના યુગમાં માહિતીનું આદાન પ્રદાન કરવું એ અનોખી બાબત છે કારણકે સમગ્ર વિશ્વ આજે માહિતીના યુગમાં જીવે છે. સંદેશા વ્યવહાર એ માહિતીના બહોળા પ્રચાર માટેનું શક્તિશાળી અને અસરકારક માધ્યમ છે. આ ફક્ત સરકાર અને પ્રજા વચ્ચેનું સાધન છે એવું નથી. પરંતુ લોકોની જે અપેક્ષાઓ હોય છે જે વર્ણનોનો ફીડબેક કરીને રાજ્ય સરકાર સુધી પહોંચાડવાનું કામ આ માહિતી અને પ્રસારણ વિભાગ કરી રહેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવતી લોક-કલ્યાણની વિવિધ યોજનાઓ, વિવિધ કાર્યક્રમો અને વિવિધ વિકાસ પ્રવૃત્તિઓની જાણકારી મળી રહે અને તેનો વધુને વધુ આમ જનતા લાભ લેવા પ્રેરાય તે હેતુસર તસ્વીરો હોર્ડીંગ્સ, અખબારો, આકાશવાણી, દુરદર્શન મારફત સમાચાર, વર્તમાન પત્રો, જાહેર ખબરો, વિડીયો તેમજ ફિલ્મનું નિર્માણ કરીને દુરદર્શન તેમજ સિનેમા ગૃહના દ્રશ્યો અને પરંપરાગત માધ્યમ દ્વારા પ્રચાર અને પ્રસિદ્ધિની કામગીરી માહિતી વિભાગ કરી રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારની યોજનાઓ આમ જનતા સુધી પહોંચાડી, વિવિધ સમાજોના પ્રતિભાવો મેળવી લોકોની જરૂરિયાતો, માગણીઓ અને વિકાસ માટે જે પગલાં લેવાની સરકારી તંત્ર પાસે પ્રજા જે અપેક્ષા રાખતી હોય છે જે માટે સરકારને જાગૃત કરવાનું કામ આ માહિતી અને પ્રસારણ વિભાગ કરે છે. આ માહિતી અને પ્રસારણ વિભાગ વિવિધ પ્રચારના માધ્યમ દ્વારા સરકાર અને સમાજ પ્રત્યે સેતુરૂપ ભૂમિકા અદા કરે છે. સરકાર અને પ્રજાને એક તાંતણે બાંધવાનું કાર્ય કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હાલમાં સ્વાઇન ફલૂનો રોગ ચાલી રહ્યો છે જે અટકાવવા માટે લોકોમાં જાગૃતિ હોવી જરૂરી છે. જે માટે પગલાં લેવા, યોગ્ય તકેદારી રાખવાનું માર્ગદર્શન પણ આ વિભાગ દ્વારા અપાઇ રહ્યું છે. ગુજરાત રાજયનો ૧૬૦૦ કિલોમીટરનો દરિયા કિનારો છે. માછીમારો જયારે માછીમારના ધંધા માટે દરિયામાં

ઉંડાણ સુધી જતાં હોય ત્યારે આ માછીમારોને દરિયાના તોફાનો, મોજાઓ વગેરેની માહિતી આ સૂચના અને પ્રસારણ વિભાગ દ્વારા આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકાર દ્વારા અમલમાં મુકાયેલ અનુસૂચિત જનજાતિ, અનુસૂચિત જાતિ માટે ખાસ અંગભૂત યોજનાઓ કુંવરબાઇનું મામેરૂં, માનવ ગરીમા યોજના, સાતફેરા સમૂહ લગ્ન યોજના, બાબા સાહેબ આંબેડકર યોજના, આંતરજ્ઞાતીય સમૂહ લગ્ન યોજના, આદર્શ નિવાસી શાળાઓ, શૈક્ષણિક યોજના, આર્થિક ઉત્કર્ષ યોજના, કૃષિ મહોત્સવ યોજના, શાળા પ્રવેશોત્સવ, ગરીબ કલ્યાણ મેળા વિગેરેની દરેક માહિતી આ વિભાગ દ્વારા લોકોને આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૩-૧૪ના વર્ષમાં અંદાજે ૬૨૦૪ પ્રદર્શનો યોજાયા હતા જેનો ૨૬ લાખ લોકોએ લાભ લીધો હતો. આ પ્રદર્શનના માધ્યમથી લોકોને વધુને વધુ જાગૃત કરી સરકારની યોજનાઓ લોકો સુધી પહોંચાડવાનું કામ આ વિભાગે કર્યુ છે. આ ઉપરાંત સોશીયલ મિડિયા, પ્રિન્ટ મિડિયા, ઇલેકટ્રોનિક મિડિયા તથા યુવા વર્ગ દ્વારા જે અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરતા વર્ગને સહેલાઇથી માહિતી મળી રહે તે માટે માહિતી ખાતા તરફથી વેબસાઇટ સાથે સોશિયલ મિડિયાનું ઇન્ટીગ્રેશન પણ કરવામાં આવે છે. તથા ફેસબુક, ટવીટર, યુ ટયૂબ જેવા માધ્યમ થકી પ્રચાર પ્રસાર કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર બહુમતિમાં હોય કે ના હોય સરકાર ચલાવ્યે રાખવી, હોતા હૈ ચલતા હૈ વાળી સરકાર, નિષ્ક્રિય સરકાર, લોક જાગૃતિ વગરની સરકારનો કોઇ અર્થ નથી અને આવી સરકાર ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી આનંદીબહેન પટેલના આગેવાની વાળી સરકારને મંજૂર નથી. ભારતીય જનતા પાર્ટી તો પારદર્શકતા વાળી સરકાર અને લોકજાગૃતિ વાળી સરકાર ઇચ્છે છે જે કરાવવાનું કામ આ વિભાગ દ્વારા કરાવાઇ રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારના તમામ ખાતાઓ દ્વારા તૈયાર થયેલી ટેન્ડર નોટિસો રોજબરોજ વેબસાઇટ ઉપર અપડેટ કરીને લોકોને જાણકારી આપવાનું કામ આ વિભાગ કરી રહ્યો છે. તદ્ઉપરાંત ગુજરાત સરકારે હાંસલ કરેલી સિદ્દિઓ, મહત્વના નીતિ-વિષયક નિર્ણયો, મહત્વની યોજનાઓ, ગુજરાત સ્થાપના દિન, સ્વાતંત્ર દિન, નૂતન વર્ષ,વાયબ્રન્ટ ગુજરાત, ગ્લોબલ સમિટ જેવા આંતરરાષ્ટ્રીય કાર્યક્રમ આ વિભાગ દ્વારા રજૂ કરવામાં આવી રહ્યાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા બેરોજગાર યુવક-યુવતિઓને ગુજરાત તેમજ ગુજરાત બહાર પણ રોજગાર વિષયક માર્ગદર્શન આપવાનું કાર્ય કરી રહી છે. આ ઉપરાંત વિદ્યાર્થીને ધોરણ ૧૦-૧૨ પછી શું ? કઇ ફેકલ્ટીમાં જવું તે બાબતની મૂંઝવણ હોય છે તે મૂંઝવણનું માર્ગદર્શન પણ આ માહિતી અને પ્રસારણ વિભાગ આપી રહ્યો છે. આ બાબતનો વિશેષાંક માહિતી અંક કમિશ્નર કચેરીએથી પ્રસિદ્ધ કરવામાં આવે છે જે રાજયના વિદ્યાર્થીઓમાં ખૂબ લોકપ્રિય બન્યો છે.માનનીય અધ્યક્ષશ્રી, દેશને આઝાદી અપાવનાર, દેશની એકતા અને અખંડિતતા માટે ગુજરાતના જાણીતા પનોતા પૂત્ર લોહ પુરુષ શ્રી સરદાર વલ્લભભાઇ પટેલનું અમૂલ્ય યોગદાન રહેલું છે. ખંડિત રાષ્ટ્રને અખંડ રાષ્ટ્ર બનાવનાર અને દેશ માટે સંપૂર્ણ જીવનનું બલિદાન કરનાર એવા સરદારની યાદ તાજી કરવાનું કામ પણ આ વિભાગ કરી રહ્યો છે. રાજય સરકાર સરદારના મૂલ્યવાન પ્રદાનને દેશ અને રાષ્ટ્રમાં સરદાર પટેલના મૂલ્યોને ઉજાગર કરવા માટે અને ચીરંજીવી સ્મારક બનાવવા માટે રાજયની સૌથી ઉંચી પ્રતિમાનું નિર્માણ કરવાનું કામ પણ કરી રહી છે. આ ઉપરાંત સરદાર નિર્વાણ દિને રન ફોર યુનિટીનો વિશ્વ રેકોર્ડ રચી કાર્યક્રમનો પ્રચાર અને પ્રસારથી દેશમાં એકતાનો સંદેશો વહેતો કરવાનું કામ પણ આ વિભાગ દ્વારા કરવામાં આવી રહ્યું છે. માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા દેશને આઝાદી અપાવનાર શહીદ નેતાઓના જીવનચિત્રો રજૂ કરી અને એમની યાદ તાજી કરવાનું કામ પણ આ વિભાગ કરી રહ્યો છે. રાજય સરકારે આ વિભાગ સાથે સંકળાયેલા માન્ય પત્રકારનું કુદરતી કે અકસ્માતે મૃત્યુ થાય તો તેવા સમયે એમના પરિવારજનોને, એમના વારસદારોને ૫૦ હજાર રૂપિયા સહાય ચૂકવવામાં આવી રહી છે. અને આ અંગે રાજય સરકારે ૨૦૧૩-૧૪માં ભારતીય જીવન વીમા કંપનીને રૂ. ૧,૮૩,૧૪૬ રૂપિયાનું પ્રિમીયમ પણ ચૂકવવામાં આવેલ છે. સૌનો સાથ સૌનો વિકાસ એ સૂત્રને લઇને ચાલતી આ સરકાર અને આ સૂત્રને વિશ્વના અન્ય દેશના નેતાઓએ પણ જયારે સ્વીકાર્યું છે ત્યારે ગુજરાતના માનનીય મુખ્ય મંત્રી શ્રીમતી આનંદી બહેન પટેલના નેતૃત્વ વાળી આ સરકાર અને સ્વચ્છ ભારત સ્વચ્છ ગુજરાતના અભિયાન સાથે ચાલતી આ સરકાર આ વિભાગના

માધ્યમથી લોક ઉપયોગી પ્રજાના કામો કરી રહી છે. એમને હું ખરેખર ધન્યવાદ આપું છું. આ સાથે સભ્યશ્રી કેશાજીભાઇ ચૌહાણ જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે એમને હું મારું સમર્થન આપું છું.

અધ્યક્ષશ્રી : આ ગૃહના સભ્યશ્રીઓનું મારે થોડું ધ્યાન દોરવું છે, એક તો જયારે કોઇ સભ્યશ્રી પ્રવચન કરતા હોય ત્યારે મહેરબાની કરીને વચ્ચેથી પસાર ન થવું જોઇએ. સવારથી અત્યાર સુધી, મંત્રીશ્રી અને સભ્યશ્રીઓ પણ ધ્યાને આવેલ છે. એટલે હવે પછી આ બાબતનું આપણે બધા ધ્યાન રાખીશું તો ઠીક રહેશે અને વાતો કરવા માટે આપણને બહાર ગેલેરી અને લોન્જ છે જ, એટલે ગૃહમાં આપણે શિસ્ત જાળવીએ એવી સભ્યશ્રીઓને વિનંતી છે.

શ્રી વિજયકુમાર ર. રૂપાણી (શ્રમ અને રોજગાર મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રી દ્વારા જે પ્રવચન કરવામાં આવ્યું તે પ્રવચન ઉપરના આભાર પ્રસ્તાવની જે ચર્ચા ચાલી રહી છે, રાજયપાલના પ્રવચન વખતે જે રીતે કોંગ્રેસ અને વિરોધપક્ષે ચાલુ પ્રવચને લોકશાહીને શોભે નહીં એ રીતે વિરોધ કરીને એમણે પોતાનું ઓછું કર્યું છે. આજે પણ હું એમ માનું છું કે આ માનનીય રાજયપાલશ્રીના પ્રવચનમાં સરકારની કામગીરી, એ કામગીરીની ચર્ચા કરવાને બદલે એમની પાસે કોઇ મુદ્દા નથી, વિરોધપક્ષના નેતા માનનીય શંકરસિંહનું પ્રવચન પણ મારી પાસે હાથમાં છે, એમાં પણ કોઇ મહત્વની વાત નહોતી, ત્યારે આ સરકારે કરેલી કામગીરીની વિરૂદ્ધમાં કોઇ વાત કરવાના મુદ્દા ન હોય એટલે આજે આ વોકઆઉટ કરીને આ ચર્ચાથી ભાગવાનો જે કોંગ્રેસે પ્રયત્ન કર્યો છે તે પણ ગુજરાતની જનતાના ધ્યાનમાં આવ્યો છે. હું એમ માનું છું કે ખરા ખર્થમાં માનનીય નામદાર રાજયપાલનું પ્રવચન એ આખા વર્ષ દરમિયાન થયેલી સરકારની કામગીરી અને એ કામગીરીની ચર્ચા કરવા માટેના ત્રણ મહત્વના દિવસ માનનીય સભ્યશ્રીઓને મળતા હોય છે ત્યારે એ વાતમાં ધ્યાન આપવાને બદલે જુદી જ વાત ઉપર જઇ અને વિરોધપક્ષે જે નકારાત્મક ભૂમિકા ભજવી છે તે દુઃખની વાત છે.

આદરણીય શંકરસિંહભાઇએ પ્રવચન કર્યું અને મને એમ હતું કે આજે કોંગ્રેસના બીજા વરિષ્ઠ નેતાઓ પ્રવચન કરશે અને એનો જવાબ અમારે દેવો પડશે એના બદલે માનનીય શંકરસિંહભાઇના પ્રવચનના થોડા સવાલના જવાબો આપવાના છે. માનનીય રમણભાઇએ થોડા જવાબો આપ્યા, પરંતુ હું શરૂઆત કરું છું એમણે જેનાથી શરૂઆત કરી હતી એ કે ચા વાળા વડાપ્રધાન દસ લાખનો કોટ પહેરે એ દેશની જનતા માટે મજાક કહેવાય. મારે વિરોધપક્ષના નેતાને પૂછવું છે કે હું માનું છું કે દસ લાખનો કોટ પહેરે એ શ્રીમંતાયનું પ્રતિક એ દેશનો વડાપ્રધાન ન હોઇ શકે પરંતુ ત્યારપછીની વાત એ કેમ સ્વીકારતા નથી? કારણ કે એ જે કોટ પહેર્યો એની હરાજી થઇ, સુરતના મિત્રોએ સાડા ચાર કરોડમાં એ ખરીદયો અને એણે ચેકથી પૈસા જમા કરાવ્યા અને વડાપ્રધાને આ એ સાડા ચાર કરોડ ગંગા શુદ્ધિકરણ ફંડમાં આપીને આ દેશના સારા કામ માટે આ પૈસા આપ્યા છે એ વાતનો ઉલ્લેખ એ પોતે કરતા નથી. માનનીય ગોવિંદભાઇએ મહત્વની વાત કરી કે અમારા વડાપ્રધાનના કપડાં કોઇ યુરોપમાં ધોવા જતા નથી. આ દેશમાં કોંગ્રેસની સરકાર હતી ત્યારે એના વડાપ્રધાનના કપડાં યુરોપમાં ધોવા જતાં હતા એવી વાત મિડિયામાં આવેલી છે.

એમણે બીજી વાત કરી કે આ બધું લાંબુ નહિ ચાલે અને દિલ્હીની જનતાએ નવ મહિનામાં જે પરિણામો આપ્યા એનું પરિણામ તમારે ભોગવવું પડશે. મને નવાઇ લાગે છે કે કોંગ્રેસ '' બેગાની શાદીમેં અબ્દુલ્લા દિવાના'' દિલ્હીની ચૂંટણીમાં કોંગ્રેસને એક પણ સીટ મળી નથી. ૭૦ માંથી ઝીરો. જે તે વખતે મને ખબર છે કે આદરણીય નરેન્દ્રભાઇ મોદીએ ત્રીજી વખત સત્તા પ્રાપ્ત કરી અને રેકર્ડ પ્રસ્થાપિત કર્યો, સતત ત્રણ-ત્રણ વખત એટલે કે ૧૫ વર્ષ સુધી માનનીય મુખ્યમંત્રીશ્રીએ ડિલિવરી કરી હોય અને સત્તા બની હોય ત્યારે ચોક્કસ એ ચર્ચાની વાત બને, પણ આ કોંગ્રેસના મિત્રો કહેતા હતા કે આમાં એમણે શું નવું કર્યું, દિલ્હીમાં અમારા શીલા દિક્ષિત ત્રણ વખત ચૂંટાયા છે અને સરકાર બનાવી છે. તમે શા માટે ગોકીરો ખાવ છો, દિલ્હીમાં કોંગ્રેસની ત્રણ ત્રણ ટર્મ સુધી સરકાર હતી છેલ્લા પંદર વર્ષથી સત્તા ઉપર ભાજપ નહોતું કોંગ્રસ સત્તા ઉપર હતી. કોંગ્રેસની સરકાર હોય અને ચૂંટણી થાય કોંગ્રેસને ઝીરો બેઠક મળે, ૬૨ લોકોની ડિપોઝીટ ગઇ. કોંગ્રેસના મુખ્યમંત્રીના ઉમેદવાર અજય માકનની ડિપોઝીટ ગઇ. કોંગ્રેસની આવી ખરાબ હાલત અને એ સમયે લોકો મજાક કરે કોંગ્રેસના નેતા ખોવાઇ ગયા છે, વર્તમાનપત્રોમાં એની ચર્ચા થાય છે કે કયા ગયા હશે એની ખબર નથી અને એમ વાત આવે છે કે રીસાઇને ચાલ્યા ગયા છે. એટલે

વોટસઅપમાં મજાક ચાલે છે કે ભાઇ તુ જયાં હોય ત્યાંથી પાછો આવ તારી ઇચ્છા હોય કે કોંગ્રેસને પૂરી કરી દેવી છે, તો અમે પૂરી કરી દેશુ. તુ પાછો આવ, બધા બહુ ચિંતા કરે છે. તુ જરાય ચિંતા ન કર, તને જરાય ઠપકો નહિ આપીએ તુ પાછો આવ. આ પ્રકારની કોંગ્રેસની હાલત છે. દિલ્હીમાં ભાજપ હારી ગયું એનાથી કોંગ્રેસ ખુશ છે અમે તો બે સીટમાંથી પાછા સત્તા ઉપર આવ્યા છીએ, તમારે તો અસ્તિત્વનો સવાલ છે. તમે તો મહારાષ્ટ્રમાંથી ગયા, હરિયાણામાંથી ગયા, આ બંને જગ્યાએ અમારી સરકાર બની અને કાશ્મીરમાં પણ ભાજપની સરકાર બની, ૪૦-૪૦ ચૂંટણીઓ જીત્યા પછી માનનીય નરેન્દ્રભાઇનો વિજયરથ ઉભો રહી ગયો છે. અમે ચોક્કસ માનીએ છીએ કે અમારી સ્ટ્રેટેજીમાં ભૂલ હતી. કોંગ્રેસને દિલ્હીમાં નવ ટકા વોટ મળ્યા છે જયારે ભાજપને ૩૩ ટકા મળ્યા છે સીટો નથી મળી પણ ૩૩ ટકા વોટ જરૂર મળ્યા છે ત્યારે આ વાતનો વિકૃત આનંદ લઇ રહ્યા છે. તો એ નવાઇ લાગે છે. પોતાને કંઇક મળ્યું હોય અને આનંદ પ્રાપ્ત કરતા હોય, તેની વાત કરતા હોય, શૌર્યગાથા ગાતા હોય તો સમજાય. પણ ભાજપ હારે, મોદીની હાર થઇ. તેનો આનંદ વિશેષ હોય એ પ્રકારનું કોંગ્રેસનું વલણ મને સમજાતું નથી કે શેના માટે આનંદ કરી રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત તેમણે કરી કે વાઇબ્રન્ટ. વાઇબ્રન્ટમાં શું છે? કંઇ ફાયદો નથી. આદરણીય વિરોધપક્ષના નેતાના શબ્દો છે કે ગુજરાત દેશનું ગ્રોથ એન્જિન બની રહ્યું છે તેમ કેવી રીતે કહેવાય? દસમા બારમા નંબરના સ્થાને બારમો ડબો કહેવાય. ગુજરાત બારમો ડબો કહેવાય. ગ્રોથ એન્જિન નહીં, ડબો છે તેમ ટીકા કરી. મારે દાવા સાથે કહેવું છે, ગૌરવ સાથે કહેવું છે કે ગુજરાત નં. ૧ છે અને તેનું કારણ આ વાઇબ્રન્ટ સમિટ જે સાત-સાત વખત વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીની દૂરંદેશી દ્દષ્ટિ અને તેમનું વિઝન, તેને કારણે ગુજરાત આજે નં.૧ છે. ગુજરાત આજે ડાયમન્ડ પ્રોડકશનમાં નં.૧ છે. ગુજરાત પેટ્રોલિયમ પ્રોડકશનમાં આજે નં.૧ છે. ગુજરાત એન્જિનિયરીંગ પ્રોડકશનમાં નં.૧ છે. ગુજરાત ઓટોમોબાઇલમાં નં.૧ છે. બધી ફેકટરીઓ હવે ગુજરાતમાં આવતી જાય છે. ગુજરાત કેમિકલમાં નં.૧ છે. ગુજરાત સોલ પ્રોડકશનમાં નં. ૧ છે. ગુજરાત ફાર્માસ્યુટિકલમાં પણ નં. ૧ છે. આખા દેશના એક્સપોર્ટમાં ૨૫ ટકા ફાળો આજે ગુજરાતનો છે. ભારતના ટોટલ પ્રોડકશનના ૧૬ ટકા પ્રોડકશન ગુજરાતનું છે. ગુજરાતના દરિયા કિનારા ઉપર જે ગુજરાતની સરકારે પોર્ટ ડેવલપમેન્ટ કર્યા છે, આજે ગુજરાતનું એક્સપોર્ટ-ઇમ્પોર્ટ, ગુજરાતનું લોડીંગ, અપલોડીંગ, અનલોડીંગ આજે તેમાં ૩૩ ટકા ફાળો એ ગુજરાતમાં થઇ રહ્યું છે. તેનું મૂળ કારણ આ ગુજરાતના વાઇબ્રન્ટ સમિટો, ગુજરાતની જે પ્રકારની ઇન્ડસ્ટ્રિયલ મીટ અને તેને કારણે આજે ગુજરાત નં. ૧ છે અને તેને કારણે લોકોને રોજગાર મળ્યા છે. ગુજરાત આનો લાભ લઇ રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વાભાવિક છે. આજે કોંગ્રેસની સ્થિતિ તો એવી છે કે જેમ પાણી વગર માછલી તરફડે તેમ છેલ્લા ઘણાં વર્ષો થયા સત્તા વગર તરફડતી આ કોંગ્રેસ છે. તેને કારણે તેમને વિરોધ, વિરોધ અને વિરોધ જ દેખાય છે. દુનિયા જાણે છે કે ગુજરાતના વિકાસની ચર્ચા આજે ચોરે ને ચૌટે છે. ભારતના કોઇ પણ ખૂણે જાવ તો ગુજરાત વેરી ગુડ, વેલ ડેવલપ્ડ. એ પ્રકારનું રીએકશન જયારે હોય. અરે, આંધળાઓ પણ જોઇ શકે એવો ગુજરાતનો વિકાસ છે. બહેરાઓ પણ સાંભળી શકે એવો ગુજરાતનો વિકાસ છે અને એવે વખતે જે ભૂતકાળમાં ૨૦૦૫ વખતે ગુજરાતની ટીકા કરનારા હતા એ ટીકા કરનારાઓ પણ આજે ગુજરાતની વાહ-વાહ કરે છે. એ લોકોએ પણ આજે પોતાની રેકર્ડ બદલાવી છે અને ત્યારે કે જે અમેરિકાએ આ મોદીને વીઝા આપવાની ના પાડી હતી ને, એવે વખતે પણ કોંગ્રેસના લોકોએ અમેરિકામાં આ ઝૂંબેશ ઉપાડી હતી અને અમેરિકામાં કહ્યું હતું કે નરેન્દ્રભાઇની વીઝા નહીં આપવા જોઇએ. એ અમેરિકાએ પણ લાલ જાજમ પાથરીને અમેરિકામાં ભવ્ય સ્વાગત કરવું પડ્યું છે. આ દેખાડે છે કે બધાએ સ્વીકાર્યું છે પણ કમનસીબે ગુજરાતની કોંગ્રેસ આ વાત સ્વીકારવા તૈયાર નથી. તેના કારણે તેનો જે નકારાત્મક એપ્રોચ જે છે, એ ખુલ્લો પડી જાય છે.

માનનીય રાજ્યપાલશ્રીના પ્રવચનમાં પણ તેમની આ નકારાત્મકતા છે. જેમ વાઇબ્રન્ટ સમિટ બન્યું છે તેમ તેના લુખ્ખા વિરોધનું પણ સમિટ દેખાડવા માગે છે એવું મને લાગે છે. રાજયપાલના પ્રવચનને તે દિવસે સાંભળ્યું તો નહીં, વાંચ્યું પણ નથી. અભ્યાસ પણ નથી કર્યો અને માત્રને માત્ર વિરોધની જે લુખ્ખી વાતો છે એ કરી અને સરકારની વિરુદ્ધની વાતો જૂની જૂની જે કરવાની છે એ કરીને લોકોને ગુમરાહ કરવાના પ્રયત્ન કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું આપને કહું કે વાઇબ્રન્ટથી લાખો-કરોડો રૂપિયાનું ઇન્વેસ્ટમેન્ટ તો થયું છે. ખૂબ ઉદ્યોગો તો આવ્યા છે. સાથે સાથે વિપુલ રોજગારીઓ પણ મળી છે. ઓર્ગેનાઇઝ લેબર મળ્યા છે અને એક

ઓર્ગેનાઇઝ લેબર મળતો હોય તેની સાથે પાંચ અનઓર્ગેનાઇઝ લેબરની ત્યાં વિપુલ તક ઉભી થતી હોય છે. આ રીતે અમદાવાદ તાલુકો, સાણંદ તાલુકો, બહુચરાજી, વડોદરાનો ડભોઇવાળો પટ્ટો આ બધા વિસ્તારમાં અને ભાવનગરના અલંગથી માંડીને કચ્છમાં આ બધા લોકોને વિપુલ રોજગારી મળી છે.અને વૈશ્વિક સંસ્થાઓ કે જે સંસ્થાઓની આજે દુનિયામાં નોંધ લેવાય છે. આ વૈશ્વિક સંસ્થાઓના વડાઓ કહે છે, આ ઓફિશિયલ ક્વોટેશન છે, એ સભાગૃહ વચ્ચે મૂકવા માગું છું. અમેરિકાના વિદેશ સચિવ, જેનું અમેરિકામાં મોટું મહત્વ છે. એવા જહોન કેરી કહે છે કે, ગુજરાત રાજ્ય છેલ્લા કેટલાક વર્ષોથી પરિવર્તન અને શક્તિના સ્ત્રોતનો પર્યાય બની રહ્યું છે અને શ્રી નરેન્દ્રભાઇ સૌનો સાથ અને સૌનો વિકાસ જે સૂત્ર આપ્યું છે એ સૂત્રને સમગ્ર દુનિયાએ અનુસરવું જોઇએ. એવું તેઓ સ્પષ્ટ કહે છે. અમેરિકાના પ્રમુખશ્રી ઓબામાએ હિન્દીમાં કહ્યું કે, સબકા સાથ સબકા વિકાસ. એ સૂત્રને આ સંજોગોમાં દુનિયાએ સ્વીકારવું પડશે, આ વાત ઓબામાએ કહી છે. આપણી કમનસીબી છે કે, કોંગ્રેસના મિત્રો એ વાત સમજવા તૈયાર નથી. વર્લ્ડ બેંકના અધ્યક્ષ જીમ યોંગ પીંગે વાઇબ્રન્ટ સમિટમાં કહ્યું હતું કે, ગરીબી નિર્મૂલન માટે આખી દુનિયાનું નેતૃત્વ ભારત પૂરું પાડશે અને વિશ્વના પ્રત્યેક નાગરિકને પીવાનું શુદ્ધ પાણી અને વીજળી મળી રહે તે આજના સમયની આવશ્યકતા છે, ગુજરાતે આ ક્ષેત્રમાં પ્રશંસનીય કામગીરી કરી છે, આવું મારું સ્પષ્ટ માનવું છે. આ વર્લ્ડ બેંકના અધ્યક્ષના શબ્દો છે. માનનીય રાજ્યપાલશ્રીના પ્રવચનમાં સરકારની કામગીરી બાબતે ચર્ચા થાય, એમના આભાર પ્રસ્તાવ ઉપરની ચર્ચામાં આપણે બધાએ કહ્યું અને વર્લ્ડ બેંકના અધ્યક્ષ એમ કહેતા હોય કે ગુજરાતની કામગીરી પ્રશંસનીય છે. આથી મોટું બીજું સર્ટિફિકેટ ક્યું હોઇ શકે. આ વાત દુનિયાએ જોઇ છે, દુનિયાના લોકો બોલે છે, દુનિયાના લોકો સાંભળે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા માટે સદ્ભાગ્યની વાત હતી. વાઇબ્રન્ટ સમિટ વખતે નર્મદાની કેનાલ ઉપર સોલાર પેનલના ઉદ્ઘાટન માટે યુનાઇટેડ નેશન્સના સેક્રેટરી જનરલ બાન-કી-મુનને હું સાથે લઇ ગયો હતો. ત્યારે બાન-કી-મુને ગુજરાતે બિનપરંપરાગત ઉર્જા નિર્માણના ક્ષેત્રમાં કામગીરી કરી છે એ અદ્ભૂત છે એને હું બિરદાવું છું એમ જણાવેલ. આજે જ્યારે કલાયમેટ ચેન્જ થઇ રહ્યું છે ત્યારે ગુજરાતે સૌર ઉર્જા અને પવન ઉર્જા માટે નરેન્દ્રભાઇ મોદીના વિષયને દુનિયાએ અનુસરવા જોઇએ. આ વાત વડોદરામાં કહી હતી. આજે જ્યારે બિન પરંપરાગત ઉર્જામાં આપણે આગળ વધી રહ્યા છીએ એ વાતની ભારતે અને દુનિયાએ નોંધ લઇ લીધી છે. આ ગૃહમાં નર્મદાના નીરની ઘણી વાતો થઇ. કોંગ્રેસ પાણીમાંથી પોરા કાઢે એ સ્વાભાવિક છે. પણ મારે કોંગ્રેસને નર્મદા માટે વાત કરવાની છે. એ વાત એ છે કે, આ નર્મદા નદી ભાજપના શાસનમાં આવી નથી, સેંકડો વર્ષોથી આ નદી વહેતી આવી છે. ભાજપ આવ્યું તે પહેલાં નર્મદા નદીમાં લાખો ક્યુસેક પાણી વહી ગયું અને સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતના છેવાડાના ગામડાના ભાઇઓ અને બહેનો પાણી વગર તરસ્યા રહી ગયા અને મુંગા ઢોરો સાથે વર્ષોથી હિજરત થતી રહી. આ હિજરત કોંગ્રેસના રાજ્યમાં સતત થઇ છે. કેન્દ્રમાં અને રાજ્યમાં કોંગ્રેસની સરકાર હતી, વર્ષો સુધી ડેમ બન્યો નહીં. કારણ કે, કોંગ્રેસની અનિર્ણાયકતા અને અક્ષમ્ય બેદરકારીથી પ્રજા પીડાતી રહી. ભારતીય જનતા પાર્ટીના શાસન પછી ગુજરાતમાં અને દેશમાં શાસકોની રાજકીય ઇચ્છાશક્તિના કારણે માનનીય નરેન્દ્રભાઇ મોદીએ આ કામ પૂર્ણ કર્યું. નરેન્દ્રભાઇને ગુજરાતની જનતા માટે ચાર દિવસ સુધી ઉપવાસ કરવા પડ્યા. આ ઇતિહાસ પણ કદી ભૂલાવાનો નથી. એમના ઉપવાસને કારણે કેન્દ્રની સરકારે ડેમની ઉંચાઇની મંજૂરી આપવી પડી અને પછી કામ શરૂ થયું અને એના કારણે આજે નર્મદાનો ડેમ પૂરો થયો. આજે મારે આપને બધા વચ્ચે કોંગ્રેસને પૂછવું છે કે તમારી સરકારે સાત વર્ષ સુધી ડેમ ઉપર દરવાજા લગાવવાની મંજૂરી કેમ ન આપી એનો જવાબ આપો. સાત-સાત વર્ષ સુધી મંજૂરી ન આપી, શું કામ ન આપી, કયા લોજીકથી ન આપી એ ગુજરાતની જનતા પૂછવા માગે છે કે તમે જવાબ આપો કે સાત વર્ષ સુધી કેમ ન આપી એનો એક શબ્દ પણ બોલતા નથી. અમને ખબર છે એ એટલા માટે નહોતા આપતા કે આનો જશ મોદીને મળી જાય. એ એટલા માટે નહોતા આપતા કે મોદી નર્મદાના દરવાજા બાંધી દે. લાખો ક્યુસેકસ પાણી એ ગુજરાતના વિકાસ માટે વપરાય, ગુજરાતનો વિકાસ અત્યારે ચાલે છે એના કરતા હજુ વધુ આગળ વિકાસ ચાલે અને બધું મોદી મોદી થઇ જાય અને મોદીને જશ મળી જાય એટલા માટે આ નર્મદાના દરવાજા લગાવવાની મંજૂરી તમે લોકોએ આપી નથી. ગુજરાતની પ્રજા આ વાત પણ ભૂલવાની નથી અને હજી પણ કહુ છું કે આવતી કાલનો દિવસ બાકી છે. ગુજરાતની જનતાને વિધાનસભાના ફલોર ઉપરથી જવાબ આપો કે તમારી સરકારે શું કામ કેન્દ્રમાં સાત વર્ષ સુધી દરવાજાની મંજૂરી ન આપી અને એ જ સાત વર્ષવાળી વાત સત્તર દિવસમાં

નરેન્દ્રભાઇએ પૂરી કરી અને ગુજરાતની વિકાસની યાત્રાને આગળ વધારી છે પરંતુ કોંગ્રેસે બેદરકારી, દ્વેષયુકત જે પગલું ભર્યુ એની માનસિકતા છતી થઇ છે. કોંગ્રેસને નર્મદા ઉપર બોલવાનો કોઇ અધિકાર નથી એવું હું સ્પષ્ટ માનુ છું.

માનનીય રાજયપાલશ્રીએ જણાવ્યું છે કે નર્મદામાંથી ૩૪૬૫ કરોડ વીજ યુનિટનું ઉત્પાદન થયું છે. ૨૫૭૧૭ કિલોમિટરની નહેરોનું બાંધકામ પણ ૨૦૧૪ સુધીમાં પૂર્ણ થઇ ગયું છે. ૧૦.૧૫ લાખ હેકટર વિસ્તારોમાં માઇનોર સિંચાઇ ક્ષમતા વિકસિત થઇ છે અને કચ્છમાં ૮૨ કિલોમિટરની લંબાઇનું કામ પૂર્ણતાના આરે છે. જે રીતે બનાસકાંઠામાં નર્મદાના પાણી પહોંચ્યા અને આજે બનાસકાંઠાનું રણ એ લીલુછમ બની ગયું છે. બનાસકાંઠામાં ખેત ઉત્પાદન વધી ગયું છે અને બનાસકાંઠામાં નર્મદાના પાણીથી આજે ક્રાંતિ આવી છે અને એ જ રીતે આવનારા વર્ષમાં કચ્છમાં પણ આ સ્થિતિ બનવાની છે અને નર્મદાનું પાણી છેક કચ્છના છેવાડાના ગામડા સુધી પહોંચવાનું છે. કામ પૂર્ણાતાના આરે છે. ભારતીય જનતા પાર્ટીની જનસંઘના વખતથી નીતિ રહી છે. ‘‘હર હાથ કો કામ, હર ખેત કો પાની’’ અમે નાનપણથી આ વસ્તુ કહેતા આવ્યા છીએ અને એ સ્વપ્ન પણ આપણા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન આજે પૂરું કરી રહ્યા છે. આપણે ૫૩ તાલુકામાં પાંચ લાખ ખેડૂતને એક લાખ ખેતરોમાં જમીન સંપાદન કર્યા વગર ત્રણ મહિનામાં જ સબ માઇનોર ઈરીગેશનનું કામ પૂર્ણ કરવાના છીએ અને ૫૩ તાલુકાના ખેતરમાં ખેતરે ખેતરે નર્મદાના પાણી પહોંચાડીને આપણે પાણીની તંગીમાંથી આ ગુજરાતને બહાર કાઢવા માટે પ્રયત્ન કરી રહ્યા છીએ. ‘‘હર હાથ કો કામ હર ખેત કો પાની’’ આ વાતને ખરા અર્થમાં આપણે પૂરું કરવાની દિશામાં જઇ રહ્યા છીએ. કોંગ્રેસે તો સૂત્રો આપ્યા છે. લુખ્ખા સૂત્રો આપ્યા છે. જવાહરલાલ નહેરૂએ કીધું હતું, ‘આરામ હરામ હૈ’ આરામ હરામ હૈ બહુ પ્રચલિત સૂત્ર હતું. આજે મારે કોંગ્રેસને કહેવું છે તમે તો આરામ હરામ હૈ કીધું પણ કોઇને રોજીરોટી આપી નહીં. કોંગ્રેસના શાસનમાં બેકારોની ફોજ વધતી ગઇ અને આ દેશ બેકારોનો દેશ તરીકે પ્રસ્થાપિત થયો ત્યારે મારે કહેવું છે કે,

‘‘આરામ હરામ હૈ તો ફીર કામ તો દીજીએ, નારા દીયા હૈ તો ફીર અંજામ તો દીજીએ.
અરે નહેરૂજી ઇન કરોડો હાથો સે મત કીજીએ મજાક
અચ્છા હૈ, અપની જીભ કો લગામ દીજીએ.’’

આજ દિવસ સુધી બેકારી નિવારવા માટે અગાઉની કોઇ સરકારે કશું કામ કર્યુ નથી. વિઝન પણ નહોતું. વ્યવસ્થા પણ નહોતી અને નરેન્દ્રભાઇ મોદીના વિઝન અને પ્રયત્નોથી ગુજરાતમાં આજે રોજગારી આપવામાં સમગ્ર દેશમાં ગુજરાત આજે નંબર વન છે. સન્માનનીય ગૃહ વચ્ચે થોડાક આંકડા મૂકવા માગુ છું. ૧૯૯૧માં આપણું શાસન નહોતું, કોંગ્રેસનું શાસન હતું. ૧૭૧૨૩ લોકોને રોજગારી આપવામાં આવી. ૧૯૯૨માં ૨૭,૧૮૪ને રોજગારી આપી. ૧૯૯૩માં ૨૯,૨૬૦ને રોજગારી આપી, જ્યારે ૨૦૧૪માં ૨,૯૧,૬૮૪ લોકોને આપણી સરકારે રોજગારી આપી છે. ૨૦૧૩માં ૨,૭૧,૬૨૧ લોકોને રોજગારી આપી અને ૨૦૧૨માં ૨,૪૫,૯૬૩ લોકોને રોજગારી આપણી સરકારે આપી છે. આ આંકડા અમારા નથી. ૨૦૧૪ સુધી દિલ્હીમાં કોંગ્રેસનું રાજ હતું અને કોંગ્રેસના શ્રમ અને રોજગાર મંત્રાલયના આંકડા છે. દિલ્હીની સરકારના આંકડા છે અને એમાં પણ ૨૦૧૩માં આખા ભારતમાં જે રોજગારી ઉભી થઇ એમાં એકલા ગુજરાતમાં ૭૮ ટકા રોજગારી ઉભી થઇ છે. બીજો નંબર તામિલનાડું રાજયનો છે પણ એની માત્ર ૬ ટકા રોજગારી છે અને ત્રીજો નંબર મહારાષ્ટ્રનો છે એની માત્ર ૫.૩૪ ટકા રોજગારી છે. આપણે જોઇ શકીએ છીએ કે ક્યાં ગુજરાત અને ક્યાં બાકીના રાજ્યો? આ સરકારની નક્કર કામગીરીનો આથી વિશેષ પુરાવો ન હોઇ શકે. ૨૦૧૩માં આખા ભારતમાં કુલ નોકરીઓ ૩,૪૮,૫૦૦ અપાઇ એમાં એકલા ગુજરાતમાં ૨,૭૮,૦૦૦ને નોકરી ઉભી થઇ છે. આ વાત બહુ સ્પષ્ટ છે. આજ દિવસ સુધી મહિલાઓના નામે કોંગ્રેસે વાતો કરી છે. શ્રીમતી સોનિયા ગાંધીએ કહ્યું હતું કે અમે સંસદમાં ૩૩ ટકા મહિલા અનામત લાવીશું. પરંતુ આજ સુધી આ ખોટી વાતો કરનારી સરકાર કાંઇ લાવી નહીં. સરકાર પણ ગઇ. ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલને અભિનંદન આપું છું કે ગુજરાતમાં ૩૩ ટકા નહીં પણ ૫૦ ટકા મહિલા અનામત આગામી દિવસોમાં પંચાયત અને નગરપાલિકામાં આ ભારતીય જનતા પાર્ટીની સરકાર લાવનાર છે. મહિલા સશક્તિકરણનું આ નક્કર પગલું છે. જેમ આજે ધારાસભામાં બેઠા છીએ એમ આ વર્ષના અંત પછી પંચાયતો અને મ્યુનિસિપાલિટીના સભાગૃહોમાં ૫૦ ટકા બહેનો બેઠી હશે. ૫૦ ટકા ભાઇઓ બેઠા હશે. આ ખાલી વાતો નહીં, મહિલાઓ માટેનું આ નક્કર પગલું છે. મહિલાઓના હાથમાં સત્તા આપીને ખરા

અર્થમાં મહિલાઓને ''નારી તું નારાયણી''નું વચન આપણે પૂરું કર્યું છે. એવી જ રીતે અંગ્રેજી પિકચરો જોતા તો પોલીસ આવે તો સાથે લેડીસ પોલીસ હોય, ઘણીવાર છાપામાં વાંચતા હતા, મહિલા પોલીસના સમાચારો આવે, એ વિદેશોમાં જોવા મળતું હતું. જ્યારે ગુજરાતમાં આપણા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે ૩૩ ટકાનો અમલ મહિલા પોલીસ દળમાં કરીને ગુજરાતમાં ૩૩ ટકા અનામત મહિલાઓને આપીને એ દ્રશ્ય ગુજરાતમાં જીવતું-જાગતું કર્યું છે. ગુજરાતની બહેનોને સ્વાભિમાન પૂરું પાડ્યું છે. ગુજરાતમાં મહિલાઓની સુરક્ષા માટે ઇમર્જન્સી હેલ્પલાઇન સેવા નંબર ૧૮૧ ચાલું કરવામાં આવ્યો છે અને સુરક્ષા સેતુના કાર્યક્રમ અંતર્ગત મહિલાઓને જૂડો, કરાટે શીખવીને સ્વરક્ષણ કરવા માટે તાલીમ આપીને ગુજરાતની બહેનોને સક્ષમ કરવા માટે આપણી સરકારે આ અભિનંદનને પાત્ર કાર્ય કર્યું છે.

કોંગ્રેસના શાસનમાં પાણી માટે બહેનો વચ્ચે બેડા યુદ્ધ થતું હતું. ડંકી અને ટેન્કર દ્વારા શાસન ચલાવવામાં આવતું હતું. ટ્રેન દ્વારા પાણી લાવીને શહેરોને પહોંચાડવાના બાલીશ પ્રયત્નો ભૂતકાળની સરકારોએ કર્યા હતા. ભારતીય જનતા પાર્ટીના શાસનમાં ટેન્કર રાજને ખતમ કરવા માટે નક્કર પગલાં લેવામાં આવ્યાં છે. અને ગુજરાતમાં પાઇપલાઇન દ્વારા સુરક્ષિત અને શુદ્ધ પાણી ગુજરાતની જનતાને પહોંચાડવામાં આવી રહ્યું છે. ૨૦૦૧ વર્ષ પહેલા ૫૫૦૦ ગામોને ટેંકરો દ્વારા પાણી મળતું હતું. આજે ૨૦૧૪માં માત્ર ૨૫૦ ગામોને ટેંકરો દ્વારા પાણી પૂરું પાડવામાં આવે છે. એ પણ આ વખતે કચ્છમાં ૩ તાલુકાઓને અછતગ્રસ્ત જાહેર કર્યા એના કારણે આ ટેંકરની સંખ્યા છે. નર્મદા આધારિત પાઇપલાઇનો નખાતી હતી ત્યારે કોંગ્રેસના મિત્રો સરકારની મજાક ઉડાવતાં હતાં. કોંગ્રેસના મિત્રો કહેતા હતા કે આ મોટી મોટી લાઇનો નાંખી છે પાણી આવવાનું નથી, હવા આવવાની છે, હવા અને લોકોને પાણી મળવાનું નથી. અત્યારે સૂજલામ્ સૂફલામ્ યોજના અંર્તગત સૌરાષ્ટ્ર-કચ્છમાં નર્મદાની પાણી પુરવઠા યોજના આધારિત અઢી હજાર એમએલડી પાણી એ કાંઇ નાનો જથ્થો નથી. એ પાઇપ લાઇનો દ્વારા સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર ગુજરાતના ગામડાઓ સુધી પાણી પહોંચાડવામાં આવ્યું છે અને લોકો એ પાઇપોમાંથી પાણી પીએ છે. હવા નહિ, પાણી મળ્યું છે. કોંગ્રેસની ખોટા પ્રચારની હવા નીકળી ગઇ છે એ હું સ્પષ્ટ માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અમારી સરકારે ૧,૨૦,૦૦૦ કિ.મી. પાઇપ લાઇનનું નેટવર્ક ઊભું કર્યું છે એ અભૂતપૂર્વ નેટવર્ક છે. એનો અર્થ એ થાય છે કે આખી દુનિયાને પ્રદક્ષિણા કરીએને તો બે વખત પ્રદક્ષિણા પૂરી કરીએ એટલી પાઇપ લાઇનો આ પાણી પુરવઠા ખાતાએ નાંખી છે અને એના આધારે આ પીવાના પાણીનો દુષ્કાળ એ ભૂતકાળ બનાવવા માટે સરકારે મહેનત કરી છે અને ઢાંકી ખાતે એશિયાનું સૌથી મોટું પંપિંગ સ્ટેશન ગ્રેવિટીથી લિફ્ટ કરીને પછી પાણી આપવામાં આવે છે. હું એમ માનું છું કે- **''નેવાના પાણીને મોભે ચઢાવવા''**નું કામ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ છે. ૭૦૦ કિ.મી. દૂરથી ગામો માટે પાણી લાવતા હતા એ પાણી પહોંચાડ્યાં છે અને ઉત્તર ગુજરાતમાં ફ્લોરાઇડયુક્ત પાણી અને સૌરાષ્ટ્રમાં ક્ષારયુક્ત પાણી આ બે મોટી સમસ્યા હતી. આ ફ્લોરાઇડયુક્ત પાણીને કારણે ઘણાં બધા રોગો થતાં હતાં અને ક્ષારયુક્ત પાણીના કારણે સૌરાષ્ટ્રમાં લોકોને ઘણાં પથરીના રોગો થતાં હતાં. આ ફ્લોરાઇડયુક્ત પાણીમાંથી મુક્ત કર્યુ અને પથરીમાંથી લોકોને મુક્ત કરીને શુદ્ધ પાણી, મા નર્મદાની લોકો પ્રદક્ષિણા કરવા જાય છે. હવે મા નર્મદા ગામડે ગામડે પ્રદક્ષિણા કરે એવું આખું દ્દશ્ય ઊભું કર્યું છે અને આ ભગીરથ કાર્ય છે. અમારી સરકારે અંધારા ઉલેચ્યાં છે. એક સમય એવો હતો કે ભારતના અડધા રાજ્યોમાં અંધારપટ છવાઇ જતાં હતાં. વર્ષો સુધી કોંગ્રેસે કદી વીજ ઉત્પાદન પર ધ્યાન આપ્યું નહિ. વીજની અછત દેશમાં ઊભી રહી ત્યારે ગુજરાતની સરકારે સરપ્લસ પાવર ઉત્પાદન કરીને ગુજરાતને પ્રકાશમય બનાવ્યું છે.

એક સમય એવો હતો કે જી.ઇ.બી. નુકસાનીમાં જાય છે. જી.ઇ.બી. રેઢિયાળ થઇ ગઇ છે, જી.ઇ.બી. બંધ થઇ જાશે આ લોકો કહેતા હતા. પરંતુ નરેન્દ્રભાઇ મોદીની દીર્ઘદષ્ટિ અને અમારાં ઊર્જામંત્રી સૌરભભાઇનો પુરુષાર્થ આ બંનેના પ્રયત્નોથી આજે ગુજરાતની વીજ ઉત્પાદન કંપનીઓથી આપણે ગૌરવ લઇ શક્યા છીએ અને આજે ગુજરાતમાં સરપ્લસ પાવર. આ સરપ્લસ પાવરની વાત અમે સંસદમાં કરતા હતા ત્યારે લોકોને નવાઇ લાગતી હતી. લોકો પૂછતાં હતાં કે ક્યા હર દિન લાઇટ આતી હૈ! આ વાત લોકોને આશ્ચર્ય લાગતી હતી એના બદલે સરપ્લસ પાવર અને બીજા રાજ્યોને પાવર આપવાની તૈયારી આ વાત એ આપણા માટે ગૌરવની વાત છે. વીજ ઉત્પાદન કરનારી કંપનીઓમાં કર્મચારી અને અધિકારીઓએ જે કર્મયોગી તરીકે જે પુરુષાર્થ છે એનું આ

પરિણામ છે અને ૨૦૦૧માં ૮૭૫૬ મેગાવોટની ક્ષમતા હતી એમાં ૧૭૩%નો વધારો કરીને આજે ૨૩૮૮૩ મેગાવોટનું ઉત્પાદન આજે ગુજરાત કરી રહ્યું છે. બિનપરંપરાગત ઊર્જાક્ષેત્રમાં આપણે હરણફાળ ભરી છે. પહેલા સમયમાં નગણ્ય બિનપરંપરાગત ઊર્જા ઉત્પન્ન થતી હતી એની સરખામણીમાં છેલ્લા પાંચ વર્ષમાં ૪૪૪૪ મેગાવોટનું ઉત્પાદન કર્યું છે. ડેનમાર્ક પવનચક્કીઓનો દેશ ગણાય. આપણે ભૂગોળ અને ઈતિહાસ વાંચતા હતા એમાં ડેનમાર્ક પવનચક્કીના દેશ તરીકે પ્રખ્યાત હતો.આજે સૌરાષ્ટ્રનો અને કચ્છનો સાગર કાંઠો, આજે પવન ચક્કીનો સાગર કાંઠો તરીકે પ્રસ્થાપિત થયો છે અને એમાં આજે પવન ચક્કી દ્વારા લગભગ ત્રણ હજારથી વધુ મેગાવોટ ઉત્પાદન કરીએ છીએ અને ભગવાન સૂર્ય નારાયણની પૂજા કરીને આજે એ શકિતનો ઉપયોગ કરીને આજે સોલારમાં પણ ૯૫૦ મેગાવોટનું ઉત્પાદન કરીને ગુજરાતે રેકોર્ડ કર્યો છે અને એના આધાર ઉપર જે ક્લાઈમેટ ચેઈન્જની જે ચિંતા અને તકલીફો છે એ તકલીફો પણ આપણે દૂર કરવા માગીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા ઘણી બધી ચર્ચાઓ, ઘણા બધા સભ્યોએ પોતાના ડિપાર્ટમેન્ટની કહી છે. ચર્ચા કરીએ તો ખૂબ લાંબા સમય સુધી ચાલે તેમ છે પરંતુ ખરા અર્થમાં લોકોના સુખે સુખી, લોકોના દુઃખે દુઃખી છે એ પ્રકારે સરકારે સંવેદનશીલ વહીવટ આપ્યો છે. ગુજરાતના વહીવટમાં એમ કહેવાય કે, ટ્રાન્સપરન્સી સાથે વિકાસશીલ વહીવટ આપ્યો છે. મારે બીજી સરકારોની ટીકા નથી કરવી પણ દરેક સરકારોમાં મોટા મોટા કૌભાંડો દર વર્ષે ચર્ચાના વિષયોમાં બને, જ્યારે ગુજરાતમાં છેલ્લા પંદર વર્ષોથી શ્રી નરેન્દ્રભાઇ અને શ્રીમતી આનંદીબેનના નેતૃત્વમાં આજે પારદર્શક વહીવટ આપીને ખરા અર્થમાં રાજકીટ ભ્રષ્ટાચાર મુક્ત ગુજરાત આજે આ ગુજરાતની સરકારે કર્યું છે અને એક પ્રકારની છાપ ઉભી કરી છે કે, ભાઇ અહીંયા આવો, કામ કરો, કોઇ તકલીફ નહીં પડે, અહીંયા દરેક વસ્તુની ટ્રાન્સપરન્સી છે. સિંગલ વિન્ડો સિસ્ટમ છે અને કોઇ પ્રકારની તકલીફ ન પડે, કોઇ અધિકારીનું એવું રાજ નથી કે, જેના કારણે લોકોને તકલીફ પડે અને એટલે જ આ ગતિશીલ ગુજરાતનો નારો અમારા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે જે આપ્યો, અને આજે મને આનંદ છે કે, ગતિશીલ ગુજરાતના નારાના આધાર ઉપર છેલ્લા એક વર્ષમાં તાલુકે તાલુકે સંવાદ સેતુના કાર્યક્રમો યોજીને નાના નાના માણસની નાની નાની રજૂઆત કે, અમારે રસ્તો નથી, અમારે દાખલો મળતો નથી, વિધવા પેન્શન મળતું નથી. નાની નાની વાતોને ધ્યાનમાં લઇ સરકાર પોતે ત્યાં જાય અને સરકાર ત્યાં પ્રશ્નોનું નિરાકરણ કરે, હજ્જારો પ્રશ્નો આ રીતે સોલ્વ કરીને આ સરકાર સૌની સરકાર છે અને એ રીતે પ્રજાની સરકાર, પ્રજાકીય, પ્રજા માટે, પ્રજા વડે આ સરકાર કામ કરે છે અને ગુજરાતનું ગૌરવ વધાર્યું છે અને હું દાવા સાથે કહીશ કે, છેલ્લા પંદર વર્ષમાં ગુજરાતની શાખ આ સરકારે વધારી છે અને એટલે ગુજરાતના કાર્યક્રમોની આમ વણઝાર, આપણે બોલીએ ને ફટાફટ તો, વાયબ્રન્ટ ગુજરાત, રળિયામણું ગુજરાત, નિર્મળ ગુજરાત, શિક્ષિત ગુજરાત, ઉર્જામય ગુજરાત, સ્વચ્છ ગુજરાત, સ્વસ્થ ગુજરાત, રમશે ગુજરાત, જીતશે ગુજરાત, વાંચે ગુજરાત, સલામત ગુજરાત, સશક્ત ગુજરાત, ભણશે ગુજરાત, દોડશે ગુજરાત, ઔદ્યોગિક શાંત ગુજરાત, સ્કીલ ગુજરાત, ડિજીટલ ગુજરાત, સ્વર્ણિમ ગુજરાત, આપણુ ગુજરાત, આગવું ગુજરાત , ગરવું ગુજરાત, ખુશ્બુ ગુજરાત કી, હરીયાળી ગુજરાત કી, સમૃદ્ધ ગુજરાત , શ્રેષ્ઠ ગુજરાત, ઈ–ગુજરાત, ગતિશીલ ગુજરાત આ પ્રકારે ગુજરાતને જે પ્રકારે જે માન આપ્યું છે, સ્થાન આપ્યું છે, હું એમ માનું છું કે, આથી વિશેષ કશું હોઇ ન શકે અને મને એમ લાગે છે કે, માનનીય રાજ્યપાલશ્રીના આ અમારા બક્ષીપંચના ઠાકોર સમાજના આગેવાન આદરણીય કેશાજીએ અને દલિત સમાજના આગેવાન શ્રીમતી ભાનુબેને જે પ્રસ્તાવ મૂક્યો છે એ પ્રસ્તાવ આપણા બધાનું ગૌરવ છે, માટે આપણે એને પારિત કરીએ, અસ્તુ.

**"સભાગૃહનું કામકાજ સાંજના ૪.૨૮ વાગ્યે પૂરું થતાં અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ મંગળવાર, તા. ૩જી માર્ચ, ૨૦૧૫ના રોજ સવારના ૮.૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું."**

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર, તા.૩જી માર્ચ, ૨૦૧૫**
**ફાલ્ગુન ૧૨, ૧૯૩૬ શાકે**
**પહેલી બેઠક**
**સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે મળ્યું.**
**માનનીય ઉપાધ્યક્ષશ્રી આત્મારામ મ. પરમાર અધ્યક્ષસ્થાને**

રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(ત્રીજો અને છેલ્લો દિવસ)

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ(અબડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજ્યપાલશ્રીનું પ્રવચન આપણી સંસદીય પ્રણાલિકાઓની ઉચ્ચ પરંપરાઓનો નમૂનો છે. આખા વર્ષે દરમ્યાન સરકાર શું કરવા માગે છે? નાણાંકીય વર્ષની શરૂઆતમાં સત્યના રણકા સાથે સરકારની નીતિ, મર્યાદાઓ, પ્રજાની મુશ્કેલીઓ એનો ચિતાર સરકાર રજૂ કરીને ગર્વનર સાહેબને આપે અને ગર્વનર સાહેબ એનું પ્રવચનમાં વાચન કરે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારની શબ્દોની સજાવટ રાજ્યપાલશ્રીના પ્રવચનમાં ભરપૂર છે. સત્યનો રણકાર કે લોકોની ચિંતાનો એકપણ શબ્દ એમાં નથી એવું માનનીય અધ્યક્ષશ્રી, પ્રવચનને ધ્યાને લઇને કહેવા માગુ છું. આપણને બહુ ગમે નંબર વન, નંબર વન અથાગ પાટલીઓ પછાડીએ અને પાડો આજે પણ આ સરકારની બેદરકારીને કારણે આખા દેશમાં સૌથી વધારે ગુજરાતીઓ સ્વાઇન ફ્લૂથી મર્યા છે અને દેશમાં નંબર વન ગુજરાત એ મૃત્યુ આંક સ્વાઇન ફ્લૂથી થયા એમાં થયું છે. પાડો પાટલીઓ, થપથપાવો. માનનીય અધ્યક્ષશ્રીથી લઇને (અંતરાય)

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે(બેઠા બેઠા ) : ખોટી વાત છે (અંતરાય)

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : ખોટી વાત નથી. આ રેકર્ડ ઉપર છે. માનનીય અધ્યક્ષશ્રી, અધ્યક્ષ સાહેબથી લઇને સોનમ કપૂર (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : ભાઇ હીરાલાલ આપના સભ્યશ્રી બોલે છે. આપ શેના માટે બોલો છો પણ?

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, અધ્યક્ષ સાહેબથી લઇને સોનમ કપૂર સુધી સૌને સ્વાઇન ફ્લૂ આભડી ગયો. સ્વાઇન ફ્લૂથી એ પીડાયા અને એમ છતાં માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારની સંવેદનાઓ જાગતી નથી. એડવાઇઝરીઝ બહાર પાડો છો આપ. શું એડવાઇઝરી લોકોએ જ પાળવાની છે? આપે તો એની ચિંતા નથી કરવાની? અને એટલા જ માટે •(xxxxxx) માનનીય અધ્યક્ષશ્રી, મારે એ કહેવું છે જે સ્વાઇન ફ્લૂ માટેની એડવાઇઝરી (અંતરાય) બેઠા બેઠા બોલે એને જવાબ મળશે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય શક્તિસિંહજી, આપના આભાર પ્રવચનના આ શબ્દો હું રેકર્ડ પરથી દૂર કરું છું, ચાલો.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, જે એડવાઇઝરી આપણે બહાર પાડીએ કે લોકોએ એકત્રિત નહિ થવું, ટોળા નહિ કરવા, અમદાવાદમાં ૧૪૪ કલમ રાખવાની અને મેનેજ કરીને લોકોના ટોળે ટોળા અહીંયા અમદાવાદની બાજુમાં ગાંધીનગરમાં આપણી વાહ વાહ માટે ભેગા કરવાના! આ આપણી સ્વાઇન ફ્લૂની ચિંતા છે! જે વકીલો ચિંતિત હતા સરકારે તો ના કર્યુ પણ બાર એસોસિએશને ઠરાવ કર્યો કે ૭મી માર્ચ સુધી અમે કામકાજથી અળગા રહીશું કારણ કે આ ગુજરાતમાં સ્વાઇન ફ્લૂની તકલીફ વધી રહી છે. આ સરકાર ચિંતિત હોત બહાર નહિ, બીજા રાજ્યોએ તો કર્યુ છે. માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય આરોગ્ય મંત્રીશ્રીને કહેવા માગુ છું કે બાજુના રાજ્ય મહારાષ્ટ્રમાં મહારાષ્ટ્ર રાજ્યના મુખ્યમંત્રીએ શરૂઆત કરતા જાહેરાત કરી કે સ્વાઇન ફ્લૂનો દર્દી પ્રાઇવેટ હોસ્પિટલમાં જશે તો એનો જે કાંઇ ખર્ચ થશે એ સરકાર ભોગવશે અને ગુજરાતમાં તમે શું કરો છો? આપણે તો શ્રીમંતને કરોડો રૂપિયા ઉદ્યોગપતિઓને આપી શકીએ, નેનો માટે લાલ જાજમ બિછાવી શકીએ અને ગરીબ દર્દી આવો મારા વિજાણ ગામમાં એક મહિલાની જે હાલત થઇ, સ્વાઇન ફ્લૂમાં એ મૃત્યુ પામી બ્રાહ્મણની દીકરી અને સાડા પાંચ લાખ રૂપિયા એણે વ્યાજે માથે કરીને લીધા મેં પત્ર લખીને

---

• આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યાં.

મોકલ્યો કે આમને નાણા કમસેકમ મુખ્યમંત્રીના રાહત ફંડમાંથી આપો. આ સ્વાઇન ફ્લૂ •(xxxxxx) કહી શકાય, એમ નહિ કહું. માનનીય અધ્યક્ષશ્રી,

ઉપાધ્યક્ષશ્રી : (xxxxxx) શબ્દો હું રેકર્ડ પરથી દૂર કરું છું.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : એમના કારણે. હું એમ નથી કહેતો, હું પાછા ખેંચી લઉં છું.

ઉપાધ્યક્ષશ્રી : મેં શબ્દો દૂર કર્યા છે.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : હા, દૂર કર્યા એમના કારણે. હું નહીં એમને કહું, એટલે એમણે કહ્યું કે, ના રહેવા દો. માનનીય અધ્યક્ષશ્રી, હું એ કહેવા માગતો હતો કે, આપણી સંવેદનાઓ ત્યાં સરકારી હોસ્પિટલોમાં સારવાર સારી મળતી હોત, આપણી સરકારી હોસ્પિટલ બહુ સારી હોત તો આ માનનીય અધ્યક્ષશ્રીને સ્વાઇન ફ્લૂ થયો તો એ મહાવીર હોસ્પિટલમાં ના જાત, સરકારી હોસ્પિટલમાં જાત, કારણ કે, આપણી ઉત્તમ છે. આપના આઇ.એ.એસ. અધિકારી સરકારી હોસ્પિટલ છોડી અને એપોલો હોસ્પિટલમાં જતા રહે છે. તમારી સરકારી હોસ્પિટલ બહુ સારી છે તો શા માટે આપણા આઇ.એ.એસ. અધિકારી સરકારી હોસ્પિટલમાં સારવાર નથી લેતાં ભાઇ?

માનનીય અધ્યક્ષશ્રી, કમોસમી વરસાદ થયો. ખેડૂતોની ચિંતા જો આપ કરતા હોત, મને યાદ છે બરાબર માનનીય બાવકુભાઇ ઉંઘાડ અહીંયા બેઠા હતા, અમરેલીના એ પ્રશ્ન માટે ખૂબ લડ્યા હતા કે, તમે સરવે કર્યો છે આ સરકારે, ખેડૂતોને જે કમોસમી વાતાવરણના કારણે નુકસાન થયું એનું વળતર આપો, આપો અને આપો, વળતર નહીં ચૂકવ્યું. આજે આ કમોસમી વરસાદમાં કેરીનો પાક સંપૂર્ણ નિષ્ફળ ગયો. કારણ કે, મોટાભાગનો મોર ખરી ગયો છે. ઇસબગુલ, રાયડો, ઘઉં, ચણા, તમાકુ ખેડૂતોના ખેતરમાં કેટલાક પાક પડેલા હતા, કેટલાક ખળામાં પડેલા હતા, આ કમોસમી વરસાદથી થયેલ નુકસાન ખેડૂતોના લાભાર્થે સરવે કરીને અટકતા નહીં, આ જગતનો તાત છે અને એના માટે આ વ્યવસ્થા ગોઠવવામાં આવે એવી હું આપના મારફતે વિનંતી કરવા માગુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, આખા પ્રવચનમાં, માનનીય રાજ્યપાલશ્રીના આખા પ્રવચનમાં એક શબ્દ કચ્છની અછત માટેનો નથી, એક શબ્દ નથી. આપણી સંવેદનાઓ ક્યાં ગઇ ? આપણને ચિંતા નથી ? આપણે તો ગાય માતાના નામે મત લઇએ છીએ. આપણે તો ગાય માતાની વાતો કરીએ છીએ. કચ્છના ઘાસ ડેપો ઉપર ડેપોનો સંચાલક નથી. ચાલુ કર્મચારીને વારા કરીને આપણે મૂકીએ, અઠવાડિયે એક દિવસ ઘાસના ડેપો પરથી ગામને ઘાસ મળે, શું આ આપણી અછત સામે લડવાની તૈયારી છે ? અરે, ભૂતકાળ જોજો, આજે તો માત્ર કચ્છનો લિમિટેડ વિસ્તાર અછતગ્રસ્ત છે, સમગ્ર સૌરાષ્ટ્ર, કચ્છ કે ઉત્તર ગુજરાતમાં કે સમગ્ર ગુજરાતમાં અછત હોય, ટ્રેન દ્વારા રાજકોટ સુધી પાણી ગાંધીનગરથી પહોંચ્યું છે, ગામે ગામ ઘાસના ડેપો કરીને બતાવ્યા હતા. તમે માત્ર એક નાના વિસ્તારમાં ઘાસની વ્યવસ્થા આપણે ના આપી શકીએ ? અરે, ક્યારેક તો એ ગરીબ માણસની વાત સાંભળો, જે પશુધન આધારિત જિલ્લો છે. ઘાસ લેવા જાય છે અને ઘાસ લેવા જાય છે ત્યારે ત્યાં આગળ ઘાસ મળતું નથી અને એ માણસ આંખમાં આંસુ સાથે જયારે ફોન કરે ને, કચ્છી ભાષામાં કહે કે, મારા ચોપા મરી રહ્યા સાહેબ કાંઇક કરો, કાંઇક કરો. આપ સંમેલન કરો છો કચ્છમાં અને આપને સ્વાઇન ફ્લૂ યે ના નડે અને કચ્છના લોકોની મુશ્કેલી યે ના નડે? આપણે તો આપણી પબ્લિસિટીમાં મસ્ત, મારે તો મારું ત્યાં સંમેલન કરવું છે. માનનીય અધ્યક્ષશ્રી, આ લોકશાહી વ્યવસ્થામાં ક્યારેય ન સ્વીકારી શકાય એવી વાત છે. કચ્છના ડેપો પર ઘાસ મળે એમાં એક ખેડૂત કે એક માલધારીને પાંચ ઢોરનું જ કાર્ડ મળે. અરે, કચ્છ તો જિલ્લો પશુધન આધારિત છે. પાંચ ઢોરની મર્યાદા શા માટે રાખો છો ? બીજે ક્યાંય અછત નથી. આખા ગુજરાતમાંથી ઘાસ લાવી શકાય અને મર્યાદિત વિસ્તારમાં પણ જો આ વ્યવસ્થા હોય તો માનનીય અધ્યક્ષશ્રી, આ બતાવે છે કે, રાજ્ય સરકારની નિયત કેવી છે, કચ્છને માટે દાનત કેવી છે ?

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજ્યપાલશ્રીના પ્રવચનમાં જાણે કોઇ બહુ જ મોટો ઉપકાર થતો હોય એવી એક વાત કરવામાં આવી છે કે, મેટરનિટી લીવ ૧૮૦ દિવસની કરી દેવામાં આવે છે. મારી પાસે કેન્દ્ર સરકારનો તા.૮મી જુલાઇ, ૨૦૧૦નો F.No. I 3/2010, CD1 આ જી.આર. છે. જુલાઇ, ૨૦૧૦માં કહ્યું હતું કે, મેટરનિટી લીવ ૧૮૦ દિવસની બહેનોને આપો અને આજે આપણે ૨૦૧૫માં આવ્યા છીએ. જયારે કોઇકે કહ્યું

• આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યાં.

કે અમે હાઇકોર્ટમાં જઇશું અને ૨૦૧૦ થી તમે અમલ નથી કરતા ત્યારે આપણે એમ કહીએ, પાછું સત્ય નથી સ્વીકારતા કે આ તો ૨૦૧૦માં કેન્દ્રએ કર્યું હતું. શબ્દોની સજાવટ ખૂબ કહ્યું છે કે અમે બાળકોની ચિંતા કરીએ છીએ. આ વિધાનસભામાં અપાયેલો ડોકયુમેન્ટ મારી પાસે છે અને આ વિધાનસભામાં રજૂ કરેલા ડોકયુમેન્ટસના જો ગ્રાફને જોઇએને તો ૨૦૦૭-૦૮માં રેડ ઝોનના એટલે સૌથી વધારે અસરગ્રસ્ત, રેડ ઝોનના બાળકો ૨૦૦૭-૦૮માં માત્ર ૦.૬૫ ટકા જેટલા ગુજરાતમાં હતા અને ૨૦૧૦-૧૧માં ૪.૬૬ ટકા બાળકો રેડઝોનના ગુજરાતમાં કુપોષિત બાળકો થઇ ગયા એની જવાબદારી કોની? કોઇક વળી એવી પણ વાતો કરે કે ત્યાં તો મહિલાઓ છે એ ફીગર સાચવવા માટે ડાયેટીંગ કરે છે એટલા માટે કુપોષિત છે. ના સાહેબ, આ એનું કારણ નથી અને આવી વાત નહીં કરી શકાય. આ રીતે આપ મશ્કરીઓ કરવાનો પ્રયત્ન કરો એ પણ બરાબર નથી અને એટલા જ માટે કહેવું છે. (અંતરાય) હા ભાઇ હા, સ્વીકાર્યા અને સ્વીકારતા પહેલા કહ્યું હતું કે પંદર, પંદર લાખ ખાતામાં આવશે. દસ લાખનો સુટ આવ્યો અને ખાતામાં કાળુ ધન નો આવ્યું. આ સ્વીકાર અને એટલે જ દિલ્હીમાં તમને અને અમને બંનેને જાકારો આપ્યો પણ તમારી જે મહેનત હતી એનો ખ્યાલ આવે તમને.

આદિવાસી વિસ્તારની વાતો થાય છે, ગરીબની વાતો થાય છે. મોડરેટ કુપોષિત બાળકો આપણને અહીંયા ચિંતા થવી જોઇએ. આદિવાસી વિસ્તારના બાળકોની જો ઉપેક્ષા થાય. આદિવાસી વિસ્તારમાં સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે ટારગેટેડને તમે ન્યૂટ્રીશન પૂરું પાડો. મારી પાસે ઓફીશીયલ ફીગર છે. ૬૩.૩૭લાખ બાળકો જેને સુપ્રીમ કોર્ટના કહેવા મુજબ તમારે ન્યૂટ્રીશન પૂરું પાડવાનું હતું આદિવાસી વિસ્તારના એ બાળકો સૌથી વધારે અસરગ્રસ્ત છે કારણકે ૬૩.૩૭લાખ બાળકોને આપે ન્યૂટ્રીશન આપવાનો પ્રયત્ન નથી કર્યો. પરિણામે આ રાજયના આદિવાસી બાળકોની આ પરિસ્થિતિ છે. યુવાનોને નોકરી આપવી જોઇએ. પહેલા તમારું કેલેન્ડર જે છે એ અને વાસ્તવિકતા તો જુઓ, તમે દસ વર્ષમાં ૧૫૩૦૦૦ ભરવાની વાત કરો છો. અને દર વર્ષે ૧૮૦૦૦ જગ્યાઓ જો ખાલી પડવાની હોય તો તમારું કેલેન્ડર નહીં, આ રાજયના યુવાનો વધારે પરેશાન થવાના છે. •(xxxxxx)

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શકિતસિંહભાઇ જે કહે છે કે હાઇકોર્ટે ઓર્ડર કર્યો છે, હાઇકોર્ટના ઓર્ડરની સામે સુપ્રીમ કોર્ટમાં અત્યારે હિયરીંગ ચાલે છે. આ સબજયુડીસ મેટર છે એટલે મને લાગે છે આ આખેઆખી વિગત એમના પ્રવચનમાંથી રદ કરવી જોઇએ.

ઉપાધ્યક્ષશ્રી : એટલા શબ્દો હું રદ કરું છું.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : મેટર ઇઝ સબજયુડીસ. આઇ એમ કોટીંગ ધ રીયાલીટી ઓફ ધ ઓર્ડર. જી.પી.એસ.સી.ની ૨૦૧૪, જૂનમાં અરજી કરી લોકોએ. પ્રિલીમીનરી એકઝામનું હજી સુધી રીઝલ્ટ ન આવે, તમે કયારે મેઇન એકઝામ લેશો, એ યુવાનોના કયારે ઓરલ લેશો અને કયારે એની ભરતી કરશો? વર્ગ-૧, ૨ ની રાહ જોઇને બેઠેલા આ લોકો છે. શાળાઓમાં કોમ્પ્યુટરના કીટ અપાયા છે પણ ત્યાં ભણાવનારો કોમ્પ્યુટરનો શિક્ષક આપે મૂકયો નથી. દસ શાળા વચ્ચે એક કોઓર્ડીનેટર છે. અને એ સંજોગોમાં હું કહેવા માગું છું કે કોમ્પ્યુટર સાથે ટાટ પાસ કરેલા આપની પાસે શિક્ષકો છે. કોની રાહ જુઓ છો? ભરતી કરો એમને, દરેક શાળાઓમાં કોમ્પ્યુટરની કીટ પડી છે. ધુળ ખાય છે ત્યાં કોમ્પ્યુટરનો શિક્ષક મૂકાય એ જરૂરી છે. આ સરકાર દ્વારા જે પરિસ્થિતિનું નિર્માણ થાય છે.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી કેશાજી ચૌહાણ આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે, તેમાં મારા વિચારો રજૂ કરું છું અને સમર્થન આપું છું. આભાર પ્રસ્તાવની અંદર માનનીય રાજ્યપાલશ્રીએ ઉદ્યોગ એમાં ઉલ્લેખ કર્યો છે કે આ ગુજરાતનો વિકાસ આપણા પૂજ્ય મહાત્મા ગાંધીજીએ જોયેલા વિઝન પ્રમાણે થયો છે. અને એમના શબ્દોની અંદર વિકાસ ફકત આજ માટે નહિ, પરંતુ આવનારા ભવિષ્યની વાત હોય એમાંથી સ્પષ્ટ થાય છે અને એટલા માટે જ ઔદ્યોગિક વિકાસ એટલે કે ઇન્ડસ્ટ્રિયલ ગ્રોથ થકી દેશ, દુનિયાની અંદર આજે ગુજરાત અગ્રીમ સ્થાને છે. હું ત્યાં સુધી કહીશ કે આજે આપણું ગુજરાત એ દેશના વિકાસનું ગ્રોથ એન્જિન છે. આ ગ્રોથ એન્જિન પરથી વાત આવી એટલે મારે

• આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યાં.

વાયબ્રન્ટ–૨૦૧૫ ના સાતમાં એડિશનની વાત કરવી છે. ઘણા બધા સભ્યોએ અહીથી વાયબ્રન્ટ ગુજરાત વિશે વાતો થઇ છે. ગ્રોથ એન્જિન વિશે પણ વાતો થઇ છે, ત્યારે જો આ ગ્રોથ એન્જિન ન હોત તો ૧૧૦ દેશોએ આ વાયબ્રન્ટ ગુજરાતમાં ભાગ લીધો ન હોત. ૨૫૦૦ ડેલિગેટસ વિદેશથી અને કુલ એવું કહી શકાય ૨૫૦૦૦ ડેલિગેટોએ આ વાયબ્રન્ટ ગુજરાતમાં ભાગ લીધો છે. મને કહેતા આનંદ થાય છે કે ૧,૨૫,૦૦૦ સ્ક્વેર મિટરની અંદર આ ગ્લોબલ ટ્રેડ શો થયો. આ વિશ્વનો સારામાં સારો કહી શકાય, તેવો ગ્લોબલ ટ્રેડ થયો. આ શું બતાવે છે? પ્લાસ્ટ ઇન્ડિયા ૨૦૧૫ વિશ્વના થર્ડ લાર્જેસ્ટ એકસ્પો કહી શકાય તેવો એકસ્પો અહી કરવામાં આવ્યો. એનાથી વિશેષ દેશ અને વિદેશના મેન્યુફેક્ચરર અને ટ્રેડર્સોએ ભાગ લીધો છે.

ગ્રોથ એન્જિનની વાત હતી, તો મારે ખાસ આ સન્માનનીય સભાગૃહને કહેવું છે કે આપણી વસ્તી ૫ ટકા જિયોગ્રાફિકલ એરિયા પૂનમભાઇ ૬ ટકા અને આપણે ગુજરાતીઓ એ આપણા દેશની અંદર ૩૦ ટકા ઇન્ડિયનનું સ્ટોક માર્કેટ કેપિટલાઇઝેશન હાંસલ કર્યુ છે. આપણને ગુજરાતી તરીકે ગૌરવ હોવું જોઇએ કે દેશની અંદર ૧૭ ટકા ઇન્ડસ્ટ્રિયલ આઉટપૂટ કહી શકાય એ આ ગુજરાતને લીધે છે. જે ઇન્ડિયન જી.ડી.પી.માં ગુજરાતનો હિસ્સો ૭.૫ ટકા છે. આનાથી મોટી શું વાત હોય? આપણે ૨૪ ટકા આજે દેશની અંદર એક્સપોર્ટ કરી રહ્યા છીએ. મારે વધારે આ સન્માનનીય ગૃહને કહેવું છે કે આ દેશમાં પ્રોડકશન છે એમાં મીનરલ પ્રોડકશનમાં વારંવાર આ ગૃહમાં આગળ પણ કહ્યું છે અને ફરીથી કહેવા માગું છું કે જ્યારે ગ્રોથ એન્જિન વિશે સવાલ ઉઠાવ્યો છે, નંબર–૧ ના વિકાસની વાતો કરે છે, ત્યારે મીનરલ પ્રોડકશનમાં ગુજરાતનો હિસ્સો ૧૦ ટકા છે. ટેક્ષટાઇલમાં ૩૧ ટકા છે. કપાસની વાત હતી. ખેડૂતોની વાતો કરતા હતા. કપાસમાં આ દેશમાં આપણો હિસ્સો ૩૧ ટકા છે. નેચરલ ગેસમાં ૩૪ ટકા છે. દવાઓની અંદર ફાર્માસ્યુટિકલ્સમાં આપણો ૩૫ ટકા હિસ્સો છે. ગ્રાઉન્ડ નટ એટલે મગફળીની વાતો કરતા હતા. તો આ મગફળીમાં આપણો હિસ્સો ૩૭ ટકા છે. કેમિકલની અંદર ૫૧ ટકા આપણો હિસ્સો છે. આપણે ક્રૂડ ઓઇલમાં આ દેશમાં ક્રૂડ ઓઇલમાં ૫૩ ટકા આપણો હિસ્સો છે. પેટ્રોકેમિકલ્સમાં પ્રોડકશનમાં હું એવા જિલ્લામાંથી આવું છું કે જ્યાં આગળ સૌથી વધારે પેટ્રોકેમિકલ્સ બને છે અને ૬૬૦૦ જેટલી પ્રોડક્ટ આ રાજ્યમાં બને છે, જેમાં ૬૨ ટકા શેર આ દેશની અંદર છે. પ્લાસ્ટિકમાં આપણો હિસ્સો ૬૫ ટકા છે. મીઠા પ્રોડકશનમાં ૮૦ ટકા શેર છે. ડાયમન્ડ પ્રોસેસિંગમાં વિશ્વમાં નંબર–૧ કહેવાય છે, જેમાં ૮૨ ટકા આપણો શેર છે. માનનીય અધ્યક્ષશ્રી, આનાથી નથી અટકતા પણ વિશ્વમાં ઘણી બધી વસ્તુ એવી છે કે જેમાં ગુજરાત નંબર.૧ છે. આજે એશિયાની લાર્જેસ્ટ પેટ્રોલિયમ રિફાઇનરી આજે ગુજરાતની અંદર છે. મુન્દ્રાની અંદર આપણો સૌથી મોટો લાર્જેસ્ટ કુલ્લી મિકેનાઇઝ કોલ ટર્મિનલ આપણી પાસે છે. આપણે સૌથી વધારે દિવેલા, ઇસબગુલ અને વરિયાળી પકવનાર ગુજરાતનો નંબર વિશ્વમાં પહેલો છે. લાર્જેસ્ટ ગેસ બેઇઝ ઓઇલ પ્લાન્ટ હજીરાની અંદર, મને કહેવા દો. તમારા જ સભ્યશ્રીએ ગ્રોથ એન્જિન વિશે વાત કરી ત્યારે આ આંકડા ગૃહની અંદર તમને આપું છું. આપણો ડાયમંડ ઉદ્યોગ વર્લ્ડ લાર્જેસ્ટ છે. થર્ડ લાર્જેસ્ટ પ્રોડકશન આપણે ડેનીમ કાપડની અંદર કરી રહ્યા છીએ. મારા ભરૂચની અંદર એમ કહી શકાય કે વર્લ્ડ લાર્જેસ્ટ સિંગલ કોપર્સ મેટલ પ્લાન્ટ છે. દેશનું પ્રથમ એલ એન્ડ જી ટર્મિનલ આ રાજય પાસે છે. આ રાજય પાસે ૨૨૦૦ કીલોમીટર ગેસ ગ્રીડ છે. દેશની અંદર કયાંય નથી. આ રાજયની અંદર ૨૨૦૦ કીલોમીટરની ગેસ ગ્રીડ છે. આ રાજય પહેલું છે કે જેને દેશની અંદર પ્રથમ સોલાર પોલિસી ડીકલેર કરી. એશિયાની અંદર કલાયમેટ ચેઇન્જ ડિપાર્ટમેન્ટની અંદર કોઇ વિભાગ ચાલુ કર્યો હોય તો તેમાં ગુજરાત પ્રથમ રાજય છે. સૌથી વધારે કાર્બન ક્રેડીટ મેળવનાર કોઇ રાજય હોય તો તે ગુજરાત છે. ગુજરાત પેટ્રો ગેસ કેપીટલ કહેવાય છે. આપણે ટેકસટાઇલ પોલિસી લાવ્યા છીએ. મારું દહેજ વિશ્વના ૨૫ એસ.ઇ.ઝેડ પૈકીનું એક એસ.ઇ.ઝેડ છે. ત્યાં સારામાં સારો વહીવટ થઇ રહ્યો છે. આ રાજયએ ત્રણ વ્હાઇટ રીવોલ્યુશન કર્યા. મીઠામાં, દૂધમાં અને કોટનની અંદર વ્હાઇટ રીવોલ્યુશન કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ દેશની અંદર ઉર્જાની વાત કરીએ ત્યારે ટાઇડલ એનર્જી, મોજા આધારિત વીજળી પેદા કરનાર કોઇ રાજય હોય તો તે ગુજરાત રાજય છે. આપણી પાસે વિન્ડ એનર્જી ફાર્મ છે. આપણે સોલાર એનર્જીમાં ક્રાંતિ કરી છે. આવનારા દિવસોમાં ગુજરાત ઓટોમોબાઇલ હબ બનવાનું છે. દેશની અંદર સૌથી વધારે ઓટોમોબાઇલ આ રાજયની અંદર પ્રોડયુસ થશે. આપણી પાસે લાર્જેસ્ટ શીપ બ્રેકીંગ યાર્ડ છે. આપણી પાસે સૌથી વધારે એરપોર્ટસ છે. તે સૌથી વધારે કાર્યરત છે. મારે સન્માનનીય ગૃહને કહેવું પડશે કે સત્ય હકીકતો તે પણ જરા સાંભળો. પર કેપીટા જી.ડી.પી. તે ૧.૪૫ ટાઇમ્સ ઓફ ધી ઇન્ડિયાઝ એવરેઝ છે. ગુજરાત

૪૩ ટકા અર્બનાઇઝ સ્ટેટ છે. આ ગાંધીનગર આપણે સૌ આ સન્માનનીય ગૃહમાં બેઠા છીએ તે વન ઓફ ધી ગ્રીનેસ્ટ કેપીટલ ઇન એશિયા છે. એશિયાનું ગ્રીનેસ્ટ કેપીટલ છે. ગુજરાતની અંદર ૨૭ નદીઓને ઇન્ટરલીંક કરી છે જેથી કૃષિ અને ખેડૂતને ફાયદો થાય. ૯૭ ટકા કાર્પેટ રોડ છે. અમદાવાદની સિવિલ હોસ્પિટલની વાત કરતા હતા, આ સિવિલ હોસ્પિટલ ૨૦૦૦ બેડ સાથે છે અને એશિયાની અંદર સીંગલ લાર્જેસ્ટ ગવર્નમેન્ટ ઓપરેટેડ હોસ્પિટલ ઇન એશિયા છે. જીસ્વાન નેટવર્ક જે આપણે અહીં યુઝ કરીએ છીએ. તે એશિયા સ્પેશીફીક રીજીયનની અંદર લાર્જેસ્ટ આઇ.પી. બેઇઝ જીસ્વાન નેટવર્ક છે. આપણે ગીરની કેરીની વાત કરતા હતા. મારે કહેવું જોઇએ કે ગીરની કેરીને લીધે તેને જીઓગ્રોફીકલ આઇડેન્ટીફીકેશન મળ્યું છે. કેરીને લીધે તે વિસ્તારનું આઇડેન્ટીફીકેશન થાય તેવું ગૌરવ પ્રાપ્ત થયું છે. દેશની અંદર આ બીજું ફળ છે જેનાથી આઇડેન્ટીફીકેશન થયું છે. કૃષિ મહોત્સવ થકી આપણે કહીએ છીએ કે ડચના રોઝીસ ગ્રીન હાઉસમાં બને છે. ડચના રોઝીસ સુરત, તાપી, નવસારીમાં ગ્રીન હાઉસમાં બને છે. આપણે આજે જોઇએ તો યુરોપિયન માર્કેટ, ટોકિયો, દુબઇની અંદર દર વીકલી આ રોઝિસ જાય છે. આ રાજયમાં પૂર્વ મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ જયારથી સુશાસન સંભાળ્યું ત્યારથી સુરત આજે વર્લ્ડનું ચોથું ફાસ્ટેટ ગ્રોઇંગ સીટી બન્યું છે. ત્રીજા નંબરે સુરત કલીન સીટી તરીકે આવે છે. ઇકોનોમીક ફ્રીડમ ઓફ સ્ટેટ ઇન્ડિયા ૨૦૧૩ના રિપોર્ટ પ્રમાણે ગુજરાત રાજય હાઇએસ્ટ ઇકોનોમીક ફ્રીડમ ઇન ઇન્ડિયા તરીકે પ્રસ્થાપિત થયું છે. ગુજરાત રાજય એ હાઇએસ્ટ ઇકોનોમીક ફ્રીડમ ઇન ઇન્ડિયા તરીકે પ્રસ્થાપિત થયું છે. આપણું આઇ.આઇ.એમ. ઇન્ડિયન ઇન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ અમદાવાદ એ એશિયાનું ચોથું અને વર્લ્ડનું ૩૯ રેન્ક મેનેજમેન્ટ કોલેજ છે તેનાથી આપણે ગૌરવ લઇ શકીએ એમ છીએ.

કચ્છની વાત કરતા હતા તો કચ્છનું માધાપર ગામ એ એશિયાની વન ઓફ ધ રીચર્સ ગામ છે. અને નેનોની વાત કરતા હતા તો વર્લ્ડસ મોસ્ટ એફોર્ડેબલ કારનું જેને બિરુદ મળ્યું છે એ નેનો કાર ગાંધીનગરમાં બને છે. માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) મોર્ડન વર્લ્ડની અંદર હું વાત કરું તો ત્રણ વસ્તુ એ ખૂબ જ અગત્યની છે એ સ્પીડ, સ્કિલ અને સ્કેલ. ગવર્નન્સની અંદર આપણે ઉપયોગ કરીએ છીએ મીનીમમ ગવર્નમેન્ટ એન્ડ મેકસીમમ ગવર્નન્સ. તો ગવર્નન્સમાં સ્પીડ લાવવા માટે ટેકનોલોજીનો ઉપયોગ જેનાથી ગતિમાં કામ થાય એના માટે આપણે સ્કીલ ડેવલપમેન્ટ પર ખૂબ ભાર મૂક્યો છે જેથી યુવાનો દેશ અને દુનિયાની જે ભાષા છે એ સમજી શકે અને યુવાનો સ્કીલ ડેવલપમેન્ટના માધ્યમથી આવનારા વિકાસ માટે તેઓ તૈયાર રહે અને સ્કેલની વાત કરી છે એ પ્રોજેકટ ઇનોવેટિવ હોવા જોઇએ, કોમ્પીટિટીવ હોવા જોઇએ, એમ્બીશિયસ હોવા જોઇએ, ફયુચરીસ્ટીક હોવા જોઇએ. એક સૂત્ર આપ્યું છે આઇ.ટી.પ્લસ આઇ.ટી.ઇઝ ઇકવલ ટુ આઇ.ટી. ઇન્ડિયન ટેલેન્ટ પ્લસ ઇન્ફોર્મેશન ટેકનોલોજી (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : માનનીય કરમશીભાઇ, મારી વાત સાંભળો, કરમશીભાઇ તેઓ ઇંગ્લીશમાં બોલ્યા છે તેમાં ક્યાં પોઇન્ટ ઓફ ઓર્ડર આવે? બેસી જાવ તમે. બેસી જાવ પછી હું સાંભળીશ, માનનીય દુષ્યંતભાઇ, તમે ચાલુ રાખો.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયને (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : માનનીય કરમશીભાઇ, આપ બેસો. મુદો શકિતસિંહજી, ઇમીજીએટ સભ્યના શબ્દો પૂરા થાય પછી તમારા મુદ્દા આવે. આ તો ઇંગ્લીશમાં આખું વાક્ય બોલ્યા છે. કરમશીભાઇ, બેસો પ્લીઝ. (અંતરાય)

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નેનોથી સો ટકા થોડી ચચરાટ થઇ છે. માનનીય અધ્યક્ષશ્રી, જે સ્લોગન આપ્યું છે આઇ.ટી.પ્લસ આઇ.ટી. ઇઝ ઇકવલ ટુ આઇ.ટી. ઇન્ડીયા ટેલેન્ટ પ્લસ ઇન્ફોર્મેશન ટેકનોલોજી ઇઝ ઇન્ડીયા ટુમોરો (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, આ રીતે નહીં બોલાય એમને કહો કે બેસે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, આ બધું શક્ય કેમ બન્યું છે? આ રાજયની આ સરકારે ઇન્કલુસીવ ડેવલપમેન્ટ ઉપર ભાર મૂક્યો છે. સરકારે ડેવલપમેન્ટના મુખ્ય એરિયા નક્કી કર્યા છે જેમાં ઇનોવેશન હોય સસ્ટેઇનેબીલીટી એટલે ટકાઉ હોય આજે યુથ અને સ્કીલ ડેવલપમેન્ટ પર સૌથી વધારે ભાર મૂકવામાં આવ્યો છે. વાઇબ્રન્ટ ગુજરાત ૨૦૧૫ની અંદર પણ આ રાજયએ સૌથી મોટું પ્લેટફોર્મ પૂરું પાડ્યું છે અને એમ કહી શકાય કે નૌલેજ શેરીંગ ત્યાં આગળ વિચારોની આપ-લે અને આજે આ રાજય અને દેશ ક્યાં જવાનો છે એના માટેનું નેટવર્કીંગ પૂરું પાડ્યું છે.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય દુષ્યંતભાઇ પટેલે જે વાત કરી છે કે, નેનો ચાલુ છે અને નેનો આવવાથી ગુજરાતમાં અને સાણંદમાં સારું થયું, પણ એનો પ્લાન્ટ છેલ્લા ચાર વર્ષથી બંધ છે અને કોઇ ઉત્પાદન કરતા નથી.(અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : આ કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર નથી. આપ બેસી જાવ. નેક્સ્ટ. વી.વી.વઘાસિયા. આપ ચાલુ કરો. આમાં બધાને બધી જ સમજ પડવી જોઇએ એવું નથી.

શ્રી વલ્લભભાઇ વ. વઘાસીયા(સાવરકુંડલા) : માનનીય અધ્યક્ષશ્રી, મારા ગૃહના સાથી સભ્યશ્રી કેશાજીભાઇ ચૌહાણ રાજ્યપાલશ્રીના પ્રવચન પરનો આભાર પ્રસ્તાવ લઇને જે આવ્યા છે એમાં મારું સમર્થન આપવા માટે ઉભો થયો છું અને મારા વિચારો રજૂ કરું છું. આ ગૃહમાં મને જણાવતા આનંદ થાય છે કે, ગુજરાતની આ સરકારે મહેસૂલી કાયદાઓમાં ખૂબજ સુધારા કરીને ગામડાઓ સુધીના વિકાસ માટેની જે વાત કરી છે એ અભિનંદનને પાત્ર છે. મહેસૂલ વિભાગની અંદર અગાઉની સરકારોએ જે કામ કર્યું અને આજની સરકાર જે કામ કરી રહી છે એના માટે હું આ ગૃહમાં મારા સભ્યશ્રીઓ સમક્ષ આ વાત કરવા માગું છું. ૨૦૧૪-૧૫માં રાજ્યના વિવિધ સ્થળોએ પ્રાંત કચેરી અને મામલતદાર કચેરીઓનું બાંધકામ કરવામાં આવ્યું અને નવી કચેરીઓમાં અંદાજીત રૂપિયા ૧૪૬ કરોડના રહેણાંકીય આવાસોના બાંધકામ માટે અંદાજીત રૂપિયા ૩૩ કરોડની જોગવાઇ કરીને સરકારે આધુનિક કચેરીઓ અને રહેણાંકના આવાસો બનાવવામાં આવ્યા. અગાઉ આપણે બધાએ જોયું છે તાલુકા લેવલના આવાસો જ્યાં દાદર અને પગથીયા પણ નહોતા અત્યારે મારા મિત્રો વાતો કરે છે કે •(xxxxxx) સાચું સાંભળવાની એમની તૈયારી જ નથી.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળના અનેક નિર્ણયો છે. કોઇપણ સભ્યશ્રી કહે છે (xxxxxx)આવું રેકર્ડમાં રહેશે એ સારું નથી ભૂતકાળમાં આવા શબ્દો દૂર કર્યા જ છે.

ઉપાધ્યક્ષશ્રી : બેસી જાઓ. હું જોઇ લઇશ એ શબ્દો.

શ્રી વલ્લભભાઇ વ. વઘાસીયા: માનનીય અધ્યક્ષશ્રી, કદાચ ગામડાના માણસ તરીકે દેશી બોલતો હોઇશ બહુ જ ચીપી ચીપીને ભાષા બોલતા મને નથી આવડતું. એટલે કદાચ નહિ સારું લાગતું હોય. બધાયને અહીંયા કંઇક (xxxxxx)

ઉપાધ્યક્ષશ્રી : કોઇનું નામ લીધું નથી એમણે શક્તિસિંહજી.

શ્રી વલ્લભભાઇ વ. વઘાસીયા: માનનીય અધ્યક્ષશ્રી, મારો સમય ડિસ્ટર્બ કરે છે આ લોકો. માનનીય અધ્યક્ષશ્રી, સાચું સાંભળવાની તૈયારી રાખવી જોઇએ.

ઉપાધ્યક્ષશ્રી : કોઇનું નામ લીધું નથી એમણે શક્તિસિંહજી. કોઇના નામનો ઉલ્લેખ કર્યો નથી એમણે.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, આ બધા માટે લાગુ પડે.

ઉપાધ્યક્ષશ્રી : એમણે કોઇના નામનો ઉલ્લેખ કર્યો નથી.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, અસંસદીય શબ્દોમાં કોઇપણ સભ્ય આવે.

ઉપાધ્યક્ષશ્રી : એમણે એમના પ્રવચનમાં બહુ સ્પષ્ટપણે સ્વીકાર્યું છે કે, હું ગ્રામ્ય વાતાવરણમાંથી આવું છું એટલે મારી પાસે આવા શબ્દો નહિ હોઇ શકે. બેસો હું સાંભળું છું. પહેલાં બેસી જાઓ. બધા બેસો. તમારે બોલવું હોય તો બધાને બેસાડો. આપને બોલવું હોય શક્તિસિંહજી, તો આ બધાને બેસાડો, પણ આ કોઇ બેસે નહિ તો હાઉ કેન આઇ પરમીટ યુ. સીટ ડાઉન ઓલ ઓફ યુ. બીજા બધા બેસી જાઓ. બીજા બધા બેસી જાઓ તો હું તક આપીશ. તમારે બોલવું હોય તો તમારા સભ્યોને કહો બેસી જાય. નહિ તો હું નહિ બોલવા દઇ શકું. નહિ આપ બેસો. આપ બેસો. આ બોલે છે ને, આપ બેસો. બધાને બેસાડું છું., વારાફરતી વારો આવે ભાઇ, બેસો, બાપુ એમને બોલી લેવા દો ને બે મિનિટ, પછી આપ બોલો.

શ્રી વલ્લભભાઇ વ. વઘાસીયા: માનનીય અધ્યક્ષશ્રી, મેં કોઇનું નામ લઇને કહ્યું નથી કોઇ માથ પાઘડી ઓઢી લે તો હું કંઇ કરી શકું નહિ.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, તમામને માથે બેસે છે, આપ આ જોઇ લ્યો, મને વાંધો નથી પરંપરા તોડીને આ વાત થાય તે બરાબર નથી.

---

• આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યાં.

ઉપાધ્યક્ષશ્રી : શક્તિસિંહજી હું જોઇ લઇશ અને એવું કંઇ હશે તો એ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરીશ ચાલો વઘાસિયાજી બોલો આપ.

શ્રી વલ્લભભાઇ વ. વઘાસીયા: માનનીય અધ્યક્ષશ્રી, મારો ઘણો બધો સમય ખોટી રીતે વેડફાઇ ગયો છે આગામી વરસના અંદાજપત્રમાં, રાજયની જિલ્લા કક્ષાની મહેસૂલી કચેરી, સેવા સદન કે જયાં લિફ્ટની વ્યવસ્થા નથી ત્યાં સરકારે લિફ્ટ મૂકવાનું આયોજન કર્યુ છે. ત્રણ નવી પ્રાંત કચેરી તેમજ દસ નવી મામલતદાર કચેરીના બાંધકામ માટે ૧૩ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવેલ છે. ત્યારે મહેસૂલી અધિકારીના આવાસ માટે રૂપિયા ૨૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આમ, મહેસૂલી કચેરીઓ તેમજ મહેસૂલી અધિકારીઓના આવા આવાસોના બાંધકામ માટે ચાલુ વર્ષે કુલ રૂપિયા ૧૧૩ કરોડ રૂપિયા કરતા વધારે જોગવાઇ કરવામાં આવી છે આને કહેવાય ગતિશીલ ગુજરાત.

માનનીય અધ્યક્ષશ્રી, મારે ગામડાની વાત કરવી છે. ઘણાં બધા ગામડે જતાં ના હોય અને અહીંયા ગામડા માટે ખૂબ સહાનુભૂતિ દર્શાવતા હોય છે ત્યારે બહુ ખોટી ચિંતાઓ કરતા હોય છે. ત્યારે મહેસાણા ખાતે જયારે રાજયની સાતમી ચિંતન શિબિર મળી ત્યારે તે વખતના મુખ્યમંત્રી અને આજના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી અને સચિવશ્રીનું જૂથ બનાવી તાલુકા સરકારના અભિગમની વાત થઇ. તાલુકા સરકાર એટલે આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો એટીવીટી. માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા ડભોઇ ખાતે ગુજરાત સ્વર્ણિમ જયંતિ સમાપન કાર્યક્રમના ભાગરૂપે આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકાની..

ઉપાધ્યક્ષશ્રી : આપની પાસે એક મિનિટ છે.

શ્રી વલ્લભભાઇ વ. વઘાસીયા : સાહેબ, મારી બે-ત્રણ મિનિટ તો બગાડી છે એટલે વધારે આપો.

ઉપાધ્યક્ષશ્રી : એટલે જ વધારે સમય આપ્યો છે.

શ્રી વલ્લભભાઇ વ. વઘાસીયા : ત્યારે ૫૭ નવા પ્રાંતોની રચના સહિત ૧૧૨ પ્રાંતોની રચના અને પ્રાંત અધિકારીઓની નિમણૂક કરવામાં આવી અને ૭ જિલ્લાની રચના અને ૨૩ નવા તાલુકા બનાવવામાં આવ્યા. કુલ ૨૪૮ તાલુકામાં કુલ-૧૨૧ પ્રાંત કચેરી અને ૨૪૮ તાલુકાના ૩૩ જિલ્લા થયા ત્યારે એટીવીટી દ્વારા તાલુકાના વિકાસ માટે સાહેબ નીચેથી આયોજન થાય, તાલુકાનો માણસ આયોજન કરે અને સરકાર મંજૂર કરે. આની અંદર તાલુકામાં તાલુકા દીઠ જે ગ્રાન્ટ ફાળવવામાં આવી તે તમને વાત કરું તો આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો વિકાસ કાર્યક્રમ માટે વર્ષ ૨૦૧૧-૧૨માં ૩૭૫.૨૫ કરોડ રૂપિયા, વર્ષ ૨૦૧૨-૧૩માં ૪૦૨ કરોડ રૂપિયા, વર્ષ ૨૦૧૪-૧૫માં રૂપિયા ૪૦૨ કરોડની ફાળવણી કરવામાં આવી અને આયોજન કરીને તાલુકાના વિકાસ માટેના કામ કરવામાં આવ્યા.

માનનીય અધ્યક્ષશ્રી, આ તાલુકામાં ૫૦ ગામવાળા તાલુકા આ રાજયની અંદર ૫૦ છે. દરેક તાલુકાને એક કરોડ રૂપિયાની વિકાસની ગ્રાન્ટ મળે છે. ૫૧ થી ૧૦૦ ગામ ધરાવતા તાલુકા ૧૨૪ આ રાજયની અંદર છે તેમને ૧૨૫ કરોડ રૂપિયાની ગ્રાન્ટ મળે છે. મહત્તમ સોથી વધુ ગામો ધરાવતા ૪૯ તાલુકાને ૧.૫૦ કરોડની ગ્રાન્ટ આ સરકારમાંથી આપીને આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો એટીવીટી દ્વારા વિકાસ કરવા માટેની જે આ યોજના બનાવવામાં આવી છે તે ખરેખર અભિનંદનને પાત્ર છે.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ(જામનગર (ગ્રામ્ય) : માનનીય અધ્યક્ષશ્રી, નામદાર રાજયપાલશ્રીના આભાર પ્રસ્તાવ પરની ચર્ચામાં ભાગ લેવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આભાર પ્રસ્તાવની ચર્ચામાં મારા ઘણાં બધા મિત્રોએ ભાગ લીધો અને હું તેમને ધ્યાનપૂર્વક સાંભળતો હતો. તેમાં ખાસ કરીને કૃષિની વાત જયારે આવી, ત્યારે હું મારી સામેના મિત્રોને યાદ કરાવવા માગુ છું કે, લોકસભાની ચૂંટણી પહેલાં તત્કાલિન મુખ્યમંત્રી અને અત્યારના વડાપ્રધાન નરેન્દ્રભાઇના શબ્દો તે તમને યાદ કરાવું છું. કારણ કે આ રાજયનો ખેડૂત મોટા ભાગે કપાસની ખેતી કરે છે. અને જયારે કપાસનું ઉત્પાદન સારું થયું હોય ત્યારે કપાસના પૂરતા ભાવો ન મળતા હોય ત્યારે •(xxxxxx)

શ્રી નીતિનભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.(અંતરાય) માનનીય રાઘવજીભાઇ, મારો જુદો મુદ્દો છે. મારું એમ કહેવું છે કે તમે કહો છો કે, (xxxxxx) તો એવું તેમણે કઇ

• આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યાં.

જગ્યાએ કહ્યું હતું? કયારે કીધું હતું? રેકર્ડ તમે આપો. બાકી બહારના ભાષણો ન ચાલે, અમે એમ નથી કહેતા કે (xxxxxx) વિધાનસભાના નિયમો છે અને નિયમ મુજબ કયારે અને કઇ જગ્યાએ કહ્યું હતું તેનું રેકર્ડ રાઘવજીભાઇ આપે.

ઉપાધ્યક્ષશ્રી : જે વ્યકિત ગૃહમાં જવાબ આપવા માટે હાજર ન રહી શકે તેમ હોય તેમનું નામ લેવું તે વ્યાજબી નથી.

શ્રી નીતિનભાઇ પટેલ : આ તારીખે સરકારમાં, સભાગૃહમાં બોલ્યા હતા તે તમે લાવો. કાલે તમે પાંચ હજાર કહેશો તો અમારે માની લેવાનું? આ શબ્દો રેકર્ડમાંથી રદ કરવા જોઇએ એવું મારું માનવું છે. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : એટલા શબ્દો હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી રાઘવજીભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના ખેડૂતો કપાસના ભાવોના મુદ્દે પાયમાલ થઇ ગયા છે. સમગ્ર રાજયના ખેડૂતોએ આંદોલન કર્યું ત્યારે આ સરકારે શું કર્યું? ૧૧૦૦ રૂપિયાનું કહેવાતું પેકેજ જાહેર કર્યું. એ પેકેજમાં શું છે એ હું કહેવા માગું છું. એ પેકેજમાં એક મુદ્દો એવો છે કે ખેડૂતોના પાક ધિરાણના વ્યાજમાં બે ટકા રાહત આપવામાં આવશે. કપાસ માટે એક હેકટર ઉપર ૫૦ હજાર રૂપિયાનું ધિરાણ મળે છે. ખેડૂતોને તેના ઉપર બે ટકા લેખે વ્યાજની રાહત આપીએ તો ૧૦૦૦ રૂપિયા થાય. કપાસ એક ખેતરમાં ૨૦૦ મણ થાય છે. ૨૦૦ મણે એક હજાર રૂપિયાનું વ્યાજ રાહત મળે તો એ મણ દીઠ પાંચ રૂપિયા વ્યાજ રાહત થઇ. એટલે અમારી તો સ્પષ્ટ માગણી છે કે ટેકાના ભાવો ૧૨૦૦ રૂપિયા હોવા જોઇએ. અત્યારે ખેડૂતોને ૨૦૦ રૂપિયાની તો ઉત્પાદનમાં ખોટ જાય છે. એવા સંજોગોમાં આ પાંચ રૂપિયા જેવી નજીવી રાહત આપી અને ખેડૂતોની સાથે આ સરકારે મશ્કરી કરી છે. અમુક અધિકારીઓ તો એમ કહે છે કે ધિરાણ ઉપર બે ટકા વ્યાજ રાહત માત્ર સપ્ટેમ્બર સુધી જ છે. એટલે તે રાહત તો માત્ર અઢી રૂપિયા જ થાય. તમે હિસાબ કરો કે આ રાજય સરકાર આ રાજયના ખેડૂતોની કેવી ક્રુર મશ્કરી કરે છે.

હું બીજી વાત ઉપર આવું છું. કપાસના ભાવોની વાત છે એવી જ રીતે મગફળીના ભાવોમાં પણ આ જ પ્રશ્ન છે. ડુંગળીના ભાવો, બટાકાના ભાવો, ધાણાના ભાવ આ બધી જ ખેત પેદાશોની પડતર કિંમત પણ આજે ખેડૂતોને મળતી નથી. અને આ રાજય સરકાર ખેડૂતોના હિતની વાત કરતી હોય, ખેડૂતોની હિતેચ્છુ હોવાની વાત કરતી હોય તો મારો તો પડકાર છે કૃષિ મંત્રીશ્રીને કે તમે ખેડૂતોની વચ્ચે જાહેરમાં ચર્ચામાં આવો. તમે લોકો કહો છો કે અચ્છે દિન આ ગયે, પણ આ તો ખેડૂતો માટે બૂરે દીન આ ગયે.

આવો જ બીજો પ્રશ્ન જંગલી રોઝ અને ભૂંડનો પણ છે. મેં પરામર્શ સમિતિની બેઠકમાં માનનીય મંત્રીશ્રી પાસે રજૂઆત કરી હતી તે વખતે માનનીય મંત્રીશ્રીએ એમ કહ્યું કે પોરબંદરમાં આવો અને જુઓ મેં રોઝ અને ભૂંડનો નાશ કરી નાખ્યો છે. સારી વાત છે. અમે અભિનંદન આપીએ છીએ. પણ સાહેબ તમે એકલા પોરબંદરના કૃષિ મંત્રી નથી. સમગ્ર રાજયના કૃષિ મંત્રી છો. તમે ગુજરાતના કૃષિમંત્રી છો, ત્યારે ફકત પોરબંદરના ખેડૂતોનું હિત તમારે હૈયે હોય, અમારા કૃષિ મંત્રી માત્ર પોતાના વિસ્તારની વાત કરે એ બરાબર નથી. તમે પોરબંદરમાં કર્યું, એવું આખા ગુજરાતના ખેડૂતોને રોજડા અને ભૂંડડાના ત્રાસથી મુકત કર્યા હોત તો હું તમને અભિનંદન આપત. તમે જે કામ પોરબંદરમાં કર્યું એવું કામ આખા ગુજરાત માટે કરો તમે આમાં ખેડૂતોનું હિત નથી કરતા કારણ કે અત્યારે રોજડા અને ભૂંડડાનો અસહ્ય ત્રાસ છે, એ ત્રાસમાંથી મુકત કરવા માટે આ રાજય સરકાર ખેડૂતોને કોઇ જાતની મદદ કરતી નથી.

હમણાં એમ કહ્યું કે ૨૦૧૪ સુધીમાં અમે ૮૧૫૨૦ વીજ કનેકશનો આપ્યા છે. પરંતુ મારા જિલ્લામાં સન ૨૦૦૫માં જે ખેડૂતોએ માગણી કરી હતી એને હજુ સુધી વીજ કનેકશન મળેલ નથી. અસંખ્ય ખેડૂતોને વીજ કનેકશન આપવાના બાકી છે. જો આ સરકાર એમ કહેતી હોય કે અમે ખેડૂતોને તાત્કાલિક વીજ કનેકશન આપવા માગીએ છીએ. તો સન ૨૦૦૫ના બાકીદાર ખેડૂતોનું શું એનો આ સરકારે વિચાર કર્યો છે ખરો?

સન ૨૦૧૨ની ધારાસભાની ચૂંટણી હતી ત્યારે છાપામાં મોટી મોટી જાહેરાતો આપી હતી કે અમે સૌરાષ્ટ્રના ૧૧૫ ડેમો નર્મદાના પાણીથી ભરી દેશું. એના ટેન્ડર બહાર પાડવામાં જ અઢી વર્ષ નીકળી ગયા છે હજી એક પણ ડેમમાં પાણીની ટીપું પણ નથી પડ્યું. શું આ ગતિશીલ ગુજરાત છે? ચૂંટણી વખતે ગુજરાતની પ્રજાને વચનો આપીને લોકોના મત લઇ જાય, ગુજરાત અને સૌરાષ્ટ્રની પ્રજા પાણી માટે થઇને ગાંડી

ગાંડી થઇ જાય, તમારા ઉપર ભરોસો મૂકે અને તમને મત આપે છે અને પછી એ ભરોસા ઉપર આવડો મોટો વિશ્વાસઘાત તમે કરો છો એનું પાપ માનનીય બાબુભાઇ તમને લાગશે એ હું કહેવા માગું છું.

અત્યારે તમે એમ કહો છો કે ગામડાંને પીવાનું પાણી નર્મદામાંથી આપીએ છીએ. પરંતુ મારા જામનગર તાલુકાના ૫૦ જેટલા ગામો દિવાળી વખતથી પીવાના પાણી વગર હેરાન થાય છે. એ જ રીતે ધ્રોળ તાલુકાના ગામો પણ પીવાના પાણી વગર તરસ્યા મરે છે. તમે અહીંયા એમ કહો છો કે નર્મદાનું પાણી ગામડે ગામડે પહોંચાડી દીધું છે, પરંતુ આ •(xxxxxx) માટે પ્રજા તમને માફ નહિ કરે. દિલ્હીની પ્રજાએ નવ મહિનામાં તમને દેખાડી દીધું છે એટલે હવે તમારા દિવસો પૂરા થઇ ગયા છે એટલું જ હું તમને કહેવા માગું છું.

માનનીય રાજયપાલશ્રીના પ્રવચનમાં માત્રને માત્ર શબ્દોની જંજાળ છે. વાસ્તવિકતા કંઇ છે જ નહિ અને એટલા માટે અચ્છે દિનની વાતો કરનારા ભારતીય જનતા પાર્ટીના મિત્રોને કહેવું છે કે હવે બૂરે દિનની શરૂઆત થઇ ગઇ છે. ૧૯૮૪ની લોકસભાની ચૂંટણીમાં અમને ૪૨૫ બેઠકો મળી હતી તમને તો ફકત ૨૮૨ બેઠકો જ મળી છે. આ તો ચડતી પડતી થાય જ પરંતુ તમારી તો પડતીની શરૂઆત થઇ ગઇ છે. બૂરા દિવસોની શરૂઆત થઇ ગઇ છે. તમે લોકોને આપેલા વચનો પૂરા કરતા નથી, ચૂંટણીમાં કંઇક વાત કરો છો એ પૂરા નથી કરતાં એટલે એના પરિણામો તમારે ભોગવવા જ પડશે.

અહીંયા બીજી ઘણી વાતો થઇ છે. લોક સંવાદ સેતુની વાત કરવામાં આવી. માનનીય મંત્રીશ્રી બાબુભાઇ અને માનનીય જયેશભાઇ રાદડિયા આવ્યા હતા. હું પણ બે તાલુકાના કાર્યક્રમમાં હાજર રહ્યો હતો. મને મોટી આશા હતી કે સરકાર જે વાત કરે છે એ મુજબ સારી ભાવનાથી કામ કરશે. ખેડૂતો પણ રજૂઆત કરવા માટે આવ્યા હતા. આખા ગુજરાતમાં ૨૪૭ લોક સંવાદ સેતુ કાર્યક્રમો યોજાયા એમાં ૧૫૨૩૪ પ્રશ્નો આવ્યા એમાંથી ૧૩૨૯૬ પ્રશ્નો ઉકેલાયા. જો એ ઉકેલાયા હોત તો હું અભિનંદન આપત. અહીંયા માનનીય મંત્રીશ્રી બાબુભાઇ અને જયેશભાઇ બેઠા છે, એ બંનેને કહેવા માગું છું.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય રાઘવજીભાઇ, આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય સભ્યશ્રી પરબતભાઇ પટેલ..

શ્રી પરબતભાઇ સ. પટેલ (થરાદ) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના આદરણીય સભ્યશ્રી કેશાજીભાઇ ચૌહાણ મહામહિમ રાજયપાલશ્રીના પ્રવચન ઉપર જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે અને જેને આ ગૃહના સભ્ય શ્રીમતી ભાનુબહેન બાબરીયાએ સમર્થન આપ્યું છે તેમાં હું મારું સમર્થન આપું છું, અનુમોદન આપું છું અને આ વિશે હું મારી વાત કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મને કયારેક સમજણ પડતી નથી. હમણાં જ ભાઇશ્રી રાઘવજીભાઇ જે વાત કરી રહ્યા હતા. હું રાઘવજીભાઇને એમ કહેવા માગું છું કે તમે ૧૫ વર્ષથી આ ગૃહમાં આ વાત કરો છો. જો ગુજરાતની પ્રજા તમારી વાત સાચી માનતી હોત તો તમને અહીં બેસાડત મારા ભાઇ. ૧૫-૧૫ વર્ષથી આ વાત કરો છો પણ ગુજરાતની પ્રજાએ ભારતીય જનતા પાર્ટીમાં વિશ્વાસ મૂકીને અહીં બેઠેલાં બધાના ઉપર જે વિશ્વાસ મૂક્યો છે અને જેથી એકધારા ૧૫ વર્ષથી એક જ વ્યકિતની આગેવાની નીચે બધા મિત્રો ચૂંટાયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આ ગૃહના સભ્ય આદરણીય શકિતસિંહજી વાત કરતા હતા તેમાં થોડી વાત કરવી છે. તેઓ સ્વાઇનફ્લુ વિશેની વાત કરતા હતા. માનનીય અધ્યક્ષશ્રી, રાજયપાલશ્રીનું પ્રવચન જે ગુજરાત સરકારે નીતિ નક્કી કરી છે અને અત્યાર સુધીની કામગીરી કરી છે તેનું ચિત્ર સ્પષ્ટ કરે છે. સમગ્ર ગુજરાતના પ્રજાજનોને આ ગૃહના માધ્યમથી આ વાત પહોંચાડવા માગે છે ત્યારે આદરણીય સભ્યશ્રી શકિતસિંહભાઇએ સ્વાઇન ફ્લુની વાત કરી છે તેમાં મારે કહેવું છે કે સ્વાઇન ફ્લુ કુદરતી રોગ છે. આ વર્ષે ચોક્કસ આ રોગનું પ્રમાણ સમગ્ર દેશમાં હતું. રાજસ્થાન પછી બીજા નંબરે આપણે પણ હતા. તેના માટે સરકારે અથાગ પ્રયત્નો કર્યા છે. મારે સામે બેઠેલાં મિત્રોને યાદ કરાવવું છે કે આ સરકારે આરોગ્ય ક્ષેત્રમાં જે કામગીરી કરી છે ' ન ભૂતો ન ભવિષ્યતિ.' તમે કયારેય કલ્પના પણ ન કરી શકો. મારે એ કહેવું છે કે ૧૯૬૦માં ગુજરાત જયારે અગલ પડ્યું ત્યારે મેડિકલ ક્ષેત્રની જે ૨૬૦ બેઠકો હતી. ૨૦૦૧ સુધીમાં માત્ર ૮૬૫ બેઠકોના વધારા સાથે મેડિકલના

• આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યાં.

વિદ્યાર્થીઓ માટે ૧૧૨૫ બેઠકો થઇ. આ સરકારના ૧૧ વર્ષના ગાળામાં ૧૮૦૫ બેઠકોના વધારા સાથે ૨૯૩૦ બેઠકો આજે મેડિકલની છે અને આગામી દિવસોમાં વધારાની ત્રણ મેડિકલ કોલેજો ખોલી છે. મારે મિત્રોને કહેવું છે કે જયારે એક વર્ષમાં આ રાજયમાં ત્રણ મેડિકલ કોલેજોની શરૂઆત થઇ ત્યારે દિલ્હીમાં આપનું શાસન હતું. કોંગ્રેસનું શાસન હતું. આપને ત્યાંથી જે સરકારનું પ્રતિનિધિ મંડળ આવ્યું તેમણે એવી વાત કરી કે આ ગુજરાત કઇ રીતે કરે છે કે એક વર્ષમાં ત્રણ-ત્રણ મેડિકલ કોલેજો ચાલુ થાય? અને અમારા અધિકારીઓને દિલ્હીની કોંગ્રેસની સરકારે આવીને પણ ધન્યવાદ આપ્યા હતા. આ કામ ગુજરાતની સરકારે કર્યું છે. મારે એ પણ કહેવું છે. ઘણાં વર્ષો અહીં શાસન કર્યું, બીજે પણ કર્યું. દિલ્હીમાં પણ ખૂબ લાંબો સમય રહ્યા. કયારેક અકસ્માતના કેસમાં કે મારી બેન-દીકરીઓ માટે ગામડાંના અંતરિયાળ વિસ્તારમાં ૪૨ ટકા ડિલિવરી થતી હતી તેના માટે કયારેય કંઇ વિચાર્યું હતું ખરું? આ ૧૦૮ની સેવા કોણે શરૂ કરી? આ ૧૦૮ની સેવા થકી માત્ર ૩૩ ટકા એકલા ડિલિવરીના કેસો આવે છે અને અત્યારે લગભગ ૯૬થી ૯૮ ટકા ડિલિવરી હોસ્પિટલોમાં થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, શાળા આરોગ્ય કાર્યક્રમ, બાળસખા કાર્યક્રમ. રાજયના મુખ્યમંત્રીશ્રીની માં અમૃતમ્ યોજના, ગરીબ પરિવારોએ કયારેય વિચાર પણ ન કર્યો હોય કે અમે કોર્પોરેટ હાઉસમાં સેવા લેવા માટે જઇ શકીશું. એ આ તત્કાલિન મુખ્યમંત્રી અને અત્યારના દેશના વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇએ કર્યું અને અત્યારના ગતિશીલ ગુજરાતના પ્રણેતા, મહિલા સશક્તિકરણના હિમાયતી આદરણીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે ‘ માં અમૃતમ્ વાત્સલ્ય યોજના ’ કે જે મધ્યમ વર્ગ માટે કે જે બી.પી.એલ. પરિવારો નથી. જેની ૧,૨૦,૦૦૦ કરતા ઓછી આવક છે આવા પરિવારો માટે માં અમૃતમ્ વાત્સલ્ય યોજના જાહેર કરીને રાજયની જિલ્લાની ૧૯ હોસ્પિટલો અને ૪૧ પ્રાઇવેટ હોસ્પિટલોમાં પણ જુદા જુદા અનેક પ્રકારના રોગો જેમાં કેન્સર, કિડની, બર્ન્સ, ન્યુરોસર્જરી આવા બધા રોગો માટે વર્ષમાં પરિવારના પાંચ સભ્યો મહિલાઓ અને ૨૧ વર્ષ સુધીના સંતાનોને ૨ લાખ સુધીની સારવાર આપવાનું કામ કર્યું છે. આનાથી આગળ વધી શક્તિસિંહજી રોજગારીની વાત કરતા હતા. મારે કહેવું છે કે, રોજગારીમાં દેશમાં કોંગ્રેસની સરકાર વખતના શ્રમ મંત્રાલયના આંકડા કહે છે કે, ગુજરાતમાં ૨૦૧૩માં ૭૮ ટકા રોજગારી આપવામાં આવી, સમગ્ર ભારત દેશમાં થઇને ૨૨ ટકા રોજગારી આપવામાં આવી હતી. આ કેલેન્ડર વર્ષના આંકડા કહે છે.

કોંગ્રેસના મિત્રો ખેડૂતો માટેની વાત કરતા હતા, કચ્છની વાત કરતા હતા. આ રાજ્યમાં ગૌશાળાઓ, પાંજરાપોળો અને કેટલ કેમ્પ ચાલે છે. એમાં અર્ધ અછત જાહેર થઇ છે ત્યાં રૂ.૨૫/- સબસિડી આપવાની શરૂઆત કરી દેવામાં આવી છે. આનાવારી નક્કી કરીને બે રૂપિયે કિલો ઘાસ આપવાનું શરૂ કરી દીધું છે. આ રાજયના ગતિશીલ ગુજરાતના પ્રણેતા મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે સહકાર વિશે જે કામ કર્યું છે એ વખાણવા લાયક છે. મહિલાઓ માટે દરેક ક્ષેત્રમાં કામ કર્યું છે. ખાસકરીને ગુજરાતનું સહકારી માળખું- પ્રાથમિક સહકારી મંડળીઓ, તાલુકા સહકારી સંઘો, જિલ્લા સહકારી સંઘો, સહકારી ખરીદ-વેચાણ સંઘો, જિલ્લા સહકારી બેંકો, રાજ્ય સહકારી બેંક, અર્બન બેંકો આ બધા સહકારી માળખા ખૂબ સારી રીતે ગુજરાતમાં ચાલે છે અને રાજયના ૧૮ દૂધ સંઘો મારફત દૂધનું સંકલન થાય છે. આ ૧૮ દૂધ સંઘો મારફતે ૨૦૧૩માં સમગ્ર દેશમાં ૧,૨૫,૦૭૫ લિટર દૂધ એક જ દિવસમાં એકત્ર કરવાનું કામ આ ગુજરાતમાં થયું છે. દુનિયામાં દૂધ ઉત્પાદનનો વિકાસ દર ૧.૯૦ ટકા, ભારતમાં દૂધ ઉત્પાદનનો વિકાસ દર ૪.૨૨ ટકા અને ગુજરાતમાં દૂધ ઉત્પાદનનો વિકાસ દર ૪.૯૮ ટકા રહ્યો છે. હું જે જિલ્લામાંથી આવું છું એ બનાસકાંઠામાં દૂધ ઉત્પાદનનો વિકાસ દર ૬ ટકા છે.

શ્રી અશોકકુમાર ૨. પટેલ(ગાંધીનગર (ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, મારા વડિલશ્રી કેશાજી ચૌહાણ રાજયપાલશ્રીનો આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે અને બહેન શ્રીમતી ભાનુબેને એમને ટેકો આપ્યો છે એમાં મારું અનુમોદન આપી મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારે કાયદો અને વ્યવસ્થાની બાબતમાં જે ઇન્ટેલીજન્ટ માળખું છે એને સુદ્રઢ બનાવવા માટે નવા ૨૦ પોલીસ સ્ટેશનો ફાળવ્યા છે અને એના માટે લગભગ ૧૫૫૦ જેટલું નવું મહેકમ મંજૂર કર્યું છે. રાજ્યપાલશ્રીના ઉદ્‌બોધનમાં બતાવવામાં આવ્યું છે કે, ગુજરાતમાં નવા સાત જિલ્લા બનાવવામાં આવ્યા છે અને એની ચિંતા કરીને એના મહેકમમાં પોલીસનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. રાજ્યની

પોલીસને આધુનિક ટેકનોલોજીથી સુસજ્જ કરવા માટે નવા નવા સાધનો આપવામાં આવશે. તેઓ પ્રજાની સાથે તેઓની પણ સુરક્ષા સારી રીતે કરી શકે તે માટેના સાધનોની વાત રાજ્યપાલશ્રીએ એમના ઉદ્‌બોધનમાં કરી છે.

ભારતમાં આવેલા પશ્ચિમી દરિયાઇ કિનારે મરિન એકેડેમી કેન્દ્ર સરકાર દ્વારા સ્થાપવામાં આવી છે. એમાં પણ ગુજરાત સરકારે જામનગરની અંદર ૨૫૦ એકર જેટલી જમીન ફાળવી છે અને આ એકેડેમીનું કામ ચાલુ કર્યુ છે. ગુજરાત રાજયનો ૧૬૦૦ કિલોમિટરનો જે દરિયાકિનારો આવેલો છે એની અંદર ૧૨ નોટીકલ માઇલ સુધી ગુજરાતની પોલીસ એની સુરક્ષાની જવાબદારી સંભાળે છે ત્યારે એમાં પણ મરીન વેસલ જેવી બોટ દ્વારા પણ એની સુરક્ષાની ચિંતા કરવા માટે ગુજરાત સરકારે એમાં પોતાનું યોગદાન આપ્યું છે. અગત્યની વાત એ કરું તો ગુજરાત સરકારની મહત્વની કામગીરી ગૃહ વિભાગમાં ફોરેન્સીક લેબના વિષય ઉપર વાત કરું તો ગુજરાતમાં આવેલી ફોરેન્સીક લેબ ઉપર દેશ અને દુનિયાએ વિશ્વસનીયતા મૂકેલી છે ત્યારે દેશની તમામ કેન્દ્રની તપાસ એજન્સીઓ જેવી કે N.I.A., C.B.I., D.R.I. તથા અન્ય રાજયની પોલીસો જયારે જયારે એમને આવા કોઇ ટેસ્ટ અલગ અલગ પ્રકારના ગુનાહિત પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા લોકોની તપાસ કરવાની થાય ત્યારે ગુજરાતની ફોરેન્સીક લેબમાં મોકલતા હોય છે. એ આ ગુજરાતની વિશ્વસનીયતા માટે અને નંબર વન માટેનું આ એક બિરૂદ છે.

ગુજરાત સરકારની એફ.એસ.એલ.ની પ્રથમ લેબ ગાંધીનગરમાં હતી એનો વિસ્તાર વધારીને ગુજરાત સરકારે એક અનુભવના આધારે એવું કર્યુ કે એક જ જગ્યાએ હોવાને કારણે લોકોને અગવડતા ના પડે એના માટે ગુજરાત સરકારે હવે ગાંધીનગર, અમદાવાદ, રાજકોટ, જુનાગઢ આવી અલગ અલગ જગ્યાએ નાના પ્રમાણમાં પણ આવી લેબો ચાલુ કરી છે એના ટેસ્ટોની વાત કરું તો બ્રેઇન મેપીંગ, ડી.એન.એ. ફીંગર પ્રિન્ટ, લાઇવ ડીટેકટીવ, વોઇસ માટેની ગ્રાફી, કોઇ વીડીયો ઓડીયોની ટેપ હોય તો એની ખરાઇ આવા બધા જ ટેસ્ટો ગુજરાત સરકારની આ લેબોમાં થાય છે. કોમ્પ્યુટરની જે તપાસ કરવામાં આવે છે એના માટે પણ ઇઝરાઇલની એક સરસ મજાની આવી મશીનરી દ્વારા પણ આપણા ગુજરાતમાં આવી તપાસ કરવામાં આવે છે. વધારાની વાત કરું તો આપણા આ વિધાનસભા ગૃહની અંદર કાયદો અને વ્યવસ્થાની વાતો કરનારા મારા સાથી મિત્રો મેં બે દિવસ રાજયપાલશ્રીના પ્રવચન ઉપર પણ જોયું હતું, હું રાજયપાલશ્રીના પ્રવચન ઉપર જ બોલવા માગતો હતો અને બોલું જ છું પણ કોંગ્રેસના મિત્રોએ રાજયપાલશ્રીના પ્રવચન દરમિયાન જે કાગળના ટૂકડા નાખ્યા, કાયદો અને વ્યવસ્થા આપણે ગુજરાતને શીખવવી હોય તો આપણે પણ એમાં સહભાગ આપવો જોઇએ. મારે દુઃખ સાથે એ પણ વાત કરવી છે. કહેવાતા અભ્યાસુ લોકો આ સભાગૃહની અંદર રાજયપાલશ્રીના પ્રવચનમાં જે વાત છે એની વાત કરવાને બદલે જાણે કોઇ જાહેરસભામાં પ્રવચન કરતા હોય એવી રીતના આ ગૃહમાં વાત કરે એનાથી મને ખૂબ દુઃખ લાગ્યું છે. રાજયપાલશ્રીના પ્રવચન ઉપર જ વાત કરવી જોઇએ.

બીજી એક બે વાત કરીશ, મોડેલ સ્ટેટ ઓફ ઇન્ડિયા અને ગ્રોથ એન્જિન ઓફ ઇન્ડિયાની વાત એ ગુજરાત નહીં દેશ અને દુનિયાએ સ્વીકાર્યુ છે. સારા હિન્દુસ્તાન ઝુકેગા નમો તેરે સામને, નરેન્દ્રભાઇ આજે દેશના વડાપ્રધાન બન્યા છે ત્યારે ગૃહ વિભાગ માટે (અંતરાય) પ્રથમ વખત આવેલા આ ગૃહની અંદર જયારે મિત્રો બોલતા હોય ત્યારે આવા સાત સાત વખત અને પાંચ પાંચ વખત ચૂંટાયેલા મિત્રો ડીસ્ટર્બ કરે, સીનીયર નેતાઓ ડીસ્ટર્બ કરે, પ્રથમ વખત આવેલા લોકો ના બોલે એને ડીસ્ટર્બ કરવાના •(xxxxxx) કયારે દૂર થશે..

ઉપાધ્યક્ષશ્રી : (xxxxxx) શબ્દ હું રેકર્ડ ઉપરથી દૂર કરુ છું.

શ્રી અશોકકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહ વિભાગની જે કામગીરી છે એ ગાંધીનગરમાં મેં જોઇ છે. કોઇપણ વાઇબ્રંટનો પ્રોગ્રામ હોય એક પણ અનિચ્છનિય બનાવ ના બને, ગૌરવ લેવા જેવી વાત ગૃહ વિભાગની હોય તો મોટા મોટા મેળાવડાઓ, બીજા બધા લોકો વાતો કરે આતંકવાદીઓ આવશે, આમ થશે, તેમ થશે, બોમ્બ બ્લાસ્ટ થશે, કશું જ ના થાય. હું સમર્થન આપુ છું.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, મેં રાજયપાલશ્રીના પ્રવચનમાં મુરબ્બીશ્રી કેશાજીથી માંડીને અનેક માનનીય મંત્રીશ્રીઓથી માંડીને દરેક લોકોને સાંભળ્યાં છે. પ્રવચન ઉપરની વાતોનો હિસ્સો ઓછો હોય અને બાકીની બધી વાતો, કોંગ્રેસ મુક્ત કરવાથી માંડીને અનેક વાતો આ પ્રવચનોમાં

• આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યાં.

હું છેલ્લા બે–ત્રણ દિવસથી સાંભળી રહ્યો છે. મારે એ વાત કરવી છે કે જે લોકો એમ ધારતા હોય કે કોંગ્રેસ ક્યાં તો આ દેશને આઝાદી અપાવી એ આ કોંગ્રેસ છે. મારે એ વાત કરવી છે કે આ દેશમાં ટાંકણી પણ બનતી ન હતી અને આ દેશમાં ૨૦૦૦ કિલોમિટર સુધીની મિસાઇલ બનાવવાનું કામ કર્યું હોય તો આ કોંગ્રેસે કર્યું છે. પહેલું બજેટ ૧૯૭ કરોડ રૂપિયાનું હતું. આ દેશને વિકાસના પથે લઇ જવા માટે આ દેશમાં ૧૬ લાખ કરોડ સુધી બજેટને લઇ જવાનું કામ કોઇએ કર્યું હોય તો એ આ કોંગ્રેસે કર્યું છે. મારે એ વાત કરવી છે કે સમગ્ર દેશને સમાન ધોરણે રાખવા માટે માનનીય મંત્રીશ્રીઓ કહેતા હતા, પણ ૫૦ ટકા બક્ષીપંચનો હિસ્સો આપવાનું કોઇએ કામ કર્યું હોય તો આ કોંગ્રેસ પક્ષે કર્યું છે. કોંગ્રેસનો પાયો એટલો ઉંડો છે કે એને હલાવવાની વાત તો બાજુએ રહી પણ એને અડવાનું પણ મોંઘું છે. સમયનું ચક્કર ચાલે એ ચક્કરને વધારે સમય રોકી ન શકાય એવી તાકાત વાળી કોંગ્રેસ છે. સરદાર વલ્લભભાઇ પટેલ સાહેબની કોઇ વાત કરતા હોય તો આજે પણ મને ગૌરવ છે કે સરદાર સાહેબે ૫૬૩ રજવાડાઓને ભેગા કરીને અખંડ ભારત કર્યું છે અને એ પાર્ટીમાંથી હું આવું છું. ગુજરાત કોંગ્રેસના ૨૫ વર્ષ સુધી પ્રમુખ રહ્યા હોય તો સરદાર વલ્લભભાઇ પટેલ રહ્યા છે. કોઇ ગમે તે વાત કરતું હોય પણ બેન્કોનું રાષ્ટ્રીયકરણ કર્યું હોય, બંધો બાંધ્યા હોય, ખેડૂતોની સમસ્યાઓથી માંડીને આરોગ્યથી માંડીને અનેક વાતો જો કોઇએ કરી હોય તો કોંગ્રેસે કરી છે. આથી જે મિત્રો વાતો કરે છે એ વાતોને માત્ર હું અણસાર આપીને કહીશ કે કોંગ્રેસનો પાયો હલાવવાની વાત જવા દો, એના મૂળ એટલા ઉંડા છે કે એને હલાવવાની વાત તો દૂર રહી પણ એમાં કશું ન થઇ શકે.

મારે કહેવું છે કે ગતિશીલ ગુજરાતની વાતો થતી હોય ત્યારે મને એમ થાય કે છેલ્લા ૧૦–૧૫ વર્ષમાં માનનીય મંત્રીશ્રીઓને સાંભળતો હોઉં છું ત્યારે એ માત્ર છેલ્લા ૧૨ વર્ષમાં ભારતીય જનતા પક્ષની સરકારમાં જ બધું થયું છે, આગળ કશું હતું જ નહીં એવી વાતો કરતા હોય છે. મારે ૧૨ વર્ષના જ આંકડા કહેવા છે. વધારાના આંકડા કહેવા નથી. ૧૨ વર્ષથી ભારતીય જનતા પક્ષની સરકાર ચાલતી હોય તો કોંગ્રેસના રાજમાં ખેડૂતોને વીજળીનું જે પ્રમાણ મળતું હતું એ ૩૧ ટકા મળતું હતું. આજે ૨૦૧૩–૧૪માં એને ૧૦ વર્ષની સરેરાસ ગણીએ તો ૧૯ ટકા જ વીજળી મળે છે. આ બતાવે છે કે આ ગતિશીલ ગુજરાતે આજે ખેડૂતો માટેની કેવી પરિસ્થિતિનું નિર્માણ કર્યું છે એની વાસ્તવિકતા બતાવી રહી છે. ખેડૂતોને અમારા રાજમાં, કોંગ્રેસના રાજમાં ૧૪ કલાક અને ૧૫ કલાક વીજળી મળતી હતી, આજે ૮ કલાક પણ વીજળી મળતી નથી એવી સ્થિતિ આ ગતિશીલ ગુજરાતમાં થઇ છે. આજે ગુજરાતમાં સ્થિતિ એવી છે કે ગુજરાતના લોકો આત્મહત્યા કરે છે(અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : માનનીય ભૂષણભાઇ..

શ્રી ભુષણ અ. ભટ્ટ : સાહેબ, મારો પોઇન્ટ ઓફ ઇન્ફરમેશનનો મુદ્દો છે. આટલી મોટી સવાસો વર્ષ જૂની કોંગ્રેસની વાત કરે છે તો આજે રાહુલ ગાંધી ક્યાં છે? એ તો શોધી આપે. (અંતરાય) માતા એમના દીકરાને શોધે છે. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : આપ બેસી જાવ. આમાં કોઇ પોઇન્ટ ઓફ ઇન્ફરમેશન ઊભો થતો નથી. Carry On. બલવંતસિંહજી (અંતરાય) એની તમે શું કામ ચિંતા કરો છો? કરશે મિત્રો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મારે વાત એ કરવી છે કે, આજે ગુજરાતમાં ૭૦૦૦ લોકોએ ચાહે ખેડૂત હોય કે બીજા હોય એ લોકો આત્મહત્યા કરે છે એ આજે ગુજરાતની પરિસ્થિતિનું નિર્માણ થઇ રહ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે એ કરવી છે કે, ગુજરાતમાં જે વીજળીનું પ્રમાણ હતું, એની જે ખરીદી થતી હતી માત્ર ૪૦૦, ૫૦૦ મે.વો. આપણે બહારથી લાવતા હતા. આજે ગુજરાતની સ્થિતિ એ થઇ છે કે વીજળીની ખરીદી, ઉત્પાદન વધારવું તો ઘેર ગયું. ૭૬૦૦ મે.વો. આજે આપણે બહારથી ખરીદીએ છીએ એ ગતિશીલ ગુજરાતની પરિસ્થિતિનું નિર્માણ છે, એ વાસ્તવિકતા ગુજરાતની છે. મારે પૂછવું છે કે, આજે ૬–૬ રૂપિયે યુનિટે વીજળી ખરીદીએ છીએ એવી સ્થિતિનું નિર્માણ આજે ગુજરાતમાં થઇ રહ્યું છે. મારે એ કહેવું છે કે, ઉદ્યોગોની મોટી મોટી વાતો થાય. ઉદ્યોગો માટે લોકો એમ કહે કે, ગુજરાતમાં ૨૦૦૪–૦૫માં સેકટરનો વિકાસ દર હતો એ ૨૭.૩૦ હતો અને આજની પરિસ્થિતિએ ૭–૭ વાયબ્રન્ટો થયાં. કરોડો રૂપિયા ઉદ્યોગવાળાના નામે ખર્ચવામાં આવ્યાં અને છતાંય ૨૦૧૩–૧૪નો તમે સેકટરનો દર જૂઓ. ૨૩.૮૩ છે. વધારાની જગ્યાએ આજે ઘટી રહ્યો છે એ આજે ગુજરાતની પરિસ્થિતિનું નિર્માણ છે, વાસ્તવિકતા એ છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે એ કહેવું છે કે, મોટા મોટા ફંકશનો થાય, ૨૮–૨૮ કરોડ રૂપિયા વાયબ્રન્ટના નામે ખર્ચાતા હોય, લોકોને ફોરેનથી બોલાવવામાં

આવે કદાચ ફોરેનનો સ્વાઇન ફ્લૂ અહીંયા આગળ મૂકતા જાય અને તોય છેલ્લો એનો ઇતિહસ જૂઓ તો આજે ૪૦% M.O.U. ખોટા છે એવું સરકારના પેપર ઉપર સાબિત થયેલું છે એનાથી એમ કહી શકાય કે જે મૂડીરોકાણ આવવું જોઇએ એ મૂડીરોકાણ ના આવે અને માત્ર ૧૦% જ લોકો હોય કે જેણે જમીનની શરૂઆત કરી હોય એવી સ્થિતિ આજે ઉદ્યોગોની ગુજરાતની અંદર થઇ રહી છે માટે રોજગારી માટેની વાત થતી હોય કે વાયબ્રન્ટ આવે, નેનો આવે, મોટા મોટા કરોડો રૂપિયા આપવામાં આવે, માત્ર ૧૭૦૦ કરોડ રૂપિયાનો પ્રોજેક્ટ હોય અને ૧૦,૦૦૦ કરોડ રૂપિયાથી ય વધારે મોટી મોટી લ્હાણી થતી હોય ત્યારે મારે વાસ્તવિક પોઝિશન લોકોને કહેવી છે કે દર વર્ષે અમે ૧ લાખ લોકોને રોજગારી આપવાના હતા એ વાત કરતા હતા. આજે મારે પૂછવું છે કે, ૧ લાખ લોકોને રોજગારી શું આપણે આપી શકાય છે? આજે દિનપ્રતિદિન જોતા જોતા ૩૧ લાખ લોકો આજે જુદા જુદા સેકટરોમાં બેકાર થઇ ગયા છે એવી ગુજરાતની પરિસ્થિતિનું નિર્માણ છે. દર વર્ષે ગુજરાતની અંદર બે લાખ બેકારો દિનપ્રતિદિન વધે છે એવી સ્થિતિ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગમાં નિષ્ફળ હોઇએ, ખેતીમાં નિષ્ફળ હોઇએ, રોજગારીમાં નિષ્ફળ હોઇએ અને નર્મદાની વાત થતી હોય. નર્મદાનો પાયો કોઇએ નાંખ્યો હોય તો એ કોંગ્રેસે દીર્ઘ દૃષ્ટિ રાખીને પાયો નાંખ્યો હતો અને ભારતીય જનતા પાર્ટીએ વચન આપ્યું હતું કે અમે ૨૦૦૮માં નર્મદા યોજના પૂરી કરી દઇશું. મારે પૂછવું છે કે, આજે ૨૦૧૪-૧૫ થઇ જે નર્મદા યોજનામાં ૪૭૦૦૦ કરોડ રૂપિયા આપણે ખર્ચી ચૂક્યાં હોઇએ તોય આજે નર્મદાની પરિસ્થિતિનું નિર્માણ શું છે? આજે નર્મદાનું નિર્માણ એ છે કે સરકાર ૯૦૦૦ કરોડ રૂપિયા ફાળવે એમાંથી ૫૦% જ રકમ વપરાય છે અને ૫૦% રકમની અંદરથી ૩૦૦૦ કરોડ રૂપિયા વ્યાજના જાય એટલે માત્ર ૧૫૦૦ થી ૧૮૦૦ કરોડ રૂપિયા જ વપરાય. આ નર્મદાની ગતિશીલ સરકારની વાસ્તવિકતા છે. આ મંદ ગતિએ જો આ રીતે નર્મદા ચાલી તો આવતા દસ વર્ષમાં પણ નર્મદા યોજના પૂરી નહીં થાય. આજે ૧૮ લાખ હેકટર જમીનને પાણી આપવાની વાત કરતા હતા, આજે આપણે કેટલા લાખ હેકટર જમીનને પાણી આપીએ છીએ ? આજે સૌથી મોટો જો ગુજરાતને કોઇએ અન્યાય કર્યો હોય તો આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યો છે. જો ૨૦૦૮માં નર્મદા યોજના પૂર્ણ થઇ ગઇ હોત તો કદાચ નર્મદા યોજનાનું પાણી અઢાર લાખ હેકટર જમીનના લોકોને મળતું હોત અને અઢાર લાખ હેકટર જમીનના લોકોને જો પાણી મળતું હોત તો લોકો આજે સુખી હોત, સંપન્ન હોત અને કદાચ ગુજરાત નંબર વન હોત. અમે તો અમારા રાજ્યની અંદર જ્યારે જ્યારે નર્મદાના પ્રશ્નો આવ્યા ત્યારે એકમેક થઇને એમને ટેકો આપ્યો છે. અમે કહીએ છીએ કે, ચિંતા કરો. આજે સડસઠ ટકા નહેરોના કામો બાકી છે. સડસઠ ટકા નહેરોના કામો ક્યારે પૂર્ણ થશે ? એ વાત જો તમે કરો તો અમને આનંદ થાય કે ચોક્કસપણે તમે એના કામ પૂર્ણ કરવાના છો. માનનીય અધ્યક્ષશ્રી, જે રાજ્યની અંદર એવી સ્થિતિ હોય, જે રાજ્યની અંદર કાયદો અને વ્યવસ્થાની (સમય સૂચક ઘંટડી ) જે પરિસ્થિતિમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ગુજરાતમાં ના હોય, ત્યાં આગળ ગુજરાતના લોકો રોજગારી માટે અને બીજા માટે કેવી રીતે આવી શકે ? આજે ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ છીનવાઇ ગઇ છે એના આંકડા એટલા માટે આપું છું કે, આ બૂકના આંકડા છે, બળાત્કારમાં ગુજરાતનો નંબર-સત્તરમો છે. આપણે નંબરની વાત કરતા હોઇએ, નંબર-વન તમે આમાં લાવો, અમે તમને બિરદાવીશું. આપણે ગુન્હાઓનું આ કર્યું છે.

ઉપાધ્યક્ષશ્રી : બળાત્કારના ગુન્હા રોકવામાં, બલવંતસિંહજી. બળાત્કારના ગુન્હા રોકવામાં. ખોટી વસ્તુ રેકર્ડ ઉપર જશે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, ના, ના. જે ગુન્હાઓ આપણે ત્યાં થાય છે, એનો ફિગર કહું છું. ( આ તકે કાયદા મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા તેમના સ્થાનેથી ઉભા થઇને કાંઇક બોલતાં)

ઉપાધ્યક્ષશ્રી : મેં ધ્યાન દોરી દીધું છે ભાઇ. મેં ધ્યાન દોર્યું છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : સ્પષ્ટ કરું બાપું.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : પ્રવચનમાં સ્પષ્ટ નથી લખ્યું. બળાત્કારમાં નંબર-વન નથી.

ઉપાધ્યક્ષશ્રી : મેં ધ્યાન દોરી દીધું છે સભ્યનું. ગુન્હા રોકવામાં.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : ગુન્હા રોકવામાં નહીં માનનીય અધ્યક્ષશ્રી, ભારતમાં જે નંબરો આવે છે એની અંદરના જે નંબરો છે એ હું માનનીય અધ્યક્ષશ્રી કે કયા રાજ્યની અંદર, કઇ કેટેગરીમાં આપણું ગુજરાત છે એની વાત કરું છું. ધાડપાડું અને લૂંટના બનાવોમાં આપણો આઠમો નંબર છે, તોફાનોમાં આપણો તેરમો નંબર

છે અને આજે ગુજરાતની અંદર કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ઉત્તર પ્રદેશ અને બિહાર કરતાં ખરાબ છે. માનનીય અધ્યક્ષશ્રી, ખુલ્લેઆમ, હમણાં જ એક દલિત સમાજની બહેન, પોતાના ભાઇનું ખૂન થયું અને એ બહેન એના ભાઇ માટે કોર્ટમાં ન્યાય લેવા જતી હોય અને એનું મર્ડર થઇ જાય, આ ગુજરાત કઇ સ્થિતિમાં જઇ રહેવાનું છે ? એની સ્થિતિ આજે પણ આપણને ખબર પડતી નથી.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે, માનનીય શ્રી નરોત્તમભાઇ પટેલ.

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ(ઉધના) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજ્યપાલશ્રીના પ્રવચન ઉપર ગૃહના સભ્યશ્રી કેશાજી એ જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે અને સભ્ય બહેન શ્રીમતી ભાનુબેન બાબરિયા સમર્થન કરે છે એને હું સમર્થન આપવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા ગુજરાતનું રાજ્ય એટલે કોંગ્રેસ શાસનમાં આવી એ દિવસથી એમ કહીએ કે દુષ્કાળનું રાજ્ય. ગુજરાતમાં એમના શાસન દરમિયાન દુષ્કાળ વારંવાર પડતો હતો. દુષ્કાળને નાથવા માટે એ •(xxxxxx) હતા, એન્જીનિયરો એમને મદદ કરતા હતા.

ઉપાધ્યક્ષશ્રી : (xxxxxx) શબ્દો હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું નરોત્તમભાઇ.

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમારે આજે વાત કરવી છે એ બલવંતસિંહ જે કહેતા હતા કે, નર્મદા યોજનાનો પાયો એમણે નાખ્યો છે. કોઇ પણ કામ આપણે શુકને કરીએ તો એ કામ બહુ સારી રીતે પૂરું થતું હોય છે પણ એ એમનું ‘મન વગર માળવે ગયા’ હોય અને ‘અવળા સામે ગોળા નાખ્યા’ હોય તો આપણને એ કામમાં ખૂબ વિલંબ થાય છે. મારે એ બતાવવું છે કે, આ નર્મદા યોજનાનું સ્વપ્ન હતું, એ સરદાર વલ્લભભાઇ પટેલ અને મોરારજી દેસાઇ અને અન્ય નેતાઓનું હતું પરંતુ આ ગુજરાતને નર્મદા આપવાનું કામ જે કેન્દ્રના નેતાઓ કરતા હતા, એ ‘અવળા પગે ચાલતા’ હતા. મારે આપના દ્વારા જણાવવું છે અને મારા કોંગ્રેસના મિત્રોને અને ખાસ કરીને જે બીજા નવા ધારાસભ્યો આવ્યા છે એમને મારે તારીખો આપવી છે કે, આ મુહૂર્ત ૧૯૬૧ની સાલમાં થયું.૧૯૬૧ની સાલ એટલે આજે ૫૪ વર્ષ થયા. એ મુહૂર્ત કર્યું હતું તત્કાલીન વડાપ્રધાન જવાહરલાલા નહેરૂએ. કોઇપણ ખાતમૂહૂર્ત થાય એટલે આપણે એમ સમજી લઇએ કે કામ શરૂ થાય છે પણ કામ શરૂ એમણે કયારે કર્યું? એમણે ખોસલા સમિતિની નિમણૂક કરી હતી અને ખોસલા સમિતિએ આપણને આપ્યું હતું ૧૯૬૪માં ડિઝાઇન આપી એને એ સમિતિએ મંજૂરી આપી. ખોસલા સમિતિએ મંજૂરી કેટલીઆપી? ૫૦૦ ફુટ ઉંચાઇનો ડેમ અને ૧૭ મિલિયન એકર ફીટ પાણી ગુજરાતને આપવું અને ૫૦૦ ફુટની ઉંચાઇનો એ વિવાદ શરૂ કર્યો કોંગ્રેસે. એ વખતે અમારી ભારતીય જનતા પાર્ટીનો અવાજ તમે સાંભળતા નહોતા. ૫૦૦ ફુટની ઉંચાઇનો નિર્ણય થયો અને વિવાદ શરૂ થયો. ૧૯૬૪માં વિવાદ શરૂ થયો અને લગભગ ૧૯૭૯માં એક નર્મદા વિવાદ પંચની નિમણૂક કરી. નર્મદા વિવાદ પંચે શું કર્યું? ૪૫૫ ફુટની હાઇટ એટલે ૧૩૮.૬૮ મીટરની ઉંચાઇનો ડેમ કર્યો. ૧૭ મિલિયન એકર ફુટ ઉપર અધિકાર હતો ગુજરાતની પ્રજાનો અને આપ્યું ફકત ૯ મિલિયન એકર પાણી. ૧૯૭૯માં આમાં જે મિત્રોને ટેકનીકલ થોડો ખ્યાલ આવતો હશે એ કહેશે કે ૧૯૭૯માં ઉંચાઇ ૪૫૫ ફુટ કરે અથવા તો ૧૩૮ મીટરની ઉંચાઇ કરે, ૧૯૬૪માં ૧૫૨.૪૩ મીટરની ઉંચાઇ કરે તો ડિઝાઇન કોની કરી તમે? તમે કઇ ઉંચાઇની ડિઝાઇન કરી? તમે ૫૦૦ ફુટ ઉંચાઇની ડેમની ડિઝાઇન કરી? ના, અગર જો કરી હોય અને ૧૯૭૯માં ૪૫૫ હાઇટની ડિઝાઇન જો તમે ફાઇનલ કરી હોય તો એ બંનેમાંથી ફાઉન્ડેશનની ડિઝાઇન કઇ? તમે ઘણી વખત એમ કહેતા હો છો કે તમારે કેગનું ઓડિટ આવ્યું છે, આનું આવ્યું છે. તમે પૈસા બગાડયા. હું તમને પૂછવા માગું છું કોંગ્રેસના મિત્રો, કે તમારા જે વડિલો હતા એમણે જે ડિઝાઇન કરી એ ૫૦૦ ફુટ ઉંચાઇના ડેમની ડિઝાઇન કરી ૧૯૬૪માં કે પછી ૧૯૭૯માં વિવાદ થયા પછી ૪૫૫ ફુટની ડિઝાઇન કરી બેમાંથી સાચું કયું? અગર જો ૧૯૬૧માં તમે ખાતમૂહૂર્ત કર્યું હોય તો ૧૫ વર્ષનો અમને હિસાબ આપો કે ૧૫ વર્ષમાં તમે શું કર્યું? તમે ડીલે કર્યો ડેમ. ૧૫ વર્ષ સુધી તમે ડેમને બાંધ્યો નથી. યા તો તમે ફાઉન્ડેશન કરવા પ્રયત્ન કર્યો હોત તો તમે ફાઉન્ડેશન ૫૦૦ ફુટની ઉંચાઇનું કર્યું છે તો ખોટું કર્યું છે.

મારે એમનું એ ધ્યાન દોરવું છે કે શંકરસિંહજી કહેતા હતા, પક્ષના નેતા એમ કહેતા હતા કે ડેમના ઉપર ગેટ ચડાવવાની શું જરૂર છે? ઉતાવળ શું છે? બોલ્યા હતા હું સાંભળતો હતો. એમણે કહ્યું ડેમ ઉતાવળે ન કરવો

• આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યાં.

એના કરતા પાણી આપો. ૧૭ મિલિયન એકર ફીટ પાણીમાંથી ૯ મિલિયન એકર ફીટ ડિઝાઇનમાં પાણી નાખ્યું. અત્યારે પાણી કેટલું ભરાય છે ખબર છે? તમે જે ઉંચાઇ માંડમાંડ મંજૂરી આપી છે એમાં ૧.૨૭ મિલિયન એકર ફીટ ફકત ૧૪ ટકા પાણી ભરાય છે. તમે હાઇટ આપવા માગતા નથી, તમને ડેમના ગેટ મુકવાની પડી નથી, તમે લઇ આવી શકતા નથી જયારે અમે તો અમારા માનનીય મુખ્યમંત્રીશ્રી જયારે વડાપ્રધાન થઇને ગયા ૧૭ દિવસની અંદર એમણે જઇને ગેટ મૂકવાની મંજૂરી આપી. એક જ દિવસમાં અમારા મુખ્યમંત્રી આનંદીબહેને મૂહૂર્ત કરાવી અને ગેટ ઉભો કરવાનું કર્યું. તમે વિચાર કરો ૧૪ ટકા પાણી જીવંત હોય અને તમે એમ કહો કે ગુજરાતને પાણી આપો. કેવી રીતે ગુજરાતને પાણી આપે? છતાં પણ ધન્યવાદ આપવા જોઇએ અમારા એ વિભાગને કે એણે ૧૪ ટકા પાણીમાંથી ૬લાખ હેકટર ઉપર આજે સિંચાઇ કરી છે. ગુજરાતના ત્રણકરોડ કરતા વધારે લોકોને પીવાનું પાણી પહોંચાડયું છે. મિત્રો, તમે શું કર્યું એ તમને કહું? તમે ઉકાઇ ડેમ બાંધ્યો હતો દક્ષિણ ગુજરાતને પાણી મળ્યું. તમે કડાણાનો મહીસાગર ડેમ બાંધ્યો હતો.મધ્ય ગુજરાતને પાણી મળ્યું. એનો અર્થ એવો નથી કે સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર ગુજરાતને પાણી મળ્યું છે.

ઉપાધ્યક્ષશ્રી : આપની બે મિનિટ છે.

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ : એટલે આ મિત્રો એવું સમજતા હોય કે અમે પાણી નથી આપતા. તમે પાણીનો જથ્થો અમને ભેગો કરવા દેતા નથી. એકબાજુ પગ બાંધો છો અને બીજી બાજું દોડવાનું કહો છો. કેવી રીતે અમને સલાહ આપી શકો? તમારે નર્મદાની વાત કરવાનો અધિકાર નથી, કારણ કે ૭–૭ વર્ષ સુધી તમે ડેમ ઉપર ગેટ મૂકવા દીધા નથી અને પછી એમ કહો છો કે પાણી આપો? તમારે નર્મદાના વિષય ઉપર બહુ બોલવું ન જોઇએ. બલવંતસિંહજી. તમારે ગૌરવ લેવા જેવું કઇ છે જ નહીં. તમારે નીચું જોઇને બેસવું જોઇએ, કારણ કે નર્મદા યોજના અમે પાણી આપીશું. આ નર્મદાનું પાણી છે એ પાણી જ્યારે ગુજરાતની પ્રજા તરસી મરતી હતી ત્યારે નર્મદાના ડેમ ઉપરનું બોગદુ તોડીને અમે કનેવાલ સુધી પાણી લઇ જઇ નર્મદામાંથી મહી કેનાલમાં અને મહી કેનાલથી કનેવાલ જઇ આખા સૌરાષ્ટ્રને પાણી આપ્યું હોય તો આ ભારતીય જનતા પાર્ટીની સરકારે આપ્યું છે. નર્મદા વિષે ન બોલો ત્યાં સુધી સારું. બાકી તમારી જે તવારીખો પડી છે, તમારી જે જન્મોત્રી પડી છે તે તમે જયાં સુધી અમારો સામનો કરશો ત્યાં સુધી અમે વિશેષ સંભળાવ્યા કરીશું. ધન્યવાદ.

શ્રી રાકેશ જ. શાહ(એલિસબ્રિજ) : માનનીય અધ્યક્ષશ્રી, આ વિધાનસભામાં માનનીય રાજ્યપાલશ્રીના પ્રવચન ઉપર જે આભાર પ્રસ્તાવ લઇને માનનીય સભ્યશ્રી કેશાજી ચૌહાણ આવ્યા છે તેમના સમર્થનમાં મારો સૂર પૂરાવું છું.

આપણે સૌ જાણીએ છીએ કે તેરમી વિધાનસભાના છઠ્ઠા સત્રનું ૨૦૧૪–૧૫ નું વર્ષ પૂરું થવાની તૈયારીમાં છે. રાજયપાલશ્રીનું પ્રવચન આગામી વર્ષમાં સત્તાધારી પક્ષની કામગીરીનો એક અરીસો હોય છે. એમાં કઇ દ્રષ્ટિથી જુઓ છો, તેના પર ખ્યાલ આવે છે કે આવનારું વર્ષ કેવું જવાનું છે. ૨૦૧૪–૧૫ નું વર્ષ સમગ્ર ગુજરાત માટે નહિ, પણ દેશ માટે ઐતિહાસિક વર્ષ હતું. ૨૦૧૪–૧૫ ના વર્ષમાં આઝાદી પછી પહેલીવાર આ દેશમાં ભારતીય જનતા પાર્ટી સંપૂર્ણ બહુમત સાથે નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વમાં વડાપ્રધાન બની અને સત્તાના સૂત્રો સંભાળ્યા છે. હું એટલા માટે નરેન્દ્રભાઇના નેતૃત્વને યાદ કરું છું કે એ જ નરેન્દ્રભાઇ મોદી છે જે ગઇકાલ સુધીના બજેટ સત્રમાં છેલ્લા ૧૫ વર્ષ સુધી આપણી સાથે રહીને સારું બજેટ આપીને ગુજરાતને વિકાસ સુધી લઇ ગયા. ઘણી વખત સાંભળ્યું છે કે છેલ્લે બલવંતસિંહજી બોલ્યા, શક્તિસિંહજી બોલ્યા બધાની લાગણી હતી કે રાજયપાલશ્રીના આભાર પ્રસ્તાવ ઉપર ચર્ચા કરવી જોઇએ. એમનું પણ સૂચન હતું, પણ જ્યારે સૂચનની વાત કર્યા પછી મુદ્દા લઇને આવે છે, ત્યારે કોંગ્રેસ આટલાં વર્ષો જૂની કોંગ્રેસ એનો પાયો મજબૂત આજે પાયો મજબૂત હતો તો શાહજાદાએ જોવા નીકળવું પડ્યું છે કે પાયો ગયો છે ક્યા? ઇમારત ચારેબાજુથી ખંડેર થઇ ગઇ છે.(અંતરાય) કોઇને ખબર નથી. ખબર હોય તો બોલવાની હિંમત નથી હોતી. ગમે ત્યાં હોય અમારે તેનાથી મતલબ નથી. જેટલા દૂર રહેશે તે ભારત માટે સારું રહેશે. મારી વાત નરોત્તમ કાકાએ કરી.

બલવંતસિંહ કહેતા હતા કે નર્મદા અમે કરી. અમારા શાસનમાં થઇ. ખૂબ છણાવટથી અભ્યાસ પૂર્વક અને અમારા જેવા સાથી મિત્રો માટે નરોત્તમ કાકાએ માહિતી આપી છે. અમને પણ આનંદ થયો, ત્યારે જ્યારે પાયો નાખ્યો છે, ત્યારે તમને યાદ આવે છે. અને દરવાજા આવે છે ત્યારે ભૂલી જાવ છો કે આ નર્મદા અમારી નથી. જો દરવાજાની અંદર ૨૦–૨૦ વર્ષથી બનેલા દરવાજામાં તમે સાથ સહકાર આપ્યો હોત, તમે મહેનત કરી

હોત તો નરોત્તમ કાકા જે ચિંતા કરતા હતા તે આપણે સૌએ આ સભાગૃહમાં ન કરી હોત. મારી પણ લાગણી હતી કે હું રાજયપાલના આભાર પ્રસ્તાવના પ્રવચનમાં જે વિગતો લઇને આવ્યા હોય એ વિષે વાતચીત કરત, પણ જે રીતે સન્માનનીય સભાગૃહમાં આપ સૌના માધ્યમ દ્વારા જે રીતે વાતો થઇ રહી છે. સિનિયર સભ્યો શક્તિસંહજી પણ બોલ્યા હતા કે દિલ્હીમાં અમને અને તમને જાકારો મળ્યો છે.દિલ્હીમાં તમારું શું થયું અને અમારું શું થયું. અમને અમારું પૃથ્થકરણ ખબર છે કે અમે કયાં હતા અને કયાં છીએ. તમે તો નામશેષ થઇ ગયા છે. ૨૦૧૪-૧૫નું વર્ષ હું કહું છું કે ઐતિહાસિક વર્ષ છે તેમાં એક મુદ્દો એ પણ છે કે કોંગ્રેસના એક અસ્તિત્વનો સવાલ છે. મિત્રો આનાથી અમે ખુશ નથી. આવનારા દિવસોમાં સબળ વિરોધપક્ષ નહીં હોય તો ભારતીય જનતા પાર્ટી જે રીતે દેશમાં જઇ રહી છે અને આગામી દિવસોમાં જમ્મુ કાશ્મીરમાં એક ભગવો લહેરાયો છે. તે ટોચનું શિખર હોય કે તામિલનાડુથી કેરળ હોય તે ભગવો લહેરાવવાનો છે તે નિશ્ચિત છે. એક સબળ રાજકીય વિરોધપક્ષ પણ અમારે જોઇતો હોય છે. એમને શબ્દોની સજાવટની વાત કરી. રાજયપાલના પ્રવચનમાં શબ્દોની સજાવટ હતી. શબ્દોની સજાવટ હોય છે પણ તે શબ્દોને સમજની પણ જરૂર હોય છે. તમારામાં જો સમજ હોત તો તેનો અર્થ તમે સાચો કાઢી શક્યા હોત.

તેમણે એક વાત એવી કરી કે કાળા નાણાંના દસ લાખ રૂપીયા, પંદર લાખ રૂપીયા દરેકના ખિસ્સામાં આવશે. ભારતીય જનતા પાર્ટીના આદરણીય નરેન્દ્રભાઇના વડાપ્રધાનના નેતૃત્વની સરકારે જે બજેટ મૂક્યું છે તે બજેટને શાંતિથી સાંભળ્યું હશે અને સમજયા હશો તો તેમાં કાળા નાણાંની ગેરશિસ્ત આચરનારા પર જે સજા થાય અને દંડની કાર્યવાહી છે તેમાંથી જે પૈસા આવશે તે લોકોને મળશે તે વાત હતી. કોઇપણ વાતને સમજયા વગર એક મુદ્દો બનાવવો, હવે એ કક્ષાએ આપ રહ્યા નથી કે તમારી તે વાત કોઇ દેશ અને કોઇ પ્રજા સાંભળે. જે પરિસ્થિતિ તમારી થઇ છે તેનાથી અમને પણ દુઃખ છે. તેમણે સ્વાઇન ફ્લુનો ગભરાટ ફેલાવ્યો. સ્વાઇન ફ્લુ, સ્વાઇન ફ્લુ કર્યું. અધ્યક્ષને થયો, અમને થયો, તેમને થયો પણ તેની સામે સરકારે જે કામગીરી કરી છે, શરૂઆતમાં તેમણે એમ કહ્યું કે સ્વાઇન ફ્લુ ભાજપ લઇ આવ્યું. અરે, આપ આટલા વિદ્વાન છો. આ સભાગૃહમાં આના પહેલાં સ્વાઇન ફ્લુ માટે ખૂબ ચર્ચા થઇ ગઇ છે કે સ્વાઇન ફ્લુ તે હવાથી ફેલાતો રોગ છે. તેને પણ ભારતીય જનતા પાર્ટીમાં નાંખી દો છો. આજે કંઇક ખરાબ થાય તે બધુ જ ભારતીય જનતા પાર્ટીમાં નાંખવાની ટેવ પડી ગઇ છે. તેનો અર્થ એવો થયો છે કે તમને ભાજપની બીક પેસી ગઇ છે. મને ખબર છે.

ઉપાધ્યક્ષશ્રી : રાકેશભાઇ આપની બે મિનિટ બાકી છે.

શ્રી રાકેશ જ. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, હજુ તો શરૂઆત છે. ઉર્જા માટેની વાત કરવી છે પણ મારા મિત્રોએ ખૂબ ટાઇમ લઇ લીધો છે. વિપક્ષના નેતાએ જે રીતે વાત કરી હતી કે ગ્રોથ એન્જિન અને બારમો ડબ્બો. આજે માનનીય દુષ્યંતભાઇએ જે રીતે ઉદ્યોગ જગતની વાત કરી. ઉર્જાની વાત કરી. ઘણાબધા મિત્રોએ વાત કરી. જે રીતે ગુજરાત વિકાસની ગતિએ જઇ રહ્યું છે. એક રોલ મોડલ તરીકે આપણે સ્વીકારવું પડશે. આપણે આંકડાકીય માહિતીના આધારે સ્વીકારવું પડશે. અમે એમ નથી કહેતા કે આ કર્યુ છે, આ કર્યુ છે, પણ આ દેશની પ્રજા અને ગુજરાતની પ્રજાએ સાથ અને સહકાર આપ્યો છે. નરેન્દ્રભાઇના નેતૃત્વમાં જે રીતે છેલ્લા બાર વર્ષમાં ગુજરાતે વિકાસ કર્યો છે અને આપે એક-બે મિનિટ કહી છે એટલે સન્માનનીય સભાગૃહના બધા જ સભ્યોને એક વિનંતી કરવા માગું છું કે આગામી દિવસોમાં ભારત અને ગુજરાતનું જે ચિત્ર હશે તે કોઇએ સમજવું હશે અને સાંભળવું હશે તો સન્માનનીય વડાપ્રધાને સંસદમાં બે દિવસ પહેલાં એક સ્પીચ આપી હતી. મારે સભાગૃહના બધા જ સભ્યશ્રીઓને વિનંતી છે કે તે સ્પીચને શાંતિથી સાંભળજો. તેમણે કોઇનો વાંક ગુનો ન્હોતો કાઢ્યો પણ આગામી દિવસોમાં આ દેશને કયાં લઇ જવો છે તેની રાહ ચિંધી હતી. તેમાં હું અને તમે જો સહભાગી થઇશું તો આપણે સૌ આગળ જઇશું. ત્યારે માનનીય સભ્યશ્રી જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે તેના સમર્થનમાં મારો સૂર પુરાવી મારી વાણીને વિરામ આપું છું. વંદે માતરમ્.

શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના માનનીય સભ્યશ્રી કેશાજી ચૌહાણ રાજયપાલના પ્રવચન ઉપર આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડો.સર્વપલ્લી રાધાક્રિષ્ણને લોકશાહી અને સી.એ.જી.ની ભૂમિકા માટે એ વખતે અવલોકન કરેલું તે અંગે આ સન્માનનીય ગૃહના સભ્યોનું ધ્યાન દોરવા માગું છું. આજના દિવસ

માટે તે વખતનું અવલોકન આજે વાસ્તવિક રીતે લાગે તેવુ ભૂતપૂર્વ રાષ્ટ્રપતિએ કરેલું. શાસક પક્ષે એ યાદ રાખવું જોઇએ કે વિરોધપક્ષ સંખ્યાબળ કે આંકડાની દષ્ટિએ કમજોર હોઇ શકે છે પરંતુ તેનો મતલબ એ નથી થતો કે વિપક્ષમાં શાણપણનો અભાવ છે. જે શાસકપક્ષ વિપક્ષ પર દમન કરે છે અથવા ખુદ પોતાના સદસ્યોના અસંમતિના અવાજને રુંધે છે તો ભલે તેણે ચૂંટણીમાં બહુમતીથી વિજય મેળવ્યો હોય પરંતુ તે બિનતાંત્રિક પર્યાયરૂપ વ્યવસ્થા ગણી શકાય. માનનીય અધ્યક્ષશ્રી, મારે એ વાતનું ધ્યાન દોરવું છે કે, (અંતરાય) નીતિનભાઇ, આપ તો સિનિયર છો, ઘણાં હોંશિયાર છો, સરકારનો એક સારો અંગ છો, નજીકના ભવિષ્યમાં તમે પહેલી ખુરશીએ આવો એવી સ્થિતિ આવી રહી છે. માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યપાલના પ્રવચનમાં શરૂઆતના તબક્કાની અંદર પહેલા જ ફકરાની અંદર કહેવામાં આવ્યું છે કે, તારીખ ૯મી જાન્યુઆરી ૨૦૧૫ના રોજ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી દક્ષિણ આફ્રીકાથી સ્વદેશ પરત ફર્યા તે ઘટનાને ૧૦૦ વર્ષ પૂર્ણ થયા. આ ગૃહની અંદર અને દિલ્હીમાં અને જેમના માટે અહીંયા વારંવાર ચર્ચાઓ થાય છે અને જેમના નામનો ઉલ્લેખ કરવામાં આવે છે ત્યારે મારે આ ગૃહને કહેવું જોઇએ કે, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી દક્ષિણ આફ્રીકાથી ભારત પરત ફર્યા ત્યારે બૂટ, કોટ, ટાઇ અને સૂટમાં આવેલા અને મહાત્મા ગાંધીજીને ગોપાલ કૃષ્ણ ગોખલેએ સલાહ આપી કે ભારત દર્શન કરો ત્યારે તેઓ ભારતનું ભ્રમણ કરવા નીકળ્યા ત્યારે બિહારમાં ગયા ત્યાં એક બહેને ઝાડની ઝાડીની પાછળ રહીને મહાત્મા ગાંધીજીને પોતાની સાડીની ભેટ આપી અને ત્યારે મહાત્મા ગાંધીજીએ એમ કહ્યું હતું કે બહેન તું મને ઝાડની પાછળ ઉભી રહીને સાડી શા માટે આપે છે? ત્યારે એ બહેને એમ કહ્યું કે બાપુ મારી પાસે એક જ સાડી છે હું બહાર કઇ રીતે આવી શકું? હું નિર્વસ્ત્ર છું. આ પ્રસંગ બિહારના ચંપારણ જિલ્લાનો છે. ત્યારે આ સન્માનીય ગૃહને મારે કહેવું જોઇએ કે, જે મહાત્મા ગાંધીજીના નામે આજે વાત થાય છે, જે મહાત્મા ગાંધીજીના નામે આજે સ્વચ્છતા અભિયાનની આપણે વાત કરીએ છીએ ત્યારે એ મહાત્મા ગાંધીએ આ પ્રસંગ પછી જેણે બૂટ, કોટ, ટાઇ અને સૂટ છોડી અને પોતડી પહેરી લીધી અને જિંદગીભર છેલ્લા શ્વાસ સુધી લોકોની સેવા કરતા રહ્યાં. આજે જે સ્વચ્છતા અભિયાનની વાત કરે છે એમણે શું કર્યું છે? •(xxxxxx) (અંતરાય)

પોઇન્ટ ઓફ ઓર્ડર

વડાપ્રધાનશ્રી અંગે ટીકાટીપ્પણ કરવા અંગે

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય સભ્યશ્રી જ્યારે બોલી રહ્યા છે ત્યારે મારે કહેવું છે કે, વિધાનસભાના નિયમોના નિયમમાં અને અગાઉના અધ્યક્ષશ્રીના આપેલા અનેક રૂલિંગમાં બહુ સ્પષ્ટ છે કે આ દેશના વડાપ્રધાન, આ દેશના રાષ્ટ્રપતિ, આ રાજ્યના રાજ્યપાલ એના સંદર્ભમાં કોઇ પણ પ્રકારની ટીકાટીપ્પણીનો ઉપયોગ કરીને પોતાના પ્રવચન સાથે ન સાંકળી શકાય. માનનીય અધ્યક્ષશ્રી, આ સ્વચ્છતા મીશનની વાત લઇને વડાપ્રધાનશ્રી નીકળ્યા છે, હકારાત્મક અભિગમ સાથે નીકળ્યા છે એમનો આ રીતે ઉલ્લેખ કરવો એ યોગ્ય નથી માટે રેકર્ડ ઉપરથી આ શબ્દો રદ કરવામાં આવે અને આ સન્માનીય સભાગૃહને કહેવામાં આવે કે છાશવારે માનનીય વડાપ્રધાનશ્રીના ઉલ્લેખો કરીને આ પ્રમાણે વાત કરવામાં આવશે તો એ યોગ્ય ગણાશે નહીં અને આ શબ્દો કાર્યવાહીમાંથી રદ કરવામાં આવે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય વડાપ્રધાનશ્રીનો ઉલ્લેખ કરીને જે ટીકાટીપ્પણી કરતા શબ્દો બોલવામાં આવ્યા છે એ શબ્દો રોકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, મેં જે વાત કરી છે એ હકીકત અને રેકર્ડ આધારિત વાત કરી છે. મહાત્મા ગાંધીજીના નામે વાત કરીએ છીએ, ભારતના વડાપ્રધાનની વેબસાઇટ ઉપર એક એમણે નિવેદન આપ્યું સ્વચ્છતા ગાંધીજીને બહુ વહાલી હતી, ૨૦૧૯માં આપણે મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિ ઉજવવા જઇ રહ્યા છીએ ત્યારે સ્વચ્છ ભારત એ ગાંધીજીને શ્રેષ્ઠ અંજલિ હોઇ શકે એમ ભારતાના વડાપ્રધાને કહ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, તમે ખરેખર જો ગાંધીજીને યાદ કરવા માગતા હોય, તમે ખરેખર ગાંધીજીને અંજલિ આપવા માગતા હોય તો *(xxxxxx) હૃદયપુર્વક (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : *(xxxxxx) શબ્દ હું રેકર્ડ ઉપરથી દૂર કરુ છું.

---

• આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યાં.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હૃદયપૂર્વક સ્વચ્છતા અભિયાન ખાલી •(xxxxxx) અને એના માટે (અંતરાય)

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મારું સ્પષ્ટ કહેવું છે કે, (xxxxxx) સાથે સાંકળીને એમનો કહેવાનો પ્રયાસ છે. માનનીય અધ્યક્ષશ્રી, છાશવારે આ પ્રમાણેના શબ્દોનો ઉલ્લેખ કરે છે એ યોગ્ય નથી માટે એમનું પ્રવચન ટૂંકાવી દેવું જોઇએ.

ઉપાધ્યક્ષશ્રી : આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે. હું સૂચના આપું છું એમને, માનનીય પુંજાભાઇ, આપ માનનીય રાજયપાલશ્રીના પ્રવચનના આભાર પ્રસ્તાવ પર આવો.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, આમાં જે સ્વચ્છતા અભિયાનનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે એને ધ્યાનમાં રાખીને જ હું મારું પ્રવચન કરું છું. મને પ્રવચન કરતા અટકાવે છે એ વાજબી નથી.

ઉપાધ્યક્ષશ્રી : આપ ચાલુ રાખો.

શ્રી પુંજાભાઇ ભી. વંશઃ માનનીય અધ્યક્ષશ્રી, સ્વચ્છતા ઝુંબેશ ઉપાડવા ઇચ્છતા હો તો, સ્વચ્છતા અભિયાન ઉપાડવા ઇચ્છતા હોય તો ઝાડુ લઇને સડક ઉપર કે ઓફિસના કમ્પાઉન્ડમાં કચરો વાળીને બેસી ના જતા તમે કરેલી સફાઇ પણ તમારા અને તમે ઉકેલેલા કામના મોભાને અનુરૂપ હોવી જોઇએ. આજે એ સ્થિતિ નથી. ખાલી વાતો કરવાથી, ખાલી જાહેરાતો કરવાથી સ્વચ્છતા અભિયાન થઇ જવાનું નથી.

ગુજરાતની અંદર આ રાજ્યપાલના પ્રવચનની અંદર શૌચાલયોની વાત કરવામાં આવી છે, શૌચાલયની હકીકત રેકર્ડ પર જોવા જઇએ તો આજે સરકારી આંકડા મુજબ રાજ્યમાં ૩૧ લાખ ૧૯ હજાર શૌચાલયો બનાવવાના બાકી છે એનાથી આગળ વધીને હું એમ કહેવા માગું છું કે જે શૌચાલય આપણે બનાવીએ છીએ એ શૌચાલયને બનાવવાને બદલે જે શૌચાલયો આપણે બનાવ્યા છે એની ખરેખર વાસ્તવિક સ્થિતિ શું છે, જે શૌચાલય પાછળ આપણે ખર્ચ કર્યો છે એ શૌચાલયનો આજે ઉપયોગ થાય છે ખરો? હકીકતમાં ગુજરાત સરકારની વાણી અને એની કામગીરીની અંદર વિરોધાભાસ જોવા મળે છે, રાજ્યપાલશ્રીના પ્રવચનની અંદર ઘણી બધી જાહેરાતો, ઘણા બધા આંકડા, કરોડો રૂપિયાની વાતો કરવામાં આવી છે, આ યોજનાઓ, એના અમલીકરણ કરવાની જ્યારે વાત આવે ત્યારે રાજ્ય સરકારના તમામ વિભાગોની અંદર જગ્યાઓ ખાલી છે, જે જગ્યાઓ ખાલી છે, જે અધિકારી કર્મચારી નિવૃત્ત થાય એ નિવૃત્ત થયા પછી એમને પાછા કરાર આધારિત મૂકવામાં આવે, નિવૃત્ત થયા પછી એને ગ્રેજ્યુઇટી, પેન્શનનો પણ લાભ આપવામાં આવે અને પાછો એને પગાર પણ આપવામાં આવે આ બન્ને લાભો એને આપવાના બદલે જે આવી રીતે જગ્યા ભરવામાં આવે છે તે બંધ કરો અને નવી ભરતીઓ કરો, નવા લોકોને ચાન્સ મળે અને નવા લોકોને અનુભવ થાય એ પ્રકારની સ્થિતિ જો નિર્માણ કરવામાં આવે તો મને લાગે છે કે, રાજ્યપાલશ્રીના પ્રવચનમાં જે એમણે વાત કરી છે એનું ખરેખર અમલીકરણ થઇ શકે. પારદર્શક સરકાર, પારદર્શક વહીવટની વાતો સરકાર કરે છે એકજ દાખલો આપીશ માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારને લાગેવળગે છે ત્યાંસુધી.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે પુંજાભાઇ, માનનીય ડો. માણીયા, મેં આપને બે મિનિટ પહેલાં ચેતવ્યા હતા પણ આપ ન ચેતો એમાં મારો વાંક નથી.

ડો. ઠાકરશીભાઇ દે. માણીયા(બોટાદ) : માનનીય અધ્યક્ષશ્રી, તેરમી વિધાનસભાના છઠ્ઠા સત્રમાં મહામહિમ્ રાજ્યપાલશ્રીના પ્રવચનનો આભાર પ્રસ્તાવ લઇને મારા સાથી સભ્યશ્રી કેશાજી ચૌહાણ આવ્યા છે અને તેને ભાનુબહેને અનુમોદન આપ્યું છે તેને સમર્થન આપવા માટે હું મારા વિચારો વ્યક્ત કરું છું. રાજ્યપાલશ્રીના પ્રવચન ઉપર જ વાત કરીશ કારણકે આપણે છેલ્લાં સત્તર વરસથી જોઇ રહ્યા છીએ કે આક્ષેપો, પ્રતિઆક્ષેપો, નકારાત્મક અભિગમ, (xxxxxx) જેવી જે નીતિ છે એના સત્તર વરસથી આપણે આપણી નજર સામે પરિણામ જોયા છે (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : હા હા નવા સભ્યો છે એવું હશે તો એ શબ્દો હું રેકર્ડ ઉપરથી દૂર કરીશ.

---

• આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યાં.

ડો.ઠાકરશીભાઇ દે. માણીયા : માનનીય અધ્યક્ષશ્રી, એટલે એની સામે હું એક ડોકટર તરીકે મારે આરોગ્ય વિશે જ વાત કરવી છે કે ગુજરાતમાં હંમેશા ગુજરાત સરકારે આરોગ્ય માટે પ્રાધાન્ય આપ્યું છે અને પૂરેપૂરું બધી રીતે આપ્યું છે અને આરોગ્યનું મહત્વ આપણે પરાપૂર્વથી જાણતા આવ્યા છીએ કે જાહેર જીવન હોય, સામાજિક જીવન હોય, વ્યકિતગત જીવન હોય, પારિવારીક જીવન હોય એ દરેકમાં આરોગ્યને પૂરેપૂરું મહત્વ હોય છે અને આરોગ્ય એક પાયારૂપ, ચાવીરૂપ જે પરિબળ કહેવાય તે આરોગ્ય વિશે હું થોડીક વાત કરવા માગું છું. શારીરિક અને માનસિક તંદુરસ્તી ખૂબજ જરૂરી છે, આપણે વરસોથી કહેવત સાંભળીએ છીએ કે "પહેલું સુખ તે જાતે નર્યા" "હેલ્થ ઇઝ વેલ્થ" પણ આપણે કહેતા હોઇએ છીએ, સાથે સાથે વેદોમાં પણ કહેવામાં આવ્યું છે કે, "સર્વે સુખીનો ભવંતુ, સર્વે સંતુ નિરામયા", એટલે આરોગ્ય માટે કોઇને પણ કોઇપણ પ્રકારે બેમત ના હોઇ શકે.કે દુનિયામાં સૌથી લાચાર અને મજબૂર માણસ હોય તો એ દર્દી છે એટલે તેની સેવા માટે ગુજરાત સરકાર જે આયોજન લઇને આવ્યા છે તેના માટેની થોડી વાત કરું તો ગુજરાત સરકારનું આરોગ્ય વિભાગ પ્રથમ અને સક્ષમ મહિલા મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વ નીચે મંત્રીશ્રી નીતિનભાઇ અને મંત્રીશ્રી શંકરભાઇ જે આરોગ્ય વિભાગની જુદી જુદી યોજનાઓ લાવ્યા છે અને ૬ કરોડની જનતા માટે ચિંતા અને ચિંતન કરી રહ્યાં છે ત્યારે માનવ વિકાસ સૂચિત આંક જે એફડીઆઇ તરીકે ઓળખાય તેનો એક મહત્વનો માપદંડ એ આરોગ્ય છે અને એ આરોગ્ય માટે પૂરેપૂરું બજેટ પણ આપણા નાણામંત્રીશ્રી સૌરભભાઇ પટેલ જે લાવ્યા છે તેમને પણ હું ખાસ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૭૮૨૧ એટલા નોન પ્લાન અને પ્લાન બન્ને થઇને એટલા નાણાંની જોગવાઇ જે કરી છે. ગયા વર્ષે ૭૨૦૦ કરોડ હતા આ વખતે ૬૦૦ કરોડના વધારા સાથે આરોગ્યનું બજેટ લઇને આવ્યા છે તે જ બતાવે છે કે ગુજરાતના આરોગ્યની કેટલી ચિંતા અને ચિંતન સરકાર કરી રહી છે. આરોગ્ય માટેની યોજનાઓ તો એટલી છે કે કઇ વાત કરવી ઘણી બધી યોજનાઓ છે. મુખ્ય મુખ્ય વાત કરીએ તો આપણે હેલ્થ કવરેજની વાત કરીએ તો ત્રણ પ્રકારે હેલ્થ કવરેજ ગણી શકાય. એક તો જુદા જુદા રોગનું હેલ્થ કવરેજ જુદા જુદા પ્રકારના રોગો એટલે આપણે ગુજરાતમાં લગભગ દરેક પ્રકારના રોગ માટે સરકાર દ્વારા સારવાર આપવમાં આવે છે. એટલે રોગોની દ્રષ્ટિએ કે પ્રકારની દ્રષ્ટિએ સો ટકા કવરેજ આપવામાં આવે છે. બીજી વાત રહી ભૌગોલિક વિસ્તાર તો શહેરી વિસ્તાર હોય, ગ્રામ્ય વિસ્તાર હોય, આંતરિયાળ વિસ્તાર હોય, જંગલનો વિસ્તાર હોય, સાગરકાંઠાના વિસ્તાર હોય કે આદિવાસી વિસ્તાર હોય દરેક વિસ્તારમાં હેલ્થની સેવા પૂરી પાડવા માટે સરકાર કટિબદ્ધ છે અને તેના માટે પૂરેપૂરું આયોજન કરી રહ્યાં છે એટલે ભૌગોલિક વિસ્તારમાં સો ટકા કવરેજ. હવે વાત રહી વસતિની દ્રષ્ટિએ ત્રીજુ કવરેજ ગણી શકાય. વસતિમાં પણ જુદી જુદી યોજનાઓમાં જુદુ જુદુ કવરેજ આપણે ગણીએ તો આંગણવાડી, શાળા આરોગ્ય તપાસણી જે કાર્યક્રમ છે તેમાં આપણે દર વર્ષે દોઢ કરોડ બાળકોના આરોગ્યની તપાસ કરીએ છીએ અને તેને એ ટુ ઝેડ પૂરેપૂરી ટ્રીટમેન્ટ ગુજરાત સરકારના ખર્ચે પ્રાથમિક સારવારથી માંડી અને સુપર સ્પેશ્યાલીટી સુધીની સારવાર ફ્રીમાં જે આપી રહ્યાં છીએ તેમાં હું માનું છું કે ૨૫ ટકા જેટલી ગુજરાતની વસતિનો ભાગ આવે. બીજુ આ રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના હોય તેમાં પણ બાકીનું કવરેજ આવી શકે. ઇએસઆઇશ્રી યોજનામાં પણ આવી શકે. નવી યોજના શ્રમિક બાંધકામ અસંગઠિત કામદારો શ્રમ યોગી કલ્યાણ બોર્ડ નીચે જેની નોંધણી થઇ તેનું પણ આ વખતે કવરેજ ઉમેરવામાં આવ્યું. અને મા વાત્સલ્ય યોજના બન્નેમાં એટલે આ બધી યોજનાઓ ચિરંજીવી યોજના, બાલસખા યોજના આ બધી યોજના નીચે વસતિના ધોરણે ગણીએ તો પણ હું તેમાં માનુ છું કે, લગભગ સો ટકા કવરેજ એટલે ત્રણે ત્રણ પરિબળને ધ્યાનમાં રાખીએ તો આ ગુજરાત સરકાર પૂરેપૂરી આરોગ્ય માટે કામ કરી રહી છે.

મુખ્યમંત્રી અમૃતમ્ યોજનાની વાત કરીએ તો પહેલાં બીપીએલ પરિવારના પાંચ સભ્યો સુધી અને ૨ લાખની કેશલેસ સારવાર માટે ૧૯ સરકારી હોસ્પિટલ અને ૪૪ જેટલી પ્રાઇવેટ કોર્પોરેટ હોસ્પિટલો સહિત એવી માટે આ માન્ય રાખવામાં આવેલી છે. અને તેમાં ગંભીર બિમારીઓ જેમ કે મગજની બિમારીઓ, હૃદયની બીમારી હોય, કેન્સર હોય, બર્ન્સ હોય, ટ્રોમા હોય, નાના બાળકોની ગંભીર બિમારી હોય આવા ગંભીર પ્રકારના રોગો માટે લગભગ ૫૫૦ જેટલી પ્રોસીઝર માટે આ યોજનાનું કેશલેસ સારવાર આપવામાં આવે છે. અને એના બહુ સારા પરિણામ આવતા અને તેનો લોકોએ પૂરેપૂરો લાભ લેતાં આ વખતે એક જે સ્ત્રી હૃદય જ માનવતાવાળુ હૃદય હોય, જે લાગણીવાળુ હૃદય હોય, જે સંવેદનશીલ હૃદય હોય.

ઉપાધ્યક્ષશ્રી : ડોકટર સાહેબ, આપની પાસે બે મિનિટ છે.

ડો. ઠાકરશીભાઇ દે. માણીયા : એમના દ્વારા જ એક આવી યોજના મૂકી શકાય એવી મા વાત્સલ્ય યોજના જે મૂકવામાં આવી તેના માટે પણ આપણા મુખ્યમંત્રીશ્રી અને આરોગ્ય મંત્રીશ્રી એક ધન્યવાદને પાત્ર છે. ૧ લાખ ૨૦ હજારની આવક મર્યાદામાં જે નવુ કવરેજ પણ આપવામાં આવ્યું. બીજી વાત રહી ૧૦૮ તો યમરાજાએ યમદૂતને બોલાવ્યા કે તમે ગુજરાતમાંથી કેમ ટાર્ગેટ પૂરો કરીને મૃત્યુ પામેલા માણસોનો આત્મા લાવતા નથી ? તો તેણે જવાબ આપ્યો કે ગુજરાતમાં ૧૦૮ની સેવા એટલી બધી સરસ રીતે ચાલી રહી છે કે અમે પહોંચીએ તે પહેલાં દેવદૂત સમી ૧૦૮ પહોંચી જાય છે એટલે અમે આ ટાર્ગેટ પૂરો કરી શકતાં નથી. એટલે ૧૦૮ના જો મુખ્ય આંકડા આપીએ તો આજની તારીખ સુધીમાં ૫૦ લાખ કોલ એટેન્ડ કરવામાં આવ્યા છે. ગ્રામ્ય વિસ્તારમાં લગભગ ૨૬ મિનિટમાં કોલ કર્યા પછી ૧૦૮ પહોંચે છે જયારે શહેરી વિસ્તારમાં ૧૪ મિનિટમાં પહોંચે છે. ૧૭ લાખથી વધુ પ્રસુતિ માટેના કોલ એટેન્ડ કર્યા છે. પોણા ચાર લાખથી પણ વધુ મહામૂલી જીંદગી પણ બચાવવામાં આવી છે.

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી જે પ્રસ્તાવ માનનીય રાજયપાલશ્રીના પ્રવચન ઉપરનો લાવ્યા છે તેના ઉપર મારા વિચારો રજૂ કરું છું. આ સભાગૃહમાં માનનીય રાજપાલશ્રીના પ્રવચનમાં ગતિશીલ ગુજરાત, મહિલા સશકિતકરણ, કુપોષણ મુકત ગુજરાત, રોજગારીની નવી તકોનું સર્જન, આવા અનેક મુદ્દાઓ લઇને મહામહિમ રાજયપાલશ્રીનું પ્રવચન આવ્યું છે. ત્યારે મહાત્મા ગાંધીના સ્વચ્છતા અભિયાનની વાત થાય છે. ત્યારે સો રૂપિયાનો સુટ પહેરેલા એ મહાત્મા ગાંધીજીને, ગોરા અંગ્રેજોએ કાળા હિન્દુસ્તાની તરીકે સો રૂપિયાનો સુટ પહેરેલા સુટેડ બુટેડ મહાત્મા ગાંધીજીને ટ્રેઇનમાંથી ઉતારી દીધા હતા, આજે પરિવર્તનનો જમાનો છે કે આજે •(xxxxxx) આ પરિવર્તનની નિયતી છે.

શ્રી નીતિનભાઇ પટેલ : *(xxxxxx) એમ કહીને દરેક ભારતીયનું અપમાન કર્યું છે. આ સમગ્ર ભારતનું અપમાન છે. એમને આવું કહેવાનો કોઇ અધિકાર નથી.

ઉપાધ્યક્ષશ્રી : એ શબ્દો હું રેકર્ડમાંથી દૂર કરીશ.

શ્રી નીતિનભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમણે આમ કહીને સમગ્ર ભારતીયોનું અપમાન કરવાનો કોઇ અધિકાર નથી. શબ્દો કાઢી નાખવા કરતા એમણે માફી માગવી જોઇએ, એમણે એ શબ્દો પાછા ખેંચવા જોઇએ. એમને ફીલ થવું જોઇએ કે આ ખોટું બોલી રહ્યા છે. એમણે ભારતની પ્રજાનું અપમાન કર્યું છે.

શ્રી શૈલેષભાઇ પરમાર : હિન્દુસ્તાનની એટલી ચિંતા કરતા આ લોકોને મારે કહેવું છે કે મહાત્મા ગાંધીજીના બ્રીટનમાં પડેલા ચશ્મા, પગરખા કે એમની ચીઠ્ઠીઓ કોઇ હિન્દુસ્તાની ખરીદવા માટે તૈયાર થતો નથી અને આ દેશના પી.એમ. એ પહેરેલો સુટ પહેરવા માટે લોકો પડા પડી કરે છે અને લીલામી થાય છે આ પરિવર્તનની હું વાત કરું છું. ભાષણમાં કહે છે કે જમ્મુ કાશ્મીરને બાપ બેટાની સરકારમાંથી મુકત કરવું છે. જમ્મુ કાશ્મીરને બાપ બેટીની સરકારમાંથી મુકત કરવું છે, આજે એ જ *(xxxxxx) તૈયાર થઇ જાય છે.

ઉપાધ્યક્ષશ્રી : *(xxxxxx) શબ્દો હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી શૈલેષભાઇ પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, પરિસ્થિતિ જુઓ, સત્તામાં આવ્યા પછી જમ્મુ કાશ્મીરમાં એમ કહેવામાં આવે છે કે આ ચૂંટણી હિન્દુસ્તાનની પોલીસને લીધે નહીં પણ આતંકવાદીઓ, પાકિસ્તાનીઓ અને હુરીયતના લીધે આ જમ્મુ કાશ્મીરની ચૂંટણીઓ શાંતિથી થઇ છે. વાહ રે વાહ તારી સત્તા, અને આ સત્તાને સલામ, અફઝલની વાત માટે આ સભાગૃહમાં ચર્ચા થઇ હતી. કોંગ્રેસ પાર્ટી અફઝલને બીરીયાની ખવડાવે છે એમ કહેવામાં આવ્યું હતું. કોંગ્રેસ પાર્ટીએ અફઝલને બીરીયાની ખવડાવી હતી એ જ કોંગ્રેસ પાર્ટીએ અફઝલને ફાંસી પણ આપી હતી. આ હિન્દુસ્તાનનો ઇતિહાસ છે. આજે એ જ સરકાર જે ભારતીય જનતા પાર્ટીની સરકાર જમ્મુમાં જોડાઇ છે એ જ સરકારે અફઝલના અસ્થિ માગવા માટેની માગણી કરી છે. અને કોઇ માયનો લાલ તેનો વિરોધ કરી શકે તેવું નથી. આ સત્તાનો માહોલ છે એ પ્રજવલ્લીત થાય છે. મારે આપના માધ્યમથી કહેવું છે કે છેલ્લા ૧૪ વર્ષની અંદર સન ૨૦૧૧ થી ૨૦૧૪-૧૫ના વર્ષનું માનનીય રાજયપાલશ્રીનું પ્રવચન મેં વાચ્યું છે એના મુદ્દા સભાગૃહ સમક્ષ રજૂ કરવા માગું છું.

---

• આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યાં.

મુદ્દાના ભાગરૂપે મહિલા સશકિતકરણની વાત થઇ. છેલ્લા ૧૪ વર્ષમાં જે બજેટના માધ્યમથી માનનીય રાજયપાલશ્રીના આભાર પ્રવચનમાં મુદ્દા રજૂ થયા એમાં પડેલા થોડા ખાડા, થોડા ટેકરા અને થોડા બમ્પો સભાગૃહ સમક્ષ મૂકવા માગું છું.

અહીંયા મહિલા સશકિતકરણની વાત થઇ. ૩૩ ટકા નોકરીઓમાં તથા ૫૦ ટકા સ્થાનિક ચૂંટણીઓમાં અનામત મહિલાઓને આપવાની વાત થઇ પરંતુ કેબીનેટમાં ૫૦ ટકા કે ૩૩ ટકા મહિલાઓને સ્થાન આપવામાં આવ્યું નથી એ આનું ઉદાહરણ આ સભાગૃહમાં મૌજુદ છે.

પ્રો વસુબેન ન. ત્રિવેદી : મહિલા સશકિતકરણની વાત ન કરો, આ ગૃહમાં ભારતીય જનતા પાર્ટીની ૧૩ બહેનો છે જયારે એમની ફકત બે જ બહેનો છે.

શ્રી શૈલેષ મ. પરમાર : એમની સારી વાત કરું છું. મહિલા સશકિતકરણને કારણે આજે પણ આ ગુજરાતની અંદર દલિત મહિલાની હત્યા થતી હોય અને આ હત્યા પછી પણ આ સભાગૃહમાં બોલનાર કોઇ નથી એ દુઃખ સાથે મારે કહેવું પડે છે.

જાતિના પ્રમાણની વાત થાય છે. ભારતમાં ૯૪૩ મહિલાઓની સામે ગુજરાતમાં આજે ૯૧૯ છે. છત્તીસગઢમાં ૯૯૧ અને ઝારખંડમાં ૯૪૧ છે આ મહિલા સશકિતકરણની વાત કયાં થઇ? સન ૨૦૦૧ થી ૨૦૧૩ સુધીમાં આ રાજયની અંદર પાંચ હજાર કરતાં વધારે મહિલાઓ ઉપર બળાત્કાર થયા છે. અપહરણો ૧૫ હજાર કરતા વધારે થયા છે. બિહાર અને ઉત્તર પ્રદેશ કરતા વધારે થયા છે. ઉત્તર પ્રદેશમાં ૯૩ ટકા, બિહારમાં ૭૯ ટકા જયારે ગુજરાતમાં ૯૬ ટકા રેશિયો રહ્યો છે ત્યારે મહિલા સશકિતકરણની વાત કઇ રીતે લોકો આ સભાગૃહમાં કરી શકે છે?

ખાસ કરીને કૂપોષણ મુકત ગુજરાતની વાત રાજયપાલશ્રીના પ્રવચનમાં થઇ છે. માનનીય મુખ્યમંત્રીશ્રી મા અમૃતમ યોજના છે હું વિરોધપક્ષમાં હોવા છતાં અભિનંદન આપું છું. મા વાત્સલય યોજના લઇને આવ્યા છે એને અભિનંદન આપું છું. મા વાત્સલય, મા આમૃતમ માના કૂખમાં બાળક છે જે પીડિત છે, જેનું બાળક પીડિત છે જેને કૂપોષણ કહેવામાં આવે છે આજે રાજયમાં મિશન મંગલમ સુખમની વર્ષોથી વાતો ચાલે છે. સન ૨૦૦૨ થી આ યોજના કદાચ ચાલુ થઇ છે આજે પરિસ્થિતિ શું છે કે આ રાજયની અંદર આજે ૮ લાખ ૪૪ હજાર કરતા વધારે બાળકો કૂપોષણથી પીડાય છે. ૪૫ ટકા કરતાં પણ વધારે બાળકો ઓછું વજન ધરાવતા હોય એ આ ગુજરાત રાજયની અંદર થઇ રહ્યું છે. ખાલી કૂપોષણનો સરવેનો લગભગ દોઢ કરોડ કરતાં વધારે ખર્ચો આ સરકાર દ્વારા કરવામાં આવે છે ત્યારે કરુણતાં એ છે કે ભારતમાં ૦ થી ૬ વર્ષની મર્યાદા એમાં ભારતમાં ૯૧૯ છે જયારે ગુજરાતમાં ૮૯૦ છે. બિહારમાં ૯૩૫ છે, ઓરિસ્સામાં ૯૪૧ છે અને ઝારખંડમાં ૯૪૮ છે અને ગુજરાતની વાત કરું પાટણમાં ૮૪૨ અને ગાંધીનગરમાં ૮૪૭ છે.

ભરતીની વાત કરું તો રાજયમાં નવી તકોનું સર્જન કરીને ભરતીની વાત કરી છે. આજે રાજય સરકારના વિધાનસભામાં બૂકલેટોમાં રજૂ થયેલા આંકડા મુજબ ૧ લાખ કરતાં વધારે જગ્યાઓ આ રાજયની તમામ સરકારી કચેરીઓ કે અર્ધ સરકારી કચેરીઓમાં નોકરીઓની ખાલી છે ત્યારે આ રાજયમાં આજની તારીખમાં ૮ લાખ અને ૭૮ હજાર લોકો બેકાર છે ત્યારે ૬ લાખ ૯૫ હજાર શિક્ષિત યુવાનો ગુજરાતમાં રોજી માટે પીડાય છે.

વાયબ્રન્ટ ગુજરાતની વાત થઇ એના ભાગરૂપે કહેવામાં આવ્યું છે કે ૪૮ હજાર કરોડના મૂડી રોકાણ સામે ૧ લાખ એકમોની સામે ૧૧ લાખ લોકોને રોજગારી પૂરી પાડવામાં આવશે. આ રોજગારીનો ખાડો છેલ્લા ૧૪ વર્ષમાં ભારતીય જનતા પાર્ટીની સરકારે પાડયો છે એ ખાડો રાજય સરકારે પૂરવો જોઇએ.

ઉપાધ્યક્ષશ્રી : અત્યારે વિરામનો સમય થાય છે. માનનીય શૈલેષભાઇ, આપનું પ્રવચન પૂરું થાય છે. વિરામ બાદ માનનીય રાજેન્દ્રભાઇ ત્રિવેદીનું પ્રવચન શરૂ થશે.

**(વિરામ સવારના ૧૦-૩૦ થી ૧૧-૦૦)**

**ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી(રાવપુરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી કેશાજી ચૌહાણ જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે અને મારી બહેન ભાનુબહેન બાબરીયાએ જેને ટેકો કર્યો છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું.

આપણી સંસ્કૃતિ છે એ એક સંસ્કારવાળી સંસ્કૃતિ છે. ' હર બાલા દેવીકી પ્રતિમા ઔર બચ્ચા બચ્ચા રામ હૈ 'એવું કહેનારી આ સંસ્કૃતિ છે. એવા વખતે સ્વાઇન ફ્લુની વાતમાં કોઇએ એમ કહ્યું કે કોઇ હિરોઇનને સ્વાઇન ફ્લુ થઇ ગયો. મને આશ્ચર્ય થાય છે કે તેમને હિરોઇન દેખાઇ, તેમને માતા-બહેન ન દેખાઇ. હિરો બનવા નીકળેલા વિલન બની શક્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારે જે આખા હિંદુસ્તાનમાં આઇ.સી.ડી.એસ.નો વિભાગ છે તેને કોઇ જાણતું સુદ્ધાં નહોતું. તેમાં આ સરકારે આંગણવાડીની બહેનોને પ્રોત્સાહિત કરી. આ વિભાગને પ્રોત્સાહિત કર્યો. ત્યાં સુધી કે સમગ્ર દેશ ગુજરાત તરફ જોઇ રહ્યો છે કે આંગણવાડીની બહેનો સમાજ માટે, બાળકો માટે કેટલું સુંદર કાર્ય કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે રમત-ગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક વિભાગ માટે બોલવાનું છે ત્યારે મહામહિમ્ ગવર્નરશ્રીના પ્રવચનના પાના-૨૩ ઉપર મારું ધ્યાન ગયું અને તેમાં સ્પષ્ટ રીતે ખેલાડીઓને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રોત્સાહિત કરવા માટે ૨૫ હજારથી માંડીને ૫ કરોડ સુધીના ઇનામો સરકારે જાહેર કર્યા છે. હું સરકારને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું રમતમાં રાજકારણ અને રાજકારણમાં રમત એ વિષય પર આજે નહીં બોલું. આજે હું ઓલમ્પિકની વાત નહીં કરું. આજે હું વડોદરાના પૂર્વ રાજવી ખંડેરાવ કે સર સયાજીરાવની વાત નહીં કરું. વડોદરાના સત્તર અખાડાની ગયા વખતે વાત કરી હતી એ હું નહીં કરું. ઇન્ડોર સ્ટેડિયમ અને આઉટડોર સ્ટેડિયમ, માનનીય મોદીજી અને માનનીય આનંદીબહેને જે વડોદરામાં વસાવ્યા તેની વાત હું આજે નહીં કરું. હું છત્રપતિ શિવાજી મહારાજ કે રામદાસ સ્વામીની વાત આજે નહીં કરું, જેમણે ૧૨૦૦ અખાડા બનાવ્યા, ૧૨૦૦ હનુમાન મંદિર બનાવ્યા. હું આજે વાત કરીશ મારા વડોદરાની અને આપણાં ગુજરાતની.

માનનીય અધ્યક્ષશ્રી, તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને માનનીય વડાપ્રધાનશ્રીએ એક પ્રધાન શોધી નાખ્યા. હું આ સભાગૃહનું ધ્યાન આકાર્ષિત કરવા માગું છું. આપણાં તત્કાલિન મુખ્યપ્રધાનશ્રી મોદીજીએ એક પ્રધાન શોધી નાખ્યા અને ખેલને ખેલ મહાકુંભ જેવું નામ આપ્યું. રમતવીરોને પ્રોત્સાહિત કરવા માટે આપણી પાસે કોઇ એવું વ્યક્તિત્વ હોવું જોઇએ, કારણ કે ગુજરાત સ્પોર્ટસ્ ઓથોરિટીમાં આજદિન સુધી ક્યારેય રેગ્યુલર નિમણૂંક થઇ નથી. હંમેશા ચાર્જમાં આ વિભાગ રહેલો હતો. હું આપના માધ્યમથી સભાગૃહનું ધ્યાન દોરવા માગીશ કે એક એન.જી.ઓ. જેનું નામ લક્ષ્ય. એક એન.જી.ઓ., સરકાર નહીં, તેણે રમતવીરોને તૈયાર કર્યા અને તેમાંથી પાંચ રમતવીરો ઓલમ્પિકમાં રમવા માટે પસંદ થયા અને રમ્યા. આપણાં મોદીજીનું તેમના પર ધ્યાન ગયું અને એ પ્રધાન કોણ? મુખ્યપ્રધાને પ્રધાન શોધી નાખ્યા એ પ્રધાન એ સંદિપ પ્રધાન. સામાન્ય રીતે મારી ટેવ નથી. હું કયારેય અધિકારીઓના વખાણ કરવા ટેવાયેલો નથી, પરંતુ મુંબઇના ઇન્કમટેકસ કમિશ્નર, ખૂબ મહત્વની વાત છે. મુંબઇ જેવા શહેરના ઇન્કમટેક્સ કમિશ્નર હોય અને આઇ. એન. એસ.માંથી હોય અને એ ત્યાંની પોતાની નોકરી છોડીને રમતગમત માટે હિરા પારખુ ઝવેરી મોદીજીએ તેમને ગુજરાતમાં આમંત્રણ આપ્યું. તેમને સ્પોર્ટસ્ ઓથોરિટીના ડાયરેકટર બનાવ્યા અને ચમત્કાર જુઓ. ૩૪મા નેશનલ સ્પોર્ટસમાં ગુજરાતનો ક્રમ ૨૮મો હતો. આ વખતે કેરાલામાં ૩૫મા નેશનલ સ્પોર્ટસમાં આપણે બહુ ઉંચો કુદકો માર્યો. ૧૯ ક્રમ કાપીને આપણું ગુજરાત રાજ્ય ૯ ક્રમે આવ્યું છે. એક-બે નહીં કુલ ૧૯ મેડલ મળ્યા છે. એમાં ૧૦ ગોલ્ડ મેડલ, ૪ સિલ્વર મેડલ અને ૫ બોન્ઝ મેડલ મેળવ્યા છે. આપણે સ્પોર્ટસમાં થયેલી આપણી પ્રગતિ જોઇ શકીએ છીએ, સૌ જોઇ શકે છે. ગુજરાતનો સપૂત, વડોદરામાં જન્મેલ શ્રી સંદિપ પ્રધાનને તત્કાલિન મુખ્યમંત્રીશ્રીએ પારખ્યો. સભાગૃહે આ બાબતે પાટલીઓ થપથપાવવી જોઇએ, ગૌરવ લેવું જોઇએ. વિરોધપક્ષના મિત્રોએ પણ આ બાબતમાં પાટલીઓ થપથપાવવી જોઇએ. રમત-ગમતના ઇતિહાસમાં આ ઘટના પહેલીવાર બની છે. આ રમત-ગમતમાં જે ખેલાડીઓ હતા, એ ખેલાડીઓમાં બન્ને બાજુની બહેનો રાજી થાય એવી વાત છે. ૧૦૦ મીટર બેક સ્ટ્રોક સ્વીમીંગમાં ૧૪ વર્ષની બાળા માના પટેલ, જેણે આઠ વર્ષનો સ્વીમીંગનો રેકર્ડ તોડી અને ગોલ્ડ મેડલ મેળવ્યો છે. બન્ને બાજુની બહેનોએ પાટલીઓ થપથપાવવી જોઇએ, પાટલી ઠોકો, આપણને ગૌરવ થાય એવું છે. ૧૪ વર્ષની બીજી બાળા કલ્યાણી, એણે ૨૦૦ મીટરની અંદર ગોલ્ડ મેડલ મેળવ્યો છે. ટેનીસની અંદર અંકિતાબેન રૈનાએ ગોલ્ડ મેડલ મેળવ્યો, ટેનીસ ડબલ્સની અંદર અંકિતા રૈના અને કુ. ઇટી મહેતાએ ગોલ્ડ મેડલ મેળવ્યો છે. એટલેથી બહેનો અટકતી નથી. આ છે ગતિશીલ ગુજરાત, આ છે સ્ત્રી સશક્તિકરણ. ટ્રાયફ્લોનની જેમજ

પુજાબેને ગોલ્ડ મેડલ મેળવ્યો છે. આપણને લોકો ગુજ્જુ કહે છે. આ ગુજ્જુ ખેલાડીઓની કમાલ જુઓ. આપણે ૧૯ ગોલ્ડ મેડલ મેળવ્યા છે ત્યારે આપણે બધાએ સાથે મળી પાટલીઓ થપથપાવવી જોઇએ. ગુજરાતનું ગૌરવ હોય, બહેનોનું ગૌરવ હોય ત્યારે આપણે પાટલીઓ તો થપથપાવવી જોઇએ. આપણી આ સરકારે એવી વ્યવસ્થા કરી છે કે જેનાથી આપણા ખેલાડીઓને રાષ્ટ્રીય સ્તરે , આંતરરાષ્ટ્રીય સ્તરે રમવા મળે, એમને અનુભવ થાય, સ્પર્ધામાં ભાગ લે. એમને કેટલા કેટલા દેશો ફરવા મોકલ્યા છે એ જણાવું. સ્પર્ધા અને ટ્રેનીંગ માટે અમેરિકા, બ્રાઝિલ, સ્વીડન, ઓસ્ટ્રીયા, સાઉથ આફ્રિકા, ચીલી, ચાઇના, ઓસ્ટ્રેલિયા, થાઇલેન્ડ, દુબઇ વગેરે ઘણા બધા પ્રદેશોમાં આપણે લઇ ગયા છીએ. આ સરકારને ખરેખર અભિનંદન આપવા જેવી બાબત છે. એનો ઉલ્લેખ માનનીય રાજ્યપાલશ્રીના પ્રવચનમાં થયો છે. આ ગણગણાટ તો થવાનો. ગુજરાતને ૧૯ ગોલ્ડ મેડલ મળ્યા છે એ કદાચ આ બાજુના મિત્રોને ગમ્યું નથી.

શ્રીમતી નિમિષાબેન મ.સુથાર(મોરવાહડફ) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહમાં માનનીય સભ્યશ્રી કેશાજી ચૌહાણ માનનીય રાજ્યપાલશ્રીના પ્રવચન ઉપર આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે તેમાં મારું સમર્થન આપું છું અને આ ચર્ચામાં ભાગ લેવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું આદિવાસી વિસ્તારમાંથી આવું છું. પંચમહાલ અને મહિસાગર બન્ને જિલ્લામાં મારા મોરવાહડફ તાલુકાનો વિસ્તાર આવેલો છે. આ બન્ને જિલ્લામાં ખૂબ જ વન શકિત આવેલી છે એમ કહી શકાય.વનો આવેલા છે અને આપણે જોઇ શકીએ કે પહેલા જે વનો હતા અને આજે કેવા છે, ખરેખર ગુજરાત રાજયમાં ભારતીય જનતા પાર્ટીની જયારથી શકિત આવી છે, જયારથી ધુરા સંભાળી છે ત્યારથી વનોની શકિત ખરેખર આજે જોવા મળે છે. મારો જે વિષય છે એ વિષય ઉપર હું બોલવા માગુ એ પહેલા મારે આ ગૃહ સમક્ષ એક વાત કહેવી છે કે માનનીય શકિતસિંહભાઇ કહેતા હતા કે બહેનોને તમામ સભ્યોમાં જે હીરોઇનની વાત કરતા હતા, મારે એમને કહેવું છે કે આ બાજુ પણ બહેનો બેઠેલી છે, પેલી બાજુ પણ બહેનો બેઠેલી છે. તો ખરેખર બહેનોમાં હીરોઇન નહીં પણ માં શકિતનું દર્શન કરવું જોઇએ. આદિવાસી વિસ્તારને મજબૂત બનાવવા માટે તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને આજના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ ગુજરાતમાં વન મહોત્સવ હોય વનવાસી ભાઇઓ માટે રોજગારી લેવા માટેના પ્રયત્ન કરતા હોય, ઇકો ટુરિઝમ હોય અથવા તો સિંહ જેવા વન્ય પ્રાણીઓ હોય એનું સંરક્ષણ, સંવર્ધન માટે જે પ્રયત્નો કરતા હોય છે, એની એક નવી પહેલ, નવો અભિગમ લઇને આપણા નરેન્દ્રભાઇ મોદી સાહેબ આવ્યા અને આને કહેવાય સૌનો સાથ, વૃક્ષો તથા વનોનો વિકાસ. જેનું પરિણામ આપણે સૌ કોઇ જોઇ રહ્યા છીએ.

ગુજરાત રાજયના પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ સાહેબે જયારથી શાસન ધૂરા સંભાળી છે ત્યારથી ગતિશીલ ગુજરાતના નવતર અભિગમ દ્વારા, પ્રયત્નો દ્વારા પ્રજાના પ્રશ્નોને વાચા આપી છે જેના દ્વારા આજે સાચા અર્થમાં ગુજરાત ગતિશીલ ગુજરાત બન્યું છે. વધતો જતો વસ્તી વધારો અને ઔદ્યોગિકરણના લીધે પ્રદુષણ વધતુ ગયું અને બીજી બાજુ વન વિસ્તાર પણ ઘટતો ગયો છે એના કારણે ગ્લોબલ વોર્મીંગ અને કલાયમેટ ચેંજીસની વિપરીત અસરને કારણે આજે સમગ્ર વિશ્વ ચિંતિત છે. જયારે ગુજરાત વન વિભાગે લોકસહકારથી વૃક્ષોની ઉચ્ચ ગુણવત્તા ધરાવતી જાતો અને ટકાઉ તથા લાંબુ આયુષ્ય ધરાવતી જાતોથી વનવિસ્તાર વધારવા માટે વૃક્ષારોપણ અને વન સંરક્ષણ ઉપર પૂરતો ભાર મૂકયો છે. સામાજિક વનીકરણ હોય, એની યોજનાઓ હોય એની પ્રવૃત્તિઓ હોય અને વનવિસ્તારમાં રહેતા મારા વનવાસી વનબંધુઓ હોય એમની રોજીરોટી મળી રહે એ માટે લોક ભાગીદારીના પ્રયત્નો અને એમને વૃક્ષઉછેર માટે એમને જુદી જુદી પ્રવૃત્તિઓ થકી એમને સમજણ આપવામાં આવે છે, દા.ત. ઇકોટુરિઝમ જેવા પ્રોજેકટો મારા આદિવાસી વિસ્તારમાં કરવામાં આવે છે અને આજે સફળ થઇ રહ્યા છે. રાજય કક્ષાનો વન મહોત્સવની ઉજવણીનો મુખ્ય કાર્યક્રમ વર્ષોથી રાજયના પાટનગર ગાંધીનગરમાં ઉજવાતો હતો પરંતુ પરિવર્તન લાવીને જુદા જુદા વિસ્તારના લોકો વૃક્ષોનું મહત્વ સમજે, એનો ઉછેર કરે, એની જાળવણી કરે, વન મહોત્સવને પોતાનો કાર્યક્રમ સમજે તે માટે દર વર્ષે રાજયના જુદા જુદા જિલ્લામાં દર વર્ષે વન મહોત્સવની ઉજવણી કરવાની નવી પ્રણાલીની શરૂઆત કરવામાં આવી છે. હું આદિવાસી પ્રતિનિધિ છું, ત્યારે આજે જે ગુજરાતનો સૌથી મોટી વન વિસ્તાર કહેવાય છે એ વિસ્તારમાં આજે મને અનેક વૃક્ષોની હારમાળા જોવા મળે છે.

ગુજરાત રાજયના તત્કાલિન મુખ્યમંત્રીશ્રી માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબની પ્રેરણાથી છેલ્લા દસ–પંદર વર્ષમાં ગુજરાતમાં જે વનોનો અભૂતપૂર્વ વિકાસ થયો છે એ રાજયની તેમની પ્રેરણાથી વિવિધ વન જેવા કે પુનિત વન હોય, તીર્થંકર વન હોય, માંગલ્ય વન હોય, હરિહર વન હોય એવા અનેક વનો અને પંચમહાલમાં પાવાગઢ ખાતે વિરાસત વન, માનગઢ ખાતે ગુરૂ ગોવિંદજીનું સ્મૃતિવન આવા વનોનો વિકાસ કરવામાં આવ્યો છે. ત્રેસઠમા વન મહોત્સવની ઉજવણી નિમિત્તે ગુરૂગોવિંદ સ્મૃતિવનમાં આશરે એક લાખથી પણ વધારે વૃક્ષોનો ઉછેર કરવામાં આવ્યો. માનગઢ ખાતે અંગ્રેજો સામે તાઃ૧૭–૧૧–૧૩ના રોજ પંદરસો જેટલા કે એનાથી પણ વધારે આદિવાસી ભાઇઓએ શહીદી વહોરી હતી અને એવા બલિદાનો આપ્યા છે કે આવતી પેઢી એને સમજી પોતાના જીવનમાં એને પ્રેરણાસ્ત્રોત બનાવે એના માટે માનગઢ ખાતે ગુરુ ગોવિંદસિંહ સ્મૃતિવનનું નિર્માણ કર્યું છે. હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ શરૂ કરેલ સાંસ્કૃતિક વનની પરંપરાને આપણા મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે પણ ચાલુ રાખી છે અને કાગવડ ખાતે શક્તિવનનું નિર્માણ કર્યું છે. એક નારી શક્તિ શક્તિવનનું નિર્માણ કરે છે એને કહેવાય ગતિશીલ ગુજરાત. સમગ્ર વિશ્વમાં ગૌરવ સમા એશિયાઇ સિંહો છે એ ગુજરાતનું ગૌરવ છે અને વિશ્વમાં ફકત ગુજરાતમાં ગીરમાં જ આ સિંહો જોવા મળે છે. વર્ષ ૨૦૦૫માં જ્યારે સિંહોની ગણતરી કરવામાં આવી ત્યારે ૩૫૯ સિંહોની સંખ્યા જોવામાં આવી હતી. મને જણાવતા આનંદ થાય છે કે ગુજરાત રાજયના સિંહ સમાન તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના પ્રયત્નોથી સિંહોની વસતિ ૨૦૧૦માં થયેલ ગણતરી મુજબ ૪૧૧ ની થઇ છે. એટલે કે ૫૨ જેટલા સિંહોની સંખ્યામાં વધારો થયો છે. આવા સિંહોના રક્ષણ માટે માનનીય રાજયપાલશ્રીના પ્રવચનમાં વાત કરવામાં આવી છે ત્યારે હું કહેવા માગું છું કે સિંહોના રક્ષણ માટે ગીર વિસ્તારમાં જે ખુલ્લા કૂવાઓ છે એને સુરક્ષિત કરવા માટે સ્થાનિક લોકો, સ્વૈચ્છિક સંસ્થાઓ તથા ઉદ્યોગ જગતના સહકારથી કૂવાઓની ફરતે સંરક્ષણ દિવાલનું બાંધકામ કરવામાં આવેલ છે. મને કહેતા આનંદ થાય છે કે ૨૧,૨૬૫ જેટલા કૂવાઓ ફરતે સંરક્ષણ દિવાલ કરવામાં આવી છે અને આ કરવાથી આજે સિંહો કૂવામાં પડતા બચી શકે છે.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ (વિરમગામ): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કેશાજી ચૌહાણ રાજયપાલશ્રીનો સંદેશ પ્રસ્તાવ લાવ્યા છે તેના ઉપર હું મારા વિચારો રજૂ કરવા ઉભી થઇ છું.

માનનીય અધ્યક્ષશ્રી, શું બ્રહ્માંડમાં પણ વ્હાલા–દવલાનો ભેદ થતો હશે? જે તારાઓ આકાશની સામે થાય એ જ ખરતાં હશે? અશક્ય, પાખંડ અને કપટથી ભરેલી આ દુનિયામાં શું હજી રામના નામે પથ્થરો તરતા હશે? ૨૦૧૨ અને ૨૦૧૪માં જ્યારે ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ હતી અને જ્યારે લોકસભાની ચૂંટણી થઇ ત્યારે ગુજરાતની પ્રજાને અને દેશને જે ગેરમાર્ગે દોરનારી જાહેરખબરો આપવામાં આવતી હતી કે ગુજરાત સરકારને અન્યાય થાય છે અને ખેડૂતને થપ્પડ પડે છે એની જાહેરખબર આપવામાં આવતી હતી અને એ થકી ગુજરાત રાજયની તિજોરીને નુકસાન પહોંચાડવાનું કામ જ્યારે આ સરકારે કરેલું ત્યારે વાસ્તવિકતા એ છે કે ૨૦૧૩–૧૪માં રાસાયણિક ખાતરની કુલ જરૂરિયાત ૩૫.૧૮ લાખ મે.ટન હતી ત્યારે કેન્દ્રની યુ.પી.એ.ની સરકારે ૩૬.૫૪ લાખ મે.ટન ખાતર પૂરું પાડેલ અને ત્યારે ગુજરાત સરકારે ૨૯.૭૦ લાખ મે.ટન જ ખાતર વાપરેલું. અત્યારની જે મોંઘવારી વાળી સરકાર છે એમણે ૩૬.૬૫ લાખ મે.ટનની જરૂરિયાત સામે ૨૮.૫૫ લાખ મે.ટન ખાતર, આ ગુજરાત વિધાનસભામાં આપેલા અત્યારના પ્રશ્નનો જવાબ છે, એટલે કે આટલું ઓછું ખાતર પૂરું પાડીને ગુજરાતના ખેડૂતોને આ સરકારે નુકસાન પહોંચાડ્યું છે અને સાચા અર્થમાં અત્યારે થપ્પડ મારી છે. એની સામે મારે આ સરકારને પૂછવું છે કે ખરેખર અત્યારે જે ખાતર માટે લાઇનો લાગે છે, આના માટે ખેડૂતો વચ્ચે ઝઘડાઓ થાય છે, ખાતરના કાળાબજાર જાય છે ત્યારે મારા વિસ્તારમાં ટ્રેનનો એક ડબ્બો ખાતરનો લૂંટાયો અને ટ્રકો લૂંટાય છે ત્યારે આ સરકાર ખાતર પૂરું પાડવામાં સદંતર નિષ્ફળ ગઇ છે. જ્યારે આપણા દેશમાં સમગ્ર દેશનું ૮૦ ટકા કપાસનું ઉત્પાદન ગુજરાતમાં થતું હોય ત્યારે કપાસના ભાવ જે અગાઉ ૧૨૦૦ રૂપિયા યુ.પી.એ. સરકારમાં મળતા હતા એના બદલે આજે ખેડૂતોને માંડ ૮૦૦ રૂપિયા મળે છે. મોંઘા ભાવના બિયારણ, ખાતર, પાણી અને મહેનત ભેગું થાય અને જ્યારે આ જગતના તાતને ન્યાય ન મળે.

માનનીય અધ્યક્ષશ્રી, આ રવિ કૃષિ મેળાઓનો ઠેર ઠેર વિરોધ થાય છે. ઠેર ઠેર કપાસની હોળીઓ થાય છે અને હદ તો ત્યાં થાય છે કે જ્યારે ચોટીલા તાલુકાના વિછીયા ગામમાં એક ખેડૂતનો પૂત્ર બી.એસ.સી.માં અભ્યાસ કરતો હતો અને તેને પોષણક્ષમ ભાવો ના મળતા, ફી ભરી શકે એમ ના હોવાના કારણે જ્યારે

આત્મવિલોપન કરવું પડ્યું આનાથી વધારે કરૂણ નિષ્ફળતા ગુજરાતની બીજી શું હોઇ શકે? મગફળીનું વાવેતર પણ ૧૬.૬ લાખ હેકટરમાં થતું હતું એ આજના વર્ષ ૨૦૧૪-૧૫માં ૧૨ લાખ હેકટરમાં થાય છે, ૨૬ ટકા ઓછું થઇ ગયું. તમે પાંચ 'એફ'ની વાત કરતા હતા એમાંથી ફેશન, ફાર્મ, ફાયબર, ફેબ્રિક એ ગાયબ થઇ ગયું અને ફક્ત ફોરેન જ રહ્યું. કૃષિ મેળા પાછળ ૨૬૫.૮૫ લાખનો ખર્ચ થયો એ કેગે રિપોર્ટમાં ટાંક્યું છે. અત્યારે જે માવઠું થયું એનાથી આખું ગુજરાત પાણી પાણી થઇ ગયું. જીરૂ, કપાસ, ઘઉં, ધાણા, ઇસબગુલ, ચણા, તમાકુ, રાઇ,સૂવા, કેરી વગેરે પાકોને ખૂબજ મોટું નુકસાન થયું છે ત્યારે સરકાર આને પુરૂ વળતર આપે એ માટે કૃષિમંત્રીને હું કહેવા માગુ છું અને સ્વાઇન ફ્લૂ પણ વકરશે અને મચ્છરજન્ય રોગો પણ વધશે ત્યારે આરોગ્ય મંત્રીને તકેદારીના પગલા લેવા માટે અમે વિનંતી કરીએ છીએ.

૨૦૧૨માં વિધાનસભાની ચૂંટણીઓ પૂરી થઇ અને તુરતજ મારા મત વિસ્તારના અને આજુબાજુના ૪૪ ગામમાં સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રીજીયન એટલે કે 'સર' ના નામે જ્યારે જમીનો લેવાની વાત થઇ ત્યારે મેં એ લોકોને રડતાં અને હિબકાં ખાતાં દિવસો જોયા છે ત્યારે વડીલો, માતાઓ, વૃદ્ધો, મહિલાઓ અને યુવાનો, યુવતીઓ એમની આંખમાં આંસુ હતા, તેઓ સરકાર પર ગુસ્સે હતા અને એમની આંખોમાં મેં ચિંતા જોઇ છે. 'સર'નું આંદોલન થયું. ૭૦૦ ટેકટર લઇને ગાંધીનગર આવ્યાં અને એ વખતે મને કહેતા ગર્વ થાય છે કે, કેન્દ્રમાં યુ.પી.એ.ની ગવર્નમેન્ટ હતી અને એમણે ભૂમિ અધિગ્રહણ જે બિલ લાવ્યાં એના લીધે એમણે કહ્યું કે ૮૦ટકા ખેડૂતો જો જમીનો આપવા માટે સંમત નહિ થાય તો કાયદો લાગુ કરવામાં આવશે, તો જ સરકાર જમીન લઇ શકશે અને અત્યારે લોકસભા મળવાની હતી છતાંય બે દિવસ પહેલા તાત્કાલિક વટહુકમ કરીને જે પ્રમાણે ઉદ્યોગોની સુનામીમાં આ ખેડૂતોની જમીનો લઇ લેવાની વાત થાય છે ત્યારે ખૂબ દુ:ખ થાય છે. મને તો એમ હતું કે નવ નવ મહિના થઇ ગયા કદાચ હાંશ જલેબી કે પેડાં ખાવા મળશે પણ આ શું? અબ કી બાર મહેંગી સરકાર! અબ કી બાર યુ ટર્ન સરકાર!

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના કેન્દ્ર પાસે ૧૦૪ પ્રશ્નો પડતર હતા. એમાંથી ઓટોમેટિક ૬૫ પ્રશ્નો થઇ જાય. સેલ્ફ લિમિટીંગ ડિજિટ તો સાંભળેલું છે પણ જાતે ને જાતે આટલા બધા પ્રશ્નોય નવ મહિનામાં સોલ્વ થઇ ગયા !

માનનીય અધ્યક્ષશ્રી, બીજું કાંઇ ના કરે, નર્મદાને રાષ્ટ્રીય યોજના જાહેર ના કરે તો બરોબર. વેર્સ્ટન રેલવેનું વડુંમથક અમદાવાદ જાહેર ના કરે એ તો બરોબર. વડોદરા-મુંબઇ એકસપ્રેસ જાહેર ના કરે એ તો બરોબર પણ માનનીય મંત્રીશ્રીને મારે કહેવાનું કે, વીજળીના ભાવ તમે જે કહેતા હતા કે દૂર કોલસો મળે છે અને હવે તમે નજીક લાવીને જે ૮૨૫ કરોડનો ફટકો આપણા ગુજરાતને પડે છે એ વીજળી તમે નજીક લાવીને વીજળીના ભાવો ઘટાડો. જે તમે સરપ્લસ વીજળીની વાત કરો છો એ વીજળી તમે ખેડૂતોને આપો અને આ ભાવ ૫૦ટકા કરી દ્યો, એ બાબતે મારી એક વાત કહેવા માગુ છું કે- તમે નર્મદા યોજનાના ગેટની વાત કરી છે તો મારે એટલું કહેવું છે કે ૨૦-૨૨ વર્ષ આ સરકારને થઇ ગયા છતાંય શાખા, વિશાખા અને પ્રપ્રશાખા થઇને ૭૪૧૬૮ કિ.મી.ના બદલે ૪૯૧૮૧.૩૭ કિ.મી.ની લંબાઇ હજી બાકી છે અને આ સરકારે શું કર્યુ? હવે પાઇપ લાઇન નાખવાની વાત કરે છે એ પણ ૧૦ ટકા ખેડૂતો ભાગીદારી કરે અને મંડળીઓ બનાવે તો જ આ ખેડૂતોને નર્મદાનો લાભ મળશે એવી જે આ સરકાર વાત કરે છે. ખરેખર તો સરદાર વલ્લભભાઇ પટેલનું જ્યાં સ્ટેચ્યુ બનવાનું છે એ નજારો તો સુંદર હોય. ત્યાં ઓવર ફ્લો થતા પાણી જોવા મળે પણ એમનું જે સ્વપ્નું હતું કે ખેતરે ખેતરે પાણી પહોંચે એના બદલે ૨.૫૯ એકરફીટ પાણી જે દરિયામાં વહી જાય છે એ જોવાને લીધે એમના આત્માને બહુ દુ:ખ થશે.

શ્રી રણજીતભાઇ મં. ગિલીટવાલા(સુરત-પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય મહામહિમ રાજ્યપાલશ્રીએ આ વિધાનસભા ગૃહની અંદર જે સંબોધન કરેલ તે બદલ ધારાસભ્યશ્રી કેશાજી ચૌહાણે રજૂ કરેલ આભાર પ્રસ્તાવને અનુમોદન આપવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય રાજ્યપાલશ્રીએ તેઓના પ્રવચનમાં ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ બાબતે કરેલા ઉલ્લેખો, ગુજરાતે આ વિષયમાં કરેલી યશસ્વી કામગીરીનો ઉમદા અને વાસ્તવિક ચિતાર આપે છે. એકવીસમી સદીની શરૂઆતમાં કહેવાતું હતું કે, એકવીસમી સદી એ જ્ઞાનની સદી બની રહેશે, વિજ્ઞાનની સદી બની રહેશે, ટેકનોલોજીની સદી બની રહેશે, ઇનોવેશનની સદી બની રહેશે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારે આ પહેલેથી પ્રિડિકટ કરીને એકવીસમી સદીમાંથી ઉચ્ચ અને

ટેકનિકલ શિક્ષણમાં આવનાર પડકારોને પહોંચી વળવા આ આગોતરા આયોજનો કર્યા છે અને એટલે જ, in the year 2000, i.e., at the end of 20th century, there were only 15 universities in Gujarat whereas today there are as many as 62 universities in Gujarat. Four times more, just in 15 years. In the field of education and technical education આટલી બધી સુવિધાઓ આ ગુજરાત સરકારે આપી છે. સરકારને ખરેખર અભિનંદનને પાત્ર છે.

માનનીય અધ્યક્ષશ્રી, look at the Government colleges. There were only 20 Govt. colleges in Gujarat in 2000. Now, as on today, there are as many as 72 Govt. colleges in the State. Almost four times more once again. Now look at the grant in aid colleges. There were 319 in the year 2000, now there are 356 in 2015. સાહેબ, વિદ્યાર્થીઓને ટેકનિકલ જ્ઞાન મળી રહે તે માટેની તમામ, જેને કહેવાયને કે, ગુજરાત સરકારે છેલ્લા પંદર વર્ષોમાં યુનિવર્સિટીઓ,સરકારી કોલેજો, ગ્રાન્ટ ઇન એઇડ કોલેજોની સંખ્યામાં ધરખમ વધારો કરી રાજ્યના વિદ્યાર્થીઓમાં ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણની લગભગ તમામ ક્ષિતિજો ખુલ્લી કરી આપી છે મિત્રો કે, Sky is open.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર અને શિક્ષણ વિભાગે ગુજરાતના વિદ્યાર્થીને દેશ અને દુનિયાના શિક્ષણ જગતની અંદર આવતા નવા નવા અભ્યાસક્રમોથી વંચિત ન રહે at universal level શું ફેરફાર આવે છે તેનાથી ગુજરાતનો વિદ્યાર્થી વંચિત ન રહે તે માટે infrastructure અને management જેવા નવીનત્તમ ક્ષેત્રોના અભ્યાસક્રમ પણ શરૂ કરવા માટે Gujarat Institute of Infrastructure, Technology, Research & Management Universityધારણ કરે છે, it is known as IIT, RAMયુનિવર્સિટી I.I.I.RAM.

માનનીય અધ્યક્ષશ્રી, એકવીસમી સદી પહેલાં તેર વર્ષમાં ગુજરાત રાજ્યમાં કુલ ડિગ્રી ઇજનેરી સંસ્થાઓ ૧૦૩નો વધારો થયો છે તેના કારણે ડિગ્રી ઇજનેરીની ૬૧,૪૨૮ બેઠકોનો વધારો થયો છે. સાહેબ, હજુ ટાઇમ નથી થયો, તમે બેલ મારવા માટેનો પ્રયત્ન કરો છો પણ આઇ નો. કારણ કે, મે મારું ભાષણ પાંચ મિનિટનું લખ્યું છે સાહેબ, પાંચ જ મિનિટનું લખ્યું છે, બોલવામાં થોડો સમય થાય.

ઉપાધ્યક્ષશ્રી : Your Whip has given only 5 minutes.

શ્રી રણજીતભાઇ મં. ગિલીટવાલા : માનનીય અધ્યક્ષશ્રી, વાંચી જ જવાનું હશે તો જલદી પતી જશે પણ હવે મારી લાગણી તો વ્યકત કરવાનો મને સમય મળવો જોઇએ સાહેબ. (અંતરાય) સરકારી ડિગ્રી ઇજનેરી કોલેજની સંખ્યામાં દસનો વધારો થવાના કારણે ઇજનેરીમાં ૭,૦૪૫નો વધારો થયો છે. ડિગ્રીની સાથે સાથે ડિપ્લોમા ઇજનેરીની વાત કરીએ તો, રાજ્યમાં ડિપ્લોમા ઇજનેરી સંસ્થાઓમાં ૧૦૪નો વધારો થયો છે અને ૬૧,૮૫૫ જેટલી બેઠકોનો વધારો થયો છે. તે પૈકી સરકારની આઠ સંસ્થાઓનો વધારો થવાની સાથે સાથે ૧૩,૧૧૫ બેઠકોનો વધારો થયો.૧૨૩૨૮૩ જેટલી ડીગ્રી અને ડીપ્લોમા એન્જીનીયરીંગની નવી બેઠકો આ ગુજરાત રાજયમાં ૧૫ વર્ષમાં થઇ છે. ગુજરાત રાજયના આ ક્ષેત્રમાં અભ્યાસ કરવા માગતા તમામ ફેકલ્ટીઓને એ લોકો માટે ઓપન કરી આપવામાં આવી છે. ૪૦ જેટલી સંસ્થાઓમાં ટકેનીકલ અભ્યાસક્રમ ચાલે છે. આટલી બધી કોલેજો અને સંસ્થા હોવાને કારણે વિદ્યાર્થીઓને અને તેના વાલીઓને આ સંસ્થાઓની માહિતી મેળવવાનું કામ ખૂબ અઘરું હતું. ઘણીવાર માહિતી મળતી નથી અથવા ખોટી માહિતી મળતી હોય છે ત્યારે તા. ૧૧-૭-૨૦૧૪ના રોજ શિક્ષણ વિભાગ હેઠળની ટેકનીકલ શિક્ષણની કચેરી દ્વારા વિકસાવેલ પોર્ટલ WW.knowledge નો યોર કોલેજ ડોટ ઇન ખુલ્લુ મૂકવામાં આવ્યું છે. આ પણ કે.વાય.સી. છે. વિદ્યાર્થીને ખબર હોવી જોઇએ કે હું જે કોલેજમાં એડમિશન લેવા જઉં છું એમાં કયા કયા અભ્યાસક્રમો ચાલે છે, કઇ કઇ સગવડ ઉપલબ્ધ છે, હોસ્ટેલ છે કે નહીં, લેડીઝ સર્કલ જુદું છે કે નહીં?, લેબોરેટરી છે કે નહીં? પ્રોફેસરોની સંખ્યા કેટલી, ફેકલ્ટી કેટલી છે? આ બધું જાણવા માટે આ પોર્ટલ ખૂબ અગત્યનું છે. કેટલાક વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ મેળવી શકતા નથી પણ માનનીય મુખ્યમંત્રીશ્રીએ ધોરણ-૧૨ની વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં ૯૬ કે તેથી વધુ પર્સન્ટાઇલ લાવે, સામાન્ય પ્રવાહમાં ૯૯ કે તેથી વધારે પર્સન્ટાઇલ લાવે એવા વિદ્યાર્થીઓના માટે ખાસ માનનીય મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજના સરકારે શરૂ કરી છે.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી સંજયકુમાર ૨. પટેલ(ખંભાત): માનનીય અધ્યક્ષશ્રી, રાજયપાલશ્રીના પ્રવચન બાદ રાજયપાલશ્રીનો આભાર વ્યકત કરવા માટે અમારા આદરણીય વડીલ કેશાજી આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે એના સમર્થનમાં મારા વિચારો રજૂ કરું છું. બે દિવસથી બંને પક્ષના પ્રવચનો સાંભળું છું. કોંગ્રેસના મિત્રો દ્વારા ખૂબ સુફીયાણી વાતો થાય છે. હમણા જ આપણા આદરણીય સભ્યશ્રી શૈલેષભાઇએ ખૂબ સરસ વાત કરી. ઈતિહાસની પણ વાત કરી કે ગાંધીજીને ગોરા લોકોએ નીચે નાખી દીધેલા. વર્તમાનની પણ વાત કરી કે નરેન્દ્રભાઇએ ઓબામાને લાલ જાજમ પાથરીને બોલાવ્યા. વાત સાચી છે પરંતુ માનનીય શૈલેષભાઇ, અમારી ચિંતા ના કરશો, ઓબામા તો રાજદ્વારી રીતે કદાચ આવ્યા હશે, પાછા પણ ગયા. આપે પંદર પંદર વર્ષથી •(xxxxxx) તો જેને અધ્યક્ષપદે બેસાડયા છે એ કોણ છે? કેમ પંદર વર્ષથી તમે તમારું પદ આપીને બેસાડયા છે? શરમ કરો તમે. આ તો કેવી વાત છે કે *(xxxxxx) (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : *(xxxxxx) શબ્દ રેકર્ડ પરથી દુર કરું છું.

શ્રી સંજયકુમાર ૨. પટેલ : મહામહીમ રાજયપાલશ્રીએ એમના પ્રવચનમાં રાજય સરકાર દ્વારા વિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેત્રે જે પ્રકારની પ્રગતિ કરી છે, જે કામ કરવાના છે એનો વિગતે ચિતાર માનનીય રાજયપાલશ્રીના પ્રવચનમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. અગાઉ સામાન્ય વહીવટ વિભાગમાં આઇ.ટી. પ્રભાગ તરીકે આ વિભાગ કાર્યરત હતો પરંતુ જેમની દીર્ઘદ્રષ્ટિ હતી, જેમને ખબર હતી કે આવનારા સમયમાં શેની જરૂર છે એમને કારણે પહેલી એપ્રિલ ૨૦૦૩થી આ પ્રભાગને વિભાગ તરીકે શરૂ કરીને તે વખતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના આપણા દેશના વડાપ્રધાન ગુજરાતનું ગૌરવ અને કરોડો દેશવાસીઓનું આશાનું કિરણ એવા નરેન્દ્રભાઇએ એમની દીર્ઘદ્રષ્ટિને કારણે આજે આ પ્રભાગને વિભાગ તરીકે કર્યો.અને એના આધારે આ વિભાગ હસ્તક ૬ જેટલી સંસ્થાઓ કાર્યરત છે. એમાં ગુજકોસ્ટ હોય, સાયન્સ સિટી, આઇ.એસ.આર. હોય, જી.આઇ.એલ. હોય, બાયસેગ હોય કે જી.એસ.ડી.એમ. હોય આવી ૬ પ્રકારની સંસ્થાઓ આ વિભાગ હસ્તક કાર્યરત કરવામાં આવી અને નરેન્દ્રભાઇના જ પગલે હાલના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ દ્વારા પણ નરેન્દ્રભાઇ મોદી સાહેબ દ્વારા કાર્ય શરુ કરવામાં આવ્યું હતું, એની અગત્યતા સમજીને આ ઇ–ગવર્નન્સને ઉત્તેજન આપવા માટે આઇ.ટી. પોલિસીની જાહેરાત આનંદીબેન પટેલ દ્વારા કરવામાં આવી. જરૂર એટલા માટે છે કે વિકસતી ટેકનોલોજી છે. દેશ અને દુનિયાની અંદર દરરોજ કઇને કઇક નવીન ટેકનોલોજી આવતી જાય છે. હાલની પરિસ્થિતિ આ બંનેનો સમન્વય કરીને લોકોને આ ટેકનોલોજી કેવી રીતે વધારેમાં વધારે ઉપયોગી થઇ શકે તે માટે આ વિભાગ કાર્યરત છે અને કાર્ય છેલ્લાં ૧૨ વર્ષથી કર્યુ. આઇ.ટી., ઇ–ગવર્નન્સ ક્ષેત્રે પ્રગતિ કરવામાં આવી એના કારણે આપને બધાને, સામેના સભ્યોને વિનંતી છે કે છેલ્લાં ૧૦ વર્ષની અંદર આ ગુજરાત સરકારને ફકત આ વિભાગમાં ૧૬૬ એવોર્ડો મળ્યા છે. આ કોઇ ભારતીય જનતા પાર્ટીની સરકારોએ નથી આપ્યા. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રકારના એવોર્ડો આ સરકારને મળ્યા છે. બાપુ ડબ્બાની વાતો કરતા હતા. ૧૨ મો ડબ્બો, ૧૩ મો ડબ્બો હોય તેને એવોર્ડ મળે કોઇ દિવસ સાંભળ્યું છે? આજે ફકત ૨૦૧૩ અને ૨૦૧૪ એમ બે વર્ષમાં ૯૦ જેટલા એવોર્ડ એ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રકારના એવોર્ડ આ સરકારને મળ્યા છે.

ગુજરાતમાં આઇ.ટી. ઇન્ફર્મેશન ટેકનોલોજી, બાયો ટેકનોલોજી, સ્પેસ ટેકનોલોજી, જીયો સ્પેશ્યલ ટેકનોલોજી, સિસ્મોલોજીકલ રિસર્ચ જેવી અદ્યતન ટેકનોલોજીના અમલીકરણ અને ઉપયોગથી સમગ્ર ગુજરાતના વહીવટી તંત્રને નહિ, દેશને પણ આનો લાભ થયો છે. એનો એક જ મુખ્ય સ્વાગત ઓન લાઇન કાર્યક્રમ હોય. આજે હમણા વાત કરતા હતા. લોકસંવાદ સેતુ એ લોકસંવાદ સેતુ કાર્યક્રમમાં ગયા હોય તો ખબર પડે લોકસંવાદ સેતુ કાર્યક્રમ સફળ થયો. આજે ગૌરવપૂર્ણ ઘટના બની. સામાન્યમાં સામાન્ય વ્યકિત એ આપણા મુખ્યમંત્રીની સામે એ સામાન્યમાં સામાન્ય વ્યકિત આપણા મંત્રીશ્રીની સામે ઉભો થઇને પોતાના પ્રશ્નની રજૂઆત કરે અને એનું તાત્કાલિક નિવારણ થાય. ફરિયાદો તો બહુ સાંભળી. સ્વાગત ઓન લાઇન કાર્યક્રમ હોય. હમણા લોકસંવાદ સેતુ કાર્યક્રમમાં ફરિયાદ સાંભળવાનો કાર્યક્રમ હતો. ફરિયાદ કરી હોય એને જવાબ આપવા માટેનો કાર્યક્રમ હતો અને એના લીધે તમામે સ્વીકાર્યુ છે કે ૮૦ ટકા જેટલા પ્રશ્નોનો નિકાલ આવ્યો છે. આટલું સરસ કામ સરકાર કરતી હોય ત્યારે વેબ પોર્ટલ ઉપર ૧–૨–૨૦૧૩ થી ૧૬–૧૨–૧૪ સુધી ૧૦૭.૬૫ કરોડ જેટલા

---

• આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યાં.

ટ્રાન્ઝેક્શન નોંધાયા છે,જે સમગ્ર દેશમાં સૌથી વધારે છે. સરકારે સમગ્ર દેશમાં સૌ પ્રથમવાર ગુજરાત સ્ટેટ ડેટા સેન્ટરની સ્થાપના કરી અને આ જી.એસ.ડી.એસ. ને સમગ્ર ગુજરાત રાજ્યની તમામે તમામ કચેરીઓ સાથે જી–સ્વાન ઇન્ફ્રાસ્ટ્રકચર સાથે જોડવામાં આવ્યું છે. એના લીધે સમગ્ર ગુજરાતની પ્રજાને ખૂબ મોટો લાભ થયો છે. સાથે સાથે બાયસેગ દ્વારા જે પ્રકારની પ્રવૃત્તિ કરવામાં આવે છે. જેના સરવે માટે વર્ષો નીકળી જતા હતા. એવા સરવેથી આજે ગુજરાતની અંદર ફકત કલાકોની અંદર થાય છે. આ કોઇ નાની મોટી સિદ્ધિ નથી. આજે આટલી બધી સરકારે પ્રગતિ કરી છે. ખૂબ સાચી વાત રાજ્યપાલશ્રીએ એમના પ્રવચનમાં કરી છે,ત્યારે કેશાજીએ જે આભાર પ્રસ્તાવ રજૂ કર્યો છે તેને હું મારું સમર્થન આપું છું.

શ્રી  કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) :  માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કેશાજીભાઇ રાજયપાલશ્રીના પ્રવચન ઉપર આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે ત્યારે હું મારા સુવિચારો સરકારને રજૂ કરું છું.

ઉપાધ્યક્ષશ્રી : આ હાઉસમાં સુવિચારો જ રજૂ કરવાના હોય છે કરમશીભાઇ.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : કરીએ પણ ખરેખર આપ તો આ ગૃહના વડા અને સન્માનનીય અધ્યક્ષ છો ત્યારે જયારે એક સભ્ય પોઇન્ટ ઓફ ઓર્ડર માગે ત્યારે આપ સત્તાધારી પક્ષના સભ્યને તમે પોઇન્ટ ઓફ ઓર્ડરનો અમલ કરવા માટે પ્રસ્તાવ આપો. જયારે કરમશીભાઇ આપે ત્યારે આપશ્રી ના પાડો. તે ખરેખર...

ઉપાધ્યક્ષશ્રી : અધ્યક્ષશ્રીના નિર્ણય ઉપર કોઇ ચર્ચા નહીં થાય કરમશીભાઇ.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : ખરેખર હું આપનું ધ્યાન દોરવા માગું છું. મારી વાત એ છે કે માનનીય દુષ્યંતભાઇએ જે વાત કરી કે સાણંદમાં નેનો આવી અને નેનોથી લોકોને સારું એવું કંઇક મળ્યું. આ નેનો આવી તો છેલ્લા ત્રણ વર્ષથી નેનોનું કોઇપણ પ્રકારનું ઉત્પાદન થતું નથી અને અત્યારે હાલ નેનો બંધ પરિસ્થિતિમાં છે. સરકારે જયારે તેને જમીન નીમ કરીને જમીનની માગણી બે દિવસમાં આ નેનો કંપનીને સરકારે આપી હતી. કોઇપણ અરજદાર અરજી કરે ત્યારે તેના નિયમ મુજબ ઓછામાં ઓછા ૨૦ દિવસ કોઇપણ અરજીનો નિકાલ કરવા થાય છે. આ નેનોવાળાએ ૮–૮–૨૦૦૮ના રોજ અરજી કરી અને ૧૦–૮–૨૦૦૮ના રોજ તેને કબજો આપી દીધો. કબજો આપ્યો તો કેવી રીતે આપ્યો. કોઇપણ પ્રકારનો તેના ઉપર કરબોજ લેવાનો નહીં. ફ્રી સ્ટેમ્પ ડ્યુટી માફી, તેના ઉપર આવતા અન્ય કરવેરા પણ માફ. ખેડૂતો જયારે પોતાના રેશનકાર્ડ માટે કે અન્ય જમીનો માટે માગણી કરે છે ત્યારે એક વખત કરેલી અરજી બે વર્ષ સુધી ટલ્લાઇ ટલ્લાઇ ખેડૂતોને જમીન મળતી નથી.

ઉપાધ્યક્ષશ્રી : કરમશીભાઇ આપ રાજયપાલના પ્રવચન ઉપર આવો.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : આ એ જ છે સાહેબ. મારા મત વિસ્તારમાં. ભાઇ બેસો હવે. તમને કંઇ ખબર નહીં બેસો.

ઉપાધ્યક્ષશ્રી : કરમશીભાઇ તમે તમારું પ્રવચન ચાલુ રાખો.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારા મત વિસ્તારમાં વર્ષોથી ખેતી કરતા ખેડૂતો જેવા કે મીઠાપુર, કાંઠાતલાવડી, સરદા આ જગ્યાએ શ્રી સરકાર લખેલી જમીન છેલ્લા ૫૦ વર્ષથી ખેડૂતો ખેડે છે. તે લોકોએ કયારનીય માગણી કરી છે તો તેમને આ જમીન કાયમી આપવામાં આવતી નથી. કેમ નેનો તમને કંઇ કરી આપે છે? નેનોવાળાને બે દિવસમાં જમીન ફાળવી દેવાય. આ ખેડૂતો વડિલોપાર્જિત ખેડે છે અને આ જમીન ખેડી તેઓ પોતાના કુટુંબનું ભરણપોષણ કરે છે. તેઓની જમીન બે એકર, ત્રણ એકર છે. તેમને આજસુધી આ જમીન આપવામાં આવી નથી તો આ કરવું જોઇએ. ખેડૂતોને ૨૦૦૨–૦૩માં કોમ્પ્યુટરાઇઝડ રેકર્ડ થયું તે રેકર્ડ અને અસલ રેકર્ડ, જે તલાટીઓએ લખેલ અસલ રેકર્ડ છે તેમાં ક્ષતિઓ હતી. તેમાં હજી સુધી ૨૦ થી ૨૫ ટકા ખેડૂતોની ક્ષતિઓ સુધારવાની બાકી છે. તે ખેડૂતો અત્યારે મામલતદારશ્રી, પ્રાંત  અને બીજી કચેરીઓએ ધકકા ખાય છે તો ખરેખર તેમનું આ રેકર્ડ સુધારી આપવું જોઇએ. અમે તો સુધાર્યુ હતું. તે બાબુલાલને પૂછો. બાબુલાલને પૂછો.

ઉપાધ્યક્ષશ્રી : કરમશીભાઇ તમે તમારું પ્રવચન મને જોઇને ચાલુ રાખો. આજુબાજુમાં નજર નહીં નાંખો.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બીજું કે આ સરકારમાં ૨૦૦૨–૦૩થી આનાવારી તદન ખોટી કરવામાં આવે છે. આનાવારી જે કરવામાં આવે છે તે તદન ખોટી કરવામાં આવે છે. કારણકે આનાવારી કંઇ રીતે થાય? પહેલાં ખેડૂતના ૭–૧૨માં પાણીપત્ર થાય. પાણીપત્ર તૈયાર થયા પછી તુલવાર પત્રક તૈયાર થાય. આ પત્રક મુજબ દરેક ખેડૂતની ખેતરવાર જે હોય તે લખી પછી જ આનાવારી થાય. અત્યારે તો

કોઇપણ ખેડૂતની જમીનમાં પાણીપત્રક થતું નથી. વિગત નથી વિગત નથી તેવું લખે છે. ખરેખર આ ખડૂતોને નુકસાન થાય છે. આનાવારી થાય એટલે તેના ઉપર ખેડૂતોના ધિરાણનો...

ઉપાધ્યક્ષશ્રી : કરમશીભાઇ આપની પાસે બે મિનિટ છે.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બીજાને સમય આપ્યો તે રીતે મને પણ બે મિનિટ ટાઇમ વધારે આપજો. બીજું મારો પ્રશ્ન એ છે કે તાલુકામાં જે હિસાબ બંધ થાય તે હિસાબ બંધ દરેક તલાટી પોતાનું રેકર્ડ લઇ અને તાલુકે જાય.તેમાં હિસાબ બંધમાં પણ અત્યારે જુઓ તો ગામ નમૂના નંબર ૧૧, લોકલ ફંડ લાવણી, જમીન મહેસૂલ લાવણી કે ૮(ક) શિક્ષણ ઉપરની લાવણીઓ કોઇ દિવસ છેલ્લા ૨૦૦૦–૨૦૦૨–૨૦૦૩થી બનાવવામાં આવી નથી અને કોઇ પણ હુકમો બિનખેતીના ખેડૂતના ખાતામાં પકડવામાં આવતા નથી અને તદન હિસાબ બંધ ખોટો કરવામાં આવે છે. રેકર્ડ દંડ જે લેવાવો જોઇએ એ રેકર્ડ દંડ પણ લેવામાં આવતો નથી કારણ કે, ૭/૧૨ હોય ઇ–ધારા કચેરી મામલતદારમાં અને તલાટી હોય ગામે એટલે આ બધું કોઇ સુસંગત ન હોય. બીજું નંબર જમાં કોઇ પણ હુકમ થયો હોય તો એનું રેકર્ડ દંડ લેવાવો જોઇએ એ કંઇજ લેવામાં આવતું નથી અને તદન હિસાબ બંધ ખોટા કરવામાં આવે છે.

શ્રી ભુષણ અ. ભટ્ટ(જમાલપુર–ખાડીયા) : માનનીય અધ્યક્ષશ્રી, આ દેશની અંદર અને આ રાજયની અંદર વોટની રાજનીતિનો સુર્યાસ્ત થયો છે અને વિકાસની રાજનીતિનો સુર્યોદય થયો છે અને એટલા માટે માનનીય રાજયપાલશ્રીના પ્રવચનમાં સરકારની કામગીરીના જે દર્શન કરાવ્યા છે એ દર્શનની વાત પરનો આભાર પ્રસ્તાવ લઇને સાચી વાસ્તવિકતા લઇને આવ્યા છે અને જે સાચી વાસ્તવિકતા બતાવી છે અને જે આભાર પ્રસ્તાવ આ સન્માનનીય ગૃહના સભ્યશ્રી કેશાજી ચૌહાણ લઇને આવ્યા છે અને જેને બહેનશ્રી ભાનુબહેને ટેકે આપ્યો છે એને હું મારું અનુમોદન આપી મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હમણા જ માનનીય બલવંતસિંહભાઇએ કહ્યું કે, ૧૨૫ વર્ષ જૂની કોંગ્રેસે આ દેશને ઘણું આપ્યું છે. ટેકનોલોજી આપી છે એમ કહીને એમણે ઘણું બધું ગણાવ્યું કે, ટેલિફોન ગણાવ્યા, મોબાઇલ ગણાવ્યા, ટી.વી.ગણાવ્યું, કોમ્પ્યુટર ગણાવ્યું પણ મને લાગે છે કે એમાં બે વસ્તુ રહી ગઇ, એક રોબર્ટ રહી ગયો અને એક રીમોટ પણ રહી ગયું. આ દેશને કોંગ્રેસે ૧૨૫ વર્ષના શાસનમાં રોબર્ટ પણ આપ્યો અને રીમોર્ટથી ચાલતું શાસન પણ આ દેશને કોગ્રેસે આપ્યું. માનનીય અધ્યક્ષશ્રી, દેશ આઝાદ થયો અનેક સરકારો આવી અને અનેક સરકારો ગઇ પણ આજ દિન સુધી મહિલા બાળ વિકાસની વાતનો કોઇ સરકારને વિચાર ન આવ્યો પણ આ રાજય સરકાર ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી મહિલા બાળ વિકાસના એક અલાયદા વિભાગની શરૂઆત ભારતીય જનતા પાર્ટીના શાસનમાં થઇ. માનનીય અધ્યક્ષશ્રી, આ વિભાગ અલગ થયા પછી જોવા જઇએ તો મહિલા હોય કે બાળક હોય એની ચિંતા અને એનું ચિંતનની શરૂઆત થઇ. વાત બહુ નાની હોય કોઇ સરકારી કે, અર્ધ સરકારી કે ખાનગી સંસ્થામાં નોકરી કરતી બહેન હોય સગર્ભા સ્ત્રી હોય એ બાળકનો જન્મ આપે એટલે એને ૩ મહિનાની રજા મળે પણ આ રાજયની અંદર પહેલી વખત સગર્ભા સ્ત્રીને બાળક જન્મે તેને માટે આ રાજય સરકારે નિર્ણય કર્યો કે એ બહેનને ૩ મહિનાની નહીં પણ ૬ મહિનાની રજા આપવી. આઝાદી પછી આવો નર્ણય પહેલી વખત જો કોઇ રાજય સરકારે કર્યો હોય તો એ આ રાજયની સરકારે કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આટલેથી અટક્યા નથી પણ અનેક બાબતમાં મહિલા વિકાસની બાબતોમાં વાત કરીએ તો મહિલા દૂધ ઉત્પદક મંડળી જે બનાવેલી હોય એને પ્રોત્સાહિત કરવા માટે દૂધ ઘર બનાવવા માટે ૧ રૂપિયા ભાડામાં ૧૫ વર્ષ માટે ૩૦૦ ચોરસ મિટરનો પ્લોટ આપવાની શરૂઆત પણ આ રાજયની સરકારમાં આદરણીય મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલના શાસનમાં થઇ છે. માનનીય અધ્યક્ષશ્રી, મને એના કરતા વધારે જણાવતા આનંદ થાય છે કે, ૧૯૯૯માં સમગ્ર ગુજરાતમાં ૭૬૦૪ આંગણવાડીઓ હતી. આજે ૨૦૧૪ની સાલમાં તે વધીને ૩૪૮૫૪ જેટલી આંગણવાડીઓ થાય અને આમ ૨૭૨૫૦ આંગણવાડીઓનો વધારો થાય, એટલેથી નહિ અટકતા મને કહેવાનું મન એટલા માટે થાય કે હું જ્યારે ૨૦૦૦માં કોરપોરેશનમાં એક કોરપોરેટર તરીકે ચૂંટાયો ત્યારે મને પણ ખબર નહોતી કે મારા વિસ્તારમાં આંગણવાડી ચાલે છે, અને એ આંગણવાડીમાં શું પ્રવૃત્તિ ચાલે છે એ મને ખબર નહોતી, પણ આ રાજયની સંવેદનશીલ સરકારે આ આંગણવાડીઓને અદ્યતન બનાવવા માટેના પ્રોજેકટની શરૂઆત કરી અને એની અંદર ચાલતી પ્રવૃત્તિ,મને આજે કહેતા ગર્વ થાય, કદાચ કોઇને ખબર નથી પણ આ રાજયની સંવેદનશીલ સરકારના ચૂંટાયેલા પ્રતિનિધિ હોય, મંત્રીશ્રી હોય, અધિકારીઓ

હોય એ દર મહિનાના બીજા ગુરૂવારે પોતાના વિસ્તારની અંદર ચાલતી આંગણવાડીની અંદર જાય અને ત્યાં એમના દ્વારા પ્રિ–મીક્સ કુડથી થતી રસોઇ એ સગર્ભા માતા, ધાત્રી માતાને ખવડાવવામાં આવે અને બાળકોને પૌષ્ટિક આહાર મળે એવી શરૂઆત થઇ. આટલેથી ના અટકીએ એના કરતા વધારે વાત કરીએ કે રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ મુખ્યમંત્રી બન્યા પછી જ્યારે સન્માન સમારંભોમાં જાય ત્યારે ત્યાં મોટી મોટી ભેટસોગાદો અપાતી હતી, શાલ ઓઢાડીને સન્માન થતા હતા, ફુલ અને ગુલદસ્તાથી સન્માન થતા હતા, આ રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ કોઇ કાર્યક્રમમાં ગયા હોય તો તેમનું સન્માન ફ્રુટથી થાય, કઠોળથી થાય, અનાજથી થાય અને કુપોષિત બાળકોને, આંગણવાડીના બાળકોને તેનો લાભ મળે આવો ઐતિહાસિક નિર્ણય જો થયો હોય તો એ આ પહેલી વખત આ રાજ્યની અંદર શરૂઆત થઇ છે. મહિલાઓના ઉત્કર્ષ માટે, મહિલાઓ પોતે ઘરગથ્થું વસ્તુઓ બનાવે અને એના મેળા થાય અને એ મેળાની અંદર અને એમાં પાંચ પાંચ કરોડ રૂપિયાની વસ્તુઓનું વેચાણ થાય એ રીતે મહિલાઓની આજીવિકા માટે આ થયું છે, દૂધ સંજીવની યોજનાની વાત કરું તો છ જિલ્લાના દસ ઘટકોની અંદર ત્રણથી છ વરસના બાળકોને અઠવાડિયામાં બે વખત ફલેવર્ડ ફોર્ટીફાઇડ દૂધ આપવામાં આવે ૬૦૬ આંગણવાડીઓમાં દર વરસે ૪૦૮૦૮ બાળકોને આવું દૂધ આપવાની શરૂઆત થઇ છે, આટલેથી નહિ અટકતા આ રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ પહેલી વખત ૩૩ ટકા મહિલા અનામત એ પોલીસદળની અંદરની શરૂઆત પણ આ રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ કરી છે, આટલેથી નહિ અટકતા મારે કહેવું પડે કે ગુજરાતની છ કરોડની વસતિ હોય અને એમાં અંદાજે પચાસ ટકા મહિલાઓ હોય તો જાહેર જીવનની અંદર, નગરપાલિકા, નગરપંચાયત, જિલ્લા પંચાયતની અંદર પણ પચાસ ટકા મહિલા સીટો આપવાની શરૂઆત પણ આ રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ શરૂઆત કરી એટલે એનું પરિણામ એ આવ્યું "લક્ષ્ય એક સિદ્ધિ અનેક" એવા માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ શરૂઆત કરી, મારે કહેવું પડે કે આંગણવાડીઓની અંદર તિથિ ભોજનની શરૂઆત થાય, આંગણવાડીઓના બાળકોના જન્મ દિવસે કોઇ ભેટ આપે કે કોઇ તિથિ આપે આવી અનેક શરૂઆતો થઇ, આટલેથી નહિ અટકીને આંગણવાડીઓના વર્કરોને રાજ્ય સરકારે "યશોદા માતા"ના એવોર્ડથી સન્માનવાની શરૂઆત કરી અને આંગણવાડીઓના કાર્યકરને રાજય કક્ષાનો ૫૧,૦૦૦નો, જિલ્લા કક્ષાનો ૩૧૦૦૦નો અને ઘટક કક્ષાનો ૨૧,૦૦૦નો અને એવી જ રીતે તેડાગર બહેનને રાજય કક્ષાનો ૩૧,૦૦૦નો, જિલ્લા કક્ષાનો ૨૧,૦૦૦નો અને ઘટક કક્ષાનો ૧૧,૦૦૦નો એવોર્ડ આપવામાં આવે છે.

શ્રી મોહનભાઇ ધ. ઢોડીયા(મહુવા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજ્યપાલ મહોદયશ્રીએ વિધાનસભાના ગૃહ સમક્ષ કરેલા સંબોધનનો આભાર માનવા માટે માનનીય સભ્યશ્રી કેશાજી ચૌહાણ પ્રસ્તાવ લઇને આવ્યા છે અને જે પ્રસ્તાવને શ્રીમતી ભાનુબહેને ટેકો આપ્યો છે તેને મારું અનુમોદન આપવા માટે હું ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને આદિજાતિ વિભાગ પર મારા વિચારો દર્શાવવા માગુ છું. ૨૦૦૭માં આ સન્માનીય ગૃહમાં હું પોતે પણ સભ્ય તરીકે હતો તે સમયે તે સમયના મુખ્યમંત્રી અને આજના દેશના વડાપ્રધાન માનનીય મુરબ્બીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે વનબંધુ કલ્યાણ યોજના ૧૫ હજારનું પેકેજ મૂકવામાં આવ્યુ હતું. અને ૧૫ હજારનું પેકેજ મૂકયા પછી ૧૭ હજાર કરોડ રૂપિયા જેટલા વિવિધ ક્ષેત્રે વાપરવામાં આવ્યા હતા. મને કહેતા આનંદ થાય છે કે, આ દેશના વડાપ્રધાને અને તે સમયના મુખ્યમંત્રીશ્રીએ આદિવાસી સમાજ માટે એથીય ઓછું પડતાં ૨૦૧૨ની સાલમાં પંચવર્ષીય યોજનામાં, વનબંધુ કલ્યાણ યોજનામાં ૪૦ હજાર કરોડ રૂપિયાનું પેકેજ મૂકવામાં આવ્યું છે. સુવર્ણ અક્ષરે તેમનું નામ લખાય એવુ આદિવાસી સમાજ માટે જે આ વિકાસનું બજેટ મૂકયુ અને આજે જે મને કહેતા આનંદ થાય છે કે આદિવાસી સમાજમાં જે વિકાસ થઇ રહ્યો છે. સમગ્ર ક્ષેત્રે શિક્ષણ ક્ષેત્રે જે પ્રથમ પ્રાધાન્ય આપવામાં આવ્યુ અને શિક્ષણમાં જયારે આજે માનનીય રાજયપાલશ્રીએ જે અહીં સંબોધન કર્યુ છે તેમાં આજના પ્રથમ મહિલા મુખ્યમંત્રીને ધન્યવાદ આપું છું. તેમણે આ સમાજની જે ચિંતા કરી છે પહેલા જે ધોરણ ૧ થી ૫માં જે શિષ્યવૃત્તિ જે ૨૫૦/– રૂપિયા મળતી હતી તેમાં સો ટકાનો વધારો કરીને રૂપિયા ૫૦૦/–કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ધોરણ ૧ થી ૬ એની બહેનોને ૭૫૦/–જેટલો વધારો કરવામાં આવ્યો છે. આ પ્રકારે આ શિક્ષણ વિભાગમાં ૧૦૮ કરોડ રૂપિયા જેટલી જોગવાઇ પણ કરવામાં આવેલી છે. મને કહેતા એ આનંદ

થાય છે કે, આશ્રમશાળાઓ, હોસ્ટેલ જેને એક હજાર રૂપિયાના બદલે પંદરસો રૂપિયા જેટલા નિભાવ ગ્રાન્ટનો વધારો કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે ૩૬.૩૦ કરોડ રૂપિયાની જોગવાઇ પણ તેમાં કરવામાં આવેલી છે. મને કહેતા એ આનંદ થાય છે કે, આદિવાસી વિસ્તારની અંદર જે બાળકોને પૂરક પોષણ અને તંદુરસ્તી માટે ૨૬ તાલુકામાં દૂધ સંજીવની યોજના અંતર્ગત પ્રાથમિક શાળાઓમાં ભણતાં સાડા સાત લાખ વિદ્યાર્થીઓને ૨૦૦ મી.લી.દૂધ આપવાની યોજના પણ તેમાં દાખલ કરવામાં આવી છે, ૫૮ કરોડ રૂપિયાની પણ જોગવાઇ કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ થાય છે કે, આ ગતિશીલ ગુજરાતમાં રોજગારી ક્ષેત્રે સ્વાવલંબન અભિયાન હેઠળ ૬૧૬૧ જેટલા આદિજાતિ કુટુંબોને દૂધાળા પશુ પૂરાં પાડવામાં આવેલ છે. ખાસ કરીને મહિલા પશુપાલકોને પ્રાધાન્ય આપવામાં આવેલ છે. અનુસૂચિત જનજાતિ કલ્યાણની વિવિધ યોજના માટે ૧૩૭૭ .૭૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા એ આનંદ થાય છે કે, આદિવાસી વિસ્તારની અંદર અત્યારે જે કૃષિ મહોત્સવ ચાલી રહ્યો છે અને કૃષિ મહોત્સવનો મહદ અંશે જે આદિવાસી સમાજને જે લાભ મળ્યો છે. ખેડૂતો તેનાથી વૈજ્ઞાનિક પદ્ધતિથી ખેતી કરતા થયા છે. સિંચાઇ ટપક પદ્ધતિથી સિંચાઇ કરતા થયા છે અને ભીંડાનો પાક ખેડૂતો  સારામાં સારો મેળવતા થયા છે. એના લીધે આર્થિક રીતે ઉન્નત મસ્તકે જીવન જીવે એ દિશા તરફ આદિવાસી સમાજના ખેડૂતો જઇ રહ્યાં છે. મને કહેતા એ આનંદ થાય છે કે, સિંચાઇ ક્ષેત્રે સામૂહિક પદ્ધતિથી લિફ્ટ ઈરીગેશન બનાવવામાં આવે છે. અને લિફ્ટ ઈરીગેશન બનાવીને તેને ૨૪ કલાક જેટલો પાવર આપવામાં આવે છે જેના કારણે આદિવાસી સમાજના વિસ્તારના ખેડૂતોને પિયત સુવિધા મળી રહે છે. મારું પોતાનું ગામ છે ભાઇ, તમારે જોવું હોય તો મારા પોતાના ગામમાં પાવર આપવામાં આવે છે. મને કહેતા આનંદ થાય છે કે આદિવાસી સમાજના વિસ્તારમાંથી આ સન્માનનીય ગૃહમાં મારા પિતાશ્રી પણ ધારાસભ્ય હતા, અને ૧૫ વર્ષ પૂરા ધારાસભ્ય પદે રહ્યા હતા. મારા પિતાશ્રી કોંગ્રેસમાં હતા એ પણ હું ચોખવટ કરી લઉં. પણ એ ૧૫ વર્ષમાં મારા વિસ્તારમાં માત્ર બે પૂલ બનાવી શકયા હતા. આજે મને કહેતા આનંદ થાય છે કે ૨૦૦૨ થી ૨૦૧૫ સુધીમાં ૧૪ પુલ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે બનાવ્યા છે. મને કહેતા આનંદ થાય છે કે આદિવાસી વિસ્તારમાં શિક્ષણનો અભાવ હતો અને તેના કારણે પ્રવેશ મહોત્સવ કરવામાં આવ્યો અને તે પ્રવેશ મહોત્સવનો મહદ અંશે લાભ અમારા આદિવાસી સમાજને મળ્યો છે. ગરીબ કલ્યાણ મેળાઓ થયા છે તેના કારણે આ સરકારમાં પારદર્શક વહીવટ મળ્યો છે. અને ગરીબ આદિવાસી સમાજને પણ તેનો લાભ મળ્યો છે તેના માટે ધન્યવાદ આપું છું. આ ગતિશીલ ગુજરાતમાં મહિલા મુખ્યમંત્રીશ્રીએ ૩૩ ટકા મહિલાઓને પ્રાધાન્ય આપી અને આદિવાસી સમાજ શિક્ષણમાં જે પાછો પડી રહ્યો હતો તેના માટેના પ્રયત્નો કર્યા છે.

શ્રી  ગ્યાસુદીન હ. શેખ(દરિયાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીના પ્રવચન માટેના આભાર પ્રસ્તાવ ઉપર હું મારા મંતવ્યો રજૂ કરવા માટે આ સન્માનનીય સભાગૃહ સમક્ષ ઉપસ્થિત થયો છું. આ પ્રવચનમાં સરકારે માહિતી અને પ્રસારણ વિભાગની બાબતમાં જે વાત કરી છે કે માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા રાજયમાં થતા મેળાઓ, લોકોને ઉપયોગી બાબતોની જાણકારી લોકો સુધી પહોંચાડવાનું કાર્ય આ વિભાગે કર્યું છે. સોશીયલ મીડીયા આવશ્યક વસ્તુ છે. અને તે ઘણી સારી બાબત છે. પરંતુ સારી બાબતોને બાજુ પર રાખી અને છેલ્લા ઘણા સમયથી હું જોઇ રહ્યો છું કે સોશીયલ મીડીયા, ફેસબૂક, ઈન્ટરનેટ, વોટસ–એપ આ બધા ઉપર એકબીજાના ધર્મની લાગણી દૂભાવવા માટેના પ્રયત્નો કેટલાક લોકો તરફથી થઇ રહ્યા છે. બીજા ધર્મને નીચે દેખાડવા માટેના પ્રયાસો કરી રહ્યા છે. અને આપણે જોયું છે કે હાંસોટમાં જે તોફાનો થયા તેના માટે આ જાતનું સોશીયલ મીડીયા જ જવાબદાર હતું. વડોદરામાં પણ તેની પાછળ સોસીયલ મીડીયા જવાબદાર હતું. કચ્છમાં પણ એ જ થયું હતું. અમદાવાદમાં પણ આ જ પરિસ્થિતિ ઉભી થઇ હતી પણ સદભાગ્યે અમે લોકોએ સાથે મળીને થાળે પડયું હતું. આપણે આપણા ધર્મની સારી વાત મૂકીએ, તેનો પ્રચાર કે પ્રસાર કરીએ, લોકોમાં શાંતિ અને ભાઇચારો પેદા થાય તેવી વાતો મૂકીએ તો તે આવકાર્ય છે. પણ આજે છેલ્લા ૧૨ વર્ષથી જયારે આટલી શાંતિ પ્રવર્તતી હોય ત્યારે અત્યારે સોશીયલ મીડીયા દ્વારા કેટલીક ધાર્મિક લાગણીઓ દૂભાવીને તોફાનો કરવાના પ્રયત્નો થઇ રહ્યા છે તે માટે ઘ્યાન રાખવું જોઇએ. એટલે મારી તો ગંભીરતાપૂર્વક આ બાબતમાં વિનંતી છે કે સુરતમાં એક પત્રકાર મુખ્યમંત્રીશ્રી વિરૂદ્ધ લખે તો સો દિવસ તેમને જેલમાં રહેવું પડે, ભારતના નામાંકિત

અખબારના એડીટર પોલીસ અને સરકાર વિરૂદ્ધ લખે તો તેમની સામે રાજદ્રોહનો કેસ કરવામાં આવે છે, પણ તેમના લખવાથી કોઇ રાજદ્રોહ કે લોકોની એકતા અને ભાઇચારાને નુકસાન નહોતું થવાનું. પણ આજે જે પરિસ્થિતિ થઇ રહી છે એમાં લોકોની લાગણી દૂભાવવાનો પ્રયત્ન થઇ રહ્યો છે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય ગ્યાસુદીનભાઇ, જે મેટર સબજ્યુડીશ હોય તેનો ઉલ્લેખ ટાળો.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : એટલા માટે જે પરિસ્થિતિ નિર્માણ થતી જાય છે એ ગંભીર બાબત છે. આઇ.પી.સી.ની કલમ ૬૫-૬૬ અને ૬૭ હેઠળ ગુના નોંધવામાં આવે છે પરંતુ રાજકીય કારણો હોય કે ગમે તે કારણો હોય આવા તત્વો તાત્કાલિક જામીન ઉપર છૂટી જાય છે. મેં આ અંગે પહેલા પણ રજૂઆત કરી હતી અને માનનીય ગૃહમંત્રીશ્રી સમક્ષ પણ રજૂઆત કરી હતી કે આપણા જે કાયદા છે, એ કાયદા પ્રમાણે મજબૂતીથી એનું પાલન કરીએ અને આપણી અને આપણા રાજયની અંદર શાંતિ અને ભાઇચારો જળવાઇ રહે એ માટેના તમામ પ્રયાસ આપણે સાથે મળીને કરીએ. પણ એના માટે સોશ્યલ મિડિયા ઉપર કન્ટ્રોલ કરવો જોઇએ વિશેષ પગલાં લેવા માટે સરકાર બિલ લાવીને પગલાં લેવાનો પણ પ્રયાસ કરે તેવી હું વિનંતી કરુ છું.

આપના માધ્યમથી હું કહેવા માગું છું કે જે મહિલા સશકિતકરણની વાતો કરવામાં આવે છે. મહિલા સશકિતકરણની વાત કરીએ તો અમદાવાદની અંદર ફકત એક વર્ષમાં ૧૦૦ થી વધારે બળાત્કારના બનાવો બન્યા છે. એક દલિત મહિલાની આજથી ત્રણ દિવસ પહેલા હત્યા કરવામાં આવી છે. રાજયમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જેવું કઇ નથી ગુજરાતમાં રોજ ૫૦ ચોરીના ગુના બને છે. છેલ્લા પાંચ વર્ષમાં ગંભીર ગુનાનું પ્રમાણ વધ્યું છે. ૯૩,૦૨૬ ચોરીના બનાવો, ૬૮૮૦ લૂંટના બનાવો, ૧૨૨૮ ધાડ તેમજ ૨૨૪૩ બળાત્કાર, ૭૪૭૭ અપહરણ અને ૨૫૮૭૧ આપઘાતની ઘટનાઓ આ રાજયમાં બની છે.

કાલે મારો પ્રશ્ન સમાજ કલ્યાણ બાબતનો હતો એની અંદર મેં સવાલ કર્યો હતો કે ગુજરાતના લઘુમતી સમાજના વિકાસ માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે. મામૂલી ૧૧૦ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી હતી એની અંદર પણ ફકત ૧૯.૫૩ કરોડ રૂપિયા જ ખર્ચ કરવામાં આવ્યો છે. મુસ્લિમ સમાજના વિદ્યાર્થીને લઘુમતી સમાજના વિદ્યાર્થીને પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ લેવી હોય તો હાઇકોર્ટ અને સુપ્રીમ કોર્ટ સુધી એને રોકવા માટે જાય. મારે દુઃખ સાથે કહેવું છે કે પહેલા ભારતીય જનતા પાર્ટીની એક વસ્તુ માટે સરાહના કરતા હતા કે ભારતીય જનતા પાર્ટી આવી ત્યારથી મુસ્લીમ સમાજમાં ગુનાખોરીનું પ્રમાણ ઘટયું છે, પરંતુ મારે બહુ દુઃખ સાથે કહેવું છે કે અમને પ્રિ-મેટ્રિક સ્કોલશીપ નથી મળતી છોકરાઓના વિકાસ માટે કોઇ કાર્યક્રમ નથી મળતા. સૌનો સાથ અને સૌના વિકાસની વાત થતી હોય એમાં મુસ્લીમ સમાજનો વિકાસ નથી થતો પણ એમાં મુસ્લીમ બુટલેગરોને દારૂ જુગારના અડ્ડા આપવામાં થાય છે. અમે સલામ કરતા હતા મેં એક વખત વિધાનસભામાં કહ્યું છે કે ભારતીય જનતા પાર્ટીના આવ્યા પછી મુસ્લીમ સમાજ હોય કે હિંદુ સમાજ હોય ગમે તે હોય આ બદીને આપણે રોકવી જોઇએ. આટલી બધી રજૂઆતો થાય, વિધાનસભાની અંદર આટલા બધા હોબાળા થાય, વોકઆઉટ થાય પરંતુ આજે પણ અમદાવાદની અંદર દારૂ જુગારના અડ્ડાઓ ચાલી રહ્યા છે, ચાલી રહ્યા છે. ગાંધીનગરથી તમે કોઇક એવી વ્યવસ્થા ઉભી કરો લોકો જયારે એની રજૂઆત કરે છે લોકો પોલીસ કન્ટ્રોલ રૂમમાં ફોન કરે છે, પાલીસ કન્ટ્રોલ રૂમમાં ફોન થયા પછી તરત બુટલેગરને જાણ કરી દેવામાં આવે છે અને પોલીસ દ્વારા ત્યાં નીલ પંચનામાં કરવામાં આવે છે. આ વસ્તુ અટકવી જોઇએ. ગુનાખોરીની બાબતમાં અગાઉના થોડા સમય સુધી એક સારો કન્ટ્રોલ રહ્યો હતો પરંતુ છેલ્લા ઘણા સમયથી ગુનેગારો બેફામ થયા છે, પરિસ્થિતિ તો એવી છે કે અમદાવાદની અંદર બહેનો રણચંડી બનીને બહાર આવે છે. બુટલેગરોની સામે પગલાં લેવાની જગ્યાએ જે લોકો વિરોધ કરે છે એમની સામે પગલાં લેવામાં આવે છે. સીધા ટીયરગેસના સેલ મારવામાં આવે છે અને વિરોધ કરનારને મારી નાખવામાં આવે છે. હવે પરિસ્થિતિ એવી નિર્માણ થઇ છે કે ગૃહ વિભાગના ઉચ્ચ અધિકારીઓ મુખ્યમંત્રી કાર્યલયમાં બેસીને અધિકારીઓના બદલીઓના નિર્ણય લેતા હોય છે. એટલે સ્થિતિ એવી છે કે પી.આઇ. કક્ષાના અધિકારીઓ ઉચ્ચ અધિકારીઓ હોય પોલીસ કમિશ્નર કે એનાથી નીચેના અધિકારીઓના હુકમ માનતા નથી. હું આપના માધ્યમથી કહેવા માગું છું કે જે ફરિયાદો પોલીસ કન્ટ્રોલ રૂમમાં આવે છે એનો ચૂસ્તપણે પાલન થાય અને એવી કોઇ વ્યવસ્થા ગાંધીનગરથી ગોઠવવામાં આવે કે જે લોકો છે એ પોતાની ફરિયાદ અહીંયા કરે એનું નામ ગુપ્ત રહે અને એ રહ્યા પછી કેટલી કાર્યવાહી થઇ અને કેટલા

પગલાં લેવામાં આવ્યા જયાં સુધી આ વાત માટે કોઇ સિસ્ટમ ગોઠવવામાં નહિ આવે ત્યાં સુધી આ ગુનાખોરીનું પ્રમાણ ઘટવાનું નથી.

શ્રી અરવિંદભાઇ કે. લાડાણી(કેશોદ) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહની અંદર મહામહિમ રાજયપાલશ્રીએ ગુજરાતની વિધાનસભા સમક્ષ રજૂ કરેલા પ્રવચન ઉપર માનનીય સભ્યશ્રી કેશાજી ચૌહાણે પ્રસ્તાવ રજૂ કર્યો અને જેને બહેનશ્રી ભાનુબેને ટેકો આપ્યો છે એમાં હું પણ મારો સૂર પૂરાવું છું અને એના ઉપર મારા વિચારો રજૂ કરું છું.

આ ગતિશીલ ગુજરાત પ્રગતિશીલ ગુજરાત રાજયમાં માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ અને એમની મંત્રીમંડળની ટીમ દ્વારા ગુજરાતને વિકાસના પંથ પર આગળ લઇ જાય છે, એના એક વર્ષના લેખા જોખા રાજયપાલશ્રીના પ્રવચનના સાંભળવાના બદલે આ ગૃહને દૂષિત કરવાનું કામ ગૃહના અમુક સભ્યશ્રીઓએ કર્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, આ ગતિશીલ ગુજરાતમાં મહામહિમ્ રાજયપાલશ્રી કોહલી સાહેબનું પ્રવચન ચાલુ હોય ત્યારે આ કોંગ્રેસના મિત્રો ગૃહની શાંતિ ડહોળવાનો પ્રયત્ન કરે, આ ગૃહમાં મહામહિમ્ રાજયપાલશ્રીનું પ્રવચન ચાલુ હોય ત્યારે આ કોંગ્રેસના સભ્યશ્રીઓ દ્વારા કાગળના ગોળા ફેંકીને તેમને અપમાનિત કરવામાં આવે અને અધ્યક્ષશ્રીનું પણ અપમાન કરવામાં આવે. આ સંસદીય પ્રણાલિનો ભંગ કરીને પોતાની પાર્ટીના સંસ્કારોનું પ્રદર્શન કરી આ કોંગ્રેસના મિત્રોએ જે કામ કર્યું છે તે ખૂબ જ નિંદનીય અને દુઃખભર્યું કામ છે તે આપણાં ગુજરાતના સંસ્કારને શોભે નહીં. આ ગતિશીલ ગુજરાતમાં મહામહિમ્ રાજયપાલશ્રીના પ્રવચનમાં લોકસંવાદ સેતુ, ચિંતન શિબિર, વંચિતોનો વિકાસ, આરોગ્ય વિભાગ, શિક્ષણ વિભાગ, વિદ્યાલક્ષ્મી બોન્ડ, મધ્યાહ્ન ભોજન, પ્રજ્ઞા વર્ગ, માધ્યમિક શિક્ષણ, કર્મયોગી વ્યવસ્થાપન, શ્રમ અને રોજગાર, મહિલા અને બાળ વિકાસ, મહિલા સશક્તિકરણ, જળસંપત્તિ, સરદાર સરોવર યોજના, પાણી પુરવઠો, કૃષિ અને સહકાર વિભાગ, પશુપાલન અને ડેરી વિકાસ, મત્સ્યોદ્યોગ, ગ્રામવિકાસ, સરદાર પટેલ આવાસ યોજના, શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ, મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન, મિશન મંગલમ્, માર્ગ અને મકાન, વાહનવ્યવહાર, બંદરો, કાયદો અને વ્યવસ્થા, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ, ઉદ્યોગ અને પ્રવાસન, નાગરિક ઉડ્ડયન, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી, મહેસૂલી વહીવટ, વન અને પર્યાવરણ, માહિતી, રમતગમત, ન્યાયવ્યવસ્થા જેવા અનેક વિભાગોની માહિતી માનનીય રાજયપાલશ્રીના પ્રવચનમાં આપી છે. આમાંથી હું ફક્ત દેવસ્થાન અને યાત્રાધામ વિશે સમય અનુસાર ટૂંકી માહિતી રજૂ કરું છું.

આપણાં આ ગતિશીલ ગુજરાતમાં પવિત્ર યાત્રાધામોની મુલાકાતે આવતા યાત્રાળુઓને માળખાકીય સુવિધાઓ પૂરી પાડવા સારા રસ્તાઓ, સ્વચ્છ પીવાના પાણીની વ્યવસ્થા, આરામ કરવા માટે આરામગૃહની વ્યવસ્થા, બ્યુટિફિકેશન, લોજ, ડિજીટલ સિકયોરિટી અને યાત્રી સુવિધા સંકુલોની વ્યવસ્થાનું આયોજન કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આમ તો આ ગતિશીલ ગુજરાતમાં પ્રગતિશીલ ગુજરાત, આપણું આ સંસ્કારી ગુજરાત અને આ ધર્મપ્રિય જનતાનું ગુજરાત, જયાં ધર્મ, સંસ્કૃતિ અને વિશ્વાસના પ્રતિક એવા દેવ, દેવસ્થાનો અને દેવાલયો એ આપણાં ગુજરાતની શોભા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારે આ શોભામાં વધારો કરવા માટે આ આસ્થાના પ્રતિક એવા દેવાલયોમાં જતા યાત્રાળુઓ માટે ખૂબ સુવિધાઓ ઉભી કરી છે. પૈરાણિક વસ્તુઓની જાળવણી કરી છે. તેમને સુરક્ષિત કરી દુનિયાભરમાંથી આ દેવાલયોમાં આવતા અનેક શ્રદ્ધાળુઓમાં વિશ્વાસની હેમ પૂરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું જે વિસ્તારમાંથી આવું છું તેની બાજુમાં આ દેશનું એક મુખ્ય મંદિર, સોમનાથ દાદાનું મંદિર આવેલ છે. જે એક દ્વાદશ જયોર્તિલીંગથી પ્રખ્યાત છે. આ સોમનાથ મહાદેવના મંદિરનો પણ ગુજરાત સરકાર દ્વારા કરોડો રૂપિયાના ખર્ચે વિકાસ થયો છે અને હજુ પણ ૧૨૧ એકર જગ્યામાં શિવસૃષ્ટિ તેમજ ૧૫૧ ફૂટની શિવજીની પાણીમાં બેઠેલી મૂર્તિની શિલ્પકૃતિ બની રહી છે અને પોણા બે કિલોમીટરનો હરિહર પથ તથા ગુફા બ્યુટિફિકેશનની કામગીરી પણ હાલ સોમનાથ મંદિરમાં ચાલુ છે. આવી રીતે દ્વારકા જગત મંદિરની સામે અંદાજીત ૧૬૧ એકર જમીનને ધ્યાને લઇને શ્રી કૃષ્ણની પ્રાચીન દ્વારકા અને ડાકોરમાં ગોમતીઘાટના બ્યુટિફિકેશન તથા પાર્કીંગઝોન જેવી સુવિધાઓ ઉપલબ્ધ થાય તે માટે ‘ સૌનો સાથ સૌનો વિકાસ’ સાર્થક કરતા ગુજરાતમાં સર્વાંગી વિકાસના કામોનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણાં ગુજરાતની અંદર અંબાજીધામના સર્વાંગી વિકાસ માટે અંદાજીત રૂપિયા ૪૨૫ કરોડ ઉપરાંતના કામો હાથ ધરવામાં આવ્યા છે. જેમાં મહત્તમ પ્રોજેકટો પૂર્ણ થયા છે. તેમાં આધશકિત નિર્માણ પરિક્રમા પથ, એડવેન્ચર પાર્ક, ફોટોગેલેરી, થ્રીડી ફિલ્મ અને થિયેટર અને અંબાજી મંદિરનું વિસ્તૃતિકરણ અને બ્યુટિફિકેશન તથા ૨૦૦ બેડની હોસ્પિટલ બનાવવાનું કામ આમાં થયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા પૂર્વેના વક્તા ગ્યાસુદીનભાઇ એમ કહે છે કે ૧૨ વર્ષથી આ ગુજરાતમાં શાંતિ જળવાઇ રહી છે, બીજી જ મિનિટે એવું કહે છે કે આ ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થા નથી. જો કાયદો અને વ્યવસ્થા ગુજરાતમાં ન હોય તો ૧૨ વર્ષથી શાંતિ કેવી રીતે જળવાઇ હોય? આ બોલવું બીજું છે, કહેવું બીજું છે અને કરવું બીજું છે. હું એમ કહું છું કે કેશાજીભાઇ જે આભાર પ્રસ્તાવ લાવ્યા છે અને ભાનુબહેને જેને ટેકો આપ્યો છે તેને પૂરેપૂરું સમર્થન આપું છું અને આ ગૃહને વંદન કરું છું.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી (રાજ્ય કક્ષાના જળસંપત્તિ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં મહામહિમ રાજ્યપાલશ્રી રાજ્ય સરકારની કામગીરીની વિગતો લઇને આવ્યા છે અને આ ગૃહ સમક્ષ એમનું મનનીય પ્રવચન રજૂ કર્યું અને પ્રવચનની ઉપર આભાર વ્યક્ત કરતો પ્રસ્તાવ લઇને ગૃહના સન્માનનીય સભ્યશ્રી કેશાજી લઇને આવ્યા છે અને સભ્ય શ્રીમતી ભાનુબેન બાબરીયાએ એમને સમર્થન આપ્યું છે, આ પ્રસ્તાવ ઉપર મારા પક્ષના અને સાથી પક્ષના અને વિદ્વાન સભ્યોએ પોતાના વિચારો વ્યક્ત કર્યા છે અને સૂચનો પણ કર્યા છે. હું પણ મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ત્રણ દિવસથી ચર્ચા ચાલે છે. આ રાજ્યમાં જે વિકાસ અને એનું દર્શન જ્યારે અભિભાષણોમાં થતું હોય ત્યારે સ્વાભાવિક છે કે ગુજરાતનું હૈયે હિત હોય એણે વિચારો મૂકવા જોઇએ અને સાંભળવા જોઇએ. પણ મારે દુઃખ સાથે કહેવું છે કે, આવું બન્યું નથી. આજે મારા સાથી પક્ષના સભ્યોએ જે વિચારો વ્યક્ત કર્યા, શ્રી શકિતસિંહ અહીં ઉપસ્થિત નથી, બીજા સભ્યો ઉપસ્થિત છે, છેલ્લે શ્રી ગ્યાસુદ્દીનભાઇ બોલ્યા અને એમણે સૂચનો સારા કર્યા. આ સરકાર એમના સૂચનોનો સ્વીકાર કરે છે. પરંતુ એમણે એમ કહ્યું કે, આ સરકાર લઘુમતિઓ માટે કોઇપણ પ્રકારની એકદમ ઓછી વિકાસ માટેની જોગવાઇ કરે છે.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, આ દેશના પ્રધાનમંત્રી અને આ રાજ્યના ભૂતપૂર્વ મુખ્યમંત્રીશ્રીએ આ રાજ્યના વિકાસનો એજન્ડા મૂક્યો ત્યારે રાજ્યની અંદર વિકાસ થશે ૬.૫ કરોડ જનતાનો. સૌનો સાથ સૌનો વિકાસ. આ મહામંત્ર સાથે ગુજરાતનો વિકાસ થઇ રહ્યો છે. મારે માનનીય સભ્યશ્રીઓને પૂછવું છે કે, આ રાજ્યની અંદર રસ્તાઓ થયા, આ રાજ્યની અંદર પાણીની સુવિધાઓ થઇ, આ રાજ્યની અંદર ઇલેક્ટ્રીસીટીની સુવિધા થઇ, આ રાજ્યની અંદર શિક્ષણની સુવિધા થઇ, આ રાજ્યની અંદર આરોગ્યની સુવિધા થઇ. એ શું માત્ર બહુમતિ અને લઘુમતિ માટે છે? ગુજરાતની ૬.૫ કરોડ જનતા માટે આ વિકાસ થયો છે ત્યારે તૃષ્ટીકરણની નીતિ અપનાવીને માત્ર મત મેળવવાની વાત નથી. મતને ધ્યાનમાં રાખીને નહીં પણ માણસને ધ્યાનમાં રાખીને વિકાસ કર્યો છે. મિત્રો, બહુ થયું. મતને ધ્યાનમાં રાખીને વિકાસનો અભિગમ હતો એ દેશની જનતાએ સ્વીકાર્યો નથી. મને આજે ખ્યાલ છે, શ્રી રાઘવજીભાઇ ખૂબ ઉત્સાહમાં હતા અને આપણને એમ થાય કે, એમનો હાથ છૂટો ન પડી જાય તો સારું. દેશમાંથી તો હાથ છૂટો પડી ગયો છે પરંતુ રાઘવજીભાઇએ ખેડૂતોની ચિંતા કરી, મારે રાઘવજીભાઇને કહેવું છે કે ૨૦૧૦માં દુનિયાની માર્કેટની અંદર ખેડૂતની કપાસની જબરજસ્ત ડીમાન્ડ હતી, ૨૦૧૦-૧૧ની અંદર દુનિયાના માર્કેટમાં કપાસની જબરજસ્ત ડીમાન્ડ હતી, આ દેશના ખેડૂતો એમનો કપાસનો ભાવ પૂરો લઇ શકે એવી સ્થિતિ હતી, નિકાસના અનેક ઓર્ડરો આ દેશની અંદર હતા, પરંતુ એ વખતે આંતરરાષ્ટ્રીય માર્કેટમાં કપાસની જબરજસ્ત ડીમાન્ડ હોવા છતાંય મારે રાઘવજીભાઇને પૂછવું છે કે એ વખતે એકસપોર્ટ ઉપર પ્રતિબંધ કેમ મૂકયો હતો? કયાં ગયા હતા ખેડૂતો? કયાં ગઇ હતી ખેડૂતની ભાવનાઓ? ખેડૂતોનું ગળુ ઘોંટવામાં આવ્યું હતું. એ વખતે જો રાઘવજીભાઇ બોલ્યા હોત તો એ વખતે મને આનંદ થાત.

માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહની અંદર શકિતસિંહજીભાઇએ પણ ઘણી પોતાની વાતો મૂકી. સ્વાઇન ફલૂની વાતો મૂકી, આ હાઉસની અંદર એનો જવાબ અપાઇ ગયો છે એટલે જવાબ આપવાની જરૂરિયાત નથી. પણ એમણે એક શબ્દનો ઉપયોગ કર્યો, કે આ રાજયપાલશ્રીના પ્રવચનની અંદર મને સત્યનો રણકાર દેખાતો નથી. એમણે આ શબ્દનો ઉપયોગ કર્યો. નહીં દેખાય, સત્યનો રણકાર નહીં દેખાય, કારણ કે

એમની સત્યની પરિભાષા જુદી છે અને અમારી સત્યની પરિભાષા જુદી છે એટલે એમને સત્ય નહીં દેખાય, એમની સત્યની પરિભાષા એવી હતી કે દેશ આઝાદ થયો, ગરીબોના વિકાસની વાત નહીં, એમની નીતિઓ એવી હતી કે ગરીબો સરકારની પાસે ભીખનું શકોરું લઇને જાય, આ એમની સત્યની પરીભાષા હતી, જયારે અમારી પરીભાષા છે ગરીબો સ્વયં વિકાસ કરે અને એનો રણકાર રાજયપાલશ્રીના પ્રવચનમાં જોવા મળ્યો છે. એમની સત્યની પરિભાષા હતી ખેડૂતો જો કોઇ પોતાની માગણીઓ લઇને આવે, વ્યાજબી માગણીઓ તો એમની સત્યની પરિભાષા હતી કે એમની માગણીઓ સંતોષવી નહીં પણ એમને ગોળીઓ આપવી, જયારે અમારી સત્યની પરિભાષા છે કે જયારે કપાસના ભાવ તૂટયા હોય, ખેત પેદાશના ભાવ ઓછા આવ્યા હોય અને ખેડૂતોની વ્યાજબી માગણી આવી હોય ત્યારે ૧૧૦૦ કરોડ રૂપિયાનું પેકેજ આપીને એમને સહાયભૂત થવાની અમારી સત્યની પરિભાષા છે એ એમને નહીં સમજાય. એમની સત્યની પરિભાષા હતી શ્રમિકોને માટે, એમના હાથમાં બેડીઓ પહેરાવવાની, એ એમની સત્યની પરિભાષા હતી, જયારે અમારી સત્યની પરિભાષા છે શ્રમિકોને મુકત અહેસાસ થાય, મુકિતનો અહેસાસ થાય એવી અમારી પરિભાષા છે, નહીં સમજાય એમની સત્યની પરિભાષા હતી મહિલાઓનું શોષણ કરવું જયારે અમારી સત્યની પરિભાષા છે મહિલાઓનું પોષણ કરવું. એમની સત્યની પરિભાષા હતી યુવાનોનું રૂંધામણ જયારે અમારી સત્યની પરિભાષા છે યુવાનોનું મુકત ઉડાન. એમની સત્યની પરિભાષા હતી વંચિતો માટે કેમ પીડાઓ ઉભી થાય જયારે અમારી પરિભાષા છે વંચિતો માટે કેવી રીતે સુખનું વાતાવરણ ઉભું થાય. એમની સત્યની પરિભાષા હતી અંતિમોનો અસ્ત, જયારે અમારી સત્યની પરિભાષા છે અંતિમનો ઉદય, એમની સત્યની પરિભાષા હતી વચેટીયાઓનું રાજય, શિક્ષકની ભરતી કરવી, વચેટીયો, બદલી કરવી વચેટીયો, નોકરી જોઇએ, વચેટીયો, ટેન્ડર પાસ કરાવવું વચેટીયો, આ એમની સત્યની પરિભાષા હતી. જ્યારે અમારી સત્યની પરિભાષા છે, પ્રજાને એમ લાગે કે આ મારું પોતાનું રાજ છે. એમના સત્યની પરિભાષા હતી અંધારિયું રાજ, જ્યારે અમારી સત્યની પરિભાષા છે ઝળહળતું પ્રકાશિત ગુજરાત. એમની સત્યની પરિભાષા હતી થંભી ગયેલ રાજ્ય, જ્યારે અમારી સત્યની પરિભાષા છે વાયબ્રન્ટ અને ગતિશીલ ગુજરાત. આ એમને નહીં સમજાય, આ નહીં દેખાય. એમની સત્યની પરિભાષા હતી ભયયુક્ત શાસન જયારે અમારી સત્યની પરિભાષા છે ભયમુક્ત શાસન. એમની સત્યની પરિભાષા હતી ભ્રષ્ટ શાસન, જ્યારે અમારી સત્યની પરિભાષા છે પારદર્શક શાસન. એમની સત્યની પરિભાષા હતી બિમાર શાસન, જ્યારે અમારી સત્યની પરિભાષા છે તંદુરસ્ત શાસન. એમની સત્યની પરિભાષા હતી સત્તા કેન્દ્રિત શાસન, જ્યારે અમારી સત્યની પરિભાષા છે સેવા કેન્દ્રિત શાસન. એમની સત્યની પરિભાષા હતી કે રમતોમાં સતત હારવું, હારતું શાસન, જ્યારે અમારી સત્યની પરિભાષા છે રમતમાં સતત જીતવું, જીતતું શાસન, જીતતું રાજ્ય. આથી માનનીય શ્રી શકિતસિંહભાઇએ જેમ કહ્યું કે મને આમાં સત્યના દર્શન થતાં નથી. આ બાબતમાં એમની જે સત્યની પરિભાષા છે એ બાબતે એમને સાચા કહેવા પડે. એમની સત્યની પરિભાષા હતી આપણો અને આપણાઓનો વિકાસ, જ્યારે અમારી સત્યની પરિભાષા છે સહુનો સાથ, સહુનો વિકાસ. આ સત્યના રણકાર સાથે આ સત્ય વિશેની વાત કરી છે ત્યારે મેં જે અહીંયા વાત કરી એ અંગે બીજા વિષયો મૂકવા માગું છું.

ગઇકાલે અમારા મંત્રીશ્રી વિજયભાઇએ ખૂબ વાતો કરી અને એમણે વાયબ્રન્ટ ગુજરાત, રળિયામણું ગુજરાત, નિર્મળ ગુજરાત, ગુજરાત અત્યારે જે ખરેખર દ્રષ્ટિગોચર થઇ રહ્યું છે એનું લાંબું લિસ્ટ મૂક્યું પણ એમાં હું એક બાબત ઉમેરવા માગું છું અને એ છે માનવીય ગુજરાત. આ માનવીય ગુજરાતની અમારા સત્યની પરિભાષા છે, એના વિચારો અમને પંડિત દીનદયાળજીના માનવ એકાત્મવાદના સિદ્ધાંતો થકી મળ્યાં છે. પંડિતએ જે અમને વિચાર આપ્યો છે કે અંતિમ વ્યક્તિ એ આપણું પહેલું લક્ષ હોવું જોઇએ. દરેક વ્યક્તને વિકાસની તક આપવી જોઇએ. દરેક વ્યક્તિ વિકાસનો અધિકારી હોવો જોઇએ અને એટલે જ આ વિષયના અધિકાર માટે અમે અમારું જે આ સમાજનું પહેલું એકમ છે એ વ્યક્તિ છે. વ્યક્તિથી ઉપર ઉઠીને સમાજ, સમાજથી ઉપર ઉઠીને રાષ્ટ્ર અને રાષ્ટ્રથી ઉપર ઉઠીને માનવતા. માનવતાની દિશા તરફ જનાર આ ગુજરાતનું શાસન અને આ શાસનની ભાવના માનનીય રાજ્યપાલશ્રીના પ્રવચનમાં વ્યક્ત થયેલ છે. દુનિયાની અંદર પણ અત્યારે અંતિમ વ્યક્તિને લક્ષમાં રાખીને શાસન વ્યવસ્થા ઉભી કરવાની નેમ છે, ત્યારે યુનાઇટેડ મિશનના મિલેનિયમ ડેવલપમેન્ટ ગોલમાં પણ વિશ્વની દરેક વ્યક્તિને એના આરોગ્ય, શિક્ષણ અને જીવવા માટેના અધિકારની વાત કરવામાં આવી છે અને એનો સ્વીકાર કરવામાં આવ્યો છે. આ રાજયમાં પણ આ ડેવલપમેન્ટ

ગોલને ધ્યાનમાં રાખીને જનહિતને લક્ષમાં રાખીને શાસન કરીએ છીએ. જે નીતિઓ ઘડાય છે એ માત્ર ને માત્ર અંતિમ વ્યક્તિને ધ્યાનમાં રાખીને ઘડાય છે. ગરીબોને માત્ર ઉપરથી સહાય આપીને કાયમ આપણા ઓશિયાળા રહે એ પ્રકારની અમારી નીતિ નથી. ગરીબ પોતે પોતાની રીતે કેવી રીતે પોતાના પગ ઉપર ઉભો રહે, અને ગરીબ પોતે કેવી રીતે સ્વાવલંબી બને એ પ્રકારની અમારી નીતિ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મફતમાં તમે આપો એ કેટલો સમય ટકે? તમે આપતાં રહો, આપતાં રહો, આપતાં રહો તો એનો ક્યારેય વિકાસ ના થાય પણ તમે એવું આપો ગરીબોને કે પોતે સ્વયં ઊભો થઇ જાય. પોતાના પગ અને બાવડા મજબુત કરે અને પોતે દોડવા લાગે આ રીતની નીતિ અમારી રાજ્ય સરકારની છે અને એ નીતિઓનો પડઘો આ રાજ્યપાલશ્રીના પ્રવચનની અંદર આપણને જોવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા દેશના પ્રધાનમંત્રીશ્રી મોદી સાહેબ ઘણી વખત કહેતાં કે– આ રાજ્યનું શાસન જે છે એમાં મીનીમમ ગવર્નમેન્ટ અને મેકસીમમ ગવર્નન્સ. આ મીનીમમ ગવર્નમેન્ટની અંદર **''સૌનો સાથ, સૌનો વિકાસ''**નું દર્શન થાય છે. આ રાજ્યનું શાસન જે છે એ પ્રજા માટે છે. પ્રજાને એવો અહેસાસ થવો જોઇએ કે આ શાસનની સાથે હું જોડાયેલો છું અને આ શાસન મારા માટે કામ કરે છે અને હું શાસનનો એક હિસ્સો છું અને છેલ્લે તો એવો ભાવ પેદા થાય કે હું પોતે શાસન કરી રહ્યો છું અને એટલે થોડાક રાજકારણીઓ, થોડાક અધિકારીઓ કે થોડાક વચેટિયાઓ દ્વારા શાસન ચાલતું એ મેકસીમમ ગવર્નન્સ શાસન ના કહેવાય અને આવા શાસનના દર્શન અને અમલ જે રાજ્ય સરકારે કર્યો છે એનું દર્શન, એનો પ્રતિઘોષ આ રાજ્યપાલશ્રીના પ્રવચનની અંદર આપણને જોવા મળે છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિકાસ એ એક એવી ચીજ છે કે એનો આકાર એ પ્રજા પોતે આપતી હોય છે અને ગુજરાતનો વિકાસ એ પ્રજાએ આપેલો વિકાસ છે. હમણાં અમારા સન્માનનીય આ ગૃહના સભ્ય વી. વી. વઘાસીયાએ એક વાત કરી કે– આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો. તાલુકા સરકાર. રાજ્ય સરકાર નહિ, જિલ્લાની સરકાર નહિ તાલુકા સરકાર અને તાલુકા સરકારથી નીચે ગ્રામ્ય સરકાર. આ અભિગમ સાથે જ્યારે આ રાજ્ય સરકારે કામ કર્યું છે ત્યારે અને આપણને જે દિશા આપી છે. માનનીય માજી મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે અને અત્યારના ગતિશીલ ગુજરાતના પ્રણેતા આનંદીબેન પટેલ એ આખી નીતિને આગળ લઇ જઇ રહ્યાં છે. વિકાસનો જે પાયો છે એ પાંચ શક્તિ ઉપર માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇએ નાંખેલો. એમાં જળ શક્તિ, ઊર્જા શક્તિ, જન શક્તિ, જ્ઞાન શક્તિ અને રક્ષા શક્તિ. આ પાંચ પાયાના આધાર ઉપર, મજબુત પિલર ઉપર જ્યારે ગુજરાતનો વિકાસ કર્યો છે ત્યારે મારે જળ શક્તિની વાત કરવી છે. મારે માનનીય રાઘવજીભાઇને પૂછવું છે કે– નરેન્દ્રભાઇના શાસનમાં અને માનનીય મુખ્યમંત્રીશ્રી આનંદીબેનના શાસનમાં જેટલા ચેકડેમો થયા એટલા ચેકડેમો આઝાદી પછીના કોંગ્રેસના શાસનમાં થયા છે ખરા? મારે પ્રશ્ન બીજો પૂછવો છે કે– આ ૧૨–૧૫ વર્ષની અંદર ચેકડેમો થયા એટલે આ નદીઓ, નાળાઓ, વોકળાઓ શું આ ૧૫ વર્ષની અંદર અસ્તિત્વમાં આવ્યાં છે? નહિ, વોકળાતો હતાં જ, નદીઓ તો હતી જ. વરસાદનું પાણી ખેતરમાં આવતું અને ખેતરનું પાણી વોકળાંમાં જતું અને વોકળાંમાંથી નદીઓમાં જાતું અને નદીઓમાંથી સાગરમાં વહી જતું હતું અને ખેડૂત એ નજરે જોઇ રહ્યો હતો. આ ખેડૂતોએ નરેન્દ્રભાઇને રજૂઆત કરી કે, સાહેબ, આ વોકળા અને નદીઓ ઉપર જો આપ ચેકડેમ બનાવો તો એ ચેકડેમથી પાણી રોકાશે અને પાણી રોકાશે અને એ પાણી જમીનમાં જાશે એનાથી અમારા તળ ઊંચા આવશે અને અમારી ખેતી સમૃદ્ધ થશે. તમે આ ચેકડેમ માટે સહાય કરો અને એ વખતે ૬૦ : ૪૦ની યોજનામાં પ્રજાના હાથમાં આ પૈસા મૂક્યાં અને કીધું કે– સરકારની આ તિજોરી તમારા માટે ખુલ્લી છે અને તમે ચેકડેમ બનાવો. ચેકડેમ બન્યાં. તળના પાણી ઉપર આવ્યાં. ખેડૂતો સમૃદ્ધ થયા. એ માટે ખેડૂતોની મહેનત અને પસીનો તો છેજ. પ્રજાનો પસીનો તો છેજ. રાજ્યના વિકાસમાં પણ ખેડૂત અને રાજ્ય સરકારનો સહયોગ એની અંદર મુખ્ય ભાગ ભજવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના સ્ત્રી સશક્તિકરણની વાત. આમાં કદાચ કોઇ સભ્યને ગમતું હોય કે ના ગમતું હોય.સ્ત્રી સશક્તિકરણની વાત, નોકરીઓમાં ત્રીસ ટકા મહિલાઓને અનામત, શાસનમાં પચાસ ટકા મહિલાઓને અનામત, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં પચાસ ટકા મહિલાઓને અનામત આ વાત એ માત્ર ચૂંટણીલક્ષી નથી. સમાજનો એક પચાસ ટકા વર્ગ અને એ શાસનથી વિલુપ્ત રહે એ કેવી રીતે પોસાય ? દરેક વ્યક્તિને એમ લાગવું પડે, સમાજના તમામ વર્ગોને, તમામ ગ્રુપોને એમ લાગવું પડે કે શાસનમાં અમે ભાગીદાર

છીએ. એટલે પચાસ ટકા મહિલા અનામત આપી અને મહિલાઓને એવો અહેસાસ આ શાસન કરાવે છે કે, રાજયની પ્રત્યેક મહિલાઓને એમ લાગે અને મોદી સાહેબનું જે સૂત્ર છે કે, 'સૌનો સાથ, સૌનો વિકાસ', આ શાસન અમારું છે એટલે શાસનમાં ભાગીદારીની આ વાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, 'મુખ્યમંત્રી અમૃતમ્ યોજના', 'મુખ્યમંત્રી વાત્સલ્ય યોજના', હવે 'મુખ્યમંત્રી અમૃતમ્ યોજના' અને 'મુખ્યમંત્રી વાત્સલ્ય યોજના'માં જો એમને સત્યનો અંશ ન દેખાતો હોય તો આનાથી બીજું મોટું સત્ય શોધવા જવું ક્યાં ? આજે સમાજની અંદર એક ગરીબ પરિવાર, એક બી.પી.એલ. પરિવાર એના પરિવારની અંદર રોજનું રળતો હોય, રોજનું ખાતો હોય. ખાવામાં કદાચ એને થોડી તૂટ પડતી હોય અને આવી પરિસ્થિતિની અંદર એવા પરિવારમાં કોઇ એવો આરોગ્ય માટેનો મોટો ખર્ચ આવી પડે, કોઇને કેન્સર થયું હોય, કિડની ક્યાંક ફેઇલ થઇ હોય, હૃદયનું ક્યાંક ઓપરેશન કરવાનું હોય, અકસ્માત થયો હોય તો એ આવા પરિવારને મોટા દવાખાનાની અંદર સારવાર કરી શકે નહીં એમને મૃત્યું પસંદ કરવું પડે.

માનનીય અધ્યક્ષશ્રી, મુખ્યમંત્રી વાત્સલ્ય યોજના હમણાં આ સભાગૃહમાં કહેવામાં આવ્યું હતું કે, તુમ્હારે પાસ ક્યા હૈં ? મેંરે પાસ મા હૈ. તો આજે આ રાજયનો ગરીબ પરિવાર, બી.પી.એલ. પરિવાર એમ કહે કે, મારે કોઇ ચિંતા નથી, મારી પાસે તો મા છે. અને એ મા એ રાજ્ય સરકારનું વાત્સલ્ય છે ત્યારે એવા પરિવારને રાજ્ય સરકાર તરફથી બે લાખ રૂપિયા સુધીની સારવારનો ખર્ચ એ સંપૂર્ણપણે રાજ્ય સરકાર ભોગવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, અનુસૂચિત–જાતિ, વનવાસીઓ, કર્મચારીઓ, અસંગઠિત ક્ષેત્રના કર્મચારીઓ બધાને એમ લાગે છે કે, આ રાજ્ય સરકાર અમારી છે, અમે રાજય સરકારના છીએ. અને જ્યારે પ્રજા માટે રાજ્ય સરકાર આટલું કરતી હોય ત્યારે મારે આ સન્માનનીય ગૃહને રાજ્યપાલશ્રીના પ્રવચન ઉપરની જે વાત છે એમાં સત્ય જ નહીં પણ સ્વાવલંબનના પણ દર્શન થાય છે, સ્વાધિનતાના પણ દર્શન થાય છે, આર્થિક સ્વાધિનતા.

માનનીય અધ્યક્ષશ્રી, મારું પોતાનું એક ઘર હોય એવી દરેક વ્યક્તિને પોતાની મનની કામના હોય છે કે, મારું એક પોતાનું ઘર હોય.(અંતરાય) ઘરનું ઘર, ઘરના ઘરના ફોર્મના પૈસા, દિવા–સ્વપ્ન. આ રાજ્ય સરકાર કોઇ દિવા–સ્વપ્ના બતાવવા માગતી નથી. પચાસ લાખ પરિવારોને ઘરનું ઘર આપવાનું વચન આપ્યું છે અને આ વચનની દિશા તરફ આગળ વધવા માટે આ રાજ્ય સરકાર કટિબદ્ધ છે. માત્ર કટિબદ્ધ છે એટલું જ નહીં પણ એ દિશાની અંદર પ્રગતિ પણ સારી એવી કરી રહ્યા છીએ. ઘરનું ઘર એટલે માત્ર એને આપણે ભૌતિક સ્ટ્રકચર સમજવાનું નથી. આપણું પોતાનું ઘર એટલે આપણું પોતાનું સ્વમાન.

માનનીય અધ્યક્ષશ્રી, મને ખબર છે કે, સુરતની અંદર અમે જ્યારે શરૂઆતમાં રહેવા ગયા ત્યારે અમારું ઘરનું ઘર નહતું. ઘરના ઘરનું મહત્વ જેને પોતાનું ઘર ના હોયને એને સારી રીતે સમજાય. અમે જ્યારે શરૂઆતમાં સુરતમાં ગયા ત્યારે ઘરનું ઘર નહતું. અમે ભાડાના ઘરમાં રહેતા હતા અને ભાડાના ઘરમાં આપણા સ્વમાનનો કેટલો ભોગ લેવાય એનો અમને અનુભવ છે. આપણે થોડુંક જોરથી અવાજ કરતા હોઇએ તો પણ મકાન માલિક એમ કહે કે, અવાજ ના કરો. દસ કે અગિયાર વાગ્યે લાઇટ ચાલુ હોય અને લાઇટ ચાલુ હોય તો મકાન માલિક એમ કહે કે, લાઇટ બંધ કરી દો. અમારા ઘરના જો કપડા ધોતા હોય અને ધોકાનો અવાજ જો થોડો વધારે આવી ગયો હોય તો એમ કહે કે, ધોકાનો અવાજ વધારે આવે છે. ચટણી ખાંડતા હોય અને અવાજ આવે તો પણ ભાડુઆતને એમ કહે કે આ ચટણી ખાંડવાનો અવાજ બંધ કરી દો. અરે, મહેમાનોનો બહુ ઘસારો હોય તો એમ કહે કે તમારે ઘરે તો બહુ મહેમાન આવે છે જો તમારે આમને આમ ચાલુ રાખવુ હોય તો તમે ઘર ખાલી કરી દો કયારે આપણું ઘર ખાલી કરાવે એ નકકી ન કહેવાય. આ ઘરનું ઘર એ માત્ર ભૌતિક સ્ટ્રકચરની વાત નથી. આ ઘરનું ઘર એ માણસોના સ્વમાનનો પ્રશ્ન છે અને આ સ્વમાનની સાથે રાજય સરકાર જયારે સહયોગ તરીકે આગળ આવ્યા છે ત્યારે શહેરી વિસ્તારની અંદર, ગ્રામિણ વિસ્તારની અંદર ૦ થી ૧૬, ૧૭ થી ૨૦ અને હવે ૨૧ થી ૨૮ સુધીના ક્રમાંકને ઘરનું ઘર આપવાનો આ રાજય સરકારનો સંકલ્પ છે અને એ માટેની કામગીરી ચાલુ છે.

ઉદ્યોગની વાત આવે ત્યારે જાણે ઉદ્યોગની સાથે આભડછેટ રાખવી આપણને ખબર છે કે ઉદ્યોગની સાથે આભડછેટની વાત કરે છે એ પાછા કોઇ ભાળતા ન હોય ત્યારે તો ઉદ્યોગપતિઓની સાથે બહુ સારી રીતે વાત કરે, ગટપટી જાય, રાજયનો જો સર્વાંગી વિકાસ કરવો હોય તો ઉદ્યોગ અનિવાર્ય છે. ખેતીને પ્રાયોરીટી, કોટેજ ઉદ્યોગને પ્રાયોરીટી, નાના ઉદ્યોગને પ્રાયોરીટી પણ ઉદ્યોગની અવગણના કરીને કયારેય કોઇ રાજયનો કે સમાજનો વિકાસ થઇ શકે નહીં. એટલે જ રાજય સરકારે રાજયના સમતોલ વિકાસ માટે ખેતીને, રોજગારીને, તમામ સમાજને,

નાના ઉદ્યોગોને, મોટા ઉદ્યોગોને એક સરખું પ્રોત્સાહન આપીને આ રાજય સરકાર વિકાસનું કામ કરે છે. જો ઉદ્યોગ ચાલુ હશે તો લોકોને રોજગારી મળશે. રોજગારી મળશે તો લોકોની ખરીદશકિત વધશે, ખરીદશકિત વધશે તો બીજા ઉદ્યોગો ચાલશે આ એક ચેનલ છે, એક સાઇકલ છે. જો એક જગ્યાએ એક સાઇકલ અટકી ગઇ તો આખા રાજયનો વિકાસ અટકી જાય. દરેક પ્રજાનો પણ વિકાસ અટકી જાય એટલે આ રાજય સરકાર સેવાઓને પણ પ્રાધાન્ય આપે છે, ખેતીને પણ પ્રાધાન્ય આપે છે, ઉદ્યોગોને પણ પ્રાધાન્ય આપે છે (અંતરાય) અહીંયા સભ્યશ્રી એમ કહે છે કે એમની સાઇકલની ચેઇન ઉતરી ગઇ છે તો એમાં આપણે તો કાંઇ કરી શકીએ તેમ નથી. આપણને નવાઇ લાગે કે સામેના બાપડા સાથી પક્ષના સભ્યોએ મને તો પહેલા એવું હતું કે એવા બધા મુદ્દાઓ ઉપસ્થિત કરશે, રાજય સરકાર એવા મુદ્દાઓની નોંધ લેશે, નોંધને અનુરૂપ રાજય સરકાર એ પગલાં લેશે, સારા સૂચન હંમેશા આવકાર્ય હોય છે પરંતુ અહીં મને જે સાંભળવા મળ્યું એ ૨૦૦૨માં અમે સાંળભતા, ૨૦૦૭માં સાંભળતા, ૨૦૦૯માં સાંભળતા, ૨૦૧૨માં સાંભળતા, ૨૦૧૪માં સાંભળતા પણ કાંઇ નવું સાંભળવા મળ્યું નહીં. કાંઇ નવું સૂચન મળ્યું નહીં અને હવે એવા સૂચનો તો અમારે એટલે ન લેવાય કે ૨૦૦૨ના સૂચનો અને એમની વાતો પ્રજાએ ફગાવી દીધી, ૨૦૦૭ની વાતો ફગાવી દીધી, ૨૦૦૯ની વાતો ફગાવી દીધી, ૨૦૧૨ની અંદર જે મુદ્દાઓ હતા એ પ્રજાએ ફગાવી દીધા, ૨૦૧૪ની અંદર આ જ મુદ્દાઓ દેશની જનતાએ ફગાવી દીધા. આ મારા સાથી પક્ષના સભ્યો ગુજરાતની ભૂમિ ઉપર આ બધા જ મુદ્દાઓ મૂકતા ગયા, અમે એ મુદ્દાની ઇમારત કરતા ગયા અને એ ઇમારત આજે આ દેશની ઇમારત બની અને તમે ગુજરાતના વિકાસની જે ભૂમિ હતી, ગુજરાતના વિકાસની ભૂમિને દેશના વિકાસની ભૂમિકા સમજીને આ દેશની જનતાએ સ્વીકારી લીધી.

આજે ગુજરાતના વિકાસને એક મોડલ તરીકે જોઇને દેશના વિકાસની અપેક્ષા દેશની જનતા રાખી રહી છે, ત્યારે રાજ્યપાલશ્રીના પ્રવચનમાં સંપૂર્ણપણે માનવી મૂલ્યોના દર્શન થાય છે. સંપૂર્ણપણે માનવતાના દર્શન થાય છે અને આ માનવતા એકાત્મ માનવતાની વાત છે, ત્યારે આ સન્માનનીય ગૃહને હું અપીલ કરું છું કે આ રાજ્યપાલશ્રીના પ્રવચનને સર્વાનુમતે પસાર કરે અને આ વિકાસનો જે એજન્ડા છે, માનવતાનો એજન્ડા છે, માનવીય અભિગમનો એજન્ડા છે, તેને સાથ સહકાર આપે. સૌનો સાથ સૌના વિકાસના મહામંત્ર સાથે આવો અને મારા સાથી પક્ષના સભ્યોને વિનંતી છે કે જયારે આવી સરસ મજાની વાત લઇને એક વિકાસની વાત લઇને માનનીય રાજ્યપાલશ્રી આવ્યા છે, ત્યારે જે નાના નાના સુધારાઓ મૂક્યા છે, તે સુધારાઓ એની બધી જ બાબતોનો સારી રીતે સમાવેશ થઇ ગયો હોય, ત્યારે આ સુધારાઓ પાછા ખેંચી અને સર્વાનુમતે આ રાજ્યપાલશ્રીના પ્રવચનને આવકારે અને સ્વીકારે એવી આપ સૌને વિનંતી છે. ધન્યવાદ. ભારત માતા કી જય.

શ્રી કેશાજી શિ. ચૌહાણ(દિયોદર) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહીમ રાજ્યપાલશ્રીએ આ સન્માનનીય સભાગૃહ સમક્ષ સંબોધન કરવા બદલ મારા આભાર પ્રસ્તાવને આ ગૃહના સન્માનનીય સભ્યો બહેનશ્રી ભાનુબેન બાબરિયાએ સમર્થન આપ્યું છે. સન્માનનીય વિરોધ પક્ષના નેતા શંકરસિંહ બાપુએ, સન્માનનીય રાજ્યના સિનિયર મંત્રી રમણભાઇ વોરા સાહેબે, સન્માનનીય રાજ્યના મંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ અને સન્માનનીય રાજ્યના મંત્રીશ્રી નાનુભાઇ વાનાણી સહિત સત્તાધારી પક્ષ અને વિરોધ પક્ષના લગભગ ૫૩ જેટલા સભ્યોએ આ ચર્ચામાં ભાગ લીધો છે. એ સૌનો હું દિલથી આભાર માનું છું.

મારે વિશેષ કાંઇ નથી કહેવું, પણ વિપક્ષ દ્વારા એમ કહેવામાં આવ્યું કે ઉપરવાળાના તમે જે ઉપર બેઠેલાના જે વખાણ કર્યા એની જગ્યાએ અહીવાળાના વખાણ કર્યા હોત તો તમને કઇ મળત. મારે એ બાબતે એમને કહેવું છે કે આપણા ધર્મશાસ્ત્રમાં કહ્યું છે કે જે યોગ્ય છે, જે શકિત છે, એનું સન્માન થવું જોઇએ. એના ભાગરૂપે મેં મારી વાત કરી છે. રહી વાત આપવાની તો ભારતીય જનતા પાર્ટીએ મને જેટલું આપ્યું છે એ ખૂબ જ વધારે પડતું છે. જ્યારે હું કોંગ્રેસમાં હતો ત્યારે ૩ વખત વિધાનસભાની ચૂંટણી હાર્યો હતો. આ ૩ વખત ચૂંટણી હાર્યા પછી મારા કેટલાક મિત્રોએ જેઓ જ્યોતિષ શાસ્ત્ર જાણતા હતા. એમણે મને કહ્યું કેશાજી તમારી જન્મકુંડળી આપો. અમારે તમારા ભાવિનો અભ્યાસ કરવો છે? પણ મારી જન્મ તિથિ ન હોવાના કારણે જન્મકુંડળી નહોતી, એટલે એમણે મને હસ્તરેખા જોઇને કહ્યું તમે ખોટા ક્ષેત્રમાં આવ્યા છો. તમારા ભાગ્યમાં ધારાસભ્યપદ લખાયેલ નથી. પછી હું ભાજપમાં જોડાયો. સને ૨૦૧૨ માં ભાજપે દિયાદરમાંથી ટિકિટ આપી. ગોવાભાઇ મારી સામે ઉમેદવાર હતા. દિયોદરમાંથી ઇતિહાસમાં સૌથી વધારે લીડ સાથે ચૂંટાયો. હું ભાજપનો ધારાસભ્ય બન્યો. ધારાસભ્ય બન્યા પછી મેં પહેલા જ્યોતિષ મિત્રને કહ્યું હવે કેમ છે? તો તેમણે મને કહ્યું હવે તમારી ભાગ્ય રેખા

ખુલી ગઇ છે. તો મારી અને મારા સમાજની ભાગ્ય રેખા ખોલવાનું કામ જો કોઇએ કર્યુ હોય તો તે ભારતીય જનતા પાર્ટીએ કર્યુ છે. એટલું જ નહિ આ પાર્ટીએ મને જિલ્લા ભાજપનો પ્રમુખ બનાવ્યો અને અત્યારે આખાય દેશમાં ભારતીય જનતા પર્ટીને સૌથી મોટી પાર્ટી બનાવવા માટેનું સંગઠન પર્વનું  કામ ચાલે છે, એ સંગઠન પર્વનો ઉત્તર ગુજરાતનો ઇન્ચાર્જ બનાવ્યો. મારી સાથી મિત્ર ગોવાભાઇએ વાત કરી કે અમે અને કેશાજીએ સાથે કામ કર્યુ છે. મારે એમને કહેવું છે કે રામાયણની રચના કરનાર વાલ્મિકી ઋષિ નાના હતા ત્યારે એક લૂંટારાનું કામ કરતા હતા. તે જ કામના પ્રાયશ્ચિતરૂપે એમના તપ દ્વારા તે વાલ્મિકી લૂંટારો તે આ દુનિયાનો મહાન ઋષિ થઇ ગયો. આજે દુનિયા તેમને વાલ્મિકી ઋષિ તરીકે યાદ કરે છે નહીં કે લૂંટારા તરીકે. મારે એમને કહેવું છે કે કમળ કાદવમાં પાકે છે છતાં ભગવાનના શિરે ચડે છે. એટલે કમળ કાદવમાં પાકે છે, કમળને ચાહો કાદવને નહીં. આપ સૌને અંતમાં એટલી જ વિનંતી કરું છું કે આ આભાર પ્રસ્તાવને સન્માનનીય સભાગૃહ સર્વાનુમતે મંજૂરી આપે. આપ સૌનો ખૂબ આભાર.

અધ્યક્ષશ્રી : જેમણે જેમણે ભાગ્યરેખા જોવડાવવી હોય તે કેશાજીને મળી લેજો.

**સુધારા ક્રમાંકઃ ૨, ૩, ૫, ૬, ૭, ૯, ૧૧, ૧૨, ૧૩, ૧૫, ૧૭, ૧૮, ૧૯, ૨૨, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨ અને ૩૪ મત માટે મૂકવામાં આવ્યા અને નામંજૂર કરવામાં આવ્યા.**

અધ્યક્ષશ્રી : હવે હું પ્રસ્તાવ મત માટે મૂકીશ. પ્રસ્તાવ એ છે કે રાજયપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો.

"અમો આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો માનનીય રાજયપાલશ્રીએ આ સભાગૃહને કરેલ સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ. "

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**સભાગૃહની પહેલી બેઠકનું કામકાજ બપોરના ૧૨.૫૩ વાગ્યે પૂરું થતાં સભાગૃહ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બપોરના ૨.૩૦ કલાકે બીજી બેઠક માટે  ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર, તા. ૩જી માર્ચ, ૨૦૧૫**
**ફાલ્ગુન ૧૨, ૧૯૩૬ શાકે**
**બીજી બેઠક**
**સભાગૃહ બપોરના ૨-૩૦ વાગ્યે મળ્યું.**
**માનનીય અધ્યક્ષશ્રી ગણપતસિંહ વસાવા અધ્યક્ષ સ્થાને**

## તારાંકિત પ્રશ્નો

### સુરત જિલ્લામાં ખેડુતોને જીપ્સમ સહાય

* ૧૫૧૦૪ **શ્રી પ્રફુલભાઇ છ. પાનશેરીયા (કામરેજ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ખેડૂતોને જીપ્સમ સહાય આપવામાં આવી, અને | (૧) ૪ ખેડૂતોને. |
| (૨) તે પેટે કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૨) રૂ. ૭૩૦૬/-. |

શ્રી પ્રફૂલ્લભાઇ છ. પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારની ગુજરાતમાં કૃષિ ક્ષેત્રે અદભૂત કામગીરી બદલ ખૂબ ખૂબ અભિનંદન છે. સાથે સાથે સોઇલ હેલ્થ કાર્ડ દ્વારા જમીન સુધારણાની જે ઐતિહાસિક કામગીરી રાજય સરકાર દ્વારા થઇ છે એમાં જીપ્સમ સહાય યોજનાના ધ્યેય શું છે, અને જીપ્સમ સહાય યોજનાના ધોરણો શું છે?

શ્રી જસાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, જીપ્સમ સહાયના ધ્યેય અને ઉદ્દેશો માં મુખ્ય હેતુ જમીન સુધારણા અને કેલ્શીયમ તથા સલ્ફરનો સ્ત્રોત તરીકે ઉપયોગ કરવાનો છે. જીપ્સમ સહાય યોજનાનો મુખ્ય ઉદ્દેશ એ છે કે જમીનમાં કેલ્શીયમ અને સલ્ફર એટલે ગંધક તત્વની ઉણપ હોય ત્યાં જીપ્સમ આપી ઉણપ દૂર કરવી તથા જે જમીનમાં પી.એચ. ૮.૨ ઉપર વધારે હોય અને જમીન બાસ્પીક હોય ત્યાં આ જીપ્સમનો ઉપયોગ કરી શકાય છે અને તેનાથી ફળદ્રુપતા જમીનની વધે છે અને એના સહાયના જે ધોરણો છે એ ઇન્ટીગ્રેટેડ સ્કીમ ઓફ ઓઇલ પલ્સીસ ઓઇલ પામ એન્ડ મેઇઝ આઇ.એસ.ઓ.પમ્પ યોજના, નેશનલ મીશન ઓન ઓઇલ સીડ્સ એન્ડ ઓઇલ પામના હેકટરે થનાર ખર્ચના ૫૦ ટકા અથવા ૭૫૦ની મર્યાદામાં એક ખેડૂતને વધારેમાં વધારે ૫ હેકટર જમીનમાં સહાય મળે છે. બીજી યોજના રાષ્ટ્રીય કૃષિ વિકાસની યોજના છે. હેકટરે થનાર ખર્ચના ૫૦ ટકા અથવા ૭૫૦ની મર્યાદામાં એક ખેડૂતને વધુમાં વધુ ૨ હેકટર માટે સહાય મળે છે. અને ત્રીજી જે નેશનલ ફૂડ સિક્યુરીટી મીશનની યોજના છે. ઘઉં અને કઠોળ યોજનામાં હેકટરે થનાર ખર્ચના ૫૦ ટકા અથવા ૭૫૦ની મર્યાદામાં એક ખેડૂતને વધુમાં વધુ ૨ હેકટર માટે સહાય મળે છે.

શ્રી રાજેન્દ્રભાઇ પ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, જીપ્સમ સહાય યોજનામાં કયારે કેટલો ફેરફાર કરવામાં આવ્યો, અને જીપ્સમ સહાય યોજનામાં લાભાર્થી નક્કી કરવાના ધોરણો શું છે?

શ્રી જસાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીને મારે જણાવવું છે કે, જીપ્સમ સહાય યોજના ૨૦૦૪-૨૦૦૫ની સાલથી અમલમાં છે અને નેશનલ ફુડ સિક્યુરીટી મીશન વર્ષ ૨૦૦૭-૨૦૦૮થી જીપ્સમની સહાયના ધોરણોમાં ફેરફાર થયો છે. ઇન્ટીગ્રેટેડ સ્કીમ ઓફ ઓઇલ સીડ્સ પલ્સીસ ઓઇલ પામ એન્ડ મેઇઝમાં જીપ્સમ સહાયના ધોરણો જે ૨૦૦૪-૨૦૦૫માં ૫૦૦ રૂપિયા એક હેકટરે હતા એ ૨૦૦૭-૨૦૦૮માં ૭૫૦ થયા છે.

શ્રી જનકભાઇ મ. કાછડીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, સુરત જિલ્લામાં જીપ્સમ અને વાહતુક હેતુ માટે તાલુકાવાર પ્રતિટનના શું દર નક્કી થયેલ છે, અને સુરત જિલ્લામાં યોજનાવાર અને વર્ષવાર કેટલા ખેડૂતોને જીપ્સમ સહાય પેટે કેટલી સહાય આપવામાં આવી છે?

શ્રી જસાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, સુરત જિલ્લામાં તાલુકાવાર કહુ તો માંડવી તાલુકામાં જે જીપ્સમના રેટ છે એ ૨૪૧.૪૬ પૈસા અને વાહતૂક ખર્ચ છે ૫૭૪.૫૪ પૈસા, આમ એના કુલ ભાવ છે ૮૧૬ રૂપિયા, પલસાણમાં જીપ્સમનો મૂળ ભાવ છે પણ એનો વાહતૂક ખર્ચ છે ૫૭૫.૫૪ પૈસા, કામરેજમાં વાહતૂક ખર્ચ છે ૫૮૬.૫૪ પૈસા, ઓલપાડમાં વાહતૂક ખર્ચ છે ૫૭૦.૫૪ પૈસા, ચોર્યાસીમાં ૫૯૫.૫૪ છે, માંગરોળમાં ૫૮૧.૫૪ છે, સુરતમાં ૬૦૬.૫૪ પૈસા, બારડોલી ૬૧૯.૫૪ છે, ગુહારી ૬૭૩.૫૪, મહુવા ૬૧૨.૫૪ અને ઉમરાળામાં ૬૭૬.૫૪ છે અને આ જે સહાય આપવામાં આવી છે એ રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા મિશન હેઠળ ચાર ખેડૂતોને ૭૩૦૬ રૂપિયા સહાય આપી છે,

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમ દ્વારા મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, જે જમીનમાં જીપ્સમની જરૂરિયાત છે તો તે જમીનની ચકાસણીના ધારાધોરણ કેવા છે અને જમીન ચકાસણી અંગેની સરકાર કોઇ ફી વસૂલ કરે છે કે કેમ? અને તેનો અહેવાલ ખેડૂતોને વહેલામાં વહેલો ક્યારે આપવામાં આવે છે?

શ્રી જસાભાઇ ભા. બારડઃ માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પૂછ્યું એમાં જે સોઇલ હેલ્થ કાર્ડ ખેડૂત માટે આપવાની વાત છે એમાં એક લેબોરેટરી છે એના મારફતે જમીનનું પૃથ્થકરણ થાય છે અને આ પૃથ્થકરણ દ્વારા જ્યારે પિયત આંક ૮.૨ થી વધારે આવે ત્યારે એને જીપ્સમની જરૂરિયાત પડે છે અને ત્યારે તેનો ઉપયોગ કરવાની સલાહ આપવામાં આવે છે,

શ્રી હર્ષ ૨. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જીપ્સમ સહાય યોજના ક્યારથી અમલમાં છે અને આ યોજનામાં શું શું વસ્તુ આપવામાં આવે છે?

શ્રી જસાભાઇ ભા. બારડઃ માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ કહ્યું તેમ જીપ્સમ સહાય યોજના સન ૨૦૦૪–૦૫થી અમલમાં છે અને તેમાં જે સહાયનું ધોરણ હતું એ એક હેક્ટરે ૫૦૦ રૂપિયા હતું અને એ જ યોજના ચાલુ છે અને ૨૦૦૭–૦૮માં એ સહાયનું ધોરણ ૭૫૦ રૂપિયા કરવામાં આવ્યું છે. આમ, સમગ્ર ગુજરાતમાં દરેક જિલ્લામાં જીપ્સમ સહાયની સુવિધા મળે છે.

**વલસાડ જિલ્લામાં પશુઓને સારવાર**

* ૧૪૯૮૧ **શ્રી ભરતભાઇ કી. પટેલ(વલસાડ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી, અને | (૧) ૧,૦૫,૩૩૦. |
| (૨) કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું? | (૨) ૮,૮૩,૧૬૬. |

શ્રી ભરતભાઇ કી. પટેલ: માનનીય અધ્યક્ષશ્રી, તારીખ ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ છેલ્લાં બે વરસમાં વલસાડ જિલ્લામાં ૧,૦૫,૩૩૦ પશુઓને સારવાર આપવામાં આવી એ ખૂબ સારું કાર્ય કર્યું પરંતુ આજ સ્થિતિએ વલસાડ જિલ્લામાં સંસ્થાવાર કેટલા પશુઓની સારવાર આપવામાં આવી તે હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું.

શ્રી બાબુભાઇ બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, જિલ્લા પંચાયત દ્વારા ૨૦૧૩ની અંદર ૩૬૬૧૬, અને ૨૦૧૪માં ૩૪૮૦૯ એટલે કુલ ૭૧૪૨૫ પશુઓની સારવાર આપવામાં આવી, વેટરનરી પોલિક્લીનીક દ્વારા ૨૦૧૩ની અંદર ૩૫૮૮ અને ૨૦૧૪માં ૪૫૫૩, કુલ ૮૮૪૧ પશુઓને સારવાર આપવામાં આવી, ઘનિષ્ઠ પશુ સારવાર યોજના હેઠળ ૨૦૧૩ની અંદર ૮૯૪૮ અને ૨૦૧૪માં ૧૨૧૩૦, આમ કુલ ૨૦૧૭૮ અને ઘનિષ્ઠ મરઘાં વિકાસ ઘટક નીચે ૨૦૧૩માં ૨૫૧૮ અને ૨૦૧૪માં ૨૧૬૮ કુલ ૪૬૮૬ અને આ રીતે કુલ ૨૦૧૩માં ૫૧૬૭૦ અને ૨૦૧૪માં ૧૪૬૬૦ આમ કુલ મળી ૧,૦૫,૩૩૦ પશુઓને સારવાર આપવામાં આવી છે.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ગતિશીલ ગુજરાતમાં સ્વાઇન ફ્લુ અને ડેન્ગ્યુ થાય તો બધાને ખબર પડે પણ જ્યારે આ મુંગા પ્રાણીઓની સારવાર કરવાની છે તો વલસાડ જિલ્લાની અંદર કપરાડા જેવા વિસ્તારમાં પશુપાલન કરતા ખેડૂતો છે ત્યાં ડોક્ટરોની જગ્યા ખાલી

છે તો એક લાખ પાંચ હજાર પશુઓની સારવાર કેવી રીતે કરવામાં આવી એ માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું.

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ જે પ્રક્રિયા છે તે આખું વર્ષ ચાલતી હોય છે. તેમાં આપણે જે કૃષિ મહોત્સવ કરીએ છીએ ત્યારે ઘનિષ્ઠ રીતે આખા જિલ્લાના પશુ ડોકટરો સાથે થાય છે અને જયાં જયાં આનો પોગ્રામ હોય છે ત્યાં બધા સાથે રહીને કરે છે. અને આખી પ્રક્રિયા છે તે આખા વર્ષમાં થાય છે. ડોકટરો માટેની જે સંખ્યા છે તે માનનીય સભ્યશ્રી તરફથી નોટિસ આપશે તો અમે તેનો જવાબ આપીશું.

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, વલસાડ જિલ્લામાં પશુઓની સારવાર કરવા માટે કેટલી સંસ્થા આવેલી છે ? અને એ તાલુકા પ્રમાણે કયાં કયાં આવેલી છે તે હું જાણવા માગુ છું.

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, એક વેટરનરી પોલીકિલનીક પછી પશુ દવાખાના કુલ–૧૦ તેમાં ધરમપુરની અંદર–૨, કપરાડામાં–૨, પારડીમાં–૧, ઉંમરગામમાં–૨, વલસાડમાં–૨ અને વાપીમાં–૧ આમ કુલ–૧૦ પશુ દવાખાના આવેલા છે. ફરતા દવાખાનાઓ ધરમપુરમાં–૧, કપરાડામાં–૧ એમ કુલ–૨ ફરતા દવાખાના આવેલા છે. અને પ્રાથમિક પશુ સારવાર કેન્દ્રો ધરમપુરમાં–૪, કપરાડામાં–૪, પારડીમાં–૨, ઉંમરગામમાં–૨, વલસાડમાં–૨ તેમ કુલ–૧૭ આમ કુલ–૩૦ પશુ સારવાર કેન્દ્રો જિલ્લામાં આવેલા છે.

શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, વલસાડ જિલ્લામાં વંધત્વ નિવારણના કેટલા કેસો કરવામાં આવ્યા ? અને પશુ સારવારમાં કયા તાલુકામાં કેટલા પશુઓની સારવાર કરવામાં આવી અને તેની પાછળ કેટલો ખર્ચો કરવામાં આવ્યો ?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ જે પ્રશ્ન છે તે સારવાર અને રસીકરણનો છે. વંધત્વ માટેના અલગ કેમ્પો હોય છે આ ફકત સારવાર અને રસીકરણનો પ્રશ્ન છે.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, આ વલસાડ જિલ્લામાં ૩૦ જેટલા દવાખાનાઓ પશુ સારવાર માટે આવેલા છે. તો આ ૩૦ દવાખાનામાં કેટલા પશુ ચિકિત્સક ડોકટરો અત્યારે છે અને કેટલી જગ્યાઓ ખાલી છે ?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉના પ્રશ્નમાં જ કહ્યું કે આ મહેકમનો પ્રશ્ન છે અને મહેકમ માટેની અલગ નોટિસ આપશે તો અમે તેનો જવાબ આપીશું.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, ૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં સંસ્થાવાર કેટલી રસીકરણ કરવામાં આવી ?

અધ્યક્ષશ્રી : સંસ્થાવાર જવાબ આવી ગયો છે એટલે તેમાં આપવાની જરૂર નથી.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, આ મહોત્સવો થાય કૃષિ મહોત્સવો વર્ષમાં બે વખત કે ત્રણ વખત થાય એ દરમિયાન આ કેમ્પો કરીને સારવાર આપો છો. અલગ નોટિસની જરૂર નથી વાસ્તવિકતા એ છે કે લાઇવ સ્ટોક ઇન્સ્પેકટ અને વેટરનરી ઓફિસર એલ.આઇ.અને વી.ઓ.બન્નેની પુષ્કળ જગ્યાઓ ખાલી છે. રોગ રાહ ના જુએ કે આપનો કેમ્પ થાય ત્યારે જ પશુને થશે. તો આ સંજોગોમાં પશુધનને બચાવવા માટે એલ.આઇ. અને વી.ઓ.ની જગ્યાઓ ભરીને પશુધનની ચિંતા કરવા માગો છો કે કેમ ?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રીએ તેના પ્રવચનમાં પણ કહેલુ છે કે, આવતા સમયની અંદર અમે દસ ગામની વચ્ચે એક વીઓ મૂકવા માટેની યોજના પણ કરેલી છે અને નાણાંકીય જોગવાઇ પણ કરેલી છે એટલે હવે આવતા દિવસોમાં દસ ગામ વચ્ચે એક વીઓ મૂકાશે અને તેની જાહેરાત માનનીય નાણામંત્રીશ્રીએ તેમના પ્રવચનમાં કરેલી છે.

**વડોદરા જિલ્લામાં હક્ક પત્રક નોંધો નિકાલ બાકી**

* ૧૫૧૫૬ **શ્રી દિનેશભાઇ બા. પટેલ(પાદરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૭ની સ્થિતિએ કેટલી હક્ક પત્રક નોંધો નિકાલ બાકી છે, અને | (૧) ૫૪૫૩. |

(૨) આ બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે? (૨) બનતી ત્વરાએ.

શ્રી દિનેશભાઇ બી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ ૫૪૫૩ નોંધો બાકી છે તો આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, ફેબ્રુઆરી–૨૦૧૫ સુધીમાં કેટલી નોંધોનો નિકાલ કરવામાં આવ્યો ? અને ૨૦૧૫ અંતિત કેટલી તકરારી નોંધો કાઢવાની બાકી છે ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલમાં હક્ક પત્રક–૬માં જુદા જુદા પ્રકારની કુલ–૧૧ નોંધ પાડવામાં આવે છે. અને નોંધ પાડવાની પ્રક્રિયા તે સતત ચાલતી પ્રક્રિયા છે. વારસાઇની નોંધણી કરવી હોય, હયાતીમાં હક્ક દાખલ કરવો હોય, કોઇ વેચાણ અદલ–બદલ હોય, વસિયત હોય, ભેટ હોય, સહ ભાગીદારી હોય, સ્વ ભાગીદારી હોય કે બોજો દાખલ કરવો હોય, ગીરો દાખલ કરવો હોય તેવા પ્રકારની ૧૧ નોંધો દાખલ કરવામાં આવે છે. માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન હતો ત્યાં સુધીમાં ૫૪૫૩ નોંધો બાકી હતી. તે દરમિયાન આ સતત ચાલતી પ્રક્રિયાના ભાગ રૂપે નિયમિત કામગીરી થતી હોવાથી તેના કારણે ૫૪૫૩ માંથી ૪૮૫૫ નોંધ પાડવામાં આવેલી છે એટલે હવે કુલ ૫૯૮ નોંધો જ બાકી છે. અને તે પણ સમયાંતરે સતત ચાલતી પ્રક્રિયાના ભાગ રૂપે ટર્ન બાય ટર્ન બધી નોંધો પાડવામાં આવશે.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું એ જાણવા માગું છું કે વડોદરા જિલ્લામાં ૫૪૫૩ નોંધો જે બાકી છે તેમાં ૧ થી ૩ માસ જૂની કેટલી બાકી છે, ૩ થી ૬ માસની કેટલી છે, છ માસથી એક વર્ષની કેટલી નોંધો બાકી છે અને એક વર્ષ ઉપરની કેટલી નોંધો બાકી છે તે તાલુકાવાર વિગતો આપે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમણે તાલુકાવાર વિગતો માગી છે એટલે સમય લાગશે, તો ધીરજ રાખજો જરા.

અધ્યક્ષશ્રી : ટૂંકમાં જવાબ આપજો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી તો આ વિષયના બહુ અનુભવી અને જાણકાર છે. ભૂતકાળમાં નોંધો કેમ નહોતી પડતી તે પણ ખબર છે. હવે માનનીય સભ્યશ્રીનો જે પ્રશ્ન છે એમાં કુલ કહુ તો ૧૨ તાલુકાઓ છે એમાં ૨૮૬ નોંધો ૧ થી ૨ માસ સુધીની છે. ૧૨૭ નોંધો ૨ થી ૩ માસ સુધીની છે, ૧૩૮ નોંધો ૩ થી ૬ માસ સુધીની છે, ૩૬ નોંધો ૬ થી ૧૨ માસ સુધીની છે. અને ૧૧ નોંધો ૧ વર્ષ ઉપરની છે. આ નોંધો બાકી રહેવાના જે મુખ્ય કારણો છે એમાં સામાન્ય રીતે નોંધ આવતી હોય અને રેગ્યુલર હોય તો એ તો તરત જ નોંધ પડી જાય છે. પણ કેટલીક નોંધ પાડવામાં તકરાર ઉભી થતી હોય, એક વ્યકિત નોંધ પડાવવા માટે આવે ત્યારે બીજી વ્યકિત વિવાદ કરે, પોતાનો જમીનનો હકક છે એવો વિવાદ ઉભો કરી અથવા મને આ નોંધથી નુકસાન થાય છે એવું કહે તો આવી તકરારી નોંધમાં પ્રક્રિયા કરવી પડે, ૧૩૫ બી ની નોટીસ બજાવવી પડે, નોટીસ બજાવ્યા પછી ખેડૂતનો જવાબ લેવામાં આવે અને આ રીતે બધી ન્યાયીક પ્રક્રિયા પૂર્ણ થયા પછી નોંધ પડે છે. એટલે સ્વાભાવિક છે કે પડતર હોય છે. પણ રેગ્યુલર હોય, કોઇને વાંધો ન હોય તો એક મહિનામાં તમામ નોંધ પાડી દેવામાં આવે છે.

શ્રી યોગેશ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જાણવા માગું છું કે ઘણા અભણ ખેડૂતો હોય છે, પોતાના બાપ દાદાના મૃત્યુ નોંધાવતા નથી. તેથી એમની વારસાઇ અશકય છે. અને ૭/૧૨માં નામ ચડતા નથી. તો મામલતદાર, નાયબ મામલતદાર અને પ્રાંત ઓફિસર ગામમાં કેમ્પ કરી અને આજુબાજૂના ખેડૂતોની જાણકારી લઇ અને તેમની વારસાઇ કરવા માગે છે કે કેમ?

અધ્યક્ષશ્રી : કેમ્પ કરીને વારસાઇ કરાવવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય સભ્યશ્રીએ કહ્યું તેવા પ્રશ્નો ઘણી વખત ઉભા થતા હોય છે. માનનીય મુખ્ય મંત્રીશ્રી કે જેમની પાસે મહેસૂલ વિભાગ પણ છે એમના ધ્યાન ઉપર આ બાબત આવી ત્યારે ગતિશીલ ગુજરાતના કાર્યક્રમના ભાગ રૂપે આપણે સરકારમાંથી આ મુદ્દો પણ લીધો હતો કે આખા ગુજરાત રાજયમાં જે ખેડૂતોએ માગણી ન કરી હોય અને કોઇનું મૃત્યુ થયું હોય અને વારસદારને વારસાઇ કરવાની જાણકારી ન હોય કાયદાકીય પ્રક્રિયા તરીકે, અને નોંધ ન પડી હોય તો મહેસૂલ વિભાગ સામેથી આયોજન કરી તલાટીઓ અને અધિકારીઓને સૂચના આપી અને જે વ્યકિતનું અવસાન થયું હોય અને મરણ નોંધ થઇ હોય તેમની વારસાઇ સામે ચાલીને પૂર્ણ કરવામાં આવેછે. અને હવે ભવિષ્યમાં પણ સમજી લો કે અજ્ઞાન હોય અને

જાણકારી ન હોય અને જમીન માલિકનું અવસાન થયું હોય અને દીકરા કે દીકરીને ખબર ન હોય કે કાયદામાં જોગવાઇ છે વારસાઇની પ્રથા છે એ કરવી પડે તો એવા લોકોને સામેથી શોધીને સરકારે ગતિશીલ ગુજરાત કાર્યક્રમના ભાગરૂપે હાથ ઉપર લીધું છે અને એનો સો ટકા લક્ષ્યાંક પૂર્ણ કર્યો છે અને સો ટકા સિદ્ધિ મેળવી છે. આજે સવારે જ કહેતા હતા કે ગતિશીલ સરકાર એટલે શું તો આનું નામ જ ગતિશીલ સરકાર.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : અહીંયા જણાવવામાં આવ્યું કે ૩૬ નોંધો છે જેને એક વર્ષનો સમય થઇ ગયો છે. આ નોંધો એક વર્ષ પહેલા કેમ મંજૂર કરવામાં ન આવી? આ ૩૬ નોંધો પાડવામાં વિલંબ થયો છે તો કેટલા સમયમાં નોંધો પાડવાનું નક્કી થઇ જશે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : કોઇ કામમાં વિવાદ ઉભો થાય કોઇ એમ કહે કે આ મારી જમીન છે અને બીજો કહે કે આ મારી છે કે મારા અન્ય પ્રકારના હક્ક છે. આ રીતે જમીનનો વિવાદ ઉભો થાય એટલે એના નિકાલ માટે કાયદાકીય પ્રક્રિયા કરવી પડે છે. જયાં સુધી એનો નિકાલ ન થાય ત્યાં સુધી આપણે એની પાકી નોંધ પાડી શકીએ નહિ. આ વિવાદ પૂર્ણ થાય અધિકારીનો ચુકાદો આવે અને એના ઉપર પણ અપીલમાં જવાની જોગવાઇ છે એટલે આ પ્રક્રિયાના ભાગરૂપે આ નોંધો પાડવાની બાકી છે.

**ગાંધીનગર જિલ્લામાં પોલીસ /આઉટપોસ્ટ પોલીસ સ્ટેશનોમાં મંજૂર મહેકમ**

* ૧૫૨૯૯ **શ્રી અમિત ચૌધરી (માણસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૧૪ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લાના દરેક તાલુકામાં સમાવિષ્ટ પોલીસ સ્ટેશનોમાં તથા આઉટપોસ્ટ પોલીસ સ્ટેશનોમાં મંજૂર થયેલ મહેકમ કેટલું છે, | (૧) તા.૩૧-૧૨-૧૪ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લાના તાલુકામાં સમાવિષ્ટ પોલીસ સ્ટેશનોમાં તથા આઉટપોસ્ટોમાં મંજૂર થયેલ મહેકમ નીચે મુજબ છે. |

| તાલુકો | મંજૂર મહેકમ |
|---|---|
| ગાંધીનગર | ૭૮૪ |
| કલોલ | ૩૭૦ |
| દહેગામ | ૧૩૭ |
| માણસા | ૬૭ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) આ પૈકી કેટલા પોલીસ સ્ટેશનો /આઉટપોસ્ટ પોલીસ સ્ટેશનોમાં પી.આઇ./પી.એસ.આઇ/ એ.એસ.આઇ. / હેડ કોન્સ્ટેબલ/કોન્સ્ટેબલ/રાઇટરની સંવર્ગવાર કેટલી ઘટ છે, અને | (૨) આ પૈકી ૧૪ પોલીસ સ્ટેશનોમાં સંવર્ગવાર ઘટ નીચે મુજબ છે. |

| સંવર્ગ | ઘટ (ખાલી જગ્યા) |
|---|---|
| પોલીસ સબ ઈન્સ્પેકટર | ૦૭ |
| મદદનીશ સબ ઈન્સ્પેકટર | ૦૮ |
| હેડ કોન્સ્ટેબલ | ૧૧૭ |
| કોન્સ્ટેબલ | ૧૫૦ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) ઉક્ત ઘટ પૂરવા સરકારનું શું આયોજન છે? | (૩) ભરતી કેલેન્ડર મુજબ કોન્સ્ટેબ્યુલરીમાં સીધી ભરતીની પ્રક્રિયા હાલ ચાલુ છે. વહીવટી જરૂરીયાત અને અનુકુળતા અનુસાર વહીવટી પ્રક્રિયા અનુસરીને સમયાંતરે ખાલી જગ્યાઓ ભરવાની કાર્યવાહી કરવામાં આવે છે. |

શ્રી અમિતભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અશોકભાઇ પટેલે કહ્યું કે વાયબ્રન્ટ ગુજરાતમાં ગાંધીનગર જિલ્લાની પોલીસે સારી કામગીરી કરી છે. હું માનનીય સભ્યશ્રી સાથે સહમત થાઉં છું. સાથે સાથે ગાંધીનગરની જનતા જનાર્દનને પણ ધન્યવાદ આપવા છે. (અંતરાય) મારો પ્રશ્ન એ છે કે મહાત્મા મંદિર ખાતે અવારનવાર પોગ્રામો ચાલતા હોય છે. એકઝીબીશન હોય કે વાયબ્રન્ટ ગુજરાત હોય એમાં આજુબાજૂના જિલ્લાઓમાંથી પોલીસ લાવીએ છીએ એના બદલે આપણે એના માટે અલાયદો વિભાગ ઉભો કરીને નવી જગ્યાઓ ઉભી કરીને ભરતી કરવા માગીએ છીએ કે કેમ? બીજું આ જે જગ્યાઓ ખાલી છે એમાં છેલ્લા બે વર્ષથી વધુ સમયથી કેટલી જગ્યાઓ ખાલી છે?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : ગાંધીનગરમાં ઉત્સવો થાય છે એમાં ફકત ગાંધીનગરની જ પોલીસ હોય એવું નથી પરંતુ આખા રાજયમાંથી પોલીસ બોલાવીએ છીએ. એના લીધે આખા રાજયમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ઉપર અસર પડી હોય તેવું બન્યું નથી. બીજું અલાયદી વ્યવસ્થા ઉભી કરવાની વાત

છે એ એમનુ સૂચન છે. એ સંદર્ભમાં એમનુ સૂચન ધ્યાને લઇશું. કેટલી જગ્યાઓ બે વર્ષથી ગાંધીનગર જિલ્લામાં ખાલી છે તો અનાર્મ્ડ કોન્સ્ટેબલની બે જગ્યાઓ બે વર્ષથી ખાલી છે.

શ્રી અશોકકુમાર ર. પટેલ : હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ગાંધીનગર જિલ્લામાં સીધી ભરતીની કોઇ કાર્યવાહી હાલ ચાલુ છે અને ચાલુ હોય તો સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરવાની છે?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : એક જિલ્લા માટે ભરતી કરી હોય તેવું નથી. પરંતુ સમગ્ર રાજયમાં અત્યારે પોલીસની ભરતી ચાલુ છે. બિન હથીયારી પોલીસ સબ ઇન્સ્પેકટરની એએસઆઇ પોલીસ કોન્સ્ટેબલ સંવર્ગની આ બધી જગ્યાઓ ભરતી બોર્ડ દ્વારા ભરીએ છીએ. હાલમાં હથીયારી પોલીસ સબ ઇન્સ્પેકટરની ૫૦૦ બિન હથીયારી એએસઆઇની ૮૦૦ તેમજ લોકરક્ષકની ૭૧૫૦ જગ્યાની ભરતી પ્રક્રિયા હાલમાં ચાલુ છે અને આ ભરતી પ્રક્રિયા પૂર્ણ થયેથી બધા જિલ્લાઓમાં ખાલી જગ્યા છે એ બધા જિલ્લામાં સપ્રમાણ ફાળવણી કરીને ખાલી જગ્યાઓ ભરવામાં આવશે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : ૨૮૨ જગ્યાઓ ખાલી છે. છેલ્લા બે વર્ષમાં ૨૮૨ જગ્યાઓ ખાલી હોય તો એ ખાલી રહેવાના કારણો શું છે? એના લીધે ક્રાઇમ રેઇટ વધ્યો છે ખરો? ચોરીના કેટલા ગુના વધ્યા છે?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : સમગ્ર રાજયમાં અને ગાંધીનગરમાં ચોરી, લૂંટ બાકીના બધા ગુનાઓમાં પોલીસ ઓછી હોવાને કારણે કોઇ ક્રાઇમરેટ વધ્યો નથી.

શ્રી શંભુજી ચે. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ૧૦ વર્ષમાં પોલીસ સબ ઇન્સપેક્ટર તથા લોકરક્ષક સંવર્ગમાં કરવામાં આવેલ ભરતીની વિગત શું છે?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું તેમ ફકત એક જિલ્લામાં નહીં, આખા રાજયમાં ભરતીની પ્રક્રિયા આપણે હાથ ધરતા હોઇએ છીએ. એટલે પાછલા ૧૦ વર્ષમાં ૨૦૦૬, ૨૦૦૮, ૨૦૧૦, ૨૦૧૧ અને ૨૦૧૩માં આપણે ભરતી પ્રક્રિયા કરી છે અને કુલ ૩૬,૯૭૯ નવી ભરતી આપણે ૧૦ વર્ષમાં કરી છે.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, કાયદો અને વ્યવસ્થાની બાબતની ચિંતા સમગ્ર ગૃહને છે ત્યારે હું એ જાણવા માગું છું કે ૧૫૦ જેટલી જગ્યાઓ અહીં ખાલી છે. માનનીય અમિતભાઇએ પ્રશ્ન પૂછ્યો છે ત્યાં. માનનીય મંત્રીશ્રીએ એમના લેખિત પ્રશ્નના જવાબમાં કહ્યું છે કે ભરતી કેલેન્ડર મુજબ ભરતી થશે. આપના કેલેન્ડર મુજબ આપ જે ભરવાની સંખ્યા કહો છો તેનાથી વધારે નિવૃત્ત થઇ રહ્યા છે. તો આપ દસ વર્ષના ભરતી કેલેન્ડરની વાત કર્યા વગર કમસેકમ ગૃહ વિભાગમાં એક વર્ષની અંદર મંજૂર થયેલ મહેકમની કોઇ પણ જગ્યા ખાલી ન રહે એવું કરવાની સરકારની તૈયારી છે કે કેમ?

શ્રી રજનીકાન્ત સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં પોલીસનું જે મહેકમ છે તેના સંદર્ભમાં વર્ષ ૧૯૯૧થી માત્ર ૬૧,૮૨૭નું મહેકમ હતું અને ૪૩૦ જેટલા પોલીસ સ્ટેશનો કાર્યરત હતા. આમાં પાછલા ૨૦ વર્ષમાં આ મહેકમ ૭૬,૯૩૫ સુધી વધારવામાં આવ્યું છે અને ૧૯૭ જેટલા નવા પોલીસ સ્ટેશનો કાર્યરત કરવામાં આવ્યા છે. માનનીય શક્તિસિંહજીની જે વાત છે કે આગામી સમયમાં આ ભરતી પ્રક્રિયાને વધારીને સમગ્રતયા પૂર્તતા કરવામાં આવશે કે કેમ? તો આ વર્ષે પણ મેં કહ્યું તેમ ૮,૦૦૦ કરતા વધારે જગ્યાની ભરતીની પ્રક્રિયા ચાલી રહી છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ નવા વર્ષમાં પણ વધારેમાં વધારે પોલીસ ભરી શકીએ એ પ્રકારની જોગવાઇ બજેટમાં કરી આપી છે. એટલે જેટલી બનશે એટલી ત્વરાએ અમે આ બાબતોમાં ભરતી કરીશું.

**ગાંધીનગર જિલ્લામાં ખેડુતોને જીપ્સમ સહાય**

* ૧૫૧૦૯ **શ્રી અશોકકુમાર ર. પટેલ(ગાંધીનગર ઉત્તર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ખેડૂતોને જીપ્સમ સહાય આપવામાં આવી, અને | (૧) ૨૦૧૩ ખેડૂતોને. |
| (૨) તે પેટે કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૨) રૂ. ૪૩,૪૭,૩૫૧/–. |

શ્રી અશોકકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ગાંધીનગર જિલ્લામાં જીપ્સમ યોજના હેઠળ તાલુકાવાર જીપ્સમ અને વાહતુક હેતુ માટે તાલુકાવાર પ્રતિટન શું દર

નક્કી થયેલા છે? અને ગાંધીનગર જિલ્લામાં યોજનાવાર અને વર્ષવાર ખેડૂતોને જીપ્સમ સહાય પેટે કેટલી સહાય ચૂકવવામાં આવે છે?

શ્રી જસાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગર જિલ્લામાં વાહતુક ખર્ચ દહેગામનો ૬૧૬.૫૪ પૈસા, ગાંધીનગર તાલુકાના ૫૭૨.૫૪, કલોલના ૬૧૮.૫૪, માણસાના ૬૧૪.૫૪ અને જે યોજનાવાઇઝ કુલ ૨૦૧૩ ખેડૂતોએ જીપ્સમનો લાભ લીધો છે તેમાં ૨૦૧૩માં આઇસોપોમ યોજના મુજબ ૧૨૧૭ ખેડૂતોએ લાભ લીધો છે અને ૨૫,૨૬,૯૧૭ની સહાય મેળવી છે. રાષ્ટ્રીય ખાદ્યસુરક્ષા મિશન મુજબ ૩૦ ખેડૂતોએ લાભ લીધો છે. ૭૪,૮૧૬ રૂપિયાની સહાય મળી છે. એ.જી.આર.–૯ મુજબ ૧૭૦ ખેડૂતોએ લાભ લીધો છે. ૪,૮૩,૦૦૦ની સહાય મળી છે.૨૦૧૪માં એ.જી.આર. આઇસોપોમ– ૫૫૩ ખેડૂતોએ કુલ રૂ.૧૧,૬૬,૧૨૨/–નો લાભ લીધો છે. રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા મિશન નીચે ૪૩ ખેડૂતોએ રૂ.૯૭,૪૯૬/–નો લાભ લીધો છે. આમ કુલ ૨૦૧૩ ખેડૂતોને રૂ.૪૩,૪૭,૩૫૧/– લાભ મળ્યો છે.

**રાજ્યમાં ગામના નમૂના–૨માં વારસાઇ એન્ટ્રી કોમ્પ્યુટર સોફટવેરની ખામીને કારણે ન થવા બાબત**

* ૧૪૮૫૯ **શ્રી હર્ષદભાઇ રીબડીયા (વિસાવદર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં ગ્રામ પંચાયતોના ગામના નમૂના નં.૨ ની અંદર વારસાઈ એન્ટ્રીની નોંધ કોમ્પ્યુટરના સોફટવેરની ખામીના કારણે થતી નથી તે વાત સાચી છે, અને | (૧) અને (૨) ગામ નમુના નં.૨ માં વારસાઇ એન્ટ્રીની ફેરફાર નોંધ દાખલ કરવામાં આવતી નથી તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) જો હા, તો સરકાર ગ્રામ પંચાયતોમાં વારસાઈની એન્ટ્રીઓની કામગીરી સમયસર પૂર્ણ થાય તે માટેની શી કાર્યવાહી કરવા માંગે છે? | |

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા : માનનીય અધ્યક્ષશ્રી, મેં જે પ્રશ્ન પૂછ્યો એમાં એમણે જવાબ આપ્યો છે કે, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. તો હું એ વાત કહું છું કે, અમે ધારાસભ્યો કેટલાય વર્ષોથી તૈયારી કરતા હોઇએ છીએ અને પ્રશ્ન પૂછીએ ત્યારે જવાબ આપવામાં આવે છે કે, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આ ઓન લાઇન સિસ્ટમ સીટીમાં કરો એ બરાબર છે. અહીંયાં અમને ગામડાવાળાઓને ખબર પડતી નથી. સોફ્ટવેરના કારણે બિન ખેતી થયેલ પ્લોટનો કોઇ માલિક ગુજરી જાય તો તેના વારસદાર વ્યક્તિને બે નંબરની નકલ કઢાવવી પડે છે. કે જેથી એને ખબર પડે કે, આ પ્લોટમાં કેટલા વારસદાર છે. એ વારસદારો વારસાઇ એન્ટ્રી પડાવવા માટે બે નંબરની નકલ કઢાવીને ૬ નંબરના ફોર્મમાં વારસાઇ એન્ટ્રી પડાવવા માટે અરજી કરે છે અને પછી એ એન્ટ્રી થતી હોય છે અને એનું નામ દાખલ થતું હોય છે. આ સોફ્ટવેર બંધ છે એ વાત સાચી છે? જો એ વાત સાચી હોય તો આ નકલ કઢાવવામાં બે વર્ષથી ગુજરાતના લોકો આ સોફ્ટવેર બંધ હોવાથી રાહ જોઇને બેઠા છે ત્યારે આ ગતિશીલ ગુજરાતમાં તમે શું કરવા માગો છો એ માનનીય મંત્રીશ્રી જણાવે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હર્ષદભાઇ વિસાવદર જવું હોય તો વિસાવદર જતી ગાડી પકડવી પડે તમે વલસાડની ગાડી પકડેલી હતી. ફોર્મ નંબર, નમુના નં.૨ની અંદર કોઇ કમ્પ્યુટર નોંધણી થતી નથી. ગામની અંદર જ એની નોંધણી થાય છે અને એ તલાટી દ્વારા જ નોંધણી થાય છે. તમે પછી મુદ્દાની વાત કરી. એ મુદ્દા માટે નમુના નં.૬ની અરજી કરવી પડે છે. નમુના નં.૬ બાબતે વડોદરા જિલ્લામાં આપણે ચર્ચા કરી. એ પ્રમાણે પ્રક્રિયા કર્યા પછી એની નોંધ પાડવામાં આવતી હોય છે. અગાઉ પણ કહ્યું, એમણે ગતિશીલ ગુજરાતનો પ્રશ્ન પૂછ્યો એ બદલ એમનો આભાર. માનનીય મુખ્યમંત્રીશ્રીએ ગતિશીલ ગુજરાતમાં લક્ષ્ય નિર્ધારીત કર્યું હતું, બાકી નોંધો પૂરી કરવા માટે અધિકારીઓને આદેશ આપ્યો હતો. ૧૦૦ દિવસની અંદર એટલે કે તા. ૯–૬–૨૦૧૪થી તા.૩૦–૯–૨૦૧૪ સુધીમાં દરમિયાન હક્ક પત્રકમાં વારસાઇ પડતર ફેરફાર નોંધો, વારસાઇ બાકી કેસોનો નિકાલ કરવાની ખાસ ઝૂંબેશ ખેડૂતોના હિતમાં, જમીન માલિકોના હિતમાં, આ સરકારે સામા પગલે ઉપાડેલી અને એના પરિણામે ૧૦૦ દિવસની અંદર ૬૬,૪૫૪ નોંધ ખેડૂતોની પાડી આપી છે. આ ગતિશીલ છે. તમે બે નંબરના ફોર્મની વાત કરી. એ અલગ પ્રકારનું છે. એટલે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી એ પ્રકારનો જવાબ આપ્યો છે. પ્રશ્ન પૂછવાનો હેતુ જુદો હતો અને જુદી રીતે પ્રશ્ન પૂછ્યો હતો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પ્રશ્ન પૂછવા માગું છું કે, પહેલાં વારસાઇ એન્ટ્રીની નોંધ પિતાની ગેરહાજરીમાં કે વાલીની ગેરહાજરીમાં, એના જીવતે જીવ વારસાઇ એન્ટ્રી પાડવાની હોય તો વિનામૂલ્યે પાડવામાં આવતી હતી. પણ હમણાં હમણાં પિતાની હયાતીમાં વારસાઇ એન્ટ્રી પાડવા માટે બજાર કિંમત મુજબ સ્ટેમ્પ ડ્યુટી વસૂલવાનું ચાલુ કર્યું છે. મારે આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે પિતા અથવા વાલીની હાજરીમાં એના સીધી લીટીના વારસદારો મિલકતમાં સંયુકત નામે જોડાવા માગતા હોય અથવા તો વારસાઇ નોંધ પડાવવા માગતા હોય તો એ વિનામૂલ્યે પાડી આપવા માગીએ છીએ કે કેમ? અને જો સ્ટેમ્પ ડ્યૂટી વસૂલ વાની શરૂ કરી હોય તો એ કયારથી શરૂ કરવામાં આવી છે અને એનાથી કેટલી આવકમાં વધારો થયો છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સ્વાભાવિક રીતે આ પ્રશ્ન આમાંથી ઉભો થતો નથી, અત્યારે આપણે ઇ–ધરા મારફતે, સીવીક સેન્ટર મારફતે અને ગામડામાં બધી જગ્યાએ ઓન લાઇન એન્ટ્રીની જે પ્રથા છે એ પ્રમાણે બધી કામગીરી કરવામાં આવે છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારો સવાલ સવાલ સ્પષ્ટ હતો કે માનનીય નીતિનભાઇ સાહેબ, અમરેલીની વડીયા સ્ટેમ્પ ડયુટી રજીસ્ટ્રારની કચેરીમાં પિતાની હાજરીમાં કોઇ વ્યકિત જો વારસાઇ નોંધ પડાવવા જાય તો એની પાસે સ્ટેમ્પ ડયૂટી વસૂલ વામાં આવે છે, હું સ્પેસિફિક ઉદાહરણ આપુ છું અને એટલે માનનીય મંત્રીશ્રી આપની પાસેથી જાણવા માગુ છું કે પિતા અથવા વાલીની હાજરીમાં જો કોઇ સીધી લીટીના વારસદાર વારસાઇ નોંધ પડાવવા જાય તો એને રાજય સરકાર વિનામૂલ્યે જે આપણે ભૂતકાળમાં નોંધ પાડી આપતા હતા એમ પાડી આપવા માગીએ છીએ કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમાંથી એ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી છતાં વિભાગ સાથે અમે ચર્ચા કરી જે શકય હશે એ યોગ્ય કરીશું.

શ્રી અરવિંદભાઇ કે. લાડાણી : માનનીય અધ્યક્ષશ્રી, વારસાઇ ફેરફાર નોંધ દાખલ કરવાની શું પદ્ધતિ છે? અને ઇ–ધરામાં વારસાઇ ફેરફાર નોંધ દાખલ કર્યા પછી અરજદારોને તબકકાવાર કેવી રીતે જાણ કરવામાં આવે છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોના માલિક હકક જે હોય એમાં જે મૂળ માલિક છે એને વારસદારનું નામ દાખલ કરવું છે, પિતાનું, વાલીનું મૃત્યુ થતા તો એના માટે વારસાઇ હકકમાં ફેરફાર કરવા માટે એ વારસાઇ પ્રમાણપત્ર રજૂ કરે છે અને એ પ્રમાણપત્ર પ્રમાણિત થતા અને પછી એની એન્ટ્રી આખરી થતા એ મૂળ માલિક જે ગુજરી ગયા છે એમના વારસદારોના નામે આ જમીન દાખલ કરવામાં આવે છે.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે વારસાઇમાં આડી લીટીના વારસોને હકક ઉઠાવવા માટે પણ જેમ પરેશભાઇએ કહ્યું એમ સ્ટેમ્પ ડયૂટી ભરવી પડે છે. મારા જ મત વિસ્તારમાં મારી સોસાયટીમાં એક ભાઇનું મૃત્યુ થયું તો એમના ફોઇઓ પાસે આ હકક ઉઠાવવા માટેની સ્ટેમ્પ ડયૂટી ભરવાના પૈસા જ નથી, તો સ્ટમ્પ ડયૂટી તમે ઉઠાવવા માગો છો કે કેમ? કારણ કે બીજા રાજયોમાં આવો કાયદો નથી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સૂચન છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ એમના જવાબમાં જણાવ્યું છે કે બિન ખેતીવાળી જમીનની જે લે વેચ થાય છે અને એમાં બિન ખેતી કરીને વેચવામાં આવે છે અને સબ રજીસ્ટ્રાર કચેરીમાં દસ્તાવેજ કરી આપવામાં આવે છે. દસ્તાવેજ થયા પછી એ નોંધણી મામલતદાર કચેરીને પણ સબ રજીસ્ટ્રાર કચેરીમાંથી મોકલવામાં આવે છે એના આધારે નોંધ પાડવી જોઇએ એવી નોંધો ન પાડવાને કારણે બિન ખેતીના પ્લોટો જે વેચ્યા હોય એ માલિકે બીજાને વેચે, બીજો ત્રીજાને વેચે, ત્રીજો ચોથાને વેચે અને પરિણામે એમનો જે વેરો વસૂલવાનો થાય એ મૂળ માલિકના નામે આવે કે જેણે વેચી દીધી છે એના નામે વસૂલવાના થાય એના કારણે આવા લોકો વધારે હેરાન થાય છે, એ ન થાય એટલા માટે બિન ખેતીના દસ્તાવેજ થઇ ગયા પછી મામલતદારને પહોંચ મોકલવામાં આવે છે એના આધારે આવી નોંધો તાત્કાલિક અસરથી પાડવા માટે રાજય સરકાર સૂચનાઓ આપવા માગે છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રમાણિત થયેલી નોંધ હોય એ કાયદા મુજબ સક્ષમ

અધિકારીઓએ એની નોંધ પાડવાની જ હોય છે, બીજું આ અંગ્રેજોના બનાવેલા જૂના રેવન્યુ કાયદામાં આ બધું આજે કંઇ નવું નથી થતું આ બધું વર્ષોથી ચાલતું હતું આભાર માનો ભારતીય જનતા પક્ષની સરકારોનો કે જેમણે મહેસૂલ કાયદામાં આમૂલ પરિવર્તન કરવા માટે તબક્કાવાર અમે પગલા લીધા છે અને આવા કોઇપણ પ્રશ્નો હોય તો મારી બધા સભ્યશ્રીઓને વિનંતી છે કે માનનીય મુખ્યમંત્રીશ્રીને તમે વિગતવાર લખીને અત્યારની પરિસ્થિતિ અને તમે શું સુધારો સૂચવો છો એ લખીને મોકલી આપશો તો કાયદાકીય રીતે અને વહીવટી રીતે જેટલું અનુકૂળ થશે એટલું વ્યવસ્થિત કાયદાના માળખામાં થશે, એ અંગે ચોક્કસ સરકાર આગળ ઉપર પણ જે અમે સુધારા કરવાના છીએ એમાં અમે આમેજ કરીશું, આ બધું તો પરાપૂર્વથી ચાલતું હતું. એન્ડર્સન વખતથી ચાલતું હતું. ભૂમાફિયાઓ, જમીન પચાવી પાડનારાઓ સામે પગલાં લીધાં, સીટની અમે રચના કરી અને કાયદેસરના ખેડૂતોને એમનો હક્ક મળે એ અમે પ્રસ્થાપિત કર્યું છે.

**ગાંધીનગર જિલ્લામાં પશુ સારવાર કેમ્પ**

* ૧૪૯૪૬ **શ્રી શંભુજી ચે. ઠાકોર(ગાંધીનગર–દક્ષિણ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રવિ કૃષિ મહોત્સવ–૨૦૧૪ દરમ્યાન ગાંધીનગર જિલ્લામાં કેટલા પશુ વંધ્યત્વ નિદાન અને સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ, અને | (૧) ૪. |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી? | (૨) ૧૮૬૬. |

શ્રી શંભુજી ચે. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, રવિ કૃષિ મહોત્સવ ૨૦૧૪ દરમિયાન ગાંધીનગર જિલ્લામાં ખાતા દ્વારા પશુ વ્યંધત્વ સારવાર કેમ્પમાં કઇ કઇ સેવાઓ પૂરી પાડવામાં આવી છે?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : પ્રાથમિક સારવાર, કૃમિનાશક સારવાર, જાતીય સારવાર અને રસીકરણ આટલી સારવાર પશુઓને આપવામાં આવી છે.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ મહોત્સવની અંદર જે પશુ વ્યંધત્વ કેમ્પ કરવામાં આવ્યો એમાં ૧૮૬૬ જાનવરો આવ્યા એમાં ગાયો કેટલી હતી અને ભેંસો કેટલી હતી અને આ ૧૮૬૬માંથી કેટલા ફલિત થયા? વાંઝીયા હતા એમાંથી કેટલા દૂધ આપતા થયાં?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : જે જાતીય સારવાર આપવામાં આવે છે એમાં એક તો ગર્ભાશયને લગતો ચેપ લાગ્યો હોય તો એન્ટીબાયોટિક્સ આપવામાં આવે છે, અંતઃસ્ત્રાવની ખામી હોય તો એ અંગે સારવાર આપવામાં આવે છે અને ખનિજતત્વોની ખામી હોય તો મિનરલ મીક્ષર આપવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : એમનો પ્રશ્ન એટલો છે કે ગાયો અને ભેંસો કેટલી છે?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : ગાય અને ભેંસના આંકડા અત્યારે મારી પાસે નથી. કેટલાય પશુઓ સારવાર પૂરી થાય એટલે સારવાર કરાવીને જતા રહેતા હોય છે. બાકી કેટલા ફલિત થયા તો એની ખબર નવ મહિના પછી પડે, તાત્કાલિક આંકડા ન મળે.

અધ્યક્ષશ્રી : માહિતી પછીથી ટેબલ ઉપર મૂકી દેજો.

શ્રી અશોકકુમાર ર. પટેલ : પશુઓના વ્યંધત્વના સારવાર કેમ્પથી પશુપાલકોને શું ફાયદો થાય છે અને આ રોગો નિવારવા માટે કયા કયા પ્રકારની સારવાર આપવામાં આવે છે?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : પશુપાલકોને પોતાના ગામ બેઠા જાતીય આરોગ્ય સારવાર વિનામૂલ્યે પૂરી પાડવામાં આવે છે. પશુ વ્યંધત્વ સારવાર કેમ્પમાં પશુઓ ગરમીમાં સમયસર આવતા ન હોય અને વારંવાર ઉથલા મારતા હોય તો ગર્ભાશયના રોગો, અંતઃસ્ત્રાવની ખામી ધરાવતા પશુઓને સમયસર સારવાર કરાવી રોગમુક્ત કરવામાં આવે છે. કેમ્પમાં સારવાર આપવાથી પશુઓ જાતીય આરોગ્ય રીતે તંદુરસ્ત થતાં સમયસર ગાભણ થાય છે. પશુ વ્યંધત્વ સારવાર કેમ્પ દરમિયાન પશુપાલકો સાથે પશુપાલન અંગે ચર્ચા વિચારણા કરવામાં આવે છે. પશુઓને ગરમીમાં લાવવા માટે સારવાર (અંતરાય)

અધ્યક્ષશ્રી : બેઠા બેઠા ચર્ચા ન કરીએ. પ્લીઝ...

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : નબળા પશુઓને કૃમીનાશક દવાઓ તથા ચીમોડા–ચાંચડની દવા મફતમાં આપવામાં આવે છે. નબળા પશુઓને મિનરલ પાઉડર મફત આપવામાં આવે છે. પ્રાથમિક સારવાર, કૃત્રિમ બીજદાન તથા ખસીકરણ મફત કરવામાં આવે છે.

શ્રી પુનમભાઇ કા. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના માધ્યમથી મંત્રીશ્રી પાસે એ જાણવું છે કે, શંભુજી ઠાકોર તરફથી જે પ્રશ્ન પૂછવામાં આવ્યો એમાં લખ્યું છે કે ૧૮૬૬ પશુઓને સારવાર આપવમાં આવી તો કઇ કઇ જાતિના પશુઓને સારવાર આપવમાં આવી? પ્રશ્ન નં.ર પશુઓમાં ગાય, ભેંસ, ઘોડું, ગધાડું, ઊંટ, ઘેટાં, બકરાં આ બધા પશુઓની માલિકી હોય છે. આ માલિકો કૃષિ મહોત્સવમાં સારવાર માટે આ પશુઓને લાવવામાં આવે છે. પરંતુ જેનો કોઇ ઘણી ના હોય જેવા કે ભૂંડ, નીલગાય, બંદર આવા જે પશુઓ છે, જેનો કોઇ ઘણી ના હોય એનો ઘણી સરકાર ગણાય તો આવા પશુઓને સરકાર કેમ્પમાં લાવીને સારવાર આપી છે તો કેટલા પ્રાણીઓને આપી છે અને જો ના આપી હોય તો ભવિષ્યમાં આપવા માગો છો કે કેમ?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, કયા પશુઓને સારવાર આપી છે એ મેં કીધું છે કે, હું ટેબલ ઉપર મૂકી દઇશ. બાકીનો જે માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન છે એની અંદર બારોબાર ધારો કે રોઝ, ભૂંડનો એમણે પ્રશ્ન કર્યો છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : પુનમભાઇને માલિકી આપવી હોય તો આપો.

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, એટલે પશુ સારવાર કેમ્પની અંદર પશુપાલકો અથવા ખેડૂત પોતાના પશુઓને જાતે લઇને કેમ્પમાં આવે છે એની સારવાર કરવામાં આવે છે. જે રખડતાં–ભટકતાં પશુઓ હોય એની ત્યાં સારવાર કરવામાં નથી આવતી. છતાં પણ પૂનમભાઇ કે બીજા કોઇપણ મિત્રો જો ત્યાં લઇને આવશે તો અમે એની સારવાર કરી આપીશું.

**દાહોદ જિલ્લામાં ખેડૂતોને જીપ્સમ સહાય**

* ૧૫૦૯૧ **શ્રી વીછીયાભાઇ જો. ભુરીયા (લીમખેડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલાં ખેડૂતોને જીપ્સમ સહાય આપવામાં આવી, અને | (૧) ૫૯૦ ખેડૂતોને. |
| (૨) તે પેટે કેટલી સહાય ચુકવવામાં આવી ? | (૨) રૂા. ૩,૯૨,૫૦૦/–. |

શ્રી વીછીયાભાઇ જો.ભુરીયા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન છે કે જીપ્સમ સહાય યોજના હેઠળ રાજ્યને કેન્દ્ર સરકારનો કેટલો હિસ્સો મળે છે અને તા.૩૧–૧૨–૨૦૦૦ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં જીપ્સમ સહાય યોજના હેઠળ તાલુકાવાર કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે? એ આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું.

શ્રી જસાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, આ જીપ્સમ ખાતરની દ્દષ્ટિએ આ સોઇલ હેલ્થ કાર્ડ સમગ્ર ગુજરાતમાં ૪૬ લાખ ખેડૂતોએ કઢાવ્યા પછી જીપ્સમનો વપરાશ જે વધ્યો છે એને હિસાબે દરેક જિલ્લાવાઇઝ અને તેમાં માનનીય સભ્યશ્રીએ જે વાત કરી છે કે– જીપ્સમમાં કેન્દ્ર અને રાજ્યનો હિસ્સો કેટલો છે? ઇન્ટીગ્રેટ સ્કીમ ઓફ ઓઇલ, સીડ, પલ્સીસ, ઓઇલ પામ એન્ડ મેઇઝ આઇસો પોમ યોજના નીચે કેન્દ્ર સરકારના ૭૫ ટકા છે અને સ્ટેટ ગવર્નમેન્ટની ૨૫ ટકા સહાય છે. નેશનલ મિશન ઓન ઓઇલ સીડસ એન્ડ ઓઇલ પામ એમાં ૭૫ ટકા કેન્દ્ર સરકાર ૨૫ ટકા રાજ્ય સરકારના છે. રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજનામાં ૧૦૦ ટકા સહાય કેન્દ્ર સરકારની છે. નેશનલ ફૂડ સિક્યોરિટીઝમાં ૧૦૦ ટકા કેન્દ્ર સરકારની સહાય છે. માનનીય અધ્યક્ષશ્રી, તેમણે બીજી વાત દાહોદ જિલ્લાની કરી છે તો ઝાલોદ તાલુકામાં ૨૦૧૩માં ૨૮૦ ખેડૂતને ૧,૮૫,૦૦૦ અને ૨૦૧૪–૧૫માં ૩૦૦ ખેડૂતને ૨.૭૫ લાખ આમ કુલ તમામ ૫૯૦ ખેડૂતને ૩,૯૨,૫૦૦ ની સહાય ચૂકવી છે.

શ્રીમતી નિમિષાબેન સુથાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે, જીપ્સમ અને વાહક હેતુ માટે તાલુકાવાર પ્રતિ ટનના શું દર નક્કી થયેલ છે અને આ જિલ્લામાં યોજનાવાર અને વર્ષવાર કેટલા ખેડૂતોને જીપ્સમ સહાય પેટે સહાય ચૂકવવામાં આવી?

શ્રી જસાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, તાલુકાવાઇઝ અને દાહોદ જિલ્લાનો જે પ્રશ્ન કર્યો છે તેમાં લીમખેડા તાલુકામાં જીપ્સમની જે કિંમત છે ૨૪૧.૪૬ અને વાહતુક ખર્ચ છે ૩૭૧.૫૪ પૈસા છે.કુલ ૬૧૩ રૂપિયા થાય છે. દેવગઢબારિયામાં ૨૪૧.૪૬ અને ૩૬૨.૫૪ વાહતુક ખર્ચ છે આમ કુલ ૬૦૪ રૂપિયા થયો છે. દાહોદમાં ૩૮૨.૫૪ વાહતુક ખર્ચ છે. લીંમડીમાં ૩૭૩.૫૪,છે. ધનસુરામાં ૩૮૮.૫૪, ઝાલોદમાં ૩૮૨.૫૪, ગરબાડામાં ૪૦૩.૫૪ અને ફતેહપુરામાં ૪૦૧.૫૪ તેમજ તેમના જિલ્લામાં રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા મિશન હેઠળ ૨૮૦ ખેડૂતોને ૨૦૧૩માં એક ૧,૮૫,૦૦૦/-ની સહાય ચૂકવી છે અને બીજી સહાય રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા મિશન નીચે ૩૧૦ ખેડૂતોને ૨,૦૭,૫૦૦/-રૂપિયાની સહાય ચૂકવી છે. આમ કુલ ૫૯૦ ખેડૂતોને ૩,૯૨,૦૦૦/-ની સહાય ચૂકવી છે.

શ્રી રમેશભાઇ ભુ. કટારા : માનનીય અધ્યક્ષશ્રી, જીપ્સમના ઉપયોગથી ખેડૂતોને શું લાભ થાય છે અને ખેતીવાડી સહાય યોજનામાં જીપ્સમ કોણ પૂરું પાડે છે?

શ્રી જસાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું કે, ખેડૂત અત્યારે જે છેલ્લા કૃષિ વિકાસ દર ગુજરાતનો જે છેલ્લા દસ વર્ષની અંદર ૨.૫ ટકાથી માંડીને આજે ૧૦.૫ ટકાએ પહોંચ્યો છે. તેમાં દરેક રીતે જીપ્સમનો પણ ખેડૂત ઉપયોગ કરતો થયો છે. ત્યારે આજે એકે એક જિલ્લાની અંદર જીપ્સમના ઉપયોગ દ્વારા આ જમીનની ફળદ્રુપતા અને જમીનમાં બાષ્પીક્તા કે પીએચસી જે જમીનમાં પૃથ્થકરણના આધારે જે સોઇલ હેલ્થ કાર્ડ મારફતે પૂરેપૂરા આખા ગુજરાતમાં તમામ ખેડૂતે પૃથ્થકરણ કર્યા પછી એને એ જમીનમાં જે બાષ્પીક જમીન કેટલી છે અને કેલ્શિયમ અને ગંધકનું પ્રમાણ કેટલું ઘટે છે અને ૮.૨ બાષ્પીક પીએચસી ૮ હોય ત્યાં એ ખેડૂત પોટાશ વાપરતો થયો છે. તો આ ૮.૨ થી વધારે જ્યારે બાષ્પીકતા હોય ત્યારે તેને વાપરવામાં આવે છે જીપ્સમ અને આ જે જીપ્સમ છે એ જીએસએફસી વડોદરા અને ઇન્ડોકો ઇન્ડસ્ટ્રીઝ કંપની દ્વારા પૂરું પાડવામાં આવે છે.

**ખેડા જિલ્લામાં કૃષિ કિટસનું વિતરણ**

* ૧૫૧૦૭ **શ્રી કેસરસિંહ જે. સોલંકી (માતર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લામાં કૃષિ મહોત્સવમાં સન–૨૦૧૩ અને ૨૦૧૪ દરમ્યાન કેટલા ખેડૂતોને વિના મૂલ્યે કેટલી કૃષિ કીટસનું વિતરણ કરવામાં આવ્યુ, અને | (૧) **વર્ષ–૨૦૧૩**<br>૪૫૧૫ ખેડૂતોને ૪૫૧૫ કૃષિ કીટસ,<br>૩૨૨૫ ખેડૂતોને ૩૨૨૫ પશુપાલન કીટસ<br>**વર્ષ–૨૦૧૪**<br>૪૪૯૮ ખેડૂતોને ૪૪૯૮ કૃષિ કીટસ,<br>૪૩૦૩ ખેડૂતોને ૪૩૦૩ બાગાયતી કીટસ<br>૫૦૫૫ ખેડૂતોને ૫૦૫૫ પશુપાલન કીટસ. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ થયો ? | (૨) વર્ષ ૨૦૧૩ રૂ.૧,૨૩,૨૫,૨૬૦/–<br>વર્ષ ૨૦૧૪ રૂ.૭૩,૮૫,૦૩૮/–. |

શ્રી કેસરીસિંહ જે.સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મંત્રી પાસેથી જાણવા માગુ છું કે, ખેડા જિલ્લામાં ગામદીઠ યોજનાવાર કેટલી કિટસ આપવામાં આવે છે અને ખેડા જિલ્લામાં વર્ષવાર કૃષિ મહોત્સવમાં ૨૦૧૨–૧૩ અને ૨૦૧૪માં વર્ષવાર તાલુકાવાર કેટલી કિટસ આપવામાં આવે છે ?

શ્રી જસાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ મહોત્સવમાં જે સમગ્ર ગુજરાતમાં દરેક ગામડાઓમાં અઢાર હજાર ગામડાઓમાંથી કિટસનું પ્રમાણ નક્કી કર્યું છે તે કૃષિ કિટસ જે એચજીઆરવાય એટલે એસ.સી. ખેડૂત જ્યાં હોય ત્યાં ત્રણ કિટસ આપવામાં આવે છે. એચજીઆર–૧૦ એ સામાન્ય ખેડૂતને પાંચ કિટસ આપવામાં આવે છે અને કૃષિ કિટસમાં આઠ ખેડૂતને કિટસ આપવામાં આવે છે. તેમજ બાગાયત કિટસ જે છે એ એચસીઆરટી–૩માં પાંચ કિટસ અને એચ.આર.ટી–૪માં જે એસ.સી. ખેડૂત છે એને બે થી પાંચ કિટસ આપવામાં આવે છે. અને એચ.આર.ટી–૨માં જે સામાન્ય ખેડૂત છે એને પાંચ કિટસ આપવામાં આવે છે. આમ કુલ બાર થી પંદર બાગાયતી કિટસ આપે છે એમાં ત્રીજી પશુપાલન જે કિટસ છે એ ડેરી વિકાસ યોજના નીચે દસ આપવામાં આવે છે. આમ એક ગામની અંદર આ ત્રણેય કેટેગરીમાં ત્રીસ થી તેત્રીસ કિટસ આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજા પ્રશ્નમાં તેમણે તાલુકવાર આપેલ કૃષિ કિટસની વિગતો એવી છે કે, મહેમદાવાદમાં કૃષિ કિટસ ૨૦૧૩માં ૨૮૧ અને પશુપાલન કિટસ ૩૬૫, નડીયાદ તાલુકામાં ૪૦૭, પશુપાલન કીટ ૨૯૫, માતરમાં ૩૯૧, પશુપાલન કીટ ૨૭૫, કપડવંજમાં ૮૦૮, પશુપાલન કીટ ૫૬૫, બાલાસિનોરમાં ૩૪૫, પશુપાલન કીટ ૨૪૦, ઠાસરામાં કૃષિ કીટ ૭૩૦, પશુપાલન કીટ ૫૧૫, કઠલાલમાં ૪૨૨ કૃષિ કીટ અને પશુપાલન ૩૦૫, ખેડામાં ૪૬૨, પશુપાલન કીટ ૧૯૫, મહુધામાં ૩૨૫ અને પશુપાલન કીટ ૨૧૦, વિરપુરમાં ૩૪૪ અને પશુપાલન કીટ ૨૬૦ આ ૨૦૧૪માં આપ્યા. ૨૦૧૪માં (અંતરાય) સ્પેસીફીક પ્રશ્ન પૂછયો છે એટલે જવાબ તો આપવો જ પડે. કૃષિ કીટ ૪૬૦, બાગાયતી કીટ ૫૧૧ અને ૭૬૫ કીટ પશુપાલનની છે. એમાં નડીયાદ તાલુકામાં ૪૦૯ અને બાગાયતી કીટ ૪૧૩ અને પશુપાલન કીટ ૪૪૦ એમ માતરમાં કૃષિ કીટ ૩૯૨, બાગાયતી કીટ ૩૯૫, પશુપાલન કીટ ૩૮૦, કપડવંજમાં ૮૦૦ કીટ કૃષિ છે, ૭૦૯ બાગાયતી છે અને ૧૧૦૦ કીટ છે એ પશુપાલનની છે. બાલાસિનોરમાં ૩૧૦ બાગાયતી કીટ છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : બધા સભ્યોને સંતોષ છે તમારા જવાબથી.હવે બીજાનો વારો આવવા દો.

શ્રી જસાભાઇ ભા. બારડ : સભ્યશ્રીએ સ્પેસીફીક જવાબ માગ્યો છે.(અંતરાય) કાંઇ વાંધો નહીં હું બાકીનો લેખિત જવાબ ટેબલ ઉપર મૂકીશ.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ૨૦૧૩માં ૭૭૪૦ કીટ આપવામાં આવી અને ૧૨૩લાખ સમથીંગ ખર્ચ થયો. ૨૦૧૪માં ૧૩૮૫૬ કીટ આપવામાં આવી જયારે એની સામે ૭૩૮૫૦૦૦ જેટલો ખર્ચ થયો એટલે કીટની સંખ્યા લગભગ ડબલ જેટલી થઇ ગઇ અને ખર્ચ ઘટયો. એટલે શું આપણે કીટની સાઇઝ ઘટાડી દીધી, એમાં આપવામાં આવતી વસ્તુઓ ઘટાડી દીધી, કે વચેટીયાઓ નીકળી ગયા કે શું થયું?

શ્રી જસાભાઇ ભા. બારડ : આમાં માનનીય અધ્યક્ષશ્રી, મારે એને સ્પષ્ટ જવાબ આપવો છે. ત્રણ જાતની કીટ મેં અત્યારે જવાબ આપ્યો, તમે જવાબ સાંભળવા માટે પણ સંમત નથી કે બાગાયતી, પશુપાલન અને કૃષિ કીટ આ ત્રણ જાતની કીટ છે. કૃષિ મહોત્સવમાં કૃષિ કીટની કિંમત ૨૮૦૦ રૂપિયાની એક કીટ થાય છે અને બાગાયતી કીટ એક હજાર રૂપિયાની થાય છે અને પશુપાલનની કીટ ૩૦૮ અને ૨૦૮ રૂપિયાની થાય છે એમ કીટની સંખ્યા જરૂરથી વધે પણ કિંમતમાં ઘણો બધો તફાવત થાય છે.

શ્રી ગોવાભાઇ હ. રબારી : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે જે પશુપાલનની કીટસ આપી છે તો ખેડૂત પણ પશુપાલન છે અને બિન ખેડૂત પણ પશુપાલન છે તો આની કોઇ વ્યાખ્યા તમે નકકી કરેલી છે? આ બિન ખેડૂત પશુપાલન છે એમને કીટસ આપી છે કે જે ખેડૂત પશુપાલન છે એમને આપેલી છે? અને કીટસમાં કઇ કઇ વસ્તુઓ આપવામાં આવે છે?

શ્રી જસાભાઇ ભા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, ગોવાભાઇ પોતે કયાંય કૃષિ મહોત્સવમાં ગયા નહીં હોય. બાકી આ પ્રશ્ન પૂછે નહીં કારણકે આ કૃષિ કીટ જે નકકી થાય છે એ ગ્રામસભામાં થાય છે અને ગ્રામસભામાં બી.પી.એલ. કાર્ડ ધરાવતા જે લોકો હોય એને આપવામાં આવે છે અને એમાં નકકી થાય છે કે કૃષિ કીટ કોને આપવી?, બાગાયતી કીટ કોને આપવી અને પશુપાલન કીટ કોને આપવી.

### જુનાગઢ જિલ્લામાં ફળપાક માટે સહાય

*૧૪૯૬૮ **શ્રી અરવિંદભાઇ કે. લાડાણી(કેશોદ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જુનાગઢ જિલ્લામાં ફળપાકના નવા વાવેતર માટે સહાયની યોજના અમલમાં છે કે કેમ,અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો સરકાર દ્વારા આ જિલ્લામાં વર્ષ ૨૦૧૩–૧૪માં આ યોજના હેઠળ કેટલાં ખેડૂતોને સહાય ચુકવેલ છે? | (૨) ૭૯૫ ખેડૂતો. |

શ્રી અરવિંદભાઇ કે. લાડાણી : જૂનાગઢ જિલ્લાના સન ૨૦૧૩-૧૪માં તાલુકાવાઇઝ ફળપાકોમાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય આપવામાં આવી છે?

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

## અતારાંકિત પ્રશ્નો

## તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ

### વડોદરા જિલ્લામાં રાયપનીંગ ચેમ્બર માટે સહાય

* ૧૪૯૫૫ **શ્રી જયંતિભાઇ સ. રાઠવા(જેતપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં સરકાર દ્વારા સહાયિત કેટલા રાયપનીંગ ચેમ્બર ઉભા થયેલ છે, અને | (૧) એક પણ નહીં. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### વડોદરા જિલ્લામાં ટીસ્યુકલ્ચર લેબૉરેટરી

* ૧૪૯૬૧ **શ્રી સતીષભાઇ મો. પટેલ(કરજણ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ટીસ્યુકલ્ચર લેબૉરેટરીની સ્થાપના માટે રાજ્ય સરકાર દ્વારા સહાય આપવામાં આવે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લામાં સરકાર સહાયિત કેટલી ટીસ્યુકલ્ચર લેબૉરેટરી ઊભી થયેલ છે, અને | (૨) એક પણ નહીં. |
| (૩) તે માટે કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આત્મા પ્રોજેક્ટ

* ૧૫૩૧૭ **શ્રી મેરામણભાઇ મા. આહીર (ખંભાલીયા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૫ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આત્મા પ્રોજેક્ટ ક્યારથી અમલમાં છે,

(૨) સદર પ્રોજેક્ટમાં તાલુકાવાર કક્ષાએ વહીવટી માળખુ કયા પ્રકારનું છે,

(૩) સદર પ્રોજેક્ટમાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કયા પ્રકારની કામગીરી કરવામાં આવી, અને

(૪) સદર પ્રોજેક્ટમાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમની ગ્રાન્ટ ચુકવવામાં આવી?

**જવાબ**

(૧) તા. ૬-૬-૨૦૧૪ થી

(૨) તાલુકા કક્ષાએ વહીવટી માળખું :

| ક્રમ | જગ્યાનું નામ | સંખ્યા |
|---|---|---|
| (૧) | બ્લોક ટેકનોલોજી મેનેજર | ૧ |
| (૨) | આસીસ્ટન્ટ ટેકનોલોજી મેનેજર | ૨ |

(૩) સામેલ *પત્રક-૧ મુજબ

(૪) છેલ્લા બે વર્ષ દરમિયાન દેવભૂમિ દ્વારકા જીલ્લાને ફાળવેલ ગ્રાન્ટ ચુકવણીની વિગતો નીચે મુજબ છે.

| તા. ૧-૨-૨૦૧૩ થી તા. ૩૧-૧-૨૦૧૪ | તા. ૧-૨-૨૦૧૪ થી તા. ૩૧-૧-૨૦૧૫ | |
|---|---|---|
| | તા. ૧-૨-૨૦૧૪ થી તા. ૫-૬-૨૦૧૪ | તા. ૬-૬-૨૦૧૪ થી તા. ૩૧-૧-૨૦૧૫ |
| જામનગર જિલ્લાના ભાગરૂપ નવરચિત દેવભૂમિ દ્વારકા જીલ્લામાં સમાવિષ્ટ તાલુકાઓ માટે | જામનગર જિલ્લાના ભાગરૂપ નવરચિત દેવભૂમિ દ્વારકા જીલ્લામાં સમાવિષ્ટ તાલુકાઓ માટે | દેવભૂમિ દ્વારકા જિલ્લા માટે |
| રૂ. ૨૬૮૦૨૧૪/- | રૂ. ૨૦૧૦૯૪/- | રૂ. ૩૭૧૯૮૯૫/- |

ફાલ્ગુન ૧૨, ૧૯૩૬ શાકે
અતારાંકિત પ્રશ્નો તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે)

**અમદાવાદ શહેરમાં ટી. પી. સ્કીમો**

* ૧૫૧૩૯ **શ્રી રાકેશ શાહ(એલિસબ્રીજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેરની કેટલી ટી. પી. સ્કીમો સત્તામંડળ દ્વારા બનાવવામાં આવી, અને | (૧) ૨૬ (છવ્વીસ). |
| (૨) તે પૈકી ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી ટી.પી. સ્કીમો મંજૂર કરવામાં આવી ? | (૨) ૮ (આઠ). |

---------

**નર્મદા જિલ્લામાં પશુઓને સારવાર**

* ૧૪૯૮૦ **શ્રી શબ્દશરણ ભા. તડવી(નાંદોદ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા જિલ્લામાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી, અને | (૧) ૯૧,૬૯૦. |
| (૨) કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું ? | (૨) ૭,૦૮,૯૧૪. |

**અમરેલી જિલ્લા નગરપાલિકાઓમાં ઘન કચરા નિકાલના સાધનોની ફાળવણી**

* ૧૫૧૩૪ **શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઘન કચરા નિકાલ અને વ્યવસ્થાપન યોજના અંતર્ગત અમરેલી જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા સાધનો મંજૂર કરેલ છે. | (૧) ઘન કચરા નિકાલ અને વ્યવસ્થાપન યોજના અંતર્ગત અમરેલી જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂ.૩૬૬.૫૩ લાખના ખર્ચે કુલ ૨૬૮૦ સાધનો મંજૂર કરેલ છે. |
| (૨) તે પૈકી ઉકત સ્થિતિએ નગરપાલિકા દીઠ કુલ કેટલા સાધનો ફાળવેલ છે. | (૨) |

| **ક્રમ** | **નગરપાલિકાનું નામ** | **ફાળવેલ સાધનો** |
|---|---|---|
| ૧. | બાબરા | ૨૯ |
| ૨. | દામનગર | ૯૧ |
| ૩. | અમરેલી | ૧૫૮ |
| ૪. | બગસરા | ૨૮૨ |
| ૫. | ચલાલા | ૨૪ |
| ૬. | જાફરાબાદ | ૩૫ |
| ૭. | લાઠી | ૧૪ |
| ૮. | રાજુલા | ૧૪ |
| ૯. | સાવર કુંડલા | ૨૦૩૩ |
| | **કુલ** | **૨૬૮૦** |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) કેટલા સાધનો ફાળવવાના બાકી છે, અને | (૩) મંજૂર કરેલ બધા જ સાધનોની ફાળવણી થઇ ગયેલ હોઇ, હવે કોઇ સાધનો ફાળવવાના બાકી રહેતા નથી. |
| (૪) બાકી રહેતા સાધનો ક્યાં સુધીમાં ફાળવવામાં આવશે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લાની નગરપાલિકાઓમાં અનુસૂચિત જાતિ (ખાસ અંગભૂત) યોજના અન્વયે બજેટમાં જોગવાઈ**

અતારાંકિત પ્રશ્નો તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ

* ૧૩૭૫૯ **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં આવેલ નગરપાલિકાઓમાં અનુસૂચિત જાતિ (ખાસ અંગભૂત) યોજના અન્વયે કેટલી બજેટની જોગવાઇ કરવામાં આવી હતી,

(૨) કરેલ જોગવાઇમાંથી વર્ષવાર કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૧) અને (૨)

(રૂ.લાખમાં)

| વર્ષ | જિલ્લાનું નામ | બજેટ જોગવાઇ | કરેલ ખર્ચ |
|---|---|---|---|
| ૨૦૧૩–૧૪ | બનાસકાંઠા | ૨૦૧.૧૭ | ૧૪૮.૧૯ |
| | સાબરકાંઠા | ૧૧૭.૦૦ | ૪૭.૧૩ |
| ૨૦૧૪–૧૫ | બનાસકાંઠા | ૨૮૧.૧૬ | ૧૯.૦૮ |
| | સાબરકાંઠા | ૧૩૨.૯૨ | ૧૦.૯૬ |

(૩) નગરપાલિકા વિસ્તારમાં અનુસૂચિત જાતિના વિસ્તાર સિવાય આવી ગ્રાન્ટ વપરાઇ હોય તેવી કોઇ ફરિયાદ રાજ્ય સરકારને મળી છે કે કેમ ?

(૩) ના, જી.

### સુરત જિલ્લામાં બાગાયતી કિટસનું વિતરણ

* ૧૪૯૫૪ **શ્રી નરોત્તમભાઇ પટેલ(ઉધના) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) સુરત જિલ્લામાં કૃષિ મહોત્સવ–૨૦૧૪ દરમ્યાન કેટલા ખેડૂતોને વિનામૂલ્યે બાગાયતી કિટ્સનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૧) ૬૭૫૪ ખેડૂતો.

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

(૨) રૂ.૨૫.૨૮ લાખ.

### ભાવનગર જિલ્લામાં ખેડૂત અકસ્માત વિમા યોજનાની અરજીઓ

* ૧૫૧૦૬ **શ્રી કેશુભાઇ હી. નાકરાણી(ગારીયાધાર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) ભાવનગર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ કેટલી અરજીઓ મળી,

(૧) ૨૨૬.

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) ૧૧૯.

(૩) તે પેટે કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ?

(૩) રૂ.૧૧૮.૦૦ લાખ.

### અમરેલી જિલ્લામાં રવિ કૃષિ મહોત્સવ–૨૦૧૪

* ૧૫૦૯૫ **શ્રી વલ્લભભાઇ વ. વઘાસીયા(સાવરકુંડલા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) અમરેલી જિલ્લામાં વર્ષ ૨૦૧૪ માં રવિ કૃષિ મહોત્સવ કેટલા સ્થળે યોજવામાં આવ્યો,

(૧) ૮.

(૨) તેનો કેટલા ખેડૂતોએ લાભ લીધો, અને

(૨) ૬૭૩૭.

(૩) કેટલા લાભાર્થીને લાભ આપવામાં આવ્યો ?

(૩) ૫૧૪.

### ગાંધીનગર જિલ્લામાં મામલતદાર (કૃષિપંચશ્રી) દ્વારા બિનખેતી માટે જમીન તબદીલી બાબત

* ૧૫૨૮૬ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર મામલતદાર (કૃષિ પંચશ્રી) દ્વારા બિનખેતી હેતુ માટે જમીન તબદીલી કરવાના

(૧) કુલઃ ૧૧૬૨ અભિપ્રાય આપવામાં આવેલ છે. જેની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| તાલુકા | આપવામાં આવેલ |
|---|---|

કેટલા અભિપ્રાયો આપવામાં આવ્યા, અને

| | અભિપ્રાયની સંખ્યા |
|---|---|
| ગાંધીનગર | ૭૨૭ |
| દહેગામ | ૧૦૮ |
| કલોલ | ૩૧૫ |
| માણસા | ૧૨ |

(૨) કેટલા આપવાના બાકી છે ?

(૨) કુલઃ ૫ અભિપ્રાય આપવાના બાકી છે.

| તાલુકા | બાકી અભિપ્રાયોની સંખ્યા |
|---|---|
| ગાંધીનગર | ૦ |
| દહેગામ | ૦ |
| કલોલ | ૫ |
| માણસા | ૦ |

**અમદાવાદ જિલ્લામાં ખેડૂત શિબિર**

* ૧૪૯૪૦ **શ્રી ભૂષણ ભટ્ટ(જમાલપુર-ખાડિયા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી ખેડૂત શિબિર યોજવામાં આવી, અને | (૧) ૫૯. |
| (૨) આ શિબિરનો કેટલા ખેડૂતોએ લાભ લીધો ? | (૨) ૧૯૨૬. |

**સંખેડા, બોડેલી, નસવાડી તાલુકામાં નર્મદા યોજનાનો કમાન્ડ વિસ્તાર**

* ૧૩૭૪૦ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લાના સંખેડા, બોડેલી અને નસવાડી તાલુકામાં, તાલુકાવાર નર્મદા યોજનાનો સિંચાઇનો કમાન્ડ વિસ્તાર કેટલા હેક્ટર છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લાના સંખેડા તાલુકાનો ૨૩૮૪૭ હેક્ટર વિસ્તાર, બોડેલી તાલુકાનો ૮૬૪૭ હેક્ટર વિસ્તાર અને નસવાડી તાલુકાનો ૬૭૩૨ હેક્ટર વિસ્તાર નર્મદા યોજનાના કમાન્ડ વિસ્તાર હેઠળ આવરી લેવાયેલ છે. |
| (૨) તાલુકાવાર ઉક્ત સ્થિતિએ કેટલા હેક્ટર જમીનને સિંચાઇનો લાભ આપવામાં આવે છે, અને | (૨) ઉક્ત સ્થિતિએ અંદાજે સંખેડા તાલુકાના ૨૦૨૦૦ હેક્ટર વિસ્તાર, બોડેલી તાલુકાના ૭૫૦૦ હેક્ટર વિસ્તાર અને નસવાડી તાલુકાના ૬૧૦૦ હેક્ટર વિસ્તારમાં ખેડૂતો સિંચાઇનો લાભ લે છે. |
| (૩) બાકી રહેતા વિસ્તારને કેટલા સમયમાં સિંચાઇનો લાભ મળશે ? | (૩) છોટાઉદેપુર જિલ્લાના કમાન્ડ વિસ્તારના બાકી રહેતા વિસ્તારમાં સબમાઇનોર નહેરોના કામો તબક્કાવાર પૂર્ણ કરી સત્વરે સિંચાઇનો લાભ આપવામાં આવશે. |

**સુરેન્દ્રનગર જિલ્લામાં ફળઝાડનાં લાભાર્થી**

* ૧૪૯૬૬ **શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| વર્ષ ૨૦૧૩-૧૪ માં સરકાર દ્વારા સુરેન્દ્રનગર જિલ્લામાં ફળઝાડ વાવેતરમાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે ? | ૧૮૬ લાભાર્થીઓ<br>રૂ.૮૬,૧૨,૬૭૮. |

**દાહોદ જિલ્લામાં પશુઓને સારવાર**

* ૧૪૯૮૨ **શ્રી રમેશભાઇ ભુ. કટારા(ફતેપુરા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી, અને | (૧) ૨,૧૨,૩૧૫. |

(૨) કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું ? | (૨) ૧૬,૩૨,૫૮૬.

---------

**કચ્છ જિલ્લામાં પશુ સારવાર કેમ્પ**

* ૧૪૯૪૮ **શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી(ગાંધીધામ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રવિ કૃષિ મહોત્સવ–૨૦૧૪ દરમ્યાન કચ્છ જિલ્લામાં કેટલા પશુ વંધ્યત્વ નિદાન અને સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ, અને | (૧) ૮. |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી ? | (૨) ૮૧૭૩. |

---------

**ખેડા અને આણંદ જિલ્લામાં કાંસોની સફાઇ**

* ૧૫૧૮૦ **શ્રી રોહિત પટેલ (આણંદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા અને આણંદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વરસાદી પાણીના નિકાલના કાંસોની સફાઇ કરવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી લંબાઇમાં જિલ્લાવાર કાંસોની સફાઇ કરવામાં આવી, અને | (૨) છેલ્લા બે વર્ષમાં ખેડા અને આણંદ જિલ્લામાં અનુક્રમે ૧૭૫.૯૫ કી.મી. અને ૭૫૦.૯૧ કી.મી. મળી કુલ ૯૨૬.૮૬ કી.મી. ની લંબાઇમાં કાંસોની સફાઇ કરવામાં આવી. |
| (૩) આ માટે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) રૂ.૬૬૭.૬૨ લાખ. |

---------

**વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૦૯ અને ૨૦૧૧ માં એમ.ઓ.યુ.**

* ૧૩૯૪૪ **શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વાયબ્રન્ટ ગુજરાત ઇન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૦૯ અને ૨૦૧૧ માં એમ.ઓ.યુ. માં સેક્ટર પ્રમાણે કુલ કેટલા એમ.ઓ.યુ. થયા હતા અને તે અન્વયે તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ સેક્ટરવાઇઝ કેટલું મુડી રોકાણ થયું, | (૧) અનુક્રમેઃ ***પત્રક ''અ''** અને ***પત્રક ''બ''** મુજબ. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત સમિટવાર કેટલા પ્રોજેક્ટો સંપુર્ણ કાર્યરત થયા, અને કેટલા પ્રોજેક્ટો ડ્રોપ થયા, અને | (૨) વાયબ્રન્ટ ગુજરાત ૨૦૦૯ માં ૨૦૭૭ પ્રોજેક્ટ ઉત્પાદનમાં ગયેલ છે અને ૯૫૧ પ્રોજેક્ટ ડ્રોપ થયેલ છે, જ્યારે વાયબ્રન્ટ ગુજરાત ૨૦૧૧ માં ૩૬૭૮ પ્રોજેક્ટ ઉત્પાદનમાં ગયેલ છે અને ૩૦૫૮ પ્રોજેક્ટ ડ્રોપ થયેલ છે. |
| (૩) સંપુર્ણ કાર્યરત પ્રોજેક્ટોમાં કુલ કેટલું મુડી રોકાણ થયું ? | (૩) મુડી રોકાણ એ સતત ચાલતી પ્રક્રિયા છે. ઉત્પાદનમાં ગયા પછી પણ પ્રોજેક્ટમાં મુડી રોકાણ થવાનું ચાલતું રહે છે. |

(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**ભરૂચ જિલ્લામાં ફળપાક માટે સહાય**

* ૧૪૯૫૩ **શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં ફળપાક નવા વાવેતર માટે સહાયની યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો સરકાર દ્વારા આ જિલ્લામાં વર્ષ ૨૦૧૩–૧૪ માં આ યોજના હેઠળ કેટલા ખેડૂતોને સહાય ચૂકવેલ છે ? | (૨) ૨૦૧ ખેડૂતો |

---------

**અમરેલી જિલ્લામાં પોલીસ ખાતાનાં બિનરહેણાંક મકાનો**

* ૧૫૧૭૦ **શ્રી નલીનભાઈ ના. કોટડીયા(ધારી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ માં પોલીસ ખાતાના કેટલા બિનરહેણાંકના મકાનની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે, અને | (૧) કુલ–૨. |
| (૨) આ કામગીરી માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે? | (૨) કુલ રૂ.૧૨૨.૮૩ લાખ. |

---------

**બનાસકાંઠા જિલ્લામાં બિયારણના નમૂના**

* ૧૫૧૦૦ **શ્રી કેશાજી શિ. ચૌહાણ(દિઓદર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બિયારણના કુલ કેટલા નમૂનાઓ લેવામાં આવ્યા, | (૧) ૪૭૧ નમૂનાઓ. |
| (૨) આ નમૂનાઓ પૈકી કેટલા નમૂના પ્રમાણિત થયા અને કેટલા નમૂના બિન પ્રમાણિત થયા, અને | (૨) ૪૫૮ પ્રમાણિત.<br>૧૩ બિન પ્રમાણિત. |
| (૩) બિન પ્રમાણિત નમૂનાઓમાં ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત શાં પગલાં લેવામાં આવ્યા? | (૩) બિન પ્રમાણિત નમૂનાઓમાં ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત જવાબદારો સામે નીચે મુજબના પગલાં લેવામાં આવ્યા. |

| અ.નં. | નમૂનાની સંખ્યા | લીધેલ પગલાં |
|---|---|---|
| ૧ | ૦૫ | કોર્ટ કેસ કરેલ છે. |
| ૨ | ૦૫ | વહીવટી પગલાં લીધેલ છે. |
| ૩ | ૦૩ | કાર્યવાહી ચાલુ છે. |

---------

**વડોદરા શહેરમાં પોલીસ ખાતાનાં રહેણાંક મકાનો**

* ૧૫૧૬૧ **શ્રી યોગેશ પટેલ(માંજલપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા શહેરમાં તા.૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ માં પોલીસ ખાતાના કેટલા રહેણાંકના મકાનની કામગીરી હાથ ધરવામાં આવેલ છે, અને | (૧) કુલ ૬૪. |
| (૨) આ કામગીરી માટે કુલ કેટલો ખર્ચ કરવામાં આવનાર છે? | (૨) કુલ રૂ. ૭૮૯.૧૦ લાખ. |

---------

**તલોદ તાલુકામાં તાજપુર નજીક મેશ્વો નદી ઉપર ચેકડેમની બાકી કામગીરી**

* ૧૪૭૭૮ **શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના મેશ્વો નદી ઉપર ટેન્ડરીંગ થઈ ગયેલ તાજપુર નજીક ચેકડેમનું કામ વારંવાર ફરીયાદ કે રજુઆતો છતાં કાર્યવાહી થતી નથી તે હકીકતથી સરકાર વાકેફ છે, અને | (૧) કરાર સંબધીત બાબતો, આલેખનની પુનઃ સમીક્ષા અને સુધારેલ વહીવટી મંજુરીની પ્રક્રીયાનાં કારણે કામગીરી થઈ શકેલ નથી. |
| (૨) જો હા, તો આ કામ કેટલા સમયમાં હાથ ધરવામાં આવશે અને રીટેન્ડરીંગ માટે વહીવટી મંજૂરી અપાયેલ છે કે કેમ? | (૨) હાલ સુધારેલ વહીવટી મંજુરીની કાર્યવાહી પ્રક્રીયા હેઠળ છે અને શકય એટલી વહેલી કાર્યવાહી કરવામાં આવશે. |

---------

તા.૩જી માર્ચ, ૨૦૧૯

અતારાંકિત પ્રશ્નો તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ

**રાજ્યમાં કપાસના ટેકાના ભાવ વધારવા કેન્દ્ર સરકાર સમક્ષ રજુઆત**

* ૧૫૨૫૫ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સને ૨૦૧૪માં કપાસના ભાવ નીચે જવાથી ખેડૂતોને કરોડો રૂપિયાનું નુકશાન થયું છે તેથી ખેડૂતોને રક્ષણ પુરૂ પાડવા રાજ્ય સરકારે કપાસના ટેકાના ભાવો વધારવા માટે ભારત સરકાર સમક્ષ ક્યારે ક્યારે દરખાસ્ત કે રજુઆતો કરી, | (૧) નીચેની તારીખોએ કેન્દ્ર સરકાર સમક્ષ રજુઆત કરેલ છે.<br>૧. તા.૧૩–૧૧–૨૦૧૪.<br>૨. તા.૦૩–૧૨–૨૦૧૪. |
| (૨) તે અન્વયે કપાસના ટેકાના ભાવો વધારવા માટે ભારત સરકારે શો પ્રતિભાવ આપ્યો, અને | (૨) કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યમાંથી કપાસની ટેકાના ભાવે ખરીદી કરાવેલ છે. |
| (૩) જો ટેકાના ભાવો વધારવાની ભારત સરકારે ના પાડી હોય તો તેના શા કારણો આપવામાં આવ્યા છે? | (૩) ભારત સરકારે ના પાડેલ નથી. |

---------

**ગાંધીનગર ડી.એસ.પી.ના તાબા હેઠળનાં ફિક્સપગારનાં કર્મચારીઓને નિયમિત પગાર ધોરણ ન મળવા બાબત**

* ૧૪૬૪૮ **શ્રી શકિતસિંહજી હ. ગોહિલ (અબડાસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ ગાંધીનગર ડી.એસ.પી. ના તાબા નીચેના કેટલા કર્મચારીઓએ પાંચ વર્ષ ફીકસ પગારમાં નોકરી પૂર્ણ કરેલ છે, | (૧) ૧૮૪. |
| (૨) તે પૈકી કેટલા કર્મચારીઓનો નિયમિત પગાર ધોરણમાં તા.૦૧–૦૨–૨૦૧૫ની સ્થિતિએ સમાવેશ થયેલ નથી, અને | (૨) ૧૧૨. |
| (૩) આ અંગેના કારણો શા છે ? | (૩) સરકારશ્રીના નિયમોનુસાર માન્ય સંસ્થામાંથી કોમ્પ્યુટર કૌશલ્યની સીસીસીની પરીક્ષા પાસ કરેલ ન હોવાથી. |

---------

**મોરબી જિલ્લા નગરપાલિકાઓમાં ઘન કચરા નિકાલના સાધનોની ફાળવણી**

* ૧૫૧૩૨ **શ્રી કાંતિલાલ શી. અમૃતિયા(મોરબી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઘન કચરા નિકાલ અને વ્યવસ્થાપન યોજના અંતર્ગત મોરબી જિલ્લાની નગરપાલિકાઓ માટે તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા સાધનો મંજૂર કરેલ છે, | (૧) ઘન કચરા નિકાલ અને વ્યવસ્થાપન યોજના અંતર્ગત મોરબી જિલ્લાની નગરપાલિકાઓ માટે તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂા. ૧૬૭.૩૦ લાખના ખર્ચે કુલ ૭૩૮ સાધનો મંજૂર કરેલ છે. |
| (૨) તે ઉક્ત સ્થિતિએ નગરપાલિકા દીઠ કુલ કેટલા સાધનો ફાળવેલ છે, | (૨) (નીચે કોષ્ટક) |

| ક્રમ | નગરપાલિકાનું નામ | ફાળવેલ સાધનો |
|---|---|---|
| ૧. | માળીયા–મીયાણા | ૫૧૪ |
| ૨. | મોરબી | ૧૩ |
| ૩. | વાંકાનેર | ૧૩ |
| ૪. | હળવદ | ૧૯૮ |
| | **કુલઃ–** | **૭૩૮** |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) કેટલા સાધનો ફાળવવાના બાકી છે, અને | (૩) મંજૂર કરેલ બધા જ સાધનોની ફાળવણી થઈ ગયેલ હોઈ, હવે કોઈ સાધનો ફાળવવાના બાકી રહેતા નથી. |
| (૪) બાકી રહેતા સાધનો ક્યાં સુધીમાં ફાળવવામાં આવશે.? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**નવસારી જિલ્લામાં પશુઓને સારવાર**

* ૧૪૯૭૯ **શ્રી પિયુષ દિ. દેસાઇ(નવસારી) : માનનીય પશુ પાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી, અને | (૧) ૧,૫૪,૧૩૩. |
| (૨) કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું? | (૨) ૭,૮૫,૧૩૭. |

---------

**અમદાવાદ જિલ્લામાં પશુ સારવાર કેમ્પ**

* ૧૪૯૪૩ **શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રવિ કૃષિ મહોત્સવ–૨૦૧૪ દરમ્યાન અમદાવાદ જિલ્લામાં કેટલા પશુ વંધ્યત્વ નિદાન અને સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ, અને | (૧) ૮. |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી? | (૨) ૪૦૮૩. |

---------

**અમદાવાદ જિલ્લામાં રાયપનીંગ ચેમ્બર માટે સહાય**

* ૧૪૯૫૬ **શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ(વેજલપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં સરકાર દ્વારા સહાયિત કેટલા રાયપનીંગ ચેમ્બર ઉભા થયેલ છે, અને | (૧) એક પણ નહીં. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં હક્કપત્રક નોંધોની નિકાલ બાકી**

* ૧૫૧૫૨ **શ્રી કિરીટસિંહ જી. રાણા (લીંબડી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કેટલી હક્કપત્રક નોંધો નિકાલ બાકી છે, અને | (૧) ૨૫૦૩. |
| (૨) આ બાકી નોંધોનો નિકાલ કયારે કરવામાં આવશે? | (૨) બનતી ત્વરાએ. |

---------

**જામનગર જિલ્લામાં પશુ સારવાર કેમ્પ**

* ૧૪૯૪૭ **શ્રી મેઘજીભાઇ અ. ચાવડા(કાલાવડ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રવિ કૃષિ મહોત્સવ–૨૦૧૪ દરમ્યાન જામનગર જિલ્લામાં કેટલા પશુ વંધ્યત્વ નિદાન અને સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ, અને | (૧) ૭. |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી ? | (૨) ૧૩૩૫૮. |

---------

તા.૩જી માર્ચ, ૨૦૧૯
અતારાંકિત પ્રશ્નો તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ

**મહેસાણા જિલ્લામાં પકડાયેલ દારૂ**

* ૧૪૯૧૨ **શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તાલુકાવાર કેટલી રકમનો દારૂ પકડવામાં આવ્યો, અને

(૨) તે અન્વયે પકડાયેલ ઇસમો સામે કઇ કલમો લગાવી કેટલા કેસો કરવામાં આવ્યા?

**જવાબ**

(૧) પત્રક સામેલ છે.

(૨) ગુજરાત નશાબંધી ધારાની કલમ–૬૬(૧) બી, ૬૫–એ.ઇ.૮૧,૧૧૬(બી) લગાવી અને ૧૧૦૭૮ કેસો કરવામાં આવ્યા.

**પત્રક**

**તા. ૦૧–૦૨–૨૦૧૩ થી તા. ૩૧–૦૧–૨૦૧૪**

| તાલુકાનું નામ | દેશી દારૂની કિંમત | વિદેશી દારૂની કિંમત |
|---|---|---|
| મહેસાણા | ૧૦૫૮૬૦ | ૧૨૩૨૨૩૫૦ |
| બહુચરાજી | ૧૦૮૪૦ | ૩૨૪૬૫૦ |
| કડી | ૮૨૨૦૦ | ૭૩૭૬૪૬૦ |
| વિસનગર | ૪૪૩૨૦ | ૬૦૫૮૦૧ |
| વિજાપુર | ૩૫૫૪૦ | ૨૨૩૫૪૫૦ |
| ખેરાલુ | ૯૬૦૦ | ૧૮૧૪૪૦૦ |
| ઉંઝા | ૩૨૫૨૦ | ૨૬૦૪૫૦ |
| વડનગર | ૧૪૪૨૦ | ૩૯૯૭૩૦ |
| સતલાસણા | ૧૫૬૦૦ | ૮૯૮૦૦ |

**તા. ૦૧–૦૨–૨૦૧૪ થી તા. ૩૧–૦૧–૨૦૧૫**

| તાલુકાનું નામ | દેશી દારૂની કિંમત | વિદેશી દારૂની કિંમત |
|---|---|---|
| મહેસાણા | ૧૦૬૫૬૦ | ૮૫૨૮૩૫૦ |
| બહુચરાજી | ૧૩૫૦૦ | ૭૯૩૫૫૦ |
| કડી | ૬૪૪૮૦ | ૩૮૨૧૨૧૦ |
| વિસનગર | ૪૨૨૪૦ | ૬૧૩૮૦૦ |
| વિજાપુર | ૫૧૨૨૦ | ૬૪૪૬૫૦ |
| ખેરાલુ | ૧૯૩૮૦ | ૧૨૧૩૦૦ |
| ઉંઝા | ૨૨૮૦૦ | ૧૬૬૧૦૦ |
| વડનગર | ૧૬૯૨૦ | ૧૧૨૬૫૦ |
| સતલાસણા | ૫૨૦૦ | ૫૧૪૫૦ |

---------

**સાબરકાંઠા જિલ્લામાં ગામોની ગામતળની હદ વધારવા બાબત**

* ૧૫૨૨૮ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોની ગામતળની હદ વધારવામાં આવી છે,

(૨) કેટલા ગામોના ગામતળ વધારવાના બાકી છે,

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ કુલ–૨ ગામોમાં ગામતળની હદ વધારવામાં આવી છે.

| ક્રમ | તાલુકો | ગામની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઇડર | ૦૧ |
| ૨ | ખેડબ્રહ્મા | ૦૧ |
| | **કુલ** | **૦૨** |

(૨) ૫ ગામોના.

| | |
|---|---|
| અને (૩) તેનો ક્યારે નિકાલ કરવામાં આવશે ? | (૩) મામલતદારશ્રી તથા તાલુકા વિકાસ અધિકારીશ્રીની સંયુક્ત સ્થળ તપાસ થયા બાદ નિકાલ કરવાનો રહે છે. |

---------

**નર્મદા જિલ્લામાં પશુ આરોગ્ય મેળા**

* ૧૪૯૮૬ **શ્રી મોતીલાલ પુ. વસાવા(ડેડીયાપાડા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કૃષિ મહોત્સવ–૨૦૧૪ દરમ્યાન નર્મદા જિલ્લામાં કેટલા પશુ આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું, | (૧) ૭૨. |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી, અને | (૨) ૧૬,૦૧૨. |
| (૩) તેમાં કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું ? | (૩) ૭૯,૪૯૧. |

---------

**દસાડા તાલુકામાં પશુ સારવાર કેમ્પ**

* ૧૪૯૭૭ **શ્રી પુનમભાઇ કા. મકવાણા(દસાડા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| રવિ કૃષિ મહોત્સવ–૨૦૧૪ દરમ્યાન સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા તાલુકામાં યોજવામાં આવેલ પશુ વંધ્યત્વ નિદાન અને સારવાર કેમ્પમાં કેટલા પશુઓને સારવાર કરવામાં આવેલ? | ૩૧૯. |

---------

**સુરત જિલ્લામાં કૃષિ કિટસનું વિતરણ**

* ૧૫૧૦૫ **શ્રી મોહનભાઇ ધ. ઢોડીયા(મહુવા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં કૃષિ મહોત્સવ સન ૨૦૧૩ અને ૨૦૧૪ દરમ્યાન કેટલા ખેડૂતોને વિના મુલ્યે કેટલી કૃષિ કિટસનું વિતરણ કરવામાં આવ્યું, અને | (૧) વર્ષ – ૨૦૧૩<br>૭૩૮૬ ખેડૂતોને ૭૩૮૬ કૃષિ કિટસ.<br>૩૫૬૫ ખેડૂતોને ૩૫૬૫ પશુપાલન કિટસ.<br>વર્ષ – ૨૦૧૪<br>૭૭૧૫ ખેડૂતોને ૭૭૧૫ કૃષિ કિટસ.<br>૬૭૫૪ ખેડૂતોને ૬૭૫૪ બાગાયત કિટસ.<br>૭૧૩૯ ખેડૂતોને ૭૧૩૯ પશુપાલન કિટસ. |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ થયો ? | (૨) વર્ષ – ૨૦૧૩ – રૂ. ૧,૯૭,૮૭,૯૮૧ તથા<br>વર્ષ – ૨૦૧૪ – રૂ. ૧,૪૧,૯૫,૧૭૫. |

---------

**રાજકોટ જિલ્લામાં કોલ્ડ સ્ટોરેજનાં લાભાર્થી**

* ૧૪૯૬૫ **શ્રી પ્રવીણભાઇ માંકડીયા(ધોરાજી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| વર્ષ ૨૦૧૩–૧૪માં કોલ્ડ સ્ટોરેજ બનાવવા માટે રાજકોટ જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે? | ૧ (એક) લાભાર્થી.<br>રૂ.૬૫,૯૦,૦૦૦/– |

---------

તા.૩જી માર્ચ, ૨૦૧૯

અતારાંકિત પ્રશ્નો તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ

**અમરેલી જિલ્લામાં હક્ક પત્રક નોંધો નિકાલ બાકી**

* ૧૫૧૫૩ **શ્રી બાવકુભાઇ ના. ઉંઘાડ(લાઠી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કેટલી હક્ક પત્રક નોંધો નિકાલ બાકી છે, અને | (૧) ૨૯૨૮. |
| (૨) આ બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે ? | (૨) બનતી ત્વરાએ. |

---------

**આણંદ જિલ્લામાં પશુ સારવાર કેમ્પ**

* ૧૪૯૪૫ **શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રવિ કૃષિ મહોત્સવ–૨૦૧૪ દરમ્યાન આણંદ જિલ્લામાં કેટલા પશુ વંધ્યત્વ નિદાન અને સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ, અને | (૧) ૮. |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી ? | (૨) ૨૭૯૭. |

---------

**સુરત શહેરમાં ટી. પી. સ્કીમો**

* ૧૫૧૧૪ **શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સુરત શહેરની તા. ૩૧–૦૧–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ટી.પી. સ્કીમો સત્તામંડળ દ્વારા બનાવવામાં આવી, અને | (૧) ૧૨ (બાર). |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી ટી.પી. સ્કીમો મંજૂર કરવામાં આવી? | (૨) ૧ ટી.પી. સ્કીમ ચકાસણી હેઠળ છે અને ૧૧ ટી.પી. સ્કીમો અધિનિયમની જોગવાઇ હેઠળ સુધારા અર્થે પરત કરાયેલ છે. |

---------

**સુરત જિલ્લામાં બાયોકંટ્રોલ લેબૉરેટરી**

* ૧૪૯૫૮ **શ્રી રાજેન્દ્રભાઇ પટેલ(ચોર્યાસી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં સરકાર દ્વારા સહાયિત કેટલી બાયોકંટ્રોલ લેબૉરેટરી ઊભી થયેલ છે, અને | (૧) ૪(ચાર). |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે ? | (૨) રૂ.૧૦૯.૬૫ લાખ. |

---------

**પંચમહાલ જિલ્લામાં પશુ સારવાર કેમ્પ**

* ૧૪૯૭૪ **શ્રી રાજેન્દ્રભાઇ પટેલ(ચોર્યાસી) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રવિ કૃષિ મહોત્સવ–૨૦૧૪ દરમ્યાન પંચમહાલ જિલ્લામાં કેટલા પશુ વંધ્યત્વ નિદાન અને સારવાર કેમ્પનું આયોજન કરવમાં આવેલ, અને | (૧) ૮. |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી ? | (૨) ૨૨૦૭. |

---------

**રાજ્યમાં ઈંટ ઉત્પાદકોને જમીનની બિનખેતી માટે જોગવાઈ**

* ૧૫૧૪૩ **શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા(ઠક્કરબાપાનગર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યના ઈંટ ઉત્પાદકોને જમીનની બિન ખેતી અંગે કોઈ વિશીષ્ટ જોગવાઈ કરવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો શી જોગવાઈ કરવામાં આવેલ છે,

(૩) બિન ખેતી મેળવવા માટે ઈંટ ઉત્પાદકે કોઈ પ્રમાણપત્રો મેળવવાના રહે છે કે કેમ, અને

(૪) જો હા તો કેટલા ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) તા.૧૦-૧૨-૨૦૧૩ના ઠરાવથી પાંચ વર્ષ માટે બિનખેતી પરવાનગી નીચેની વિગતોએ અરજી ફોર્મમાં સરળી કરણ કરવાનુ ઠરાવેલ છે.

(૧) ૭/૧૨ની નકલ
(૨) રોયલ્ટી ભર્યાનુ ચલણ
(૩) જમીન મહેસૂલ ભર્યા અંગેનો દાખલો
(૪) ખાતેદારનો સંમતિપત્ર
(૫) સ્થળ દર્શાવતો નકશો
(૬) ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડનું પ્રમાણપત્ર

(૩) હા, જી.

(૪) ૧ (એક).

---------

**ભાવનગર જિલ્લામાં ટ્રેલીઝ મંડપનાં લાભાર્થી**

* ૧૪૯૬૨ **શ્રીમતી વિભાવરીબેન વિ. દવે(ભાવનગર-પૂર્વ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વેલાવાળા શાકભાજી પાકોના વાવેતર માટે ટ્રેલીઝ મંડપમાં રાજ્ય સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ,

(૨) જો હા તો કઈ શરતોના આધારે સહાય આપવામાં આવે છે, અને

(૩) આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૩-૧૪ ભાવનગર જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) સંકલિત બાગાયત વિકાસ કાર્યક્રમ હેઠળની યોજનાઓ હેઠળના ઠરાવ અનુસાર.

(૩) ૫ લાભાર્થીઓ.
રૂ.૯૧૩૬૦/–

---------

**જૂનાગઢ જિલ્લામાં જંતુનાશક દવાઓના નમૂના**

* ૧૫૦૯૮ **શ્રી મહેન્દ્રભાઇ લી. મશરૂ(જૂનાગઢ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જંતુનશક દવાઓના કુલ કેટલા નમૂનાઓ લેવામાં આવ્યાં,

(૨) આ નમૂનાઓ પૈકી કેટલા નમૂના પ્રમાણિત થયા અને કેટલા નમૂના બિન પ્રમાણિત થયા, અને

(૩) બિન પ્રમાણિત નમૂનાઓમાં ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત શાં પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧) ૨૫૧ નમૂનાઓ.

(૨) ૨૩૦ પ્રમાણિત .
૨૧ બિનપ્રમાણિત.

(૩) બિનપ્રમાણિત નમૂનાઓમાં ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત જવાબદારો સામે નીચે મુજબના પગલાં લેવામાં આવ્યા.

| અ.નં. | નમૂનાની સંખ્યા | લીધેલ પગલાં |
|---|---|---|
| ૧ | ૧૧ | કોર્ટકેસ કરેલ છે. |
| ૨ | ૦૬ | વહીવટી પગલાં લીધેલ છે. |

| | | |
|---|---|---|
| ૩ | ૦૪ | કાર્યવાહી ચાલુ છે. |

---------

**અમદાવાદ જિલ્લામાં વારસાઈ હક્કની અરજીઓ**

* ૧૫૧૧૦ **શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત(બાપુનગર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં, તાલુકાવાર વારસાઈ હક્ક માટેની કેટલી અરજીઓ આવી, અને

(૧)

| **તાલુકો** | **આવેલ અરજીઓ** |
|---|---|
| ઘાટલોડીયા | ૪૯૯ |
| વેજલપુર | ૩૯૯ |
| સાબરમતી | ૩૫૦ |
| અસારવા | ૨૩૮ |
| વટવા | ૫૬૨ |
| મણિનગર | ૩૬૮ |
| દશ્ક્રોઈ | ૩૩૭૮ |
| સાણંદ | ૨૩૭૯ |
| વિરમગામ | ૨૧૭૫ |
| દેત્રોજ | ૧૫૫૭ |
| માંડલ | ૧૫૯૧ |
| ધોળકા | ૨૨૯૬ |
| બાવળા | ૧૨૭૫ |
| ધંધુકા | ૭૮૧ |
| ધોલેરા | ૬૬૫ |
| **કુલ** | **૧૮૫૧૩** |

(૨) તે પૈકી કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજુર કરવામાં આવી, કેટલી નોંધો નામંજુર કરવામાં આવી ?

(૨)

| **તાલુકો** | **પાડવામાં આવેલ નોંધો** | **મંજૂર કરેલ નોંધો** | **ના મંજુર કરેલ નોંધો** |
|---|---|---|---|
| ઘાટલોડીયા | ૪૯૯ | ૩૮૯ | ૪૪ |
| વેજલપુર | ૩૯૯ | ૩૧૧ | ૩૫ |
| સાબરમતી | ૩૫૦ | ૨૭૪ | ૩૨ |
| અસારવા | ૨૩૮ | ૧૭૬ | ૩૧ |
| વટવા | ૫૬૨ | ૪૮૬ | ૫૪ |
| મણિનગર | ૩૬૮ | ૨૫૮ | ૨૫ |
| દશ્ક્રોઈ | ૩૩૭૮ | ૨૯૧૪ | ૮૧ |
| સાણંદ | ૨૩૭૯ | ૨૦૭૨ | ૩૮ |
| વિરમગામ | ૨૧૭૫ | ૧૮૭૩ | ૩૦૨ |
| દેત્રોજ | ૧૫૪૬ | ૧૩૧૯ | ૮૦ |
| માંડલ | ૧૫૯૧ | ૧૨૫૦ | ૧૮૩ |
| ધોળકા | ૨૨૯૬ | ૧૯૦૭ | ૧૯૪ |
| બાવળા | ૧૨૭૫ | ૧૧૪૮ | ૧૯ |
| ધંધુકા | ૭૮૧ | ૭૧૩ | ૨૦ |
| ધોલેરા | ૬૬૫ | ૬૩૮ | ૨૭ |
| **કુલ** | **૧૮૫૦૨** | **૧૫૭૨૮** | **૧૧૬૫** |

---------

**બનાસકાંઠા જિલ્લામાં ગુનાહિત કૃત્યો**

* ૧૪૫૫૪ **શ્રી ગોવાભાઇ રબારી(ડીસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર ચોરી–લૂંટ–બળાત્કાર–ખૂન–ધાડ અને અપહરણના કેટલા બનાવો પોલીસ દફતરે નોંધાયા, અને

(૧)

| તાલુકાનું નામ | ચોરી | લૂંટ | બળાત્કાર | ખૂન | ધાડ | અપહરણ |
|---|---|---|---|---|---|---|
| પાલનપુર | ૧૩૯ | ૧૭ | ૫ | ૭ | ૫ | ૩૨ |
| વડગામ | ૨૦ | ૬ | ૦ | ૧ | ૬ | ૮ |
| દાંતા | ૩૬ | ૫ | ૪ | ૭ | ૧ | ૧૦ |
| ડીસા | ૭૬ | ૧૫ | ૧૩ | ૫ | ૨ | ૧૩ |
| અમીરગઢ | ૧૧ | ૩ | ૦ | ૪ | ૦ | ૧ |
| લાખણી | ૬ | ૩ | ૫ | ૧ | ૨ | ૩ |
| દાંતીવાડા | ૮ | ૪ | ૨ | ૦ | ૧ | ૪ |
| ધાનેરા | ૧૪ | ૫ | ૫ | ૬ | ૦ | ૪ |
| થરાદ | ૨૬ | ૪ | ૮ | ૫ | ૧ | ૩ |
| વાવ | ૩ | ૪ | ૧ | ૧ | ૦ | ૭ |
| સુઈગામ | ૨ | ૨ | ૨ | ૨ | ૦ | ૬ |
| દિયોદર | ૧૬ | ૨ | ૫ | ૫ | ૦ | ૯ |
| ભાભર | ૬ | ૨ | ૪ | ૧ | ૦ | ૪ |
| કાંકરેજ | ૨૫ | ૭ | ૨ | ૬ | ૦ | ૮ |

(૨) તે અન્વયે કેટલા ગુન્હાઓના ભેદ ઉકેલાયા અને કેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી ?

(૨) ૪૧૨ ઉકેલાયા અને ૮૮૫ ધરપકડ કરી.

---------

**વડોદરા જિલ્લામાં ફળનર્સરીનાં લાભાર્થી**

* ૧૪૯૬૦ **શ્રી બાલકૃષ્ણ ના. પટેલ(ડભોઇ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

ફળનર્સરીની સ્થાપના માટે વર્ષ ૨૦૧૩–૧૪માં વડોદરા જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય આપવામાં આવેલ છે ?

એક પણ નહીં.

---------

**રાજ્યમાં ‘‘દૂધ ઘર’’ હેતુ સરકારી પડતર જમીન આપવા બાબત**

* ૧૪૯૭૧ **ડૉ. નિર્મલાબેન સુ. વાધવાણી (નરોડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને ‘‘દૂધઘર’’ હેતુ સરકારી પડતર જમીન આપવાની કોઈ જોગવાઈ કરેલ છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો આ અંગેની શી જોગવાઈ છે ?

(૨) વાર્ષિક રૂ. ૧/–ના ટોકન દરે ૩૦૦ ચો. વાર (૨૫૦ ચો.મી.) સરકારી પડતર જમીન ૧૫ વર્ષના ભાડા પટ્ટે આપવાની જોગવાઈ છે.

---------

**રાજકોટ જિલ્લામાં ફળઝાડનાં લાભાર્થી**

* ૧૪૯૬૭ **શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ-ગ્રામ્ય) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| વર્ષ ૨૦૧૩-૧૪માં સરકાર દ્વારા રાજકોટ જિલ્લામાં ફળઝાડ વાવેતરમાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે ? | ૨૦૮ લાભાર્થી.<br>રૂ.૬૯,૦૧,૨૮૮/- |

---------

**ખેડા જિલ્લામાં નગરપાલિકાઓમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળના વિકાસના કામ**

* ૧૪૩૨૬ **શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ખેડા જિલ્લામાં, નગરપાલિકાઓ માટે વિકાસના કેટલા કામો તા.૩૧-૧૨-૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મંજૂર કરવામાં આવ્યા, અને | (૧) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ખેડા જિલ્લામાં નગરપાલિકાઓ માટે તા.૩૧-૧૨-૧૪ ની સ્થિતિએ વર્ષ ૨૦૧૩-૧૪ માં ૨૫૪ કામો મંજૂર કરવામાં આવ્યા અને વર્ષ ૨૦૧૪-૧૫ માં કામો મંજૂરીની પ્રક્રિયા હેઠળ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલા કામો પૂર્ણ થયેલ છે? | (૨) વર્ષ ૨૦૧૩-૧૪માં ૬૦ કામો તથા વર્ષ ૨૦૧૪-૧૫માં ૧૩૩ કામો પૂર્ણ થયેલ છે. |

---------

**કચ્છ જિલ્લામાં ખારેકના લાભાર્થી**

* ૧૪૯૫૨ **ડાૅ. નીમાબેન આચાર્ય (ભુજ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૧૩-૧૪ માં ખારેકના વાવેતર માટે કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે ? | ૧૪૪ લાભાર્થી.<br>રૂા. ૨,૯૯,૦૨,૦૦૦/-. |

---------

**પાટણ જિલ્લામાં ગુનાહિત કૃત્યો**

* ૧૩૯૬૫ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં પાટણ જિલ્લામાં ખૂન, લુંટ, ધાડ, ચોરી, અપહરણ અને બળાત્કારના કુલ કેટલા ગુનાઓ નોંધાયા, અને | (૧) કુલ-૮૨૬ ગુના. |
| (૨) ઉક્ત ગુનાઓ પૈકી કેટલા ગુના ઉકેલાયા અને કેટલા વણ ઉકેલાયા છે ? | (૨) ૪૪૩ ગુના ઉકેલાયા અને ૩૮૩ ગુના વણ ઉકેલાયા છે. |

---------

**વલસાડ જિલ્લામાં પશુ આરોગ્ય મેળા**

* ૧૪૯૮૭ **શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય પશુ પાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કૃષિ મહોત્સવ-૨૦૧૪ દરમ્યાન વલસાડ જિલ્લામાં કેટલા પશુ આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું, | (૧) ૧૨૯. |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી, અને | (૨) ૨૩,૪૫૮. |
| (૩) તેમાં કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું ? | (૩) ૯૧,૪૦૩. |

---------

**આણંદ જિલ્લામાં મહેસૂલી કચેરીઓમાં પડતર તુમારો**

* ૧૫૩૨૧ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૫ ની સ્થિતિએ આણંદ જિલ્લામાં મહેસૂલ વિભાગ હસ્તકની કચેરીઓમાં કેટલા તુમારો પડતર છે, | (૧) ૧૩૭૭ તુમારો. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ ત્રણ માસ કરતા વધારે સમયથી પડતર તુમારો કેટલા છે, | (૨) ૪૭૭ તુમારો. |
| (૩) તુમારોના નિકાલમાં વિલંબ થવાના કારણો શા છે, અને | (૩) (૧) નગર નિયોજક કચેરી તરફથી કિંમત નક્કી કરવાની બાકી હોવાથી<br>(૨) મામલતદાર/પ્રાંત અધિકારીના અહેવાલ બાકી હોવાથી<br>(૩) અરજદારોને પૂર્તતા માટે મોકલવામાં આવેલ છે જે પૂર્તતા બાકી હોવાથી. |
| (૪) સરકારે તુમારોના નિકાલ માટે નક્કી કરેલ સમયમર્યાદામાં નિકાલ થાય તે અર્થે શી કાર્યવાહી કરવામાં આવે છે ? | (૪) તુમારોના સમયસર નિકાલ કરવા માટે મહેસૂલી અધિકારીઓ સાથે મીટીંગ યોજી તેમાં વિગતવાર ચર્ચા કરીને તેમજ ખાસ ઝુંબેશ કરીને નિકાલ કરવામાં આવે છે. |

---------

**ભરૂચ જિલ્લામાં ગામ તળાવ ઉંડા કરવા બાબત**

* ૧૫૧૭૯ **શ્રી અરૂણસિંહ અ. રણા(વાગરા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ગામ તળાવ ઉંડા કરવામાં આવેલ છે, અને | (૧) ૩૦ તળાવ. |
| (૨) આ કામગીરી પાછળ કેટલો ખર્ચ થયેલ છે ? | (૨) રૂ.૨૧૭.૪૭ લાખ. |

---------

**ભરૂચ જિલ્લામાં પશુ સારવાર કેમ્પ**

* ૧૪૯૪૪ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રવિ કૃષિ મહોત્સવ–૨૦૧૪ દરમ્યાન ભરૂચ જિલ્લામાં કેટલા પશુ વંધ્યત્વ નિદાન અને સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે, અને | (૧) ૮. |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી ? | (૨) ૨૮૪૦. |

---------

**અમદાવાદ જિલ્લામાં આનાવારી બાબત**

* ૧૩૫૮૧ **શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષથી આનાવારી કરવામાં આવતી નથી તે હકીકતથી સરકાર વાકેફ છે, અને | (૧) આનાવારી નિયમોનુસાર કરવામાં આવે છે. |
| (૨) જો હા, તો તેના કારણો શા છે, અને આ આનાવારી સત્વરે હાથ ધરાય તે માટે સરકારે શાં પગલાં લીધા ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**કચ્છ જિલ્લામાં ખેડૂતોને જીપ્સમ સહાય**

* ૧૫૦૯૨ **શ્રી પંકજ અ. મહેતા (રાપર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ખેડૂતોને જીપ્સમ સહાય આપવામાં આવી, અને | (૧) ૭૫૩૨ ખેડૂતોને. |
| (૨) તે પેટે વર્ષવાર તેમાં કેટલી રકમનો ખર્ચ થયો ? | (૨) તે પેટે વર્ષવાર ચૂકવવામાં આવેલ સહાય |

| ક્રમ | વર્ષ | ખર્ચ રૂ.લાખમાં |
|---|---|---|
| ૧ | ૨૦૧૩ | ૯૪.૫૯ |
| ૨ | ૨૦૧૪ | ૬૫.૬૯ |

---------

**ખારો, રજાવળ અને શેત્રુંજી ડેમમાં ડુબમાં ગયેલ ગામોના ખેડૂતોને સનદ આપવા બાબત**

* ૧૩૭૭૫ **શ્રી પ્રવીણભાઇ જી. રાઠોડ(પાલીતાણા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ ખારો, રજાવળ અને શેત્રુંજી ડેમોમાં ડૂબમાં ગયેલ ગામોના ખેડૂતોને સનદ આપવામાં આવેલ છે કે કેમ, | (૧) ડૂબમાં ગયેલ ગામોના ખેડૂતોને મહદ અંશે સનદો આપવામાં આવેલ છે. |
| (૨) સનદ લાંબા સમયથી આપવામાં આવેલ ન હોય તો તેના કારણો શા છે, અને | (૨) ખેડૂતો દ્ધારા વારસાઇના પ્રશ્નો અને વહીવટી કારણોસર. |
| (૩) બાકી રહેલ સનદો ક્યાં સુધીમાં આપવામાં આવશે? | (૩) બનતી ત્વરાએ. |

---------

**રાજ્યમાં કાર્યરત એલ.એન.જી. ટર્મિનલ**

* ૧૫૧૨૨ **શ્રી હર્ષ ર. સંઘવી(મજુરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કેટલા એલ.એન.જી. ટર્મિનલ કાર્યરત છે અને તેની ક્ષમતા કેટલી છે, | (૧) ૨ (બે)<br>**ક્ષમતાઃ**– પ્રતિ વર્ષ ૧૭.૫૦ મી.મે.ટન |
| (૨) આ ટર્મિનલોની ક્ષમતા વધારવા તેમજ નવા એલ.એન.જી. ટર્મિનલ સ્થાપવાનું કોઈ આયોજન છે કે કેમ, અને | (૨) હા જી, |
| (૩) જો હા, તો આયોજનની વિગતો શી છે? | (૩) – જાફરાબાદ નજીક ૫ મીલીયન ટન એલ.એન.જી. આયાત કરવા ટર્મિનલ અને ફ્લોટીંગ સ્ટોરેજ એન્ડ રીગેસીફીકેશન યુનીટ સ્થાપવાનું આયોજન છે.<br>– મુદ્રા ખાતે ૫ મીલીયન ટન એલ.એન.જી. આયાત કરવા માટે એલ.એન.જી. ટર્મિનલ સ્થાપવાની યોજના છે. |

---------

**ભાવનગર જિલ્લામાં ફળનર્સરીનાં લાભાર્થી**

* ૧૪૯૫૯ **શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી(ભાવનગર પશ્ચિમ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| ફળનર્સરીની સ્થાપના માટે વર્ષ ૨૦૧૩–૧૪માં ભાવનગર જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય આપવામાં આવેલ છે? | એક પણ નહીં. |

---------

**સાબરકાંઠા જિલ્લામાં હક્ક પત્રક નોંધોની નિકાલ બાકી**

* ૧૫૧૫૦ **શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા(હિંમતનગર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કેટલી હક્ક પત્રક નોંધો નિકાલ બાકી છે, અને | (૧) ૭૮૧૭ |
| (૨) આ બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે? | (૨) બનતી ત્વરાએ |

---------

**સુરત જિલ્લામાં કૃષિ કિટસનું વિતરણ**

* ૧૪૯૪૧ **શ્રી કિશોરભાઇ શિ. કાનાણી(વરાછા રોડ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં કૃષિ મહોત્સવમાં સન ૨૦૧૩ અને ૨૦૧૪ દરમ્યાન કેટલા ખેડૂતોને વિના મૂલ્યે કેટલી કૃષિ કિટસનું વિતરણ કરવામાં આવ્યું અને, | (૧) **વર્ષ – ૨૦૧૩**<br>૭૩૮૬ ખેડૂતોને ૭૩૮૬ કૃષિ કિટસ,<br>૩૫૬૫ ખેડૂતોને ૩૫૬૫ પશુપાલન કિટસ<br>**વર્ષ – ૨૦૧૪**<br>૭૭૧૫ ખેડૂતોને ૭૭૧૫ કૃષિ કિટસ,<br>૬૭૫૪ ખેડૂતોને ૬૭૫૪ બાગાયત કિટસ<br>૭૧૩૯ ખેડૂતોને ૭૧૩૯ પશુપાલન કિટસ |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ થયો? | (૨) **વર્ષ – ૨૦૧૩ –** રૂ. ૧,૯૭,૮૭,૯૮૧ તથા<br>**વર્ષ – ૨૦૧૪ –** રૂ. ૧,૪૧,૯૫,૧૭૫ |

---------

**મહેસાણા જિલ્લામાં સિંચાઈ માટે નર્મદાનું પાણી**

* ૧૫૨૮૨ **શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ સિંચાઈ માટે નર્મદાનું પાણી કયા તાલુકામાં પુરૂં પાડવાનું આયોજન કરેલ છે, | (૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં સિંચાઈ માટે કડી, બેચરાજી અને મહેસાણા તાલુકામાં નર્મદાનું પાણી પુરુ પાડવાનું આયોજન કરેલ છે. |
| (૨) આ માટે કેનાલનું કામ તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ કેટલા તાલુકામાં મંજૂર કરવામાં આવ્યું અને તેમાંથી કેટલી કેનાલનું કામ શરૂ કરવામાં આવ્યું છે, | (૨) આ માટે શાખા, વિશાખા અને પ્રશાખાના કુલ ૧૮૧ કેનાલના કામો તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ કડી, બેચરાજી અને મહેસાણા તાલુકામાં મંજૂર કરવામાં આવેલ છે, તેમાંથી તમામ ૧૮૧ કેનાલના કામો શરૂ કરવામાં આવેલ છે. |
| (૩) આ કામ કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે, અને | (૩) આ કામો વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૪) કેટલા હેક્ટર જમીનને પાણી પુરૂં પાડવામાં આવનાર છે? | (૪) ૬૨૦૬૧ હેક્ટર સિંચાઈ વિસ્તારને પાણી પુરૂં પાડવામાં આવનાર છે. |

---------

**ઉકાઈ કેનાલમાંથી સોનગઢ–વ્યારા તાલુકાને પાણી આપવા બાબત**

* ૧૪૧૪૫ **શ્રી પુનાભાઇ ઢે. ગામીત(વ્યારા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ તાપી જિલ્લામાં સોનગઢ અને વ્યારા તાલુકામાં બીનપીયત ગામડાના ખેડૂતોને ઉકાઈ કેનાલમાંથી કેલાઈ ગામથી પાઈપલાઈન કરી પાણી આપવા અંગેની કાર્યવાહી કયા તબક્કે છે, અને | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ તાપી જિલ્લામાં સોનગઢ અને વ્યારા તાલુકામાં બીનપીયત ગામડાના ખેડૂતોને ઉકાઈ કેનાલમાંથી કેલાઈ ગામ પાસે ઉદવહન સિંચાઈ યોજના થકી પાઈપલાઈન કરી પાણી આપવાની યોજના હાલમાં આયોજનના તબક્કે છે. |
| (૨) આ કામગીરી કેટલા સમયમાં પૂર્ણ કરી આપવાનું આયોજન છે? | (૨) સુચિત કમાન્ડ વિસ્તારમાં ખેડૂતોની પિયત મંડળીઓ બનાવવાની કાર્યવાહી પૂર્ણ થયેથી તેમજ યોજનાઓનું સર્વેક્ષણ અને આલેખન પૂર્ણ કરી શક્ય તેટલું વહેલી યોજના કાર્યાન્વિત કરવાનું આયોજન છે. |

---------

**વર્ગ–૩ની કરાર આધારિત નિમણૂંકમાં અનામત જોગવાઈ**

* ૧૫૨૨૫ **ડૉ. અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં કરવામાં આવતી વર્ગ–૩ની ૧૧ માસ માટેની કરાર આધારિત ભરતી પ્રક્રિયામાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચ માટે નિયત અનામત રાખવામાં આવે છે કે કેમ, | (૧) ના |
| (૨) જો હા, તો એની વિગતો શી છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો ના, તો એના કારણો શા છે? | (૩) કરાર આધારિત નિમણૂંકોમાં અનામતની જોગવાઈ લાગુ પાડવી કે કેમ તે બાબત વિચારણા હેઠળ છે. |

---------

**મહિસાગર જિલ્લાની નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજના**

* ૧૩૯૫૦ **પ્રો. હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહીસાગર જિલ્લામાં કઈ કઈ નગરપાલિકાઓ માટે ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવામાં આવેલ છે, | (૧) મહીસાગર જિલ્લાની નગરપાલિકાઓની ભૂગર્ભ ગટર યોજનાઓ અગાઉ મંજૂર કરેલ હોઈ, એક પણ નગરપાલિકામાં ભૂગર્ભ ગટર યોજના મંજુર કરવાની રહેતી નથી. |
| (૨) આ દરેક યોજના દીઠ થનાર ખર્ચ કેટલો છે, અને | (૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) મંજૂર થયેલ ભૂગર્ભ ગટર યોજનાની કામગીરી કયાં સુધીમાં પૂર્ણ કરવા માગો છો? | |

---------

**વલસાડ જિલ્લામાં કોલ્ડ સ્ટૉરેજનાં લાભાર્થી**

* ૧૪૯૬૪ **શ્રી કનુભાઇ મો. દેસાઇ(પારડી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| વર્ષ ૨૦૧૩–૧૪માં કોલ્ડ સ્ટૉરેજ બનાવવા માટે વલસાડ જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે? | એક પણ નહીં. |

---------

**રાજકોટ જિલ્લામાં સેફસ્ટેજના કામ**

* ૧૫૧૮૯ **શ્રી જયરાજસિંહ ટે. જાડેજા(ગોંડલ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ પંચાયત સિંચાઈ વિભાગ દ્વારા રાજકોટ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં સેફસ્ટેજના કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા, | (૧) ૨૫ કામો |
| (૨) આ કામો પાછળ કેટલો ખર્ચ થયો, અને | (૨) રૂ. ૧૯૧.૯૮ લાખ |
| (૩) આ કામો પૂર્ણ થયેથી કેટલા વિસ્તારને સીધો/આડકતરો લાભ થયો? | (૩) ૫૦૦ હેકટર |

---------

**છોટાઉદેપુર જિલ્લામાં ચેકડેમોમાંથી સીલ્ટીંગ કાઢવાની કામગીરી**

* ૧૩૮૧૦ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા ચેક ડેમોમાંથી સીલ્ટીંગ કાઢવાનું કામ કરવામાં આવ્યું, અને | (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં ફક્ત પાવીજેતપુર તાલુકાના ૯૩ ચેક ડેમોમાંથી ડીસીલ્ટીંગની કામગીરી કરવામાં આવેલ છે. |
| (૨) આ કામગીરી પાછળ તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) આ કામગીરી પાછળ પાવીજેતપુર તાલુકામાં રૂ.૬૫.૨૦ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |

---------

**ભાવનગર જિલ્લામાં ફળપાક માટે સહાય**

* ૧૪૯૪૨ **શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા(મહુવા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં ફળપાકના નવા વાવેતર માટે સહાયની યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો સરકાર દ્વારા આ જિલ્લામાં વર્ષ ૨૦૧૩–૧૪ માં આ યોજના હેઠળ કેટલા ખેડૂતોને સહાય ચૂકવેલ છે ? | (૨) ૮૪ ખેડૂતો. |

---------

**અમદાવાદ જિલ્લામાં નગરપાલિકાઓમાં ઘન કચરા નિકાલના સાધનોની ફાળવણી**

* ૧૫૧૧૨ **શ્રી જગદીશભાઇ ઇ. પંચાલ(નિકોલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઘન કચરા નિકાલ અને વ્યવસ્થાપન યોજના અંતર્ગત અમદાવાદ જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા સાધનો મંજૂર કરેલ છે, | (૧) ઘન કચરા નિકાલ અને વ્યવસ્થાનપન યોજના અંતર્ગત અમદાવાદ જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂ.૪૧૨.૬૨ લાખનાં ખર્ચે કુલ ૨૭૦૩ સાધનો મંજૂર કરેલ છે. |
| (૨) તે પૈકી કેટલા સાધનો ફાળવેલ છે, | (૨) મંજૂર કરેલ બધા જ ૨૭૦૩ સાધનો ફાળવવામાં આવેલ છે. |
| (૩) કેટલા સાધનો ફાળવવાના બાકી છે, અને | (૩) મંજૂર કરેલ બધા જ સાધનોની ફાળવણી થઇ ગયેલ હોઇ, હવે કોઇ સાધનો ફાળવવાના બાકી રહેતા નથી. |
| (૪) બાકી રહેતા સાધનો ફાળવવાનું શું આયોજન છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં ખેડૂતોના આપઘાત**

* ૧૪૨૭૫ **શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં તાલુકાવાર કેટલા ખેડૂતોએ આપઘાત કરેલ છે ? | કોઇ ખેડૂતે આપઘાત કરેલ નથી. |

---------

**બનાસકાંઠા જિલ્લામાં ખેડૂત અકસ્માત વિમાની અરજીઓ**

* ૧૪૭૪૩ **શ્રી કાન્તીભાઇ કા. ખરાડી (દાંતા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર ખાતેદાર ખેડૂત | (૧) |

| અ.નં. | તાલુકાનું નામ | કુલ |
|---|---|---|

અકસ્માત વીમા યોજના હેઠળ કેટલી અરજીઓ મળી,

| | | |
|---|---|---|
| ૧ | પાલનપુર | ૧૮ |
| ૨ | ડીસા | ૩૪ |
| ૩ | ધાનેરા | ૧૩ |
| ૪ | દાંતીવાડા | ૪ |
| ૫ | થરાદ | ૧૬ |
| ૬ | વાવ | ૨૦ |
| ૭ | કાંકરેજ | ૧૯ |
| ૮ | દિયોદર | ૩ |
| ૯ | દાંતા | ૧૩ |
| ૧૦ | વડગામ | ૧૯ |
| ૧૧ | અમીરગઢ | ૧૫ |
| ૧૨ | ભાભર | ૧૩ |
| ૧૩ | લાખણી | ૯ |
| ૧૪ | સુઇગામ | ૪ |
| | **કુલ** | **૨૦૦** |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર અને કેટલી અરજીઓ નામંજુર કરવામાં આવી, અને

(૨) મંજુર – ૧૨૧
નામંજુર – ૪.

(૩) અરજીઓ નામંજુર કરવાના કારણો શા છે ?

(૩) અરજીઓ નામંજુર થવાના કારણો નીચે મુજબ છે.

| **નામંજુરના કારણો** | **અરજીની સંખ્યા** |
|---|---|
| કાયમી અપંગતા ૫૦% ટકા કરતાં ઓછી હોવાથી | ૧ |
| અરજી સમયમર્યાદામાં ન કરેલ હોવાથી | ૧ |
| ખાતેદાર ખેડૂત ન હોવાથી | ૧ |
| મૃતકની ઉંમર ૭૦ વર્ષ કરતા વધુ હોવાથી | ૧ |
| **કુલ** | **૪** |

---------

## અખબાર તથા ઇલેક્ટ્રોનિક મીડીયાને જાહેરાત અન્વયે ખર્ચની ચૂકવણી

* ૧૪૨૧૯ **શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા.૧૫–૧–૧૫ ની સ્થિતિએ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૧૫ અને પ્રવાસી ભારતીય દિવસો માટે અખબારો અને ઇલેક્ટ્રોનિક મીડિયાને જાહેરાત અન્વયે કેટલી રકમ ચૂકવવામાં આવી ?

**જવાબ**

વાયબ્રન્ટ ગુજરાત સમિટ–૨૦૧૫ અને પ્રવાસી ભારતીય દિવસ માટે અખબારોને અને ઇલેક્ટ્રોનિક મીડિયાને પ્રચાર–પ્રસારની કામગીરીના ભાગરૂપે માહિતી કમિશનર કચેરી દ્વારા આપવામાં આવેલ જાહેરાતોના કોઇ બીલો તા.૧૫–૦૧–૨૦૧૫ ની સ્થિતિએ મળેલ ન હોવાથી તે સ્થિતિએ આ અંગેની કોઇ રકમ માહિતી કમિશનરની કચેરી દ્વારા ચૂકવવામાં આવી નથી.

---------

## અમદાવાદ શહેરમાં ટી.પી. સ્કીમો

* ૧૫૧૧૫ **શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૧–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેરની કેટલી ટી.પી. સ્કીમો સત્તામંડળ દ્વારા બનાવવામાં આવી, અને

(૧) ૨૬ (છવ્વીસ).

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી ટી.પી. સ્કીમો મંજૂર કરવામાં આવી ?

(૨) ૮ (આઠ).

---------

## અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ગુનાહિત કૃત્યો

* ૧૫૨૩૩ **શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(બાયડ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાઓમાં તાલુકાવાર બળાત્કાર, ખુન, લુંટ, અપહરણના ગુનાઓ વર્ષવાર કેટલા નોંધાયા,

(૨) તે પૈકી બાયડ અને માલપુર તાલુકામાં કેટલા આરોપીઓ પકડવામાં આવ્યા, અને

(૩) ઉક્ત બે તાલુકામાં કેટલા આરોપીઓ હજુ પકડાયેલ નથી ?

**જવાબ**

(૧) **પત્રક** સામેલ છે.

(૨) અને (૩)

| તાલુકાનું નામ | પકડવામાં આવેલ આરોપીઓ | પકડવાના બાકી આરોપીઓ |
|---|---|---|
| બાયડ | ૩૬ | ૪ |
| માલપુર | ૩૪ | ૬ |

**પત્રક**

**અરવલ્લી જિલ્લો**

તા.૦૧-૦૨-૨૦૧૩ થી તા.૩૧-૦૧-૨૦૧૪

| તાલુકાનું નામ | બળાત્કાર | ખુન | લુંટ | અપહરણ |
|---|---|---|---|---|
| મોડાસા | ૨ | ૮ | ૨ | ૫ |
| મેઘરજ | ૧ | ૩ | ૧ | ૭ |
| માલપુર | ૨ | ૦ | ૦ | ૨ |
| ભિલોડા | ૨ | ૧૧ | ૨ | ૭ |
| ધનસુરા | ૦ | ૧ | ૦ | ૩ |
| બાયડ | ૧ | ૪ | ૦ | ૯ |

તા.૦૧-૦૨-૨૦૧૪ થી તા.૩૧-૦૧-૨૦૧૫

| તાલુકાનું નામ | બળાત્કાર | ખુન | લુંટ | અપહરણ |
|---|---|---|---|---|
| મોડાસા | ૧ | ૪ | ૨ | ૬ |
| મેઘરજ | ૨ | ૪ | ૧ | ૫ |
| માલપુર | ૧ | ૨ | ૦ | ૮ |
| ભિલોડા | ૧ | ૭ | ૨ | ૭ |
| ધનસુરા | ૦ | ૩ | ૧ | ૩ |
| બાયડ | ૦ | ૩ | ૦ | ૭ |

**સાબરકાંઠા જિલ્લો**

તા.૦૧-૦૨-૨૦૧૩ થી તા.૩૧-૦૧-૨૦૧૪

| તાલુકાનું નામ | બળાત્કાર | ખુન | લુંટ | અપહરણ |
|---|---|---|---|---|
| હિંમતનગર | ૫ | ૭ | ૧ | ૧૨ |
| પ્રાંતિજ | ૦ | ૨ | ૦ | ૩ |
| તલોદ | ૦ | ૧ | ૨ | ૧ |
| ઈડર | ૧ | ૬ | ૪ | ૯ |
| વડાલી | ૦ | ૩ | ૦ | ૨ |
| ખેડબ્રહ્મા | ૦ | ૪ | ૦ | ૮ |
| પોશીના | ૧ | ૨ | ૦ | ૦ |
| વિજયનગર | ૧ | ૧ | ૦ | ૪ |

તા.૦૧-૦૨-૨૦૧૪ થી તા.૩૧-૦૧-૨૦૧૫

| તાલુકાનું નામ | બળાત્કાર | ખુન | લુંટ | અપહરણ |
|---|---|---|---|---|
| હિંમતનગર | ૫ | ૫ | ૧૦ | ૧૦ |
| પ્રાંતિજ | ૦ | ૨ | ૩ | ૧ |

| | | | | |
|---|---|---|---|---|
| તલોદ | ૦ | ૦ | ૦ | ૪ |
| ઇડર | ૩ | ૨ | ૦ | ૧૩ |
| વડાલી | ૧ | ૦ | ૨ | ૨ |
| ખેડબ્રહ્મા | ૨ | ૩ | ૩ | ૩ |
| પોશીના | ૦ | ૪ | ૦ | ૦ |
| વિજયનગર | ૩ | ૩ | ૧ | ૪ |

---------

**રાજ્યમાં નવા શહેરી વિકાસ સત્તામંડળોની રચના**

* ૧૫૧૧૩ **શ્રી હસમુખભાઇ સો. પટેલ(અમરાઇવાડી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.—

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧-૦૧-૨૦૧૫ ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં કેટલા નવી શહેરી વિકાસ/વિસ્તાર સત્તામંડળોની રચના કરવામાં આવી ? | એક પણ નહીં. |

---------

**રાજ્યમાં ખેતીની જમીન માપણીમાં વધારો નિયમિત કરવા સુધારા બાબત**

* ૧૪૯૭૦ **શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (રાવપુરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.—

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં ખેતીની જમીનના માપણી વધારા નિયમિત કરવા અંગે તાજેતરમાં કોઇ સુધારા કરવામાં આવેલ છે કે કેમ, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આ નીતિ અંતર્ગત કચ્છ જિલ્લામાં કેટલી અરજીઓ મળેલ છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**ભાવનગર જિલ્લામાં ક્ષાર નિવારણ માટે જસપરા બંધારાનું કામ**

* ૧૫૧૭૬ **શ્રી શીવાભાઇ જે. ગોહિલ(તળાજા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.—

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં ક્ષાર નિવારણ યોજના હેઠળ જસપરા બંધારા બાંધવાનું કામ કયા તબક્કે છે, અને<br>(૨) આ કામ પૂર્ણ કરવા શું આયોજન છે? | (૧) અને (૨) તા.૩૦-૦૪-૨૦૧૪ના રોજ કામ પૂર્ણ થયેલ છે. |

---------

**ધોળકા તાલુકામાં પશુ સારવાર કેન્દ્ર**

* ૧૪૯૭૬ **શ્રી લાલજીભાઇ ચ. કોળીપટેલ(ધંધુકા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.—

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| રવિ કૃષિ મહોત્સવ-૨૦૧૪ દરમ્યાન અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકામાં યોજવામાં આવેલ પશુ વંધ્યત્વ નિદાન અને સારવાર કેમ્પમાં કેટલા પશુઓને સારવાર કરવામાં આવેલ ? | ૧૯૭ |

---------

**કપરાડા પોલીસ સ્ટેશનમાં આઇ.પી.સી.-૪૦૭ હેઠળ ગુના**

* ૧૪૯૩૬ **શ્રી જોઇતાભાઇ ક. પટેલ(ધાનેરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી**(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.—

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લાના કપરાડા પોલીસ સ્ટેશનમાં ઈન્ડીયન પીનલ કોડની કલમ-૪૦૭ મુજબના નોંધાતા | (૧) ના, જી. |

ગુનાઓમાં આરોપીઓની ઓળખના પુરાવાઓ પોલીસ રેકર્ડમાં હોવા છતાં પોલીસ તરફથી આરોપીઓને પકડવામાં આવતા નથી તથા તેવા ગુનાઓના મુદામાલ જપ્ત કરવામાં આવતા નથી તે હકીકત ખરી છે,

(૨) જો ના,તો સને ૨૦૧૩ તથા ૨૦૧૪ દરમ્યાન, સદરહુ પોલીસ સ્ટેશનમાં ઉપરોકત કલમ હેઠળ કેટલા ગુના નોંધાયા, અને

(૨)

| વર્ષ | નોંધાયેલ ગુન્હા |
|---|---|
| ૨૦૧૩ | ૦૧ |
| ૨૦૧૪ | શૂન્ય |

(૩) ઉકત પ્રત્યેક ગુનાના આરોપીઓને ક્યારે પકડવામાં આવ્યા અને મુદામાલ કયારે જપ્ત કરવામાં આવ્યો ?

(૩) વર્ષ ૨૦૧૩માં નોંધાયેલ ઉકત ગુનાના આરોપીને પકડવાના પુરતા પ્રયાસો કરાયા છે/કરવામાં આવી રહેલ છે, પરંતુ તે મળી આવેલ નથી. તે મળી આવ્યેથી મુદ્દામાલની રીકવરી થઈ શકે તેમ છે.

---------

**આણંદ ખાતે સબ જેલ બનાવવા બાબત**

* ૧૩૭૦૪ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ આણંદ ખાતે સબ જેલ બનાવવાની કાર્યવાહી કયા તબક્કે છે, અને

(૨) આ કામ કેટલા સમયમાં પૂર્ણ થશે ?

**જવાબ**

(૧) અને (૨) આણંદ ખાતે હાલ તાલુકા સબ જેલ ચાલુ છે અને જિલ્લા જેલ બનાવવાનું આયોજન છે.

---------

**રાજકોટ શહેરમાં પીવાના પાણીની વ્યવસ્થા**

* ૧૪૨૨૭ **શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજયગુરૂ(રાજકોટ પૂર્વ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ રાજકોટ શહેરમાં અપૂરતા વરસાદના કારણે પીવાના પાણીની ગંભીર સમસ્યાઓ ઉભી થઈ છે. તે હકીકતથી સરકાર વાકેફ છે.

(૨) જો હા, તો રાજ્ય સરકાર દ્વારા આગામી ઉનાળાને ધ્યાને લઈ રાજકોટ શહેરની જરૂરીયાત મુજબ દૈનિક પાણી પુરુ પાડવા શી વ્યવસ્થા કરી છે, અને

(૩) દૈનિક કેટલું પાણી આપવાનું આયોજન છે?

**જવાબ**

(૧) અત્યારના તબક્કે કોઈ સમસ્યા નથી.

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**સ્ટેચ્યુ ઓફ યુનીટીની કામગીરી**

* ૧૪૯૪૯ **શ્રી સુરેશભાઇ ધ. પટેલ (મણિનગર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં સ્ટેચ્યુ ઓફ યુનીટીના બાંધકામ માટેનો ઈજારો કયારે આપવામાં આવેલ છે,

(૨) આ પ્રોજેકટ પૂર્ણ કરવાનું શું આયોજન છે, અને

(૩) ઉકત સ્થિતિએ સરદારશ્રીની સ્મારક સ્ટેચ્યુ ઓફ યુનીટીની કામગીરી કયા તબક્કે છે?

**જવાબ**

(૧) સ્ટેચ્યુ ઓફ યુનીટીના બાંધકામ માટેનો ઈજારો તા.૨૭-૧૦-૨૦૧૪ ના રોજ આપવામાં આવેલ છે.

(૨) આ પ્રોજેકટ ૪૨ માસમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

(૩) ઈજારાદારશ્રી દ્વારા પ્રથમ તબક્કામાં કરવાની થતી કામગીરી જેવી કે સાઈટ મોબીલાઈઝેશન, લેબર કેમ્પ, કન્સ્ટ્રકશન મટીરીયલ સ્ટોક યાર્ડ, સ્ટેચ્યુની સાઈટનું ટોટલ સ્ટેશનથી સર્વેક્ષણ, ભુસ્તરીય પરિક્ષણો, મોક અપ સ્ટેચ્યુ, ડીઝાઈન તથા ડીટેઈલ એન્જીનીયરીંગની કામગીરી પ્રગતિમાં છે.

આ અંગે ઈજારાદારશ્રીએ સ્કીમેટીક ડીઝાઈનના કુલઃ ૯૩ ડ્રોઈંગ સાદર કરેલ છે. જે ચકાસણી હેઠળ છે.

---------

**રાજયમાં શહેરી વિકાસ સત્તામંડળોની રચના**

* ૧૫૧૪૧ **શ્રી પૂર્ણેશકુમાર ઇ. મોદી (સુરત પશ્ચિમ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં કેટલા નવા શહેરી વિકાસ/વિસ્તાર વિકાસ સત્તામંડળોની રચના કરવામાં આવી ? | એક પણ નહી. |

---------

**રાજકોટ જિલ્લામાં પશુઓને સારવાર**

* ૧૪૯૮૩ **શ્રી બાવજીભાઇ હ. મેતલીયા (ટંકારા) : માનનીય પશુ પાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી, અને | (૧) ૨,૨૧,૯૨૩ |
| (૨) કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું ? | (૨) ૨૪,૭૪,૧૩૮ |

---------

**સુરત જિલ્લામાં ટીસ્યુકલ્ચર લેબોરેટરી**

* ૧૪૯૫૧ **શ્રી મુકેશભાઇ ઝી. પટેલ(ઓલપાડ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ટીસ્યુકલ્ચર લેબોરેટરીની સ્થાપના માટે સરકાર દ્વારા સહાય આપવામાં આવે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જિલ્લામાં સરકાર દ્વારા સહાયિત કેટલી ટીસ્યુકલ્ચર લેબોરેટરી ઊભી થયેલ છે, અને | (૨) એક પણ નહીં. |
| (૩) તે માટે સહાય ચૂકવવામાં આવેલ છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**પંચમહાલ જિલ્લાની જેલોનું આઈ.જી.પી. દ્વારા નિરીક્ષણ**

* ૧૪૧૬૩ **શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજયના જેલ મેન્યુઅલ મુજબ આઈ.જી.પી. કક્ષાના અધિકારીએ વર્ષમાં એકવાર તમામ જેલોના વોર્ડ, યાર્ડ,બેરેક અને તેની આસપાસનું નિરીક્ષણ કરવું જોઈએ તેવી જોગવાઈ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, પંચમહાલ જિલ્લામાં કઈ જેલમાં કયારે નિરીક્ષણ કર્યું, અને | (૨) છેલ્લા બે વર્ષમાં ગોધરા સબ જેલનું વર્ષ–૨૦૧૪માં તા.૨૫–૦૩–૨૦૧૪ના રોજ નિરીક્ષણ કરેલ છે. |
| (૩) નિરીક્ષણ દરમિયાન કેવા પ્રકારની ખામીઓ જોવા મળી હતી ? | (૩) નિરીક્ષણ દરમિયાન વહીવટી અને સ્વચ્છતા અંગેની કેટલીક ખામીઓ ધ્યાન ઉપર આવેલ. |

---------

**અમરેલી શહેરમાં જાહેર માર્ગ ઉપર પોલીસ ખાતા દ્વારા અનઅધિકૃત દબાણ**

* ૧૩૮૩૫ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ અમરેલી શહેરમાં સરદાર સર્કલથી વાયા પોલીસ લાઇન–મણીનગર સુધીના જાહેર માર્ગ ઉપર પોલીસ ખાતા દ્વારા કરાયેલ અનઅધિકૃત દબાણ ખુલ્લુ કરવા નામ. હાઈકોર્ટના હુકમ છતાં દુર કરવામાં આવેલ નથી તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, | (૧) હા, જી.<br>પરંતુ અમરેલી શહેરની પુનરાવર્તિત વિકાસ યોજના મંજુર થયેલ છે તેની દરખાસ્તમાં પ્રશ્ન હેઠળની જમીન નગરપાલિકાના રસ્તા માટે ફાળવાયેલ છે તે જગ્યા પર પોલીસ ખાતાના ઓફિસના બાંધકામ હયાત છે. |
| (૨) જો હા, તો આ દબાણ ખુલ્લુ કરવા અંગે સરકાર દ્વારા ક્યારે અને શી કાર્યવાહી કરવામાં આવી, | (૨) સરકારશ્રીના તા. ૨૦–૦૭–૨૦૧૩ના પત્રથી અમરેલી શહેરમાં પોલીસ ખાતા દ્વારા થયેલ અનઅધિકૃત દબાણ દુર કરવા અગ્ર સચિવશ્રી ગૃહ વિભાગ, જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી, કલેકટરશ્રી–અમરેલી તથા નિયામકશ્રી નગરપાલિકાઓની કચેરી, ગાંધીનગરને સુચના આપેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ નામ. હાઈકોર્ટના હુકમનો અનાદર કરનારા સામે શાં પગલા ભરવામાં આવ્યા, અને | (૩) બંને પક્ષકારો વચ્ચે થયેલ સમજુતી અન્વયે રસ્તા માટે જમીન ખુલ્લી કરવાની થાય છે આથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) સમયમર્યાદામાં આ અનઅધિકૃત દબાણ દુર ન કરવાનાં શા કારણો છે? | (૪) પોલીસ ખાતાએ સુચિત રસ્તા પરના બાંધકામને દુર કરવાના થાય છે ત્યારબાદ જમીન ખુલ્લી કરવામાં આવશે. |

---------

**વાયબ્રન્ટ સમિટ–૨૦૧૧માં એમ.ઓ.યુ.**

* ૧૫૩૨૫ **શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ સને ૨૦૧૧માં યોજાયેલ વાયબ્રન્ટ સમિટમાં કુલ કેટલી રકમના એમ.ઓ.યુ. થયા હતા, | (૧) રૂ. ૨૦૮૩૧૮૨.૭૨ કરોડના |
| (૨) તે અન્વયે કેટલી રકમના ઉદ્યોગો ઉત્પાદનમાં ગયા, અને કેટલાના કામો પ્રગતિમાં છે, અને | (૨) ૩૬૯૩ પ્રોજેક્ટ ઉત્પાદનમાં ગયેલ છે. ૮૦૫ પ્રોજેક્ટ અમલીકરણ હેઠળ તથા ૭૮૫ પ્રોજેક્ટ પ્રાથમિક તબક્કમાં છે. મુડીરોકાણ એ સતત ચાલતી પ્રક્રિયા છે. ઉત્પાદનમાં ગયા પછી પણ પ્રોજેક્ટમાં મુડીરોકાણ થવાનું ચાલતું રહે છે. |
| (૩) થયેલ એમ.ઓ.યુ. અન્વયે કેટલા ઉદ્યોગો ખસી ગયા? | (૩) ૩૦૯૭ પ્રોજેકટ ડ્રોપ થયેલ છે. |

---------

**અમદાવાદ અને કચ્છ જિલ્લામાં ઉદ્યોગકારોએ, લીઝ ઉપર માંગેલ જમીન**

* ૧૪૫૨૮ **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારે અમદાવાદ અને કચ્છ જિલ્લામાં કેટલી જમીન ઉદ્યોગકારોએ લીઝ પર મેળવવા, માંગી હતી, અને | (૧) અમદાવાદ જિલ્લામાં : શૂન્ય<br>કચ્છ જિલ્લામાં : ૯૫,૩૬,૬૮,૧૭૬ ચો.મી. |
| (૨) તે પૈકી કેટલા ઉદ્યોગોને જમીનો કયા હેતુ માટે આપવામાં આવી? | (૨) ૨૬ ઉદ્યોગોને, વિન્ડફાર્મ ના હેતુ માટે |

---------

તા.૩જી માર્ચ, ૨૦૧૯
અતારાંકિત પ્રશ્નો તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ

**વડોદરા જિલ્લામાં બાયોકંટ્રોલ લેબોરેટરી**

* ૧૪૯૫૭ **શ્રીમતી મનીષા રા. વકીલ(વડોદરા શહેર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં સરકાર દ્વારા સહાયિત કેટલી બાયોકંટ્રોલ લેબોરેટરી ઊભી થયેલ છે, અને | (૧) ૧ (એક) |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે? | (૨) રૂ. ૬૭.૫૦ લાખ |

---------

**સુરત જિલ્લામાં ખેડુતોને જીપ્સમ સહાય**

* ૧૫૦૯૦ **શ્રી જનકભાઇ કાછડીયા(કરંજ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) સુરત જિલ્લામાં વર્ષ તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ખેડૂતોને જીપ્સમ સહાય આપવામાં આવી, અને | (૧) ૪ ખેડૂતોને |
| (૨) તે પેટે કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૨) રૂ. ૭૩૦૬/– |

---------

**મોડાસા અને ધનસુરા તાલુકા પોલીસ સ્ટેશનમાં ખાલી જગ્યાઓ**

* ૧૩૬૮૭ **શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર(મોડાસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ મોડાસા અને ધનસુરા તાલુકા પોલીસ સ્ટેશનમાં મંજૂર થયેલ સંવર્ગવાર મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને | (૧) પત્રક મુજબ |
| (૨) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે? | (૨) ભરતી કેલેન્ડર મુજબ કોન્સ્ટેબ્યુલરીમાં સીધી ભરતીની પ્રક્રિયા હાલ ચાલુ છે. વહીવટી જરૂરીયાત મુજબ અને અનુકૂળતા અનુસાર વહીવટી પ્રક્રિયાઓ અનુસરીને સમયાંતરે ખાલી જગ્યાઓ ભરવાની કાર્યવાહી કરવામાં આવે છે. |

પત્રક

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **પોલીસ સ્ટેશનનું નામ** | **સંવર્ગ** | **મંજુર થયેલ જગ્યા** | **ખાલી જગ્યા** | **ક્યારથી ખાલી** | |
| --- | --- | --- | --- | --- | --- | --- | --- |
| | | | | | | ૬ માસ સુધી | ૬ માસથી ઉપર |
| ૧ | મોડાસા | મોડાસા ટાઉન | મદદનીશ સબ ઈન્સ્પેકટર | ૧૧ | ૩ | ૦ | ૩ |
| | | | હેડ કોન્સ્ટેબલ | ૧૬ | ૨ | ૨ | ૦ |
| | | | પોલીસ કોન્સ્ટેબલ | ૮૩ | ૩૨ | ૦ | ૩૨ |
| | | મોડાસા ગ્રામ્ય | મદદનીશ સબ ઈન્સ્પેકટર | ૭ | ૫ | ૧ | ૪ |
| | | | હેડ કોન્સ્ટેબલ | ૧૨ | ૧ | ૧ | ૦ |
| | | | પોલીસ કોન્સ્ટેબલ | ૨૨ | ૮ | ૦ | ૮ |
| ૨ | ધનસુરા | ધનસુરા | મદદનીશ સબ ઈન્સ્પેકટર | ૮ | ૬ | ૦ | ૬ |
| | | | હેડ કોન્સ્ટેબલ | ૧૪ | ૩ | ૦ | ૩ |
| | | | પોલીસ કોન્સ્ટેબલ | ૩૬ | ૧૯ | ૦ | ૧૯ |

---------

### સુરત શહેરમાં ભાઠા–ભાટપોર ખાતે પુર સંરક્ષણ દિવાલ

* ૧૫૧૮૨ **શ્રી રણજીતભાઇ મં. ગીલીટવાલા(સુરત–પૂર્વ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ સુરત શહેરમાં ભાઠા–ભાટપોર ખાતે પૂર સંરક્ષણના કામની સ્થિતિ શું છે, | (૧) સુરત શહેરમાં ભાઠા–ભાટપોર ખાતે પૂર સંરક્ષણનું કામ ૨૦૦૪ મીટર લંબાઇમાં પૂર્ણ થયેલ છે. |
| (૨) ઉક્ત કામગીરી પાછળ કેટલો ખર્ચ થવાની સંભાવના છે અને તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયેલ છે, અને | (૨) અને (૩) કામગીરી પૂર્ણ થયેલ છે અને કુલ રૂ. ૧૭૯૮.૮૯ લાખ ખર્ચ થયેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી કામગીરી પૂર્ણ થયેલ છે? | |

---------

### અમદાવાદ–ગાંધીનગર મેટ્રો ટ્રેન પાછળ ખર્ચ

* ૧૩૬૦૯ **ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ–ગાંધીનગર વચ્ચે મેટ્રો ટ્રેન માટે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ–ગાંધીનગર વચ્ચે મેટ્રો ટ્રેન માટે છેલ્લા બે વર્ષમાં વર્ષ ૨૦૧૩માં રૂ. ૩૭૨.૫૫ કરોડ અને વર્ષ–૨૦૧૪માં રૂ. ૯૯.૭૪ કરોડ ખર્ચ કરવામાં આવ્યો. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ કાર્યવાહી કયા તબક્કે છે, અને | (૨) અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટને કેન્દ્રીય કેબીનેટની મંજૂરી મળેલ છે અને ડી.પી.આર. ની બોલીઓ અને શરતો મુજબ હાલમાં સ્પેશીયલ પર્પઝ વહીકલ બનાવવાની પ્રક્રિયા ચાલુ છે.<br>ઈસ્ટ–વેસ્ટ અને નોર્થ–સાઉથ કોરિડોરમાં વાયડક્ટ માટેના ડિટેઈલ્ડ ડિઝાઈન કન્સલ્ટન્ટસ (ડીડીસી) ની નિમણૂંક કરી દેવામાં આવી છે.<br>નોર્થ–સાઉથ કોરિડોરમાં દસ સ્ટેશન્સ માટેની પણ ડીડીસીની પસંદગી કરવામાં આવી છે. બાકીના સ્ટેશનો અને ઈસ્ટ–વેસ્ટ કોરિડોર માટેની પ્રક્રિયા ચાલુ છે.<br>ઈસ્ટ–વેસ્ટ કોરિડોરમાં વસ્ત્રાલથી એપરેલ પાર્ક સુધીના ૬ (છ) કિ.મી.ના રૂટ માટે સિવિલ કામનુ ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે. |
| (૩) મેટ્રો રેલ પાછળ થનાર ખર્ચ પેટે રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર અને વિદેશની કઈ કંપનીઓ (વિદેશી સરકાર) કેટલી રકમ મૂડી રોકાણ કરનાર છે? | (૩) રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર ૫૦:૫૦ ટકાના ધોરણે સરખે હિસ્સે રૂ. ૧૯૯૦–૧૯૯૦ કરોડનું મૂડી રોકાણ ઈકવિટી સ્વરૂપે કરશે. કોઈ વિદેશી કંપની કે વિદેશી સરકાર પ્રોજેક્ટમાં મૂડી રોકાણ કરનાર નથી. |

---------

### મહેસાણા જિલ્લામાં પશુ આરોગ્ય મેળા

* ૧૪૯૮૪ **શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કૃષિ મહોત્સવ–૨૦૧૪ દરમ્યાન મહેસાણા જિલ્લામાં કેટલા પશુ આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું, | (૧) ૧૮૪. |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી, અને | (૨) ૩૬,૪૯૫ |
| (૩) તેમાં કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યુ? | (૩) ૨,૯૪,૨૪૧. |

---------

**મીઠાપુર ખાતે ટાટા કેમિકલ્સ કંપનીને ફાળવેલ જમીનમાં શરતભંગ**

* ૧૪૪૭૯ **શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મીઠાપુર ખાતે આવેલ ટાટા કેમીકલ્સ કંપનીને મીઠું પકવવાના/ઉત્પાદન કરવા માટે સરકારે આપેલ જમીન શરત ભંગ થયેલ છે તે હકીકતથી સરકાર વાકેફ છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો સરકારે ઉક્ત કંપની સામે કાયદાકીય શાં પગલાં લીધા? | (૨) આ અંગે જમીન મહેસુલ કાયદા અનુસારની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. |

---------

**પંચમહાલ જિલ્લામાં હક્ક પત્રક નોંધો નિકાલ બાકી**

* ૧૫૧૫૫ **શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કેટલી હક્ક પત્રક નોંધો નિકાલ બાકી છે, અને | (૧) ૨૩૭૯. |
| (૨) આ બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે ? | (૨) બનતી ત્વરાએ. |

---------

**બનાસકાંઠા જિલ્લામાં ટ્રેક્ટર સહાયની અરજીઓ**

* ૧૫૨૫૨ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સને ૨૦૧૨–૧૩ના વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ટ્રેક્ટર સહાયની કેટલા ખેડૂતોની કેટલી અરજીઓ વર્ષવાર મળી છે,

(૧) સને ૨૦૧૨–૧૩ના વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ટ્રેક્ટર સહાયની ખેડૂતોની અરજીઓ નીચે મુજબ મળી છે.

| અનુ. | વર્ષ | ખેડૂતોની સંખ્યા | મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૧–૧૨ | ૨૪૪૦ | ૨૪૪૦ |
| ૨ | ૨૦૧૨–૧૩ | ૩૯૫૪ | ૩૯૫૪ |
| | **કુલ** | **૬૩૯૪** | **૬૩૯૪** |

(૨) તે પૈકી કેટલી અરજીઓ તા. ૩૧મી ડીસેમ્બર–૨૦૧૪ની સ્થિતિએ મંજૂર કરી વર્ષવાર સહાય ચૂકવવામાં આવી,

(૨)

| અ.નં. | વિગત | ૨૦૧૧–૧૨ | ૨૦૧૨–૧૩ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | વર્ષવાર મંજૂર કરેલ અરજીઓની સંખ્યા | ૮૩૬ | ૧૯૬૪ | ૨૮૦૦ |
| ૨ | વર્ષવાર સહાય ચુકવવામાં આવેલ રકમ (રૂ. લાખમાં) | ૪૨૬.૭૫ | ૧૧૩૫.૩૫ | ૧૫૬૨.૧૦ |

(૩) કેટલી અરજીઓ નામંજુર કરવામાં આવી અને નામંજૂર કરવાના શા કારણો છે, અને

(૩)

| અ.નં. | વર્ષ | નામંજુર અરજીઓની સંખ્યા | નામંજુરીના કારણો |
|---|---|---|---|

| | | | |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૧-૧૨ | ૧૬૦૪ | ૧. સરકારશ્રીની ટ્રેક્ટર સહાય યોજનાની ગાઈડલાઈન / બોલીઓ / શરતો સાથે મળેલ અરજીઓ સુસંગત ના હોઈ ના મંજૂર કરેલ છે. ૨. ખેડુતોએ પ્રાથમિક મંજુરી મળ્યા પૂર્વે ટ્રેક્ટરની ખરીદી કરેલ છે. ૩. પુર્વ મંજૂરી આપેલ હોવા છતાં સમયમર્યાદામાં સાધનિક કાગળો રજુ ન કરવાના કારણે અથવા અધુરા સાધિનિક કાગળો રજુ કરવાને કારણે. ૪. જોગવાઈ કરતાં વધારે અરજીઓ મળતાં તે દફતરે કરેલ છે. |
| ૨ | ૨૦૧૨-૧૩ | ૧૯૯૦ | |

(૪) બાકી રહેલી અરજીઓમાં સબસીડીની રકમ ક્યાં સુધીમાં ચૂકવવામાં આવનાર છે ?

(૪) કોઈ અરજીઓ બાકી રહેતી નથી તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**મોરબી જિલ્લામાં પોલીસ ખાતાનું મંજૂર મહેકમ**

* ૧૪૬૦૫ **શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ મોરબી જિલ્લામાં તાલુકાવાર મંજુર થયેલ, પોલીસ ખાતાનું મહેકમ કેટલું છે,

(૨) તે અન્વયે કેટલી જગ્યાઓ સંવર્ગવાર ખાલી છે, અને

(૧) અને (૨)
પત્રક મુજબ

(૩) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવાનું આયોજન છે ?

(૩) ભરતી કેલેન્ડર મુજબ કોન્સ્ટેબ્યુલરી સીધી ભરતીની પ્રક્રિયા હાલ ચાલુ છે. વહીવટી જરૂરિયાત મુજબ અને અનુકૂળતા અનુસાર વહીવટી પ્રક્રિયાઓ અનુસરીને સમયાંતરે ખાલી જગ્યાઓ ભરવાની કાર્યવાહી કરવામાં આવે છે.

**પત્રક**

| ક્રમ | તાલુકાનું નામ | સંવર્ગ | મંજુર | હાજર | ખાલી |
|---|---|---|---|---|---|
| ૧ | મોરબી | પોલીસ ઈન્સ્પેક્ટર | ૬ | ૬ | ૦ |
| | | પોલીસ સબ ઈન્સ્પેક્ટર | ૨૦ | ૧૭ | ૩ |
| | | મદદનીશ સબ ઈન્સ્પેક્ટર | ૪૨ | ૩૮ | ૪ |
| | | હેડ કોન્સ્ટેબલ | ૬૦ | ૫૪ | ૬ |
| | | પોલીસ કોન્સ્ટેબલ | ૩૨૩ | ૨૦૯ | ૧૧૪ |
| ૨ | વાંકાનેર | પોલીસ ઈન્સ્પેક્ટર | ૨ | ૧ | ૧ |
| | | પોલીસ સબ ઈન્સ્પેક્ટર | ૩ | ૩ | ૦ |
| | | મદદનીશ સબ ઈન્સ્પેક્ટર | ૧૩ | ૧૧ | ૨ |
| | | હેડ કોન્સ્ટેબલ | ૨૩ | ૧૮ | ૫ |
| | | પોલીસ કોન્સ્ટેબલ | ૬૬ | ૫૬ | ૧૦ |
| ૩ | ટંકારા | પોલીસ સબ ઈન્સ્પેક્ટર | ૧ | ૧ | ૦ |
| | | મદદનીશ સબ ઈન્સ્પેક્ટર | ૫ | ૫ | ૦ |
| | | હેડ કોન્સ્ટેબલ | ૯ | ૮ | ૧ |
| | | પોલીસ કોન્સ્ટેબલ | ૨૫ | ૨૧ | ૪ |
| ૪ | માળીયા મીંયાણા | પોલીસ સબ ઈન્સ્પેક્ટર | ૧ | ૧ | ૦ |
| | | મદદનીશ સબ ઈન્સ્પેક્ટર | ૭ | ૫ | ૨ |
| | | હેડ કોન્સ્ટેબલ | ૧૩ | ૧૨ | ૧ |

| ક્રમ | તાલુકાનું નામ | સંવર્ગ | મંજુર | હાજર | ખાલી |
|---|---|---|---|---|---|
| | | પોલીસ કોન્સ્ટેબલ | ૫૬ | ૨૯ | ૨૭ |
| ૫ | હળવદ | પોલીસ સબ ઈન્સ્પેકટર | ૧ | ૧ | ૦ |
| | | મદદનીશ સબ ઈન્સ્પેકટર | ૭ | ૬ | ૧ |
| | | હેડ કોન્સ્ટેબલ | ૧૨ | ૨ | ૧૦ |
| | | પોલીસ કોન્સ્ટેબલ | ૩૧ | ૧૯ | ૧૨ |

---------

**રાજ્યની અન્ય એજન્સી/સંસ્થાને ભૂકંપ સુરક્ષા માટે સહાય**

* ૧૪૬૮૭ **શ્રી જીતેન્દ્ર ર. સુખડીયા(સયાજીગંજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજય સરકાર દ્વારા રાજ્યની અન્ય એજન્સી/સંસ્થાને ભૂકંપ સામે સુરક્ષા માટે વર્ષ ૨૦૧૪-૧૫ તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ કોઈ મદદ કરી છે, અને

(૨) જો હા, તો કઈ કઈ સંસ્થા/એજન્સીને આવી મદદ પૂરી પાડવામાં આવી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ભૂકંપ સામે સુરક્ષા માટે નીચે મુજબની એજન્સીઓને/ સંસ્થાઓને મદદ કરેલ છે.

૧. ગીફ્ટ સીટી
૨. સ્ટેચ્યુ ઓફ યુનિટી
૩. એલ.એન.જી. ટર્મિનલ દહેજ
૪. ખાસ મૂડીરોકાણ પ્રદેશ, ધોલેરા
૫. ન્યુ કલીયર પાવર પ્લાન્ટ, મીઠી વીરડી
૬. વી. એસ. હોસ્પિટલ, અમદાવાદ
૭. દરિયા કિનારાના બંદરો અને જેટિઓના સિસ્મીક હેઝાર્ડ એસેસમેન્ટ

---------

**કલ્પસર યોજનાના સર્વે બાબત**

* ૧૩૭૨૨ **શ્રી પૂનમભાઇ મા. પરમાર(સોજીત્રા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (કલ્પસર) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ ખંભાતના અખાતમાં મીઠા પાણીનું સરોવર બનાવવા સરકારે કલ્પસર યોજનામાં કેટલીવાર સર્વે કરાવેલ છે, અને

(૨) આ યોજનાથી રાજ્યની પ્રજાને શું ફાયદો થશે તથા આ યોજના ક્યારે અમલમાં આવશે ?

**જવાબ**

(૧) યોજનાની અગાઉની ઘોઘા-હાંસોટ પથરેખા માટે પૂર્વ શક્યતાદર્શી અહેવાલ વખતે મર્યાદિત સર્વે અને શક્યતાદર્શી અહેવાલ માટે વિગતવાર સર્વે એક વાર કરવામાં આવેલ. હાલની ભાવનગર-દહેજ પથરેખા માટે વિગતવાર સર્વેની કામગીરી પ્રગતિ હેઠળ છે.

(૨) રાજ્યની પ્રજાને યોજનાથી મળનાર મુખ્ય ફાયદાઃ

૧. સૌરાષ્ટ્રની ૧૦.૫૪ લાખ હેકટર જમીનને સિંચાઈની સુવિધા ઉપલબ્ધ કરાવવાનું આયોજન છે.
૨. સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાતના કાંઠા વિસ્તારમાં ભૂગર્ભના હાલના ખારા પાણી મીઠા થશે અને જમીનમાં ક્ષાર તત્વોનું પ્રમાણ ઘટશે.
૩. ભાવનગરથી દક્ષિણ ગુજરાત વચ્ચે અંતરમાં અંદાજે ૧૩૬ કિલોમીટર જેટલો ઘટાડો થશે જેથી સમય અને ઈંધણની બચત થશે.
૪. પવન અને સૌર ઉર્જા ઉત્પાદનના પાર્કનો વિકાસ અને એ રીતે સમગ્ર વિસ્તારનો આર્થિક વિકાસ વગેરે યોજના માટેના

તમામ અભ્યાસો પૂર્ણ થયેથી શક્યતાદર્શી અહેવાલ તૈયાર થયા બાદ યોજના માટે મેળવવાની થતી તમામ મંજુરીઓ મેળવીને સત્વરે યોજના અમલમાં લાવવાનું આયોજન છે.

---------

**જામનગર જિલ્લામાં કૃષિ કિટ્સનું વિતરણ**

* ૧૫૧૦૮ **શ્રી ચીમનભાઇ ધ. શાપરીયા(જામજોધપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં કૃષિ મહોત્સવમાં સન–૨૦૧૩ અને ૨૦૧૪ દરમ્યાન કેટલા ખેડૂતોને વિના મૂલ્યે કેટલી કૃષિ કીટસનું વિતરણ કરવામાં આવ્યું, અને | (૧) વર્ષ–૨૦૧૩<br>૪૭૭૪ ખેડૂતોને ૪૭૭૪ કૃષિ કીટસ<br>૩૩૭૦ ખેડૂતોને ૩૩૭૦ પશુપાલન કીટસ<br>**વર્ષ–૨૦૧૪**<br>૪૭૩૫ ખેડૂતોને ૪૭૩૫ કૃષિ કીટસ,<br>૪૪૬૦ ખેડૂતોને ૪૪૬૦ બાગાયત કીટસ<br>૪૨૭૦ ખેડૂતોને ૪૨૭૦ પશુપાલન કીટસ |
| (૨) તેની પાછળ કેટલો ખર્ચ થયો? | (૨) વર્ષ–૨૦૧૩– રૂ. ૧,૩૫,૦૮,૫૦૦/– તથા વર્ષ ૨૦૧૪ – રૂ. ૧,૦૭,૫૫,૬૬૫/ – |

---------

**ભાવનગર જિલ્લામાં પશુ આરોગ્ય મેળા**

* ૧૪૯૮૫ **ડૉ. ટી. ડી. માણીયા(બોટાદ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કૃષિ મહોત્સવ–૨૦૧૪ દરમ્યાન ભાવનગર જિલ્લામાં કેટલા પશુ આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું, | (૧) ૧૭૪. |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી, અને | (૨) ૯૩,૮૯૨. |
| (૩) તેમાં કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું ? | (૩) ૨,૧૨,૧૫૪. |

---------

**તાપી જિલ્લામાં પશુ સારવાર કેન્દ્ર**

* ૧૪૯૭૫ **શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર(બારડોલી) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રવિ કૃષિ મહોત્સવ–૨૦૧૪ દરમ્યાન તાપી જિલ્લામાં કેટલા પશુ વંધ્યત્વ નિદાન અને સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ, અને | (૧) ૫. |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી? | (૨) ૧૪૦૯. |

---------

**પાટણ જિલ્લામાં પશુ સારવાર કેમ્પ**

* ૧૪૯૭૮ **શ્રી નાગરજી હ. ઠાકોર(રાધનપુર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી, અને | (૧) ૩,૮૫,૨૦૨. |

(૨) કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું ? (૨) ૧૮,૩૩,૭૫૫.

---------

**વલસાડ જિલ્લામાં નવા ચેકડેમ**

* ૧૩૫૫૦ **શ્રી ઈશ્વરભાઈ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર કેટલા નવા ચેકડેમો છેલ્લા બે વર્ષમાં બનાવવામાં આવ્યા, અને

(૧)

| તાલુકો | ચેકડેમની સંખ્યા |
|---|---|
| વલસાડ | ૧૬ |
| પારડી | ૨૮ |
| ઉંમરગામ | ૨૭ |
| કપરાડા | ૪૩ |
| ધરમપુર | ૧૦૫ |

(૨) તેની પાછળ કેટલો ખર્ચ થયો ? (૨) કુલ રૂ. ૩૮૪૧.૬૯ લાખ.

---------

**પંચમહાલ જિલ્લામાં વારસાઈ હક્કની અરજીઓ**

* ૧૪૯૭૨ **શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ(કાલોલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) પંચમહાલ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર વારસાઈ હક્ક માટેની કેટલી અરજીઓ આવી, અને

(૧)

| **તાલુકાનું નામ** | **આવેલ અરજીઓ** |
|---|---|
| મોરવા(હ) | ૧૧૧૩ |
| શહેરા | ૧૫૪૩ |
| ગોધરા | ૩૪૫૭ |
| કાલોલ | ૨૦૨૫ |
| હાલોલ | ૨૧૯૦ |
| જાંબુઘોડા | ૦૪૭૯ |
| ઘોઘંબા | ૧૬૫૪ |

(૨) તે પૈકી કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી ?

(૨)

| **તાલુકાનું નામ** | **પાડેલ નોંધો** | **મંજૂર** | **નામંજૂર** |
|---|---|---|---|
| મોરવા(હ) | ૧૧૧૩ | ૧૦૭૪ | ૪ |
| શહેરા | ૧૫૪૩ | ૧૪૭૪ | ૧૧ |
| ગોધરા | ૩૪૫૭ | ૩૦૦૫ | ૨૧૭ |
| કાલોલ | ૨૦૨૫ | ૧૭૪૯ | ૧૪૫ |
| હાલોલ | ૨૧૯૦ | ૨૦૦૬ | ૧૮૪ |
| જાંબુઘોડા | ૪૭૯ | ૩૯૮ | ૫૧ |
| ઘોઘંબા | ૧૬૫૪ | ૧૪૬૨ | ૫૮ |

---------

**દાહોદ તાલુકામાં ગુનાહિત કૃત્યો**

* ૧૪૧૯૨ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દાહોદ તાલુકામાં ઘરફોડ ચોરી–લૂંટના કેટલા બનાવો નોંધાયા,

(૧)

| **વર્ષ** | **ઘરફોડ ચોરી** | **લૂંટ** |
|---|---|---|
| ૨૦૧૩ | ૬૪ | ૨૭ |
| ૨૦૧૪ | ૨૮ | ૧૬ |

(૨) તે અન્વયે કેટલા ઈસમોની ધરપકડ કરી, અને (૨) ૧૬૨

(૩) આ ગુન્હાઓ રોકવા સરકારે શાં પગલાં લીધા ?

(૩) આ ગુન્હાઓ રોકવા અસરકારક નાઈટ રાઉન્ડ તેમજ નાઈટ પેટ્રોલીંગ કરવામાં આવે છે. તેમજ રસ્તાઓ ઉપર ક્રોસ રોડ પેટ્રોલીંગ રાખવામાં આવે છે, તથા શકમંદ ઈસમો ચેક કરી જરૂરી અટકાયતી પગલાં લેવામાં આવે છે.

---------

**ખેડા જિલ્લામાં પાણી પુરવઠા અને ભૂગર્ભગટર યોજના**

* ૧૫૨૧૦ **શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ ખેડા જિલ્લાની કઈ કઈ નગરપાલિકાઓની પાણી પુરવઠા યોજના તથા ભૂગર્ભ ગટર યોજનાની વહીવટી મંજૂરી આપવામાં આવી, અને

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ ખેડા જિલ્લાની નગરપાલિકાઓની પાણી પુરવઠા યોજના તથા ભૂગર્ભ ગટર યોજનાની વહીવટી મંજૂરીની વિગતો નીચે મુજબ છે.

| **વર્ષ** | **વહીવટી મંજૂરી અપાયેલ નગરપાલિકાનું નામ** | |
|---|---|---|
| | પાણી પુરવઠા યોજના | ભૂગર્ભ ગટર યોજના |
| તા.૧–૧–૧૩ થી તા.૩૧–૧૨–૧૪ | કપડવંજ | ઠાસરા |
| તા.૧–૧–૧૪ થી | – | મહેમદાવાદ ચકલાસી |

(૨) કુલ કેટલી રકમની મંજૂરી આપવામાં આવી ?

(૨) કુલ રૂ.૯૯.૩૨ કરોડની રકમની મંજૂરી આપવામાં આવી.

---------

**વડોદરા જિલ્લામાં ધાન્ય પાક માટે ખેડૂતોને પ્રોત્સાહન**

* ૧૫૦૯૯ **શ્રી જયંતિભાઇ સ. રાઠવા(જેતપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૧૪ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ધાન્ય પાકોનું ઉત્પાદન વધારવા માટે ખેડૂતોને શા પ્રોત્સાહન આપવામાં આવ્યા, અને

(૧) વડોદરા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ધાન્ય પાકોનું ઉત્પાદન વધારવા માટે ખેડૂતોને વિવિધ યોજનાઓ હેઠળ કૃષિ કીટ્સ (મકાઈ અને ડાંગર પાક) તાલીમ, નિદર્શન, બ્લોક નિદર્શન, પ્રમાણિત બીજ વિતરણ, સિંચાઈ સાધનો અને ખેત યાંત્રિકીકરણમાં સહાય જેવા પ્રોત્સાહન આપવામાં આવ્યા.

(૨) ઉકત સ્થિતિએ વર્ષવાર તેમાં કેટલી રકમનો ખર્ચ થયો ?

(૨) વડોદરા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં લાભાર્થીઓની સંખ્યા અને વર્ષવાર થયેલ ખર્ચ નીચે મુજબ છે. (રૂ.લાખમાં)

| **વર્ષ** | **૨૦૧૩** | | **૨૦૧૪** | | **કુલ** | |
|---|---|---|---|---|---|---|
| | **લાભાર્થીની સંખ્યા** | **નાણાંકીય ખર્ચ રૂ.** | **લાભાર્થીની સંખ્યા** | **નાણાંકીય ખર્ચ રૂ.** | **લાભાર્થીની સંખ્યા** | **નાણાંકીય ખર્ચ રૂ.** |
| **કુલ** | **૧૭૧૯૯** | **૪૦૨.૬૫** | **૫૭૩૫** | **૨૩.૨૩** | **૨૨૯૩૪** | **૪૨૫.૮૮** |

---------

**વલસાડ જિલ્લામાં પોલીસ કોમ્યુનિટી હોલ**

* ૧૫૧૬૫ **શ્રી ભરતભાઈ કી. પટેલ(વલસાડ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજ્યના પોલીસ કર્મચારીઓના પરિવારના સભ્યો સાંસ્કૃતિક પ્રવૃત્તિ કરી શકે તે માટે કોમ્યુનીટી હોલ બનાવવાનું આયોજન કરેલ છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં કેટલા પોલીસ કોમ્યુનીટી હોલ ઉપલબ્ધ છે ?

(૨) વલસાડ જિલ્લામાં એક કોમ્યુનીટી હોલ ઉપલબ્ધ છે.

---------

**વડોદરા જિલ્લામાં રાસાયણિક ખાતરના નમૂના**

* ૧૫૧૦૧ **શ્રી સતીષભાઇ મો. પટેલ(કરજણ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાસાયણિક ખાતરના કુલ કેટલા નમૂનાઓ લેવામાં આવ્યા, | (૧) ૧૮૪૬ નમૂનાઓ. |
| (૨) આ નમૂનાઓ પૈકી કેટલા નમૂના પ્રમાણિત થયા અને કેટલા નમૂના બિનપ્રમાણિત થયા, અને | (૨) તે પૈકી ૧૮૩૧ નમૂના પ્રમાણિત અને ૧૫ નમૂના બિનપ્રમાણિત થયા. |
| (૩) બિનપ્રમાણિત નમૂનાઓમાં ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત શાં પગલાં લેવામાં આવ્યા ? | (૩) બિનપ્રમાણિત નમૂનાઓમાં ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત નીચે મુજબના પગલા લેવામાં આવ્યા.' |

| અ.નં. | બિન પ્રમાણિત નમૂનાની સંખ્યા | લીધેલ પગલા |
|---|---|---|
| ૧ | ૩ | કોર્ટ કેસ કરેલ છે. |
| ૨ | ૯ | વહીવટી પગલાં |
| ૩ | ૩ | કાર્યવાહીમાં |

---------

**ગ્રામોદ્યોગના હેતુ માટે રાહત દરે જમીન આપવા બાબત**

* ૧૫૩૦૬ **શ્રી અમિત ચૌધરી (માણસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા જાહેર ટ્રસ્ટોને ગ્રામિણ બેરોજગારોને વિના મૂલ્યે તાલીમ આપતાં ગ્રામોદ્યોગના હેતુઓ માટે સરકારી પડતર જમીનની ફાળવણી રાહતદરે કરવાનું આયોજન કર્યુ છે તે હકીકત ખરી છે, અને | (૧) ના, જી. |
| (૨) આવી સંસ્થાઓને આવા હેતુઓ માટે સરકારી પડતર જમીનની ફાળવણી કરવા ક્યા ભાવ ધ્યાને લેવામાં આવે છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**ગાંધીનગર જિલ્લામાં પોલીસ ખાતાનાં રહેણાંક મકાનો**

* ૧૫૧૭૨ **શ્રી અશોકકુમાર ર. પટેલ(ગાંધીનગર ઉત્તર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૫ ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫ માં પોલીસ ખાતાના કેટલા રહેણાંકના મકાનની કામગીરી હાથ ધરવામાં આવેલ છે, અને | (૧) કુલ-૩૬. |
| (૨) આ કામગીરી માટે કુલ કેટલો ખર્ચ કરવામાં આવનાર છે ? | (૨) કુલ રૂ.૨૭૬.૮૨ લાખ. |

---------

**ગ્રામોદ્યોગના હેતુ માટે રાહત દરે જમીન આપવા બાબત**

* ૧૫૩૧૮ **શ્રી મેરામણભાઇ મા. આહીર (ખંભાલીયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા જાહેર ટ્રસ્ટોને ગ્રામિણ બેરોજગારોને વિના મૂલ્યે તાલીમ આપતાં ગ્રામોદ્યોગના હેતુઓ માટે સરકારી પડતર જમીનની | (૧) ના, જી. |

ફાળવણી રાહતદરે કરવાનું આયોજન કર્યુ છે તે હકીકત ખરી છે, અને

(૨) આવી સંસ્થાઓને આવા હેતુઓ માટે સરકારી પડતર જમીનની ફાળવણી કરવા કયા ભાવ ધ્યાને લેવામાં આવે છે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**જૂનાગઢ શહેર/જિલ્લામાં ગુનાહિત કૃત્યો**

* ૧૫૨૬૬ **શ્રી હર્ષદભાઈ રીબડીયા (વિસાવદર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ શહેર અને જિલ્લામાં તાલુકાવાર લૂંટ–ખૂન–ધાડ–અપહરણ અને બળાત્કારના કેટલા બનાવો નોંધાયા, અને

(૨) ઉકત ગુન્હામાં સંડોવાયેલ કેટલા ઈસમોની ધરપકડ કરી ?

**જવાબ**

(૧)

| **તાલુકાનું નામ** | **લૂંટ** | **ખૂન** | **ધાડ** | **અપહરણ** | **બળાત્કાર** |
|---|---|---|---|---|---|
| જૂનાગઢ શહેર | ૧૭ | ૧૬ | ૭ | ૪૬ | ૧૬ |
| વિસાવદર | ૦ | ૨ | ૧ | ૧૮ | ૫ |
| મેંદરડા | ૨ | ૩ | ૦ | ૫ | ૪ |
| ભેસાણ | ૦ | ૧ | ૧ | ૯ | ૨ |
| કેશોદ | ૧૪ | ૨ | ૦ | ૧૮ | ૫ |
| વંથલી | ૩ | ૦ | ૨ | ૭ | ૧ |
| માણાવદર | ૨ | ૪ | ૦ | ૭ | ૦ |
| માંગરોળ | ૧ | ૨ | ૦ | ૧૪ | ૨ |
| માળીયા–હાટીના | ૦ | ૨ | ૦ | ૧૪ | ૨ |

(૨) ૪૫૮ ઈસમોની ધરપકડ કરેલ છે.

---------

**ગાંધીનગર જિલ્લામાં પોલીસ ખાતામાં આરોગ્ય ચકાસણી**

* ૧૫૧૫૭ **શ્રી શંભુજી ચે. ઠાકોર(ગાંધીનગર–દક્ષિણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે પોલીસ ખાતામાં ફરજ બજાવતા તમામ પોલીસ કર્મચારી–અધિકારીઓના આરોગ્યની ચકાસણીની સૂચના આપી હોવાની હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં કેટલા પોલીસ અધિકારી–કર્મચારીઓની આરોગ્ય ચકાસણી થઈ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) વર્ષ ૨૦૧૩માં ૧૬૬૮
વર્ષ ૨૦૧૪માં ૧૭૯૬

---------

**એસ.આર.પી. જૂથ–૭, નડીયાદમાં આરોગ્ય ચકાસણી**

* ૧૫૧૬૪ **શ્રી કેસરસિંહ જે. સોલંકી (માતર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે પોલીસ ખાતામાં ફરજ બજાવતા તમામ પોલીસ કર્મચારી–અધિકારીઓને આરોગ્યની ચકાસણીની સૂચના આપી હોવાની હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં એસ.આર.પી. જૂથ–૭, નડીયાદમાં કેટલા પોલીસ અધિકારી–કર્મચારીઓની આરોગ્ય ચકાસણી થઈ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) વર્ષ ૨૦૧૩માં ૧૦૭૬
વર્ષ ૨૦૧૪માં ૧૦૪૩

---------

## જૂનાગઢ જિલ્લા નગરપાલિકાઓમાં ઘન કચરા નિકાલના સાધનોની ફાળવણી

* ૧૫૧૩૬ **શ્રી અરવિંદભાઇ કે. લાડાણી(કેશોદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ઘન કચરા નિકાલ અને વ્યવસ્થાપન યોજના અંતર્ગત જૂનાગઢ જિલ્લાની નગરપાલિકાઓમાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા સાધનો મંજૂર કરેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ નગરપાલિકા દીઠ કુલ કેટલા સાધનો ફાળવેલ છે,

(૩) કેટલા સાધનો ફાળવવાના બાકી છે, અને

(૪) બાકી રહેતા સાધનો ક્યાં સુધીમાં ફાળવવામાં આવશે?

**જવાબ**

(૧) ઘન કચરા નિકાલ અને વ્યવસ્થાપન યોજના અંતર્ગત જૂનાગઢ જિલ્લાની નગરપાલિકાઓમાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂ. ૨૯૨.૭૪ લાખના ખર્ચે કુલ ૧૫૫૫ સાધનો મંજૂર કરેલ છે.

(૨)

| ક્રમ | નગરપાલિકાનું નામ | ફાળવેલ સાધનો |
|---|---|---|
| ૧ | બાંટવા | ૩૨૬ |
| ૨ | ચોરવાડ | ૩૫૫ |
| ૩ | કેશોદ | ૪૯૧ |
| ૪ | માણાવદર | ૧૪૫ |
| ૫ | માંગરોળ | ૩૬ |
| ૬ | વંથલી | ૧૨૩ |
| ૭ | વીસાવદર | ૭૯ |
| | **કુલ** | **૧૫૫૫** |

(૩) મંજૂર કરેલ બધા જ સાધનોની ફાળવણી થઈ ગયેલ હોઈ, હવે કોઈ સાધનો ફાળવવાના બાકી રહેતા નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## નર્મદા બંધની ઊંચાઈ બાબત

* ૧૫૧૧૧ **શ્રી શબ્દશરણ ભા. તડવી(નાંદોદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ નવાગામ–કેવડીયા સ્થિત નર્મદા બંધની ઊંચાઈ કેટલી છે,

(૨) આ ઊંચાઇએ કેટલું પાણી સંગ્રહી શકાય છે, અને

(૩) બંધની પૂર્ણ ઊંચાઇએ કેટલું પાણી સંગ્રહી શકાશે?

**જવાબ**

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ નવાગામ–કેવડીયા સ્થિત નર્મદા મુખ્ય બંધની ઊંચાઈ EL ૧૨૧.૯૨ મીટર છે.

(૨) આ ઊંચાઇએ ૫૨૮૦ મિલિયન ઘનમીટર પાણી સંગ્રહી શકાય છે.

(૩) બંધની પૂર્ણ ઊંચાઇએ ૯૬૫૫ મિલિયન ઘનમીટર પાણી સંગ્રહી શકાશે.

---------

## બનાસકાંઠા જિલ્લામાં નવા તળાવ બનાવવા અને હયાત તળાવો ઊંડા કરવા બાબત

* ૧૩૭૬૦ **શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં કેટલા નવા તળાવો બનાવવા તથા હયાત તળાવો ઊંડા કરવાની કામગીરીને મંજુરી આપવામાં આવી, અને

(૨) આ કામગીરી પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) નવા તળાવની રજુઆત મળેલ ના હોઈ કોઈ નવા તળાવો મંજુર કરવામાં આવ્યા નથી તથા હયાત ૨૪૪ તળાવો ઉંડા કરવાની કામગીરીને મંજુરી આપવામાં આવી.

(૨) તળાવો ઉંડા કરવાની કામગીરી પાછળ રૂ. ૧૬૫૭.૫૭/–લાખનો ખર્ચ કરવામાં આવ્યો.

---------

**ભાવનગર જિલ્લામાં હક્ક પત્રક નોંધો નિકાલ બાકી**

* ૧૫૧૫૪ **શ્રી કેશુભાઇ હી. નાકરાણી(ગારીયાધાર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.−

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં તા. ૩૧−૧૨−૨૦૧૪ની સ્થિતિએ કેટલી હક્ક પત્રક નોંધો નિકાલ બાકી છે, અને | (૧) ૫૧૫૧. |
| (૨) આ બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે? | (૨) બનતી ત્વરાએ. |

−−−−−−−−−

**અમરેલી જિલ્લામાં ખેડુતોને જીપ્સમ સહાય**

* ૧૫૧૦૩ **શ્રી વલ્લભભાઇ વ. વઘાસીયા(સાવરકુંડલા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.−

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં વર્ષ તા. ૩૧−૧૨−૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ખેડૂતોને જીપ્સમ સહાય આપવામાં આવી, અને | (૧) ૯૬૧૫ ખેડૂતોને. |
| (૨) તે પેટે કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૨) રૂ. ૧૩૪.૫૬ લાખ. |

−−−−−−−−−

**ગાંધીનગર જિલ્લામાં જનસેવા કેન્દ્રો દ્વારા ફી પેટેની વસુલાત**

* ૧૫૨૮૮ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.−

**પ્રશ્ન**

(૧) તા. ૩૧−૧૨−૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કાર્યરત જનસેવા કેન્દ્રોમાં અરજી પેટે કેટલી રકમની વસૂલાત કરવામાં આવી, અને

(૨) જનસેવા કેન્દ્રોમાં બીપીએલ લાભાર્થીઓને અરજી ફીમાં માફી આપવામાં આવે છે કે કેમ?

**જવાબ**

(૧)

| **ગાંધીનગર જિલ્લાના તાલુકાના જનસેવા કેન્દ્રો** | **તા. ૧−૧−૨૦૧૩ થી ૩૧−૧૨−૨૦૧૪ સુધીની વસૂલાતની રકમ રૂા.** |
|---|---|
| જનસેવા કેન્દ્ર, તા. ગાંધીનગર | ૧૯,૩૪,૪૨૦/− |
| જનસેવા કેન્દ્ર, તા. કલોલ | ૧૩,૨૫,૪૫૫/− |
| જનસેવા કેન્દ્ર, તા. માણસા | ૧૧,૬૨,૫૪૦/− |
| જનસેવા કેન્દ્ર, તા. દહેગામ | ૧૨,૮૫,૮૦૦/− |

(૨) ના, જી.

−−−−−−−−−

**દહેજ વિસ્તારમાં ઉદ્યોગોને પાણી આપવા પાઈપલાઈન નાંખવા ખેડૂતોની સંમતિ બાબત**

* ૧૩૭૪૧ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.−

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧−૦૧−૨૦૧૫ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકામાંથી પસાર થતી નર્મદા મેઈન કેનાલમાંથી દહેજ વિસ્તારના ઉદ્યોગોને પાણી આપવા માટે પાઈપલાઈન નાંખવામાં આવી છે તે હકીકત સાચી છે, અને | (૧) હાજી, પાઈપલાઈન નાંખવામાં આવી રહેલ છે. |
| (૨) જો હા, તો આ પાઈપલાઈન નાંખવા માટે ખડૂતોની સંમતિ લેવામાં આવી છે કે કેમ? | (૨) હાજી. |

−−−−−−−−−

**સુરેન્દ્રનગર જિલ્લામાં ભૂગર્ભગટર યોજના**

* ૧૫૧૨૮ **શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત સુરેન્દ્રનગર જિલ્લામાં નગરપાલિકાઓમાં તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરેલ છે, | (૧) સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બે ભૂગર્ભ ગટર યોજનાઓ (૧) સુરેન્દ્રનગર અને (૨) થાનગઢને રૂ. ૨૯૨.૫૬ કરોડના ખર્ચે મંજૂર કરેલ છે, |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી યોજના પૂર્ણ થયેલ છે,<br>(૩) કેટલી યોજનાની કામગીરી પ્રગતિ હેઠળ છે, અને | (૨) અને (૩) મંજૂર કરવામાં આવેલ બંને યોજનાઓની કામગીરી પ્રગતિમાં છે. |
| (૪) મંજૂર કરવાની બાકી રહેતી યોજનાઓ ક્યારે મંજૂર થશે? | (૪) સુરેન્દ્રનગર જિલ્લાની કોઈ પણ ભૂગર્ભ ગટર યોજના મંજુર કરવાની બાકી નથી. |

---------

**દાહોદ જિલ્લા નગરપાલિકાઓમાં ઘન કચરા નિકાલના સાધનોની ફાળવણી**

* ૧૫૧૩૫ **શ્રી રમેશભાઈ ભુ. કટારા(ફતેપુરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઘન કચરા નિકાલ અને વ્યવસ્થાપન યોજના અંતર્ગત દાહોદ જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા સાધનો મંજૂર કરેલ છે, | (૧) ઘન કચરા નિકાલ અને વ્યવસ્થાપન યોજના અંતર્ગત દાહોદ જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તા.૧૭૯.૧૩ લાખના ખર્ચે કુલ ૨૫૬૧ સાધનો મંજૂર કરેલ છે. |
| (૨) તે પૈકી ઉકત સ્થિતિએ નગરપાલિકા દીઠ કુલ કેટલા સાધનો ફાળવેલ છે, | (૨) |

| ક્રમ | નગરપાલિકાનું નામ | ફાળવેલ સાધનો |
|---|---|---|
| ૧ | દાહોદ | ૨૨૫૮ |
| ૨ | દેવગઢ–બારીયા | ૪ |
| ૩ | ઝાલોદ | ૨૯૯ |
| | **કુલ** | **૨૫૬૧** |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) કેટલા સાધનો ફાળવવાના બાકી છે, અને | (૩) મંજૂર કરેલ બધા જ સાધનોની ફાળવણી થઈ ગયેલ હોઈ, હવે કોઈ સાધનો ફાળવવાના બાકી રહેતા નથી. |
| (૪) બાકી રહેતા સાધનો ક્યાં સુધીમાં ફાળવવામાં આવશે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**વાયબ્રન્ટ સમિટ થકી સ્થપાયેલ ઉદ્યોગ દ્વારા રોજગારી**

* ૧૩૯૩૯ **શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| વાયબ્રન્ટ સમિટ ૨૦૦૩, ૨૦૦૫ અને ૨૦૦૭ માં થયેલ એમઓયુ પૈકી કાર્યરત થયેલ પ્રોજેકટોમાં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટ કેટલી રોજગારી આપવામાં આવી ? | મોનીટરીંગ સીસ્ટમમાં એમ.ઓ.યુ. કરેલ પ્રોજેકટની રોજગારીની માહિતી જ્યારે અપડેટ થયેલ હોય તે તારીખ મુજબની હોય છે, જેથી કોઈ ચોક્કસ તારીખની સ્થિતિએ આ પ્રોજેકટમાં ખરેખર ઉભી થયેલ રોજગારીની વિગતો ઉપલબ્ધ થતી નથી. |

---------

**ભરૂચ જિલ્લામાં જંતુનાશક દવાના નમૂના**

* ૧૫૦૮૯ **શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જંતુનાશક દવાઓના કુલ કેટલા નમૂનાઓ લેવામાં આવ્યાં, | (૧) ૩૧૫ નમૂનાઓ લેવામાં આવ્યાં. |
| (૨) આ નમૂનાઓ પૈકી કેટલા નમૂના પ્રમાણિત થયા અને કેટલા નમૂના બિનપ્રમાણિત થયા, અને | (૨) ૩૦૪ પ્રમાણિત, ૧૧ બિન પ્રમાણિત. |
| (૩) બિનપ્રમાણિત નમૂનાઓમાં ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત શાં પગલાં લેવામાં આવ્યા ? | (૩) બિનપ્રમાણિત નમૂનાઓમાં ગુણવતા નિયંત્રણ અંતર્ગત જવાબદારો સામે નીચે મુજબના પગલાં લેવામાં આવ્યા. |

| અ.નં. | નમુનાની સંખ્યા | લીધેલ પગલાં |
|---|---|---|
| ૧ | ૦૧ | નમૂનો રી–એનાલીસીસ દરમ્યાન સેન્ટ્રલ ઈન્સેકટીસાઈડ લેબોરેટરી, ફરીદાબાદ ખાતે પ્રમાણિત થયેલ હોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. |
| ૨ | ૦૨ | વહીવટી પગલાં લીધેલ છે. |
| ૩ | ૦૮ | કાર્યવાહી ચાલુ છે. |

---------

**બનાસકાંઠા જિલ્લામાં પોલીસ ખાતાનાં રહેણાંક મકાનો**

* ૧૫૧૬૦ **શ્રી કેશાજી શિ. ચૌહાણ(દિઓદર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫માં તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ પોલીસ ખાતાના કેટલા રહેણાંકના મકાનની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે, અને | (૧) કુલ ૧૨ |
| (૨) આ કામગીરી માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે? | (૨) કુલ રૂ.૧૧૮.૬૩ લાખ. |

---------

**જામનગર જિલ્લામાં ખેતીની જમીનની માપણી**

* ૧૫૨૫૬ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં ખેતીની જમીનની નવી માપણી કરવાની કામગીરી તા.૩૧ ડિસેમ્બર ૨૦૧૪ ની સ્થિતિએ ક્યા તબક્કે છે, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ જામનગર જિલ્લામાં ખેતીની જમીનની નવી માપણી કરવાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. |
| (૨) આ કામગીરી કઈ એજન્સીને કેટલા રૂપિયાના ખર્ચે સોંપવામાં આવી છે, | (૨) આ કામગીરી આઈ.આઈ.સી. ટેકનોલોજી પ્રા.લિ. હૈદરાબાદને રૂ.૧૯.૯૯ કરોડના ખર્ચે સોંપવામાં આવેલ છે. |
| (૩) જામનગર જિલ્લામાં આ માપણી દરમ્યાન કેવા પ્રકારની ફરીયાદો ઊભી થવા પામી છે, | (૩) જામનગર જિલ્લામાં ખેતીની જમીનની નવી માપણી કામગીરી દરમ્યાન મુખ્યત્વે ક્ષેત્રફળમાં વધઘટ, કબ્જા અદલ–બદલ ગામ નમૂના નંબર ૭/૧૨ બંધ થવા બાબત વગેરે પ્રકારની ફરીયાદો ઉભી થવા પામેલ છે. |
| (૪) આ ફરીયાદો પૈકી કેટલી ફરીયાદો દૂર કરવામાં આવી છે અને બાકીની ફરીયાદો ક્યાં સુધીમાં દૂર કરવામાં આવનાર છે, અને | (૪) આ ફરીયાદો પૈકી ૨૫૧૭૦ ફરીયાદો દૂર કરવામાં આવી છે. અને બાકીની ૧૨૫ ફરીયાદો એપ્રિલ–૨૦૧૫ સુધીમાં નિકાલ કરવાનું આયોજન કરેલ છે. |
| (૫) આ જિલ્લામાં જમીન માપણીની કામગીરી પૂર્ણ કરી પ્રમોલગેશન ક્યાં સુધીમાં કરવામાં આવનાર છે ? | (૫) આ જિલ્લામાં જમીન માપણીની કામગીરી પૂર્ણ થયેલ છે, અને જુન–૨૦૧૫ સુધીમાં પ્રમોલગેશન પૂર્ણ |

કરવાનું આયોજન કરેલ છે.

---------

**જુજ સિંચાઈ યોજનાથી નવસારી જિલ્લામાં સિંચાઈનો વિસ્તાર**

* ૧૫૧૮૭ **શ્રી પિયુષ દિ. દેસાઇ(નવસારી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ જુજ સિંચાઈ યોજના ક્યારે પૂર્ણ થયેલ છે, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ જુજ સિંચાઈ યોજના વર્ષ –૧૯૮૮ માં પૂર્ણ કરવામાં આવેલ છે. |
| (૨) આ યોજનાથી નવસારી જિલ્લામાં ક્યા તાલુકામાં કેટલા વિસ્તારને સિંચાઈનો લાભ મળે છે ? | (૨) આ યોજનાથી નવસારી જિલ્લાના વાંસદા તાલુકામાં ૨૩૦૭ હેકટર વિસ્તારને સિંચાઈનો લાભ મળે છે. |

---------

**અમદાવાદ જિલ્લામાં હક્કપત્રક નોંધોની નિકાલ બાકી**

* ૧૫૧૫૧ **શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ કેટલી હક્કપત્રક નોંધો નિકાલ બાકી છે, અને | (૧) ૬૨૧૧ |
| (૨) આ બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે ? | (૨) બનતી ત્વરાએ. |

---------

**જામનગર જિલ્લામાં તળાવો ઉંડા કરવા બાબત**

* ૧૫૧૭૫ **શ્રી મેઘજીભાઇ અ. ચાવડા(કાલાવડ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ જામનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા તળાવો ઉંડા કરવામાં આવ્યા, અને | (૧) કુલ ૯૪ તળાવો |
| (૨) ઉક્ત તળાવો ઉંડા ઉતારવા માટે વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) વર્ષ ૨૦૧૩ માં રૂ.૩૨૪.૦૬ લાખ અને વર્ષ ૨૦૧૪ માં રૂ.૪૫.૫૬ લાખનો ખર્ચ કરવામાં આવ્યો. |

---------

**સાબરકાંઠા જિલ્લામાં ગામઠાણના પત્રક નિભાવવા બાબત**

* ૧૫૨૩૦ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં ક્યા તાલુકાના કેટલા ગામોમાં ગામઠાણના પત્રક નિભાવવામાં આવેલ છે,

(૨) ક્યા તાલુકાના કેટલા ગામોના ગામોમાં ગામઠાણના પત્રક નિભાવવામાં આવેલ નથી,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ ગામ નમૂના નં.૨ માં ગામઠાણના પત્રકો તાલુકાવાર નીચે મુજબ નિભાવવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકો | ગામની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઈડર | ૧૪૨ |
| ૨ | વડાલી | ૫૫ |
| ૩ | ખેડબ્રહ્મા | ૭૫ |
| ૪ | વિજયનગર | ૮૬ |
| ૫ | પોશીના | ૫૯ |
| ૬ | પ્રાંતિજ | ૬૫ |
| ૭ | તલોદ | ૭૪ |
| ૮ | હિંમતનગર | ૧૫૫ |
| | **કુલ** | **૭૧૧** |

(૨) તમામ ગામોમાં ગામઠાણના પત્રકો નિભાવવામાં આવેલ છે.

(૩) આ પત્રક ન નિભાવવાના કારણો શાં છે, અને — (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) ક્યારે પત્રકો નિભાવવામાં આવશે ? — (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત નર્મદા જિલ્લાની નગરપાલિકાઓમાં પાણી પુરવઠા યોજના**

* ૧૫૧૩૧ **શ્રી મોતીલાલ પુ. વસાવા(ડેડીયાપાડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત નર્મદા જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી પાણી પુરવઠા યોજનાઓ મંજૂર કરેલ છે, | (૧) સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત નર્મદા જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજપીપળા નગરપાલિકાની પાણી પુરવઠા યોજના રૂ.૧૫૭.૧૪ કરોડના ખર્ચે મંજૂર કરેલ છે. |
| (૨) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલી યોજના પૂર્ણ થયેલ છે, (૩) કેટલી યોજનાની કામગીરી પ્રગતિ હેઠળ છે, અને | (૨) અને (૩) મંજૂર કરવામાં આવેલ યોજનાના ભાવપત્રકો મંગાવવાની કામગીરી હાથ ધરેલ છે. |
| (૪) મંજૂર કરવાની બાકી રહેતી યોજનાઓ ક્યારે મંજૂર થશે ? | (૪) નર્મદા જિલ્લાની કોઈ પાણી પુરવઠા યોજના મંજૂર કરવાની બાકી રહેતી નથી. |

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં વારસાઈ હક્કની અરજીઓ**

* ૧૫૧૨૪ **શ્રી પુનમભાઇ કા. મકવાણા(દસાડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** — **જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં, તાલુકાવાર વારસાઈ હક્ક માટેની કેટલી અરજીઓ આવી, અને

(૧)

| તાલુકો | આવેલ અરજીઓ |
|---|---|
| ધ્રાંગધ્રા | ૧૧૪૦ |
| દસાડા | ૧૨૭૮ |
| લખતર | ૮૨૮ |
| વઢવાણ | ૧૩૬૬ |
| મુળી | ૮૭૮ |
| ચોટીલા | ૧૦૨૧ |
| સાયલા | ૮૭૮ |
| ચુડા | ૬૪૭ |
| લીંબડી | ૧૨૮૪ |
| થાનગઢ | ૩૩૦ |
| **કુલ** | **૯૬૫૦** |

(૨) તે પૈકી કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી ?

(૨)

| તાલુકો | પાડવામાં આવેલ નોંધો | મંજૂર કરેલ નોંધો | ના મંજૂર કરેલ નોંધો |
|---|---|---|---|
| ધ્રાંગધ્રા | ૧૧૪૦ | ૯૩૭ | ૪૧ |
| દસાડા | ૧૨૭૮ | ૯૮૯ | ૯૨ |
| લખતર | ૮૨૮ | ૬૩૩ | ૧૨૩ |
| વઢવાણ | ૧૩૬૬ | ૧૧૨૬ | ૮૮ |
| મુળી | ૮૭૮ | ૭૧૫ | ૫૮ |
| ચોટીલા | ૧૦૨૧ | ૮૩૧ | ૮૫ |
| સાયલા | ૮૭૮ | ૭૭૬ | ૩૭ |
| ચુડા | ૬૪૭ | ૫૩૭ | ૨૬ |
| લીંબડી | ૧૨૮૪ | ૧૦૬૮ | ૫૪ |
| થાનગઢ | ૩૩૦ | ૨૩૭ | ૪૦ |

| | | | |
|---|---|---|---|
| કુલ | ૯૬૫૦ | ૭૮૪૯ | ૬૪૪ |

---------

## સુરત જિલ્લામાં મધ્યમ સિંચાઈ યોજનાઓ

* ૧૫૧૮૬ **શ્રી મોહનભાઇ ધ. ઢોડીયા(મહુવા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ સુરત જિલ્લામાં મધ્યમ સિંચાઈ યોજનાઓ કેટલી છે, અને | (૧) સુરત જિલ્લામાં ૨ (બે) મધ્યમ સિંચાઈ યોજનાઓ આવેલ છે. (૧) વેર–૨ સિંચાઈ યોજના (૨) લાખીગામ સિંચાઈ યોજના. |
| (૨) છેલ્લા બે વર્ષમાં આ યોજનાઓથી કેટલા હેકટર વિસ્તારમાં સિંચાઈનો લાભ મળેલ છે ? | (૨) છેલ્લા બે વર્ષમાં લાભિત સિંચાઈનો કુલ વિસ્તાર નીચે મુજબ છે.<br>(૧) વેર–૨ સિંચાઈ યોજના–૨૮૮૨ હેકટર<br>(૨) લાખીગામ સિંચાઈ યોજના–૮૨૦ હેકટર. |

---------

## રાજકોટ પોલીસ કમિશ્નર હસ્તક કોમ્યુનીટી હોલ

* ૧૫૧૫૯ **શ્રી પ્રવીણભાઇ માંકડીયા(ધોરાજી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના પોલીસ કર્મચારીઓના પરિવારના સભ્યો સાંસ્કૃતિક પ્રવૃત્તિ કરી શકે તે માટે કોમ્યુનીટી હોલ બનાવવાનું આયોજન કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેરની કચેરી હસ્તક કેટલા પોલીસ કોમ્યુનીટી હોલ ઉપલબ્ધ છે ? | (૨) પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેરની કચેરી હસ્તક એક કોમ્યુનીટી હોલ ઉપલબ્ધ છે. |

---------

## આણંદ જિલ્લામાં પોલીસ ખાતાનાં બિન રહેણાંક મકાનો

* ૧૫૧૭૧ **શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫માં પોલીસ ખાતાના કેટલા બિન રહેણાંકના મકાનની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે, અને | (૧) કુલ–૨. |
| (૨) આ કામગીરી માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે? | (૨) કુલ રૂ.૧૭૮.૧૭ લાખ. |

---------

## સુરત જિલ્લામાં દરિયાઈ ધોવાણ સામે સંરક્ષણની કામગીરી

* ૧૫૧૮૩ **શ્રી રાજેન્દ્રભાઈ પટેલ(ચોર્યાસી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ સુરત જિલ્લામાં દરિયાઇ ધોવાણ સામે સંરક્ષણની કામગીરીનું આયોજન કરવામાં આવેલ છે કે કેમ, | (૧) હા. |
| (૨) જો હા, તો આયોજન હેઠળની કામગીરી ઉકત સ્થિતિએ ક્યા તબક્કે છે, | (૨) આયોજન હેઠળની ડુમ્મસ–સુલતાનાબાદ યોજના તા.ચોર્યાસીની કુલ ૨૪૫૦ મીટર લંબાઈ પૈકી ૨૦૩૦ મીટર લંબાઈમાં કામગીરી પૂર્ણ થયેલ છે. ૪૨૦ મીટર લંબાઈમાં કામગીરી પ્રગતિ હેઠળ છે. |
| (૩) ઉકત સ્થિતિએ કેટલો ખર્ચ થવા પામેલ છે અને કુલ કેટલો ખર્ચ થવાનો અંદાજ છે, અને | (૩) રૂ.૧૭૬૬.૪૦ લાખ ખર્ચ થવા પામેલ છે. અને રૂ.૩૨૪૨.૬૦ લાખનો કુલ ખર્ચ થવાનો અંદાજ છે. |
| (૪) આ કામગીરી ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૪) આ કામગીરી માર્ચ–૨૦૧૫ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

## પંચમહાલ જિલ્લામાં ભૂગર્ભગટર યોજના

* ૧૫૧૨૯ **શ્રીમતી નિમીષાબેન મ. સુથાર (મોરવા હડફ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સ્વર્ણિમ જ્યંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત પંચમહાલ જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરેલ છે,

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલી યોજના પૂર્ણ થયેલ છે,

(૩) કેટલી યોજનાની કામગીરી પ્રગતિ હેઠળ છે, અને

(૪) મંજૂર કરવાની બાકી રહેતી યોજનાઓ ક્યારે મંજૂર થશે ?

**જવાબ**

(૧) સ્વર્ણિમ જ્યંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત પંચમહાલ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં (૧) કાલોલ અને (૨) શહેરા નગર પાલિકાઓની ભૂગર્ભ ગટર યોજનાઓ કુલ રૂ.૪૬.૦૯ કરોડના ખર્ચે મંજૂર કરેલ છે.

(૨) અને (૩) : મંજૂર કરવામાં આવેલ બંને ભૂગર્ભ ગટર યોજનાઓની કામગીરી પ્રગતિમાં છે.

(૪) બાકી રહેતી હાલોલ શહેરની યોજના આયોજન હેઠળ છે.

---------

## ભાવનગર જિલ્લામાં રવી કૃષિ મહોત્સવ–૨૦૧૪

* ૧૫૦૯૬ **શ્રીમતી વિભાવરીબેન વિ. દવે(ભાવનગર–પૂર્વ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૪માં રવી કૃષિ મહોત્સવ કેટલા સ્થળે યોજવામાં આવ્યો, | (૧) ૯ |
| (૨) તેનો કેટલા ખેડૂતોએ લાભ લીધો, અને | (૨) ૧૪૧૫૦ |
| (૩) કેટલા લાભાર્થીને લાભ આપવામાં આવ્યો ? | (૩) ૧૦૭૩ |

---------

## રાજ્યની એફ.એસ.એલ. માં પરીક્ષણો

* ૧૫૧૬૬ **શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત(બાપુનગર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના એફ.એસ.એલ. ખાતે બુલેટ પ્રુફ જેકેટસ, હેલ્મેટસ, પ્લેટસ ના પરીક્ષણો માટે કોઈ સવલત ઉભી કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા પરીક્ષણો હાથ ધરવામાં આવ્યા ? | (૨) ૨૧૮ પરીક્ષણો હાથ ધરવામાં આવ્યા. |

---------

## બનાસકાંઠા જિલ્લામાં સોઈલ ટેસ્ટીંગ લેબોરેટરી

* ૧૪૫૫૫ **શ્રી ગોવાભાઇ રબારી(ડીસા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલી સોઈલ ટેસ્ટીંગ લેબોરેટરી કાર્યરત છે,

**જવાબ**

(૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કુલ–૭ સોઈલ ટેસ્ટીંગ લેબોરેટરી કાર્યરત છે. જેની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | કાર્યરત સોઈલ ટેસ્ટીંગ લેબોરેટરીની સંખ્યા |
|---|---|---|
| ૧ | વાવ | ૦ |
| ૨ | સુંઈગામ | ૦ |
| ૩ | થરાદ | ૧ |
| ૪ | ધાનેરા | ૧ |
| ૫ | દાંતીવાડા | ૦ |

| | | |
|---|---|---|
| ૬ | અમીરગઢ | ૦ |
| ૭ | દાંતા | ૦ |
| ૮ | વડગામ | ૦ |
| ૯ | પાલનપુર | ૨ |
| ૧૦ | ડીસા | ૨ |
| ૧૧ | દિયોદર | ૦ |
| ૧૨ | ભાંભર | ૦ |
| ૧૩ | કાંકરેજ | ૧ |
| ૧૪ | લાખણી | ૦ |
| | **કુલ** | **૭** |

(૨) તે અન્વયે ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા ખેડૂતોને સોઈલ ટેસ્ટ કરી આપ્યા, અને

(૨)

| **વર્ષ** | **સોઈલ ટેસ્ટની સંખ્યા** |
|---|---|
| ૨૦૧૩-૧૪ | ૭૧,૦૯૫ |
| ૨૦૧૪-૧૫ | ૭૨,૮૦૬ |

(૩) તે અન્વયે કેટલો ખર્ચ થયો ?

(૩)

| **વર્ષ** | **ખર્ચની વિગત (રૂપિયા)** |
|---|---|
| ૨૦૧૩-૧૪ | ૩૮,૮૩,૨૭૯/- |
| ૨૦૧૪-૧૫ | થયેલ પૃથ્થકરણની કામગીરીના વેરીફીકેશનની કાર્યવાહી પ્રગતિમાં છે જે પૂર્ણ થયે ચૂકવણું કરવામાં આવશે. |

---------

**વડોદરા જિલ્લામાં ખેડૂતોને જીપ્સમ સહાય**

* ૧૫૧૦૨ **શ્રી બાલકૃષ્ણ ના. પટેલ(ડભોઈ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ખેડૂતોને જીપ્સમ સહાય આપવામાં આવી, અને | (૧) ૩૩૩૬ ખેડૂતોને. |
| (૨) તે પેટે કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૨) રૂ.૨૬.૪૬ લાખ. |

---------

**અમદાવાદ જિલ્લામાં રાસાયણિક ખાતરના નમૂના**

* ૧૫૦૯૭ **ડાૅ. નિર્મલાબેન સુ. વાધવાણી (નરોડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાસાયણિક ખાતરના કુલ કેટલા નમૂનાઓ લેવામાં આવ્યા, | (૧) ૩૦૬૨ નમૂનાઓ. |
| (૨) આ નમૂનાઓ પૈકી કેટલા નમૂના પ્રમાણિત થયા અને કેટલા નમૂના બિનપ્રમાણિત થયા, અને | (૨) તે પૈકી ૩૦૪૭ નમુના પ્રમાણિત અને ૧૫ નમુના બિનપ્રમાણિત થયા. |
| (૩) બિનપ્રમાણિત નમૂનાઓમાં ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત શાં પગલાં લેવામાં આવ્યા ? | (૩) બિન પ્રમાણિત નમૂનાઓમાં ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત નીચે મુજબના પગલાં લેવામાં આવ્યા. |

| **અ.નં.** | **બિન પ્રમાણિત નમુનાની સંખ્યા** | **લીધેલ પગલાં** |
|---|---|---|
| ૧ | ૧ | કોર્ટ કેસ કરેલ છે. |
| ૨ | ૯ | વહીવટી પગલાં |
| ૩ | ૫ | કાર્યવાહીમાં |

---------

## રાજકોટ ગ્રામ્ય, પોલીસ ખાતામાં આરોગ્ય ચકાસણી

* ૧૫૧૫૮ **શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ–ગ્રામ્ય) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે પોલીસ ખાતામાં ફરજ બજાવતા તમામ પોલીસ કર્મચારી અધિકારીઓના આરોગ્યની ચકાસણીની સુચના આપી હોવાની હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ ગ્રામ્યમાં કેટલા પોલીસ અધિકારી–કર્મચારીઓની આરોગ્ય ચકાસણી થઈ છે ? | (૨) વર્ષ ૨૦૧૩માં ૧૫૪૧<br>વર્ષ ૨૦૧૪માં ૧૩૬૩. |

---------

## કચ્છ જિલ્લામાં હક્કપત્રક નોંધોની નિકાલ બાકી

* ૧૫૧૪૯ **ડૉ. નીમાબેન આર્ચાય (ભુજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કેટલી હક્કપત્રક નોંધો નિકાલ બાકી છે, અને | (૧) ૭૩૫૩ નોંધો. |
| (૨) આ બાકી નોંધોનો નિકાલ ક્યારે કરવામાં આવશે ? | (૨) બનતી ત્વરાએ. |

---------

## રાજ્યના દરીયા કિનારે શીપ બિલ્ડીંગ પાર્ક વિકસાવવા મંજૂરી બાબત

* ૧૩૯૬૮ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યના દરીયા કિનારે શીપ બિલ્ડીંગ પાર્ક વિકસાવવા કેટલી દરખાસ્તોને ક્યારે મંજૂરી આપવામાં આવી ? | શીપ બિલંડીંગ પાર્ક વિકસાવવા મંજૂરી આપવામાં આવેલ નથી, પરંતુ શીપ બિલ્ડીંગ પાર્ક, દહેજમાં શીપ બિલ્ડીંગ યાર્ડ વિકસાવવા અંગેની ત્રણ દરખાસ્તોને જમીન ફાળવણી માટે તા. ૦૮–૧૧–૨૦૧૩, તા. ૨૪–૧૨–૨૦૧૩, અને તા. ૧૦–૦૧–૨૦૧૪ ના રોજ એન.ઓ.સી. આપવામાં આવેલ છે. |

---------

## વલસાડ જિલ્લામાં દરિયાઈ ધોવાણ સામે સંરક્ષણની કામગીરી

* ૧૫૧૮૪ **શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં દરિયાઈ ધોવાણ સામે સંરક્ષણની કામગીરીનું આયોજન કરવામાં આવેલ છે કે કેમ, | (૧) હા. |
| (૨) જો હા, તો આયોજન હેઠળની કામગીરી ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે, | (૨) (૩) અને (૪)<br>પત્રક–૧ મુજબ |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થવા પામેલ છે અને કુલ કેટલો ખર્ચ થવાનો અંદાજ છે, અને | |
| (૪) આ કામગીરી ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે ? | |

**પત્રક–૧**

| અ.નં. | યોજનાનું નામ | યોજનાનો હાલનો તબક્કો | તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ થયેલ ખર્ચ રૂ. લાખમાં | અંદાજીત કુલ ખર્ચ રૂ. લાખમાં | આયોજન પૂર્ણ કરવાની તારીખ |
|---|---|---|---|---|---|
| ૧ | નાનીદાંતી–મોટીદાંતી ૫૭૦ મી. લંબાઈ | પ્રગતિ હેઠળ છે. | રૂ. ૪૮૦.૬૪ | રૂ. ૧૧૦૩.૭૧ | માર્ચ–૨૦૧૫ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |
| ૨ | ભદેલી જગાલાલા–૫૪૦ મી. | પ્રગતિ હેઠળ છે. | રૂ.૩૮૨.૫૦ | રૂ. ૭૬૦.૦૪ | માર્ચ–૨૦૧૫ સુધીમાં |

| અ.નં. | યોજનાનું નામ | યોજનાનો હાલનો તબક્કો | તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ થયેલ ખર્ચ રૂ. લાખમાં | અંદાજીત કુલ ખર્ચ રૂ. લાખમાં | આયોજન પૂર્ણ કરવાની તારીખ |
|---|---|---|---|---|---|
| | લંબાઈ | | | | પૂર્ણ કરવાનું આયોજન છે. |
| ૩ | સાંઈ-ટેમ્પલ, વિલેજ તિથલ ચે. ૭૮૫ મી. થી ૧૪૫૦ મી. | કામ ભૌતિક રીતે પૂર્ણ | રૂ.૬૨૮.૫૯ | રૂ. ૭૪૫.૫૦ | તા. ૧૨-૭-૨૦૧૪ |
| ૪ | વિલેજ-મરોલી-દાંડી તા. ઉમરગામ ચે. ૦ મી. થી ૭૦૦ મી. | કામ ભૌતિક રીતે પૂર્ણ | રૂ. ૨૯૩.૮૭ | રૂ. ૨૯૫.૧૭ | તા. ૦૯-૫-૨૦૧૪ |
| ૫ | વીલેજ કાલય, (સી સાઈડ) તા. ઉમરગામ ચે. ૦ મી. થી ૬૫૦ મી. | કામ ભૌતિક રીતે પૂર્ણ | રૂ. ૩૪૮.૪૨ | રૂ. ૩૫૭.૮૯ | તા. ૦૫-૬-૨૦૧૪ |
| ૬ | વિલેજ ઉદવાડા તા. પારડી ચે. ૧૮૦૦ મી. થી ૨૩૩૦ મી. | કામ ભૌતિક રીતે પૂર્ણ | રૂ. ૫૩૮.૨૬ | રૂ. ૫૪૧.૬૦ | તા. ૧૦-૭-૨૦૧૪ |
| ૭ | વિલેજ કાલય (રીવર સાઈડ) તા. ઉમરગામ ચે. ૦ મી. થી ૬૫૦ મી. | કામ ભૌતિક રીતે પૂર્ણ | રૂ. ૨૩૩.૪૭ | રૂ. ૨૩૩.૪૭ | તા. ૧૭-૬-૨૦૧૪ |
| ૮ | વિલેજ ઉમેરગામ વારોલી રીવર ચે. ૦ મી. થી ૩૦૦ મી. | કામ ભૌતિક રીતે પૂર્ણ | રૂ. ૨૩૧.૫૦ | રૂ. ૨૭૬.૩૦ | તા. ૨૮-૨-૨૦૧૪ |
| ૯ | તિથલ બીચ એન્ડ સ્વામીનારાયણ ટેમ્પલ વિલેજ ભાગડાવડા ચે. ૯૩૦ મી. થી ૧૩૬૦ મી. | કામ ભૌતિક રીતે પૂર્ણ | રૂ. ૪૩૧.૯૧ | રૂ. ૪૪૬.૯૨ | તા. ૧૧-૮-૨૦૧૪ |
| ૧૦ | તિથલ એન્ડ મગોદડુંગરી ૧૦૨૫ મી. લેન્થ | કામ પ્રગતિ હેઠળ છે. | રૂ. ૫૮૪.૨૩ | રૂ. ૧૦૭૪.૭૪ | તા. ૧૨-૨-૨૦૧૫ |
| ૧૧ | સ્વામિનારાયણ ટેમ્પલ વિલેજ તિથલ ભાગડાવડા ચે. ૦ મી. થી ૯૩૦ મી. | કામ પ્રગતિ હેઠળ છે. | રૂ. ૫૧૮.૭૬ | રૂ. ૯૭૬.૭૦ | તા. ૦૨-૩-૨૦૧૫ |
| ૧૨ | અર્થન બન્ડ એટ વિલેજ ઉમરસાડી, માંગેલવાડ તા. પારડી ચે. ૦ મી. થી ૧૫૫૦ મી. | કામ પ્રગતિ હેઠળ છે. | રૂ. ૪૫.૨૭ | રૂ. ૪૬૬.૧૪ | તા. ૧૨-૩-૨૦૧૫ |

---------

**આણંદ અને ખેડા જિલ્લામાં આત્મા પ્રોજેક્ટ**

* ૧૫૩૨૩ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૫ની સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં આત્મા પ્રોજેક્ટ અંતર્ગત કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

**જવાબ**

(૧)

| અ.નં. | જિલ્લો | સમયગાળો | ફાળવવામાં આવેલ ગ્રાન્ટ રૂા. લાખમાં |
|---|---|---|---|
| ૧ | આણંદ | તા. ૦૧-૦૨-૨૦૧૩ થી તા. ૩૧-૦૧-૨૦૧૪ | ૧૧૧.૦૦ |
| | | તા. ૦૧-૦૨-૨૦૧૪થી તા. ૩૧-૦૧-૨૦૧૫ | ૧૧૯.૬૦ |
| ૨ | ખેડા | તા. ૦૧-૦૨-૨૦૧૩થી તા. ૩૧-૦૧-૨૦૧૪ | ૧૦૪.૫૦ |
| | | તા. ૦૧-૦૨-૨૦૧૪ થી તા. ૩૧-૦૧-૨૦૧૫ | ૮૩.૨૫ |

(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કયા હેતુસર કેટલી રકમ ખર્ચ કરવામાં આવી ?

(૨)

| અ.નં. | જિલ્લો | વિગતો |
|---|---|---|
| ૧ | આણંદ | સામેલ *પત્રક ૧ અને ૨ મુજબ |
| ૨ | ખેડા | સામેલ *પત્રક ૩ અને ૪ મુજબ |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**ભરૂચ જિલ્લામાં ખેડૂતોને તાલીમ**

* ૧૫૦૯૪ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં ખેડૂત તાલીમ કેન્દ્ર દ્વારા કેટલા ખેડૂતોને તાલીમ આપવામાં આવી, અને | (૧) ૧૧૭૯ ખેડૂતોને. |
| (૨) તાલીમ પાછળ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૧૫,૮૧,૪૧૪/– |

---------

**ગાંધીનગર જિલ્લામાં મંજૂર ટી. પી. સ્કીમો**

*૧૩૫૮૨ **શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ગાંધીનગરમાં કેટલી ટી. પી. સ્કીમો છેલ્લા બે વર્ષમાં મંજૂર કરવામાં આવી ? | ૬ (છ). |

---------

**સુરત શહેરમાં ટી. પી. સ્કીમો**

* ૧૫૧૪૦ **શ્રી હર્ષ ર. સંઘવી(મજુરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી સુરત શહેરીની ટી. પી. સ્કીમો સત્તામંડળ દ્વારા બનાવવામાં આવી, અને | (૧) ૧૨ (બાર) |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી ટી. પી. સ્કીમો મંજૂર કરવામાં આવી ? | (૨) ૧ ટી. પી. સ્કીમની ચકાસણી જારી છે અને ૧૧ સ્કીમોને અધિનિયમની જોગવાઈ હેઠળ સુધારા અર્થે પરત કરાયેલ છે. |

---------

**સુરત શહેરમાં પોલીસ ખાતાનાં બિનરહેણાંક મકાનો**

* ૧૫૧૭૩ **શ્રી કિશોરભાઇ શિ. કાનાણી(વરાછા રોડ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત શહેરમાં તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ નાણાંકીય વર્ષ ૨૦૧૪–૧૫ માં પોલીસ ખાતાના કેટલા બિનરહેણાંકના મકાનોની કામગીરી હાથ ધરવામાં આવી છે, અને | (૧) કુલ–૨ |
| (૨) આ કામગીરી માટે કુલ કેટલો ખર્ચ કરવામાં આવનાર છે ? | (૨) કુલ રૂ. ૬૧૯.૮૯ લાખ. |

---------

**મહેસાણા જિલ્લામાં વારસાઈ હક્કની અરજીઓ**

* ૧૫૨૮૩ **શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં તા.૩૧–૦૧–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર વારસાઈ હક્ક માટેની | (૧) |

| તાલુકો | આવેલ અરજીઓ |
|---|---|

કેટલી અરજીઓ આવી,

| | |
|---|---|
| મહેસાણા | ૩૩૫૬ |
| કડી | ૨૭૭૭ |
| વિજાપુર | ૩૦૩૦ |
| વિસનગર | ૨૫૮૫ |
| ઉંઝા | ૧૮૭૨ |
| બેચરાજી | ૧૧૦૭ |
| સતલાસણા | ૧૧૨૪ |
| ખેરાલુ | ૧૨૧૩ |
| વડનગર | ૧૪૨૪ |
| જોટાણા | ૯૦૮ |
| **કુલ** | **૧૯૩૯૬** |

(૨) કેટલી નોંધો પાડવામાં આવી અને કેટલી નોંધો ના મંજુર કરવામાં આવી ?

(૨)

| તાલુકો | પાડવામાં આવેલ નોંધો | ના મંજુર કરેલ નોંધો |
|---|---|---|
| મહેસાણા | ૩૩૫૬ | ૫૬ |
| કડી | ૨૭૭૭ | ૩૬ |
| વિજાપુર | ૩૦૩૦ | ૨૬ |
| વિસનગર | ૨૫૮૫ | ૩૧ |
| ઉંઝા | ૧૮૭૨ | ૨૨ |
| બેચરાજી | ૧૧૦૭ | ૮૮ |
| સતલાસણા | ૧૧૨૪ | ૬૬ |
| ખેરાલુ | ૧૨૧૩ | ૫૧ |
| વડનગર | ૧૪૨૪ | ૨૧ |
| જોટાણા | ૯૦૮ | ૨૪ |
| **કુલ** | **૧૯૩૯૬** | **૪૨૧** |

---------

**વ્યારા તાલુકામાં પોલીસ ખાતામાં ખાલી જગ્યાઓ**

* ૧૪૧૪૭ **શ્રી પુનાભાઇ ઢે. ગામીત(વ્યારા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ તાપી જિલ્લાના વ્યારા તાલુકામાં પોલીસ ખાતાના મંજુર થયેલ સંવર્ગવાર મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ વ્યારા તાલુકાનું સંવર્ગવાર પોલીસ મહેકમ

| સંવર્ગ | મંજુર મહેકમ | ખાલી જગ્યાઓ | |
|---|---|---|---|
| | | ૬ માસ સુધીની | ૬ માસથી ઉપરની |
| પોલીસ ઈન્સ્પેકટર | ૫ | – | ૨ |
| પી. એસ. આઈ. | ૧૫ | ૩ | – |
| એ. એસ. આઈ. | ૪૬ | ૫ | ૬ |
| હેડ કોન્સ્ટેબલ | ૫૩ | ૧૪ | ૧ |
| પોલીસ | ૨૭૮ | ૬ | – |

(૨) આ ખાલી જગ્યાઓ સત્વરે નહીં ભરવાના કારણો શા છે અને કેટલા સમયમાં આ જગ્યાઓ ભરવામાં આવશે ?

(૨) ભરતી કેલેન્ડર મુજબ કોન્સ્ટેબ્યુલરીમાં સીધી ભરતીની પ્રક્રીયા હાલ ચાલુ છે. વહીવટી જરૂરીયાત અને અનુકુળતા અનુસાર વહીવટી પ્રક્રીયા અનુસરીને સમયાંતરે ખાલી જગ્યાઓ ભરવાની કાર્યવાહી કરવામાં આવે છે.

---------

## વર્ગ–૪ના કર્મચારીઓની કાયમી નિમણૂંક બંધ બાબત

* ૧૫૨૨૬ **ડૉ. અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૫ ની સ્થિતિએ રાજય સરકાર દ્વારા વર્ગ–૪ના કર્મચારીઓ માટેની કાયમી નિમણુંક કરવાનું બંધ કરેલ છે, તે હકીકત સાચી છે, અને | (૧) ના જી. |
| (૨) વર્ગ–૪ના કર્મચારીઓની કાયમી નિમણુંક કરવાનું કયારથી બંધ કરવામાં આવેલ છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

–––––––––

## સામાન્ય વહીવટ વિભાગ /તાબાની કચેરીઓમાં સંવર્ગવાર મહેકમ

* ૧૩૯૫૧ **પ્રો. હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૪ ની સ્થિતિએ સામાન્ય વહીવટ વિભાગ અને તેની તાબાની કચેરીઓમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલુ છે, અને

**જવાબ**

(૧) તા.૩૧–૦૩–૨૦૧૪ ની સ્થિતિએ સામાન્ય વહીવટ વિભાગ અને તેની તાબાની કચેરીઓમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ નીચે મુજબ છે.

| કચેરી | વર્ગ–૧ | વર્ગ–૨ | વર્ગ–૩ | વર્ગ–૪ |
|---|---|---|---|---|
| સામાન્ય વહીવટ વિભાગ | ૬૬ | ૭૨ | ૨૬૩ | ૯૮ |
| વિભાગના તાબાની કચેરીઓ | ૧૪૦ | ૨૦૦ | ૧૦૧૦ | ૨૮૧ |
| **કુલ** | **૨૦૬** | **૨૭૨** | **૧૨૭૩** | **૩૮૯** |

**પ્રશ્ન**

(૨) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલી છે?

**જવાબ**

(૨) તે પૈકી સંવર્ગવાર નીચે મુજબ જગ્યાઓ ભરાયેલી છે.

| કચેરી | વર્ગ–૧ | વર્ગ–૨ | વર્ગ–૩ | વર્ગ–૪ |
|---|---|---|---|---|
| સામાન્ય વહીવટ વિભાગ | ૪૭ | ૬૭ | ૧૮૧ | ૨૯ |
| વિભાગના તાબાની કચેરીઓ | ૮૭ | ૧૫૩ | ૬૮૦ | ૨૪૫ |
| **કુલ** | **૧૩૪** | **૨૨૦** | **૮૬૧** | **૨૭૪** |

–––––––––

## વલસાડ જિલ્લામાં ભારત સરકારનાં રેલ્વે મંત્રાલયને પડતર જમીન ફાળવવા બાબત

* ૧૫૧૪૨ **શ્રી કનુભાઇ મો. દેસાઇ(પારડી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ)જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભારત સરકારના રેલ્વે મંત્રાલયના ડેડીકેટેડ ફ્રેઈટ કોરીડોર પ્રોજેકટ માટે તા.૩૧–૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વલસાડ જિલ્લામાં કોઈ સરકારી પડતર જમીન ફાળવવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા. |
| (૨) જો હા, તો કેટલી સરકારી પડતર જમીનની ફાળવણીના હુકમો કરવામાં આવેલ છે? | (૨) હે. ૧–૨૭–૯૦ ચો. મી. |

–––––––––

**છોટાઉદેપુર જિલ્લામાં દેશી/વિદેશી દારૂનો પકડાયેલ જથ્થો**

* ૧૩૮૧૧ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં કેટલો અને કેટલી કિંમતનો દેશી/વિદેશી દારૂ પકડવામાં આવ્યો, અને | (૧) |
| (૨) કયા પોલીસ સ્ટેશનની હદમાંથી સૌથી વધુ દેશી-વિદેશી દારૂ પકડવામાં આવ્યો? | (૨) દેશી દારૂ- બોડેલી પો.સ્ટે. ની હદમાંથી<br>વિદેશી દારૂ- રંગપુર પો.સ્ટે. ની હદમાંથી. |

| દેશી દારૂનો જથ્થો (લીટરમાં) | કિંમત રૂ. | વિદેશી દારૂનો જથ્થો (લીટરમાં) | કિંમત રૂ. |
|---|---|---|---|
| ૩૫૯૭૦ | ૭૧૯૪૦૦ | ૨૩૨૦૯૫ | ૨૨૨૯૬૯૪૧ |

---------

**ભાવનગર જિલ્લામાં ચેકડેમ**

* ૧૫૧૭૭ **શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા(મહુવા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં કેટલા ચેકડેમ બનાવવામાં આવ્યા, અને | (૧) ૩૧૮ ચેકડેમો બનાવવામાં આવ્યા. |
| (૨) આ અંગે કેટલો ખર્ચ થયેલ છે? | (૨) રૂ. ૧૭૬૦.૮૧ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

**રાજ્યની નગરપાલિકા/મહાનગરપાલિકાઓ પાયાની સુવિધા વિકસાવવા સરકાર દ્વારા પગલા**

* ૧૫૧૪૭ **શ્રી જગદીશભાઇ ઇ. પંચાલ(નિકોલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યની નગરપાલિકાઓ/મહાનગરપાલિકાઓ જમીનની ઉંચી કિંમતના કારણે પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા જેવી પાયાની સુવિધા વિકસાવી શકે તે માટે રાજ્ય સરકાર દ્વારા કોઈ પગલાં લેવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ બાબતે શું કાર્યવાહી કરેલ છે? | (૨) મહેસુલ વિભાગના તા. ૨૦-૯-૨૦૧૪ના ઠરાવથી રાજ્યની નગરપાલિકાઓ/મહાનગરપાલિકાઓ પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા જેવી પાયાની સુવિધાઓ વિકસાવી શકે તે માટે સરકારી જમીન જંત્રી કિંમતના માત્ર ૧૦ ટકા કિંમત વસુલ કરી ફાળવવાનો નિર્ણય કરવામાં આવેલ છે. |

---------

**કડાણા બંધની કેનાલોનાં લીકેજની ફરીયાદ**

* ૧૪૨૭૭ **શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ મહીસાગર જિલ્લાના કડાણા બંધમાંથી નિકળતી મુખ્ય કેનાલ, સબમાઈનોર અને માઈનોર કેનાલોમાંથી પાણી લીકેજ થવાની કેટલી ફરિયાદો છેલ્લાં બે વર્ષમાં મળી, | (૧) કુલ ૮ (આઠ) ફરીયાદ આવેલ છે. |
| (૨) મળેલ ફરીયાદો અન્વયે સરકારે શી કાર્યવાહી કરી, અને | (૨) બે ફરીયાદ અન્વયે નહેરમાં લીકેજથી બંધ કરવામાં આવેલ છે. ત્રણ કિસ્સામાં અંશતઃ રીપેરીંગ કરાયેલ છે. જ્યારે લાંબાગાળાના આયોજન અન્વયે કાર્યવાહી પ્રગતિ હેઠળ છે. બાકીની ત્રણ રજુઆતો કેનાલને લાઈનીંગ અંગેની છે. જે માટે જરૂરી કાર્યવાહી કરવાનું આયોજન છે. |

(૩) ઉક્ત વર્ષવાર સદરહુ કેનાલ રીપેર/સમારકામ કરવા પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

(૩) વર્ષવાર સદરહુ કેનાલ રીપેર/સમારકામ કરવા પાછળ નીચે મુજબનો ખર્ચ કરવામાં આવેલ છે.

| વર્ષ | રીપેરીંગ/સમારકામનો ખર્ચ (રૂા.) |
|---|---|
| ૨૦૧૩-૧૪ | ૦૭.૫૪ લાખ |
| ૨૦૧૪-૧૫ | ૭૫.૯૬ લાખ |

---------

**બનાસકાંઠા જિલ્લામાં વીલના આધારે ખેડૂતોની ૭/૧૨ માં નોંધો**

* ૧૪૭૪૪ **શ્રી કાન્તીભાઇ કા. ખરાડી (દાંતા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર વીલના આધારે કેટલા ખેડૂતોને ૭/૧૨ માં નોંધ કરવામાં આવી,

(૧)

| તાલુકો | ૭/૧૨ માં નોંધ કરેલ ખેડૂતોની સંખ્યા |
|---|---|
| પાલનપુર | ૬ |
| વડગામ | ૫ |
| દાંતા | ૩ |
| અમીરગઢ | ૦ |
| દાંતીવાડા | ૦ |
| ધાનેરા | ૪ |
| ડીસા | ૫ |
| કાંકરેજ | ૨ |
| દિયોદર | ૦ |
| લાખણી | ૦ |
| ભાભર | ૫ |
| સૂઈગામ | ૮ |
| થરાદ | ૧ |
| વાવ | ૨ |
| **કુલ** | **૪૧** |

(૨) પાડવામાં આવેલ નોંધો પૈકી કેટલી નોંધો ખેડૂતની નોંધ અને કેટલી નોંધ બિન ખેડૂતની છે, અને

(૨) ખેડૂતની નોંધોઃ-૪૦.
બિન ખેડૂતની નોંધોઃ-૧

(૩) જો બિન ખેડૂતની નોંધ કરવામાં આવી હોય તો તેના કારણો શા છે અને આ નોંધ કરનાર જવાબદાર અધિકારીઓ સામે સરકારે શા પગલા લીધા ?

(૩) નોંધનો નિર્ણય કરતી વખતે ચકાસણીમાં દાંતા તાલુકાની એક નોંધ બીન ખેડૂતની હોવાનું ધ્યાને આવતાં સદરહું નોંધ નામંજુર કરવામાં આવેલ હોઈ પગલા લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**રાજ્ય પોલીસ અધિકારીઓને ઓર્ડરલી સેવા બંધ કરવા બાબત**

* ૧૪૨૨૦ **શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં કઈ કઈ કક્ષાના પોલીસ અધિકારીઓને કેટલા ઓર્ડરલી સેવા માટે ફાળવવામાં આવે છે તેમની પાસેથી કેવા પ્રકારની કામગીરી લેવામાં આવે છે,

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં પોલીસ અધિકારીની કક્ષા મુજબ મળવાપાત્ર ઓર્ડરલી

| અધિકારીની કક્ષા | ઓર્ડરલીની સંખ્યા | ઓર્ડરલી પાસેથી લેવામાં આવતી સેવા |
|---|---|---|
| પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ | ૪ | પર્સનલ એટેન્ડન્સ |

| | | |
|---|---|---|
| અધિકારી, અધિક પોલીસ મહાનિદેશક, પોલીસ કમિશ્નર અને પોલીસ મહાનિરીક્ષક | | તરીકે સેવા લેવામાં આવે છે |
| નાયબ મુખ્ય પોલીસ અધિકારી | ૩ | |
| પોલીસ અધિક્ષક | ૩ | |
| નાયબ પોલીસ અધિક્ષક | ૨ | |
| રીઝર્વ સબ ઈન્સ્પેકટર | ૧ | |
| પોલીસ સબ ઈન્સ્પેકટર (ગ્રામ્ય વિસ્તાર) | ૧ | |

(૨) તે અન્વયે આ ઓર્ડરલીની સેવાઓ તાકીદે બંધ કરી આ પ્રથાનો અંત લાવવા સરકારનું કોઈ આયોજન છે કે કેમ, અને

(૨) ના જી.

(૩) જો હા, તો સરકારે આ પ્રથા બંધ કરવા શા પગલાં લીધા અને ક્યાં સુધીમાં બંધ કરવાનું આયોજન છે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**રાજ્યનાં ઈંટ ઉત્પાદકોને જમીનની બિનખેતી માટે જોગવાઈ**

* ૧૫૧૪૮ **શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યના ઈંટ ઉત્પાદકોને જમીનની બિન ખેતી અંગે કોઈ વિશીષ્ટ જોગવાઈ કરવામાં આવેલ છે કે કેમ,

(૧) હા જી.

(૨) જો હા, તો શી જોગવાઈ કરવામાં આવેલ છે,

(૨) તા. ૧૦–૧૨–૨૦૧૩ના ઠરાવથી પાંચ વર્ષ માટે બિનખેતી પરવાનગી નીચેની વિગતોએ અરજી ફોર્મમાં સરળી કરણ કરવાનું ઠરાવેલ છે.

(૧) ૭/૧૨ની નકલ
(૨) રોયલ્ટી ભર્યાનું ચલણ
(૩) જમીન મહેસૂલ ભર્યા અંગેનો દાખલો
(૪) ખાતેદારનો સંમતિપત્ર
(૫) સ્થળ દર્શાવતો નકશો
(૬) ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનું પ્રમાણપત્ર

(૩)બિન ખેતી મેળવવા માટે ઈંટ ઉત્પાદકે કોઈ પ્રમાણપત્રો મેળવવાના રહે છે કે કેમ, અને

(૩) હા, જી.

(૪) જો હા તો કેટલા ?

(૪) ૧ (એક)

---------

**અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ખેડૂત અકસ્માત વીમાની અરજીઓ**

* ૧૫૨૩૪ **શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(બાયડ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાઓમાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજીઓ મળી,

(૧) અરવલ્લીઃ

| અ.નં. | તાલુકાનું નામ | કુલ |
|---|---|---|
| ૧ | ભિલોડા | ૪૨ |
| ૨ | મોડાસા | ૩૬ |
| ૩ | માલપુર | ૧૨ |
| ૪ | મેઘરજ | ૧૮ |

| | | |
|---|---|---|
| ૫ | બાયડ | ૩૭ |
| ૬ | ધનસુરા | ૨૧ |
| | **કુલ** | **૧૬૬** |

સાબરકાંઠાઃ

| **અ.નં.** | **તાલુકાનું નામ** | **કુલ** |
|---|---|---|
| ૧ | ઈડર | ૨૮ |
| ૨ | હિંમતનગર | ૩૧ |
| ૩ | વડાલી | ૯ |
| ૪ | ખેડબ્રહ્મા | ૧૩ |
| ૫ | પોશીના | ૧ |
| ૬ | વિજયનગર | ૧૯ |
| ૭ | તલોદ | ૧૬ |
| ૮ | પ્રાંતિજ | ૩૬ |
| | **કુલ** | **૧૫૩** |

(૨) તે પૈકી તાલુકાવાર કેટલી અરજીઓ મંજૂર અને કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને

(૨) અરવલ્લીઃ

| **અ.નં.** | **તાલુકાનું નામ** | **મંજૂર** | **નામંજૂર** |
|---|---|---|---|
| ૧ | ભિલોડા | ૧૨ | ૨ |
| ૨ | મોડાસા | ૧૪ | ૨ |
| ૩ | માલપુર | ૩ | ૦ |
| ૪ | મેઘરજ | ૪ | ૨ |
| ૫ | બાયડ | ૯ | ૪ |
| ૬ | ધનસુરા | ૧૨ | ૨ |
| | **કુલ** | **૫૪** | **૧૨** |

સાબરકાંઠાઃ

| **અ.નં.** | **તાલુકાનું નામ** | **મંજૂર** | **નામંજૂર** |
|---|---|---|---|
| ૧ | ઈડર | ૧૩ | ૫ |
| ૨ | હિંમતનગર | ૧૩ | ૩ |
| ૩ | વડાલી | ૬ | ૧ |
| ૪ | ખેડબ્રહ્મા | ૩ | ૦ |
| ૫ | પોશીના | ૦ | ૦ |
| ૬ | વિજયનગર | ૩ | ૧ |
| ૭ | તલોદ | ૭ | ૧ |
| ૮ | પ્રાંતિજ | ૧૨ | ૨ |
| | **કુલ** | **૫૭** | **૧૩** |

(૩) અરજીઓ નામંજુર કરવાના કારણો શાં હતા?

(૩)

| **અ.નં.** | **નામંજૂરના કારણો** | **અરજીની સંખ્યા** |
|---|---|---|
| ૧ | ખાતેદાર ખેડૂત ન હોવાથી | ૩ |
| ૨ | મૃતક ખાતેદાર ખેડૂતના પ્રથમ વારસદાર (પુત્ર/પુત્રી) ન હોવાથી | ૧૫ |
| ૩ | કુદરતી મૃત્યુ | ૩ |
| ૪ | હાર્ટ એટેક | ૨ |
| ૫ | મૃતક ખાતેદાર ખેડૂતની ઉંમર ૭૦ વર્ષ કરતાં વધુ હોવાથી | ૨ |
| | **કુલ** | **૨૫** |

---------

**રાજ્યની નગરપાલિકા/મહાનગરપાલિકાઓ પાયાની સુવિધા વિકસાવવા સરકાર દ્વારા પગલા**

* ૧૫૧૪૬ **શ્રી હસમુખભાઇ સો. પટેલ(અમરાઇવાડી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યની નગરપાલિકા/મહાનગરપાલિકાઓ જમીનની ઉંચી કિંમતના કારણે પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા જેવી પાયાની સુવિધા વિકસાવી શકે તે માટે સરકારશ્રી દ્વારા કોઈ પગલાં લેવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો સરકારે આ બાબતે શું કાર્યવાહી કરેલ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓ અને શહેરી વિકાસ સત્તામંડળોને પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થાના કામો માટે સરકારી જમીન તેમની ફરજીયાત સેવાઓ માટે ૨૫ ટકા બજાર કિંમતથી અને મરજીયાત સેવાઓ માટે ૫૦ ટકા બજાર કિંમતે જમીન ફાળવવાની જોગવાઈ હતી. જેમાં સુધારો કરીને હવે ઠરાવની શરતો મુજબ જંત્રી આધારીત કિંમતના ૧૦ ટકા રકમથી ફાળવવાનું ઠરાવવામાં આવેલ છે.

---------

**અમદાવાદ જિલ્લા નગરપાલિકાઓમાં ઘન કચરા નિકાલના સાધનોની ફાળવણી**

* ૧૫૧૩૩ **શ્રી લાલજીભાઇ ચ. કોળીપટેલ(ધંધુકા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ઘન કચરા નિકાલ અને વ્યવસ્થાપન યોજના અંતર્ગત અમદાવાદ જિલ્લાની નગરપાલિકાઓમાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા સાધનો મંજૂર કરેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ નગરપાલિકા દીઠ કુલ કેટલા સાધનો ફાળવેલ છે,

(૩) કેટલા સાધનો ફાળવવાના બાકી છે, અને

**જવાબ**

(૧) ઘન કચરા નિકાલ અને વ્યવસ્થાપન યોજના અંતર્ગત અમદાવાદ જિલ્લાની નગરપાલિકાઓમાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂ. ૪૧૨.૬૨ લાખનાં ખર્ચે કુલ ૨૭૦૩ સાધનો મંજૂર કરેલ છે.

(૨)

| ક્રમ | નગરપાલિકાનું નામ | ફાળવેલ સાધનો |
|---|---|---|
| ૧. | બારેજા | ૩૧૯ |
| ૨. | બાવળા | ૩૯૪ |
| ૩. | ધંધુકા | ૬૧૦ |
| ૪. | ધોળકા | ૭૭૩ |
| ૫. | સાણંદ | ૩ |
| ૬. | વિરમગામ | ૬૦૪ |
| | **કુલ** | **૨૭૦૩** |

(૩) મંજૂર કરેલ બધા જ સાધનોની ફાળવણી થઈ ગયેલ હોઈ, હવે કોઈ સાધનો ફાળવવાના બાકી રહેતા નથી.

**દાંતીવાડા તથા શીપુ જળાશયો નર્મદા પાણીથી ભરવા બાબત**

* ૧૪૯૩૮ **શ્રી જોઇતાભાઇ ક. પટેલ(ધાનેરા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા તથા સીપુ જળાશયો નર્મદા પાણીથી ભરવાની કોઈ કાર્યવાહી ચાલુ છે કે કેમ,

(૨) જો હા, તો તેની વિગતો શું છે, અને

(૩) જો હા, તો તેના કારણો શું છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) અને (૩) દાંતીવાડા જળાશયઃ–
(૧) નર્મદા મુખ્ય નહેરની સાંકળ ૩૭૫.૧૦૦ કી.મી. (ચાંગા)થી દાંતીવાડા જળાશય (ભડથ) સુધીની પાઈપ લાઈન યોજના કાર્યાન્વિત થયેલ છે. સેકશન–૩ ભડથથી દાંતીવાડા ડેમ સુધીની કામગીરી પ્રગતિમાં છે. જે ટૂંક સમયમાં

પૂર્ણ કરી દાંતીવાડા જળાશયમાં પાણી નાખવાનું આયોજન છે.
(૨) કસરાથી દાંતીવાડા જળાશય પાઈપ લાઈન યોજના માટે ટેકનો–ઈકોનોમીક સર્વેક્ષણની કામગીરી પ્રગતિમાં છે.
સીપુ જળાશયઃ–
થરાદથી સીપુ જળાશય પાઈપ લાઈન યોજના માટે ટેકનો–ઈકોનોમી સર્વેક્ષણની કામગીરી પ્રગતિમાં છે.

---------

## આણંદ જિલ્લામાં ગુનાહિત પ્રવૃત્તિઓ

* ૧૩૭૦૫ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર ખૂન–લૂંટ–ધાડ–બળાત્કાર અને ચોરીના કેટલા બનાવો છેલ્લા એક વર્ષમાં નોંધાયા,

(૨) તે અન્વયે કેટલા આરોપીઓની ધરપકડ કરી, અને

(૩) આ બનાવો અટકાવવા સરકારે શાં પગલાં લીધા?

**જવાબ**

(૧) પત્રક સામેલ છે.

(૨) ૬૨૭

(૩) આવા ગુનાઓ બનતા અટકાવવા માટે હાઈવે પેટ્રોલીંગ, નાકાબંધી, નાઈટ રાઉન્ડ, ફીક્સ પોઈન્ટ, કોમ્બીંગ નાઈટનું આયોજન કરવામાં આવે છે. સક્રિય ગુન્હેગારોને ચેક કરવામાં આવે છે તેમજ એકશન પ્લાન બનાવી રેડ એલર્ટ જેવી સ્કિમ બનાવી તથા રાજ્યના અન્ય જિલ્લાઓ સાથે સંકલન રાખી ગુનેગારો ઉપર વોચ રાખવામાં આવે છે. વધુમાં, સુરક્ષા સેતુ સોસાયટી અન્વયે મહિલા જાગૃતિના સેમિનાર સાથે જુદા જુદા સેમીનારોનું આયોજન કરી તેમજ મહિલાઓને સેલ્ફ ડીફેન્સ તાલીમ આપી તથા આમ નાગરીકોને રોજીંદી તકેદારી–સાવચેતી રાખવા અંગેના પેમ્ફલેટનું વિતરણ કરી જરૂરી માર્ગદર્શન આપી આવા ગુનાઓ બનતા અટકાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

**પત્રક**

| તાલુકાનું નામ | ખૂન | લુંટ | ધાડ | બળાત્કાર | ચોરી |
|---|---|---|---|---|---|
| આણંદ | ૧૩ | ૧૬ | ૩ | ૭ | ૨૫૩ |
| ઉમરેઠ | ૧ | ૧ | ૦ | ૦ | ૧૭ |
| પેટલાદ | ૪ | ૩ | ૨ | ૩ | ૧૮ |
| બોરસદ | ૭ | ૭ | ૧૬ | ૧ | ૨૮ |
| આંકલાવ | ૩ | ૨ | ૦ | ૧ | ૧૦ |
| ખંભાત | ૫ | ૦ | ૦ | ૦ | ૧૮ |
| સોજિત્રા | ૩ | ૦ | ૦ | ૦ | ૪ |
| તારાપુર | ૧ | ૨ | ૧ | ૦ | ૬ |

---------

**ખેડા જિલ્લામાં ટ્રેલીઝ મંડપનાં લાભાર્થી**

* ૧૪૯૬૩ **શ્રી સુરેશભાઇ ધ. પટેલ (મણિનગર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વેલાવાળા શાકભાજી પાકોના વાવેતર માટે ટ્રેલીઝ મંડપમાં રાજ્ય સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કઈ શરતોના આધારે સહાય આપવામાં આવે છે, અને | (૨) સંકલિત બાગાયત વિકાસ કાર્યક્રમ હેઠળની યોજનાઓ હેઠળના ઠરાવ અનુસાર |
| (૩) આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૩–૧૪ ખેડા જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે? | (૩) ૨૧૦ લાભાર્થીઓ<br>રૂ. ૪૧,૩૧,૯૦૦/– |

---------

**મુંબઈ અને દિલ્હી ખાતે ગુજરાત ભવનમાં રહેવા જમવા માટે કોન્ટ્રાક્ટ આપવા બાબત**

* ૧૪૧૫૩ **શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ મુંબઈ અને દિલ્હી ખાતેના ગુજરાત ભવનમાં મહાનુભાવોને રહેવા, જમવા તેમજ અન્ય સુવિધાઓ પુરી પાડવા માટે કોને કેટલી રકમનો કોન્ટ્રાક્ટ આપવામાં આવેલ છે, અને | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ;<br>(૧) મુંબઈ ખાતેના ગુજરાત ભવનમાં મહાનુભાવોને જમવા માટે કોઈ કોન્ટ્રક્ટ આપવામાં આવેલ નથી જ્યારે રહેવા તેમજ અન્ય સુવિધાઓ પુરી પાડવા માટે અપકીપીંગ ગુજરાત ભવન, અંધેરી, મુંબઈ માટે બાલાજી સર્વિસીસ, મુંબઈને રૂ. ૯.૬૭ લાખનો તથા અપકીપીંગ ગુજરાત ભવન, ઓશીવારા, મુંબઈ માટે રૂ. ૯.૬૫ લાખનો કોન્ટ્રાક્ટ શ્રીનાથ એજન્સી, મુંબઈને આપવામાં આવેલ છે.<br>(૨) નવી દિલ્હી ખાતેના ગુજરાત ભવનમાં રોકાનારા મહાનુભાવો તેમજ અતિથિઓને અપાતી ભોજન તેમજ ચા–નાસ્તાની સુવિધા માટેનો કોન્ટ્રક્ટ દર મહિને સરકારને રૂ. ૧,૧૧,૦૦૦/– ની લાઈસન્સ ફી મળે એ રીતે તા. ૧–૧૨–૨૦૧૪થી બે વર્ષ માટે મેસર્સ મોહની કેટરર્સ, અમદાવાદને આપવામાં આવેલ છે. |
| (૨) આપાવમાં આવેલ કોન્ટ્રક્ટની નબળી કામગીરીને ધ્યાને લઈ સારી ઉત્તમ સેવાઓ મળી રહે તે માટે સરકાર કોઈ નિર્ણય લેવા માગે છે? | (૨) ગુજરાત ભવન, નવી દિલ્હી ખાતે વધુ સારી સેવાઓ મળી રહે તે માટે નિવાસી આયુક્તશ્રી, નવી દિલ્હીને તેમજ ગુજરાત ભવન, મુંબઈ માટે માર્ગ અને મકાન વિભાગને જરૂરી સૂચના આપવામાં આવેલ છે. |

---------

**અમરેલી જિલ્લા તકેદારી સમિતિ સમક્ષ ભૂમાફીયા સામે પગલાં ભરવા ફરિયાદો**

* ૧૩૮૩૬ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લા તકેદારી સમિતિ સમક્ષ ક્યાં ભુમાફીયા | (૧) અરજદારોએ લાગતા વળગતા ઈસમો વિરૂધ્ધ સીટમાં રજુઆત કરેલ છે. જે રજૂઆતો ભૂમાફીયા લગત નથી. જેથી ભૂ માફીયા/આરોપીઓના નામ આપવાનો પ્રશ્ન રહેતો |

સામે પગલાં ભરવા અંગે તાલુકાવાર કેટલી ફરિયાદો આવી,

નથી.
તાલુકાવાર ફરીયાદ નીચે મુજબ છે.
લીલીયા –૨
સાવરકુંડલા –૨
રાજુલા –૧
ધારી –૧
જાફરાબાદ –૧

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી ફરિયાદોનો ક્યારે નિકાલ કરવામાં આવ્યો,

(૨)

| **તાલુકાનું નામ** | **નિકાલની તારીખ** |
|---|---|
| લીલીયા | તા. ૨૧–૧૨–૧૩<br>તા. ૨૨–૯–૧૪ |
| સાવરકુંડલા | તા. ૨૨–૧૧–૧૩<br>તા. ૧૭–૧–૧૫ |
| રાજુલા | તા. ૨૧–૧૨–૧૩ |
| ધારી | તા. ૨૨–૯–૧૪ |
| જાફરાબાદ | તા. ૧૭–૧–૧૫ |

(૩) કેટલી અરજીઓ પડતર છે તેનો ક્યારે નિકાલ થશે, અને

(૩) અરજીઓ પડતર નથી. માટે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) કેટલાની સામે કેવા પગલાંઓ લેવામાં આવ્યા?

(૪) ૨૦– વ્યક્તિઓ સામે પોલીસ ફરીયાદ થઈ.
૧૮– સામે પોલીસ ફરીયાદ કરવા જણાવેલ છે.

---------

## ઉના શહેર અને તાલુકામાં પોલીસનું મંજૂર મહેકમ

* ૧૫૩૨૭ **શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા. ૩૧–૧–૧૫ની સ્થિતિએ ઉના શહેર અને તાલુકામાં આવેલ પોલીસ સ્ટેશનોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૧)

| **અ. નં.** | **સંવર્ગ** | **ઉના શહેર** | | **ઉના તાલુકો** | |
|---|---|---|---|---|---|
| | | **મંજુર** | **ખાલી** | **મંજુર** | **ખાલી** |
| ૧ | પોલીસ ઈન્સ્પેકટર | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨ | પોલીસ સબ ઈન્સ્પેકટર | ૦૨ | ૦૦ | ૦૧ | ૦૦ |
| ૩ | આસીસ્ટન્ટ સબ ઈન્સ્પેકટર | ૧૧ | ૦૩ | ૧૦ | ૦૭ |
| ૪ | હેડ કોન્સ્ટેબલ | ૧૭ | ૦૫ | ૧૭ | ૧૩ |
| ૫ | પોલીસ કોન્સ્ટેબલ | ૫૮ | ૦૦ | ૩૯ | ૦૯ |

(૨) કેટલા સમયમાં આ જગ્યાઓ ભરવામાં આવશે?

(૨) ભરતી કેલેન્ડર મુજબ કોન્સ્ટેબ્યુલરીમાં સીધી ભરતીની પ્રક્રિયા હાલ ચાલુ છે. વહીવટી જરૂરીયાત મુજબ અને અનુકૂળતા અનુસાર વહીવટી પ્રક્રિયા અનુસરીને સમયાંતરે ખાલી જગ્યાઓ ભરવાની કાર્યવાહી કરવામાં આવે છે.

---------

## વડોદરા શહેરમાં પોલીસ ખાતાનાં બિન રહેણાંક મકાનો

* ૧૫૧૬૨ **શ્રીમતી મનીષા રા. વકીલ(વડોદરા શહેર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) વડોદરા શહેરમાં તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ માં પોલીસ ખાતાના કેટલા બિન રહેણાંકનાં મકાનોની કામગીરી હાથ ધરવામાં આવેલ છે, અને

(૧) કુલ ૪

(૨) આ કામગીરી માટે કુલ કેટલો ખર્ચ કરવામાં આવનાર છે?

(૨) કુલ રૂ. ૨૩૪૬.૬૬ લાખ.

---------

**કચ્છ જિલ્લામાં જયપ્રકાશ એસોસીએટની સિમેન્ટ ફેક્ટરીની જમીન એન.એ. કર્યા બાબત**

* ૧૩૬૧૦ **ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં જયપ્રકાશ એસોસીએટ દ્વારા સિમેન્ટ ફેક્ટરી ઉભી કરવામાં આવી છે તે નવી શરતની જમીન એન.એ. ક્યારે કરવામાં આવી, | (૧) ના |
| (૨) તે અન્વયે રાજ્ય સરકારને પ્રિમીયમ પેટે કેટલી રકમ ક્યારે મળી, અને | (૨) ખરીદ કરેલ નવી શરતની કુલ ૪૧ સર્વે નંબરોની જમીન પૈકી ૨૯ સર્વે નંબરોની જમીનના પ્રિમીયમ પેટે રૂ. ૭,૦૪,૪૫,૩૨૮/–(અંકે રૂપિયા સાત કરોડ ચાર લાખ પિસ્તાલીસ હજાર ત્રણસો અઠ્ઠાવીસ પુરા) રાજ્ય સરકારને મળેલ છે. |
| (૩) જો પ્રિમીયમની રકમ ન મળી હોય તો તેના કારણો શા છે? | (૩) (૧) અન્ય કુલ ૧૧ સર્વે નંબરોની જમીનનું બિનખેતી પ્રિમીયમ નક્કી કરવા કંપનીએ અરજી કરેલ નથી.<br>(૨) એક સર્વે નંબરનું પ્રીમીયમ નક્કી કરવાની કાર્યવાહી ચાલુ છે. |

---------

**મહેસાણા જિલ્લામાં પોલીસ ખાતાનાં રહેણાંક મકાનો**

* ૧૫૧૬૮ **શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ માં પોલીસ ખાતાના કેટલા રહેણાંકના મકાનની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે, અને | (૧) કુલ –૩૭ |
| (૨) આ કામગીરી માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે, | (૨) કુલ રૂ. ૩૪૯.૮૯ લાખ. |

---------

**જી.એસ.એફ.સી., સીક્કા યુનીટમાં ગૌચર જમીન**

* ૧૪૪૮૦ **શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ જામનગર જિલ્લામાં જીએસએફસી, સીક્કા યુનીટમાં, ગૌચરની જમીન આવે છે તે હકીકત સાચી છે, અને | (૧) હા |
| (૨) જો હા, તો કેટલી ગૌચરની જમીન ઉક્ત કંપનીમાં આવે છે? | (૨) હે. ૫૦–૭૦–૦૦ ચો.મી. |

---------

**પંચમહાલ જિલ્લામાં વેટરનરી ઓફિસર તથા પશુધન નિરીક્ષકની જગાઓ**

* ૧૫૧૯૩ **શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય પશુ પાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ તાલુકાવાર વેટરનરી ઓફિસર અને પશુધન નિરીક્ષકની કેટલી જગ્યાઓ મંજુર કરવામાં આવેલ છે, | (૧) *પત્રક–અ સામેલ છે. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતીએ કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે, અને | (૨) *પત્રક–બ/૧ અને *પત્રક–બ/૨ સામેલ છે. |
| (૩) આ ખાલી જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે? | (૩) જેમ બને તેમ જલદીથી. |

અતારાંકિત પ્રશ્નો તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ

(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**બનાસકાંઠા જિલ્લામાં ખેતીની જમીનની માપણી**

* ૧૫૨૫૩ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં ખેતીની જમીન નવી માપણી કરવાની કામગીરી તા. ૩૧ ડીસેમ્બર ૨૦૧૪ની સ્થિતિએ કયા તબક્કે છે, | (૧) તા. ૩૧ ડિસેમ્બર, ૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના ૧૪ તાલુકાઓ પૈકી પાલનપુર અને અમીરગઢ તાલુકાની ખેતીની જમીનની નવી માપણી કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. |
| (૨) આ કામગીરી કઈ એજન્સીને કેટલા રૂપિયાના ખર્ચે સોંપવામાં આવી છે, | (૨) બનાસકાંઠા જિલ્લાની આ કામગીરી સીકોન પ્રા.લી. બેંગલોર સાથે કરાર કરી રૂ. ૧૫.૬૯ કરોડના ખર્ચે સોંપવામાં આવેલ છે. |
| (૩) બનાસકાંઠા જિલ્લામાં આ માપણી દરમ્યાન કેવા પ્રકારની ફરિયાદો ઊભી થવા પામી છે, | (૩) બનાસકાંઠા જિલ્લામાં આ માપણી દરમ્યાન ક્ષેત્રફળમાં વધઘટ 'પૈકી' માપણી હાલના હયાત ખેતરમાં જવાના હયાત માર્ગને રેકર્ડમાં દર્શાવવા માટે, રેકર્ડ દુરસ્તી, કબજા ફેરફારને લગતી–વગેરે પ્રકારની ફરિયાદો ઉભી થવા પામી છે. |
| (૪) આ ફરિયાદો પૈકી કેટલી દૂર કરવામાં આવી છે અને બાકીની ફરિયાદો ક્યાં સુધીમાં દૂર કરવામાં આવનાર છે, અને | (૪) આ ફરિયાદો પૈકી ૧૧૩૬૫ ફરિયાદોનો નિકાલ કરવામાં આવેલ છે. બાકીની ૮૪૩૫ ફરિયાદોનો એપ્રિલ–૨૦૧૫ સુધીમાં નિકાલ કરવાનું આયોજન છે. |
| (૫) આ જિલ્લામાં જમીન માપણીની કામગીરી પૂર્ણ કરી પ્રમોલગેશન ક્યાં સુધીમાં કરવામાં આવનાર છે? | (૫) આ જિલ્લામાં જમીનની માપણી કામગીરી પૂર્ણ કરી ડિસેમ્બર–૨૦૧૬ સુધીમાં પ્રમોલગેશન કરવાનું આયોજન છે. |

---------

**મોરબી જિલ્લામાં ગુનાહિત કૃત્યો**

* ૧૪૬૦૬ **શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોરબી જિલ્લામાં તાલુકાવાર ખૂન–લૂંટ અને બળાત્કારના કેટલા બનાવો પોલીસ દફતરે નોંધાયા,

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | ખૂન | લૂંટ | બળાત્કાર |
|---|---|---|---|
| મોરબી | ૨૭ | ૦૯ | ૧૧ |
| વાંકાનેર | ૧૦ | ૦૪ | ૦૪ |
| માળીયા મિયાણા | ૦૬ | ૦૨ | ૦૧ |
| ટંકારા | ૦૪ | ૦૦ | ૦૨ |
| હળવદ | ૦૪ | ૦૦ | ૦૪ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તે અન્વયે કેટલા ગુન્હાઓના ભેદ ઉકેલવામાં આવ્યા, | (૨) ૭૧. |
| (૩) કેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી, અને | (૩) ૧૫૧. |
| (૪) કેટલા આરોપી ફરાર છે? | (૪) ૧૫. |

---------

**એસ.આર.પી. જૂથ–૧ વડોદરામાં આરોગ્ય ચકાસણી**

* ૧૫૧૬૩ **શ્રી જીતેન્દ્ર ર. સુખડીયા(સયાજીગંજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે પોલીસ ખાતામાં ફરજ બજાવતા તમામ પોલીસ કર્મચારી–અધિકારીઓના આરોગ્યની ચકાસણીની સૂચના આપી હોવાની હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |

| | |
|---|---|
| (૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એસ.આર.પી. જૂથ–૧ વડોદરામાં કેટલા પોલીસ અધિકારી–કર્મચારીઓની આરોગ્ય ચકાસણી થઈ છે? | (૨) વર્ષ ૨૦૧૩માં ૮૨૩<br>વર્ષ ૨૦૧૪માં ૭૨૮ |

---------

**જામનગર જિલ્લામાં ફલડ ડેમેજ રીપેર્સના કામ**

* ૧૫૧૯૦ **શ્રી ચીમનભાઇ ઘ. શાપરીયા(જામજોધપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર પંચાયત સિંચાઈ વિભાગ દ્વારા જામનગર જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં ફલડ ડેમેજ રીપેર્સના કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા, | (૧) ૧૨૬ કામો. |
| (૨) આ કામો પાછળ કેટલો ખર્ચ થયો, અને | (૨) રૂ. ૭૧૬.૬૧ લાખ |
| (૩) આ કામોથી કેટલા વિસ્તારને વધુ સિંચાઈનો લાભ થયો? | (૩) ૧૮૯૦ હેકટર. |

---------

**બોટાદ જિલ્લાની ગોમા સિંચાઈ યોજનાનું આધુનિકરણ**

* ૧૫૧૭૪ **ડૉ. ટી. ડી. માણીયા(બોટાદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ બોટાદ જિલ્લાની ગોમા સિંચાઈ યોજનામાં નહેરના આધુનિકરણનું કામ ક્યા તબક્કે છે, અને | (૧) આધુનિકરણનું કામ ભૌતિક રીતે પૂર્ણ થયેલ છે. |
| (૨) આ કામ પાછળ કેટલો ખર્ચ થવાનો અંદાજ છે ? | (૨) રૂ.૭૦૩.૦૦ લાખનો ખર્ચ થવાનો અંદાજ છે. |

**સુરત જિલ્લામાં સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ભૂગર્ભગટર યોજના**

* ૧૫૧૩૦ **શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર(બારડોલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત સુરત જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરેલ છે, | (૧) સુરત જિલ્લાની તમામ નગરપાલિકાઓમાં અગાઉ ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરેલ હોઈ, તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કોઈ નગરપાલિકામાં ભૂગર્ભ ગટર યોજના મંજૂર કરવાની બાકી રહેતી નથી. |
| (૨) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલી યોજના પૂર્ણ થયેલ છે, | (૨), (૩) અને (૪) : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) કેટલી યોજનાની કામગીરી પ્રગતિ હેઠળ છે, અને | |
| (૪) મંજૂર કરવાની બાકી રહેતી યોજનાઓ ક્યારે મંજૂર થશે ? | |

---------

**પાટણ જિલ્લામાં પોલીસ ખાતાનાં રહેણાંક મકાનો**

* ૧૫૧૬૯ **શ્રી નાગરજી હ. ઠાકોર(રાધનપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ જિલ્લામાં તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ માં પોલીસ ખાતાના કેટલા રહેણાંકના મકાનની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે, અને | (૧) કુલ–૬૭ |
| (૨) આ કામગીરી માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે? | (૨) કુલ રૂ.૫૧૧.૫૪ લાખ. |

---------

**ધરમપુર તાલુકામાં સિંચાઈ યોજનાઓ**

* ૧૩૫૫૧ **શ્રી ઈશ્વરભાઈ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં કોઈ સિંચાઈ યોજનાઓ કાર્યરત છે કે કેમ, અને | (૧) પાંચ ઉદવહન સિંચાઈ યોજનાઓ કાર્યરત છે તથા ઉકાઈ ડાબા કાંઠા નહેર મારફતે એક ગામને સિંચાઈનો લાભ આપવામાં આવે છે. |
| (૨) જો કોઈ સિંચાઈની સુવિધાઓ ન હોય તો આ વિસ્તારમાં નર્મદા કે ઉકાઈ ડેમમાંથી સિંચાઈનું પાણી નહેર દ્વારા આપવા સરકારે શું આયોજન કરેલ છે ? | (૨) ધમરપુર તાલુકાના એક ગામ સિવાયના તમામ ગામો નર્મદા–ઉકાઈ યોજનાના કમાન્ડ વિસ્તારની બહાર હોઈ, સિંચાઈનું પાણી નહેર દ્વારા આપવાનું કોઈ આયોજન નથી. |

---------

**પંચમહાલ જિલ્લા નગરપાલિકાઓમાં ઘન કચરા નિકાલના સાધનોની ફાળવણી**

* ૧૫૧૩૭ **શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ(કાલોલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ઘન કચરા નિકાલ અને વ્યવસ્થાપન યોજના અંતર્ગત પંચમહાલ જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા સાધનો મંજૂર કરેલ છે,

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ નગરપાલિકા દીઠ કુલ કેટલા સાધનો ફાળવેલ છે,

(૩) કેટલા સાધનો ફાળવવાના બાકી છે, અને

(૪) બાકી રહેતા સાધનો ક્યાં સુધીમાં ફાળવવામાં આવશે ?

**જવાબ**

(૧) ઘન કચરા નિકાલ અને વ્યવસ્થાપન યોજના અંતર્ગત પંચમહાલ જિલ્લાની નગરપાલિકાઓમાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂા. ૨૮૪.૬૯ લાખના ખર્ચે કુલ ૫૭૧ સાધનો મંજૂર કરેલ છે.

(૨)

| ક્રમ | નગરપાલિકાનું નામ | ફાળવેલ સાધનો |
|---|---|---|
| ૧ | ગોધરા | ૨૫૦ |
| ૨ | હાલોલ | ૨૬૧ |
| ૩ | કાલોલ | ૫૪ |
| ૪ | શહેરા | ૬ |
| | **કુલ** | **૫૭૧** |

(૩) મંજૂર કરેલ બધા જ સાધનોની ફાળવણી થઈ ગયેલ હોઈ, હવે કોઈ સાધનો ફાળવવાના બાકી રહેતા નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**દાહોદ જિલ્લામાં કૃષિ મેળા**

* ૧૪૧૯૪ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં કેટલા કૃષિ મેળાઓનું આયોજન કરવામાં આવ્યુ, અને | (૧) ૭ |
| (૨) તે અન્વયે તાલુકાવાર કેટલા લાભાર્થીઓને કૃષિ મેળામાં કેટલી રકમના લાભો આપવામાં આવ્યા ? | (૨) કૃષિ મેળામાં ખેડૂતોને કૃષિ અંગેની તાંત્રિક માહિતી આપવામાં આવે છે, કોઈ વ્યકિતગત લાભ આપતા નથી. |

---------

**વડોદરા મહાનગરપાલિકાની ટાઉન પ્લાનીંગ સ્કીમ માટે દરખાસ્ત**

* ૧૩૭૪૮ **શ્રી ધીરૂભાઈ ચુ. ભીલ(સંખેડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા મહાનગરપાલિકામાં ટાઉન પ્લાનીંગ સ્કીમ માટે કેટલી દરખાસ્તો વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રાજ્ય સરકારને મોકલવામાં આવી, | (૧) ૧૧ (અગીયાર) |

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલી દરખાસ્તો મંજૂર થઈ અને કેટલી પડતર છે, અને

(૨) ૪ મંજૂર અને ૭ પડતર.

(૩) દરખાસ્તો બાકી રહેલાના કારણો શા છે ?

(૩) ચકાસણી ચાલુમાં છે.

---------

**વાયબ્રન્ટ સમિટ થકી સ્થપાયેલ ઉદ્યોગો દ્વારા રોજગારી**

* ૧૩૯૪૦ **શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

વાયબ્રન્ટ સમિટ ૨૦૦૯, અને ૨૦૧૧ માં થયેલ એમઓયુ પૈકી કાર્યરત થયેલ પ્રોજેકટોમાં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલી રોજગારી આપવામાં આવી ?

**જવાબ**

મોનીટરીંગ સીસ્ટમમાં એમ.ઓ.યુ. કરેલ પ્રોજેકટની રોજગારીની માહિતી જ્યારે અપડેટ થયેલ હોય તે તારીખ મુજબની હોય છે, જેથી કોઈ ચોક્કસ તારીખની સ્થિતિએ આ પ્રોજેકટમાં ખરેખર ઉભી થયેલ રોજગારીની વિગતો ઉપલબ્ધ થતી નથી.

---------

**જામનગર જિલ્લામાં મીઠાની લીઝ અને જમીન બાબત**

* ૧૫૨૫૭ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** (જામનગર ગ્રામ્ય) **:** તા.૧–૭–૨૦૧૪ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૯૪૨૦ (અગ્રતા–૨૨૫) ના અનુસંધાને **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) જામનગર જિલ્લામાં મીઠાની લીઝ રીન્યુ કરવા માટેની મીઠાની જમીનો અંગેની ૧૩ દરખાસ્તો સ્થાનિક કક્ષાએ મે–૨૦૧૪ ની સ્થિતિએ પડતર હતી તે હકીકત સાચી છે, | (૧) હા. |
| (૨) જો હા, તો તે પૈકી કેટલી દરખાસ્તો મંજૂર કરવામાં આવી છે, | (૨) શૂન્ય. |
| (૩) તે પૈકી કેટલી મહેસૂલ વિભાગ હસ્તક અને કેટલી સ્થાનિક કક્ષાએ પડતર છે, અને | (૩) તમામ સ્થાનિક કક્ષાએ પડતર છે. |
| (૪) આ તમામ દરખાસ્તો ક્યાં સુધીમાં મંજૂર કરવામાં આવનાર છે ? | (૪) સત્વરે. |

---------

**સાબરકાંઠા જિલ્લામાં વેટરનરી ડૉકટરોની ખાલી જગ્યાઓ**

* ૧૫૨૨૯ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય પશુ પાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં પશુ દવાખાનામાં વેટરનરી ડૉકટરોની કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૧) ૧૦ (દસ) |
| (૨) ઉકત ખાલી જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે ? | (૨) વર્ષ ૨૦૧૫–૧૬ માં ભરવાનું આયોજન છે. |

---------

**નવી ઉદ્યોગ નીતિ–૨૦૧૫ નો અમલ**

* ૧૫૩૮૨ **શ્રી મોતીલાલ પુ. વસાવા(ડેડીયાપાડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| રાજ્ય સરકારની નવી ઉદ્યોગ નીતિ–૨૦૧૫ નો રાજ્યમાં ક્યારથી અમલ થશે ? | નવી ઉદ્યોગ નીતિ–૨૦૧૫ અનુસારનું નીતિનું અમલીકરણ તા.૧–૧–૨૦૧૫ થી કરવામાં આવેલ છે. |

---------

**બનાસકાંઠા જિલ્લામાં ગામતળ મંજૂર કરવા બાબત**

* ૧૪૫૪૯ **શ્રી ગોવાભાઇ રબારી(ડીસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામતળ છેલ્લા બે વર્ષમાં મંજૂર થયા ?

તા.૩૧-૧-૨૦૧૫ની બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચે મુજબ કુલ-૬ ગામતળ મંજૂર થયા છે.

| ક્રમ | તાલુકો | મંજૂર થયેલ ગામતળ | | |
|---|---|---|---|---|
| | | ૨૦૧૩ | ૨૦૧૪ | કુલ |
| ૧ | પાલનપુર | ૦૩ | ૦૦ | ૦૩ |
| ૨ | વડગામ | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૩ | ડીસા | ૦૦ | ૦૨ | ૦૨ |
| | **કુલ** | **૦૪** | **૦૨** | **૦૬** |

---------

## સાણંદ અને બાવળા તાલુકાનાં ગામોમાં બિન ખેતી

* ૧૩૫૮૩ **શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ સાણંદ અને બાવળા તાલુકામાં કેટલા ગામોમાં બિન ખેતીના હુકમો છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કરવામાં આવ્યા,

(૧)

| તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૩ | વર્ષ ૨૦૧૪ |
|---|---|---|
| સાણંદ | ૬૪ | ૫૮ |
| બાવળા | ૬૬ | ૬૧ |
| **કુલ** | **૧૩૦** | **૧૧૯** |

(૨) આ હુકમોની નોંધ ગામે ગામના નમૂના નં.૬ માં નોંધ પાડવામાં આવતી નથી તે હકીકતથી સરકાર વાકેફ છે, અને

(૨) આ હકીકત સાચી નથી.

(૩) જો હા, તો આ નોંધો સત્વરે પાડવામાં આવે તે માટે સરકારે શાં પગલાં લીધા ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## કડી અને બહુચરાજી નગરપાલિકાઓને યોજનાઓ માટે રકમની ફાળવણી

* ૧૫૨૮૫ **શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહેસાણા જિલ્લાની કડી અને બહુચરાજી નગરપાલિકાને કઈ કઈ યોજનાઓ હેઠળ કેટલી રકમ ફાળવવામાં આવી,

(૨) તે પૈકી કેટલી રકમ ચૂકવવામાં આવી, અને

(૩) તે પૈકી ચૂકવાયેલ રકમ અન્વયે કેટલો ખર્ચ થયો ?

(૧), (૨) અને (૩) : મહેસાણા જિલ્લાની કડી નગરપાલિકાની વિગતો પત્રક-અ મુજબ છે. બહુચરાજી નગરપાલિકા ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પ ત્ર ક - અ**

**(રૂ. લાખમાં)**

| ક્રમ | યોજનાનું નામ | ફાળવેલ રકમ | ચૂકવેલ રકમ | ખર્ચ |
|---|---|---|---|---|
| ૧ | ઈન્ટીગ્રેટેડ હાઉસીંગ એન્ડ સ્લમ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (આઈ.એચ.એસ.ડી.પી.) | ૭૧૭.૦૯ | ૭૧૭.૦૯ | ૫૭૧.૪૬ |
| ૨ | પાણી પુરવઠા યોજના | ૫૫૬.૨૩ | ૫૫૬.૨૩ | ૪૩૭.૧૯ |
| ૩ | ૧૩મું નાણાં પંચ | ૨૦૬.૫૬ | ૨૦૬.૫૬ | ૧૩૮.૭૦ |
| ૪ | ઘનિષ્ઠ સફાઈ ઝુંબેશ ગ્રાન્ટ | ૪૫.૦૦ | ૪૫.૦૦ | ૬.૧૯ |
| ૫ | જનભાગીદારી ગ્રાન્ટ (રસ્તા, લાઈટ અને પાઈપ લાઈન) | ૨૮૩.૧૭ | ૨૮૩.૧૭ | ૧૧૮.૦૦ |
| ૬ | તળાવ બ્યુટીફીકેશન | ૮.૦૦ | ૫.૫૦ | ૨૫.૫૮ |
| ૭ | નિર્મળ ગુજરાત શૌચાલય | ૩૩૩.૨૨ | ૩૩૩.૨૨ | ૮૦.૧૯ |
| ૮ | પે એન્ડ યુઝ ટોયલેટ | ૨૧.૮૦ | ૨૧.૮૦ | ૭.૮૦ |
| ૯ | મનોરંજન કેબલ ટીવી ગ્રાન્ટ | ૪.૪૦ | ૪.૪૦ | ૭.૩૮ |
| ૧૦ | મનોરંજન ગ્રાન્ટ | ૨૩.૯૮ | ૨૩.૯૮ | ૩૦.૧૦ |
| ૧૧ | મોડલ ટાઉન ઘટક ગ્રાન્ટ | ૧૪૦૦.૦૦ | ૨૮૧.૬૦ | ૪૮૬.૨૧ |
| ૧૨ | રસ્તા મરામત ગ્રાન્ટ | ૨૩.૦૦ | ૨૩.૦૦ | ૨૨.૭૯ |
| ૧૩ | વ્યવસાય વેરા ગ્રાન્ટ | ૩૪.૯૬ | ૩૪.૯૬ | ૨૩.૮૩ |
| ૧૪ | મનોરંજન ગ્રાન્ટ એસ.સી.એસ.પી. | ૫.૨૫ | ૫.૨૫ | ૫.૯૫ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫ | સફાઈવેરા પ્રોત્સાહક ગ્રાન્ટ | ૭૫.૮૫ | ૭૫.૮૫ | ૧૨.૧૦ |
| ૧૬ | કૈલાશધામ યોજના | ૨૦.૦૦ | ૨૦.૦૦ | ૨૦.૦૫ |
| ૧૪ | મિશન મંગલમ્ | ૧૭.૭૬ | ૧૭.૭૬ | ૮.૪૨ |
| | **કુલ** | **૩૭૭૬.૨૭** | **૨૬૫૫.૩૭** | **૨૦૦૧.૯૪** |

---------

## જેતપુર પાવી, છોટાઉદેપુર અને બોડેલી તાલુકાઓમાં વારસાઈની નોંધો પાડવા બાબત

* ૧૩૮૧૨ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં જેતપુર પાવી, છોટાઉદેપુર અને બોડેલી તાલુકાઓમાં વારસાઈ ઝુંબેશ હેઠળ તાલુકાવાર કેટલી નોંધો પાડવામાં આવી,

(૨) કેટલી નોંધો નામંજૂર કરવામાં આવી,

(૩) એકપણ વારસાઈ હક્કની નોંધ થયેલ નથી તેવા તાલુકાવાર ક્યા ગામો છે, અને

(૪) બાકી નોંધો પડાવવા સરકાર કોઈ બીજી વ્યવસ્થા ગોઠવવા માંગે છે કે કેમ ?

**જવાબ**

(૧)

| તાલુકો | પાડવામાં આવેલ નોંધો |
|---|---|
| છોટા ઉદેપુર | ૧૬૪૯ |
| જેતપુર પાવી | ૩૧૭૬ |
| બોડેલી | ૬૨૪૩ |
| **કુલ** | **૧૧૦૬૮** |

(૨)

| તાલુકો | નામંજૂર કરેલ નોંધો |
|---|---|
| છોટા ઉદેપુર | ૪૫ |
| જેતપુર પાવી | ૭૫૪ |
| બોડેલી | ૩૬૩ |
| **કુલ** | **૧૧૬૨** |

(૩) જેતપુર પાવી તાલુકામાં માત્ર કડવાપુરા ગામમાં એકપણ વારસાઈ નોંધ પડેલ નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## દાંતા અને અમીરગઢ તાલુકામાં પશુ આરોગ્ય મેળા

* ૧૪૭૪૫ **શ્રી કાન્તીભાઇ કા. ખરાડી (દાંતા) : માનનીય પશુ પાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) કૃષિ મહોત્સવ–૨૦૧૪ દરમ્યાન બનાસકાંઠા જિલ્લાના દાંતા અને અમીરગઢ તાલુકાઓમાં કેટલા પશુઆરોગ્ય મેળાઓનું આયોજન કરવામાં આવ્યું,

(૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી, અને

(૩) કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું ?

**જવાબ**

(૧) દાંતા તાલુકામાં –૨૧
અમીરગઢ તાલુકામાં – ૧૭

(૨) દાંતા તાલુકામાં – ૪,૫૭૬
અમીરગઢ તાલુકામાં – ૬, ૦૨૦

(૩) દાંતા તાલુકામાં – ૧૮,૪૭૭
અમીરગઢ તાલુકામાં – ૧૯,૨૦૦

---------

## ખેડા જિલ્લાની જેલોનું આઈ.જી.પી. દ્વારા નિરીક્ષણ

* ૧૪૨૨૧ **શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યના જેલ મેન્યુઅલ મુજબ આઈ.જી.પી. કક્ષાના અધિકારીએ વર્ષમાં એકવાર તમામ જેલોના વોર્ડ, યાર્ડ, બેરેક અને તેની આસપાસનું નિરીક્ષણ કરવું જોઈએ તેવી જોગવાઈ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, ખેડા જિલ્લામાં કઈ જેલમાં ક્યારે નિરીક્ષણ કર્યુ, અને

(૩) નિરીક્ષણ દરમિયાન કેવા પ્રકારની ખામીઓ જોવા

**જવાબ**

(૧) હા, જી.

(૨) છેલ્લા બે વર્ષમાં નડીયાદ જિલ્લા જેલનું વર્ષ ૨૦૧૩ માં તા.૨૬–૪–૨૦૧૩ અને વર્ષ ૨૦૧૪ માં તા.૩–૧૧–૨૦૧૪ ના રોજ નિરીક્ષણ કરવામાં આવેલ છે.

(૩) નિરીક્ષણ દરમિયાન વહીવટી અને સ્વચ્છતા અંગેની

મળી હતી ?

કેટલીક ખામીઓ ધ્યાન ઉપર આવેલ.

---------

**આણંદ જિલ્લાની નગરપાલિકાઓમાં પાણી પુરવઠા યોજના**

* ૧૩૭૦૬ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લાની કઈ નગરપાલિકાઓને પાણી પુરવઠા યોજનાની વહીવટી મંજૂરી આપવામાં આવી, અને

(૨) ઉકત સ્થિતિએ કામો ક્યા તબક્કે છે, અને વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી ?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લાની બે નગરપાલિકાઓ (૧) આંકલાવ અને (૨) આણંદની પાણી પુરવઠા યોજનાઓને રૂ.૫૫.૦૮ કરોડના ખર્ચે મંજૂરી આપવામાં આવેલ છે.

(૨) ઉકત સ્થિતિએ યોજનાઓના કામોનો તબક્કો તથા વર્ષવાર ફાળવવામાં આવેલ રકમ નીચે મુજબ છે.

| **નગરપાલિકાનું નામ** | **યોજનાના કામોનો તબક્કો** | **વર્ષવાર ફાળવેલ રકમ (રૂ.કરોડમાં)** | |
|---|---|---|---|
| | | ૨૦૧૩–૨૦૧૪ | ૨૦૧૪–૨૦૧૫ |
| આંકલાવ | કામગીરી પ્રગતિમાં | ૨.૫૫ | – |
| આણંદ | ભાવપત્રકો | | |

---------

**રાજ્યમાં કાચા કામનાં કેદીઓમાં કેસ ઝડપી ચલાવવા કોર કમીટીની રચના**

* ૧૪૧૬૪ **શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) નામદાર સુપ્રિમ કોર્ટના ચૂકાદા અન્વયે કાચા કામના કેદીઓના કેસોના ઝડપી અને ન્યાયિક રીતે ચલાવવા અને મોનીટરીંગ કરવા આપેલ ચૂકાદા અન્વયે રાજ્ય સરકારે તા.૩–૧–૨૦૦૦ ના રોજ એક કોર કમીટીની રચના કરી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ કોર કમીટીમાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કોણ સભ્યો છે અને તેની કામગીરી શી છે,

(૩) આ કોર કમીટીની કેટલી મીટીંગો છેલ્લા બે વર્ષમાં ક્યારે મળી અને નામદાર સુપ્રિમ કોર્ટના આદેશનું પાલન કરવા શી કામગીરી હાથ ધરી, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨) રાજ્યની દરેક જેલો ખાતે કોર કમીટીમાં નીચે મુજબના સ્થાયી સભ્યો છે.

૧. જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી–ચેરમેન

૨. સંબંધિત સેશન્સ જજશ્રી, એડીશનલ અને આસીસ્ટન્ટ સેશન્સ જજશ્રી સહિત.

૩. પોલીસ કમિશ્નરશ્રી/જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી.

૪. જેલ અધિક્ષક.

**આ કમીટીની કામગીરી નીચે મુજબ છે.**

૧. કાચા કામના કેદીઓના પડતર કેસોના મોનીટરીંગની કામગીરી.

૨. સરકારની મંજૂરીની આવશ્યકતા હોય ત્યાં તેવી મંજૂરી મેળવ્યા બાદ, પેટી ઓફેન્સ (Petty offence) ને લઈને જેલમાં હોય તેવા કાચા કામના યોગ્ય કેદીઓ સામેના કેસો પરત ખેંચવાનો નિર્ણય લેવાની કામગીરી.

(૩) આ કોર કમીટીની મીટીંગો સામેલ પત્રકમાં જણાવ્યા મુજબ મળેલ છે.

**પ ત્ર ક**

| **અ. નં.** | **જેલનું નામ** | **વર્ષ ૨૦૧૩ મા મળેલ** | **વર્ષ ૨૦૧૪ માં મળેલ મીટીંગની** |
|---|---|---|---|

તા.૩જી માર્ચ, ૨૦૧૯
અતારાંકિત પ્રશ્નો તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ

| | | **મીટીંગની તારીખ** | **તારીખ** |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ મધ્યસ્થ જેલ | ૨૬-૮-૧૩ | ૩૧-૧૨-૧૪ |
| ૨ | વડોદરા મધ્યસ્થ જેલ | ૪-૯-૧૩ | ૨૯-૧-૧૪<br>૨૫-૧૧-૨૦૧૪ |
| ૩ | લાજપોર (સુરત) મધ્યસ્થ જેલ | ૨૦-૫-૧૩ | ૨૬-૯-૧૪ |
| ૪ | રાજકોટ મધ્યસ્થ જેલ | -- | ૨૨-૭-૧૪ |
| ૫ | પાલારા (ભુજ) ખાસ જેલ | ૩૦-૯-૧૩<br>૨૩-૧૨-૧૩ | -- |
| ૬ | પોરબંદર ખાસ જેલ | ૫-૨-૧૩<br>૧૩-૬-૧૩<br>૨૧-૯-૧૩<br>૨૧-૧૨-૧૩ | ૧૫-૩-૧૪<br>૧૯-૬-૧૪ |
| ૭ | જૂનાગઢ જિલ્લા જેલ | ૨૮-૨-૧૩ | -- |
| ૮ | નડીયાદ જિલ્લા જેલ | ૨૧-૧-૧૩<br>૧૬-૩-૧૩<br>૧૩-૧૧-૧૩ | ૨૧-૬-૧૪<br>૨૦-૯-૧૪ |
| ૯ | ભાવનગર જિલ્લા જેલ | ૧-૩-૧૩<br>૨૯-૬-૧૩<br>૨૯-૧૦-૧૩ | -- |
| ૧૦ | અમરેલી જિલ્લા જેલ | -- | -- |
| ૧૧ | જામનગર જિલ્લા જેલ | ૩૦-૧-૧૩ | -- |
| ૧૨ | પાલનપુર જિલ્લા જેલ | ૨૬-૨-૧૩<br>૨૪-૧૦-૧૩ | ૨-૧-૧૪ |
| ૧૩ | મહેસાણા જિલ્લા જેલ | -- | ૪-૧-૧૪ |
| ૧૪ | રાજપીપળા સબ જેલ | ૩-૪-૧૩ | -- |
| ૧૫ | હિંમતનગર સબ જેલ | ૨૭-૫-૧૩ | ૭-૭-૧૪ |
| ૧૬ | ગોધરા સબ જેલ | ૧૫-૪-૧૩<br>૧-૮-૧૩<br>૨૯-૧૦-૧૩ | ૧૪-૨-૧૪<br>૨૩-૬-૧૪<br>૭-૧૦-૧૪ |
| ૧૭ | છોટાઉદેપુર સબ જેલ | -- | -- |
| ૧૮ | નવસારી સબ જેલ | ૨૪-૬-૧૩<br>૩-૯-૧૩<br>૨-૧૦-૧૩<br>૨૭-૧૨-૧૩ | ૪-૧૨-૧૪ |
| ૧૯ | ભરૂચ સબ જેલ | ૧૧-૭-૧૩ | ૨૭-૧-૧૪ |
| ૨૦ | સુરેન્દ્રનગર સબ જેલ | ૭-૨-૧૩<br>૨૧-૯-૧૩ | ૨૨-૯-૧૪ |
| ૨૧ | મોરબી સબ જેલ | -- | -- |

| | | | |
|---|---|---|---|
| ૨૨ | મોડાસા સબ જેલ | ૨૫-૧૧-૧૩ | ૭-૧૦-૧૪ |
| ૨૩ | ગોંડલ સબ જેલ | -- | -- |
| ૨૪ | અમરેલી ઓપન જેલ | -- | -- |
| ૨૫ | પાટણ સબ જેલ | -- | ૨૭-૮-૧૪ |

સંબંધિત સેશન્સ જજશ્રી/મેજી.ફ.ક. જજશ્રીએ જેલોની મુલાકાત લઈ, મહત્તમ થવા પાત્ર સજાના ૧/૨ સમય કરતાં વધુ સમય જેલમાં રહેલ હોય તેવા કાચા કામના કેદીઓના કેસોની સમિક્ષા કરેલ છે.

(૪) કોર કમીટીના નિર્ણયોની જવાબદારી કોને સોંપાઈ છે ?

(૪) સંબંધિત જેલ અધિક્ષકશ્રી દ્વારા કોર કમીટી તરફથી થયેલ સૂચનો મુજબની કાર્યવાહી કરવામાં આવે છે.

---------

**અમરેલી જિલ્લામાં નવી જી.આઈ.ડી.સી. શરૂ કરવા બાબત**

* ૧૩૮૩૮ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં કોઈ નવિન જીઆઈડીસી શરૂ કરવાનું આયોજન છે તે હકીકત ખરી છે, | (૧) હા, બાબત વિચારણા હેઠળ છે. |
| (૨) જો હા, તો આ જીઆઈડીસી કઈ જગ્યાએ શરૂ થનાર છે, | (૨) ઔદ્યોગિક વસાહત સ્થાપવાના હેતુસર વિવિધ વિસ્તારો ચકાસવામાં આવી રહ્યાં છે. પરંતુ, કોઈ ચોક્કસ સ્થળની પસંદગી થયેલ નથી. |
| (૩) ઉકત સ્થિતિએ આ કામગીરી ક્યા તબક્કે છે, અને | (૩) જમીન સંપાદન અંગે નવા કાયદાની સંભવિત અસરની ચકાસણી કરી વસાહતની પોષણક્ષમતાની બાબત અભ્યાસ હેઠળ છે. |
| (૪) ઉકત સ્થિતિએ આ કામગીરીમાં જમીન સંપાદન કરેલ છે કે કેમ ? | (૪) ના. |

---------

**રાજ્યમાં મહિલા જેલો**

* ૧૩૬૦૮ **ડાં. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં કેટલી આલાયદી મહીલા જેલો કઈ જગ્યાએ કાર્યરત છે, અને | (૧) હાલમાં વડોદરા ખાતે એક અલાયદી મહિલા જેલ કાર્યરત છે. |
| (૨) ખૂટતી મહીલા જેલો ક્યાં સુધીમાં શરૂ કરવામાં આવનાર છે? | (૨) અમદાવાદ ખાતે અલાયદી મહિલા જેલ બનાવવાનું આયોજન છે. |

---------

**વાંકાનેર શહેર/તાલુકામાં ડીટેઈન કરેલ વાહનો**

* ૧૪૬૧૯ **શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૧-૨૦૧૫ની સ્થિતિએ મોરબી જિલ્લાના વાંકાનેર તાલુકા અને શહેર પોલીસ સ્ટેશનમાં છેલ્લા બે વર્ષમાં પોલીસ દ્વારા કેટલા વાહનો ડીટેઈન કરવામાં આવ્યા, અને | (૧) કુલ-૩,૧૦૫ વાહનો. |
| (૨) જે વાહનોના માલિક આધાર પૂરાવા રજુ કરેલ હોય તેવા કેટલા વાહનોના નિકાલ કરવામાં આવ્યો? | (૨) કુલ-૩,૦૭૨ વાહનો. |

---------

## વલસાડ જિલ્લામાં ખેડૂત અકસ્માત વીમા યોજના અન્વયે અરજીઓ

* ૧૩૫૫૨ **શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખાતેદાર ખેડૂત અકસ્માત વિમા યોજના અન્વયે કેટલી અરજીઓ મળી તથા તે અન્વયે કેટલી મંજૂર થઈ, અને

(૨) નામંજૂર થયેલ અરજીઓના કારણો શા છે અને કેટલા સમયમાં બાકીની અરજીઓનો નિકાલ થશે?

**જવાબ**

(૧)

| અ.નં. | તાલુકાનું નામ | તા. ૧–૦૧–૧૩ થી તા. ૩૧–૧૨–૧૩ સુધી મળેલ અરજીઓ | | તા. ૧–૦૧–૧૪ થી તા. ૩૧–૧૨–૧૪ સુધી મળેલ અરજીઓ | |
|---|---|---|---|---|---|
| | | મળેલ અરજીઓ | મંજુર અરજીઓ | મળેલ અરજીઓ | મંજુર અરજીઓ |
| ૧ | વલસાડ | ૨૨ | ૧૨ | ૨૦ | ૭ |
| ૨ | પારડી | ૯ | ૩ | ૧૨ | ૩ |
| ૩ | ઉમરગામ | ૧ | ૦ | ૫ | ૩ |
| ૪ | ધરમપુર | ૬ | ૨ | ૧૫ | ૪ |
| ૫ | કપરાડા | ૬ | ૩ | ૩ | ૦ |
| | કુલ | **૪૪** | **૨૦** | **૫૫** | **૧૭** |

(૨)

| અ.નં. | નામંજૂરના કારણો | અરજીની સંખ્યા |
|---|---|---|
| ૧ | કુદરતી મૃત્યુ હોવાથી | ૧ |
| ૨ | વિદ્યાદીપ યોજનામાં લાભ લીધેલ હોવાથી | ૧ |
| ૩ | ખાતેદાર ખેડૂત ન હોવાથી | ૧ |
| ૪ | મૃતક ખાતેદાર ખેડૂતના પ્રથમ હયાત વારસદાર (પુત્ર/પુત્રી) ન હોવાથી | ૩ |
| ૫ | મૃતક ખાતેદાર ખેડૂતની ઉંમર ૭૦ વર્ષ કરતાં વધુ હોવાથી | ૩ |
| ૬ | મૃતક ડ્રાઈવીંગ લાયસન્સ ધરાવતા ન હોવાથી | ૧ |
| | **કુલ** | **૧૦** |

બાકી રહેલી અરજીઓમાં લાભાર્થી ખેડૂત પાસેથી માંગવામાં આવેલ સાધનિક કાગળો નિયત સમયમર્યાદામાં મળ્યેથી વીમા નિયામકની કચેરી, ગાંધીનગર દ્વારા અરજીઓનો નિકાલ કરવામાં આવશે.

પહેલી અતારાંકિત યાદી

## ગ્લોબલ એગ્રી સમીટનાં આયોજન બાબત

અતારાંકિતઃ ૩૫૮૪ (૨૫–૦૯–૨૦૧૪) **ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) :** માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૮–૨૦૧૪ ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા પાંચ વર્ષમાં ક્યારે ગ્લોબલ એગ્રી સમીટનું આયોજન કઇ જગ્યાએ કરવામાં આવ્યું, અને

(૨) ઉપરોક્ત સમીટવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો તથા કરવામાં આવેલ ખર્ચ બજેટના ક્યા હેડ હેઠળ ઉધારવામાં આવ્યો ?

**કૃષિ મંત્રીશ્રી :** (૧૪–૧૧–૨૦૧૪)

(૧) તા.૩૧–૦૮–૨૦૧૪ ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા પાંચ વર્ષમાં પ્રથમ ગ્લોબલ એગ્રી સમીટનું આયોજન તા.૦૮–૦૯–૨૦૧૩ થી તા.૧૦–૦૯–૨૦૧૩ દરમિયાન મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે કરવામાં આવેલ.

(૨) ઉક્ત સમીટ માટે કુલ ખર્ચ ₹ ૧૦,૦૦,૦૦,૦૦૦/– કરવામાં આવ્યો તથા આ ખર્ચ ‘‘વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ એગ્રી સમિટ–૨૦૧૩’’ હેડ હેઠળ ઉધારવામાં આવ્યો.

--------

**રાજ્યમાં કોલ્ડ સ્ટૉરેજ, કોલ્ડ ચેઇન માટે નાણાકીય સહાય**

અતારાંકિતઃ ૩૫૮૯ (૨૫–૦૯–૨૦૧૪) **ર્ડા. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) :** માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૦૮–૨૦૧૪ ની સ્થિતિએ રાજ્યમાં કોલ્ડ સ્ટૉરેજ, કોલ્ડ ચેઇન માટે કોઇ નાણાકીય સહાય આપવામાં આવે છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી નાણાકીય સહાય ચૂકવવામાં આવી, અને

(૩) ઉક્ત વર્ષવાર ચૂકવવામાં આવેલ સહાય પૈકી કુલ કેટલા ખેડૂતો હતા અને કેટલી મહિલા ખેડૂતોનો સમાવેશ થાય છે?

**કૃષિ મંત્રીશ્રી :** (૧૦–૧૧–૨૦૧૪)

(૧) હા, જી.

(૨) કુલ ` ૧૧૭૧૪.૦૪૫ લાખ.

| વર્ષ | નાણાકીય સહાય (`લાખમાં) |
|---|---|
| ૨૦૦૯–૧૦ | ૧૫૦૭.૨૬ |
| ૨૦૧૦–૧૧ | ૨૫૩૯.૫૯૫ |
| ૨૦૧૧–૧૨ | ૩૧૨૮.૫૮ |
| ૨૦૧૨–૧૩ | ૧૮૫૩.૭૮ |
| ૨૦૧૩–૧૪ | ૨૭૩૪.૮૩ |
| **કુલ** | **૧૧૭૧૪.૦૪૫** |

(૩) કુલ ૫૪ ખેડૂતો હતા, જે પૈકી ૨ મહિલા ખેડૂતો.

--------

એચબી–૭૧૪–૧

**રાજ્યમાં બાગાયતી જ્ઞાન મંડળી માટે નાણાકીય સહાય**

અતારાંકિતઃ ૩૫૯૦ (૨૫–૦૯–૨૦૧૪) **ર્ડા. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) :** માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૮–૨૦૧૪ ની સ્થિતિએ રાજ્યમાં જ્ઞાન મંડળી માટે કોઇ નાણાકીય સહાય આપવામાં આવે છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી નાણાકીય સહાય ચૂકવવામાં આવી, અને

(૩) ઉક્ત વર્ષવાર ચૂકવવામાં આવેલ સહાય પૈકી કુલ કેટલા ખેડૂતો હતા અને કેટલી મહિલા ખેડૂતોનો સમાવેશ થાય છે?

**કૃષિ મંત્રીશ્રી :** (૧૪–૧૧–૨૦૧૪)

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**રાજ્યમાં ફુડ પાર્ક માટે નાણાકીય સહાય**

અતારાંકિતઃ ૩૫૯૧ (૨૫–૦૯–૨૦૧૪) **ર્ડા. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) :** માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૮–૨૦૧૪ ની સ્થિતિએ રાજ્યમાં ફુડ પાર્ક કે મેગા ફુડ પાર્ક માટે નાણાકીય સહાય આપવામાં આવે છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી નાણાકીય સહાય ચૂકવવામાં આવી, અને

(૩) ઉક્ત વર્ષવાર ચૂકવવામાં આવેલ સહાય પૈકી કુલ કેટલા ખેડૂતો હતા અને કેટલી મહિલા ખેડૂતોનો સમાવેશ થાય છે?

**કૃષિ મંત્રીશ્રી :** (૧૪-૧૧-૨૦૧૪)

(૧) તા.૩૧-૦૮-૨૦૧૪ ની સ્થિતિએ **''નવી કૃષિ ઉદ્યોગ નીતિ-૨૦૦૦''** હેઠળ કુડ એગ્રો ઈન્ડસ્ટ્રીયલ પાર્ક માટે નાણાકીય સંસ્થા પાસેથી મેળવેલ કાર્યકારી મૂડી સિવાયના ધિરાણ ઉપર વાર્ષિક ૬% ના દરે ૫ વર્ષ માટે વધુમાં વધુ ` ૪૦૦ લાખની મર્યાદામાં બેન્ક-એન્ડેડ વ્યાજ રાહત આપવામાં આવે છે.

(૨) કુડ એગ્રો ઈન્ડસ્ટ્રીયલ પાર્ક માટે નાણાકીય સહાય મેળવવા હજુ સુધી કોઇ અરજી આવેલ નથી તેથી સહાય પણ ચૂકવવામાં આવેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**મહેસાણા જિલ્લામાં દૂધાળા પશુઓની સંખ્યા**

અતારાંકિતઃ ૩૭૭૨ (૧૬-૧૦-૨૦૧૪) **શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) :** માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

તા.૩૧-૦૮-૨૦૧૪ ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર દૂધાળા પશુઓની સંખ્યા કેટલી છે ?

**પશુપાલન મંત્રીશ્રી :** (૧૮-૧૧-૨૦૧૪)

ભારત સરકારશ્રીના કૃષિ મંત્રાલયના પશુપાલન, ડેરીંગ અને ફીસરીઝ વિભાગ, નવી દિલ્હી દ્વારા દર પાંચ વર્ષે પશુધન વસતિ ગણતરીની કામગીરી સમગ્ર દેશમાં હાથ ધરવામાં આવે છે. છેલ્લે ૧૯મી પશુધન વસતિ ગણતરી વર્ષ ૨૦૧૨ માં કરવામાં આવેલ હતી. ભારત સરકારશ્રી દ્વારા હજુ રાજ્યને સને ૨૦૧૨ ની પશુધન વસતિ ગણતરીના જિલ્લા/તાલુકા/ગ્રામ્ય કક્ષાના પશુધન વસતિ ગણતરીના પરિણામો આખરીકરણ થઇને મળેલ નથી.

૧૮મી પશુધન વસતિ ગણતરી-૨૦૦૭ મુજબ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર દૂધાળા પશુઓની સંખ્યા દર્શાવતું પત્રક-૧ આ સાથે નીચે મુજબ છે.

**પત્રક - ૧**

૧૮મી પશુધન વસતિ ગણતરી-૨૦૦૭ મુજબ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર દૂધાળા પશુઓની સંખ્યા

| ક્રમ | તાલુકો | દૂધાળા પશુઓની સંખ્યા |
|---|---|---|
| ૧. | સતલાસણા | ૨૨,૯૬૮ |
| ૨. | ખેરાલુ | ૪૪,૯૬૬ |
| ૩. | ઉંઝા | ૨૬,૦૮૭ |
| ૪. | વિસનગર | ૫૨,૩૧૨ |
| ૫. | વડનગર | ૩૫,૧૧૦ |
| ૬. | વિજાપુર | ૬૭,૯૨૭ |
| ૭. | મહેસાણા | ૭૩,૩૦૧ |
| ૮. | બેચરાજી | ૧૮,૪૧૨ |
| ૯. | કડી | ૫૯,૦૮૮ |
| | **મહેસાણા જિલ્લાનું કુલ** | **૪,૦૦,૧૭૧** |

--------

**મહેસાણા જિલ્લામાં ખેડૂત શિબિરો**

અતારાંકિતઃ ૩૭૭૭ (૧૬-૧૦-૨૦૧૪) **શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) :** માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) મહેસાણા જિલ્લામાં નાણાંકીય વર્ષ ૨૦૧૧-૧૨, ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪ માં કુલ કેટલી શિબિરો યોજવામાં આવી, અને

(૨) તેમાં કેટલા ખેડૂતોએ ભાગ લીધો ?

**કૃષિ મંત્રીશ્રી :** (૧૯–૧૧–૨૦૧૪)

(૧) મહેસાણા જિલ્લામાં નાણાંકીય વર્ષ ૨૦૧૧–૧૨, ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ માં કુલ ૪૦ ખેડૂત શિબિરો યોજવામાં આવી.

(૨) તેમાં ૫૩૬૭ ખેડૂતોએ ભાગ લીધો.

--------

**પશુધન વસ્તી ગણતરી સને–૨૦૧૨માં પશુઓની વસ્તી બાબત**

અતારાંકિતઃ ૩૮૫૯ (૧૬–૧૦–૨૦૧૪) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૩–૨૦૧૪ ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા દર પાંચ વર્ષે કરાતી પશુધનની વસ્તી ગણતરી વર્ષ–૨૦૧૨ માં કરવામાં આવેલ ગણતરી મુજબ જિલ્લાવાર પશુવાર કેટલી વસ્તી નોંધાઇ,

(૨) પશુવાર નોંધાયેલ વસ્તીમાં પાંચ વર્ષમાં ઘટાડો કે વધારો થયેલ છે, અને

(૩) તેનાં શાં કારણો છે ?

**પશુપાલન મંત્રીશ્રી :** (૧૮–૧૧–૨૦૧૪)

(૧) ભારત સરકારશ્રીના કૃષિ મંત્રાલયના પશુપાલન, ડેરીંગ અને ફીસરીઝ વિભાગ, નવી દિલ્હી દ્વારા દર પાંચ વર્ષે પશુધન વસતિ ગણતરીની કામગીરી સમગ્ર દેશમાં હાથ ધરવામાં આવે છે. છેલ્લે ૧૯મી પશુધન વસતિ ગણતરી વર્ષ ૨૦૧૨ માં કરવામાં આવેલ હતી. ભારત સરકારશ્રી દ્વારા રાષ્ટ્રીય કક્ષાએ ગુજરાત રાજ્ય માટે રાજ્ય કક્ષાના પશુધન વસતિ ગણતરીના પરીણામો આખરીકરણ કરી જાહેર કરેલ છે. પરંતુ જિલ્લા/તાલુકા/ગ્રામ્ય કક્ષાના પશુધન વસતિ ગણતરીના પરિણામો આખરીકરણ કરીને જાહેર કરેલ નથી. તેથી જિલ્લાવાર પશુવાર વસ્તી નોંધણીની વિગતો પ્રાપ્ત થયેલ નથી.

(૨) જિલ્લાવાર પશુવાર વસ્તી નોંધણીની વિગતો પ્રાપ્ય થયેલ ન હોવાથી પાંચ વર્ષમાં કેટલો વધારો કે ઘટાડો થયેલ છે તે તારવી શકાય તેમ નથી.

(૩) ખંડ–૨ ના જવાબ મુજબ કારણ તારવી શકાય તેમ નથી.

--------

**રાજ્યમાં પાંજરાપોળોને ઇન્ફરમરીઝ જાહેર કરવા અંગે**

અતારાંકિતઃ ૩૮૭૩ (૧૬–૧૦–૨૦૧૪) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૩–૨૦૧૪ ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર એસ.પી.સી.એ. (સોસાયટી ફોર ક્રુઅલ્ટી ટુ એનીમલ) ની રચના અંતર્ગત જિલ્લાવાર પાંજરાપોળોને ઇનફરમરીઝ જાહેર કરવામાં આવી છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો જામનગર, દેવભૂમિ દ્વારકા તથા રાજકોટ જિલ્લામાં અને ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ ના વર્ષમાં આવી કઇ કઇ ઇનફરમરીઝને કેટલી ગ્રાન્ટ ચૂકવવામાં આવી છે ?

**પશુપાલન મંત્રીશ્રી :** (૧૮–૧૧–૨૦૧૪)

(૧) હા, જી.

(૨) પત્રક આ સાથે નીચે મુજબ સામેલ છે.

**પત્રક**

| અ. નં. | જિલ્લાનું નામ | જિલ્લા એસ.પી.સી.એ. ને ફાળવેલ રકમ રૂ. | | ઇનફરમરીઝનું નામ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| | | ૨૦૧૨–૧૩ | ૨૦૧૩–૧૪ | | |
| ૧. | જામનગર | ૩,૭૦,૩૭૦ | ૩,૭૦,૩૭૦ | જામનગર પાંજરાપોળ | અત્રેની કચેરી દ્વારા જે તે જિલ્લાની એસ.પી.સી.એ. (સોસાયટી ફોર ક્રુઅલ્ટી ટુ એનીમલ) ને ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. એસ.પી.સી.એ દ્વારા જે તે ઇન્ફરમરીઝને ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. |
| ૨. | દેવભૂમિ દ્વારકા | — | — | | |
| ૩. | રાજકોટ | ૩,૭૦,૩૭૦ | ૩,૭૦,૩૭૦ | શ્રી રાજકોટ મહાજન પાંજરાપોળ | |

--------

તા.૩જી માર્ચ, ૨૦૨૦

પહેલી અતારાંકિત યાદી

**રાજ્યમાં પાંજરાપોળોને ઇનફરમરીઝ જાહેર કરવા અંગે**

અતારાંકિતઃ ૩૮૭૪ (૧૬–૧૦–૨૦૧૪) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૩–૨૦૧૪ ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર એસ.પી.સી.એ. (સોસાયટી ફોર ક્રુઅલ્ટી ટુ એનીમલ) ની રચના અંતર્ગત જિલ્લાવાર પાંજરાપોળોને ઇનફરમરીઝ જાહેર કરવામાં આવી છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો કચ્છ, બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં અને ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ ના વર્ષમાં આવી કઇ કઇ ઇનફરમરીઝને કેટલી ગ્રાન્ટ મંજૂર કરી કેટલી રકમ ચૂકવવામાં આવી છે ?

**પશુપાલન મંત્રીશ્રી :** (૧૮–૧૧–૨૦૧૪)

(૧) હા, જી.

(૨) પત્રક આ સાથે નીચે મુજબ સામેલ છે.

**પત્રક**

| અ. નં. | જિલ્લાનું નામ | જિલ્લા એસ.પી.સી.એ. ને ફાળવેલ રકમ રૂ. | | ઇન્ફરમરીઝનું નામ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| | | **૨૦૧૨–૧૩** | **૨૦૧૩–૧૪** | | |
| ૧. | કચ્છ–ભુજ(૧) | ૩,૭૦,૩૭૦ | ૩,૭૦,૩૭૦ | શ્રી પ્રાગપુર પાંજરાપોળ, પ્રાગપુર | અત્રેની કચેરી દ્વારા જે તે જિલ્લાની એસ.પી.સી.એ. (સોસાયટી ફોર ક્રુઅલ્ટી ટુ એનીમલ) ને ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. એસ.પી.સી.એ. દ્વારા જે તે ઇન્ફરમરીઝને ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. |
| | કચ્છ–ભુજ(૨) | ૩,૭૦,૩૭૦ | ૩,૭૦,૩૭૦ | શ્રી ગૌશાળા સેવા સમિતિ, ગાંધીધામ | |
| ૨. | બનાસકાંઠા | ૩,૭૦,૩૭૦ | ૩,૭૦,૩૭૦ | શ્રી જલારામ ગૌસેવા કેન્દ્ર, ભાભર | |
| ૩. | પાટણ | ૩,૭૦,૩૭૦ | ૩,૭૦,૩૭૦ | શ્રી પાટણ પાંજરાપોળ, પાટણ | |

––––––

**મહેસાણા જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં મધ્યાહન ભોજન માટે ખાસ ઓરડા**

અતારાંકિતઃ ૩૭૫૦(૧૭–૧૦–૧૪) **શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) :** માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧/૦૮/૨૦૧૪ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી પ્રાથમિક શાળાઓ આવેલી છે, અને

(૨) ઉપરોક્ત સ્થિતિએ કેટલી સરકારી પ્રાથમિક શાળાઓમાં મધ્યાહન ભોજન તૈયાર કરવા માટે ખાસ ઓરડા અને બાળકોને જમવા માટે સુવિધા નથી?

**શિક્ષણ મંત્રીશ્રી :** (૧૯–૧૧–૧૪)

(૧) તા.૩૧/૮/૨૦૧૪ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર નીચે પ્રમાણે સરકારી પ્રાથમિક શાળાઓ આવેલ છે.

| ક્રમ | તાલુકો | પ્રાથમિક શાળાઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | બેચરાજી | ૭૬ |
| ૨ | કડી | ૧૪૮ |
| ૩ | ખેરાલુ | ૧૦૩ |
| ૪ | મહેસાણા | ૧૮૩ |
| ૫ | સતલાસણા | ૮૭ |
| ૬ | ઉંઝા | ૭૦ |
| ૭ | વડનગર | ૯૯ |
| ૮ | વીજાપુર | ૧૨૯ |
| ૯ | વિસનગર | ૧૧૦ |
| | **કુલ** | **૧૦૦૫** |

(૨) ઉપરોક્ત સ્થિતિએ કુલ ૩૦ સરકારી પ્રાથમિક શાળાઓમાં મધ્યાહન ભોજન તૈયાર કરવા માટેની ખાસ ઓરડાની સુવિધા નથી.

--------

**નાણા વિભાગ અને તેની તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ**

અતારાંકિતઃ ૩૩૭૮ (૨૦-૦૯-૧૪) **ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) :** માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧/૦૭/૨૦૧૪ની સ્થિતિએ નાણા વિભાગ અને તેની તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ સંર્વગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે. ?

**નાણા મંત્રીશ્રી :** (૧૨-૧૧-૧૪)

(૧) (૨) અને (૩)

| ક્રમ | કચેરી | સંવર્ગ | મંજુર થયેલ | ભરાયેલ | ખાલી જગ્યાઓ |
|---|---|---|---|---|---|
| ૧ | નાણા વિભાગ (પ્રોપર) | વર્ગ-૧ | ૪૦ | ૨૯ | ૧૧ |
| | | વર્ગ-૨ | ૬૪ | ૫૦ | ૧૪ |
| | | વર્ગ-૩ | ૧૯૮ | ૧૦૦ | ૯૮ |
| | | વર્ગ-૪ | ૫૯ | ૩૦ | ૨૯ |
| ૨ | વાણિજિયક વેરા કમિશનરની કચેરી | વર્ગ-૧ | ૩૮૧ | ૧૫૭ | ૨૨૪ |
| | | વર્ગ-૨ | ૭૨૨ | ૨૫૯ | ૪૬૩ |
| | | વર્ગ-૩ | ૩૬૫૦ | ૩૦૦૨ | ૬૪૮ |
| | | વર્ગ-૪ | ૫૦૯ | ૩૩૦ | ૧૭૯ |
| ૩ | હિસાબ અને તિજોરી નિયામક પેન્શન અને પ્રો. ફંડની કચેરી સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી | વર્ગ-૧ | ૨૫૮ | ૧૬૯ | ૮૯ |
| | | વર્ગ-૨ | ૪૫૫ | ૨૭૯ | ૧૭૬ |
| | | વર્ગ-૩ | ૩૭૫૮ | ૨૬૨૫ | ૧૧૩૩ |
| | | વર્ગ-૪ | ૪૪૭ | ૩૩૮ | ૧૦૯ |
| ૪ | વીમા નિયામક | વર્ગ-૧ | ૨ | ૨ | - |
| | | વર્ગ-૨ | ૧૦ | ૩ | ૭ |
| | | વર્ગ-૩ | ૪૯ | ૨૩ | ૨૬ |
| | | વર્ગ-૪ | ૯ | ૮ | ૧ |
| ૫ | ગુજરાત વેલ્યુ એડેડ ટ્રીબ્યુનલ | વર્ગ-૧ | ૨ | ૨ | - |
| | | વર્ગ-૨ | ૫ | ૪ | ૧ |
| | | વર્ગ-૩ | ૧૪ | ૧૧ | ૩ |
| | | વર્ગ-૪ | ૬ | ૫ | ૧ |

જે તે જગ્યાના ભરતી નિયમો તથા સામાન્ય વહીવટ વિભાગના સામાન્ય નીતિ નિયમોની જોગવાઈ લક્ષમાં લઈ સીધી ભરતીના માંગણા પત્રક મોકલવાની તથા બઢતીની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે, અને તે મુજબ કાર્યવાહી કરવામાં આવી રહી છે.

--------

**રાજ્યમાં સરકારી હોમિયોપેથીક કોલેજોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ**

અતારાંકિતઃ ૩૫૫૬(૧૭-૦૯-૧૪) **ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) :** માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧/૦૭/૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર હોમિયોપેથીક અભ્યાસક્રમ માટે સરકારી કોલેજો કેટલી છે,

(૨) ઊક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

(૩) ભરાયેલ જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ સીધી ભરતી/ફીક્સ પગારથી ભરાયેલ છે, અને

(૪) સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે અને રાજ્ય સરકાર ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવા માંગે છે?

**આરોગ્ય મંત્રીશ્રી :** (૨૯-૧૦-૧૪)

(૧) ૧ (એક)

(૨) વર્ગ-૧ ૧૪
વર્ગ-૨ ૧૬
વર્ગ-૩ ૩૨

(૩) શૂન્ય

(૪) વર્ગ-૧ ૧૪
વર્ગ-૨ ૧૬
વર્ગ-૩ ૩૨

ઊપરોક્ત જગ્યાઓના સુધારેલ ભરતી નિયમો પ્રસિધ્ધ થતાં માંગણા પત્રકો મોકલીને વહેલામાં વહેલી તકે ભરવામાં આવશે.

--------

**રાજ્યમાં સ્ત્રી આરોગ્ય નિરીક્ષકની નિમણૂંક બાબત**

અતારાંકિતઃ ૩૬૧૪ (૨૦-૦૯-૧૪) **ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) :** માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧/૦૮/૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં કેટલા તાલુકાઓમાં તાલુકા આરોગ્ય કચેરીમાં સ્ત્રી આરોગ્ય નિરીક્ષકની નિમણૂંક થયેલ છે અને કેટલા તાલુકાઓમાં આ જગ્યા ખાલી છે,

(૨) ઉક્ત ખાલી જગ્યાઓ કયારથી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ સરકાર ક્યાં સુધીમાં ભરવા માંગે છે?

**આરોગ્ય મંત્રીશ્રી :** (૧૯-૧૧-૧૪)

(૧) સામેલ *પત્રક-૧ મુજબ ૧૦૮ તાલુકામાં નિમણૂંક થયેલ છે અને ૧૩૫ તાલુકામાં જગા ખાલી છે.

(૨) સામેલ *પત્રક-૨ મુજબ

(૩) પંચાયત સંવર્ગની આ જગાઓ ભરવાની જવાબદારી જે તે જિલ્લા પંચાયતની છે. ખાલી જગાઓ તાત્કાલિક ભરવા સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓને સૂચન આપવામાં આવેલ છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

--------

**રાજ્યમાં સરકારી હોસ્પિટલોમાં મધ્યમ વર્ગના દર્દીઓ માટે પ્રાણ ઘાતક રોગોના ઈલાજ માટે વ્યવસ્થા**

અતારાંકિતઃ ૩૬૩૨ (૧૦-૧૦-૧૪) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧/૦૮/૨૦૧૪ની સ્થિતિએ રાજ્યની સરકારી હોસ્પિટલોમાં પ્રાણ ઘાતક અને અતીશય ગંભીર રોગોના ઈલાજો માટે આવતા મધ્યમ વર્ગના દર્દીઓને માટે ઈલાજ કરવા માટે સરકારે કોઈ વ્યવસ્થા હાથ ધરી છે, અને

(૨) જો હા, તો તેની શી વિગતો છે?

**આરોગ્ય મંત્રીશ્રી :** (૧૮-૧૧-૧૪)

(૧) હા, જી

(૨) તબીબી સેવા વિભાગના નિયંત્રણ હેઠળની તમામ સરકારી હોસ્પિટલોમાં ઉપલબ્ધ સુવિધાનુસાર સારવાર મેળવવા આવતા દર્દીઓને મફત સારવાર આપવામાં આવે છે.

રાજ્ય સરકારે ચાલુ નાણાકીય વર્ષ–૨૦૧૪–૧૫માં **''મા''** યોજનાનો વ્યાપ વધારી મુખ્ય મંત્રી અમૃતમ વાત્સલ્ય યોજના તા.૧૫–૦૮–૨૦૧૪ થી અમલમાં મુકેલ છે, જેમાં વાર્ષિક રૂ. ૧.૨૦ લાખ થી ઓછી આવક ધરાવતા નીચલા મધ્યમ વર્ગના પરિવારોની તમામ મહિલાઓ અને તેમના ૨૧ વર્ષથી ઓછી ઉમરના બાળકોને યોજના હેઠળ આવરી લેવાયા છે. યોજનાના અમલથી રાજ્યના હજારો કુટુંબોને ૭ ગંભીર બિમારીઓ બનર્સ (દાઝેલા), હૃદયના ગંભીર રોગો, કીડનીના ગંભીર રોગો, મગજના ગંભીર રોગો, ગંભીર ઈજાઓ, નવજાત શીશુઓના ગંભીર રોગો, અને કેન્સર (કેન્સર સર્જરી, કેમોથેરાપી તથા રેડીઓથેરાપી) ની કુલ–૫૪૪ જેટલી પ્રોસીજર માટે ઉત્તમ પ્રકારની સારવાર આપવામાં આવે છે. યોજના હેઠળ લાભાર્થીઓને હોસ્પિટલ ખાતે સારવારના હેતુ માટે આવવા–જવા ના ભાડા પેટે રૂ. ૩૦૦/– ચૂકવવામાં આવે છે. આ યોજના સાથે જોડાયેલ **૪૧** ખાનગી તેમજ **૧૯** સરકારી સુવિધા ધરાવતી હોસ્પિટલોમાં જઈને વધુ લાભ લઈ શકે છે.

મધ્યમ વર્ગના વાર્ષિક રૂ. ૨.૦૦ લાખથી ઓછી આવક ધરાવનારા દર્દીઓને કીડનીના રોગ, હૃદય રોગ અને કેન્સરના ઈલાજ માટે નીચે જણાવેલ હોસ્પિટલોમાં પણ ૫૦ % ના દરે સારવાર આપવામાં આવે છે.

(૧) ઈન્સ્ટીટ્યુટ ઓફ કીડની ડીસીઝ એન્ડ રીસર્ચ, અમદાવાદ.

(૨) યુ.એન. મહેતા ઈન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડીયોલોજી, અમદાવાદ.

(૩) ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ, અમદાવાદ.

--------

## મહેસાણા જિલ્લામાં બોગસ ડીગ્રી ધરાવતા ડોકટરોની ધરપકડ

અતારાંકિતઃ ૩૬૯૪ (૧–૧૦–૧૪) **શ્રી પ્રહલાદભાઈ ઈ. પટેલ(વિજાપુર) :** માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧/૦૮/૨૦૧૪ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં તાલુકાવાર કેટલા બોગસ ડીગ્રી ધરાવતા ડોકટરોની ધરપકડ કરવામાં આવી, અને

(૨) તે ડોકટરો સામે સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવ્યા?

**આરોગ્ય મંત્રીશ્રી :** (૧૮–૧૧–૧૪)

(૧) મહેસાણા જિલ્લામાં તા.૩૧/૦૮/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં નીચે જણાવ્યા મુજબ તાલુકાવાર બોગસ ડીગ્રી ધરાવતા ડોકટરોની ધરપકડ કરવામાં આવેલ છે.

| | | |
|---|---|---|
| (૧) | ખેરાલુ | – ૧ (એક) |
| (૨) | વડનગર | – ૧ (એક) |
| (૩) | વિજાપુર | – ૧ (એક) |
| (૪) | સતલાસણા | – ૩ (ત્રણ) |
| (૫) | કડી | – ૪ (ચાર) |

(૨) બોગસ ડીગ્રી ધરાવતા ડોકટરો દ્વારા અપાતી સારવાર અટકાવવા સરકારશ્રી દ્વારા તમામ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી તથા તમામ જિલ્લા આયુર્વેદ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવેલ છે. તે મુજબ તેઓ દ્વારા ચકાસણી કરી બોગસ ડીગ્રી ધરાવતાં તબીબ માલુમ પડે તો પોલીસ ફરીયાદ કરવામાં આવે છે.

--------

## રાજ્યના પ્રવાસન સ્થળો વિકસાવવા માટે ટુરિઝમના કેમ્પેઈન પાછળ ખર્ચ

અતારાંકિતઃ ૩૪૦૦(૨૦–૦૯–૧૪) **ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) :** માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજ્યના પ્રવાસન સ્થળો વિકસાવવા માટે ટુરિઝમના કેમ્પેઈન પાછળ તા.૩૧–૦૮–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) કરવામાં આવેલ ખર્ચ બજેટના કયા હેડ હેઠળ ઉધારવામાં આવ્યો?

**પ્રવાસન મંત્રીશ્રી :** (૧૫–૧૧–૧૪)

તા.૩જી માર્ચ, ૨૦૨૦
પહેલી અતારાંકિત યાદી

(૧) રાજ્યના પ્રવાસન સ્થળો વિકસાવવા માટે ટુરિઝમના કેમ્પેઈન પાછળ નીચેની વિગતે છેલ્લા પાંચ વર્ષ દરમિયાન તા.૩૧-૦૮-૨૦૧૪ની સ્થિતિએ વર્ષવાર ખર્ચ નીચેની વિગતે છે.

| | | |
|---|---|---|
| વર્ષ | ૨૦૧૦-૧૧ | રૂપિયા ૧૭,૫૬,૩૮,૮૬૫/- |
| વર્ષ | ૨૦૧૧-૧૨ | રૂપિયા ૪૨,૬૧,૦૫,૫૭૫/- |
| વર્ષ | ૨૦૧૨-૧૩ | રૂપિયા ૫૨,૭૧,૩૦,૯૯૪/- |
| વર્ષ | ૨૦૧૩-૧૪ | રૂપિયા ૪૬,૩૩,૦૭,૧૦૭/- |
| વર્ષ | ૨૦૧૪-૧૫ | રૂપિયા ૦૮,૧૩,૪૪,૪૮૭/- |

(૨) પ્રવાસન પ્રોત્સાહન ઝુંબેશ યોજનાના બજેટ હેડ હેઠળ ઉધારવામાં આવેલ છે.

--------

**શ્રમ અને રોજગાર વિભાગ અને તેની તાબા હેઠળની કચેરીઓનું સંવર્ગવાર મંજૂર મહેકમ**

અતારાંકિતઃ ૩૪૧૫ (૨૦-૦૯-૨૦૧૪) **ડાં. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) :** માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૮-૨૦૧૪ ની સ્થિતિએ શ્રમ અને રોજગાર વિભાગ અને તેની તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને

(૩) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે અને આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી :** (૧૩-૧૧-૨૦૧૪)

(૧) તા.૩૧-૦૮-૨૦૧૪ ની સ્થિતિએ શ્રમ અને રોજગાર વિભાગમાં અને તેની તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમની માહિતી નીચે મુજબ છે.

| કચેરી | વર્ગ-૧ | વર્ગ-૨ | વર્ગ-૩ | વર્ગ-૪ |
|---|---|---|---|---|
| વિભાગ | ૭ | ૧૧ | ૫૧ | ૧૮ |
| વિભાગ હેઠળની કચેરીઓ | ૧૭૮ | ૬૫૮ | ૧૦૩૩૯ | ૧૧૮૨ |
| **કુલ** | **૧૮૫** | **૬૬૯** | **૧૦૩૯૦** | **૧૨૦૦** |

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર ભરાયેલ જગ્યાઓ નીચે મુજબ છે.

| કચેરી | વર્ગ-૧ | વર્ગ-૨ | વર્ગ-૩ | વર્ગ-૪ |
|---|---|---|---|---|
| વિભાગ | ૫ | ૧૦ | ૩૬ | ૯ |
| વિભાગ હેઠળની કચેરીઓ | ૮૬ | ૩૧૮ | ૭૦૨૦ | ૭૩૪ |
| **કુલ** | **૯૧** | **૩૨૮** | **૭૦૫૬** | **૭૪૩** |

(૩) (અ) તે પૈકી સંવર્ગવાર ખાલી જગ્યાઓની માહિતી નીચે મુજબ છે.

| કચેરી | વર્ગ-૧ | વર્ગ-૨ | વર્ગ-૩ | વર્ગ-૪ |
|---|---|---|---|---|
| વિભાગ | ૨ | ૧ | ૧૫ | ૯ |
| વિભાગ હેઠળની કચેરીઓ | ૯૨ | ૩૪૦ | ૩૩૦૯ | ૩૪૮ |
| **કુલ** | **૯૪** | **૩૪૧** | **૩૩૨૪** | **૩૫૭** |

(બ) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

વિભાગની ખાલી જગ્યાઓ ભરવાની કાર્યવાહી સામાન્ય વહીવટ વિભાગ હસ્તક છે. કચેરીઓની વર્ગ-૧ અને વર્ગ-૨ સંવર્ગની ભરતીઓ કરવાની કાર્યવાહી વિભાગ તથા ગુજરાત જાહેર સેવા આયોગ કક્ષાએ હાથ ધરવામાં આવેલ છે. વર્ગ-૩ અને વર્ગ-૪ સંવર્ગની જગ્યાઓની ભરતી વહીવટી અનુકુળતા ધ્યાને લઈ ખાતા મારફત સીધી ભરતીથી અને ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ભરવા અને ડ્રાઈવર તથા વર્ગ-૪ની જગ્યાઓ આઉટસોર્સીંગથી ભરવા મંજુરી આપવામાં આવેલ છે અને ભરતી પ્રક્રિયાના અંતે જગ્યાઓ ભરવામાં આવશે.

--------

**ગુજરાત લૉ કમિશનની ભલામણો પરત્વે લીધેલ પગલાં**

અતારાંકિતઃ ૩૬૬૯ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય કાયદા મંત્રીશ્રી(રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) ગુજરાત રાજ્ય કાયદાપંચ તરફથી તા. ૩૦ જૂન ૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ચાર વર્ષમાં રાજ્ય સરકારને કઈ ભલામણો પ્રાપ્ત થઈ,

(૨) આ ભલામણો કેવા પ્રકારની અને કયા સંબંધમાં હતી, અને

(૩) કાયદાપંચની ભલામણો અન્વયે રાજ્ય સરકારે શા પગલાં લીધા ?

**કાયદા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) :** (૨૪–૧૧–૨૦૧૪)

(૧) ૩ (ત્રણ)

(૨) (૧) ગુજરાત રાજ્યમાં અમલી હોય તેવા "મુંબઈ અધિનિયમ"ના શિર્ષકવાળા કાયદાઓમાં "મુંબઈ અધિનિયમ" ના બદલે "ગુજરાત અધિનિયમ" કરવા બાબત.

(૨) ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (સુધારા) અધિનિયમ, ૧૯૯૭ (સન ૧૯૯૭ના ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૭ સુધારેલા)ની કલમ ૮૯–ક માં યોગ્ય સુધારા બાબત.

(૩) અગરિયા અને તેમના પરિવારના સભ્યોના સ્વાસ્થ્યના ભોગે મીઠાનું ઉત્પાદન : ગુજરાત રાજ્યમાં આ અંગે ખાસ કાયદાની જરૂરીયાત.

(૩) (૧) અનુક્રમ નં.–૧ સામે દર્શાવેલ ભલામણનો અમલ કરવામાં આવેલ છે.

(૨) અનુક્રમ નં..–૨ અને ૨ સામે દર્શાવેલ ભલામણો ચકાસણી હેઠળ છે.

--------

**સૌની યોજના હેઠળ જામનગર, રાજકોટ અને મોરબી જિલ્લાના ડેમો ભરવા બાબત**

અતારાંકિતઃ ૩૬૭૪ (૧૬–૧૦–૨૦૧૪) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) સૌની યોજના અંતર્ગત જામનગર, રાજકોટ અને મોરબી જિલ્લાના ડેમો ભરવાની યોજના તા. ૩૧–૭–૨૦૧૪ની સ્થિતિએ અમલમાં છે તે હકીકત સાચી છે,

(૨) જો હા તો, ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કયા જળાશયો આ યોજના અંતર્ગત પાણીથી ભરવામાં આવ્યા,

(૩) આ યોજના હેઠળ કયા જળાશયોને પાણીથી ભરવાનો લાભ આપવાનો બાકી છે, અને

(૪) આ જિલ્લાઓના તમામ જળાશયોને ક્યાં સુધીમાં ભરવામાં આવનાર છે ?

**જળસંપત્તિ મંત્રીશ્રી :** (૧૨–૧૧–૨૦૧૪)

(૧) હા જી.

(૨) યોજનાનાં કામો પ્રગતિ હેઠળ છે જેથી હાલ લાભિત જળાશયો આ યોજના હેઠળ ભરી શકાયેલ નથી.

(૩) તમામ લાભિત જળાશયોને લાભ આપવાનો બાકી છે.

(૪) આ જિલ્લાઓના લાભિત તમામ જળાશયોને માર્ચ ૨૦૧૮ સુધીમાં ભરવાનું આયોજન છે.

--------

**મહેસાણા જિલ્લામાં નર્મદાનું તથા ધરોઈનું ખેતી તથા પીવાનું પાણી બાબત**

અતારાંકિતઃ ૩૭૬૪ (૧૬–૧૦–૨૦૧૪) **શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) :** માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૮–૨૦૧૪ ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોને સિંચાઈ પાણી મળી રહે છે,

(૨) કેટલા ગામોને સિંચાઈ માટે પાણી પહોંચતું કરવાનું બાકી છે, અને

(૩) બાકી રહેલા ગામોને ક્યાં સુધી પાણી પહોંચાડવાની યોજના છે ?

**જળસંપત્તિ મંત્રીશ્રી :** (૨૧-૧૧-૨૦૧૪)

(૧) તાલુકાવાર નીચે દર્શાવ્યા મુજબના કુલ ૪૫૭ ગામો.

| તાલુકો | સિંચાઈ વિસ્તાર હેઠળના ગામો | | | |
|---|---|---|---|---|
| | કેનાલ દ્વારા | ઉદવહન પાઈપ લાઈન દ્વારા | | નર્મદા યોજનાની નહેરો દ્વારા |
| | | ગામોની સંખ્યા | તળાવોની સંખ્યા | |
| સતલાસણા | ૦૮ | - | - | - |
| ખેરાલુ | ૦૮ | ૦૯ | ૧૩ | - |
| વડનગર | ૪૦ | ૦૨ | ૦૨ | - |
| વિસનગર | ૫૭ | ૦૩ | ૦૭ | - |
| વિજાપુર | ૪૬ | ૧૦ | ૧૧ | - |
| ઉંઝા | ૩૨ | - | - | - |
| મહેસાણા | ૪૨ | ૦૯ | ૧૨ | ૩ |
| કડી | - | ૦૫ | ૦૫ | ૮૦ |
| બેચરાજી | - | ૦૮ | ૨૨ | ૨૩ |
| **કુલ** | **૨૩૩** | **૪૬** | **૭૨** | **૧૦૬** |

૨) કેનાલથી વિજાપુર તાલુકાના ૯ ગામોને અને પાઈપ લાઈનથી લુણાસણ ગામનું એક તળાવ જોડવાની કામગીરી પ્રગતિમાં છે. જ્યારે નર્મદા યોજનાની નહેર વિસ્તાર પૈકી બેચરાજી તાલુકાના ૧૩, મહેસાણા તાલુકાના ૩ અને કડી તાલુકાના ૮ ગામોની નહેરોના વિકાસના કામો પ્રગતિ હેઠળ હોઈ સિંચાઈ સુવિધા મળતી નથી..

(૩) જમીન સંપાદનની કામગીરી પૂર્ણ થયા બાદ નહેરનું કામ પૂર્ણ કરી નહેરથી પાણી આપવામાં આવશે જ્યારે પાઈપ લાઈનથી લુણાસણ ગામનું એક તળાવ જોડવાની કામગીરી ડીસેમ્બર ૨૦૧૪ સુધીમાં પૂર્ણ કરી તળાવ ભરવામાં આવશે. જ્યારે
નર્મદા યોજનાની નહેર વિસ્તારમાં જમીન સંપાદન અને અન્ય યુટિલિટી ક્રોસિંગ્સ બાબતે સંબંધિત વિભાગોની મંજુરી મળ્યેથી વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.

--------

**મહેસાણા જિલ્લામાં નહેર મારફતે સિંચાઈ સુવિધા બાબત**

અતારાંકિતઃ ૩૭૬૫ (૧૬-૧૦-૨૦૧૪) **શ્રી પ્રહલાદભાઈ ઈ. પટેલ(વિજાપુર) :** માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

તા.૩૧-૦૮-૨૦૧૪ ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોને નહેર મારફતે સિંચાઈ સુવિધા મળતી નથી ?

**જળસંપત્તિ મંત્રીશ્રી :** (૨૧-૧૧-૨૦૧૪)

તાલુકાવાર નીચે દર્શાવ્યા મુજબના કુલ ૪૦૪ ગામો

| તાલુકો | સિંચાઈ વિસ્તાર હેઠળ આવરી લેવાયેલ ન હોય તેવા ગામો. | |
|---|---|---|
| | ધરોઈ યોજનાની નહેરો દ્વારા | નર્મદા કમાન્ડ વિસ્તારની નહેરો દ્વારા |
| સતલાસણા | ૬૪ | - |
| ખેરાલુ | ૪૪ | - |
| વડનગર | ૦૫ | - |
| વિસનગર | ૦૩ | - |
| વિજાપુર | ૧૯ | - |
| ઉંઝા | ૦૦ | - |
| મહેસાણા | ૫૬ | ૦૧ |
| બેચરાજી | - | ૧૩ |
| કડી | - | ૦૮ |

| | | |
|---|---|---|
| કુલ | ૩૮૨ | ૨૨ |

---------

**મહેસાણા જિલ્લામાં મોટા–મધ્યમ–નાના સિંચાઈ ડેમો બાંધવાની કામગીરી**

અતારાંકિતઃ ૩૭૬૮ (૧૬–૧૦–૨૦૧૪) **શ્રી પ્રહલાદભાઈ ઇ. પટેલ(વિજાપુર) :** માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૮–૨૦૧૪ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં કયા સ્થળે મોટા, મધ્યમ અને નાની કક્ષાના સિંચાઈ ડેમો બાંધવા માટે ઉક્ત સ્થિતિએ મંજૂરી આપવામાં આવી છે,

(૨) તે પૈકી કયા સ્થળે ડેમો બનાવવાના પૂર્ણ થઈ ગયા છે,

(૩) કેટલા ચાલુ છે, અને

(૪) કેટલા બનાવવાની શરૂઆત થઈ નથી ?

**જળસંપત્તિ મંત્રીશ્રી :** (૧૯–૧૧–૨૦૧૪)

(૧) કોઈ મંજૂરી આપવામાં આવેલ નથી.

(૨)
(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૪)

---------

**વિજાપુર તાલુકાની સાબરમતી નદી પર ચેકડેમ બનાવવા બાબત**

અતારાંકિતઃ ૩૭૬૯ (૧૬–૧૦–૨૦૧૪) **શ્રી પ્રહલાદભાઈ ઇ. પટેલ(વિજાપુર) :** માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૮–૨૦૧૪ ની સ્થિતિએ વિજાપુર તાલુકાની સાબરમતી નદી પર છેલ્લા બે વર્ષમાં કેટલા ચેકડેમ મંજુર કરવામાં આવ્યા,

(૨) કેટલા બનાવ્યા પછી તૂટી ગયા, અને

(૩) કેટલા બનાવવાના બાકી છે અને કેટલા તૂટી ગયા પછી પુનઃ બનાવવાના બાકી છે ?

**જળસંપત્તિ મંત્રીશ્રી :** (૧૯–૧૧–૨૦૧૪)

(૧) શૂન્ય.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**કચ્છ જિલ્લામાં ડેમો/જળાશયોમાં ગેરકાયદે માછીમારી**

અતારાંકિતઃ ૩૮૭૧ (૧૬–૧૦–૨૦૧૪) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૬–૨૦૧૪ ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં આવેલા ડેમો/જળાશયોમાં માછીમારી પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કયા ડેમો/જળાશયોમાં ગેરકાયદે માછીમારીની ઘટનામાં કેટલા આરોપીઓ કેટલા માછલાના જથ્થા સાથે પકડાયા,

(૩) આરોપીઓ સામે શી કાનૂની કાર્યવાહી કરવામાં આવી, અને

(૪) આ ડેમોમાં ગેરકાનૂની માછીમારી થતી અટકાવવા શાં પગલાં લેવાયા છે ?

**જળસંપત્તિ મંત્રીશ્રી :** (૧૨–૧૧–૨૦૧૪)

(૧) કચ્છ જિલ્લાના જળાશયોમાં માછીમારી માટેના ઈજારા નહીં આપવાનું સરકારશ્રીના બંદરો અને મત્સ્યોદ્યોગ વિભાગના ઠરાવ ક્રમાંક : એફડીવી–૧૨૯૭–એમ.આર.૩૫૦–ભાગ–૨–ટી, તા. ૧૩–૦૪–૨૦૦૫ થી ઠરાવવામાં આવેલ છે.

(૨) આવી કોઈ ઘટના ધ્યાનમાં આવેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) જવાબદારી મત્સ્યોદ્યોગ કમિશ્નરને સોંપવામાં આવેલ છે.

--------

**જામનગર જિલ્લાની બેડ બંધારા યોજનાની રેડિયલ કેનાલનું કામ બંધ હોવા બાબત**

અતારાંકિતઃ ૩૮૭૯ (૨૦–૧૦–૨૦૧૪) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) જામનગર જિલ્લાની બેડ બંધારા યોજનાની રેડીયલ કેનાલનું કામ આમરા ગામ પાસે ઘણા વખતથી બંધ પડેલ છે. તે હકિકત તા. ૩૧ ઓગસ્ટ–૨૦૧૪ની સ્થિતિએ સરકાર જાણે છે કે કેમ,

(૨) જો હા, તો આ કામગીરી સત્વરે પૂર્ણ કરવા સરકારે શી કાર્યવાહી હાથ ધરી છે, અને

(૩) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે?

**જળસંપત્તિ મંત્રીશ્રી :** (૧૪–૧૧–૨૦૧૪)

(૧) હા, જી.

(૨) આમરા ગામ પાસે નહેરને ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન, ભારત ઓમાન પાઈપ લાઈન તથા ગેઈલ (ઈન્ડીયા) લી. ની. ક્રુડ ટ્રાન્સમીટ પાઈપ લાઈન ક્રોસ થતી હોવાથી તેના ક્રોશીંગ માટે યોગ્ય અને સર્વસંમત સ્ટ્રકચર અંગેના પ્રશ્નનું તાત્કાલિક નિરાકરણ લાવવા ઉચ્ચ કક્ષાએ કાર્યવાહી પ્રગતિ હેઠળ છે.

(૩) પાઈપ લાઈન ક્રોસીંગના પ્રશ્નનું નિરાકરણ થયેથી, આ કામ પૂર્ણ કરવામાં આવનાર છે.

--------

**જામનગર જિલ્લામાં તાલુકાવાર બી.પી.એલ. યાદીમાં દાખલ થવા માટે મળેલ અરજીઓ**

અતારાંકિતઃ ૧૫૯ (૧૩–૬–૨૦૧૩) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૩–૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જામનગર જિલ્લામાં તાલુકાવાર બી.પી.એલ. યાદીમાં દાખલ થવા માટે કેટલી અરજીઓ મળી,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલા નામો દાખલ થયા અને કેટલી અરજીઓ રદ થઈ, અને

(૩) રદ થવાનાં કારણો શાં છે?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી :** (રાજ્યકક્ષા) (૧૩–૧૧–૨૦૧૪)

(૧) તા. ૩૧–૩–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જામનગર જિલ્લામાં તાલુકાવાર બી.પી.એલ. યાદીમાં દાખલ થવા માટે નીચે મુજબ અરજીઓ મળી,

| ક્રમ | તાલુકાનું નામ | કુલ મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | ભાણવડ | ૧૮૧૬ |
| ૨ | ધ્રોલ | ૬૫૮ |
| ૩ | જામજોધપુર | ૨૭૩૮ |
| ૪ | જામનગર | ૨૧૩૮ |
| ૫ | જોડિયા | ૭૫૯ |
| ૬ | કાલાવાડ | ૭૦૪ |
| ૭ | કલ્યાણપુર | ૧૯૩૭ |
| ૮ | ખંભાળીયા | ૧૫૯૫ |
| ૯ | લાલપુર | ૧૭૧૮ |
| ૧૦ | દ્વારકા | ૧૯૩ |
| | **કુલ** | **૧૪૨૫૬** |

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર અને તાલુકાવાર દાખલ થયેલ નામો અને રદ થયેલ અરજીઓની માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | દાખલ થયેલ નામોની સંખ્યા | રદ કરેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ભાણવડ | ૬૧૫ | ૭૧૮ |
| ૨ | ધ્રોલ | ૧૧૨ | ૨૭૬ |
| ૩ | જામજોધપુર | ૫૩૦ | ૨૦૮૩ |
| ૪ | જામનગર | ૩૫૨ | ૧૬૧૯ |
| ૫ | જોડિયા | ૧૨૮ | ૬૧૬ |
| ૬ | કાલાવાડ | ૨૬૩ | ૩૩૧ |
| ૭ | કલ્યાણપુર | ૪૬૯ | ૪૧૭ |
| ૮ | ખંભાળીયા | ૮૦૦ | ૭૭૦ |
| ૯ | લાલપુર | ૮૩૭ | ૮૦૮ |
| ૧૦ | દ્વારકા | ૧૫ | ૧૫૫ |
| | **કુલ** | **૪૧૨૧** | **૭૭૯૩** |

(૩) બી.પી.એલ. યાદીમાં પાત્રતા માટેના ૧૩ માપદંડો ધ્યાને લેતાં જમીન, પાકા મકાન તેમજ ટકાઉ ચીજ–વસ્તુઓ ધારણ કરતાં હોવાના કારણે અરજીઓ રદ કરવામાં આવેલ છે.

---------

**અમરેલી અને ભાવનગર જિલ્લામાં બી.પી.એલ. યાદીમાં દાખલ થવા માટે મળેલ અરજીઓ**

અતારાંકિતઃ ૨૫૯ (૧૮–૦૬–૨૦૧૩) **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) :** માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૩–૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અમરેલી અને ભાવનગર જિલ્લામાં તાલુકાવાર બી.પી.એલ. યાદીમાં દાખલ થવા માટે કેટલી અરજીઓ મળી,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલા નામો દાખલ થયા અને કેટલી અરજીઓ રદ થઈ, અને

(૩) રદ થવાનાં કારણો શાં છે?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી :** (રાજ્યકક્ષા) (૧૩–૧૧–૨૦૧૪)

(૧) તા. ૩૧–૩–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અમરેલી અને ભાવનગર જિલ્લામાં તાલુકાવાર બી.પી.એલ. યાદીમાં દાખલ થવા માટે નીચે મુજબ અરજીઓ મળી,

| ક્રમ | અમરેલી | | ભાવનગર | |
|---|---|---|---|---|
| | તાલુકાનું નામ | મળેલ અરજીઓની સંખ્યા | તાલુકાનું નામ | મળેલ અરજીઓની સંખ્યા |
| ૧ | અમરેલી | ૩૩૮૬ | ભાવનગર | ૪૯૭ |
| ૨ | બાબરા | ૪૦૨૫ | બોટાદ | ૧૫૭૮ |
| ૩ | બગસરા | ૫૧૬ | ગઢડા | ૩૦૬ |
| ૪ | ધારી | ૧૬૩૩ | ગારીયાધાર | ૨૨ |
| ૫ | જાફરાબાદ | ૧૯૧૪ | ઘોઘા | ૯ |
| ૬ | ખાંભા | ૨૦૮૨ | મહુધા | ૨૧૨ |
| ૭ | કુકાવાવ | ૩૩૧૩ | પાલીતાણા | ૩૮૮ |
| ૮ | લાઠી | ૩૨૪૦ | શિહોર | ૨૩૪૧ |
| ૯ | લીલીયા | ૫૫૦ | તળાજા | ૩૮૫૧ |
| ૧૦ | રાજુલા | ૧૦૭૨ | ઉમરાળા | ૧૨૪ |
| ૧૧ | સાવરકુંડલા | ૨૯૯૫ | વલ્લભીપુર | ૯૨૧ |
| | **કુલ** | **૨૪૭૨૬** | **કુલ** | **૧૦૨૪૯** |

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર અને તાલુકાવાર દાખલ થયેલ નામો અને રદ થયેલ અરજીઓની માહિતી નીચે મુજબ છે.

| | અમરેલી | ભાવનગર |
|---|---|---|

| ક્રમ | તાલુકાનું નામ | દાખલ થયેલ નામોની સંખ્યા | રદ કરેલ અરજીઓની સંખ્યા | તાલુકાનું નામ | દાખલ થયેલ નામોની સંખ્યા | રદ કરેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| ૧ | અમરેલી | ૧૪૦૩ | ૧૧૭૯ | ભાવનગર | ૧૮૧ | ૨૦૩ |
| ૨ | બાબરા | ૧૩૬૦ | ૨૨૫૨ | બોટાદ | ૨૨૬ | ૮૭૨ |
| ૩ | બગસરા | ૧૩૬ | ૧૩૬ | ગઢડા | ૬ | ૧૪૭ |
| ૪ | ધારી | ૨૮૬ | ૮૭૦ | ગારીયાધાર | ૦ | ૨૦ |
| ૫ | જાફરાબાદ | ૯૫૦ | ૭૦૯ | ઘોઘા | ૦ | ૨ |
| ૬ | ખાંભા | ૭૩૩ | ૬૫૨ | મહુધા | ૧૨૦ | ૬૨ |
| ૭ | કુકાવાવ | ૧૦૧૩ | ૨૦૩૧ | પાલીતાણા | ૬૩ | ૩૦૪ |
| ૮ | લાઠી | ૨૩૫૨ | ૫૩૬ | શિહોર | ૧૨૪૫ | ૨૪૮ |
| ૯ | લીલીયા | ૨૪૯ | ૧૧૬ | તળાજા | ૭૫ | ૩૭૬૨ |
| ૧૦ | રાજુલા | ૩૯૩ | ૩૯૫ | ઉમરાળા | ૦ | ૪૬ |
| ૧૧ | સાવરકુંડલા | ૮૦૪ | ૧૬૫૩ | વલ્લભીપુર | ૧૪૬ | ૩૪૯ |
| | **કુલ** | **૯૬૭૯** | **૧૦૫૨૯** | **કુલ** | **૨૦૬૨** | **૬૦૧૫** |

(૩) બી.પી.એલ. કુટુંબોની યાદીમાં પાત્રતા માટેના ૧૩ સામાજિક આર્થિક માપદંડોને ધ્યાને લેતાં પાત્રતા ધરાવતા ન હોવાના કારણે અરજીઓ રદ કરવામાં આવેલ છે.

--------

**રાજ્યમાં જિલ્લાવાર બી.પી.એલ. પરિવારોની સંખ્યા**

અતારાંકિતઃ ૩૩૮૪ (૧૭-૦૯-૨૦૧૪) **ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) :** માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૮-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર બી.પી.એલ. પરિવારોની સંખ્યા કેટલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર બી.પી.એલ. પરિવારોની સંખ્યામાં કેટલો વધારો-ઘટાડો થયો?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી :** (રાજ્યકક્ષા) (૧૭-૧૧-૨૦૧૪)

(૧) તા.૩૧-૦૮-૨૦૧૪ ની સ્થિતિએ જિલ્લાવાર બી.પી.એલ.પરિવારોની સંખ્યા નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લાનું નામ | બીપીએલ પરિવારોની સંખ્યા |
|---|---|---|
| ૧ | જામનગર | ૨૫૮૩૩ |
| ૨ | રાજકોટ | ૬૧૯૩૧ |
| ૩ | સુરેન્દ્રનગર | ૭૩૬૧૯ |
| ૪ | ભાવનગર | ૨૮૫૭૬ |
| ૫ | અમરેલી | ૪૪૦૨૧ |
| ૬ | જુનાગઢ | ૪૦૪૯૮ |
| ૭ | કચ્છ | ૪૯૭૧૨ |
| ૮ | બનાસકાંઠા | ૧૨૯૬૩૮ |
| ૯ | સાબરકાંઠા | ૭૧૫૫૨ |
| ૧૦ | મહેસાણા | ૫૨૦૭૮ |
| ૧૧ | ગાંધીનગર | ૧૩૮૩૯ |
| ૧૨ | અમદાવાદ | ૮૬૩૧૮ |
| ૧૩ | ખેડા | ૬૨૯૪૬ |
| ૧૪ | પંચમહાલ | ૯૭૩૫૬ |
| ૧૫ | વડોદરા | ૧૨૫૯૫૦ |
| ૧૬ | ભરૂચ | ૭૬૬૪૨ |
| ૧૭ | સુરત | ૯૭૧૨૦ |
**વિજ્ઞાન ઓ પ્રૌદ્યોગિકી વિભાગ**

---

* પહેલા દિવસની પૂરક માગણીઓ રજૂ કરવામાં આવી તે પહેલાં નાણામંત્રીશ્રીએ વર્ષ ૨૦૧૪–૧૫ના વર્ષ માટેની ખર્ચના પૂરક પત્રક માટેની બધી માગણીઓની ગુજરાત વિધાનસભાએ વિચારણા કરવા બાબતની રાજ્યપાલશ્રીની સિફારસ વાંચી સંભળાવી.

**માગણી ક્રમાંકઃ ૮૯.**

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગ સેવાને લગતી વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૧,૯૯,૯૯,૦૦૦/–પૂરક માગણી ક્રમાંકઃ ૮૯ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંકઃ૮૯ રજૂ કરવામાં આવી.**

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૮ રજૂ કરવામાં આવી.**

શ્રી આનંદભાઇ મો.ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૯ રજૂ કરવામાં આવી.**

**કૃષિ અને સહકાર વિભાગ**

**માગણી ક્રમાંકઃ ૫.**

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું સહકાર સેવાને લગતી કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૪,૦૩,૫૦,૫૬,૦૦૦/– અને મૂડી ખર્ચ માટેની રૂ. ૬,૩૧,૬૯,૦૦૦/–ની પૂરક માગણી ક્રમાંકઃ ૫ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંકઃ૫ રજૂ કરવામાં આવી.**

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૦ રજૂ કરવામાં આવી.**

શ્રી ગોવાભાઇ હ. રબારી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૧ રજૂ કરવામાં આવી.**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ**

**માગણી ક્રમાંકઃ ૧૩**

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું વીજળી શક્તિ પરિયોજના સેવાને લગતી ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૧૨,૦૬,૦૦,૦૦,૦૦૦/– અને મૂડી ખર્ચ માટેની રૂ. ૧,૭૮,૦૦,૦૦,૦૦૦/– ની પૂરક માગણી ક્રમાંકઃ ૧૩ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંકઃ૧૩ રજૂ કરવામાં આવી.**

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૨ રજૂ કરવામાં આવી.**

શ્રી બાબુભાઇ કા.વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૩ રજૂ કરવામાં આવી.**

સન ૨૦૧૪–૧૫ના વર્ષ માટેની પૂરક માગણીઓ પૈકી મંગળવાર, તા. ૩–૩–૨૦૧૫ (બીજી બેઠક) (પહેલો દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપ દરખાસ્તોની એકત્રિત યાદી.

| અનુ. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ગૃહ વિભાગ<br>માગણી નં. ૪૪ | | | | |
| ૧ | ૨૦૫૬-જેલ<br>૦૦૧- નિર્દેશ અને વહીવટ<br>૦૧-MEP- જેલ મહાનિર્દેશક<br>રૂ. ૨,૬૪,૭૨,૦૦૦<br>પાના નં. ૩૯ | ૧૦૦ | જેલ મહાનિરીક્ષકની કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અમીત ચાવડા (પુનાભાઇ ગામીત અને ગેંદાલભાઇ ડામોર) |
| ૨ | -- " -- | ૧૦૦ | જેલોમાં સી.સી.ટીવી. કેમેરા બંધ હોવાને | શ્રી મણીલાલ વાઘેલા |

| | | | | |
|---|---|---|---|---|
| | | | કારણે જેલોમાં થતી ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | (રાજેન્દ્રસિંહ ઠાકોર અને કામિનીબા રાઠોડ) |
| ૩ | -- " -- | ૧૦૦ | જેલોમાં કેદીઓ પાસેથી પ્રતિબંધિત વસ્તુઓ પકડાય ત્યારે જવાબદાર અધિકારી સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શૈલેષ પરમાર (પુનાભાઇ ગામીત અને જીતુભાઇ ચૌધરી) |
| ૪ | -- " -- | ૧૦૦ | જેલમાં કેદીઓ સુધી પહોંચાડાતી મોબાઇલ સેવાનું નેટવર્ક તોડવામા તંત્રની નિષ્ફળતા | શ્રી પુંજાભાઇ વંશ (રામસિંહ પરમાર અને છનાભાઇ ચૌધરી) |
| ૫ | -- " -- | ૧૦૦ | જેલમાં કેદીઓના સ્નેહીજનો ધ્વારા થતાં આર્થિક વ્યવહારો બંધ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. તેજશ્રીબેન પટેલ (ધીરૂભાઇ ભીલ અને ડૉ. મિતેષ ગરાસિયા) |
| **માહિતી અને પ્રસારણ વિભાગ**<br>**માગણી નં. ૫૪** | | | | |
| ૬ | ૨૨૨૦- માહિતી અને પ્રચાર<br>૦૧- ચલચિત્રો<br>૦૦૧- નિર્દેશ અને વહીવટ<br>૦૨- પ્રચાર..... ઉપયોગ<br>રૂ. ૧૨,૦૧,૮૭,૦૦૦<br>પાના નં. ૫૦ | ૧૦૦ | અખબારોમાં સરકારી જાહેરાતો પાછળ થતા બિનજરૂરી ખર્ચાઓ રોકવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (ગૌતમભાઇ ચૌહાણ) |
| ૭ | -- " -- | ૧૦૦ | અખબારોમાં અપાતી જાહેરખબરો પર અંકુશ રાખી જાહેરખબર આપવામાં થતો ભેદભાવ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અશ્વિન કોટવાલ (હીરાભાઇ પટેલ અને નિરંજન પટેલ) |
| **વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ**<br>**માગણી નં. ૮૯** | | | | |
| ૮ | ૨૦૫૨- સચિવાલય..... સેવાઓ<br>૦૯૦- સચિવાલય<br>રૂ. ૧,૯૯,૯૯,૦૦૦<br>પાના નં. ૯૬ | ૧૦૦ | જીસ્વાન નેટવર્કની નબળી કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુનાભાઇ ગામીત |
| ૯ | -- " -- | ૧૦૦ | વિભાગોના પરિપત્રો સત્વરે વેબસાઇટ ઉપર અપડેટ થાય તેનું મોનીટરીંગ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી આનંદભાઇ ચૌધરી |
| **કૃષિ અને સહકાર વિભાગ**<br>**માગણી નં. ૫** | | | | |
| ૧૦ | ૨૪૨૫- સહકાર<br>૧૦૭- ધિરાણ..... સહાય | ૧૦૦ | વ્યાજ સહાય માટે ખેડૂતોને નાણાકીય સહાય સમયસર ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કરમશીભાઇ પટેલ (ગ્યાસુદ્દીન |

| | | | | |
|---|---|---|---|---|
| | ૧૮-COP-૩૪- વ્યાજ ... સહાય<br>રૂ. ૪,૦૩,૫૦,૫૬,૦૦૦<br>પાના નં. ૪ અને ૫ | | | શેખ અને આનંદભાઇ ચૌધરી) |
| **૧૧** | ૪૪૨૫- સહકાર... જોગવાઇ<br>૧૦૭- ધિરાણ... રોકાણ<br>૦૧- COP-૨- ટોચ... બેંક<br>રૂ. ૧,૩૭,૦૦,૦૦૦<br>પાના નં. ૫ | ૧૦૦ | સહકારી બેન્કોમાં ખેડૂતોને સભાસદ બનાવી સમયસર ધિરાણ ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગોવાભાઇ રબારી (માનસિંહ ચૌહાણ અને જોઇતાભાઇ પટેલ) |
| **ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ**<br>**માગણી નં. ૧૩** | | | | |
| **૧૨** | ૨૮૦૧- વીજળી શક્તિ<br>૮૦- સામાન્ય<br>૧૦૧- વિદ્યુત... સહાય<br>૦૪- ગ્રામ પંચાયતો... સહાયકી<br>રૂ. ૪,૨૯,૯૧,૦૦,૦૦૦<br>પાન નં. ૧૩ | ૧૦૦ | ગ્રામપંચાયતો, સેવાકીય સંસ્થાઓ અને વારીગૃહોને વિના મૂલ્યે પૂરતા પ્રમાણમાં વીજ પુરવઠો પૂરો પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા (હર્ષદભાઇ રીબડીયા અને પ્રવિણભાઇ રાઠોડ) |
| **૧૩** | ૨૮૦૧- વીજળી શક્તિ<br>૮૦- સામાન્ય<br>૮૦૦- અન્ય ખર્ચ<br>૧૫- GERC કૃષિ... સહાય<br>રૂ. ૭,૭૬,૦૯,૦૦,૦૦૦<br>પાના નં. ૧૩ | ૧૦૦ | ખેડૂતોને અપાતી વીજળીની સાચી માહિતી ન મળવાથી વીજ ટેરીફની ગણતરીના સાચા અંદાજો મેળવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી રાઘવજી પટેલ (બાબુભાઇ વાજા અને મેરામણભાઇ આહીર) |

અધ્યક્ષશ્રી : પૂરક માગણીઓ પર સભાગૃહમાં ચર્ચા કરવા માટે બે દિવસ ફાળવવામાં આવ્યા છે. ચર્ચા દરમ્યાન માનનીય સભ્યશ્રીઓએ ચર્ચાની મર્યાદાનો ખ્યાલ રાખવો જરૂરી છે. આ વિશે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૨૩૪(૩) તરફ માનનીય સભ્યશ્રીઓનું હું ધ્યાન દોરું છું. આ જોગવાઇ મુજબ પૂરક માગણી પર ચર્ચા કરતી વખતે મૂળ ગ્રાન્ટને લગતી નીતિ પર ચર્ચા ન કરતાં જે બાબતોને લગતી પૂરક માગણીઓ હોય તે બાબતો પૂરતી જ ચર્ચા મર્યાદિત રાખવી. નવી સેવાઓ બાબતે ધ્યાન દોરવાનું કે તે અંગેની અનુસૂચિ માનનીય સભ્યશ્રીઓને પૂરી પાડવામાં આવી છે. નવી સેવાઓને લગતી માગણીઓના સંબંધમાં નીતિનો પ્રશ્ન ઉપસ્થિત કરી શકાય પરંતુ આ પ્રશ્ન જે બાબત ઉપર સભાગૃહનો મત લેવાનો છે તે બાબત પૂરતી મર્યાદિત રાખવી. માનનીય સભ્યશ્રીઓ તેમના મંતવ્યો રજૂ કરતી વખતે આ મુદ્દાઓ ખાસ ધ્યાનમાં રાખશે તેવી હું આશા રાખું છું.

શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : માનનીય અધ્યક્ષશ્રી, હું માગણી ક્રમાંક ૪૪માં જેલો માટે ૮,૨૭,૯૧,૦૦૦ની પૂરક માગણી માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે એને સમર્થન આપવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયની અંદર જે જેલો આવેલી છે એના માટે બજેટમાં ૯૬,૭૦,૯૭,૦૦૦ની મૂળ જોગવાઇ કરવામાં આવી હતી એમાં માનનીય મંત્રીશ્રી ૮,૨૭,૯૧,૦૦૦ની પૂરક માગણી લઇને આવ્યા છે. જેલો માટે નિર્દેશન અને વહીવટના સદરે ૨,૬૪,૭૨,૦૦૦ની પૂરક માગણીની જરૂરિયાત ઉભી થઇ છે અને એનું મુખ્ય કારણ કચેરી ખર્ચમાં વધારો તથા જે પ્રોફેશનલ સર્વિસીસ પૂરી પાડવામાં આવે છે એમાં જે ખર્ચમાં વધારો થયો છે એના કારણે આ સૂચવવામાં આવેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, રાજયની અંદર અમદાવાદ ખાતે સેન્ટ્રલ જેલ આવેલી છે એમાં ૪,૧૧,૦૬,૦૦૦ની પૂરક માગણી રજૂ કરવામાં આવી છે એમાં ખાસકરીને રેશન અને ભોજન ખર્ચમાં જે વધારો થયો છે તેમજ કચેરી ખર્ચ તેમજ જે પડતર અગાઉના બાકી બિલો હતા એના ચૂકવણા માટે ૪,૧૧,૦૬,૦૦૦ની પૂરક માગણી રજૂ કરવામાં આવી છે. રાજયની અંદર દરેક

જિલ્લાઓમાં જે જેલ આવેલી છે એના માટે ૨,૫૬,૦૦૦ની પૂરક માગણી રજૂ કરવામાં આવેલી છે જે ખાસ કરીને રેશન ખર્ચમાં વધારો થયો છે અને કચેરી ખર્ચમાં થયેલ વધારાના કારણે રજૂ કરવામાં આવી છે. માગણી નં.૪૪માં જેલોના સદરે અન્ય જે જેલો રાજયની અંદર આવેલી છે એના માટે ૨,૪૯,૫૮,૦૦૦ વધારાની રકમની જરૂરિયાત છે પરંતુ આ સદરે ૧,૦૦,૧૦૦૦ની બચત ઉપલબ્ધ હોવાના કારણે ૧,૪૯,૫૭,૦૦૦ની પૂરક માગણી રજૂ કરવામાં આવી છે. એમ માગણી નં.૪૪માં નોન પ્લાન સદરે રેવન્યુ ખર્ચ માટે મૂળ જોગવાઇ જે ૯૬,૭૦,૫૭,૦૦૦ હતી એમાં ૮,૨૭,૯૧,૦૦૦ની પૂરક માગણી માનનીય મંત્રીશ્રીએ રજૂ કરી છે એને હું સમર્થન આપુ છું અને કુલ ફાળવણી ૧૦૪ કરોડ ૯૮ લાખ ૮૮ હજાર થશે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણી લઇને આવ્યા છે એમાં આપણી જે બજેટની જોગવાઇ હતી ૧લાખ ૩૨ હજાર કરોડ રૂપિયા જે હતી એની અંદર ૫૮૧૯ કરોડ રૂપિયા આ જનરલ પૂરક બજેટ છે એમાં વધારો થવાનો છે એના કારણે જે આપણું બજેટનું કદ છે એ ૧લાખ ૩૮ હજાર કરોડ રૂપિયા થવાનું છે. મારે ખાસકરીને માનનીય મંત્રીશ્રીને એ ઘ્યાન દોરવું છે કે, જયારે કોઇ પણ માગણી સો ટકાથીએ વધારે આપણે માગતા હોઇએ ત્યારે ચોક્કસ જો આ બજેટમાં જોગવાઇ કરી હોત તો ચોક્કસ ખ્યાલ આવે. સહકારની અંદર જે વધારો કરવામાં આવ્યો છે જે એનું બજેટ હતું એ ૨૫૯ કરોડ રૂપિયા હતું એની જગ્યાએ ૪,૦૩,૫૦,૫૬,૦૦૦ કરોડ રૂપિયાનો એમાં વધારો કરવામાં આવ્યો છે એટલે ૧૫૫ ટકા આની અંદર વધારો થઇ રહ્યો છે. એવી જ રીતે સો ટકાથી વધારે એટલે વીજળી શક્તિ અને પરિવહન યોજનાઓ છે એની અંદર પણ માત્ર જે બજેટ હતું એ ૧૩૮ કરોડ રૂપિયા હતું ૧,૭૮,૦૦,૦૦,૦૦૦ જયારે વધારો કરવા આપણે જઇ રહ્યા છીએ ત્યારે એ પણ ૧૨૮ ટકા વધારો કરી રહ્યા છીએ ત્યારે માનનીય મંત્રીશ્રીને મારે એ કહેવું છે કે બીજી બધી યોજનામાં નાના મોટા વધારાઓ છે પણ આ વધારો પ્રત્યક્ષપણે જણાવે છે કે આટલો મોટો વધારો કરવો હોય તો ચોક્કસ બજેટમાં કરવો જોઇએ આ રીતે પૂરક માગણીમાં લઇને આવીએ એ ખરેખર સભ્યશ્રીઓને જે જાણવું જોઇએ કે જે પ્રભાવ થવો જોઇએ એ આજે થતો નથી. એનો પ્રભાવ થવો જોઇએ એ આજે થતો નથી, ખાસ કરીને જેની અંદર સરકારશ્રીએ એમ નક્કી કર્યું છે કે ગ્રામ પંચાયતોના પાણીના જોડાણના દર પૂરા પાડવા અને વાયર જોડાણોમાં વીજળી વપરાશની સબસિડી પૂરી પાડવાની બજેટમાં જે જોગવાઇ કરવાની વાત હતી અને એમાં જે વધારો કર્યો છે, ખાસ કરીને આજે પણ ગામડાની અંદર વીજળી જોડાણો હોય કે વીજળી પુરવઠો હોય આજે પણ ગામડાઓમાં એટલી જ તકલીફો છે, સરકારશ્રીએ એક સ્પષ્ટ નીતિ નક્કી કરવી જોઇએ, આની અંદર ગામડાઓની જે સ્થિતિ છે અને ગ્રામ પંચાયતના પાણીના જોડાણો છે, પરાં બન્યા હોય ત્યાં આગળ આજે પણ પાણીની ખૂબજ તકલીફ પડતી હોય છે, પાણી એક હજાર ફૂટે એક તો ખેંચીને લેવાતું હોય છે અને પાણી પહોંચાડવા માટેની જે સ્થિતિ છે એમાં પણ ગંભીર પરિસ્થિતિનું નિર્માણ છે. આજે ખેડૂતોને સબસિડી આપવા માટેની વાત હતી ૯૦૦ કરોડની જોગવાઇ સામે સરકારશ્રીએ ખેડૂતોના વીજળી ખર્ચ માટે પચાસ ટકા રાહત આપવાની જાહેરાત કરી અને એ બાબત પૂરક માગણીમાં મૂકી છે, ખેડૂતો માટે સરકાર મોટી જોગવાઇની વાત કરે છે સરકાર એમ કહે છે કે અમે એમને સબસિડી આપીશું પણ સબસિડી આજે પણ ખેડૂતોને જે મળવી જોઇએ એના પૈસા જે વપરાવા જોઇએ આજે પણ તે પૂર્ણ રૂપે વપરાતા નથી, આજે વીજળી જોડાણની અંદર ખેડૂતોનો પ્રશ્ન એ છે કે સરકાર એક લાખ ખેડૂતોને વીજળી આપવા માટેની વાત કરે છે પણ છતાં એ એક લાખનું ધોરણ પૂરું કરતાં નથી. એમાંય ખાસ કરીને ઉત્તર ગુજરાતની અંદર ખેડૂતોનો પ્રશ્ન છે તત્કાલ યોજના હોય કે બીજી યોજના હોય એની અંદર જે ખેડૂતોએ માગ્યું છે આજે એ વાતને બે બે વરસ થઇ ગયા તત્કાલ યોજનાની અંદર પણ ઘણી વખત પૈસા ભર્યા છતાં પણ એ લોકોને છ છ મહિના સુધી કનેકશન મળતું નથી હોતું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે ખાસ કરીને એ વાત કરવી છે કે પાટણ જિલ્લાની અંદર જે સોલાર ૯૦૦ મેગાવોટ માટે ૯૦ કરોડની જોગવાઇ સામે ૧૫ કરોડ રૂપિયાની વાત કરી છે તે બાબતમાં મારે સરકારને એ કહેવું છે કે, એક તો પંદર રૂપિયે આપણે વીજળી લેવાના છીએ અને આ વીજળી લઇને ખેડૂતોને કદાચ એના જે પૈસા ચૂકવવાના છે તે બાબતના આજે કોર્ટ કચેરીમાં કેસ ચાલે છે.

અધ્યક્ષશ્રીઃ આપનો સમય પૂરો થાય છે, માનનીય ભૂષણભાઇ ભટ્ટ,

શ્રી ભુષણ અ. ભટ્ટ(જમાલપુર-ખાડીયા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માહિતી અને પ્રસારણ વિભાગની માગણી ક્રમાંક-૫૪ રૂપિયા ૧૨ કરોડ ૦૧ લાખ ૮૭ હજાર પૂરાની જે લઇને આવ્યા છે તેમાં હું સમર્થન આપવા માટે હું ઉભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, માહિતી અને પ્રસારણ વિભાગની આ જે માગણી છે જે ચાલુ વરસના અંદાજમાં ૬૮ કરોડ ૨૮ લાખની જોગવાઇ સામે આ બાર કરોડ એક લાખ સત્યાસી હજારની જે વધારાની જરૂરિયાત છે એ બાબતે ચર્ચા કરું તો માહિતી અને પ્રસારણ વિભાગ એ રાજ્યની અતિ મહત્વની કામગીરીનો વિભાગ છે, એટલા માટે થઇને જ્યારે ખૂબ અગત્યની બાબત હોય ત્યારે સરકાર અને જનતા જનાર્દન લોકો વચ્ચેનો આ સેતુ બનવાનો કાર્યક્રમ કરતો વિભાગ છે એ બન્ને વચ્ચેનો માર્ગ મોકળો બનાવે છે ત્યારે મારે કહેવું પડે કે, આ સભાગૃહમાં કે આ સરકાર જે કામ કરે છે એ કામ છેવાડાના માનવી સુધી પહોંચાડવા માટેની જાહેરાત એ અતિ મહત્વનું સાધન છે. આ જાહેરાત માત્ર અખબારી જાહેરાત હોતી નથી, ટી.વી. મિડિયા, દૃશ્ય, શ્રાવ્ય, વિડિયો, ફિલ્મ આ બધા મારફતે અતિ પછાત વિસ્તારની અંદર ગામડાઓની અંદર જે અશિક્ષિત વિસ્તાર હોય ત્યાં ડાયરો, ભવાઇ, પોસ્ટર, પત્રિકા, હોર્ડિંગ્સ, શેરી નાટક આવા પોસ્ટર અને નાની નાની પત્રિકાઓના માધ્યમથી આ માહિતી પહોંચાડવાનું કામ કરતી હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સંજોગોની અંદર જ્યારે ગયા વર્ષમાં જે જોગવાઇ કરી હતી અને માનનીય મંત્રીશ્રી જે ૧૨ કરોડ ૧ લાખ ૮૭ હજારની માગણી જે લઇને આવ્યા છે તેને હું સમર્થન આપું છું અને સાથી પક્ષો જે કાપ દરખાસ્ત લઇને આવ્યા છે તે પાછી ખેંચી અને એક સૂર સાથે આ માગણી મંજૂર કરે એવી વિનંતી કરું છું.

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે પૂરક માગણી લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને માગણી નંબરઃ૪૪ અને ૫૪ ગયા વખતે વર્ષ ૨૦૧૧-૧૨માં જેલ વિભાગની ૨૦૧૧-૧૨ થી ૨૦૧૪-૧૫ સુધીમાં ૧૭૨.૨૯ કરોડ તે ઓલરેડી બજેટમાં ફાળવ્યા હતા અને આ વખતે ૯૬.૭૧ કરોડ બજેટમાં ફાળવવામાં આવ્યા છે. પૂરક માગણી માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે ત્યારે વર્ષ ૨૦૧૩માં જયારે અંદાજપત્ર રજૂ થયુ અને જે પૂરક માગણીઓ આવી હતી તે પૂરક માગણીઓના કારણે અંદાજપત્રના કદમાં ૩.૫૭ ટકા જેટલો વધારો થયો છે. આ વખતે પણ માનનીય મંત્રીશ્રી જયારે પૂરક માગણી લઇને આવ્યા છે ત્યારે આ અંદાજપત્રના કદમાં પણ ૪.૪૦ ટકા જેટલો વધારો એ સૂચવશે આ માગણીના આધારે કહી શકાય તેમ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને જેલ વિભાગની અંદર પૂરક પોષણ માટેના જેલ વિભાગમાં ભોજન ખર્ચ માટેની જે અને વ્યવસાયિક સેવાઓના ખર્ચ માટેની જે માગણીઓ છે જે રીતની વ્યવસાયિક વ્યવસ્થા થવી જોઇએ કે આ જે ભોજનની વ્યવસ્થા થવી જોઇએ તે આજે પણ જેલની અંદર જે કેદી છે તે પછી ભલે કાચા કામના કેદી હોય કે પાકા કામના કેદી હોય તેને જે પૂરક ભોજન એટલે કે પોષ્ટિક ભોજન જે બનવું જોઇએ એ ભોજનથી આજે પણ એ લોકો વંચિત છે. અને માનવતાના આધારે ગુન્હો તેણે કર્યો છે તો ગુન્હાની સજા કોર્ટ તેને આપતી હોય છે અને કોર્ટના આધારે તે જેલમાં હોય છે પણ પોષક ભોજન તેને મળી રહે એ રીતની વ્યવસ્થા માનનીય અધ્યક્ષશ્રી, વિભાગોની અંદર એ જેલોની અંદર કરવી જોઇએ.

આમ તો માગણીઓમાં ઘણી બધી જે પૂરક વ્યવસાયિક સેવાની માગણીઓ છે તેમાં ઘણી બધી ત્રૂટીઓ છે જે ખાસ કરીને વહીવટની ત્રૂટીઓ છે તે ત્રૂટીઓ તેના ભાગરૂપે જોઇએ તો જે રકમ માગવામાં આવે છે તે રકમના આધારે જયાં સીસીટીવી કેમેરા નથી એના લીધે ત્યાં જે વ્યવસ્થા થવી જોઇએ. કેદીઓ પાસે મોબાઇલ પકડાય છે અધિકારી ગણ જેલોની અંદર શું કરતો હોય છે તેની જે વોચ રહેવી જોઇએ તે વોચ ના રહેવાના કારણે સી.સી.ટી.વી.કેમેરા ના હોવાના કારણે આ જે માગ લઇને આવ્યા છે તેમાં સી.સી.ટી.વી.કેમેરાનું ભૂતકાળમાં પ્રોવિઝન ખૂબ કરવામાં આવ્યુ હતુ અને તેના આધારે ત્યાં પણ વ્યવસ્થા ઉભી કરવી જોઇએ. માગણી ૫૪ના આધારે ૧૨ કરોડ કરતા વધારાની રકમ તે પૂરક માગણીમાં લઇને આવ્યા છે. ખાસ કરીને ૨૦૦૯-૧૦ થી ૨૦૧૩-૧૪ સુધીમાં આ પાંચ વર્ષના સમયગાળાની અંદર સરકારે સરકારી જાહેરાતો પાછળ ૧૭,૧૨૩.૩૨ લાખ રૂપિયાનો ખર્ચ તે ફકત સરકારી જાહેરાતોમાં કરવામાં આવ્યો છે. અને સરકારી જાહેરાતના આધારે ગયા વખતે માહિતી પ્રસારણ દ્વારા પૂરક માગણીઓની અંદર ૨૦૧૩-૧૪માં ૩૬ કરોડ ૨૫ લાખ અને ૧ હજાર રૂપિયાની

પૂરક માગણી લઇને આવ્યા છે. અને આ વખતે એ જ પૂરક માગણીના આધારે એટલે ૧૪–૧૫માં ૧૨ કરોડ ૧ લાખ ૮૭ હજારની પૂરક માગણી લઇને આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારી જાહેરાતોની પાછળ સરકારની જે નીતિઓ છે, સરકારે કરેલા કામ છે તેની પ્રસિદ્ધિ આ સરકારી જાહેરાતો પાછળ કરવામાં આવે છે. મેં જોયુ છે કે સરકારી જાહેરાતને જાહેરાત સ્વરૂપમાં ના લેતા ઘણી જાહેરાતો એવી પણ છે કે જે જાહેરાતોના આધારે આપણને એમ કહી શકાય કે........

ડો. નિર્મલાબેન સુ. વાધવાણી(નરોડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ સાયન્સ અને ટેકનોલોજી માટેની માગણી ક્રમાંક ૮૯ રૂપિયા ૧,૯૯,૯૯,૦૦૦૦ લઇને આવ્યા છે એમાં હું મારો સૂર પુરાવું છું. માનનીય અધ્યક્ષશ્રી, જહાં ન પહોંચે રવિ, વહાં પહોંચે કવિ, જહાં ન પહોંચી કોંગ્રેસ, વહાં પહોંચી સાયન્સ, ઔર ઇસી સાયન્સ ઓર ટેકનોલોજીકી મદદસે કીયા ગુજરાતકો કોંગ્રેસ મુકત, ઇસી સાયન્સ ઔર ટેકનોલોજીકી મદદસે કરેંગે ગુજરાતકો ભ્રષ્ટાચાર મુકત. વાયબ્રન્ટ ગુજરાત અને પ્રવાસી ભારતીય દિવસની અદભૂત અને અભૂતપૂર્વ સફળતાનો શ્રેય સાયન્સ અને ટેકનોલોજીને જાય છે. માનવ જાતિના વિકાસમાં સાયન્સ એન્ડ ટેકનોલોજીનો મહત્વનો ફાળો રહ્યો છે અને આજના જમાનામાં વિજ્ઞાન અને ટેકનોલોજીનો સતત વિકાસ થઇ રહ્યો છે. જેની સાથે સમન્વય સાધવા માટે ગુજરાત સરકાર દ્વારા સંચાલીત ગુજકોસ્ટ, ઉર્જા, ઉદ્યોગ, પર્યાવરણ, ફાર્મસી, તબીબી, ખેતી, સરકારી વહીવટ, કાયદો, શિક્ષણ, રોજગાર અને કલાયમેન્ટ જેવી જરૂરીયાત વાળા ક્ષેત્રમાં મદદરૂપ થાય તેવી કામગીરી કરે છે.

વિરોધપક્ષના સભ્યોનો આક્ષેપ રહ્યો છે કે સાયન્સ અને ગણિતના શિક્ષકોની ઘટ છે. પણ તેને પહોંચવા માટે ગુજકોસ્ટ દ્વારા ધોરણ ૯ અને ૧૦ ના વિદ્યાર્થીઓ માટે ગણિત અને વિજ્ઞાનના પ્રશ્નોતરીનો કાર્યક્રમ ભાષા નિયામક દ્વારા તૈયાર કરવામાં આવે છે તે કાર્યક્રમ એજયુ. ચેનલ ઉપર દર સોમવારે અને ડી.ડી. ૧૧ ઉપર દર રવિવારે કરવામાં આવે છે અને વિજ્ઞાન અને ટકેનોલોજીના પ્રોત્સાહન માટે વિવિધ વિષયો પર ચર્ચા પ્રવચનો અને તાલીમનું આયોજન કરવામાં આવે છે. અને વર્ષ ૨૦૧૩–૧૪માં ટોટલ મળીને ૯૬ સેમીનાર યોજવામાં આવ્યા હતા. ગુજકોસ્ટ દ્વારા સો થી વધારે જુદા જુદા જેવા કે વિશ્વ પર્યાવરણ દિવસ, મેથેમેટીકસ દિવસ, નેશનલ સાયન્સ ડે, ઓઝોન ડે, વિશ્વ સાયન્સ ડે જેવી ઉજવણી કરવામાં આવે છે. કોંગ્રેસના જમાનામાં બળદગાડાની જેમ દેશનો વિકાસ થતો હતો. પરંતુ ભાજપના શાસનકાળમાં સાયન્સ અને ટેકનોલોજીના સંપૂર્ણ ઉપયોગના કારણે બૂલેટ ટ્રેઇનની જેમ વિકાસના કાર્યો થાય છે.

ગાંધીનગરમાં બાયસેકની સંસ્થા દ્વારા સેટકોમ સ્ટુડીયો સાથે વિજ્ઞાન ચેનલ શરૂ કરવામાં આવી છે અને એ સરકારની નોડલ સંસ્થા છે જે વિકાસલક્ષી યોજનાઓમાં મદદરૂપ થાય છે, જેવી કે રાજયની કુદરતી, માનવસર્જીત જે પણ, જમીન, જળ, વાયુ, કૃષિ જેવી બધી વસ્તુઓમાં એ મદદરૂપ થાય છે. અને બાયસેકે બનાવેલ સોફટવેર ગુજરાત સરકારશ્રીએ ઇ ગવર્નન્સ માટે પ્રોગ્રામમાં પણ સહાયરૂપ થાય છે. બાયસેકનો ઉપયોગ ટેલી મેડીસીન, પંચાયત અને શૈક્ષણિક સંસ્થાઓમાં થાય છે. બાયસેકનો ઉપયોગ અમે નરોડા વિધાનસભામાં મેપીંગ માટે કર્યો હતો, જેમ કે સ્કૂલ, મંદિર અને દવાખાના વગેરેનો લોકેશન શોધવામાં કર્યો હતો. બાયસેકની મદદથી અમે ગાયનેકોલોજીસ્ટનો સીટી, સ્ટેટ અને નેશનલ લેવલની કોન્ફરન્સનું આયોજન કર્યું છે. અને સ્વાગત ઓન લાઇન જે અમારી ગતિશીલ ગુજરાતના પ્રણેતા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે તાલુકા લેવલે લોકસંવાદ સેતુ શરૂ કરેલ છે. અને રાજય કક્ષાએ શરૂ થયેલ આ કાર્યક્રમને યુનાઇટેડ નેશન અને ભારત સરકારે સર્વોચ્ચ પુરસ્કારો આપ્યા છે.

શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભા ગૃહમાં માનનીય મંત્રીશ્રી સહકાર પૂરક માગણી નંબર ૫, મહેસૂલી ખર્ચ માટેની ૪૦૩ કરોડ ૫૦ લાખ ૫૬ હજાર તથા મૂડી ખર્ચની ૬ કરોડ ૩૧ લાખ ૬૯ હજારની લઇને આવ્યા છે તેને હું અનુમોદન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

સહકાર વિભાગ એ અત્યંત મહત્વનું તથા ખેડૂતોની આર્થિક ઉન્નતિ અને પગભર કરવા માટેનો આ એક વિભાગ છે. ખેડૂતો પોતે પોતાના ખેતરમાં પેદાશો ઉત્પન્ન કરતા હોય છે પરંતુ પોષક ભાવો ન મળવાને કારણે તેમને ઘણું બધું નુકસાન થાય છે. તેવા સંજોગોમાં આ પૂરક માગણીમાં ખેડૂતો પોતાના ખેતરમાં ગોડાઉન બાંધી શકે તે માટે નવી જોગવગાઇ ૨૩ કરોડ ૭૨ લાખ રૂપિયાની કરવામાં આવી છે તેને હું આવકારું છું.
ગામડાંની અંદર ગામ વચ્ચે એક પ્રાથમિક કૃષિ ધિરાણ સેવા સહકારી મંડળી હોય છે અને એના

આધાર ઉપર આખુ ગામ ધિરાણ લેતું હોય છે. એ જ રીતે ગામની અંદર ગોડાઉન હોય છે અને એમાં અનેક ચીજવસ્તુઓ ખેત પેદાશો ઉત્પન્ન થાય એનો સંગ્રહ કરવા માટે હોય છે એના માટે પણ ૫૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે એને હું આવકારું છું.

**ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

કૃષિ ક્ષેત્રની અંદર જોખમો જયારે પડે ત્યારે એના માટે પાક વીમા યોજના હેઠળ, અકસ્માત વીમા હેઠળ ખેડૂતોને રક્ષણ આપવામાં આવે છે. એના માટે ૨૭૬ કરોડની જોગવાઇ કરવામાં આવી છે એ પૈકી આ વર્ષના બજેટમાં સો કરોડની જોગવાઇ કરવામાં આવી છે એને હું આવકારું છું. ખેડૂતો છે એ સરકારની પડખે રહે છે જયારે માર્કેટની અંદર ટેકાના ભાવથી ઓછા ભાવ હોય ત્યારે ખેડૂતો ખરેખર દેવાદાર થઇ જાય છે અને એ ચિંતામાં પડી જાય છે, એવા સંજોગોમાં સરકારશ્રી એમને પગભર કરવા માટે એને આર્થિક મદદ કરવા માટે આ વખતે ૧૧૦૦ કરોડના પેકેજની જાહેરાત કરવામાં આવી છે. આ વખતના બજેટમાં ૩૫૦ કરોડ રૂપિયા અને આવતા વર્ષના બજેટમાં ૨૫૦ કરોડ રૂપિયાની પૂરક માગણી રાખવામાં આવી છે એ ખૂબ જ સરાહનીય પગલું સરકારે લીધું છે એને હું આવકારું છું.

સહકાર વિભાગની અંદર ખાંડ ઉદ્યોગ પણ ખૂબ મોટા પ્રમાણમાં આવ્યો છે. ગુજરાતમાં ૨૮ જેટલી ખાંડની ફેકટરીઓ આવેલી છે એ સમગ્ર દેશમાં ઉત્પાદનમાં મોખરાનું સ્થાન ધરાવે છે. આ સરકાર જુદા જુદા અનેક વિભાગો દ્વારા એને સહાય આપે છે એને હું આવકારું છું.

દેશની અંદર ગુજરાત શ્વેતક્રાંતિ તરીકે દૂધ ક્ષેત્રે આગવું સ્થાન ધરાવે છે. એના વ્યવસાયમાં આશરે ૧૩ હજાર જેટલી સહકારી મંડળીઓ અસ્તિત્વમાં છે અને એના કારણે સમગ્ર ભારતની અંદર ગુજરાત એ શ્વેતક્રાંતિ તરફ દૂધ ક્ષેત્રે આગળ નીકળ્યું છે એને હું આવકારું છું. અને એના માટે પણ સરકારે સંઘોને એના ફિડર કેન્દ્રો સ્થાપવા માટે દસ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે.

દવા મંડળીનું સારી રીતે સંચાલન થાય, એનું ઓડિટ થાય અને એના મહેકમ બાબતમાં કોઇ મુશ્કેલી ન થાય એટલા માટે ૧૩ જેટલી સમગ્ર ગુજરાતની અંદર અને કાર્ય વિસ્તારમાં ઓફિસ અને ૫૭૨ જેટલા મહેકમ સાથે સંચાલન કરવામાં આવે છે. રાજયમાં બજાર સમિતિ વેરહાઉસ બનાવવા માટે ખેડૂતોને પોતાના માલનો સંગ્રહ કરવા માટે એની વ્યવસ્થા પણ બજેટની અંદર કરવામાં આવી છે એને પણ હું આવકારું છું.

દક્ષિણ ગુજરાત તથા ખાસ કરીને ઉંમરગામ તાલુકામાં નીરા ઉદ્યોગનો મોટો વ્યવસાય ચાલે છે. ઝાડમાંથી નીકળતો રસ એને નીરો તરીકે કહીએ છીએ એના માટે ભારત સરકાર દ્વારા બે કરોડ રૂપિયાની સહાય મળી છે એના માટે ફિલ્ટર પ્લાન્ટ નાખીને સમગ્ર ગુજરાતની અંદર એટલે કે છેક સૌરાષ્ટ્ર સુધી એના પેકેટ જાય છે એટલે એને પણ હું આવકારું છું.

સહકારી ઇંટ ઉત્પાદક મંડળી દ્વારા ઇંટોનો મોટો ઉદ્યોગ ચાલે છે એમાં નોન ટેકનિકલ માણસો કામ કરે છે અને ખૂબ મોટા પ્રમાણમાં રોજગારી મેળવે છે એના માટે પણ આ સરકાર જિલ્લા ઉદ્યોગ કેન્દ્રો મારફતે સહાય આપે છે એને પણ હું આવકારું છું.

શ્રી પરબતભાઇ સ. પટેલ(થરાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે એમાં વીજળી શકિત પરિવહન માટે ૧૨૦૬ કરોડ મહેસૂલી ખર્ચ માટે અને ૧૭૮ કરોડની મૂડી ખર્ચ માટેની એને સમર્થન આપવા માટે ઉભો થયો છું.

આ જે પૂરક માગણીઓ છે એમાં રાજયમાં સબ સ્ટેશનોના બાંધકામ માટે વીજ પરિવહનની લાઇનોનો વધારો કરવા, વીજ ઉત્પાદન મથકો બાંધવા માટે તથા રાજયના ગરીબ પરિવારોને ઘરમાં નિઃશૂલ્ક વીજળી પુરવઠો પૂરો પાડવા તથા આ રાજયના ખેડૂતોને વાજબી ભાવે વીજ પૂરવઠો મળી રહે એની સબિસડી અને ખાસ કરીને જે ૧૧૦૦ કરોડ રૂપિયાનું પેકેજ આપ્યું છે. પેકેજ ખેડૂતોને આપ્યું છે તેમાં ૫૦ ટકા વીજ બિલમાં જે રાહત આપી છે તેના માટેની આ પૂરક માગણીઓ આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે ટીકા–ટિપ્પણી કરવી નથી. પણ આ દરેક ગામડાંના વોટર વર્કસ વીજ બિલ ન ભરવાના લીધે બંધ રહેતા હતા. આ ભારતીય જનતા પાર્ટીની સરકારે વોટર વર્કસના બિલ માફ કર્યા અને જેથી આજે ગામડું પાણી પીતું થયું છે. તેના માટે આ સરકાર કામ કરે છે. મારે એ પણ યાદ કરાવવું છે, કેમ ભૂલી

જવાય છે? આદરણીય સભ્યશ્રી બલવંતસિંહજી, સાંજે ૭–૦૦થી ૮–૦૦ સમગ્ર રાજયમાં વીજકાપ રહેતો હતો. અંધારપટ રહેતો હતો. આ રાજયના તત્કાલિન મુખ્યમંત્રી અને અત્યારના વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇ મોદીની દીર્ઘ દૃષ્ટિથી જ્યોતિગ્રામ યોજના અમલમાં આવી. જેના લીધે ૧૮,૦૦૦ ગામડાં ૨૪ કલાક થ્રી ફેઝ વીજળીથી ઝળાંહળાં થઇ રહ્યા છે. મારા વિસ્તારનું એક ગામ, જયાં સાત ઘરની વસતિ છે. ૩૪ની જનસંખ્યા છે. ત્યાં ૨૪ કલાક થ્રી ફેઝ વીજ પુરવઠો મળે છે. આનાથી બીજું ઉદાહરણ કયું હોય? ગામડાંના દીકરા–દીકરીને રોજગારીની તકો મળે. ઉદ્યોગો આવે તેના માટે આ છે. મારે એ પણ ધ્યાન દોરવું છે કે જયારે આપણે સત્તામાં હતા ત્યારે ૧૯૬૦થી ૨૦૦૨ સુધીના ૪૨ વર્ષમાં  આ ગુજરાત રાજયની સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતા ૮,૭૫૬ મેગાવોટ હતી. આ ભારતીય જનતા પાર્ટીની સરકારે ૨૦૦૨થી ૨૦૧૪ના ૧૨ વર્ષના ગાળામાં લગભગ ૧૫,૦૦૦ મેગાવોટ વીજસ્થાપન શક્તિ પેદા કરી. ૧૨ જ વર્ષમાં ડબલ કરતા વધારે વધારો. હાલમાં રાજયની કુલ સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતા ૨૩,૬૨૮ મેગાવોટ છે. રાજયમાં સૌરઉર્જા બિલકૂલ હતી નહીં. જે આ રાજયની સરકારે છેલ્લા દસકામાં ૯૦૦ મેગાવોટ પ્રસ્થાપિત કરી. સાંતલપુર તાલુકાનું ચારણકા જે મારા જિલ્લામાં આવે છે. જયાં ૫૦૦ મેગાવોટ ઉત્પાદન ક્ષમતાનો સોલાર પ્લાન્ટ આકાર લઇ રહ્યો છે. વિન્ડફાર્મ કે જયાં ૩૫૦૦ મેગાવોટ વિન્ડફાર્મના માધ્યમથી વીજ ઉત્પાદન કરી રહ્યા છીએ. મારે સામે બેઠેલાં મિત્રોને પૂછવું છે કે એવું એક વર્ષ તો તેમના શાસનનું બતાવે કે કયારેય ૧૦૦ સબસ્ટેશનો એક વર્ષમાં બાંધ્યા હતા ખરા? હું ૧૯૮૫થી ૧૯૯૦ ધારાસભ્ય હતો. મારું એક  લાખડીનું  સબસ્ટેશન બાંધવા માટે..

ઉપાધ્યક્ષશ્રી : માનનીય પરબતભાઇ, આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય જોઇતાભાઇ પટેલ.

શ્રી  જોઇતાભાઇ ક. પટેલ(ધાનેરા) : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ અને સહકાર વિભાગ, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની પૂરક માગણીઓ ઉપર મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના મારફત માનનીય પરબતભાઇને જણાવવું છે કે રાજપાની સરકાર વખતે પરબતભાઇ સરકારમાં નાણામંત્રી હતા.(અંતરાય) તેમણે પૂછ્યું તેનો જવાબ આપું છું. તેમણે તે વખતે પાણીના બિલ, ગ્રામપંચાયતોના વોટર વર્કસના બિલ રાજપાની સરકારમાં માફ થયેલા હતા નહીં કે ભારતીય જનતા પાર્ટીની સરકારમાં.  રેકર્ડ ઉપરથી નક્કી થયેલી વાત છે. (અંતરાય) માનનીય અધયક્ષશ્રી, પરબતભાઇએ જે વાત કરી તેના ઉપર મારે વાત કરવી છે. પરબતભાઇએ જો માનનીય સૌરભભાઇ પાસે માગણી મૂકી હોત કે હરિયાણા, પંજાબ, આંધ્રમાં જે ભાવે ખેડૂતોને વીજળી મળે છે, સૌરભભાઇ સાહેબ, આપ ઉદ્યોગોની ખબર રાખી એવી નાના ખેડૂતોની ખબર રાખો. સરદાર સાહેબે કહ્યું છે કે ખેડૂત બાપડો નથી. ખેડૂત તેનો અધિકાર માગે છે. સરદાર સાહેબનું નામ વટાવી અને આપ જે લાભ મેળવવા માગો છો તો સરદાર સાહેબનું જે સ્ટેચ્યુ ઓફ યુનિટી બનાવો છો તો તે સફળ કયારે કહેવાશે કે ખેડૂતોને પૂરતા ભાવ આપશો તો. સસ્તી વીજળી આપશો તો. ભર્યે ગાડે સૌરભભાઇ, સૂપડાનો ભાર ન હોય. ખેડૂતોના બોરના ૧૦૦૦ ફૂટે પાણી ગયા છે ત્યાં પાણીના આવરા ઉપર વીજળીનો દર રાખો તો ખેડૂતો જીવશે.

અત્યારે નાણામંત્રીશ્રીને જણાવવું છે કે, આપ જે બજેટ લઇને આવ્યા છો એની અંદર ખેડૂતોને રૂ.૧૧૦૦/– કરોડનું પેકેજ જાહેર કરવું પડ્યું છે અને રૂ.૬૮.૧૨ કરોડની વ્યાજની માગણી આપને મૂકવી પડી છે. ખેડૂતોને હજુ સુધી સહકારી બેંકોમાંથી જ્યાં જ્યાંથી લોન લીધી હોય એ લોનના વ્યાજના નાણા મળ્યા નથી. એરંડાના ભાવ રૂ.૭૦૦/– થયા છે. ખેડૂત પિસાઇ રહ્યો છે. આવનાર દિવસોમાં બટાટાનો મબલખ પાક ઉતરવાનો છે. એના ટેકાના ભાવ અત્યારે જાહેર કરવા જરૂરી છે. એમ કરવામાં નહીં આવે તો એને આ બટાટા રસ્તામાં ફેંકી દેવા પડશે ખેડૂતોના કપરા દિવસો આવશે અને તેમને આત્મહત્યા કરવાનો વારો આવશે. બટાટાનો બમ્પર પાક થયો છે. એના ભાવ આપવાની સરકારની જવાબદારી છે. એ આપે નિભાવવી પડશે. આપની સરકાર આવ્યા પછી ખાતર મળતું નથી અને એના કાળાબજાર થાય છે. એને ખાતર લેવા માટે ૩–૩ દિવસ સુધી લાઇનમાં ઉભા રહેવું પડે છે. આ એક જ દુઃખ તમે બાકી રાખ્યું હતું. કેન્દ્રમાં પણ ભારતીય જનતા પાર્ટીની સરકાર છે અને અહીં પણ આપની સરકાર છે. આપ રેકર્ડ કાઢીને જૂઓ, યુ.પી.એ.ની સરકાર હતી ત્યારે હંમેશાં ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળ્યા છે. કપાસનો પાક હોય કે બીજો પાક હોય. એનું પત્રક કાઢીને જૂઓ. હું જુઠ્ઠો હોઉં તો રાજીનામું આપવા તૈયાર છું.

શ્રી સૌરભભાઇ પટેલ ( નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે હું પાંચ વિભાગની પૂરક માગણીઓ લઇને આવ્યો છું. દરેક વિભાગની માગણીઓમાં વિશેષ માહિતી આપવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માગણી નં.૮૯માં વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી છે. આઇ.એફ.એમ.એસ. જીસ્વાનનું સૌથી મોટું આઇ.ટી.બેઝ્ડ મલ્ટી સર્વિસ આઇ.ટી. ઇન્ફ્રાસ્ટ્રકચર ધરાવતી એક સિસ્ટમ છે. એનાથી રાજયના ૩૩ જિલ્લાઓ અને ૨૪૮ તાલુકાઓ ગાંધીનગર સાથે જોડાયા છે અને એના દ્વારા આજે આપણે ગૌરવ સાથે કહી શકીએ છીએ કે, રાજયની અંદર ૫૦૦૦ કરતાં વધારે જિલ્લા લેવલે અને તાલુકા લેવલે કનેક્ટીવીટી જીસ્વાન દ્વારા કરવામાં આવે છે. જીસ્વાન દ્વારા ટ્રાન્ઝેક્શન થાય છે એ આપણા માટે ગૌરવ લેવા જેવું છે. ૨૦૧૩માં ૨૧૩ કરોડ ટ્રાન્ઝેક્શન આખા દેશમાં થયા હતા, એમાંથી ૨૬ ટકા ટ્રાન્ઝેકશન ગુજરાતમાં થયા હતા. કેટલું મોટું ટ્રાન્ઝેક્શન ગુજરાતમાં થઇ રહ્યું છે. આમાં ઘણા બધા વિભાગો જોડાયેલા છે. એમાં પબ્લિક ડીસ્ટ્રીબ્યુશન સિસ્ટમ, લેન્ડ રેકર્ડ, બિલ પેમેન્ટ સાથે શિક્ષણ વિભાગ છે, ઉદ્યોગ વિભાગ છે, આરોગ્ય વિભાગ છે, ટ્રાન્સપોર્ટ વિભાગ છે. આ બધા આ સિસ્ટમ સાથે સંકળાયેલ છે. ગુજરાતને જે એવોર્ડસ મળ્યા છે એ આઇ.ટી. સેક્ટર્સને મળ્યા છે. ૫૮ જેટલા એવોર્ડસ એક જ વર્ષમાં મળ્યા છે. નેશનલ એવોર્ડસ ઇ–ગવર્નન્સને મળેલ છે. આજે એક નાની એવી માગણી આમાં લાવ્યો છું.

બીજો સહકાર વિભાગ છે. માનનીય સભ્યશ્રીએ કહ્યું કે, તમે પહેલાં કેમ ન લાવ્યા અને પછી લાવ્યા? હવે આમાં આ માગણીનો વિરોધ કેવી રીતે કરાય? સંપૂર્ણપણે ખેડૂતોના લાભાર્થે માગણી લાવેલા છીએ અને વિરોધ પક્ષના સભ્યશ્રીઓ એમ કહે છે કે તમે માગણી બજેટમાં કેમ ન લાવ્યા? માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારે ખેડૂતોની તકલીફો દૂર કરવા માટે આપણા આદરણીય મુખ્યમંત્રીશ્રી આનંદીબહેને ઇન્ટરેસ્ટ સબવેન્શનની સ્કીમ ખેડૂતોને લાભાર્થે અડધા વર્ષે લાવ્યા અને એના કારણે આ બજેટમાં ઓરીજનલ બજેટમાં મૂકવામાં આવી નહોતી આના કારણે ઓરીજનલ બજેટ નાનુ હતું પરંતુ આમાં ૪૦૩ કરોડ રૂપિયાની આ વખતની આ સમીટની અંદર લાવ્યા. પહેલી વખત ઇતિહાસની અંદર કો–ઓપરેટીવ બેંકમાં ધિરાણ લીધું હોય ઉપરાંત શેડયુઅલ બેંકનું ધિરાણ લીધું હોય એમાં આપણે બે ટકાનું સબવેન્શન આપીએ છીએ અને આના કારણે તમે જુઓ તો ૫૭૫ કરોડ રૂપિયા આશરે ખેડૂતોને વ્યાજ સહાય આપીએ છીએ. હવે આમાં મારે સભ્યશ્રીઓને કહેવું છે કે હજુ સુધી ના ચૂકવાયા નાણા એનું કારણ છે બેંકો એમના ખાતામાં ડેબીટ કરે ૩૧ માર્ચે ત્યારે જયારે ડેબીટ કરે પછી એને બે ટકા અપાય, પછી ખબર પડે કે કેટલા પૈસા ઉપાડયા એટલે અમારા વતી બધા ખેડૂતોને આપ કહેજો કે રાજય સરકાર એમને સો ટકા વ્યાજની સહાય પહેલી એપ્રિલ પછી બેંકો ડેબીટ કરશે એટલે અમે આપી દઇશું અને મારે વિનંતી કોંગ્રેસના મિત્રોને કે આ તો હકીકતમાં ખેડૂતલક્ષી છે તો આની અંદર કાપ દરખાસ્ત પણ કેવી રીતે આવે? કાપ દરખાસ્ત પણ ના મૂકવી જોઇએ એટલે હકીકતમાં જોવા જઇએ તો આમાં તમારે સંપૂર્ણપણે સહકાર આપવો જોઇતો હતો.

બીજી જે વાત કરી એ ઉર્જા વિભાગની વાત કરી એમાં પણ સભ્યશ્રીઓને કહેવું છે બધાને ગુણવત્તાવાળી વીજળી જોઇએ છે, બધાયને જોઇએ છે પોતાને ત્યાં તાલુકામાં સબસ્ટેશન અને જયારે ખર્ચો વધ્યો છે, ખર્ચાના ભાગરૂપે આ કરીએ છીએ. ટ્રાન્સમીશન લાઇન માટેનું કરીએ છીએ. વીજળી ઉત્પાદનમાં ઇકવીટી કેપીટલ જોઇએ તો ઇકવીટી કેપીટલ, શેર કેપીટલના ભાગે આજે આ માગણી કરવામાં આવી છે અને એટલે આ સપ્લીમેન્ટરી ડીમાન્ડ આપણે એના ભાગરૂપે લાવ્યા છીએ અને બીજી સબસિડીના ભાગરૂપે લાવ્યા છીએ. માનનીય સભ્યશ્રી કહે છે કે તમે ખેડૂતોના વીજળીના ભાવની વાત કરી, મને ઘણી વખત વિચાર આવે છે કે મારે સવાલ એ પૂછવો જોઇએ કે આ રાજય સરકારે ખેડૂતોના વીજળીના ભાવ છેલ્લા કઇ સાલમાં વધાર્યા હતા? કોઇ જવાબ છે? તમને જવાબ જ નહીં મળે. એનું કારણ છે ભાવ જ નથી વધાર્યા. માનનીય સભ્યશ્રી જોઇતારામજી, આપ કહેતા હતા કે વીજળીના ભાવ, આપ આવડા હતાને ત્યારે તમે જે હોર્સ પાવરના તમે જે ભાવ મૂકીને ગયા હતાને એ જ લઇએ છીએ અમે. એમાં કોઇ વધારો નથી કર્યો. તમે અહીંયા બેઠા હતા એ વખતે હોર્સ પાવર કર્યા છે એ કર્યા, એમાં કોલસાના ભાવ વધ્યા, ગેસના ભાવ વધ્યા, રેલ્વેના ફ્રેડના ભાવ વધ્યા, માણસોના પગાર વધ્યા પણ ખેડૂતોના વીજળીના ભાવ આ રાજય સરકારે નથી વધાર્યા અને કમનસીબ તો જુઓ અમે દર સાલ ૫૦૦–૫૦૦ કરોડ રૂપિયાની સબસિડી વધારતા જઇએ છીએ અને એના માટે હું અહીંયા માગણી લાવુ છું અને તમે વિરોધ કરો છો? (અંતરાય) એમાં વિરોધ કયાંથી આવે? એટલે જો તમે આ માગણી ના મંજૂર કરો તો એનો

અર્થ એ થયો કે મારે કાલે ભાવ વધારવા પડે. આપણે હકીકત શું છે એ જાણો, ખેડૂતોને વીજળી કેટલી બીજા રાજયમાં અપાય છે અને ગુજરાતની સરખામણી કરો. અને તમે ખેડૂતોના કનેકશનનો વિચાર કરો, આ સરકાર આ બન્ને જે માગણીઓ છે વ્યાજ સહાયની બે ટકાની અને સબસિડીની આ બન્ને ખેડૂતો માટેની લાવ્યા છીએ અને વધારાની ૫૦ ટકા અમે જે ૧૧૦૦ કરોડના પેકેજમાં ૫૦ ટકા લાવ્યાને એ પણ આની અંદર સમાવેશ થાય છે. એટલે આના માટે આ માગણીઓ લાવ્યા છીએ.

મારે માનનીય સભ્યશ્રીઓને જાણ કરવી છે કે આજે ગામડાની અંદર પાણી પીવાનું વધ્યું છે કે નથી વધ્યું?કારણ એ કે ગામડાઓના વોટર વર્કસ માટે આ બિલમાં માગણી છે. હું આપને સમજાવું કે નળ ચાલુ કરો તો પાણી આવે. તમારા જમાનામાં ટેન્કરથી પાણી આપતા હતા. આજે એની જગ્યાએ ગામડાની ગ્રામ પંચાયતોના બિલ અમે માફ કરી દીધા છે. બીજું કે આજની તારીખમાં એક દેશી ગણિત ગણાય, ૫માં ધોરણમાં ભણતો નાનો છોકરો ગણિતનો દાખલો આપો તો કહી દે કે ૧૯૮૯-૯૦ કે ૨૦૦૦માં આટલા વીજળીના કનેકશનો હતા, કોંગ્રેસે સરકાર છોડી ત્યારે આટલા કનેકશનો હતા, આજની તારીખમાં ભારતીય જનતા પાર્ટીની સરકારે વર્ષે એક લાખ કનેકશનો આપ્યા, એટલે ૧૦ વર્ષ પ્રમાણે આટલા કનેકશનો આપ્યા તો વીજળી વધે કે ઘટે? તો ૫માં ધોરણમાં ભણતો છોકરો એમ જ કહે કે આમાં વીજળી વધે. આ ચોખ્ખો દાખલો છે. વીજળી માટેનો વપરાશ વધ્યો છે, કનેકશનો વધ્યા છે, ઉત્પાદન વધ્યું છે, બધું વધ્યું છે, સબસિડી પણ વધી છે એટલે આ માગણી લાવ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, અમારો ગૃહ વિભાગ જેલોની સુધારણામાં ઘણી મહેનત કરી રહ્યો છે. જે પહેલા ૫૫૮૬ હતા એ આજે ૧૨,૩૯૨ છે. જે પ્રમાણે સી.સી.ટી.વી. કેમેરા મૂકેલ છે, દર વર્ષે અમે દરેક જેલોમાં વધારતા જઇએ છીએ. આજે સુરતમાં સંપૂર્ણપણે ૮૦૬ છે. એ ઉપરાંત અમદાવાદમાં પણ છે. હવે રાજકોટ અને વડોદરા બે મોટી જેલો બાકી છે. બન્નેમાં કામ ચાલુ કર્યું છે એટલે વહેલામાં વહેલી તકે આ સી.સી.ટી.વી. કેમેરાનું કામ પૂર્ણ કરીશું.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ પ્રમાણે ઇન્ફર્મેશન ડિપાર્ટમેન્ટ છે. આ વિભાગ આપણા માટે સૌથી અગત્યનો છે. એનું કારણ એ છે કે માહિતી આપવી હોય તો આપણે છાપાઓને જાહેરખબર દ્વારા આપતા હોઇએ છીએ. દા.ત. હમણાં સ્વાઇન ફ્લુની જાગૃતિ આપી ત્યારે લોકોને માહિતી મળી. તમે કહો છો કે ખોટો ખર્ચ છે. અમે તમારી સાથે સંમત નથી. પ્રજા માટે આ સરકાર હજુ વધારે રૂપિયાની જરૂર પડશે તો માહિતી પહોંચાડવા માટે કરશે. માં અમૃતમ યોજના હોય, શિક્ષણ વિભાગની યોજના હોય, હેલ્થ હોય કે કોઇપણ વિષય હોય, સરકારની યોજનાઓ પહોંચાડવા માટેની જે જરૂર હોય, ગરીબો માટે જે ખર્ચ કરવાનો હશે એ સંપૂર્ણપણે કરશે અને એ વખતે બજેટમાં પૂરતી જોગવાઇ કરવાની જરૂર પડશે તો એ પણ જરૂર કરશે. મારી સભ્યશ્રીઓને વિનંતી છે કે આ માગણીઓ સ્વીકારે અને દરેક માગણીઓ જે આજની લાવ્યા છીએ એ પ્રજાના લાભાર્થે હતી. આથી સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે કાપ દરખાસ્ત પાછી ખેંચી લે અને ખેડૂતોને આપણે સંદેશો આપીએ, આ વિધાનસભા સંદેશો આપે કે ભારતીય જનતા પક્ષ અને કોંગ્રેસ બન્નેએ ખેડૂતોના પક્ષમાં માગણીઓનો સ્વીકાર કર્યો એ પ્રમાણેનો સંદેશો આપવો જોઇએ એવી મારી વિનંતી છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય મંત્રીશ્રીને એક પૂરક પ્રશ્ન પૂછવો છે કે નામદાર વીજ નિયમન આયોગ દ્વારા ૨૦૧૧, ૨૦૧૨ અને ૨૦૧૩માં ખેતીવાડી ઉપર કેટલા ટકા વીજ દર વધારો કરવાનો આદેશ કરવામાં આવ્યો હતો?

શ્રી સૌરભ પટેલ : જી.ઇ.આર.સી.એ ઓર્ડર કર્યો છે એમાં ૨૦૦૦માં ૧૬૮૦ રૂપિયા પ્રતિ હોર્સપાવર દર લેવાનું નક્કી કર્યું. તા. ૩૧-૩-૨૦૧૦માં ૧૯૨૦, તા. ૬-૯-૨૦૧૧ના રોજ ૨૧૦૦ રૂપિયા અને તા. ૧-૪-૨૦૧૩ના રોજ ૨૪૦૦ રૂપિયા લેવા. આજની તારીખે આ સરકારે ખેડૂતો માટે ૭.૫ હોર્સપાવર નીચે ૬૬૫ રૂપિયા રાખ્યા છે અને એનાથી ઉપર ૮૦૭ રાખ્યા છે. બાકીનાની સંપૂર્ણપણે સબસિડી પેટે આપીએ છીએ. અને બીજુ ફ્યુઅલ સરચાર્જ GERC નો ઓર્ડર છે કે સરચાર્જ ખેડૂતો પાસે લેવો. આપણે સંપૂર્ણપણે સરચાર્જ પણ ખેડૂતો વતી ભરીએ છીએ.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત મારે મંત્રીશ્રીને પ્રશ્ન પૂછવો છે કે– ખેડૂતોને વીજ બિલમાં ૫૦ ટકા રાહતની માગણી મૂકી છે. સારી માગણી છે. વીજળી ખૂબ બીજા રાજ્યો કરતા મોંઘી છે તો કાયમી ધોરણે આ યોજના ખેડૂતોને ૫૦ ટકા રાહત આપવા માગે છે કે કેમ?

શ્રી સૌરભ પટેલ : સૂચન છે.

**કાપદરખાસ્ત ક્રમાંક ૧ થી ૧૩ મત પર મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**પૂરક માગણી ક્રમાંક ૪૪, ૫૪, ૮૯, ૫, ૧૩ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**( વિરામ : સાંજના ૪–૨૬ થી ૫–૦૦ )**

**ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને.**

બિનસરકારી સંકલ્પો

**રાજ્યના પ્રત્યેક પ્રજાજનને સ્વચ્છતા અભિયાનમાં સાંકળી આ અભિયાન રાજ્યવ્યાપી બનાવવા અંગે**

શ્રી અશોકકુમાર ર. પટેલ(ગાંધીનગર (ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, હું સંકલ્પ રજૂ કરું છું કે, બીજી ઓકટોબર, મહાત્મા ગાંધીના જન્મદિને આદરણીય વડાપ્રધાનશ્રીએ દેશવ્યાપી “ સ્વચ્છ ભારત અભિયાન”પ્રારંભ કર્યો છે. સાથોસાથ સન ૨૦૧૯માં જ્યારે પ.પૂ. ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિ ઉજવાય ત્યાં સુધીમાં દેશને ગંદકીમાંથી મુક્તિ અપાવવાની હાકલ દેશવાસીઓને કરી છે. પ.પૂ. ગાંધીજીએ સ્વચ્છતા અને સફાઇ પોતાની જાતે જ અમલમાં મૂકીને આપણને પ્રેરણા પૂરી પાડી છે. સ્વચ્છતાને તેઓશ્રી પૂર્ણ સ્વરાજનો જ એક ભાગ ગણતા હતા. દેશમાં વિકાસ મૉડેલ રહેલું ગુજરાત સ્વચ્છતા અભિયાનમાં પણ મૉડેલ રાજ્ય બને તે ધ્યેય સાથે રાજ્ય સરકારે રાજ્યવ્યાપી સ્વચ્છતા અભિયાનની શરૂઆત કરી છે. આ અભિયાન ફક્ત સરકારી કાર્યક્રમ બની ન રહે અને પ્રત્યેક પ્રજાજન તેમાં ભાગ લઇ સ્વચ્છતાના મિશનને સાચા અર્થમાં જન અભિયાન બનાવે તે માટે જરૂરી એવી આંતર માળખાકીય સુવિધા ઉભી કરવાનું કામ સરકારનું છે. ગુજરાતને સ્વચ્છ બનાવવાની જવાબદારી માત્ર સરકારની જ નહિ પણ આપણા સૌની પણ છે. કચરો ગમે ત્યાં નાખવો, પાનની પીચકારીઓથી દીવાલો ગંદી કરવી, પ્લાસ્ટિકની કોથળીઓનો ઉપયોગ બંધ કરવો, ઘરનું આંગણું સ્વચ્છ રાખવા જેવી બાબતો ઉપર આપણે ચિંતા નહિ કરીએ તો, આવનાર પેઢી માટે પણ આપણે સ્વાસ્થ્ય સહિતની અનેક સમસ્યાઓ વારસામાં મૂકતા જઇશું. સરકારી કચેરીઓ સહિત શેરી, મહોલ્લાઓ, રસ્તાઓ, ફૂટપાથ, જાહેર સ્થળો કે મેળાવડાની જગ્યાઓએ પણ બહુધા સ્વચ્છતા નજરે પડતી નથી તે આપણે સ્વીકારવું જ પડે. સ્વચ્છ ગુજરાત બનાવવા માટે આપણે સ્વચ્છતાનું અભિયાન પ્રજા દ્વારા, પ્રજા માટે અને પ્રજાનું જ છે તે રીતે ચલાવવું પડશે. રાજ્યનો પ્રત્યેક પ્રજાજન ધન, શ્રમ અને સમયથી પોતાનું યોગદાન આપી આ અભિયાનને સફળ બનાવવા કટિબદ્ધ થાય તો આ વિરાટ કાર્ય પણ સિદ્ધ કરવું મુશ્કેલ જણાતું નથી. પ્રત્યેક ગામ આ કામ માટે એક નાગરિક સમિતિ બનાવે અને ગામને સ્વચ્છ અને સુંદર બનાવવાનું બીડું ઝડપી લે તો પોતે સામાજિક જવાબદારી અદા કર્યાનું ગૌરવ પણ લઇ શકશે. આ ઉપરાંત રાજ્યની સખાવતી સંસ્થાઓ કચરો કચરાપેટીમાં જ નાંખવાનું મહત્વ સમજાવી આ અભિયાનને સફળ બનાવી શકે છે. માત્ર કાયદાથી જ આવી ઝૂંબેશ સફળ થાય તે અશક્ય છે. મહાત્મા ગાંધીને સાચી અંજલિ તો જ આપી ગણાય જો તેઓની ૧૫૦ની જન્મજયંતિ જે સન ૨૦૧૯માં ઉજવાશે તે પહેલાં ગુજરાતને ચોખ્ખું બનાવી ગંદકીમુક્ત કરીએ. જાહેર તેમજ સરકારી મિલકતો, હોસ્પિટલો, રેલવે સ્ટેશનો, શાળા–કોલેજોના સંકુલો જેવી તમામ જગ્યાઓએ નિયમિત સફાઇ થાય અને આ માટે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓ પણ વધુ અસરકારક રીતે પોતાની ભૂમિકા ભજવે તો પરિણામલક્ષી સિદ્ધિ હાંસલ કરી શકાય. રાજ્યના પ્રત્યેક પ્રજાજનને સ્વચ્છતા અભિયાનમાં સાંકળવા અને આ અભિયાન રાજ્યવ્યાપી ઝૂંબેશ બને તે માટે જરૂરી પગલાં લેવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

**સંકલ્પ રજૂ કરવામાં આવ્યો**.

શ્રી અશોકકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિ ૨જી ઓકટોબર, ૨૦૧૯ના રોજ સ્વચ્છ ભારતની ભેટ તેમને આપી, સ્વચ્છ ભારત બનાવવા માટે ગુજરાતના

તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના દેશના વડાપ્રધાને કરેલા આહવાનના ભાગરૂપે ગુજરાત સરકાર દ્વારા મહાત્મા ગાંધી સ્છચ્છતા મિશનની તારીખ ૨૫ ફેબ્રુઆરી, ૨૦૧૪થી રચના કરવામાં આવી છે. તેના ભાગરૂપે તા.૨૫–૯–૨૦૧૪થી તા.૨–૧૦–૨૦૧૪ દરમિયાન સ્વચ્છ ભારત સ્વચ્છતા અભિયાન તરીકે પણ આ સરકારે ઉજવણી કરી હતી. ત્યાર બાદ ૨–૧૦–૨૦૧૪થી ૨–૧૦–૨૦૧૯ દરમિયાન સ્વચ્છતા ઝૂંબેશ ચલાવવા રાજય સરકાર દ્વારા ટૂંકા માધ્યમ અને લાંબાગાળાની વિવિધ યોજનાઓ અને કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ પણ અમલમાં મૂકી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મહાત્મા ગાંધી મિશન અંતર્ગત નીચે મુજબની સ્વચ્છતાલક્ષી મુખ્ય પ્રવૃત્તિઓ રાજય સરકાર દ્વારા હાથ ધરવામાં આવી રહી છે. મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન દ્વારા રાજય કક્ષાએ અમલવારી અને દેખરેખ ઘટકવાર કાર્યક્રમો ૨૦૧૪ અને ૨૦૧૯ સુધી અમલ, રાજયમાં ઝીરો વેસ્ટ સીટીનું નિર્માણ, તમામ શહેરો માટે પબ્લીક હેલ્થમાં કલોઝનું ઘડતર અને અમલીકરણ, તમામ શહેરો માટે સેનેટરી પ્લાન્ટ બનાવી તેનું અમલીકરણ, ટોઈલેટ વિહોણા ઘરો પૈકી શહેરી વિસ્તારના તમામ ઘરોને ૨૦૧૫ સુધી સો ટકા વ્યકિતગત અને સામૂહિક ટોઈલેટોની વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવી. શહેરી વિસ્તારના સફાઇ અને ડ્રેનેજ કર્મચારીઓને વર્ષે બે વાર ફ્રી હેલ્થ ચેકઅપના કાર્યક્રમો. એક બે વાત હું ચોકકસપણે ધ્યાન પર મૂકવા માગું છું. સ્વચ્છતા મિશનમાં આ જ ગૃહના અધ્યક્ષ માનનીયશ્રી ગણપતભાઇ વસાવા પણ ગાંધીનગર શહેરમાં સેવા વસ્તીમાં અમારી સાથે જોડાયા હતા. એ જ રીતે આ ગૃહના અને અમારા સિનિયર કેબીનેટ મંત્રી નિતિનભાઇ પટેલ પણ મારા મત વિસ્તારમાં રાંધેજા ગામમાં જયારે અમે સ્વચ્છતા માટેની ઝૂંબેશ ઉપાડી ત્યારે નિતિનભાઇએ પણ પોતે બે કલાક સુધી અમારી સાથે ગામમાં પુષ્કળ પરિશ્રમ કર્યો હતો એટલે આ સરકાર સ્વચ્છતા માટે કેટલી ગંભીર છે એનું આ એક ઉદાહરણ છે.(અંતરાય) સાહેબ, એવું નથી. આ હકીકત છે અને આપને જો ફોટોગ્રાફ જોવા હોય તો મારી પાસે ફોટોગ્રાફ પણ છે. સાહેબ કેટલા વાગ્યે આવ્યા અને કેટલા વાગ્યે ગયા એનું વિડિયો રેકોર્ડીંગ પણ છે. આપને જોઇતું હોય તો હું આપીશ. માનનીય અધ્યક્ષશ્રી, આ સંકલ્પ હું આ ગૃહમાં રજૂ કરું છું.

શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી અશોકભાઇ પટેલ જે સંકલ્પ લઇને આવ્યા છે એને અનુમોદન આપવા માટે મારા વિચારો રજૂ કરું છું. રાજયની અંદર ૨૧.૬૩ લાખ જેટલા બી.પી.એલ.ને શૌચાલય માટેની સહાય આપવામાં આવી છે. ૨૮.૧૮લાખ જેટલા એ.પી.એલ.ને શૌચાલય માટેની સહાય આપવામાં આવી છે. ૩૫૭૬૫ શાળાઓમાં શૌચાલયની વ્યવસ્થા ઉપલબ્ધ કરવામાં આવી છે. ૨૫૯૧૨ આંગણવાડીમાં શૌચાલયની સુવિધા ઉભી કરવામાં આવી છે. ૧૭૭૫ જેટલા કોમ્યુનિટી શૌચાલય બાંધવામાં આવ્યા છે. ૨૨૮૩ જેટલા ગામોને નિર્મળ ગામ બનાવવામાં આવ્યા છે. રાજય સરકારે તા. ૨૬–૨–૧૪ થી મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશનની સ્થાપના કરી છે અને ભારત સરકારે પણ હવે નિર્મળ ભારત અભિયાનને બદલે સ્વચ્છ ભારત મિશનની સ્થાપના કરી છે. આ મિશન અંતર્ગત તમામ કુટુંબોને વ્યકિતગત શૌચાલય ઉપલબ્ધ કરાવવા માટેનો કાર્યક્રમ હાથ પર લેવામાં આવનાર છે. ગ્રામીણ વિસ્તારમાં હજુ પણ ૨૯ લાખ જેટલા શૌચાલયો બાંધવાના બાકી છે એવી જ રીતે શહેરોની અંદર પણ ૨૦૧૧ના સેન્સસ પ્રમાણે ૫૬૩૪૭૯ જેટલા શૌચાલય બાકી હતા. રાજય સરકારના પ્રયત્નો બાદ આજની તારીખે એક લાખ આઠ હજાર જેટલા શૌચાલયો બાકી રહે છે. દરેક કુટુંબને વ્યકિતગત શૌચાલય ઉપલબ્ધ હોય, તમામ પ્રાથમિક શાળા અને આંગણવાડીમાં શૌચાલય ઉપલબ્ધ હોય, જયાં જગ્યાનો અભાવ હોય ત્યાં કોમ્યુનિટી શૌચાલયો થાય એ માટે રાજય સરકાર પ્રયત્ન કરે છે. રાજય સરકારના પંચાયત વિભાગે સ્વચ્છ ગામ, સ્વસ્થ ગામ અંતર્ગત જે પ્રોત્સાહનની રકમ છે એ બમણી કરી છે. ૨૦૧૫–૧૬ના બજેટમાં ૪૭૫કરોડની ફાળવણી આ માટે કરવામાં આવેલી છે. પંચાયત વિભાગે ૨૫૫ જેટલા ગામોમાં રર્બન પ્રોજેકટ અંતર્ગત પ્રોજેકટ હાથ પર લીધા છે. જે ગામની વસ્તી દસ હજાર કરતા વધારે હોય અને આદિવાસી વિસ્તારમાં સાત હજારથી વધારે હોય અને જે ૮૨ તાલુકા મથકો છે એ ૮૨ જેટલા તાલુકા મથકની અંદર રર્બન પ્રોજેકટ નીચે અને ત્રણ પસંદગીના ગામોની અંદર રર્બન કાર્યક્રમ અંતર્ગત કામો મંજૂર કરવામાં આવ્યા છે. ૮૧ કામો ગટર વ્યવસ્થાનાં મંજૂર કરવામાં આવ્યાં છે. ૨૬ કામો પૂર્ણ થઇ ગયાં છે અને ૪૫ કરોડનો ખર્ચ રર્બન પ્રોજેકટ હેઠળ કરવામાં આવેલ છે. ૧૭૧ જેટલા ગામોમાં ડી.પી.આર. બનાવવાની કામગીરી હાલમાં પ્રગતિમાં છે. રાજય સરકારે ૩,૯૨૯ ગામોની અંદર ઘન કચરો,

પ્રવાહી કચરાના વ્યવસ્થાપન માટેની વ્યવસ્થાનું આયોજન કરેલ છે, એ પૈકી ૨,૪૨૬ માં તાંત્રિક મંજૂરી આપવામાં આવી છે. ૧,૯૯૧ કામોની અંદર વહીવટી મંજૂરી આપી દેવામાં આવેલી છે.

મને કહેતા આનંદ થાય છે કે ગતિશીલ ગુજરાત જે અંગે માનનીય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં જે ઉભું થયું છે, તેમાં ૨૫,૦૦૦ ના લક્ષ્યાંક સામે ૧૦૦ દિવસમાં ૧,૬૨,૮૯૪ જેટલા શૌચાલયો બાંધવામાં આવ્યા. તેવી જ રીતે ગતિશીલ નિરંતર કાર્યક્રમ ફેઝ–૨ નીચે ૨ લાખ સામે ૧,૨૧,૫૮૧ શૌચાલયો પૂરા કરવામાં આવ્યા છે. રાજ્યની અંદર શહેરી વિસ્તારમાં ૮ મહાનગરપાલિકા અને ૧૫૯ નગરપાલિકાઓમાં તમામ જગ્યાએ ગટરની વ્યવસ્થા ઉપલબ્ધ કરવામાં આવી છે. આજે ભૂગર્ભ ગટર યોજના નીચે ૧૫૯ નગરપાલિકામાં ૧૫૭ જેટલી પરિયોજનાઓ ચાલુ કરવામાં આવી છે. ૧,૩૧૬ કરોડના ખર્ચે એની વહીવટી મંજૂરી આપવામાં આવી છે. શહેરી વિસ્તારમાં ૫૦ જેટલી નગરપાલિકામાં ડોર ટુ ડોર કલેકશનનો લક્ષ્યાંક હતો, એમાં ૫૦ ની સામે ૮૪ નગરપાલિકાની અંદર ૮૦ ટકા કચરો ડોર ટુ ડોર કલેક્ટ કરવામાં આવી રહ્યો છે. આજે રાજ્ય સરકારે ૨૦૦૭ થી ૨૦૧૩ સુધીમાં ૧૪૨ નગરપાલિકાને ૮૭ કરોડ રૂપિયાનું અનુદાન આપ્યું છે. રાજ્ય સરકારનું આયોજન છે કે દરેક શહેર ઝીરો વેસ્ટ સિટી બને. દરેક શહેરમાં પબ્લિક હેલ્થના બાયલોઝ લાગુ પાડવામાં આવે. દરેક શહેર અને ગામડામાં સેનિટેશન પ્લાન્ટ બને. દરેક સ્મશાન ગૃહ છે તે ઇકો ફ્રેન્ડલી બને. ગુજરાત પ્લાસ્ટિક મુક્ત બને એ માટે રાજ્ય સરકારે ૩ લાખ જેટલા શૌચાલયો માટે મંજૂરી આપી છે. જેમાંથી ૨ લાખ પૂર્ણ થઇ ગયા છે. ૧૦૦ જેટલા જાહેર શૌચાલયો બાંધવાની ૫૦૦ જેટલા હયાત શૌચાલયોને અદ્યતન કરવા અને ૧,૦૦૦ ગામોને નિર્મળ ગામો બનાવવાના, ૧૦ તાલુકાને નિર્મળ તાલુકા અને ૫૦૦૦ થી વધારે વસ્તીવાળા એક હજાર ગામોની અંદર ડોર ટુ ડોર કલેકશન કરવાનું આયોજન છે. રાજ્ય સરકારે સ્વચ્છતા અભિયાન માટે પ્રયત્નો આદર્યા છે તે માટે હું માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ અને પંચાયત અને શહેરી વિકાસ વિભાગને અભિનંદન પાઠવું છું.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી અમિત અ. ચાવડા(આંકલાવ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી અશોકભાઇ જે પ્રસ્તાવ લઇને આવ્યા છે, તેમાં હું મારા વિચારો વ્યક્ત કરું છું. ૨૦૦૧ થી ૨૦૧૪ સુધીમાં તત્કાલિન મુખ્યમંત્રીશ્રી દ્વારા જો ગુજરાતના લોકોની સ્વચ્છતાની ચિંતા કરવામાં આવી હોત તો મને લાગે છે કે માનનીય અશોકભાઇને આ પ્રસ્તાવ લાવવો ન પડ્યો હોત. ૨૦૦૩–૦૪ માં દેશમાં યુ.પી.એ. સરકાર દ્વારા નિર્મળ ભારત અભિયાન શરૂ કરવામાં આવ્યું. અને એ જ અંતર્ગત ૨૦૧૦ થી ૨૦૧૪ સુધીના ગાળામાં કેન્દ્રની યુ.પી.એ. કોંગ્રેસની સરકારે આ ગુજરાત રાજ્યને ૧૬,૯૫૦ કરોડ રૂપિયાની રકમ નિર્મળ ભારત અભિયાન માટે આપી. એ રકમ જો પૂરેપૂરી વાપરી હોત તો પણ તત્કાલિન મુખ્યમંત્રીશ્રીએ અને આજના દેશના વડાપ્રધાન થયા પછી ગુજરાતમાં ૧૦૦ ટકા શૌચાલયો છે એવું જે કહી નથી શકતા એ કહી ના શકત. આજે પણ હમણા આર.એમ.પટેલે કહ્યું તેમ રાજ્યમાં ૩૧.૩૧ લાખ ઘરોમાં શૌચાલયો બાકી છે. ગુજરાતના ૫૫ ટકા ઘરોમાં આજે શૌચાલયો નથી, જે સ્વચ્છતા માટે ખૂબ જરૂરી છે. એવા ગુજરાતના ૩૨ ટકા ઘરોમાં પાણીની સુવિધા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીજીના નામ સાથે આ અભિયાનને જોડવામાં આવે, ચોક્કસ ગાંધીજીના સિદ્ધાંતો અને આદર્શો મુજબ આ કામ કરવામાં આવે તો આનંદ થાય. ગાંધીજી કયારેય ફોટો શેસનમાં માનતા ન હતા. એક જગ્યાએ ચોક્કસ એમ આવ્યું કે બે–પાંચ દિવસ ઝાડુ પકડી અને ફોટા પડાવવાથી કંઇ સ્વચ્છતા અભિયાન સફળ ન થાય. હમણાં માનનીય નીતિનભાઇનો ઉલ્લેખ કર્યો. મારે બહુ ઉંડાણમાં નથી જવું. ગુજરાતમાં જે ગુજરાત સરકારની જવાબદારી છે કે આપણે સ્વચ્છતા અભિયાન માટે ખાલી ફોટા પડાવવાને બદલે ભાષણો કરવાને બદલે રાજ્ય સરકારની જે જવાબદારી છે અને જે બજેટ ફાળવીએ છીએ તેનો પૂરેપૂરો ઉપયોગ કરીએ, તેને પૂરેપૂરું અમલીકરણમાં લાવીએ તો આ જે અશોકભાઇની ચિંતા છે તે ચોકકસ ફળીભૂત થાય. આપણે ગુજરાતમાં ૧૪ વર્ષ હતા ત્યારે નર્મદાનો ઘાટ સાફ કરાવીએ તેવી ઇચ્છા ન થઇ. આપણા જ ઘર આંગણે સાબરમતી નદી જાય છે ત્યારે એવી ઇચ્છા ન થઇ કે સાબરમતી નદીનું સ્વસ્છતા અભિયાન લાવીએ. આજે દેશમાં ચૂંટણી પહેલાં ભાઇ, બ્રીજની આગળ જઇને જોજો. તમારા જ વિસ્તારમાં આવે છે. ચૂંટણી પહેલાં ભાષણો કર્યા કે કાળા નાણાં પાછા લાવીશું અને દરેકના ખાતામાં દસ લાખ જમા થઇ જશે. પંદર લાખ જમા થઇ જશે. પાકિસ્તાન આપણા એક સૈનિકનું માથું કાપશે તો આપણે દસ માથાં કાપી લાવીશું. મોંઘવારી ઘટાડી દઇશું, દેશના યુવાનોને રોજગારી આપી દઇશું. આજે સાહેબ નવ મહિના થયા અને આમાનું કશું જ ના થયું, એટલે લોકોને સ્વચ્છતા અભિયાનના

નામે ઝાડુ પકડાવવાની વાતો શરૂ થઇ. ૫૬ છાતી પાકિસ્તાન સામે બતાવી હોય અને ફોટા પડાવ્યા હોત તો આનંદ થાય. પેલા ઝાડુ પકડીને ફોટા પડાવીએ છીએ તો વિશ્વમાં આપણા દેશની છબી સુધારવાની વાત કરીએ છીએ તેના બદલે આપણી છબીને કયાંક લાંછન લાગતું હોય એવું લાગે છે. ૧૫૦મા વર્ષની જન્મ જયંતિ નિમિત્તે આ સ્વચ્છ ભારત અભિયાનનો કાર્યક્રમ શરૂ કર્યો. આનંદની વાત છે. ગુજરાતમાં જયારે મહાત્મા મંદિર બનાવવાની વાત આવી ત્યારે અનેક સંગઠનોએ, અનેક લોકોએ અને અમે પણ માગણી કરી કે આ મહાત્મા મંદિરને ગાંધીજીના નામ સાથે જોડવામાં આવે. વારંવારની રજૂઆત કરવા છતાં અનેક લોકોની લાગણી હોવા છતાં અને આ જ ફલોર પર દેશના વડાપ્રધાન હોવા છતાં તેમણે કયારેય એમ ના કહ્યું કે મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મ જયંતિ આવે છે ત્યારે આપણે આ મહાત્મા મંદિરનું નામ મહાત્મા ગાંધી મંદિર બનાવીશું. આજે બીજા મુદ્દા ઉપર નિષ્ફળતા થઇ એટલે લોકોનું ધ્યાન દોરવા માટે, કયા મહાત્માનું નામ એ તો એ જાણે. આ ગાંધીના શરણે તમે આવ્યા છો. બીજા કોઇ મુદ્દા તમારા ચાલ્યા નહીં. આપણે બીજું •(xxxxxx) એટલે ફરી ગાંધીજીના શરણે આવ્યા.

ઉપાધ્યક્ષશ્રી : *(xxxxxx) એ શબ્દો રેકર્ડ પરથી દૂર કરું છું.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં આર.એમ.પટેલ સાહેબ કહ્યું કે ગુજરાતમાં અમે આટલા શૌચાલય બનાવ્યા, સ્ટ્રોમ વોટરની આવી વ્યવસ્થા કરી, ડ્રેનેજની આવી વ્યવસ્થા કરી. આ તમામ પૈસા કેન્દ્રની કોંગ્રેસની યુ.પી.એ.શાસનમાં મળ્યા હતા. તે વખતે પણ ચિંતા કરવામાં આવી હતી કે સ્વચ્છતાને પહેલી પ્રાથમિકતા આપીએ. મારે કહેવું છે કે, કેગના રિપોર્ટમાં ચોક્કસ આપણી વાતોને ઉજાગર કરવામાં આવી છે. કેગના ૨૦૧૩ના રિપોર્ટમાં કહેવામાં આવ્યું કે ગુજરાત સરકારની સ્વચ્છતાની કામગીરીની આકરી ટીકાઓ થઇ છે. કેગના રિપોર્ટ મુજબ રાજયમાં સ્વચ્છતાનો વ્યાપ ફકત ૪૬ ટકાની આસપાસ રહ્યો છે. જે ગ્રાન્ટો આવી તેમાંથી ૪૬ ટકા ઘણી જગ્યાએ વાપરી શકયા નથી. ગામડાંની વાત જવા દઇએ અને શહેરી વિસ્તારની વાત કરીએ તો શહેરી વિસ્તારમાં ૩ લાખ નવા શૌચાલય બનાવવા માટે ૨૪૦ કરોડની યોજના બનાવવામાં આવી હતી. જયારે આખા દેશમાં ૨૦૦૧ થી ૨૦૧૧ સુધીમાં સરેરાશ ૭.૭ ટકા શૌચાલયો બનતા હતા. તેની સરખામણીમાં ગુજરાતમાં ૫.૨ ટકા શૌચાલયો બનતા હતા.

ઉપાધ્યક્ષશ્રી : અમિતભાઇ આપની બે મિનિટ બાકી છે.

શ્રી અમિત અ. ચાવડા : આ જ સમયગાળામાં જે મોટા રાજયોની આપણે ઘણી બધી વાતો કરીએ છીએ ત્યારે આપણી જ બાજુનું રાજય જે મહારાષ્ટ્ર હતું તેમાં ૧૩.૨ ટકાના દરે શૌચાલયો બનતા હતા, તામિલનાડુ જેવું રાજય છે ત્યાં પણ ૧૦.૮ ટકાના દરે શૌચાલયો બનતા હતા જયારે એની સરખામણીમાં જે આપણે નંબર વનની વાતો કરીએ છીએ એવા આપણા ગુજરાતમાં ફકત ૫.૨ ટકાના દરે શૌચાલય બન્યા એના કારણે જ અશોકભાઇએ આજે આ પ્રસ્તાવ લાવવો પડ્યો છે. આજે આપણે અહીંયા સફાઇ કામદારોની વાત કરી ત્યારે મારે આજે આર.એમ.પટેલને એ પણ કહેવું છે કે, એમના જ સમયગાળામાં માનનીય નરોત્તમ કાકા મંત્રી હતા ત્યારે જાહેરાતો થઇ કે ૦ થી ૧૬માં બી.પી.એલ.યાદીમાં છે એવા તમામ લોકોના ઘરે શૌચાલયો બનાવી દીધા. સાહેબ, સાચી વાતને? સાહેબ, ગુજરાતમાં ભ્રષ્ટાચારે માઝા મૂકી દીધી છે. ગુજરાતની આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં શૌચાલયનો ભ્રષ્ટાચાર પણ સૌથી મોટામાં મોટો ભ્રષ્ટાચાર છે. સાહેબ, એક સમયે સરકારી નાણાંથી ગુજરાતના તમામ બી.પી.એલ.ની યાદીમાં આવતા ઘરોમાં શૌચાલયો બનાવવાના પૈસા ફાળવવામાં આવ્યા અને ચોપડે શૌચાલય બની પણ ગયા. સાહેબ, ચાર બાજુ ચાર પાટિયા માર્યા આજે પણ ગ્રામ્ય વિસ્તારના ધારાસભ્યોએ જોયા હશે કાં તો ત્યાં પુળા ભર્યા હોય, કાં તો પાટિયા વેચાઇ ગયા છે, કાં તો એની ફ્રેમ રહી છે કે કોઇ જગ્યાએ એનું બારણું રહ્યું છે એવી પરિસ્થિતિમાં શૌચાલય બન્યા અને એ પણ પેલા ખાડા વગરના શૌચાલય. હમણા દેશના પ્રધાનમંત્રી સંસદમાં કહેતા હતા કે, નરેગા યોજના, મનરેગા યોજનામાં ખાડા ખોદયા. સાહેબ, અમે તો ખાડા ખોદીને શૌચાલય બનાવવાની યોજના લાવ્યા પણ તમે તો ખાલી ઉપરના ઢાંકણા બનાવ્યા ખાડા પણ ન ખોદયા.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

શ્રી પ્રફૂલભાઇ છ. પાનશેરીયા(કામરેજ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અશોકભાઇ પટેલ જે સંકલ્પ લઇને આવ્યા છે એ સંકલ્પમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, દેશના વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇ મોદીએ દેશને સ્વચ્છ બનાવવા માટે એક જનઆંદોલન છેડ્યું છે ત્યારે સામાજિક સંસ્થાઓ, ગામો, સોસાયટીઓ, એન.જી.ઓ., શાળાઓ અને સરકારી ઓફિસો દરેક લોકો આ આંદોલનની સાથે જોડાયા છે. આ એક પૂરાં ભારતને સ્વચ્છ બનાવવા માટે એક અભિયાન ચલાવી રહ્યા છે અને દુઃખની વાત એ છે કે આઝાદીના ૬૮ વર્ષ પછી પણ દેશના વડાપ્રધાને ઝાડૂ લઇને રોડ ઉપર આવીને એક સંદેશો આપવો પડે કે હવે સરકારશ્રીએ કે આપણે આ કામ કરવાનું છે. આ ગુજરાતની અંદર હું જયારે મહાનગરપાલિકામાં કોર્પોરેટર છું ત્યારે સુરત શહેરની એક વાત કરીએ તો આખું શહેર સાંજે સ્વચ્છ બનીને સવારે સુઘડ બને છે. ડોર ટુ ડોર કચરો લઇ અને બેસ્ટ મેનેજમેન્ટનું એક ઉદાહરણ પરું પાડ્યું છે. જયારે વડાપ્રધાને ધરતી પર સ્વચ્છતાનો એક મેસેજ આપ્યો અને હજારો લોકો આ મેસેજનું અનુકરણ કરી આ અભિયાનમાં જોડાયા છે. આદરણીય અધ્યક્ષ મહોદય, આ જનઆંદોલનને મારા જ તાલુકાની વાત કરું તો કામરેજની અંદર બે ચાર એન.આર.આઇ. આખું ગામ સ્વચ્છ કરવા અમેરિકાથી અહીં આવ્યા અને એટલું જ નહીં આખા ગામની અંદર શૌચાલય અને સ્વચ્છતા માટે અને દિવાલો પર પેઇન્ટીંગ કરવા માટે વગેરેના આયોજન કરી અને આજે કામ પૂર્ણ કરી અને આજે જ એક એન.આર.આઇ.ભાઇ આપણી પ્રેક્ષક ગેલેરીમાં આવ્યા હતા એમણે પોતાના ગામની અંદર ૧ કરોડ રૂપિયા ટોયલેટ બ્લોક બનાવવાના ફાળવ્યા હતા.આ આંદોલન નથી તો શું છે? આ એક પરિવર્તનની લહેર છે અને આમ પણ કચરું સાફ કરવા માટે જ નરેન્દ્રભાઇ આ દેશની અંદર ખૂબ સારી રીતે કામગીરી કરી રહ્યા છે, ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રીશ્રીને જ્યારે કોઇ સામાજિક કામોમાં હાજર રહેવા માટે ઇન્વીટેશન આપવા માટે આવે ત્યારે એ આયોજકોને વિનંતી કરે છે અને કહે છે કે ભાઇ તમે આ સારી પ્રવૃત્તિ કરો છો પરંતુ કોઇ એક ગામમાં પૂર્ણ રીતે ટોયલેટ બનાવવાનું પણ આયોજન કરો, ગુજરાતના મુખ્યમંત્રી જ્યારે આવી ટહેલ કરતા હોય ત્યારે એ પણ એક ઐતિહાસિક ઘટના બનતી હોય છે.

સ્વચ્છતા મિશન માટે સરકારે વનીકરણ વિભાગ અને ગાર્ડન માટે પણ ખૂબ સારી એવી રકમ ફાળવી છે. એક સુરત શહેરનો જ દાખલો આપું તો આખા શહેરની અંદર સોસાયટીઓની અંદર સો એ સો ટકા ફ્રીમાં ડ્રેનેજ લાઇન નાંખવાનું એક કામ ભારતીય જનતા પાર્ટીના શાસને કરેલ છે અને સુરતની અંદર એનું અમલીકરણ કરવાનું નક્કી કરેલ છે. આ બજેટની અંદર ખૂબ મોટી રકમ ફાળવવામાં આવી છે, પ્રચારના માધ્યમ દ્વારા એક સ્વચ્છતાની લહેર લાગી છે અને ત્યારે લોકોએ સ્વૈચ્છાએ અઢાર કરોડ રૂપિયા જેવી માતબર રકમ આપણા આ અભિયાનની અંદર જમા કરાવેલ છે અને જાગરૂકતાની રેલીઓ સ્વચ્છતા અભિયાનની શાળા, કોલેજોની અંદર થઇ રહેલ છે, ત્યારે મારા વિસ્તારની અંદર આ આંદોલન માટે ડાયમંડ ઉદ્યોગપતિઓ અને ફેક્ટરીઓ પણ આગળ આવી છે માનો કે એક દાખલો આપું કે અમારે ત્યાં સવજીભાઇ ધોળકીયાની હરેકૃષ્ણ કંપની છે, દર રવિવારે આ કંપનીના ચારસો માણસો ચાર કલાક સુધી કન્ટીન્યુઅસ કોઇપણ એક એરિયામાં સફાઇ કરતા હોય છે આ આંદોલન નથી તો શું છે? આ ફોટા પડાવવાની વાત નથી, આ એક જનમાનસ સુધી પહોંચાડનાર દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ કરોડો ભારતીયોની સ્પીરીચ્યુઅલ ધડકન જ્યારે ધબધબી રહી છે ત્યારે ગંગા સફાઇ અભિયાનની પણ આ પહેલ કરી છે, આ અભિયાનમાં એક આંદોલન રૂપે કરોડો લોકોનું એક આસ્થાનું સ્થાન છે એવા માં ગંગાનું સ્વચ્છતા અભિયાન લઇને નીકળ્યા છે ત્યારે એ અભિયાનની અંદર સુરતના આ દાનવીરોએ ચાર કરોડ રૂપિયા જેવી માતબર રકમ ઉમેરી છે. અસ્તુ.

શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી અશોકભાઇ પટેલ આ બિન સરકારી સંકલ્પ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યક્ત કરું છું. રાજ્યના તમામ શહેરો અને ગામડાઓમાં સફાઇ સારી રીતે થાય એના માટે માનનીય મુખ્યમંત્રીશ્રી તે વખતના અને હાલના વડાપ્રધાનશ્રીએ પ્રયત્નો કરેલા, પરંતુ હાલ દેશના વડાપ્રધાન બન્યા પછી બીજી ઓકટોબર, ૨૦૧૪ના દિવસે સ્વચ્છ ભારત અભિયાનનો પ્રારંભ કર્યો, મારે આ માટે સામેના મિત્રોને કહેવું છે કે, હું ગામડામાંથી આવું છું, દસ વરસ સરપંચ પણ રહ્યો છું, તમે વાત કરો છો કે નરેન્દ્રભાઇએ આ કરવા જેવું હતું, તે કરવા જેવું હતું, દેશ આઝાદ થયો ત્યારથી કોંગ્રેસની સરકાર હતી અને મને એમ કહો કે જ્યારે ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યું એ વખતે ગામડાઓની અંદર મારા માનવા પ્રમાણે પાંચ ટકાથી વધારે ગામડા એવા નહોતા કે જેમાં ગંદા પાણીના નિકાલ માટેની

વ્યવસ્થા થઇ હોય, આજે ૨૦૧૫ની સાલમાં હું તમને એવું ચોક્કસ કહી શકું કે નેવું ટકાથી વધારે ગામડાઓની અંદર ગંદા પાણીના નિકાલ માટેની વ્યવસ્થા ઉભી થઇ છે. આ સ્વચ્છતા માટેનું અભિયાન રાતોરાત કરેલુ નથી. આના માટેની એક લાંબી પ્રક્રિયા કોઇ પણ પ્રકારનું આયોજન હોય એ વખતે અમારી સરકાર દ્વારા કહેવામાં આવે છે કે ભાઇ જે ગામમાં ગંદા પાણીના નિકાલની વ્યવસ્થા ના હોય, પાણીની વ્યવસ્થા ના હોય ત્યાં અત્યારે રોડ રસ્તાની વ્યવસ્થા મહેરબાની કરીને ગામડામાં ના કરશો. એનુ કારણ કે એમને એવુ નથી કે ગામડામાં રોડ રસ્તા ના બને પરંતુ ગામડામાં ગંદકીનો નિકાલ થાય, ગામડામાં ગંદુ પાણી રસ્તામાં ના આવે અને એના માટે પહેલા ગંદા પાણીના નિકાલની વ્યવસ્થા થાય એ જોવાની જવાબદારી આપણી બધાની છે. અને એના માટે ફકત સરકાર કરશે એટલુ નહીં જન ભાગીદારીથી લોકોમાં એક પ્રકારની જાગૃતિ આવે તો ચોક્કસ આ આપણું સમગ્ર ગુજરાત સ્વચ્છ થશે અને નરેન્દ્રભાઇ જે નક્કી કરે કે મારે આ વસ્તુ સ્વચ્છ કરવી છે તો દુનિયાની કોઇ તાકાત તેમને કચરો હટાવતા રોકી શકે તેમ નથી અને તેના માટેના પ્રયત્નો પણ કર્યા. પહેલા ૫૦ ટકા તમે સ્વચ્છતા વેરો ઉઘરાવો તો એમાં ૫૦ ટકા સરકાર તેનો ફાળો આપતી. હવે સરકારે નક્કી કર્યુ ગામડામાંથી જે પણ આવતા હશે તેને ખબર હશે કે સામાન્ય કર્મચારી પણ જો આપણે સફાઇ માટેનો ગામડામાં રાખવો હોયને તો એના માટે કોઇ પંચાયત પાસે વ્યવસ્થા નહોતી. વાતો બહુ મોટી મોટી કરતા હતા કે અમારે આટલા વર્ષો આમ કર્યુ, તેમ કર્યુ આજે તમે જુઓ કે સરકારે નક્કી કર્યુ કે પાંચ હજારથી વધારે વસતિ ધરાવતા ગામડાની અંદર સ્વચ્છતા માટે પર પર્સન એક વ્યકિત દીઠ સરકારે દર મહિને પાંચ રૂપિયા આપવાનું આયોજન કર્યુ.

માનનીય અધ્યક્ષશ્રી, એથી વધારે વિશેષ કરીને લોકોની માગણીના કારણે આ વખતે બે હજારથી વધારે જે વસતિ હશે તો એને પણ દર મહિને પાંચ રૂપિયા સ્વચ્છતા માટે ગ્રામ પંચાયતને આપવાનું નક્કી કર્યુ છે. આના માટે જે પણ પંચાયત હવે ઇચ્છશે કે મારે મારા ગામને સ્વચ્છ રાખવુ છે તો એ પોતાના કર્મચારીઓ રાખીને પોતાનુ ગામ સ્વચ્છ રાખી શકશે. આના સિવાય શહેરોમાં પણ..

ઉપાધ્યક્ષશ્રી : આપની પાસે બે મિનિટ છે.

શ્રી સંજયકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નાની નગરપાલિકાઓ જેવી જે ભાવનગર, જામનગર, જૂનાગઢ, ગાંધીનગરને એક કરોડ રૂપિયાની સહાય. સાથે સાથે અ, બ,ક અને ડ વર્ગની નગરપાલિકાઓને અનુક્રમે ૫૫, ૪૫, ૩૦ અને ૨૦ લાખ રૂપિયાની નાણાકીય સહાય ચૂકવવાનું આ વખતે નક્કી કરવામાં આવ્યુ છે. સાથે સાથે એક અભિયાન તરીકે આને ઉપાડીને આજે જેમાં શૈક્ષણિક સંસ્થાઓ હોય, દવાખાનાઓ હોય, અર્ધ સરકારી કચેરીઓ હોય એવા જાહેર સ્થળોએ આજે સ્વચ્છતા અભિયાન ઉપાડીને આજે તમે જોયુ હશે કે દરેકે દરેક લોકોના મનમાં એક ભાવ પેદા થયો છે કે મારુ આંગણુ સ્વચ્છ હોવું જોઇએ, મારું શહેર સ્વચ્છ હોવું જોઇએ અને તેના માટે લોકો ગંદકી કરતા પણ ઓછા થયા છે આ અભિયાનનો એક પ્રતાપ છે. હમણાં જ કહેતા હતા કે ફોટા પડાવવા માટે બધા નીકળી પડે છે. પણ હવે કોઇ સફાઇ કરતા હોય અને કોઇ ફોટા પાડે તો કેમ ના ના કહે તેને ? અને તમને શું વાંધો આવે ? આવો આપણે બધા સાથે મળીને, ભેગાં મળીને સ્વચ્છતા કરીએ તમારા અને અમારા સાથે ફોટા પડાવીએ. પણ તમને કોઇ સાચી વાત ગમે જ નહીં. આજે જયારથી ભારતીય જનતા પાર્ટીની સરકાર છે નાનુભાઇ કહેતા હતા તેમ દર વર્ષે એનો એ વિષય, એનો એ વિષય તમે મૂકો છો પણ પ્રજાને પૂછો કે પ્રજાને શું ગમે છે. પ્રજાને જે વાત ગમતી હોય એની સાથે તમે રહો અમે પણ ઇચ્છીએ જ છીએ કે અમારી સાથે વિરોધપક્ષ પણ હોવો જોઇએ. પણ એવુ ના કરો કે લોકોને એવુ થાય કે આ લોકોને રાખવાની જરૂર જ નથી. મારી આપ બધાને વિનંતી છે અને અશોકભાઇ સંકલ્પ લઇને આવ્યા છે એને આપણે બધા જ સાથે મળીને આજે આ સંકલ્પને સિદ્ધ કરીએ અને આખું ગુજરાત સ્વચ્છ બનાવીએ એ જ આશા અપેક્ષા સાથે વંદે માતરમ્ ભારત માતાકી જય.

શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સન્માનનીય સભ્ય અશોકભાઇ ગૃહમાં જે સંકલ્પ લઇને આવ્યા છે ત્યારે તે સંકલ્પ ઉપર મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ભારતની સંસ્કૃતિ અને સંસ્કારો વારસાગત સફાઇ સાથે જોડાયેલા છે. અમારે ત્યાં કાઠિયાવાડમાં સવારમાં બહેનો ગીત ગાતી હોય કે શેરી વળાવી સજ્જ કરું, પ્રભુ મારે ઘરે આવોને. માત્ર ઘર નહીં, ફળિયું નહીં, ગામની શેરીની સફાઇ કરીએ તો જ પ્રભુનો આપણે ત્યાં વાસ થાય એ આપણી સંસ્કૃતિ અને આપણાં સંસ્કારો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી તે અતિત નહીં ભવિષ્ય પણ છે એ અમે વર્ષોથી કહેતાં આવ્યા છીએ અને એ વાત આપણા ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને દેશના માનનીય પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇએ કમસે કમ આજે સ્વીકારી એટલે એને મારે અભિનંદન આપવા છે. માનનીય અધ્યક્ષશ્રી, મહાત્મા ગાંધીજીએ સફાઇની વ્યાખ્યા આપી હતી, સર્વે વસ્તુઓનો ફાયદાકારક ઇલાજ, સર્વે વસ્તુઓનો ફાયદાકારક ઇલાજ તેનું નામ સફાઇ. આ સફાઇ અભિયાનના ગાંધીજીના વિચારને યુ.પી.એ.ની સરકારે નીતિઓમાં પ્રતિબિંબ પાડયું અને સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન ૨૦૦૩–૨૦૦૪ થી સમગ્ર ભારત વર્ષમાં લાગું કર્યું અને આંકડાઓમાં મારી ભૂલ ન થતી હોય તો ૨૦૦૪–૦૫ થી ૨૦૧૪–૧૫ સુધીમાં ઓછામાં ઓછા ૩૦ હજાર કરોડ રૂપિયા ગુજરાતને ફાળે પણ ફાળવ્યા છે. આ કાર્યક્રમ અંતર્ગત આપણે સફાઇ કરવાની હતી. ગામની શેરીઓની સફાઇ થાય, ગંદા પાણીનો નિકાલ થાય, ઘન કચરાનો નિકાલ થાય, પણ જેમ માનનીય સભ્યશ્રી અમિતભાઇએ કહ્યું કે કેગના રિપોર્ટમાં કેગે સ્વચ્છતા અભિયાનની જે ટીકા કરી છે કે જે શૌચાલયો માટે યોગ્ય પ્લાન રજૂ કરવો જોઇએ, ગંદા પાણીના નિકાલ માટે તાંત્રિક અહેવાલ સાથેનો જે પ્લાન રજૂ કરવો જોઇએ, ઘન કચરાના નિકાલ માટે જે યોગ્ય પ્લાન રજૂ કરવો જોઇએ, એમાં આ સરકાર નિષ્ફળ નીવડી અને પરિણામે કેન્દ્ર સરકારે ફાળવેલા રૂપિયામાંથી માત્ર ૪૪ ટકા રૂપિયા જ આપણે ખર્ચી શકયા તે આ ગૃહમાં બેઠેલા બધા જ લોકો માટે શરમજનક બાબત કહેવાય. હું ટીકામાં પડવા નથી માગતો.

આજે ગુજરાતમાં ૨૦૧૩ની સ્થિતિએ ૩૧૫૯૮ જેટલા ઘરો શૌચાલય વિહોણા છે. આ ગુજરાતમાં ઘર વિહોણા પણ ઘણા કુટુંબો છે. તેને જાહેર શૌચાલયોનો ઉપયોગ કરવો પડે, અને જાહેર શૌચાલયોમાં પણ યોગ્ય વ્યવસ્થાના અભાવે, સફાઇના અભાવે, સંચાલનના અભાવે જાહેરમાં ડબલા લઇને જવું પડે તેવી મારી મા, બહેન દીકરીની પરિસ્થિતિ નિર્માણ થઇ હોય તો એમાં કયાંક અને કયાંક રાજયની ભારતીય જનતા પર્ટીની સરકારની નિષ્ફળતાનું પ્રતિબિંબ દેખાય છે. મારે સૂચન કરવું છે કે આ સફાઇ અભિયાન જે ભારતીય સંસ્કૃતિમાં વારસામાં આવ્યું, ગાંધીજીએ સ્વ સફાઇનો આપણને નારો આપ્યો અને યુ.પી.એ.ની સરકારે સ્વચ્છતા મીશન સમગ્ર ભારતમાં લાગુ કર્યું અને આપણા માનનીય પ્રધાનમંત્રીશ્રી એ યોજનાનું નામ બદલી અને આ કાર્યક્રમને આગળ ધપાવી રહ્યા છે. આગળ ધપાવી રહ્યા છે, માટે મારે અભિનંદન આપવા છે. પણ પાયાની થોડીક રજૂઆતો છે. સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓને સક્ષમ બનાવે, નાણાકીય રીતે સદ્ધર બનાવે અને એ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં સફાઇ કર્મચારીઓની જે જગ્યાઓ ખાલી પડી છે તેની ભરતી કરે. સફાઇ કામદારોની જવાબદારી નકકી કરે, અને તેને યોગ્ય વેતનનું પ્રાવધાન કરવામાં આવે તો મને લાગે છે કે આપણા ઘરથી શરૂ કરી અને શેરી, મહોલ્લા, ગામ અને ગુજરાતને સ્વચ્છ બનાવી શકાય. પણ આપણી નીતિના અભાવે આપણે સંપૂર્ણ સ્વચ્છતા અભિયાનને સફળતા તરફ આગળ લઇ જઇ શકતા નથી. સફાઇના સાધનોનો ગામડાંમાં અભાવ છે તેના કારણે આપણે સફાઇ અભિયાનને આગળ લઇ જઇ શકતા નથી. ઝૂંપડપટ્ટી, બિન અધિકૃત વસાહતો જે માત્ર પોતાનું માથું છૂપાવવા માટે છાપરૂં બનાવે તેને ઘરે જાજરુ કેમ બનશે? તેવા લોકો માટે યોગ્ય શૌચાલયોની જાહેર વ્યવસ્થાના અભાવે આપણે આ સફાઇ અભિયાનને સફળતાપૂર્વક આગળ લઇ જઇ શકતા નથી. ગંદા પાણીના નિકાલ માટે નિર્મળ ભારત યોજનાના કરોડો રૂપિયા ગુજરાતને મળ્યા, પણ આજ હું જવાબદારી સાથે કહું છું કે અત્યાર સુધી ગુજરાતમાં જે રૂપિયા ખર્ચાયા છે તેનાથી ગંદા પાણીનો નિકાલ તો થતો થશે, પણ એ રૂપિયા ગંદકીની સાથે વહી જવાના છે. કારણ કે પંચાયતો પાસે ગંદા પાણીના નિકાલ માટે ભૂગર્ભ ગટરનો તાંત્રિક રીતે પ્રોજેકટ બનાવવો જોઇએ તે તાંત્રિક જ્ઞાનનો અભાવ છે, એટલે એવા ટેકનિકલ કન્સલ્ટન્ટને જવાબદારી સોંપીને આખા ગામની ભૂગર્ભ ગટર યોજનાનો પ્લાન બનાવે એ પછી રૂપિયા પ્રાપ્ત થતા જાય. આપણે ભૂગર્ભ ગટર યોજનાનો પ્લાન આગળ ચલાવીએ તો આપણું સ્વચ્છતા અભિયાન સફળ બની શકે.

પૂજય ગાંધીજીએ કહ્યું કે સર્વે વસ્તુનો ફાયદાકારક ઇલાજ, તો એ સર્વે વસ્તુઓ કઇ હોઇ શકે? આપણે તન મન અને ધનથી શુદ્ધ બનીએ તો આપણી સ્વચ્છતાનો વિચાર છે એને આપણે સફળ બનાવી શકીએ. માણસને એના તનને સ્વચ્છ રાખવા માટે પૂરતા પ્રમાણમાં સરકાર પાણી ઉપલબ્ધ કરાવે તો માણસ તંદુરસ્ત થશે અને એના લીધે માનનીય નીતિનભાઇ પટેલ ઉપર ઓછી જવાબદારી આવશે.

મનની સ્વચ્છતા માનનીય પ્રધાનમંત્રીશ્રી હાથમાં સાવરણો લઇને સફાઇ કરે એના માટે કરીને અને કથની એક કરીએ અને મનની અંદર સ્વચ્છ વિચારોનું રોપણ કરીએ તો મને લાગે છે કે લોકો કચરો જ નહિ ફેંકે અને આપણે સ્વચ્છતા અભિયાનની જરૂર જ નહિ પડે.

તનની સ્વચ્છતા, કાળુ નાણું ચૂંટણી પહેલા બહુ ગાય વગાડીને કહ્યું અને હમણાં કહેતા હતા કે ૧૫–૧૫ લાખ આવવાના છે, તો આ ૧૫–૧૫ લાખ રૂપિયા સામાન્ય લોકોના ખાતામાં જમા કરાવી દો તો એ એના ખર્ચે ઘરથી માંડીને શેરીની સફાઇ કરી શકે તેમ છે. મારે આ સન્માનનીય સભાગૃહને વિનંતી કરવી છે કે સંપૂર્ણ સ્વચ્છતા એ આપણો સહયારો પ્રયાસ હોવો જોઇએ. એને પાર્ટી પોલિટિક્સથી ઉપરવટ જઇને સૌ સાથે મળીને આપણી ભાષામાં સ્વચ્છતા લાવીએ આપણા વિચારો અને વર્તનમાં સ્વચ્છતા લાવીએ, આપણા વહીવટમાં સ્વચ્છતા લાવીએ તો મને લાગે છે કે હાથમાં ઝાડુ પકડવાનો વારો ન આવે.

શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : સન્માનનીય ગૃહના મારા સાથી ધારાસભ્ય માનનીય અશોકભાઇ પટેલ બિન સરકારી સંકલ્પ લઇને આવ્યા છે તેના સમર્થનમાં મારા વિચારો રજૂ કરું છું.

સમગ્ર વિશ્વમાં સાવ નોખી અને બહુ મૂલ્યવાન ભાતીગળ સંસ્કૃતિ ધરાવતા ભારત દેશમાં ગત બીજી ઓકટોબરથી આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના જીવન મૂલ્યોને ધ્યાને રાખીને આ દેશના પ્રજાવત્સલ વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદીએ સમગ્ર દેશમાં સ્વચ્છ ભારતના મહામૂલા અભિયાનના શ્રીગણેશ કરાવીને વર્ષો જૂના સ્વપ્નને સાકાર કરવાના પગરણ મંડાઇ ચૂકયા છે. ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ સ્વયં હાથમાં ઝાડું લઇને સ્વચ્છતા અભિયાનનો શંખનાદ કર્યો હોય ત્યારે ભારતના દરેક નાગરિકનો સ્વધર્મ, યુગધર્મ અને રાષ્ટ્રધર્મ બને છે કે સ્વચ્છતા જાળવીએ, સ્વચ્છતાને કેળવીએ. ના ગંદકી કરુંગા ન કરને દુંગા એવું માનનીય મોદી સાહેબનું આ વિધાન વેદના મંત્ર જેટલું મૂલ્યવાન છે. પ્રત્યેક વ્યકિત એવું ઇચ્છે છે કે ગંદકી હટવી જોઇએ, પ્રદૂષણ દૂર થવું જોઇએ સફાઇ થવી જોઇએ, સ્વચ્છતા જાળવવી જોઇએ પરંતુ યક્ષ પ્રશ્ન એ છે કે આ બધું કરે કોણ? સામેના પક્ષના મિત્રોને કહેવું છે કે સ્વચ્છતાની બાબતમાં તો આપણે સાથે રહીએ ચેરિટી બીગેન્સ એટ હોમ, શરૂઆત આપણાથી કરીએ. જો આપણું આંગણું સ્વચ્છ હશે તો શેરી સ્વચ્છ રહેશે અને છેવટે ગામ શહેર રાજય અને દેશ સ્વચ્છ રહેવાના. કીપ કલીનેસ, એન્જોય હેપીનેસનું સૂત્ર ચોક્કસ સાર્થક થશે. સમાજ માટે પ્રેરણા મૂર્તિ, કાર્યદક્ષ શિક્ષણપ્રેમી અને ગુજરાતના વિકાસની સતત ચિંતા કરનાર આપણા ગૌરવવંતા નારી શિરોમણીરૂપ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલને મન શાળા એક તીર્થભૂમિ છે અને એટલે જ પહેલી વખત આપણા રાષ્ટ્રીય તહેવાર ગાંધી જયંતિના દિવસ એમના જન્મ દિવસે શાળા કોલેજોમાં સ્વચ્છતા અભિયાન યોજવામાં આવ્યું હતું.

માનનીય અધ્યક્ષશ્રી, શાળાના આચાર્યશ્રી, શિક્ષકો સ્વયં બાળકો સાથે જોડાયા. આ સ્વચ્છતાના ગુણનું જાણે કે વાવેતર થયું. મારે મન સ્વચ્છતા જાળવવી એટલે રાષ્ટ્ર પ્રેમ વ્યકત કરવો એમ કહું તો ખોટું નથી. પ્રત્યેક માનવી સ્વચ્છતા અભિયાનમાં જોડાય તે માટે રાજય સરકારે ઉત્તમ વ્યવસ્થા ઉભી કરી છે. મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત માનનીય મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને રાજય કક્ષાના મિશનની રચના કરવામાં આવી છે. જે રાજય કક્ષાએ મોનીટરીંગ અને આયોજન કરે છે. આ મિશનમાં મંત્રી મંડળના માનનીય સભ્યો, સચિવશ્રીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત લોકભાગીદારી સઘન બનાવવા અલગ અલગ ક્ષેત્રોના પાંચ નિષ્ણાત તજજ્ઞોને પણ કો–સભ્ય તરીકે લેવામાં આવ્યા છે. આ વ્યવસ્થા માત્ર રાજય પૂરતી નથી પરંતુ જિલ્લા અને મહાનગરોમાં પણ સંચાલક સમિતિ બનાવવામાં આવી છે. જેમ કન્યા કેળવણી નિધિ આપણાં રાજયમાં છે તેવી રીતે મુખ્યમંત્રીશ્રી સ્વચ્છતા નિધિ–ગુજરાતની પણ રચના કરવામાં આવી છે. જે જનભાગીદારી દ્વારા સ્વચ્છતાને સ્વભાવમાં પરિવર્તિત કરવાનો મુખ્ય ઉદ્દેશ ધરાવે છે. સ્વચ્છતાનો અભિગમ અને કામગીરી માત્ર સરકારી ક્ષેત્ર પૂરતી સીમિત રાખવાથી પરિણામો નહીં મળે. પરંતુ વિશાળ ફલક પર જનજાગૃતિનું આયોજન આપણે કરવું પડશે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ ગામડાંને અને શહેરને સ્વચ્છ રાખવા લોકોના હૃદય સોંસરવી ઉતરી જાય તેવી લાગણીસભર વિનંતીના રૂપમાં અત્યંત સંવેદનાસભર રીતે પ્રજાને સ્વચ્છતા રાખવા માટેનું કામ હાથ પર ધર્યું છે. તેમની સાથે બિનનિવાસી ગુજરાતીઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ, શ્રેષ્ઠીઓ, દાતાઓ વગેરેના સહયોગથી મિશનને સફળ બનાવવામાં આ રાજય સરકારે સ્તુત્ય પગલાં લીધા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે બધા આવતીકાલના સુંદર ભવિષ્યની કલ્પના કરીએ છીએ. પરંતુ ખરેખર તો આપણી આજના પાયા ઉપર આપણી આવતી કાલની ઈમારત ચણાય છે. ચાલો, આપણે સૌ સાથે મળીને ‘ સ્વચ્છતા જાળવો’ તેને જીવનમંત્ર બનાવીએ અને સ્વચ્છતાને જીવનનું વિઝન અને મિશન બનાવીએ. મહાત્મા ગાંધીજીએ ગુલામીની સાંકળો તોડીને માં ભારતીને આઝાદ કરેલ, ત્યારે હવે આપણું કર્તવ્ય છે કે ગંદકીને દૂર કરીને ભારત માતાની સેવા કરીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મારે મિત્રોને કહેવું છે,

‘ અસીમ અંધેરો કો મત કોસો, હો સકે તો એક દિયા ઔર જલાઓ.
આઓ મિલકર હાથ બઢાયેં, સ્વચ્છ ગુજરાત બનાયેં, સ્વચ્છ ભારત બનાયેં. ’

હું અશોકભાઇને મારું સમર્થન આપું છું.

શ્રી નીતિનભાઈ ર. પટેલ ( શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી અશોકભાઇ પટેલ જે બિન સરકારી સંકલ્પ લઇને આવ્યા છે જેને માનનીય સભ્યશ્રીઓ આર.એમ. પટેલ, અમિતભાઇ ચાવડા, પ્રફુલભાઇ પનશેરીયા, સંજયભાઇ પટેલ, પરેશભાઇ ધાનાણી અને વર્ષાબેન દોશીએ સૂચનો કરીને અમિતભાઇ સિવાયના બધા જ માનનીય સભ્યશ્રીઓએ સમર્થન આપ્યું છે અને રાજય સરકારના એક મંત્રી તરીકે આ સંકલ્પની જે ભાવના છે, આ સંકલ્પનો જે ઉદ્દેશ અને હેતુ છે તે હેતુને સરકાર તરફથી અમે સ્વીકારીએ છીએ. માનનીય સભ્યશ્રી અમિતભાઇએ જે પ્રવચન કર્યું, ટીકા કરી, રાજકીય અવલોકન કર્યા. તેમને મારી વિનંતી છે કે આ સંકલ્પની છેલ્લી ત્રણ લીટી વાંચે તો તેમાં અશોકભાઇએ બહુ સ્પષ્ટ લખ્યું છે કે રાજયના પ્રત્યેક પ્રજાજનને સ્વચ્છતા અભિયાનમાં સાંકળવા અને આ અભિયાન રાજયવ્યાપી ઝૂંબેશ બને તે માટે જરૂરી પગલાં લેવા આ સભાગૃહ રાજય સરકારને અનુરોધ કરે છે. હવે આવો અનુરોધ કરવામાં તમને કંઇ વાંધો છે? રાજયમાં સ્વચ્છતા જળવાય, રાજયના નાગરિકો સ્વસ્થ થાય ગુજરાત નિર્મળ બને, ગુજરાત પવિત્ર બને, ગુજરાતમાં બહારથી લોકો આવે. બધા જ એમ કહે કે અન્ય જગ્યાઓ કરતા ગુજરાતના શહેરો, ગુજરાતના ગામડાં, ગુજરાતના રેલ્વે સ્ટેશનો, બસ સ્ટેશનો, હોસ્પિટલો, શાળાઓ, સ્કૂલ, કોલેજો બધું સુંદર છે.સ્વચ્છ છે એવું કહેવા માટે તમને કોઇ વાંધો છે. તમે આટલા બધા અવલોકનો કર્યો. ખરેખર તો આ સભાગૃહમાં માનનીય સભ્યશ્રીઓએ અમારા પક્ષમાંથી વાત કરી કે, આઝાદી પછી માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ એક માત્ર પહેલા વડાપ્રધાન બન્યા કે, જેમણે ગાંધીજીએ આઝાદીની લડત ચલાવી, સત્યાગ્રહ કર્યા, અનેક આંદોલનો કર્યા એનાથી અનેક નેતાઓ દેશને પ્રાપ્ત થયા. બધા જ નેતાઓ છે એ ગાંધીજી સાથે જોડાયા અને આપણને આઝાદી મળી.

અહીંયાં એમ કહેવામાં આવ્યું છે કે, ટૂંકા ગાળામાં આ બધું થઇ જાય. હમણાં આ નરેન્દ્રભાઇએ કહ્યું એ કેમ ન થયું? આ કેમ સ્વચ્છ ન થયું? નદીઓ કેમ ચોખ્ખી ન થઇ? આઝાદીની લડતનું રાતોરાત રિઝલ્ટ આવ્યું નથી. આઝાદીની લડતથી રાતોરાત આઝાદી મળી નથી, ૧૮૫૭ની ક્રાંતિ થઇ, એના પહેલાંનો ઇતિહાસ જુઓ. ૧૮૫૭થી શરૂ થયેલી ક્રાંતિનું પરિણામ ૧૯૪૭માં આવ્યું. એમ આ તો સતત ચાલતી પ્રક્રિયા છે. આ વિચારનું મહત્વ છે. નરેન્દ્રભાઇએ જે આહ્વાન કર્યું એનું મહત્વ છે. પુજ્ય મહાત્મા ગાંધીજી પછી આ દેશમાં એક નેતા એવા આવ્યા, વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રી. એમણે પાકિસ્તાન સામેની લડાઇ વખતે અનાજ બચાવવા માટે પ્રજાને ઉપવાસ કરવા માટે આહ્વાન કરેલ. જય જવાન– જય કિસાનનો નારો આપ્યો. એ પહેલાં અને પછી કોંગ્રેસની સતત સત્તાઓ હતી. દેશના લોકોને ખાવાનું અનાજ પણ નહોતું મળતું. અમેરિકા અને કેનેડામાં ત્યાંના જાનવરોને ખવડાવવામાં આવતા હતા એવા ઘઉં ત્યાંથી લાવી કોંગ્રેસની સરકાર પ્રજાને ખવડાવતી હતી. એવા દિવસો તમારા રાજમાં દેશમાં હતા ત્યારે લાલબહાદુર શાસ્ત્રીએ લોકોને ઉપવાસ કરીને સહકાર આપવા વિનંતી કરેલ અને પ્રજાએ ઉપવાસ કરીને સહકાર આપ્યો. એ પછી મોટામાં મોટું પ્રજાકીય આંદોલન થયું નથી. માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ ઉપર ૧૨૫ કરોડ નાગરિકોનો વિશ્વાસ, પ્રેમ અને એમની જે દ્દષ્ટ્રી છે. એ પ્રકારનું આહ્વાન એમણે કર્યું છે. દેશને સ્વચ્છ કરવો, ગામડાને સ્વચ્છ કરવા, ગલી, મહોલ્લા અને શેરીઓ ચોખ્ખી રાખવા માટે આહ્વાન કર્યું છે તો એમાં નરેન્દ્રભાઇએ શું ખોટું કહ્યું છે? એમાં શું રાજકારણ છે? એમાં એમને શું ફાયદો થઇ

જવાનો છે? એ બધું *(xxxxxx) જે રાજકીય ટીકાઓ કરો છો. અમારી સરકારે આમ કર્યું, અમારી સરકારે તેમ કર્યું...

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય મંત્રીશ્રીએ માનનીય સભ્યશ્રીઓનો ઉલ્લેખ કરીને *(xxxxxx) એ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવા જોઇએ.

ઉપાધ્યક્ષશ્રી : કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર નથી. બેસી જાઓ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એ શબ્દો મારે જ નથી રાખવા. ભાઇ, પરેશભાઇ આપ પહેલાં સરસ બોલ્યા. પહેલાં ઇચ્છા હતી કે, તમને અભિનંદન આપું. પણ માનનીય વર્ષાબેન ઉભા થયા પછી તમે એવું ચલાવ્યું કે તમે પહેલાં જે કર્યું હતું એ બધું ધૂળ-ધાણી થઇ ગયું, ચોકડી મારી દીધી. એટલા માટે કે તમે એમ કહ્યું હતું કે, પહેલાં વિચારોમાં લાવવું જોઇએ, વર્તનમાં લાવવું જોઇએ, ભાવનાથી, હ્રદયથી લાવવું જોઇએ. આ બધું તમે એક મિનિટમાં એવું કરીને ઝીરો કર્યું. કોઇએ કચરો વાળ્યો હોય અને કોઇ ગંદા મગજનો માણસ આવીને કચરો નાંખે, એવા સૂચનો અને વિચારોમાં દેખાય છે. મને અપેક્ષા હતી કે, આપ સભ્યશ્રીઓ ગામડામાં આ નથી આ વ્યવસ્થા આપો, નગરપાલિકામાં આ નથી તો આ વ્યવસ્થા આપો, શહેરમાં આ નથી તો આ વ્યવસ્થા આપો. આપ વર્ષોથી ધારાસભ્યો છો, આપની પાસે વર્ષોનો અનુભવ છે, વર્ષોથી પ્રજા વચ્ચે રહો છો. ધારાસભ્ય તરીકે તમે અહીં વિચારો વ્યક્ત કર્યા. પણ કમનસીબી એ છે કે, બહારનો કચરો ધોવાય, ગંદા પાણીનો નિકાલ થાય,પણ કોઇના મગજમાં જો કચરો હોય એ સાફ કરવાનું હજી કોઇ સાધન અમારા મેડીકલમાં પણ હજી નથી આવ્યું, કે મનની ગંદકી દૂર કરવી. કેટલાક લોકોના મનની અંદર ગંદકી થઇ ગઇ છે. એ ગંદકી દૂર કરવા તો અલગ અભિયાન અમારે કરવું પડશે, આમ તો પંદર વર્ષથી કરી રહ્યા છીએ હવે એને અમારે આગળ વધારવું પડશે. સ્વચ્છતા ત્યાં પ્રભુતા આપણે જ કહીએ છીએ, સદીઓથી કહીએ છીએ એવી રીતે જયાં તંદુરસ્તી ત્યાં જરૂર છે સ્વચ્છતાની.એ પણ આપણે કહીએ છીએ, આપણે માનનીય નરેન્દ્રભાઇએ જે આહવાન આપ્યું? કોણે કોણે સ્વીકાર્યું? આખા દેશના પૂજય સાધુ સંતો જગદગુરૂ જેવા મહાન સંતો, ક્રીકેટ ખેલાડીઓ, અભિનેતાઓ, લેખકો, સેલીબ્રેટી, ભારતની અંદર કોઇપણ એવું સેકટર નથી કે જે સેકટરના લોકોએ જેને આખો દેશ અનુસરતો હોય એવા લોકોએ એને ના સ્વીકાર્યુ હોય. તમારા કોંગ્રેસના સંસદ સભ્ય શશી થરૂરે પણ કહ્યું કે હું ભારતનો એમ્બેસેડર બનુ છું નરેન્દ્ર મોદીનો, આજે સચીન તેંડુલકર, લતા મંગેશકર, પૂજય મોરારીબાપુ જેવા હોય, પૂજય રમેશભાઇ ઓઝા હોય આવા સન્માનનીય સદગૃહસ્થો જયારે આ આંદોલનમાં જોડાઇને પોતાનું યોગદાન આપતા હોય ત્યારે તમારે યોગદાન આપવાનું છે અને તમે ટીકા કરો એની અમે કલ્પના નહોતી કરી. અમે તમને બાજુમાં રાખીએ છીએ. અમારે તો અમારા સભ્યોના ઘર, પ્રજાને, કાર્યકરોના ઘર, નાગરિકોને આજે જે અનુરોધ અશોકભાઇએ કરવાનો કીધો છે કે ગુજરાત સ્વચ્છ બને, સ્વસ્થ બને, તંદુરસ્ત બને અને ગુજરાતમાં પરદેશથી કોઇ એન.આર.આઇ. આવે કે કોઇપણ પર્યટક આવે એ એમ કહે કે ગુજરાત સર્વાંગી વિકાસમાં નરેન્દ્રભાઇના શાસનમાં નંબર-વન હતું પણ હવે માનનીય આનંદીબેનના શાસનમાં ગુજરાત સ્વચ્છતામાં પણ નંબર-વન બન્યું છે એવું કામ અમે બધા કરી બતાવીશું અને તમને બતાવીશું કે આ કામ કેવું છે એટલે તમે વાદવિવાદમાં ના પડો, મારી તો તમને પણ વિનંતી છે કે તમારા વિસ્તારની પંચાયતોને, તમારા વિસ્તારની નગરપાલિકાને પણ રાજય સરકારે ગ્રાન્ટો આપી છે શૌચાલયની, આર.એમ. પટેલે આકડા આપ્યા, એમણે કીધું કે આટલા બધા કેમ બાકી રહ્યા? તો શું કોંગ્રેસ વખતે બનાવેલા અમે તોડી નાખેલા? તમે બનાવેલા નહોતા એટલે બાકી છે. તમારા વખતના ખાડા પૂરવાનું કામ જ અમે કરીએ છીએ. એટલે આ કામ અમે જયારે કરી રહ્યા છીએ ત્યારે આ શુભ સંકલ્પ આપણે કરીએ અને સ્વચ્છતા અભિયાનમાં મહાત્મા ગાંધીજીના નામ સાથે જે જોડાયું છે, અહીંયા કીધું કે મહાત્મા મંદિર કેમ નામ આપ્યું? અમને ખબર છે અમારા મનમાં મહાત્મા ગાંધી મોહનદાસ કરમચંદ ગાંધી છે, તમારા મનમાં ગાંધી બીજા છે. તમે બીજા ગાંધી માટે મથો છો. તમારા ગાંધી મહાત્મા ગાંધી નથી, મહાત્મા ગાંધીજીએ તો સ્પષ્ટ કહ્યું હતું કે આઝાદી મળ્યા પછી કોંગ્રેસને વિખેરી નાખજો, હવે એ કામ તમારા ગાંધી કરી રહ્યા છે એમાં તમે મદદ કરો એવી વિનંતી.

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

ઉપાધ્યક્ષશ્રી : **સંકલ્પનો સ્વીકાર કરવામાં આવે છે.**

**રાજયમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળવા અંગે**

શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સંકલ્પ રજૂ કરું છું કે, રાજયમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ દિન–પ્રતિદિન કથળતી જાય છે. અસામાજિક તત્વો બેફામ બની રહ્યા છે. પોલીસ તંત્ર ઉપર પણ હુમલાના બનાવો બની રહ્યા છે. જાહેરમાં ખાનગી ફાયરીંગ, બળાત્કાર, લૂંટ, ધાડ અને અપહરણના કિસ્સાઓમાં નોંધપાત્ર વધારો થઇ રહ્યો છે. રાજયમાં પોલીસ તંત્રમાં દરેક સંવર્ગમાં ઘણી જ જગ્યાઓ ખાલી છે.રાત્રે પોલીસ પેટ્રોલિંગ અસરકારક રીતે થતું નથી. પોલીસ તંત્ર અસામાજિક તત્વો સામે અસરકારક પગલાં લઇ શકતું નથી તેમજ દારૂ–જુગારના અડ્ડાઓની માહિતી હોવા છતાં આવા અડ્ડાઓ બંધ થતા નથી. છેવટે જાહેર જનતાએ સ્વયંભૂ રેડ પાડીને કાયદો હાથમાં લેવો પડે છે, ત્યારે પોલીસ આવી નિર્દોષ પ્રજા ઉપર લાઠીચાર્જ કરે છે અને જે વિસ્તારમાં આવા બનાવો બનતા હોય ત્યાંના સંબંધિત વિસ્તારના જવાબદાર અધિકારી / કર્મચારીઓની બદલી કરવાના બદલે સસ્પેન્ડ કરી ખાતાકીય કાર્યવાહી હાથ ધરી તેમને નોકરીમાંથી રૂખસદ મળે તે દિશામાં નક્કર કાર્યવાહી કરવી જોઇએ. કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે પોલીસદળમાં પૂરા પગારથી ભરતી કરવી જોઇએ અને રાત્રે પોલીસ પેટ્રોલિંગ અસરકારક બનાવવું જોઇએ તેમજ જાહેર જગ્યાએ પોલીસ પોઇન્ટ ઉભા કરી, પૂરતો સ્ટાફ મૂકી અસામાજિક પ્રવૃતિઓને ડામવી જોઇએ. રાજયમાં ચાલતી અસામાજિક પ્રવૃતિઓ જેવી કે બળાત્કાર, લૂંટ, ધાડ અને અપહરણના કિસ્સાઓને ડામીને રાજયમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સામાન્ય બને તેવી કામગીરી કરવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

**સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ **:** માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં ઘણા લાંબા સમયથી દારૂ અને જુગારના અડ્ડાઓ વિના રોકટોક ચાલી રહ્યા છે. પોલીસના વહીવટદારો દારૂના અડ્ડાઓ મૂકવા માટે મોટી રકમ લે છે એટલે પ્રથમ તો આ વહીવટદારોની નિમણૂંક રદ કરી પોઇન્ટ પોસ્ટ ઉપર ગોઠવવા જોઇએ. રાજયમાં દારૂ ટ્રકો તથા અન્ય વાહનો દ્વારા બીજા રાજયમાંથી આવતો હોય છે. મટન પણ બીજા રાજયમાંથી આવતું હોય છે ત્યારે આ દારૂ ક્યાંથી આવ્યો અને કયા રાજયમાંથી આવે છે તે જગ્યા ઉપરના પોલીસ કર્મચારીને પકડી સસ્પેન્ડ કરવાના બદલે નોકરીમાંથી ઉતારી મૂકવામાં આવે તો જ આ કાયદો અસરકારક રહેશે. પોલીસ સ્ટેશનની નજીક દારૂના અડ્ડાઓ તથા ધોળા દિવસે જુગારના અડ્ડાઓ ચાલતા હોય છે. પ્રજા વારંવાર ફરિયાદો કરે તો પણ પગલાં લેવાતા નથી અને પ્રજાને સ્વયંભૂ આવા અડ્ડાઓ બંધ કરાવવા બહાર નીકળવું પડે છે ત્યારે પોલીસ તંત્ર દારૂના અડ્ડાવાળાનો બચાવ કરી દેખાવો કરી રહેલા નિર્દોષ નાગરિકો ઉપર લાઠીચાર્જ કરી કેસો કરે છે ત્યારે જે વિસ્તારમાંથી દારૂ પકડાય તે વિસ્તારના પી.આઇ.ને નોકરીમાં બેદરકારી બદલ સજા રૂપે નિવૃત્ત કરી દેવા જોઇએ. ખૂન, લૂંટફાટ, બળાત્કાર, અપહરણ તેમજ જાહેરમાં ખાનગી ફાયરીંગના બનાવો વધી ગયા છે. ધાર્મિક સ્થળો પણ સુરક્ષિત નથી. મંદિરોમાંથી ભગવાનની મૂર્તિઓ ચોરાય અને લૂંટાય છે. ગ્રાહકો જ્યારે બેન્કમાંથી પોતાની કેશ લઇને જતા હોય છે તો ભરબજારમાં ધોળા દિવસે ઇસમો લૂંટીને જતા રહે છે. બહેનોના ગળામાંથી સોનાની ચેઇનો તોડીને લૂંટી જાય છે પણ કોઇ પગલાં લેવાતા નથી. મહિલા પોલીસ સ્ટેશનોમાં મહિલાઓની ફરિયાદો લેવાતી નથી. તે સમયે ફરજ પરના જવાબદારોને તાકીદે નોકરીમાંથી નિવૃત્ત કરવાની જરૂર છે. સસ્પેન્ડ કરવાથી કોઇ ફરક પડતો નથી. હમણાં બે–ત્રણ દિવસ પહેલાં આપણા માનનીય મહિલા મુખ્યમંત્રીશ્રીના રાજયમાં એક દલિત મહિલાની ધોળા દિવસે હત્યા થઇ તે ઘણી કરૂણ બાબત છે. સરકારે આ બાબતે તાત્કાલિક યોગ્ય કાર્યવાહી કરવી જોઇએ. ગૃહ વિભાગના ઉચ્ચ અધિકારીઓની સૂચનાઓનું યોગ્ય પાલન થતું નથી. ગૃહ વિભાગનો કોઇ અવાજ પોલીસ તંત્ર ઉપર રહેતો નથી.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને.**

પોલીસ અધિકારીઓ અને કોન્સ્ટેબલો દારૂના અડાઓ ઉપરથી જ દરરોજ કેટલી આવક થાય છે તેમાંજ એમને રસ છે. ત્યારે મારે સરકારને કહેવું છે કે તમારે પી.આઇ. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે પ્લીઝ. માનનીય જીતુભાઇ વાઘાણી.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી(ભાવનગર–પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી પ્રહલાદભાઇ પટેલ બિનસરકારી સંકલ્પ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને લઇને આવ્યાં છે ત્યારે હું એમનો સંપૂર્ણપણે વિરોધ કરીને કેટલીક વાતો અહીં રજૂ કરવા માગુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, આની પહેલાનો ખૂબ સરસ સંકલ્પ પરેશભાઇનો હતો. મને એમ લાગે છે તમને વિરોધપક્ષના નેતા અને શૈલેષભાઇને દંડક બનાવવાના છે એવું છાપાઓમાં આવે છે ત્યારે હું તમને વિનંતી કરુંછું કે– અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે અમારા ભારતીય જનતા પાર્ટીના વડાપ્રધાન નરેન્દ્રભાઇએ અને આનંદીબેને એક ખૂબ સરસ સ્વચ્છતા અભિયાન માટે જનપ્રતિનિધિઓને આહવાન કર્યું છે અને કરવાના પણ છીએ. તમને પણ કહું છું કે આવો. ૫૦ટકા ગ્રાન્ટ જનપ્રતિનિધિને જે મળે છે એમાંથી માત્ર સ્વચ્છતા માટે ભારતીય જનતા પાર્ટીના જનપ્રતિનિધિઓ આપવાના છે એવો આદેશ થઇ ગયો છે. તમે ચિંતા કરી છે ત્યારે મારે તમને કહેવું છે કે તમે પણ આપો. અહીંયા ગૃહમાં જાહેરાત કરો અને આપણે સ્વચ્છતા મિશનમાં એક કદમ સ્વચ્છતા કી ઓર આગળ વધીએ.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા વારંવાર કાયદો અને વ્યવસ્થાની વાતો કરે છે અને સંકલ્પ પણ લઇને આવ્યાં છે ત્યારે મારે કહેવું છે કે– અહીંયા અમારા અરવિંદભાઇએ પણ વાત કરી હતી કે અહીંયા રાજ્યપાલનું અપમાન થાય એ પ્રકારની પ્રવૃત્તિ કરવામાં આવે છે. (શેઇમ શેઇમના પોકારો) વિધાનસભાના નિયમો, અધિનિયમોની વાતો કરનારાઓને મારે કહેવું છે કે •(xxxxxx) તમે કેમ કોઇને રોક્યા નહિ? આ સભાગૃહમાં આવી કલંકિત ઘટનાઓ બને. માનનીય અધ્યક્ષશ્રી, મારે એ પણ ધ્યાન દોરવું છે કે – ત્યારે તમને કંઇ વસ્તુ યાદ ના આવી? કાયદો, વ્યવસ્થા, નિયમો, યાદ ના આવ્યાં. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મારો સમય બરબાદ થાય છે.

અધ્યક્ષશ્રી : શું પોઇન્ટ ઓફ ઓર્ડર છે?

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, એ એમના વકતવ્યમાં કહી રહ્યાં છે કે– નિયમો, અધિનિયમોનું પાલન નથી થઇ રહ્યું. સાહેબ, આ તો તમારી ઉપર સીધો ક્લેઇમ છે.

અધ્યક્ષશ્રી : એ હું જોઇને કાઢી નાખીશ.

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : એ દિવસ માટે તમે નિયમોનું ઉલ્લંઘન કર્યું છે એટલે તમને સસ્પેન્ડ કર્યા છે.

અધ્યક્ષશ્રી : જીતુભાઇ..

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારે ધ્યાન દોરવું છે કે– કાયમ આની દોહાઇ દે છે એમને. મારે બીજી પણ એક મહત્વની વાત કહેવી છે કે– ૧૯૯૬–૯૭ની અંદર અહીંયા કોના ટેકાથી રાજપાની સરકાર બની હતી, ભાઇ? આ ગૃહની અંદર અત્યારે આગળ બેઠેલા લોકોએ છૂટા હાથે માઇકોના ઘા કર્યા છે. કાયદો અને વ્યવસ્થાની દોહાઇ દેનારાએ કાયદો અને વ્યવસ્થાની શું સ્થિતિ કરી છે? એ ગૃહ જાણે છે. આ ગૃહને કલંકિત કર્યું છે. કેમરામાં કેદ હશે. આપને જોવું હોય તો જોઇ લેજો અને તમને જો એમ લાગે કે આ ગૃહને કલંકિત કર્યું છે તો આવતી કાલે તમારા નેતાઓની મંજૂરી લઇને માફી માગજો. એ સરકારો બનાવી, કારણ કે– કાયદો અને વ્યવસ્થા એમણે જેટલા વર્ષ રાજ કર્યુ. કાયદો અને વ્યવસ્થામાં આ ગુજરાતની પ્રજા ત્રાહીમામ્ પોકારી ગઇ હતી. આંકડાકીય માહિતીઓ અમારા માનનીય ગૃહ મંત્રી આપશે એટલે એમાં નથી પડવું અપરાધના આંકડાઓ હોય કે અન્ય આંકડાઓ હોય.

માનનીય અધ્યક્ષશ્રી, આ કાયદો અને વ્યવસ્થામાં કેવી તો પ્રજા ત્રાસી ગઇ છે? ૧૯૮૦થી સત્તાની બહાર રાખ્યા છે. આજે પણ એ આતંક અને ભયનું વાતાવરણ યાદ આવે ને એટલે ભાજપ ને કમળની મત આપી દે છે. આ સમાજમાં એમણે આતંક ફેલાવવાનું કામ કર્યુ છે. મારે એમને કહેવું છે કે– આ કલંકિત ઘટનાઓનો શ્રેય કોઇને જતો હોય તો કોંગ્રેસના શાસનને જાય છે. દર્પણમાં વિપક્ષના લોકો પોતાનું મોં જૂએ. દર્પણ હોય તો આપનો ના હોય તો ઘરે જઇને જોવે. એ ખરેખર પોતાના દર્પણમાં પોતે •(xxxxxx) કેવા કામ કર્યા છે એ પોતે

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

જોઇલે. અમને તો ખબર છે કે દર્પણ એ ગુજરાતની જનતા છે અને ગુજરાતની જનતાએ ૩–૩ વાર નરેન્દ્રભાઇને ચૂંટીને અમને અહીંયા મોકલ્યાં છે. તમારે દર્પણ જોવો તો ગુજરાતની જનતાનું જોવો. કંઇક તમને એમ લાગે કે સકારાત્મક કામ કરવું છે તો આ ગૃહમાં સાથે મળીને કરો.

માનનીય અધ્યક્ષશ્રી મારે એ પણ જોવું છે કે– કાયદો અને વ્યવસ્થાની વાતો તો કરો છો. વલ્લભભાઇ પટેલ આરોગ્ય મંત્રીની ધોળા દિવસે હત્યા કરવામાં આવે. કોની સત્તા હતી? ધારાસભ્યશ્રીની પણ ધોળા દહાડે હત્યા કરવામાં આવે. કોની સત્તા હતી? કોંગ્રેસની સરકારની અંદર ગુંડાઓને મંત્રી મંડળના બંગલામાં સાચવવામાં આવે, કેવા પ્રકારની સ્થિતિ? પોપટભાઇ સોરઠિયાની હત્યા કરવામાં આવે. આ ગુજરાત રાજ્ય એ કોઇ જુદા જુદા જિલ્લાઓના નામથી ઓળખાય, કચ્છ એ ઇભલા શેઠ, વડોદરા–રાજુ રિસાલદાર, પોરબંદર–સંતોકબેન જાડેજા, અમદાવાદ–લતીફ, સુરત–મહંમદ સુરતી, તમારા મંત્રી, એ ટાડાની અંદર પકડાય, હથિયારોની હેરાફેરીમાં પકડાય. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, કાયદો અને વ્યવસ્થા એ જૂની વાતો નથી, આજે પણ એ પ્રજા ભૂલી નથી અને એટલે જ તમે સત્તા ઉપર આવી શકતા નથી. મારે એથી પણ વધારે એક સ્ટેપ આગળ કહેવું છે કે, જૂનાગઢ જિલ્લો જ્યારે પોરબંદર જિલ્લો નહતો બન્યો ત્યારે જિલ્લા પંચાયતના પ્રમુખ જીવાભાઇ કેશવા, પતિ–પત્નીને ટ્રકની પાછળ બાંધીને મરી ના જાય ત્યાં સુધી ઘસડીને મારી નાખવામાં આવ્યા. ક્યાં ગયો હતો આ તમારો કાયદો અને વ્યવસ્થા ?

માનનીય અધ્યક્ષશ્રી, પોરબંદરની અંદર આર.એન્ડ બી.માં જેમ લખવામાં આવે છે કે, અહીંયા આ જિલ્લાની હદ પૂરી થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, પેઇન્ટથી લખેલું બોર્ડ આજે પણ પત્રકારો પાસે હશે, કોઇક જગ્યાએ હશે, જોઇ લેજો, અહીંયા ‘કાયદો અને વ્યવસ્થાની હદ પૂરી થાય છે’ આવું પેઇન્ટથી લખવામાં આવ્યું હતું. એટલા માટે કે, પોરબંદરની જેલના પારેવાઓ એ રાત્રે બહાર નીકળે, હત્યા કરી નાખે, સવારે પાછા આવી જાય. રેકર્ડ ઉપર જેલ બંધ કરવાનો નિર્ણય તમારી સરકારે લીધો હતો. આ દેશની અંદર જેલ બંધ કરવી પડે, એવી કાયદો અને વ્યવસ્થા જોઇ છે. ગુજરાતના જાબાંઝ પોલીસ અધિકારીઓ, એમનું મોરલ તોડવાનું કામ આ કોંગ્રેસના આગેવાનોએ કર્યું છે. અહીંયા આતંકવાદી ઘટના બને, એ અક્ષરધામની હોય એ અમદાવાદની સિવિલ હોસ્પિટલની હોય, ગણતરીના કલાકોમાં એ આતંકવાદીને યુ.પી. અને આઝમગઢમાં જઇને દબોચી દેવામાં આવે. આવા આતંકવાદીઓના ઘરે જાય, મગરના આંસુ સારે કે, તમે તો આતંકવાદી નહતા. તો તમારા શું સગા હતા, મારે તમને પૂછવું છે? એક આતંકવાદી અહીંયા આતંક ફેલાવવા આવે બોમ્બેથી, એની અહીંયા મુઠભેડમાં હત્યા થાય અને બોમ્બેમાં જઇ અને એના જનાજામાં એ મગરના આંસુ સારે, તમે આતંકવાદી નહતા. પોલીસનું મોરલ તોડવાનું કામ કર્યું છે ત્યારે ભારતીય જનતા પાર્ટીની સરકારે જે તે વખતના ગૃહમંત્રી....

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. શ્રી પૂર્ણેશભાઇ મોદી.

શ્રી પૂર્ણેશકુમાર ઇ. મોદી(સુરત (પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અંગે માનનીય ધારાસભ્યશ્રી પ્રહલાદભાઇ પટેલ જે બિનસરકારી સંકલ્પ લાવ્યા છે, જેને હું વખોડી નાખું છું અને એમને કહેવા માગુ છું કે, આ બિનસરકારી સંકલ્પ પાછો ખેંચી લે.

માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળમાં કોંગ્રેસના શાસનમાં દરરોજ રાત્રે ચડ્ડી–બનીયાન ધારીઓની લૂંટ થતી. લૂંટ થતી એટલું જ નહીં, લોકોની હત્યાઓ થતી અને દરદરજ દિવસના અજવાળામાં દારુના અડ્ડા ઉપર લઠ્ઠાકાંડ થતા સેંકડો લોકો મોતને ઘાટ ઉતરતા. કોંગ્રેસના રાજમાં અંધકારમાં ધાડ અને ચોરીઓ થતી અને દિવસના અજવાળામાં વરલી–મટકાની અંદર લોકો જુગાર રમીને બરબાદ થતા, લાખ્ખો લાખ્ખો લોકોના કુટુંબ તબાહ થઇ ગયા. આ એ લોકોની સરકાર હતી, તે વખતે ક્યાં ગયો હતો આ લો એન્ડ ઓર્ડર? કોઇ પણ જાતનો ગુજરાતમાં વિના રોકટોક સરકારનો કોઇપણ જાતનો અંકુશ નહીં, એ લોકોના જમાનામાં કોઇ કાયદો અને વ્યવસ્થાનું પાલન નથી કર્યું. એ લોકોને તે વખતનો લો એન્ડ ઓર્ડર કથળી ગયો હતો એટલું જ નહીં આ લો એન્ડ ઓર્ડર ભાંગી પડ્યો હતો. હડતાળો, તોફાનો, કરફ્યુ, ચોરી, લૂંટ, ધાડ, અપહરણ, ખૂન , ગુંડારાજ હતું એ લોકોના વખતમાં, ગુંડા રાજ હતું. કયા મોઢે આજે આ લોકો વાત કરે છે? મારા આગલા વક્તા ભાઇ શ્રી વાઘાણીએ જે વાત કરી કે, અલગ અલગ જિલ્લાઓમાં અલગ અલગ નામથી ઓળખાતું હતું અમદાવાદ, સુરત, વડોદરા, કચ્છ. મારે તો એ કહેવું છે કે, તમે તો તે વખતના શાસનમાં ગુજરાતનું નામ દેશ અને દુનિયામાં કુખ્યાત અને કલંકિત કર્યું છે. એટલું જ નહીં અન્ડર વર્લ્ડનો પંજો પણ આ ગુજરાત પર પડવાનો સમય આવી ગયો હતો

એ પરિસ્થિતિનું તમારા વખતમાં નિર્માણ થયું ત્યારથી ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યું. ભારતીય જનતા પાર્ટીના શાસનમાં જયારથી આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબની સરકાર ગુજરાતમાં બની ત્યારથી આ હડતાળો, તોફાનો વિગેરે પર કંટ્રોલ આવ્યો, નહિવત થયા, બંધ થયું, કરફ્યુ જેવી વાત ભૂતકાળ થઇ, ગુંડારાજ બંધ થયું. ગરીબ અને મધ્યમવર્ગના લોકો, અમીર લોકો, ગરીબ લોકો મધ્યમ વર્ગના લોકો, ઝુંપડ પટ્ટીના લોકો અનેક લોકોએ ભારતીય જનતા પક્ષને આવકાર્યો છે. આજે પણ યાદ કરે છે કે ગુજરાતમાં જો સુશાસન આપ્યું હોય તો ભારતીય જનતા પાર્ટીએ આપ્યું છે અને એને કારણે જે ગુંડા રાજય હતું, લોકોનો જે ભય હતો, લોકો જે પ્રમાણે આ કૃત્ય કરતા હતા એમાંથી ગુજરાતને મુકત કરવાનું જે શ્રેય કોઇને જતું હોય તો એ ભારતીય જનતા પાર્ટીને જાય છે. કોઇ જન્મજાત ગુનેગાર નથી હોતું. ગુનાની પાછળ જોઇએ તો એની મજબુરી, ગરીબી, બેકારી, અસામાજિક તત્વોનો સત્સંગ, અજ્ઞાનતાના કારણે ગુના વધે છે. એના કારણે રાજય સરકારે સારામાં સારા પગલાં ભર્યા છે. એમણે જોયું અજ્ઞાન માણસોને શિક્ષણ મળે, ડ્રોપઆઉટ રેશીયોની વાત આવી. ગરીબ માણસના ગરીબ કલ્યાણ મેળા કરીએ, એની ગરીબી દુર કરીએ કે જેથી ગુનાખોરી પર કન્ટ્રોલ આવે કે જેથી ખોટા માણસોના સત્સંગના કારણે લોકો જે ઝુંપડપટ્ટીમાં વસે છે અને જે ઝીરો સ્લમની ભારતીય જનતા પાર્ટીની પોલીસી છે કે ઝુંપડપટ્ટી હટાવીને એને મકાનમાં લઇ જાવ. આને કારણે ત્યાંના અસામાજિક તત્વોનું આખું વાતાવરણ કલુષિત થતા અટકે. સમગ્ર દેશમાં ૭૨ ટકા રોજગારી આપીને ગુનાના કૃત્ય પર પ્રત્યક્ષ યા પરોક્ષ કબજો અને પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે એને અટકાવવાનું કામ કર્યું હોય તો ભારતીય જનતા પાર્ટીએ આદરણીય નરેન્દ્રભાઇ અને આનંદીબેનની સરકારમાં કર્યું છે. શિક્ષણને કારણે અજ્ઞાનતા દુર થાય છે. દરેક મા બાપનું સ્વપ્ન હોય છે કે પોતે સુખી થાય, ઘરનું ઘર હોય, પોતાનો પુત્ર ભણે ગણે કમાય અને પોતાના કુટુંબનો નિર્વાહ થાય અને એના કારણે ભારતીય જનતા પાર્ટીએ ઝીરો સ્લમની જે વ્યાખ્યા કરી, ગંદકી અહીં કરવામાં આવી તમે તો એ લોકો, જે સામાન્ય ગરીબ માણસ હતા, ઝુંપડપટ્ટીમાં રહેતા હતા એ લોકો કાયમ ગરીબ રહે, ઝુંપડામાં રહે કારણકે તમારી વોટબેંક મજબુત રહે. આના કારણે તમે ૫૦–૫૦ વર્ષ આ કૃત્ય કર્યું છે.

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે.

ડો. અનિલ જોષીયારા(ભિલોડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પ્રહલાદભાઇ જે સંકલ્પ લાવ્યા છે એને સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું. માનનીય સભ્યશ્રીએ આ રાજયની ચિંતા કરી છે. આ રાજયમાં કાયદો અને વ્યવસ્થાની ચિંતા કરી છે. આજે જે રીતે કાયદો અને વ્યવસ્થા કથળી રહી છે. આજે કોઇ બહેન બેટીની સલામતી નથી. આજે ચોરી અને લુંટફાટના કેસો એટલા બધા વધી ગયા છે કે સામાન્ય માણસને જીવવાનું ભારે પડી જાય. હમણા જીતુભાઇ વાત કરતા હતા પણ એ ભુલી ગયા છે કે તે વખતના આપણા ગૃહમંત્રી હરેનભાઇ પંડયા જે ધોળા દિવસે અને તે પણ અમદાવાદમાં અને આગલા દિવસે એ વિસ્તારની લારીઓ હટાવવામાં આવી હતી અને બીજા દિવસે એની લાશ કારમાં પડી હતી. આજે પણ એ કેસ વણઉકલ્યો છે. કોની સરકાર હતી? એનાથી વિશેષ કહું કે હમણા થોડા વર્ષો પહેલા છાશવારે આતંકવાદીઓ આવતા હતા. આજે કયાં જતા રહયા આતંકવાદીઓ? કયાં ગયા? અહીંયા સ્વામિનારાયણ મંદિરમાં, મુખ્યમંત્રીના ઘરની સામે સો મીટર દુર આતંકવાદીઓ ઘુસી ગયા હતા ત્યારે કોની સરકાર હતી? અને એમાં અમારા નિર્દોષ માણસો મરી ગયા. આ કઇ જાતનું શાસન હતું? મારે આ બધી બાબતોમાં એટલા માટે પડવું નથી કે અત્યારની જે પરિસ્થિતિ છે, અત્યારે જે રોજના બળાત્કારો થાય છે, હમણા જ પ્રશ્ન હતો એમાં અમદાવાદની વાત હતી. અમદાવાદમાં છેલ્લા એક વર્ષમાં સો કેસો બળાત્કારના નોંધાયેલા, વણનોંધાયેલા કેટલા હશે ખબર નથી એવું ને એવું છોટાઉદેપુરમાં એક વર્ષમાં ૬૩ જેટલા બળાત્કારના કેસો થયા. આ નોંધાયેલા કેસો છે. વણનોંધાયેલા કેટલા હશે એ ખબર નથી. આ જાતની પરિસ્થિતિ છે. આજે સલામતી કયાંય રહી નથી અને લુંટફાટ તો રોજેરોજની થઇ ગઇ છે. આજે બહેન બેટી જો કોઇ ગળામાં હાર પહેરીને નીકળી તો એ કયાંકને કયાંક તો લુંટાઇ જાય એવું બનતું હોય છે. આ બધી ચિંતા આપણે સૌએ કરવાની જરૂર છે. આમાં પક્ષાપક્ષીની વાતથી દૂર રહીને ચિંતા કરવાની જરૂર છે. મારે તો એ કહેવું છે કે આજે દારુના અડ્ડા બેફામ ચાલે છે એ કોની રહેમ નજરથી ચાલે છે, કેમ આપણે બંધ કરાવી શકતા નથી? હમણા અમારા ભીલોડા પોલીસ સ્ટેશનની બાજુમાં અડ્ડો ચાલતો હતો. ત્યાંની પોલીસ કંઇ ન કરી શકી પણ કોણ જાણે કેમ કોઇકે રજૂઆત કરી અને ગાંધીનગર સિટીમાંથી આવીને એમને પકડયા અને એ દારુ પકડાયો. મારા ભીલોડા તાલુકામાં બે પોલીસ સ્ટેશનો ભીલોડા અને શામળાજી. શામળાજી વિસ્તારમાં અમે તો બોર્ડરના

વિસ્તારમાં છીએ. ત્યાં દારુ બેફામ રીતે રાજસ્થાનમાંથી આવે છે. રોજેરોજ પાંચ લાખનો દારુ પકડાય, દસ લાખનો દારુ પકડાય અને ત્યાંથી દારુ પકડાય એટલું જ નહીં.ત્યાંથી પોલીસની ગાડી એસ્કોર્ટ કરીને દારૂ મોકલવામાં આવતો હતો. ગઇકાલે તમે વાંચ્યું હશે, ટીવીમાં જોયું હશે ગાંધીનગરમાં એ.પી.એમ.સી. ના ધાબા ઉપર, ઘરમાં નહિ ધાબા ઉપર જડ્યો છે. બોટલ જોવા મળી છે. સાહેબ મારે કહેવું છે કે સરકારે કડક રહેવું જોઇએ અને જે જે વિસ્તારોમાં દારૂ કઇ જગ્યાએથી આવે છે તેને પડકવો જોઇએ અને જે તે પોલીસ સ્ટેશનના ઇન્સ્પેકટરની જવાબદારી ફિક્સ કરવી જોઇએ. એ ચિંતા નહિ કરીએ તો ગુનાઓ વધતા જશે. હમણા આજે પ્રશ્નનો જવાબ આપ્યો છે કે આર.ટી.ઓ. ઓફિસમાં આ.ટી.ઓ. ઇન્સ્પેક્ટરને માર્યા અને બીજા ૩ માણસોને માર્યા. આ અસામાજિક તત્વોએ બેરહેમીથી માર્યા. નવાઇની વાત છે કે સરકારી દવાખાનામાં એ લોકો દાખલ થયા. એમની કન્ડીશન ખરાબ હતી. એમને આગળ મોકલવામાં આવ્યા. હિંમતનગર સિવિલમાં મોકલવામાં આવ્યા. સરકારે જવાબ આપ્યો કોઇ ગુનો નથી. મારે કહેવું છે કે જ્યાં ગુનો બન્યો ત્યાં પછી પોલીસ જવાની હતી. એક પોલીસ માણસ, એક હેડ કોન્સ્ટેબલ બાઇક લઇને ગયો અને જે અસામાજિક તત્વોને કહી આવ્યો કે પોલીસ આવે છે તમે જતા રહો. પરિસ્થિતિ એ થઇ કે એ લોકો ભાગી ગયા. પછી રિપોર્ટ કર્યો કે અહીયા કોઇ છે નહિ. આમ કરીશું તો ગુનાઓ અટકશે નહિ. સાહેબ આ છેલ્લાં પાંચ વર્ષના મારી પાસે આંકડા છે. ચોરીના બનાવો ૯૩,૦૨૬, લૂંટના ૬૮૮૦, ધાડના ૧૨૮૮, બળાત્કારના ૨,૨૪૩ આટલા બધા ગુનાઓ બને. આમ એકબીજા ઉપર દોષારોપણ કરીએ. આ તમારા રાજમાં બન્યું. આ તમારી વખતે થયું. એમાંથી આપણે પર આવી બધા એક થઇએ અને ગુનાઓ કેમ અટકે તે માટે પ્રયત્ન નહિ કરીએ તો મને લાગે છે કે આ ગુનાઓનું પ્રમાણ વધતું જશે. બીજી વાત કરીએ તો હમણા આંતકવાદની વાત કરી. તો ઇચ્છાશક્તિનો સવાલ છે. પોલીસ પાસે અધિકારીઓ છે. જાંબાજ અધિકારીઓ છે, પરંતુ કયાંકને કયાંક એમને મુશ્કેલી પડે છે. સ્વતંત્રતા એમને આપો, છૂટ આપો તો મને લાગે છે કે સારામાં સારું કામ કરી શકે. સાથે સાથે જગ્યા પણ ભરો. સાહેબ, મેં બે પોલીસ સ્ટેશનની વાત કરી હતી. ભીલોડા પોલીસ સ્ટેશનમાં છેલ્લા બે મહિનાથી અમારે ત્યાં પોલીસ ઇન્સ્પેકટર આવ્યા છે. ત્યાં આગળ બે મહિનાથી કોઇ ગુના થતા નથી. કોઇ દારૂનો કેસ જોવા નથી મળતો.(અંતરાય) કોઇ દારૂ પીને ફરતો જોવા નહિ મળે. તમે ટકવા નહિ દો. કારણ કે મને ખબર છે કે પોલીસ પૈસા ન લે. પોલીસમાંથી કોઇ માણસ પૈસા લેતો હશે તો એ માણસ પકડે છે. ગુનેગારોની જેમ સજા કરે છે. હમણા એવો કેસ બન્યો. એક ભાઇ અડ્ડો ચલાવતા હશે. પી.એસ.આઇ. એ કડક રીતે કામ લીધું. તો પેલો માણસ કહે વ્યવહાર થઇ ગયો છે ને. પોલીસ સ્ટેશને લાવીને કહ્યું આમાંથી કોણ માણસ હપ્તા લે છે. તેણે કહ્યું કે આ માણસ લે છે. જેમ ગુનેગાર હોય તેવી રીતે તેની સામે કામ લીધું. કહેવાનો મતલબ એ છે કે આવા જે અધિકારીઓ છે. સલામ કરવાનું મન થાય. આવા અધિકારીઓ હોય છે, પણ આવા અધિકારીઓને કદાચ ભાગ્યે જ ટકવા દે. મારે હપ્તા જતા નથી. ન હપ્તા જાય તો *(xxxxxxxxx) હપ્તા ન જાય તો એને ખૂણામાં ફેંકી દે. અમારે કહેવું છે કે આ ગુના અને ભ્રષ્ટાચાર..

પોઇન્ટ ઓફ ઓર્ડર

અસંસદીય શબ્દ અંગે

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય સભ્યશ્રીએ જે રીતે આ સંકલ્પના સંદર્ભમાં પોતાની વાત રજૂ કરી છે. એમાં આ સરકારમાં હપ્તાવાળી પદ્ધતિ છે. એમાં સરકારને સાંકળીને જે હપ્તાવાળી પદ્ધતિનો ઉલ્લેખ કર્યો છે. એ પોતાના વિચારો ૧૦૦ ટકા વ્યકત કરી શકે. હપ્તાવાળી સરકાર કરીને મુદ્દો ઉપસ્થિત કર્યો છે.

અધ્યક્ષશ્રી : આ શબ્દ રેકર્ડ ઉપરથી દૂર કરીએ છીએ. ડો.અનીલ જોષિયારા આપનો સમય પૂરો થાય છે. શ્રી રાજેન્દ્ર ત્રિવેદી(રાવપુરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પ્રહલાદભાઇ પટેલના આ બિનસરકારી સંકલ્પમાં કેટલીક વાતો મારે કરવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ચારેબાજુ ખૂનામરકી થઇ રહી છે. રોડ સુમસામ થઇ ગયા છે, લૂંટાલૂટ થઇ ગઇ છે, શહેર અને ગામો ભડકે બળી રહ્યા છે, લોકો દારૂ પીધા પછી તાન છે. રસ્તા પર, મહોલ્લામાં, શેરીઓમાં કોઇ દેખાતું નથી. પુરુષો પણ નથી. બહેનો પણ નથી. ગળાકાપ થઇ રહ્યો છે. ફાયરીંગ થઇ રહ્યા છે. શહેરો અને

---

* આ શબ્દ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યો.

ગામમાં બધે જ કરફયુ કરફયું છે. ધુમાડા ધુમાડા બધે દેખાઇ રહ્યા છે. ઉદ્યોગ, ધંધા, લારી, ખૂમચા આ બધુ બંધ થઇ રહ્યું છે. ત્યારે મારી પત્નીએ કહ્યું કે આ તમે શું બબડી રહ્યા છો. હું ઉંઘમાંથી જાગ્યો. મેં કહ્યું આ અફઘાનિસ્તાન, પાકિસ્તાન, સીરીયા તેમણે કહ્યું કે તમે ગુજરાતમાં છો. ત્યારે મને હાશ થઇ. આ જે વાતો કરી રહ્યા છે તે ઓર્ગેનાઇઝ ક્રાઇમ ગુજરાતમાં નથી. હું આપને કહું કે એક વ્યક્તિ એકલો અટૂલો જતો હોય અને કોઇ બહેન દીકરી આવતી હોય ત્યારે તેના મનમાં કુદ્દષ્ટિ થાય અને બળાત્કારનો ગુનો કરે ત્યારે સરકાર કયાં આવે? સરકાર પગલાં ન ભરે તો તમે સરકારને કન્ટેમ્પ્ટ કરી શકો. સરકાર પકડે છે. બળાત્કારના કિસ્સાઓ અને અપહરણના મોટા ભાગના કિસ્સાઓ એક યુવાન ૧૬ વર્ષની ઉંમરે પહોચ્યો હોય, ૧૮ વર્ષ, ૨૦ વર્ષની ઉંમરે પહોંચ્યો હોય અને પ્રેમ પ્રકરણનો કિસ્સો હોય, મોટાભાગના કિસ્સાઓ અપહરણના અને બળાત્કારના તેની ઉંમરના કારણે કારણકે ૧૬ વર્ષની ઉંમરની દીકરી હોય તો તે સંમતિ આપી શકે છે. પરંતુ હવે POSCO નો કાયદો આવ્યા પછી તે ઉંમર ૧૮ વર્ષની થઇ ગઇ છે. મોટાભાગના ગુનાઓ કે જેનો આંકડો આપ આપી રહ્યા છો. આ આંકડાથી સરકારને ન તોલશો મિત્રો. મારો સ્પષ્ટ મત આ બાબતમાં છે કે ઓર્ગેનાઇઝ ક્રાઇમ કયાં છે? આપની વાતમાં માનનીય પ્રહલાદભાઇને જે ટેકો કરી રહ્યા છે તેની અંદર કયાંય ઓર્ગેનાઇઝ ક્રાઇમની વાત આવી નથી. ગુજરાત રાજય પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેનના હાથમાં શોભી રહ્યું છે. તેમણે ત્રિનેત્ર ખોલ્યું છે અને ઓર્ગેનાઇઝ ક્રાઇમના એક એક માણસના ખાત્મા કરી દીધા છે. મિટાવી દીધા છે. પાસાના કાયદાની અંદર અનેક લોકો ગયા છે. ડો.જોષીયારાજી વાત કરે છે ત્યારે ખૂબ મને સારા લાગે છે. એમણે જે વાત કરી કે દારૂ આવ્યો, દારૂ આવ્યો. તેમાં એમણે સ્વયં કહ્યું કે પાંચ લાખનો દારૂ પકડાયો, દસ લાખનો દારૂ પકડાયો. અરે, દારૂ પકડયો તે પોલીસ અધિકારીઓના અભિનંદનની વાત કેમ કરતા નથી? એ અભિનંદનની વાત કેમ કરતા નથી. તે પકડયો એ જ બતાવે છે કે આ સરકાર ગુનાની સામે કટિબદ્ધ છે. ગુના અટકાવવા માટે કટિબદ્ધ છે.

અધ્યક્ષશ્રી : નટવરસિંહ બાપુ શાંત થઇ જાઓ બસ, બસ. દંડકશ્રી ચર્ચામાં તેમનું નામ કેમ આપતા નથી?

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : સાહેબ, ના હડતાલ, ના ચકકાજામ, ના રેલી, ના બંધ, ના વિરોધનું કોઇ સરઘસ, ના લોકોનો કોઇ વિરોધ, ના આંદોલનો, ના વિદ્યાર્થીઓનું કોઇ આંદોલન, ના કોઇ યુવા નારાજ, ના કોઇ સીનીયર સીટીઝન નારાજ પછી ક્રાઇમની શેની વાતો કરો છો. આ ગુજરાતની અંદર બગડી ગયું છે. મારે ધ્યાન દોરવું છે કે આપણા મિત્રો રાત્રે બે વાગ્યે ગરબામાંથી ઘરે આવે છે. અરે, ગરબો તો આપણું ઘરેણું છે. રાતના બે–ત્રણ કે ચાર વાગે આપણી બહેનો એકલી અટૂલી ચાલતી જાય છે ત્યારે કોઇ છેડખાની કરવાની હિંમત કરતું નથી. આ ગુજરાતના ગૌરવને તમે ના હણશો. મને કહેવા દો માનનીય અધ્યક્ષશ્રી કે ગુનો કરનાર કરતાં આ ગુનો થઇ રહ્યો છે, કાયદાની હાલત ખરાબ થઇ રહી છે, વ્યવસ્થાની હાલત તૂટી ગઇ છે આવું કહેનારા સૌથી મોટો ગુજરાતનો ગુનો કરી રહ્યા છે. માટે હું કહું છું.

અધ્યક્ષશ્રી : બાપુ આપણે ઘણા બધા દિવસો હજુ બાકી છે.

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાત તો એટલું બધુ સેન્સીટીવ છે, આ સરકાર એટલી બધી સેન્સીટીવ છે તે કલાપીના શબ્દોમાં કહું તો જયારે તે પત્થર ફેંકે છે પક્ષી ઉપર ત્યારે કહે છે કે તે પંખીની ઉપર પથરો ફેંકતા ફેંકી દીધો અને વસવસો થાય છે કે પડી ફાળ હૈયામાં, આ છે સંવેદના ગુજરાતની અને આ છે સંવેદના ગુજરાતના રાજકારણીઓની.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય શ્રી ભૂષણભાઇ ભટ્ટ.

શ્રી ભુષણ અ. ભટ્ટ(જમાલપુર–ખાડીયા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પ્રહલાદભાઇ જે બિન સરકારી સંકલ્પ લઇને આવ્યા છે તેને હું વખોડી કાઢું છું એટલા માટે કે, તેઓ આ ગૃહમાં પોલીસ અધિકારીઓનું મનોબળ તોડવાનું કામ કરી રહ્યાં છે. આ જે જાંબાઝ અધિકારીઓ કામ કરી રહ્યાં છે ગુજરાત રાજયની અંદર એ અધિકારીઓને આપણે સન્માનીએ નહીં તો કાંઇ નહીં પણ ૧૫મી ઓગસ્ટ કે ૨૬મી જાન્યુઆરીએ રાષ્ટ્રપતિ ચંદ્રકો આજ અધિકારીઓ લઇ આવે છે એને સલામ આખા દેશમાં કરવા જઇએ તો એ સૌથી વધારે ગુજરાતના અધિકારીઓ છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું પડે છે, એમને ભૂતકાળ યાદ કરાવવો પડે અને એ એટલા માટે યાદ કરાવવો પડે છે કે, આજ ગુજરાતની અંદર આજે જે શાંતિ પ્રવર્તી રહી છે એ પહેલા જયારે જોવા જઇએ તો રાજયના મુખ્યમંત્રી તમારી પાર્ટીના હોય અને ગુજરાતમાં–અમદાવાદમાં રથયાત્રા પસાર થવાની હોય ત્યારે

આહવાન કરે, મંદિરમાં જઇને પ્રાર્થના કરે કે રથયાત્રાનો રૂટ બદલવો જોઇએ આવી શરમજનક ઘટના ભૂતકાળમાં થઇ હતી. આ ૧૫ વર્ષના શાસનમાં રથયાત્રા હોય, ઇદેમિલાદનું ઝૂલુસ હોય, તાજિયાનું ઝૂલુસ હોય, ગણપતિનું ઝૂલુસ હોય કે માં દશામાંનું ઝૂલુસ હોય એકે એક ઝૂલુસ ભાઇચારાથી વિના અડચણે આજે પાસાર થાય છે અને એ દિવસે બૂલેટપ્રુફ રથની અંદર ભગવાન જગદિશને નીકળવું પડે એ દિવસો પણ આ ગુજરાત અને આ અમદાવાદની પ્રજાએ જોયા છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું પડે છે એટલા માટે કે જીતુભાઇ વાત કરતા હતાને કે પોરબંદરમાં જાવ તો એક દાદા, સુરતમાં જાવ તો સુરતી દાદા, ઇભલા મેમણ, મહમદ સુરતી, લતિફ, મહમદ બ્લોચ આ બધા દાદાઓ ખતમ થઇ ગયા અને હવે બચ્ચા હોય તો એક માત્રા હનુમાન દાદા બચ્યા છે. એક માત્ર હનુમાન દાદા એ ગુજરાતની અંદર બચ્યા છે અને એ બચ્યા છે એનું કારણ જોવા જઇએ તો આ સરકારનું શાસન છે. આ એટલા માટે એની વાત કહેવાનું મન થાય છે કે, જયારે આ લોકો શાસનમાં હતા ત્યારે આજ અધિકારીઓ એમના ઘરે બેસતા હતા અને એ અધિકારીઓ એમના ઘરે બેસીને એમને જીતવામાં મદદ કરતા હતા અને એમની જીતનો આધાર હોય તો એ એવું સમજતા હતા કે આ અમારા અધિકારીના હિસાબે જીતીએ છીએ. એ અધિકારી પ્રજા અને ચૂંટાયેલા પ્રતિનિધિ વચ્ચે સેતૂનું કામ કરતા હતા, પડીકા લઇ આવીને પડીકા વેચવાનું કામ એ સમયમાં થતું હતું. એના કરતા વધારે આગળ જઇને વાત કરું કે કંડલા પોર્ટ ઉપર હાજી મસ્તાન કે કોઇની ચાંદીની પેટીઓ ઉતરી હોય તો એનું એસ્કોર્ટિંગ એ પોલીસ અધિકારી અને ચૂંટાયેલા ધારાસભ્ય એ સમયમાં કરતા હતા. મારે આજે નામ નથી દેવું બાકી નામ દેવાની પણ મારી તૈયારી છે. આ સમય હતો ગુજરાતનો. અને એ સમયના ગુજરાતની વાત કરીએ છીએ ત્યારે મારે એમ કહેવું પડે છે કે આજે બધી સૂફિયાણી વાતો તમારે બંધ કરી દેવી જોઇએ. મારે તમને આજે એ પણ કહેવું પડે છે કે તમે આજે જે વાત કરો છો દારુ, જૂગાર, બળાત્કાર તો કયા કોંગ્રેસી ધારાસભ્યના દિકરાની ગાડીમાંથી દારુ પકડાયો હતો એ પણ તમે જાણો છો. કયા કોંગ્રેસી ધારાસભ્યના દિકરાની ગાડીમાંથી દારુ પકડાયો હતો એ તો બતાવો?માનનીય અધ્યક્ષશ્રી, મારે એ ભૂતકાળની વાત નથી કરવી, માત્ર ને માત્ર એક ભક્તિ કરવાથી પોલીસ અધિકારી સુધરી જાય એવું નથી હોતું, પોલીસને પણ મિત્ર બનાવવો પડે, ગ્યાસુદ્દીનભાઇ એમના વિસ્તારની અંદર પ્રયત્નો કરી રહ્યા છે, પોલીસ અને પ્રજા વિશે ક્રિકેટની મેચ રમાડે છે, પોલીસની સાથે રહીને રોગ નિદાનના કેમ્પ કરે છે, પ્રજા અને પોલીસ વચ્ચે એક વિશ્વાસનું વાતાવરણ જો કોઇએ પેદા કરવું હોય તો એ તમારા ધારાસભ્યશ્રી પાસેથી તમારે શીખવું જોઇએ. બીજા કોઇની વાત નથી. અહીંથી ના શીખો તો કંઇ નહિ. તમે તમારા ધારાસભ્ય પાસેથી તો શીખો. માનનીય અધ્યક્ષશ્રી, મારે એ વાત કહેવી છે કે ભૂતકાળની અંદર જ્યારે આ રાજ્યની અંદર ગુનાખોરીની વાત કરીએ, દારુની વાત કરીએ, જુગારની વાત કરીએ આવી અનેક પ્રકારની પ્રવૃત્તિ પહેલાં ચાલતી હતી.

શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી પ્રહલાદભાઇ પટેલ આ રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જે દિનપ્રતિદિન કથળતી જાય છે તે સામાન્ય બને તેવી રાજ્ય સરકાર કામગીરી કરે તે સારું આ બિન સરકારી સંકલ્પ લઇને આવ્યા છે એમાં હું મારું સમર્થન આપવા માટે ઉભો થયો છું. હું જ્યારે વિધાનસભામાં ચુંટાયો છું ત્યારથી હું વારંવાર જોતો આવ્યો છું કે સિનિયર મંત્રી હોય કે કોઇપણ સભ્ય હોય એ જો એમ કહેતા હોય અને ચાળીસ વરસના ઇતિહાસની વાત કરતા હોય ત્યારે ચાળીસ વરસના ઇતિહાસની સાથે એમના વીસ વરસના ઇતિહાસની વાત પણ એમણે કરવી જોઇએ. મેં પોતે પેપરમાં વાંચ્યું છે આ મહાશિવરાત્રીના દિવસે વડોદરાની અંદર અગિયાર વાગે ભજન કિર્તનનો કાર્યક્રમ ચાલતો હતો તે બંધ કરાવવા માટે પોલીસ ગઇ હતી હમણાં માનનીય મારા સાથી સભ્યશ્રી અત્યારે બોલતા હતા •(xxxxx) પેપરની અંદર આવેલું અને મેં વાંચેલી હું આ વાત કરું છું. બીજી પણ વાત કરીશ આજે જ્યારે આપણે એકવીસમી સદીની વાત કરતા હોઇએ, હું એમ કહુ છું કાયદો અને વ્યવસ્થાની વાત કરતા હોઇએ તો હું એમ પુછું છે કે આ ગુજરાતની અંદર કયું શહેર એવું બાકી રહી ગયું છે ત્યાં દારુ નથી વેચાતો? સાહેબ પહેલાંના જમાનાની અંદર એકજ લતીફ પાક્યો હતો પણ અત્યારે તો આ ગુજરાતના ગામડે ગામડે અને ગલીએ ગલીએ લતીફ પાક્યા

• માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો રેકર્ડ પરથી દૂર કરવામાં આવ્યાં.

છે, માનનીય અધ્યક્ષશ્રી, રાજસ્થાનની અંદર દારૂ રાત્રે આઠ વાગ્યે મળતો બંધ થઇ જાય, દિલ્હીમાં રાત્રે દસ વાગ્યે દારૂ મળતો બંધ થઇ જાય પણ આ ગુજરાતમાં ચોવીસ કલાક દારૂ મળે, પહેલાં તો લતીફ નામની વ્યકિત ચલાવતો હતો એના ઘરે લેવા જવું પડતું હતું પણ હવે તો હોમ ડિલીવરી થાય છે, એમને પૂછવામાં આવે છે ક્યાં જોઇએ છે અને હવે તો હોમ ડિલીવરી કરતાં કરતાં મુંહ ડિલીવરી પણ થાય છે એની સામે પણ વાંધો નથી પણ પહેલાંના રાજની અંદર રાજસ્થાનથી માલ આવતો, પણ ખબર નહિ રાજસ્થાનથી આવતો માલ બંધ થઇ ગયો અને અમે હવે તો અમદાવાદ, વડોદરા અને ખાડીયા બધે જોઇએ છીએ તો પંજાબ, હરિયાણા એ રીતે પરપ્રાંતોનો દારુ આવે છે, હું પૂછવા માગું છું કે આ દારુની બાટલી જ્યારે જોઇએ ત્યારે તેમાં એવું લખેલું હોય છે કે પંજાબ, હરિયાણા ત્યારે મારે આ બધાને પુછવું છે કે હરિયાણા કે પંજાબથી કોઇ પાઇપલાઇન નાંખી છે કે શું કર્યું છે? પણ ખબર નહિ હવે તો ચોવીસ કલાક અમદાવાદમાં દારુ મળે છે. વડોદરામાં મળે છે એટલે વીસ વરસની વાત કરવી જોઇએ, ચાળીસ વરસની વાત નહિ કરવી જોઇએ, આગલા કેટલા નેતા મરી ગયા કેટલા માણસો મરી ગયા એની પણ વાત ના કરવી જોઇએ, પણ આપણા રાજમાં પણ કેટલા નેતાઓ મરી ગયા અને કેટલાય નેતાઓ જેલમાં ગયા એની પણ વાત કરવી જોઇએ, ગરીબ માણસોની તમે હત્યા કરો છો, બીજી વાત એ કરવા માગું છું કે, તમે ચાળીસ વરસની વાત કરો છો મને પણ ખબર છે કે સાબરમતી જેલની અંદર સુરંગ ખોદાઇ હતી, •(xxxx)

પોઇન્ટ ઓફ ઓર્ડર

સરકારી અધિકારીના નામ–હોદ્દાનું ઉચ્ચારણ કરવા અંગે

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી પોતાના પ્રવચનની અંદર એ પ્રમાણેનો ઉલ્લેખ કરી રહ્યા છે અને એમાં સરકારના અધિકારીઓના નામજોગ વાત કરે છે, વિધાનસભાની આપણી પ્રણાલિ રહી છે અને ભૂતકાળની અંદર અધ્યક્ષશ્રીના અનેક નિર્ણયો છે. ગુજરાતની પોલીસ જે રીતે પ્રબળ રાજકીય ઇચ્છા શકિતના આધાર ઉપર કાયમ રહી તેનું મોરલ તોડવા માટેનો આ પ્રયાસ છે. આ સન્માનનીય સભાગૃહનું સ્તર એવુ નથી કે કોઇ પણ અધિકારીનું મોરલ તોડવા માટે આનો ઉપયોગ કરવામાં આવે. આ પ્રમાણેના તે શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવા જોઇએ અને સભ્યશ્રીને કહેવું જોઇએ કે આ પ્રમાણેના શબ્દોનો ફરીથી ઉપયોગ ના કરે.

અધ્યક્ષશ્રી : કોઇ પણ સભ્ય ઉપર પણ આપણે આક્ષેપ નથી કરી શકતા આક્ષેપ કરવો હોય તો પહેલા પૂરાવા આપવા પડે છે. આપે જે કંઇ શબ્દો વાપર્યા છે •(xxx) તે રેકોર્ડ ઉપરથી આપણે દૂર કરીએ છીએ.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી,પોલીસ કર્મીઓનું હું કયારેય પણ મોરલ તોડતો નથી. એક બીજી પણ વાત કરું કે પહેલાના જમાનાની જયારે પોલીસની રચના થઇ ત્યારે પોલીસ ખાતુ શર્ટ અને ચડ્ડી પહેરતું હતુ. એ જમાનાની અંદર પોલીસ ખાતાને સરકારશ્રી દ્વારા સાયકલ એલાઉન્સ આપવામાં આવતું હતું. જયારે પોલીસ ખાતાની રચના થઇ ત્યારે સાયકલ એલાઉન્સ કેટલા રૂપિયા આપવામાં આવતું હતુ ? ૨૫ રૂપિયા સાયકલ એલાઉન્સ આપવામાં આવતું હતુ. આટલા વર્ષો થઇ ગયા, આપણે એકવીસમી સદીની વાત કરીએ છીએ, ગુજરાત નંબર વન છે તેવી વાત કરીએ છીએ પણ હજુ સુધી ૨૫ રૂપિયાનું સાયકલ એલાઉન્સ છે તે વધ્યુ નથી તે બહુ દુઃખદ બાબત છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી પણ વાત કહું કે જયારે શર્ટ અને ચડ્ડી પહેરવામાં આવતા હતા ત્યારે ડ્રેસ ધોવા માટેનું એલાઉન્સ આપવામાં આવતુ. જયારે પોલીસ શર્ટ અને ચડ્ડી પહેરતી હતી ત્યારે આ આપવામાં આવતુ હતું. એમને પ્રોત્સાહિત કરવા માટે થઇને આ કહું છું ત્યારે ડ્રેસ ધોવા માટે ડ્રેસ એલાઉન્સ ૨૦ રૂપિયા આપવામાં આવતું. આજે કેટલો સમય થયો ?

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ(નવસારી) : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રી પ્રહલાદભાઇ પટેલે ગૃહમાં જે સંકલ્પ રજૂ કર્યો છે તે સબંધી મારા વિચારો, પ્રતિભાવો અને સંકલ્પ રજૂ કરવાના હેતુઓ સબંધી મારા વિચારો રજૂ કરું છું.

---

• માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો રેકર્ડ પરથી દૂર કરવામાં આવ્યાં.

માનનીય અધ્યક્ષશ્રી, તેમણે રાજયમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ બાબતમાં જે ચિત્ર ગૃહમાં રજૂ કર્યુ છે તે રાજયના તમામ ક્ષેત્રોની પરિસ્થિતિથી જૂદુ અને અતિશયોકિતભર્યુ છે તેમ કહું તો ખોટું નથી. હું હંમેશા વર્તમાનમાં રહેવાવાળો માણસ છું પરંતુ લીવ ઇન પ્રેઝન્ટ, મારે ના છૂટકે પ્રહલાદભાઇના સંકલ્પથી ભૂતકાળમાં જવું પડે છે તેમ મને લાગે છે.

માનનીય અધ્યક્ષશ્રી, દેશમાં કોંગ્રેસે સૌથી વધારે રાજય કર્યુ. અને વધારેમાં વધારે કોમ્યુનલ રાયોટ્સ જો થયા હોય તો તે કોંગ્રેસના રાજમાં થયા છે અને કોંગ્રેસ પોતાને ધર્મનિરપેક્ષ પાર્ટી તરીકે ઓળખાવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૮૦ થી ૧૯૯૫માં કોંગ્રેસની સરકારમાં એ દરિયાપુરમાં પોપટીયાવાડમાં લતીફ, વડોદરામાં રાજુ રીસાલદાર, કચ્છમાં ઇભલા શેખ, સુરતમાં મહમ્મદ સુરતી, અમારા વલસાડ પારડીની અંદર ઇજ્જુ શેખ તે નામો આજે પણ લોકોને યાદ છે. એ.કે.૪૭ લઇને ગીતાગૌરી સિનેમા આગળ જયારે અમદાવાદમાં ઠેર ઠેર માણસોને ધોળે દિવસે મારી નાંખ્યા હતા એ આજે પણ અમદાવાદની જનતા જાણે છે.

માનનીય અધ્યક્ષશ્રી, અશ્વિનભાઇએ ગુંડાઓના નામની વાત કરી. અહીંયા અમારા ગૃહમંત્રી બેઠાં છે એક ગામમાં એમ કહ્યું ગુંડાઓ છે. આજે એક પણ નામ આપો અમારા ગૃહમંત્રી બેઠાં છે કાલે અને કાલે તેમને પકડીને તેને જેલના સળિયા પાછળ બેસાડશે. દારૂ ઉપર આટલો બધો પ્રેમ વિપક્ષના સભ્યોને કેમ છે ? ભૂતકાળ ભૂલી રહ્યાં છે માનનીય અધ્યક્ષશ્રી ભૂતકાળમાં સર્કિટ હાઉસમાં જે મહેફિલો ચાલતી હતી તે આજે બંધ થઇ ગઇ છે એનો યશ આ સરકારને જાય છે. સનાળી ગામે, ગોંડલ ગામ આગળ વીજળીની માગણી ઉપર જયારે ખેડૂતો ઉપર ગોળીબાર થયા અને ત્રણ–ત્રણ ખેડૂતો જયારે મૃત્યુ પામ્યાં તે આજે પણ તેનો ઇતિહાસ સાક્ષી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગમે તેવા ઉત્સવોમાં જે સ્ટેબીંગ થતા હતા તે સ્ટેબીંગ આજે ભૂતકાળ બની ગયા છે. સલામત ગુજરાતની અંદર કરફ્યુ એ ભૂતકાળ બની ગયો છે. વાયબ્રન્ટ સમિટ હોય, આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ હોય, કાંકરીયા કાર્નીવલ હોય, રણોત્સવ હોય, રથયાત્રા હોય, ગણેશ ઉત્સવ હોય, રમજાન ઇદ હોય, મહોરમ હોય, બકરી ઇદ હોય, આંતરરાષ્ટ્રીય ક્રિકેટ હોય તેવી કોઇ પણ વાત કોઇપણ જાતના તોફાનો વગર નિર્વિવાદ થઇ શકે છે એ આ ભારતીય જનતા પાર્ટીની દેન છે. મારે વિશેષ વાત એ કરવી છે કે જયારે પ્રહલાદ ભાઇએ બળાત્કારની વાત કરી કે બળાત્કારના કિસ્સા વધી ગયા છે તો હું કહેવા માગું છું કે કોલ ૧૮૧ ની વાત અત્યારે તમે જોઇ હોય તો મહિલાઓ માટે પહેલી વાર આ ભારતીય જનતા પાર્ટીની સરકારે ઘરેલુ હિંસા, વિવિધ પ્રકારની હિંસાના કિસ્સાઓમાં ગૃહ વિભાગ અને રાજયના મહિલા વિભાગે સંકલિત રીતે ૧૮૧ અભિયાન હેલ્પ લાઇન જાહેર કરી છે અને ૧ વર્ષની અંદર ૧૫ હજાર થી પણ વધુ મહિલાઓની મદદ કરી છે એનો ઇતિહાસ સાક્ષી છે. મારે વિશેષ વાત એ કરવી છે કે મહિલાઓના સશકિતકરણમાં આ એક પીંછું વધારાનું ઉમેર્યું છે. અને ગુજરાતની એફ.એસ.એલ. એ દેશની સાયબર સીકયોરીટીનો રોડ મેપ ઘડશે એમ કહું તો ખોટું નથી. સાયબર ક્રાઇમની અત્યાર સુધીમાં સમગ્ર દેશમાં જો કોઇએ પહેલ કરી હોય, પહેલ વહેલી જો કોઇએ ચિંતા કરી હોય તો એ ગુજરાતે કરી છે અને સાયબર સુરક્ષા કવચમાં ૩૦૦ થી પણ વધારે કર્મચારીઓનો ઉમેરો કર્યો છે. હવે તમે મને ટાઇમ નથી આપવાના ત્યારે એક મિનિટની અંદર મારી શાયરીથી વાત પૂરી કરવા માગું છું. અમારો જે સંકલ્પ છે ''હમ ચલતે રહેંગે, શાંત, સલામત રાહો પર, ન ઝૂકેંગે, ન રૂકેંગે, ચલતે રહેંગે ઠોસ કદમો પર, હમારા હર કદમ મંઝીલ કી ઔર, વો કદમ કદમ નહીં જો મંઝીલ કી ઔર નહીં.

શ્રી રજનીકાન્ત સો. પટેલ ( ગૃહ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત આજે એક વિકસીત રાજય તરીકે, સમગ્ર દેશમાં એક મોડેલ રાજય તરીકે તરીકે, અને સર્વાંગી વિકસીત રાજય તરીકે આગળ વધી રહ્યું છે. અને તેના મૂળમાં જો કોઇ બાબત હોય તો એ શાંત અને સલામત ગુજરાત છે. કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જે પ્રકારે ગુજરાતમાં જળવાયેલી છે તેના આધાર ઉપર દેશ અને દુનિયાના લોકો ગુજરાતમાં વેપાર ધંધા અને ઉદ્યોગો માટે આવે છે અને તેના કારણે આજે ગુજરાત સમૃદ્ધ બન્યું છે. વિરોધપક્ષના માનનીય સભ્યશ્રીઓ દ્વારા આક્ષેપો કરવામાં આવ્યા કે ગુજરાત રાજયમાં ગુનાખોરી ખૂબ વધી ગઇ છે. કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળી ગઇ છે. પરંતુ મારે આપશ્રી મારફત આ સભાગૃહને જણાવવાનું કે નેશનલ ક્રાઇમ રેકોર્ડ બ્યુરો, નવી દિલ્હી, તમામ રાજયો અને કેન્દ્ર શાષીત પ્રદેશોમાં અપરાધની પરિસ્થિતિ નિર્માણ થતી હોય છે તેને સંબંધિત આંકડાઓ એકત્રીત કરે છે. અને ક્રાઇમ ઇન ઇન્ડિયા નામની પુસ્તીકા બહાર પાડે છે. આ પુસ્તીકામાં એક લાખની વસતિ સામે કેટલા અને કેવા પ્રકારના અપરાધો બન્યા તેની માહિતી અને તેનો ક્રાઇમ રેટ આપવામાં

આવે છે. અહીં ચર્ચા થઇ એમાં ધાડ, લૂંટ, ઘરફોડ ચોરી, મિલકત વિરુધના અપરાધોમાં આખા દેશનો ક્રાઇમ રેટ ૪૨.૦૫ છે. તેની સામે ગુજરાતનો આ ગુનાઓનો ક્રાઇમ રેટ ૩૬.૨૧ નો છે. એ જ રીતે ખૂન, ખૂનની કોશીશ, ઇજા વગેરે શરીર સંબંધી અપરાધોમાં રાષ્ટ્રીય શરેરાશ ૪૭.૫૦ નો રેટ છે તેની સામે ગુજરાતનો ક્રાઇમ રેટ માત્ર ૩૩.૨૪ છે. મારે અન્ય કેટલીક બાબતો જે ગૃહના પ્રત્યેક સભ્યો અને ગુજરાતની તમામ જનતા ખૂબ સારી રીતે સ્વીકારે છે તે પ્રકારની વાત કરવી છે. માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ લોકસભાની ચૂંટણીઓ પૂરી થઇ છે. લોકસભાની ચૂંટણીઓમાં ગુજરાતમાં સમગ્રતયા જે પ્રકારનો પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો તેના પરિણામે એક પણ અનિચ્છનીય બનાવ આખા ગુજરાતમાં લોકસભાની ચૂંટણીઓ દરમિયાન બન્યો નથી. અને દેશ અને ગુજરાતના ખૂબ જ ઇચ્છનીય પરિણામો આવ્યા. ૨૬ માંથી ૨૬ બેઠકો ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીને મળી અને દેશમાં પણ ભારતીય જનતા પાર્ટીને સ્પષ્ટ બહુમતી મળી અને કેન્દ્રમાં પણ એને શાસન સોંપ્યું.

હું નાનો હતો, હું ગામડામાંથી આવું છું અને ગામડાંમાં રહેતો હતો. અહીંયા મોટા ભાગના સભ્યશ્રીઓ ગામડાંમાંથી આવે છે. તે વખતે એવી પરિસ્થિતિ હતી કે ગામડાંમાંથી કોઇને અમદાવાદ જવું હોય તો પહેલા સમાચાર મેળવવા પડે કે અમદાવાદમાં જઇ શકાય તેવી સ્થિતિ છે કે કેમ. આ વાત મોટા ભાગના બધાએ અનુભવી હશે અને એવા સમાચાર મળે કે કોઇપણ પ્રકારની અનિચ્છનીય પરિસ્થિતિ નથી તો જ અમદાવાદમાં જવાય તેવા પ્રકારની સ્થિતિ હતી. જયારે આજે અમદાવાદ નાના બાળકથી માંડીને કોઇપણ ગમે ત્યારે ગમે તે સ્થળે જઇ શકે છે અને કોઇ પણ બનાવ ન બને તેવું કામ કાયદો અને વ્યવસ્થાની બાબતમાં ગુજરાત રાજયમાં ચાલી રહ્યું છે.

મહિલાઓના સંદર્ભમાં અહીંયા વાત કરવામાં આવી ત્યારે રાજયના પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના નેતૃત્વમાં રાજયની મહિલાઓ માટે સુરક્ષાની દ્દષ્ટિએ અનેકવિધ પગલાં લેવામાં આવ્યા છે અને એટલે ગુજરાતમાં મહિલાઓ સમગ્ર દેશ કરતા સૌથી વધારે સુરક્ષિત છે. મહિલાઓ વિરુદ્ધ ગુનાઓની તપાસ કરવા માટે આ રાજયમાં ૩૦ જેટલા મહિલા પોલીસ સ્ટેશનો કાર્યરત છે. રાજયમાં મહિલા સુરક્ષા માટે દરેક જિલ્લામાં, શહેરોમાં પોલીસ કન્ટ્રોલરૂમમાં હેલ્પલાઇન ૧૦૯૧ શરૂ કરવામાં આવી છે. અભયમ હેલ્પ લાઇન પણ પ્રાયોગિક ધોરણે શરૂ કરવામાં આવી છે અને પ્રિવેન્સિવ સાથે સાથે પ્રિવેન્સનના ભાગરૂપે સુરક્ષા સેતુ સોસાયટીના માધ્યમથી આપણા બહેનોમાં મહિલાઓમાં હિંમત અને આત્મવિશ્વાસ વધે અને જયાં જરૂર પડે તો કાયદાથી રક્ષણ લઇ શકે અને સાથે સાથે પોતે મેં કહ્યું એમ હિંમત અને આત્મ વિશ્વાસથી નાની મોટી પરિસ્થિતિનો સામનો કરી શકે એટલા માટે ૨ લાખ ૭૦ હજાર મહિલાઓને સંરક્ષણની તાલીમ આપવામાં આવી છે.

અહીંયા હમણાં માનનીય સભ્યશ્રીએ એક દલિત બહેનના હત્યાના સંદર્ભમાં વાત કરી. એ પ્રવિણાબહેન અમરાભાઇ ચાવડા જેમના મોતના સંદર્ભે બિપીનભાઇ ગણપતભાઇ સોલંકી લોલીયા ગામના વતની એમને તા. ૨૮-૨-૧૫ના રોજ સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે પોલીસ ઇન્સ્પેકટર અને એમની રૂબરૂમાં ફરિયાદ લખાવી, અને એ ફરિયાદ બગોદરા પોલીસ સ્ટેશન ખાતે ૨૮-૨-૧૫ના રોજ ૨૦ અને ૧૫ કલાકે પોલીસ સબ ઇન્સ્પેકટર બગોદરાએ દાખલ કરી અને આગળની તપાસ નાયબ પોલીસ અધિક્ષક વિરમગામ, એમણે શરૂ કરી. આ પ્રવિણાબહેન ચાવડા એમનું ઇન્કવેસ્ટ પંચનામું બગોદરા સી.એચ.સી.ખાતે કરી એમનું પેનલ પી.એમ. સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે કરવામાં આવ્યુ. આ પેનલ પી.એમ.ની સંપૂર્ણપણે વિડિયોગ્રાફી પણ કરવામાં આવી અને પોષ્ટમોર્ટમ દ્વારા રિપોર્ટ મળ્યો એ asphyxia due to ligature strangulation એટલે કે ગળું રૂંધાવાથી ઓકસીજન ન મળવાને કારણે મૃત્યુ થયું છે એવો પી.એમ. રિપોર્ટ આવ્યો. આ બનાવની જગ્યાનું પંચનામું પંચો, એફએસએલ અધિકારીઓની રૂબરૂમાં કરવામાં આવ્યું અને એના બધા નમૂના લેવામાં આવ્યા ફોટાગ્રાફી અને વિડિયોગ્રાફી પણ કરવામાં આવી. આરોપીને પકડવા માટે જિલ્લાની એલ.સી.બી . અને એસ.ઓ.જી. ને અલગ અલગ અધિકારીઓ સાથે મોકલવામાં આવી. અને શોધખોળ કરવા માટે આમાં જે અધિકારીઓ ગયા હતા, તેમણે આના મુખ્ય બે આરોપી હતા તે બન્ને આરોપીઓને તાત્કાલિક ધોરણે પકડી લીધા અને તેમની અટક કરીને ઉંડાણપૂર્વકની તપાસ પણ ચાલી રહી છે. તેમાં જે વાહન વપરાયું હતું એ વાહન, ગળે ફાંસો આપવા માટે ઉપયોગ થયો હતો એ લૂંગી આ બધું જપ્ત કરવામાં

આવ્યું છે અને મરણ પામનારના પરિવારને સંપૂર્ણપણે રક્ષણ મળી રહે તે રીતે આગળની તપાસ ખૂબ સઘન રીતે ચલાવી રહ્યા છે.

દારૂના સંદર્ભમાં માનનીય સભ્યશ્રીઓએ ખૂબ વાતો કરી. ૨૦૧૪ના વર્ષ દરમ્યાન કુલ ૨,૩૭,૦૦૦ જેટલા ગુનાઓ શોધી કાઢવામાં આવ્યા છે અને ૬૧ કરોડ ૮૫ લાખની કિંમતનો ૪૬,૪૨,૮૭૨ બોટલ વિદેશી દારૂનો જથ્થો આ જ પોલીસે પકડ્યો છે. એ જ પ્રકારે દેશી દારૂમાં અને જુગારમાં પણ ૨૦૧૪ના વર્ષ દરમ્યાન જુગારના  ૨,૪૮,૦૨૩ જેટલા ગુનાઓ શોધીને રોકડ અને અન્ય મુદ્દામાલ જપ્ત કરેલ છે. ખૂબ સારી રીતે સમગ્રતયા રાજયમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ચાલી રહી છે. દિનપ્રતિદિન કોંગ્રેસની પરિસ્થિતિ કથળતી જાય છે અને આ કથળતી જતી કોંગ્રેસની પરિસ્થિતિની સામે શું કરવું તેની ચિંતા કરવાને બદલે રાજયની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જે સાચા અર્થમાં ખૂબ શાંતિ અને સલામત રીતે રાજ્ય ચાલે છે તેના સંદર્ભમાં આ પ્રકારની વાત ગૃહમાં લઇ આવવાની માનનીય સભ્યશ્રીએ રજૂઆત કરી છે ત્યારે હું કહીશ કે રાજયમાં ગુનાખોરી તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ઉપર સંપૂર્ણ નિયંત્રણ છે અને વિરોધપક્ષ દ્વારા કરવામાં આવેલ આક્ષેપોમાં કોઇ તથ્ય જણાતું નથી. તેથી હું માનનીય ધારાસભ્યશ્રી પ્રહલાદભાઇ પટેલના સંકલ્પનો વિરોધ કરવા ગૃહના આદરણીય સભ્યશ્રીઓને અનુરોધ કરું છું અને વિરમું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને નામંજૂર કરવામાં આવ્યો.**

**સભાગૃહની બીજી બેઠકનું કામકાજ સાંજના ૬–૫૮ વાગ્યે પૂરું થતાં અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ બુધવાર, તા. ૪થી માર્ચ–૨૦૧૫ના રોજ સવારના ૮–૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**બુધવાર, તા.૪થી માર્ચ, ૨૦૧૫**
**ફાલ્ગુન ૧૩, ૧૯૩૬ શાકે**
**સભાગૃહ સવારના ૮.૩૦ વાગ્યે મળ્યું**
**માનનીય અધ્યક્ષશ્રી ગણપતસિંહ વસાવા અધ્યક્ષસ્થાને.**

તારાંકિત પ્રશ્નો

**ખેડા જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ**

* ૧૪૭૨૧ **શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર(મહુધા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૧૫ ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર કેટલી આંગણવાડીઓ કાર્યરત છે,

(૨) તે અન્વયે કેટલી આંગણવાડીઓને પોતાના મકાનો છે, અને

(૩) આંગણવાડીઓને પોતાના મકાનો નથી તેમને મકાન સત્વરે આપવા સરકારે શા પગલાં લીધાં ?

**જવાબ**

(૧) તા.૩૧–૦૧–૨૦૧૫ ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર કુલ ૧૯૬૪ આંગણવાડીઓ કાર્યરત છે જે નીચે મુજબ છે.

| **તાલુકાનું નામ** | **કાર્યરત આંગણવાડી કેન્દ્રની કુલ સંખ્યા** |
|---|---|
| માતર | ૧૬૬ |
| ઠાસરા | ૩૨૭ |
| મહેમદાવાદ | ૨૫૧ |
| કપડવંજ | ૩૧૪ |
| કઠલાલ | ૧૮૯ |
| નડીયાદ | ૪૩૦ |
| મહુધા | ૧૫૯ |
| ખેડા | ૧૨૮ |
| **કુલ** | **૧૯૬૪** |

(૨) તે અન્વયે ખેડા જિલ્લામાં તાલુકાવાર ૧૪૧૬ આંગણવાડી કેન્દ્રને પોતાના મકાનો છે. જેની માહિતી નીચે મુજબ છે.

| **તાલુકાનું નામ** | **આંગણવાડી કેન્દ્રની પોતાના મકાનોની સંખ્યા** |
|---|---|
| માતર | ૧૨૧ |
| ઠાસરા | ૨૫૭ |
| મહેમદાવાદ | ૧૯૯ |
| કપડવંજ | ૨૩૮ |
| કઠલાલ | ૧૪૯ |
| નડીયાદ | ૨૩૫ |
| મહુધા | ૧૨૨ |
| ખેડા | ૯૫ |
| **કુલ** | **૧૪૧૬** |

(૩) જે આંગણવાડીઓને પોતાના મકાનો નથી તેવા મકાનો પૈકી ૩૦ મકાનોનું બાંધકામ પ્રગતિ હેઠળ છે, ૫ મકાનોના બાંધકામ માટે વર્ક ઓર્ડર આપેલ છે, ૮૯ મકાનનું બાંધકામ જગ્યાના અભાવના કારણે અટકેલ છે તેમજ તે

ઉપરાંત બાકી રહેતા મકાનો બાબતે વિવિધ યોજના હેઠળ સમાવેશ કરવા પ્રયત્નો હાથ ધરેલ છે.

શ્રી નટવરસિંહ કુ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, ખેડા જિલ્લામાં ગ્રામ્ય, શહેર અને નગરપાલિકામાં કેટલી આંગણવાડીઓ કરવાની બાકી છે અને એની શું શું સગવડો છે ?

બીજું કે, જે આંગણવાડીઓ કરવાની બાકી છે એ ક્યારે કરવામાં આવશે ? જ્યાં આંગણવાડીની જમીન નથી ત્યાં સરકાર જમીન ખરીદીને આંગણવાડીઓ કરવા માગે છે કે કેમ?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, મારા જવાબમાં છે, કુલ ૧,૯૬૪માંથી ૧,૪૧૬ આંગણવાડીઓ બનેલી છે અને ૩૦ મકાનોનું બાંધકામ પ્રગતિ હેઠળ છે, ૮૯નું કામ જગ્યાના અભાવના કારણે અટકેલું છે અને જેમ જેમ જગ્યા મળે તેમ તેમ કરવામાં આવશે, આપણી પાસે પુરતી ગ્રાન્ટ છે, આંગણવાડીઓને પૂરી કરવા માટેનો રાજ્ય સરકારનો દ્રઢ સંકલ્પ છે.

ડો. નિર્મલાબેન સુ. વાધવાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, ખેડા જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોના બાંધકામ માટે સને ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪માં કેટલો ખર્ચ થયેલ છે ?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, ખેડા જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોના બાંધકામ માટે ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪માં કુલ રકમ ૧,૮૫૨.૪૧ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, જવાબમાં આપ્યા મુજબ ૫૪૮ આંગણવાડીના પોતાના મકાનો નથી અને જવાબમાં જ આપ્યું છે કે, લગભગ ૮૯ આંગણવાડીઓ મંજૂર કરી હશે પણ મકાનોનું બાંધકામ જગ્યાના અભાવે શરૂ થઇ શક્યું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આજે દરેક જગ્યાએ આ ગામનો અને શહેરનો પ્રશ્ન છે કે, જે વિસ્તારમાં આંગણવાડીના બાળકો હોય એ વિસ્તારમાં સરકારી જગ્યા ઉપલબ્ધ નહીં હોવાના કારણે દૂરના વિસ્તારમાં સરકારી જગ્યા ફાળવીને ત્યાં મકાન બનાવવામાં આવે છે. બીજા નંબરે આવી જગ્યા ન હોય તો એની સુવિધા આપણે આપી શકતા નથી. એટલે મારે મંત્રીશ્રી પાસેથી આપના મારફતે એટલું જ જાણવું છે કે, સરકાર જે તે વિસ્તારમાં કોઇ પ્રાઇવેટ જમીન હોય એને પણ બજાર કિંમતે ખરીદીને આંગણવાડી બનાવવાની કોઇ યોજના કરવા માગે છે કે કેમ ?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, બજાર કિંમતે ખરીદવાનો પ્રશ્ન એટલા માટે ઉપસ્થિત નથી થતો કે, શહેરમાં જ્યારે જગ્યા ન હોય ત્યારે કોમન પ્લોટ હોય, તેવા લોકોને વિનંતી કરીને આપણે કરી શકીએ છીએ. (અંતરાય)

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે, જે વિસ્તારમાં બાળકો હોય ત્યાં સરકારી જગ્યા નથી હોતી એટલે લગભગ એક જ જગ્યાએ ચાર–ચાર વિસ્તારની ભેગી આંગણવાડીઓ બનેલા તમને દાખલા પુરાવા સાથે આપવાની તૈયારી છે.

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, આપણે કોઇ પણ શહેરમાં ગીચ હોવાના કારણે કોઇ જગ્યા ન હોય ત્યાં જ આવી વ્યવસ્થાઓ ઉભી કરી છે. હું આપને વિનંતી કરું છું કે, આપના ધ્યાનમાં કોઇ પણ જગ્યા હોય તો અમારા ધ્યાનમાં મૂકજો, અમે કરવા માટે તૈયાર છીએ.

શ્રી સંજયકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, ખેડા જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોના બાંધકામ માટે વર્ષ ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪માં વર્ષવાર લક્ષ્યાંક અન્વયે શું પ્રગતિ થઇ છે?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૩માં ગ્રામ્ય વિસ્તારમાં ૯૯ આંગણવાડીઓ શરૂ કરવાનો લક્ષ્યાંક છે અને ગ્રામ્ય વિસ્તારમાં બીજી ૨૦ આંગણવાડીઓના બાંધકામની શરૂઆત કરવાનું બાકી છે, જમીન મળે એ પ્રમાણે લક્ષ્યાંક પૂરો કરીશું.

શ્રી નિરંજન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી આપના દ્વારા પૂછવા માગુ છું કે, ખેડા જિલ્લામાં પરા વિસ્તારો વધારે છે અને એના કારણે આંગણવાડીઓ પરા વિસ્તારોમાં શરૂ કરી છે પણ ચોમાસામાં બાળકોને જવામાં કાચા રસ્તામાં બહુ તકલીફ પડે છે તો આંગણવાડીઓને મેઇન રસ્તાથી જોડવા

માગો છો કે કેમ?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રીની એમાં ગ્રાન્ટ હોય છે, ગ્રાન્ટ આપીને રસ્તા કરાવી શકાય (અંતરાય) નિરંજનભાઇ સાંભળો, માનનીય મુખ્યમંત્રીશ્રીએ, શાળા અને આવા કેન્દ્રોને રસ્તાઓ કરવા માટેની સુચનાઓ આપેલ છે અને એ કરવા માટે ઉત્સુક છીએ.

શ્રીમતી નિમિષાબેન સુથાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે, આંગણવાડીઓના અપગ્રેડેશન માટે સરકાર દ્વારા કેટલી રકમ ફાળવવામાં આવી છે અને આ રકમ પૈકી સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત ખર્ચ કરી શકાય છે કે કેમ?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ સમગ્ર ગુજરાતની અંદર સફાઇનું અભિયાન માત્ર સરકારી કાર્યક્રમ ન બની રહે પણ આપણે બધા જોડાઇએ એ માટે ખૂબ લાગણીપૂર્વક વિચારણા કરીને આ કામ શરૂ કરવામાં આવ્યું છે એટલા માટે તમામ આંગણવાડી દીઠ એક લાખની જોગવાઇ અપગ્રેડેશન માટે કરી છે. ભારત સરકારના તા. ૮-૧૨-૨૦૧૪ના પત્રમાં જણાવ્યા પ્રમાણે આંગણવાડીના અપગ્રેડેશન ફંડમાંથી શૌચાલય માટેની રકમ ફાળવી શકાય એવા આદેશ કરવામાં આવ્યા છે.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પુછવું છે કે કુલ આંગણવાડીઓની ૧૯૬૪ સંખ્યા છે તો આમાં કેટલામાં શૌચાલય છે અને કેટલામાં નથી? અને કયાં સુધીમાં બનાવવા માગો છો?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, જે જુની આંગણવાડીઓ છે ત્યાં શૌચાલય નથી. ભાડાના મકાનમાં બેસે છે એમાં નથી. નવી તમામ આંગણવાડીઓ શૌચાલય સાથે કરવાની શરૂઆત આપણે કરી દીધી છે અને ભાડાના મકાનમાં જયાં શૌચાલય ન હોય તો જુના ભાડા પ્રમાણે ભાડુ આપીએ છીએ. શૌચાલય કરે તો ૧૫૦૦ રૂપિયા ભાડુ આપવાનો નિર્ણય કર્યો છે.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, જગ્યાના અભાવે મકાનો બનાવવાના બાકી છે તો ગ્રામ્ય લેવલે હું માનું છું ત્યાં સુધી ગુજરાતી સ્કુલની અંદર પણ ઘણી જગ્યાએ જગ્યાઓ છે તો એ ગુજરાતી સ્કૂલની અંદર સંમતિ લઇને ત્યાં જો આંગણવાડીનું મકાન બનાવે તો થઇ શકે તેમ છે તો સ્કૂલની મંજૂરી લઇને મકાન બનાવવા માગો છો?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, એ આપણે કરી જ રહ્યા છીએ. જયાં શાળાઓમાં જગ્યા હોય, ગ્રાઉન્ડ હોય અને ઉપર પણ જગ્યાઓમાં કરી શકાય એમ હોય તો ઉપલા ધોરણના કલાસ ઉપર લઇ જઇને નીચે આંગણવાડી કરવાનું કામ સરકારે શરૂ કરી દીધું છે.

**કોલવડા ખાતે આયુર્વેદિક હોસ્પિટલનું બાંધકામ**

* ૧૫૦૨૯ **શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ(વેજલપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ ગાંધીનગરના કોલવડા ખાતેની મોડેલ આયુર્વેદિક કોલેજ સંલગ્ન હોસ્પિટલના બાંધકામની કામગીરી ક્યા તબક્કે છે, | (૧) પૂર્ણતાને આરે છે. |
| (૨) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં આ યોજના પાછળ કુલ કેટલો ખર્ચ થયેલ છે, અને | (૨) રૂ.૧૫૫.૬૨ કરોડ. |
| (૩) આ આયુર્વેદિક કોલેજ સંલગ્ન હોસ્પિટલ ક્યારે કાર્યાન્વિત કરવામાં આવશે ? | (૩) આગામી નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં વહેલામાં વહેલી તકે ચાલુ કરવાનું આયોજન છે. |

શ્રી કિશોરસિંહ બા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે ગાંધીનગર ખાતે સરકારી આયુર્વેદિક હોસ્પિટલ બનનાર છે એમાં કઇ કઇ સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવશે?

શ્રી શંકરભાઇ લ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાતમાં ગાંધીનગરની અંદર મહાત્મા મંદિર જે પ્રમાણે બન્યું છે તે પ્રમાણે ગાંધીનગરની અંદર એક નવું નજરાણું કહી શકાય એવી દેશ કક્ષાની અદ્યતન મેડિકલ કોલેજ મોડલ સ્વરૂપની અને સારવાર આપતી અદ્યતન હોસ્પિટલ કોલવડાની અંદર ચાલુ કરવાનું રાજય સરકારનું જે સ્વપ્ન હતું એને કાર્યરત કર્યુ છે. ૧૫૮.૮૦ કરોડ જેટલો ખર્ચ થયો છે. ૪૦૦ બેડની સુવિધાવાળી આ

હોસ્પિટલ બની રહી છે, જેની અંદર ૨૬ જેટલા સ્પેશિયલ રૂમો, ઓપરેશન થીએટર, સ્ત્રી માટેનો એક આખો અલગ વોર્ડ, પુરૂષો માટે એક અલગ આખો વોર્ડ, બાળકો માટે પણ અલગ આધુનિક વોર્ડ, અને દરેક રીતે આધુનિકમાં આધુનિક કહી શકાય તે પ્રકારની સુવિધા સાથેનું આ સંકુલ બની રહ્યું છે જેની અંદર આયુર્વેદિક પોધાઓ તૈયાર કરવાની નર્સરી, એના ડેમોન્સ્ટ્રેશન માટે જરૂરી ટ્રેઈનીંગ માટેની હોસ્ટેલ સહિત આની અંદર સમાવેશ કરવામાં આવ્યો છે.

શ્રી અશોકકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ તો મારા મત વિસ્તાર અને મારા ગામમાં હોસ્પિટલ આપવા બદલ હું સરકારશ્રીનો ખૂબ ખબ આભાર માનુ છું. માનનીય અધ્યક્ષશ્રી, હું એ જાણવા માગું છું કે આ હોસ્પિટલનું બાંધકામ કોણે કર્યું અને અત્યારે એની કામગીરી કયા તબકકામાં ચાલી રહી છે?

શ્રી શંકરભાઇ લ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શ્રી અશોકભાઇ કહે છે તે પ્રમાણે એમના વિસ્તારની અંદર, સાચા અર્થમાં દેશનું નજરાણુ એમના વિધાનસભા વિસ્તારમાં ગાંધીનગરમાં કોલવડા વિસ્તારમાં થઇ રહ્યું છે. તેનું કામ પી.આઇ.યુ. દ્વારા કરવામાં આવે છે અને અત્યારે હાલ મોટાભાગનું બાંધકામ પૂર્ણ થવા આવ્યું છે. અંદરના રસ્તાઓ, ગાર્ડનીંગ અને ફીનીશીંગનું જે કામ હોય એ પૂર્ણ થયેથી આને ચાલુ કરી શકાશે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે આ જે હોસ્પિટલ બની રહી છે એમાં જે રીતે કીધું કે હોસ્પિટલ, પોધાઓ વાવવાની વ્યવસ્થા કરી છે અને હોસ્ટેલ છે તો કેટલી જગ્યામાં આ હોસ્પિટલનું બાંધકામ કરવામાં આવ્યું છે? આ જગ્યા સરકારી હતી કે પ્રાઇવેટ? પ્રાઇવેટ હતી તો કેટલામાં ખરીદી હતી? અને હોસ્ટેલની વાત કરીએ તો હોસ્ટેલમાં કેટલા બાળકો રહેશે?

શ્રી શંકરભાઇ લ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ જે વાત કરી એ પ્રમાણે કોલવડાની બાજુમાં ગવર્નમેન્ટ લેન્ડ હતી તે લઇને ત્યાં આગળ જ રાજય સરકારે કરી છે. નાણાં કેટલા છે, તેની માહિતી મારી પાસે અત્યારે નથી, પણ એના ક્ષેત્રફળની લંબાઇ ૧૫ એકર જેટલી થાય છે અને રકમ કેટલી છે તે કહેશે તો ચોક્કસ આપી શકાશે.

અધ્યક્ષશ્રી : છાત્રાલયમાં કેટલા વિદ્યાર્થીઓ રહે છે?

શ્રી શંકરભાઇ લ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને આર્યુવેદનો નિયમ હોય છે કે જેટલા બેડ એટલા વિદ્યાર્થીઓ. જે પૂર્ણ થશે ત્યારે ૫૦૦ બેડની સુવિધા થશે.

ડો. નિર્મલાબેન સુ. વાધવાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ દવાખાનામાં કેટલા પ્રકારની સારવાર થશે અને બીજો પ્રશ્ન દર્દીના ફીના ધોરણો શું છે? ચાર્જ વસૂલવામાં આવશે કે કેમ?

શ્રી શંકરભાઇ લ. પટેલ : આમાં બીજા પ્રશ્નનો જવાબ સૌથી પહેલા આપું છું કે આમાં કોઇપણ પ્રકારનો ચાર્જ સારવાર માટે લેવામાં આવશે નહીં તે પ્રમાણેનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે. કયા કયા રોગોની સારવાર આપવામાં આવશે તે જણાવું તો પેરાલીસીસની અંદર ચેતાતંત્રના રોગોની અંદર પંચકર્મ દ્વારા સારવાર આપવામાં આવશે. અગ્નીકર્મ દ્વારા આર્થરાઇટીસ અને સાંધાના દુખાવા માટેની સારવાર આપવામાં આવશે. નશો આપ્યા સિવાય દાંતને પાડી શકાય તે માટેની સારવાર, જલંધરબંધની પ્રક્રિયા અંગેની સારવાર, હ્યયરોગ માટેની સારવાર, ડાયાબિટિસ, મેદસ્વીપણું ઓછું કરવા માટેની સારવારની જોગવાઇ છે. દુખાવો ન થાય તે માટેની પેઇન કિલનિક, કેન્સર કિલનિક, ગર્ભ સંસ્કાર માટેની કિલનિક, વૃદ્ધ ઉંમરના લોકોને અલગ અલગ સમસ્યા થતી હોય છે, તેના આહાર માટે ખોરાક કેવો લેવો જોઇએ તેનું માર્ગદર્શન અને સુવિધા અને ક્ષાર સૂત્રની પણ સારવાર આપવામાં આવશે.

**પાટણ જિલ્લામાં સરકારી દવાખાના, પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં મંજૂર મહેકમ**

* ૧૩૯૬૧ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ પાટણ જિલ્લામાં તાલુકાવાર સરકારી દવાખાના, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં કેન્દ્રવાર સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે, અને | (૧) પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માટે *પત્રક–અ અને સામૂહિક આરોગ્ય કેન્દ્ર માટે *પત્રક–બ સામેલ છે. |

| | |
|---|---|
| (૨) તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે અને ખાલી જગ્યાઓ ક્યાં સુધી ભરવાનું આયોજન છે ? | (૨) જરૂરી લાયકાત અને અનુભવ ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ખાલી જગ્યાઓ ભરવામાં આવશે. વર્ગ–૩ અને ૪ ની જગ્યાઓ પર જરૂરત મુજબ આઉટસોર્સથી કામગીરી લેવામાં આવે છે. |

(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રીશ્રીને પૂછવા માગું છું કે હમણા જ મારા પાટણ જિલ્લામાં ૧૦ સામૂહિક કેન્દ્રો છે. સરકાર નવી નવી હોસ્પિટલો બનાવે સારી વાત છે, પણ આખા જિલ્લાની અંદર ૨૨૮ જગ્યાઓ છે એમાંથી ૧૦૭ જગ્યાઓ ખાલી છે. એમાં ખાસ કરીને મારે કહેવું છે કે ક્લાસ–૧ ની જગ્યા ૧ થી ૧૪ એની અંદર આખા જિલ્લામાં માત્ર એક જ જગ્યા ભરાયેલી છે. એ માત્ર રાધનપુરમાં. આખા જિલ્લામાં ૧૩ જગ્યા છેલ્લા કેટલાંય વર્ષોથીપ, ૨૦૧૦ થી માંડીને આ જગ્યા ભરાતી નથી, તો સરકાર આ ૧૩ જગ્યાઓ વહેલામાં વહેલી તકે ભરવા માગે છે કે કેમ? નહિતર બીજે બધે જગ્યા કેટલી ખાલી છે તે બોલવા જઉં તો ઘણો બધો સમય જાય. તો આ જગ્યા ન ભરાવાનાં કારણે આખો પાટણ જિલ્લો આરોગ્ય ક્ષેત્રે ઠપ્પ થઇ ગયો હોય તેવી સ્થિતિ છે. તો માનનીય મંત્રીશ્રીને વિનંતી છે. બીજો પ્રશ્ન પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર એની અંદર ૩૬ જગ્યા છે. એમાંથી ૩૨ ભરાયેલી છે. જે ૪ નથી ભરાયેલી. હમણા ૨ ભરી. મારા મત વિસ્તારમાં ભરવામાં આવતી નથી. આખા જિલ્લામાં ભરાય અને મારા મત વિસ્તારમાં ૬ કેન્દ્રો છે.

અધ્યક્ષશ્રી : બાપુ આપ પ્રશ્ન પૂછો છો કે જવાબ આપો છો?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : ૬ જગ્યામાંથી એક પણ ભરવામાં આવતી નથી, તો આવો ભેદ કેમ? આવો ભેદભાવ દૂર કરીને લોકહિતમાં જગ્યા જલ્દી ભરવા માગો છો કે કેમ?

શ્રી શંકરભાઇ લ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમાં કોઇની સાથે, કોઇ વિસ્તાર સાથે, કોઇનું મો જોઇને નિર્ણય નથી કરતા. સૌનો સાથ સૌનો વિકાસ એ ભાવનાથી સરકાર ચાલે છે. સૌથી પહેલો પ્રશ્ન એમણે કહ્યું બલવંતસિંહ હોંશિયાર માણસ છે. એમણે ભરાયેલી જગ્યાઓ હતી જે ક્લાસ–૨ અને ૩ એના ફિગર ન આપ્યા, પણ એની જગ્યાએ ક્લાસ–૧ ની વાત કરી. ખાસ કરીને પી.જી.ના ડોક્ટરની તંગી વધારે રહેતી હોય છે, પરંતુ તેની અંદર જેવા ઉપલબ્ધ થતાની સાથે જગ્યા ભરવા માટેનો પ્રયત્ન કરીશું. માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ આ વર્ષની અંદર લગભગ એકસો કરતાં વધારે ડૉકટરોનો ઓર્ડર આ પાટણ જિલ્લામાં અમે આપ્યો છે, પરંતુ કેટલાક ડૉકટરો હાજર ન થવાના કારણે જગ્યા ખાલી રહેતી હોય છે. બલવંતસિંહભાઇના વિસ્તારની અંદર તેના ઓર્ડર કરવામાં આવ્યા છે. તેમણે બીજી પી.એચ.સી.ની વાત કરી છે તો તેમાં તેમણે પોતે જ સ્વીકાર્યુ છે કે આખા જિલ્લાની અંદર ચાર જેટલી જગ્યાઓ ખાલી છે. જયાં ખાલી છે ત્યાં બાજુના પી.એચ.સી.ના ડૉકટર અવેલેબલ છે. આયુષ ડૉકટર તો ત્યાં અવેલેબલ છે જ. ડૉકટર વગરના છે એવો અર્થ નથી થતો. બાજુના ડૉકટર આવીને સારવાર આપે છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, એક જ વિસ્તારની અંદર છ એ છ જગ્યા ખાલી હોય અને આ છ એ છ ભરવામાં ન આવતી હોય, આખા તાલુકામાં કોઇ નથી. સિદ્ધપુર અને સરસ્વતી બે તાલુકામાં એકેય નથી.

શ્રી નીતિનભાઇ ૨. પટેલ : ગુજરાતની મેડિકલ કોલેજ પાટણ ધારપુરમાં છે. સિદ્ધપુરની અંદર ડેન્ટલ કોલેજ છે. સિદ્ધપુરમાં કેન્સર હોસ્પિટલ છે. બીજી હોસ્પિટલો પણ છે. તમારી વાતનો જવાબ આપુ છું. પાટણમાં સિવિલ હોસ્પિટલ છે. જે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ડૉકટરની આપે વાત કરી તે સરકારમાંથી અમે સીધી ભરતીથી નિમણૂક કરતા નથી. અમે જિલ્લા પંચાયતમાં ડી.ડી.ઓ.ના હવાલે ડૉકટરો મૂકીએ છીએ. જરૂરિયાત પ્રમાણે ડી.ડી.ઓ. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ડૉકટરોની જિલ્લા પંચાયતમાંથી નિમણૂક કરતા હોય છે. તમારે ત્યાં ખાલી રાખી છે એવું નથી. અમે અહીંથી સીધા પાટણ જિલ્લા પંચાયત હસ્તક ડૉકટરો મૂકીએ છીએ. ડી.ડી.ઓ.ત્યાંથી જરૂરિયાત પ્રમાણે ફાળવણી કરે છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માફરતે માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છુ કે પાટણ જિલ્લામાં સી.એમ.સેતુ યોજના હેઠળ કેટલા ડૉકટરોની નિમણૂક કરવામાં આવી અને પાટણ જિલ્લામાં પી.એચ.સી. અને સી.એચ.સી.માં એક વર્ષમાં કેટલા દર્દીઓને શું સારવાર આપી તેની વિગતો જાણવા માગુ છું.

શ્રી શંકરભાઇ લ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ડૉકટરની જે વાત માનનીય ઋષિકેશભાઇએ કરી તે પ્રમાણે અને બલવંતસિંહભાઇનો જે પ્રશ્ન હતો તેમાં કલાસ–૨ અને કલાસ–૧નો વિષય ખાસ કરીને ગાયનેકોલોજીસ્ટ, જનરલ સર્જન, સ્પેશીયલ ડૉકટરોનો હતો. ત્યાં ભરતીથી ન આવતા હોય તો સી.એમ. સેતુ અંતર્ગત લેવામાં આવતા હોય છે. આ જિલ્લાની અંદર જે મોટી હોસ્પિટલો છે તેટલા પૂરતો જ પ્રશ્ન પૂછયો છે તો ૩ જનરલ હોસ્પિટલ પાટણની અંદર સી.એમ. સેતુની અંદર છે. માનનીય બલવંતસિંહભાઇ કહેતા હતા કે ડૉકટર નથી ત્યાં પણ બે ડૉકટર સિદ્ધપુર ખાતે સી.એમ.સેતુ અંતર્ગત છે. સાહેબ બીજો પ્રશ્ન હતો કે કેટલી ઓ.પી.ડી. છે અને કેટલા ઇનડોર છે. પાટણ જિલ્લાની અંદર પી.એચ.સી.ની અંદર ઓ.પી.ડી. તરીકે ૧,૭૫,૫૬૬ જેટલા દર્દીઓને જોવામાં આવ્યા છે. ઇનડોર પણ ૧૫૬૩ જેટલા પી.એચ.સી. કક્ષાએ છે. લેબૉરેટરી ટેસ્ટ ૨,૨૪,૦૪૭ કર્યા છે. સી.એચ.સી. કક્ષાએ ઓ.પી.ડી. છે તે ૪,૧૩,૩૨૭ અને ઇનડોર ૪૦,૫૬૪ની સંખ્યા છે. લેબૉરેટરી ટેસ્ટ ૧,૨૨,૫૨૮ જેટલા કર્યા છે. ઓપરેશન કહી શકાય તે સી.એચ.સી. કક્ષાએ જોઇએ તો ૩૩૮૪ જેટલા પાટણ જિલ્લામાં આવી હોસ્પિટલો દ્વારા કરવામાં આવ્યા છે.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, આ સી.એચ.સી.માં ગુજરાતમાં ઘણી બધી જગ્યાઓ કાયમી ખાલી જ રહે છે. જાત જાતના રોગો ગુજરાતમાં ભરડો લે છે ત્યારે મારે માનનીય મંત્રીશ્રીને વિનંતી છે...

અધ્યક્ષશ્રી :આપ પાટણ જિલ્લા પૂરતી વાત કરો.

ડો. અનિલ જોષીયારા : પાટણ જિલ્લાની જ વાત કરું છું. છેલ્લા બે વર્ષમાં તેમણે કોઇ સ્પેસીફીક આવી જગ્યાઓ ભરવા માટે કોઇ પ્રયત્નો કર્યા છે કે કેમ**,** કર્યા છે તો શું પ્રયત્નો કર્યા**?** ખાલી મંગળવારે ડૉકટરો આવે એવું નહીં પણ તમે કોઇ પ્રયત્નો કર્યા હોય અને જગ્યાઓ ભરાઇ હોય તેવો કોઇ પ્રયત્ન થયો છે કે કેમ**?** તમે હમણાં સ્વાઇન ફ્લુ વખતે જાહેરાત કરી હતી કે ૬૦૦ ડૉકટરોની તાત્કાલિક ભરતી કરીશું. તો તેમાંથી પાટણ જિલ્લામાં કેટલી ભરતી થઇ**?**

શ્રી શંકરભાઇ લ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર દ્વારા વોકીંગ ઇન્ટરવ્યુંથી તો લેવામાં આવે જ છે પણ તેના સિવાય જી.પી.એસ.સી. દ્વારા ડૉકટરોની ભરતીની પ્રક્રિયા ચાલુ છે. આ વર્ષની અંદર હમણાં સ્પેશીફીક જવાબ પાટણ જિલ્લાનો આપ્યો હતો. એકસો કરતાં વધારે એટલે કે ૧૪૪ જેટલી જગ્યાઓ હમણાં એક વર્ષની અંદર જ ભરવામાં આવી છે. શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, મારે એ જાણવું છે કે, પાટણ જિલ્લા સિવાય જેમ માનનીય જોષીયારાજીએ વાત કરી એ મુજબ આ સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં પૂરાં ગુજરાતમાં મહેકમ અને ડોકટરોનો સવાલ છે તો ખરેખર ઉચ્ચક પગાર આપે છે એટલા માટે ડોકટરો આવતા નથી તો આ ડોકટરોને સારો ફિકસ પગાર કરી અને નિમણૂક કરવા માગો છો કે કેમ?

શ્રી શંકરભાઇ લ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પહેલો તો આખા રાજયનો પ્રશ્ન એમણે પૂછ્યો છે આ તો પાટણ જિલ્લા પૂરતો જ પ્રશ્ન છે જેથી પ્રશ્ન રહેતો નથી. છતાં પણ એમણે પૂછ્યું છે તો જવાબ આપું કે આપણે ઉચ્ચક પગાર નથી આપતા હોતા.

## વલસાડ જિલ્લામાં દીકરી યોજનાના લાભાર્થીઓ

* ૧૫૦૭૮ **શ્રી કનુભાઇ મો. દેસાઇ(પારડી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં દીકરી યોજના હેઠળ કેટલા લાભાર્થીઓએ લાભ લીધેલ છે, અને | (૧) ૧૯૯. |
| (૨) જિલ્લામાં કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) ૩.૧૦,૦૨,૦૦૦/–. |

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, આપણા મહિલા મુખ્યમંત્રી આનંદીબેનની આગેવાનીમાં જયારે મહિલાઓના વિકાસની અનેક યોજનાઓ ચાલી રહી છે ત્યારે દીકરી યોજના શું છે, અને તેના લાભો મેળવવાની પાત્રતા કઇ કઇ છે?

શ્રી શંકરભાઇ લ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીને જણાવું કે, આ સરકારે ૫૦ ટકા જનસંખ્યા જે બહેનોની છે એ પણ આ વિકાસની યાત્રામાં જોડાય એ માટે અનેકવિધ કાર્યક્રમો હાથ પર લીધા છે.

જેમાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં અનામતની જોગવાઇની વાત હોય કે ભરતીમાં અનામતની જોગવાઇ હોય, માનનીય મુખ્યમંત્રીશ્રીએ મહિલાઓ પણ આ વિકાસ યાત્રાની અંદર એટલી જ સહભાગી બને તેવા અભિગમ સાથે અનેક યોજનાઓ મૂકી છે. પરંતુ આ પ્રશ્ન જયાં સુધી છે ત્યાં સુધી દીકરી જન્મે એ ગૌરવની બાબત બને તે માટે આ યોજના મૂકવામાં આવી છે. યોજનાનો આખો વિષય છે એમાં દીકરીના જન્મને વધાવવા માટે રાષ્ટ્રીય બચત પત્રો આપવા માટેની એક યોજના છે. બે દીકરીઓ જ માત્ર હોય અને દીકરો જેને ત્યાં ન હોય એવા દંપતિને ૫૦૦૦ રૂપિયાના રાષ્ટ્રીય બચત પત્રો આપવા માટેની આ યોજના છે અને આના અંતર્ગત ૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ ૭૭૯૦ જેટલા એક દીકરીવાળા અને ૪૮૬૨૩ બે દીકરીવાળા લાભાર્થીઓને આના કારણે લાભ પણ મળેલ છે.

શ્રી ભરતભાઇ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, દીકરી યોજનાનો લાભ લેવા માટે અરજદારે કોનો સંપર્ક સાધવાનો હોય છે, અને આ યોજનાના ફેલાવા માટે શું શું કરવામાં આવે છે?

શ્રી શંકરભાઇ લ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, દીકરી યોજનાનો લાભ લેવા માટે બહાર ક્યાંય જવાની જરૂર નથી, પી.એચ.સી. અથવા સી.એચ.સી.ના જે ડોકટર હોય તેનો સંપર્ક કરવાથી આનો લાભ ત્યાં મળતો હોય છે. આના ફેલાવા માટે અત્યારે કન્યા કેળવણી માટેનું આખું એક અભિયાન રાજય સરકારે ચલાવ્યું હતું અને જયાં જયાં માનનીય મુખ્યમંત્રીશ્રી પોતે અને મંત્રીશ્રીઓ પણ સભામાં જતા હોય ત્યારે પણ દીકરીનું મહત્વ અને એને આનુષાંગિક વાત કરતા હોય છે, જનપ્રતિનિધિઓ પણ આ પ્રમાણેનું કામ કરતા હોય છે. એ સિવાય પ્રિન્ટ મિડિયા અને માધ્યમો દ્વારા પણ આની જાગૃતિ માટેનું કામ સરકાર કરતી હોય છે અને ગૃપ ચર્ચાઓ અને ડાયરાઓ દ્વારા પણ આ પ્રમાણેના પ્રચારનું કામ કરી શકાતું હોય છે.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, ૧૯૯ લાભાર્થી છે એમાં દરેક તાલુકાવાઇઝ, ધરમપુર, કપરાડા, પારડી, ઉંમરગામ, વાપી એમ ટોટલ ૬ એ ૬ તાલુકાના કેટલા લાભાર્થીઓ છે?

શ્રી શંકરભાઇ લ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વલસાડની અંદર ટોટલ ૫૬ સંખ્યા છે વર્ષ ૨૦૧૩ની. ૨૦૧૩ની આપુ કે આ વર્ષની જ આપુ?

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આ વર્ષની આપો.

શ્રી શંકરભાઇ લ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા વર્ષની સંખ્યા આપુ તો ૫૩ જેટલી સંખ્યા છે એમાં વલસાડના ધરમપુરમાં ૨૨ અને વલસાડની ૫૩ની સંખ્યા સાથે ૨,૬૭,૦૦૦નો ખર્ચ થયો છે. ધરમપુરમાં ૨૨ કેસો સાથે ૧,૧૦,૦૦૦નો ખર્ચ થયો છે. પારડી તાલુકામાં ૧૩ કેસો સાથે ૬૭ હજારનો ખર્ચો થયેલ છે અને કપરાડામાં ચાર કેસો સાથે ૨૦૦૦૦ રૂપિયાનો ખર્ચ થયેલ છે. ઉમરગામની અંદર ૮ કેસો સાથે ચાળીસ હજારનો ખર્ચ થયેલો છે.

શ્રી રમણલાલ ના. પાટકર :માનનીય અધ્યક્ષશ્રી, દીકરી યોજનાની અંદર ઉમરગામ તાલુકામાંથી આઠ લાભાર્થીઓએ લાભ લીધો છે તો એમાં અનુસૂચિત જનજાતિ, અનુસૂચિત જાતિ અને બક્ષીપંચના કેટલા લાભાર્થીઓ છે એ હું જાણવા માગું છું.

શ્રી શંકરભાઇ લ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તેનું વર્ગીકરણ થયેલું નથી પરંતુ આ આખા જિલ્લાની અંદર આ બાબતમાં જાગરૂકતા આવી છે અને જેના કારણે દીકરા અને દીકરી વચ્ચેનો જે સેકસ રેશિયો છે જે પહેલાં ડાઉન હતો પણ અત્યારે દીકરીઓની સંખ્યા વધી છે.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : આપના માધ્યમથી મંત્રીશ્રીને પુછવા માગું છું કે એમણે જેમ કહ્યું કે દીકરી યોજનામાં મળવાપાત્ર પ્રોત્સાહક રકમ આપવામાં આવે છે તો એ કયા સ્વરૂપે મળે છે એ મારે જાણવું છું.

શ્રી શંકરભાઇ લ. પટેલ : મેં જે પ્રમાણે અગાઉ વાત કરી તે પ્રમાણે વિકાસપત્રોના સ્વરૂપે આપવામાં આવે છે.

**રાજ્યમાં આવેલ સરકારી આયુર્વેદ હોસ્પિટલો**

* ૧૫૦૨૬ **શ્રી રાજેન્દ્રભાઇ પટેલ(ચોર્યાસી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ રાજ્યમાં ક્યા–ક્યા જિલ્લા મથકો ખાતે કુલ કેટલી સરકારી આયુર્વેદ હોસ્પિટલો આવેલ છે, અને

(૨) આ બાકી રહેતા જિલ્લા મથકો ખાતે નવી આયુર્વેદ હોસ્પિટલો સ્થાપવા અંગેનું કોઇ આયોજન છે કે કેમ ?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ રાજ્યમાં ૧૮ જિલ્લા મથકો ખાતે કુલ–૨૧ સરકારી આયુર્વેદ હોસ્પિટલો આવેલ છે, જેની માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લો | હોસ્પિટલની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૪ |
| ૨ | વડોદરા | ૧ |
| ૩ | ભાવનગર | ૧ |
| ૪ | જુનાગઢ | ૧ |
| ૫ | ગાંધીનગર | ૧ |
| ૬ | પંચમહાલ | ૧ |
| ૭ | રાજકોટ | ૧ |
| ૮ | મોરબી | ૧ |
| ૯ | પાટણ | ૧ |
| ૧૦ | સાબરકાંઠા | ૧ |
| ૧૧ | નવસારી | ૧ |
| ૧૨ | સુરેન્દ્રનગર | ૧ |
| ૧૩ | પાટણ | ૧ |
| ૧૪ | અમરેલી | ૧ |
| ૧૫ | કચ્છ | ૧ |
| ૧૬ | વલસાડ | ૧ |
| ૧૭ | ડાંગ | ૧ |
| ૧૮ | નર્મદા | ૧ |

(૨) ભરૂચ જિલ્લા મથકે, બોડેલી (જિ.છોટાઉદેપુર) તથા ભાભર (જિ.બનાસકાંઠા) ખાતે વર્ષ ૨૦૧૫–૧૬ માં નવી સરકારી આયુર્વેદ હોસ્પિટલ સ્થાપવાનું આયોજન છે.

શ્રી રાજેન્દ્રભાઇ પ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે, રાજ્યમાં આયુર્વેદિક કોલેજો સાથે જોડાયેલી હોસ્પિટલો છે તે હોસ્પિટલોમાં પથારીઓની સંખ્યા કેટલી છે?

શ્રી શંકરભાઇ લ. પટેલ : રાજ્યની અંદર જે આયુર્વેદિક હોસ્પિટલો છે એની સંખ્યા ૩૫ જેટલી છે અને તેની અંદર મોટી હોસ્પિટલો છે એમાં ૧૦૦, ૫૦ એ રીતેની પથારીઓ છે અને બાકીની હોસ્પિટલોમાં ૩૦ અને ૨૦ પથારીઓ એ રીતે છે કુલ ફિગર જોઇએ તો એનો સરવાળો કરીને હું આપીશ.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે પેટા પ્રશ્ન–૨ ના જવાબમાં જણાવવામાં આવ્યું છે કે, ૨૦૧૫–૧૬ની સાલમાં ભાભરમાં આયુર્વેદિક હોસ્પિટલની સ્થાપના કરવામાં આવશે. મારે મંત્રીશ્રી પાસેથી સ્પષ્ટ જાણવું છે કે, કેટલા સમયમાં આ હોસ્પિટલનું કામ પૂરૂં કરવામાં આવશે અને કેટલા સમયમાં હોસ્પિટલ શરૂ કરવામાં આવશે? પ્રશ્ન–૨ બનાસકાંઠા જિલ્લો રાજ્યમાં વિસ્તારની દૃષ્ટિએ સૌથી મોટો જિલ્લો છે મેડિકલ કોલેજ પણ આજ દિવસ સુધી આપી નથી, આયુર્વેદિક કોલેજ અને મેડિકલ કોલેજ આપવા માગો છો કે કેમ એ સ્પષ્ટ જવાબ આપવા વિનંતી છે.

શ્રી શંકરભાઇ લ. પટેલ : માનનીય સભ્યશ્રી જોઇતાભાઇએ સ્પષ્ટ જવાબ માગ્યો છે એટલો બધો તો સ્પષ્ટ જવાબ હું નહિ આપી શકું કારણકે હું તો બધી પોઝીટીવ બાબત જ અહીંયા મૂકતો હોઉં છું. પરંતુ એમણે જે પ્રશ્ન પુછ્યો છે એમાં આ વખતના બજેટની અંદર જ આયુર્વેદિક હોસ્પિટલ માટેની નાણાકીય જોગવાઇ કરી લીધી છે અને જેટલું ઝડપથી કામ ચાલુ થાય તેટલું કરીને એને પૂર્ણ કરવાની પણ વ્યવસ્થા કરીશું. બીજી બાબત પણ માનનીય સભ્યશ્રીના ધ્યાન પર મૂકું કે બનાસકાંઠા જિલ્લામાં અગાઉ વડગામની અંદર એક હોસ્પિટલનું કામ આપણે ચાલુ કર્યું હતું એ પૂર્ણ થવાના આરે છે અને તેનાથી દૂર ૭૦–૮૦ કિલોમીટર જે બીજો છેડો કહેવાય ત્યાં

પણ આ પ્રમાણે થશે એટલે એક જિલ્લામાં બે હોસ્પિટલની વ્યવસ્થા ઉભી થશે. આ બન્ને કામ આ સરકારે હમણાં જ કર્યા છે અગાઉના સમયમાં નહોતા કરી શક્યા એને પૂર્ણ કરવાનું કામ કરવા જઇ રહ્યા છીએ અને મેડિકલ કોલેજનો પ્રશ્ન આમાં આવતો નથી આજના આયુર્વેદિક કોલેજ–હોસ્પિટલના પ્રશ્નની અંદર પરંતુ જે અગાઉ વરસો પહેલાં કામો નથી થયા તે તમામ કામો એ આ રાજ્ય સરકાર કરવા માગે છે.

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા : આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, ગુજરાત આયુર્વેદિક યુનિવર્સિટી, જામનગરના બાંધકામના વિસ્તરણ માટે છેલ્લાં પાંચ વરસમાં કોઇ રકમ ફાળવી છે કે કેમ? અને બીજો પ્રશ્ન આ યુનિવર્સિટી સંલગ્ન હોસ્પિટલોમાં છેલ્લાં એક વરસમાં દર્દીઓને પૂરી પાડવામાં આવેલ સારવારની વિગત શું છે? શ્રી શંકરભાઇ લ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણે જામનગરની અંદર આયુર્વેદની યુનિવર્સિટી કરી છે તે વર્લ્ડ કક્ષાએ નામાંકિત એવી આ આપણી યુનિવર્સિટી છે. તેને સંલગ્ન જે કોલેજો છે તે કોલેજની અંદર ખર્ચની તેમણે વાત કરી છે, તો ૨૦૧૧ના વર્ષની અંદર ૫૩૬.૫૦ લાખનો ખર્ચ કર્યો છે, ૨૦૧૨–૧૩ની અંદર ૪૬૦ લાખનો,૨૦૧૩–૧૪ની અંદર ૫૦૦ લાખનો, ૨૦૧૪–૧૫ની અંદર પણ ૫૦૦ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. એટલે આયુર્વેદ પ્રત્યે રાજ્ય સરકાર કેટલી સજાગ છે તેનું આના કારણે પ્રતિબિંબ પડે છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત તેમણે ઓ.પી.ડી.ની સંખ્યાની કરી તો એક વર્ષની અંદર ઇન્ડોર દર્દીઓ જે કહી શકાય તેની સંખ્યા ૨૪૪૩ જેટલી છે. અને ઓ.પી.ડી. ત્યાં આગળ દર્દીઓ બહાર જતાં હોય છે એટલે સારવાર લઇને આવી જતાં હોય છે એની સંખ્યા ૯૪,૨૧૩ જેટલી છે. એટલે અંદાજ આવતો હશે કે આયુર્વેદની આ કોલેજની અંદર કેટલા મોટા પ્રમાણમાં દર્દીઓ તેનો લાભ લઇ રહ્યાં છે.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલું જ જાણવુ છે કે, આ ૧૮ જિલ્લા મથકોએ કુલ ૨૧ સરકારી આયુર્વેદિક હોસ્પિટલો છે. પ્રશ્ન–૨ના જવાબમાં એમ કહ્યું છે કે, ભરૂચ જિલ્લો અને બોડેલી(જિ.છોટાઉદેપુર) અને ભાભર તો આ ત્રણ જિલ્લા મથકોએ સરકારી આયુર્વેદિક હોસ્પિટલો ૨૦૧૫–૧૬માં બનાવવાનું આયોજન સરકારે વિચાર્યુ છે તો કેટલી રકમ એક હોસ્પિટલ પાછળ ખર્ચવામાં આવશે ? અને બોડેલીમાં કેટલી જગ્યા ઉપલબ્ધ છે ?

શ્રી શંકરભાઇ લ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રમાણે વાત કરી એમાં આ ત્રણ કોલેજોની આ વખતે જોગવાઇ કરી છે તેની નાણાકીય જોગવાઇ અમે શરૂઆતમાં ટોકન કરી પણ આ વર્ષની અંદર જ તેની પૂર્ણ જોગવાઇ કરીને એનું કામ આપણે ચાલુ કરી દઇશુ.

બીજી માનનીય સભ્યશ્રીએ વાત કરી જિલ્લા મથકનો આ પ્રશ્ન છે એટલે બધો આંકડો એટલા માટે આપના જવાબમાં નથી આવ્યો દા.ત. કોઇ જિલ્લા છે તો તેના જિલ્લા મથકે નહીં હોય પરંતુ જિલ્લા મથકના બાજુના કોઇ તાલુકાની અંદર કોલેજ છે. તો બાજુના તાલુકાની અંદર હોય તો આમાં જવાબમાં નહીં આવ્યું હોય પરંતુ રાજયની અંદર નવા જિલ્લાઓને બાદ કરતા લગભગ એક–બે જિલ્લા સિવાય બાકી તમામ જગ્યાઓની અંદર કોલેજો રાજયની અંદર છે.

### જુનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં નોંધાયેલ સ્વાઇન ફ્લુના કેસો

* ૧૫૫૧૩ **શ્રી બાબુભાઇ કા. વાજા(માંગરોળ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૧૫ ની સ્થિતિએ જુનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં સ્વાઇન ફ્લુના કેટલા કેસ છેલ્લા બે વર્ષમાં માસવાર નોંધાયા,

**જવાબ**

(૧) કુલ ૬૦ કેસ નોંધાયેલ છે જેનું માસવાર પત્રક નીચે મુજબ છે.

| ક્રમ | માસ | કેસ ૨૦૧૩ | | કેસ ૨૦૧૪ | | કેસ ૨૦૧૫ | |
|---|---|---|---|---|---|---|---|
| | | જુનાગઢ | ગીર સોમનાથ | જુનાગઢ | ગીર સોમનાથ | જુનાગઢ | ગીર સોમનાથ |
| ૧ | જાન્યુઆરી | ૦ | – | ૦ | ૦ | ૨ | ૦ |
| ૨ | ફેબ્રુઆરી | ૧૩ | ૨ | ૦ | ૦ | – | – |
| ૩ | માર્ચ | ૧૪ | ૪ | ૧ | ૦ | – | – |
| ૪ | એપ્રિલ | ૪ | ૧ | ૧ | ૦ | – | – |
| ૫ | મે | ૦ | ૦ | ૦ | ૦ | – | – |
| ૬ | જુન | ૦ | | ૨ | ૦ | – | – |
| ૭ | જુલાઇ | ૪ | ૧ | ૧ | ૦ | – | – |
| ૮ | ઓગસ્ટ | ૧ | ૦ | ૦ | ૧ | – | – |
| ૯ | સપ્ટેમ્બર | ૦ | ૦ | ૪ | ૧ | – | – |
| ૧૦ | ઓક્ટોબર | ૦ | ૦ | ૧ | ૦ | – | – |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧૧ | નવેમ્બર | ૦ | ૦ | ૦ | ૦ | – | – |
| ૧૨ | ડીસેમ્બર | ૦ | ૦ | ૦ | ૦ | – | – |

(૨) તે પૈકી કોઇ વ્યક્તિઓના મૃત્યુ થયા હોય તો માસવાર કેટલી વ્યક્તિઓના મૃત્યુ થયા, અને

(૨) તા.૩૧–૦૧–૨૦૧૫ ની સ્થિતિએ જુનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં સ્વાઇન ફ્લુથી કુલ ૧૭ મરણ નોંધાયેલ છે જેનું માસવાર પત્રક નીચે મુજબ છે.

| ક્રમ | માસ | મરણ ૨૦૧૩ | | મરણ ૨૦૧૪ | | મરણ ૨૦૧૫ | |
|---|---|---|---|---|---|---|---|
| | | જુનાગઢ | ગીર સોમનાથ | જુનાગઢ | ગીર સોમનાથ | જુનાગઢ | ગીર સોમનાથ |
| ૧ | જાન્યુઆરી | – | – | ૦ | ૦ | ૧ | ૦ |
| ૨ | ફેબ્રુઆરી | ૧ | ૦ | ૦ | ૦ | – | – |
| ૩ | માર્ચ | ૪ | ૧ | ૦ | ૦ | – | – |
| ૪ | એપ્રિલ | ૧ | ૧ | ૧ | ૦ | – | – |
| ૫ | મે | ૦ | ૦ | ૦ | ૦ | – | – |
| ૬ | જુન | ૦ | ૦ | ૨ | ૦ | – | – |
| ૭ | જુલાઇ | ૦ | ૧ | ૧ | ૦ | – | – |
| ૮ | ઓગસ્ટ | ૧ | ૦ | ૦ | ૧ | – | – |
| ૯ | સપ્ટેમ્બર | ૦ | ૦ | ૦ | ૧ | – | – |
| ૧૦ | ઓક્ટોબર | ૦ | ૦ | ૦ | ૦ | – | – |
| ૧૧ | નવેમ્બર | ૦ | ૦ | ૦ | ૦ | – | – |
| ૧૨ | ડીસેમ્બર | ૦ | ૦ | ૦ | ૦ | – | – |

(૩) સ્વાઇન ફ્લુને અટકાવવા રાજ્ય સરકારે શા પગલાં લીધા ?

(૩) સ્વાઇન ફ્લુ રોગચાળાને કાબુમાં લેવા સરકારશ્રી દ્વારા નીચે મુજબ પગલાં લેવામાં આવેલ છે.

- રાજ્યની દરેક સિવિલ હોસ્પિટલોમાં ઈન્ફ્લ્યુએન્ઝા–એ (એચ૧એન૧) ના કેસોની સારવાર માટે વેન્ટીલેટર, કાર્ડિયાક મોનીટર જેવા અદ્યતન ઉપકરણો સાથેના ઈન્ટેન્સીવ કેર યુનિટ અને આઇસોલેશન વોર્ડની વ્યવસ્થા ઉપલબ્ધ કરવામાં આવેલ છે.
- રોગના ત્વરીત અને વિનામૂલ્યે નિદાન માટે રાજ્યમાં ત્રણ ઉચ્ચસ્તરની સરકારી લેબોરેટરીઓ ખાતે સેવા ઉપલબ્ધ કરવામાં આવેલ છે.
- ઈન્ફ્લ્યુએન્ઝા–એ (એચ૧એન૧) ના પોઝીટીવ કેસ તેમજ ચિન્હો ધરાવતા કોન્ટેકટને એન્ટીવાયરલ દવાઓ વિનામૂલ્યે આપવામાં આવે છે.
- ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા રાજ્યમાં માન્યતા પ્રાપ્ત પ્રાઈવેટ મેડીકલ સ્ટોર્સમાં પણ આ દવાનો પુરતો જથ્થો ઉપલબ્ધ કરેલ છે. આ સ્ટોર્સની માહિતી વેબસાઈટ પર મુકેલ છે.
- તમામ સરકારી આરોગ્ય સંસ્થામાં રોગનું પ્રસરણ અટકે તે માટે લેવાના થતાં પગલાંઓની જાણકારી આપવામાં આવે છે. સરળ ભાષામાં જાહેર જનતાએ કરવાની થતી તકેદારી માટેનું સાહિત્ય પણ ઉપલબ્ધ કરવામાં આવેલ છે.
- ભારત સરકારશ્રીના માર્ગદર્શન સાથેનું મેન્યુઅલ પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે. સંલગ્ન દરેક હિતધારકોને તેની નકલ પહોંચાડવામાં આવી છે. આ ઉપરાંત આ મેન્યુઅલને આરોગ્ય વિભાગની વેબસાઈટ પર મુકવામાં આવેલ છે.
- આઈ.એમ.એ. ના સભ્યો સાથે જિલ્લા કક્ષાએ નિયમિત મીટીંગો કરી રોગ નિયંત્રણ/અટકાયત બાબતે માર્ગદર્શન આપવામાં આવેલ છે.
- અગ્ર સચિવશ્રી, જાહેર આરોગ્ય અને પરિવાર કલ્યાણની અધ્યક્ષસ્તામાં ગાંધીનગર ખાતે વિભાગીય નાયબ નિયામકશ્રી, તમામ જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, મુખ્ય જિલ્લા તબીબી અધિકારીશ્રી અને તમામ મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય

અધિકારીશ્રીઓની મીટીંગમાં ઈન્ફ્લ્યુએન્ઝા–એ (એચ૧એન૧) ની પરિસ્થિતિનો સવિસ્તાર સમીક્ષા કરી.

- રાજ્યના આ વિષયના નિષ્ણાંત તબીબો, પ્રાઈવેટ હોસ્પિટલના ક્રિટીકલ કેરના સુપર સ્પેશિયાલીસ્ટ ડોકટરો, કોર્પોરેટ પ્રાઈવેટ હોસ્પિટલોના પ્રતિનિધિઓ, ઈન્ડીયન મેડીકલ એસોશીયેશનના પ્રતિનિધિ તેમજ અન્ય સંબંધિત વિભાગના અધિકારીશ્રીઓ સાથે બેઠકમાં સર્વગ્રાહી સમિક્ષા દ્વારા આઈ.ઈ.સી. ટ્રીટમેન્ટ ગાઈડ લાઈન અપડેટ કરી રોગ નિયંત્રણ કામગીરી વેગવંત કરેલ છે.
- માન.મંત્રીશ્રી, આરોગ્ય અને પ.ક. ની અધ્યક્ષતામાં રાજ્યમાં સ્વાઈન ફ્લુની પ્રવર્તમાન પરિસ્થિતિની સમીક્ષા માટે ઉચ્ચ અધિકારીશ્રીઓ તથા આ ક્ષેત્રના ખાનગી નિષ્ણાંત તબીબો સાથે મીટીંગ કરવામાં આવી. જેમાં રોગચાળા અટકાયત માટે વિચાર વિમર્શ કરી આયોજન કરવામાં આવ્યું.

શ્રી બાબુભાઇ કા.વાજા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય આરોગ્ય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, તાઃ૩૧–૧–૧૫ની સ્થિતિએ જુનાગઢ જિલ્લો અને ગીર સોમનાથ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં સ્વાઇન ફ્લુના કેસ માસવાર કેટલા નોંધાયા છે ? બીજો પ્રશ્ન મારો એ છે કે, તે પૈકી આ જિલ્લામાં કેટલી વ્યકિતઓના સારવાર દરમિયાન મૃત્યુ થયા ? સ્વાઇન ફ્લુ અટકાવવા માટે રાજય સરકારે શું પગલા લીધા ?

અધ્યક્ષશ્રી : ત્રણે ત્રણ જવાબો છાપેલા જ છે.

શ્રી શંકરભાઇ લ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મોટા ભાગે જવાબ છાપ્યો છે અને છાપેલા જવાબની અંદર જ છે. તે સિવાય પણ રાજય સરકારે જે આગોતરા આયોજન કર્યા તે બાકી રહી ગયુ તો એક કામ અમે તમામ ઘર સુધી સરવે કરવાનું જુનાગઢ અને ગીર સોમનાથ જિલ્લાની અંદર કર્યુ. આ પ્રમાણેના ચિન્હો દેખાતા કોઇ વ્યકિત હોય તો તેની તાત્કાલિક સારવાર કરી શકાય એટલા માટે જિલ્લાના તમામ ઘર સુધીના સરવેનું કામ કર્યુ.

બીજુ સરકારી દવાખાનાઓની અંદર એડવાન્સ તૈયારી માટે તેના બેડની, વેન્ટીલેટરની પણ વ્યવસ્થા કરવામાં આવી. પ્રાઇવેટ ડોકટરો જે છે તેમનો વર્કશોપ યોજીને તેમને અવેર કરવા માટેની પણ વ્યવસ્થા કરવામાં આવી. અને સરકારી દવાખાના સિવાય ૧૫ થી વધારે મેડિકલ સ્ટોરોમાં પણ આની ટેમીફ્લુની ટેબ્લેટ મળી રહે તેની પણ વ્યવસ્થા તે લોકોની સાથે ચર્ચા કરીને કરવામાં આવી. અને જુનાગઢમાં સરકારી હોસ્પિટલ સિવાય બે ખાનગી હોસ્પિટલો સાથે કરાર કર્યા છે અને એમાં પણ સારવાર મળી રહે તે માટેની વ્યવસ્થા કરવામાં આવી છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ પોતાના જવાબમાં બતાવેલ છે કે ૧૭ લોકોના મૃત્યુ થયા છે. આજે સવારે પેપરમાં વાંચીએ તો તરત જ ખ્યાલ આવે કે ૮ થી ૧૦ લોકો આના કારણે રોજ મૃત્યુ પામે છે. આને રાજકીય રીતે ન લેતા સમગ્ર રાજયનો પ્રશ્ન છે ત્યારે આ સ્થિતિમાં દિન પ્રતિદિન વધારો થતો જાય છે. ૨૦૦૯ થી ૨૦૧૪ સુધીના આંકડાઓ પણ આપણી પાસે છે. ભૂતકાળમાં ચર્ચાઓ પણ થઇ ચૂકી છે. આની જયારે શરૂઆત થતી હોય ત્યારથી માંડીને આજ સાત વર્ષ સુધી દિન પ્રતિદિન આમાં વધારો થતો જાય છે. તેની વ્યવસ્થા કરવી જોઇએ તેવા સમયે સરકાર જાગૃતિ રાખતી નથી અને તેને કારણે આ પ્રશ્ન વિકટ બને છે. પહેલાથી જ જાગૃતિ રાખવામાં આવે તો આ પ્રશ્ન ઉભો થાય નહીં. હોસ્પિટલમાં આની સારવાર ફ્રી કરી દીધી છે તેને કારણે પ્રાઈવેટ હોસ્પિટલમાં ફ્રી સારવાર આપવામાં આવે તે જરૂરી છે. આજે દર્દીઓ તો આખા ગુજરાતમાં બધે ફર્યા કરે છે. તો પ્રાઇવેટમાં જાય તો તેને પણ સરકાર પૈસા આપવા માગે છે કે કેમ?

શ્રી શંકરભાઇ ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની ચિંતા છે એ બધાની ચિંતા છે. પરંતુ તેઓ આંકડા જોશે તો ધ્યાનમાં આવશે કે બાકી જગ્યાઓ કરતા અગાઉના વર્ષોમાં સ્વાઇન ફ્લુના કેસો બીજા જિલ્લાઓમાં થતા હતા તેની સરખામણીમાં અને જુનાગઢ અને ગિર સોમનાથમાં અગાઉના સમયમાં થયા હતા તેના કરતા કેસ અને ડેથ બન્ને ઓછા થયા છે. અને તેના માટે ઇશ્વરનો પણ આભાર માનીએ અને સારવાર માટે

આગોતરી વ્યવસ્થા થઇ તેના કારણે આ થઇ શકયું છે. બીજું પ્રાઇવેટ હોસ્પિટલમાં પણ સારવાર ફ્રી કરવાની એમણે વાત કરી છે. તો મેં પહેલા જ જાહેરાત કરી છે કે ટેમી ફ્લુ ટેબલેટ અને બાળકો માટે તેનું સીરપ આ એક માત્ર દવા એવી છે કે તેનાથી આની ટ્રીટમેન્ટ થતી હોય છે. તે દવાઓ કોઇ પણ વ્યકિત ખાનગી હોસ્પિટલમાં પણ સારવાર કરે તો પણ આ મેડીસીન ફ્રી આપવનો નિર્ણય કર્યો છે.

શ્રી અરવિંદભાઇ કે. લાડાણી : માનનીય અધ્યક્ષશ્રી, જુનાગઢ અને સોમનાથ ગીરની અંદર હાલ સ્વાઇન ફ્લુના દાખલ દર્દીઓની સ્થિતિ શું છે?

શ્રી શંકરભાઇ ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, જુનાગઢ જિલ્લામાં અત્યારે ટોટલ ઇન્ડોર દર્દીઓ માત્ર પાંચ છે. અને એમાંથી મોટાભાગના ૩ દર્દીઓની તબિયત અત્યારે છેલ્લા રિપોર્ટ મુજબ સ્થિર છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે એમણે જવાબ આપ્યો છે કે ગિર સોમનાથ અને જુનાગઢ જિલ્લમાં બધા ઘરોની આ રોગ માટે ચકાસણી કરવામાં આવી છે. આ વાત સત્યથી વેગળી છે. મારા ઉના તાલુકાની વાત કરું તો ઘરે ઘરે આપના વિભાગ દ્વારા ચકાસણી કરવામાં આવી નથી. બીજું ૨૦૧૩-૧૪ના વર્ષમાં પણ સ્વાઇન ફ્લુના કેસો રેકોર્ડ ઉપર આવેલા છે. રાજય સરકારે આગોતરું આયોજન કર્યું હોત તો આ રોગ આટલો ફેલાયો ન હોત. એટલે સદંતર બેજવાબદારીથ આરોગ્ય વિભાગે ફરજ બજાવી છે ત્યારે હું જાણવા માગું છું કે ગિર સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં ટેમી ફ્લુની વેકસીન અને ટેબલેટનો સ્ટોક હાલમાં કેટલો છે અને લેબોરેટરીમાં લેબ કીટ્સનો સ્ટોક કેટલો છે ?

શ્રી શંકરભાઇ ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા તો સભ્યશ્રી જવાબદાર વ્યકિત છે તેમ હું સમજું છું. અને એમનું નિવેદન હશે તો ખોટી માહિતી ન આપે તેવી મારી માન્યતા છે. માનનીય પુંજાભાઇ, સ્પેસીફીક મારો આગ્રહ હતો કે તમારા વિસ્તારમાં કયા ગામમાં કયા પરિવાર સુધી આ તંત્ર નથી પહોંચ્યું એની માહિતી આપશો તો હું આ આ ડાયસ ઉપરથી કહ્યું કે હું વ્યકિતગત ચેક કરાવડાવીશ. એમાં વ્યકિતગત મોનિટરીંગ માટે થ્રી ટાયર સિસ્ટમ ગોઠવી છે એ પ્રમાણે રાજય સરકારનું આરોગ્ય વિભાગ કામ કરતું હોય છે અને કામ કરે છે પરંતુ કલેકટર કક્ષાએથી પણ એનું મોનિટરીંગ થઇ રહ્યું છે. ડે ટુ ડે એનો રિપોર્ટ માનનીય મુખ્યમંત્રી કક્ષાએથી કરીને આરોગ્ય મંત્રીશ્રી કક્ષાએ જાય છે અને ત્યાંથી મોનિટરીંગ કરીએ છીએ. ફકત દવા પૂરતી નથી અવેરનેશ કે કયા ઘરે ચેક કરતા કેટલા એવા ચિન્હોવાળા દર્દીઓ છે એવું એક વખત નહિ કેટલાય વિસ્તારોમાં બીજીવાર ચેક કરવાનું કામ હાથ ઉપર લીધું છે. આ જુનાગઢ જિલ્લાનો સવાલ છે એમણે ફિગર્સ જોયા હોત તો આ આક્ષેપ ન કરત. અગાઉથી આપણે પગલાં ભર્યા એના લીધે આ વખતે અગાઉના વર્ષો કરતાં દર્દીઓ અને મૃત્યુની સંખ્યા જુનાગઢ ગીર સોમનાથ જિલ્લામાં ઓછી છે. એના માટે ખરેખર તંત્રને અભિનંદન આપવા જોઇએ. અગાઉથી સારી કામગીરી કરી છે, રાત દિવસ મહેનત કરવાવાળા ડોકટરો જે જાનના જોખમે પણ આ કામ કરી રહ્યા છે એને અભિનંદન આપવાને બદલે એનું મનોબળ તોડી રહ્યા છીએ. દવાની વાત કરી તો પી.એચ.સી. અને સી.એચ.સી.માં અગાઉ જવાબ આપ્યો એમ ૧૫ કરતાં વધારે મેડિકલ સ્ટોરોમાં એની દવા મળે છે.

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા : આપના માધ્યમથી હું જાણવા માગું છું કે અમારો જુનાગઢ પછાત જિલ્લો છે. પહેલા મહાત્મા ગાંધીજીનો જિલ્લો કહેવાતો હતો એમાંથી અલગ થયો, પછી સોમનાથ દાદાનો કહેવાતો હતો એમાંથી પણ અલગ થઇને નાનો જિલ્લો બનાવી દીધો છે. હવે સંતોનો જિલ્લો છે ત્યાં અવારનવાર મેળા ભરાય છે એથી વિશેષ કંઇ નથી. અમારે ખાનગી હોસ્પિટલો ઘણી ઓછી છે. સિવિલ હોસ્પિટલ છે એમાં ૩-૪ જિલ્લાના લોકો આવે છે. હમણાં મિડિયાના મિત્રોએ રેઇડ કરી તો ત્યાં દવાઓનો મોટો ઢગલો સળગાવેલો પડ્યો હતો. આ રીતે ગુજરાત સરકારની દવાઓ સળગાવવામાં આવી તો એ કરનાર સામે કોઇ પગલાં લેવામાં આવ્યા કે કેમ? મારો બીજો પ્રશ્ન એ છે કે સ્વાઇનફ્લુ અથવા એનાથી ભયંકર રોગચાળો ચાલે છે એને નાથવા માટે સિવિલ હોસ્પિટલમાં કેટલા અદ્યતન ઉપકરણો છે અને કયા કયા રોગ માટે છે અને એને ચલાવવા માટે ટેકનીશીયનની જગ્યાઓ ખાલી છે એ કયારે ભરવા માગો છો?

શ્રી શંકરભાઇ લ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા પ્રશ્ન ફકત સ્વાઇનફ્લુનો છે તેથી એના પૂરતી જ ચર્ચા થઇ શકે.

તારાંકિત પ્રશ્નો

શ્રી બાવનજીભાઇ હં. મેતલીયા : આ સરકારે અને ખાસ કરીને આરોગ્ય વિભાગે સ્વાઇનફ્લુ જેવા કુદરતી રોગને નાથવા માટે જે પગલાં લીધા છે એ ખરેખર અભિનંદનને પાત્ર છે. આ કુદરતી પ્રકોપ છે ત્યારે મારે સામેવાળા મિત્રોને કહેવું છે કે આ આવેલ અડચણ સામે સાથે મળીને કામ કરવું જોઇએ. સોમનાથ ગીરમાં સરકાર દ્વારા દવાઓ ઉપલબદ્ધ કરાવવામાં આવે છે પરંતુ પ્રાઇવેટ મેડિકલમાં પણ એ દવાઓ મળે છે કે કેમ?

શ્રી શંકરભાઇ લ. પટેલ : માનનીય સભ્યશ્રીએ વાત કરી એમાં જણાવવાનું કે સરકારી તંત્રે પગલાં લીધા કારણ કે આ ચિંતાવાળો વિષય હતો, કારણ કે શિવરાત્રીની અંદર ભવનાથમાં મેળો ભરાતો હોય છે એની ચિંતા આરોગ્ય તંત્રને તથા માનનીય મુખ્યમંત્રીશ્રી કક્ષાએથી ચિંતા થતી હતી કે ત્યાં આ સમયે લાખો માણસો ભેગા થતા હોય છે. તો નથીને ત્યાં કોઇ વાયરસ કે આ ટાઇપનો કોઇ રોગચાળો આવી જશે તો એ મોટા પ્રમાણમાં ફેલાઇ જશે. ચાર જેટલી સ્ટેન્ડ બાય ટીમો રાખીને, પાંચ જેટલી એમ્બ્યુલન્સો આઇ.સી.યુ. ની વ્યવસ્થા હોસ્પિટલમાં તો કરી પણ ત્યાં રેસ્ટ હાઉસમાં પણ કરી જેટલા શ્રદ્ધાળુઓ નીકળી એ બધાને માટે ભવનાથમાં રેસ્ટ હાઉસ છે ત્યાં વ્યવસ્થા કરી કારણ કે છેક હોસ્પિટલ સુધી ન જવું પડે. બીજું, અલગ અલગ લેયર કક્ષાએ પહેલાં આવતાંની સાથે, પછી પગથિયા પાસે, પછી ૬૦૦ પગથિયાથી ઉપર આમ અલગ અલગ સ્ટેન્ડબાય, એક જગ્યાએથી કદાચ કોઇ નીકળી જાય તો ત્યાં પણ આવા શરદી, ખાંસી, તાવના ચિહ્નવાળા દર્દી નથી ને, તેનું વ્યવસ્થિત મોનીટરીંગ કર્યું તેના કારણે આવડી મોટી મેળો ભરાવાની ઘટના થયા પછી પણ આજે જૂનાગઢ અને ગીર–સોમનાથ જીલ્લાની અંદર આ રોગચાળાને કંટ્રોલ કરી શકયા છીએ. માનનીય સભ્યશ્રીએ આ બાબત યાદ કરી તેમનો આભાર માનું છું અને મેડિસીનની વાત કરી, તે તમામ સ્ટોરમાં ઉપલબ્ધ છે.

**જામનગર જિલ્લામાં દુષ્કર્મ પીડીત મહિલાઓને સહાય**

* ૧૫૨૫૯ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નામદાર સુપ્રિમ કોર્ટે, દિલ્હી ડોમેસ્ટીક વર્કીંગ વુમનના કેસોમાં મહિલાઓ સાથે થતા દુષ્કર્મની ઘટનાઓમાં આર્થિક વળતર આપવાના ચુકાદા અન્વયે રાજ્ય સરકારે જાહેર કરેલી યોજના અન્વયે જામનગર જિલ્લામાં તા.૩૧ ડીસેમ્બર–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દુષ્કર્મ પીડીત કેટલી મહિલાઓને વળતર ચૂકવવાનું બાકી છે, | (૧) ૦૧(એક) મહિલાને વળતર ચૂકવવાનું બાકી છે. |
| (૨) આ વળતર ચૂકવવાનું બાકી રહેવાના શા કારણો છે, અને | (૨) પીડીત મહિલાએ આપેલ સરનામે તપાસ કરતા મળી આવેલ નથી. |
| (૩) બાકી રહેલ તમામ વળતર ક્યાં સુધીમાં ચૂકવવામાં આવનાર છે ? | (૩) સંપર્ક થયેથી તુરત જ. |

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં એક પણ આવી ઘટના ન બને તેમ આપણે બધા ઇચ્છીએ છીએ. તેમ છતાં આવી દુર્ઘટના બને છે તે દુઃખદ છે. આ દુષ્કર્મ પીડિતાને સહાય મળવી જોઇએ તે હેતુથી માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે આ દુર્ઘટનાની પોલીસે એફ.આઇ.આર. નોંધ્યા પછી ૭૨ કલાકમાં જિલ્લાની લગત ઓથોરિટીને જાણ કરવાની થાય છે. તે મુજબ તમામ નોંધાયેલ એફ.આઇ.આર.ની સંખ્યા મુજબ સહાય ચૂકવાઇ છે કે કેમ? બે વર્ષમાં આવી ઘટનાની તાલુકાવાર કેટલી એફ.આઇ.આર. થઇ છે અને આ ગુનામાં કોઇ અટકાયત કરવામાં આવી છે કે કેમ અને અદાલતમાં કેસ ચાલી ગયો હોય તો શું સજા થઇ?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો ખૂબ સંવેદનશીલ પ્રશ્ન છે. સમાજના બહેનોના રક્ષણની જવાબદારી આપણાં સૌની પણ છે એ વાત સાથે હું સહમત છું. માનનીય મુખ્યમંત્રીશ્રી સંવેદનશીલ સ્વભાવના છે, આપણે સૌ જાણીએ છીએ. શાળાની દીકરીઓ તળાવમાં ડૂબતી હોય તો પોતે જાતે જઇને તેને બચાવવાના પ્રયત્નો કર્યા છે અને એટલા માટે પ્રથમ મહિલા મુખ્યમંત્રી માનનીય આનંદીબેન છે ત્યારે તેમણે પણ બહેનોના રક્ષણ માટેના કડકમાં કડક પગલાં લેવા માટેની સૂચના આપી છે. તેમનો પ્રશ્ન જામનગર જિલ્લાનો છે. જામનગર જિલ્લાના બોર્ડને અત્યાર સુધીમાં ૩૬ અરજીઓ મળી છે. અરજી

માટે કુલ ૮,૧૦,૦૦૦નું ચૂકવણું પણ થઇ ગયું છે. સામાન્યતઃ જયારે આવા કિસ્સા બનતા હોય ત્યારે કેટલીક એફ.આઇ.આર.પણ થતી નથી, આપણે સૌ જાણીએ છીએ. આવા કિસ્સામાં મારા વિભાગનું મહિલા આયોગ છાપાના માધ્યમથી કે સમાજના માધ્યમથી ખબર પડે કે તરત જ ત્યાં પોતે જાતે જઇને એવા બહેનોને શોધીને તેને સહાય મળે તેના માટેના પ્રયત્નો કરે છે અને એ કામ ખૂબ ત્વરિત રીતે અને સારી રીતે ચાલી રહ્યું છે.

ડો. નીમાબેન બી. આચાર્ય : માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાત મહિલા સુરક્ષામાં નં.૧ છે. આપણાં મુખ્યમંત્રીનું ડેડીકેશન અને ડીટર્મીનેશન અજોડ છે. હું એમ કહી શકું કે ગુજરાતની અંદર મહિલા સુરક્ષા માટે જે યોજનાઓ બનાવવામાં આવી છે તે દેશને પણ દિશા બતાવી શકાય એવી યોજનાઓ ગુજરાતની અંદર છે, ત્યારે હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે રાજયમાં મહિલા સુરક્ષા માટે કઇ કઇ યોજનાઓ છે અને તેને પહોંચાડવા માટેનું શું આયોજન છે?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં મહિલાની સુરક્ષા માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ પદ ગ્રહણ કર્યું ત્યાર પછી તરત જ ૧લી ઓગસ્ટથી ૧૫મી ઓગસ્ટ સુધી સમગ્ર રાજયની અંદર મહાનગરો, નગરપાલિકાઓ, તાલુકા પંચાયતોની અંદર મહિલા સશક્તિકરણ અંગેના જે કાર્યક્રમો કર્યા તેમાં સ્વસહાય કઇ રીતે થઇ શકે, બહેનો પોતાની જાતને કઇ રીતે બચાવી શકે તેવા કરાટે અને પરેડ જેવા અગત્યના કાર્યક્રમો કરીને સમગ્ર રાજયની નારીઓને ચેતનવંતી બનાવી છે. સમગ્ર દેશમાં એક નવો આયામ ગુજરાતમાં થયો. રાજયની મહિલાઓની સુરક્ષા માટે ૧૮૧ નંબરની હેલ્પલાઇન મહિલા અને બાળવિકાસ વિભાગ દ્વારા શરૂ કરવામાં આવી. આ હેલ્પલાઇનના સારા પરિણામોને કારણે જે તે સમયે સમગ્ર દેશમાંથી આઠેક રાજયના લોકોએ આવીને આ હેલ્પલાઇનનો અભ્યાસ કર્યો અને પોતાના રાજયમાં કરવા માટેના પ્રયત્નો કર્યા. આપણે ત્યાં હાલના તબક્કે આ હેલ્પલાઇન સુરત, ગાંધીનગર અને અમદાવાદમાં શરૂ કરી છે. છતાં પણ કોઇ આ હેલ્પલાઇનનો ઉપયોગ અહીં આવીને કરે તો તેને આપણે મદદ કરીએ છીએ. કુલ ૧૫૧૧૩ બહેનોએ આ હેલ્પ લાઇનનો લાભ લીધો છે અને જ્યાં સમયસર મદદ મળવાથી આપણે રેપ જેવા કિસ્સામાં બહેનોને બચાવી શક્યા છીએ. પોલીસ સ્ટેશનમાં મહિલાઓને મદદ કરવા માટે દરેક જિલ્લામાં પોલીસ સ્ટેશન બેઝ્ડ સપોર્ટ સેન્ટર શરૂ કરવામાં આવ્યા છે. એમાં તાલીમ આપેલ બે મહિલા કોન્સ્ટેબલની નિમણૂક કરવામાં આવે છે. પોલીસ સ્ટેશનમાં કામકાજના સ્થળે જાતીય સતામણીની ફરિયાદ મળે ત્યારે અધિનિયમ ૨૦૧૩ પ્રમાણે કાયદાની કડકમાં કડક અમલવારી થઇ શકે એના માટે સૂચના આપી છે અને આવા લોકો પકડાય છે તયારે આજીવન જેલની સજા કરાવવામાં આ સરકારે પાછી પાની કરી નથી.

શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, વર્ષ ૨૦૧૪–૧૫ ડિસેમ્બર અંતિત કેટલી ગ્રાન્ટ જિલ્લા બોર્ડને ફાળવેલ છે અને કેટલી પીડિત મહિલાઓને સહાય ચૂકવેલ છે?

શ્રીમતી વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, ચાલુ વર્ષો એટલે કે, ૨૦૧૪–૧૫માં દરેક જિલ્લાના બોર્ડને રૂ. ૨૫/– લાખની ગ્રાન્ટ ફાળવીને આપી દેવામાં આવી છે અને ૧૪૪ પીડિત મહિલાઓને એની સહાય કરવામાં આવી છે. મારે ગૃહને જણાવવું છે કે, આ આખી યોજના હતી એમાં ૭૫ ટકા ફાળો કેન્દ્ર સરકારનો હતો અને ૨૫ ટકા ફાળો રાજ્ય સરકારનો હતો. જ્યાં સુધી અમારી ભાજપની સરકાર કેન્દ્રમાં ન બની ત્યાં સુધી એકપણ પૈસો કેન્દ્ર સરકાર તરફથી મળ્યો નથી અને માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે ૧૦૦ ટકા રકમ ચૂકવી બહેનોને મદદ કરી છે. હવે પછીના વર્ષમાં આ સહાય જરૂર મળવાની છે.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ખરેખર તો મહિલાઓ ઉપર અત્યાચાર થતા હોય છે એમાંય નાની ઉંમરની બાળકીઓના અપહરણ, બળાત્કાર અને ખૂન થતા હોય છે એ ખૂબજ દુઃખદ ઘટના હોય છે. મુખ્યમંત્રીશ્રી એના માટે ખૂબ ગંભીર છે એ સારી બાબત છે. પણ માનનીય મંત્રીશ્રીએ પોતે જ કબૂલ્યુ કે કુલ ૩૬ જેટલી અરજીઓ આવી અને ૧૫૧૧૩ જેટલા હેલ્પ લાઇનમાં ફોન આવ્યા. આ આંકડો ખૂબ જ વધારે કહેવાય. એટલે એના માટે ચિંતા કરી શું કાર્યવાહી કરવા માગો છો એ માનનીય મંત્રીશ્રી જણાવે.

શ્રી વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, દુષ્કર્મ થતું અટકે એના માટે જ હેલ્પ લાઇન શરૂ કરી છે. કલ્ચરલ પોલ્યુશનના કારણે આવા બનાવો બનતા હોય છે. કોઇપણ સમાજ કે પરિવારને એના કારણે નુકસાન ન થાય એના માટે આ બધી યોજનાઓ કરી છે. માનનીય તેજશ્રીબેન આપ પણ મહિલા છો. આપના વિસ્તારમાં

આવા બનાવો ન બને તેના માટે આપણે પણ તકેદારી રાખવી જોઇએ.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, દુષ્કર્મ પીડિત મહિલા યોજનાની સમીક્ષા કરવા માટે રાજ્ય સરકારે શું વ્યવસ્થા કરેલ છે? રાજ્ય કક્ષાએ રાજ્ય બોર્ડમાં ક્યા સભ્યોની નિમણુંક કરવામાં આવે છે?

શ્રી વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકારની ગાઇડલાઇન મુજબ રાજ્ય કક્ષાએ સ્ટેટ ક્રિમિનલ ઇન્જરીઝ રિલિફ એન્ડ રિહેબીલીટેશન બોર્ડની રચના કરવામાં આવેલ છે. જે રાજ્ય બોર્ડથી જિલ્લા કક્ષા સુધીના બોર્ડની રચના કરવામાં આવી છે અને આ બોર્ડના સભ્ય તરીકે અગ્ર સચિવ મહિલા અને બાળ કલ્યાણ હોય છે જેઓ ચેરમેન અને અધ્યક્ષપદે હોય છે, અધિક મુખ્ય સચિવ,ગૃહ વિભાગ, અગ્ર સચિવ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, સચિવ, કાયદા વિભાગ, રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળના પ્રતિનિધિ, સરકાર પ્રેરિત બે મહિલા અગ્રણી, નિયામક, સમાજ સુરક્ષા અને સંયુક્ત કમિશ્નર મહિલા, બાળ કલ્યાણની કચેરીમાંથી સચિવ સભ્યની નિમણૂંક આ બોર્ડમાં કરવામાં આવી છે.

**દાહોદ સિવિલ હોસ્પિટલમાં અદ્યતન સુવિધાઓ આપવા બાબત**

* ૧૫૬૧૪ **શ્રી વજેસિંગભાઇ પા.પણદા(દાહોદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૫ ની સ્થિતિએ દાહોદ શહેરને સિવિલ હોસ્પિટલ ખાતે ટ્રોમા કેર-આઇ.સી.યુ., એમ.આર.આઇ., સી.ટી. સ્કેનની સુવિધાઓ આપવાની કાર્યવાહી ક્યા તબક્કે છે, અને | (૧) દાહોદ શહેર સિવિલ હોસ્પિટલ ખાતે ટ્રોમા કેર, આઇ.સી.યુ., એમ.આર.આઇ. સી.ટી. સ્કેન જેવી અદ્યતન તબીબી સુવિધાઓ મંજૂર કરવામાં આવેલ નથી. |
| (૨) આ સુવિધાઓ કેટલા સમયમાં આપી પૂર્ણ કરવામાં આવશે ? | (૨) હાલમાં કોઇ આયોજન નથી. |

શ્રી વજેસિંહભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, મારો આ ખૂબ અગત્યનો પ્રશ્ન છે. કામ કરતી ગુજરાત સરકાર, ગતિશીલ સરકાર અને આદિવાસીઓની ચિંતા કરતી સરકાર. ૭૨ કાટ આદિવાસી વિસ્તાર ધરાવતો મારો આ જિલ્લો અને સિવિલ હોસ્પિટલ ખાતે ટ્રોમા કેર આઇ.સી.યુ., એમ.આર.આઇ., સી.ટી.સ્કેન જેવી સુવિધાઓ નથી. ધોળા દિવસે આ ગરીબ, આદિવાસી દર્દી ખાનગી હોસ્પિટલમાં લૂંટાઇ જાય છે તો આ સાધનો વસાવવા માગો છો કે કેમ? અને ના વસાવવાના કારણો શા?

શ્રી શંકરભાઇ લ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીને જણાવું કે એમણે જે પ્રશ્ન પૂછયો છે

એમાં આઇ.સી.યુ. ત્યાં નથી એમ નહીં પરંતુ જવાબ એટલા માટે નથી એ પ્રમાણેનો આપ્યો છે કે તેમણે પૂછયું છે એમાં ટ્રોમા કેર આઇ.સી.યુ. એટલે આઇ.સી.યુ. ના બે પ્રકાર છે, એક અલગથી સ્વતંત્ર પણ હોય છે, એક ટ્રોમા કેર હોય છે જે સ્પેશિયલ કેસમાં ટ્રોમા જે મંજૂર થાય ત્યાં જ આપવામાં આવે છે એટલે માનનીય સભ્યશ્રીએ જે વાત કરી ટ્રોમા કેર આઇ.સી.યુ. એના કારણે અમે જવાબમાં એમ કહ્યું કે ત્યાં નથી, પરંતુ આઇ.સી.યુ.ની વ્યવસ્થા ત્યાં છે ચાર બેડની વેન્ટીલેટર સાથેની સુવિધા ત્યાં છે. નંબર-ટુ સીટી સ્કેનની જયાં સુધી વાત કરી તો ત્યાં એક અર્બન બેંકનું ખૂબ આધુનિક સીટી સ્કેન મશીન છે તેની સાથે રાજ્ય સરકારે કરાર કરીને એમાં જે દર્દી ટ્રીટમેન્ટ લેવા માટે અહીંથી રીફર કરીને ત્યાં મોકલીએ અથવા ચિઠ્ઠી લખીને ત્યાં મોકલીએ તો એનો ચાર્જ દર્દીએ નહીં ચૂકવવાનો એનો ચાર્જ રાજ્ય સરકાર ચૂકવશે તેની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. બીજી પણ માનનીય સભ્યશ્રીને એ બાબતની જાણ કરું કે આ એક ૭૦ વર્ષ જૂની હોસ્પિટલ છે અને એક કેમ્પસની અંદર એના અલગ –અલગ બિલ્ડીંગ છે એટલે આ વર્ષે રાજય સરકારે આ વખતના બજેટમાં નવી બે કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. એક અદ્યતન હોસ્પિટલ પણ ત્યાં બનાવવામાં આવશે એટલે માનનીય સભ્યશ્રીને આવનારા સમયમાં એક અદ્યતન હોસ્પિટલની સુવિધા જિલ્લામાં લોકોને ત્યાં આગળ મળી રહેશે.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી બે બાબત જાણવા માગુ છું. એક તો આ આંતરિયાળ વિસ્તારનો જિલ્લો છે, આદિવાસી અને ગરીબ લોકો ત્યાં રહે છે ત્યારે આપ કહો છો કે સીટી સ્કેન માટે એ પ્રાયવેટમાં ત્યાં જાય એની વ્યવવસ્થા કરી છે, આપને ત્યાં એમ.આર.આઇ.ની સુવિધાની કોઇ વ્યવસ્થા નથી, આપને ત્યાં ટ્રોમા સેન્ટર ઉભું કરીને ટ્રોમા સેન્ટર આધારીત ટ્રોમા કેર કરી શકે એવું આઇ.સી.યુ. માત્ર ચાર બેડવાળું સામાન્ય આઇ.સી.યુ. અત્યારના સંજોગોમાં નથી તો આ સંજોગોમાં દાહોદ ખાતે આપ આદિવાસી વિસ્તારની ચિંતા કરીને ખાસ કિસ્સા તરીકે આ બધી વ્યવસ્થા ઉભી થાય એ માટે કંઇ વિચારવા

માગો છો?

શ્રી શંકરભાઇ લ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રમાણેની મેં વાત કરી એ પ્રમાણે એમ.આર.આઇ. માટે બહુ જુજ કેસ આવતા હોય છે, એટલે ભવિષ્યમાં નવું જયારે બિલ્ડીંગ બને ત્યારે આને વિચારણાની અંદર લેવામાં આવશે પરંતુ આઇ.સી.યુ.ના ચાર બેડ છે, એ સંપૂર્ણ સુવિધા સાથેના છે, ટ્રોમા કેરની અંદર જે પ્રમાણે એની કેર લેવાતી હોય છે એ જ પ્રમાણેની સુવિધા અત્યારે ત્યાં લેવાઇ રહી છે. બીજું માનનીય શકિતસિંહ ભાઇએ જે આદિવાસી વિસ્તારની ચિંતા કરી તો અત્યારે દાહોદ હોસ્પિટલની અંદર આજે બહુ મોટા પ્રમાણમાં સારવાર ત્યાં અપાય છે, ઓ.પી.ડી.ની સંખ્યા ૧,૫૫,૧૩૦ જેટલી દર વર્ષે છે, અને ઇન્ડોર પેશન્ટની સંખ્યા ૫૮,૫૪૦ જેટલા દર્દીઓને ત્યાં આગળ આપણે સુવિધા આપી રહ્યા છીએ. તે સિવાય પણ ત્યાં સાધનો જોઇએ તો લેબની વાત કરો છો તો લેબમાં ૧,૯૨,૪૨૫ જેટલીની સુવિધા ત્યાં અલગ અલગ પ્રકારના ટેસ્ટોની કરી છે. એ સિવાયના આદિવાસી વિસ્તારના બાકી લોકોને લાભ મળી રહે એ માટે મેં કહ્યું તે પ્રમાણે ૪ વેન્ટીલેટર, લેપ્રોસ્કોપ મશીન , રેડીયો ફ્રીકવન્સી સર્જીકલ યુનિટ, એકસરે મશીન, નર્વસ સ્ટીમ લેટીંગ મશીન, પેરામીટર હાર્મોનિક કાલ્પેન , ECG મશીન અને આ સિવાય પણ ઘણા બધા આધુનિક મશીનો જે કહેવાય તે ત્યાં આગળ છે અને જે ખૂટતું હોય તે પણ ભવિષ્યમાં આ વિસ્તારમાં આપણે સુવિધા પૂરી કરવા માગીએ છીએ.

શ્રી રમેશભાઇ ભુ. કટારા : માનનીય અધ્યક્ષશ્રી, દાહોદ જિલ્લામાં સિવિલ હોસ્પિટલમાં દર્દીઓને ઇમરજન્સી માટે હાલ શું કામગીરી થઇ છે અને સીટી સ્કેન માટે તથા એમ.આર.આઇ. માટે શું વૈકલ્પિક વ્યવસ્થા કરી છે.

શ્રી શંકરભાઇ લ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં વાત કરી એ પ્રમાણે એમ.આર.આઇ. માટે ચાર જેટલી એમ્બ્યુલન્સ રાખી છે ત્યાંથી રીફર કરવા, અને સીટી સ્કેનની મેં અગાઉ વાત કરી છે.

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે દાહોદ સિવિલ હોસ્પિટલ ખાતે આવી સુવિધા ઉપલબ્ધ ન હોય તો દર્દીઓને આ સગવડ માટે કઇ કઇ જગ્યાએ રીફર કરવામાં આવે છે, મારો બીજો પ્રશ્ન એ છે કે દાહોદ શહેરની નજીક આવી કોઇ હોસ્પિટલ આવેલી છે કે કેમ?

શ્રી શંકરભાઇ લ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ પણ વાત કરી છે એના ફીગર જો માગશે તો ત્યાંથી સીટી સ્કેનના કેટલા છે એ ફીગર મળી રહેશે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

## અતારાંકિત પ્રશ્નો

## તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ

### બનાસકાંઠા જિલ્લામાં ગામોને ડામર સપાટીવાળા રસ્તાઓનું જોડાણ

* ૧૪૯૩૩ **શ્રી જોઇતાભાઇ ક. પટેલ(ધાનેરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૫૦૦ થી ઓછી જનસંખ્યાના ક્યા ગામોને ડામર સપાટીવાળા રસ્તાઓનું જોડાણ, કેટલી રકમના ખર્ચે મંજુર કરવામાં આવ્યું, અને | (૧) વન વિભાગની મંજુરી મળ્યેથી આયોજન હાથ ધરવામાં આવશે. |
| (૨) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ આ કામ ક્યા તબક્કે છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### ગાંધીનગર જિલ્લામાં રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજનાના લાભાર્થીઓ

* ૧૫૨૯૬ **શ્રી અમિત ચૌધરી (માણસા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર કેટલા બી.પી.એલ. કુટુંબોને રાષ્ટ્રિય સ્વાસ્થ્ય વીમા યોજનાનો લાભ મળેલ છે, | (૧) |

| તાલુકા | સંખ્યા |
|---|---|
| દહેગામ | ૮,૭૫૯ |
| ગાંધીનગર | ૭,૧૩૯ |
| કલોલ | ૭,૦૫૪ |

| | |
|---|---|
| માણસા | ૯,૧૬૯ |
| **કુલઃ–** | **૩૨,૧૨૧** |

(૨) તે પૈકી આ નોંધાયેલ તાલુકાવાર ૨૫% જેટલા કુટુંબોને આ યોજનાનો લાભ મળતો નથી તે હકીકત સાચી છે, અને

(૨) ના, જી.

(૩) જો હા, તો તેના કારણો શાં છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**વડોદરા જિલ્લામાં નવા પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો બનાવવા બાબત**

* ૧૫૦૧૩ **શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો બનાવવા માટે સરકારે કોઈ આયોજન કરેલ છે કે કેમ,

(૨) જો હા, તો તાલુકાવાર કેટલી દરખાસ્ત મળી છે, અને

(૩) પ્રત્યેક દવાખાના પાછળ કેટલા ખર્ચનો અંદાજ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૧(એક) સામૂહિક આરોગ્ય કેન્દ્રના બાંધકામની કામગીરી પૂર્ણતાને આરે છે. ૬(છ) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના બાંધકામની કામગીરી પૂર્ણ થયેલ છે.

(૩) પ્રત્યેક સામૂહિક આરોગ્ય કેન્દ્ર દીઠ અંદાજે રૂ. ૩૫૫ લાખ
પ્રત્યેક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દીઠ અંદાજે રૂ. ૧૦૦ લાખ

**મૂળી–સરા રોડને પહોળા કરવા બાબત**

* ૧૫૦૪૬ **શ્રી કિરીટસિંહ જી. રાણા (લીંબડી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના મૂળી–સરા રોડને પહોળો કરવાની કામગીરી તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ કયા તબક્કે છે, અને

(૨) આ કામ પાછળ કેટલો ખર્ચ થશે?

**જવાબ**

(૧) વર્ક ઓર્ડર આપેલ છે.
કામગીરી પ્રગતિમાં છે.

(૨) અંદાજે રૂ. ૨૭૨૦ લાખ.

**પેથાપુર મહુડી રોડને ફોરલેન માટે જોબ નંબર**

* ૧૫૨૮૯ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય પાટનગર યોજના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં પેથાપુર–મહુડી રોડને ફોરલેન બનાવવા માટે ક્યારે જોબ નંબર આપવામાં આવ્યો,

(૨) આ કામગીરી પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો અને કુલ કેટલો ખર્ચ કરવાની મંજૂરી મળેલ છે, અને

(૩) આ રોડની ડામર–પેવર સપાટી તૂટી જવાના કારણો શાં છે?

**જવાબ**

(૧) તા. ૮–૧૧–૨૦૧૩.

(૨) આ કામગીરી પાછળ તા. ૩૧–૧૨–૨૦૧૪ સુધી રૂ. ૯૪૨.૮૭ લાખ ખર્ચ કરવામાં આવ્યો અને રૂ. ૮૪૦૦.૦૦ લાખની વહીવટી મંજુરી મળેલ છે.

(૩) રસ્તાને ચાર માર્ગીય કરવાની કામગીરી પ્રગતિમાં હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**તણખલા, ગઢબોરીયાદ અને ચલામણી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના રીનોવેશન માટે મંજૂર રકમ**

* ૧૩૮૧૩ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં તણખલા, ગઢબોરીયાદ અને ચલામણી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનું છેલ્લા બે વર્ષમાં પ્રત્યેક પી.એચ.સી.ના રીનોવેશન માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી,

(૨) કામ પુરૂ કરવાની મુદત શી હતી અને ક્યારે કામ પુરૂ થયુ,

**જવાબ**

(૧) **નીચે મુજબ**

| **અ.નં.** | **પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું નામ** | **મંજૂર રકમ રૂપિયામાં** |
|---|---|---|
| (૧) | તણખલા | ૩૩,૪૦,૯૫૯.૦૦ |
| (૨) | ચલામણી | ૧૬,૩૨,૫૨૪.૦૦ |
| (૩) | ગઢબોરીયાદ | ૮,૫૯,૮૯૨.૦૦ |

(૨) તણખલા અને ચલામણી માટે ૫ – માસ
ગઢબોરીયાદ માટે ૨ – માસ

નિયત સમય–મર્યાદામાં કામ પૂર્ણ થયેલ છે.

(૩) પ્રત્યેક પી.એચ.સી. પાછળ રીનોવેશનનો કેટલો ખર્ચ થયો, અને

(૩) નીચે મુજબ

| અ.નં. | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું નામ | ખર્ચ રૂપિયામાં |
|---|---|---|
| (૧) | તણખલા | ૨૯,૪૩,૯૬૩.૦૦ |
| (૨) | ચલામણી | ૧,૪૧,૪૭૯.૦૦ |
| (૩) | ગઢબોરીયાદ | ૯,૧૧,૯૦૭.૦૦ |

(૪) આ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનું કઈ સાલમાં બાંધકામ કરવામાં આવ્યુ હતું અને તેનો કબજો કયારે કયારે લીધો હતો?

(૪) **નીચે મુજબ**

| અ.નં. | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું નામ | બાંધકામ વર્ષ | મેડીકલ ઓથોરીટીને સોંપાયેલ કબજો |
|---|---|---|---|
| (૧) | તણખલા | ૧૯૭૧ | ૧૯૭૧ |
| (૨) | ચલામણી | ૨૦૦૧ | ૨૦૦૪ |
| (૩) | ગઢબોરીયાદ | ૧૯૬૮ | ૧૯૬૮ |

**હિંમતનગર હાઈવે થી ટી.બી. હોસ્પિટલ રોડ પર ડીવાઈડર બનાવવા બાબત**

* ૧૪૯૦૭ **શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ વિજાપુર શહેરના આનંદપુરા ચોકડીથી એક પીલવાઈ બાજુ અને બીજુ રણછોડપુરા બાજુ અને મહેસાણા હિંમતનગર હાઈવે થી ટી.બી. હોસ્પિટલ બાજુના રોડ ઉપર ડીવાઈડર બનાવવાની કાર્યવાહી કયા તબક્કે છે, અને

(૧) હાલ કોઈ આયોજન નથી.

(૨) આ કામ કેટલા સમયમાં પૂર્ણ થશે?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**બનાસકાંઠા જિલ્લામાં સરકારી હોસ્પિટલોને નેશનલ એક્રીડેશન મળવા બાબત**

* ૧૫૫૬૪ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લાની કઈ સરકારી હોસ્પિટલોને તા.૩૧–ડિસેમ્બર–૨૦૧૪ની સ્થિતિએ નેશનલ એક્રીડેશન પ્રાપ્ત થયું છે,

(૧) કોઈ નહી.

(૨) કઈ હોસ્પિટલોને આ એક્રીડેશન મેળવવાનું બાકી છે, અને

(૩) આ કામગીરી કયાં સુધીમાં પુર્ણ કરવામાં આવનાર છે.?

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**રાજયમાં આવેલ સરકારી આયુર્વેદ કોલેજો**

* ૧૫૦૩૧ **શ્રી જયરાજસિંહ ટે. જાડેજા(ગોંડલ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં કુલ કેટલી સરકારી આયુર્વેદ કોલેજો આવેલ છે,

(૧) ૪

(૨) તે પૈકી વર્ષ ૨૦૧૪–૧૫માં તા. ૩૧–૧૨–૨૦૧૪ સુધી માટે ભારત સરકારના આયુષ વિભાગ તરફથી કુલ કેટલી અનુસ્નાતક કક્ષાની બેઠકો મંજૂર કરવામાં આવેલ છે, અને

(૨) ૨૧

(૩) કઈ કઈ કોલેજો ખાતે કેટલી બેઠકો મંજૂર થયેલ છે?

(૩) અખંડાનંદ સરકારી આયુર્વેદ કોલેજ, અમદાવાદ ખાતે કુલ–૨૧ બેઠકો મંજુર થયેલ છે.

**રાજ્યમાં આવેલ સરકારી આયુર્વેદ કોલેજો**

* ૧૫૦૨૮ **શ્રી પૂર્ણેશકુમાર ઇ. મોદી (સુરત પશ્ચિમ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં કુલ કેટલી સરકારી આયુર્વેદ કોલેજો આવેલ છે, | (૧) ૪ |
| (૨) તે પૈકી વર્ષ ૨૦૧૪–૧૫માં તા. ૩૧–૧૨–૨૦૧૪ સુધી માટે ભારત સરકારશ્રીના આયુષ વિભાગ તરફથી કુલ કેટલી સ્નાતક કક્ષાની બેઠકો મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) ૧૮૦ |
| (૩) કઈ કઈ કોલેજો ખાતે કેટલી બેઠકો મંજૂર થયેલ છે? | (૩) |

| કોલેજો | મંજુર બેઠકો |
|---|---|
| અમદાવાદ | ૭૫ |
| વડોદરા | ૩૫ |
| ભાવનગર | ૩૫ |
| જુનાગઢ | ૩૫ |

**ગરબાડા તાલુકાના બોરીઆલ–ગાંગરડા રોડને પહોળો કરવા બાબત**

* ૧૪૧૯૫ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના બોરીઆલ–ગાંગરડા–જાંબુઆ–નીમચ થઈને મધ્યપ્રદેશને જોડતો રસ્તો પહોળો કરવા અંગેની કાર્યવાહી કયા તબક્કે છે અને આ કામ કયારે શરૂ કરવામાં આવશે? | સદર રસ્તાને પહોળો કરવાનું કામ તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિ સુધી મંજુર કરવામાં આવેલ નથી. |

**સુરજ ગામ ખાતેના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ખાલી જગ્યાઓ ભરવા બાબત**

* ૧૫૬૪૨ **શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ કડી તાલુકાના સુરજ ખાતેના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં મેડીકલ અધિકારી સહિત વર્ગ–૨ની કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, | (૧) (૨) અને (૩) વર્ગ–૨ની મેડિકલ અધિકારીની એક જગ્યા મંજૂર કરેલ છે. આ જગ્યા ભરાયેલી હતી પરંતુ વર્ગ–૨ના આ તબીબ ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા પસંદગી પામેલ હોવાથી તેમની અન્યત્ર નિમણુંક થયેલ છે. આ જગ્યા શકય તેટલી જલદી ભરવામાં આવશે. |
| (૨) આ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં પ્રતિ માસ ૧૭ થી ૨૦ પ્રસુતિના કેસો તેમજ ૮૦ થી ૧૦૦ વ્યક્તિઓની પ્રતિદિન ઓ.પી.ડી. હોવા છતાં મેડીકલ અધિકારીની જગ્યા ખાલી રાખવાના શાં કારણો છે, અને | |
| (૩) ખાલી જગ્યા કયાં સુધીમાં ભરવામાં આવશે? | |

**ડાંગ જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકો**

* ૧૪૬૬૮ **શ્રી મંગળભાઇ ગં. ગાવિત(ડાંગ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં તાલુકાવાર કેટલા બાળકો કુપોષણથી પીડિત છે, અને | (૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં તાલુકાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા નીચે મુજબ છે. |

| ક્રમ | તાલુકાનું નામ | ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | આહવા | ૨૮૫૩ | ૨૭૫ |
| ૨ | વઘઇ | ૧૯૨૯ | ૧૪૨ |

| | | | |
|---|---|---|---|
| ૩ | સુબીર | ૨૦૩૪ | ૧૯૨ |

(૨) આ કુપોષણ દૂર કરવા સરકારે છેલ્લા એક વર્ષમાં કેટલો ખર્ચ કર્યો ?

(૨) ઓછા વજનવાળા બાળકો અને અતિ ઓછા વજનવાળા બાળકો માટે સરકારે છેલ્લા એક વર્ષમાં કુલ રૂ. ૧,૩૯,૧૩,૧૦૦/-નો ખર્ચ કરેલ છે.

**અમરેલી અને રાજકોટ જિલ્લામાં પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની આરોગ્યની તપાસ**

* ૧૫૦૮૭ **શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરકાર દ્વારા પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીની આરોગ્યની તપાસ દરમ્યાન અમરેલી તથા રાજકોટ જિલ્લાના કેટલા બાળકોને રોગ હતા.

(૧) અમરેલી જિલ્લામાં ૨૯,૬૫૨ અને રાજકોટ જિલ્લામાં ૨૨,૭૧૯.

(૨) આ બાળકોને મુખ્તત્વે ક્યા રોગ હતા, અને

(૨) આ બાળકોમાં મુખ્યત્વે પાંડુરોગ, આંત્રકૃમિ, દાંતની તકલીફ, આંખની તકલીફ, કાન, નાક, ગળાની તકલીફ, પેટની તકલીફ અને ચામડીના રોગ હતા.

(૩) આ રોગની બાબતે સરકારે શી કાર્યવાહી કરી ?

(૩) આ રોગની સારવાર બાબતે સરકારે નીચે પ્રમાણે કાર્યવાહી કરેલ છે.

(૧) સ્થળ પર સારવાર

(૨) વધુ બિમારીવાળા બાળકને સામુહિક આરોગ્ય કેન્દ્ર/જિલ્લા હોસ્પિટલ ખાતે સંદર્ભ સેવા

(૩) ગંભીર બિમારીવાળા બાળકોને નીચે મુજબની સંસ્થાઓ ખાતે વિનામૂલ્યે સારવાર આપવામાં આવેલ છે.

| બિમારી | હોસ્પિટલનું નામ |
|---|---|
| હૃદયરોગ | યુ.એન.મહેતા ઇન્સ્ટીટયુટ ઓફ કોર્ડિયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કિડની | ઇન્સ્ટીટ્યુટ ઓફ કિડની ડિસીસ અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કેન્સર | એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ, અમદાવાદ |

**વલસાડ જિલ્લામાં દૂધ સંજીવની યોજના**

* ૧૩૫૪૬ **શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર કેટલી દૂધ સંજીવની યોજના કાર્યરત છે, અને

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં દુધ સંજીવની યોજના કાર્યરત નથી.

(૨) ક્યા તાલુકાઓમાં આ યોજના કાર્યરત નથી?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**આણંદ જિલ્લામાં જનની સુરક્ષા યોજનાના લાભાર્થીઓ**

* ૧૫૦૮૦ **શ્રી રોહિત પટેલ (આણંદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ આણંદ જિલ્લામાં જનની સુરક્ષા યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા લોકોને લાભ મળેલ છે.

(૧)

| લાભાર્થીની સંખ્યા વર્ષ ૨૦૧૩માં | લાભાર્થીની સંખ્યા વર્ષ ૨૦૧૪માં | કુલ લાભાર્થી |
|---|---|---|
| ૧૦,૧૦૭ | ૯,૩૪૧ | ૧૯,૪૪૮ |

(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી સહાય ચૂકવાઇ, અને

(૨) **ચૂકવેલ સહાય**

| તાલુકાનું નામ | વર્ષ - ૨૦૧૩ | વર્ષ - ૨૦૧૪ |
|---|---|---|
| આણંદ | રૂ. ૧૨,૯૬,૯૦૦/- | રૂ. ૧૪,૦૯,૯૦૦/- |
| આંકલાવ | રૂ. ૭,૨૯,૮૦૦/- | રૂ. ૮,૧૧,૩૦૦/- |
| બોરસદ | રૂ. ૧૫,૮૦,૪૦૦/- | રૂ. ૧૮,૦૦,૩૦૦/- |
| ખંભાત | રૂ. ૮,૫૧,૫૦૦/- | રૂ. ૭,૨૬,૯૦૦/- |
| તારાપુર | રૂ. ૧,૫૫,૭૦૦/- | રૂ. ૧,૯૬,૭૦૦/- |
| પેટલાદ | રૂ. ૬,૦૨,૫૦૦/- | રૂ. ૧૨,૫૯,૭૦૦/- |

| | | |
|---|---|---|
| સોજીત્રા | રૂ. ૨,૬૫,૧૦૦/- | રૂ. ૪,૯૬,૨૦૦/- |
| ઉમરેઠ | રૂ. ૬,૪૮,૦૦૦/- | રૂ. ૭,૬૩,૨૦૦/- |
| **કુલ** | **રૂ. ૬૧,૨૯,૯૦૦/-** | **રૂ. ૭૪,૬૪,૨૦૦/-** |

(૩) કેટલા લાભાર્થીઓને સહાય ચૂકવવાની બાકી છે?

(૩) કોઇ લાભાર્થીઓને સહાય ચૂકવવાની બાકી નથી.

**દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પંચાયત અને સ્ટેટ હસ્તકના રસ્તાઓને મંજૂરી**

* ૧૫૩૧૯ **શ્રી મેરામણભાઇ મા. આહીર (ખંભાલીયા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં પંચાયત અને સ્ટેટ હસ્તકના કઇ યોજનામાં ક્યા અને કેટલા રસ્તાઓ મંજૂર કરવામાં આવ્યાં, | (૧) *પરિશિષ્ટ ૧ મુજબ ૬૨ રસ્તા. |
| (૨) તે અન્વયે કેટલા અને ક્યા રસ્તાના કામ પૂર્ણ થયા, અને | (૨) *પરિશિષ્ટ ૨ મુજબ ૨૨ રસ્તા. |
| (૩) કેટલા અને ક્યા કામો પ્રગતિમાં છે, અને તે પેટે કેટલી રકમનો ખર્ચ થયો ? | (૩) *પરિશિષ્ટ ૩ મુજબ ૦૮ રસ્તા. |

(*પરિશિષ્ટો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**વિસાવદર અને ભેંસાણ શહેરમાં સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં ફાળવેલ એમ્બ્યુલન્સ**

* ૧૫૨૬૯ **શ્રી હર્ષદભાઇ રીબડીયા (વિસાવદર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૧૫ની સ્થિતિએ વિસાવદર અને ભેંસાણ શહેરમાં સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં કેટલી એમ્બ્યુલન્સવાનો ફાળવેલ છે, અને | (૧) બંને સામૂહિક આરોગ્ય કેન્દ્રો ખાતે એક-એક એમ્બ્યુલન્સવાન ફાળવેલ છે. |
| (૨) ફાળવેલ આ બંને વાહનો ખરાબ હોવાથી નવી એમ્બ્યુલન્સવાનો કેટલા સમયમાં ફાળવવામાં આવશે? | (૨) માત્ર ભેંસાણ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે એમ્બ્યુલન્સવાન બંધ હાલતમાં હોઇ પરચેઝ ઓર્ડર આપવામાં આવેલ છે. ટુંક સમયમાં નવી એમ્બ્યુલન્સવાન ફાળવવામાં આવશે. |

---------

**અખિલ ગુજરાત ગીરનાર આરોહણ સ્પર્ધા પાછળ ખર્ચ**

* ૧૫૦૫૧ **શ્રી અરવિંદભાઇ કે. લાડાણી(કેશોદ) : માનનીય રમત-ગમત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અખિલ ગુજરાત ગીરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધામાં કેટલા યુવક/યુવતીઓએ ભાગ લીધો, અને

(૨) તેમની પાછળ કુલ કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧)

| **વર્ષ** | **ભાઇઓ** | | **બહેનો** | | **કુલ** |
|---|---|---|---|---|---|
| ૨૦૧૩-૧૪ | ૭૯૦ | + | ૨૦૪ | = | ૯૯૪ |
| ૨૦૧૪-૧૫ | ૨૨૪૩ | + | ૫૧૫ | = | ૨૭૫૮ |

(૨) કુલ ખર્ચ રૂ. ૨૨,૪૦,૫૬૪/-

---------

**રાજકોટ-વાડીનાર રોડ પર ટોલ પ્લાઝાની આવક**

* ૧૪૪૮૩ **શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ જામનગર જિલ્લાના રાજકોટ-વાડીનાર ફોર ટ્રેક રોડ ઉપર આવતાં બે ટોલ પ્લાઝા ક્યા કરાર આધારિત આપવામાં આવેલ છે, અને | (૧) બીઓટી ધોરણે થયેલ કન્સેશન એગ્રીમેન્ટ આધારે. |
| (૨) ઉક્ત બે ટોલ પ્લાઝામાંથી સરકારને છેલ્લાં બે વર્ષમાં કેટલાં રૂપિયાની આવક થઇ ? | (૨) ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લીમીટેડ ને પ્રીમિયમ પેટે રૂ. ૧૧.૭૭ કરોડ. |

---------

**અમરેલી અને રાજકોટ જિલ્લામાં પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓની આરોગ્ય તપાસ**

* ૧૫૦૮૬ **શ્રી નલીનભાઇ ના. કોટડીયા(ધારી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરકાર દ્વારા પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીની આરોગ્યની તપાસ દરમ્યાન અમરેલી તથા રાજકોટ જિલ્લાના કેટલા બાળકોને રોગ હતા, | (૧) અમરેલી જિલ્લામાં – ૨૯,૬૫૨ અને રાજકોટ જિલ્લામાં ૨૨,૭૧૯. |
| (૨) આ બાળકોને મુખ્યત્વે ક્યા રોગ હતા, અને | (૨) આ બાળકોમાં મુખ્યત્વે પાંડુરોગ, આંત્રકૃમિ, દાંતની તકલીફ, આંખની તકલીફ, કાન, નાક, ગળાની તકલીફ, પેટની તકલીફ અને ચામડીના રોગ હતા. |
| (૩) આ રોગની બાબતે સરકારે શી કાર્યવાહી કરી ? | (૩) આ રોગની સારવાર બાબતે સરકારે નીચે પ્રમાણે કાર્યવાહી કરેલ છે.<br>(૧) સ્થળ પર સારવાર<br>(૨) વધુ બિમારીવાળા બાળકને સામુહિક આરોગ્ય કેન્દ્ર/જિલ્લા હોસ્પીટલ ખાતે સંદર્ભ સેવા<br>(૩) ગંભીર બિમારીવાળા બાળકોને નીચે મુજબની સંસ્થાઓ ખાતે વિનામૂલ્યે સારવાર આપવામાં આવેલ છે. |

| બિમારી | હોસ્પિટલનું નામ |
|---|---|
| હૃદયરોગ | યુ.એન.મહેતા ઇન્સ્ટીટ્યુટ ઓફ કોર્ડિયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કિડની | ઇન્સ્ટીટ્યુટ ઓફ કિડની ડિસીસ અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કેન્સર | એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ, અમદાવાદ |

---------

## દાહોદ જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકો

* ૧૫૫૩૬ **શ્રી ભિતેશભાઇ ક. ગરાસીયા(ઝાલોદ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલા બાળકો કુપોષિત છે અને કેટલા બાળકોનું વજન ઉંમરના પ્રમાણમાં ઓછું છે, અને

**જવાબ**

(૧) જવાબ

| ક્રમ | તાલુકાનું નામ | ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | કુલ |
|---|---|---|---|---|
| ૧ | દાહોદ | ૬૩૮૪ | ૬૦૫ | ૬૯૮૯ |
| ૨ | દે. બારિયા | ૧૭૨૫ | ૧૦૭ | ૧૮૩૨ |
| ૩ | ધાનપુર | ૧૬૯૮ | ૧૦૫ | ૧૮૦૩ |
| ૪ | ફતેપુર | ૧૮૩૩ | ૧૭૭ | ૨૦૧૦ |
| ૫ | ગરબાડા | ૧૦૬૨ | ૧૨૧ | ૧૧૮૩ |
| ૬ | લીમખેડા | ૩૮૫૦ | ૨૨૭ | ૪૦૭૭ |
| ૭ | ઝાલોદ | ૪૯૮૭ | ૩૫૮ | ૫૩૪૫ |
| | **કુલ** | **૨૧૫૩૯** | **૧૭૦૦** | **૨૩૨૩૯** |

(૨) ઉક્ત સ્થિતિએ બાળકોમાં કુપોષણ નિવારવા રાજ્ય સરકારે શા પગલાં લીધાં?

(૨) બાળકોમાં કૂપોષણ નિવારવા અને સપ્રમાણ વજન થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા નીચે મુજબના પગલાં લેવામાં આવે છે.

- ૬ માસથી ૩ વર્ષના બાળકોને ટેક હોમ રેશન તરીકે અનાજ આપવામાં આવે છે. અને તેમાંથી નિર્દેશક ભોજન તરીકે રાબ અને સુખડી બનાવીને આંગણવાડી કેન્દ્ર પર આપવામાં આવે છે.

- ૬ માસ થી ૯ માસના બાળકો માટે અન્નપ્રાશન દિવસની ઉજવણી દરમ્યાન રાબ આપવામાં આવે છે.
- આંગણવાડી કેન્દ્ર ખાતે ૩ થી ૬ વર્ષના બાળકોને માતૃ મંડળ દ્વારા સવારનો ગરમ નાસ્તો અને આંગણવાડી કાર્યકર દ્વારા બપોરનું ગરમ ભોજન અને અઠવાડિયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે.
- ૩ થી ૬ વર્ષના ઓછા વજનવાળા બાળકોને THR તરીકે ત્રીજુ ભોજનમાં લાડુ બનાવી આપવામાં આવે છે.
- આ ઉપરાંત ૩ થી ૬ વર્ષના અતિ ઓછા વજનવાળા બાળકોને THR તરીકે પુરક પોષણ આહાર આપવામાં આવે છે.
- ૬ માસથી ૬ વર્ષના બાળકોને દુધ સંજીવની યોજના હેઠળ અઠવાડિયામાં બે દિવસ દુધ આપવામાં આવે છે.
- મીશન બલમ સુખમ અન્વયે બાળ શકિતમ કેન્દ્ર, બાળ સેવા કેન્દ્ર તેમજ બાળ સંજીવની કેન્દ્ર દ્વારા બાળકોને પોષણ અને આરોગ્યની સેવાઓ પુરી પાડવામાં આવે છે.
- ન્યુટ્રીશન કાઉન્સલીંગ વોલીન્ટીઅર (NCV) યોજના દ્વારા બાળકોના વાલીઓને પોષણ વિષયક શિક્ષણ આપવામાં આવે છે.
- વાત્સલ્ય દિવસ/બાલ દિવસની ઉજવણી મારફતે વાલીઓને પૂર્વ પ્રાથમિક શિક્ષણ અને પોષણ સ્તર વિશે જાગૃત કરવામાં આવે છે.
- ઘનિષ્ઠ પોષણ અભિયાન અન્વયે બાળકોને સારવાર આપવામાં આવે છે.
- જિલ્લામાં તમામ અધિકારીશ્રી દ્વારા અતિ કુપોષિત બાળકોને દત્તક લેવામાં આવેલ છે.

---------

**કચ્છ જિલ્લામાં ફાળવેલ ૧૦૮ એમ્બ્યુલન્સ**

* ૧૫૦૧૦ **શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી(ગાંધીધામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| રાજ્ય સરકારે સરહદી કચ્છ જિલ્લામાં તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ૧૦૮ એમ્બ્યુલન્સ ફાળવેલ છે ? | છેલ્લા બે વર્ષમાં ૨ એમ્બ્યુલન્સ ફાળવેલ છે. અને હાલમાં કુલ–૨૫ એમ્બ્યુલન્સ કાર્યરત છે. |

---------

**અમદાવાદ જિલ્લામાં ૧૦૮ સેવાના લાભાર્થીઓ**

* ૧૫૦૦૮ **ડૉ. નિર્મલાબેન સુ. વાધવાણી (નરોડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં ૧૦૮ સેવાઓ દ્વારા કેટલા દર્દીઓએ સેવાનો લાભ લીધેલ છે ? | ૨,૩૧,૭૫૯. |

---------

**આણંદ અને ખેડા જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકો**

* ૧૫૪૯૫ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ આણંદ અને | (૧) તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ આણંદ અને ખેડા |

ખેડા જિલ્લામાં તાલુકાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે,

જિલ્લામાં તાલુકાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | કુલ |
|---|---|---|---|---|
| | | **આણંદ** | | |
| ૧ | ખંભાત | ૧૬૧૯ | ૧૪૩ | ૧૭૬૨ |
| ૨ | પેટલાદ | ૨૧૦૭ | ૧૬૦ | ૨૨૬૭ |
| ૩ | બોરસદ | ૩૦૦૦ | ૨૭૨ | ૩૨૭૨ |
| ૪ | સોજીત્રા | ૫૪૪ | ૭૧ | ૬૧૫ |
| ૫ | આંકલાવ | ૪૦૦ | ૪૦ | ૪૪૦ |
| ૬ | આણંદ | ૨૩૪૮ | ૨૩૯ | ૨૫૮૭ |
| ૭ | ઉમરેઠ | ૧૯૩૨ | ૧૧૪ | ૨૦૪૬ |
| ૮ | તારાપુર | ૫૫૯ | ૯૮ | ૬૫૭ |
| | | **ખેડા** | | |
| ૧ | માતર | ૧૮૦૧ | ૧૬૬ | ૧૯૬૭ |
| ૨ | ઠાસરા | ૧૧૯૪ | ૫૫ | ૧૨૪૯ |
| ૩ | મહેમદાવાદ | ૨૩૮૪ | ૨૦૦ | ૨૫૮૪ |
| ૪ | ડાકોર | ૯૪૯ | ૧૪૬ | ૧૦૯૫ |
| ૫ | કપડવંજ | ૧૨૬૧ | ૧૬૮ | ૧૪૨૯ |
| ૬ | કઠલાલ | ૧૬૦૪ | ૧૪૯ | ૧૭૫૩ |
| ૭ | નડિયાદ | ૬૪૩૫ | ૪૧૩ | ૬૮૪૮ |
| ૮ | મહુધા | ૨૧૫૭ | ૧૯૦ | ૨૩૪૭ |
| ૯ | ખેડા | ૧૫૧૧ | ૧૫૧ | ૧૬૬૨ |

(૨) કુપોષણથી પીડાતા બાળકોના સ્વાસ્થ્યની સુખાકારી માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) કુપોષણથી પીડાતા બાળકોના સ્વાસ્થ્યની સુખાકારી માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં કુલ રૂ.૫,૧૧,૭૨,૨૦૦/- અને ખેડા જિલ્લામાં કુલ રૂ.૭,૮૩,૧૦,૮૦૦/- નો ખર્ચ કરવામાં આવ્યો.

(૩) તે અન્વયે કેટલા બાળકોને લાભ આપવામાં આવ્યો?

(૩) તે અન્વયે આણંદ જિલ્લામાં કુલ ૧૩૬૪૬ બાળકોને અને ખેડા જિલ્લામાં કુલ ૨૦૯૩૪ બાળકોને લાભ આપવામાં આવ્યો.

---------

**ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાંથી અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં દર્દીઓને ખસેડવા બાબત**

* ૧૩૫૯૨ **શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ થયેલ કેટલા દર્દીઓને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા, અને

(૨) પુરતી સારવાર સુવિધાઓ અને જરૂરી મેડીકલ સાધનોના અભાવે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ટ્રાન્સફર કરવામાં આવે છે તે નિવારવા ગાંધીનગર સિવિલ હોસ્પિટલને અદ્યતન સુવિધાઓ અને ડોક્ટરોની ઉપલબ્ધી કરાવવા સરકારે શા પગલાં લીધા ?

**જવાબ**

(૧) ૩૯૨૪ દર્દીઓ.

(૨) ગાંધીનગર સિવિલ હોસ્પિટલે મેડીકલ કોલેજ સંલગ્ન શૈક્ષણિક હોસ્પિટલનો દરજ્જો મેળવતા મેડીકલ કાઉન્સીલ ઓફ ઇન્ડિયાના ધારા-ધોરણ મુજબ ઇન્ફ્રાસ્ટ્રક્ચર, આધુનિક સાધનો અને સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવેલ છે, અને વધુ ડોક્ટરોની જગ્યાઓ ભરવામાં આવેલ છે.

---------

**સાબરકાંઠા જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા બાબત**

* ૧૫૦૪૫ **શ્રી મુકેશભાઇ ઝી. પટેલ(ઓલપાડ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા, વિજયનગર, ભિલોડા અને મેઘરજ તાલુકામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાન બાંધવાનું કઇ જગ્યાએ નક્કી કરવામાં આવેલ, | (૧) ખેડબ્રહ્મા તાલુકાના– દેરોલ અને આજાવાસ<br>ભિલોડા તાલુકાના – ખેરાડી<br>મેઘરજ તાલુકાના – રેલ્લાવાડા અને રામગઢી. |
| (૨) તે માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી, | (૨) તે માટે રૂ.૪૭૫.૦૦ લાખની રકમ મંજુર કરવામાં આવી. |
| (૩) આ પૈકી કઇ જગ્યાએ બાંધકામ પૂર્ણ થયેલ અને કઇ જગ્યાએ અધુરા છે, | (૩) નીચે મુજબ કામવાર આખરી પરિસ્થિતિ છે.<br>(૧) રામગઢી ખાતે કામગીરી પ્રગતિમાં છે.<br>(૨) રેલ્લાવાડા ખાતે કામ પૂર્ણ થયેલ છે. મેડીકલ ઓફીસર દ્વારા પઝેશન લીધેલ છે.<br>(૩) આજાવાસ ખાતે જમીન મળેલ ન હોઇ કામ શરૂ થયેલ નથી.<br>(૪) દેરોલ, ખેરાડી ખાતે જુના જર્જરીત મકાનો તોડીને બનાવવાના હોઇ તે કામો ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે. |
| (૪) અધુરા હોય તો કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે, અને | (૪) (૧) પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર રામગઢી ખાતેની કામગીરી જુન-૨૦૧૫ માં પૂર્ણ કરવામાં આવશે.<br>(૨) દેરોલ અને ખેરાડી ખાતે વર્ક ઓર્ડર આપ્યા બાદ ૧૨ મહિનામાં કામગીરી પૂર્ણ કરવામાં આવશે. |
| (૫) પૂર્ણ ન થવાનાં કારણો શા છે ? | (૫) આજાવાસ ખાતે જમીન મળેલ ન હોઇ કામગીરી શરૂ થઇ શકેલ નથી તેમજ દેરોલ, ખેરાડી ખાતે જુના મકાનો તોડવાની કામગીરી વિલંબથી પૂર્ણ થયેલ નથી. |

---------

## સાબરકાંઠા જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનો બાંધવા બાબત

* ૧૫૦૧૪ **શ્રી મોહનભાઇ ધ. ઢોડીયા(મહુવા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા, વિજયનગર, ભિલોડા અને મેઘરજ તાલુકામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાન બાંધવાનું કઇ જગ્યાએ નક્કી કરવામાં આવેલ, | (૧) ખેડબ્રહ્મા તાલુકાના– દેરોલ અને આજાવાસ<br>ભિલોડા તાલુકાના – ખેરાડી<br>મેઘરજ તાલુકાના – રેલ્લાવાડા અને રામગઢી. |
| (૨) તે માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી, | (૨) તે માટે રૂ.૪૭૫.૦૦ લાખની રકમ મંજુર કરવામાં આવી. |
| (૩) આ પૈકી કઇ જગ્યાએ બાંધકામ પૂર્ણ થયેલ અને કઇ જગ્યાએ અધુરા છે, | (૩) નીચે મુજબ કામવાર આખરી પરિસ્થિતિ છે.<br>(૧) રામગઢી ખાતે કામગીરી પ્રગતિમાં છે.<br>(૨) રેલ્લાવાડા ખાતે કામ પૂર્ણ થયેલ છે. મેડીકલ ઓફીસર દ્વારા પઝેશન લીધેલ છે.<br>(૩) આજાવાસ ખાતે જમીન મળેલ ન હોઇ કામ શરૂ થયેલ નથી.<br>(૪) દેરોલ, ખેરાડી ખાતે જુના જર્જરીત મકાનો તોડીને બનાવવાના હોઇ તે કામો ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે. |
| (૪) અધુરા હોય તો કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે, અને | (૪) (૧) પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર રામગઢી ખાતેની કામગીરી જુન-૨૦૧૫ માં પૂર્ણ કરવામાં આવશે.<br>(૨) દેરોલ અને ખેરાડી ખાતે વર્ક ઓર્ડર આપ્યા બાદ ૧૨ મહિનામાં કામગીરી પૂર્ણ કરવામાં |

આવશે.

(૫) પૂર્ણ ન થવાનાં કારણો શા છે ?

(૫) દેરોલ, ખેરાડી ખાતે જુના મકાનો તોડીને બનાવવાના રહેતા હોઈ તે બાબત ટેન્ડર પ્રક્રિયા હેઠળ હોઈ પૂર્ણ થયેલ નથી.

---------

**સંતરામપુર – ખેડાપા રોડને રાજ્ય ધોરીમાર્ગમાં પરિવર્તન**

* ૧૪૨૫૪ **શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ સંતરામપુર–ખેડાપા રોડને રાજ્ય ધોરીમાર્ગમાં પરિવર્તન કરવાનું કામ મંજુર થયેલ છે કે કેમ,

(૨) જો હા, તો કામગીરી ક્યા તબક્કે છે, અને

(૩) આ કામગીરી પાછળ કેટલો ખર્ચ થનાર છે ?

**જવાબ**

(૧), (૨) અને (૩)

હયાત સંતરામપુર–ખેડાપા રોડ રાજ્ય ધોરીમાર્ગ–૧૫૨ હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**રાજકોટ જિલ્લામાં ૧૦૮ સેવાના લાભાર્થીઓ**

* ૧૫૦૦૬ **શ્રી બાવનજીભાઇ હ. મેતલીયા (ટંકારા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં ૧૦૮ સેવાઓ દ્વારા કેટલા દર્દીઓએ સેવાનો લાભ લીધેલ છે ?

**જવાબ**

૮૨,૫૦૨.

---------

**અમદાવાદ અને વડોદરામાં સરકારી મેડીકલ કોલેજોનું મંજૂર મહેકમ**

* ૧૩૬૧૨ **ડાૅ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ અમદાવાદ અને વડોદરામાં આવેલ સરકારી મેડીકલ કોલેજવાર મંજુર થયેલ સંવર્ગવાર મહેકમ કેટલું છે,

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ અમદાવાદ અને વડોદરામાં આવેલ સરકારી મેડીકલ કોલેજમાં કોલેજવાર મંજુર, ભરેલી અને ખાલી જગ્યાઓની વિગતો નીચે મુજબ છે.

**બી.જે. મેડીકલ કોલેજ, અમદાવાદ**

| સંવર્ગ | મંજુર | ભરેલી | ખાલી |
|---|---|---|---|
| વર્ગ–૧ | ૩૨૭ | ૨૧૭ | ૧૧૦ |
| વર્ગ–૨ | ૧૦૪ | ૭૧ | ૩૩ |
| વહીવટી વર્ગ–૩ | ૮૫ | ૪૦ | ૪૫ |
| પેરામેડીકલ વર્ગ–૩ | ૧૬૮ | ૧૦૩ | ૬૫ |
| નર્સિંગ વર્ગ–૩ | ૦૩ | ૦૧ | ૦૨ |
| વર્ગ–૪ | ૧૬૬ | ૧૬૬ | ૦૦ |
| **કુલ** | **૮૫૩** | **૫૯૮** | **૨૫૫** |

**મેડીકલ કોલેજ, વડોદરા**

| સંવર્ગ | મંજુર | ભરેલી | ખાલી |
|---|---|---|---|
| વર્ગ–૧ | ૨૮૨ | ૧૮૭ | ૯૫ |
| વર્ગ–૨ | ૧૦૩ | ૬૧ | ૪૨ |
| વહીવટી વર્ગ–૩ | ૭૪ | ૫૫ | ૧૯ |
| પેરામેડીકલ વર્ગ–૩ | ૧૬૮ | ૮૨ | ૮૬ |
| નર્સિંગ વર્ગ–૩ | ૩૧ | ૦૬ | ૨૫ |
| વર્ગ–૪ | ૧૨૬ | ૧૨૬ | ૦૦ |
| **કુલ** | **૭૮૪** | **૫૧૭** | **૨૬૭** |

(૨) તે અન્વયે સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે, અને

(૨) સંવર્ગવાર કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે તેની માહિતી નીચે મુજબ છે.

**બી.જે. મેડીકલ કોલેજ, અમદાવાદ**

| સંવર્ગ | ૦ થી ૧ વર્ષ સુધી | ૧ થી ૨ વર્ષ સુધી | ૨ વર્ષથી વધારે |
|---|---|---|---|
| વર્ગ–૧ | ૯૭ | ૦૭ | ૦૬ |
| વર્ગ–૨ | ૧૬ | ૧૧ | ૦૬ |
| વહીવટી વર્ગ–૩ | ૦૭ | ૨૦ | ૧૮ |
| પેરામેડીકલ વર્ગ–૩ | ૦૬ | ૩૭ | ૨૨ |
| નર્સિંગ વર્ગ–૩ | ૦૧ | ૦૦ | ૦૧ |
| **કુલ** | **૧૨૭** | **૭૫** | **૫૩** |

**મેડીકલ કોલેજ, વડોદરા**

| સંવર્ગ | ૦ થી ૧ વર્ષ સુધી | ૧ થી ૨ વર્ષ સુધી | ૨ વર્ષથી વધારે |
|---|---|---|---|
| વર્ગ–૧ | ૫૮ | ૧૩ | ૨૪ |
| વર્ગ–૨ | ૦૮ | ૦૫ | ૨૯ |
| વહીવટી વર્ગ–૩ | ૦૪ | ૧૪ | ૦૧ |
| પેરામેડીકલ વર્ગ–૩ | ૧૬ | ૩૮ | ૩૨ |
| નર્સિંગ વર્ગ–૩ | ૦૦ | ૧૭ | ૦૮ |
| **કુલ** | **૮૬** | **૮૭** | **૯૪** |

(૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધી ભરવામાં આવશે ?

(૩) યોગ્ય ઉમેદવાર ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે.

---------

**વ્યારા તાલુકાના કપુરા ગામે નહેર ઉપર પુલ બાંધવા બાબત**

* ૧૪૧૪૬ **શ્રી પુનાભાઇ ઢે. ગામીત(વ્યારા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ તાપી જિલ્લામાં વ્યારા તાલુકાના કપુરાથી મલંઘદેવ અભેટા રસ્તા પર આવેલ કપુરા ગામે નહેર ઉપર પુલ બનાવવાની કામગીરી ક્યા તબક્કે છે, અને

(૨) આ કામગીરી પૂર્ણ કરવા માટે સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) અને (૨)

કપુરાથી મલંઘદેવ અભેટા નામનો કોઇ રસ્તો વ્યારા તાલુકામાં ન હોય પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**રાજ્ય સરકારે ખેલાડીઓને પ્રોત્સાહન માટે અમલમાં મૂકેલ યોજના**

* ૧૫૦૫૪ **શ્રી નરોત્તમભાઇ પટેલ(ઉધના) : માનનીય રમતગમત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે રાષ્ટ્રીય તથા આંતર રાષ્ટ્રીય સ્તરે ખેલાડીઓને પ્રોત્સાહન માટે કોઈ યોજના અમલમાં મૂકી છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શી છે?

**જવાબ**

(૧) હા જી,

(૨) નેશનલ ગેમ્સ, નેશનલ ચેમ્પીયનશીપ તથા બહુરાષ્ટ્રીય/આંતરરાષ્ટ્રીય કક્ષાની ઓલમ્પિક ગેમ્સ, એશીયન ગેમ્સ, કોમનવેલ્થ ગેમ્સ તથા ચેમ્પીયનશીપ જેવી સ્પર્ધાઓમાં રાજ્યના ખેલાડીઓ તેમજ ટીમ મેડલ વિજેતા બને તો તેઓની સિધ્ધિને અનુરૂપ રૂ. દશ લાખથી માંડીને પાંચ કરોડ સુધી પુરસ્કૃત કરી બિરદાવવા ખેલ પ્રતિભા પુરસ્કૃત યોજના ચાલુ વર્ષે અમલી કરાઈ છે.

રાજ્ય સરકાર દ્વારા આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં ભાગ લેતા ખેલાડીઓને ખરેખર ખર્ચ જ અથવા ૭૫,૦૦૦/–ની મર્યાદામાં સહાય કરવામાં આવે છે. તદ્ઉપરાંત ક્ષમતા ધરાવતાં ખેલાડીઓને શક્તિદૂત યોજના હેઠળ રાષ્ટ્રીય અને

આંતરરાષ્ટ્રીય કક્ષાએ ભાગ લેવા જરૂરીયાત અનુસાર સહાય કરવામાં આવે છે.

---------

**તેરા ગામ ખાતેના આરોગ્ય કેન્દ્રમાં મંજૂર મહેકમ**

* ૧૫૭૫૨ **શ્રી શકિતસિંહજી હ. ગોહિલ (અબડાસા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લાના તેરા ગામ ખાતેના આરોગ્ય કેન્દ્રમાં તા.૩૧–૧–૧૫ની સ્થિતિએ મંજૂર મહેકમ કેટલું છે, અને

(૨) આ પૈકી તા.૩૧–૧–૧૫ની સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી છે?

**જવાબ**

(૧) અને (૨) નીચે મુજબ

| અ. નં. | સંવર્ગ | મંજુર | ભરેલી | ખાલી | રીમાકર્સ |
|---|---|---|---|---|---|
| ૧ | તબીબી અધિકારી વર્ગ–૨ | ૧ | ૦ | ૧ | પ્રા.આ.કેન્દ્ર કોઠારાના ડૉ. શ્રી એમ.કે. સિંહને વધારાનો ચાર્જ સોંપીને કામ લેવામાં આવે છે. વાંકું ખાતેની ડિસ્પેન્સરીના ડૉકટર હરેશ ભાટીની અઠવાડીયામાં બે દિવસ સેવા લેવામાં આવેલ છે. |
| ૨ | લેબૉરેટરી ટેકનીશીયન | ૧ | ૦ | ૧ | RNTCP ના કર્મચારી શ્રીમતી શબીના મલિકને ચાર્જ સોંપવામાં આવેલ છે. |
| ૩ | ફાર્માસીસ્ટ | ૧ | ૧ | ૦ | –– |
| ૪ | ડ્રાઈવર | ૧ | ૧ | ૦ | –– |
| ૫ | વોર્ડ બોય | ૧ | ૧ | ૦ | આઉટસોર્સથી સેવાઓ લેવામાં આવે છે. |
| ૬ | વોર્ડ આયા | ૧ | ૧ | ૦ | |
| ૭ | પાર્ટ ટાઇમ સ્વીપર | ૨ | ૨ | ૦ | |

---------

**આણંદ અને અમદાવાદ જિલ્લામાં સ્વાઈન ફ્લુના નોંધાયેલ કેસો**

* ૧૫૫૯૩ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(બોરસદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ આણંદ અને અમદાવાદ જિલ્લામાં સ્વાઇન ફ્લુના કેટલા કેસ છેલ્લા બે વર્ષમાં માસવાર નોંધાયા,

(૨) તે પૈકી કોઇ વ્યકિતઓના મૃત્યુ થયા હોય તો માસવાર કેટલી વ્યકિતઓના મૃત્યુ થયા, અને

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ આણંદ અને અમદાવાદ જિલ્લામાં નોંધાયેલ સ્વાઇન ફ્લુના કેસોની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | માસ | કેસ ૨૦૧૩ | | કેસ ૨૦૧૪ |
|---|---|---|---|---|
| | | આણંદ | અમદાવાદ | |
| ૧ | જાન્યુઆરી | ૦ | ૧ | ૨૦૧૪ના ઓગસ્ટ મહિનામાં અમદાવાદ જિલ્લામાં બે કેસ નોંધાયેલ છે તથા આણંદ જિલ્લામાં કોઈ કેસ નોંધાયેલ નથી. |
| ૨ | ફેબ્રુઆરી | ૫ | ૧ | |
| ૩ | માર્ચ | ૧૦ | ૯ | |
| ૪ | એપ્રિલ | ૦ | ૨ | |
| ૨૦૧૩માં આણંદ જિલ્લામાં ૧૫ કેસ તથા અમદાવાદ જિલ્લામાં ૧૩ | | | | |

(૨) તે પેકી થયેલ મૃત્યુની માસ વાર વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | માસ | મરણ ૨૦૧૩ | | મરણ ૨૦૧૪ | |
|---|---|---|---|---|---|
| | | આણંદ | અમદાવાદ | આણંદ | અમદાવાદ |
| ૧ | જાન્યુઆરી | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | ફેબ્રુઆરી | ૨ | ૦ | ૦ | ૦ |
| ૩ | માર્ચ | ૦ | ૧ | ૦ | ૦ |
| ૪ | એપ્રિલ | ૦ | ૧ | ૦ | ૦ |
| ૫ | મે | ૦ | ૦ | ૦ | ૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૬ | જુન | ૦ | ૦ | ૦ | ૦ |
| ૭ | જુલાઈ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૮ | ઓગસ્ટ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૯ | સપ્ટેમ્બર | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૦ | ઓક્ટોબર | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૧ | નવેમ્બર | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૨ | ડીસેમ્બર | ૦ | ૦ | ૦ | ૦ |

(૩) સ્વાઈન ફ્લુને અટકાવવા રાજ્ય સરકારે શા પગલાં લીધા ?

(૩) સ્વાઈન ફ્લુ રોગચાળાને કાબુમાં લેવા સરકારશ્રી દ્વારા નીચે મુજબ પગલાં લેવામાં આવેલ છે.

- રાજ્યની દરેક સિવિલ હોસ્પિટલોમાં ઈન્ફ્લ્યુએન્ઝા–એ (એચ–૧ એન–૧) ના કેસોની સારવાર માટે વેન્ટીલેટર, કાર્ડિયાક મોનીટર જેવા અદ્યતન ઉપકરણો સાથેના ઈન્ટેન્સીવ કેર યુનિટ અને આઈસોલેશન વોર્ડની વ્યવસ્થા ઉપલબ્ધ કરવામાં આવેલ છે.
- રોગના ત્વરીત અને વિનામૂલ્યે નિદાન માટે રાજ્યમાં ત્રણ ઉચ્ચસ્તરની સરકારી લેબોરેટરીઓ ખાતે સેવા ઉપલબ્ધ કરવામાં આવેલ છે.
- ઈન્ફ્લ્યુએન્ઝા–એ (એચ૧એન૧) ના પોઝીટીવ કેસ તેમજ ચિન્હો ધરાવતા કોન્ટેકટને એન્ટીવાયરલ દવાઓ વિનામૂલ્યે આપવામાં આવે છે.
- ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા રાજ્યમાં માન્યતા પ્રાપ્ત પ્રાઈવેટ મેડીકલ સ્ટોર્સમાં પણ આ દવાનો પુરતો જથ્થો ઉપલબ્ધ કરેલ છે. આ સ્ટોર્સની માહિતી વેબસાઈટ પર મુકેલ છે.
- તમામ સરકારી આરોગ્ય સંસ્થામાં રોગનું પ્રસરણ અટકે તે માટે લેવાના થતાં પગલાંઓની જાણકારી આપવામાં આવે છે. સરળ ભાષામાં જાહેર જનતાએ કરવાની થતી તકેદારી માટેનું સાહિત્ય પણ ઉપલબ્ધ કરવામાં આવેલ છે.
- ભારત સરકારશ્રીના માર્ગદર્શન સાથેનું મેન્યુઅલ પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે. સંલગ્ન દરેક હિતધારકોને તેની નકલ પહોંચાડવામાં આવી છે. આ ઉપરાંત આ મેન્યુઅલને આરોગ્ય વિભાગની વેબસાઈટ પર મુકવામાં આવેલ છે.
- આઈ.એમ.એ. ના સભ્યો સાથે જિલ્લા કક્ષાએ નિયમિત મીટીંગો કરી રોગ નિયંત્રણ/અટકાયત બાબતે માર્ગદર્શન આપવામાં આવેલ છે.
- અગ્ર સચિવશ્રી, જાહેર આરોગ્ય અને પરિવાર કલ્યાણની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે વિભાગીય નાયબ નિયામકશ્રી, તમામ જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, મુખ્ય જિલ્લા તબીબી અધિકારીશ્રી અને તમામ મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય અધિકારીશ્રીઓની મીટીંગમાં ઈન્ફ્લ્યુએન્ઝા–એ (એચ–૧ એન–૧) ની પરિસ્થિતિનો સવિસ્તાર સમીક્ષા કરી.
- રાજ્યના આ વિષયના નિષ્ણાંત તબીબો, પ્રાઈવેટ હોસ્પિટલના ક્રિટીકલ કેરના સુપર સ્પેશિયાલીસ્ટ ડોકટરો, કોર્પોરેટ પ્રાઈવેટ હોસ્પિટલોના પ્રતિનિધિઓ, ઈન્ડીયન મેડીકલ એસોશીયેશનના પ્રતિનિધિ તેમજ અન્ય સંબંધિત વિભાગના અધિકારીશ્રીઓ સાથે બેઠકમાં સર્વગ્રાહી સમિક્ષા દ્વારા આઈ.ઈ.સી. ટ્રીટમેન્ટ

ગાઈડ લાઈન અપડેટ કરી રોગ નિયંત્રણ કામગીરી વેગવંત કરેલ છે.

- માન.મંત્રીશ્રી, આરોગ્ય અને પ.ક. ની અધ્યક્ષતામાં રાજ્યમાં સ્વાઈન ફ્લુની પ્રવર્તમાન પરિસ્થિતિની સમીક્ષા માટે ઉચ્ચ અધિકારીશ્રીઓ તથા આ ક્ષેત્રના ખાનગી નિષ્ણાંત તબીબો સાથે મીટીંગ કરવામાં આવી. જેમાં રોગચાળા અટકાયત માટે વિચાર વિમર્શ કરી આયોજન કરવામાં આવ્યું.

---------

**શાસ્ત્રીય સંગીત કલા વારસાના જતનની કામગીરી બાબત**

* ૧૫૦૫૬ **શ્રી ભૂષણ ભટ્ટ(જમાલપુર–ખાડિયા) : માનનીય યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| રાજ્યના અમૂલ્ય શાસ્ત્રીય સંગીત કલા વારસાના જતન અને વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા તા. ૩૧–૩–૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શું કામગીરી કરવામાં આવી? | રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તકની ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી દ્વારા રાજ્યના અમૂલ્ય શાસ્ત્રીય સંગીત કલા વારસાના જતન અને વિકાસ તેમજ ઉત્તેજન માટે તા. ૩૧–૩–૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબની પ્રવૃત્તિઓની કામગીરી કરવામાં આવેલ છે.<br>શાસ્ત્રીય સંગીત મહોત્સવ, આદિત્યરામજી શાસ્ત્રીય સંગીત મહોત્સવ, તાનારીરી શાસ્ત્રીય સંગીત મહોત્સવ, પં. ઓમકારનાથ શાસ્ત્રીય સંગીત મહોત્સવ, પંડિત ઓમકારનાથ શાસ્ત્રીય સંગીત સ્પર્ધા, પંડિત ઓમકારનાથ શાસ્ત્રીય સંગીત સમારોહ, બૈજુ શાસ્ત્રીય સંગીત સમારોહ, મહિલા શાસ્ત્રીય સંગીત મહોત્સવ, તાનારીરી શાસ્ત્રીય સંગીત સન્માન એવોર્ડ ૨૦૧૨ અને ૨૦૧૩, પંડિત ઓમકારનાથ શાસ્ત્રીય સંગીત સન્માન એવોર્ડ ૨૦૧૨ અને ૨૦૧૩. |

---------

**પેટલાદ સિવિલ હોસ્પિટલને આણંદમાં ખસેડવા બાબત**

* ૧૩૭૦૭ **શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ પેટલાદમાં આવેલ સિવિલ હોસ્પિટલ આણંદ શહેરમાં ખસેડવાની કાર્યવાહી ચાલે છે તે હકીકત સાચી છે, અને | (૧) ના જી. |
| (૨) જો હા, તો પેટલાદની સિવિલ હોસ્પિટલ ખસેડવાના કારણો શાં છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**ગાંધીનગરમાં રસ્તાઓને એસ.આર. હેઠળ જોબ નંબર આપવા બાબત**

* ૧૫૦૬૨ **શ્રી અશોકકુમાર ર. પટેલ(ગાંધીનગર ઉત્તર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગાંધીનગરમાં પાટનગર યોજના વિભાગ હસ્તકના કેટલા રસ્તાને એસ.આર. હેઠળ જોબ નંબર આપવામાં આવેલ છે, અને | (૧) કુલ–૧૨ કામોના રસ્તાઓ |
| (૨) જો હા, તો કેટલી રકમના જોબ નંબર આપેલ છે? | (૨) રૂ. ૨૬૨૦.૦૦ લાખ |

---------

**સાબરકાંઠા જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકો**

અતારાંકિત પ્રશ્નો

* ૧૫૫૮૮ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા બાળકો કુપોષિત છે,

(૨) કેટલા બાળકોનું વજન ઉંમરના પ્રમાણમાં ઓછું છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ બાળકોમાં કુપોષણ નિવારવા છેલ્લા બે વર્ષમાં શાં પગલાં લીધા?

**જવાબ**

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર ઓછા વજનવાળા બાળકોની સંખ્યા વિગતો નીચે મુજબ છે.

| **ક્રમ** | **તાલુકાવાર નામ** | **ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા** |
|---|---|---|
| ૧ | ખેડબ્રહ્મા | ૫૯૫૫ |
| ૨ | વિજયનગર | ૧૩૮૮ |
| ૩ | હિંમતનગર | ૨૩૫૬ |
| ૪ | ઈડર | ૨૨૦૬ |
| ૫ | પ્રાંતિજ | ૧૪૦૪ |
| ૬ | વડાલી | ૬૮૧ |
| ૭ | તલોદ | ૯૨૮ |
| | **કુલઃ–** | **૧૪૯૧૮** |

(૨) સાબરકાંઠા જિલ્લામાં કુલ–૧૪૯૧૮ બાળકોનું ઉંમરના પ્રમાણમાં વજન ઓછું છે.

(૩) બાળકોમાં કૂપોષણ નિવારવા અને સપ્રમાણ વજન થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા નીચે મુજબના પગલાં લેવામાં આવે છે.

- ૬ માસથી ૩ વર્ષના બાળકોને ટેક હોમ રેશન તરીકે અનાજ આપવામાં આવે છે. અને તેમાંથી નિદર્શક ભોજન તરીકે રાબ/સુખડી બનાવીને આંગણવાડી કેન્દ્ર પર આપવામાં આવે છે.
- ૬ માસ થી ૯ માસના બાળકો માટે અન્નપ્રાશન દિવસની ઉજવણી દરમ્યાન રાબ આપવામાં આવે છે.
- આંગણવાડી કેન્દ્ર ખાતે ૩ થી ૬ વર્ષના બાળકોને માતૃ મંડળ દ્વારા સવારનો ગરમ નાસ્તો અને આંગણવાડી કાર્યકર દ્વારા બપોરનું ગરમ ભોજન અને અઠવાડિયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે.
- ૩ થી ૬ વર્ષના ઓછા વજનવાળા બાળકોને THR તરીકે ત્રીજુ ભોજનમાં લાડુ બનાવી આપવામાં આવે છે.
- આ ઉપરાંત ૩ થી ૬ વર્ષના અતિ ઓછા વજનવાળા બાળકોને THR તરીકે પુરક પોષણ આહાર આપવામાં આવે છે.
- મીશન બલમ સુખમ અન્વયે બાળ શક્તિમાં કેન્દ્ર, બાળ સેવા કેન્દ્ર તેમજ બાળ સંજીવની કેન્દ્ર દ્વારા બાળકોને પોષણ અને આરોગ્યની સેવાઓ પુરી પાડવામાં આવે છે.
- અતિકુપોષિત બાળકોને દર માસે આરોગ્ય સારવાર અને દેખરેખ આપવામાં આવે છે.
- ધનિષ્ટ પોષણ અભિયાન અન્વયે બાળકોને

સારવાર આપવામાં આવે છે.

---------

**યુ.એન. મહેતા ઈન્સ્ટીટ્યુટ ખાતે દર્દીઓને આપેલ સારવાર**

* ૧૫૦૩૪ **શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદમાં યુ.એન. મહેતા ઈન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડીયોલોજી એન્ડ રીસર્ચ દ્વારા તા. ૩૧-૧૨-૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા દર્દીઓને તબીબી સેવાઓ પૂરી પાડવામાં આવી, અને

(૨) આ પૈકી કેટલાને આઉટડોર ઈન્ડોર અને સર્જીકલ દર્દીઓ તરીકે સારવાર આપવામાં આવી?

**જવાબ**

(૧) ૨,૩૦,૦૮૯ દર્દીઓને આઉટડોર તબીબી સેવાઓ પૂરી પાડવામાં આવી.

(૨) આઉટડોરના કુલ-૨,૩૦,૮૯ દર્દીઓ પૈકી ૪૨૬૦૭ દર્દીઓને ઈન્ડોર દર્દીઓ તરીકે અને ઈન્ડોર પૈકીના ૯૦૧૨ને કાર્ડીયાક સર્જરી અને ૨૮૯૦૮ને કાર્ડીયાક પ્રોસીઝરની સારવાર આપવામાં આવી.

---------

**અમદાવાદમાં સાબરમતી હરીજન આશ્રમ અને સરદાર પટેલ સ્મારકને ફાળવેલ રકમ**

* ૧૩૯૩૫ **શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેરમાં આવેલ સાબરમતી હરીજન આશ્રમ અને સરદાર પટેલ સ્મારકને તા. ૩૧-૧૨-૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમની ફાળવવામાં આવી અને

(૨) સરકાર આ બન્ને સ્મારકોના વિકાસ માટે ઉક્ત સ્થિતિએ સને ૨૦૧૪-૧૫ વર્ષમાં કોઈ રકમ ફાળવવાનું આયોજન કરેલ છે કે કેમ અને જો હા, તો કયા સ્મારક માટે કેટલી રકમ?

**જવાબ**

(૧) અમદાવાદ શહેરમાં આવેલ સાબરમતી હરીજન આશ્રમ અને સરદાર પટેલ સ્મારક, તે ગુજરાત રાજ્યના પુરાતત્વ હસ્તકના રાજ્ય રક્ષિત સ્મારકો ન હોઈ કોઈ રકમ ફાળવવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**રાજ્યમાં આવેલ સરકારી આયુર્વેદ કોલેજો**

* ૧૫૦૨૭ **શ્રી જનકભાઇ કાછડીયા(કરંજ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૪ની સ્થિતિએ રાજ્યમાં કુલ કેટલી સરકારી આયુર્વેદ કોલેજો આવેલ છે,

(૨) તે પૈકી વર્ષમાં ૨૦૧૪-૧૫માં તા. ૩૧-૧૨-૧૪ માટે ભારત સરકારશ્રીના આયુષ વિભાગ તરફથી કુલ કેટલી અનુસ્નાતક કક્ષાની બેઠકો મંજૂર કરવામાં આવેલ છે, અને

(૩) કઈ કઈ કોલેજો ખાતે કેટલી બેઠકો મંજૂર થયેલ છે?

**જવાબ**

(૧) ૪

(૨) ૨૧

(૩) અખંડાનંદ સરકારી આયુર્વેદ કોલેજ, અમદાવાદ ખાતે કુલ-૨૧ બેઠકો મંજુર થયેલ છે.

---------

**હિંમતનગર થી ધનસુરા સ્ટેટ હાઈવેને પહોળો કરવા બાબત**

* ૧૫૪૮૭ **શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર થી સાબર ડેરીથી તલોદ થઈ ઉજેડીયા રખીયાલ ધનસુરા સ્ટેટ હાઈવેનો રસ્તો કેટલાં કિ. મી. લંબાઈનો છે અને કેટલા કિ.મી.પહોળો કરેલ છે, અને

(૨) ઉકત સ્થિતિએ તે અન્વયે કેટલા કિ. મી.નું કામ બાકી છે, અને તે કામ પૂર્ણ કરવાનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) રસ્તાની કુલ લંબાઈ ૩૦.૮૦ કિ. મી. છે.

| ચેઈનેજ | રસ્તાની હયાત પહોળાઈ |
|---|---|
| ૦/૦ થી ૦/૪૫૦ | ૧૫.૦૦ મી. |
| ૦/૪૫૦ થી ૮/૦ | ૧૦.૦૦ મી. |
| ૮/૦ થી ૩૦/૮૦૦ | ૫.૫૦ મી. |

(૨) મંજુર થયેલ કામગીરી પૈકી કોઈ કામગીરી બાકી ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

ફાલ્ગુન ૧૩, ૧૯૩૬ શાકે

અતારાંકિત પ્રશ્નો

---------

**રાજ્યમાં આવેલ સરકારી આર્યુર્વેદ હોસ્પિટલો**

* ૧૫૦૩૦ **શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા(ઠકકરબાપાનગર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં કયા–કયા જિલ્લા મથકો ખાતે કુલ કેટલી સરકારી આયુર્વેદ હોસ્પિટલો આવેલ છે, અને | (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં ૧૮ જિલ્લા મથકો ખાતે કુલ –૨૧ સરકારી આર્યુર્વેદ હોસ્પિટલો આવેલ છે, જેની માહિતી નીચે મુજબ છે. |

| **ક્રમ** | **જીલ્લો** | **હોસ્પિટલની સંખ્યા** |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૪ |
| ૨ | વડોદરા | ૧ |
| ૩ | ભાવનગર | ૧ |
| ૪ | જુનાગઢ | ૧ |
| ૫ | ગાંધીનગર | ૧ |
| ૬ | પંચમહાલ | ૧ |
| ૭ | રાજકોટ | ૧ |
| ૮ | મોરબી | ૧ |
| ૯ | પાટણ | ૧ |
| ૧૦ | સાબરકાંઠા | ૧ |
| ૧૧ | નવસારી | ૧ |
| ૧૨ | સુરેન્દ્રનગર | ૧ |
| ૧૩ | પાટણ | ૧ |
| ૧૪ | અમરેલી | ૧ |
| ૧૫ | કચ્છ | ૧ |
| ૧૬ | વલસાડ | ૧ |
| ૧૭ | ડાંગ | ૧ |
| ૧૮ | નર્મદા | ૧ |

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૨) આ બાકી રહેતા જિલ્લા મથકો ખાતે નવી આર્યુર્વેદ હોસ્પિટલો સ્થાપવા અંગેનું કોઈ આયોજન છે કે કેમ ? | (૨) ભરૂચ જિલ્લા મથકે, બોડેલી (જિ.છોટાઉદેપુર) તથા ભાભર (જિ. બનાસકાંઠા)ખાતે વર્ષ ૨૦૧૫–૧૬ માં નવી સરકારી આયુર્વેદ હોસ્પિટલ સ્થાપવાનું આયોજન છે. |

---------

**જુનાગઢ જિલ્લામાં સુવાવડના રીફર કરેલ કેસો**

* ૧૫૦૦૯ **શ્રી મહેન્દ્રભાઇ લી. મશરૂ(જૂનાગઢ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જુનાગઢ જિલ્લામાં ૧૦૮ સેવાઓ દ્વારા કેટલી સુવાવડના કેસો રીફર કરેલ છે. | ૨૪,૧૩૦ કેસો |

---------

**દહેગામ તાલુકામાં આંગણવાડી કાર્યકર બહેનોને વી.સી.એન.સી. બીલના ચુકવણા**

* ૧૪૦૬૮ **શ્રીમતી કામીનીબા ભુ. રાઠોડ (દહેગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) દહેગામ તાલુકામાં આંગણવાડી કાર્યકર બહેનોને અતિ કુપોષીતના યોજાયેલા કેમ્પમાં વી.સી.એન.સી. બીલના પેમેન્ટ ચુકવવાના કેટલા સમયથી બાકી છે, | (૧) કોઈ ચુકવણુ બાકી નથી. |
| (૨) આ બીલના પેમેન્ટો નહીં મળવાના કારણો શાં છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ બીલના નાણાં સરકાર મારફતે કેટલા સમયમાં ચુકવાશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**છોટાઉદેપુર જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ**

* ૧૩૭૪૪ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) છોટાઉદેપુર જિલ્લામાં સને ૨૦૧૧ની વસ્તીગણતરી મુજબ તાલુકાવાર કેટલી આંગણવાડીઓ નિયમાનુસાર હોવી જોઈએ,

**જવાબ**

(૧)

- ભારત સરકારના એપ્રિલ તા.૧–૪–૨૦૦૭ના પરિપત્ર મુજબ આદીજાતિ વિસ્તાર, કોતર અને ખાણ પ્રદેશ તથા રણ વિસ્તાર, પર્વતીય વિસ્તાર તેમજ અન્ય મુશ્કેલ વિસ્તારો અને ઘટકો.
- ૩૦૦ થી ૮૦૦ની વસ્તીએ એક આંગણવાડી કેન્દ્ર ૧૫૦ થી ૩૦૦ની વસ્તીએ એક મીની આંગણવાડી કેન્દ્ર હોવા જોઈએ.

(૨) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કેટલી આંગણવાડીઓ તાલુકાવાર કાર્યરત છે, અને

(૨) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર કાર્યરત આંગણવાડીઓ નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાવાર નામ | મંજુર આંગણવાડી કેન્દ્રો | કાર્યરત આંગણવાડી કેન્દ્રો |
|---|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૩૧૪ | ૩૧૪ |
| ૨ | કવાંટ | ૧૮૮ | ૧૮૮ |
| ૩ | નસવાડી | ૨૧૩ | ૨૧૩ |
| ૪ | જેતપુર પાવી | ૧૪૨ | ૧૪૨ |
| ૫ | સંખેડા | ૬૯ | ૬૯ |
| ૬ | બોડેલી | ૧૩૨ | ૧૩૨ |
| | **કુલ** | **૧૦૫૮** | **૧૦૫૮** |

(૩) બાકી રહેતી આંગણવાડીઓ કેટલા સમયમાં સરકાર શરુ કરવા માંગે છે?

(૩) છોટાઉદેપુર જિલ્લા માટે જિલ્લાએ મોકલેલી ૪૪૩ આંગણવાડી કેન્દ્રોની દરખાસ્તોની ચકાસણી કરી ભારત સરકારના વસ્તીના માપદંડો અનુસારની કુલ–૩૯૭ આંગણવાડી કેન્દ્રોની દરખાસ્ત તા.૧૨–૨–૧૪ અને તા.૧૬–૬–૧૪થી ભારત સરકારને મંજુરી માટે મોકલી આપેલ છે.

---------

**પંચમહાલ જિલ્લામાં ફાળવેલ ૧૦૮ એમ્બ્યુલન્સ**

* ૧૫૦૦૫ **શ્રીમતી નિમીષાબેન મ. સુથાર (મોરવા હડફ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજય સરકારે પંચમહાલ જિલ્લામાં તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ કેટલી ૧૦૮ એમ્બ્યુલન્સ ફાળવેલ છે, અને | (૧) ૧૫ |
| (૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ સેવાઓનો કેટલા દર્દીઓને લાભ આપવામાં આવેલ છે? | (૨) ૬૨,૫૩૨ |

---------

**અમદાવાદ સિવિલ હોસ્પિટલને રોગી કલ્યાણ સમિતિની આવક**

* ૧૩૫૬૫ **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં રોગી કલ્યાણ સમિતીને છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ મળી,

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં રોગી કલ્યાણ સમિતીને છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મળેલ રકમ નીચે મુજબ છે.

| વર્ષ | મળેલ રકમ |
|---|---|
| તા.૦૧/૧/૨૦૧૩થીતા.૩૧/૧૨/૧૩ | રૂ.૦૮,૯૮,૯૮,૦૫૮/- |
| તા.૦૧/૧/૨૦૧૩થીતા.૩૧/૧૨/૧૪ | રૂ.૧૦,૨૭,૧૮,૩૮૦/- |

(૨) ઉકત સ્થિતિએ કુલ કેટલી રકમ છે, અને

(૨) કુલ રૂ.૧૯,૨૬,૧૬,૪૩૮/-

(૩) તે અન્વયે મળેલ રકમમાંથી વર્ષવાર દર્દીઓના કલ્યાણ સહિત કયા કામો માટે કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

(૩) તે અન્વયે મળેલ રકમમાંથી વર્ષવાર દર્દીઓના કલ્યાણ સહિત કરેલ કામો માટેનો ખર્ચ નીચે મુજબ છે.

| વિગત | તા.૦૧/૧/૨૦૧૩થી તા.૩૧/૧૨/૨૦૧૩ કરેલ ખર્ચ રૂ. | તા.૦૧/૧/૨૦૧૪થી તા.૩૧/૧૨/૨૦૧૪ કરેલ ખર્ચ રૂ. |
|---|---|---|
| સર્જિકલ અને મેડીકલ ઈકવીપમેન્ટ | ૨,૫૩,૫૫,૭૧૬ | ૩,૮૮,૨૨,૯૯૧ |
| ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ | ૧,૦૨,૨૬,૦૭૧ | ૧,૨૪,૭૨,૯૯૬ |
| રેમ્યુનરેશન | ૧૪,૩૦,૯૯૧ | ૦,૩૩,૫૮,૫૨૪ |
| કન્ઝયુમેબલ્સ અને મેડીસીન | ૧,૫૪૫૪૧૮૨ | ૨,૨૮,૫૭,૮૧૬ |
| **કુલ રૂ.** | **૫,૨૪,૬૬,૯૬૦** | **૭,૭૫,૧૨,૩૨૭** |

---------

**વાઈબ્રન્ટ સમીટ-૨૦૧૫ માં થયેલ ખર્ચ**

* ૧૪૧૬૬ **શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

ગાંધીનગર ખાતે યોજાયેલ જાન્યુઆરી-૨૦૧૫ની વાયબ્રન્ટ સમીટ-૨૦૧૫ માં માર્ગ મકાન વિભાગ દ્વારા વાયબ્રન્ટ સમીટ-૨૦૧૫ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

શુન્ય

---------

**લુણાવાડાના હાડોડ ડેરચ કાનેલા રોડનું રીકાર્પેટીંગ**

* ૧૩૯૨૭ **પ્રો. હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકામાં આવેલ હાડોડ ડેરચ કાનેલા દાણીયા, ચાંમેલી રોડનું રીકાર્પેટીંગ કરી આ ગામોને રસ્તાની સગવડ મળે તે જોવાનું કામ સરકારશ્રીએ કર્યુ પરંતુ આ રસ્તાનો બારે માસ ઉપયોગ થાય તે માટે દાણીયા પાસે કોતર ઉપર ડીપ અથવા સ્લેબ ડ્રેઈન કરવાની અત્યંત જરૂરી છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો સરકારશ્રી આ કોતર ઉપર ડીપ અથવા સ્લેબ ડ્રેઈન કયાં સુધીમાં બનાવવા માગે છે ?

**જવાબ**

(૧) રસ્તો વાહન વ્યવહાર યોગ્ય છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**યુ.એન. મહેતા ઈન્સ્ટીટયુટ ખાતે દર્દીઓને આપેલ સારવાર**

* ૧૫૦૩૩ **શ્રી જગદીશભાઇ ઇ. પંચાલ(નિકોલ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદમાં યુ.એન. મહેતા ઈન્સ્ટીટયુટ ઓફ કાર્ડીયોલોજી એન્ડ રીસર્ચ દ્વારા તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા દર્દીઓને તબીબી સેવાઓ પૂરી પાડવામાં આવી, અને

**જવાબ**

(૧) ૨,૩૦,૦૮૯ દર્દીઓને આઉટડોર તબીબી સેવાઓ પુરી પાડવામાં આવી.

(૨) આ પૈકી કેટલાને આઉટડોર ઈન્ડોર અને સર્જિકલ દર્દીઓ તરીકે સારવાર આપવામાં આવી ?

(૨) આઉટડોરના કુલ-૨,૩૦,૦૮૯ દર્દીઓ પૈકી ૪૨૬૦૭ દર્દીઓને ઈન્ડોર દર્દીઓ તરીકે અને ઈન્ડોર પૈકીના ૯૦૧૨ ને કાર્ડીયાક સર્જરી અને ૨૮૯૦૮ ને કાર્ડીયાક પ્રોસીઝરની સારવાર આપવામાં આવી.

---------

**જામનગર જિલ્લામાં ફાળવેલ ૧૦૮ એમ્બ્યુલન્સ**

* ૧૫૦૧૧ **શ્રી મેઘજીભાઈ અ. ચાવડા(કાલાવડ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે જામનગર જિલ્લામાં કેટલી ૧૦૮ એમ્બ્યુલન્સ ફાળવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ સેવાઓનો કેટલા દર્દીઓને લાભ આપવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હાલમાં કુલ- ૧૪ (ચૌદ) એમ્બ્યુલન્સ કાર્યરત છે.

(૨) ૫૨,૮૧૫

---------

**ભાવનગર જિલ્લામાં ફાળવેલ ૧૦૮ એમ્બ્યુલન્સ**

* ૧૫૦૧૨ **શ્રીમતી વિભાવરીબેન વિ. દવે(ભાવનગર-પૂર્વ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે ભાવનગર જિલ્લામાં કેટલી ૧૦૮ એમ્બ્યુલન્સ ફાળવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ સેવાઓનો કેટલા દર્દીઓને લાભ આપવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) છેલ્લા બે વર્ષમાં ૩ (ત્રણ) એમ્બ્યુલન્સ ફાળવેલ છે. અને હાલમાં કુલ-૨૨ એમ્બ્યુલન્સ કાર્યરત છે.

(૨) ૭૬,૦૧૫

---------

**મઠથી ટાકાટુંકા રસ્તાને ડામરનો કરવા બાબત**

* ૧૫૫૭૬ **ડૉ. અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકામાં (૧) મઠથી ટાકાટુંકા અને (૨) કારચ્છાથી જાબચિતરીયા રસ્તો ક્યારે ડામર કરવામાં આવ્યાં હતા,

(૨) આ રસ્તાઓ ઘણાં લાંબા સમયથી ડામર ન કરવાના કારણો શાં છે, અને

(૩) આ રસ્તાઓ ડામર કરવા માટે રાજ્ય સરકાર ક્યાં સુધીમાં ગ્રાન્ટની જોગવાઈ કરવા માંગે છે ?

**જવાબ**

(૧) મઠ થી ટાકાટુંકા નોન પ્લાન રસ્તો એપ્રિલ-૨૦૦૪ માં અને (૨) કારચ્છા થી જાબચિતરીયા પ્લાન રસ્તો ૨૦૦૮માં ડામર કરવામાં આવેલ.

(૨) અને (૩)
રસ્તા વાહનવ્યવહાર લાયક હોઈ, હાલમાં પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**નવસારી જિલ્લામાં પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં મંજુર મહેકમ**

* ૧૫૫૬૮ **શ્રી છનાભાઈ કો. ચૌધરી (વાંસદા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ નવસારી જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં મંજુર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ ખાલી રહેલ જગ્યાઓ લાંબા સમયથી ભરાતી નથી તે કેટલા સમયમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માટે *પત્રક-અ અને સામુહિક આરોગ્ય કેન્દ્ર માટે *પત્રક-બ સામેલ છે.

(૨) જરૂરી લાયકાત અને અનુભવ ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ખાલી જગ્યાઓ ભરવામાં આવશે. વર્ગ-૩ અને ૪ ની જગ્યાઓ પર જરૂરત મુજબ આઉટસોર્સથી કામગીરી લેવામાં આવે છે.

અતારાંકિત પ્રશ્નો

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**અરવલ્લી જિલ્લામાં કાર્યરત મુખ્યમંત્રી અમૃત્તમ યોજના**

* ૧૩૬૮૮ **શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર(મોડાસા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર કઈ હોસ્પિટલોમાં મુખ્યમંત્રી અમૃતમ યોજના કાર્યરત છે, | (૧) કોઈ નહીં. |
| (૨) કઈ હોસ્પિટલોને તે અન્વયે મંજૂર નથી આપી, અને | (૨) (૧) ક્રિષ્ના હોસ્પિટલ — મોડાસા<br>(૨) જલારામ હોસ્પિટલ — મેઘરજ<br>(૩) શ્રી કે. કે. શાહ સાબરકાંઠા આરોગ્ય મંડળ — બાયડ<br>(૪) ડૉ. રસિકલાલ શાહ સાર્વજનિક હોસ્પિટલ — મોડાસા<br>(૫) ધ ઘાંચી આરોગ્ય મંડળ — મોડાસા |
| (૩) છેલ્લા એક વર્ષમાં કેટલા લાભાર્થીઓએ તેનો લાભ લીધો ? | (૩) |

| | |
|---|---|
| બાયડ | ૪૧ |
| ભીલોડા | ૩૭ |
| ધનસુરા | ૦૫ |
| માલપુર | ૧૭ |
| મેઘરજ | ૧૬ |
| મોડાસા | ૪૪ |
| **કુલ** | **૧૬૦** |

---------

**સ્વાઈન ફ્લુના ટેસ્ટ માટે કાર્યરત લેબૉરેટરીઓ**

* ૧૪૫૫૭ **શ્રી ગોવાભાઇ રબારી(ડીસા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં સ્વાઈન ફ્લુની ઓળખ માટે દર્દીના લોહી તપાસ માટે કઈ જગ્યાઓ કેટલી લેબૉરેટરીઓ કાર્યરત છે, અને | (૧) સ્વાઈન ફ્લુની ઓળખ માટે દર્દીના લોહીની તપાસ કરવામાં આવતી નથી. ગળાના ભાગમાંથી નમુનો લઈ તપાસ કરવામાં આવે છે.<br>તા. ૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ નીચે મુજબની ચાર લેબૉરેટરીની સુવિધા ઉપલબ્ધ છે. અને તા. ૦૫–૦૨–૨૦૧૫ના રોજ ભુજ (કચ્છ) ખાતે નવી લેબૉરેટરી શરૂ કરવામાં આવી છે. આમ અત્યારે પાંચ લેબૉરેટરીની સુવિધા ઉપલબ્ધ છે.<br>(૧) બી. જે. મેડીકલ કોલેજ, અમદાવાદ<br>(૨) જી.એમ.ઈ. આર.એસ.મેડીકલ કોલેજ સોલા, અમદાવાદ<br>(૩) પી.ડી.યુ. મેડીકલ કોલેજ, રાજકોટ<br>(૪) ગર્વમેન્ટ મેડીકલ કોલેજ, સુરત |
| (૨) તે અન્વયે લેબૉરેટરીઓમાં સ્વાઈન ફ્લુનો રીપોર્ટ વિલંબથી આવતા દર્દીઓની જીંદગી જોખમી બને છે તે નિવારવા સરકારે શાં પગલાં લીધાં ? | (૨)<br>• સ્વાઈન ફ્લુના રીપોર્ટમાં વિલંબ થતો નથી.<br>• રીપોર્ટ તૈયાર થયેથી તાત્કાલિક સંબંધિત હોસ્પિટલને રીપોર્ટ મોકલી આપવામાં આવે છે. |

---------

**વડીયા–કુંકાવાવ –જેતપુર રોડને નવો બનાવવા બાબત**

* ૧૩૮૩૯ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં વડીયા–કુંકાવાવ–જેતપુર રોડને નવો બનાવવાનું સરકારની વિચારણામાં છે તે હકીકત સાચી છે,<br>(૨) જો હા, તો તેની વિગતો શું છે અને ના તો, તેના શાં કારણો છે, | (૧) અને (૨)<br>ના, જી, આ હયાત રસ્તો હોવાથી નવો બનાવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ અંગે સરકારને કોઈ રજુઆત કે દરખાસ્તો મળેલ છે કે કેમ, અને<br>(૪) જો હા, તો તે ક્યારે મળેલ છે અને તે અંગે નિર્ણય લેવામાં વિલંબનાં શાં કારણો છે ? | (૩) અને (૪) ના, જી.<br>રસ્તો નવો બનાવવા કોઈ રજુઆત કે દરખાસ્ત મળેલ નથી. |

---------

**ભાવનગર જિલ્લામાં સરકારી હોસ્પિટલો, સામુહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં મંજૂર થયેલ મહેકમ**

* ૧૩૭૭૧ **શ્રી પ્રવીણભાઇ જી. રાઠોડ(પાલીતાણા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં સરકારી હોસ્પિટલ, સામુહિક આરોગ્ય કેન્દ્ર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે, | (૧) અને (૨)<br>અનુક્રમે *પત્રક–અ, બ, ક મુજબ |
| (૨) તે પૈકી કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે, અને | (૩) જરૂરી લાયકાત અને અનુભવ ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ખાલી જગ્યાઓ ભરવામાં આવશે. વર્ગ–૩ અને ૪ ની જગ્યાઓ પર જરૂરત મુજબ આઉટસોર્સથી કામગીરી લેવામાં આવે છે. |
| (૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**ચીખલી–વધઈ રસ્તાને ચાર માર્ગીય કરવાની કામગીરી**

* ૧૫૦૩૯ **શ્રી પિયુષ દિ. દેસાઇ(નવસારી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવસારી જિલ્લાના ચીખલી–વાંસદા–વઘઈ રસ્તાના કિ.મી. ૧૧/ ૦ થી૨૩/૦ ની ૧૨ કિ.મી. લંબાઈને ચાર માર્ગીય કરવાની કામગીરી તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ કયા તબક્કે છે, અને | (૧) ડામર કામ પૂર્ણ |
| (૨) આ કામગીરી પાછળ કેટલો ખર્ચ થશે ? | (૨) અંદાજીત રૂ. ૩૬૦૦ લાખ |

---------

**વલસાડ જિલ્લામાં દીકરી યોજનાના લાભાર્થીઓ**

* ૧૫૦૭૯ **શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં દીકરી યોજના હેઠળ કેટલા લાભાર્થીઓએ લાભ લીધેલ છે, અને | (૧) ૧૯૯ |
| (૨) જિલ્લામાં કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) રૂ. ૧૦,૦૨,૦૦૦/- |

---------

**વડોદરા જિલ્લામાં નવા પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો બનાવવા બાબત**

અતારાંકિત પ્રશ્નો

* ૧૫૦૮૮ **શ્રી અરૂણસિંહ અ. રણા(વાગરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વડોદરા જિલ્લામાં નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો બનાવવા માટે સરકારે કોઈ આયોજન કરેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તાલુકાવાર કેટલી દરખાસ્ત મળી છે, અને | (૨) ૧ (એક) સામુહિક આરોગ્ય કેન્દ્રના બાંધકામની કામગીરી પૂર્ણતાને આરે છે. ૬ (છ) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના બાંધકામની કામગીરી પૂર્ણ થયેલ છે. |
| (૩) પ્રત્યેક દવાખાના પાછળ કેટલા ખર્ચનો અંદાજ છે? | (૩) પ્રત્યેક સામુહિક આરોગ્ય કેન્દ્ર દીઠ અંદાજે રૂ. ૩૫૫ લાખ પ્રત્યેક પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દીઠ અંદાજે રૂ. ૧૦૦ લાખ. |

---------

**નર્મદા જિલ્લામાં રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજનાના લાભાર્થીઓ**

* ૧૫૦૮૧ **શ્રી શબ્દશરણ ભા. તડવી(નાંદોદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના હેઠળ નર્મદા જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી છે? | આ યોજના હેઠળ લાભાર્થીઓને કોઈ રકમ ચૂકવવામાં આવતી નથી પરંતુ સરકારશ્રી તરફથી વીમા કંપનીને પ્રિમિયમ પેટે લાભાર્થી દીઠ રકમ ચૂકવવામાં આવે છે. તા. ૧–૪–૧૩ થી તા. ૩૧–૩–૧૫ ના પોલીસી ગાળા માટે કુલ ૫૫,૪૩૭ લાભાર્થીઓના રૂ. ૩,૫૨,૩૯,૪૫૩/-પ્રિમિયમ પેટે વીમા કંપનીને ચૂકવેલ છે. |

---------

**ખેડા જિલ્લામાં કિશોરી શકિત યોજનાના લાભાર્થીઓ**

* ૧૫૨૨૨ **શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ખેડા જિલ્લામાં કિશોરી શકિત યોજના ક્યારથી અમલી છે, | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ખેડા જિલ્લામાં કિશોરી શકિત યોજના માર્ચ–૨૦૦૬થી અમલમાં છે. |
| (૨) કિશોરી શકિત યોજના હેઠળ કઈ સેવાઓ આપવામાં આવે છે, અને | (૨) કિશોરી શકિત યોજના હેઠળ ૧૧ થી ૧૫ વર્ષની વય જુથની કિશોરીઓને કિશોરીઓ સાથેનો સંપર્ક તથા ૧૧ થી ૧૮ વર્ષની વયજુથની કિશોરીઓને નીચેની પ્રવૃત્તિઓ/સુવિધાઓ આઇસીડીએસના આંગણવાડી કેન્દ્રો મારફત કરાવવામાં આવે છે.<br>–શાળામાંથી અભ્યાસ છોડી દેનાર કિશોરીઓને સ્ત્રી વિકાસ આરોગ્ય, પોષણ અક્ષરજ્ઞાનલક્ષી તાલીમ આપવી.<br>–કિશોરીઓને સ્વવિકાસ, નિર્ભયતા અને સામાજીક જ્ઞાનની કેળવણી.<br>–ઘંઘાકીય જ્ઞાન, ખેતી વિષયક જ્ઞાન આપવું.<br>–કિશોરીઓને આરોગ્ય તપાસ અને જરૂર જણાય રેફરલ સેવાનો લાભ આપવો.<br>–યોજના અંતર્ગત એનીમિયા કન્ટ્રોલ પ્રોગ્રામ હેઠળ એનીમીયાની જાણકારી અને લોહતત્વની ગોળીઓ.<br>–લોહતત્વની ગોળીઓ એનીમીયાની પ્રતિકાર કરવા સચોટ રીતે છે અને દર બુધવારે લોહતત્વની (આર્યન ફોલીક એસીડ ટેબલેટ, એક ગોળી આંગણવાડી કેન્દ્રમાંથી આપવામાં આવે છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં તાલુકાવાર કિશોરી શકિત યોજના હેઠળ કેટલા લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે? | (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં તાલુકાવાર કિશોરી શકિત યોજના હેઠળ નીચે જણાવેલ સંખ્યા મુજબના |

લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે.

| અ. નં. | તાલુકાનું નામ | આઈસીડીએસ ઘટકનું નામ | ૩૧-૧૨-૧૨ થી ૩૧-૧૨-૧૩ ના લાભાર્થી | ૩૧-૧૨-૧૩ થી ૩૧-૧૨-૧૪ ના લાભાર્થી | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | માતર | માતર | ૪૯૮૦ | ૪૯૮૦ | ૯૯૬૦ |
| ૨ | બાલાસિનોર | બાલાસિનોર | ૪૫૬૫ | ૪૭૭૧ | ૯૩૩૬ |
| ૩ | ઠાસરા | ઠાસરા-૧ | ૫૧૪૦ | ૫૧૬૦ | ૧૦૩૦૦ |
| ૪ | | ડાકોર | ૪૬૪૨ | ૪૬૭૦ | ૯૩૧૨ |
| ૫ | મહેમદાવાદ | મહેમદાવાદ-૧ | ૧૪૧૦ | ૪૨૩૦ | ૫૬૪૦ |
| ૬ | | મહેમદાવાદ-૨ | ૧૧૦૦ | ૩૩૦૦ | ૪૪૦૦ |
| ૭ | કપડવંજ | કપડવંજ-૧ | ૪૭૯૫ | ૫૩૧૫ | ૧૦૧૧૦ |
| ૮ | | કપડવંજ-૨ | ૪૯૭૫ | ૫૧૧૫ | ૧૦૦૯૦ |
| ૯ | કઠલાલ | કઠલાલ | ૫૯૨૦ | ૫૮૭૨ | ૧૧૭૯૨ |
| ૧૦ | નડીઆદ | નડીઆદ-૧ | ૬૯૪૦ | ૬૯૩૦ | ૧૩૮૭૦ |
| ૧૧ | | નડીઆદ-૨ | ૫૯૭૦ | ૫૯૭૦ | ૧૧૯૪૦ |
| ૧૨ | મહુધા | મહુધા | ૪૯૮૨ | ૫૦૧૦ | ૯૯૯૨ |
| ૧૩ | વીરપુર | વીરપુર | ૩૪૦૦ | ૩૫૨૭ | ૬૯૨૭ |
| ૧૪ | ખેડા | ખેડા | ૩૮૩૮ | ૩૭૩૮ | ૭૫૭૬ |

---------

## રાજ્યમાં આવેલ સરકારી આયુર્વેદ કોલેજો

* ૧૫૦૨૫ **શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં કુલ કેટલી સરકારી આયુર્વેદ કોલેજો આવેલ છે.

(૨) તે પૈકી વર્ષ ૨૦૧૪-૧૫માં તા. ૩૧-૧૨-૨૦૧૪ માટે ભારત સરકારશ્રીના આયુષ વિભાગ તરફથી કુલ કેટલી સ્નાતક કક્ષાની બેઠકો મંજૂર કરવામાં આવેલ છે, અને

(૩) કઈ-કઈ કોલેજો ખાતે કેટલી બેઠકો મંજૂર થયેલ છે?

**જવાબ**

(૧) ૪

(૨) ૧૮૦

(૩)

| **કોલેજ** | **મંજુર બેઠકો** |
|---|---|
| અમદાવાદ | ૭૫ |
| વડોદરા | ૩૫ |
| ભાવનગર | ૩૫ |
| જુનાગઢ | ૩૫ |

---------

## બાયડ અને માલપુર તાલુકાઓમાં સ્ટેટ હસ્તકના રસ્તાના કામોને મંજૂરી

* ૧૫૨૩૯ **શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(બાયડ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની બાયડ અને માલપુર તાલુકાઓમાં સ્ટેટ હસ્તકના કયાં રસ્તાઓના કામો મંજૂર થયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ આ કામો કયા તબક્કે છે, અને

(૩) આ રસ્તાઓ માટે કેટલી રકમ અંદાજવામાં આવેલ છે અને રસ્તાનાં કામ કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવનાર છે?

**જવાબ**

(૧) અને (૨) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચેની વિગતે કામો મંજુર કરવામાં આવેલ છે.

| તાલુકો | મંજુર રસ્તાનું નામ | હાલની સ્થિતિ |
|---|---|---|
| બાયડ | તાલોદ-બોરડી રોડ | પૂર્ણ |
| બાયડ | બોરોલ-અમોદરા-રામપુરા કંપા રોડ | પૂર્ણ |
| બાયડ | તેનપુર-રોઝડ-પુંસરી-ભવાનપુર પાટીયા રોડ | પ્રગતિમાં |
| બાયડ | લાલપુર મોટા એપ્રોચ રોડ | ટેન્ડર પ્રક્રિયા હેઠળ |
| માલપુર | લાલજીના પહાડીયા રોડ | પૂર્ણ |
| માલપુર | સુરાના-પહાડીયા-રસાપુરા રોડ | પુર્ણ |

(૩) રૂ. ૫૩૨૦.૦૦ લાખ
૧ કામ વહીવટી પ્રક્રિયા પુર્ણ થયે બનતી ત્વરાએ.

---------

**વાંકાનેર સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ખિલખિલાટ ગાડી ફાળવવા બાબત**

* ૧૪૬૧૬ **શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વાંકાનેર સામુહિક આરોગ્ય કેંદ્રમાં દર માસે સરેરાશ કેટલી પ્રસુતી થાય છે, અને | (૧) ૫૯. |
| (૨) સરકાર યોજના પ્રમાણે ખીલખીલાટ નામની ગાડી વાંકાનેર સામૂહીક આરોગ્ય કેન્દ્રમાં ક્યારે ફાળવવા માંગે છે? | (૨) શક્ય તેટલી વહેલી તકે. |

---------

**ખેડા અને મહીસાગર જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ બાળકોની તપાસ**

* ૧૪૩૨૫ **શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ખેડા અને મહીસાગર જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત કેટલા બાળકોની તપાસ કરવામાં આવી,

(૧) પત્રક મુજબ

(૨) તે પૈકી કેટલા બાળકોને રેફરલ સારવાર અને કેટલાને તજજ્ઞ સારવાર આપવામાં આવી, અને

(૨) નીચે મુજબ

| વર્ષ | રેફરલ અને તજજ્ઞ સારવાર | |
|---|---|---|
| | ખેડા | મહીસાગર |
| ૨૦૧૩ | ૧૫૪૨ | – |

(૩) કેટલા બાળકોને હૃદય રોગની સારવાર આપવામાં આવી?

(૩) નીચે મુજબ

| વર્ષ | હૃદયરોગની સારવાર | |
|---|---|---|
| | ખેડા | મહીસાગર |
| ૨૦૧૩ | ૧૯૫ | – |
| ૨૦૧૪ | ૧૬૯ | ૩૦ |

**પત્રક**

| ક્રમ | જીલ્લાનું નામ | તાલુકાનું નામ | તપાસેલ બાળકો | | |
|---|---|---|---|---|---|
| | | | વર્ષ–૨૦૧૩ | વર્ષ–૨૦૧૪ | કુલ |
| ૧ | ખેડા | કપડવંજ | ૧૩૨૩૨૦ | ૧૩૯૪૮૫ | ૨૭૧૮૦૫ |
| ૨ | | ખેડા | ૩૫૮૫૬ | ૩૬૩૬૧ | ૭૨૨૧૭ |
| ૩ | | નડીયાદ | ૫૭૫૪૬ | ૫૬૬૮૬ | ૧૧૪૨૩૨ |
| ૪ | | ઠાસરા | ૭૭૩૫૨ | ૭૬૪૮૫ | ૧૫૩૮૩૭ |
| ૫ | | કઠલાલ | ૩૪૮૦૧ | ૩૫૨૯૭ | ૭૦૦૯૮ |
| ૬ | | મહેમદાવાદ | ૪૨૫૩૯ | ૩૯૫૮૧ | ૮૨૧૨૦ |
| ૭ | | મહુધા | ૭૮૨૬૧ | ૭૭૦૩૮ | ૧૫૫૨૯૯ |
| ૮ | | માતર | ૯૨૬૬૦ | ૯૫૬૬૮ | ૧૮૮૩૨૮ |
| ૯ | | બાલાસિનોર | ૪૫૪૨૦ | ૦ | ૪૫૪૨૦ |
| ૧૦ | | વિરપુર | ૩૦૪૧૭ | ૦ | ૩૦૪૧૭ |
| ૧૧ | | **કુલ** | **૬,૨૭,૧૭૨** | **૫,૫૬,૬૦૧** | **૧૧,૮૩,૭૭૩** |
| ૧૨ | મહીસાગર | બાલાલસિનોર | ૦ | ૪૩૮૦૩ | ૪૩૮૦૩ |
| ૧૩ | | વિરપુર | ૦ | ૨૯૨૬૬ | ૨૯૨૬૬ |
| ૧૪ | | લુણાવાડા | ૦ | ૭૭૧૪૧ | ૭૭૧૪૧ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૫ | | ખાનપુર | ૦ | ૨૮૪૪૯ | ૨૮૪૪૯ |
| ૧૬ | | કડાણા | ૦ | ૪૧૫૮૫ | ૪૧૫૮૫ |
| ૧૭ | | સંતરામપુર | ૦ | ૮૧૮૬૦ | ૮૧૮૬૦ |
| ૧૮ | | કુલ | ૦ | ૩,૦૨,૧૦૪ | ૩૦૨૧૦૪ |
| ૧૯ | ખેડા અને મહિસાગર | **કુલ** | **૬,૨૭,૧૭૨** | **૮,૫૮,૭૦૫** | **૧૪,૮૫,૮૭૭** |

---------

**ઉના શહેર અને તાલુકામાં પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં મંજૂર મહેકમ**

* ૧૫૩૨૮ **શ્રી પુંજાભાઈ ભી. વંશ(ઉના) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૧૫ની સ્થિતિએ ઉના શહેર અને તાલુકામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની કેટલી સંખ્યા છે, અને

(૨) તે અન્વયે સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે અને આ ખાલી જગ્યાઓ કેટલાં સમયમાં ભરવામાં આવશે?

**જવાબ**

(૧) ઉના શહેરમાં–૧ (એક) તથા તુલાકામાં–૧ (એક) સામુહિક આરોગ્ય કેન્દ્રો તથા ઉના તાલુકામાં ૫ (પાંચ) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો છે.

(૨) સામુહિક આરોગ્ય કેન્દ્રના મહેકમ અંગે ***પત્રક–અ** અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મહેકમ અંગે ***પત્રક–બ** સામેલ છે.

જરૂરી લાયકાત અને અનુભવ ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ખાલી જગ્યાઓ ભરવામાં આવશે. વર્ગ–૩ અને ૪ ની જગ્યાઓ પર જરૂરત મુજબ આઉટસોર્સથી કામગીરી લેવામાં આવે છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**આણંદ જિલ્લામાં સ્વાઈન ફલુના નોંધાયેલ કેસો**

* ૧૪૭૨૨ **શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર(મહુધા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ ખેડા અને આણંદ જિલ્લામાં સ્વાઈન ફ્લૂના કેટલા કેસો છેલ્લા એક વર્ષમાં નોંધાયા, અને

(૨) તે અન્વયે કેટલાના મૃત્યુ થયા અને કેટલાને સારવાર અપાઈ?

**જવાબ**

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ ખેડા જિલ્લામાં સ્વાઈન ફલુના કુલ ૪ અને આણંદ જિલ્લામાં કુલ ૮ કેસ નોંધાયેલ છે.

(૨) તે અન્વયે ખેડા જિલ્લામાં ૪ વ્યક્તિઓને સારવાર આપવામાં આવી અને તે પૈકી એક વ્યક્તિનું મૃત્યુ થયુ અને આણંદ જિલ્લામાં ૮ વ્યક્તિઓને સારવાર આપવામાં આવી અને તે પૈકી ૨ વ્યક્તિઓનું મૃત્યું થયું.

---------

**સિધ્ધપુર થી પાલનપુર હાઈવે ઉપર ઓવરબ્રીજ બનાવવા બાબત**

*૧૩૯૬૩ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારને સિધ્ધપુર થી પાલનપુર હાઈવે ઉપર આઈઓસી પાસે ફૂટ ઓવરબ્રીજ બનાવવાની માંગણી મળેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો રાજ્ય સરકારે ઉક્ત સ્થિતિએ આ અંગે શી કાર્યવાહી કરેલ છે?

**જવાબ**

(૧) અને (૨) ના, જી.
પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**માંગરોળ–ગડોદર રસ્તાનું કામ પુરૂ કરવા બાબત**

* ૧૫૫૧૪ **શ્રી બાબુભાઈ કા. વાજા(માંગરોળ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના માંગરોળ–ગડોદર રાજ્ય ધોરી માર્ગનું કામ અધુરૂ છે તે હકીકત સાચી છે,

**જવાબ**

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉકત રસ્તાનું કામ ક્યા કારણોસર અધુરૂ છે, અને

(૩) ઉકત રસ્તાનું કામ પુરૂ કરવા માટે છેલ્લા બે વર્ષમાં સરકાર દ્વારા શાં પગલાં લેવાયા અને ક્યાં સુધીમાં પૂરૂ કરવામાં આવશે ?

(૨) પથરેખામાં આવતી જમીનના કબજા મળેલ ન હોવાથી.

(૩) જમીનના કબજા મળ્યા બાદ કામની વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ કામ હાથ ધરી પૂર્ણ કરવાનું આયોજન છે.

-------

**જામનગર જિલ્લામાં ટ્રોમાં સેન્ટર સ્થાપવા બાબત**

* ૧૫૨૬૦ **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં તા.૩૧ ડીસેમ્બર ૨૦૧૪ની સ્થિતિએ કઈ હોસ્પિટલોમાં ટ્રોમા સેન્ટરો સ્થાપવામાં આવ્યા છે,

(૨) આ જિલ્લાની કઈ હોસ્પિટલોમાં ટ્રોમાં સેન્ટર સ્થાપવાના બાકી છે, અને

(૩) આ કામગીરી ક્યા સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) જામનગર જિલ્લામાં તા.૩૧ ડીસેમ્બર ૨૦૧૪ની સ્થિતિએ ગુરૂ ગોવિંદ સિંઘ સરકારી હોસ્પિટલ, જામનગર ખાતે ટ્રોમાં સેન્ટર કાર્યરત કરાયેલ છે.

(૨) આ જિલ્લાની અન્ય હોસ્પિટલોમાં ટ્રોમાં સેન્ટર સ્થાપવાનું આયોજન નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**દાહોદ જિલ્લામાં પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં મંજૂર મહેકમ**

* ૧૫૬૧૫ **શ્રી વજેસિંગભાઈ પા.પણદા(દાહોદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૧૫ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મહેકમ અંગે *પત્રક–અ અને સામૂહિક આરોગ્ય કેન્દ્રના મહેકમ અંગે *પત્રક–બ સામેલ છે.

(૨) જરૂરી લાયકાત અને અનુભવ ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ખાલી જગ્યાઓ ભરવામાં આવશે. વર્ગ–૩ અને વર્ગ–૪ ની જગ્યાઓ પર જરૂરત મુજબ આઉટસોર્સથી કામગીરી લેવામાં આવે છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**બનાસકાંઠા જિલ્લામાં રસ્તાઓને રીકાર્પેટ કરવા બાબત**

* ૧૪૯૩૪ **શ્રી જોઈતાભાઈ ક. પટેલ(ધાનેરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાદીઠ ક્યા રસ્તા રીકાર્પેટ કરવામાં આવ્યા,

(૨) ક્યા રસ્તા રીકાર્પેટ કરવાના બાકી છે, અને

(૩) રીકાર્પેટ કરવાના બાકી રસ્તા ક્યાં સુધીમાં રીકાર્પેટ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) *પરિશિષ્ટ–અ મુજબ.

(૨) અને (૩) : *પરિશિષ્ટ–બ મુજબ. ૧૮ રસ્તાનાં કામો પ્રગતિ હેઠળ છે, જ્યારે ૨૭ રસ્તાનાં કામો વહીવટી પ્રક્રિયા હેઠળ હોઈ, વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ.

(*પરિશિષ્ટો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકો**

* ૧૫૨૯૭ **શ્રી અમિત ચૌધરી (માણસા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે,

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા બાળકોની માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લાનું નામ | ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૯૧૦૮ | ૧૦૬૯ | ૧૦૧૭૭ |
| ૨ | અમદાવાદ | ૬૧૬૦ | ૫૯૫ | ૬૭૫૫ |
| | **કુલ** | **૩૨૧૦** | **૫૦૪** | **૩૭૧૪** |

(૨) આ કુપોષણથી પીડાતા બાળકોના આરોગ્ય માટે સરકાર દ્વારા ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શું કાર્યક્રમો કરવામાં આવ્યા, અને

(૨) બાળકોમાં કુપોષણ નિવારવા અને સપ્રમાણ વજન થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા નીચે મુજબના પગલાં લેવામાં આવે છે.

- ૬ માસથી ૩ વર્ષના બાળકોને ટેક હોમ રેશન તરીકે અનાજ આપવામાં આવે છે. અને તેમાંથી નિર્દેશક ભોજન તરીકે રાબ/સુખડી બનાવીને આંગણવાડી કેન્દ્ર પર આપવામાં આવે છે.
- ૬ માસથી ૯ માસના બાળકો માટે અન્ન પ્રાશન દિવસની ઉજવણી દરમ્યાન રાબ આપવામાં આવે છે.
- આંગણવાડી કેન્દ્ર ખાતે ૩ થી ૬ વર્ષના બાળકોને માતૃ મંડળ દ્વારા સવારનો ગરમ નાસ્તો, અને આંગણવાડી કાર્યકર દ્વારા બપોરનું ગરમ ભોજન અને અઠવાડીયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે.
- ૩ થી ૬ વર્ષના ઓછા વજનવાળા બાળકોને THR તરીકે ત્રીજુ ભોજનમાં લાડુ બનાવી આપવામાં આવે છે.
- આ ઉપરાંત ૩ થી ૬ વર્ષના અતિઓછા વજનવાળા બાળકોને THR તરીકે પુરક પોષણ આહાર આપવામાં આવે છે.
- મીશન બલમ સુખમ અન્વયે બાળ શકિતમ કેન્દ્ર બાળ સેવા કેન્દ્ર તેમજ બાળ સંજીવની કેન્દ્ર દ્વારા બાળકોને પોષણ અને આરોગ્યની સેવાઓ પૂરી પાડવામાં આવે છે.
- ન્યુટ્રીશન કાઉન્સલીંગ વોલીન્ટીઅર (NCV) યોજના દ્વારા બાળકોના વાલીઓને પોષણ વિષયક શિક્ષણ આપવામાં આવે છે.
- વાત્સલ્ય દિવસ/બાલ દિવસની ઉજવણી મારફતે વાલીઓને પૂર્વ પ્રાથમિક શિક્ષણ અને પોષણ સ્તર વિશે જાગૃત કરવામાં આવે છે.
- **ગાંધીનગર**
- દહેગામ તાલુકામાં ધન્વતરી પાયલોટ પ્રોજેકટ
- કલોલ તાલુકામાં પીડીયાશ્યોર પાવડર આપવામાં આવે છે.
- માણસા તાલુકામાં કુપોષિત બાળકોને ઈ.ડી.પી. આપવામાં આવે છે.
- પ્રથમ અને બીજા તબક્કાની કુલ ૩૫૦ આંગણવાડીમાં ઘનિષ્ઠ પોષણ અભિયાન શરૂ કરવામાં આવેલ છે.
- અતિ ઓછા વજનવાળા બાળકોને અધિકારીઓ દ્વારા દતક લેવામાં આવેલ છે.
- **અમદાવાદ**

- ઘનિષ્ટ પોષણ અભ્યાન અન્વયે ૩૩ કેન્દ્ર શરૂ કરવામાં આવેલ છે. જેમાં ૧૬૮૪ બાળકોને લાભ આપવામાં આવેલ છે.
- અતિ ઓછા વજનવાળા ૧૦૮૦ બાળકોને અધિકારીઓ દ્વારા દતક લેવામાં આવેલ છે.

(૩) સરકારના પ્રયાસથી કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યામાં કોઈ ફેરફાર તાલુકાવાર નોંધાયેલ છે કે કેમ ?

(૩) સરકારના પ્રયાસથી કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યામાં ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ ફેરફાર નોંધાયેલ છે.

ગાંધીનગર

| ક્રમ | તાલુકાનું નામ | ઓછા વજનવાળા બાળકોના વજનમાં થયેલ ફેરફાર | અતિ ઓછા વજનવાળા બાળકોના વજનમાં થયેલ ફેરફાર | કુલ બાળકોના વજનમાં થયેલ ફેરફાર |
|---|---|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૧૮૪૯ | ૧૧૬ | ૧૯૬૫ |
| ૨ | દહેગામ | ૨૮૪૨ | ૪૫૧ | ૩૨૯૩ |
| ૩ | કલોલ | ૧૬૧૭ | ૨૧૫ | ૧૮૩૨ |
| ૪ | માણસા | ૮૮ | ૨ | ૯૦ |
| | **કુલ** | **૬૩૯૬** | **૭૮૪** | **૭૧૮૦** |
| **અમદાવાદ** | | | | |
| ૧ | બાવળા | ૧૩૭૨ | ૭૨ | ૧૪૪૪ |
| ૨ | દસક્રોઈ | ૬૪૦ | ૧૪૬ | ૭૮૬ |
| ૩ | દેત્રોજ | ૧૦૩૮ | ૩૭ | ૧૦૭૫ |
| ૪ | ધંધુકા | ૭૨૩ | ૨૯ | ૭૫૨ |
| ૫ | ધોળકા | ૧૩૩૩ | ૫૭ | ૧૩૯૦ |
| ૬ | માંડલ | ૩૧૬ | ૧ | ૩૧૭ |
| ૭ | સાણંદ | ૧૪૫૫ | ૧૯૯ | ૧૬૫૪ |
| ૮ | વિરમગામ | ૨૦૦૧ | ૧૨૦ | ૨૧૨૧ |
| | **કુલ** | **૮૮૭૮** | **૬૬૧** | **૯૫૩૯** |

---------

**પલોડીયા–રાંચરડા રોડને ડામર પેવર સપાટી કરવાનો ખર્ચ**

* ૧૫૨૯૦ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લાના પલોડીયા–ડાભલા–રાંચરડા રોડના ડામર પેવર સપાટી કરવાની કામગીરી પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો અને કુલ કેટલો ખર્ચ કરવાનો છે,

(૨) ઉકત કામગીરીમાં હલકી ગુણવતાનો માલ–સામાન વાપરવા અંગેની કેટલી ફરીયાદો મળી, અને

(૩) મળેલ ફરીયાદો અન્વયે સરકારે શી કાર્યવાહી કરી

**જવાબ**

(૧) પલોડીયા–રાંચરડા રોડ થલતેજ–શીલજ–રાંચરડા મંજૂર રસ્તાનો ભાગ છે. જેમાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ડામર–પેવર સપાટી પાછળ કોઈ ખર્ચ થયેલ નથી. જ્યારે ડામર–પેવર સપાટી પાછળ અંદાજીત કુલ રૂ.૫૬૬.૮૧ લાખનો ખર્ચ થનાર છે.

(૨) અને (૩) : કોઈ ફરીયાદ મળેલ ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

?

----------

**છોટા ઉદેપુર જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકો**

* ૧૩૮૧૪ **શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે,

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા નીચે મુજબ છે.

**વર્ષ ૨૦૧૩**

| ક્રમ | તાલુકાનું નામ | ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | કુલ |
|---|---|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૫૫૫૬ | ૭૭૦ | ૬૩૨૬ |
| ૨ | કવાંટ | ૫૧૬૪ | ૭૩૬ | ૫૯૦૦ |
| ૩ | નવસાડી | ૪૨૮૬ | ૫૫૪ | ૪૮૪૦ |
| ૪ | જેતપુરપાવી | ૫૬૬૨ | ૩૦૫ | ૫૯૬૭ |
| ૫ | સંખેડા | ૩૪૦૪ | ૨૪૨ | ૩૬૪૬ |
| | **કુલ** | **૨૪૦૭૨** | **૨૬૦૭** | **૨૬૬૭૯** |

**વર્ષ ૨૦૧૪**

| ક્રમ | તાલુકાનું નામ | ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | કુલ |
|---|---|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૩૮૮૩ | ૪૩૭ | ૪૩૨૦ |
| ૨ | કવાંટ | ૪૨૨૯ | ૪૪૩ | ૪૬૭૨ |
| ૩ | નવસાડી | ૨૦૫૬ | ૨૬૪ | ૨૩૨૦ |
| ૪ | જેતપુરપાવી | ૩૮૪૨ | ૨૪૮ | ૪૦૯૦ |
| ૫ | સંખેડા | ૨૬૬૪ | ૧૦૭ | ૨૭૭૧ |
| | **કુલ** | **૧૬૬૭૪** | **૧૪૯૯** | **૧૮૧૭૩** |

(૨) આ બાળકોને સ્વચ્છતા અને સુખાકારી માટે છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) આ બાળકોને સ્વચ્છતા અને સુખાકારી માટે છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર વર્ષવાર નીચે દર્શાવ્યા મુજબ ખર્ચ થયેલ છે.

**વર્ષ ૨૦૧૩**

| ક્રમ | તાલુકાનું નામ | કરેલ ખર્ચની વિગત |
|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | રૂ.૧૨૦૭૯૮૦૦ |
| ૨ | કવાંટ | રૂ.૧૧૨૮૨૪૦૦ |
| ૩ | નવસાડી | રૂ.૯૨૧૦૬૦૦ |
| ૪ | જેતપુરપાવી | રૂ.૧૧૦૧૫૧૦૦ |
| ૫ | સંખેડા | રૂ.૬૭૮૦૬૦૦ |
| | **કુલ** | **રૂ.૫૦૩૬૮૫૦૦** |

**વર્ષ ૨૦૧૪**

| ક્રમ | તાલુકાનું નામ | કરેલ ખર્ચની વિગત |
|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | રૂ.૮૧૬૯૩૦૦ |
| ૨ | કવાંટ | રૂ.૮૮૦૮૩૦૦ |
| ૩ | નવસાડી | રૂ.૪૪૧૩૬૦૦ |
| ૪ | જેતપુરપાવી | રૂ.૭૫૮૫૨૦૦ |
| ૫ | સંખેડા | રૂ.૫૦૮૪૧૦૦ |

| | |
|---|---|
| **કુલ** | **રૂ.૩૪૦૬૦૫૦૦** |

(૩) કઈ કામગીરી પાછળ કેટલો ખર્ચ તાલુકાવાર થયો?

(૩) આ કામગીરી પાછળ તાલુકાવાર ખર્ચ થયેલની વિગત નીચે મુજબ છે.

**વર્ષ ૨૦૧૩**

| ક્રમ | તાલુકાનું નામ | કરેલ ખર્ચની વિગત |
|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | રૂ.૨૦૨૪૯૧૦૦ |
| ૨ | કવાંટ | રૂ.૨૦૦૯૦૭૦૦ |
| ૩ | નવસાડી | રૂ.૧૩૬૨૪૨૦૦ |
| ૪ | જેતપુરપાવી | રૂ.૧૮૬૦૦૩૦૦ |
| ૫ | સંખેડા | રૂ.૧૧૮૬૪૭૦૦ |
| | **કુલ** | **રૂ.૮૪૪૨૯૦૦૦** |

---------

## વિજાપુર તાલુકામાં પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં મંજૂર મહેકમ

* ૧૪૯૦૮ **શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ વિજાપુર તાલુકામાં કેટલા પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો છે, અને

(૨) તે અન્વયે સંવર્ગવાર મંજૂર થયેલ જગ્યાઓ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે અને આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો – ૭
સામૂહિક આરોગ્ય કેન્દ્રો – ૩

(૨) (૧) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મહેકમ અંગે *પત્રક–અ અને સામૂહિક આરોગ્ય કેન્દ્રના મહેકમ અંગે *પત્રક–બ સામેલ છે.

જરૂરી લાયકાત અને અનુભવ ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ખાલી જગ્યાઓ ભરવામાં આવશે. વર્ગ–૩ અને વર્ગ–૪ ની જગ્યાઓ પર જરૂરત મુજબ આઉટસોર્સથી કામગીરી લેવામાં આવે છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

## બનાસકાંઠા જિલ્લામાં હોસ્પિટલોમાં ટ્રોમાં સેન્ટર સ્થાપવા બાબત

* ૧૫૫૬૫ **શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧ ડિસેમ્બર–૨૦૧૪ ની સ્થિતિએ કઈ હોસ્પિટલોમાં ટ્રોમાં સેન્ટરો સ્થાપવામાં આવ્યા છે,

(૨) આ જિલ્લાની કઈ હોસ્પિટલોમાં ટ્રોમાં સેન્ટર સ્થાપવાના બાકી છે, અને

(૩) આ કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે?

**જવાબ**

(૧) જનરલ હોસ્પિટલ પાલનપુર ખાતે ટ્રોમા સેન્ટર સ્થાપવામાં આવેલ છે.

(૨) જિલ્લાની અન્ય હોસ્પિટલમાં ટ્રોમાં સેન્ટર સ્થાપવા અંગે હાલમાં આયોજન નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## ગરબાડા તાલુકામાં વિશ્રામગૃહ બનાવવા બાબત

* ૧૪૧૯૬ **શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકામાં કેટલા વિશ્રામ ગૃહો આવેલા છે, અને

(૨) જો એક પણ વિશ્રામ ગૃહ ન હોય તો નવું વિશ્રામગૃહ બનાવવા સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) માર્ગ અને મકાન વિભાગનું વિશ્રામગૃહ આવેલ નથી.

(૨) વિશ્રામગૃહની સુવિધા ઉપલબ્ધ ન હોય તેવા તાલુકા મથકે તબક્કાવાર નવિન વિશ્રામગૃહ બનાવવાની કાર્યવાહી જમીનની ઉપલબ્ધિ, નાણાકીય ઉપલબ્ધતા તથા આંતરિક અગ્રતાક્રમને ધ્યાને લઈ ભવિષ્યમાં વિચારણા

કરવામાં આવશે.

---------

**મહેસાણા જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ બાળકોની તપાસ**

* ૧૫૬૪૩ **શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત મહેસાણા જિલ્લામાં તા. ૩૧–૧–૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ધોરણ ૧ થી ૧૨માં અભ્યાસ કરતા કેટલા બાળકોની વર્ષવાર તપાસણી કરવામાં આવી,

(૨) ૦ થી ૧૪ વર્ષના શાળાએ ન જતા કેટલા બાળકોની ઉક્ત સમયગાળા દરમિયાન ચકાસણી કરવામાં આવી,

(૩) તે બંનેમાં કેટલા બાળકોને સ્થળ પર જ સારવાર આપવામાં આવેલ અને કેટલા બાળકોને નજીકની હોસ્પિટલ/ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે રિફર કરવામાં આવેલ છે, અને

(૪) તે પાછળ કુલ કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) નીચેના પત્રક મુજબ

| વર્ષ | સમયગાળો | તપાસેલ બાળકો |
|---|---|---|
| ૨૦૧૩–૧૪ | તા. ૧–૨–૨૦૧૩ થી તા. ૩૧–૧–૨૦૧૪ | ૩,૯૭,૧૩૬ |
| ૨૦૧૪–૧૫ | તા. ૧–૨–૨૦૧૪ થી તા. ૩૧–૧–૨૦૧૫ | ૪,૦૮,૧૦૨ |

(૨) નીચેના પત્રક મુજબ

| વર્ષ | સમયગાળો | તપાસેલ બાળકો |
|---|---|---|
| ૨૦૧૩–૧૪ | તા. ૧–૨–૨૦૧૩ થી તા. ૩૧–૧–૨૦૧૪ | ૧૩૭૩ |
| ૨૦૧૪–૧૫ | તા. ૧–૨–૨૦૧૪ થી તા. ૩૧–૧–૨૦૧૫ | ૧૬૨૩ |

(૩) નીચેના પત્રક મુજબ

| વર્ષ | સમયગાળો | સ્થળ ઉપર સારવાર આપવામાં આવેલ બાળકો | રીફર કરેલ બાળકો |
|---|---|---|---|
| ૨૦૧૩–૧૪ | તા. ૧–૨–૨૦૧૩ થી તા. ૩૧–૧–૨૦૧૪ | ૩૨,૭૯૭ | ૧૦૮૩ |
| ૨૦૧૪–૧૫ | તા. ૧–૨–૨૦૧૪ થી તા. ૩૧–૧–૨૦૧૫ | ૨૮,૪૧૨ | ૯૬૯ |

(૪) તે પાછળ કુલ–૪૦,૨૫,૦૦૦/-ખર્ચ થયો.

---------

**ડાંગ જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ**

* ૧૪૬૬૯ **શ્રી મંગળભાઇ ગં. ગાવિત(ડાંગ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં તાલુકાવાર કેટલી આંગણવાડીઓ કાર્યરત છે,

(૨) તે અન્વયે કેટલી નવી આંગણવાડીઓની જરૂરીયાત છે, અને

(૩) નવી આંગણવાડીઓ શરૂ કરવા સરકારે શું આયોજન કરેલ છે?

**જવાબ**

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં તાલુકાવાર કાર્યરત આંગણવાડીઓ નીચે દર્શાવેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર આંગણવાડી કેન્દ્રો | કાર્યરત આંગણવાડી કેન્દ્રો |
|---|---|---|---|
| ૧ | આહવા | ૧૭૭ | ૧૭૬ |
| ૨ | સુબીર | ૧૩૮ | ૧૩૮ |
| ૩ | વઘઇ | ૧૨૫ | ૧૨૫ |
| | **કુલ** | **૪૪૦** | **૪૩૯** |

(૨) ડાંગ જિલ્લા માટે ૪૮ નવી આંગણવાડીઓની જરૂરિયાત છે.

(૩) ડાંગ જિલ્લા દ્વારા આવેલી ૪૮ આંગણવાડીઓની દરખાસ્તો ભારત સરકારશ્રીના વસ્તીના માપદંડો અનુસાર ચકાસણી કરીને ૫ (પાંચ) આંગણવાડી કેન્દ્રોની દરખાસ્ત ભારત સરકારમાં તા. ૧૨–૨–૧૪ અને તા. ૧૬–૬–૨૦૧૪થી મંજુરી માટે મોકલી આપવામાં આવેલ છે.

---------

**વલસાડ જિલ્લામાં ધરમપુર સ્ટેટ હોસ્પિટલમાં ડૉકટરોની ઘટ**

* ૧૩૫૫૩ **શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ વલસાડ જિલ્લાની ધરમપુર તાલુકાની સ્ટેટ હોસ્પિટલમાં ડૉકટરોની કેટલી ઘટ છે,

**જવાબ**

(૧) ૩૩ મંજુર થયેલ જગ્યાઓ સામે ૧૯ ઘટ છે. ૧૪ ડૉકટરો કાર્યરત છે.

અને

(૨) આ ઘટ કેટલા સમયમાં ભરવામાં આવશે?

(૨) લાયકાત ધરાવતા ડૉક્ટરો ઉપલબ્ધ થયેથી જરૂરીયાત અનુસાર ભરવામાં આવશે.

---------

**જુનાગઢ જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકો**

* ૧૫૨૭૦ **શ્રી હર્ષદભાઇ રીબડીયા (વિસાવદર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૧–૧૫ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર કુપોષણથી પીડીત બાળકોની સંખ્યા કેટલી છે, અને

(૨) તે અન્વયે કુપોષણ દુર કરવા સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલો ખર્ચ કર્યો?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર ઓછા વજનવાળા અને અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા અને ઉમરના પ્રમાણમાં બાળકોનું વજન ઓછુ છે તેવા બાળકોની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજન વાળા બાળકોની સંખ્યા | કુલ |
|---|---|---|---|---|
| ૧ | કેશોદ | ૫૨૫ | ૭૮ | ૬૦૩ |
| ૨ | માણાવદર | ૧૯૬ | ૨૭ | ૨૨૩ |
| ૩ | વંથલી | ૧૩૫ | ૨૭ | ૧૬૨ |
| ૪ | માંગરોળ | ૪૮૩ | ૫૬ | ૫૩૯ |
| ૫ | ભેંસાણ | ૨૧૬ | ૩૩ | ૨૪૯ |
| ૬ | જૂનાગઢ | ૧૦૨૦ | ૧૫૭ | ૧૧૭૭ |
| ૭ | માળીયા | ૨૪૧ | ૫૨ | ૨૯૩ |
| ૮ | મેંદરડા | ૨૧૮ | ૪૯ | ૨૬૭ |
| ૯ | વિસાવદર | ૧૭૬ | ૨૫ | ૨૦૧ |
| | **કુલ** | **૩૨૧૦** | **૫૦૪** | **૩૭૧૪** |

(૨) તે અન્વયે ઓછા વજનવાળા બાળકો અને અતિ ઓછા વજનવાળા બાળકો માટે સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૭૧,૩૮,૮૦૦/-નો ખર્ચ કરેલ છે.

---------

**સોયલ, બેડ, પડધરી ટોલ પ્લાઝા ઉપર સુરક્ષા જવાનોને હથિયાર રાખવાના પરવાના**

* ૧૪૪૮૪ **શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ જામનગર જીલ્લામાં સોયલ, બેડ, પડધરી નજીક ટોલ પ્લાઝા ઉપર સુરક્ષા એજન્સીના કેટલા જવાનો હથિયાર રાખવાના પરવાના રાખી શકે તે માટે સરકારના કોઈ આદેશો છે, અને

(૨) જો હા, તો તે અન્વયે ઉપરોક્ત ટોલ પ્લાઝા પર જરૂર કરતાં વધુ જવાનો હથિયારધારી રહેતા હોય તો તે એજન્સી સામે છેલ્લા બે વર્ષમાં શાં પગલાં લાધાં?

**જવાબ**

(૧) અને (૨) કન્સેશન એગ્રીમેન્ટની જોગવાઈ મુજબ એજન્સીએ વીમા કંપનીની જરૂરીયાત સંતોષવા માટે શીફ્ટના ધોરણે જરૂરી એક હથીયારધારી ગાર્ડ ટોલ પ્લાઝામાં રાખેલ હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**દાહોદ જિલ્લામાં જનરલ હોસ્પિટલ, સામૂહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં મંજૂર મહેકમ**

* ૧૫૫૩૭ **શ્રી મિતેશભાઇ ક. ગરાસીયા(ઝાલોદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં આવેલ જનરલ હોસ્પિટલ, સામૂહિક આરોગ્ય કેન્દ્રો, પેટા આરોગ્ય કેન્દ્રો, અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોવાર મંજૂર થયેલ સંવર્ગવાર મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલી છે, અને

(૩) સંવર્ગવાર કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે અને આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

**જવાબ**

(૧) (૨) અને (૩)

અનુક્રમે પત્રક *અ, *બ, *ક, *ડ મુજબ

જરૂરી લાયકાત અને અનુભવ ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ખાલી જગ્યાઓ ભરવામાં આવશે. વર્ગ–૩ અને ૪ની જગ્યાઓ પર જરૂરત મુજબ આઉટસોર્સથી કામગીરી લેવામાં આવે છે.

તા.૪થી માર્ચ, ૨૦૧૬
અતારાંકિત પ્રશ્નો

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**આણંદ જિલ્લામાં પ્રધાનમંત્રી સડક યોજના હેઠળ પરાઓને પાકા રસ્તાથી જોડવા બાબત**

* ૧૫૪૯૬ **શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ પ્રધાનમંત્રી સડક યોજના અંતર્ગત કોર નેટવર્કમાં આણંદ જિલ્લાના ૨૫૦ થી વધુ વસ્તી ધરાવતા કેટલા પરા પાકા રસ્તાથી જોડવાના બાકી છે, અને

(૨) આણંદ જિલ્લામાં ૨૫૦ થી વધુ વસ્તી ધરાવતા પરાઓને પાકા રસ્તાની સુવિધા આપવા શું આયોજન છે?

**જવાબ**

(૧) આણંદ જિલ્લાના ૨૫૦ થી વધુ વસ્તી ધરાવતા ૯૧ પરાઓ જોડવાના બાકી રહે છે.

(૨) ૩ પરાના કામ મંજુર
–બાકીના પરા માટે ભૌતિક જરૂરીયાત આંતરિક અગ્રતા અનુસાર હાથ ધરવાનું આયોજન વિચારણામાં છે.

---------

**અમદાવાદ જિલ્લામાં વિધવા સહાયની મળેલ અરજીઓ**

* ૧૫૩૦૯ **શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર વિધવા સહાય યોજના અન્વયે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી વિધવા સહાય આપવામાં આવી, અને

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી અને આ અરજીઓ નામંજૂર કરવાના કારણો શા છે?

**જવાબ**

(૧)

| અનુ. | તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૩માં મળેલ અરજીઓ | વર્ષ ૨૦૧૪માં મળેલ અરજીઓ |
|---|---|---|---|
| ૧ | અસારવા | ૧૧૨ | ૫૧૭ |
| ૨ | મણીનગર | ૧૪૦ | ૪૨૦ |
| ૩ | વટવા | ૧૧૫ | ૨૯૩ |
| ૪ | વેજલપુર | ૩૦ | ૧૩૦ |
| ૫ | ઘાટલોડીયા | ૧૮ | ૫૨ |
| ૬ | સાબરમતી | ૧૩૨ | ૩૭૩ |
| ૭ | દશક્રોઈ | ૫૦૧ | ૧૬૦ |
| ૮ | સાણંદ | ૨૨૩ | ૭૧ |
| ૯ | બાવળા | ૮૨ | ૧૨૮ |
| ૧૦ | ધોળકા | ૧૧૯ | ૧૧૭ |
| ૧૧ | વિરમગામ | ૧૨૫ | ૪૧ |
| ૧૨ | માંડલ | ૨૭ | ૧૫ |
| ૧૩ | દેત્રોજ | ૬૬ | ૯૧ |
| ૧૪ | ધંધુકા | ૧૪ | ૧૧ |
| ૧૫ | ધોલેરા | ૭ | ૭ |

(૨) ૩૮૮૦ અરજીઓ મંજુર કરી.

(૩) ૨૩૮ નામંજુર કરવામાં આવી અને નામંજુર કરવાના કારણો નીચે મુજબ છે.

૧. વાર્ષિક આવક વધુ હોવાથી
૨. પુખ્ત વયનો પુત્ર હોવાથી.
૩. અરજી ફોર્મ સાથે પુરાવા/વિગતો અધુરી હોવાના કારણે.

---------

**મહિસાગર જિલ્લામાં સરકારી દવાખાનામાં કાર્યરત એમ્બ્યુલન્સ**

* ૧૪૨૫૫ **શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં આવેલ સરકારી દવાખાનામાં કેટલી એમ્બ્યુલન્સ

**જવાબ**

(૧) અને (૨) કોટેજ હોસ્પીટલ લુણાવાડામાં ૨ એમ્બ્યુલન્સ ચાલુ કાર્યરત છે અને સ્ટેટ હોસ્પીટલ

કાર્યરત છે,
(૨) કેટલી એમ્બ્યુલન્સ બંધ હાલતમાં છે, અને
(૩) બંધ એમ્બ્યુલન્સવાન ચાલુ કરવા માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શી કાર્યવાહી કરવામાં આવી?

સંતરામપુરમાં ૪ પૈકી ૨ એમ્બ્યુલન્સ કાર્યરત અને ૨ બંધ હાલતમાં છે.
(૩) બંધ એમ્બ્યુલન્સવાન રીપેર થઈ શકે તેમ ન હોય કન્ડેમ કરવાની કાર્યવાહી ચાલુ છે.

---------

**ભાવનગર અને સુરતમાં સરકારી મેડીકલ કોલેજોનું મંજૂર મહેકમ**

* ૧૩૬૧૩ **ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતીએ ભાવનગર અને સુરતમાં આવેલ સરકારી મેડીકલ કોલેજવાર મંજુર થયેલ સંવર્ગવાર મહેકમ કેટલું છે,

(૨) તે અન્વયે સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ કયારથી ખાલી છે, અને

**જવાબ**

(૧) તા. ૩૧–૦૫–૨૦૧૪ની સ્થિતીએ ભાવનગર અને સુરતમાં આવેલ સરકારી મેડીકલ કોલેજમાં કોલેજવાર મંજુર, ભરેલી અને ખાલી જગ્યાઓની વિગતો નીચે મુજબ છે.

**સરકારી મેડીકલ કોલેજ, ભાવનગર**

| સંવર્ગ | મંજુર | ભરેલી | ખાલી |
|---|---|---|---|
| વર્ગ–૧ | ૨૦૯ | ૧૩૦ | ૭૯ |
| વર્ગ–૨ | ૧૦૧ | ૩૯ | ૬૨ |
| વહીવટી વર્ગ–૩ | ૮૯ | ૪૯ | ૪૦ |
| પેરામેડીકલ વર્ગ–૩ | ૧૮૭ | ૧૨૯ | ૫૮ |
| નર્સિંગ વર્ગ–૩ | ૭૮ | ૦૨ | ૭૬ |
| વર્ગ–૪ | ૧૨૪ | ૧૨૪ | ૦૦ |
| **કુલ** | **૭૮૮** | **૪૭૩** | **૩૧૫** |

**સરકારી મેડીકલ કોલેજ, સુરત**

| સંવર્ગ | મંજુર | ભરેલી | ખાલી |
|---|---|---|---|
| વર્ગ–૧ | ૨૨૫ | ૧૫૨ | ૭૩ |
| વર્ગ–૨ | ૮૩ | ૪૦ | ૪૩ |
| વહીવટી વર્ગ–૩ | ૫૪ | ૪૩ | ૧૧ |
| પેરામેડીકલ વર્ગ–૩ | ૧૧૮ | ૯૫ | ૨૩ |
| નર્સિંગ વર્ગ–૩ | ૦૪ | ૦૩ | ૦૧ |
| વર્ગ–૪ | ૧૩૬ | ૧૩૬ | ૦૦ |
| **કુલ** | **૬૨૦** | **૪૬૯** | **૧૫૧** |

(૨) સંવર્ગવાર કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે તેની માહિતી નીચે મુજબ છે.

**સરકારી મેડીકલ કોલેજ, ભાવનગર**

| સંવર્ગ | ૦ થી ૧ વર્ષ સુધી | ૧ થી ૨ વર્ષ સુધી | ૨ વર્ષથી વધારે |
|---|---|---|---|
| વર્ગ–૧ | ૨૩ | ૦૮ | ૪૮ |
| વર્ગ–૨ | ૨૦ | ૧૦ | ૩૨ |
| વહીવટી વર્ગ–૩ | ૦૬ | ૦૫ | ૨૯ |
| પેરામેડીકલ વર્ગ–૩ | ૨૪ | ૦૦ | ૩૪ |
| નર્સિંગ વર્ગ–૩ | ૦૦ | ૦૧ | ૭૫ |
| **કુલ** | **૭૩** | **૨૪** | **૨૧૮** |

**સરકારી મેડીકલ કોલેજ, સુરત**

| સંવર્ગ | ૦ થી ૧ વર્ષ સુધી | ૧ થી ૨ વર્ષ સુધી | ૨ વર્ષથી વધારે |
|---|---|---|---|
| વર્ગ–૧ | ૫૩ | ૦૧ | ૧૯ |
| વર્ગ–૨ | ૧૭ | ૦૮ | ૧૮ |

| | | | |
|---|---|---|---|
| વહીવટી વર્ગ–૩ | ૦૮ | ૦૦ | ૦૩ |
| પેરામેડીકલ વર્ગ–૩ | ૦૪ | ૦૫ | ૧૪ |
| નર્સિંગ વર્ગ–૩ | ૦૧ | ૦૦ | ૦૦ |
| **કુલ** | **૮૩** | **૧૪** | **૫૪** |

(૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધી ભરવામાં આવશે?

(૩) યોગ્ય ઉમેદવાર ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે.

---------

**ભાવનગર જિલ્લામાં નોકરી કરતા ડૉકટરોની નોકરી સળંગ ગણવા બાબત**

* ૧૫૭૫૩ **શ્રી શકિતસિંહજી હ. ગોહિલ (અબડાસા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જી.પી.એસ.સી. ની પરીક્ષા પાસ કરી હોવા છતાં જેમની નોકરી સળંગ ન ગણવામાં આવી હોય તેવા ભાવનગર જિલ્લામાં નોકરી કરતા હોય તેવા તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ કેટલા ડૉક્ટર છે, અને

(૨) આ ડૉકટરોની નોકરી સળંગ ન થવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧) કુલ ૧૩૨ ડૉકટરો.

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા.૨–૬–૯૨ ના ઠરાવની જોગવાઇઓ અનુસાર વહીવટીય પ્રક્રિયા અનુસરીને સેવાઓ સળંગ ગણવા સરકાર કક્ષાએથી હુકમો કરવાના રહે છે.

---------

**આણંદ જનરલ હોસ્પિટલ, સામૂહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં મંજૂર મહેકમ**

* ૧૫૫૯૪ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(બોરસદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ આણંદ જિલ્લામાં આવેલ જનરલ હોસ્પિટલ, સામૂહિક આરોગ્ય કેન્દ્રો, પેટા આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોવાર મંજૂર થયેલ સંવર્ગવાર મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલી છે, અને

(૩) સંવર્ગવાર કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે અને આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧), (૨), અને (૩) : સામેલ *પત્રક અ, બ, ક, ડ મુજબ જરૂરી લાયકાત અને અનુભવ ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ખાલી જગ્યાઓ ભરવામાં આવશે. વર્ગ–૩ અને ૪ ની જગ્યાઓ પર જરૂરત મુજબ આઉટસોર્સથી કામગીરી લેવામાં આવે છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**સાબરકાંઠા જિલ્લામાં રસ્તા રીકાર્પેટ કરવા બાબત**

* ૧૫૫૮૯ **શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા રસ્તા રીકાર્પેટ કરવામાં આવ્યા,

(૨) કેટલા રસ્તા રીકાર્પેટ કરવાના બાકી છે, અને

(૩) બાકી છે તે ક્યારે રીકાર્પેટ કરવામાં આવશે ?

**જવાબ**

(૧)

| તાલુકા | રસ્તાઓની સંખ્યા |
|---|---|
| હિંમતનગર | ૨૩ |
| ઈડર | ૨૫ |
| વડાલી | ૮ |
| પ્રાંતિજ | ૧૫ |
| તલોદ | ૮ |
| ખેડબ્રહ્મા | ૧૯ |
| વિજયનગર | ૨૩ |

(૨) અને (૩) : ૪ કામો પ્રગતિ હેઠળ છે. તથા વહીવટી પ્રક્રીયા હેઠળના ૬ કામો વહીવટી પ્રક્રીયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ.

---------

અતારાંકિત પ્રશ્નો

### શાળા આરોગ્ય તપાસણી દરમ્યાન ગંભીર બિમારી માટે ખર્ચની મર્યાદા

* ૧૫૪૮૮ **શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં શાળા આરોગ્ય તપાસણી દરમ્યાન જે બાળકો ગંભીર બિમારી ધરાવતા હોય તેમને હોસ્પિટલમાં અપાતી તમામ પ્રકારની સારવાર (દવાઓ સાથે) નો ખર્ચ રાજ્ય સરકાર ભોગવે છે તે હકીકત સાચી છે, અને | (૧) માન્ય કરેલ તમામ રોગોની સારવાર સરકારી હોસ્પિટલોમાં વિના મૂલ્યે કરવામાં આવે છે. |
| (૨) તે અન્વયે સારવાર દરમ્યાન દવાઓના ખર્ચની કોઈ મર્યાદાઓ છે કે કેમ ? | (૨) ના, જી. |

---------

### નસવાડી તાલુકાના ગોયાવાંટ–તણખલા–નસવાડી અને કાંધા કપરાલી રસ્તાઓ બનાવવા મળેલ દરખાસ્તો

* ૧૩૭૪૫ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકાના આદિવાસી વિસ્તારના મુખ્ય રસ્તાઓ (૧) ગોયાવાંટ–તણખલા–નસવાડી તેમજ (૨) કાંધા કપરાલી રસ્તાઓ તદ્દન બિસ્માર હાલતમાં છે, તે હકીકત સાચી છે, | (૧) રસ્તો વાહન વ્યવહાર લાયક છે. |
| (૨) આ રસ્તાઓ બનાવવા ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કોઈ દરખાસ્ત મળેલ છે કેમ, અને | (૨) ના, જી. |
| (૩) જો દરખાસ્ત મળેલ હોય તો કેટલા સમયમાં આ રસ્તો બનાવવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### અમદાવાદ જિલ્લામાં આંગણવાડીઓને નવા મકાનો

* ૧૪૨૩૨ **શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં કેટલી આંગણવાડીઓ કેટલા સમયથી ભાડાના મકાનમાં ચાલે છે, અને | (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં ૩૭૨ આંગણવાડીઓ ભાડાના મકાનમાં ચાલે છે. અને તે આંગણવાડી કેન્દ્રો મંજૂર થયેલ હોય તે સમયથી સરકારી મકાનની સગવડ ના હોઈ ભાડાના મકાનમાં ચાલે છે. ભાડાના મકાનમાં ચાલતી આંગણવાડી કેન્દ્રોની માહિતી નીચે મુજબ છે. |

| અનુ.નં. | ઘટકનું નામ | ભાડાના મકાનમાં ચાલતા આંગણવાડી કેન્દ્રો |
|---|---|---|
| ૧ | દશક્રોઈ–૧ | ૨૪ |
| ૨ | સીટી | ૧૦ |
| ૩ | દશક્રોઈ–૨ | ૧૨ |
| ૪ | બાવળા | ૫૯ |
| ૫ | ધોળકા–૧ | ૫૨ |
| ૬ | ધોળકા–૨ | ૩૦ |
| ૭ | સાણંદ | ૬૪ |
| ૮ | વિરમગામ | ૫૦ |
| ૯ | માંડલ | ૧૧ |
| ૧૦ | દેત્રોજ | ૨ |

| | | |
|---|---|---|
| ૧૧ | ધંધુકા | ૩૨ |
| ૧૨ | બરવાળા | ૨ |
| ૧૩ | રાણપુર | ૨૪ |
| | **કુલ** | **૩૭૨** |

(૨) ઉકત સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા કેટલી આંગણવાડીઓ માટે નવા મકાનો મંજૂર કરી તે પૂર્ણ કરવામાં આવેલ ?

(૨) ઉકત સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા ૩૩૨ આંગણવાડીઓ માટે નવા મકાનો મંજૂર કરી તે પૂર્ણ કરવામાં આવેલ છે. જેની માહિતી નીચે મુજબ છે.

| **અનુ. નં.** | **ઘટકનું નામ** | **૨૦૦૯–૧૦ થી ૩૧ ડિસેમ્બર–૧૪ સુધીમાં પૂર્ણ કરવામાં આવેલ મકાન બાંધકામ** | | |
|---|---|---|---|---|
| | | **એસ.એસ.એ.** | **જિ.પં.** | **કુલ** |
| ૧ | દશક્રોઈ–૧ | ૭૦ | ૩૭ | ૧૦૭ |
| ૨ | સીટી | | | |
| ૩ | દશક્રોઈ–૨ | | | |
| ૪ | બાવળા | ૧૮ | ૮ | ૨૬ |
| ૫ | ધોળકા–૧ | ૩૦ | ૪૪ | ૭૪ |
| ૬ | ધોળકા–૨ | | | |
| ૭ | સાણંદ | ૧૮ | ૬ | ૨૪ |
| ૮ | વિરમગામ | ૮ | ૬ | ૧૪ |
| ૯ | માંડલ | ૧૧ | ૧ | ૧૨ |
| ૧૦ | દેત્રોજ | ૩ | ૨૭ | ૩૦ |
| ૧૧ | ધંધુકા | ૩૦ | ૫ | ૩૫ |
| ૧૨ | બરવાળા | ૦ | ૦ | ૦ |
| ૧૩ | રાણપુર | ૮ | ૨ | ૧૦ |

---------

**પંચમહાલ જિલ્લામાં પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં મંજૂર મહેકમ**

* ૧૪૧૬૭ **શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૧૪ ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) આ ખાલી જગ્યાઓ સત્વરે નહી ભરવાના કારણો શા છે, અને કેટલા સમયમાં ખાલી જગ્યાઓ ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મહેકમ અંગે *પત્રક–અ અને સામૂહિક આરોગ્ય કેન્દ્રના મહેકમ અંગે *પત્રક–બ સામેલ છે.

(૨) યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ન મળવાના કારણે, પસંદ થયેલ ઉમેદવારો પૈકી પસંદગીનું સ્થળ ન મળવાના લીધે કેટલાક ઉમેદવારો હાજર ન થવાના કારણે, નિવૃત્તિ, બઢતી, બદલી અને પ્રતિનિયુકિત જેવા કારણે જગ્યાઓ ખાલી રહે છે.

જરૂરી લાયકાત અને અનુભવ ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ખાલી જગ્યાઓ ભરવામાં આવશે. વર્ગ–૩ અને વર્ગ–૪ ની જગ્યાઓ પર જરૂરત મુજબ આઉટસોર્સથી કામગીરી લેવામાં આવે છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**રાજ્યમાં નારી અદાલતો સ્થાપવા બાબત**

અતારાંકિત પ્રશ્નો

* ૧૩૯૨૮ **પ્રો. હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ક્યા તાલુકાઓમાં નારી અદાલતો સ્થાપવાની બાકી છે, અને

(૨) ઉકત બાકી તાલુકાઓમાં ક્યાં સુધીમાં નારી અદાલતો સ્થાપવામાં આવશે ?

**જવાબ**

(૧) ૧૧૨ તાલુકામાં નારી અદાલતો સ્થાપવાની બાકી છે. *પત્રક–અ સામેલ છે.

(૨) બાકી તાલુકાઓમાં નારી અદાલતો તબક્કાવાર બનતી ત્વરાએ સ્થાપવામાં આવશે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**મેઘરજ તાલુકાના પાદર–મહુડી ગામે પાકો રસ્તો બનાવવા બાબત**

* ૧૪૪૪૪ **ડૉ. અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના પાદર–મહુડી ગામે પાદર ફળીયાને જોડતો કુલ ૩.૨૫ કિલોમીટરના રસ્તા પૈકી ૧.૨૫ કિ.મી.નો રસ્તો કાચો તથા ખાડા કોતરવાળો હોવાથી ચોમાસામાં આ રસ્તો વાહનવ્યવહાર લાયક રહેતો નથી તે હકીકતથી સરકાર વાકેફ છે,

(૨) જો હા, તો આ ૧.૨૫ કિ.મી. ના રસ્તાને પાકો બનાવવા માટે સરકારે ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરી, અને

(૩) આ રસ્તાને ક્યારે પાકો બનાવવામાં આવશે ?

**જવાબ**

(૧) રસ્તો વાહનવ્યવહાર લાયક છે.

(૨) કાચો નોન પ્લાન રસ્તો હોઈ કોઈ આયોજન કરેલ નથી.

(૩) તાંત્રિક જરૂરીયાત અનુસાર કાર્યવાહી અંગે તબક્કાવાર વિચારણા હાથ ધરવામાં આવશે.

---------

**રાજ્યમાં નવી સરકારી મેડીકલ કોલેજો સ્થાપવા બાબત**

* ૧૩૮૪૦ **શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં કેટલી સરકારી મેડીકલ કોલેજો આવેલી છે,

(૨) નવી સરકારી મેડીકલ કોલેજો સ્થાપવા સરકારનું કોઈ આયોજન છે કે કેમ, અને

(૩) જો હા, તો આ નવી સરકારી મેડીકલ કોલેજો કેટલા સમયમાં સ્થાપવામાં આવનાર છે ?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં છ (૬) સરકારી મેડીકલ કોલેજો આવેલી છે.

(૨) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કેન્દ્રીય યોજના અંતર્ગત નીચે મુજબની જિલ્લા હોસ્પિટલોને અપગ્રેડ કરી નવી મેડીકલ કોલેજ શરૂ કરવા દરખાસ્ત વિચારણા હેઠળ છે.

| ક્રમ | જિલ્લા હોસ્પિટલ | જિલ્લો |
|---|---|---|
| ૧ | પાલનપુર | બનાસકાંઠા |
| ૨ | નડીયાદ | ખેડા |
| ૩ | અમરેલી | અમરેલી |
| ૪ | ગોધરા | પંચમહાલ |
| ૫ | વ્યારા | તાપી |

(૩) ભારત સરકારશ્રી દ્વારા મંજૂરી મળ્યેથી આગળની કાર્યવાહી કરવામાં આવશે.

---------

**ભાવનગર જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં મંજૂર મહેકમ**

* ૧૪૪૯૪ **શ્રી પ્રવીણભાઇ જી. રાઠોડ(પાલીતાણા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં

**જવાબ**

(૧) *પત્રક–અ મુજબ

(૨) જરૂરી લાયકાત અને અનુભવ ધરાવતા ઉમેદવારો

આવશે ?

ઉપલબ્ધ થયેથી ખાલી જગ્યાઓ ભરવામાં આવશે. વર્ગ-૩ અને ૪ ની જગ્યાઓ પર જરૂરત મુજબ આઉટસોર્સથી કામગીરી લેવામાં આવે છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**ખેડા જિલ્લામાં પંચાયત હસ્તકના રસ્તાના નાળાઓ રીપેર કરવા બાબત**

* ૧૫૨૨૩ **શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ખેડા જિલ્લામાં તાલુકાવાર ચોમાસામાં ભારે વરસાદને કારણે નુકશાન પામેલા પંચાયત હસ્તકના રસ્તાઓમાં નાળાઓ રીપેર કરવા અથવા નવા બનાવવા માટેની કેટલી અરજીઓ આવી,

(૨) સરકારે કેટલી રકમના કેટલા કામો ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કર્યા અને

(૩) ઉકત સ્થિતિએ તે કામો કયા તબક્કે છે?

**જવાબ**

(૧)

| તાલુકો | મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|
| મહેમદાવાદ | ૧ |
| વિરપુર | ૧ |
| ઠાસરા | ૧ |
| **કુલ** | **૦૩** |

(૨) અને (૩)

અરજીઓ પૈકી ૧ નાળું રૂ. ૩.૩૦ લાખની રકમનો રીપેર કર્યુ, બાકીના ૨ નાળા અંગે તાંત્રિક જરૂરીયાત, આંતરીક અગ્રતા અનુસાર વિચારણા કરવામાં આવશે.

---------

**અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ**

* ૧૫૨૪૦ **શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(બાયડ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર વસ્તીનાં ધોરણે કેટલી આંગણવાડીઓની જરૂરીયાત છે?

**જવાબ**

(૧) ગુજરાત સરકારશ્રીનાં મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગાંધીનગરનાં પત્ર ક્રમાંકઃ-આઇસીડી-૧૧૨૦૦૬-જીઓઆઈ-૨૫૨-બ તા.૧૨-૪-૨૦૦૭ થી ગ્રામ્ય અને શહેરી વિસ્તારો માટે ૪૦૦ થી ૮૦૦ ની વસ્તી દીઠ એક આંગણવાડી કેન્દ્રનું ધોરણ છે.

(૨) **અરવલ્લી જિલ્લોઃ-**

તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં સને ૨૦૧૧ની વસ્તીનાં ધોરણે કુલ ૧૨૯૯ આંગણવાડી કેન્દ્રોની સરેરાશ જરૂરિયાત છે. તેની સામે હાલમાં કુલ ૧૪૬૮ આંગણવાડીઓ મંજુર કરેલ છે. જે નીચે દર્શાવેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | સન ૨૦૧૧ની વસ્તી મુજબ આંગણવાડી કેન્દ્રોની જરૂરીયાત | | (હાલનાં હયાત ) મંજુર આંગણવાડી કેન્દ્રો |
|---|---|---|---|---|
| | | સન ૨૦૧૧ની વસ્તી | ૪૦૦થી ૮૦૦ની વસ્તી દીઠ એક આંગણવાડીનાં ધોરણે જરૂરિયાતની સંખ્યા | |
| ૧ | ભિલોડા | ૨૩૯૨૧૬ | ૨૯૯ | ૪૫૨ |
| ૨ | મેઘરજ | ૧૬૭૧૧૫ | ૨૦૯ | ૨૪૪ |
| ૩ | બાયડ | ૨૦૬૩૯૧ | ૨૫૮ | ૨૬૦ |
| ૪ | મોડાસા | ૨૨૨૬૨૫ | ૨૭૮ | ૨૪૦ |
| ૫ | માલપુર | ૯૭૮૩૮ | ૧૨૨ | ૧૪૯ |
| ૬ | ધનસુરા | ૧૦૬૭૩૩ | ૧૩૩ | ૧૨૩ |

**સાબરકાંઠા જિલ્લોઃ–**

તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં સને ૨૦૧૧ની વસ્તીનાં ધોરણે કુલ ૧૭૩૫ આંગણવાડી કેન્દ્રોની સરેરાશ જરૂરીયાત છે. જે નીચે દર્શાવેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | સન ૨૦૧૧ની વસ્તી મુજબ આંગણવાડી કેન્દ્રોની જરૂરીયાત | | (હાલનાં હયાત) મંજુર આંગણવાડી કેન્દ્રો |
|---|---|---|---|---|
| | | સન ૨૦૧૧ની વસ્તી | ૪૦૦થી ૮૦૦ની વસ્તી દીઠ એક આંગણવાડીનાં ધોરણે જરૂરિયાતની સંખ્યા | |
| ૧ | ખેડબ્રહ્મા | ૨૯૩૧૪૩ | ૩૬૬ | ૩૬૮ |
| ૨ | વિજયનગર | ૧૦૩૮૯૫ | ૧૩૦ | ૨૩૯ |
| ૩ | હિંમતનગર | ૩૨૫૬૬૯ | ૪૦૭ | ૩૪૧ |
| ૪ | ઈડર | ૨૫૭૯૦૪ | ૩૨૨ | ૩૭૯ |
| ૫ | પ્રાંતિજ | ૧૬૧૨૭૯ | ૨૦૨ | ૨૧૮ |
| ૬ | વડાલી | ૯૨૩૫૭ | ૧૧૫ | ૧૪૫ |
| ૭ | તલોદ | ૧૫૪૪૨૪ | ૧૯૩ | ૧૯૦ |

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ તાલુકાવાર કેટલી આંગણવાડી કાર્યરત છે અને કેટલી આંગણવાડીઓની ઘટ છે?

(૨) ઉકત સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં ૧૪૬૮ અને સાબરકાંઠા જિલ્લામાં ૧૮૮૦ આંગણવાડીઓ કાર્યરત છે. જે નીચે દર્શાવેલ છે.

**અરવલ્લી જિલ્લોઃ–**

| ક્રમ | તાલુકાનું નામ | કાર્યરત આંગણવાડી કેન્દ્રો |
|---|---|---|
| ૧ | ભિલોડા | ૪૫૨ |
| ૨ | મેઘરજ | ૨૪૪ |
| ૩ | બાયડ | ૨૬૦ |
| ૪ | મોડાસા | ૨૪૦ |
| ૫ | માલપુર | ૧૪૯ |
| ૬ | ધનસુરા | ૧૨૩ |
| | **કુલ** | **૧૪૬૮** |

ઉકત સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં સન ૨૦૧૧ની વસ્તીનાં ધોરણે કુલ ૧૨૯૯ આંગણવાડી કેન્દ્રોની સરેરાશ જરૂરીયાત છે.તેની સામે હાલમાં કુલ ૧૪૬૮ આંગણવાડીઓ મંજુર કરેલ છે. આમ અરવલ્લી જિલ્લામાં કોઈ આંગણવાડીની ઘટ નથી.

**સાબરકાંઠા જિલ્લોઃ–**

| ક્રમ | તાલુકાનું નામ | કાર્યરત આંગણવાડી કેન્દ્રો |
|---|---|---|
| ૧ | ખેડબ્રહ્મા | ૩૬૮ |
| ૨ | વિજયનગર | ૨૩૯ |
| ૩ | હિંમતનગર | ૩૪૧ |
| ૪ | ઈડર | ૩૭૯ |
| ૫ | પ્રાંતિજ | ૨૧૮ |
| ૬ | વડાલી | ૧૪૫ |
| ૭ | તલોદ | ૧૯૦ |
| | **કુલ** | **૧૮૮૦** |

ઉકત કેન્દ્રોની સરેરાશ જરૂરિયાત છે. તેની સામે હાલમાં ૧૮૮૦ આંગણવાડીઓ મંજુર કરેલછે. આમ સાબરકાંઠા જિલ્લામાં કોઈ આંગણવાડીની

ઘટ નથી.

(૩) ઘટતી આંગણવાડી અને તેના મકાનો બનાવવા માટે સરકારનું શું આયોજન છે?

(૩) ઘટતી આંગણવાડીઓનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ૬૧૭ જેટલી આંગણવાડીઓનાં મકાનો બાંધકામ કરવાનું બાકી છે.બાકી આંગણવાડીઓનાં મકાનો માટે પુરતા પ્રમાણમાં આયોજન કરેલ છે.પરંતુ જમીન અંગેનાં પ્રશ્નો હોય બનતી ત્વરાએ નિરાકરણ લાવી આંગણવાડીઓનાં મકાનોનું આયોજન હાથ ધરવામાં આવનાર છે.

---------

**થરાદ, માણસા અને વાંકાનેર સામૂહિક આરોગ્ય કેન્દ્રોને તાલુકા કક્ષાની હોસ્પિટલમાં રૂપાંતર માટે મકાનનું વિસ્તરણ**

* ૧૪૬૧૭ **શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૧૩-૧૪ના વર્ષમાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર થરાદ, માણસા અને વાંકાનેરને ૧૦૦ પથારીને તાલુકા કક્ષાની હોસ્પીટલમાં રૂપાંતર માટે મકાનનું વિસ્તરણ કરવા સરકાર તરફથી કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી છે, અને

(૨) આ સુવિધા ત્રણેય કેન્દ્રોમાં કયારથી કાર્યરત કરવામાં આવશે ?

**જવાબ**

(૧) સને ૨૦૧૩-૧૪ના વર્ષમાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર થરાદ, માણસા અને વાંકાનેરને ૧૦૦ પથારીને તાલુકા કક્ષાની હોસ્પિટલમાં રૂપાંતર માટે મકાનનું વિસ્તરણ કરવા સરકારશ્રી તરફથી રૂ. ૩૩૯૯.૦૦ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે.

(૨) થરાદ ખાતે બાંધકામની કામગીરી પૂર્ણ થયેલ છે. માણસા ખાતે જૂલાઈ-૨૦૧૫ તેમજ વાંકાનેર ખાતે જૂન-૨૦૧૫ સુધીમાં મકાન વિસ્તરણની કામગીરી પૂર્ણ કરવાનું આયોજન છે. મકાન વિસ્તરણની કામગીરી પૂર્ણ થયેથી અને જરૂરી અન્ય માળખાગત સુવિધા ઉભી થતા તુર્ત જ ત્રણેય કેન્દ્રો કાર્યરત કરવામાં આવશે.

---------

**ગીર સોમનાથ જિલ્લામાં બિસ્માર રસ્તાઓની મરામત**

* ૧૫૩૨૯ **શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લામાં તાલુકાવાર કેટલાં બિસ્માર રસ્તાઓની મરામત કામગીરી અને રીસરફેસીંગના કામો છેલ્લા એક વર્ષમાં કરવામાં આવ્યા, અને

(૨) આ કામો પાછળ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧)

| તાલુકો | મરામત કરેલ રસ્તાની સંખ્યા | રીસ રફેંસીંગ કરેલ રસ્તાની સંખ્યા |
|---|---|---|
| ઉના | ૯ | ૧૦ |
| તાલાળા | ૧૧ | ૯ |
| કોડીનાર | ૨૩ | ૧૬ |
| વેરાવળ | ૩ | ૧ |
| સુત્રાપાળા | ૯ | ૦ |
| ગીર ગઢડા | ૮ | ૧ |
| **કુલ** | **૬૩** | **૩૭** |

(૨) રૂ. ૪૩૦૯.૯૧ લાખ

---------

**પાટણ જિલ્લામાં વિધવાઓને સહાય**

* ૧૩૯૫૩ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા)જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૩) રાજયની હોસ્પિટલો –દવાખાનાઓમાં જીવનરક્ષક દવાઓનો પુરવઠો સમયસર મળી રહે તે માટેની જવાબદારી હવે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા. ૨૩/૮/૨૦૧૨ના ઠરાવથી નવા રચાયેલા ગુજરાત મેડીકલ સર્વિસીસ કોર્પોરેશન લી. ને સોંપવામાં આવી છે. ઉપરાંત, હોસ્પિટલો અને દવાખાના ખાતે જીવનરક્ષક દવાઓ તેમજ આવશ્યક દવાઓનો પુરવઠો સતત જળવાઈ રહે તેવા હેતુસર રેટ કોન્ટ્રેકટ ના થયો હોય તેવી દવાઓની સ્થાનિક ખરીદીની જે તે હોસ્પિટલો–દવાખાનાની સત્તાઓમાં સુધારો કરી હવે ખરીદીનું પ્રમાણ ગુજરાત મેડીકલ સર્વીસીસ કોર્પોરેશન લી.તથા તબીબી શિક્ષણ તબીબી સેવાની હોસ્પિટલો–સંસ્થાઓમાં ખરીદીનું પ્રમાણ ૭૦% અને ૩૦% અને ગુજરાત મેડીકલ સર્વીસીસ કોર્પોરેશન લી.તથા આરોગ્ય વિભાગ હેઠળના દવાખાના/કેન્દ્રો વગેરેમાં આ ધોરણ ૮૦% અને ૨૦% ઠરાવવામાં આવે છે. અર્થાત અનુક્રમે ૭૦% અને ૮૦% અનુદાન ગુજરાત મેડીકલ સર્વીસીસ કોર્પોરેશન લી.ના હવાલે તથા ૩૦% અને ૨૦% અનુદાન સંસ્થાને તા. ૨૫/૧૦/૨૦૦૫ના ગુજરાત સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ એમએસપી /૧૦૯૯/સીએમ /૨/ઝ થી સોંપવામાં આવેલ છે.

---------

**વિભાગીય નાયબ નિયામકની કચેરીનું વિસ્તરણ બાબત**

અતારાંકિતઃ ૩૬૩૮ (૦૧–૧૦–૨૦૧૪) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજયના આરોગ્ય કમિશનર કચેરી હેઠળ હાલમાં છ વિભાગીય નાયબ નિયામકની કચેરી કાર્યરત છે તેને આઠ વિભાગીય નાયબ નિયામક કચેરીઓમાં વિસ્તરણ કરવાનો નિર્ણય જુન–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કયારે કરવામાં આવ્યો, અને

(૨) આ સૈધ્ધાંતિક નિર્ણયના અમલીકરણ માટે રાજય સરકારે શી વ્યવસ્થા ગોઠવી છે ?

**આરોગ્ય મંત્રીશ્રી :** (૨૮–૧૧–૨૦૧૪)

(૧) સામાન્ય વહીવટ વિભાગના તા.૩–૨–૨૦૧૪ ના ઠરાવ થી વધારાની બે નવી શરૂ કરવાની રહેતી વિભાગીય કચેરીઓ માટે ૨ નાયબ નિયામકશ્રીઓની જગાઓનો વધારો કરવા માટે સૈધ્ધાંતિક મંજુરી આપવામાં આવેલ છે.

(૨) સૈધ્ધાંતિક નિર્ણયના અમલી કરણ માટેની બાબત વિચારણા હેઠળ છે.

---------

**મહેસાણા જિલ્લામાં મેલેરીયા સુપરવાઈઝર, ઈન્સપેકટર અને સર્વેલન્સ વર્કરની જગ્યાઓ ભરવા બાબત**

અતારાંકિતઃ ૩૬૯૬ (૦૧–૧૦–૨૦૧૪) **શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) :** માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧–૦૮–૨૦૧૪ ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં મેલેરીયા સુપરવાઈઝર, મેલેરીયા ઈન્સપેકટર અને મેલેરીયા સર્વેલન્સ વર્કરની જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) આ ખાલી જગ્યાઓ સરકારે કયાં સુધીમાં ભરવાનું આયોજન છે?

**આરોગ્ય મંત્રીશ્રી :** (૨૯–૧૧–૨૦૧૪)

(૧) તા.૩૧–૦૮–૨૦૧૪ ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં મેલેરીયા સુપરવાઈઝરની કુલ મંજુર થયેલી તમામ સાત (૭) જગ્યાઓ નીચે દર્શાવ્યા મુજબના સમયથી ખાલી છે.

| ક્રમ | વર્ષ | ખાલી જગ્યાની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૧૯૯૫ | ૨ |
| ૨ | ૧૯૯૬ | ૨ |
| ૩ | ૧૯૯૮ | ૨ |
| ૪ | ૨૦૦૪ | ૧ |
| **કુલ** | | **૭** |

મેલેરીયા ઈન્સપેકટરની મંજુર થયેલી ૩૨ પૈકીની ૩૧ જગ્યાઓ ખાલી જગ્યાઓ છે. જે નીચે દર્શાવ્યા મુજબના સમયથી ખાલી છે. તથા મેલેરીયા સર્વેલન્સ વર્કરની તમામ જગ્યાઓ ભરેલ છે.

| ક્રમ | વર્ષ | ખાલી જગ્યાની સંખ્યા | ક્રમ | વર્ષ | ખાલી જગ્યાની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | ૧૯૯૭ | ૧ | ૮ | ૨૦૦૭ | ૨ |
| ૨ | ૧૯૯૮ | ૨ | ૯ | ૨૦૦૮ | ૩ |
| ૩ | ૧૯૯૯ | ૧ | ૧૦ | ૨૦૦૯ | ૯ |
| ૪ | ૨૦૦૩ | ૨ | ૧૧ | ૨૦૧૦ | ૨ |
| ૫ | ૨૦૦૪ | ૧ | ૧૨ | ૨૦૧૧ | ૨ |
| ૬ | ૨૦૦૫ | ૨ | ૧૩ | ૨૦૧૨ | ૨ |
| ૭ | ૨૦૦૬ | ૧ | ૧૪ | ૨૦૧૩ | ૧ |
| | | | | **કુલ** | **૩૧** |

(૨) આ વર્ગ–૩ સંવર્ગની જગ્યાઓ પંચાયત સેવા હેઠળની કાયમી જગ્યાઓ છે અને જિલ્લા પંચાયત, મહેસાણા દ્વારા ભરવાની થાય છે.

–મેલેરીયા સુપરવાઈઝર, વર્ગ–૩ સંવર્ગની જગ્યાઓ મેલેરીયા લેબોરેટરી ટેકનીશીયન (વર્ગ–૩) સંવર્ગ માંથી ભરતી નિયમો મુજબ બઢતી માટે પાત્ર ઠરતા ઉમેદવારો પ્રાપ્ત થયેથી આ જગ્યાઓ ભરવામાં આવશે.

–મેલેરીયા ઈન્સપેકટરર, વર્ગ–૩ સંવર્ગની જગ્યાઓ મલ્ટી પરપઝ હેલ્થ વર્કર સંવર્ગમાંથી બઢતીથી ભરવાની થાય છે. મલ્ટી પરપઝ હેલ્થવર્કરની તમામ જગ્યાઓ ભરાયેલી છે. જેથી બઢતીની આ જગ્યાઓ પણ આ ફિડર કેડરમાંથી ભરતી નિયમો મુજબ બઢતી માટેની લાયકાતો /શરતો પૂર્ણ થયેલા કર્મચારીઓ પ્રાપ્ત થયેથી આ જગ્યાઓ ભરવામાં આવશે.

––––––––

**રાજયની જેલોમાં નિયમોનુસાર કેદીઓને રાખવાની જગ્યા**

અતારાંકિતઃ ૩૩૫૦(૦૯–૧૦–૨૦૧૪) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર) :** માનનીય મુખ્ય મંત્રીશ્રી(ગૃહ)જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૦–૦૬–૨૦૧૪ ની સ્થિતિએ રાજયની જેલોમાં કુલ કેટલા કેદીઓને નિયમોનુસાર રાખવાની જગ્યા છે, અને

(૨) તેની સામે ઉકત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં કેટલા કેદીઓને રાખવામાં આવ્યા છે?

**માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) :** (૨૯–૧૧–૨૦૧૪)

(૧) ૧૨૩૯૨.

(૨) **સ્થિતિ** **રાખવામાં આવેલ કેદી સંખ્યા**

| સ્થિતિ | રાખવામાં આવેલ કેદી સંખ્યા |
|---|---|
| તા. ૩૦/૦૬/૨૦૧૦ | ૧૨૨૯૬ |
| તા. ૩૦/૦૬/૨૦૧૧ | ૧૨૦૮૪ |
| તા. ૩૦/૦૬/૨૦૧૨ | ૧૧૮૯૯ |
| તા. ૩૦/૦૬/૨૦૧૩ | ૧૧૯૦૧ |
| તા. ૩૦/૦૬/૨૦૧૪ | ૧૨૮૮૦ |

--------

**અમદાવાદ શહેર અને જિલ્લામાં ગુનાહિત પ્રવૃત્તિઓ**

અતારાંકિતઃ ૩૩૫૫(૦૪-૧૦-૨૦૧૪) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) :** માનનીય મુખ્ય મંત્રીશ્રી(ગૃહ)જણાવવા કૃપા કરશે કે.-

(૧) સન ૨૦૧૦ થી ૨૦૧૪ સુધીમાં તા. ૩૦/૦૬/૨૦૧૪ ની સ્થિતિએ અમદાવાદ શહેર અને જિલ્લામાં હત્યા, બળાત્કાર અને લૂંટના વર્ષવાર કેટલા ગુન્હાઓ નોંધાયેલ છે,

(૨) તે પૈકી વર્ષવાર કેટલા ગુનાઓમાં આરોપીઓની ધરપકડ થયેલ છે, અને

(૩) વર્ષવાર કેટલા ગુનાઓમાં આરોપીઓની જામીન અરજી મંજુર થયેલ છે ?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) :** (૧-૧૨-૨૦૧૪)

(૧) અમદાવાદ શહેરઃ

| **વર્ષ** | **હત્યા(ખૂન)** | **બળાત્કાર** | **લુંટ** |
|---|---|---|---|
| તા.૦૧/૦૭/૨૦૧૦ થી તા.૩૦/૦૬/૨૦૧૧ | ૯૫ | ૬૫ | ૬૯૬ |
| તા.૦૧/૦૭/૨૦૧૧ થી તા.૩૦/૦૬/૨૦૧૨ | ૧૦૦ | ૬૦ | ૫૯૭ |
| તા.૦૧/૦૭/૨૦૧૨ થી તા.૩૦/૦૬/૨૦૧૩ | ૮૭ | ૯૭ | ૫૬૦ |
| તા.૦૧/૦૭/૨૦૧૩ થી તા.૩૦/૦૬/૨૦૧૪ | ૧૦૦ | ૧૧૬ | ૪૪૨ |

અમદાવાદ ગ્રામ્યઃ

| વર્ષ | હત્યા(ખૂન) | બળાત્કાર | લુંટ |
|---|---|---|---|
| તા.૦૧/૦૭/૨૦૧૦ થી તા.૩૦/૦૬/૨૦૧૧ | ૨૬ | ૬ | ૨૦ |
| તા.૦૧/૦૭/૨૦૧૧ થી તા.૩૦/૦૬/૨૦૧૨ | ૨૫ | ૬ | ૩૦ |
| તા.૦૧/૦૭/૨૦૧૨ થી તા.૩૦/૦૬/૨૦૧૩ | ૨૫ | ૯ | ૨૩ |
| તા.૦૧/૦૭/૨૦૧૩ થી તા.૩૦/૦૬/૨૦૧૪ | ૩૦ | ૨૧ | ૨૮ |

(૨) અમદાવાદ શહેરઃ

| | **ગુનાઓની સંખ્યા** | | |
|---|---|---|---|
| **વર્ષ** | **હત્યા(ખૂન)** | **બળાત્કાર** | **લુંટ** |
| તા.૦૧/૦૭/૨૦૧૦ થી તા.૩૦/૦૬/૨૦૧૧ | ૮૬ | ૬૫ | ૩૭૩ |
| તા.૦૧/૦૭/૨૦૧૧ થી તા.૩૦/૦૬/૨૦૧૨ | ૧૦૦ | ૬૦ | ૩૫૪ |
| તા.૦૧/૦૭/૨૦૧૨ થી તા.૩૦/૦૬/૨૦૧૩ | ૮૭ | ૯૭ | ૩૧૯ |
| તા.૦૧/૦૭/૨૦૧૩ થી તા.૩૦/૦૬/૨૦૧૪ | ૯૩ | ૧૧૦ | ૨૬૫ |

અમદાવાદ ગ્રામ્યઃ

| | **ગુનાઓની સંખ્યા** | | |
|---|---|---|---|
| **વર્ષ** | **હત્યા(ખૂન)** | **બળાત્કાર** | **લુંટ** |
| તા.૦૧/૦૭/૨૦૧૦ થી તા.૩૦/૦૬/૨૦૧૧ | ૨૫ | ૬ | ૨૦ |
| તા.૦૧/૦૭/૨૦૧૧ થી તા.૩૦/૦૬/૨૦૧૨ | ૨૫ | ૬ | ૨૯ |
| તા.૦૧/૦૭/૨૦૧૨ થી તા.૩૦/૦૬/૨૦૧૩ | ૨૫ | ૯ | ૨૨ |

| | | | |
|---|---|---|---|
| તા.૦૧/૦૭/૨૦૧૩ થી તા.૩૦/૦૬/૨૦૧૪ | ૩૦ | ૨૧ | ૨૮ |

(૩) અમદાવાદ શહેરઃ

| | ગુનાઓની સંખ્યા | | |
|---|---|---|---|
| **વર્ષ** | **હત્યા(ખૂન)** | **બળાત્કાર** | **લુંટ** |
| તા.૦૧/૦૭/૨૦૧૦ થી તા.૩૦/૦૬/૨૦૧૧ | ૬૩ | ૪૭ | ૩૫૬ |
| તા.૦૧/૦૭/૨૦૧૧ થી તા.૩૦/૦૬/૨૦૧૨ | ૭૯ | ૫૫ | ૩૪૨ |
| તા.૦૧/૦૭/૨૦૧૨ થી તા.૩૦/૦૬/૨૦૧૩ | ૪૩ | ૭૫ | ૩૦૯ |
| તા.૦૧/૦૭/૨૦૧૩ થી તા.૩૦/૦૬/૨૦૧૪ | ૨૯ | ૮૪ | ૨૪૧ |

અમદાવાદ ગ્રામ્યઃ

| | ગુનાઓની સંખ્યા | | |
|---|---|---|---|
| **વર્ષ** | **હત્યા(ખૂન)** | **બળાત્કાર** | **લુંટ** |
| તા.૦૧/૦૭/૨૦૧૦ થી તા.૩૦/૦૬/૨૦૧૧ | ૨૨ | ૬ | ૧૯ |
| તા.૦૧/૦૭/૨૦૧૧ થી તા.૩૦/૦૬/૨૦૧૨ | ૨૦ | ૬ | ૨૮ |
| તા.૦૧/૦૭/૨૦૧૨ થી તા.૩૦/૦૬/૨૦૧૩ | ૨૧ | ૭ | ૨૦ |
| તા.૦૧/૦૭/૨૦૧૩ થી તા.૩૦/૦૬/૨૦૧૪ | ૨૪ | ૧૭ | ૨૭ |

--------

**રાજયમાં જેલનાં કેદીઓના આરોગ્ય સંદર્ભમાં ડાયટ ખરીદીમાં ગેરરીતિ**

અતારાંકિતઃ ૩૫૧૮(૦૯-૧૦-૨૦૧૪) **ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) :** માનનીય મુખ્ય મંત્રીશ્રી(ગૃહ)જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧/૦૮/૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજયની જેલોમાં કેદીઓના આરોગ્યને ધ્યાને લઈ ડોકટરશ્રીના ડાયટ પ્લાન મુજબ વર્ષવાર કેટલી રકમના ઈંડા, દૂધ અને ફળની ખરીદી કરવામાં આવી,

(૨) આવી ખરીદી પાછળ વ્યાપક ગેરરીતિઓ થઈ છે તે અન્વયે સરકારશ્રી દ્વારા કયારેય તપાસ થઈ છે, અને

(૩) જો હા, તો કઈ કઈ જેલોમાં ગેરરીતિ સામે તપાસ થઈ અને તપાસ દરમ્યાન કઈ કઈ ગેરરીતિઓ સામે આવી જણાઈ ?

**માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) :** (૨૯-૧૧-૨૦૧૪)

(૧)

| **વર્ષ** | | **ઈંડા, દૂધ, ફળની થયેલ ખરીદી (રૂપિયા હજારમાં)** |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | | ૩૯૫૨ |
| ૨૦૧૦-૧૧ | | ૬૧૭૪ |
| ૨૦૧૧-૧૨ | | ૭૪૨૪ |
| ૨૦૧૨-૧૩ | | ૭૮૬૫ |
| ૨૦૧૩-૧૪ | | ૭૯૩૪ |
| ૨૦૧૪-૧૫ | (ઓગષ્ટ-૧૪) | ૧૦૨૨ |

(૨) અને (૩) આ ખરીદીમાં કોઈ ગેરરીતિ થયેલ ન હોઈ તપાસનો પ્રશ્ન ઉપસ્થિતિ થતો નથી.

--------

**વિજાપુર તાલુકામાં આપઘાતના કિસ્સા**

અતારાંકિતઃ ૩૭૯૪(૨૦-૧૦-૨૦૧૪) **શ્રી પ્રહલાદભાઇ ઈ. પટેલ(વિજાપુર) :** માનનીય મુખ્ય મંત્રીશ્રી(ગૃહ)જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૮-૨૦૧૪ ની સ્થિતિએ મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકામાં સને ૨૦૧૨, ૨૦૧૩ અને ૨૦૧૪ માં કેટલાં આપઘાત ના કેસો નોંધાયા, અને

(૨) આપઘાતનું પ્રમાણ ઘટાડવા શી કાર્યવાહી થઈ છે?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) :** (૦૧-૧૨-૨૦૧૪)

(૧)

| વર્ષ | કેટલા આપઘાતના કેસો નોંધાયા |
|---|---|
| તા.૦૧/૦૧/૨૦૧૨ થી તા.૩૧/૧૨/૨૦૧૨ | ૨૦ |
| તા.૦૧/૦૧/૨૦૧૩ થી તા.૩૧/૧૨/૨૦૧૩ | ૨૬ |
| તા.૦૧/૦૧/૨૦૧૪ થી તા.૩૧/૧૨/૨૦૧૪ | ૨૦ |

(૨) આપઘાતના બનાવો રોકવા ૧૦૯૦ નામની જિંદગી હેલ્પલાઈન કાર્યરત કરવામાં આવેલ છે જે અન્વયે કોઈ વ્યકિત દ્વારા હેલ્પલાઈન ઉપર ફોન આવે અથવા મદદની જરૂર જણાય તેવા કિસ્સામાં પોલીસ દ્વારા આવી વ્યકિતને રૂબરૂ મળી માનસિક સાંત્વના આપવામાં આવે છે. તેમજ આપઘાતના બનાવો બનતા અટકાવવા પો. સ્ટે. ખાતે આવતી રજુઆતો-અરજીઓની તપાસ દરમ્યાન જરૂરી અટકાયતી પગલાં લેવામાં આવે છે, તથા વિલેજ વીઝીટિશન દરમ્યાન ગામડાઓમાં ચાલતાં વાદ-વિવાદ તથા તકરારથી વાકેફ થઈ સુલેહ શાંતિ સારુ તકરારી માણસો સામે જરૂરી અટકાયતી પગલાં લેવામાં આવે છે. આપઘાત કરવા માટેના કારણો અંગે ઝીણવટ પૂર્વક તપાસ કરી જરૂરી કાર્યવાહી કરી ભવિષ્યમાં તેનો કોઈ ભોગ ન બને તે અંગે તકેદારી રાખવામાં આવે છે.

## મહેસાણા જિલ્લામાં સ્મશાનગૃહમાં ગુનાહિત તાંત્રિક વિધિઓ રોકવા બાબત

અતારાંકિતઃ ૩૮૦૧(૧૬-૧૦-૨૦૧૪) **શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) :** માનનીય મુખ્ય મંત્રીશ્રી(ગૃહ)જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૮-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં મહેસાણા જિલ્લામાં તાલુકાવાર સ્મશાનમાં ગુનાહિત તાંત્રિક વિધિઓ રોકવા શી કાર્યવાહી કરવામાં આવી ?

**માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) :** (૨૮-૧૧-૨૦૧૪)

આવી કોઈપણ પ્રકારની તાંત્રિક વિધિઓ થતી જણાઈ આવેલ ન હોઈ કાર્યવાહી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

## મહેસાણા જિલ્લામાં પશુ ચોરીનાં બનાવ

અતારાંકિતઃ ૩૮૦૯ (૧૬-૧૦-૨૦૧૪) **શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) :** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૮-૨૦૧૪ ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં કેટલા ગાયો અને ભેંસોની ચોરીના કેસો નોંધાયા છે,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલા ગુનેગારો પકડાયા, અને

(૩) તેમની સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૧-૧૨-૨૦૧૪)

(૧)

| વર્ષ | તાલુકાનું નામ | ગાયો અને ભેંસોની ચોરીના નોંધાયેલ કેસોની વિગત | |
|---|---|---|---|
| | | ગાયો | ભેંસો |
| ૧-૯-૨૦૧૨થી ૩૧-૦૮-૨૦૧૪ | મહેસાણા | ૨ | ૧૧ |
| | કડી | ૮ | ૩ |
| | બહુચરાજી | ૦ | ૧ |
| | વિસનગર | ૪ | ૭ |
| | વિજાપુર | ૦ | ૧૨ |
| | ઉંઝા | ૦ | ૫ |
| | ખેરાલુ | ૦ | ૧ |
| | વડનગર | ૧ | ૩ |
| | સતલાસણા | ૦ | ૦ |

(૨)

| વર્ષ | પકડાયેલ ગુનેગારોની વિગત |
|---|---|
| ૧-૯-૨૦૧૨થી ૩૧-૦૮-૨૦૧૪ | ૨૦ |

(૩) આરોપીઓ વિરૂધ્ધ પુરાવા મેળવી ચાર્જશીટ કરી નામ. કોર્ટમાં મોકલી આપવામાં આવેલ છે. તેમજ તેઓની વિરૂધ્ધ સી.આર.પી.સી. ક. ૧૦૭, ૧૧૦ (જી), ૧૫૧ મુજબના અટકાયતી પગલાં લેવામાં આવેલ છે.

--------

**વિજાપુર તાલુકામાં વાહન ચોરીના બનાવ**

અતારાંકિતઃ ૩૮૧૪ (૧૭-૧૦-૨૦૧૪) **શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) :** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૮-૨૦૧૪ ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં વિજાપુર તાલુકામાં છેલ્લા પાંચ વર્ષમાં ટુ-વ્હીલ, થ્રી વ્હીલ તથા ફોર-વ્હીલ વાહનો ચોરીના કેટલા કેસો નોંધવામાં આવ્યા, અને

(૨) તે પૈકી કેટલા વાહનો પરત પકડવામાં આવ્યા ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૧-૧૨-૨૦૧૪)

(૧)

| વર્ષ | કેસો નોંધાયા | | |
|---|---|---|---|
| | ટુ-વ્હીલ વાહનો | થ્રી વ્હીલ વાહનો | ફોર-વ્હીલ વાહનો |
| તા. ૦૧-૦૯-૦૯ થી ૩૧-૦૮-૧૪ | ૫૨ | - | ૨૧ |

(૨) ૨૯

--------

**મહેસાણા જિલ્લામાં મહિલાઓને સ્ટેટમેન્ટ આપવા પોલીસ સ્ટેશને બોલાવવાની ઘટનાઓ**

અતારાંકિતઃ ૩૮૨૦ (૧૭-૧૦-૨૦૧૪) **શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) :** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૮-૨૦૧૪ ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર છેલ્લા પાંચ વર્ષમાં કેટલા કિસ્સામાં પ્રતિબંધ હોવા છતાં મહિલાઓને સ્ટેટમેન્ટ આપવા પોલીસ સ્ટેશને બોલાવવામાં આવી, અને

(૨) તે માટે જવાબદાર પોલીસ કર્મચારી સામે શા કાનૂની પગલાં લેવામાં આવ્યા અને આવી ઘટનાનું પુનરાવર્તન ના થાય તે માટે શી કાર્યવાહી થઈ છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) **:** (૧-૧૨-૨૦૧૪)

(૧) એકપણ નહી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**મહેસાણા જિલ્લામાં મહિલાઓને રાત્રી સમયે લોકઅપમાં રાખવા બાબત**

અતારાંકિતઃ ૩૮૨૩ (૧૭-૧૦-૨૦૧૪) **શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) :** માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૮-૨૦૧૪ ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર છેલ્લા પાંચ વર્ષમાં કેટલા કિસ્સામાં કાયદાકીય પ્રતિબંધ હોવા છતાં મહિલાઓને રાત્રીના સમયે લોક અપમાં રાખવામાં આવી, અને

(૨) તેના શાં કારણો છે ?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :** (૧-૧૨-૨૦૧૪)

(૧) એક પણ કેસમાં નહિ.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**ઉદ્યોગ પ્રભાગ અને તેની તાબા હેઠળની કચેરીઓનું સંવર્ગવાર મહેકમ**

અતારાંકિતઃ ૩૫૩૯ (૧–૧૦–૨૦૧૪) **ડાં. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) :** માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૭–૨૦૧૪ની સ્થિતિએ ઉદ્યોગ પ્રભાગ અને તેની તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે અન્વયે સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને

(૩) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે તથા આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ):** (૭–૧–૨૦૧૫)

(૧) તા. ૩૧–૭–૨૦૧૪ની સ્થિતિએ ઉદ્યોગ પ્રભાગ અને તેની તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર નીચે જણાવ્યા પ્રમાણે જગ્યાઓ મંજૂર થયેલ છે.

| **કચેરીનું નામ** | **સંવર્ગો** | | | |
|---|---|---|---|---|
| | **વર્ગ–૧** | **વર્ગ–૨** | **વર્ગ–૩** | **વર્ગ–૪** |
| ઉદ્યોગ પ્રભાગ | ૨૧ | ૨૩ | ૭૨ | ૨૭ |
| ઉદ્યોગ કમિશ્નરશ્રીની કચેરી | ૪૩ | ૪૩ | ૪૭૧ | ૧૫૬ |
| પ્રવાસન કમિશ્નરશ્રીની કચેરી | ૧ | ૧ | ૭ | ૩ |
| નિયામકશ્રી, નાગરિક ઉડ્ડયનની કચેરી | ૧ | ૧ | ૪ | ૦ |
| કમિશ્નરશ્રી, કુટિર અને ગ્રામોદ્યોગની કચેરી | ૨૫ | ૭૪ | ૬૯૬ | ૧૦૫ |
| નિયામકશ્રી, સરકારી મુદ્રણ અને લેખન સામગ્રી | ૧૦ | ૩૭ | ૧૫૭૭ | ૨૯૬ |

(૨) તા. ૩૧–૭–૨૦૧૪ની સ્થિતિએ ઉદ્યોગ પ્રભાગ અને તેની તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર નીચે જણાવ્યા પ્રમાણે જગ્યાઓ ભરાયેલ છે.

| **કચેરીનું નામ** | **સંવર્ગો** | | | |
|---|---|---|---|---|
| | **વર્ગ–૧** | **વર્ગ–૨** | **વર્ગ–૩** | **વર્ગ–૪** |
| ઉદ્યોગ પ્રભાગ | ૧૩ | ૧૮ | ૫૦ | ૧૩ |
| ઉદ્યોગ કમિશ્નરશ્રીની કચેરી | ૧૫ | ૩૧ | ૨૫૭ | ૭૫ |
| પ્રવાસન કમિશ્નરશ્રીની કચેરી | ૦ | ૦ | ૪ | ૨ |
| નિયામકશ્રી, નાગરિક ઉડ્ડયનની કચેરી | ૧ | ૧ | ૪ | ૦ |
| કમિશ્નરશ્રી, કુટિર અને ગ્રામોદ્યોગની કચેરી | ૬ | ૩૨ | ૪૧૭ | ૬૬ |
| નિયામકશ્રી, સરકારી મુદ્રણ અને લેખન સામગ્રી | ૭ | ૧૨ | ૫૭૫ | ૧૨૮ |

(૩) તા. ૩૧–૭–૨૦૧૪ની સ્થિતિએ ઉદ્યોગ પ્રભાગ અને તેની તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર નીચે જણાવ્યા પ્રમાણે જગ્યાઓ ખાલી છે.

| **કચેરીનું નામ** | **સંવર્ગો** | | | |
|---|---|---|---|---|
| | **વર્ગ–૧** | **વર્ગ–૨** | **વર્ગ–૩** | **વર્ગ–૪** |
| ઉદ્યોગ પ્રભાગ | ૮ | ૫ | ૨૨ | ૧૪ |
| ઉદ્યોગ કમિશ્નરશ્રીની કચેરી | ૨૮ | ૧૨ | ૨૧૪ | ૮૧ |
| પ્રવાસન કમિશ્નરશ્રીની કચેરી | ૧ | ૧ | ૩ | ૧ |
| નિયામકશ્રી, નાગરિક ઉડ્ડયનની કચેરી | ૦ | ૦ | ૦ | ૦ |
| કમિશ્નરશ્રી, કુટિર અને ગ્રામોદ્યોગની કચેરી | ૧૯ | ૪૨ | ૨૭૯ | ૩૯ |
| નિયામકશ્રી, સરકારી મુદ્રણ અને લેખન સામગ્રી | ૩ | ૨૫ | ૧૦૦૨ | ૧૬૮ |

આવી જગ્યાઓ સરકારશ્રીની મંજૂરી મળ્યે સત્વરે ભરવામાં આવશે.

––––––––

અતારાંકિત પ્રશ્નો

**મહેસાણા જિલ્લામાં ઘર વિહોણા અગરીયાઓને મકાનો આપવાની યોજના**

અતારાંકિતઃ ૩૭૩૧ (૧૫–૧૦–૨૦૧૪) **શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) :** માનનીય મીઠા ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૦૮–૨૦૧૪ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કેટલા અગરીયાઓ ઘર વિહોણા છે,

(૨) ઘર વિહોણા અગરીયાઓને મકાનો આપવા શી યોજના છે ?

(૩) ક્યાં સમય સુધીમાં તમામ ઘર વિહોણા અગરીયાઓને ઘર પૂરા પાડવામાં આવશે અને જે અગરીયાઓને પોતાનો પ્લોટ નથી એમને સરકાર શી સહાય કરવા માંગે છે ?

**મીઠા ઉદ્યોગ મંત્રીશ્રી :** (૧–૧૨–૨૦૧૪)

(૧) મહેસાણા જિલ્લામાં કોઈ જ અગર કે અગરીયાઓ ન હોઈ અગરીયાઓ ઘર વિહોણા હોવાનો પ્રશ્ન ઉપસ્થિત રહેતો નથી.

(૨) ઘર વિહોણા અગરીયાઓને મકાનો આપવાની કોઈ યોજના હાલમાં અમલમાં નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

––––––––

**મહેસાણા જિલ્લામાં ખનિજ ચોરી બાબત**

અતારાંકિતઃ ૩૭૩૨ (૨૦–૧૦–૨૦૧૪) **શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) :** માનનીય ખાણ–ખનીજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૮–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં મહેસાણા જિલ્લાના તાલુકાવાર કયા ખનીજની ચોરી પકડાઈ,

(૨) ઉક્ત સ્થિતિએ પકડેલ ખનીજ ચોરીમાં કેટલી કિંમતનો કેટલો જથ્થો પકડાયેલ હતો, અને

(૩) તે પૈકી કેટલા ઇસમોની સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**ખાણ–ખનીજ મંત્રીશ્રી :** (૧–૧૨–૨૦૧૪)

(૧) તા.૩૧–૦૮–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં મહેસાણા જિલ્લામાં તાલુકાવાર પકડેલ ખનીજ ચોરીની વિગત નીચે મુજબ છે.

| અનુ. | તાલુકાનું નામ | ખનિજનું નામ |
|---|---|---|
| ૧ | વિજાપુર | સાદી રેતી, સાદી માટી, બિલ્ડીંગ સ્ટોન |
| ૨ | કડી | સાદી રેતી, સાદી માટી |
| ૩ | સતલાસણા | ક્વાર્ટઝાઇટ, બિલ્ડીંગ સ્ટોન, ગ્રેનાઇટ |
| ૪ | ઉંઝા | સાદી માટી, સાદી રેતી |
| ૫ | વડનગર | સાદી માટી, સાદી રેતી, ગ્રેનાઇટ |
| ૬ | ખેરાલુ | સાદી માટી, સાદી રેતી |
| ૭ | વિસનગર | સાદી માટી, સાદી રેતી |
| ૮ | મહેસાણા | સાદી માટી, સાદી રેતી |
| ૯ | બેચરાજી | સાદી માટી, સાદી રેતી |

(૨) ઉક્ત સ્થિતિએ પકડેલ ખનીજ ચોરીમાં ` ૨,૯૬,૦૪,૯૫૫/– કિંમતનો ૩,૨૩,૯૧૫ મે.ટન જથ્થો પકડાયેલ હતો.

(૩) તે પૈકી ૫૪૨ કેસોના ઇસમો પાસેથી ` ૧,૫૭,૪૦,૮૮૨/–ની દંડકીય વસૂલાત કરવામાં આવેલ છે જ્યારે ૦૨ કેસના ઇસમો સામે ` ૧,૩૮,૬૪,૦૭૩/–ની ખનિજ ચોરી માટે પોલીસ ફરીયાદ કરવામાં આવેલ છે.

––––––––

## મહેસાણા જિલ્લામાં ખાણ અને ખનીજ ખાતામાં લીઝ માટેની માંગણી

અતારાંકિતઃ ૩૭૩૪ (૧૫–૧૦–૨૦૧૪) **શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) :** માનનીય ખાણ–ખનીજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) ૨૦૧૧–૧૨, ૨૦૧૨–૧૩ અને ૨૦૧૩–૧૪ના નાણાકીય વર્ષમાં મહેસાણા જિલ્લામાં ખાણ અને ખનીજ ખાતામાં કઈ કઈ લીઝ માટેની કેટલી માંગણીઓ આવેલ છે,

(૨) આ પૈકી કેટલી માંગણીઓ મંજૂર થયેલ, કેટલી નામંજૂર થયેલ અને માંગણીઓના મંજૂર થવાના કારણો શા છે, અને

(૩) જેની માંગણીવાઈઝ યાદી ?

**ખાણ–ખનીજ મંત્રીશ્રી :** (૧–૧૨–૨૦૧૪)

(૧) મહેસાણા જિલ્લામાં ખાણ અને ખનીજ ખાતામાં આપેલ ત્રણ નાણાકીય વર્ષમાં મળેલ લીઝ માટેની માંગણી ખનીજ વાર નીચે મુજબ છેઃ

| નાણાકીય વર્ષ | ખનિજનું નામ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | રેતી | ગ્રેનાઈટ | ગ્રેવલ | ક્વાર્ટઝાઈટ | બિલ્ડીંગ સ્ટોન | બેન્ટોનાઈટ | માટી | સેન્ડસ્ટોન |
| ૨૦૧૧–૧૨ | ૨૨૯ | ૩૦ | ૧ | ૧ | ૮ | ૧ | ૩ | ૦ |
| ૨૦૧૨–૧૩ | ૫૬૩ | ૧૦૮ | ૨ | ૨ | ૨૮ | ૨ | ૨૫ | ૩૮ |
| ૨૦૧૩–૧૪ | ૨૧ | ૧૧૯ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

(૨) સરકારશ્રીના પ્રવર્તમાન કાયદાઓ અને નીતિ નિયમોનુસાર નીચે મુજબ લીઝની માંગણીઓ મંજુર/નામંજુર કરવામાં આવેલ છે.

| વર્ષ | મંજૂર | નામંજૂર |
|---|---|---|
| ૨૦૧૧–૧૨ | ૦૧ | ૩૧ |
| ૨૦૧૨–૧૩ | ૦૪ | ૨૧૦ |
| ૨૦૧૩–૧૪ | ૦૨ | ૦૦ |

(૩)

| | |
|---|---|
| ૨૦૧૧–૧૨ | *પત્રક–અ |
| ૨૦૧૨–૧૩ | *પત્રક–બ |
| ૨૦૧૩–૧૪ | *પત્રક–ક |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

## જામનગર જિલ્લામાં ખનિજ તત્વોની બેફામ ચોરીના કિસ્સા

અતારાંકિતઃ ૩૮૫૫ (૧૫–૧૦–૨૦૧૪) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય ખાણ ખનીજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૦૩–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં જામનગર જિલ્લામાં માટી, રેતી, કપચી, લિગ્નાઈટ, પથ્થરના ખનિજ તત્વોની ચોરી થઈ રહી છે તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં કેટલા કિસ્સાઓ નોંધાયા, અને

(૩) ગેરકાયદે ખનન કરતા આ ઈસમો સામે કેવી કાયદેસર કાર્યવાહી કરી ?

**ખાણ ખનીજ મંત્રીશ્રી :** (૨૯–૧૧–૨૦૧૪)

(૧) અને (૨) : તા. ૩૧–૦૩–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં જામનગર જિલ્લામાં ખનિજ ચોરીના આ પ્રકારના ૧૬૩૨ કેસો નોંધાયા છે.

(૩) ગેરકાયદેસર ખનન કરતા આ ઈસમોને નોટીસ આપી, દંડની વસૂલાત તથા પોલીસ ફરીયાદ જેવી કાયદેસર કાર્યવાહી કરવામાં આવી.

--------

**રાજકોટ ખનિજ સંશોધન વર્તુળમાં મદદનીશ ભુસ્તરશાસ્ત્રીઓ તથા સ્ટોરકીપરો દ્વારા નાણાંની ઉચાપત**

અતારાંકિતઃ ૩૮૬૨ (૧૫-૧૦-૨૦૧૪) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય ખાણ ખનીજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) ખાણ-ખનીજ ખાતા હેઠળની રાજકોટ ખનીજ સંશોધન વર્તુળમાં ભૂસ્તરશાસ્ત્રીઓ તથા સ્ટોરકીપરો દ્વારા નાણાની ઉચાપત કરવામાં આવ્યાનું તા. ૩૦મી જુન-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ધ્યાન ઉપર આવ્યું છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો સંબંધિત જવાબદારો સામે શા પગલાં લેવામાં આવ્યા ?

**ખાણ-ખનીજ મંત્રીશ્રી :** (૧-૧૨-૨૦૧૪)

(૧) અને (૨) : આ અંગે મળેલ ફરિયાદોના આધારે હાલ આ બાબત તપાસની પ્રક્રિયા હેઠળ હોઈ, સમગ્ર તપાસ પ્રક્રિયાને અનુસર્યા બાદ નિયમાનુસારની કાર્યવાહી કરવામાં આવશે. હાલના તબક્કે શ્રી બી. એસ. દવે ભૂસ્તરશાસ્ત્રીને ફરજ મોકુફી ઉપર ઉતારવામાં આવેલ છે.

--------

**ગાંધીનગર જીલ્લા કચેરી ખાતે મદદનીશ ભુસ્તરશાસ્ત્રી (વર્ગ-૨) દ્વારા લીઝ ઈન્સ્પેકશન તથા લીઝ માપણી અંગે ગેરરીતિઓ**

અતારાંકિતઃ ૩૮૬૩ (૧૫-૧૦-૨૦૧૪) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય ખાણ ખનિજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) ખાણ-ખનીજ ખાતા હેઠળની ગાંધીનગર જીલ્લા કચેરી ખાતે મદદનીશ ભૂસ્તરશાસ્ત્રી વર્ગ-૨ દ્વારા લીઝ ઈન્સ્પેકશન તથા લીઝ માપણી અંગે ગેરરીતિઓ આચરવામાં આવ્યાની કેટલી ફરીયાદો તા. ૩૦મી જુન-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મળી છે.

(૨) આ ફરિયાદો અન્વયે તપાસ પૂર્ણ કરી શા કાનુની પગલાં લેવામાં આવ્યા છે,

(૩) પગલાં લેવાના બાકી હોય તો તેના શા કારણો છે, અને

(૪) ક્યાં સુધીમાં પગલાં લેવામાં આવનાર છે ?

**ખાણ-ખનીજ મંત્રીશ્રી :** (૧-૧૨-૨૦૧૪)

(૧) એક ફરીયાદ મળેલ છે.

(૨), (૩) અને (૪) : તપાસની કાર્યવાહી ચાલુ હોઈ, પૂર્ણ થયે સત્વરે નિયમાનુસાર પગલાં લેવામાં આવશે.

--------

**"ગુજરાત મેગેજીન" ને છાપકામ માટે ખાનગી પ્રેસને આપવા બાબત**

અતારાંકિતઃ ૩૬૨૪ (૧૬-૧૦-૨૦૧૪) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય મુખ્યમંત્રીશ્રી (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) માહિતી કમિશ્નરની કચેરી દ્વારા પ્રકાશિત થતાં "ગુજરાત મેગેજીન" ને જૂન-૨૦૧૪ની સ્થિતિએ સરકારી પ્રેસો ઉપલબ્ધ હોવા છતાં ખાનગી પ્રેસનો કોન્ટ્રાક્ટ આપી છપાવવામાં આવી રહ્યા છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેના શા કારણો છે, અને

(૩) જૂન-૨૦૧૪ની સ્થિતિએ પાંચ વર્ષમાં "ગુજરાત મેગેજીન" કયા કયા ખાનગી પ્રેસમાં છાપવામાં આવ્યા અને તેનો કેટલો ખર્ચ થયો ?

**મુખ્યમંત્રીશ્રી (માહિતી અને પ્રસારણ):** (૨૮-૧૧-૨૦૧૪)

(૧) હા, જી.

(૨) નિયામકશ્રી, સરકારી મુદ્રણ અને લેખન સામગ્રી, ગાંધીનગરએ ગુજરાત પાક્ષિકનું નિયત સમયમાં મુદ્રણ કરવા બાબતે અસમર્થતા દર્શાવેલ છે.

(૩) જૂન ૨૦૧૪ની સ્થિતિએ પાંચ વર્ષમાં જે ખાનગી પ્રેસમાં "ગુજરાત મેગેજીન" છાપવામાં આવ્યું છે તેની તથા ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| **સમયગાળો** | **પ્રેસનું નામ** | **ખર્ચની રકમ રૂ.** |
|---|---|---|
| ૦૧-૦૭-૨૦૦૯ થી ૩૦-૦૬-૨૦૧૦ | સાહિત્ય મુદ્રણાલય, અમદાવાદ | ૭,૪૮,૫૨,૨૨૦/- |
| ૦૧-૦૭-૨૦૧૦ થી ૩૦-૦૬-૨૦૧૧ | સાહિત્ય મુદ્રણાલય, અમદાવાદ | ૭,૪૭,૪૯,૩૨૫/- |
| ૦૧-૦૭-૨૦૧૧ થી ૩૦-૦૬-૨૦૧૨ | સાહિત્ય મુદ્રણાલય, અમદાવાદ | ૯,૪૬,૩૫,૩૫૯/- |
| ૦૧-૦૭-૨૦૧૨ થી ૩૦-૦૬-૨૦૧૩ | સાહિત્ય મુદ્રણાલય, અમદાવાદ | ૬,૮૯,૯૧,૮૬૪/- |
| | સુર્યા ઓફસેટ, અમદાવાદ | ૨,૦૧,૦૯,૬૪૭/- |
| | ગુજરાત ઓફસેટ, અમદાવાદ | ૬,૩૧,૭૨,૩૦૮/- |
| ૦૧-૦૭-૨૦૧૩ થી ૩૦-૦૬-૨૦૧૪ | સુર્યા ઓફસેટ, અમદાવાદ | ૫,૩૩,૪૨,૯૫૦/- |
| | ગુજરાત ઓફસેટ, અમદાવાદ | ૧૦,૨૮,૨૧,૬૫૬/- |

--------

**મહેસાણા જિલ્લામાં અંધજનો બેરોજગારોને રોજગારી આપવા**

અતારાંકિતઃ ૩૭૧૭ (૧૭-૧૦-૨૦૧૪) **શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) :** માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૮-૨૦૧૪ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કેટલા અંધજનો બેરોજગાર છે, અને

(૨) તેમને રોજગારી આપવા શી વ્યવસ્થા થઈ છે ?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી :** (૨-૧૨-૨૦૧૪)

(૧) તા. ૩૧-૮-૧૪ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ અંધજનો બેરોજગાર છે.

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **નોંધાયેલ અંધજન બેરોજગાર ઉમેદવારોની સંખ્યા** |
|---|---|---|
| ૧ | મહેસાણા | ૦૯ |
| ૨ | વિસનગર | ૦૫ |
| ૩ | ઉંઝા | ૦૩ |
| ૪ | વડનગર | ૦૩ |
| ૫ | વિજાપુર | ૦૨ |
| ૬ | બેચરાજી | ૦૨ |
| ૭ | ખેરાલુ | ૦૨ |
| ૮ | કડી | ૦૭ |
| ૯ | સતલાસણા | ૦૧ |
| ૧૦ | જોટાણા | ૦૧ |
| | **કુલ** | **૩૫** |

(૨) રોજગાર કચેરીમાં નોંધાયેલ બેરોજગારોને ઈન્ટરવ્યૂ કે રોજગારીની તકો અપાવવા નોકરીદાતાઓની માંગણી મુજબ ભલામણ કરવામાં આવે છે. ઉપરાંત નોકરીદાતાઓના સહયોગથી જોબફેર ભરતી મેળાઓના આયોજન કરી રોજગારી તથા સ્વરોજગાર શિબિરો, શાળા કોલેજોમાં કેરીયર કોર્નરના વર્ગો દ્વારા માર્ગદર્શન આપવામાં આવે છે.

-------

**મહેસાણા જિલ્લામાં નોંધાયેલ બેરોજગારો**

અતારાંકિતઃ ૩૭૧૮ (૧૫-૧૦-૨૦૧૪) **શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) :** માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

તા.૩૧-૦૮-૧૪ ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કેટલા બેરોજગારો નોંધાયેલ છે ?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી :** (૨-૧૨-૨૦૧૪)

(૧) તા.૩૧-૦૮-૨૦૧૪ ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર નોંધાયેલ બેરોજગારો નીચે મુજબ છે.

| **અનુ.** | **તાલુકાનું નામ** | **નોંધાયેલ બેરોજગારોની સંખ્યા** |
|---|---|---|
| ૧ | મહેસાણા | ૮૭૦૩ |

| | | |
|---|---|---|
| ૨ | વિસનગર | ૬૧૮૯ |
| ૩ | ઉંઝા | ૪૬૦૮ |
| ૪ | વડનગર | ૨૯૧૨ |
| ૫ | વિજાપુર | ૫૫૮૭ |
| ૬ | બેચરાજી | ૨૨૪૨ |
| ૭ | ખેરાલુ | ૨૦૮૫ |
| ૮ | કડી | ૪૪૨૨ |
| ૯ | સતલાસણા | ૧૬૫૭ |
| ૧૦ | જોટાણા | ૨૩૦૪ |
| | **કુલ** | **૪૦૭૦૯** |

----------

**મહેસાણા જિલ્લામાં સિંચાઈ માટે પાણી**

અતારાંકિતઃ ૩૭૭૧ (૧૬-૧૦-૨૦૧૪) **શ્રી પ્રહલાદભાઈ ઇ. પટેલ(વિજાપુર) :** માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૮-૨૦૧૪ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કેટલા હેક્ટરમાં સિંચાઈ માટે પાણી આપવામાં આવે છે, અને

(૨) બાકી રહેલા હેક્ટરમાં ક્યાં સુધીમાં આપવામાં આવશે ?

**જળસંપત્તિ મંત્રીશ્રી :** (૨૯-૧૧-૨૦૧૪)

(૧) નીચે મુજબ કુલ ૯૧૭૫૫.૩૨ હેક્ટર વિસ્તારમાં.

| તાલુકો | સિંચાઈ વિસ્તાર હેઠળનો વિસ્તાર (હેક્ટરમાં) | | |
|---|---|---|---|
| | કેનાલ દ્વારા | ઉદ્વહન પાઈપલાઈન દ્વારા પૂરક સિંચાઈ | નર્મદા કમાન્ડની નહેરો દ્વારા |
| સતલાસણા | ૦૮૬૭ | - | - |
| ખેરાલુ | ૧૪૨૯ | ૨૩૧.૮૨ | - |
| વડનગર | ૧૫૫૮૪ | ૨૩.૪૯ | - |
| વિસનગર | ૧૫૭૬૫ | ૭.૯૪ | - |
| વિજાપુર | ૧૦૫૪૯ | ૨૪૪.૨૩ | - |
| ઉંઝા | ૧૦૭૮૬ | - | - |
| મહેસાણા | ૬૮૨૫ | ૧૮૦.૬૮ | ૧૦૦ |
| કડી | - | ૪.૪૦ | ૨૮૬૨૧ |
| બેચરાજી | - | ૧૪૨.૩૬ | ૩૯૫ |
| **કુલઃ** | **૬૧૮૦૫** | **૮૩૪.૩૨** | **૨૯૧૧૬** |

(૨) નહેર સિંચાઈ બાબતે વિજાપુર તાલુકાના બાકી રહેતા ૧૩૬૫ હેક્ટરમાં જમીન સંપાદન પૂર્ણ થયા બાદ નહેરનું કામ પૂર્ણ થયેથી પાણી આપવામાં આવશે. ઉદ્વહન પાઈપલાઈન દ્વારા પૂરક સિંચાઈ માટે જ પાણી આપવામાં આવતુ હોઈ બાકી વિસ્તારને પાણી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. નર્મદા કમાન્ડમાં પ્રગતિ હેઠળના કામોમાં જમીન સંપાદન તથા અન્ય યુટિલિટી ક્રોસીંગ બાબતે સંબંધિત વિભાગોની મંજૂરી મળ્યા બાદ વહેલી તકે કામ પૂર્ણ કરી સિંચાઈનું પાણી પુરું પાડવામાં આવશે.

---------

**પાટણ જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ મંજૂર કરેલ મકાનો**

અતારાંકિતઃ ૩૩૬૩ (૧૭-૯-૨૦૧૪) **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) :** માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) ૨૦૦૯-૨૦૧૦, ૨૦૧૦-૨૦૧૧, ૨૦૧૧-૨૦૧૨, ૨૦૧૨-૨૦૧૩ અને ૨૦૧૩-૨૦૧૪ ના નાણાંકીય વર્ષવાર ઈન્દિરા આવાસ યોજના હેઠળ પાટણ જિલ્લામાં તાલુકાવાર કેટલા મકાનો મંજૂર કરવામાં આવ્યા હતા,

(૨) તે પૈકી ક્યા વર્ષના કેટલા મકાનોનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું અને કેટલા મકાનોનું બાંધકામ બાકી છે,

(૩) મંજૂર મકાનો પૂર્ણ રીતે બાંધવામાં ન આવ્યા હોય તો તેના કારણો શાં છે, અને

(૪) એક મકાનની નાણાંકીય વર્ષવાર અંદાજીત રકમ કેટલી મંજૂર કરવામાં આવી હતી, અને

(૫) તેમાં કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને લાભાર્થીઓનો ફાળો કેટલો છે ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૨૪-૧૧-૨૦૧૪)

(૧) ૨૦૦૯-૨૦૧૦, ૨૦૧૦-૨૦૧૧, ૨૦૧૧-૨૦૧૨, ૨૦૧૨-૨૦૧૩ અને ૨૦૧૩-૨૦૧૪ ના નાણાંકીય વર્ષવાર ઈન્દિરા આવાસ યોજના હેઠળ પાટણ જિલ્લામાં કુલ ૧૮૧૧૯ મકાનો મંજૂર કરવામાં આવ્યા.

**તાલુકાવાર અને વર્ષવાર વિગતો નીચે મુજબ છે.**

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષવાર મંજૂર કરેલ મકાનો | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | **૨૦૦૯-૧૦** | **૨૦૧૦-૧૧** | **૨૦૧૧-૧૨** | **૨૦૧૨-૧૩** | **૨૦૧૩-૧૪** | **કુલ** |
| ૧ | પાટણ | ૬૯૫ | ૩૦૨૭ | ૩૦૦ | ૮૨ | ૭૦૦ | ૪૮૦૪ |
| ૨ | સિદ્ધપુર | ૩૪૭ | ૩૭૩ | ૬૦ | ૨૪૩ | ૩૯૦ | ૧૪૧૩ |
| ૩ | ચાણસ્મા | ૧૭૫ | ૩૩૩ | ૧૮૫ | ૦ | ૨૧૦ | ૯૦૩ |
| ૪ | હારીજ | ૧૬૨ | ૫૨૭ | ૧૬૬ | ૦ | ૮૦ | ૯૩૫ |
| ૫ | સમી | ૬૮૪ | ૩૦૩૧ | ૪૦૦ | ૯૧૫ | ૫૦૦ | ૫૫૩૦ |
| ૬ | રાધનપુર | ૪૩૬ | ૧૫૦૭ | ૨૦૦ | ૧૪૩ | ૩૨૦ | ૨૬૦૬ |
| ૭ | સાંતલપુર | ૩૯૪ | ૭૧૩ | ૪૦૦ | ૧૨૧ | ૩૦૦ | ૧૯૨૮ |
| | **કુલ** | **૨૮૯૩** | **૯૫૧૧** | **૧૭૧૧** | **૧૫૦૪** | **૨૫૦૦** | **૧૮૧૧૯** |

(૨) તે પૈકી ૧૬૧૫૭ મકાનોનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું અને કુલ ૧૯૬૨ મકાનોનું બાંધકામ બાકી છે.

| ક્રમ | તાલુકાનું નામ | બાંધકામની વિગત | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | **૨૦૦૯-૨૦૧૦** | | **૨૦૧૦-૨૦૧૧** | | **૨૦૧૧-૨૦૧૨** | | **૨૦૧૨-૨૦૧૩** | | **૨૦૧૩-૨૦૧૪** | | **કુલ** | |
| | | પૂર્ણ | બાકી | પૂર્ણ | બાકી | પૂર્ણ | બાકી | પૂર્ણ | બાકી | પૂર્ણ | બાકી | પૂર્ણ | બાકી |
| ૧ | પાટણ | ૬૯૫ | ૦ | ૨૭૯૫ | ૨૩૨ | ૨૪૬ | ૫૪ | ૩૫ | ૪૭ | ૨૧૪ | ૪૮૬ | ૩૯૮૫ | ૮૧૯ |
| ૨ | સિદ્ધપુર | ૩૪૭ | ૦ | ૩૭૩ | ૦ | ૬૦ | ૦ | ૨૪૦ | ૩ | ૧૭૦ | ૨૨૦ | ૧૧૯૦ | ૨૨૩ |
| ૩ | ચાણસ્મા | ૧૭૩ | ૨ | ૩૩૨ | ૧ | ૧૮૩ | ૨ | ૦ | ૦ | ૧૧૩ | ૯૭ | ૮૦૧ | ૧૦૨ |
| ૪ | હારીજ | ૧૬૨ | ૦ | ૫૨૭ | ૦ | ૧૬૬ | ૦ | ૦ | ૦ | ૫૮ | ૨૨ | ૯૧૩ | ૨૨ |
| ૫ | સમી | ૬૮૪ | ૦ | ૩૦૩૧ | ૦ | ૪૦૦ | ૦ | ૯૧૫ | ૦ | ૨૨૩ | ૨૭૭ | ૫૨૫૩ | ૨૭૭ |
| ૬ | રાધનપુર | ૪૩૧ | ૫ | ૧૪૬૫ | ૪૨ | ૧૯૩ | ૭ | ૧૩૩ | ૧૦ | ૧૨૮ | ૧૯૨ | ૨૫૫૦ | ૨૫૬ |
| ૭ | સાંતલપુર | ૩૯૪ | ૦ | ૬૭૦ | ૪૩ | ૩૬૪ | ૩૬ | ૯૧ | ૩૦ | ૧૪૬ | ૧૫૪ | ૧૬૬૫ | ૨૬૩ |
| | **કુલ** | **૨૮૮૬** | **૭** | **૯૩૯૩** | **૩૧૮** | **૧૬૧૨** | **૯૯** | **૧૪૧૪** | **૯૦** | **૧૦૫૨** | **૧૪૪૮** | **૧૬૧૫૭** | **૧૯૬૨** |

(૩) મંજૂર મકાનો પૂર્ણ ન થવાના કારણો.

- લાભાર્થીએ જાતે જ આવાસનું બાંધકામ કરવાનું હોય છે.
- યોજનાની જોગવાઈ મુજબ લાભાર્થીએ ત્રણ વર્ષમાં મકાન બાંધવાનું હોય છે.

(૪) એક મકાનની નાણાંકીય વર્ષવાર મંજૂર કરવામાં આવેલ રકમ નીચે મુજબ છે.

| **ક્રમ** | **વર્ષ** | **મંજૂર કરેલ રકમ (રૂ.)** |
|---|---|---|
| ૧ | ૨૦૦૯-૧૦ | ૪૩,૫૦૦ |
| ૨ | ૨૦૧૦-૧૧ થી ૨૦૧૨-૧૩ | ૪૫,૦૦૦ |
| ૩ | ૨૦૧૩-૧૪ | ૭૦,૦૦૦ |

(૫) કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને લાભાર્થીના ફાળાની માહિતી નીચે મુજબ છે.

| **ક્રમ** | **વર્ષ** | **કેન્દ્ર** | **રાજ્ય** | **રાજ્ય પૂરક સહાય** | **લાભાર્થી ફાળો** | **કુલ** |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨૦૦૯-૧૦ | ૨૬૨૫૦ | ૮૭૫૦ | ૮૫૦૦ | ૭૦૦૦ | ૫૦૫૦૦ |
| ૨ | ૨૦૧૦-૧૧ થી ૨૦૧૨-૧૩ | ૩૩૭૫૦ | ૧૧૨૫૦ | ૦ | ૭૦૦૦ | ૫૨૦૦૦ |
| ૩ | ૨૦૧૩-૧૪ | ૫૨૫૦૦ | ૧૭૫૦૦ | ૦ | ૦ | ૭૦૦૦૦ |

**રાજ્યમાં જિલ્લાવાર ગ્રામ સેવકોની મંજૂર જગ્યાઓ**

અતારાંકિતઃ ૩૩૯૩ (૧૭-૯-૨૦૧૪) **ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) :** માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૮-૨૦૧૪ ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર ગ્રામ સેવકોની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી જિલ્લાવાર કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૩) આ જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૨૪-૧૧-૨૦૧૪)

(૧) સામેલ પત્રક-અ મુજબ.

**પ ત્ર ક – અ**

| **ક્રમ** | **જિલ્લો** | **મંજૂર** |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧૭૬ |
| ૨ | અમરેલી | ૧૩૨ |
| ૩ | આણંદ | ૨૧૮ |
| ૪ | બનાસકાંઠા | ૧૯૬ |
| ૫ | ભાવનગર | ૨૧૨ |
| ૬ | ભરૂચ | ૧૬૪ |
| ૭ | દાહોદ | ૧૧૬ |
| ૮ | ડાંગ | ૧૫ |
| ૯ | ગાંધીનગર | ૧૧૧ |
| ૧૦ | જામનગર | ૧૨૧ |
| ૧૧ | જૂનાગઢ | ૧૭૫ |
| ૧૨ | ખેડા | ૨૭૯ |
| ૧૩ | કચ્છ | ૧૮૦ |
| ૧૪ | મહેસાણા | ૧૬૭ |
| ૧૫ | નર્મદા | ૫૭ |
| ૧૬ | નવસારી | ૧૫૧ |
| ૧૭ | પંચમહાલ | ૧૬૯ |
| ૧૮ | પાટણ | ૧૪૫ |
| ૧૯ | પોરબંદર | ૨૯ |
| ૨૦ | રાજકોટ | ૧૯૪ |
| ૨૧ | સુરેન્દ્રનગર | ૧૦૮ |
| ૨૨ | સાબરકાંઠા | ૧૯૫ |
| ૨૩ | સુરત | ૨૫૦ |
| ૨૪ | તાપી | ૧૫૦ |
| ૨૫ | વડોદરા | ૨૭૯ |
| ૨૬ | વલસાડ | ૧૨૫ |
| **કુલ** | | **૪૧૧૪** |

(૨) સામેલ પત્રક-બ મુજબ.

**પ ત્ર ક – બ**

| **ક્રમ** | **જિલ્લો** | **ખાલી** | **ખાલી જગ્યાઓનો સમય** | | | **કુલ** |
|---|---|---|---|---|---|---|
| | | | **૧ વર્ષ સુધી** | **૧ થી ૩ વર્ષ સુધી** | **૩ વર્ષ ઉપરની** | |

| ક્રમ | જિલ્લો | ખાલી | ખાલી જગ્યાઓનો સમય | | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | | ૧ વર્ષ સુધી | ૧ થી ૩ વર્ષ સુધી | ૩ વર્ષ ઉપરની | |
| ૧ | અમદાવાદ | ૮૦ | ૪૦ | ૩૨ | ૮ | ૮૦ |
| ૨ | અમરેલી | ૭૧ | ૨૩ | ૪૮ | ૦ | ૭૧ |
| ૩ | આણંદ | ૧૩૨ | ૩૦ | ૯૮ | ૪ | ૧૩૨ |
| ૪ | બનાસકાંઠા | ૧૩૬ | ૭ | ૧૦૧ | ૨૮ | ૧૩૬ |
| ૫ | ભાવનગર | ૧૭૯ | ૧૨ | ૨૬ | ૧૪૧ | ૧૭૯ |
| ૬ | ભરૂચ | ૮૬ | ૧૮ | ૨૦ | ૪૮ | ૮૬ |
| ૭ | દાહોદ | ૫૮ | ૭ | ૩ | ૪૮ | ૫૮ |
| ૮ | ડાંગ | ૭ | ૦ | ૬ | ૧ | ૭ |
| ૯ | ગાંધીનગર | ૫૮ | ૦ | ૪૯ | ૯ | ૫૮ |
| ૧૦ | જામનગર | ૮૮ | ૩૪ | ૪૦ | ૧૪ | ૮૮ |
| ૧૧ | જૂનાગઢ | ૧૧૧ | ૩ | ૨૦ | ૮૮ | ૧૧૧ |
| ૧૨ | ખેડા | ૧૮૬ | ૬૬ | ૫૬ | ૬૪ | ૧૮૬ |
| ૧૩ | કચ્છ | ૬૩ | ૫ | ૦ | ૫૮ | ૬૩ |
| ૧૪ | મહેસાણા | ૧૦૫ | ૨૫ | ૨૪ | ૫૬ | ૧૦૫ |
| ૧૫ | નર્મદા | ૧૭ | ૧૭ | ૦ | ૦ | ૧૭ |
| ૧૬ | નવસારી | ૬૭ | ૦ | ૬૭ | ૦ | ૬૭ |
| ૧૭ | પંચમહાલ | ૮૭ | ૩૮ | ૪૯ | ૦ | ૮૭ |
| ૧૮ | પાટણ | ૭૧ | ૫૧ | ૨૦ | ૦ | ૭૧ |
| ૧૯ | પોરબંદર | ૧૫ | ૧ | ૦ | ૧૪ | ૧૫ |
| ૨૦ | રાજકોટ | ૧૫૫ | ૧૨ | ૬ | ૧૩૭ | ૧૫૫ |
| ૨૧ | સુરેન્દ્રનગર | ૪૭ | ૧૮ | ૨૬ | ૩ | ૪૭ |
| ૨૨ | સાબરકાંઠા | ૧૨૭ | ૦ | ૦ | ૧૨૭ | ૧૨૭ |
| ૨૩ | સુરત | ૧૩૦ | ૫૦ | ૩૨ | ૪૮ | ૧૩૦ |
| ૨૪ | તાપી | ૮૨ | ૯ | ૨૦ | ૫૩ | ૮૨ |
| ૨૫ | વડોદરા | ૨૧૪ | ૭૩ | ૧૧૫ | ૨૬ | ૨૧૪ |
| ૨૬ | વલસાડ | ૬૨ | ૨૨ | ૩૧ | ૯ | ૬૨ |
| | **કુલ** | **૨૪૩૪** | **૫૬૧** | **૮૮૯** | **૯૮૪** | **૨૪૩૪** |

(૩) બનતી ત્વરાએ.

---------

**રાજ્યમાં ઈન્દિરા ગાંધી આવાસ યોજના અન્વયે સહાય**

અતારાંકિતઃ ૩૪૫૮ (૨૦–૯–૨૦૧૪) **ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) :** માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૭–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર ઈન્દિરા ગાંધી આવાસ યોજના અન્વયે જિલ્લાવાર કેટલા આવાસો બાંધવામાં આવ્યા,

(૨) આ આવાસો બાંધવા માટે રાજ્ય સરકાર અને લાભાર્થીનો કેટલા ટકાનો રેશીયો નક્કી કરવામાં આવેલ છે, અને

(૩) ઉકત આવાસો બાંધવા માટે ભારત સરકાર તરફથી મળતી કોઈ ગ્રાન્ટનો ઉપયોગ કરવામાં આવેલ છે કે કેમ, અને જો હા, તો કેટલી રકમની ગ્રાન્ટ મળેલ છે ?

**ગ્રામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૨૪–૧૧–૨૦૧૪)

(૧) તા.૩૧–૭–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા પાંચ વર્ષમાં ઈન્દિરા આવાય યોજના અન્વયે કુલ ૫૭૩૮૭૧ આવાસો બાંધવામાં આવ્યા. (વર્ષવાર જિલ્લાવાર વિગતો દર્શાવતું પત્રક–૧ સામેલ છે.)

**પ ત્ર ક – ૧**

| ક્રમ | જિલ્લાનું નામ | બાંધવામાં આવેલ આવાસોની વર્ષવાઈઝ સંખ્યા |
|---|---|---|

| | | **૨૦૦૯-૧૦** | **૨૦૧૦-૧૧** | **૨૦૧૧-૧૨** | **૨૦૧૨-૧૩** | **૨૦૧૩-૧૪** | **૨૦૧૪-૧૫ (તા.૩૧-૭-૧૪ સુધી)** |
|---|---|---|---|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** | **૬** | **૭** | **૮** |
| ૧ | અમદાવાદ | ૩૩૩૫ | ૨૮૦ | ૫૩૦ | ૧૬૬૧ | ૮૨૬ | ૧૩૪ |
| ૨ | અમરેલી | ૫૨૭૩ | ૪૬૪૦ | ૧૯૬૨ | ૮૨૭ | ૮૦૯ | ૩૨૧ |
| ૩ | આણંદ | ૭૯૮૯ | ૧૭૪૦૫ | ૩૨૧૭ | ૧૯૬૭ | ૫૫૦ | ૬૦૧ |
| ૪ | બનાસકાંઠા | ૧૦૬૫૬ | ૧૪૪૬૮ | ૭૯૧૨ | ૪૪૪૧ | ૩૩૮૫ | ૧૦૯૨ |
| ૫ | ભરૂચ | ૭૩૭૮ | ૪૬૫૫ | ૫૭૩૧ | ૫૫૦૨ | ૨૭૭૫ | ૬૨૨ |
| ૬ | ભાવનગર | ૧૬૮૨ | ૧૨૪૪ | ૩૪૭ | ૩૪૦ | ૨૭૭ | ૪૬ |
| ૭ | ડાંગ | ૨૦૨૫ | ૨૭૩૧ | ૩૩૯૪ | ૧૮૪૪ | ૧૧૭૬ | ૧૦૫ |
| ૮ | દાહોદ | ૧૧૩૭૯ | ૯૮૯૪ | ૨૩૮૪૧ | ૧૯૭૭૨ | ૫૭૨૮ | ૪૫૭૬ |
| ૯ | ગાંધીનગર | ૨૩૪૧ | ૫૬૧ | ૪૬૬ | ૧૦૦ | ૩૨ | ૨૪૪ |
| ૧૦ | જામનગર | ૩૦૧૨ | ૩૨૦૭ | ૮૦૨ | ૬૩૭ | ૫૬૪ | ૧૭૩ |
| ૧૧ | જૂનાગઢ | ૩૪૫૫ | ૩૯૬૮ | ૯૬૪ | ૬૧૩ | ૭૫૪ | ૪૨૭ |
| ૧૨ | ખેડા | ૫૨૨૬ | ૧૬૪૪૦ | ૨૧૬૫ | ૩૨૧ | ૫૮૨ | ૧૨૨ |
| ૧૩ | કચ્છ | ૩૬૧૫ | ૬૪૯ | ૫૭૧ | ૩૩૩ | ૨૬૪ | ૧૭૮ |
| ૧૪ | મહેસાણા | ૧૯૬૩ | ૫૧૦૮ | ૨૦૫૯ | ૧૯૫૪ | ૧૪૯૬ | ૧૪૯૮ |
| ૧૫ | નર્મદા | ૫૨૦૨ | ૧૩૬૩૮ | ૭૮૦૬ | ૬૨૫૦ | ૧૪૬૦ | ૬૧૨ |
| ૧૬ | નવસારી | ૮૩૨૩ | ૫૨૭ | ૬૪૩ | ૨૦૬ | ૯૪૬ | ૧૧૧૧ |
| ૧૭ | પંચમહાલ | ૧૦૬૨૪ | ૨૬૬૯ | ૧૦૦૨૦ | ૮૭૯૬ | ૨૨૮૩ | ૩૩૮૪ |
| ૧૮ | પાટણ | ૨૮૯૭ | ૩૮૩૮ | ૬૧૭૮ | ૨૦૫૪ | ૧૧૧૨ | ૭૭૯ |
| ૧૯ | પોરબંદર | ૧૨૩૨ | ૮૦૪ | ૩૪૩ | ૨૧૪ | ૧૫૮ | ૯૩ |
| ૨૦ | રાજકોટ | ૬૬૭૪ | ૫૨૪૫ | ૧૬૮૧ | ૬૧૮ | ૧૧૭૩ | ૫૦૫ |
| ૨૧ | સાબરકાંઠા | ૮૧૮૨ | ૫૬૨૦ | ૯૪૮૯ | ૫૭૪૮ | ૨૪૩૨ | ૧૪૦૦ |
| ૨૨ | સુરત | ૧૦૭૮૭ | ૮૮૫૩ | ૨૨૯૦ | ૫૦૩ | ૧૦૯૭ | ૬૦૩ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૫૩૧૭ | ૪૮૯૭ | ૨૭૨૪ | ૧૧૬૦ | ૮૮૭ | ૧૯૬ |
| ૨૪ | તાપી | ૧૦૦૪૬ | ૮૭૪૭ | ૧૭૫૧ | ૨૩૪ | ૫૫૮૫ | ૮૧૦ |
| ૨૫ | વડોદરા | ૧૫૯૭૪ | ૧૫૯૫૨ | ૯૮૦૪ | ૨૭૦૪ | ૨૨૩ | ૧૬૨૫ |
| ૨૬ | વલસાડ | ૧૨૧૭૩ | ૧૧૨૭૬ | ૫૩૨૦ | ૫૦૦ | ૫૧૨ | ૧૦૬ |
| | **કુલ** | **૧૬૬૭૬૦** | **૧૬૭૩૧૩** | **૧૧૨૦૧૦** | **૬૯૨૯૯** | **૩૭૧૨૬** | **૨૧૩૬૩** |
| | **એકંદર કુલ** | | | | | | **૫૭૩૮૭૧** |

(૨) આ આવાસ બાંધવા માટે રાજ્ય સરકારનો ફાળો ૨૫ ટકા છે. હાલની જોગવાઈ મુજબ લાભાર્થીએ ફાળો આપવાનો રહેતો નથી.

(૩) ઉક્ત આવાસો બાંધવા માટે ભારત સરકાર તરફથી મળતી ગ્રાન્ટનો ઉપયોગ કરવામાં આવેલ છે. ભારત સરકાર તરફથી છેલ્લા પાંચ વર્ષમાં તા.૩૧-૭-૧૪ની સ્થિતિએ ૧૭૭૦૫૬.૮૬ લાખની ગ્રાન્ટ મળેલ છે. (વર્ષવાર મળેલ ગ્રાન્ટની વિગતો દર્શાવતું પત્રક-૨ સામેલ છે.)

**પત્રક – ૨**

| **ક્રમ** | **વર્ષ** | **ભારત સરકાર દ્વારા ફાળવેલ ગ્રાન્ટ (રૂ.લાખમાં)** |
|---|---|---|
| ૧ | ૨૦૦૯-૧૦ | ૩૯૩૨૧.૦૧ |
| ૨ | ૨૦૧૦-૧૧ | ૫૧૯૩૪.૯૯ |
| ૩ | ૨૦૧૧-૧૨ | ૩૫૭૩૬.૬૮ |
| ૪ | ૨૦૧૨-૧૩ | ૨૦૮૧૩.૮૯ |
| ૫ | ૨૦૧૩-૧૪ | ૨૬૬૫૨.૧૫ |
| ૬ | ૨૦૧૪-૧૫ | ૨૫૯૮.૧૪ |
| | **કુલ** | **૧૭૭૦૫૬.૮૬** |

--------

### રાજ્યમાં પંચાયતના કાર્યક્ષેત્રે હેઠળ ઘરોમાં પાણીવાળા ટોઈલેટની સુવિધા

અતારાંકિતઃ ૩૬૬૬ (૨૦–૧૦–૨૦૧૪) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) રાજ્યમાં તા.૩૦મી જૂન–૨૦૧૪ની સ્થિતિએ પંચાયતના કાર્યક્ષેત્ર હેઠળના ક્યા ક્યા શહેરોમાં કેટલા ઘરોમાં પાણીવાળા ટોઇલેટોની સુવિધા નથી, અને

(૨) આ તમામ ઘરોમાં પાણીવાળા ટોઇલેટ ક્યાં સુધીમાં કરવામાં આવનાર છે ?

**પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૧–૧૨––૨૦૧૪)

(૧) નિર્મળ ભારત અભિયાન (સ્વચ્છ ભારત મિશન ગ્રામિણ) યોજના પંચાયત કાર્યક્ષેત્રના ગ્રામ્ય વિસ્તારોમાં લાગુ પડતી હોઈ ક્યા ક્યા શહેરોમાં કેટલા ઘરોમાં પાણીવાળા ટોઈલેટની સુવિધા નથી. આ પ્રશ્ન ગ્રામ વિકાસ વિભાગની ઉકત યોજનાને, લાગુ પડતો નથી.

(૨) જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

––––––––

### મહેસાણા જિલ્લામાં ગ્રામસેવકોની ખાલી જગ્યા

અતારાંકિતઃ ૩૭૨૩ (૧૭–૧૦–૨૦૧૪) **શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) :** માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૮–૨૦૧૪ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર ગ્રામસેવકોની કેટલી ખાલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) આ જગ્યાઓ ક્યાં સુધી ભરવામાં આવશે ?

**પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૨૪–૧૧–૨૦૧૪)

(૧) નીચેના પત્રક મુજબ.

| **ક્રમ** | **જિલ્લો** | **ખાલી જગ્યાઓનો સમય** | | | |
|---|---|---|---|---|---|
| | | **૧ વર્ષ સુધી** | **૧ થી ૩ વર્ષ સુધી** | **૩ વર્ષ ઉપરની** | **કુલ** |
| ૧ | મહેસાણા | ૭ | ૩ | ૬ | ૧૬ |
| ૨ | કડી | ૬ | ૪ | ૬ | ૧૬ |
| ૩ | બેચરાજી | ૨ | ૨ | ૪ | ૮ |
| ૪ | વિજાપુર | ૧ | ૪ | ૧૦ | ૧૫ |
| ૫ | ખેરાલુ | ૧ | ૩ | ૫ | ૯ |
| ૬ | ઉંઝા | ૪ | ૨ | ૬ | ૧૨ |
| ૭ | વિસનગર | ૧ | ૩ | ૧૦ | ૧૪ |
| ૮ | વડનગર | ૨ | ૨ | ૬ | ૧૦ |
| ૯ | સતલાસણા | ૧ | ૧ | ૩ | ૫ |
| | **કુલ** | **૨૫** | **૨૪** | **૫૬** | **૧૦૫** |

(૨) બનતી ત્વરાએ.

––––––––

### મહેસાણા જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન અંતર્ગત શૌચાલયો

અતારાંકિતઃ ૩૭૫૯ (૧૬–૧૦–૨૦૧૪) **શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) :** માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

અતારાંકિત પ્રશ્નો

(૧) મહેસાણા જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના અંતર્ગત તા.૩૧–૮–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એ.પી.એલ. કુટુંબો માટે કેટલા ગામોમાં કેટલા કુટુંબો માટે શૌચાલયો બનાવવામાં આવ્યા, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૧–૧૨–૨૦૧૪)

(૧) મહેસાણા જિલ્લામાં નિર્મળ ભારત અભિયાન યોજના અંતર્ગત તા.૩૧–૮–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એ.પી.એલ. કુટુંબો ૪૦૨ ગામોમાં ૧૨,૭૫૦ કુટુંબો માટે શૌચાલયો બનાવવામાં આવ્યા.

(૨) તેની પાછળ કુલ રૂ.૫૦૬.૬૯ લાખનો ખર્ચ કરવામાં આવ્યો.

--------

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીઓ દ્વારા ગૌચર દબાણ દૂર કરવા બાબત**

અતારાંકિતઃ ૩૮૬૦ (૧૭–૧૦–૨૦૧૪) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) ગૌચરની જમીન પર થયેલા દબાણ દૂર કરવામાં સ્થાનિક પંચાયત મુશ્કેલી અનુભવતી હોય ત્યારે પંચાયત અધિનિયમ–૧૯૯૩ ની કલમ–૧૦૫(૭) અન્વયે તાલુકા વિકાસ અધિકારીની ગૌચર દૂર કરવાની ફરજ બને છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો કાયદામાં તાલુકા વિકાસ અધિકારીની આ ફરજ સુનિશ્ચિત કરવામાં આવી હોવા છતાં જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તા.૩૧–૮–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકા વિકાસ અધિકારીઓ દ્વારા ગૌચર દબાણ દૂર કરવામાં આવ્યા નથી તે ગંભીર ફરીયાદોથી સરકાર વાકેફ છે કે કેમ, અને

(૩) જો હા, તો આ ફરિયાદ દૂર કરવા રાજ્ય સરકારે શા પગલાં લીધા છે ?

**પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૨૯–૧૧–૨૦૧૪)

(૧) ગૌચરની જમીન પર થયેલ દબાણ દૂર કરવામાં સ્થાનિક પંચાયત મુશ્કેલી અનુભવતી હોય ત્યારે પંચાયત અધિનિયમ–૧૯૯૩ની કલમ–૧૦૫(૭) અન્વયે તાલુકા વિકાસ અધિકારીને સંબંધિત ગ્રામ પંચાયત તરફથી ઠરાવ મળ્યેથી તાલુકા વિકાસ અધિકારીએ કાર્યવાહી કરવાની થાય.

(૨) જામનગર જિલ્લાના જામનગર તાલુકામાં ગૌચર દબાણના ૮ કેસો નામ.કોર્ટમાં પેન્ડીંગ છે. આ સિવાય જામનગર જિલ્લામાં તથા દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તા.૩૧–૮–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગૌચર દબાણો તાલુકા વિકાસ અધિકારી દ્વારા દૂર કરવાના બાકી નથી.

(૩) જામનગર જિલ્લાના જામનગર તાલુકામાં ગૌચર દબાણના ૮ કેસો નામ.કોર્ટમાં પેન્ડીંગ છે, જેનો ચૂકાદો આવ્યેથી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

--------

**જામનગર અને કચ્છ જિલ્લામાં વિસ્તરણ અધિકારી વર્ગ–૩ તથા ગ્રામ સેવકની જગ્યાનું સેટઅપ**

અતારાંકિતઃ ૩૮૬૧ (૧૫–૧૦–૨૦૧૪) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) જામનગર અને કચ્છ જિલ્લામાં વિસ્તરણ અધિકારી વર્ગ–૩ તથા ગ્રામ સેવકની કેટલી જગ્યાઓનું સેટઅપ તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ મંજૂર થયેલ છે, અને

(૨) આ સેટઅપ મુજબ કેટલી જગ્યાઓ પુનઃ જીવિત કરવાની તા.૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ પડતર છે ?

**પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૨૪–૧૧–૨૦૧૪)

(૧) નીચેના પત્રક મુજબ

| **ક્રમ** | **સંવર્ગ** | **જામનગર** | | | **કચ્છ** | | |
|---|---|---|---|---|---|---|---|
| | | **મંજૂર** | **ભરેલી** | **ખાલી** | **મંજૂર** | **ભરેલી** | **ખાલી** |
| ૧ | વિસ્તરણ અધિકારી (પંચાયત) (વર્ગ–૩) | ૧૦ | ૫ | ૫ | ૯ | ૨ | ૭ |
| ૨ | વિસ્તરણ અધિકારી (સહકાર) (વર્ગ–૩) | ૧૩ | ૧ | ૧૨ | ૯ | ૪ | ૫ |
| ૩ | વિસ્તરણ અધિકારી (ખેતી) (વર્ગ–૩) | ૧૮ | ૦ | ૧૮ | ૧૬ | ૮ | ૮ |
| ૪ | ગ્રામ સેવક | ૧૨૧ | ૬૫ | ૫૬ | ૧૩૩ | ૧૦૨ | ૩૧ |
| | **કુલ** | **૧૬૨** | **૭૧** | **૯૧** | **૧૬૭** | **૧૧૬** | **૫૧** |

(૨) શૂન્ય.

--------

**જામનગર જિલ્લામાં કેળવણી નિરીક્ષકના હંગામી પેન્શન મંજૂર કરવા બાબત**

અતારાંકિતઃ ૩૮૮૧ (૨૦–૧૦–૨૦૧૪) **શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) :** માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) જામનગર જિલ્લામાં સને ૨૦૦૮ થી નિવૃત્તિ થયેલા દશ થી વધુ નિવૃત્તિ કેળવણી નિરીક્ષકના કોઈપણ વ્યાજબી કારણ વગર હંગામી પેન્શન મંજૂર થયા છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો છઠ્ઠા પગાર પંચના પગાર ધોરણ મુજબ પગાર બાંધણી એકમ દ્વારા મંજૂર થયેલ પગારના સ્ટીકર મુજબના પગારની ગણત્રી કરી પેન્શન કેસો મંજૂર કરવા તા.૩૦–૮–૨૦૧૪ની સ્થિતિએ કચેરી દ્વારા મોકલાયા નથી તે હકીકત પણ સાચી છે,

(૩) જો હા, તો તે માટે કોણ જવાબદાર છે, અને

(૪) તેની સામે શી શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવનાર છે ?

**પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૨૭–૧૧–૨૦૧૪)

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**મહેસાણા જિલ્લામાં પંચાયત અને સ્ટેટ હસ્તકના માર્ગોની મરામત**

અતારાંકિતઃ ૩૬૮૬ (૧૫–૧૦–૨૦૧૪) **શ્રી પ્રહલાદભાઈ ઈ. પટેલ(વિજાપુર) :** માનનીય માર્ગ–મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૮–૧૪ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર છેલ્લા પાંચ વર્ષમાં પંચાયત અને સ્ટેટ હસ્તકના માર્ગ અને મકાન વિભાગ દ્વારા કેટલા ને ક્યા માર્ગોની મરામત કરવામાં આવી, અને

(૨) તે અન્વયે ઉકત સ્થિતિએ પાંચ વર્ષમાં કેટલો ખર્ચ થયો અને ઉકત સ્થિતિએ કેટલા માર્ગોની મરામત બાકી છે ?

**માર્ગ–મકાન મંત્રીશ્રી :** (૨–૧૨–૨૦૧૪)

(૧) *પરિશિષ્ટ મુજબ.

(૨) ૧૦૦૦૩.૬૧ લાખ જરૂરીયાત હોય તેવા રસ્તાઓની મરામત કરવામાં આવેલ છે.

(*પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**હિંમતનગર શહેરી આવાસ યોજના અંતર્ગત આપેલ સહાય**

અતારાંકિતઃ ૩૫૭૨ (૧૬–૧૦–૨૦૧૪) **શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) :** માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) નાયબ નિયામકશ્રી, વિકસતિ જાતિ દ્વારા હિંમતનગર શહેરી આવાસ યોજના અંતર્ગત તા.૧૮–૫–૨૦૧૨ ના રોજ મુખ્યમંત્રીશ્રીના હસ્તે રૂ.૪૫૦૦૦–૦૦ ના ચેક કેટલા લાભાર્થીઓને આપવામાં આવ્યા,

(૨) તે અન્વયે જેમને આવાસ મંજૂર થયાના કાગળો મળ્યા હોય અને ચેક ના મળ્યા હોય તેવા કેટલા ઈસમો છે તથા તેઓને કેટલા સમયમાં આ ચેક આપવાનું આયોજન છે, અને

(૩) ઉકત ચેકો તા.૩૧–૭–૧૪ ની સ્થિતિ સુધી નહીં આપવાના કારણો શાં છે ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :** (૨૬–૧૧–૨૦૧૪)

(૧) માન.મુખ્યમંત્રીશ્રીના હસ્તે કોઈ લાભાર્થીને ચેક આપવામાં આવેલ નથી. પરંતુ તત્કાલિન માન. મંત્રીશ્રી ફકીરભાઈ વાઘેલા તથા માન.મંત્રીશ્રી પ્રફુલભાઈ પટેલ અને માન.મંત્રીશ્રી વાસણભાઈ આહિરના હસ્તે લાભાર્થી ફાળા પેટે લાભાર્થી દીઠ રૂ.૪૫૦૦૦ પ્રમાણે કુલ રૂ.૪૮૬ લાભાર્થીઓનો કુલ રૂ.૨૧૮.૭૦ લાખની રકમનો ચેક નગરપાલિકા હિંમતનગરને આપવામાં આવેલ છે.

(૨) મંજૂર કરવામાં આવેલ તમામ ૪૮૬ લાભાર્થીઓનો ચેક તા.૧૮–૫–૨૦૧૨ ના કાર્યક્રમમાં આપવામાં આવેલ છે.

(૩) એકપણ લાભાર્થીનો ચેક આપવાનો બાકી નથી. જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

––––––––

**મહેસાણા જિલ્લામાં આવેલ વૃધ્ધાશ્રમોને ફાળવવામાં આવેલ રકમ**

અતારાંકિતઃ ૩૭૦૬ (૧૬–૧૦–૨૦૧૪) **શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) :** માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૮–૨૦૧૪ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર સરકારી અને ખાનગી ટ્રસ્ટ સંચાલિત વૃધ્ધાશ્રમો કેટલા છે,

(૨) તે પૈકી વૃધ્ધાશ્રમમાં દર વર્ષે કેટલી રકમ કઈ શરતોને આધિન રહી ફાળવવામાં આવે છે, અને

(૩) આ વૃધ્ધાશ્રમોમાં પુરુષો અને મહિલાઓની સંખ્યા કેટલી છે ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :** (૨૯–૧૧–૨૦૧૪)

(૧) મહેસાણા જિલ્લામાં કોઈ તાલુકામાં સરકારી વૃધ્ધાશ્રમ નથી, ગ્રાન્ટ ઈન એઈડના ધોરણે એક સ્વૈચ્છિક સંસ્થા દ્વારા ૧ (એક) વૃધ્ધાશ્રમ વડનગર ખાતે કાર્યરત છે.

(૨) રૂ.૨૦,૧૮,૮૦૦ (અંકે રૂપિયા વીસ લાખ અઢાર હજાર આઠસો પુરા) ફાળવવામાં આવે છે. શરતો આ સાથે સામેલ પરિશિષ્ઠ–૧ મુજબ.

(૩) ૧૦ પુરુષો

૧૦ સ્ત્રીઓ

**પરિશિષ્ઠ–૧**

**ગ્રાન્ટ–ઈન–એઈડ વૃધ્ધાશ્રમમાં દર વર્ષે ગ્રાન્ટની રકમ નીચે મુજબની શરતોને અધિન રહી ફાળવવામાં આવે છે**

૧. ફાળવેલ ગ્રાન્ટ હિસાબી અધિકારીશ્રી, સમાજ સુરક્ષા ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગરે જી.ટી.આર.૬૨–સી માં બિલ બનાવી અસલ આદેશ તથા ચેકલીસ્ટ સાથે જિલ્લા તિજોરી કચેરી, ગાંધીનગરને રજૂ કરીને સદરહુ હુકમ અને ચેકલીસ્ટ મુજબ સ્વૈચ્છિક સંસ્થાના બેન્ક ખાતા નંબરના નામનો એકાઉન્ટ પેઇ ચેક મેળવી સ્વૈચ્છિક સંસ્થાના સંબંધિત બેંકના ખાતામાં રકમ સીધી જમા થાય તે રીતે ચૂકવણું કરવાનું રહેશે.

૨. ઉકત ગ્રાન્ટ સ્વૈચ્છિક સંસ્થાને જે હેતુસર ફાળવેલ છે તે હેતુસર ખર્ચ કરવાનો રહેશે.

૩. સંસ્થાએ તેમના હિસાબો આ ખાતાના તેમજ એ.જી. કચેરીના ઓડીટ સમયે જોવા માંગે ત્યારે દર્શાવવાના રહેશે.

૪. સંસ્થાના કર્મચારીઓને પગાર ભથ્થાની ચૂકવણી ચેક દ્વારા કરવાની રહેશે. ચેક દ્વારા જે ચૂકવણી કરવામાં આવી ન હોય તેવા ખર્ચને ગ્રાન્ટ માટે માન્ય રાખવામાં આવશે નહીં.

૫. કર્મચારીઓના પગારમાંથી નિયમ મુજબની રકમનો આવકવેરો વર્ષ આખરે થતી આવક પર ઈન્કમટેક્ષની ગણત્રી કરી વસૂલ કરવાની, લેવાની જવાબદારી પણ સંસ્થાના સંચાલકશ્રીની રહેશે. વ્યવસાય વેરો કપાતને પાત્ર

કર્મચારીઓનો વ્યવસાય વેરો કપાત કરી ચલણથી જમા કરાવી ચલણની નકલ નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરની કચેરીને એડવાન્સમાં મોકલવાની રહેશે.

૬. સરકારશ્રીના ગ્રાન્ટ ઈન એઈડ કોડના ધારા ધોરણ મુજબ જે કોઈ સ્વૈચ્છિક સંસ્થા દ્વારા શરતો પરિપૂર્ણ થતી ન હોવાની નોંધ સમાજ સુરક્ષા ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તપાસ/નિરીક્ષણ/ઓડીટ અહેવાલમાં જણાશે તો તાત્કાલિક અસરથી સંસ્થાની ગ્રાન્ટ સ્થગિત કરવામાં આવશે.

૭. સંસ્થાએ પૂરા થતાં વર્ષના ઓડીટેડ સ્ટેટમેન્ટ તથા યુટીલાઈઝેશન સર્ટીફિકેટ નિયમો અનુસાર સમય મર્યાદામાં નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરની કચેરીમાં મોકલી આપવાના રહેશે. સદરહુ માહિતી મળ્યા બાદ ગ્રાન્ટ છૂટી કરવામાં આવશે.

૮. આઉટસોર્સીંગની જગ્યાઓ માટે માસિક ફીકસ વેતન આદેશમાં દર્શાવ્યા મુજબ માન્ય એજન્સી દ્વારા ચૂકવણું કરવાનું રહેશે. વહીવટી ખર્ચ ગ્રાન્ટને પાત્ર રહેશે નહીં.

૯. આઉટસોર્સીંગની જગ્યાઓ માટે ચૂકવાયેલ રકમના માન્ય એજન્સીના વાઉચર તથા વર્ગ-૩ ના પગાર બિલ નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરની કચેરીને મોકલી આપવાના રહેશે. પગાર તથા આઉટસોર્સીંગની જગ્યાઓ માટે ફાળવેલ ગ્રાન્ટ સંસ્થાના વાર્ષિક હિસાબોમાં અલગથી બતાવવાની રહેશે.

--------

**મહેસાણા જિલ્લામાં પંડિત દીન દયાળ ઉપાધ્યાય અને ડૉ. આંબેડકર આવાસ યોજના હેઠળ સહાય**

અતારાંકિતઃ ૩૭૧૩ (૧૬-૧૦-૨૦૧૪) **શ્રી પ્રહલાદભાઈ ઇ. પટેલ(વિજાપુર) :** માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૮-૨૦૧૪ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર પંડિત દીનદયાળ ઉપાધ્યાય અને ડૉ. આંબેડકર આવાસ યોજના માટે કેટલી અરજીઓ મળી, અને

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર અને કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, કેટલી અરજીઓ ઉકત સ્થિતિએ પડતર છે ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :** (૨૬-૧૧-૨૦૧૪)

(૧) *પત્રક-૧ થી ૬ મુજબ.

(૨) જવાબ ખંડ-૧ મુજબ.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

--------

**મહેસાણા જિલ્લામાં માનવ ગરીમા યોજના અંતર્ગત કીટસની વહેંચણી**

અતારાંકિતઃ ૩૭૧૪ (૧૬-૧૦-૨૦૧૪) **શ્રી પ્રહલાદભાઈ ઇ. પટેલ(વિજાપુર) :** માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) વિકસતી જાતિ કલ્યાણ ખાતામાં મહેસાણા જિલ્લામાં તાલુકાવાર નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪ ના વર્ષમાં વર્ષવાર માનવ ગરીમા યોજના અંતર્ગત કેટલા લાભાર્થીઓને કીટ્સની વહેંચણી કરવામાં આવી,

(૨) કેટલા લાભાર્થીઓને કીટ્સની વહેંચણી કરવાની બાકી છે ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી :** (૨૬-૧૧-૨૦૧૪)

(૧)

| ક્રમ | તાલુકો | કીટ્સની વિતરણ કરેલ લાભાર્થીની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | વર્ષ ૨૦૧૨-૧૩ | વર્ષ ૨૦૧૩-૧૪ | કુલ |
| ૧ | સતલાસણા | ૩૫ | ૭૫ | ૧૧૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | ખેરાલુ | ૩૩ | ૮૪ | ૧૧૭ |
| ૩ | વડનગર | ૬૫ | ૨૧ | ૮૬ |
| ૪ | બેચરાજી | ૪૬ | ૩૧ | ૭૭ |
| ૫ | ઉંઝા | ૩૬ | ૨૨ | ૫૮ |
| ૬ | વિસનગર | ૫૦ | ૮૦ | ૧૩૦ |
| ૭ | કડી | ૪૮ | ૧૪૩ | ૧૯૧ |
| ૮ | વિજાપુર | ૫૯ | ૯૮ | ૧૫૭ |
| ૯ | મહેસાણા | ૬૦ | ૧૦૮ | ૧૬૮ |
| | **કુલ** | **૪૩૨** | **૬૬૨** | **૧૦૯૪** |

(૨) કોઈ લાભાર્થીને કીટ્સની વહેંચણી કરવાની બાકી નથી.

--------

**રાજ્યમાં ડાર્કઝોન તાલુકાઓમાં ઉદ્યોગ ગૃહને પાણી ખેંચવા વીજ કનેકશન આપવા બાબત**

અતારાંકિતઃ ૩૪૦૯ (૧૫-૧૦-૨૦૧૪) **ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) :** માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૭-૨૦૧૪ એ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યમાં ડાર્કઝોન તાલુકાઓમાં કોઈ ઉદ્યોગ ગૃહને પાણી ખેંચવા માટે વીજ કનેકશન આપવામાં આવેલ છે,

(૨) જો હા, તો ક્યા ઉદ્યોગ ગૃહને ક્યારે ક્યારે, કેટલા વોટનું કનેકશન ક્યા ક્યા તાલુકામાં આપવામાં આવ્યું, અને

(૩) આવા કનેકશનો આપવાનાં કારણો શું છે ?

**ઉર્જા મંત્રીશ્રી :** (૨-૧૨-૨૦૧૪)

(૧), (૨) અને (૩) : ના, જી. તા.૩૧-૭-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યમાં ડાર્કઝોન તાલુકાઓમાં કોઈ ઉદ્યોગ ગૃહને માત્ર અને માત્ર પાણી ખેંચવા માટે જ અલગથી કોઈ વીજ જોડાણ આપવામાં આવેલ નથી. અલબત્ત, ઔદ્યોગિક એકમોને ઉત્પાદનના હેતુસર ઔદ્યોગિક વીજ જોડાણ આપવામાં આવે છે.

**અતારાંકિત યાદીમાં સમાવેલ પ્રશ્નો અને તેના જવાબો**

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | સામાન્ય વહીવટ વિભાગ | ૩૮૯૫ | ૦૧ |
| ૨ | કૃષિ અને સહકાર વિભાગ | ૩૪૬૯,૩૭૭૩, ૩૭૭૪ | ૦૩ |
| ૩ | નાણા વિભાગ | ૩૭૨૦, ૩૭૨૨, ૩૮૫૪ | ૦૩ |
| ૪ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ | ૩૫૯૬, ૩૭૪૧, ૩૭૪૨ | ૦૩ |
| ૫ | વન અને પર્યાવરણ વિભાગ | ૩૨૯૪, ૩૬૪૭ | ૦૨ |
| ૬ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૩૬૩૪, ૩૬૩૮, ૩૬૯૬ | ૦૩ |
| ૭ | ગૃહ વિભાગ | ૩૩૫૦, ૩૩૫૫, ૩૫૧૮, ૩૭૯૪, ૩૮૦૧, ૩૮૦૯, ૩૮૧૪, ૩૮૨૦, ૩૮૨૩ | ૦૯ |

| | | | |
|---|---|---|---|
| ૮ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૩૫૩૯, ૩૭૩૧, ૩૭૩૨, ૩૭૩૪, ૩૮૫૫, ૩૮૬૨, ૩૮૬૩ | ૦૭ |
| ૯ | માહિતી અને પ્રસારણ વિભાગ | ૩૬૨૪ | ૦૧ |
| ૧૦ | શ્રમ અને રોજગાર વિભાગ | ૩૭૧૭, ૩૭૧૮ | ૦૨ |
| ૧૧ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૩૭૭૧ | ૦૧ |
| ૧૨ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૩૩૬૩, ૩૩૯૩, ૩૪૫૮, ૩૬૬૬, ૩૭૨૩, ૩૭૫૯, ૩૮૬૦, ૩૮૬૧, ૩૮૮૧ | ૦૯ |
| ૧૩ | માર્ગ અને મકાન વિભાગ | ૩૮૮૬ | ૦૧ |
| ૧૪ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૩૫૭૨, ૩૭૦૬, ૩૭૧૩, ૩૭૧૪ | ૦૪ |
| ૧૫ | ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગ | ૩૪૦૯ | ૦૧ |
| | | **કુલઃ** | **૫૦** |

--------

**અધ્યક્ષશ્રી** : હું બીજી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકું છું.

## પોઇન્ટ ઓફ ઓર્ડર

**શ્રી રામસિંહ પ્ર. પરમાર :** માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. પ્રશ્નોત્તરીના સમયમાં ૫ નંબરનો પ્રશ્ન આખા રાજ્યમાં સરકારી આયુર્વેદિક હોસ્પિટલો બાબતનો હતો. ખેડા અને આણંદ જિલ્લાને ગુજરાતના નકશામાંથી કાઢી નાખ્યા છે. બે જિલ્લામાં આણંદમાં અત્યારે પણ સિવિલ હોસ્પિટલ નથી. આયુર્વેદિક હોસ્પિટલ પણ આણંદ કે ખેડા ખાતે નથી. બીજા પ્રશ્નમાં પૂછાયું કે તમે બીજી જગ્યાએ આપવા માગો છો કે કેમ તો ભરુચ અને ભાભરની વાત કરી પણ ખેડા જિલ્લામાં સરકારી હોસ્પિટલ કે આયુર્વેદિક હોસ્પિટલ આપવા માગો છો કે કેમ?

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( સંસદીય બાબતોના મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, કયા નિયમ હેઠળ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત થાય છે? આમાં કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત થતો નથી.

**અધ્યક્ષશ્રી :** ખેડા જિલ્લામાં આયુર્વેદિક હોસ્પિટલ નથી મળી પણ આપ પેટા પ્રશ્નમાં પૂછી શક્યા હોત. આમાં પોઇન્ટ ઓફ ઓર્ડર થતો નથી.

**શ્રી રામસિંહ પ્ર. પરમાર :** મને ચાન્સ નથી મળ્યો.

**અધ્યક્ષશ્રી :** મેં ૧૩ મિનિટ ચર્ચા માટે આપી છે. આરોગ્ય વિભાગની માગણીઓમાં આપ ચર્ચા કરી શકો છો. હું આપને તક આપીશ.

## તાકીદની જાહેર અગત્યની બાબત (નિયમ – ૧૧૬)

### કમોસમી વરસાદના કારણે ખેતીને થયેલ નુકસાન બાબત

**શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) :** માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ ૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય કૃષિ મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને તે અંગે તેમને નિવેદન કરવાની વિનંતી કરું છું.

''રાજ્યમાં છેલ્લા બે દિવસથી થયેલ કમોસમી વરસાદના કારણે ખેડૂતોના ઉભા પાક જેવા કે ઘઉં, તલ, કેરી, જીરૂ વગેરેને ભારે નુકસાન થયેલ છે, તેના કારણે ખેડૂતવર્ગમાં ફેલાયેલ હતાશા અને ચિંતાની લાગણી દૂર કરવા રાજ્ય સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં.''

**શ્રી બાબુભાઇ બોખીરીયા ( કૃષિ અને સહકાર મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં તાજેતરમાં વાતાવરણમાં ફેરફારને કારણે તા. ૧–૩–૨૦૧૫થી તા. ૨–૩–૨૦૧૫ દરમિયાન કુલ ૨૭ જિલ્લાના ૧૩૯ તાલુકામાં કમોસમી વરસાદ પડેલ છે. જે પૈકી ૮૯ તાલુકાઓમાં માત્ર ૧ થી ૯ મી.મી., ૨૫ તાલુકાઓમાં

માત્ર ૧૦ થી ૧૫ મી.મી., ૧૬ તાલુકાઓમાં માત્ર ૧૫ થી ૨૦ મી.મી. અને માત્ર ૯ તાલુકાઓમાં ૨૦ મી.મી.થી વધુ વરસાદ પડેલ છે. જેને કારણે કેટલાક જિલ્લાઓમાં કમોમસી વરસાદના કારણે પ્રથમિક અંદાજ મુજબ રવી ઋતુના મુખ્ય પાકો જેવા કે જીરુ, ઘઉં, તમાકુ, ધાણા, ચણા અને ઇસબગુલ વગેરે કાપણી અવસ્થામાં હોય, મહદ્ અંશે કાપણી થઇ ચૂકેલ છે. જ્યારે ઉભા રવી પાકોમાં આશરે ૧૦ થી ૧૫ ટકા નુકસાન થવાની સંભાવના છે. જેની વિગતવાર સરવેની કામગીરી ચાલું છે.

કમોસમી વરસાદને કારણે જુનાગઢ, ગીર સોમનાથ, અમરેલી, પોરબંદર, ભાવનગર, કચ્છ અને વડોદરા જિલ્લાઓમાં આંબાના પાકમાં મોરને પ્રથમિક અંદાજ મુજબ ૧૦ ટકા જેટલું નુકસાન થવા પામેલ છે. વિશેષમાં જણાવવાનું કે મુખ્ય ઉનાળુ પાકો જેવા કે મગફળી, તલ, બાજરી, ઉગાવાની અવસ્થામાં છે. જેથી સદર કમોસમી વરસાદથી ઉગતા પાકોને કુદરતી પિયત મળવાથી ફાયદો થશે અને ખેડૂતોનું એક પિયત બચશે.

કુદરતી આફતને લીધે ખેતી પાકોમાં નુકસાન થાય તો સ્ટેટ ડીઝારસ્ટર રીસ્પોન્સ ફંડ (SDRF)ના ધારાધોરણો મુજબ જે કિસ્સાઓમાં ખેતી પાકોમાં ૫૦ ટકા કરતા વધારે નુકસાન થાય તો SDRFના ધારાધોરણ મુજબ સહાય આપવાની જોગવાઇ છે, જે માટે નુકસાનીની વિગતો મેળવવા વિગતવાર સરવેની કામગીરી શરૂ કરવામાં આવેલ છે.

વર્ષ ૨૦૧૪-૧૫ની રવી/ઉનાળું ઋતુ દરમિયાન રાષ્ટ્રીય કૃષિ વીમા યોજના હેઠળ ખેડૂતોએ ઘઉં (પિયત), ડુંગળી, લસણ, જીરુ, ચણા તથા ઉનાળુ મગફળી માટે ૪૫૦૦ હેકટરના વીમા ઉતરાવેલ છે તેવા ખેડૂતોને રાષ્ટ્રીય કૃષિ વીમા યોજનાની ગાઇડલાઇન મુજબ મળવાપાત્ર પાક વીમાની રકમ ચૂકવવાની કાર્યવાહી કરવામાં આવશે.

**શ્રી પુંજાભાઇ ભી. વંશ :** માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર રાજ્યના ખેડૂતોમાં આ કમોસમી વરસાદને કારણે હોળી અને ધૂળેટી જેવા રંગના પર્વમાં માતમ છવાયેલો હોય એવો માહોલ ઉભો થયો છે. રાજ્યના ખેડૂતો માટે સરકાર જરા પણ સંવેદનશીલ હોય તેમ આ નિવેદન ઉપરથી જણાતું નથી. માનનીય મંત્રીશ્રીએ પોતાના નિવેદનમાં જણાવ્યું છે કે જ્યારે રવી પાકોમાં ૧૦ ટકા થી ૧૫ ટકા નુકસાન થવાની સંભાવના છે. વિગતવાર સરવેની કામગીરી ચાલું છે. તેવી જ રીતે ભૂતકાળના આપણા અનુભવો એવા છે કે જ્યારે જ્યારે ખેડૂતો ઉપર આપત્તિ આવે છે ત્યારે રાજ્ય સરકાર દ્વારા જે સરવેની કામગીરી કરવામાં આવે છે એ અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા ઓફિસમાં બેસીને કરાય છે. સ્થળ ઉપર કોઇ જતું નથી. જેના કારણે સાચી માહિતી જે રેકોર્ડ ઉપર આવવી જોઇએ એ નથી આવતી. અમને આ નિવેદન ઉપરથી બહુ સ્પષ્ટ એવું લાગે છે કે રાજ્ય સરકાર પોતાની જવાબદારીમાંથી છટકવા માટે સરવેનું કહે છે પણ સાચું સરવે થશે નહીં. આવા સંજોગોમાં માનનીય મંત્રીશ્રી પાસે અને સરકાર પાસે અપેક્ષા રાખું છું કે ઓફિસમાં બેસીને સરવે ન કરતાં ખેતરે ખેતરે જઇને સરવે કરે તો એના માટેની સાચી વિગતો આવે. એના માટે સરકાર આ પ્રકારની કામગીરી કરવા માટે વિચારે છે કે કેમ? અને બીજું કે આંબાના પાકને ૧૦ ટકા નુકસાન થયું છે એવું કહે છે પણ કેરીનો બગીચો હું પણ ધરાવું છું એટલે કહી શકું કે ૧૦ ટકા નહીં પણ બધા બગીચામાં ૫૦ ટકાથી વધારે આંબાનો મોર ખરી ગયો છે. એટલે એ ૧૦ ટકા છે એ પણ ખોટું છે, આ ખેડૂતોને જે કમોસમી વરસાદના કારણે નુકસાન થયું છે ત્યારે રાજ્ય સરકાર પાસે એક એકરે ૨૦,૦૦૦ રૂપિયાની સહાય ચૂકવવાની માગણી કરું છું અને એ મંજૂર કરે અને ત્યાર બાદ આંબાના પાકોને અન્ય પાકોની જેમ રાષ્ટ્રીય કૃષિ વિમા યોજના હેઠળ ખેડૂતોનો સમાવેશ કરવામાં આવેલ છે કે કેમ? આંબાના પાકોને પણ રાષ્ટ્રીય કૃષિ વિમા યોજના હેઠળ સમાવવા માગો છો કે કેમ?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, મેં મારા નિવેદનમાં જે જણાવેલું છે એમાં જો વરસાદના આંકડાઓ જોયા હોત તો ખ્યાલમાં આવત કે કુલ ૮૭ જિલ્લાના ૧૩૯ તાલુકાઓમાં જે વરસાદની થોડી ઘણી અસર છે તેમાં ૧૩૯માંથી ૮૯ તાલુકા એવા છે કે જેમાં માત્ર ૧ થી ૯ મી.મી. વરસાદ પડેલો છે, ૨૫ તાલુકાઓમાં ૧૦ થી ૧૫ મી.મી. જેટલો, ૧૬ તાલુકાઓમાં માત્ર ૧૫ થી ૨૦ મી.મી. અને માત્ર ૯ તાલુકાઓમાં એવા છે કે જેની અંદર ૨૦ મી.મી. કરતા વધારે વરસાદ થયેલો છે, એટલે કે ૧ ઇંચ કરતા એની આજુબાજુમાં. માનનીય અધ્યક્ષશ્રી, બીજું માનનીય સભ્યશ્રીએ આંબાની વાત કરી છે તો મારે સભ્યશ્રીને જણાવવું છે કે, જેમ એમને આંબાનો બગીચો છે એમ મારે પણ આંબાનો બગીચો છે અને જસાભાઇને પણ છે. આંબાની અંદર જે મોર

આવે એમાં મોટાભાગનો મોર છે એ તો વરસાદ ના થયો હોય તો પણ ખરી જતો હોય છે અને મોર તો ઢગલાને મોઢે આવ્યો હોય છે એની અંદર પછી નાની (અંતરાય)

અધ્યક્ષશ્રી : એમનો જવાબ તો સાંભળો પુંજાભાઇ.

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : કેરી બનતી હોય છે એની અંદરથી ઘણી બધી કેરી ખરી જતી હોય છે. એટલે (અંતરાય)

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, પવનને કારણે ખરી ગઇ છે.

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : એટલે આ તો આપે કીધું એટલે મેં એનો જવાબ આપ્યો. બીજી વસ્તુ મારે સભ્યશ્રીને જણાવવાની છે કે, અત્યારે તો આ પ્રાથમિક અંદાજ છે. ગ્રામ સેવક દ્વારા દરેક ગામમાંથી અરજીઓ લેવામાં આવશે અને અરજીઓ લીધા પછી એનો ત્યાં સ્થળ ઉપર સરવે કર્યા પછી જે રિપોર્ટ આવશે એ રિપોર્ટના આધારે મહેસૂલ વિભાગ દ્વારા જે કાંઇ નુકસાની થઇ હશે એને ચૂકવવામાં આવશે.

અધ્યક્ષશ્રી : માનનીય બલવંતસિંહજી, (અંતરાય) નોટિસમાં ચાર લખ્યું છે. (અંતરાય) શક્તિસિંહજી, આપના દંડક બોલી રહ્યાં છે એમને આપણે સાંભળીએ. જોષીયારાજી આપના દંડક બોલે છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે સરકારે જે જવાબ આપ્યો એની અંદર ત્રણ વસ્તુ ફલિત થાય છે. એક તો મહદ્અંશે વરસાદ થયો છે. સરકાર પાકની અંદર એમ કહે છે કે મહદ્અંશે નુકસાન ૧૦ થી ૧૫ ટકા થયું છે અને બીજા જવાબમાં બતાવે છે કે સરકાર ૫૦ ટકાથી ઉપર SDRFના જે ધારાધોરણ છે એ મુજબ ૫૦ ટકાથી વધારે નુકસાન હોય તો જ આપણે આપતા હોઇએ છીએ. આ જવાબ ઉપરથી સ્પષ્ટ થાય છે કે ગુજરાત સરકાર ખેડૂતોને એક રૂપિયો ભૂતકાળમાં પણ નહોતી આપતી અને આજે પણ આપવા નથી માગતી, માટે મારે મંત્રીશ્રીને પૂછવું છે કે  જે ૫૦ ટકાનું ધોરણ છે તે સુધારવા માગો છો કે કેમ? અને રિયાલિટીમાં જે ખેડૂતોને નુકસાન થયું છે આપ ગામડે અને અમારાં ઉત્તર ગુજરાતમાં જાવ તો ઇસબગુલ, રાયડાથી માંડીને જે મોટા નુકસાનથી ખેડૂતો થાકી ગયા છે તો તમે એક એકરે ૨૦,૦૦૦ રૂપિયા આપવા માગો છો કે કેમ?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, એક તો માનનીય સભ્યશ્રીએ કીધું કે એક તો સરકાર ખેડૂતોને કશું આપવા નથી માગતી તો મારે જણાવવાનું છે કે ૧૧૦૦ કરોડ રૂપિયાની વીજ રાહત વીમાના બે ટકા લેખે આપેલી છે. આના સિવાય પણ રાજ્ય સરકારે ૭૦૦ કરોડ રૂપિયા ખેડૂતોને એના કોમ્પોનન્ટની અંદર રવી કૃષિ મહોત્સવની અંદર સહાય આપેલી છે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, જો માનનીય સભ્યશ્રી ૧૯૯૪ માં જે કોંગ્રેસનું છેલ્લુ શાસન (અંતરાય)

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિમંત્રીશ્રી એને શું લેવાદેવા છે? (અંતરાય)

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : નહિ, હું એટલા માટે તમને આ જવાબ આપું છું કે માનનીય સભ્યશ્રીએ શબ્દ પ્રયોગ કર્યો છે કે આ સરકાર ખેડૂતને કશું આપવા નથી માગતી એનો જવાબ આપું છું. આપણે ૧૯૯૪નું આપનું બજેટ જોઇ લેજો. વાર્ષિક બજેટ ચાર હજાર કરોડનું છે અને ખેડૂતોનું ૪૦૦ કરોડનું પણ બજેટ નહીં હોય, ત્યારે ખેડૂતોને વીજળીમાં શું સહાય આપતા હતા એ આંકડાઓ પણ જોઇ લેજો. એટલે આ સરકાર તો ખેડૂતોની જ સરકાર છે અને ખેડૂતો માટે જ હંમેશા કામ કરતી હોય છે.

બીજી બાબત, માનનીય સભ્યશ્રીએ કહ્યું કે, વીસ હજાર રૂપિયા ચૂકવવા માગો છો કે કેમ? તો ગ્રામ સેવકો દ્વારા અરજીઓ લેવામાં આવશે, સ્થળ ઉપર એની તપાસ કરવામાં આવશે અને જે પ્રમાણે નુકસાની થઇ હશે તે મુજબ સરકારના આજના  ધારાધોરણો છે એ મુજબ એને ચૂકવણી કરવામાં આવશે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય શ્રી સંજયભાઇ. (અંતરાય) ( આ તકે સભ્યશ્રી પૂંજાભાઇ વંશ ઉભા થતાં ) આપને હું તક આપું છું, બેસી જાવ. ( આ તકે સભ્યશ્રી બલવંતસિંહ રાજપૂત તેમના સ્થાને ઉભા થઇ કાંઇક બોલતાં) આપને જવાબ આપી દીધો છે કે, ધારા ધોરણ મુજબ સહાય મળશે. (આ તકે સભ્યશ્રી કરમશીભાઇ તેમના સ્થાનેથી ઉભા થઇ કાંઇક બોલતાં ) કરમશીભાઇ આપને  એલાવ નથી કર્યા, આપ બેસી જાવ, પ્લીઝ. શ્રી સંજયભાઇ.

શ્રી સંજયકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાતની સરકાર એ ખેડૂતોની ચિંતા કરતી સરકાર છે. આ ખેડૂતોની ચિંતા કરતી સરકાર અને એમાં આ વરસાદ પડ્યો છે, એ કુદરતી આપત્તિ છે. આ કુદરતી

આપત્તિમાં આપણે બધા રાજકીય અવલોકનો ન કરીએ, ખેડૂતોની ચિંતા કરીએ અને જે દિવસે વરસાદ થયો એજ દિવસે અમારા કૃષિ વિભાગે, અમારા માનનીય મંત્રીશ્રી, મુખ્યમંત્રીશ્રીએ સમગ્ર ગુજરાતની અંદર કઇ જગ્યાએ વરસાદ પડ્યો, કેટલું નુકસાન થયું, ચાલુ વરસાદ હતો તે વખતે પણ માનનીય મંત્રીશ્રીએ મને ફોન કર્યો હતો કે, માનનીય ધારાસભ્યશ્રી તમારા વિસ્તારમાં કેટલું નુકસાન છે? તો આટલી ચિંતા કરતી જ્યારે આ સરકાર હોય ત્યારે આપણી જવાબદારી છે. ખેડૂતોને સાચવવા એ આપણા બધાની જવાબદારી છે અને આપણે ખેડૂતો માટે શું કરી શકીએ? ખેડૂતોને ક્યા પ્રકારની સહાય આપી શકીએ એના માટેના સુચનો કરીએ અને જાહેર અગત્યની બાબત તરીકે આને સરકારે સ્વીકારી પણ છે તો માનનીય મંત્રીશ્રી પાસે મારે એ જાણવું છે કે, આ કુદરતી આપત્તિઓના કારણે થતા નુકસાન માટે નાણાકીય સહાય ચૂકવવાના ધોરણો ક્યા ક્યા છે અને સરકાર ક્યા પ્રકારે એની સહાય ચૂકવશે?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ વિભાગના તા.૨૬–૯–૨૦૧૩ના ઠરાવ મુજબ કુદરતી આપત્તિઓને કારણે થતા નુકસાન માટે નાણાકીય સહાય ચૂકવવાના ધોરણોમાં નાના અને સિમાંત ખેડૂતોને સહાય માટે રૂપિયા ૮,૧૦૦/- જમીનના ધોવાણ માટે પ્રતિ હેકટર, રૂપિયા ૮,૧૦૦/- પર્વતીય વિસ્તાર માટે પ્રતિ હેકટર, રૂપિયા ૮,૧૦૦/- ફીશ ફાર્મના ધોવાણ અને પુન:સ્થાપન રિપેરીંગ માટે પ્રતિ હેકટર, રૂપિયા ૨૫,૦૦૦/- લેન્ડ સ્લાઇડીંગ કે નદીનું વહેણ બદલવાના કારણે જમીન અંશત: નકામી બની હોય કે વહેણ બદલાઇ જાય તેના માટે, નાના અને સિંમાત ખેડૂતોની ઇનપુટ સબસિડી પચાસ ટકા અને તેથી વધુ નુકસાનીના કિસ્સાઓમાં પ્રતિ હેકટરે રૂપિયા ૪,૫૦૦/-, બિનપિયત વાવેતર વિસ્તાર માટે રૂપિયા ૯,૧૦૦/-, પિયત વાવેતર વિસ્તાર માટે રૂપિયા૧૨,૦૦૦/-, બારમાસી પાક માટે રૂપિયા ૧૫,૦૦૦/-થી ઓછી હોય તેટલી સહાય ચૂકવવામાં આવે છે. નાના અને સિમાંત ખેડૂતો સિવાય પાકના પચાસ ટકા અને તેથી વધુ નુકસાનીના કિસ્સામાં રૂપિયા ૪,૫૦૦/- બિન પિયત વિસ્તાર, રૂપિયા ૯,૦૦૦/- પિયત વિસ્તાર અને રૂપિયા ૧૨,૦૦૦ બારમાસી પાકો માટે ચૂકવવામાં આવે છે. આ ૨૬–૯–૨૦૧૩નો ઠરાવ છે. એની પહેલાનો જે સહાયનો ઠરાવ હતો એ આપના વખતે થયેલો અને એના આંકડા જોઇ લેજો એટલે આપણે શું ખેડૂતોને આપતા હતા એ આપને ખ્યાલ આવી જશે.( આ તકે સભ્યશ્રી કરમશીભાઇ તેમના સ્થાનેથી ઉભા થતાં )

અધ્યક્ષશ્રી : કરમશીભાઇ, આ ૧૧૬ દાખલ કરનારા ચાર સભ્યોનો જ હજુ વારો ચાલે છે, શાંતિ જાળવો.

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, રાજયની અંદર તાજેતરમાં થયેલા કમોસમી વરસાદના કારણે ક્યા કયા જિલ્લાની અંદર બાગાયતી પાકને નુકસાન થયું છે, કયા કયા પ્રકારની નુકસાની થઇ છે?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, કમોસમી વરસાદના કારણે જુનાગઢ, ગીર–સોમનાથ, અમરેલી, પોરબંદર, ભાવનગર, કચ્છ તેમજ વડોદરા જિલ્લાઓમાં આંબા ફળ પાકમાં નુકસાન જોવા મળેલ છે. આ જિલ્લાઓમાં આંબા ફળ પાકમાં ૫૫૦૭૧ હેકટર કુલ વાવેતર વિસ્તાર છે તે પૈકી ૭૦૭૪ હેકટરમાં નુકસાન થયેલું છે. ઝીરુ જેવા મસાલા પાકમાં જુનાગઢ, ગીર સોમનાથ, દેવભૂમિક દ્વારકા, અમરેલી, સુરેન્દ્રનગર, પોરબંદર, રાજકોટ, ભાવનગર, મહેસાણા તેમજ કચ્છ જિલ્લામાં નુકસાન જોવા મળેલ છે. આ જિલ્લાઓમાં ૯૭૭૧ હેકટરમાં નુકસાન થયેલ છે. ધાણામાં જુનાગઢ, ગીર સોમનાથ, પોરબંદર, રાજકોટ તેમજ કચ્છ જિલ્લામાં નુકસાન જોવા મળેલ છે. આ જિલ્લાઓમાં ૧૨૬૭૬ એકરમાં નુકસાન થયેલ છે. ઇસબગુલમાં કચ્છ, સુરેન્દ્રનગર જિલ્લાઓમાં નુકસાન જોવા મળેલ છે. આ જિલ્લાઓમાં ૨૩૯૭ હેકટરમાં નુકસાન થયેલ છે. વરિયાળીમાં સાબરકાંઠા, અરવલ્લી, મહેસાણા જિલ્લામાં નુકસાન જોવા મળેલ છે. આ જિલ્લાઓમાં ૬૨૧ હેકટરમાં નુકસાન થયેલ છે. બટાકામાં આણંદ, ગાંધીનગર, સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાઓમાં નુકસાન જોવા મળેલ છે. આ જિલ્લાઓમાં ૧૩૬૮ હેકટરમાં નુકસાન થયેલ છે. ડુંગળીમાં ગીર સોમનાથ જિલ્લામાં ૪૨૫૦ હેકટરના વાવેતર પૈકી ૨૦૦૦ હેકટરમાં નુકસાન જોવા મળેલ છે. આ પ્રશ્ન બાગાયતી પાકોમાં કેટલું નુકસાન થયું છે એનો માનનીય સભ્યશ્રીએ પુછયો હતો અને મેં બાગાયતી પાકોમાં કયાં કેટલું નુકસાન થયું છે એની માહિતી આપી છે. તમારે બીજી માહિતી જોઇતી હોય તો (અંતરાય) આમાં મેં જે પાકો કીધા એ બધા બાગાયતી પાકો છે. (અંતરાય) શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે પ્રકારે જવાબ આપે છે એનો

અર્થ એવો થાય *(xxxxx)(અંતરાય)

અધ્યક્ષશ્રી : આ પ્રકારનું આપનું જે પ્રવચન છે એ હું રેકોર્ડ ઉપરથી દુર કરુંછું. આપ સીધા પ્રશ્ન ઉપર આવી જાવ. નહીંતર આપને બેસાડી દઇશ.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગકારો માટે આ સરકાર ઉદાર છે ત્યારે ખેડૂતો માટે શું તકલીફ છે?

અધ્યક્ષશ્રી : આપ જે પ્રશ્ન પુછવો હોય એ પૂછો.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ પૂછયું હતું આંબાના પાકોને રાષ્ટ્રીય કૃષિ વીમા યોજના હેઠળ સમાવવા માગો છો કે કેમ?

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મેં પુછયું હતું કે ૫૦ ટકા જે ધારાધોરણો સરકારે નકકી કર્યા છે અને આ બાજુ ૧૦ ટકા નુકસાન બતાવ્યું છે તો ૫૦ ટકામાં સુધારો કરવા માગો છો કે કેમ?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ પણ સૂચન છે. સરકાર વિચારણા કરશે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, આ કુદરતી આપત્તિ છે એમાં સરકાર જવાબદાર ના હોય બહુ સ્વાભાવિક છે, વિરોધપક્ષ તો જવાબદાર ના જ હોય. પરંતુ સરકારે સુવોમોટો આ નિવેદન લઇને ગૃહ સમક્ષ આવવું જોઇએ, આમાં ૧૧૬ની તાકીદની નોટીસ આપવાની જરૂર ન હોવી જોઇએ, જે નોટીસ આપી એમાં સરકારે જે રીતે જવાબ આપ્યો એ બ્યુરોક્રેટ જવાબ છે, એમાં માનવતાના આધારે ખેડૂત જવાબદાર ન હોય કારણ કે વરસાદ આવ્યો છે, વરસાદને વાવાઝોડા સાથે જોડવું જોઇએ, આંબાનો મોર ખરી પડે એમાં કદાચ વરસાદ જવાબદાર ના હોય પણ વાવાઝોડાના લીધે મોર ખરી પડે એટલે ઉભો પાક બળી જાય ટેકનિકલી ૧૦ મીલીમીટર પડયો કે ૨૦ મીલીમીટર પડયો એને બહુ સંબંધ નથી, જે ખેડૂત હોય એને ખબર પડે કે જીરુ કે ઇસબગુલ ઉપર વરસાદ બે બુંદ પણ પડે તો એ છોડ ઉપરથી જીરુ પડી જાય, જીરુ પડે તો ખેતરમાં જીરુ વીણવા ખેડૂત ન નીકળે જેવી રીતે સિમેન્ટની બેગ હોય એમાં થોડું પણ પાણી પડે તો આખી સિમેન્ટની બેગ તમારી ખરાબ થાય છે, લગભગ જેટલા માર્કેટ યાર્ડ છે એમાં ખુલ્લા ઘઉના પાક એમને એમ બધું પલળી ગયું છે. અને એમાં ટેકનીકલી ૧૦ મીલીમીટરને ૨૦ મીલીમીટર, સરકાર ફાયદો જૂએ છે કે જે પાકો ખેડૂતે વાવ્યા છે એને ફાયદો થશે, એક બાજુ બચવા માટે તમે ૧૦ મિલીમીટર કહો છો તો ૧૦ મીલીમીટરથી પિયતને ફાયદો ન થાય, અને આવો બચાવ કરવાની, હું નથી માનતો કે સરકારના મનમાં કયાંક ગુનો હોય તો ગુનાહિત બેદરકારી બચાવવા માટે આ દલીલ હોઇ શકે. આ દલીલને અવકાશ ખેડૂતોને ફાયદામાં તો નથી જ. નુકસાન આમાં કંઇ નથી, ટેકનીકલી બળવંતસિંહભાઇએ કીધું એમ ૫૦ ટકા કરતા વધારે નુકસાન થાય તો એ સરકાર ૫૦ ટકા સુધી જવા દેવા માગતી જ નથી. આમાં ૫૦ ટકા એવું ન હોવું જોઇએ. જે કઇ નુકસાન હોય ૫ ટકા, ૧૦ ટકા એમાં તમે જો અરજી લેવાના હોય, હું નથી માનતો કે ખેડૂતો અરજીઓ કરે, આપણે ઘણી વખત સામેથી જેમ ૭/૧૨ ના ઉતારા માટે કે આનાવારી કરવા માટે જતા હોઇએ એ વખતે આપણો સ્ટાફ જતો હોય તો સ્ટાફને સીધો મોકલો એ તપાસ કરે. સ્ટાફ ન હોય તો હાયર કરો થોડા દિવસ માટે. કમસેકમ ખેડૂતોને આ આપત્તિ છે, તેમાં આપત્તિને ઘણી બાબતોમાં આપણે અવસરમાં ફેરવતા હોઇએ છીએ. કમસેકમ આ આપત્તિને ખેડૂતના સારા અવસરમાં સરકાર ફેરવે અને એડહોક કમસેકમ આટલું નુકસાન થયું હશે એમાં ૨૦૦૦૦ ની માગણી પુંજાભાઇની છે માનો તો સારી વાત છે. આજે આ બધા ઉત્સવો કરીએ એમાં કરોડો રૂપિયા બિનઉત્પાદક ખર્ચ થયો હોય છે, ગરીબ કલ્યાણ મેળા હોય કે બાકીના જે હોય. કમસે કમ આવી વખતે કોઇપણ જાતના રાજકીય એંગલ સિવાય તાત્કાલિક એડહોક ખેડૂતો માટે એક ફિગર જાહેર કરવી જોઇએ કે આટલું અમે આપીશું તો એને રાહત થાય અને આમાં કોઇપણ જાતના રાજકારણ સિવાય તાત્કાલિક રીતે આપ ૫૦ ટકા ટેક્નિકલ વાળી વાત કાઢી નાખજો. આટલા હેકટરને તમે પાક વીમામાં નાખ્યા છે, એમાં કોઇ પાક વીમામાં ન પણ હોય, કોઇ પાક કે કોઇ ખેડૂતો, તો એને પણ માનવતાના આધારે મદદ કરી શકાય. ગુજરાત મોટા ખેડૂતોનું રાજ્ય ન હોય, ૧ એકર, ૨ એકર, ૧૨ એકર, ૨૦ એકર વાળા ટોચમર્યાદાવાળું આ રાજય છે, એમાં કોઇ મોટા ખેડૂતોને લાભ મળવાનો છે એવું છે નહીં. જ્યારે આવી આપત્તિ આવી હોય ત્યારે કોઇ જાતના રાજકારણ સિવાય બ્યુરોક્રેટસને બાજુ ઉપર રાખીને, રાજકીય લાભ

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહની કાર્યવાહીમાંથી દૂર કરવામાં આવ્યા.

નહિ, પણ સાચા અર્થમાં ખેડૂતોને લાભ મળે તે રીતે આપ આપની રીતે સુઓમોટો સ્કીમ જાહેર કરશો તો અમને આનંદ થશે અને ખેડૂતના આશીર્વાદ મળશે તો એ આપના માટે સારું રહેશે, બધા માટે સારું રહેશે. ધન્યવાદ.

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય સભ્યશ્રીની લાગણી સાથે સંમત છું. તમારે સહાય આપવી પડે સરવે કરવો પડે એના માટે કહેલ છે કે અમે ખેડૂતો પાસેથી અરજીઓ લઇશું. અરજીઓ લઇને સ્થળ ઉપર પણ એની તપાસ કરીશું અને સ્થળ ઉપર તપાસ કરીને પુંજાભાઇએ કહ્યું હતું કે તમે પુરતી બરાબર તપાસ થાય અને ઓફિસમાં બેસીને તપાસ ન થાય તે બરાબર જોજો. તો ઓફિસમાં બેસીને તપાસ ન થાય એનો પણ અમે ખ્યાલ રાખીશું. સ્થળ ઉપર તપાસ કરીને અરજીઓ લઇશું અને જે કોઇ નુકસાની હશે એના માટેના ધારાધોરણો મુજબ ચુકવવા માટેના પૂરેપૂરા પ્રયાસ કરીશું.

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીના જવાબની અંદર એક આંબાના પાક માટે વલસાડ જિલ્લો બાકાત રહી ગયો છે. વલસાડ જિલ્લો એ આખા ભારતની અંદર સૌથી વધારે આંબા પાક માટેનો પ્રખ્યાત જિલ્લો છે અને એમાં પણ મોટું માવઠું આવેલ છે, તો વલસાડ જિલ્લાને સરવેની અંદર લેવા માગો છો કે કેમ? અને બીજું સમગ્ર સૌરાષ્ટ્રની અંદર ઘાસ પણ અમારા દક્ષિણ ગુજરાત, વલસાડ જિલ્લામાંથી પૂરું કરવામાં આવે છે, તો ઘાસને પણ ભારે નુકસાન થયું છે. જે ગાસડીનો જથ્થો બહાર મુકી આવતા એને પણ નુકસાન થયું છે, તો એ પણ સરવેની અંદર લેવા માગો છો કે કેમ?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, વલસાડ જિલ્લાના વરસાદના આંકડા નહોતા એટલા માટે નથી લીધો, પણ માનનીય સભ્યશ્રીની લાગણી છે એટલે વલસાડ જિલ્લામાં આંબાના પાકને નુકસાન થયું હશે તો ત્યાં પણ અમે અરજીઓ લઇ લઇશું.

## સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

### સન ૨૦૧૩-૨૦૧૪નો ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લિ.નો વાર્ષિક અહેવાલ

શ્રી નીતિનભાઇ ર. પટેલ( આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લિ.નો સન ૨૦૧૩-૨૦૧૪નો વાર્ષિક અહેવાલ,હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ અને નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ અને સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મુકવામાં આવ્યા.**

### તા.૨૩-૦૮-૨૦૧૨ થી ૩૧-૩-૨૦૧૩ સુધીનો ગુજરાત મેડિકલ સર્વિસીસ કોર્પોરેશન લિ.નો અહેવાલ

શ્રી નીતિનભાઇ ર. પટેલ(આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી) :માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત મેડિકલ સર્વિસીસ કોર્પોરેશન લિ.નો તા. ૨૩-૦૮-૨૦૧૨ થી તા.૩૧-૩-૨૦૧૩ સુધીનો અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મુકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન સભાગૃના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ અને સરકારની સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મુકવામાં આવ્યા.**

### સન ૨૦૧૩-૧૪નો ગુજરાત ખનીજ વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

**શ્રી સૌરભભાઇ પટેલ ( ( ઉદ્યોગ અને ખાણ મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ખનીજ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૩-૨૦૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૧૦-૧૧નો ગુજરાત વૃદ્ધિ કેન્દ્ર વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

**શ્રી સૌરભભાઇ પટેલ ( ઉદ્યોગ અને ખાણ મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વૃદ્ધિ કેન્દ્ર વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૦-૨૦૧૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, સરકારની સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૧૩-૨૦૧૪નો ગુજરાત રૂરલ ઈન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પોરેશન લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

**શ્રી સૌરભભાઇ પટેલ ( કુટિર અને ગ્રામોદ્યોગ મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રૂરલ ઈન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૩-૨૦૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૧૧-૨૦૧૨નો ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

શ્રી જયંતિભાઇ રા.કવાડીયા ( પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લિમિટેડનો સન ૨૦૧૧-૨૦૧૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતુ નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, સરકારની સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૧૨-૨૦૧૩ તથા ૨૦૧૩-૨૦૧૪નો ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સીયલ બોર્ડનો વાર્ષિક અહેવાલ**

શ્રી નીતિનભાઇ ર. પટેલ (શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત મ્યુનિસપલ ફાઈનાન્સ બોર્ડના સન ૨૦૧૨-૨૦૧૩ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તથા સન ૨૦૧૩-૨૦૧૪નો વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ સન ૨૦૧૨-૨૦૧૩ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક હિસાબો, ઓડિટ અહેવાલ, વાર્ષિક વહીવટી અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૦૯-૨૦૧૦નો ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનો વાર્ષિક અહેવાલ**

**શ્રી સૌરભભાઇ પટેલ ( ઉદ્યોગ અને ખાણ મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનો સન ૨૦૦૯-૨૦૧૦નો વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૧૩-૧૪નો ગુજરાત બાયોડાવર્સિટી બોર્ડનો વાર્ષિક અહેવાલ**

શ્રી મંગુભાઇ ચ.પટેલ ( વન અને પર્યાવરણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડનો સન ૨૦૧૩-૧૪નો વાર્ષિક અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**સામાન્ય વહીવટ વિભાગનું જાહેરનામું**

શ્રી રમણલાલ વોરા ( સામાન્ય વહીવટ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સામાન્ય વહીવટ વિભાગના સન ૨૦૧૩ના ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ અન્વયેના તા.૧૧–૮–૨૦૧૪ના જાહેરનામા ક્રમાંકઃજીએસ/૩૦/૨૦૧૪/એનએપી–૧૦૨૦૧૩/૮૧૭/એઆરટીડી–૧ નું જાહેરનામું વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**જાહેરનામું સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યું.**

**કૃષિ અને સહકાર વિભાગનું જાહેરનામું**

શ્રી બાબુભાઇ બોખીરીયા ( કૃષિ અને સહકાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું કૃષિ અને સહકાર વિભાગના સન ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળી અધિનિયમ અન્વયેના તા.૨૦–૦૭–૨૦૧૨ના જાહેરનામા ક્રમાંક–જીએચકેએચ–૫૯–૨૦૧૨–સીએસબી–૧૨–૨૦૦૯–૨૫૯૬–ચ તેમજ આ જાહેરનામું સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ નિવેદન અંગેના કારણો દર્શાવતું નિવેદન વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**જાહેરનામું તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા**

પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ)

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ**

**માગણી ક્રમાંકઃ ૩૯**

શ્રી સૌરભભાઇ પટેલ ( નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું તબીબી અને જાહેર સેવાને લગતી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧,૩૦,૬૫,૯૬, ૦૦૦/–ની માગણી ક્રમાંકઃ ૩૯ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંકઃ૩૯ રજૂ કરવામાં આવી.**

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧ રજૂ કરવામાં આવી.**

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨ રજૂ કરવામાં આવી.**

શ્રી રમેશભાઇ મ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩ રજૂ કરવામાં આવી.**

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪ રજૂ કરવામાં આવી.**

શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૫ રજૂ કરવામાં આવી.**

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૬ રજૂ કરવામાં આવી.**

**શ્રમ અને રોજગાર વિભાગ**

**માગણી ક્રમાંક ૫૭**

શ્રી સૌરભભાઇ પટેલ ( ( નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું શ્રમ અને રોજગાર સેવાને લગતી શ્રમ અને રોજગાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૨,૪૮,૫૪,૦૦૦ની પૂરક માગણી ક્રમાંક ૫૭ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક ૫૭ રજૂ કરવામાં આવી.**

શ્રી મહંમદ જાવેદ અ. પીરઝાદા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૭ રજૂ કરવામાં આવી.**

**પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**

**માગણી ક્રમાંક ૭૦**

શ્રી સૌરભભાઇ પટેલ ( ( નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સામૂહિક વિકાસ સેવાને લગતી પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગને લગતી મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૭૩,૧૮,૧૫,૦૦૦ની પૂરક માગણી ક્રમાંક ૭૦ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક ૭૦ રજૂ કરવામાં આવી.**

શ્રી કાન્તીભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૮ રજૂ કરવામાં આવી.**

**માર્ગ અને મકાન વિભાગ**

**માગણી ક્રમાંક ૮૭**

શ્રી સૌરભભાઇ પટેલ ( ( નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું રહેણાંકના મકાનોને સેવાને લગતી માર્ગ અને મકાન વિભાગની મૂડી ખર્ચ માટેની રૂપિયા ૧૦,૬૫,૨૯,૦૦૦ની પૂરક માગણી ક્રમાંક ૮૭ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક ૮૭ રજૂ કરવામાં આવી.**

શ્રી કાન્તીભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૯ રજૂ કરવામાં આવી.**

**આદિજાતિ વિકાસ વિભાગ**

**માગણી ક્રમાંક ૯૬**

શ્રી સૌરભભાઇ પટેલ ( ( નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું આદિજાતિ વિસ્તાર પેટા યોજના સેવાને લગતી આદિજાતિ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૯૦,૯૯,૦૦૦ની અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૯૧,૫૪,૯૯,૦૦૦ની પૂરક માગણી ક્રમાંક ૯૬ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક ૯૬ રજૂ કરવામાં આવી.**

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાક ૧૦ રજૂ કરવામાં આવી.**

**સન ૨૦૧૪-૨૦૧૫**ના વર્ષ માટેની પૂરક માગણીઓ પૈકી **બુધવાર, તા.૪-૩-૨૦૧૫** (બીજો અને છેલ્લો દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપ દરખાસ્તોની એકત્રિત યાદી

| **અનુ.** | **મુખ્ય સદર અને સંદર્ભ** | **કાપ દરખાસ્ત રૂ** | **વિષય** | **પ્રભારી સભ્યશ્રી** |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | **આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ**<br>માગણી નં. ૩૯ | | | |
| ૧ | ૨૨૧૦- તબીબી... આરોગ્ય<br>૦૨- શહેરી... ઔષધ<br>૧૦૧- આયુર્વેદ<br>૦૧-HLT-૨૦- આયુર્વેદ... કચેરી<br>રૂ. ૮૯,૭૫,૫૬,૦૦૦<br>પાના નં. ૩૫ | ૧૦૦ | રાજ્યના મોટાભાગના આયુર્વેદિક દવાખાનાઓના કથળેલા વહીવટને સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પરેશ ધાનાણી (મહેન્દ્રસિંહ વાઘેલા અને ધારશીભાઇ ખાનપુરા) |
| ૨ | -- " -- | ૧૦૦ | આયુર્વેદિક દવાખાનાઓ સમયસર ન ખુલવાથી તેમજ તેમાં અપૂરતા સ્ટાફને કારણે પ્રજાને પડતી હાડમારી નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મોહનસિંહ રાઠવા (સી. કે. રાઉલજી અને વજેસિંગભાઇ પણદા) |
| ૩ | -- " -- | ૧૦૦ | ગ્રામ્ય વિસ્તારોમાં આયુર્વેદિક દવાખાનાઓ શરૂ | શ્રી રમેશભાઇ ચાવડા |

| | | | | |
|---|---|---|---|---|
| | | | કરી લોકોને સુવિધા પૂરી પાડવામાં તંત્રની ઉદાસીનતા | (નટવરસિંહ ઠાકોર અને ઈશ્વરભાઇ પટેલ) |
| ૪ | ૨૨૧૦- તબીબ... જાહેર આરોગ્ય<br>૦૩- ગ્રામીણ... એલોપેથી<br>૧૦૩- પ્રાથમિક... કેન્દ્ર<br>૦૧- HLT-૩૪ પ્રાથમિક... કેન્દ્ર<br>રૂ. ૧૮,૪૧,૧૪,૦૦૦<br>પાના નં. ૩૫ | ૧૦૦ | રાજ્યના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં વ્યાપક જગ્યાઓ સામે વ્યાપક જગ્યાઓ ખાલી હોવાથી દર્દીઓને પડતી હાડમારી નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બલવંતસિંહ રાજપૂત ( ભોળાભાઇ ગોહિલ અને ડો. અનિલ જોષીયારા) |
| ૫ | -- " -- | ૧૦૦ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના વહીવટને સંગીન બનાવવા તેમજ પૂરતી સવલતો પૂરી પાડવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પ્રહલાદભાઇ પટેલ (અમીતભાઇ ચૌધરી અને ઈશ્વરભાઇ પટેલ) |
| ૬ | ૨૨૧૦- તબીબ... જાહેર આરોગ્ય<br>૦૩- ગ્રામીણ... એલોપેથી<br>૧૦૩- પ્રાથમિક... કેન્દ્ર<br>૦૧- HLT-૩૪ પ્રાથમિક... કેન્દ્ર<br>રૂ. ૧૮,૪૧,૧૪,૦૦૦<br>પાના નં. ૩૫ | ૧૦૦ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ડૉક્ટરો અને સ્ટાફ હાજર ન હોવાથી દર્દીઓને પડતી મુશ્કેલીઓ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મહેન્દ્રસિંહ બારૈયા ( બળદેવજી ઠાકોર અને ઈશ્વરભાઇ પટેલ) |
| **શ્રમ અને રોજગાર વિભાગ**<br>**માગણી નં. ૫૭** | | | | |
| ૭ | ૨૨૩૦- શ્રમ અને રોજગાર<br>૦૧- શ્રમ<br>૦૦૧- નિર્દેશ અને વહીવટ<br>૦૧-LBR-૧ શ્રમ આયુક્ત<br>રૂ. ૧૫,૦૩,૦૦૦<br>પાના નં. ૫૨ અને ૫૩ | ૧૦૦ | શ્રમ કલ્યાણ નીધિમાં પૂરતું ભંડોળ હોવા છતાં શ્રમિકો ના મૃત્યુ પ્રસંગે તેમજ તેઓના કલ્યાણ માટે નાણાં વાપરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મહંમદ જાવીદ પીરઝાદા |
| **પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**<br>**માગણી નં. ૭૦** | | | | |
| ૮ | ૨૫૧૫- અન્ય... કાર્યક્રમો<br>૧૦૧- પંચાયતી રાજ<br>૦૩- ગ્રામ... અનુદાન<br>રૂ. ૬૭,૫૬,૯૭,૦૦૦<br>પાના નં. ૭૦ | ૧૦૦ | ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રીઓને એકથી વધુ જગ્યાઓનો ચાર્જ સોંપાતા તથા આ જગ્યાઓ સમયસર ન ભરાતા લોકોને પડતી હાલાકી નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કાન્તીભાઇ ખરાડી |
| **માર્ગ અને મકાન વિભાગ**<br>**માગણી નં. ૮૭** | | | | |
| ૯ | ૪૨૧૭- શહેરી... જોગવાઇ<br>૦૧- રાજ્ય... વિકાસ<br>૦૫૧- બાંધકામો...<br>૦૨- UDP-૨૭ બીન ........ મકાન<br>રૂ. ૧૦,૬૫,૨૯,૦૦૦<br>પાના નં. ૯૨ | ૧૦૦ | સરકારી કચેરીઓ4 વિશ્રામગૃહો અને સરકીટ હાઉસોમાં પૂરતી સુવિધાઓ આપવા તેમજ સ્વચ્છતા જાળવવામાં તંત્રની ઉદાસીનતા | **શ્રી કાન્તીભાઇ ખરાડી** |
| **આદિજાતિ વિકાસ વિભાગ**<br>**માગણી નં. ૯૬** | | | | |

| | | | | |
|---|---|---|---|---|
| ૧ ૦ | ૪૮૦૧- વિજળીશક્તિ... જોગવાઇ<br>૦૬- ગ્રામ વિજળીકરણ<br>૭૯૬- આદિજાતિ... યોજના<br>૦૩-PWR-૧૦ આદિજાતિ... ફાળો<br>રૂ. ૯૧,૫૦,૮૯,૦૦૦<br>પાના નં. ૧૦૬ | ૧૦૦ | આદિજાતિ વિસ્તારોમાં કૂવા અને પંપો ઉપર સત્વરે વીજ જોડાણો આપવા અને પ્રજાને પડતી હાડમારીઓ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | ડૉ. અનિલ જોષીયારા |

અધ્યક્ષશ્રી : પૂરક માગણી પરની ચર્ચા અને મતદાન માટે આજે બીજો અને છેલ્લો દિવસ છે. સભાગૃહની આજની બેઠકનો સમય સવારે ૮–૩૦ થી બપોરે ૧–૦૦ વાગ્યા સુધીનો છે. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૨૩૪/૪ મુજબ માગણીઓની ચર્ચાના છેલ્લા દિવસે સભાગૃહની બેઠક મુલતવી રાખવાના ૧–૦૦ કલાક પહેલા પૂરક માગણી પરની સઘળી ચર્ચા પૂરી કરવાની થાય છે, તદનુસાર બપોરે ૧૨–૦૦ વાગ્યે જે પૂરક માગણી ઉપરની ચર્ચા ચાલતી હશે તે તેમજ બાકીની બીજી પૂરક માગણીઓ સભાગૃહના મત માટે રજૂ કરવામાં આવશે.

**ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષ સ્થાને**

શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા(ઠક્કરબાપાનગર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની રૂ. ૧,૩૦,૬૫,૯૬,૦૦૦ ની માગણી નં.૩૯ લઇને આવ્યા છે એ માગણીને હું ટેકો આપું છું. આ માગણીઓ જે છે એ માગણીઓ એવા કામ માટે વપરાવાની છે કે, છેવાડાના માનવી માટે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો હોય, સામૂહિક આરોગ્ય કેન્દ્રો હોય, હોસ્પિટલ અને દવાખાના હોય, તબીબી જાહેર આરોગ્ય માટે અને દેશ અને દુનિયામાં જેનું નામ છે એવી સિવિલ હોસ્પિટલ અમદાવાદ માટે, બી.જે.મેડીકલ કોલેજ જે અમદાવાદમાં ચાલી રહી છે એના માટે, તબીબી કોલેજ વડોદરા માટે આ માગણીઓ લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે એમાં માગણી ૧,૩૦,૬૫,૯૬,૦૦૦ની હોય પરંતુ એજ હેડ ઉપર ૨૭,૦૦,૩૦,૦૦૦ વધારે વપરાયા વગરના જે અગાઉ આજ હેડમાં હતા એટલે કુલ વપરાશ થવાની છે કે, ૧૫૭ કરોડ ૬૬ લાખ ૨૬ હજાર. એમાં પણ જ્યારે અમદાવાદની સિવિલ હોસ્પિટલ હોય એના માટે આ માગણીઓ લાવ્યા છે ત્યારે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં હું રોગી કલ્યાણ સમિતિનો એક સભ્ય છું, એટલે અવારનવાર આ સિવિલ હોસ્પિટલમાં જવાનું થાય છે. અગાઉ પણ અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં જવાનું થતું, ત્યારની આ સિવિલ હોસ્પિટલ અને આજે જ્યારે આ સિવિલ હોસ્પિટલમાં ફરતા હોઇએ ત્યારે જે નવા બાંધકામો થઇ રહ્યા છે, બિલ્ડીંગો થઇ રહ્યા છે એ બિલ્ડીંગ જોતા એવું લાગે કે જાણે ચાઇનાના શાંઘાઇ શહેરમાં ફરતા હોઇએ એવી આજની આ સિવિલ હોસ્પિટલ દેખાય છે. ખાલી બિલ્ડીંગોથી નહિ રહેતા પરંતુ આ સિવિલ હોસ્પિટલની અંદર જે સારવારો થાય છે, એમાં કાર્ડિયાક હોય, કાર્ડિયાકના ઓપરેશનો હોય, એમાં શાળા આરોગ્ય કાર્યક્રમ માટે જે બાળકો ગામડાઓમાંથી આવતા હોય એને સામૂહિક રીતે ભેગા કરીને સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવે છે, ઘણા વખત પહેલાં ખબર પડતી નહિ કે આ બાળકને હૃદયની દિવાલમાં કાણું છે અને પહેલાં હૃદયની દિવાલમાં કાણું હોય તો હૃદયને ઓપરેશન કરીને, બંધ કરીને આ કાણું બંધ કરવામાં આવતું હતું, આજે આ સિવિલ હોસ્પિટલની અંદર કોઇપણ પ્રકારનું ઓપરેશન કર્યા વગર એ દિવાલની અંદર એક મશીન મારફતે કાણું બંધ કરવામાં આવે છે અને એ રીતે ઓપરેશન કર્યા વગર પણ આ હૃદયની દિવાલનું કાણું બંધ થાય છે, એવી જ રીતે કીડની હોસ્પિટલ હોય એમાં પણ કીડની ટ્રાન્સપ્લાન્ટ તો ઘણા જ થાય છે પરંતુ એની અંદર હવે એક નવું લિવર ટ્રાન્સપ્લાન્ટ થાય છે એ કદાચ હિંદુસ્તાનમાં કોઇ સરકારી હોસ્પિટલમાં હોય તો આ અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં જ સગવડ છે. લિવર ટ્રાન્સપ્લાન્ટ પહેલાં જે દિલ્હી અને મદ્રાસમાં જ થતા અને એમાં રૂપિયા ૪૨–૪૫ લાખ રૂપિયા થતા હતા પણ સિવિલ હોસ્પિટલમાં આ ટ્રાન્સપ્લાન્ટ ૧૨ લાખ રૂપિયામાં થાય છે.

શ્રી જનકભાઇ મ. કાછડીયા(કરંજ) આદરણીય અધ્યક્ષ મહોદયશ્રી, શ્રમ અને રોજગાર વિભાગ માટે માનનીય નાણાં મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ બે કરોડ ૪૮ લાખ ૫૪ હજાર પૂરાની જે પૂરક માગણી લઇને આવ્યા છે એને સમર્થન આપવા માટે હું ઉભો થયો છું. સૌ પ્રથમ તો હું ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગને ખૂબ ખૂબ અભિનંદન એટલા માટે આપીશ કે અત્યાર સુધીમાં જે ગુજરાત રાજ્યમાં અસંગઠિત શ્રમયોગીઓ છે એ ભૂતકાળમાં પણ હતા એક કરોડ અને બાર લાખ જેટલી મોટી સંખ્યામાં જ્યારે આ રાજ્યમાં અસંગઠિત

શ્રમજીવીઓ શ્રમ કરી રહ્યા છે ત્યારે એની ચિંતા ફક્ત આ ભારતીય જનતા પાર્ટીની સરકારે જ કરી છે. ભૂતકાળમાં પણ એ લોકો હતા પણ પચાસ પચાસ વરસ પછી પણ અગાઉની સરકારોએ આ શ્રમયોગીઓની કોઇપણ ચિંતા કદી કરી નથી. વંચિતોના વિકાસને વરેલી આ સરકાર, રાજ્યના સંગઠિત અને અસંગઠિત શ્રમયોગીઓના કલ્યાણ માટે કટિબદ્ધ છે. શ્રમયોગીઓની સામાજિક સુરક્ષા, કામની પરિસ્થિતિ, ઔદ્યોગિક સલામતિ વિગેરેના માપદંડોનું પાલન કરે છે. આપણા રાષ્ટ્રપિતા પૂજ્ય મહાત્મા ગાંધીજી પણ મજૂર પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા હતા. તેઓશ્રીને આર્થિક સમાનતા અને આર્થિક ઉન્નતિ માટે સર્વેને સમાન અવસર પ્રાપ્ત થાય એ સિદ્ધાંતમાં અકળ શ્રદ્ધા હતી. શ્રમ તંત્ર, કારખાના તંત્ર, ગ્રામ શ્રમ તંત્ર અને તેમના હસ્તકના વિવિધ બોર્ડો દ્વારા શ્રમયોગીઓની સલામતી આરોગ્ય અને કલ્યાણ વિષયક કામગીરી કરવામાં આવે છે. તેમાં પણ બાંધકામના શ્રમયોગીઓ માટે ગુજરાત મકાન અને બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડની પણ રચના કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે ઘણી વખત જોઇએ છીએ કે મકાનોના બાંધકામ ચાલુ હોય કે અન્ય ઇમારતો બંધાતી હોય ત્યારે એકદમ તળિયાના ગરીબ લોકો, શ્રમજીવીઓ ત્યાં મજૂરી કરતા હોય છે, મહેનત કરતા હોય છે. ત્યારે આપણને વિચાર આવતો હોય છે કે આવા તળિયાના ગરીબ અને ભોળા લોકો માટે કોણ કરતુ હશે. ત્યારે શ્રમ અને રોજગાર વિભાગને અભિનંદન આપુ કારણ કે એ લોકોએ જે કામગીરી કરી છે તેમાં તેમની નોંધણીઓ દ્વારા તેને સરકારશ્રીની જે વિવિધ યોજનાઓ છે તેમનાથી માહિતગાર કરી અને અવાર-નવાર તેના માટે કેમ્પો કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસના મિત્રો મેળાઓનો વિરોધ કરે છે પણ મેળા વગર આપણે તળિયાના ગરીબ લોકો સુધી કઇ રીતે પહોંચી શકીએ ? આના માટે પૂરક માગણીઓ લઇને સૌરભભાઇ આવ્યા છે અને પૂરક માગણીની કાપ દરખાસ્ત માટે મહંમદ જાવેદ પીરઝાદાભાઇએ પોતે કાપ દરખાસ્ત મૂકી છે. આવા તળિયાના ગરીબ શ્રમયોગીઓ માટે, શ્રમજીવીઓ માટે, તેના ઉત્થાન માટે વધારાની પૂરક માગણી લઇને આવ્યા હોઇએ ત્યારે તેના માટે કાપ દરખાસ્ત યોગ્ય નથી. અસંગઠિત શ્રમયોગીઓમાં મકાન અને બાંધકામ ક્ષેત્રમાં ભારતમાં અંદાજે ૩ કરોડ અને ગુજરાતમાં ૧૨ લાખ શ્રમજીવીઓ મકાન અને બાંધકામ ક્ષેત્રમાં રોકાયેલા છે. આ શ્રમજીવીઓના કલ્યાણ માટે શ્રમ અને રોજગાર વિભાગે હમણાં છેલ્લે જે મેળાનું આયોજન કર્યુ તેમા ૪ લાખ ઉપરાંત લોકોની નોંધણી કરવામાં આવી છે. શ્રમ અને રોજગાર વિભાગનું લક્ષ્ય ગુજરાતમાં જેટલા પણ શ્રમયોગીઓ છે તેના સુધી સરકારશ્રીની યોજનાઓ પહોંચે તેને માટે શ્રમ અને રોજગાર વિભાગ કામ કરી રહ્યું છે.

ડો. અનિલ જોષીયારા(ભિલોડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આદિજાતિ વિસ્તાર પેટા યોજના માટે માગણી નં.૯૬ની જે પૂરક માગણી લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ પૈસા જે છે તે મોટાભાગે કૂવાઓ અને પંપના વીજળીકરણના છે. ૨૦૧૪નું બજેટ આવ્યું તેમાં ૫૦૦ કરોડ અને ૫૦ લાખની જોગવાઇ કરી હતી. સુધારેલુ બજેટ સરકારે ૬૨૪ કરોડ રૂપિયાનું કર્યુ અને હમણા ફરી પાછા જે કૂવાઓના વીજળીકરણ માટે ૯૧ કરોડ ૫૪ લાખ ૯૯ હજારની પૂરક માગણી લઇને આવ્યા છે. મારે મંત્રીશ્રીને કહેવુ છે કે, આ આદિવાસી વિસ્તારમાં કૂવાઓના વીજળીકરણ માટેની કોઇ ચોક્કસ એવી વ્યવસ્થા નથી થઇ અને તેના લીધે એક સર્વે નંબરમાં બીજુ કનેકશન નથી આપતા એવો પણ પરિપત્ર કર્યો છે. પરિસ્થિતિ એ થાય છે સાહેબ કે એક સર્વે નંબરમાં ત્રણ ચાર ભાઇઓ કામ કરતા હોય છે અને તેની અલગ અલગ જમીન હોય છે ત્યારે એક ભાઇને કનેકશન મળે છે અને બીજા ભાઇને કનેકશન મળતું નથી. ત્યારે આટલા બધા પૈસા ફરી પાછા લઇને આવ્યા છે ત્યારે મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે આખુ તેમનું જે નેટવર્ક છે તેનો બધો મેં અભ્યાસ કરી લીધો છે. તાલુકા અને જિલ્લા કક્ષાએ આદિવાસીઓ માટે સ્પેશ્યલ ખેડૂતોની અરજીઓને નોંધવા માટેની કોઇ વ્યવસ્થા નથી. આ બધા પૈસા જનરલ જ વપરાય છે આ જે પૈસા છે તે શેરમૂડી ફાળા માટે જાય છે. એટલે મારી મંત્રીશ્રીને વિનંતી છે કે, આ ચોક્કસ ખરેખર આદિવાસીઓ માટે હોય તો તમે તાલુકા મથકે તેની વ્યવસ્થા કરો, જિલ્લા મથકે તેની વ્યવસ્થા કરો કે જેથી તમે જે બજેટમાં જોગવાઇ કરી છે તેના માટે જ પૈસા વપરાય.

માનનીય અધ્યક્ષશ્રી, બીજા જે પૈસા છે ૯૦ લાખ ૯૯ હજાર, આદિવાસી માલિકી હક્કના જે જંગલો છે તેમના રિવોલ્વીંગ ફંડ માટે છે. હમણાં અત્યારે બજેટ ચાલે છે તો ૨૦-૨-૨૦૧૫ના રોજ આ ૬ કરોડ રૂપિયા સરકારે લીધા છે. આ રિવોલ્વીંગ ફંડ જયારે હરરાજી થતી હોય છે ત્યારે કયાંક જરૂર પડતી હોય છે ત્યારે આ

તાત્કાલિક કેમ આટલા બધા પૈસાની જરૂર પડી? તમો બજેટમાં આની જોગવાઇ કરી શકયા હોત? આ રિવોલ્વીંગ ફંડ તો ઘણા સમયથી ચાલતુ આવતું હોય છે એટલે આ પૈસા તાત્કાલિક આ સરકારને લેવાની જરૂરિયાત મને લાગતી નથી એટલે હું તેનો વિરોધ કરું છું. આ કેટલાય વખતથી રિવોલ્વીંગ ફંડ ચાલે છે અને આ પૈસા અત્યારે લેવાની જરૂર નહોતી. અત્યારે જયારે બજેટ સત્ર ચાલે છે અને આપણે બધા બજેટ સત્રમાં બેઠા છીએ તો શું કામ બજેટમાં આની જોગવાઇ ના કરી?

અત્યારે આરોગ્ય માટે ૧૩૦ કરોડનું બજેટ લઇને આવ્યા છે તેમાં પણ મારા વિચારો રજૂ કરું છું. આ જે પૈસા છે તે મોટાભાગે કર્મચારીઓ, ડોકટરો છે તેના પ્રવાસ ભથ્થા, તેમનો પગાર વધારો, તેમનું મોંઘવારી ભથ્થુ અને ટીકુ કમિશન માટે છે. આ ટીકુ કમિશન ૧૯૯૬ થી ચાલે છે. સરકાર ટાઇમસર પૈસા ચૂકવતી નથી અને તેના લીધે આ મુશ્કેલી ઉભી થઇ છે. મોટા ભાગના ડોકટરોની જગ્યાઓ ખાલી છે તો શા માટે આ પૈસાની જરૂર પડી છે? મોટાભાગે પૈસા આયુર્વેદ માટેના છે. આયુર્વેદ ડાયરેકટર ઓફિસ માટેના છે. આજે સ્વાઇન ફ્લુ ચાલી રહ્યો છે. ડોકટરોની જગ્યાઓ ખાલી છે. પ્રજા ઉકાળા તરફ વળી છે. સરકાર પાસે એચ.વન, એન.વન. વાયરસ કન્ટ્રોલ કરવા માટે ઉકાળો હોય તેવું ટેકનીકલી પુરવાર થયેલ હોય તો સરકારે જાહેરાત કરવી જોઇએ. બાકી પ્રજાને એવું છે કે આનાથી સાજા થઇ જશે. એટલે ઉકાળો ચાલુ કરે છે. ડોકટરો ઉપલબ્ધ નથી તેની વ્યવસ્થા કરવી જોઇએ. અને સરકારે જાહેરાત કરવી જોઇએ કે આ ઉકાળાનું પરિણામ સારું આવે છે પણ સરકારને જ ખબર નથી અને ઉકાળા વાળો કોઇ તૈયાર થઇ જાય તો ચાલુ કરી દે છે. આવા ઉકાળાને હવાલે પ્રજાને છોડી દેવી ન જોઇએ અને સરકારે વ્યવસ્થા કરવી જોઇએ. હમણાં જ મંત્રીશ્રી દાહોદ જિલ્લાની વાત કરતા હતા, ત્યાં જે નેશનલ હાઇવે નંબર ૫૮ છે ત્યાં વધુમાં વધુ અકસ્માતો થાય છે. સભ્યશ્રીનું કહેવું છે કે ટ્રોમા આઇ.સી.યુ. કેમ નહીં? એમને ખબર છે કે તેની જરૂર છે. પણ તેની વ્યવસ્થા નથી. કોઇ ગામડાંમાં આઇસોલેશન વોર્ડ હોતા નથી. મારા મેઘરજ તાલુકામાં મેં તપાસ કરી તો કોઇ જગ્યાએ માસ્ક નથી. ડોકટરો કહે છે કે રોગી કલ્યાણ સમિતિનાં પૈસામાંથી માસ્ક ખરીદવા પડે છે. પણ ખરેખર આ વ્યવસ્થા સરકારે કરવી જોઇએ. તેની દવાઓની વ્યવસ્થા પણ સરકારે કરવી જોઇએ. કોઇ જગ્યાએ આવી વ્યવસ્થા થઇ નથી.

શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી સમૂહ વિકાસની માગણી નંબર ૭૦ લઇને આવ્યા છે તેના સમર્થનમાં અને કોંગ્રેસના જે મિત્રોએ કાપ દરખાસ્ત મુકી છે તે પાછી ખેંચી લે તેવી અપીલ સાથે હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું. ગ્રામ્ય સ્તરે આવા સમૂહ વિકાસની કામગીરીનો વહીવટી અને આનુસાંગિક ખર્ચ વધારે આવે તે સ્વાભાવિક છે. સમૂહ વિકાસની કામગીરીના હાર્દ સ્વરૂપ ફરજ બજાવતા તલાટીઓ અને કોમ્પ્યુટર ઓપરેટરોની વિશાળ સંખ્યામાં ભરતી થતી હોય ત્યારે આ ભરતીની પરીક્ષા, તાલીમ વગેરે માટે સહાયક અનુદાન પણ વધે. ગૃહમાં મહેકમની ચર્ચા થતી હોય અને વારંવાર આ વિષય ચર્ચાતો હોય ત્યારે તલાટી અને કોમ્પ્યુટર ઓપરેટરો ખૂબ મહત્વનું અંગ હોય અને તેની ભરતી થતી હોય અને છેલ્લા ૮ મહિના દરમિયાન તલાટીઓની ભરતી થઇ અને ૮ માસ પહેલા જે બજેટમાં જોગવાઇ કરવામાં આવી હતી તે જોગવાઇમાં રકમ હતી જ પરંતુ ૮ માસ દરમિયાન આપણને ખબર પડી કે આટલો આટલો ખર્ચ વધારાની ભરતીને કારણે, એમના પગાર આપવાના કારણે, પરીક્ષા લેવાના કારણે અને તાલીમ આપવાના કારણે થયો છે તેના કારણે આ પૂરક માગણીઓ લાવવામાં આવી છે. લગભગ ૬૭ કરોડ ૫૬ લાખ ૯૭ હજારની વધારાની જરૂરિયાત રહે છે તેવું માનનીય મંત્રીશ્રીએ કહ્યું છે. આ જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં હકીકતમાં તો જે કાપ દરખાસ્તો આવી છે એ મેં અગાઉ કહ્યું તેમ હું મારા મિત્રોને આ કાપ દરખાસ્તો પાછી ખેંચવા માટે વિનંતી કરીશ કારણ કે, આ કાપ દરખાસ્ત તલાટીની ભરતી ઉપર છે, મહેકમની વાત કરતા હોય અને તલાટીઓની ગ્રામ્ય સ્તરે ભરતી થતી હોય તેના ઉપરની આ કાપ દરખાસ્ત છે, કોમ્પ્યુટર ઓપરેટરો ઉપરની આ કાપ દરખાસ્ત છે. તલાટીઓને પહેલા ૨૫૦૦ અને અત્યારે ૭૮૦૦ પગાર આપવામાં આવે છે તેના ઉપરની આ કાપ દરખાસ્ત છે. જે ટ્રાન્સપરન્સીથી સરકાર પરીક્ષા લઇ રહી છે તે પરીક્ષાના ખર્ચ ઉપરની આ કાપ દરખાસ્ત છે. ભરતી અને પછી તાલીમ આપવાની જે વ્યવસ્થા છે જેના કારણે તલાટી ફિલ્ડમાં સારી રીતે કામ કરી શકે તેના માટેની તાલીમ આપવામાં આવે છે તે તાલીમ ઉપરની આ કાપ દરખાસ્ત છે. આ કાપ દરખાસ્તો મેં કહ્યું તેમ વહીવટી ખર્ચા માટે અને ગ્રામ્ય સ્તર ઉપર વિકાસ ઝડપી બને અને પંચાયતી રાજ સન ૧૯૬૩થી ગુજરાતમાં અમલમાં આવ્યું એના કારણે સર્વગ્રાહી વિકાસ તરફ ગુજરાત આગળ વધ્યું છે એની એક જરૂરિયાત

તલાટી, કોમ્પ્યુટર ઓપરેટર વગેરેની સેવા મળી રહે અને તાલીમ બદ્ધ મળે એના માટે ભરતી થઇ રહી છે ત્યારે કોંગ્રેસના મિત્રો સામૂહિક વિકાસ ઉપર ગામડાંના વિકાસ ઉપર બ્રેક મારવા માટે જે કાપ દરખાસ્તો લઇને આવ્યા છે એ પાછી ખેંચી લે અને પૂરક માગણીઓ મંજૂર કરે તેવી વિનંતી છે.

શ્રી અશોકકુમાર ર. પટેલ(ગાંધીનગર-ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી પાટનગર યોજના માટે પૂરક માગણી ક્રમાંક ૮૭ લઇને આવ્યા છે એને મારું સમર્થન આપી અને એ અંગે મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

માર્ગ અને મકાન વીભાગ દ્વારા સામાન્ય રીતે કાયદા વિભાગ હોય, પોલીસ વિભાગ એટલે કે ગૃહ વિભાગ હોય કે સચિવાલયના જુદા જુદા વિભાગો હોય એના કર્મચારીઓ આ સરકારી આવાસોમાં રહી શકે અને પોતાની સેવાઓ આપી શકે એના માટે સરકાર રહેવા માટેના મકાનો પ્રાપ્ત કરાવતી હોય છે. દરેક જિલ્લા મથકે પણ મકાનો બનતા હોય છે. સરકારી કર્મચારીઓ ઓફિસોમાં સારી કામગીરી કરે છે ત્યારે એને સારુ રહેઠાણ મળે એ પણ જરૂરી છે. મારે વિરોધપક્ષના મિત્રોનું ધ્યાન દોરવું છે કે આપે કાપદરખાસ્તમાં એવું દર્શાવ્યું છે કે સરકીટ હાઉસ કે સરકારી ઓફિસો છે એના માટે ધ્યાન આપ્યું હોત તો સારુ હોત. આપ સૌ મિત્રોએ જૂના સચિવાલયમાં જે કચેરીઓ આવેલી છે એમાં જવાની જરૂર છે. અત્યારે પ્રાઇવેટ કોર્પોરેટ ઓફિસો હોય છે એવી જ સચિવાલયની બધી કચેરીઓ કોર્પોરેટ લૂકવાળી થઇ ગઇ છે. આ જે પૂરક માગણી કરવામાં આવી છે એ મકાનો માટે કરવામાં આવી છે ત્યારે વિરોધપક્ષના મિત્રોને એ પણ કહેવું છે કે જયારે નાણા મંત્રી કર્મયોગી ભાઇઓ અને બહેનો માટે આ રકમનો ઉપયોગ કરવા જઇ રહ્યા છે ત્યારે મારે એમને કહેવું છે કે '' વાદ નહિ વિવાદ નહિ, આવો બધા સાથે મળીને પૂરક માગણીઓ મંજૂર કરીએ'' માનનીય કાંતિભાઇ ખરાડીએ કર્મયોગી મિત્રો માટે કાપદરખાસ્ત મૂકી છે ત્યારે એમને મારી વિનંતી છે કે એ પોતાની કાપદરખાસ્ત પાછી ખેંચી લે કારણ કે કર્મચારીઓ ગુજરાત રાજયના હાર્દ સમાન છે, સુંદર મજાનો વહીવટ કરી રહ્યા છે ત્યારે એમને સરસ મજાના મકાનો મળે અને છે એનાથી પણ સારા મળે એના માટેની માનનીય નાણા મંત્રીશ્રી પૂરક માગણી લઇને આવ્યા છે ત્યારે એના ઉપર કાપ દરખાસ્ત રજૂ કરનાર સભ્યશ્રીઓ પોતાની કાપ દરખાસ્ત પાછી ખેંચી લે અને પૂરક માગણી મંજૂર કરે તેવી વિનંતી છે.

શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી રહેણાંક મકાનો માટે ૧૦ કરોડ ૬૫ લાખ ૨૯ હજારની પૂરક માગણી લઇને આવ્યા છે એના ઉપર હું મારા એક બે સૂચનો કરવા માટે ઉભો થયો છું.

ચાલુ વર્ષે અંદાજપત્રમાં ૧૬૦ કરોડ ૮૦ હજારની જોગવાઇ સામે આઠ મહિનાના ખરેખર ખર્ચના આંકડાના આધારે સુધારેલા ખર્ચના સંદર્ભમાં પરિસ્થિતિનું પુનઃ અવલોકન કરતાં એવો અંદાજ છે કે રાજયના બિન રહેણાંક મકાનો માટે ૧૭ કરોડની વધારાની જરૂરિયાત રહેશે. આમ છતાં મંજૂર થયેલ અનુદાન હેઠળની બચતમાંથી ૬ કરોડ ૩૪ લાખની બચત ઉપલબ્ધ છે તેથી રૂપિયા ૧૦ કરોડ ૬૫ લાખ ૨૯ હજારની ચોખ્ખી પૂરક માગણી લઇને આવ્યા છે.

જયારે બજેટ બનાવતા હોય ત્યારે હું એવું માનું છું કે પ્લસ માઇનસ થાય. પરંતુ જયારે અધિકારીઓ સાથે માનનીય મંત્રીશ્રી બેસીને બજેટ બનાવે ત્યારે એનો અંદાજ મૂકવામાં આવે એના પછી હું માનું છું કે જે કંઇ વધઘટ થાય કે ટેન્ડર ઊંચા આવે કે ભાવ વધારો થાય કે મકાનોના રિપેરીંગ બાબતમાં વધારો થઇ શકે ત્યારે મારુ સૂચન મંત્રીશ્રીને છે કે ઘણી વખત મૂળ બજેટમાં જે રકમ મૂકે છે એના કરતાં પૂરક માગણીમાં વધારે રકમ આવે છે એ બરાબર ગણિત ગણીને અવલોકન કરીને કરે તો પૂરક માગણી લાવવાની જરૂર ન પડે.

માનનીય અધ્યક્ષશ્રી, હું માનું છું ત્યાં સુધી રહેણાંક અને બિન રહેણાંકના મકાનોની બાબતમાં દા.ત. એમ.એલ.એ. કવાર્ટર બનાવ્યા. એક વખત રિપેર કર્યા. બીજી વખત રિપેર કર્યા. એટલો મોટો વધારાનો ખર્ચ થયો છે તેને કારણે પણ સરકાર પર વધારાનો બોજ પડે છે. ત્યારે હું ફક્ત એક જ વિનંતી કરીશ કે જયારે બજેટ બનાવે ત્યારે મંત્રીશ્રીઓ અને અધિકારીઓ સાથે બેસીને એવું બજેટ બનાવે કે જેથી કરીને પૂરક માગણીઓ ન લાવવી પડે. એટલું જ મારું સૂચન છે.

શ્રી સુરેશભાઇ ધ. પટેલ(મણીનગર) : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૪-૧૫ માટે માનનીય નાણામંત્રીશ્રી પૂરક માગણી નં.૩૯ લઇને આવ્યા છે તેને હું સમર્થન આપું છું અને આ ૧૩૦ કરોડની પૂરક માગણીમાં હોસ્પિટલ

અને દવાખાના માટે, આયુર્વેદ માટે, ગ્રામીણ આરોગ્ય તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માટે, સામુહિક આરોગ્ય કેન્દ્ર, વડોદરા મેડિકલ કોલેજ અને બી.જે. મેડિકલ કોલેજમાં આ પૈસાનું યોગદાન આપેલું છે. આયુર્વેદમાં ૩૪ સરકારી આયુર્વેદ કોલેજ છે. ૫૪૫ આયુર્વેદિક દવાખાના છે. ૪ સરકારી આયુર્વેદિક કોલેજ છે અને આયુર્વેદિક ફાર્મસી છે. આમાં તમામ હોસ્પિટલોમાં અને દવાખાનામાં જે ખર્ચ થાય છે એ સોએ સો ટકા રાજય સરકાર ભોગવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૧૭ હોમિયોપથિક દવાખાનામાં ૮.૦૭ લાખ દર્દીઓએ વિનામૂલ્યે દવાઓ લીધેલી છે અને આયુર્વેદિક હોસ્પિટલો તેમજ દવાખાનાઓમાં ૩૮.૨૦ લાખ દર્દીઓએ આનો ફાયદો લીધેલો છે. તેની સારવાર કરાવેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ્ય વિસ્તારોમાં પણ દવાખાનાઓ શરૂ કરવાના છે. આખા ગુજરાતમાં પૂરતી સુવિધા મળી રહે તેના માટે ગુજરાત સરકાર પ્રતિબદ્ધ છે. બીજું, જાહેર આરોગ્ય કાર્યક્રમ છે તેમાં આખા ગુજરાતમાં આરોગ્ય સેવાઓના માળખામાં ૮,૧૨૧ પેટા કેન્દ્રો, ૧૩૦૦ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને ૩૨૧ સામુહિક આરોગ્ય કેન્દ્રો મંજૂર કરી વિશાળ શ્રૃંખલાઓમાં અન્ય રાજયોની સરખામણીમાં ગુજરાત અગ્રિમ હરોળમાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયની ભૌગોલિક પરિસ્થિતિ ગમે તેવી હોય, અંતરિયાળ વિસ્તાર હોય, આદિજાતિ વિસ્તાર હોય કે સાગરખેડૂનો વિસ્તાર હોય આપણે આરોગ્યલક્ષી સેવાઓ માટે ૧૨૯ મોબાઇલ કોમ્પ્રેહેન્સીવ હેલ્થકેર મંજૂર કરેલ છે. આ બધી જ વિગતો ધ્યાનમાં લઇને આ પૂરક માગણી કરી છે. આરોગ્ય ખાતાની તો એટલી બધી સિદ્ધિઓ છે કે આગામી દિવસોમાં આખા દેશમાં આપણે ખૂબ આગળની હરોળમાં હોઇશું. આ મેડિકલ સેવાઓ જે વધી છે અને તેમાં લોકસેવાનું કામ છે એટલા માટે આ પૂરક માગણીઓ મંજૂર કરવાની દરખાસ્ત લઇને મંત્રીશ્રી આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું અને આ માગણીઓ આપણે સ્વીકારીશું તો સમાજસેવા થશે. એક સંતની ભાષામાં કહું તો એક સંતને એક ભાઇએ કહ્યું કે મારે સમાજસેવા કરવી છે તો શું કરું? તો સંતે એમને એવું કહ્યું કે નડવાનું બંધ કરો. એ જ મોટી સમાજસેવા છે. આપણે ગુજરાતનો સર્વાંગી વિકાસ કરીએ, ગતિશીલ ગુજરાતના પ્રણેતા આપણાં મુખ્યમંત્રી આદરણીય આનંદીબેનનું નેતૃત્વ છે અને કેન્દ્રમાં જયારે નરેન્દ્રભાઇ બેઠાં છે ત્યારે ગુજરાત આગામી દિવસમાં આરોગ્ય ક્ષેત્રે નવી સિદ્ધિઓના સોપાન સર કરશે. આપણો સુવર્ણ ઈતિહાસ જયારે લખાવા જઇ રહ્યો છે ત્યારે આપણે પણ તેમાં મોટું યોગદાન આપીએ. છેલ્લે મારા મણીનગરમાં આદરણીય નરેન્દ્રભાઇએ જે રુક્ષ્મણીબેન હોસ્પિટલ હતી એ ખાલી પ્રસૂતિગૃહ હતું, તેને આયુર્વેદિક, હોમિયોપથિક અને દવાખાનું શરૂ કર્યું છે એ આખા દેશમાં એક નમૂનારૂપ દાખલો છે. એ જોવા લાયક છે.

ઉપાધ્યક્ષશ્રી : વિરામનો સમય થયો છે. આપનું પ્રવચન પૂરું થાય છે.

**(વિરામ સવારના ૧૦-૩૦ થી ૧૧-૦૦)**

**માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી મિતેષભાઇ ક. ગરાસીયા(ઝાલોદ) : માનનીય અધ્યક્ષશ્રી, હું તબીબી અને જાહેર આરોગ્યની પૂરક માગણીઓ ઉપર મારા મંતવ્યો જણાવવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, તબીબી અને જાહેર આરોગ્ય એ દરેક ધર્મ, જાતિ, સૌ નાગરિક માટે બહુ મહત્વનું ડિપાર્ટમેન્ટ છે. હમણાં જ આરોગ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે, પાટણ, સુરેન્દ્રનગર, સિદ્ધપુર જેવા જિલ્લાઓમાં મેડિકલ કોલેજ અને અદ્યતન હોસ્પિટલો બનાવવાનું આયોજન છે. પણ દાહોદ જિલ્લાનો ઉલ્લેખ કર્યો નથી. તો દાહોદ જિલ્લાનો ઉલ્લેખ કેમ નથી કર્યો અને આજની તારાંકિત પ્રશ્નોત્તરીના પ્રશ્ન નં.૮ના જવાબમાં માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો કે, જરૂરી સુવિધાઓ માટે કોઇ આયોજન કરવામાં આવ્યું નથી. ૨૦૧૨ની વિધાનસભાની ચૂંટણીમાં પ્રચારાર્થે દાહોદ ખાતે આવેલ તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ દાહોદની જનતાને મેડિકલ કોલેજ અને અખંડ હોસ્પિટલ આપવાની જાહેરાત કરી હતી તો શું એ જાહેરાત ચૂંટણી માટે જ હતી? દાહોદ જિલ્લો મધ્યપ્રદેશ અને રાજસ્થાનની સરહદે આવેલો જિલ્લો છે. આશરે ૭૫ થી ૮૦ ટકા આદિવાસી વિસ્તાર છે, અંતરિયાળ વિસ્તાર છે, પછાત વિસ્તાર છે. આ આદિવાસીઓને ત્યાં જ આરોગ્યની સુવિધાઓ મળવી જોઇએ, એવો સરકારનો અભિગમ હોવો જોઇએ. ત્યાં જરૂરી લાઇફ સેવીંગ સાધનો, ક્રિટિકલ ઇમરજન્સી વખતની આરોગ્યની સુવિધાઓ દાહોદ સ્તરે ઉભી કરવા માગતા નથી. એટલે જ માનનીય આરોગ્ય મંત્રીશ્રીએ પ્રશ્નોત્તરીના જવાબમાં કહ્યું હતું કે, આવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાનું આયોજન નથી. આવી ક્રિટિકલ અને ઇમરજન્સી સુવિધાઓ ફક્ત વડોદરા ખાતે જ ઉપલબ્ધ છે. દાહોદથી

વડોદરા ૧૬૦ કિલોમીટર દૂર છે. જરૂરિયાતમંદ દર્દીઓને વડોદરા જ મોકલવા માગો છો? મારા મત વિસ્તાર દાહોદની વાત કરું તો ઝાલોદમાં સી.એચ.સી. હોસ્પિટલ આવેલ છે. દાહોદની વસ્તી આશરે ૨૦૦૦૦ની છે. આજુબાજુમાં બહુ મોટું ક્ષેત્રફળ છે. સી.એચ.સી. હોસ્પિટલમાં છેલ્લા દસ વર્ષથી સ્પેશિયાલિસ્ટ ડોક્ટરો નથી. ફિઝિશિયન, ગાયનેકોલોજીસ્ટ, એનેસ્થેટીસ્ટ, સર્જન, રેડિયોલોજીસ્ટ જેવા ડોક્ટરો નથી. લેબોરેટરીની સુવિધા નથી, બ્લડ બેંક નથી. આ સી.એચ.સી. હોસ્પિટલમાં દેશ લેવલે વધુમાં વધુ પ્રસૂતા કરાવવાનો રેકર્ડ નોંધાયેલ છે. જેને રાષ્ટ્રપતિનો ચંદ્રક આપવામાં આવેલ છે. ત્યારે આ હોસ્પિટલમાં દાખલ થતી પ્રસૂતાને ૭ ટકા, ૪ ટકા અને ૨ ટકા હિમોગ્લોબીન હોય છે ત્યારે આ હોસ્પિટલમાં ડોક્ટરો નથી, દવા નથી, ઓપરેશન થિયેટર નથી, રેડિયોલોજીસ્ટ નથી. આવી સુવિધાઓના અભાવે આવા દર્દીઓને દાહોદ શિફ્ટ કરવા પડે છે. દાહોદ શિફ્ટ કરવા માટે ત્યાંની એમ્બ્યુલન્સ છેલ્લા આઠ મહિનાથી ખોટકાઇને પડી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં હમણાં સ્વાઇન ફ્લૂનો કહર ચાલે છે. એમાં મારા મત વિસ્તાર ઝાલોદમાં એચ–૧એન–૧ પોઝીટીવ દર્દીઓ નોંધાયા છે અને મરણ પણ થયા છે. સ્વાઇન ફ્લૂના સસ્પેક્ટેડ દર્દી તરીકે ફિઝિશિયને મને ડિટેક્ટ કર્યો અને ત્યારે મેં સી.એચ.સી.ના ફિઝિશિયનનો કોન્ટેક્ટ કર્યો અને એમને કહ્યું કે, મને ટેમી ફ્લૂની ટેબ્લેટ આપો. તો એમણે જવાબ આપ્યો કે, સરકારે ફક્ત જાહેરાત કરી છે. પણ અમને કોઇ દવાઓ પહોંચતી કરી નથી. ૨૭ અને ૨૮ તારીખે વિધાનસભાનું સત્ર શરૂ થવાનું હતું એટલે ઝાલોદ ખાતે ટેમી ફ્લૂની ટેબ્લેટ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. હું જ્યારે દાહોદ ગયો ત્યારે ફિઝિશિયને ટેમી ફ્લૂની ટેબ્લેટ લેવા માટે એડવાઇઝ કરી. દાહોદના જિલ્લા સ્તરના ડોક્ટરોએ જણાવ્યું કે, તમારે પ્રાઇવેટ મેડિકલ સ્ટોરમાંથી જ ટેમી ફ્લૂની ટેબ્લેટ લાવવી પડશે. દાહોદમાં વર્ધમાન મેડિકલ સ્ટોર આવેલ છે ત્યાંથી ટેમી ફ્લૂની ટેબ્લેટ ખરીદી અને મેં લીધેલ છે. ઝાલોદનું આરોગ્ય તંત્ર એટલું બધું ખરાબ છે કે, ત્યાં ટ્રોમા કેર સેન્ટર, ઇમરજન્સીની કોઇ સુવિધા ઉપલબ્ધ નથી. કોઇને એક્સીડેન્ટ થયો હોય, કુદરત સર્જીત અકસ્માત થયો હોય તો એવા દર્દીઓને સારવાર લેવાની થાય છે. ત્યારે વડોદરા ૧૬૦ કિલોમિટર દૂર છે ઝાલોદમાં સીટીસ્કેનની કે અન્ય ક્રીટીકલ કે ટ્રોમા કેરની સગવડ નથી તો વડોદરા ખાતે દર્દીઓને મોકલવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે.

શ્રી શંભુજી ચે. ઠાકોર(ગાંધીનગર (દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી નંબર ૭૦ લઇને આવ્યા છે તેના ઉપર મારા વિચારો રજૂ કરવા અને તેને સમર્થન આપવા માટે હું ઉભો થયો છું. ગુજરાતમાં પંચાયતી રાજને સ્વીકૃતી મળ્યાના પરિણામે ગુજરાતના સંપૂર્ણ વિકાસમાં તેનું મહત્વનું યોગદાન રહેલું છે. ગુજરાતને ખરા અર્થમાં સમૂહ વિકાસ ભણી લઇ જવાની નેમ આદરણીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેનની છે. ગતિશીલ ગુજરાતની નેમ સાથે ગરીબો અને છેવાડાના માનવીઓ છે તેના વિકાસ માટેની યોજનાઓને જયારે ગુજરાત સરકારે પ્રાધાન્ય આપ્યું છે ત્યારે એકવીસમી સદીમાં જવાની વાત આપણે સૌ કરતા હોઇએ ત્યારે આ સમૂહનો વિકાસ થાય તેવા સામાજિક ક્ષેત્રે પણ સરકારે બજેટમાં ખૂબ જોગવાઇ કરી છે અને એ જોગવાઇ અપૂરતી જણાતા આ પૂરક માગણી લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે, છેવાડાના માનવીને ઘર માટે, તેની વીજળી માટે, પાણી માટે અને વધારાની સુવિધા માટેની આ માગણી છે. ગામડાઓમાં માળખાકીય સુવિધા પૂરી પાડવા માટે, ગ્રામ્ય જીવનનું સ્તર ઊંચું લાવવા માટે, ગામડાઓના ગરીબ માણસોને પીવાનું પાણી, ગટર વ્યવસ્થા માટેની જોગવાઇ માટે આ પૂરક માગણી છે ત્યારે ગુજરાતના ગામડામાં ઇ–ગ્રામ વિશ્વગ્રામની યોજના દ્વારા ગ્રામ પંચાયતોને કોમ્પ્યુટર–હાર્ડવેરની ફાળવણી કરી બ્રોડબેન્ડ વી–સેટ ઇન્ટરનેટ મારફતે નેટ દ્વારા આ સેવાઓ પૂરી પાડવામાં આવેલ છે, અને ગામડાઓના જે ગરીબ ખેડૂતો છે એ ગરીબ ખેડૂતોને તાલુકા પંચાયત સુધી ન જવું પડે એ માટે ગ્રામ પંચાયતમાં પણ આ સેવા મારફતે ૭/૧૨ અને ૮/અ ના ઉતારા, આવકનું પ્રમાણપત્ર જેવી અનેક સેવાઓ પૂરી પાડવામાં આવેલ છે. સ્વચ્છ ગ્રામ યોજના, સમરસ પંચાયત, તીર્થધામ, પાવન ગામ, પંચવટી યોજના આ ગ્રામ પંચાયતોને પ્રોત્સાહન આપવા માટે સરકારે વિવિધ યોજનાઓ કરી છે અને ગામડાઓમાં જે ગરીબો છે, વિકાસથી વંચિત છે, એવા સમાજના વિકાસ માટે આ વધારાની પૂરક માગણી લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે તેમને હું સમર્થન કરું છું અને જેમણે આ કાપ દરખાસ્ત મૂકી છે એ કાપ દરખાસ્ત આ ગરીબ સમૂહના વિકાસ માટે પાછી ખેંચે તેવી વિનંતી કરું છું.

શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે એ માગણીઓમાં ૩૯, ૫૭, ૭૦, ૮૭, ૯૬ ઉપર મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું. ચાલુ વર્ષમાં પૂરક માગણીની રકમ પૈકી ૧૫૧૧,૬૫,૬૯,૦૦૦ની રકમ આયોજન ખર્ચના કારણે અને બાકીની ૪૩૦૬,૮૫, ૬૯,૦૦૦ ની રકમ આયોજન બહારના ખર્ચને કારણે છે. સત્તા પક્ષના સભ્યશ્રીઓએ કાપ દરખાસ્ત પાછી ખેંચી લેવાની વિનંતી કરી, ભાઇશ્રી ઋષિકેશભાઇએ કીધું કે કાપ દરખાસ્ત પાછી ખેંચી લેવી જોઇએ, ચિંતાનો વિષય એ છે કે છેલ્લા વર્ષોમાં આપણે જોઇએ તો વિકાસલક્ષી ખર્ચને બદલે બિનવિકાસલક્ષી ખર્ચમાં ઉત્તરોત્તર વધારો થતો ગયો છે. પ્લાન અને નોન પ્લાન, રાજ્ય સરકારના તમામ વિભાગોની અંદર બજેટ શાખા ઉપલબ્ધ છે. એમાં કર્મચારીઓ છે એ બજેટ શાખામાં આખા વર્ષમાં સરકાર બજેટ રજૂ કરે એ પહેલાં બજેટ તૈયાર કરવાનું કામ કરતા હોય છે. આ એની જવાબદારી એણે નિભાવવાની હોય છે ત્યારે રેકોર્ડ ઉપર ચકાસણી કરીએ અને જોઇએ તો જે માગણીઓ કરવામાં આવે છે એ માગણીઓ કરતાં ૫૦, ૬૦ કે ૭૦ ટકા અને ઘણીવાર ૮૦ ટકા કરતાં વધારે પૂરક માગણી આવે, એમની મૂળ માગણી કરતાં વધારેની પૂરક માગણીઓ લઇને આવે છે ત્યારે રાજ્ય સરકારનો એ વિભાગ બજેટ તૈયાર કરવા માટે સદંતર નિષ્ફળ ગયો હોય તેવું દેખાઇ આવે છે એવું આ પૂરક માગણીના અનુસંધાને પુરવાર થાય છે. પૂરક માગણીનો બીન વિકાસલક્ષી ખર્ચ આયોજન બહારનો એટલે રાજ્ય સરકારને ગમે ત્યારે ઇચ્છા થઇ જાય, મનમાં કંઇક આવી જાય અને બીજા દિવસે સવારથી એનો અમલ કરવામાં આવે અને એની પાછળ ખર્ચ કરવામાં આવે. વાસ્તવમાં જે ખર્ચ કરવામાં આવે છે એ બાબતે માનનીય નાણામંત્રીશ્રીને કહીશ કે આટલો મોટો નાણાકીય વહીવટ કરવાનો હોય છે ત્યારે તમારી પાસે બધી બાબતો ન આવતી હોય એ સમજી શકાય. પરંતુ જે ખર્ચ પૂરક માગણી દ્વારા વિભાગો દ્વારા કરવામાં આવે છે એનો વાસ્તવિક રીતે ખર્ચનો બ્રેક–અપ જોવામાં આવે તો હકીકતે પ્રજાલક્ષી હોતો નથી. એનો સદંતર દુરુપયોગ થાય એ પ્રકારની માહિતી રેકોર્ડ ઉપર ઉપલબ્ધ હોય છે ત્યારે જે પૂરક માગણીઓ જુદા જુદા વિભાગો લઇને આવે છે એ વિભાગોમાં વાસ્તવમાં બજેટમાં જે જોગવાઇઓ કરવામાં આવે છે, એમ બજેટમાં જોગવાઇ કરીને જે કામો કરવા પાત્રતા ધરાવતા હોય છે એવા કામો પણ રહી જાય છે અને પૂરક માગણીના આધારે જે કામો કરવા જેવા નથી એવા કામોનો વધારે સમાવેશ થતો હોય એવો છેલ્લા વર્ષોમાં અનુભવ છે. નોન પ્લાનમાં પણ ખર્ચ વધુ થાય છે. પ્લાનમાં ઉત્તરોત્તર ખર્ચમાં ઘટાડો થતો જાય છે ત્યારે સરકારને મારી વિનંતી છે કે પ્લાનીંગ બજેટમાં કરેલ જોગવાઇ અને બજેટ વ્યવસ્થિત રીતે થાય અને જે કામનો સમાવેશ કરવાનો થતો હોય એનો બજેટમાં સમાવેશ કરીને પ્રજાલક્ષી કામગીરી થાય તો મને લાગે છે કે સારું થશે. છેલ્લા વર્ષોમાં જે વધારે પૂરક માગણીઓ લઇને વિધાનસભા સમક્ષ આવવું પડે છે એમાં આપણે વિભાગો મારફતે સુધારો કરી અને પૂરક માગણીઓ લઇને આવવું ન પડે અને મૂળ માગણીમાં જરૂરિયાત મુજબની વ્યવસ્થા કરવામાં આવે તો મને લાગે છે કે આપણે વિકાસલક્ષી ખર્ચમાં વધારે કામ કરી શકીશું અને બીન વિકાસલક્ષી ખર્ચ ઓછો થશે. રાજ્ય સરકાર પણ બીન વિકાસલક્ષી ખર્ચ ઓછો કરે અને વિકાસલક્ષી ખર્ચમાં વધારે ધ્યાન આપે એવી રાજ્ય સરકારને વિનંતી સાથે મારી વાત પૂરી કરું છું.

**શ્રી કનુભાઇ મો. દેસાઇ(પારડી) :** માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય ગૃહમાં માનનીય નાણામંત્રીશ્રી સૌરભભાઇ પટેલ રહેણાંકના મકાનો માટે ૧૦ કરોડ ૬૫ લાખ ૩૯ હજારની પૂરક માગણી લઇને આવ્યા છે એના સમર્થનમાં અને યોગ્યતાના ધોરણે એને પાસ કરવા માટે સન્માનનીય ગૃહને વિનંતી કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન વિભાગ છેલ્લા ૧૦ વર્ષમાં એટલી સુંદર અને ગુણવત્તાસભર કામગીરી કરી રહ્યું છે અને સાથે જ્યારે આપણી પાસે એકદમ પ્રોફેશનલ નાણામંત્રીશ્રી આવ્યા છે ત્યારે એમણે બજેટ કેવી રીતે બનાવવું એ બધી જ સલાહ આપવામાં આવે છે. મારે એટલું જ કહેવું છે કે આ એકદમ સંવેદનશીલ સરકાર છે અને સંવેદનશીલ સરકાર બજેટની બહાર જઇને પ્રજાના પ્રશ્નો ઉકેલવા માટે એ સ્વાઇન ફ્લુ હોય કે નવા તાલુકા રચાયા હોય ત્યારે રહેઠાણની વ્યવસ્થા કરવાની હોય ત્યારે એકદમ સુંદર રીતે લોકોની અને સભ્યોની લાગણીઓને પ્રતિબિંબિત કરીને સુંદર આયોજન કરીને એ કામો પાર પાડે છે અને જ્યારે કામો પાર પાડ્યા પછી જ્યારે પૂરક માગણીઓ લઇને આવે છે ત્યારે આપણે એમાં કાપની વાતો કરીએ છીએ એ તદ્દન અયોગ્ય છે. આપણા સરકારી કર્મચારીઓ છે એ સરકારી કર્મચારી નહીં રહેતાં એ કર્મયોગી તરીકે કામ કરે છે. અને એમના માટે રહેઠાણ અને એમની જે કામ કરવાની જગ્યા છે. મામલતદાર ઓફિસ હોય, કલેકટર ઓફિસ હોય કે

એમની અદાલત હોય, કોર્ટના મકાનો હોય સરકારે સંવેદનશીલ બનીને જે કર્મયોગીઓને સુંદર વાતાવરણ પૂરૂં પાડવાનો પ્રયત્ન કર્યો છે એના માટે જે ખર્ચ થયો છે એ સમગ્ર ખર્ચને આપણે સર્વાનુમતે પાસ કરવા જોઇએ. આદિજાતિ વિસ્તારો કે નવરચિત તાલુકા-જિલ્લા મથકોએ કર્મચારીઓ અને અધિકારીઓના આવાસ માટે ૨૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે, તેમાં જુદી જુદી કક્ષાના રહેણાંકો બનાવવાનું આયોજન છે. તાપી જિલ્લાના મુખ્યમથક વ્યારાખાતે પણ કર્મચારીઓ અને અધિકારીઓ માટે ૧૧૬ યુનિટનું બાંધકામ ૨૩.૪૩ કરોડના ખર્ચે પૂર્ણ થયું છે અને જે જૂના મકાનો છે એના માટે પણ વલસાડ ખાતે ક્લાસ-૩ કર્મચારી કોલોનીને રિપેરીંગ માટે ૧૫.૧૪ કરોડ મંજૂર કરવામાં આવેલ છે. સરકાર કર્મચારીઓના રહેણાંકોની જરૂરિયાત છે એના માટે સંવેદનશીલ બનીને જે કર્મચારીઓને પ્રોત્સાહિત કરવાનું કામ આપે છે. હું સર્વેને વિનંતી કરીશ કે આ માગણીઓ સર્વાનુમતિથી પાસ કરવામાં આવે.

શ્રી પુનમભાઇ મા. પરમાર **(સોજીત્રા)** : માનનીય અધ્યક્ષશ્રી, પંચાયત વિભાગની માગણી નં. ૭૦ ઉપર હું મારા વિચારો રજૂ કરું છું.

સમૂહ વિકાસની સેવા માટે રૂ.૬૩.૭૮ કરોડની પૂરક માગણી રાખવામાં આવી છે. મુખ્યત્વે નીચેના ખર્ચાઓ માટે છે. ગ્રામ પંચાયતોમાં હિસાબનીશો અને પંચાયત મંત્રીઓને પગાર, તાલીમની ચુકવણી માટે રૂ.૧૫૭.૪૩ કરોડની જોગવાઇ કરવામાં આવેલી છે. આ ઉપરાંત ખર્ચાઓ વધતા ૭૬.૧૬ કરોડની પૂરક માગણીઓ મંજૂરી માટે રાખવામાં આવી છે તેમજ બોર્ડ દ્વારા હાથ ધરેલ અન્ય ખર્ચાઓને લીધે ૫.૮૮ કરોડની મંજૂરી ગૃહ સમક્ષ મૂકવામાં આવી છે. રાજ્યમાં તલાટીઓની ઘટનો પ્રશ્ન, તલાટીઓ દ્વારા મહેસૂલી દરેક એન્ટ્રી માટે ખાયકીનો મોટો પ્રશ્ન, ઠેરઠેર ભ્રષ્ટાચાર, તલાટી માટેની પરીક્ષામાં ભાજપનો મોટો ભ્રષ્ટાચાર. આજની પરિસ્થિતિમાં જુદા જુદા ગુજરાતના ગામડાઓમાં ૭૦ ટકા ગામડાઓ અંધારામાં જીવે છે. વીજળીના સ્ટ્રીટ લાઇટોના બિલ નહિ ભરી શકવાના કારણે ગ્રામપંચાયતો ૭૦ ટકા અંધારામાં જીવે છે. જો મારા મંત્રીશ્રી આ સ્ટ્રીટ લાઇટો ગ્રામ પંચાયતના બિલ માફીની પૂરક માગણીઓ લાવ્યાં હોત તો ચોક્કસપણે મને આનંદ થાત. હમણાં નવી ગ્રામ પંચાયતને વીજ જોડાણ આપવા માટે માનનીય સૌરભભાઇએ એક નવો પરિપત્ર બહાર પાડ્યો કે ગ્રામ પંચાયતના નવા વારીગૃહને જો વીજ જોડાણ જોઇતું હોય તો રૂરલ ફિડરમાંથી આપવું. એટલે હવે ગામડાની પ્રજાને પંચાયતોના વારીગૃહોમાં રૂરલ ફિડરના નિયમો મુજબ, હવે પીવાના પાણીમાં પણ બહેનોને રાતના ઉજાગરા કરવા પડશે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : વારીગૃહના વિષે ગઇકાલે પૂરક માગણી પૂરી થઇ ગઇ છે.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું પંચાયતની માગણીઓ ઉપર વાત કરું છું.

અધ્યક્ષશ્રી : એ ગઇ કાલે વારિગૃહના વિષયની પૂરક માગણી હતી.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ પંચાયતના વારિગૃહની બાબત છે.

અધ્યક્ષશ્રી : પંચાયતની માગણીમાં આવી જાવ, પ્લીઝ.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હા, હું માગણી પર આવું છું. માનનીય મંત્રીએ પંચાયતના સફાઇ કામદારોના પગાર માટે, ગ્રામ પંચાયતના સ્ટાફ માટેનું મહેકમ મંજૂર કરવામાં આવતું નથી. એ મહેકમ જો મંજૂર કર્યુ હોત તો પણ મને આનંદ થયો હોત. હમણા ગ્રામ પંચાયતની ભાગોળમાં એટલે કે સરકારે ૧૯૫૨ થી ગામતળ વધાર્યા નથી એ સૌરભભાઇને ખબર છે. એટલે નવા વીજ જોડાણમાં ગામતળનો દાખલો માગવામાં આવે છે, જાણે છે કે ગામતળનો દાખલો મળવાનો નહિ, વીજ કનેકશન આપવાનું નહિ. હમણા મારી બાજુના માતર તાલુકાના બામણગામ માતર વિધાનસભાનો થોડા વિસ્તારમાં જીઇબી તારાપૂર લાગે છે. માતરનો એક ગરીબ ખેડૂતનો છોકરો આવ્યો મારી પાસે, એ ભાઇએ સરવે નંબરમાં જ્યોતિ ગ્રામ યોજનાનું મિટર અને બાજુમાં રૂરલનું આપવાનું છે એટલે જીઇબીના અધિકારીને મેં ફોન કર્યો તો કહે કે સાહેબ, તમારી સરકારે નક્કી કર્યુ છે. અરે ભાઇ, શું સરકારે નક્કી કર્યું ? તો કહે કે, એમને રૂરલ ફિડરમાંથી આપવાનું છે. રૂરલ ફિડર તો સીમમાં હોય, તો રૂરલ ફિડર ત્યાંથી ત્રણ-ચાર કિલોમિટર દૂર થાય સાહેબ. તો એ ચાર કિલોમિટરનું ૧૬ લાખ રૂપિયાનું એસ્ટીમેટ એ ગરીબને આપ્યું. કેસરીસિંહ સાક્ષી છે, માતરના ધારાસભ્ય તમારા ભા.જ.પ.ના, એમને ત્યાં એ ભાઇને મોકલ્યા કે જાવ અને વાત કરો કે આ પરિપત્ર સૌરભભાઇ સુધારે. અહીંયા પાટલીઓ થપથપાવો છો ને મારા મિત્રો, મારે આપને એક વાત કરવી છે, હું જ્યારે બીજા ધોરણમાં ભણતો હતો, ત્યારે ત્રણ માકડાનો એક પાઠ આવતો હતો. એક માકડું કહે કે, હું બોલ્યો ય નહીં અને ચાલ્યો ય નહીં, બીજું માકડું કહે કે, મેં કાંઇ

સાંભળ્યું ય નથી, અને ત્રીજું માકડું કહે કે, મેં કાંઇ જોયું ય નહીં. પ્રજા સમક્ષ જશો ત્યારે ખબર પડશે. લોકો જવાબ માગશે કે તમે જે અહીંયા બેઠા છો •(xxxx) એ સ્વાભાવિક વસ્તુ છે. પણ તમે આદિવાસી, દલિત, ઓ.બી.સી.

અધ્યક્ષશ્રી : એમણે *(xxxx) એ સમગ્ર બાબત આપણે રેકર્ડ ઉપરથી દૂર કરીએ છીએ.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે સાથી મિત્રોને કહેવું છે કે, પેલું માકડા જેવું ન થાય અને એમણે આ મંત્રીઓ જો ખોટો કાળો કાયદો બહાર પાડે તો એમના ધ્યાન ઉપર લાવવું જોઇએ. લોકો માટે લાવવું જોઇએ, દલિત, ગરીબ, ઓબીસી માટે લાવવું જોઇએ. અહીંયા નીતિનભાઇ, સૌરભભાઇ, ગરીબોની વાત કરતા હતા. પેલા *(**xxxxxxx**)

અધ્યક્ષશ્રી : એ પણ આપણે રેકર્ડ ઉપરથી દૂર કરીએ છીએ.

શ્રી પુનમભાઇ મા. પરમાર : આ તો વાતો ગરીબોની કરવાની અને કામ ઉદ્યોગપતિઓનું કરવાનું. માટે મંત્રીશ્રી જો પંચાયતોના સ્ટ્રીટ લાઇટોના બીલ માફીનો, સફાઇ કામદારોના પગાર ધોરણો, ગામતળ વધારવા માટેની કાંઇક પૂરક માગણીઓ લાવ્યા હોત તો ચોક્કસપણે મને ખૂબ આનંદ થાત. પણ અહીંયા તો સુખી માણસ વધુ સુખી બને. ઉદ્યોગપતિઓને ઓન ધ સ્પોટ પેલી જ્યોતિ ગ્રામ યોજનાની વીજળી મળે.

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે. માનનીય મોતીભાઇ. (ગેરહાજર) માનનીય નટવરસિંહભાઇ.

શ્રી  નટવરસિંહ કુ. ઠાકોર(મહુધા) : માનનીય અધ્યક્ષશ્રી, જે આરોગ્ય અને પરિવાર કલ્યાણની પૂરક માગણીઓ લઇને આવ્યા છે એ પૂરક માગણીઓ લઇને આવ્યા  એનો વાંધો નહીં પણ એનો અમલ થતો નથી. અમલ નહીં થતો હોવાનું કારણ કે, તમે જુવો આરોગ્ય વિભાગમાં ડોકટરોની એટલી બધી ઘટ છે. મહેકમની એટલી બધી ઘટ છે.  અને તમે જુઓ તો મિનિસ્ટરના જે સચિવાલય છે એ હાઇ-ફાઇ. અલ્યા ભાઇ, એ હમણાં ક્યાં કરવાની જરૂર હતી. જુનામાં કર્યું હોત તો ના ચાલત? આ વિકાસના કામોમાં જે લોકોને મુશ્કેલીઓ છે. જે આરોગ્ય વિષે જુઓ કે, આ રોગ શેના થાય છે? આરોગ્યમાં આપણે ડોકટરો નથી, ડોકટરો મળતા નથી, પણ ડોકટરો ક્યાંથી મળે ભાઇ? ડોકટરો પ્રાયવેટમાં જતા રહે છે. કંપનીવાળાની હોસ્પિટલોમાં જતા રહે છે. કેમ જાય છે. ? તો એ પગાર ડબલ આપે છે. તમે પચાસ હજાર આપો, તો પેલો લાખ આપે છે. તો લાખ આપે ત્યાં જ જાય ને ભાઇ, અહીં તમારી પાસે શું કામ આવે ?

બીજું, કાયમ કરતા નથી. ત્રણ વર્ષના જે તમે બોન્ડ તરીકે લો અને પાછળથી એને છૂટ્ટો કરો અને એની વિધિ કરતા ત્રણ મહિના નીકળી જાય.  ત્રણ મહિના તો શું છ મહિના નીકળી જાય. આ રીતે રાજ ના ચાલે. આ લોકોનો પ્રશ્ન છે, પબ્લિકનો પ્રશ્ન છે, આરોગ્યનો પ્રશ્ન છે. માટે તમારે એમાં ઉતાવળ કરવી જોઇએ. તમે જુવો આરોગ્યમાં ડોકટરોની ભરતી થઇ ગઇ છે પણ હજુ નિમણૂક કરતા નથી. હજી છ મહિનાથી બદલીઓ તો નહીં પણ જે જગ્યાઓ ખાલી છે ત્યાં પણ મુકતા નથી. તમે જુઓ તો આયુર્વેદમાં પ્રોફેસરો નથી. પ્રોફેસરોને પગાર આપતા નથી, કાયમી કરતા નથી. તો શા માટે નથી કરતા? અને જો કાયમી કરો તો કામ પણ સારું કરે અને લોકોનું સારું આરોગ્ય સુધરે, પણ એ નથી કરતા. શા માટે આવું કરો છો?.

બીજું, શ્રમ અને રોજગાર, કેટલી ગરીબી અને કેટલા બેકાર છે. તમે જોયું હમણાં પોલીસ ખાતાની ભરતી કરી તો પાછા બનાસકાંઠામાં ચાલુ વરસાદમાં જવાનું. હવે એક દીકરો છે તે થેલીમાં રોટલો, મરચું અને ખભે કામળી લઇને બિચારો, ભાડું પણ ના મળે તો પછી પેલી ગાડીમાં એમની પેસી ગયો અને પહોચ્યો. અરે, ભાઇ આ કાંઇ રાજ કહેવાય? તમે જુઓ ગરીબો સુધી જાવ, ગરીબીના મૂળ સુધી જાવ તો ખબર પડે કે ગરીબી શું છે? આ પૈસા તમે મુકયા એનો વાંધો નથી પણ એનો ઉપયોગ થતો નથી. ઉપયોગ કરતા શીખો અને ગરીબી દુર કરવી હોય તો ગરીબીના મુળ સુધી જવુ પડે. એ.સી.માં બેસી રહ્યે મેળ ના ખાય. એ.સી.માં બેસી રહો તો શી ખબર પડે? પહેલાના રાજા મહારાજા હતા એ જોતા હતા કે ગરીબી શું છે અને રોજગાર શું છે? એ લોકોને રોજગાર આપતા હતા, અત્યારે રોજગારી નથી મળતી, અત્યારે લોકો ભુખે મરે છે. ખાવાના સાંસા છે. રોજગારી મળતી નથી ભલે તમે વાતો કરો કે રોજગારી મળે છે પણ ખોટી વાત છે, તમે આવો મારી સાથે હું તમને બતાવું કે કેટલા લોકો દુઃખી છે, કેટલા બેકાર છે. ડોકટરો બેકાર છે, એન્જિનિયરો બેકાર છે, પી.ટી.સી.વાળા બેકાર છે.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે

પી.ટી.સી. કોલેજો કરી દીધી તમે, પણ શું કરવાનું એને નોકરી તો અપાવો, રોજગારી તો અપાવો. ગમે તે વસ્તુ કરો પણ ઉપયોગ થાય એવું કરો. તમારું બજેટ છે પણ કેટલા ટકા તો પડી રહે છે તમે એનો ઉપયોગ પણ કરતા નથી. ગઈ વખતે તમે ફાળવેલું બજેટ ૫૦ ટકા ઉપર પડી રહ્યું. પૈસા વપરાતા નથી. શા માટે નથી વપરાતા? વાપરતા શીખો. તમને વિરોધ કરતા સારો આવડે. અમને વાત કરતા આવડે અને તમને વિરોધ કરતા આવડે પણ હવે અમારો પણ સમય આવશે એટલે ચિંતા કરશો નહીં. નથી કહેતા આપણે કે, ''સમય સમય બલવાન હૈ, નહીં મનુષ્ય બલવાન, કાબે અર્જુન લુંટીયો વહી ધનુષ્ય વહી બાણ'' એમ અમારો સમય પણ આવશે. રહેણાંકની વાત કરીએ તો કેટલાય ગરીબ માણસોને રહેણાંક બાકી છે અને રહેણાંક હજુ થયા નથી. તમે વાતો કરી ફોર્મ બધાને ભરાવ્યા પણ હજુ એવા લોકોને અધિકારીઓ વિતાડે છે અને ધક્કા ખવડાવે છે. અને આ તો મારે નથી કહેવું કારણકે બાંધી મુઠી લાખની અને ઉઘાડી વા ખાય એટલે બહુ કહેવું નથી નહીં તો કહે બાપુ બહુ બોલ બોલ કરે છે. લોકોને મકાન મળે, રોજગારી મળે એવું કાંઇક વિચારો. પંચાયતમાં સ્ટાફ નથી, ટી.ડી.ઓ. નથી, કારકુન નથી, એક એક પંચાયતમાં ૫૦ ટકા મહેકમ ખાલી છે. એ મહેકમ કયારે પુરશો તમે? ખાસ કરીને પંચાયતમાં મહેકમ પુરવાની જરૂર છે કારણ કે તો જ ગ્રામ્ય વિસ્તારોનો વિકાસ થશે. પંચાયત સારી હશે તો જ ગામ લોકોનો વિકાસ થશે નહીંતર નહીં થાય એટલે મહેકમ ખાસ પુરવા જેવું છે. તલાટી, બીજા કર્મચારીઓ, ટી.ડી.ઓને તમે ૧૧ મહિના માટે મુકો એનો શું અર્થ? ૧૧ મહિના માટે તમે જેને મુકો છો એની જવાબદારી શું? કંઇ ખોટું કરે તો એને કશું થવાનું છે? ના, જે કાયમી હોય એની કંઇક જવાબદારી હોય તો એની સામે કેસ થાય અને કંઇક થાય, આ તો કેસ પણ ના થાય અને કંઇ ન થાય. નરેગામાં તમે જે માણસો લો છો એ કેટલો ભ્રષ્ટાચાર કરે છે? માટે જવાબદારી હોવી જોઇએ. આયુર્વેદમાં તો વળી ખાસ તમે પગાર વધારી દો અને કાયમી કરી દો તો ડોકટર સો ટકા રહેશે. અત્યારે તમે જુઓ બીજા રાજયમાં જતા રહે છે. મારા એક સગા બીજા રાજયમાં જતા રહ્યા કારણકે તમે ત્રણ વર્ષ રાખીને કાઢી મુકો. બીજા રાજયમાં કાયમી કરી દે છે તો તમે પણ કાયમી કરો. અમારા કોંગ્રેસમાં આવું નહોતું કોઇપણ કર્મચારી હોય તો કાયમી કરતા હતા. આ તો પગાર પણ ઓછો. મોંઘવારીને હિસાબે પગાર પણ એને મળવો જોઇએ. આયુર્વેદિક અધિકારીઓને પગાર જ નથી આપતા, કાયમી નથી કરતા એનો શું અર્થ? શા માટે નથી કરતા? આટલા પગારમાં ન પોસાય. આઇ.એ. એસ. અધિકારીઓના પગાર કેટલા ઊંચા છે? પંચાયતના મકાન નથી અમુક જગ્યાએ તો મકાનો બાંધો. આરોગ્ય, શ્રમ અને રોજગાર, પંચાયત અને રહેણાક આદિવાસીઓની વાત કરું તો આદિવાસીભાઇઓ બીજા રાજયમાં મજૂરી કરવા જાય છે. તો એમની સામે જુઓ. ગુજરાતમાં આદિવવાસીભાઇઓની ૫૦ ટકા વસ્તી છે પણ એમને બિચારાને બીજે મજૂરી કરવા જવું પડે છે, શા માટે? આદિવાસી વન મંત્રી બેઠા છે એ જરા જુએ આદિવાસી માટે. આદિવાસી એ અમારા સગાના સગા થાય છે અને જરા વિચારો, એટલે જે કઇ માગણીઓ લઇને આવ્યા છે એ માગણીઓના પૈસા વ્યવસ્થિત વપરાય.

અધ્યક્ષશ્રી : બાપુની ૩ મિનિટ હતી, ૮ મિનિટ આપી છે. બંને પક્ષનો સમય આપી દીધો છે.

શ્રી નટવરસિંહ કુ. ઠાકોર : સાચી વાત કરું છું. ભણતર નથી. તમે બધા ભણેલા ગણેલા છો. અમારો સમાજ ભણ્યો નથી. અમારો સમાજ પીવામાં ઉંચો નથી આવતો. એટલે એમને સુધારવાની વાત કરો. એ ભણે એવું કરો. સાથે આદિવાસી સમાજ આગળ આવે એવું વિચારો, નહિતર નહિ વિચારો તો પાછળ જશો. જે કઇ સવલતો પૂરી કરવાની છે તે પૂરી કરો. તમારે બોલવાનું છે તો એ કાગળ ઉપર થઇ જાય છે, પણ અમલ થતો નથી. એને કાગળ ઉપર ન રાખો. અમલ કરો. એવું કરો.

શ્રી સૌરભભાઇ પટેલ ( ( નાણા મંત્રીશ્રી ) : માનીય અધ્યક્ષશ્રી, આજે માગણી ઉપર ઘણા બધા સભ્યશ્રીઓએ પોતાના વિચારો રજૂ કર્યા. ઘણાં બધાં સૂચનો પણ કર્યાં, પણ આ સરકાર ગરીબો માટે હકીકતમાં બહુ ચિંતિત છે અને ખાસ કરીને આરોગ્ય વિષે બધા લોકોએ સૂચનો કર્યાં, તો આરોગ્ય માટે ગામડે ગામડે જે સુવિધાઓ ઉભી કરી છે અને લોકોને લાભ આપવાની કોશિશ કરી છે, મદદ કરવાની કોશિશ છે, એના માટેની થોડી માહિતી આપું.

આજની તારીખે રાજ્યની અંદર ૮,૧૨૧ સબ સેન્ટર છે. ૧૩૦૦ પ્રાયમરી હેલ્થ સેન્ટર છે. ૩૨૧ કોમ્યુનિટી હેલ્થસેન્ટર છે. ૩૦ સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ છે. ૧૭ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ છે. ૬ ગવર્નમેન્ટ મેડિકલ કોલેજ છે. ૫ જી.એમ.ઇ.આર.એસ.ની હોસ્પિટલો છે. યુ.એન.મહેતા કાર્ડિયાકની જુદી, કીડનીની જુદી, અને કેન્સરની જુદી. મને એમ સમજાવો કે ૫ વર્ષ પહેલાં કેટલી હતી અને અત્યારે કેટલી છે? ડો.જોષીયારાજી આજની

તારીખમાં ૩ કરોડ ૨૪ લાખ દર્દીઓએ સરકારી હોસ્પિટલનો લાભ લીધો છે અને એટલે જ્યારે સભ્યશ્રીઓએ ચિંતા કરી કે સ્વાઇન ફ્લુની દવા નથી મળતી. અમારા મંત્રીશ્રી માનનીય નિતીનભાઇએ આ હાઉસમાં ખાતરી આપી છે કે કોઇપણ જગ્યાએ દવાઓ ન મળે તેવું બને નહીં. આજની તારીખમાં આજે કોઇપણ સેન્ટરમાં જાવ અને આપને લાગે કે કોઇ દવા નથી મળતી, તો આપણે પ્રજાના પ્રતિનિધિ છીએ, તો પ્રતિનિધિ તરીકે આપ મંત્રીશ્રીનું ધ્યાન દોરશો. મને સંપૂર્ણપણે વિશ્વાસ છે કે ખૂટતી દવા તાત્કાલિક પહોંચી જશે. જોષીયારાજી(અંતરાય) સાંભળો. આપને નથી મળી એટલે કહું છું. મંત્રીશ્રીએ ખાતરી આપી છે. આવતા દિવસોમાં કોઇપણ જગ્યાએ કોઇપણ દવા ન મળે તો આપ ધ્યાન દોરશો. આપણી સૌની અહીયા બેઠેલાની જવાબદારી છે. ગરીબ માણસ દવા વગર ન જાય અને એ જવાબદારી મંત્રીશ્રીએ પોતે લીધેલ છે. બીજું આજે ગરીબો માટે કેટલી યોજનાઓ છે. ચિરંજીવી યોજના. કેટલા લોકોએ લાભ લીધો. ૧૦ લાખ વધુ બહેનોએ ચિરંજીવી યોજનામાં લાભ લીધો છે. વિચાર કરો એકે એક વર્ષની અંદર ૨-૨ લાખ બહેનોએ ૨ લાખ ૮૦ હજાર બહેનોએ ડિલિવરી આપ્યા પછી આપણી ખિલખિલાટ વાનમાં ઘરે જાય છે. મને એમ કહો કે કેવું વાતાવરણ થાય? સારું થાય કે ન થાય. હવે આ ખિલખિલાટ વાનમાં ક્યારે બેસે કે જ્યારે સકસેસફુલ ડીલીવરી થઇ હોય ત્યારે બેસે ને? એટલે આ ડૉકટરો ડીલીવરી કરે છે બહારના કોઇ આવીને નથી કરતા. ડૉકટરો હોય તો ડીલીવરી થાય. આપ જે કહો છો કે ડૉકટરો નથી અને તેના માટે મેડિકલ કોલેજો કરી છે. તેમ કરવાથી દિવસે દિવસે સપ્લાય વધે, આપ ૧૯૯૦ થી ૨૦૦૦માં હોસ્પિટલો કરી ગયા હોત તો આ ડૉકટરોની અછત ના થઇ હોત. આપ જાણો છો કે આજે ડૉકટરની પરીક્ષામાં બેસે તે છ વર્ષ અને આઠ વર્ષે ડૉકટર બનીને બહાર આવે. તેના કારણે આપ જોજો આ ડૉકટરોનો વિષય આવતા પાંચ-સાત વર્ષ પછી ઓછો થઇ જશે. તે પ્રમાણે મેડિકલ કોલેજો ઉભી થઇ રહી છે અને રાજય સરકાર પ્રોત્સાહન આપે છે અને આ વખતે પણ પીપીપી મોડ ઉપર મંત્રીશ્રીએ મેડિકલ કોલેજો સ્થાપવા માટેનું આયોજન કરેલ છે. ૧૦૮ની વાત કરું તો તેમાં ૫૩૧ વ્હીકલ્સ છે. તેની અંદર ૫૨ લાખ ૪૦ હજાર ઇમરજન્સી ૨૦૦૭ થી કરી છે. આ સરસ મજાની યોજનાનો લોકોએ લાભ લીધો છે. ગરીબો માટે મા અમૃતમ્ યોજના છે. આ યોજનામાં કેટલાય ડીસીઝ કે જેમાં લાખો રૂપિયાનો ખર્ચ થાય આજની તારીખમાં ૨૧ લાખ ફેમીલીએ આ ડીસીઝમાં એનરોલ કર્યું છે. ૫૦ હજાર ઉપર લોકોએ તેનો લાભ લીધો છે. એટલે મા અમૃતમ્ યોજના હોય, મા વાત્સલ્ય યોજના હોય તેમાં અનેક લોકો આપણી હોસ્પિટલોમાંથી લાભ લે છે. આપણને ગૌરવ થાય કે આ ગુજરાતમાં ૨૦૦૭-૦૮ પછી એકપણ પોલીયોનો કેસ આવ્યો નથી. હવે આ સારી સિદ્ધિ કહેવાય કે ન કહેવાય? બીજી એક સારી સિદ્ધિ કહું કે જે ઇન્ફન્ટ મોર્ટાલીટીના કેસ હતા તે ૬૦ હતા. બાળકોનો મૃત્યદર એક હજારે ૬૦ હતો તે ઘટીને ૩૬ થઇ ગયો છે. હોસ્પિટલમાં સારી સુવિધા ન હોય તો આ પરિણામ આવે? એટલે ૬૦ હતા તે ઘટીને ૩૬ થયા છે અને આપણે તેને હજુ નીચે લાવવો છે. અમને સંપૂર્ણપણે વિશ્વાસ છે કે આ જે સુવિધાઓ અપાયેલી છે અને તેના માટે જે ઇન્ફ્રાસ્ટ્રકચર બનાવેલ છે તેવું બીજા રાજયોમાં આટલું સારુ ઇન્ફ્રાસ્ટ્રકચર નહીં હોય તેનો આપણને વિશ્વાસ છે. આપ જે બોલ્યા છો તે વિષયની વાત કરું છું. તમે લેબરની વાત કરી ટીકા કરી. ટીકા કરી કે કશું મળતું નથી.

અધ્યક્ષશ્રી : ડો. જોષીયારાજી તેમને જવાબ આપવા દો. આપણે સાંભળીએ.

શ્રી સૌરભભાઇ પટેલ : તેમણે શું કહ્યું. ડૉકટરો બેરોજગાર છે, હમણાં છેલ્લે કહ્યું કે એન્જિનિયરો બેરોજગાર છે. બીજા ઘણા બધા બેરોજગાર છે. સત્તા વગર અત્યારે કોંગ્રેસ પણ બેરોજગાર છે બરાબર. આ શ્રમ અને રોજગાર વિભાગમાં આઇ.ટી.આઇ. વિભાગ જે પ્રમાણે કામગીરી કરી રહ્યો છે. કૌશલ્ય વર્ધન કેન્દ્ર હોય, આપણે એક એક તાલુકામાં એક એક આઇ.ટી.આઇ. ઉભી કરીએ છીએ. તે આઇ.ટી.આઇ.ના કારણે જે ટ્રેનિંગ આપીએ છીએ, જે પ્રમાણે સેન્ટર ઓફ એકસલન્સ ખોલ્યા છે તેનાથી આજે દેશમાં સૌથી વધારે રોજગારી કોઇ આપતું હોય તો તે ગુજરાત છે. એમ્પ્લોયમેન્ટ એકસચેન્જ દ્વારા પણ, બીજું વર્કર માટે કેટલી બધી યોજનાઓ કરી છે. વર્કરને તકલીફ પડે તો પણ આપણે જોડે ઉભા રહીએ છીએ. ફેટલ એકસીડન્ટ થાય તો પણ જોડે ઉભા રહીએ છીએ. તે લોકોને ઓકયુપેશનર ડીસીઝ થાય તો ત્રણ-ત્રણ લાખ રૂપિયા સુધી આપીએ છીએ. આના માટે આપણે માગણીઓ લાવ્યા છીએ તે આના માટે ખાસ લાવ્યા છીએ. અમારા મિત્રએ પંચાયત વિભાગની વાત કરીને કહ્યું કે મકાનો નથી. મકાનો નથી તો આટલા મોટા પ્રમાણની અંદર હાઉસિંગ કેવી રીતે બનતા હશે. આજે સરદાર આવાસ યોજનામાં ૪૮૬ કરોડનો ખર્ચ કરેલ છે અને ૧ લાખ ૫૦ હજાર ઉપર મકાન બનાવેલા છે. આ

યોજના–ટુ ની અંદર, બીજું કહે છે કે નોકરી નથી, મારે કહેવું છે કે ૨૦૧૪માં ૧૨૦૦ તલાટી મંત્રીની ભરતી કરી અને આ ૨૦૧૫ની અંદર ૨૪૦૦ તલાટી મંત્રીની ભરતી કરવાના છીએ. બરાબર ને જયંતિલાલ? અમારા મંત્રીશ્રી જયંતિભાઇએ તમારા ગામડાઓમાં દરેક જગ્યાએ વહેલામાં વહેલીતકે તલાટી મંત્રી સારી રીતે ગોઠવાઇ જાય એ બધી ચિંતા કરી છે અને એટલે ૨૪૦૦ તલાટી મંત્રીની ભરતી આ વર્ષે કરવાના છીએ. બીજું ૨૦૧૪ની અંદર જે તમે પંચાયતોમાં નીચેની કેડરમાં ખુટતી વ્યવસ્થાની વાત કરી અને માનનીય જોષીયારાજીએ હમણા કહ્યું કે પંચાયતમાં જગ્યાઓ ખાલી છે. ૫૨૭૭ લોકોને ૧૦ પંચાયત કેડરની અંદર ૨૦૧૪ના કેલેન્ડર વર્ષમાં ભરતી કરવામાં આવી છે. એટલે આપણે તલાટી મંત્રીઓની ભરતીઓ કરવાના છીએ, નીચેનો સ્ટાફ ભરવાનો જરૂરી છે એ પણ ભરવાના છીએ એટલે એ બાબતમાં અમે ખૂબ ચિંતા કરીએ છીએ. (અંતરાય) બીજું દરેક જિલ્લામાં મકાનોની વાત કરી તો એમાં જણાવું કે, દરેક જિલ્લામાં સેવા સદનના મકાનો માટે ૩૭૦ કરોડ રૂપિયા આપેલા છે અને ૭ ડીસ્ટ્રીકટની અંદર અને ૨૨ તાલુકાઓની અંદર આ કામ થવાનું છે. હાલમાં ૪ તાલુકા સેવા સદનનું કામ ૪૫ કરોડના ખર્ચે પૂર્ણ થયેલું છે. એટલે રહેઠાણનું મકાન હોય, રહેણાંકના કવાર્ટર માટે અમદાવાદ શહેરની અંદર ૧૦૫ કરોડ રૂપિયા ખર્ચવાના છે. એટલે કર્મચારીઓની ચિંતા કરીએ છીએ અને એમનાં રહેણાંકની પણ ચિંતા કરીએ છીએ અને કામ કરવા માટે ઓફિસની પણ ચિંતા કરીએ છીએ એટલે આજે માર્ગ અને મકાનની માગણીઓ હતી એમાં શરુઆતની અંદર માનનીય જોષીયારાજીએ કહ્યું કે, ટ્રાયબલ એરિયાના ખેતીવાડીના કનેકશનો જુદા પાડીને કહેવું જોઇએ એટલે ખબર પડે કે ખેતીવાડીના કનેકશનો કેટલા બાકી છે? (અંતરાય) મારી વાત તો સાંભળો, અરે ભાઇ, શેરમૂડી ક્યાં વપરાય એ જોવાનુંને, મારે સ્પષ્ટપણે કહેવું છે ટ્રાયબલ એરિયાની અંદર આજની તારીખમાં ખેડૂતોને વીજળીના કનેકશન વહેલા મળે એના માટે સરકાર સંપૂર્ણપણે મહેનત કરે છે અને સરકારે સફળતા મેળવી છે. હવે બે મિનિટ તમે સાંભળો એટલે તમને સંતોષ થશે. માનનીય અધ્યક્ષશ્રી, વલસાડની અંદર ૨૦૧૧–૧૨માં કોઇ બાકી નથી અને ૨૦૧૩–૧૪માં કુલ ૨૧૯૫ બાકી છે, નવસારીમાં ૨૦૧૧–૧૨માં કોઇ બાકી નથી, ૨૦૧૩–૧૪માં ભેગુ કરીને ૨૬૦૭, ડાંગમાં ૨૦૧૩–૧૪ના કુલ ૬૯૭ બાકી, સુરતમાં ૨૦૧૩–૧૪ના ૪૪૦૨, તાપીમાં ૨૦૧૩–૧૪ના ૬૦૩૯, નર્મદામાં ૨૩૧૫, ભરૂચમાં બે વર્ષના ૧૯૨૦, પંચમહાલમાં ૨૦૧૨ના ૧૦, ૨૦૧૩ના ૧૦ અને ૨૦૧૪ના ૫૭૩ એમ કુલ ૫૯૫ જ બાકી છે. મહીસાગરમાં ૨૦૧૧ના ૦, ૨૦૧૨ના ૦, ૨૦૧૩ના ૦ અને ૨૦૧૪ના ૨૮૬ બાકી છે એવી જ રીતે બનાસકાંઠા જિલ્લામાં ટી.એ.એસ.પી.એરિયાની વાત કરૂં તો ૨૦૧૩ના ૨૨, ૨૦૧૪ના ૧૮૫ એટલે ખાલી ૨૦૭ બાકી છે. સાબરકાંઠાની અંદર ૨૦૧૪ના ૭૨૭ બાકી છે. માનનીય અધ્યક્ષશ્રી, આજની તારીખમાં કુલ ૧૪ જિલ્લાઓ ટી.એ.એસ.પી.ના માત્ર ૩૬,૦૯૮ કનેકશનો બાકી છે એમાં ૨૦૧૧ના ૪૫૧ છે, ૨૦૧૨ના ૫૪૮૭ છે, ૨૦૧૩ના ૩૧૫૮ છે અને ૨૦૧૪ના૧૭૦૦૦ છે. માનનીય અધ્યક્ષશ્રી, આમ કુલ ૩૬૦૦૦ કનેકશનો બાકી છે અને મારે સભ્યશ્રીઓને કહેવું છે કે, અમે લોકો ટ્રાયબલ એરિયાની અંદર દર વર્ષે ૨૫–૨૫ હજાર કનેકશનો આપીએ છીએ. જો અમે ઝૂંબેશ ઉપાડીએ અને ૨૫ને બદલે ૩૦ હજાર થાય તો તમારા માટે હાઉસમાં બોલવાનું રહેશે શું? તમે કંઇ બોલી નહીં શકો. આજની તારીખમાં ટ્રાયબલ એરિયાની અંદર અમે લોકોએ જે પ્રમાણે કનેકશનો આપ્યા છે એ બતાવે છે કે ટ્રાયબલની ચિંતા આ સરકાર કરે છે. વીજળીની પણ ચિંતા કરીએ છીએ, વીજળી આપીએ પણ છીએ અને તમે જે કહો છો તેના કરતા વધારે સારી ગુણવત્તાવાળી વીજળી આપીએ છીએ. તમે શું આપ્યું છે એ તમારે જાણવું છે? તમે જે કનેકશન આપ્યા હતા, તમે જે સબ સ્ટેશન આપ્યા હતા એમાં ૧૯૬૦ થી ૨૦૦૨ સુધી એટલે કે ૪૨ વરસમાં તમે ૭૬ સબ સ્ટેશન આપ્યા હતા. તમે વીજળીના કનેકશન માટે ઉભા થઇને અહીંયા બોલ્યા છો એટલા માટે અહીંયા હું એનો જવાબ આપું છું. હું આ કૂવાના જ કનેકશનની વાત કરું છું. એ જ પ્રમાણે અમારા એક સભ્યશ્રીએ વિકાસલક્ષી ખર્ચ, બિન વિકાસલક્ષી ખર્ચ એની મોટી મોટી સરસ વાતો કરી છે. મારે આપને એટલું જ કહેવું છે કે વિકાસલક્ષી ખર્ચ આજની તારીખમાં ૭૦ ટકા છે અને બિન વિકાસલક્ષી ખર્ચ ૩૦ ટકા છે. તમે કહેતા હતા પેલો વધારે છે અને આ ઓછો છે પણ હકીકત આ પ્રમાણે છે. બીજું તમે ડેવલપમેન્ટ ખર્ચની વાત કરી, ૨૦૧૪–૧૫ના આર.ઇ.ની વાત કરું તો ૮૯૯૩૧ કરોડ અને નોન ડેવલપમેન્ટ ખર્ચ ૩૫,૦૪૪ કરોડ એટલે સાચી વાત આ છે. બીજું તમે પ્લાન આઉટ લે અને નોન પ્લાન આઉટ લે બોલ્યા. ૨૦૧૫–૧૬ના બજેટમાં પ્લાન આઉટ લે ૭૯,૨૯૫ અને નોન પ્લાન આઉટ લે ૭૨૯૪૪. માનનીય સભ્યશ્રીને મારે કહેવું છે કે, ૨૦૦૪–૦૫માં પ્લાન સાઇઝની જે આપણે ચર્ચા કરતા હતા એ ૯૪૯૦ હતો અને એ જ ૨૦૦૪–૦૫ની સાલમાં

નોન પ્લાન સાઇઝ ૨૯૬૦૮ હતો. આ ૨૦૧૪–૧૫માં પ્લાન ૭૧૫૦૦ થયો અને નોન પ્લાન ૬૮૯૪૬ થયો અને ૨૦૧૫–૧૬માં આ જે બજેટ મૂક્યું એમાં પ્લાન ૭૯૨૯૫ થયો અને નોન પ્લાન ૭૨૯૪૪ થયો. હવે બોલો વખાણ કરવા જેવું છે કે નહિ?

અહીંયા એક બે સભ્યશ્રીએ લાકડાના હરાજીની કંઇક વાત કરી હતી, રિવોલ્વીંગ ફંડની વાત કરી હતી એના માટે ખાસ વાત કરું કે આજની તારીખે રિવોલ્વીંગ ફંડ એટલે ઉભું કરવામાં આવ્યું કે એ લોકોને પેમેન્ટ પહેલાં એડવાન્સમાં આપી શકાય એટલે આ ઉભું કરવામાં આવ્યું છે અને ઇ–ઓકશન જેમાં હરરાજી મોડી થઇ કાર્ટેલ ફોર્મ થયું હતું સરકારને એની ખબર પડી એટલે કેન્સલ કર્યું અને એટલે આ રિવોલ્વીંગ ફંડ ઉભું કર્યું કે આપણે ૫૦ ટકા જેટલું હરાજીનું ફંડ આપણે આ લોકોને આપી શકીએ. આદિવાસી ભાઇઓના લાભાર્થે આ કામ કરવામાં આવ્યું છે. આ પ્રમાણેની જે માગણીઓ લઇને હું આવ્યો છું એ માગણીઓમાં સભ્યશ્રીઓને બને એટલા પૂરતા જવાબો આપવાની મેં કોશિશ કરી છે અને હું એમને વિનંતી કરું છું કે તેઓ તેમની કાપ દરખાસ્તો પાછી ખેંચી લે અને રાજ્યના હિતમાં આ માગણીઓ પાસ કરે.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણી ક્રમાંક–૭૯ લઇને આવ્યા છે એમાં કુદરતી આફતો સામેના ઘાસચારાના પુરવઠા માટેની સપ્લીમેન્ટરી ડિમાન્ડ છે આ સંદર્ભમાં હું માનનીય મંત્રીશ્રી પાસેથી બે બાબત જાણવા માગું છું ભૂતકાળમાં અછત આવતી તો ઘાસડેપો ઉપર ટેમ્પરરી માણસ મૂકીને ત્યાં રોજે રોજ ઘાસ મળે તેવી વ્યવસ્થા રાખી હતી અને તે માટે માણસ રહેતો હતો આજે તમે સરકારી કર્મચારીને ત્યાં ડ્યૂટી સોંપો છો અઠવાડિયે એક દિવસ એ ગામનો વારો ઘાસ લેવાનો આવે અને જે દિવસે લેવા જાય ત્યારે ઘાસ નથી હોતું. હું આ બાબતમાં રાજકારણ લેવા માગતો નથી. હું કહો એટલા ગામના લોકો સાથે વાત કરાવવા તૈયાર છું. ગામનો માણસ ઘાસ લેવા જાય છે ત્યારે ત્યાં ઘાસ હોતું નથી તો ત્યાં ઘાસ ડેપો ઉપર નિયમિત માણસ, કર્મચારી અછત પૂરતો મૂકી રોજે રોજ ગામનો માણસ જયારે કાર્ડ લઇને જાય ત્યારે તેને ઘાસ મળે એવી વ્યવસ્થા હોવી જોઇએ, આ માટે અઠવાડિયાનો વારો ના હોવો જોઇએ. એક ખેડૂત કે એક માલધારી દીઠ પાંચ ઢોરની જે આપ પરમીટ આપો છો તેમાં સુધારો કરવાની જરૂર છે, હું એવુ નથી કહેતો કે ખોટા પશુને આપો. જેટલા પશુ હોય અને આપણી પાસે પશુ ગણતરીના રજિસ્ટરો છે, વેરીફિકેશન કરીએ. પરંતુ જેટલા પશુઓ હોય એટલા પશુઓને પૂરતો ઘાસચારો, જયાં અછત અને અર્ધ અછત જાહેર થઇ છે ત્યાં રેગ્યુલર મળે એના માટેની વ્યવસ્થા આપ કરવા માગો છો કે કેમ ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ કહ્યું એ પ્રમાણે આપણા ગોડાઉનમાં ઘાસના સ્ટોકની કોન્ટીટી વધારે રાખવા માટે એક સૈદ્ધાંતિક નિર્ણય લીધો છે. આદરણીય મુખ્યમંત્રીશ્રીએ નક્કી કર્યુ છે કે પાંચ કરોડ કિલો ઘાસ આપણી પાસે કાયમ માટે હોવું જોઇએ. અને ધીમે ધીમે તેનો બફર સ્ટોક વધે તો વધતા જતા પશુઓને જયારે અછત આવે ત્યારે આપણે પહોંચી વળીએ. એટલે એ વ્યવસ્થા ઉભી કરવા માટે આ સપ્લીમેન્ટરી ડિમાન્ડ લાવ્યા હતા. અને બીજુ સભ્યશ્રીએ સૂચન કર્યુ છે એવા તાલુકામાં અછત હોય હું વિભાગ જોડે વાત કરીશ અને એ પ્રમાણે વ્યવસ્થા ગોઠવાય અને જરાય તકલીફ ન પડે તે પ્રમાણેની વ્યવસ્થચા ચોક્કસ આપણે કરીશું.

ડો. અનિલ જોષીયારા : માનનીય મંત્રીશ્રીએ હમણાં વાત કરી પણ સાહેબ મેં તેમને એક વર્ષ પહેલા પણ આ બાબત સમજાવી હતી કે એક સર્વે નંબરમાં એક બાપના બે કે ત્રણ દીકરા હોય જમીન પોત પોતાની અલગ થઇ ગઇ છે અને તેમને કનેકશન નથી મળતું એટલે ખેડૂતો ખૂબ હેરાન થાય છે. આપના રેકોર્ડ ઉપર એટલા માટે ઓછી સંખ્યા બતાવે છે કારણ કે એક સર્વે નંબર હોઇને અરજી જ નથી લેવામાં આવતી, ત્યારે મારે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવી છે કે, જો ભાગ પડી ગયા હોય અને અલગ અલગ રહેતા હોય તો તમને કનેકશન આપવામાં શું વાંધો છે ? આમાં આપ કનેકશન આપવા માગો છો કે કેમ ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સર્વે નંબર એક હોય અને સ્પષ્ટપણે એ લોકોના ભાગલા જે અમે નિયમ બનાવ્યા છે તે પ્રમાણે બતાવી શકતા હોય તો અમે કનેકશન આપીએ છીએ. એ લોકોએ શું શું વિગત આપવાની તેની માહિતી હું આપને આપુ. આપ જોઇ લેજો અને બધાને પહોંચાડજો અને જયાં એ પ્રમાણેની માહિતી આપી શકતા હોય તો અમે આપીશું.

પૂરક *માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ)

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી ઉર્જા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ પાસેથી હું એ જાણવા માગુ છું કે, પંચાયતના વારીગૃહોને જે વીજ જોડાણ આપવાનુ છે તે રૂરલ ફીડરમાંથી આપવાનુ નક્કી કર્યું છે, એ બંધ કરી અને ચોવીસ કલાક આપવા માગે છે કે કેમ ? અને બીજો એક પરિપત્ર તેમણે બહાર પાડયો છે કે સર્વે નંબરની અંદર રૂરલ કનેકશન આપવું. રૂરલ ગામથી બે–ત્રણ કિલોમીટર દૂર હોય તો ગામની ભાગોળે સરવે નંબર બોલતો હોય તો એને રૂરલ નહીં પણ જયોતિ ગ્રામમાંથી જોડાણ આપવા માગે છે કે કેમ ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વોટર વર્કસના કનેકશન અમે બને ત્યાં સુધી જયોતિ ગ્રામમાંથી જ આપીએ છીએ. ગામના વોટર વર્કસના પાણીના કનેકશનો જયોતિ ગ્રામમાંથી અમે આપીએ છીએ. બીજુ, ગામતળની અંદર કદાચ કોઇ કનેકશન ના મળતું હોય જયોતિ ગ્રામ ફીડરની અંદર સેટ ન થતું હોય અને પાણી પુરવઠાવાળા નક્કી કરીને કહે તો અમે અમારા નિયમ પ્રમાણે કરીએ છીએ. મારે માનનીય સભ્યશ્રીને કહેવુ છે કે, ઘણી વખત એવુ બનતું હોય છે કે સરપંચ ગ્રામ પંચાયતમાં એમ લખીને આપે કે આ પ્રાઇવેટ બોરમાંથી પાણી ગામને આપીશું અને તેને જયોતિ ગ્રામ જોડે ખેડૂતની સીમની અંદર બોર હોય એને જયોતિ ગ્રામમાં જોડી દો, તો એ પ્રમાણેની ઘણી દરખાસ્તો આવે છે. આની અંદર અમે બહુ કાળજી રાખીએ છીએ કારણ કે એવા અનુભવો થયા છે કે આ પાણી ગામના પીવા માટેનું પાણી નથી હોતુ પરંતુ એ ચોવીસ કલાકનો લાભ લઇ સીમમાં, ખેતરોમાં આપતા હોય છે એટલે અમે કાળજી રાખતા હોઇએ છીએ. આપ મારી પાસે સ્પેસીફીક ડિટેઇલ લઇને આવજો આપણે ચોક્કસ તમારા દેખતા અધિકારીઓને બોલાવીશું અને જે સાચું છે તે પ્રમાણે આપણે કરીશું. શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, જોષીયારા સાહેબે જે વાત કરી છે એ સાચી છે કે રાજયના ઉર્જા વિભાગનો પરિપત્ર છે કે એક સર્વે નંબરમાં એક જ કનેકશન મંજૂર કરવામાં આવે છે. હવે ભાઇઓ વચ્ચે ભાગ પડી ગયા હોય અને ૨૦ વીઘા જમીન હોય તો બન્ને ભાઇઓને દસ દસ વીઘા જમીન ભાગમાં આવે તેવા વખતે એક દસ વીઘામાં કનેકશન હોય અને બીજા દસ વીઘામાં એક જ સર્વે નંબર હોવાથી એમને કનેકશન આપવામાં આવતું નથી. કારણ કે એક જ સર્વે નંબર માં એક જ કનેકશન આપવાની પરિપત્રમાં જોગવાઇ છે. અને તેના કારણે તેમને બીજું કનેકશન મળતું નથી. તો આ પરિપત્રમાં ફેરફાર કરી અને આવા પ્રકારનો સુધારો કરી અને બીજું કનેકશન મળી શકે તેવું કરવા માગે છે કે કેમ?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં જવાબ આપી દીધો છે.

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, એક સર્વે નંબરમાં એક જ કનેકશન આપવામાં આવે છે. બે કૂવાઓ હોય અને એક કૂવામાં પાણી ન હોય પણ તેના ઉપર કનેકશન હોય છે, જયારે બીજા કૂવામાં પાણી હોય ત્યાં બીજું કનેકશન આપવામાં આવતું નથી. સર્વે નંબર એક જ હોવાથી તો એમાં કંઇ વિચારવા માગે છે કે કેમ?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું બધા ધારાસભ્યશ્રીઓને પરિપત્ર મોકલી આપીશ કે આવા સંજોગો હોય તો એક સર્વે નંબરમાં બીજું કનેકશન આપી શકાય છે.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧ થી ૧૦ મત પર મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**પૂરક માગણી ક્રમાંક ૩૯, ૫૭, ૭૦, ૮૭ અને ૯૬ મત પર મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

ગીલોટીન કરેલી માગણીઓ

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પૂરક માગણીઓના પત્રકમાં કુલ ૫૨ પૂરક માગણીઓનો સમાવેશ થયેલો છે. એમાંથી ૧૦ પૂરક માગણીઓ ચર્ચા દ્બારા પસાર કરવામાં આવેલી છે. બાકી રહેતી ૪૨ માગણીઓ પૈકી ૮ માગણીઓ બિન મતપાત્ર હોવાથી એ સિવાયની બાકી રહેતી કુલ ૩૪ માગણીઓ, પૂરક માગણી ક્રમાંક ૨, ૬, ૯, ૨૨, ૩૦, ૩૨, ૩૩, ૩૫, ૩૮, ૪૩, ૪૬, ૪૮, ૫૦, ૫૧, ૫૯, ૬૦, ૬૬, ૬૭, ૭૨, ૭૩, ૭૬, ૭૭, ૭૯, ૮૦, ૮૧, ૮૨, ૮૬, ૮૮, ૯૨, ૯૩, ૯૫, ૯૮, ૧૦૨ અને ૧૦૫ હું મતદાન માટે રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક ૨, ૬, ૯, ૨૨, ૩૦, ૩૨, ૩૩, ૩૫, ૩૮, ૪૩, ૪૬, ૪૮, ૫૦, ૫૧, ૫૯, ૬૦, ૬૬, ૬૭, ૭૨, ૭૩, ૭૬, ૭૭, ૭૯, ૮૦, ૮૧, ૮૨, ૮૬, ૮૮, ૯૨, ૯૩, ૯૫, ૯૮, ૧૦૨ અને ૧૦૫ મત પર મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ બપોરના ૧૧–૫૯ વાગ્યે પુરું થતાં સભાગૃહ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સોમવાર, તા. ૯મી માર્ચ ૨૦૧૫ ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**વિષયસૂચિ** **ચોથી શ્રેણી**


| પુસ્તક ૨૧) | વિષય | પાના નંબર |
|---|---|---|
| અજયકુમાર જે. ચોકસી | ડાંગ જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ | ૪૬ |
| | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં | ૯૭ |
| | આર.ટી.ઓ. ચેકપોસ્ટ પર ફરજ માટે રાખવામાં આવતા વધારાના | ૧૯૨ |
| | મેઘરજ અને ભિલોડા તાલુકામાં રૂર્બન પ્રોજેક્ટ હેઠળ ગટર | ૫૬ |
| | મેઘરજ તાલુકાના પાદર–મહુડી ગામે પાકો રસ્તો બનાવવા બાબત | ૪૮૫ |
| | મેઘરજ તાલુકામાં માઝુમ નદી પર પુલ બનાવવા બાબત | ૪૯૯ |
| | મઠથી ટાકાટુંકા રસ્તાને ડામરનો કરવા બાબત | ૪૬૬ |
| | રાજ્યમાં મજૂરોના કલ્યાણ માટે કાપવામાં આવતા સેસની જમા | ૨૧૪ |
| | વર્ગ–૩ની કરાર આધારિત નિમણૂંકમાં અનામત જોગવાઈ | ૩૧૪ |
| | વર્ગ–૪ના કર્મચારીઓની કાયમી નિમણૂંક બંધ બાબત | ૩૪૫ |
| | શામળાજી ચેકપોસ્ટ પર ઈન્સ્પેકટરને ઈજા પહોંચાડનાર ઈસમો | ૧૬૪ |
| | સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં જંગલની જમીનના કબજેદાર | ૮૫ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો | ૫૪૩ |
| | પોઈન્ટ ઓફ ઈન્ફર્મેશન | ૧૨૦ |
| | રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળવા અંગે | ૪૨૩ |
| અમિત ચૌધરી | ગ્રામોદ્યોગના હેતુ માટે રાહત દરે જમીન આપવા બાબત | ૩૩૦ |
| | ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકો | ૪૭૩ |
| | ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં સ્થાનિક રોજગારી | ૧૭૯ |
| | ગાંધીનગર જિલ્લામાં પોલીસ /આઉટપોસ્ટ પોલીસ સ્ટેશનોમાં | ૨૮૮ |
| | ગાંધીનગર જિલ્લામાં રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજનાના લાભાર્થીઓ | ૪૪૬ |
| અમીત ચાવડા | રાજ્યના પ્રત્યેક પ્રજાજનને સ્વચ્છતા અભિયાનમાં સાંકળી આ | ૪૧૨ |
| | આણંદ અને ખેડા જિલ્લામાં આત્મા પ્રોજેક્ટ | ૩૪૨ |
| | આણંદ અને ખેડા જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકો | ૪૫૩ |
| | આણંદ અને ખેડા જિલ્લામાં બેરોજગારોને રોજગારી | ૧૭૫ |
| | આણંદ જિલ્લા કક્ષાની સિવિલ હોસ્પિટલ બનાવવા બાબત | ૪૯૪ |
| | આણંદ જિલ્લામાં જૂથ પાણી પુરવઠા યોજના | ૨૦૦ |
| | આણંદ જિલ્લામાં પ્રધાનમંત્રી સડક યોજના હેઠળ પરાઓને પાકા | ૪૮૦ |
| | આણંદ જિલ્લામાં મહેસૂલી કચેરીઓમાં પડતર તુમારો | ૩૧૧ |
| | આણંદ જિલ્લામાં રાજીવ ગાંધી સેવા કેન્દ્રો મંજૂર કરવા અંગે | ૩૯ |
| | આણંદ–ખેડા જિલ્લામાં એક જ વ્યકિત એક કરતા વધારે વ્યાજબી | ૯૪ |
| | રાજ્યમાં મીશન મંગલમ યોજનાનો અમલ | ૭૬ |
| અરૂણસિંહ અ. રણા | ભરૂચ જિલ્લામાં આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ સહાય | ૧૩૯ |
| | ભરૂચ જિલ્લામાં ગામ તળાવ ઉંડા કરવા બાબત | ૩૧૧ |
| | ભરૂચ જિલ્લામાં સ્વસહાય જૂથોને કેશ ક્રેડીટ | ૫૩ |
| | વડોદરા જિલ્લામાં નવા પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો | ૪૬૯ |
| અરવિંદકુમાર ગાં. પટેલ | અમદાવાદ શહેરમાં ટી.પી. સ્કીમો | ૩૧૬ |
| | ગાંધીનગર જિલ્લામાં વૃક્ષો ઉપાડીને બીજે રોપવા બાબત | ૪૫ |
| | રાજ્યનાં ઈંટ ઉત્પાદકોને જમીનની બિનખેતી માટે જોગવાઈ | ૩૪૮ |
| અરવિંદભાઈ કે. લાડાણી | અખિલ ગુજરાત ગીરનાર આરોહણ સ્પર્ધા પાછળ ખર્ચ | ૪૫૧ |
| | જૂનાગઢ જિલ્લા નગરપાલિકાઓમાં ઘન કચરા નિકાલના | ૩૩૨ |
| | જુનાગઢ જિલ્લામાં ફળપાક માટે સહાય | ૨૯૫ |

| પુસ્તક ૨૧) | વિષય | પાના નંબર |
|---|---|---|
| | જૂનાગઢ જિલ્લામાં સ્વસહાય જૂથને કેશક્રેડીટ | ૨૩ |
| | જુનાગઢ જિલ્લામાં સામાજીક વનીકરણ યોજના હેઠળ રોપાનું | ૬૬ |
| | વડાપ્રધાનશ્રી અંગે ટીકાટીપ્પણ કરવા અંગે | ૨૭૭ |
| અરવિંદસિંહ દા. રાઠોડ | પંચમહાલ જિલ્લા નગરપાલિકાઓમાં ઘન કચરા નિકાલના | ૩૫૭ |
| | પંચમહાલ જિલ્લામાં વારસાઈ હક્કની અરજીઓ | ૩૨૮ |
| | પંચમહાલ જિલ્લામાં સ્વસહાય જૂથની રચના | ૧૬ |
| | પાવાગઢ (જેપુરા) ખાતે વિરાસત વન વિસ્તારમાં રોપવામાં | ૬૦ |
| અશ્વિન કોટવાલ | અંબાજી દેવસ્થાનના વિકાસ માટે કરેલ ખર્ચ | ૧૫૫ |
| | અસંસદીય શબ્દ અંગે | ૪૨૬ |
| | સાબરકાંઠા જિલ્લાની આઇ.ટી.આઇ. માં ઇન્સ્ટ્રક્ટરોની ખાલી | ૧૮૬ |
| | સાબરકાંઠા જિલ્લામાં ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ | ૭૫ |
| | સાબરકાંઠા જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકો | ૪૬૧ |
| | સાબરકાંઠા જિલ્લામાં ગામઠાણના પત્રક નિભાવવા બાબત | ૩૩૬ |
| | સાબરકાંઠા જિલ્લામાં ગામોની ગામતળની હદ વધારવા બાબત | ૩૦૪ |
| | સાબરકાંઠા જિલ્લામાં પ્રાથમિક શાળાના ઓરડાની ઘટ | ૯૩ |
| | સાબરકાંઠા જિલ્લામાં બેરોજગારોને રોજગારી | ૨૦૮ |
| | સાબરકાંઠા જિલ્લામાં રસ્તા રીકાર્પેટ કરવા બાબત | ૪૮૨ |
| | સાબરકાંઠા જિલ્લામાં વેટરનરી ડૉકટરોની ખાલી જગ્યાઓ | ૩૫૮ |
| | સાબરકાંઠા જીલ્લામાં વન અધિકાર અધિનિયમ અન્વયે જમીનની | ૩૮ |
| અશોકકુમાર ર. પટેલ | ગાંધીનગર જિલ્લામાં ખેડુતોને જીપ્સમ સહાય | ૨૮૯ |
| | ગાંધીનગર જિલ્લામાં ઘઉં, ચોખા, ખાંડ, આયોડીનયુક્ત મીઠું | ૮૧ |
| | ગાંધીનગર જિલ્લામાં પોલીસ ખાતાનાં રહેણાંક મકાનો | ૩૩૦ |
| | ગાંધીનગર જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજના હેઠળ સહાય | ૧૬૪ |
| | ગાંધીનગર જિલ્લામાં સ્વસહાય જૂથને કેશ ક્રેડીટ | ૪૮ |
| | ગાંધીનગરમાં રસ્તાઓને એસ.આર. હેઠળ જોબ નંબર આપવા | ૪૬૦ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો | ૫૪૫ |
| | રાજ્યના પ્રત્યેક પ્રજાજનને સ્વચ્છતા અભિયાનમાં સાંકળી આ | ૪૧૦ |
| | રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર | ૨૫૪ |
| ઇન્દ્રનિલભાઇ સં. રાજયગુરૂ | રાજકોટ જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા બેરોજગારોને | ૧૭૦ |
| | રાજકોટ જિલ્લામાં ઈન્દિરા આવાસ અને સરદાર આવાસ યોજના | ૨૭ |
| | રાજકોટ શહેરમાં પીવાના પાણીની વ્યવસ્થા | ૩૧૯ |
| ઇશ્વરભાઇ ઢે. પટેલ | કપરાડા તાલુકામાં પ્રાથમિક શાળાઓમાં વિષયવાર શિક્ષકોની ઘટ | ૪૬ |
| | ધરમપુર તાલુકામાં સિંચાઈ યોજનાઓ | ૩૫૭ |
| | રોજગાર વિનીમય કચેરી દ્વારા ઔધોગીક ભરતી મેળાનું આયોજન | ૧૭૬ |
| | વલસાડ જિલ્લામાં ઈન્દિરા ગાંધી વૃદ્ધ પેન્શન અને નિરાધાર વૃદ્ધ | ૨૦૧ |
| | વલસાડ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ સહાય | ૨૧૬ |
| | વલસાડ જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ | ૪૯૨ |
| | વલસાડ જિલ્લામાં ખેડૂત અકસ્માત વીમા યોજના અન્વયે | ૩૬૪ |
| | વલસાડ જિલ્લામાં તલાટી–કમ–મંત્રીઓની ખાલી જગ્યાઓ | ૭૯ |
| | વલસાડ જિલ્લામાં દૂધ સંજીવની યોજના | ૪૫૦ |
| | વલસાડ જિલ્લામાં ધરમપુર સ્ટેટ હોસ્પિટલમાં ડૉકટરોની ઘટ | ૪૭૮ |

| પુસ્તક ૨૧) | વિષય | પાના નંબર |
|---|---|---|
| | વલસાડ જિલ્લામાં નવા ચેકડેમ | ૩૨૮ |
| | વલસાડ જિલ્લામાં માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં | ૯૬ |
| ઈશ્વરભાઈ ર. પરમાર | તાપી જિલ્લામાં પશુ સારવાર કેન્દ્ર | ૩૨૭ |
| | સુરત જિલ્લામાં આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ સહાય | ૧૬૮ |
| | સુરત જિલ્લામાં સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના | ૩૫૬ |
| | સોનગઢ તાલુકામાં સ્વસહાય જુથોને કેશ ક્રેડીટ | ૫૪ |
| ઈશ્વરસિંહ ઠા. પટેલ | ભરૂચ જિલ્લામાં ખેડૂતોને તાલીમ | ૩૪૩ |
| | ભરૂચ જિલ્લામાં નવા રેશનકાર્ડ માટે મળેલ અરજીઓ | ૬૩ |
| | ભરૂચ જિલ્લામાં પશુ સારવાર કેમ્પ | ૩૧૧ |
| | ભરૂચ જિલ્લામાં સ્વસહાય જૂથની રચના | ૨૦ |
| | વડોદરા જિલ્લામાં નવા પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો | ૪૪૭ |
| ઋષિકેશ ગ. પટેલ | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો | ૫૪૪ |
| | પોઈન્ટ ઓફ ઈન્ફર્મેશન | ૧૨૨ |
| | મહેસાણા જિલ્લામાં એ.પી.એલ. કુટુંબોના વ્યકિતગત શૌચાલય | ૩૨ |
| | મહેસાણા જિલ્લામાં પશુ આરોગ્ય મેળા | ૩૨૩ |
| | મહેસાણા જિલ્લામાં પોલીસ ખાતાનાં રહેણાંક મકાનો | ૩૫૪ |
| | મહેસાણા જિલ્લામાં સાત ફેરા સમૂહ લગ્ન યોજના હેઠળ સહાય | ૨૦૨ |
| | વિસનગર ખાતે ન્યાયિક અધિકારીઓના આવાસોનું બાંધકામ | ૧૮૦ |
| કેતનભાઈ મ. ઈનામદાર | વડોદરા જિલ્લામાં આદિજાતિના વિદ્યાર્થીઓ માટે કાર્યરત સરકારી | ૬૮ |
| | વડોદરા જિલ્લામાં રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના હેઠળ મળેલ | ૧૭૮ |
| | વડોદરા જિલ્લામાં સંકલિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમ | ૨૬ |
| કનુભાઈ મો. દેસાઈ | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો | ૫૪૮ |
| | પારડી તાલુકામાં સામાજિક વનીકરણ યોજના અંતર્ગત રોપાનું | ૭૦ |
| | વલસાડ જિલ્લામાં કોલ્ડ સ્ટૉરેજનાં લાભાર્થી | ૩૧૪ |
| | વલસાડ જિલ્લામાં દીકરી યોજનાના લાભાર્થીઓ | ૪૩૬ |
| | વલસાડ જિલ્લામાં ભારત સરકારનાં રેલ્વે મંત્રાલયને પડતર જમીન | ૩૪૫ |
| | વલસાડ જિલ્લામાં સ્વસહાય જૂથોને કેશક્રેડિટ | ૨૯ |
| કરમશીભાઈ વિ. પટેલ | અમદાવાદ જિલ્લામાં આનાવારી બાબત | ૩૧૧ |
| | અમદાવાદ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં શૌચાલય અને પીવાના | ૮૫ |
| | અમદાવાદ જિલ્લામાં બેરોજગારોને રોજગારી | ૧૬૨ |
| | અમદાવાદ જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં સંવર્ગવાર | ૬ |
| | અમદાવાદ શહેર અને જિલ્લાના કુમાર/કન્યા છાત્રાલયો | ૧૯૦ |
| | અમદાવાદ શહેર અને જિલ્લામાં માધ્યમિક શાળાઓની મંજુરી માટે | ૫૭ |
| | અમદાવાદ, સાણંદ અને બાવળા તાલુકામાં પ્રાથમિક, સામૂહિક | ૪૯૫ |
| | ગાંધીનગર જિલ્લામાં મંજૂર ટી. પી. સ્કીમો | ૩૪૩ |
| | ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાંથી અમદાવાદ સિવિલ | ૪૫૪ |
| | બાવળા અને સાણંદ તાલુકામાં નર્મદાનું પીવાનું પાણી આપવા | ૨૧૪ |
| | વડાપ્રધાનશ્રી અંગે ટીકાટીપ્પણ કરવા અંગે | ૨૭૨ |
| | સાણંદ અને બાવળા તાલુકાનાં ગામોમાં બિન ખેતી | ૩૫૯ |
| કેશુભાઈ હી. નાકરાણી | ભાવનગર જિલ્લામાં એચ.આઈ.વી. શિષ્યવૃત્તિ યોજના હેઠળ | ૧૬૯ |
| | ભાવનગર જિલ્લામાં ખેડૂત અકસ્માત વિમા યોજનાની અરજીઓ | ૨૯૮ |

| પુસ્તક ૨૧) | વિષય | પાના નંબર |
|---|---|---|
| | ભાવનગર જિલ્લામાં હક્ક પત્રક નોંધો નિકાલ બાકી | ૩૩૩ |
| કેશાજી શિ. ચૌહાણ | બનાસકાંઠા જિલ્લામાં ગ્રામ સંગઠનોને કોમ્યુનીટી ઈન્વેસ્ટમેન્ટની | ૨૪ |
| | બનાસકાંઠા જિલ્લામાં પોલીસ ખાતાનાં રહેણાંક મકાનો | ૩૩૫ |
| | બનાસકાંઠા જિલ્લામાં બિયારણના નમૂના | ૩૦૧ |
| | બનાસકાંઠા જિલ્લામાં મંજુર વન કુટિરો | ૬૭ |
| | રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર | ૧૦૮ |
| | વડાપ્રધાનશ્રી અંગે ટીકાટીપ્પણ કરવા અંગે | ૨૮૨ |
| કેસરસિંહ જે. સોલંકી | એસ.આર.પી. જૂથ–૭, નડીયાદમાં આરોગ્ય ચકાસણી | ૩૩૧ |
| | ખેડા જિલ્લામાં કૃષિ કિટસનું વિતરણ | ૨૯૪ |
| | ખેડા જિલ્લામાં સ્વસહાય જૂથની રચના | ૩૨ |
| કાંતિલાલ શી. અમૃતિયા | નિરાધાર વૃધ્ધ સહાય યોજના અન્વયે મોરબી જિલ્લામાં મળેલ | ૧૬૯ |
| | પોઈન્ટ ઓફ ઈન્ફર્મેશન | ૧૧૯ |
| | મોરબી જિલ્લા નગરપાલિકાઓમાં ઘન કચરા નિકાલના સાધનોની | ૩૦૨ |
| કાન્તીભાઇ કા. ખરાડી | દાંતા અને અમીરગઢ તાલુકામાં પશુ આરોગ્ય મેળા | ૩૬૦ |
| | બનાસકાંઠા જિલ્લાની કોર્ટોમાં ખાલી જગ્યાઓ | ૧૯૨ |
| | બનાસકાંઠા જિલ્લામાં ખેડૂત અકસ્માત વિમાની અરજીઓ | ૩૧૫ |
| | બનાસકાંઠા જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ઓરડાઓના અભાવે | ૧૧ |
| | બનાસકાંઠા જિલ્લામાં બેરોજગારોને રોજગારી | ૧૬૩ |
| | બનાસકાંઠા જિલ્લામાં મંજૂર પાણી પુરવઠાની યોજનાઓ | ૨૧૪ |
| | બનાસકાંઠા જિલ્લામાં વીલના આધારે ખેડૂતોની ૭/૧૨ માં નોંધો | ૩૪૭ |
| | બનાસકાંઠા જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં મંજૂર થયેલ | ૮૬ |
| | બનાસકાંઠા જિલ્લામાં સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક | ૫૮ |
| કામીનીબા ભુ. રાઠોડ | દહેગામ તાલુકાના ગામોમાં નિરંતર શિક્ષણ કેન્દ્રો | ૬૪ |
| | દહેગામ તાલુકામાં આંગણવાડી કાર્યકર બહેનોને વી.સી.એન.સી. | ૪૬૩ |
| | દહેગામ તાલુકામાં પ્રાથમિક શાળાના જર્જરીત વર્ગખંડો | ૨૨ |
| કિરીટસિંહ જી. રાણા | મૂળી–સરા રોડને પહોળા કરવા બાબત | ૪૪૭ |
| | રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર | ૨૩૪ |
| | સુરેન્દ્રનગર જિલ્લામાં હક્કપત્રક નોંધોની નિકાલ બાકી | ૩૦૩ |
| કિશોરભાઇ શિ. કાનાણી | ડાંગ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ આદિજાતિ | ૩૨ |
| | સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજનાની રકમમાં | ૧૮૩ |
| | સુરત જિલ્લામાં કૃષિ કિટસનું વિતરણ | ૩૧૩ |
| | સુરત શહેરમાં પોલીસ ખાતાનાં બિનરહેણાંક મકાનો | ૩૪૩ |
| કિશોરસિંહ બા. ચૌહાણ | અમદાવાદ જિલ્લામાં રાયપનીંગ ચેમ્બર માટે સહાય | ૩૦૩ |
| | કોલવડા ખાતે આયુર્વેદિક હોસ્પિટલનું બાંધકામ | ૪૩૩ |
| | દેત્રોજ તાલુકામાં સ્વસહાય જૂથોને કેશ ક્રેડીટ | ૨ |
| | મફત તબીબી સહાય યોજના હેઠળ અમદાવાદ જિલ્લામાં સહાય | ૧૫૬ |
| ગેંદાલભાઇ મો. ડામોર | અમદાવાદ જિલ્લામાં વિધવા સહાયની મળેલ અરજીઓ | ૪૮૦ |
| | અમરેલી જિલ્લામાં સાત ફેરા સમૂહલગ્ન યોજના હેઠળ સહાય | ૧૮૩ |
| | કડાણા તાલુકામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રના બાંધકામને મંજૂરી | ૪૯૫ |
| | કડાણા બંધની કેનાલોનાં લીકેજની ફરીયાદ | ૩૪૬ |
| | પંચમહાલ અને મહીસાગર જિલ્લાની ઔદ્યોગિક તાલીમ | ૨૦૩ |

વિષયસૂચિ ચોથી શ્રેણી


| પુસ્તક ૨૧) | વિષય | પાના નંબર |
|---|---|---|
| | પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં ખેડૂતોના આપઘાત | ૩૧૫ |
| | પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં તલાટી–કમ મંત્રીનું મંજુર | ૯૧ |
| | પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં પ્રાથમિક શાળાઓમા | ૩૩ |
| | પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં બેરોજગારોને રોજગારી | ૧૮૨ |
| | પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં બાળકોને એક વર્ગખંડમાં | ૭૨ |
| | સંતરામપુર – ખેડાપા રોડને રાજ્ય ધોરીમાર્ગમાં પરિવર્તન | ૪૫૬ |
| ગ્યાસુદ્દીન હ. શેખ | અમદાવાદ અને કચ્છ જિલ્લામાં ઉદ્યોગકારોએ, લીઝ ઉપર માંગેલ | ૩૨૧ |
| | અમદાવાદ જિલ્લામાં આંગણવાડીઓને નવા મકાનો | ૪૮૩ |
| | અમદાવાદ શહેરની રેશનીંગની દુકાનો દ્વારા અપુરતું રેશનીંગ | ૬૧ |
| | અમદાવાદ શહેરમાં વ્યાજબી ભાવની દુકાનોમાં ગેરરીતિઓ | ૧૬ |
| | અમદાવાદ સિવિલ હોસ્પિટલને રોગી કલ્યાણ સમિતિની આવક | ૪૬૪ |
| | અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં દાખલ થયેલ દર્દીઓ | ૪૯૮ |
| | લઘુમતીઓના વિકાસ માટે ફાળવેલ બજેટ | ૧૬૧ |
| | વડાપ્રધાનશ્રી અંગે ટીકાટીપ્પણ કરવા અંગે | ૨૭૫ |
| ગોવાભાઇ રબારી | નર્મદા અને દાંતીવાડા આધારિત પાણી પુરવઠા જુથ યોજના | ૧૭૩ |
| | બનાસકાંઠા જિલ્લાના બેરોજગારોને રોજગારી | ૧૯૮ |
| | બનાસકાંઠા જિલ્લામાં ગુનાહિત કૃત્યો | ૩૦૯ |
| | બનાસકાંઠા જિલ્લામાં ગામતળ મંજૂર કરવા બાબત | ૩૫૮ |
| | બનાસકાંઠા જિલ્લામાં સોઈલ ટેસ્ટીંગ લેબોરેટરી | ૩૩૯ |
| | સ્વાઈન ફ્લુના ટેસ્ટ માટે કાર્યરત લેબોરેટરીઓ | ૪૬૭ |
| | પોઈન્ટ ઓફ ઈન્ફર્મેશન | ૧૨૪ |
| ગૌતમભાઇ રા. ચૌહાણ | ખેડા જિલ્લામાં કિશોરી શક્તિ યોજનાના લાભાર્થીઓ | ૪૬૯ |
| | ખેડા જિલ્લામાં ધો. ૮માં શિક્ષકોની ઘટ | ૯૦ |
| | ખેડા જિલ્લામાં પંચાયત હસ્તકના રસ્તાના નાળાઓ રીપેર કરવા | ૪૮૬ |
| | ખેડા જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં પ્રથમ એન.જી.ઓ. દ્વારા | ૭૧ |
| | ખેડા જિલ્લામાં પાણી પુરવઠા અને ભૂગર્ભગટર યોજના | ૩૨૯ |
| | ખેડા જિલ્લામાં વિદેશ અભ્યાસ લોન અને પાયલોટ તાલીમ | ૨૦૧ |
| | મહેમદાવાદ અને ખેડા તાલુકાઓમાં પંચાયતોને સુધારેલ સ્મશાન | ૩૩ |
| | મહેમદાવાદ તાલુકામાં કાર્યરત પાણી પુરવઠાની યોજનાઓ | ૧૭૭ |
| | રાજ્યમાં નોટરીની ખાલી જગ્યાઓ | ૨૧૬ |
| ચંદ્રીકાબેન છ. બારીયા | ગરબાડા તાલુકાના બોરીઆલ–ગાંગરડા રોડને પહોળો કરવા | ૪૪૯ |
| | ગરબાડા તાલુકામાં વિશ્રામગૃહ બનાવવા બાબત | ૪૭૭ |
| | દાહોદ જિલ્લામાં કૃષિ મેળા | ૩૫૭ |
| | દાહોદ જિલ્લામાં ટ્રાયબલ સબ પ્લાન હેઠળ ફાળવેલ રકમ | ૨૭ |
| | દાહોદ જિલ્લામાં પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં | ૪૯૧ |
| | દાહોદ જિલ્લામાં બંધ પડેલ પાણી પુરવઠાની યોજનાઓ | ૧૯૧ |
| | દાહોદ જિલ્લામાં બાવકા ગામે પૌરાણિક મંદિરને પ્રવાસન ધામ | ૧૬૨ |
| | દાહોદ જિલ્લામાં વોટરશેડ હેઠળ આવરી લીધેલ તળાવો | ૬૯ |
| | દાહોદ જિલ્લામાં સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન અંતર્ગત વ્યકિતગત | ૮૯ |
| | દાહોદ તાલુકામાં ગુનાહિત કૃત્યો | ૩૨૮ |
| ચીમનભાઇ ધ. શાપરીયા | કુતિયાણા તાલુકામાં નવા રેશનકાર્ડ માટે મળેલ અરજીઓ | ૭૯ |

| પુસ્તક ૨૧) | વિષય | પાના નંબર |
|---|---|---|
| | જામનગર જિલ્લાના સરકારી છાત્રાલયોમાં સુવિધા | ૧૩૮ |
| | જામનગર જિલ્લામાં કૃષિ કિટ્સનું વિતરણ | ૩૨૭ |
| | જામનગર જિલ્લામાં ફલડ ડેમેજ રીપેર્સના કામ | ૩૫૬ |
| | જામનગર જિલ્લામાં સ્વસહાય જૂથની રચના | ૪૬ |
| | રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર | ૨૨૦ |
| છનાભાઇ કો. ચૌધરી | નવસારી જિલ્લામાં પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં મંજુર | ૪૬૬ |
| જગદીશભાઇ ઇ. પંચાલ | અમદાવાદ જિલ્લામાં નગરપાલિકાઓમાં ઘન કચરા નિકાલના | ૩૧૫ |
| | અમદાવાદ જિલ્લામાં સંકલિત જળસ્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમ | ૫૪ |
| | ગુજરાત હાઇકોર્ટ ખાતે સરકારી વકીલની કચેરીના નવિન મકાનનું | ૧૬૬ |
| | યુ.એન. મહેતા ઈન્સ્ટીટયુટ ખાતે દર્દીઓને આપેલ સારવાર | ૪૬૫ |
| | રાજ્યની નગરપાલિકા/મહાનગરપાલિકાઓ પાયાની સુવિધા | ૩૪૬ |
| | વિદ્યાર્થીને અપાતી પ્રોત્સાહક રકમમાં વધારો | ૧૯૫ |
| જગરૂપસિંહ ગી. રાજપૂત | અમદાવાદ જિલ્લામાં નર્સરી અને પ્લાન્ટેશનમાં રોપા ઉછેર | ૧૪ |
| | અમદાવાદ જિલ્લામાં વારસાઈ હક્કની અરજીઓ | ૩૦૮ |
| | રાજ્યની એફ.એસ.એલ. માં પરીક્ષણો | ૩૩૯ |
| | સરકારી પોલીટિકનીકોમાં કાર્યરત અધ્યાપકોને પી.એચ.ડી. ના | ૬૦ |
| જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ | પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન | ૧૨૬ |
| | પંચમહાલ જિલ્લામાં વેટરનરી ઓફિસર તથા પશુધન નિરીક્ષકની | ૩૫૪ |
| | પંચમહાલ જિલ્લામાં હક્ક પત્રક નોંધો નિકાલ બાકી | ૩૨૪ |
| | શહેરા અને ગોધરા તાલુકાની કોમ્પ્યુટરથી વંચિત પ્રાથમિક | ૪૦ |
| જનકભાઇ કાછડીયા | ડાંગ જિલ્લામાં માલિકીની જમીનમાંથી પરવાનગી મેળવી કાપેલા | ૪૫ |
| | રાજ્યમાં આવેલ સરકારી આયુર્વેદ કોલેજો | ૪૬૨ |
| | સુરત જિલ્લામાં ખેડુતોને જીપ્સમ સહાય | ૩૨૨ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો | ૫૪૨ |
| | પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન | ૧૨૭ |
| જયંતિભાઇ રા.કવાડીયા | સન ૨૦૧૧-૨૦૧૨નો ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપની | ૫૩૮ |
| જયંતિભાઇ સ. રાઠવા | છોટાઉદેપુર જિલ્લામાં સરસ્વતી સાધના યોજના હેઠળ સહાય | ૧૫૮ |
| | જેતપુરપાવી તાલુકામાં સ્વસહાય જૂથોને કેશ ક્રેડીટ | ૩૧ |
| | વડોદરા જિલ્લામાં ધાન્ય પાક માટે ખેડૂતોને પ્રોત્સાહન | ૩૨૯ |
| | વડોદરા જિલ્લામાં માધ્યમિક શાળાઓની કન્યાઓને વિદ્યાલક્ષ્મી | ૭૧ |
| | વડોદરા જિલ્લામાં રાયપર્નીંગ ચેમ્બર માટે સહાય | ૨૯૬ |
| જયરાજસિંહ ટે. જાડેજા | રાજકોટ જિલ્લામાં કન્યાઓને સાયકલ સહાય | ૧૭૪ |
| | રાજકોટ જિલ્લામાં ઘરથાળના પ્લોટ મેળવવા મળેલ અરજીઓ | ૧૮ |
| | રાજકોટ જિલ્લામાં સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય | ૧૯૯ |
| | રાજકોટ જિલ્લામાં સેફસ્ટેજના કામ | ૩૧૪ |
| | રાજકોટ જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ રોપાનું | ૬૧ |
| | રાજયમાં આવેલ સરકારી આયુર્વેદ કોલેજો | ૪૪૮ |
| જીતેન્દ્ર ર. સુખડીયા | એસ.આર.પી. જૂથ-૧ વડોદરામાં આરોગ્ય ચકાસણી | ૩૫૫ |
| | રાજ્યની અન્ય એજન્સી/સંસ્થાને ભૂકંપ સુરક્ષા માટે સહાય | ૩૨૬ |
| જીતેન્દ્રભાઇ સ. વાઘાણી | રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર | ૨૨૯ |
| | રાજયમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળવા અંગે | ૪૨૦ |

| પુસ્તક ૨૧) | વિષય | પાના નંબર |
|---|---|---|
| | ભાવનગર જિલ્લામાં કન્યાઓને સાયકલ સહાય | ૧૭૪ |
| | ભાવનગર જિલ્લામાં નિર્મળ ભારત યોજના અંતર્ગત વ્યક્તિગત | ૩૭ |
| | ભાવનગર જિલ્લામાં ફળનર્સરીનાં લાભાર્થી | ૩૧૨ |
| જોઇતાભાઇ ક. પટેલ | કપરાડા પોલીસ સ્ટેશનમાં આઈ.પી.સી.–૪૦૭ હેઠળ ગુના | ૩૧૮ |
| | દાંતીવાડા તથા શીપુ જળાશયો નર્મદા પાણીથી ભરવા બાબત | ૩૫૦ |
| | પૂરક *માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૪૦૭ |
| | પાલનપુર તાલુકામાં બીન પરવાનગીએ થયેલ બાંધકામને દૂર | ૭૧ |
| | બનાસકાંઠા જાલ્લામાં પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં | ૪૮૯ |
| | બનાસકાંઠા જિલ્લાને ફાળવેલ નવી બસો | ૨૦૯ |
| | બનાસકાંઠા જિલ્લામાં ગામોને ડામર સપાટીવાળા રસ્તાઓનું | ૪૪૬ |
| | બનાસકાંઠા જિલ્લામાં જંગલની જમીન કાયદા અન્વયે ફાળવેલ | ૩૧ |
| | બનાસકાંઠા જિલ્લામાં નવી શરૂ કરેલ આઈ.ટી.આઈ. | ૧૫૭ |
| | બનાસકાંઠા જિલ્લામાં પ્રાથમિક શાળાના ઓરડાની ઘટ | ૯૦ |
| | બનાસકાંઠા જિલ્લામાં મંજૂર કરેલ પીવાના પાણીના નવીન બોર | ૧૮૭ |
| | બનાસકાંઠા જિલ્લામાં રસ્તાઓને રીકાર્પેટ કરવા બાબત | ૪૭૩ |
